સદ્. શ્રીઅચ્યુતદાસજીસ્વામી વિરચિત

શ્રીપુરુષોત્તમ લીલા

(મૂળ કચ્છની લીલા)



શ્રીભુજધામ

-: પ્રકાશક :-

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા

ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના

દ્વિતીય મહંત

સદ્‌ગુરુ શ્રીઅચ્યુતદાસજીસ્વામી રચિત

શ્રીપુરુષોત્તમ લીલા

(મૂળ કચ્છની લીલા)

શ્રીપુરુષોત્તમ લીલા
(મૂળ કચ્છની લીલા)

લેખક : પ.પૂ.સદ્.શ્રીઅચ્યુતદાસજીસ્વામી (ભુજમહંત)
પ્રેરક : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)
પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા
આર્થિક સહયોગ : શ્રીસ્વામિનારાયણ ભગવાન, દેવો તથા ગુરુજનોની પ્રસન્નતાર્થે એક હરિભક્ત
પ્રકાશન તિથિ : સં.૨૦૬૯ જળઝીલણી એકાદશી; તા.૧૬/૯/૨૦૧૩
આવૃત્તિ : પહેલી
પ્રત : 3000
કિંમત : ૧૦૦/-

: પ્રાપ્તિસ્થાન :

- **કુંડળ** : શ્રીસ્વામિનારાયણ મંદિર મો.૯૬૦૧૨ ૯૦૦૦૧ / ૨
- **વડોદરા** : શ્રીસ્વા.ના. મંદિર, કારેલીબાગ મો.૯૬૦૧૨ ૯૦૦૦૫/૬
  Website : www.swaminarayanbhagwan.com
  Email : karelibaug@gmail.com
- **વડતાલ** : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, 'કાનજીભુવન' દુકાન નં.૧૮ શ્રીસ્વા.મંદિર સામે, મેઈન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- **મુંબઈ** : શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ, ભાટલાદેવી મંદિરની સામે. મો.૯૮૩૩૩ ૨૮૫૨૩
- **સુરત** : શ્રીસ્વા. મં. 'મૂર્તિબાગ' સમસ્ત પાટીદાર સમાજની વાડીની સામે, વેડ રોડ. રમેશભાઈ જેતાણી મો.૯૬૦૧૨ ૯૧૨૫૨



ભગવાન શ્રીસ્વામિનારાયણ



સદ્. શ્રીઅચ્યુતદાસજીસ્વામી-ભુજ

જન્મ	દિક્ષા	અક્ષરવાસ
સં.૧૮૭૨	સં.૧૮૯૦	સં.૧૯૪૫



સમર્પણ



જેમણે ૩૦ વર્ષ સુધી ભુજ સ્વામિનારાયણ મંદિરના મહંતપદને શોભાવ્યું. જેમના મહંતપદે અનેક મહાન કાર્યો થયાં, અનેક મંદિરોનું નિર્માણ, સાહિત્યનું પ્રકાશન, ગુરુકુળો તથા સત્સંગનો વિધવિધ વિકાસ થયો. તેમ છતાં જેઓ સાધુતામાં અને પંચવર્તમાનમાં પૂરા-શૂરા રહ્યા. નિત્ય વચનામૃતાદિક સદ્‌ગ્રંથોનું વાંચન, ભજન જ જેમનું જીવન બની રહ્યું એવા **અક્ષરનિવાસી સદ્‌ગુરુ પુરાણી શ્રીહરિસ્વરૂપદાસજીસ્વામી**

તથા

જેઓની કરુણાને દેશવિભાગના કોઈ સીમાડા સ્પર્શતા નહીં. તે આકાશની પેઠે સદા અસીમ રહી હતી. જેઓની કૃપાથી અનેક આલોકમાં પરમ સુખિયા થયા અને અક્ષરધામના અધિકારી બન્યા. જેમનાં નેણમાં હરિવરનાં નેણ અને વચનમાં વાલમનાં વેણ હતાં. જેમનાં દર્શનથી સાક્ષાત્ શ્રીહરિનાં દર્શન તુલ્ય સુખ થાતું એવા વાત્સલ્યમૂર્તિ **અક્ષરનિવાસી સદ્‌ગુરુ પુરાણી શ્રીઘનશ્યામજીવનદાસજીસ્વામી (ભુજ)**



આ બંને મહાપુરુષોનાં કરકમળમાં આ **'શ્રીપુરુષોત્તમલીલા'** ગ્રંથરૂપ પુષ્પ અર્પણ કરી મારા જીવનમાં ધન્યતા અનુભવું છું.

- *સ્વામી જ્ઞાનજીવનદાસ*

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

સપ્રેમ ભેટ

સુજ્ઞ સ્નેહી શ્રી ....

ગામ : .... **તા. :** .... **જી. :** ....

સંતકૃપાથી નિરાવરણ દૃષ્ટિને પામેલા ભુજ સ્વામિનારાયણ મંદિરના દ્વિતીય મહંત સદ્.શ્રીઅચ્યુતદાસજીસ્વામી રચિત **'શ્રીપુરુષોત્તમ લીલા'** નામનો આ ગ્રંથ, ચિંતામણિ તુલ્ય શ્રીહરિનાં અનેક ચરિત્રોથી સભર છે. આ ગ્રંથ ભક્તિવર્ધક, સુખવર્ધક અને પ્રભુની પ્રસન્નતાનો પોષક છે. એવા આ ગ્રંથનું વાંચન, શ્રવણ, મનન આપને તથા આપના પરિવારને આધ્યાત્મિક ઉન્નતિ અને આંતરિક શાંતિ આપે તથા સર્વ રીતે સુખદાયી નીવડે એવી શુભકામના સાથે સપ્રેમ ભેટ...

આપનો સ્નેહી

....

તારીખ ....

પ્રસ્તાવના

વિક્રમ સંવત્ અઢારના શૈકામાં અક્ષરધામાધિપતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા. તેઓએ સર્વજીવહિતાવહ અનેક મંગલ કાર્યો કર્યાં. અનેક જીવોને પોતાના પ્રતાપથી અક્ષરધામના અધિકારી બનાવ્યા.

આવા પૂર્ણ પુરુષોત્તમનારાયણનાં જીવમોક્ષદાયી ચરિત્રો અનેક સંતો-ભક્તોએ નિજાનંદ માટે તથા કલ્યાણની પરંપરા શરૂ રહે તે માટે લખ્યાં છે. શ્રીહરિચરિત્રામૃતસાગર જેવા મહાગ્રંથના લેખક સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામી પૂર : ૧૦/૪૬માં કહે છે, શ્રીહરિએ જે રીતે અને જે જે ચરિત્ર કર્યાં હોય, તેને રાતદિવસ સાંભળવાં.

શ્રીહરિનાં દિવ્ય યા માનુષી સર્વે ચરિત્રો બ્રહ્મઅગ્નિ છે. તેનાથી ચાહે તેવાં છૂપાં વાસનાનાં બીજ હોય તોપણ તે બળી જાય છે. હરિચરિત્રરૂપી બ્રહ્માગ્નિ સિવાય ચાહે તેવા મોટા મોટા અગ્નિ હોય તોપણ કરોડો કલ્પેય તે વાસનાનાં બીજ થોડાંયે બળે નહીં. હરિચરિત્રની આવી મહત્તા છે.

આધારાનંદસ્વામી તો હરિચરિત્રોને શ્રીહરિનું પ્રત્યક્ષ સ્વરૂપ કહે છે. મનુષ્યાકાર શ્રીહરિ ધરતી ઉપર કાયમ રહેતા નથી, પરંતુ ચરિત્રરૂપી શ્રીહરિ તો બ્રહ્માંડ રહે ત્યાં સુધી રહે છે. અને આ ચરિત્રરૂપી જહાજ દ્વારા કરોડો જીવોનું કલ્યાણ થાય છે. શ્રીહરિનાં ચરિત્રો ચિંતામણિ તુલ્ય છે. જે ચરિત્રો પ્રસિદ્ધ ન થયાં હોય તે ચરિત્રો તો દટાયેલી ચિંતામણિ જેવાં છે; તેનું મૂલ્ય ક્યારેય ઘટતું નથી.

આ ગ્રંથના લેખક અધ્યાય-૮૮માં કહે છે, **'કચ્છદેશમાં શ્રીજીમહારાજ સંવત્ ૧૮૬૦ની સાલમાં પ્રથમ પધાર્યા અને સંવત્ ૧૮૬૭ સુધી રહ્યા. તેમાં ભુજનગર મધ્યે ઘણીવાર પધાર્યા છે.'** ઉદ્ધાવાવતાર સદ્‌ગુરુ રામાનંદસ્વામી અને અક્ષરાધિપતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન અનેક પરમહંસો સાથે અનેકવાર વિચરણ કરી કચ્છની ધરતીને પાવન કરી છે, તીર્થરૂપ બનાવી છે.

સંતકૃપાથી નિરાવરણ દૃષ્ટિને પામેલા અને અખંડ શ્રીહરિની મૂર્તિને દેખનારા ભુજ સ્વામિનારાયણ મંદિરના દ્વિતીય મહંત સદ્‌ગુરુ શ્રીઅચ્યુતદાસજીસ્વામી સં.૧૮૯૦ માં પરમહંસ થયા. ત્યારથી આરંભી તેઓ પ્રાયઃ કચ્છભુજમાં જ રહ્યા હતા. તેમની સર્વોત્તમ સ્થિતિ અને પ્રભુપ્રીતિને જોઈને ભુજ સ્વામિનારાયણ મંદિરના પ્રથમ મહંત એવા આનંદાનંદસ્વામીએ તેમને મહંત બનાવ્યા. મહંત પદવી પામ્યા પછી તેઓએ ૨૫ વર્ષ સુધી કચ્છના સત્સંગનું જતન કરી પોષણ કર્યું. શ્રીહરિએ જે જે ચરિત્રો કર્યાં હતાં તે પોતે નિરાવરણ દૃષ્ટિને કારણે અનુભવતા હતા.

વળી, તેઓ પ્રગટ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા-ઉપાસના તથા તેમનાં જ ચરિત્રો અને ગુણાનુવાદમાં નિમગ્ન રહેતા. આ વારસો ભાવિ પેઢી માટે અમર બની રહે તેથી તેમણે **'શ્રીપુરુષોત્તમલીલા'** નામના ગ્રંથની રચના કરી. આ ગ્રંથમાં સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાને કચ્છ દેશમાં કરેલાં લીલાચરિત્રોનું વિશેષપણે વર્ણન કરેલું છે. માનો, આ પ્રદેશમાં શ્રીહરિએ કરેલાં ચરિત્રોરૂપી ચિંતામણિ દટાયો હતો તેને ખોળીને સ્વામીએ સહુ સંતો-ભક્તોના સુખાર્થે આપણા હાથમાં આપ્યો છે. આમાં કચ્છદેશની લીલાનું વિસ્તૃત વર્ણન હોવાથી સંપ્રદાયમાં આ ગ્રંથ **'કચ્છની લીલા'** તરીકે પણ ઓળખાય છે

અને તે નામ સાર્થક છે. પરંતુ સ્વામીશ્રીએ આ ગ્રંથનું નામ **'શ્રીપુરુષોત્તમલીલા'** રાખ્યું છે.

શ્રીહરિનાં આ ચરિત્રોની મહત્તા ગાતા પ.પૂ.શ્રીઅચ્યુતદાસજીસ્વામી આ ગ્રંથના અધ્યાય-૫૯માં કહે છે કે, **"જે કોઈ જનો રોગાદિકે કરીને મહાકષ્ટને પામેલા હોય તથા રાજસમૃદ્ધિએ કરીને અવરાઈ ગયા હોય, તે સર્વે જનો શ્રદ્ધાએ સહિત પ્રેમમગન થઈ આ શ્રીજીમહારાજનાં ચરિત્રને ગાશે કે સાંભળશે તથા જે કોઈ પ્રાણી અતિશે પાપી હોય તેના કાનમાં અજાણે શ્રીજીમહારાજનાં ચરિત્રોના શબ્દ પડશે, એટલે તે સર્વેની પિત્રીએ સહિત ઈકોતેર પેઢીનો ઉદ્ધાર થાશે અને આત્યંતિક મોક્ષ જે અક્ષરધામ તેને પામશે."**

વળી, ભુજ મંદિરમાં જ રહેનારા સદ્‌ગુરુ ભૂમાનંદસ્વામીએ નિજકૃત 'શ્રીઘનશ્યામલીલામૃત' નામક ગ્રંથના પૂર્વાર્ધ ૧૦૯મા તરંગમાં કહ્યું છે,

ભાગવત થકી કોટિ ઘણું, ફળ મળે આ ચરિત્ર તણું;
એમાં કોઈ ન કરશો સંદેહ, વાત નિશ્ચે કરેલી છે એહ.
આ તો અવતારીનાં ચરિત્ર, અક્ષરાધિપતિનાં પવિત્ર;
જે સુણે તેનાં સંકટ વામે, અંતે અક્ષરધામને પામે.

આવા મહિમાવંત આ ગ્રંથની હસ્તપ્રત અમોને પ્રાપ્ત થઈ. તેથી તે મૂળ હસ્તપ્રત પ્રમાણે જ આ ગ્રંથને અમે પ્રકાશિત કર્યો છે. ભુજ મંદિર તરફથી પ્રથમ આ જ ગ્રંથ 'શ્રીપુરુષોત્તમલીલામૃતસુખસાગર'ના નામે પ્રસિદ્ધ થયેલ છે. જેનો અનેક લોકોએ લાભ લઈ આત્મકલ્યાણ સાધ્યું છે. તેનું શ્રેય પ્રકાશકોને પ્રાપ્ત થાય છે.

વળી, આ શ્રીપુરુષોત્તમલીલા ગ્રંથમાં વાચકોને સંશોધનમાં અનુકૂળ આવે તે માટે અમોએ જે તે ચરિત્રોને અનુરૂપ મથાળાં મૂક્યાં છે. અને

તે અનુસારે જ અનુક્રમણિકા પણ બનાવી છે. કોઈક જગ્યાએ અઘરા શબ્દોની ટિપ્પણી પણ કરેલ છે. અને જરૂર જણાય ત્યાં ભક્તજનના વિશ્વાસની દૃઢતા અર્થે **હસ્તપ્રત** પણ મૂળસ્વરૂપમાં મૂકેલી છે. આ મૂળગ્રંથના ૧૦૧ અધ્યાય છે. તે તમામ અધ્યાયો સુજ્ઞ વાચકજનોને ગ્રંથકાર શ્રીહરિજીને કેવા સમજતા હતા ? તે સમજાય એવા હેતુથી અમે કોઈ પણ ફેરફાર કર્યા વિના પ્રસિદ્ધ કરેલ છે. આ ગ્રંથ અંતર્ગત અધ્યાય-૪૧ થી ૫૫માં આવેલી **'શ્રીપુરુષોત્તમગીતા'** પરમ અનુપમ છે. તથા સુંદરજીભાઈ સુતારને ઉદ્દેશીને ૫૮મા અધ્યાયમાં કરેલી ધ્યાનસિદ્ધિ તથા દિનકઢણીની વાત આ ગ્રંથના હાર્દરૂપ છે. સહુ ભક્તો માટે વારંવાર વાંચવા જેવી, વિચારવા જેવી અને જીવનમાં ઉતારવા જેવી છે. અને તે વાત મુમુક્ષુ આત્માને જગાડી દે એવી જોરદાર છે.

આવો અનુપમ આ ગ્રંથ **શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ** તથા **કારેલીબાગ-વડોદરા** દ્વારા મૂળ સ્વરૂપે પ્રથમ વાર પ્રકાશિત થઈ રહ્યો છે. આ સાહિત્યસેવાથી શ્રીહરિ તથા સત્સંગપ્રેમી સર્વે નાનામોટા સંતોભક્તો અમારા ઉપર પ્રસન્ન થાય, એ જ અભ્યર્થના સહ...

- લિ. સ્વામી જ્ઞાનજીવનદાસ(કુંડળધામ)ના

અતિ ભાવથી જય સ્વામિનારાયણ

સદ્‌ગુરુ મહંત
શ્રીઅચ્યુતદાસજીસ્વામીનું જીવન

કચ્છની ઢીંગી ધરતી પર સમર્થ સિદ્ધયોગી સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ ધર્મનો ધ્વજ લહેરાવ્યો. કચ્છ-ભુજનાં અનેક ગામોમાં વિચરણ કરી સત્સંગના મંડાણ માંડ્યા. ત્યારબાદ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાને વિ.સં.૧૮૬૦ થી ૧૮૬૭ આમ સાત-આઠ વર્ષ સુધી કચ્છની ધરા ઉપર પરમહંસો સાથે વિચરણ કર્યું. અનેક લોકોને પાવન કર્યા. અનેક ભક્તો સમાધિનિષ્ઠ બનાવ્યા. અનેકને નિરાવરણ સ્થિતિ આપી. અનેકને છતાં દેહે આત્યંતિકી મુક્તિનો અનુભવ કરાવ્યો. તો અનેકને 'હું અનાદિમુક્ત જ છું.' આવી સિદ્ધિ આપી.

✹ મંગળનો જન્મ તથા પરિવાર પરિચય :

આ વાત થઈ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનની..!! પરંતુ તેમના સંતની કૃપાથી એક નાનો બાળક મુક્તદશાને પામે, નિરાવરણ સ્થિતિને પામે, એ વાત તો અતિઆશ્ચર્યકારી છે. કોણ હતો એ બાળક ? તો તે હતા ભુજ સ્વામિનારાયણ મંદિરના દ્વિતીય મહંત સદ્‌ગુરુ શ્રીઅચ્યુતદાસજીસ્વામી...!

આવો આપણે એ વાતને વિસ્તારથી જાણીએ. કચ્છ જિલ્લાના અબડાસા તાલુકામાં ધુફી નામે ગામ છે. માનકૂવાથી તેરા ગામ જતાં

આ ગામ વચમાં આવે છે. તેથી શ્રીહરિ તથા પરમહંસો દ્વારા સહજ રીતે અનેક વાર પાવન થયેલું છે. આવા પવિત્ર ગામમાં અનેક જ્ઞાતિના લોકોને સત્સંગ થયો હતો. પરંતુ સૌ પ્રથમ આ ગામમાં બ્રહ્મક્ષત્રિય હમીરભાઈ અને તેમનાં ધર્મપત્ની વાલબાઈને સત્સંગ થયો હતો. સત્સંગના રંગે રંગાયેલાં, ધર્મપાલનની ધગશવાળાં, અતિ ઉદાર દિલવાળાં, પ્રગટ ભગવાનની ભક્તિથી અંતરને તરબોળ રાખનારાં એવાં આ દંપતી હતાં.

ધુફી ગામના આ પવિત્ર દંપતીને ત્યાં ભગવદ્ઈચ્છાથી આશરે ૧૮૭૨ની સાલમાં એક પુત્રરત્નની પ્રાપ્તિ થઈ. આ બાળકનું નામ 'મંગળ' રાખ્યું હતું. હમીરભાઈ અને વાલબાઈએ તો જ્યારથી સત્સંગ થયો ત્યારથી પોતાનું સમસ્ત જીવન શ્રીહરિનાં ચરણોમાં સમર્પણ કર્યું હતું. પોતાના જીવનને સત્સંગરૂપી અમૃતનાં સાગરમાં તરબોળ કર્યું હતું. દિન-પ્રતિદિન તેમના અંતરમાં સત્સંગનો નવલો રંગ ચડતો રહેતો. આ સત્સંગના સંસ્કાર પુત્ર મંગળને પણ પારણિયાથી પાયા હતા. તેથી મંગળનું જીવન બાળપણથી જ અતિ મંગલકારી અને સહુને સુખ ઉપજાવે એવું હતું.

ચંદ્રની કળાની પેઠે દિવસે દિવસે મંગળ મોટો થવા લાગ્યો. કુટુંબીજનોને આનંદ ઉપજાવતા મંગળની ઉંમર આઠેક વર્ષની થઈ. પરંતુ તેના અંતરમાં માતપિતાના સંસ્કાર વૃદ્ધોની સમજણને પણ વટાવી જાય એવા હતા. ભૂખ્યાને ભોજન આપીને પછી જ પોતે જમવું, અતિથિને આવકારો આપવો, વડિલોને આદર આપવો, સંતોને શ્રદ્ધાથી સેવી રાજીપો લઈ લેવો વગેરે ગુણો તેમને પૂર્વની કમાઈને કારણે જન્મજાત પ્રાપ્ત થયા હતા. ગામમાં જ તેઓ વિદ્યાભ્યાસ કરતા હતા. આ રીતે તેમનો જીવનસમય ચાલ્યો જતો હતો.

✵ તમને વહાલું હોય તે આપો..!

એકવાર ખેતીની મોસમનો સમય હતો. માતપિતા નાના મંગળને ઘરે મૂકી સીમમાં કામ કરવા ગયા હતાં. તેવા સમયે જ્યાં જ્યાં શ્રીહરિ વિચર્યા હોય ત્યાં ત્યાં યાત્રા કરવા નીકળેલા પુરુષોત્તમનારાયણના બે

પરમહંસો સંતદાસજી ઉર્ફે શતાનંદસ્વામી તથા નાના વ્યાપકાનંદસ્વામી ફરતા ફરતા કચ્છ દેશમાં આવ્યા. માનકૂવાથી તેરા જતાં વચ્ચે ધૂફી ગામ આવ્યા. દશમનો દિવસ હતો. સંતો ત્રણ દિવસના ભૂખ્યા હતા. વળી, બીજે દિવસે એકાદશી હતી. તેથી સંતોએ ગામલોકોને પૂછ્યું કે, ઉતારા કે અન્ન-પાણી આપે એવું ગામમાં છે કોઈ ?

ત્યારે ગામલોકો કહે, 'અહીંયાં એક તમારા સ્વામિનારાયણીયા ભગતનું ઘર છે.' પછી તેનું નામ-ઠામ પૂછીને સંતો બ્રહ્મક્ષત્રિય હરિભક્ત હમીરભાઈને ઘેર ગયા. ત્યારે તેઓ ખેતીકામ હોવાથી સીમમાં ગયા હતા. તેમનો આઠ વર્ષનો દીકરો મંગળ ઘેર હતો. માતપિતાના સંસ્કાર હતા. તેથી સંતોને કેમ બોલાવવા ? કઈ રીતે સ્વાગત કરવું ? વગેરે મંગળ બાળપણમાંથી જ જોઈને શીખી ગયો હતો. તેથી સંતોને દંડવત્ કર્યા, સ્વાગત કર્યું અને ભાવથી એક રૂમમાં ઉતારો દીધો. પછી ઘરમાંથી રસોઈનો સામાન લાવીને મંગળે સાધુ આગળ મૂક્યો અને વિનયપૂર્વક કહ્યું, "હે સંતો ! આની રસોઈ કરીને જમો."

પછી સંતદાસજીસ્વામી તથા વ્યાપકાનંદસ્વામી રસોઈ કરવા માંડ્યા અને મંગળ જે જે વસ્તુ જોઈએ તે હાજર કરી આપે. પછી સંતોએ સુંદર રોટલા બનાવ્યા. પોતા માટે રાખેલો ગોળ, દહીં, છાશ, મરચાં વગેરે મંગળે સંતોને આપ્યા. રસોઈ તૈયાર થઈ ત્યારે ઠાકોરજીને ધરાવી બંને સંતો જમ્યા અને પ્રસાદી મંગળને આપી. નાના બાળકનો વિનય, વિવેક, નમ્રતા, સરળતા જોઈ સંતો ખૂબ જ રાજી થયા. પછી નાનો મંગળ પ્રસાદી જમી બંને સંતો પાસે આવીને બેઠો.

ત્યારે સંતદાસજી તથા વ્યાપકાનંદસ્વામી રાજીપામાં બોલ્યા કે, "બેટા મંગળ ! તેં અમારી ખૂબ સેવા કરી, તું બહુ ડાહ્યો છો. તારી સેવાથી અમે ઘણા રાજી થયા છીએ. માટે અમારી પાસેથી તું કંઈક વરદાન માગ." ત્યારે મંગળ કહે, **"હે સંતો ! મને કાંઈ માગતા ન આવડે, પણ તમને જે વહાલું હોય તે મને આપો. બીજું કાંઈ મારે જોઈતું નથી."** બાળકની

કાલી-ઘેલી વાત અને નિર્દોષ વાણી સાંભળી બંને સંતો બહુ જ રાજી થયા.

પછી સંતદાસજીસ્વામી રાજી થઈને બોલ્યા, **"બેટા મંગળ ! અમને તો વહાલા ભગવાન છે તે આજથી તને આપ્યા."** એમ વર આપીને પછી બંને સંતો ત્યાંથી ચાલ્યા તે ગામ તેરા ગયા. પરંતુ સંતોના આશીર્વાદથી તે દિવસથી જ બાળ મંગળને શ્રીજીમહારાજની મૂર્તિનાં નિરંતર દર્શન થવા માંડ્યાં. અને જેમ કોઈ ટી.વી.માં ચિત્ર દેખે તેમ મહારાજ જ્યાં જ્યાં વિચરતા હોય અને જે જે લીલા કરતા હોય તે બધું ઘેર બેઠા મંગળને દેખાવા લાગ્યું. જ્યારે તેમનાં માતપિતા ખેતરથી સાંજે ઘેર આવ્યાં ત્યારે મંગળે આપણા ઘરે સંતો પધાર્યા હતા તથા સંતોને જમાડ્યા વગેરે વાત તેમને કરી; તેથી પિતા હમીરભાઈ અને માતા વાલબાઈને ખૂબ જ આનંદ થયો.

આ પ્રસંગ પછી બેએક વર્ષે મંગળ દશ વર્ષનો થયો. ત્યારે હમીરભાઈ વગેરે ધૂફીના ભક્તો શ્રીહરિનાં દર્શન કરવા માટે ગઢપુર જવા તૈયાર થયા. સાથે દશેક વર્ષનો પુત્ર મંગળ પણ છે. સહુ ધૂન-ભજન કરતા જાય છે, મહારાજનાં ચરિત્ર ગાતા જાય છે અને આનંદપૂર્વક શ્રીહરિનાં દર્શન કરવા માટે જાય છે. પંદરેક ગાઉ (૩૫ કિ.મી.) ચાલ્યા ત્યાં પુત્ર થાકી ગયો. પછી વાલબાઈએ અતિ વહાલથી કહ્યું, 'બેટા મંગળ ! તારાથી ચાલીને ગઢડે પહોંચાશે નહિ, માટે આંહીંથી તું તારા મામાનું ગામ ત્રણ ગાઉ ઉપર છે ત્યાં જતો રહે." ત્યારે મંગળે હા પાડી અને રસ્તામાં પદયાત્રીનાં દર્શન તથા સેવા માટે આવેલા પોતાના મામાની સાથે મંગળ તેમને ઘેર ગયો.

આ બાજુ હમીરભાઈ વગેરે ભક્તો ભજન કરતાં કરતાં ગઢપુર પહોંચ્યા. ત્યાં દાદા ખાચરના દરબારમાં સર્વાવતારી શ્રીહરિનાં દર્શન કર્યાં. સેવા-સત્સંગનો લાભ લેવા પચ્ચીસેક દિવસ ગઢપુર રોકાયા. પછી શ્રીહરિ તથા સંતોને દંડવત્-પ્રણામ કરી મહારાજની રજા લઈ પોતાના ગામ તરફ વળ્યા.

આ બાજુ મંગળ મામાને ઘેર ખાઈ-પી અખંડ હરિભજનમાં મગ્ન

રહેતો હતો. શ્રીજીમહારાજ ગઢપુરમાં જે જે લીલા કરે તે મંગળ ઘેર બેઠા બધું જ દેખતો હતો. ગઢપુરની યાત્રા કરી હમીરભાઈ સસરાને ગામ આવ્યા. બંને દંપતિએ પોતાના પુત્રને સાજો તથા આનંદમાં જોયો તેથી ખૂબ રાજી થયા. મામા-મામીએ પણ કહ્યું, 'ભાણો બહુ ડાહ્યો છે. જે આપીએ તે જમી લે. પછી મોટા સિદ્ધયોગીની જેમ મેડીએ ધ્યાનમાં બેસી જતો. તે જોઈને અમને ખૂબ આશ્ચર્ય થતું હતું.'

પછી હમીરભાઈ પોતાના સાળાને ગઢપુરમાં સ્વામિનારાયણ ભગવાને જે જે વસ્ત્રાભૂષણો ધારણ કર્યાં હતાં, ઘેલામાં સ્નાનલીલા કરી હતી, સંતો-ભક્તોને ભાવથી જમાડ્યા હતા તથા સુખ આપ્યાં હતાં વગેરે જે જે લીલા કરી હતી તે વાતો કહેવા લાગ્યા. તેમાં કોઈ વાત રહી જાય કે કહેવામાં કાંઈ ભૂલ થાય તો ત્યારે બાળમંગળ વચ્ચે બોલી ઉઠે, 'આતા ! મહારાજે સહુને મુખમાં લાડુ આપ્યા હતા અને બ્રહ્માનંદસ્વામીની માથે દૂધ ઢોળ્યું હતું એ તો રહી જ ગયું.' તે સાંભળીને તેમના માવતરના મનમાં બહુ આશ્ચર્ય થયું અને બોલ્યાં કે, "બેટા ! આ વાત તને કોણે કરી ?"

ત્યારે બાળમંગળ કહે, "બા..બા..! વરસ પહેલાં આપણા ઘેર બે સાધુ આવ્યા હતા તેની મેં સેવા કરી હતી. તેથી તેમણે મને વર આપ્યો હતો જે, "હે બેટામંગળ ! અમારી જેમ તને પણ શ્રીજીમહારાજ અખંડ દેખાશે." ત્યારથી શ્રીજીમહારાજ જ્યાં જ્યાં વિચરે છે, જે જે લીલાચરિત્ર કરે છે તે બધું હું પ્રત્યક્ષ અહીં દેખું છું." તે વાત સાંભળી તેમનાં માતાપિતા તથા મામા વગેરે ખૂબ આશ્ચર્ય પામ્યાં.

સંતકૃપા થાય તો કેવું મોટું કામ થાય છે ? તેનો આ પ્રત્યક્ષ પુરાવો છે. કોઈ માણસ કરોડો વર્ષો સુધી જપ-તપાદિક કરે છતાં અખંડવૃત્તિ સિદ્ધ થવી કઠણ છે. શ્રીહરિએ પણ પહેલા જ વચનામૃતમાં કહ્યું છે જે, **"ભગવાનના સ્વરૂપમાં અખંડ મનની વૃત્તિ રાખવી તે સર્વે સાધનથી અતિ કઠણ છે અને તેના જેવી કોઈ મોટી પ્રાપ્તિ શાસ્ત્રમાં કહી નથી."**

વળી, શ્રીહરિ તો એમ કહેતા કે, 'ચાર વેદ કંઠસ્થ કરવા સહેલા

છે, આખી પૃથ્વી ભરાય એટલા યજ્ઞ થઈ શકે, ચાર ધામની યાત્રા ચાલીને થઈ શકે; પરંતુ અખંડ અમારામાં મન રાખવું તે થવું ઘણું કઠણ છે અને અખંડવૃત્તિ જેવી કોઈ મોટી પ્રાપ્તિ નથી. અક્ષરધામથી પણ વધારે શ્રેષ્ઠ તો અમારામાં અખંડવૃત્તિ રહેવી એ જ છે.'

આવી અખંડવૃત્તિ સંતકૃપાથી મંગળને સહેજે થઈ ગઈ. સંસ્કાર હોય, સરળતા અને સદ્‌ભાવ હોય, સેવામાં શ્રદ્ધા હોય તો શ્રીહરિ અને મોટા સંતની કૃપાથી આ અણમોલ ખજાનો પ્રાપ્ત થાય છે. અખંડ મહારાજની મૂર્તિમાં નિમગ્ન રહી અને મૂર્તિના મહાઆનંદને ઘોળી ઘોળીને પીતો મંગળ મોટો થવા લાગ્યો. કાળની ગતિ ન્યારી છે. ભગવાનની અકળ કળાને સમજવી સામાન્ય જીવ માટે ઘણું કઠણ છે. બારેક વર્ષનો મંગળદાસ થયો ત્યાં હરિઈચ્છાથી તેમના પિતા હમીરભાઈ અક્ષરવાસી થયા. પછી થોડા સમયમાં જ માતા વાલબાઈ પણ અક્ષરધામના દિવ્યાનંદને પામ્યાં.

માતપિતાના અક્ષરધામગમન બાદ બાળ મંગળ જગદાધાર શ્રીહરિને આધારે જીવનનૌકા ચલાવવા લાગ્યો. પૂર્વજન્મના સંસ્કાર તો હતા જ..! તેમાં માતપિતાના સંસ્કાર મળ્યા અને સંતોની કૃપાએ તો ચાર ચાંદ લગાવી દીધા. તેથી મોટા થતા મગંળના અંતરમાં પણ વૈરાગ્યનો રંગ ઘૂંટાવા લાગ્યો. શ્રીહરિ સ્વધામ ગયા, આ લીલાદર્શનથી મંગળના અંતરમાં અતિ આઘાત લાગ્યો. સોળ વર્ષના આ યુવાને મનોમન નક્કી કર્યું કે, **'મારો નાથ સ્વધામમાં સિધાવ્યા તો આજથી મારે પણ આ સંસાર હરામ છે.'**

❋ મંગળભાઈ થયા અચ્યુતદાસજીસ્વામી :

પછી એકવાર કોઈને કહ્યા વિના ખેતર, વાડી અને ઘરબારનો ત્યાગ કરી તેઓ ગઢપુર આવ્યા. ત્યાં ગોપીનાથજી મહારાજનાં દર્શન કર્યાં. થોડા દિવસ ત્યાં સેવામાં રોકાયા. પછી સિદ્ધાનંદસ્વામીને મળ્યા અને સ્વામીએ તેમને ભુજ મંદિરમાં સેવા માટે મોકલ્યા. ત્યાં તે સમયે નાના આનંદાનંદસ્વામી ભુજ મંદિરની તમામ સેવા સંભાળતા હતા.

સંપ્રદાયમાં આનંદાનંદ નામના બે સંત હતા. એક મોટા આનંદાનંદસ્વામી અર્થાત્ તેઓ રામગલોલા કહેવાતા. અને બીજા આનંદાનંદસ્વામી જે બ્રહ્માનંદસ્વામીના શિષ્ય હતા. તે નાના આનંદાનંદસ્વામી તરીકે ઓળખાતા.

શ્રીહરિએ ધામમાં જતા પહેલાં બ્રહ્માનંદસ્વામીને ભુજ મંદિરનું ધ્યાન રાખવાની ભલામણ કરી હતી. તેથી સ્વામીએ પોતાના મંડળના સુજ્ઞસંત આનંદાનંદસ્વામીને ભુજ મોકલ્યા હતા. અને શ્રીહરિની ભલામણ મુજબ ભુજ મંદિરના પ્રથમ મહંત આ આનંદાનંદસ્વામીને બનાવ્યા હતા. હાલ ભુજના તમામ સંતો આ આનંદાનંદસ્વામીની પરંપરાના છે. અને ત્યારે ભુજ મંદિરના નિર્માતા વૈષ્ણવાનંદસ્વામી ત્યાં સેવા-પૂજા કરતા. આ બંને મહાપુરુષો આજીવન કચ્છ-ભુજમાં જ રહ્યા હતા. મહંત આનંદાનંદસ્વામી ભેળા મંગળભાઈ ભળી ગયા. સ્વામીએ તેને પાર્ષદ બનાવ્યા. તેમણે સેવા, ભજન, સરળતા અને નિષ્કામ ભક્તિથી ટૂંક સમયમાં સહુનાં દિલ જીતી લીધાં.

મહંત આનંદાનંદસ્વામીએ અઢાર વર્ષના પાર્ષદ મંગળભગતને સં.૧૮૯૦માં ભાગવતી દીક્ષા આપી 'અચ્યુતદાસસ્વામી' નામ પાડ્યું. પછી તેઓ આજીવન ભુજ મંદિરમાં રહ્યા. મંદિરમાં રહી સર્વે પ્રકારની સેવા કરતા. મહંત આનંદાનંદસ્વામી તથા વૈષ્ણવાનંદસ્વામી વગેરે સંતોની આજ્ઞાથી તે પ્રાંતના ગામડાઓ ફરતા. શ્રીહરિની મૂર્તિ તો તેમને અખંડ દેખાતી. તેથી આંખે દેખેલા અહેવાલ જેવી મહારાજની લીલાની વાતો કરતા એટલે અનેક લોકોને સત્સંગ થતો હતો. પોતે અખંડ બ્રહ્મચારી હતા અને અખંડ પરબ્રહ્મની મૂર્તિમાં નિમગ્ન રહેતા હતા. એટલે તેમની વાતો સાંભળતા અનેકને વૈરાગ્યનો રંગ લાગતો. તેથી તે સંસારથી વિરક્ત થઈ સદા શ્રીહરિની સેવામાં જોડાઈ જતા હતા.

✵ તમે દેવને અવળા વાઘા પહેરાવ્યા છે તે સવળા કરો :

ગુરુઆજ્ઞાથી અચ્યુતદાસજીસ્વામી ભુજમાં સંતોની તથા ઠાકોરજીની

સેવા કરતા હતા. તે સમયે હમીર સરોવરને કિનારે આવેલ મંદિરની વાડીનો વંડો ચણાતો હતો. એટલે સ્વામી રોજે સવારે મંગળા આરતીનાં દર્શન કરી સેવા માટે ત્યાં વાડીએ જતા. પછી આખો દિવસ ત્યાં જ રોકાતા અને ત્યાં જ રોટલા કરી ફક્ત એક વખત જમતા.

તે સમયે ભુજ નરનારાયણદેવના પૂજારી ગોવિંદાનંદ બ્રહ્મચારી હતા. એકવાર તે બ્રહ્મચારી હમીર સરોવરમાં સ્નાન કરવા ગયા. સ્નાન કરી અચ્યુતદાસજીસ્વામી પાસે ગયા. તે સમયે પાટવાડીના નાકા બહાર સરોવરને કિનારે આવેલા મંદિરના નારાયણબાગની વાડીનું કામ ચાલતું હતું અને તે કામ જાતે કરાવતા હતા. પોતે એક પથ્થર બેસાડતા હતા, પરંતુ તે સરખો બેસતો ન હતો. ત્યાં જઈ બ્રહ્મચારી ગોવિંદાનંદજીએ કહ્યું, 'સ્વામી ! તમે કેમ ઠાકોરજીનાં દર્શન કરવા આવતા નથી ? અને એકેય શણગારાદિક આરતીનાં દર્શન કરતા નથી, જો આરતીનાં દર્શન કરો તો પથ્થર સરખો બેસે; નહીં તો નહીં બેસે.'

આવાં બ્રહ્મચારીનાં વચન સાંભળીને અચ્યુતદાસજીસ્વામીએ કહ્યું, 'હું તો રોજે બધી આરતીનાં દર્શન કરું છું અને મારો આ પથ્થર તો હમણાં સરખો બેસી જશે; પણ તમે આજ ઠાકોરજીને અવળા વાઘા પહેરાવ્યા છે તે સવળા ક્યારે કરશો ?' એમ કહી રોજના શણગારમાં જે દેવોનાં દર્શન થતાં હતાં તેનું એંધાણ સહિત વર્ણન કરી બતાવ્યું. સ્વામીની આ વાત સાંભળી બ્રહ્મચારી તથા ત્યાં સેવામાં રહેલા સર્વે હરિભક્તો અતિ આશ્ચર્ય પામ્યા.

પછી ગોવિંદાનંદ બ્રહ્મચારીએ મંદિરમાં આવીને ઠાકોરના વાઘા જોયા તો જેમ સ્વામીએ કહ્યું હતું તેમ અવળા પહેરાવેલ હતા. તે જોઈને પોતે મનમાં ને મનમાં સમજ્યા કે, 'અચ્યુતદાસજીસ્વામી અહીં આવ્યા નથી તોપણ તે ત્યાં રહ્યા થકા બધું જ દેખે છે; એવા સ્થિતિવાળા છે.' આ પ્રસંગથી બ્રહ્મચારીને સ્વામીનો ઘણો મહિમા જણાણો. મોટા સંતોની વાતો ન્યારી છે. તેને નાના માણસો જલ્દી સમજી શકતા નથી. શ્રીહરિ

અને સંતોની કૃપાથી સ્વામીને સર્વત્ર ભગવદ્‌દર્શન થતાં. તેથી ઘણી વાર લક્ષ પણ થઈ જતો હતો.

✵ તું તારું કર :

એકવાર સ્વામી મંદિરની વાડીની દિવાલનું કાર્ય કરાવતા હતા. સાંજનો સમય થઈ ગયો તેથી કડિયા વગેરે પોતાનું કાર્ય સંકેલી હાથ-પગ ધોઈ સહુ સહુને ઘેર ગયા. તે સમયે એક બગડેલું તગારું ત્યાં પડ્યું હતું. તે જોઈને ત્યાં એક દીકરી કામ કરતી હતી, તેને સ્વામીએ કહ્યું, 'બેટા ! આ તગારું લઈને ધોઈ નાખ.'

એક હરિભક્તે સ્વામીને આ રીતે કોઈ બેન સાથે વાત કરતા જોયા. એટલે નજીક આવી કહે, "સ્વામી ! શ્રીહરિએ ધર્મામૃતમાં લખ્યું છે કે, 'સંતોએ સ્ત્રી સાથે ન બોલાય.' તમો સ્ત્રી સાથે બોલ્યા, માટે તમારું નિષ્કામવ્રત લોપાયું." ત્યારે સ્વામી કહે, **'ભગત ! આ તો દીકરી છે. પરંતુ રૂપવાન અને યૌવનવાન સો સ્ત્રી ભેળો હું રહું છતાં મારું નિષ્કામી વર્તમાન ન તૂટે. કેમ જે, અનંત મુક્તો સાથે મહારાજ અખંડ મારી સાથે મારા આત્મામાં રમી રહ્યા છે. મને સહુમાં એક શ્રીહરિ જ દેખાય છે. માટે 'તું તારું કર.'** તે સાંભળી પેલો ભક્ત કાંઈ ન બોલ્યો. મોટા સંતોને ઓળખવા બહુ કઠણ છે. મોટા સંતોમાં કાંઈ ભૂલ જેવું દેખાય છતાં તે સામાન્ય સંતો-ભક્તોથી તો ઘણા ઊંચાઈવાળા હોય છે. જેમકે, પર્વત ઉપર રહેલો ખાડો પણ જમીનથી ઘણો ઊંચો હોય છે.

શ્રીહરિ વચનામૃત ગ.મ.૫૩માં કહે છે જે, "જીવમાત્રને પોતાના ડહાપણનું અતિશય માન હોય, પણ એમ વિચારે નહિ જે, 'મને મારા જીવની ખબર નથી જે, આ શરીરમાં જીવ રહ્યો છે તે કાળો છે કે ગોરો છે ? કે લાંબો છે કે ટૂંકો છે ? એની કાંઈ ખબર નથી; તોપણ મોટા પુરુષ હોય અથવા ભગવાન હોય તેને વિશે પણ ખોટ્ય કાઢે અને એમ સમજે જે, 'આ મોટા પુરુષ છે અથવા ભગવાન છે પણ આટલું ઠીક કરતા નથી.' એમ ખોટ્ય કાઢે છે, તે મૂર્ખ છે... અને ભગવાન ને ભગવાનના ભક્ત

તેની તો અલૌકિક સમજણ હોય, તેને દેહાભિમાની જીવ ક્યાંથી સમજી શકે ? માટે પોતાની મૂર્ખાઈએ કરીને ભગવાન ને ભગવાનના ભક્તનો જે અવગુણ લે તે વિમુખ થઈ જાય છે. અને એ **ભગવાનના ખરેખરા ભક્ત જે સત્પુરુષ હોય તે તો અલૌકિક દૃષ્ટિએ યુક્ત વર્ત્યા કરે છે."**

એકવાર તેઓ ભુજ મંદિરમાં સંતો માટે બાજરાના રોટલા બનાવતા હતા. રોટલો ઘડીને ચોડવવા માટે તાવડીમાં નાખવા ગયા ત્યાં જ મહારાજની મૂર્તિમાં લક્ષ થઈ ગયો. તેથી રોટલા સાથે જ હાથ તાવડી ઉપર રહી ગયો. પછી બીજા સંતોએ તેમને ઝાલીને બાજુ ઉપર બેસાડી દીધા અને તે સંતોએ રસોઈ કરી. જ્યારે જાગૃત થયા ત્યારે કહે, 'આજ તો અક્ષરધામમાં મુક્તોને મહારાજે બહુ દિવ્ય આનંદ આપ્યો.' એ વગેરે ઘણી વાતો કરી. તેથી સહુ આશ્ચર્ય પામ્યા.

❋ અમદાવાદમાં તેર વર્ષની લીલા વગેરે કહ્યું :

એક વખત સં.૧૯૨૯માં અચ્યુતદાસજીસ્વામી તથા ભૂજના વીસ-પચીસ સાધુઓ અમદાવાદ રામનવમીના સમૈયા ઉપર દર્શન કરવા ગયા હતા. ત્યાં નરનારાયણદેવનાં દર્શન કરીને આચાર્ય શ્રીકેશવપ્રસાદજી મહારાજને તથા બીજા સંતોને મળી નિર્ગુણદાસજીસ્વામીના આસને ગયા. ત્યારે નિર્ગુણદાસજીસ્વામીએ પૂછ્યું, 'તમે કેટલા વર્ષે અહીં દર્શને આવ્યા ?'

ત્યારે અચ્યુતદાસજીસ્વામી કહે, 'હે સ્વામી ! આ વખતે તેરમે વર્ષે અહીં આવ્યો છું.' આમ પ્રસંગોપાત કેટલીક વાતચીતો કરી. પછી બીજે માળે આસને ઉતારા કર્યા અને નિર્ગુણદાસજીસ્વામી પોતાના આસને ગયા. પછી સભામાં નિર્ગુણદાસજીસ્વામી વગેરે સંતો નિત્ય કથા-વાર્તા કરતા. તે સાંભળવા બીજા સર્વે સાધુ જાય પણ અચ્યુતદાસજીસ્વામી તો આસને જ બેસી રહેતા, ઠાકોરજીનાં દર્શન કરવા પણ રોજ જતા નહીં.

એક વખત ઠાકોરજીનાં દર્શન કરવા જતા ત્યારે નિર્ગુણદાસજી સ્વામીએ કહ્યું કે, "અચ્યુતદાસજીસ્વામી ! સભામાં કથા-વાર્તા બહુ સારી થાય છે ને તમે કેમ સાંભળવા આવતા નથી ?" ત્યારે અચ્યુતદાસજી

સ્વામીએ તેર દિવસની બધી જ કથા-વાર્તા કહી દેખાડી અને રોજે ઠાકોરજીના જેવા જેવા શણગાર ધરાતા તે પણ કહી દેખાડ્યા. તે સાંભળી નિર્ગુણદાસજીએ કહ્યું, "તમને આંહીં બેઠા બધું દેખાય છે ?" ત્યારે તે બોલ્યા કે, **"શ્રીજીમહારાજ તથા મોટા સંતોના પ્રતાપે મને બધું જ અહીં બેઠા દેખાય છે."** એમ કહી તેર વર્ષ સુધીના અમદાવાદમાં થયેલા મોટા સમૈયાઓ, તે સમૈયાઓમાં ધરાવેલા દેવોના શણગારો અને કથા-વાર્તા વગેરે વાતો વિસ્તારથી કહી સંભળાવી. તે સાંભળીને નિર્ગુણદાસજીસ્વામી વગેરે સંતો બહુ આશ્ચર્ય પામ્યા અને તેમની આવી સ્થિતિ જોઈને સહુ સંતો અતિશય રાજી થયા.

અચ્યુતદાસજીસ્વામી પોતાને આસને બેઠા હોય, ત્યાં મહારાજનાં દર્શન થતાં એટલું જ નહિ, પરંતુ તેઓ જે જે સ્થળે કથા-વાર્તા ચાલતી હોય તે પણ સાંભળી શકતા, દૂરની વસ્તુઓને જોઈ શકતા, કોણ કોણ હરિભક્તો મંદિરે દર્શન કરે છે તે પણ એક સ્થાને બેઠા થકા જ જોઈ શકતા અને યાદ રાખી શકતા. આમ જપ, તપ, તીર્થ, વ્રત, દાન, વેદાભ્યાસ, યજ્ઞ વગેરે સાધનો કરવાથી જે ફળ ન મળે તે ફળ તેમને સંતકૃપાથી સહેજે પ્રાપ્ત થયું હતું. એટલે જ આપણા સંપ્રદાયમાં સત્સંગીઓ શ્રીહરિની જેમ જ સાચા સંતોની સેવા પણ અતિ ભક્તિભાવથી કરે છે અને કરવી જ જોઈએ.

❋ સ્વામીની સેવા તથા શ્રીહરિએ આપેલો હાર :

અચ્યુતદાસજીસ્વામી આવા સમર્થ અને સ્થિતિવાળા હોવા છતાં મંદિર વાળવું, રસોઈ બનાવવી, બગીચામાંથી પુષ્પ વીણવાં, હાર બનાવવા, મંદિર લીપવું, દાણા સાફ કરવા કે ચણતર, ખેતી કરવી વગેરે સેવા ખૂબ જ શ્રદ્ધાથી કરતા. આવી સ્થિતિ હોય છતાં આટલી સરળતા અને સેવામાં શ્રદ્ધા એ પણ મહારાજની બહુ મોટી કૃપા કહેવાય.

એક સમયે સદ્‌ગુરુ અચ્યુતદાસજીસ્વામી નરનારાયણદેવના મંદિરના દરવાજાની જાળી પાસે ઊભા હતા. જાળીએ તાળું વાસેલું હતું. તે સમયે તે સ્વામી શ્રીહરિકૃષ્ણ મહારાજનું એકાગ્ર દૃષ્ટિથી દર્શન કરતા હતા. અને

હરિકૃષ્ણ મહારાજે પોતાના કંઠમાં જે પુષ્પનો હાર ધારણ કર્યો હતો તે હાર રમણીય અને સુગંધીમાન હતો. તે હાર જોઈને સ્વામીને મનમાં ને મનમાં એવા વિચારો ઘોળાવા લાગ્યા જે, 'શ્રીહરિકૃષ્ણ મહારાજને આ હાર બહુ જ શોભી રહ્યો છે.' તેમની આવી દિવ્ય ભાવના જાણીને હરિકૃષ્ણ મહારાજ રાજી થયા. અને બોલ્યા જે, **'સ્વામી ! લ્યો આ હાર, હું તમને રાજી થઈને આપું છું.'**

આમ કહી હરિવરે તે હાર ઉછાળ્યો, એટલે તેનું એક પડખું શ્રીહરિકૃષ્ણ મહારાજનાં કંઠમાં રહ્યું અને બીજી બાજુની સેર અચ્યુતદાસજીસ્વામીના કંઠમાં આવી. એટલો હાર લાંબો થયો. તેથી સ્વામી ત્યાંને ત્યાં ઊભા થઈ રહ્યા. પછી વિચાર કરવા લાગ્યા જે, 'હવે અહીંથી કેમ જવાશે ? કેમ જે, એક જ હાર શ્રીહરિ અને મારા કંઠમાં છે.' ત્યાં તો હરિકૃષ્ણ મહારાજે પોતાના કંઠમાંથી તે હાર કાઢી નાખ્યો. એટલે હાર જે લાંબો થયો હતો તે ટૂંકો થઈને સ્વામીના કંઠમાં જ રહ્યો. પછી સ્વામી સભામાં આવ્યા અને સહુને તે વાત કરી. તે સાંભળી સહુ ભક્તો અતિ આશ્ચર્ય પામ્યા.

✵ આવો બ્રહ્માનંદસ્વામીના પોઠિયા :

એક સમે બ્રહ્માનંદસ્વામી પોતાનું મંડળ લઈને કચ્છ દેશમાં સત્સંગવિચરણ માટે જતા હતા. તેમને વચમાં ઝાડા થઈ ગયા તેથી ચલાણું નહીં. ત્યાં એક વણઝારાની પોઠ નીકળી. તેની પાસે સંતોએ એક પોઠિયો માગ્યો અને તેની ઉપર સ્વામીને બેસાડ્યા. તેથી સાંજ સમયે રસ્તાના ગામે પહોંચ્યા. પછી બ્રહ્માનંદસ્વામીએ પોતાની સેવામાં કામ આવેલા પોઠિયાને ઉદ્દેશીને કહ્યું જે, **'તારો પોઠિયાનો દેહ મૂકાવીને સત્સંગમાં તને એક જન્મ લેવારીને અમે અક્ષરધામમાં લઈ જાશું.'** આવો તેને વર આપ્યો.

પછી તે પોઠિયાએ દેહ મૂકીને કચ્છમાં સામતરા ગામમાં કણબીને ઘેર જન્મ ધર્યો. તેનું નામ જાદવજીભાઈ રાખ્યું હતું. એકવાર તે જાદવજીભગત અને ઉચ્ચ સ્થિતિને પામેલા એવા અબજીભાઈ ભુજ મંદિરે દર્શને ગયા. ત્યારે અચ્યુતદાસજીસ્વામી જાદવજીભાઈને ઉદ્દેશીને કહે જે,

'આવો બ્રહ્માનંદસ્વામીના પોઠિયા... આવો..!' ત્યારે ત્યાં રહેલા સર્વે ભક્તે કહ્યું જે, 'સ્વામી ! આ તો હરિભક્ત છે. તેને પોઠિયો શાથી કહો છો ?' ત્યારે સ્વામીએ બ્રહ્માનંદસ્વામી પોઠિયા પર બેઠા હતા તે સર્વે પૂર્વજન્મની વાત વિસ્તારથી કહી. તે સાંભળીને સર્વે હરિભક્તો અતિ આશ્ચર્ય પામી ગયા. તે જાદવજીભગત એકાંતિક ભક્ત થઈ અક્ષરધામને પામ્યા. આવા તો સ્વામીના અનેક પ્રસંગો છે. અમને જે પ્રાપ્ત થયા તે લખ્યા છે.

❋ અચ્યુતદાસજીસ્વામી મહંત થયા :

સર્વાવતારી શ્રીહરિની આજ્ઞાથી ભુજનું મંદિર બ્રહ્મચારી વૈષ્ણવાનંદસ્વામીએ બાંધ્યું હતું. અને શ્રીહરિએ તેમને જ ભુજ મંદિરના પ્રથમ મહંત બનાવ્યા હતા. આ વૈષ્ણવાનંદસ્વામી બ્રહ્માનંદસ્વામી પાસેથી પિંગળ વગેરે કાવ્યશાસ્ત્રો ભણ્યા હતા. તેમણે વર્ષો સુધી ભુજ મંદિરની ખૂબ જ સેવા કરી હતી. વળી, ભુજ મંદિરમાં રહીને જ 'શ્રીહરિલીલાસિંધુ' જેવા વિરાટકાય ગ્રંથની રચનાનો આરંભ કર્યો હતો. આ ગ્રંથના આઠ રત્નો લખાયાં ત્યાં વૈષ્ણવાનંદસ્વામીને શ્રીહરિ અક્ષરધામમાં તેડી જશે, તેવો ખ્યાલ આવી ગયો. વળી, મહંત આનંદાનંદસ્વામી પણ વૃદ્ધ થયા હતા. તે સમયે આ બંને સંતો ભુજ મંદિરનો કાર્યભાર વારાફરતી સંભાળતા.

પછી બ્રહ્મચારી વૈષ્ણવાનંદસ્વામી તથા મહંત આનંદાનંદસ્વામી આ બંને સંતોએ અચ્યુતદાસજીસ્વામીની ઉચ્ચ સ્થિતિ, સેવાદિક સદ્‌ગુણો, સરળતા તથા કર્તવ્યનિષ્ઠાપૂર્વક જવાબદારી સંભાળી શકે એવી સુપાત્રતા જાણી સં.૧૯૧૬ની સાલમાં તેમને કાયમી ભુજ મંદિરની મહંતાઈનો હાર પહેરાવ્યો. ત્યારબાદ થોડા દિવસોમાં જ વૈષ્ણવાનંદસ્વામી સ્વતંત્ર થકા અક્ષરવાસી થયા. તેમનો અધૂરો રહેલો 'શ્રીહરિલીલાસિંધુ' નામક ગ્રંથ બ્ર.ગોપાળાનંદ વર્ણીની આજ્ઞા અને આશીર્વાદથી અવિનાશાનંદસ્વામીએ પૂર્ણ કર્યો.

સં.૧૯૧૬માં અચ્યુતદાસજીસ્વામી ભુજ મંદિરના મહંત થયા. ત્યારબાદ તેમણે વર્ષો સુધી ભુજ મંદિરની સેવા કરી હતી. વળી, તેઓ કચ્છ પ્રદેશના અનેક ગામડાંઓ ફરતા, સહુને સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરી નિષ્ઠાની દૃઢતા કરાવતા તથા ધર્મ-જ્ઞાનાદિકની વાતો કરી અનેકને સંસારથી વિરક્ત અને પ્રભુભક્તિમાં આસક્ત કરતા હતા. એકવાર તેમની વાતો સાંભળતાં જ રામપરાના બાર વર્ષના શામજીભક્તને વૈરાગ્ય થયો. અને તે પણ ભુજ મંદિરની સેવામાં આવી ગયા. પછી અઢાર વર્ષની ઉંમરે અચ્યુતદાસજીસ્વામીએ તેમને ભાગવતી દીક્ષા આપી અને 'અક્ષરજીવનદાસજીસ્વામી' નામ રાખ્યું.

આ ઉપરાંત અચ્યુતદાસજીસ્વામીના ઘણા ત્યાગી શિષ્યો હતા. તેમાંથી જેટલા ઉપલબ્ધ છે તેટલાનાં નામ લખું છું. (૧) મહંત અક્ષરજીવનદાસજી સ્વામી (૨) મહંત કૃષ્ણચરણદાસજીસ્વામી (૩) સદ્.નારાયણદાસજીસ્વામી (૪) સદ્.ભક્તિવલ્લભદાસજીસ્વામી (૫) સદ્.ભક્તિપ્રિયદાસજીસ્વામી (૬) કેશવચરણદાસજીસ્વામી વગેરે સંતો-પાર્ષદો હતા.

એકવાર સ્વામી સત્સંગવિચરણ કરતાં કરતાં કરાંચી ગયા હતા. ત્યાં તેમણે હનુમાનજી મહારાજની સ્થાપના કરી. પછી કહ્યું કે, 'ભવિષ્યમાં અહીં મોટું મંદિર થશે.' સ્વામીના સંકલ્પ મુજબ તેમના શિષ્યોએ કરાંચીમાં મોટું મંદિર બનાવ્યું હતું. આ રીતે કચ્છભુજ મંદિરની સંત બનીને છવ્વીસ વર્ષ સેવા કરી અને ત્યારપછી ઓગણત્રીસ વર્ષ મહંતપદે રહી સેવા કરી, અનેક જીવને સ્વામિનારાયણ ભગવાનની ઓળખાણ કરાવી અક્ષરધામના અધિકારી બનાવ્યા.

❋ સ્વામીની અંતિમ ભલામણ અને અક્ષરવાસ :

નિરાવરણ દૃષ્ટિવાળા અને વચનસિદ્ધ અચ્યુતદાસજીસ્વામીની મન, કર્મ, વચને સેવા કરી અક્ષરજીવનદાસજીસ્વામી પણ તેવા જ સમર્થ અને નિરાવરણ દૃષ્ટિવાળા થયા હતા. બહારગામ કોઈ ભક્તોને મુશ્કેલી કે આપત્તિ આવવાની હોય તો તે પણ મંદિરમાં બેઠા થકા જાણતા અને

ભક્તો દ્વારા અથવા પોતે ત્યાં જઈ તેની રક્ષા કરતા. ભક્તોને જેમ સુખ થાય તેમ આજ્ઞા કરતા. ભજન, ભક્તિ, સેવા, સરળતા, નિષ્ઠા, મહિમા આદિક સદ્‌ગુણોથી સહુ સંતો-ભક્તોનાં તેમણે દિલ જીતી લીધાં. તેથી જ મહંત અચ્યુતદાસજીસ્વામીના દિલમાં પણ એમ થયું કે, કચ્છ સત્સંગના ખેવૈયા ને મહંતાઈને લાયક મુક્તને મહારાજે મોકલ્યા છે. આ સંત અનેકના અટપટા પ્રશ્નો ઉકેલશે, સત્સંગની સુવાસ ચોતરફ ફેલાવશે, શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના પ્રવર્તાવશે... આમ પૂર્ણ વિશ્વાસ આવતા અચ્યુતદાસજીસ્વામી નચિંત બન્યા.

સં.૧૯૪૫માં ચૈત્ર માસમાં સ્વામીને ખ્યાલ આવી ગયો કે, આવતીકાલે શ્રીજીમહારાજ મને અનંત મુક્તો સાથે તેડવા આવવાના છે. તેથી તે જ દિવસે સભા બોલાવી ભુજ મંદિરની મહંતાઈનો હાર પોતાના મુખ્ય શિષ્ય અક્ષરજીવનદાસજીસ્વામીને પહેરાવ્યો. પછી સહુ સંતો-ભક્તોને અંતિમ શિખામણ આપતાં કહ્યું, **‘હવે તમે સહુ સત્સંગરૂપી બાગને સાચવજો, તેનું રક્ષણ-પોષણ કરજો. સહુ સંપીને રહેજો. એકબીજાનો મહિમા રાખજો. શ્રીજીમહારાજની આજ્ઞા-ઉપાસનામાં ખબડદાર થઈને વર્તજો. આવતીકાલે મને મહારાજ તેડવા આવશે એટલે હું ધામમાં જઈશ. મારી પાછળ કોઈ શોક કરશો નહીં.’** વગેરે ભલામણો કરી.

પછી બીજે દિવસે સહુને કહ્યું, ‘આજે તમે વહેલા જમી લ્યો.’ પછી સ્વામીની આજ્ઞા પ્રમાણે સહુ સંતો-ભક્તો જમીને વહેલા આવી ગયા. અને જ્યારે મધ્યાહ્ન સમય થયો ત્યારે અચ્યુતદાસજીસ્વામી આંખો મીચીને બેસી ગયા. પછી થોડીવારે સહુને કહે, ‘આ શ્રીજીમહારાજ, ગોપાળાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી વગેરે સંતો-મુક્તોને સાથે લઈ મને તેડવા પધાર્યા છે. સહુ તેમનાં દર્શન કરો. પછી સહુને જય સ્વામિનારાયણ કહ્યા.’ અને આ રીતે સ્વતંત્ર થકા ભૌતિક દેહનો ત્યાગ કરી દિવ્ય દેહ ધરી અખંડ શ્રીજીમહારાજની સેવામાં અક્ષરધામમાં રહ્યા.

આ પ્રમાણે આ ગ્રંથકર્તા અચ્યુતદાસજીસ્વામીનું યથાપ્રાપ્ય ટૂંકમાં જીવન લખ્યું છે. સ્વામી ધામમાં ગયા પરંતુ આપણા સહુનાં કલ્યાણ માટે **'શ્રીપુરુષોત્તમલીલા'** (કચ્છની લીલા) નામનો ગ્રંથ આપતા ગયા છે. આ તેમની બહુ મોટી ભેટ છે. સ્વામી વિશેષતઃ કચ્છદેશમાં જ રહ્યા છે તેથી તે પ્રાંતની નાની-મોટી તમામ લીલાઓને તે જાણતા હોય એ સહજ સમજી શકાય તેવી બાબત છે. વળી, પોતે નિરાવરણ સ્થિતિવાળા હતા એટલે ઘણીક અલૌકિક લીલાઓ પણ આ ગ્રંથમાં સમાયેલી છે. એવા આ ગ્રંથને તથા રચયિતા પ્રાતઃસ્મરણીય મહાન સંત શ્રીઅચ્યુતદાસજીસ્વામીના પાવન ચરણોમાં કોટિ કોટિ વંદન...

લિ.સાધુ બ્રહ્મપ્રકાશદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)ના
ભાવથી જય સ્વામિનારાયણ

અનુક્રમણિકા

ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના

દ્વિતીય મહંત

સદ્‌ગુરુ શ્રીઅચ્યુતદાસજીસ્વામી રચિત

શ્રીપુરુષોત્તમ લીલા

(મૂળ કચ્છની લીલા)

અનુક્રમણિકા

॥શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્॥

શ્રીસહજાનંદાય નમો નમઃ

ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના દ્વિતીય મહંત

સદ્‌ગુરુ શ્રીઅચ્યુતદાસજીસ્વામી રચિત

શ્રીપુરુષોત્તમલીલા

॥अथपुरुषोत्तमलीलालिख्यते॥

અથ શ્રીપુરુષોત્તમલીલા લિખ્યતે


અધ્યાય - ૧

બદરિકાશ્રમમાં દુર્વાસા શાપ તથા ઘનશ્યામ જન્મોત્સવ

એક સમયે મરિચ્યાદિક ઋષિ બદરિકાશ્રમમાં શ્રીનારાયણ ભગવાનનાં દર્શન કરવા સારુ આવ્યા. તે વાત સાંભળીને ધર્મદેવ પણ પોતાની સ્ત્રી જે મૂર્તિ, તેણે સહિત શ્રીનરનારાયણનાં દર્શન કરવા આવ્યા. પછી તે ઋષિની સભામાં ઉદ્ધવે સહિત બેઠા એવા જે શ્રીનારાયણ ઋષિ, તેમણે સન્માન કર્યા થકા શ્રીધર્મદેવ તે સભામાં બેઠા. અને મરિચ્યાદિક ઋષિએ શ્રીનરનારાયણ ઋષિ આગળ પ્રથમ કરી હતી જે ભરતખંડના વૃત્તાંતની વાર્તા, તેને શ્રીનારાયણના મુખારવિંદ થકી એકાગ્રચિત્ત થઈને ધર્મદેવ, ઋષિઓ અને ઉદ્ધવ તે સર્વ સાંભળવા લાગ્યા.

તે સમયમાં કૈલાસ પર્વત થકી દુર્વાસા ઋષિ શ્રીનરનારાયણ ઋષિના દર્શને આવ્યા, તેમનું કોઈથી સન્માન થયું નહિ. માટે તે દુર્વાસા ઋષિ તો એ ધર્માદિક સર્વેને શ્રાપ દેવા લાગ્યા જે, “મારા અપમાનના કરનારા તમે સર્વે ભરતખંડમાં મનુષ્યપણાને પામો ! ને ત્યાં અસુર થકી અપમાન તથા કષ્ટને પામો. એવા શાપને સાંભળીને ધર્મદેવ અને ઋષિએ ઘણીક પ્રકારના વિનયજુક્ત વચનથી દુર્વાસા ઋષિને સાંત્વનાને પમાડ્યા.

પછી તે ઋષિ બોલ્યા જે, “હે ધર્મદેવ! તમે સર્વે શ્રીનારાયણ ઋષિની વાર્તાને સાંભળવામાં આસક્ત હતાં, માટે મને દેખ્યો નહિ ને મારું સન્માન ન થયું એની મને ખબર નોતી, તે સારુ મેં તમને શાપ દીધો; પણ તે મારો શાપ નિવારણ નહિ થાય, પણ તે શ્રાપ ભેળો હું તમને અનુગ્રહ કરું છું જે, હે ધર્મદેવ ! તમે ને આ તમારી સ્ત્રી જે મૂર્તિ, તે બ્રાહ્મણના કુળમાં મનુષ્યદેહને ધરશો ને ત્યાં આ શ્રીનારાયણ ઋષિ તમારા પુત્ર થાશે ને તમને અને આ ઋષિઓને મારા શ્રાપથી મુકાવશે. ને અસુરના કષ્ટ થકી તમારા સર્વની રક્ષા કરશે.” એમ કહીને દુર્વાસા ઋષિ તો પાછા કૈલાસ પર્વત પ્રત્યે જતા રહ્યા. તે દુર્વાસાએ શ્રાપ દીધો ત્યારે ધર્માદિ મુનિ સર્વે મનમાં ભય પામ્યા ને ગદ્‌ગદ કંઠે થઈને શ્રીનારાયણની સ્તુતિ કરી.


त्यारे नारायण ते स्तुतिने सांभलीने धर्मादीक सर्वे मुनि
उपर क्रिपा करीने पोताना मुल स्वरूप जे आदी पुरुषोत्तम अक्षर पर
ते रयुं छे तेने संभाख्युं अने प्रेमे करीने स्तुति करी॥ ते स्तुतिने सांभ
लीने श्री प्रसक्ष पुरुषोत्तम अक्षर परते प्रगट थैने ते नारायण तथा
धर्मादिक सर्वे मुनि प्रसें बोलता हवा॥ जे हे धर्मदेव अपराध विनानो
जे आ श्राप तमने थयो तेने तो हुं टालवाने इच्छुं तो हुं समर्थ छुं ते ट
ली जाय॥ पण हमणां भरतखंडने विषे कलियुग नाव लतने थांमां ने

अधर्मनेअसुरतेबहुवृद्धिंनपाम्याछे॥ माटेतेमनानाशनेअर्थे
मारीइछायेकरिनेथयोछेनेहुंतमारोपुत्रथैनेअसुरनोअनेअ
धर्मनोनाशकरिशनेतमारीसर्वेनिरक्षाकरीशनेपृथ्वीनेविषेए
कांतिकधर्मनेप्रवर्तावीशमाटेतमेकांईचिंताराखशोनहि॥नेपृ
थ्वीनेविषेसर्वमनुष्यदेहनेधरो

ત્યારે નારાયણ તે સ્તુતિને સાંભળીને ધર્માદિક સર્વ મુનિ ઉપર કૃપા કરીને પોતાનું મૂળ સ્વરૂપ આદિ પુરુષોત્તમ અક્ષર પર જે રહ્યું છે, તેને સંભાર્યું અને પ્રેમે કરીને સ્તુતિ કરી. તે સ્તુતિને સાંભળીને શ્રીપ્રત્યક્ષ પુરુષોત્તમ અક્ષર પર, તે પ્રગટ થઈને તે નારાયણ તથા ધર્માદિક સર્વ મુનિ પ્રત્યે બોલતા હવા જે, “હે ધર્મદેવ ! અપરાધ વિનાનો જે આ શ્રાપ તમને થયો, તેને જો હું ટાળવાને ઇચ્છું તો હું સમર્થ છું તે ટળી જાય; પણ હમણાં ભરતખંડમાં કળિયુગના બળને પામીને અધર્મ ને અસુર તે બહુ વૃદ્ધિને પામ્યા છે; માટે તેમના નાશને અર્થે મારી ઇચ્છાએ કરીને થયો છે. ને હું તમારો પુત્ર થઈને અસુરનો અને અધર્મનો નાશ કરીશ, ને તમારી સર્વેની રક્ષા કરીશ ને પૃથ્વીને વિષે એકાંતિક ધર્મને પ્રવર્તાવીશ. માટે તમે કાંઈ ચિંતા રાખશો નહીં. ને પૃથ્વીને વિષે સર્વ મનુષ્યદેહને ધરો.”

એવા વચનને સાંભળીને શ્રીનારાયણ ઋષિને નમસ્કાર કરીને ધર્માદિક સર્વ મનુષ્યદેહ ધરવાને અર્થે પૃથ્વીને વિશે ગયા.

✹ ધર્મ-ભક્તિનો જન્મ તથા વિવાહ :

હવે ધર્મદેવ ને મૂર્તિ જેવી રીતે પ્રગટ થયા છે તે કહીએ છીએ જે, કૌશલદેશમાં **રૈકહટ** નામે પુર છે. તેમાં સરવરિયા બ્રાહ્મણ સામવેદી બાલશર્મા નામે હતા. તે થકી ભાગ્યવતી નામે જે તેની પત્ની તેમાં **ધર્મદેવ સંવત્ ૧૭૯૬ સત્તરસો ને છન્નુંના કાર્તિક સુદિ ૧૧ એકાદશીને દિવસ મધ્યાહ્ન પછી પ્રગટ થયા.** અને પિતાએ વિધિએ કરીને તેમના

જાતકર્માદિક સંસ્કાર કર્યા. અને બારમે દિવસે **'દેવશર્મા'** એવું નામ ધરાવ્યું. અને તે કૌશલ દેશમાં છપૈયા નામે પુર છે. તેમાં ત્રવાડી કૃષ્ણશર્મા નામે જે બ્રાહ્મણ, તે થકી ભવાની નામે પત્નીમાં **મૂર્તિ તે સંવત્ ૧૭૯૮ સત્તરસો ને અઠ્ઠાણુંના કાર્તિક સુદી ૧૫ પૂનમને દિવસ સાયંકાળે પ્રગટ થયાં.** તે પછી દિવસે દિવસે મોટા થયાં ને શ્રીકૃષ્ણભગવાનની અતિશે ભક્તિ કરવા લાગ્યાં, માટે **'ભક્તિ'** એવા નામને પામ્યાં.

પછી ભક્તિના પિતા કૃષ્ણશર્માએ પોતાની પુત્રી ભક્તિનો ધર્મના અવતાર જે દેવશર્મા તે સાથે યથાવિધિ વિવાહ કરાવ્યો. ને એ પોતાના જમાઈને પોતાને ઘેર રાખ્યા. પછી દેવશર્મા પોતાની પત્ની ભક્તિએ સહિત ગૃહસ્થાશ્રમના જે ધર્મ તેને આશરીને શ્રીકૃષ્ણભગવાનની ભક્તિ કરવા લાગ્યા. અને પોતે ધર્મમાં અતિ દઢપણે વર્ત્યા તેને જોઈને સર્વે લોક **'ધર્મ'** એવા નામથી બોલાવવા લાગ્યા.

❋ વૃંદાવનમાં જપાત્મક યજ્ઞ :

પછી તે ધર્મભક્તિને અસુર થકી અતિશય કષ્ટ થયું. તેના નિવારણને અર્થે તે ધર્મભક્તિ વૃંદાવનમાં જઈને મરિચ્યાદિક ઋષિએ યુક્ત શ્રીકૃષ્ણભગવાનની આરાધના કરવા લાગ્યાં. તેણે કરીને તે ભગવાન તેમની ઉપર પ્રસન્ન થયા. ને પોતાના અક્ષરધામમાં જેવા પોતે સદા બિરાજમાન છે તેવું પોતાનું દર્શન આપીને ધર્મભક્તિ પ્રત્યે ભગવાન બોલ્યા જે, "હે ધર્મભક્તિ ! તમને કષ્ટના દેનારા અસુરને પૂર્વે મેં કૃષ્ણાવતારમાં માર્યા હતા, તે સારુ મારી ઉપર તેમને વેર છે. માટે તમને મારા જાણીને પીડે છે. તે અસુરના નાશને અર્થે હું નારાયણ ઋષિરૂપે તમ થકી પ્રગટ થઈને 'હરિકૃષ્ણ' નામે વિખ્યાત થાઈશ. ને તમારી ને ઋષિની અસુરનાં કષ્ટ થકી રક્ષા કરીશ. ને તમને દુર્વાસાનો શ્રાપ થયો છે તે ભેળો મને પણ શ્રાપ થયો છે. માટે તે શ્રાપ થકી મુકાવીશ ને અસુરનો ને અધર્મનો ઉચ્છેદ કરીશ ને પૃથ્વીમાં એકાંતિક ધર્મને પ્રવર્તાવીશ." એમ કહીને શ્રીકૃષ્ણભગવાન અંતર્ધ્યાન થઈ ગયા.

અને પછી ભક્તિ-ધર્મ અતિ આનંદને પામીને ત્યાંથી પાછાં પોતાને ગામ છપૈયા આવીને શ્રીકૃષ્ણભગવાનની ભક્તિને કરવા લાગ્યાં. અને એવી રીતે ધર્મના ઉપર ભગવાન પ્રસન્ન થયા. તે માટે સર્વે જન તેમને **'હરિપ્રસાદ'** એવા નામે બોલાવવા લાગ્યા. અને પછી કરુણાનિધિ એવા ને ભગવાન કે'તાં સમર્થ એવા જે શ્રીનરનારાયણ તેમણે જીવના કલ્યાણને અર્થે પૃથ્વીને વિશે મનુષ્યપણાને અંગીકાર કરવાની જ્યારે ઈચ્છા કરી ત્યારે નર ને નારાયણ છે નામ ને રૂપ જેનાં એવા જે ભગવાન, તે પોતાની ઈચ્છાએ કરીને એક મૂર્તિ થઈને શ્રીધર્મના હૃદયકમળમાં વિરાજમાન થયા. પછી કેટલાક માસ ગયા પછી હરિપ્રસાદજી થકી ભક્તિમાં **શ્રીપુરુષોત્તમ એવા જે શ્રીનારાયણમુનિ તે સંવત્ ૧૮૩૭ અઢારસો ને સાડત્રીસના ચૈત્ર સુદી ૯ નવમીની રાત્રી દશ ઘડી ગઈ ત્યારે પ્રગટ થયા.**

તે સમયમાં હરિપ્રસાદજીના ઘરમાં મોટો ઉત્સવ થયો. અને ઈન્દ્રાદિક દેવોએ જયજય શબ્દને કરતાં થકા ને દુંદુભિને વજાડતાં થકા પુષ્પનો વરસાદ કર્યો. અને અપ્સરાઓએ નૃત્ય કર્યું ને ગાંધર્વોએ ગાન કર્યું. અને મુનિઓએ આશિર્વાદ દીધા. અને દેવતા ને સાધુઓનાં મન અતિ પ્રસન્ન થયાં. અને અસુરનાં મન તત્કાળ ત્રાસને પામ્યાં. અને તે ગામમાં રહેનારી સ્ત્રીઓએ મંગળગીત ગાયાં ને બાલરૂપ એવા હરિને આશીષ દીધા. અને તે સમયમાં મંદ, શીતળ ને સુગંધ એવો વાયુ વાવા લાગ્યો. અને તારાગણે સહિત આકાશ અતિશે નિર્મળ થયો. તે વાર પછી હરિપ્રસાદજીએ પોતાના પુત્રનું જાતકર્મ તે બ્રાહ્મણ પાસે યથાવિધિ કરાવીને તે બ્રાહ્મણને ઘણીક પ્રકારનાં દાન આપ્યાં.

પછી જન્મથી છઠ્ઠા દિવસે કોટરા આદિક બાલગ્રહ તે બાલસ્વરૂપ ભગવાનને મારવા સારુ આવ્યા, તેમને ભગવાને પોતાની દૃષ્ટિમાત્રથી બાળીને ભગાવી દીધા. પછી ભગવાન સવા ત્રણ મહિનાના થયા ત્યારે માર્કંડેય ઋષિ બ્રાહ્મણને વેષે હરિપ્રસાદજીને ઘેર આવ્યા. પછી

હરિપ્રસાદજીએ તે ઋષિનું અતિશે સન્માન કર્યું ને તેમને જ્યોતિષ જાણીને કહ્યું જે, "હે ઋષિ ! તમે અમારા પુત્રનું નામકરણ કરો."

પછી ઋષિ રાજી થઈને નામકરણ કરતાં થકા બોલ્યા જે, "હે હરિપ્રસાદજી ! આ તમારા પુત્ર તમારી સર્વે આપદાને હરશે તથા જે જન એના આશ્રિત થાશે તેમની સર્વે આપદાને હરશે. અને કર્ક રાશિમાં એમનો જન્મ છે માટે એમનું **'હરિ'** એવું નામ થાશે. અને વળી આ જે તમારા પુત્ર તેમના દેહનો કૃષ્ણ વર્ણ છે તથા પોતાના આશ્રિત જનના મનને પોતાની મૂર્તિમાં તાણી લેશે તથા ચૈત્ર માસને વિશે જન્મ છે માટે **'કૃષ્ણ'** એવે નામે વિખ્યાત થાશે. અને એ બે નામ નોખાં છે તોપણ એ બે ભેળાં મળીને **'હરિકૃષ્ણ'** એવું ત્રીજું નામ પણ થાશે. અને આ તમારા પુત્ર તે ત્યાગ, જ્ઞાન, તપ ને ધર્મ ને યોગ - એ પાંચ ગુણે કરીને તો શિવજી જેવા થાશે. માટે **'નીલકંઠ'** એવે નામે કરીને લોકમાં વિખ્યાત થાશે.

અને આ જે તમારા પુત્ર તેના હાથમાં પદ્મનું ચિહ્ન છે તથા પગને વિશે વજ્ર ઊર્ધ્વરેખા ને કળશ તેનાં ચિહ્ન છે. તે માટે આ તમારા પુત્ર લક્ષાવધિ મનુષ્યના નિયંતા થાશે. અને આ તમારા પુત્ર કલ્યાણકારી એવા જે અનંત ગુણ તેણે યુક્ત થાશે ને તમારી સમગ્ર કષ્ટ થકી રક્ષા કરશે." એમ કહીને વિરામને પામ્યા એવા માર્કંડેયઋષિને હરિપ્રસાદજીએ ઘણીક દક્ષિણા ને ભારેભારે વસ્ત્ર-આભૂષણ આપ્યાં. પછી તે ઋષિ એક દિવસ ત્યાં રહીને પ્રાગ તીરથની યાત્રા કરવાને ગયા. અને તે વાર પછી હરિપ્રદસાદજી ને ભક્તિમાતા તે પોતાના પુત્રના ગુણ સાંભળીને બહુ પ્રસન્ન થયાં.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'ઘનશ્યામ મહારાજનો જન્મ' એ નામે પહેલો અધ્યાય ॥૧॥

અધ્યાય - ૨

મહારાજે બાલચરિત્ર કર્યાં ને મલ્લનો હાથ ભાંગ્યો

પછી શ્રીહરિ પોતાની બાળલીલાએ કરીને પોતાનાં માતાપિતાને ને સંબંધીજનને બહુ આનંદ ઉપજાવતા થકા બાલચંદ્રની પેઠે વૃદ્ધિ પામવા લાગ્યા. અને પછી હરિપ્રસાદજીએ પોતાના પુત્રને પાંચમે મહિને પ્રથમ પૃથ્વી ઉપર બેસાર્યા. અને સાતમે મહિને કાનને વીંધાવ્યા. તથા તે જ મહિનામાં પ્રથમ અન્ન જમવા શીખવતા હવા. અને ત્રીજું વર્ષ બેઠું ત્યારે ચૌલસંસ્કાર જે ગર્ભના કેશ, તે ઉતરાવ્યા. અને તે જ દિવસે માયાવી એવો જે કાલીદત્ત નામે અસુર, તે ભગવાનને મારવાને અર્થે આવ્યો. તેને ભગવાને પોતાની દૃષ્ટિએ કરીને મોહને પમાડ્યો. તેથી તે વૃક્ષમાં અથડાઈ અથડાઈને મરી ગયો.

તે વાર પછી શ્રીજીમહારાજ પોતે ચાલવા શીખવા લાગ્યા. ને ઘરના ઉંબરા ઉપર ચડે ત્યારે પડી જાય ને ગોઠિલાં ખાય ને પછી ઊઠીને પાછા ઘરમાં આવે. તે પોતાની માતાને કહે જે, “મને ભૂખ લાગી છે, તે જમવા સારુ દહીં, રોટલી ને ભાત લાવો.” ત્યારે માતાજીએ તત્કાળ ઊઠીને જે જે માગ્યું તે તે આપ્યું. તે જમીને પછી કહ્યું જે, “હવે મુને નિદ્રા આવે છે.”

ત્યારે દૂધના ફીણ જેવી શ્વેત ને સુંદર એવી સજ્યા ઉપર શ્રીહરિને માતાજીએ પોઢાડ્યા. ને પછી ધોયેલ શ્વેત ખેસ ઓઢાડ્યો. ને સારી પેઠે પોઢાડીને પછી ઘરનું કામકાજ કરવાને જાય, ત્યારે માતાજીએ પોતાને ઓઢાડ્યું જે વસ્ત્ર તેને લાલ કમળ સરખાં પોતાનાં ચરણારવિંદથી તે વસ્ત્રને પોતાના ઉપરથી ઉતારી નાખે છે. ત્યારે માખિયું ને મચ્છર આવીને બેસે ત્યારે તેને માતાજીએ આવીને જોયું. ત્યારે પોતે ઓઢાડેલું વસ્ત્ર છેટે પડ્યું હોય, ત્યારે તેને જોઈને માતાજીના મનમાં એમ થાય છે જે, ‘મારા પુત્રને માખીઓ ને મચ્છર તે કરડતાં હશે.’ ત્યારે તે વસ્ત્રને

પાછું ઓઢાડીને ઘરનું કામકાજ કરવા જાય છે; તોપણ પોતાના પુત્ર જે મનોહર મૂર્તિ એવા ભગવાન તેને ક્ષણ ક્ષણ પ્રત્યે જોવાને આવે છે ને ઘરનાં કામકાજ કરવાં તે કાંઈ સુજે પણ નહિ, એવી રીતે રમાડતા, જમાડતા, પોઢાડતા થોડાક માસમાં મોટા થયા.

ત્યારે તો ગામમાં ને ગામ બહાર, ગામનાં છોકરાં પોતા જેવડાં ભેળાં થઈને રમે ને નાવા જાય ને ઝાડ ઉપર ચડે; એવી રીતે છોકરાની બહુ પ્રકારની રમત રમવા લાગ્યા. ને નિત્યે દિવસ ઊગે ત્યારે ગામના છોકરા ધર્મદેવને ઘેર આવીને પૂછે જે, "ઘનશ્યામ ક્યાં છે ?" ત્યારે ધર્મદેવ કહે જે, "પોઢ્યા છે, તે બેસો હું જગાડું." પછી ધર્મદેવ એમ કહીને જગાડે જે, "હે ઘનશ્યામ, તમે ઊઠો ! તમારા સખા જે નાનાં છોકરાં તે તમને બોલાવે છે."

પછી ઘનશ્યામજી ઊઠ્યા ને પોતાને ગમતાં વસ્ત્ર પહેરીને તૈયાર થયા. ત્યારે ભક્તિમાતાએ દહીંનો વાટકો ભરીને તેમાં સાકર નાંખીને કહ્યું જે, "હે પુત્ર, આટલું દહીં જમતા જાઓ. ને પછી ટાણે જમવા પણ નહિ આવો ને ભૂખ્યા થાશો." ત્યારે શ્રીજીમહારાજ કહે જે, "મારે ભૂખ તો નથી, પણ તમે કહ્યું ત્યારે લાવો પીઉં." પછી પીને રમવા જાય. તે નિત્ય પ્રત્યે એવી રીતે રમતા હતા.

✵ સ્નાનલીલા જોવા આવેલા દેવોકૃત સ્તુતિ :

વળી એક દિવસે છપૈયાથી ઉત્તરાદી કોરે ચાર ખેતરવા છેટે, ઈચ્છના નામે (ઈસના નામે ગામ છે ત્યાં એક) તળાવ છે. તે તળાવમાં નિર્મળ ને સ્વચ્છ જળ બારે માસ ભર્યું રહે છે. તેમાં બાળપ્રભુએ બહુ પ્રકારે જળક્રીડા કરી. ને પછી આંબલીના વૃક્ષ ઉપર ચડીને વાનરાની જાતિના જે શબ્દ તેને કરવા ને કિલકિલાટિયું કરવી ને હુકાહુક કરવું ને ગોઠિલાં ખાવાં એવી રીતે બહુ પ્રકારની રમત કરવા લાગ્યા. તે રમતને જોવાને અર્થે દેવ વિમાનમાં બેસીને આકાશમાર્ગે આવ્યા ને

અંતરિક્ષમાં રહ્યા થકા તે લીલા જોઈને એકબીજાને કહેવા લાગ્યા જે, “આ છપૈયાની પૃથ્વીને પણ ધન્ય છે ! ને **છપૈયાના રહેવાસી મનુષ્ય ને ગાયું ને પશુપક્ષી ને વૃક્ષવેલીયું તેને પણ ધન્ય છે જે અક્ષરાતીત એવા જે પરબ્રહ્મ પુરુષોત્તમ તે જન્મ ધરીને જ્યાં વિચરે છે ને બાલચરિત્રને કરે છે !** તે ભગવાન ભેળા મનુષ્યદેહ ધરીને રમવા, જમવા ને ખેલ ખેલવા એવા જોગને પામ્યા એવાં જે આ બાળક તેના પૂર્વજન્મનાં શાં સુકૃત હશે ! કે, જે પુન્યે કરીને આવા જોગને પામ્યા છે !” એમ કહીને દેવ જય જય શબ્દને કરવા લાગ્યા ને દુંદુભિ આદિ વાજાંને વજાડ્યાં. ને વારંવાર પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા.

❋ ઘનશ્યામ મહારાજને ખાંપો વાગ્યો તે લીલા

પછી ઘનશ્યામજી આંબલી ઉપર ચડ્યા, ત્યાં ઘણી રમત કરી. પછી ઉતાવળથી ઊતરવા જતાં સાથળમાં આંબલીનો ખાંપો વાગ્યો, તેથી લોહી નીસર્યું. તેને જોઈને તે છોકરામાંથી એક છોકરો ગામમાં આવીને ધર્મને ને ભક્તિને કહેવા માંડ્યો જે, ‘તમારા પુત્ર ઘનશ્યામજીને સાથળમાં આંબલીનો ખાંપો વાગ્યો, તે લોહી નીસર્યું છે.’ તે સાંભળીને ધર્મને ને ભક્તિને મૂર્છા આવી ગઈ ને પૃથ્વી ઉપર પડી ગયાં, ને શરીરની પણ સ્મૃતિ ન રહી.

ત્યારે રામપ્રતાપભાઈ આવ્યા ને ધર્મદેવને ને ભક્તિમાતાને સાંત્વનાને પમાડ્યાં ને કહ્યું જે, “કાંઈ ચિંતા કરશો નહિ, આગળ ઘનશ્યામજીને ઘણાં વિઘ્ન આવ્યાં હતાં તોપણ ઘનશ્યામજીને કોઈ પરાભવ થયો નથી. ને હું જાઉં છું તે હમણાં તેડીને આવું છું.” એમ કહીને રામપ્રતાપભાઈ ગયા ને ત્યાં જઈને બોલાવીને જોયું ત્યારે ખાંપો પણ વાગેલ ને લોહી પણ નીકળેલ. તેને જોઈને રામપ્રતાપભાઈએ કહ્યું જે, “પોતાના શરીરની પણ ખબર નથી રાખતા ?” ત્યારે ઘનશ્યામ મહારાજે કહ્યું જે, “ખબર તો ઘણી રાખીએ છીએ, તોપણ ખાંપો વાગ્યો.

માટે દેહ ક્ષણભંગુર છે તે વાગે પણ ખરું ને હાથ પણ ભાંગી જાય." એમ બોલ્યા. પછી રામપ્રતાપભાઈ ઘેર તેડી લાવ્યા. પછી ઘનશ્યામજીના સાદને સાંભળીને ધર્મ ને ભક્તિ સામાં આવ્યાં ને ઘનશ્યામજીને તેડીને છાતીમાં ભીડ્યા. પછી મસ્તક સુંઘીને મનગમતાં ભોજન જમાડ્યાં ને સુખશાંતિ પામ્યાં.

✵ ગાયો, ભેંસો દોવરાવી તથા રિસાવાની લીલા :

અને મંદિરને સામે ઉગમણું નારાયણસર તળાવ છે. તેમાં પાણી અખંડ રહે છે. તે ઠેકાણે આખા ગામનાં ઢોર રહેતાં ને ધર્મદેવનાં ગાયું ને ભેંસ્યું પણ ત્યાં રહેતાં ને ત્યાંથી સહુ પોતપોતાનાં ગાયું ને ભેંસું દોવરાવીને આવે. ત્યારે એક દિવસ પોતાના માતા ભક્તિએ ઘનશ્યામજીને કહ્યું જે, "હે ઘનશ્યામ! તમે આપણી ગાયું ને ભેંસ્યું છે તે દોવરાવી આવશો ?" ત્યારે ઘનશ્યામજીએ કહ્યું જે, "હું દોવરાવી આવીશ."

પછી નિત્યે દોવરાવી આવે ને પોતાને ભાવે તેટલું દૂધ પીને તે સરોવરમાંથી પાણી નાંખીને આવે. તે કેટલાક માસ એમ ને એમ કર્યું. પછી એક દિવસે કેણેક દેખ્યા. તેણે આવીને ભક્તિમાતાને કહ્યું જે, "તમારા દીકરા ઘનશ્યામજી તો જેટલું ભાવે તેટલું દૂધ પીને પછી ખાડિયામાંથી પાણી નાંખીને લાવે છે, તે મેં આજ નજરે દીઠા." ત્યારે ભક્તિમાતા ઘનશ્યામજીને કહેવા લાગ્યાં જે, "હે ઘનશ્યામજી, તમે દૂધ પીને સરોવરમાંથી પાણી નાંખીને લાવો છો, તે અમને મનુષ્ય આવીને કહે છે."

ત્યારે ઘનશ્યામજીએ કહ્યું જે, "એ સર્વે જૂઠું બોલે છે ને તમને કેનાર જૂઠા છે." એમ કહીને રિસાણા, તે ભૂતિયા કૂવામાં ભૂસકો મારીને તે કૂવાની બખોલમાં સંતાઈને બેસી રહ્યા. પછી ધર્મદેવ ને રામપ્રતાપભાઈ જમવા આવ્યા, ત્યારે ભક્તિમાતાને પૂછ્યું જે, "ઘનશ્યામ ક્યાં ગયા છે?" ત્યારે ભક્તિમાતાએ કહ્યું જે, "ઘનશ્યામ તો ગામમાં રમવા

ગયા છે, તેથી તેડી લાવો." ત્યારે રામપ્રતાપભાઈએ ગામમાં જઈને જે જે રમવાનાં સ્થાનક હતાં તે સર્વે જોયાં પણ ન મળ્યા. પછી ગામના સર્વે છોકરાને પૂછ્યું, "તમે ઘનશ્યામને જોયા છે ?" ત્યારે તે છોકરાંઓ કહેવા લાગ્યા જે, "આજ તો ઘનશ્યામને અમે ક્યાંઈ દેખ્યા નથી." પછી ઘરે આવીને કહ્યું જે, "ઘનશ્યામ તો ક્યાંઈ જડ્યા નહીં."

પછી ઉદાસ થઈને બેઠા. ત્યારે કેણેક આવીને કહ્યું જે, "તમારા ઘનશ્યામ તો ભૂતિયા કૂવાની બખોલમાં બેઠા છે, તેને તેડી લાવો." પછી રામપ્રતાપભાઈ ગયા તે ત્યાં ભૂતિયા કૂવા પાસે ઊભા રહીને બોલ્યા જે, "હે ઘનશ્યામ..! હે ઘનશ્યામ..!" ત્યારે કૂવામાં બોલ્યા જે, "અમે તો આંઈ બેઠા છીએ." ત્યારે રામપ્રતાપભાઈએ કહ્યું જે, "જમ્યા ટાણું વીતી ગયું છે. તમને ગામમાં જોયા ને ગામ બહાર જોયા ને નાનામોટાં સર્વે બાળકને પૂછ્યું, તો તે સર્વેએ કહ્યું જે, 'ઘનશ્યામની તો આજ અમને કાંઈ ખબર નથી.' અને અમે પણ તમને ખોળીને થાકી ગયા ને તમે પણ જમ્યા વિના રહ્યા ને અમે પણ જમ્યા વિના રહ્યા; તે માટે હવે આવો, બહાર નીસરો."

પછી ઘનશ્યામ બહાર આવ્યા. પછી ભાઈનો હાથ ઝાલીને સાથે ચાલ્યા. ત્યારે રામપ્રતાપભાઈએ પૂછ્યું જે, "તમે કેમ કૂવામાં આવીને સંતાઈ રહ્યા ?" ત્યારે ઘનશ્યામે કહ્યું જે, "આજ અમને માતાજી વઢ્યાં ને એમ કહ્યું જે, 'તમે દૂધ પી જાવ છો ને માંઈ પાણી નાખી લાવો છો, એમ કેમ કરો છો ?" એ રીતે મારા ઉપર મિથ્યા અપવાદ નાખ્યો, તે કાંઈ માતાનો વાંક નથી. કેમ જે, માતાજીને કોણેક કહ્યું હશે, તે સાંભળીને મને કહ્યું. માટે હું રિસાઈને આંહીં આવીને સંતાણો'તો." ત્યારે ભાઈએ કહ્યું જે, "હવે હું માતાજીને કહીશ, તે તમને કોઈ દિવસ નહિ વઢે." પછી ઘેર આવ્યા. ધર્મદેવે તત્કાળ ઊઠીને ઘનશ્યામને તેડી લીધા ને છાતીમાં ભીડીને મસ્તક સુંઘીને સુખ-શાંતિને પામ્યા. પછી ભેળા બેસીને જમ્યા.

અને વળી એક દિવસ છપૈયાથી ઉગમણી કોરે બે ખેતરવા છેટે એક આંબો છે. તેની કેરી પાકા દોઢ શેરની છે, ને તેનો રસ દહીંના જેવો ઘાટો ને સુગંધીમાન છે. ને તેનું નામ દહિયો આંબો છે ને મોટો બહુ છે. ત્યાં શ્રીઘનશ્યામ મહારાજ ગામના છોકરાને બોલાવીને નિત્યે રમવા જાય ને તે આંબા ઉપર ચડીને વાંદરાની પેઠે પોતે ઠેકડો મારે ને છોકરા પણ ઠેકડો મારે. તે જમવા પણ ન આવે. પછી ધર્મદેવ ઘેર આવે ત્યારે પૂછે જે, "ઘનશ્યામ ક્યાં ગયા છે ?" ત્યારે કહે જે, "ઘનશ્યામ તો સવારમાં વહેલા ઊઠીને દહીં ને સાકર જમીને છોકરા ભેળા રમવા ગયા છે, તે તેડી લાવો તો જમીએ." પછી રામપ્રતાપભાઈ ગયા તે દહિયા આંબા ઉપર રમતા હતા ત્યાંથી તેડી લાવ્યા ને પછી ભેળા બેસીને જમ્યા.

❋ ચીભડા નિંદવાની લીલા :

વળી એક દિવસે રામપ્રતાપભાઈએ કહ્યું જે, "આપણે ચીભડાં વાવ્યાં છે, તેમાં ખડ બહુ ઊગ્યું છે; તે તમે ચાલો તો નિંદવા જઈએ." ત્યારે ઘનશ્યામે કહ્યું જે, "ચાલો ભાઈ અમે આવશું." પછી બે ભાઈ ભેળા થઈને ગયા. પછી ખડ કાઢવા બેઠા તે રામપ્રતાપભાઈ ખડ કાઢે ને ચીભડાંના વેલા રહેવા દિયે અને ઘનશ્યામ ખડ કાઢે, તે ચીભડાંના વેલાનાં મૂળ કાપીને એમના એમ રહેવા દિયે. પછી બે ઘડી કેડે ભાઈએ જોયું ત્યારે જેટલું ઘનશ્યામે ખડ કાઢ્યું તેટલામાં વેલા સર્વે સુકાવા લાગ્યા. ત્યારે રામપ્રતાપભાઈએ કહ્યું જે, "ઘનશ્યામ, આ શું કરો છો? ને આ વેલા સર્વે સુકાઈ જાય છે." ત્યારે ઘનશ્યામ બોલ્યા જે, "અમને તો એવું આવડે છે." ત્યારે રામપ્રતાપભાઈએ વઢવાનું મનમાં ધાર્યું જે વઢીએ. પછી મહારાજના મુખકમળ સામું જોયું ત્યારે મનોહર મૂર્તિને જોઈને રીસ હતી તે સર્વે સમાઈ ગઈ ને કાંઈ બોલ્યા પણ નહીં. પછી ઘેર આવીને ભેળા બેસીને જમ્યા.

✵ રામપ્રતાપભાઈની સાથે યુદ્ધમાં ગયા :

વળી એક દિવસે લશ્કર ભેળું થઈને ગામ લૂંટવા ચાલ્યું. ત્યારે રામપ્રતાપભાઈએ ઘનશ્યામ મહારાજને કહ્યું જે, "હે ઘનશ્યામજી ! આપણે ચાલો તો લશ્કરમાં જઈએ ને પાંચ દિવસ કેડે પાછા આવીશું." ત્યારે ઘનશ્યામજીએ કહ્યું જે, "ચાલો જઈએ." પછી લશ્કરમાં ગયા ને ગામ લૂંટવા ગયા. ત્યાં બીજા મનુષ્યો તો માલ-મિલ્કત લઈ આવ્યા. ને ઘનશ્યામજી તો દહીંનું એક ઠામ, જેવું પોતાથી ઉપડ્યું તેવું લઈ આવ્યા.પછી તે મુકામમાં જ્યારે સર્વે મનુષ્ય આવ્યા ત્યારે રામપ્રતાપભાઈ પણ આવ્યા.

ત્યારે ઘનશ્યામને પૂછ્યું જે, "તમે શું લઈ આવ્યા છો ?" ત્યારે ઘનશ્યામજીએ કહ્યું જે, "અમે તો દહીં લઈ આવ્યા છીએ." ત્યારે રામપ્રતાપભાઈએ કહ્યું જે, "બીજા મનુષ્ય તો માલ-મિલ્કત બહુ લાવ્યા ને તમે દહીંમાં તે શું લાવ્યા ?" ત્યારે ઘનશ્યામજીએ કહ્યું જે, **"જેને જેવી રુચિ હશે તે તેવું લાવ્યા હશે ! અને અમારે પણ જેવો ભાવ ને રુચિ હતી તેવું અમે લાવ્યા છીએ."** પછી લશ્કરમાં સર્વે મનુષ્યે રસોઈ કરી. ત્યારે રામપ્રતાપભાઈએ પણ શાક, રોટલી ને ભાત-દાળ વગેરે મનગમતી રસોઈ કરી ને જમવા બેઠા. ત્યારે ઘનશ્યામ મહારાજને ભાઈએ પ્રથમ પીરસ્યું ને પછી મહારાજે પોતાને હાથે જેટલું ભાવે તેટલું પોતે દહીં લઈને જમ્યા ને પછી ભાઈને આપ્યું. પછી મહારાજે કહ્યું જે, "જો દહીંને અમે લાવ્યા તો તે હમણાં તરત કામ આવ્યું ને બીજા માણસ લાવ્યા છે તે દૈવ જાણે કે દી કામ આવશે !" ત્યારે ભાઈએ કહ્યું જે, **"તમારી સમજણ અલૌકિક છે ને બીજા મનુષ્યની સમજણ છે તે લૌકિક છે. માટે તમે જે કરો તે સર્વે દિવ્ય છે."**

પછી એમ ને એમ લશ્કર ભેળા દશ-બાર દિવસ સુધી ફર્યા. તેમાં ઘનશ્યામ મહારાજ તો રોજ દૂધ, દહીં, માખણ ને ઘી લઈ આવે

ને જમે ને ભાઈને જમાડે. પછી દશ-બાર દિવસે ઘેર આવ્યા ત્યારે ધર્મદેવ ને ભક્તિમાતા સામાં આવ્યાં. ઘનશ્યામજીને તેડીને છાતીમાં ભીડીને મુખકમળ સામું જોઈને સુખ-શાંતિને પામ્યાં. પછી ચાર પ્રકારનાં ભોજન જમાડીને આનંદ પામ્યાં. પછી ભક્તિમાતાએ પૂછ્યું જે, “હે ઘનશ્યામજી! તમે લશ્કરમાં ગયા હતા, તે અમારા સારુ શું ચીજ લાવ્યા છો ?” ત્યારે ઘનશ્યામ મહારાજે કહ્યું જે, “અમે તો લશ્કરમાં ગયા હતા તે દૂધ, દહીં ને માખણ ને ઘી લઈ આવતા ને મનમાન્યું જમતા; બીજું તો અમે કાંઈ લાવ્યા નથી.” ત્યારે ભક્તિમાતા બોલ્યાં જે, “પોતાનું કામ કરી આવ્યા ને તમારે બીજાનું શું કામ છે !?”

✹ છપૈયામાં મલનો હાથ ભાંગ્યો :

અને એક દિવસે એક મોટો જુવાન પાંત્રીસ વરસનો મલ્લ હતો. તે જાંબુડાના વૃક્ષ ઉપર ચડીને જાંબુડા પાડતો હતો. તે ઘનશ્યામ મહારાજને ખબર પડી ત્યારે ગામના છોકરાને ભેળા કરીને તેડી ગયા. અને તે મલ્લ જેટલાં જાંબુ પૃથ્વી ઉપર નાંખે તેટલાં ઘનશ્યામ મહારાજ અને છોકરા વીણીને જમી જાય. ત્યારે તે મલ્લે કહ્યું જે, “હું જાંબુ પાડું છું, તે તમે જમી જાઓ છો; તે હવે ન જમશો ને જો હવે જમશો તો હું તમને મારીશ.” ત્યારે ઘનશ્યામ મહારાજે કહ્યું જે, “અમે તો જમશું ને તારે જે કરવું હોય તે કરજે.”

ત્યારે તે મલ જાંબુ ઉપરથી ઊતર્યો ને પછી શ્રીજીમહારાજના હાથને ઝાલીને ખેંચ્યો. ત્યારે ઘનશ્યામ મહારાજે એના હાથને ઝાલીને ખેંચ્યો, તે ખભામાંથી ઊતરી ગયો. ત્યારે મલે રામપ્રતાપભાઈ પાસે આવીને કહ્યું જે, “તમારા ભાઈ ઘનશ્યામે મારો હાથ ખભામાંથી ઉતારી નાંખ્યો.” ત્યારે રામપ્રતાપભાઈ કહે જે, “તું તો ખોટું બોલે છે, કેમ જે ઘનશ્યામ તો નાના બાળ છે ને તું પાંત્રીસ વરસનો જુવાન છે. તે તું કહે છે જે, ઘનશ્યામજીએ મારો હાથ ઉતારી નાંખ્યો તે તારી વાત

ખોટી છે, ને તુંને લાજ નથી આવતી ? બીજા માણસ સાંભળશે તો તારી મશ્કરી કરશે. ને તું જાંબુના વૃક્ષ ઉપરથી પડી ગયો હઈશ તેથી તારો હાથ ઊતરી ગયો છે, ને તું જૂઠું બોલે છે, માટે તારે ઘેર હવે જા." પછી તે મલ્લ પોતાને ઘેર ગયો.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજે બાલચરિત્ર કર્યાં ને મલ્લનો હાથ ભાંગ્યો' એ નામે બીજો અધ્યાય ॥૨॥

અધ્યાય - ૩

ધર્મદેવે અયોધ્યામાં નિવાસ કર્યો તથા મહારાજ વન વિચરણ કરીને લોજપુર પધાર્યા

પછી હરિપ્રસાદજી અસુરના ઉપદ્રવને લીધે છપૈયા ગામનો ત્યાગ કરીને પોતાના કુટુંબ સહિત અયોધ્યાપુરીમાં નિવાસ કરીને રહેવા લાગ્યા. અને પછી હરિપ્રસાદજી પોતાના પુત્રને પાંચમા વર્ષમાં પ્રથમ અક્ષર ભણાવવા લાગ્યા. અને આઠમા વર્ષમાં ભારેભારે સામગ્રીઓ ભેળી કરીને પોતાના પુત્રને યજ્ઞોપવીત દીધી. અને શ્રીહરિ પોતાના પિતા થકી યજ્ઞોપવીતને પામીને નૈષ્ઠિક બ્રહ્મચારીના ધર્મમાં રહ્યા થકા તે વેદાધ્યયનને કરવા લાગ્યા. પછી ઘનશ્યામ મહારાજ સવારમાં વહેલા ઊઠીને સરજુમાં નાહીને પોતાનો નિત્યવિધિ જે દેવસેવા તે કરે.

પછી પોતાના માબાપને પગે લાગીને ગામમાં જે જે શ્રીઠાકોરજીનાં મંદિર છે, ત્યાં નિત્યે દર્શન કરવા જતા અને હનુમાનગઢીમાં હનુમાનજીનાં દર્શન કરવા પણ જતા. કેમ જે, 'નિત્યે દર્શન કરવા જાવું' એવો પોતાને નિયમ હતો. તે હનુમાનજીનાં દર્શન કરવા જાતાં માર્ગમાં આંબલિયુંનાં વૃક્ષ ઊભાં છે. તે હેઠે મલ્લનો અખાડો છે. ત્યાં મલ્લ ભેળા થઈને કુસ્તી કરીને પછી ખાખીની પેઠે ત્યાં પડ્યા રહે. તે

જ્યારે ઘનશ્યામ મહારાજ હનુમાનજીને દર્શને જાય ત્યારે આંબલી હેઠે આવે. ત્યારે મલ્લ સામા ઊભા રહે ને ખભો ઠોકીને કતરાતાં કતરાતાં ચાલ્યા આવે. ત્યારે તે મલ્લે કહ્યું જે, "હે ઘનશ્યામજી, તમે આ માર્ગે ચાલશો નહીં."

પછી ઘનશ્યામ મહારાજ હનુમાનજીનાં દર્શન કરીને ત્યાં નિત્ય ઊભા રહે. ત્યારે ત્યાં હરદેશર નામે વેરાગીમાં મોટેરો વૈરાગી હતો. તેને ઘનશ્યામ મહારાજની મનોહર મૂર્તિને જોઈને મહારાજમાં હેત થયું. તે વૈરાગીને મહારાજે કહ્યું જે, "હે મહારાજ ! અમે હનુમાનજીને દર્શને આવીએ છીએ, ત્યારે માર્ગમાં આંબલિયું ઊભી છે ત્યાં મલ્લ બેઠા છે, તે અમને ના કહે છે જે, 'તમે આ માર્ગે ચાલશો નહીં.' ને અમારે તો હનુમાનજીનાં દર્શન કરીને જમવું આવું નિત્ય નિયમ છે."

ત્યારે વૈરાગીએ કહ્યું જે, "ચાલો, હું આવું ને મલ્લને કહું, તે તમને રોકે નહીં." પછી તે મોટેરો વૈરાગી બીજા છ-સાત વૈરાગી લઈને ત્યાં આવ્યો ને તે મલ્લને કહ્યું જે, "આ ઘનશ્યામજીને હનુમાનજીને દર્શને આવતાં તમે કેમ રોકો છો ? આ માર્ગે તો દેશી-પરદેશી લાખો માણસ આવે-જાય, તેને રોકવા નહીં. હવે આ ઘનશ્યામજીને તમે રોકશો નહીં." ત્યારે મલ્લે કહ્યું જે, "ઘનશ્યામજી આંહીં આવીને અમારા સામા ઊભા રહીને છાતી કાઢીને ખભો ઠોકીને કતરાઈને ચાલ્યા જાય છે. તે સારુ ના કહીએ છીએ. જેમ બીજા માણસ જાય છે, તેમ ચાલ્યા જાય તો અમે શીદ ના કહીએ ?"

ત્યારે ઘનશ્યામ મહારાજે કહ્યું જે, "અમે ઊભા રહીને ખભો પણ ઠોકશું." ત્યારે મલ્લે કહ્યું જે, "જો ખભો ઠોકશો તો તમને અમે મારશું, ને ત્યારે તમે રોશો તે આ મનુષ્ય સર્વે સાંભળશે." ત્યારે મહારાજે કહ્યું જે, "અમે તો કાંઈ રોઈએ તેવા નથી ને તમો રોશો. જો લડવું હોય તો આવો લડીએ, પણ આ મનુષ્ય સર્વે ઊભા છે, તે સર્વે સાયદીઓ

છે. તમારામાં જે મલ્લ બળિયો ને મોટો હોય તે અમારી સાથે લડે ને જો એ મલ્લ અમને મારે તો આ જે સર્વે મનુષ્ય સાયદીઓ છે તે એ મલ્લને કાંઈ ન કહે. અને જો એ મલ્લને અમે મારીએ તો અમને પણ કાંઈ ન કહે." પછી મલ્લે કહ્યું જે, "એ ઘનશ્યામજી બોલ્યો તે અમારે મંજૂર છે, ને આ સર્વે મનુષ્ય સાંભળે છે." ત્યારે જે મનુષ્ય સાયદિયા હતા તેમણે કહ્યું જે, "એ ઠીક વાત કહે છે, હવે ભલે લડો."

પછી જે સૌમાં બળિયો મલ્લ હતો તે ઘનશ્યામ મહારાજ સાથે લડવા આવ્યો. ત્યારે તે મલ્લને મહારાજે એક કલાક વાર સુધી રમાડ્યો. પછી જેમ કેસરીસિંહ મોટા હસ્તીને મારી નાખે તેમ મલ્લને મરણતુલ્ય કરી નાંખ્યો. પછી જે મલ્લ બેઠા હતા તે મારવા ઊઠ્યા ને કહ્યું જે, "અમે ઘનશ્યામજીને મારશું." ત્યારે જે મનુષ્ય સાયદી રાખ્યા હતા તેમણે કહ્યું જે, "છેટે ઊભા રહો. કેમ જે, અમને આટલા માણસોને સાયદી રાખ્યા છે; તે ઘનશ્યામજીને કોણ મારનાર છે ? માટે બોલશો તો જૂઠા પડશો."

પછી ઘનશ્યામજીએ કહ્યું જે, "એ મલ્લોને લડવું હોય તો અમે ઊભા છીએ, પણ એક એક આવીને ભલે લડે." ત્યારે જે મનુષ્ય સાયદિયા હતા તે મનુષ્યે મલ્લોને કહ્યું જે, "તમારો મલ્લ ભારે બળિયો હતો, તેને તો ઘનશ્યામજીએ લીલામાત્રે કરીને મરણતુલ્ય કરી નાંખ્યો ને વળી તમે લડવા જાવ છો, તે મરનારા થયા છો. કેમ જે, જેમ એ મલ્લને મરણતુલ્ય કરી નાંખ્યો તેમ તમને પણ મરણતુલ્ય કરી નાંખશે. માટે જો જીવવાને ઇચ્છો તો એ મલ્લને લઈ તેને ઘેર ભાગી જાઓ.

પછી તે મલ્લ ઘેર ભાગી ગયા. પછી જે મનુષ્ય સાયદી રાખ્યા હતા તથા બીજા મનુષ્ય જોવા ઊભા હતા, તે સર્વે પરસ્પર કહેવા લાગ્યા જે, 'મલ્લની લડાયું તો ઘણી વાર જોઈ, પણ આ લડાઈ તો આશ્ચર્યકારી છે. જુવોને, એક આઠ વર્ષનો બાળક ને બીજો પાંત્રીસ

વર્ષનો જુવાન વજ્ર જેવો આદમી, તેને જેમ સિંહ બકરાને મારી નાંખે તેમ મારી નાખ્યો. તે માટે એ ઘનશ્યામજી બીજા મનુષ્ય છે તેવા મનુષ્ય નથી, એ તો ચમત્કારી મૂર્તિ છે. જેમ કૃષ્ણાવતારમાં અગિયાર વર્ષના શ્રીકૃષ્ણભગવાન હતા ત્યારે તેમણે મલ્લ, હસ્તી, કંસાદિકને મારી નાખ્યા હતા, તેમ આ ચરિત્રને જોતા તો આ ઘનશ્યામજી પણ ભગવાન છે.' એમ સર્વે મનુષ્યે પરસ્પર કહીને ઘનશ્યામજીમાં ભગવાનપણાનો નિશ્ચય કર્યો.

પછી ઘનશ્યામ મહારાજ ઘેર પધાર્યા ત્યારે ધર્મદેવે પૂછ્યું જે, "કેમ મોડા આવ્યા ?" ત્યારે મહારાજે જેમ પોતાને મલ્લ સાથે લડાઈ થઈ તે સર્વે વિસ્તારીને કહ્યું. ત્યારે ધર્મદેવ બોલ્યા જે, "હે પુત્ર, તમે નાના છો ને મોટા મલ્લ સાથે લડાઈ કરો છો, તે સારું નથી કરતા. કેમ જે, તમને કોઈ મારે તો અમને બહુ દુઃખ થઈ આવે; માટે એવું ન કરવું." ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, **"નાનામોટાનો કાંઈ મેળ નથી, જેમ ભગવાને ધાર્યું હોય તેમ થાય છે."** એમ કહીને પછી પોતાના પિતાના ભેળા બેસીને જમ્યા.

❋ શાસ્ત્ર અધ્યયન કરી સર્વેનું રહસ્ય કાઢ્યું :

પછી પિતા પાસે વેદશાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ, ધર્મશાસ્ત્ર એ સર્વે ગ્રંથનું પોતે અધ્યયન કરીને શ્રવણ કરીને તે સર્વેનું જે રહસ્ય તેને યથાર્થ જાણ્યું. તેમાં શ્રીમદ્ ભાગવત પુરાણ થકી તો પંચમ સ્કંધ ને દશમ સ્કંધ એ સાર કાઢ્યો તથા સ્કંદપુરાણ થકી વાસુદેવ માહાત્મ્ય એ સાર કાઢ્યો તથા ઈતિહાસ જે મહાભારત તે થકી તો ભગવદગીતા, વિદૂરનીતિ ને વિષ્ણુસહસ્ર નામ એ સાર કાઢ્યો તથા સર્વ ધર્મશાસ્ત્ર થકી યાજ્ઞવલ્કય સ્મૃતિ એ સાર કાઢ્યો. એવી રીતે એ ચાર સાર કાઢીને તેનો ગોટકો લખાવીને પોતાની પાસે નિત્યે રાખતા હતા.

✵ માતાપિતાને દિવ્યગતિ આપી :

પછી શ્રીહરિ જન્મ થકી અગ્યાર વર્ષના થયા ત્યારે પોતાની માતા જે ભક્તિ તેને શરીરમાં કસર જણાણી. સારું ન થતાં શ્રીહરિએ માતાને ધર્મ-જ્ઞાન-વૈરાગ્યે સહિત ભક્તિનો ઉપદેશ કરીને દિવ્યગતિ આપી અને દુર્વાસાના શ્રાપ થકી મુકાવ્યા. અને તે પછી કેટલાક માસ ગયા કેડે ધર્મદેવને પણ તાવની કસર થઈ. ઘણા ઉપચાર કર્યા છતાં સારું ન થયું. છેવટે શ્રીહરિએ પોતાના પિતા જે હરિપ્રસાદજી તેમને પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન આપીને દિવ્યગતિને પમાડ્યા ને દુર્વાસાના શ્રાપ થકી મુકાવ્યા. એવી રીતે ભક્તિધર્મ દિવ્યગતિને પામીને પછી દિવ્ય દેહે કરીને નિરંતર શ્રીહરિની પાસે સેવામાં રહ્યાં.

✵ ગૃહત્યાગ કરી વનમાં પ્રવેશ કર્યો :

તે વાર પછી શ્રીહરિ પોતાનાં જે સબંધી તેને પૂછ્યા વિના જ સ્નાનને મીષે કરીને તીવ્ર વૈરાગ થકી પોતાના ઘરનો ત્યાગ કરીને પોતે એકલા જ ઉત્તર દિશમાં તપ કરવા સારુ ચાલી નીસર્યા. તે પોતે કેવા છે તો બહિરવાસે સહિત કૌપીનને ધારી રહ્યા છે ને મૃગચર્મ ધાર્યું છે ને પલાસનો દંડ ધાર્યો છે ને શ્વેત એવું જે યજ્ઞોપવીત તેને ધાર્યું છે ને કંઠમાં તુલસીની બે માળા ધારી રહ્યા છે ને ચાંદલે સહિત ઊર્ધ્વપુંડ્ર તિલકનું ચિહ્ન તે ધાર્યું છે. ને મસ્તક ઉપર જટાને ધારી રહ્યા છે ને કેડમાં મુંજની મેખલા ધારી છે ને હાથમાં જપમાળા, કમંડળ ને ભિક્ષાપાત્ર ને જળગરણું એટલાં વાનાંને ધારી રહ્યા છે. ને શાલિગ્રામ ને બાલમુકુંદનો જે બટવો તેને ગળામાં ધારી રહ્યા છે. ને ચાર સારનો જે ગુટકો તેને ખભામાં ધારી રહ્યા છે, એવા વેશને ધરતા થકા શ્રીનીલકંઠ બ્રહ્મચારી સરજુ નદી ઊતરીને ઉત્તર દિશામાં ચાલ્યા. તે ચાલતે ચાલતે કેટલાક દિવસે હિમાલય પર્વતની તળાટીમાં એક મહામોટું વન આવ્યું તેને પામ્યા.

✹ હિમાલયમાં તપ તથા ગોપાળયોગીનું મિલન :

પછી ત્યાંથી ચાલ્યા તે કેટલાક દિવસે હિમાલય પર્વતને પામ્યા. ને તે પર્વતમાં ચાલતાં કેટલાક દિવસે મુક્તનાથ પ્રત્યે આવીને ઉગ્ર તપ કર્યું. તે તપે કરીને સૂર્યનારાયણને પ્રસન્ન કર્યા. અને ત્યાં કેટલાક માસ રહીને પછી ત્યાંથી દક્ષિણ દેશમાં ચાલ્યા, તે હિમાલય પર્વતની તળાટીમાં એક મહાઘોર વન આવ્યું; તેમાં બાર માસ સુધી વિચર્યા. પછી શ્રીનીલકંઠ બ્રહ્મચારી વનમાં વડના વૃક્ષ તળે બેઠા. ને તપને કરતા એવા ગોપાળજોગીને દેખ્યા. તે જોગી પાસે રહીને અષ્ટાંગયોગને શીખતા થકા ત્યાં એક વર્ષ સુધી રહ્યા. તે જોગીને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપીને સિદ્ધગતિને પમાડ્યા. અને પછી ત્યાંથી ઉત્તર મુખે ચાલ્યા એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે **આદિવારાહ** નામે તીર્થને પામ્યા.

✹ સિરપુરમાં ગોપાળદાસ તથા તૈલંગી બ્રાહ્મણની રક્ષા :

અને ત્યાંથી ચાલ્યા તે બંગાળ દેશમાં **સિરપુર** નામે જે શહેર તેને પામ્યા. અને તે શહેરનો **રાજા સિદ્ધવલ્લભ** નામે મહા ધાર્મિક હતો. તેણે પ્રાર્થનાને કર્યા એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે ચોમાસાના ચાર મહિના સુધી ત્યાં રહ્યા. અને તે શહેરમાં કાળી ને ભૈરવના ઉપાસક ને સિદ્ધપણાનું છે અભિમાન જેમને એવા જે અસુર તેમના મદને હરી લીધો. ને પોતાનો સેવક જે ગોપાળદાસ નામે સાધુ તેની અસુરના અભિચાર થકી પોતાના સામર્થ્યે કરીને રક્ષા કરી. અને વળી તે શહેરમાં વેદશાસ્ત્ર પુરાણનો ભણેલો એવો તૈલંગ દેશનો કોઈક બ્રાહ્મણ હતો. તેણે તે રાજા થકી હસ્તી આદિકનું મહાદાન લીધું. તેણે કરીને તે બ્રાહ્મણ ગૌર વર્ણનો હતો પણ શ્યામ વર્ણનો થઈ ગયો. પછી તે બ્રાહ્મણ પોતાના પાપની શાંતિને અર્થે શ્રીનીલકંઠ બ્રહ્મચારીને શરણે આવ્યો. તેને પોતાના સામર્થ્યે કરીને તે પાપ થકી મુકાવ્યો. ત્યારે તે કાળો મટીને પ્રથમના જેવો ગૌરવર્ણ થઈ ગયો.

❋ પિબેકનો પરાજય :

પછી ત્યાંથી ચાલ્યા એવા જે શ્રીહરિ તે **કામાક્ષી**દેવીને સમીપે કોઈ ગામ હતું તેને પામ્યા. તે ગામમાં મહાકાળીનો ઉપાસક એક પિબેક નામે બ્રાહ્મણ હતો. તે પોતાના ગામમાં જે કોઈ સાધુ તથા બ્રાહ્મણ તીર્થવાસી આવે તેને અભિચાર કરીને પોતાના શિષ્ય કરે, એવો અભિમાની હતો. તે બ્રાહ્મણે આવીને શ્રીહરિ ઉપર પોતાનું જંત્ર-મંત્ર અભિચાર સબંધી ઘણુંક પરાક્રમ કર્યું, પણ તેણે કરીને શ્રીહરિ કાંઈ પણ પરાભવને પામ્યા નહિ, ને પોતાના સામર્થ્યે કરીને તે બ્રાહ્મણનો સમગ્ર મદ ઉતારીને પોતાનો આશ્રિત કર્યો.

❋ નવલાખ સિદ્ધોને દર્શન, જગન્નાથપુરીમાં પૃથ્વીનો ભાર ઉતાર્યો :

પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે નવલખા પર્વતને પામ્યા. નવલખા પર્વતમાં નવલાખ સિદ્ધનાં સ્થાનક છે. ને નવલાખ ઠેકાણે અગ્નિના કુંડ છે ને પાણીના કુંડ છે. તે સર્વે સજીવન છે. ને તે પર્વતમાં રહ્યા જે સિદ્ધ તેમને પોતાનું દર્શન આપીને તે પર્વતથી ઊતર્યા ને બાળવાકુંડ નામે તીર્થ તેને પામ્યા. અને ત્યાંથી શ્રીહરિ ચાલ્યા તે ગંગાસાગરના સંગમને પામ્યા ને ત્યાં સ્નાન કરીને પછી તે સમુદ્રની ખાડીને વહાણમાં બેસીને ઊતર્યા ને **કપિલાશ્રમ**ને પામ્યા. ત્યાં નિત્યે કપિલજીનાં દર્શન કરતા થકા એક માસ સુધી રહ્યા. અને પછી ત્યાંથી ચાલ્યા તે **જગન્નાથપુરી** પ્રત્યે ગયા. ત્યાં કેટલાક માસ રહીને પૃથ્વીના ભારરૂપ એવા જે ઘણાક અસુર તેમને પરસ્પર વેર કરાવીને યુદ્ધે કરીને નાશ પમાડ્યા.

પછી શ્રીનીલકંઠ બ્રહ્મચારી ત્યાંથી દક્ષિણ દિશા પ્રત્યે ચાલ્યા, તે **આદિકૂર્મ** નામે જે તીર્થક્ષેત્ર તેને પામ્યા. પછી ત્યાંથી મહાવનમાં ચાલ્યા તે **માનસપુર**ને પામ્યા. તે પુરનો **સત્રધર્મા** નામે રાજા હતો, તે પોતાનો આશ્રિત થયો. અને શ્રીહરિએ તે રાજા દ્વારા અસુરનો પરાભવ કરાવ્યો. અને ત્યાંથી ચાલ્યા એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે વેંકટાદ્રિને પામ્યા.

ત્યાંથી **શિવકાંચી ને વિષ્ણુકાંચી**ને પામ્યા. ત્યાંથી **શ્રીરંગક્ષેત્ર**માં જઈને બે માસ સુધી રહ્યા. ત્યાં વૈષ્ણવ સંગાથે સંવાદ કર્યો ને તેમનામાં રહ્યો એવો જે દુરાચાર તેનો પોતાને પ્રતાપે કરીને ત્યાગ કરાવ્યો. પછી ત્યાંથી ચાલ્યા એવા જે શ્રીહરિ તે **સેતુબંધ રામેશ્વર**ને પામ્યા. ત્યાં સમુદ્રમાં સ્નાન કરીને નિત્યે રામેશ્વર મહાદેવનાં દર્શન કરતા થકા બે માસ સુધી ત્યાં રહ્યા.

❋ શિવ-પાર્વતીએ આપેલ સાથવો જમ્યા :

અને પછી ત્યાંથી ચાલ્યા એવા જે શ્રીહરિ તે **સુંદરરાજ** નામે જે વિષ્ણુ તેનાં દર્શન કરીને ત્યાંથી ચાલ્યા, તે માર્ગમાં એક ઘોર વન આવ્યું. તેમાં પાંચ દિવસ સુધી ચાલ્યા, પણ ક્યાંઈ અન્ન-જળને ન પામ્યા. પછી છઠ્ઠે દિવસે મધ્યાહ્ન સમે વનમાં એક કૂપ આવ્યો. તેમાંથી કમંડળુએ કરીને જળ કાઢીને સ્નાન કર્યું. પછી વડના વૃક્ષ તળે બેસીને પોતાનો નિત્યવિધિ કરતા થકા શાલિગ્રામની સેવા કરવા લાગ્યા. ત્યારે તે શાલિગ્રામને પાત્રમાં મૂકીને કમંડળુની ધારે કરીને સ્નાન કરાવવા માંડ્યું, તે જેટલું પાણી રેડ્યું તેટલું શાલિગ્રામ પી ગયા. તે એમ કરતાં પાંચ-સાત કમંડળુ રેડ્યાં તેને પી ગયા. પછી જળ પીને તૃપ્ત થયા જાણીને શાલિગ્રામની ચંદનાદિકે કરીને પૂજા કરી. અને એમ વિચાર કરવા લાગ્યા જે, 'શાલિગ્રામને આટલી તરસ લાગી ત્યારે ભૂખ પણ હશે ખરી, પણ આપણી પાસે કાંઈ નૈવેદ્ય ધરવાનું નથી; માટે વિષ્ણુને શું જમાડીએ !' એમ વિચાર કરે છે તેટલામાં શિવજી ને પાર્વતી પોઠિયા ઉપર બેસીને કાપડીને વેષે ત્યાં પ્રથમથી જ આવીને ઊભાં હતાં. અને શ્રીનીલકંઠ બ્રહ્મચારીને એવી રીતે શાલિગ્રામની પૂજા કરતા જોઈને તેમને સાથવો ને મીઠું આપ્યાં. પછી શ્રીહરિ સાથવાને જળમાં ચોળીને વિષ્ણુને નૈવેદ્ય ધરીને જમ્યા.

પછી ત્યાંથી ચાલ્યા એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે **ભૂતપુરી**ને પામ્યા. ત્યાં રહી જે શ્રીરામાનુજાચાર્યની પ્રતિમા તેનું દર્શન તથા પૂજન

કરીને ત્યાંથી **કુમારિકા ક્ષેત્ર** પ્રત્યે આવ્યા. ત્યાંથી **પદ્મનાભ** ગયા ને ત્યાંથી **જનાર્દન** ગયા. ત્યાંથી **આદિકેશવ** નામે જે વિષ્ણુ તેનાં દર્શન કરીને ત્યાંથી મલયાચલ નામે જે **કુલગિરિ** તેને પામ્યા. અને ત્યાંથી **સાક્ષી ગોપાલ** નામે જે વિષ્ણુ તેનાં દર્શન કરતા થકા પાંચ દિવસ ત્યાં રહ્યા. અને ત્યાંથી ચાલ્યા એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે **પંઢરપુર** ગયા ને ત્યાં વિઠ્ઠલનાથ નામે જે વિષ્ણુ તેનાં દર્શન કર્યાં ને બે માસ સુધી રહ્યા.

પછી તે વિઠ્ઠલનાથજીને ભેટીને ત્યાંથી ચાલ્યા, તે **દંડકારણ્યને** પામ્યા. તે દંડકારણ્યની પ્રદક્ષિણા કરીને **નાસિકપુર** પ્રત્યે આવ્યા. ત્યાં ત્ર્યંબકેશ્વર મહાદેવનાં દર્શન કરીને **તાપી નદી** પ્રત્યે આવ્યા. ત્યાંથી ચાલ્યા એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે **નર્મદા નદી**ને ઊતરીને તથા **સાબરમતી**ને ઊતરીને ભાલ દેશને ઉલંઘીને **ભીમનાથ** આવ્યા. અને નીલકંઠ બ્રહ્મચારી તે **ગોપનાથ** નામે શિવજીનાં દર્શન કરીને પંચતીર્થ કરતાં થકા **માંગરોળ** બંદરમાં આવ્યા.

એવી રીતે તીર્થયાત્રાને કરતા એવા શ્રીહરિકૃષ્ણ ભગવાન તેમણે જે જે તીર્થમાં પોતે ગયા તે તે તીર્થમાં રહેલા અધર્મનો ઉચ્છેદ કર્યો ને એકાંતિક ધર્મનું સ્થાપન કર્યું. અને તે તીર્થમાં રહેનારા જે મનુષ્ય તેમને પોતાનું દર્શન આપીને તથા તેમનું અન્ન-જળાદિક જમીને તેમને સંસારનાં બંધન થકી છોડાવ્યા. અને પછી ત્યાંથી ચાલ્યા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે **સંવત્ ૧૮૫૬ અઢારસો ને છપ્પનના શ્રાવણ વદી ૬ છઠને** દિવસે **લોજપુર**માં આવ્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'ધર્મદેવે અયોધ્યામાં નિવાસ કર્યો તથા મહારાજ વનવિચરણ કરીને લોજપુર પધાર્યા' એ નામે ત્રીજો અધ્યાય ॥૩॥

અધ્યાય - ૪

શ્રીરામાનંદસ્વામીનું મિલન, લોજલીલા તથા ભુજગમન

લોજપુરમાં ઉદ્ધવના અવતાર એવા જે શ્રીરામાનંદસ્વામી તેમના શિષ્ય એવા જે મુક્તાનંદસ્વામી આદિક સાધુ તેમને દેખ્યા. ને તેમને સાધુગુણ લક્ષણે જુક્ત એવા શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત જાણીને તે ભેળા પોતે રહ્યા. અને કેટલાક માસ ત્યાં રહીને પછી ત્યાંથી તે સાધુ ભેળા ચાલ્યા, તે ગિરનાર પર્વતની છાયામાં જે પીપલાણું ગામ તેમાં રહ્યા જે નરસૈ મહેતા નામે બ્રાહ્મણ, તેના ઘરમાં વિરાજમાન એવા જે **શ્રીરામાનંદસ્વામી તેમનાં દર્શન સંવત્ ૧૮૫૬ અઢારસો ને છપ્પનના જ્યેષ્ઠ વદિ દ્વાદશીને દિવસે કર્યાં.**

તે રામાનંદસ્વામી કેવા છે ? તો ગૌર ને પુષ્ટ છે મૂર્તિ જેની એવા છે. ને શ્વેત વસ્ત્રને પહેર્યાં છે ને નૈષ્ઠિક બ્રહ્મચારીના વેશને ધરી રહ્યા છે. એવા સ્વામીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. પછી તે સ્વામી શ્રીહરિને સામા ઊઠીને હાથ ઝાલીને મળ્યા. પછી તે સ્વામીની પાસે શ્રીહરિ બેઠા. સ્વામી શ્રીનીલકંઠ બ્રહ્મચારીને જોઈને બહુ આનંદ પામ્યા. પછી તેમનું જે સર્વે વૃત્તાંત તેને પૂછ્યું. તે શ્રીનીલકંઠ બ્રહ્મચારીએ પોતાનું જન્મસ્થાન, કુળ, માતાપિતા, ગોત્ર, વેદ, પ્રવર, ગુરુ, ઈષ્ટદેવ એ સર્વેને જેમ છે તેમ કહ્યું. તથા પોતાનો જે વૈરાગ તથા પોતે જેમ સ્વજનનો ત્યાગ કર્યો તથા પોતે જેમ વનમાં નિવાસ કર્યો તથા પોતે જેમ તપશ્ચર્યા કરી તથા પોતે જેમ અષ્ટાંગયોગ સાધ્યો તથા પોતે જેમ તીર્થયાત્રા કરી તથા તે તીર્થમાં રહેનારા જે પાખંડી ગુરુ તેનો પોતે જેમ પરાજય કર્યો - એ આદિક સર્વે પોતાનું વૃતાંત અનુક્રમે કરીને વિસ્તારે સહિત કહ્યું.

ત્યારે તે વાર્તાને સાંભળીને સ્વામી અતિશે પ્રસન્ન થયા. ને શ્રીનીલકંઠ બ્રહ્મચારી પ્રત્યે બોલ્યા જે, "હે બ્રહ્મચારી ! તમે તો

અમારા છો. કેમ જે, તમારા પિતા જે ધર્મ તે પ્રથમ પ્રયાગક્ષેત્રમાં અમ થકી ભાગવતી દીક્ષાને પામ્યા હતા. અને અમારી આજ્ઞાએ કરીને મુમુક્ષુજનને ધર્મ સહિત શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિનો ઉપદેશ કરતા થકા કોશલ દેશમાં રહ્યા હતા. તે ધર્મના તમે પુત્ર છો ને ગુણે કરીને તો તમારા પિતા થકી પણ અધિક છો." એવી રીતનાં સ્વામીનાં વચન સાંભળીને શ્રીનીલકંઠ બ્રહ્મચારી અતિશે પ્રસન્ન થયા થકા સ્વામીની પાસે રહેવા લાગ્યા.

❋ દિક્ષા લીધી તથા ગાદી સ્વીકારી :

પછી સંવત્ ૧૮૫૭ અઢારસો સત્તાવનના કાર્તિક સુદિ એકાદશીને દિવસે શ્રીહરિએ રામાનંદસ્વામી થકી ભાગવતી દીક્ષા ગ્રહણ કરી. ત્યારે સ્વામીએ **'શ્રીસહજાનંદ'** એવું પોતાનું નામ ધારણ કર્યું. તથા બીજું **'નારાયણમુનિ'** એવું નામ ધર્યું. પછી શ્રીહરિ અતિશે પ્રીતિએ કરીને સ્વામીને સેવવા લાગ્યા. પછી સ્વામી સંતોએ સહિત જેતપુર ગામે પધાર્યા. ત્યાં સ્વામીએ નારાયણમુનિને સર્વે સાધુગુણે સંપન્ન ને અતિ સમર્થ જોઈને તેમને પોતાની ધર્મધુર સોંપી. અને સ્વામી ત્યાંથી ફણેણી ગામ આવ્યા. સંવત્ ૧૮૫૮ અઢારસો ને અઠ્ઠાવનના માગશર સુદિ ૧૩ તેરશને દિવસે પોતે દેહત્યાગ કરીને પાછા બદરિકાશ્રમમાં પધાર્યા, ને દુર્વાસાના શ્રાપ થકી મુક્તિ પામ્યા.

પછી શ્રીસહજાનંદસ્વામીએ પોતાના ગુરુની દેહક્રિયા યથાવિધિ કરીને ધર્મધુરાને ઉપાડી લીધી. અને શ્રીરામાનંદસ્વામીના આશ્રિત જે સાધુ, બ્રહ્મચારી ને ગૃહસ્થ હતા તેમની સત્શાસ્ત્રના ઉપદેશે કરીને સંભાવના કરવા લાગ્યા. અને તેમને પોતાનો અલૌકિક પ્રતાપ દેખાડીને પોતામાં તેમના ચિત્તને તાણી લીધાં. તે વાર પછી સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ પોતાના શિષ્ય જે ત્યાગી સાધુ તથા બ્રહ્મચારી તથા કેટલાક ગ્રહસ્થ સત્સંગી, તેમણે વીંટાણા થકા સોરઠ, હાલાર, કચ્છ દેશમાં કરુણા કરીને સત્સંગીને દર્શન દેવા પધાર્યા.

સંવત્ ૧૮૬૦ અઢારસો ને સાઠની સાલમાં મહા સુદિ ૭ સાતમને દિવસ શ્રીજીમહારાજ **ભુજનગર** મધ્યે સાંજને સમે દિવસ પાછલો પોર એક બાકી હતો તે સમે સુતાર સુંદરજીભાઈના ડેલામાં પધાર્યા. તે ડેલામાં દોઢ હાથ ઊંચી પથ્થરની પાળી હતી, તે ઉપર ઘોડો પલાણીને બેઠા. મસ્તક ઉપર ભૂરા કેશની બાબરી હતી ને નેત્ર લાલ કમળની પાંખડી સરખાં હતાં ને શરીર તપે કરીને કૃશ હતું ને મસ્તક ઉપર અંચળો(ખેસ) બાંધ્યો હતો. અને ભગવી ચાદર ઓઢી હતી અને હરિભક્ત ડોસાભાઈ આદિ થોડાક પાસે બેઠા હતા.

✹ સુંદરજી સુતારને ભગવાનનો નિશ્ચય થયો.

પછી સુંદરજીભાઈ તે વખતે દર્શને આવ્યા ને મહારાજનાં દર્શન કર્યાં, પણ શ્રીજીમહારાજને ઓળખ્યા નહીં. તે પછી શ્રીજીમહારાજને સુંદરજીભાઈએ પૂછ્યું જે, "મહારાજ ક્યારે આવશે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "હમણાં આવશે." એમ બે-ત્રણ વાર પૂછ્યું, તોપણ કોઈએ ન કહ્યું જે, આ મહારાજ પંડે બેઠા છે, તે દર્શન કરી લ્યો. ત્યારે ઠક્કર ભગવાનજીએ સુંદરજીભાઈની સમીપે આવીને કહ્યું જે, "આ બેઠા તે જ મહારાજ પોતે છે."

ત્યારે સુંદરજીભાઈએ ઘણીક પ્રાર્થના કરી, ને પછી દંડવત્ કર્યા ને બાથમાં ઘાલીને મળ્યા. પછી શ્રીજીમહારાજ મુખારવિંદ આડો રૂમાલ દઈને મંદમંદ હસતાં થકા આસને વિરાજમાન થયા. તે સમે શહેરમાં રામાનંદસ્વામીના સત્સંગી હતા તેને ખબર પડી જે, 'સ્વામિનારાયણ પધાર્યા છે.' તે સાંભળીને ત્યાં સર્વે હરિજન હીરજીભાઈને ઘેર મહારાજને દર્શને આવ્યા. તેની મહામોટી સભા ભરાઈ બેઠી અને મહારાજે તે સભામાં હરિજન આગળ બહુ પ્રકારે પોતાના પ્રગટપણાની વાતુ કરી. એવી રીતે ઘણીક વાતુ કરીને હરિજનને સંભળાવતા થકા શાંતિ પમાડી.

✸ પૂર્વ દેશના બે વૈરાગીને સાધુ કર્યા :

અને તે સમે ભગવાનજીભાઈના ડેલામાં રામાનંદસ્વામીનું સદાવ્રત બાંધેલું હતું. તે સદાવ્રત લેવા સારુ પૂર્વ દેશના બે વૈરાગી આવ્યા. તેને શીરો-પૂરી કરીને શ્રીજીમહારાજે પોતે બહુ હેત દેખાડીને જમાડ્યા. એટલે તેમને બહુ સારુ લાગ્યું, ને કેટલાક દિવસ ભેગા રહ્યા ને સમાધિઓ આદિક ઘણોક શ્રીજીમહારાજનો પ્રતાપ ને ઐશ્વર્ય જોઈને અંતરમાં શાંતિ પામ્યા.

પછી એક દિવસે શ્રીજીમહારાજે તેમને પૂછ્યું જે, "તમે ક્યાં થકી આવ્યા ?" ત્યારે તે વેરાગી બોલ્યા જે, "અમે તો સરવરિયા બ્રાહ્મણના પુત્ર હતા ને બાલપણામાંથી જ ઘરનો ત્યાગ કરીને કલ્યાણને અર્થે જગન્નાથપુરીમાં મુંડાઈને રહ્યા હતા. ત્યાં કેટલાક વરસ જગન્નાથજીની સેવા કરી. પછી એક નાનો બ્રહ્મચારી પંચતીર્થી કરતો સતો તપસ્વીના વેશે આવ્યો. તેણે કરીને ત્યાંના રહેનારા બીજા કેટલાક વૈરાગી પરસ્પર કપાઈ મુવા ને કેટલાક ઘાયલ પણ થયા. અમે બે જણ તો જીવ લઈને ભાગ્યા તે બચી ગયા એટલે કેટલાક તીર્થમાં ફરતાં ફરતાં શ્રીદ્વારિકાનાથ જાતા હતા, તે આ તમારું સદાવ્રત લેવા સારુ અહીંયાં આવ્યા. ને આ તમારો જોગ થયો તેથી આંહીં અમારા અંતરમાં શાંતિ થઈ." એવી રીતે ઘણીક વિસ્તારે સહિત વાર્તા કરી.

તે સાંભળીને શ્રીજીમહારાજ મંદ મંદ હસીને બોલ્યા જે, "હવે દ્વારકાનાથ જાઓ." ત્યારે એ બે સાધુએ કહ્યું જે, "હે મહારાજ ! હવે તો ક્યાંઈ અમારે જાવું નથી અને આંહીં તમારા સત્સંગમાં તમારા ભેગા રહીશું." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમે શું સમજીને રહેશો ? સમજ્યા વિના તો જગતમાં પણ કોઈ રહેતા નથી. અને જેને એમ સમજાણું છે જે, આપણે શહેરમાં રહેવું તે ઠીક છે, તે શહેરમાં રહે છે; અને જેને એમ સમજાણું છે જે, આપણે ગામડામાં રહેવું તે ઠીક છે, તે

ગામડામાં રહે છે; અને જેને વન-પર્વતમાં રહેવું ગમે છે, તે ત્યાં રહે છે. માટે **આ સંસારમાં અજ્ઞાની અથવા જ્ઞાની તે સર્વે સમજણમાં રહે છે, પણ શહેર આદિક જે જે ઠેકાણાં રહેવાનાં કહ્યાં છે તેમાં કોઈ રહેતું નથી. માટે વિશ્વ બધું સમજણમાં રહે છે,** ને તમે અમારા સત્સંગમાં શું સમજીને રહો છો ?"

ત્યારે તે સાધુ બોલ્યા જે, "હે મહારાજ ! આંહીં તમારા સત્સંગમાં કલ્યાણનું ઠેકાણું અમે દીઠું છે, તે સારુ અમે મનમાં તપાસ કરીને રહ્યા છીએ." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "દ્વારિકાનાથ જાઓ અથવા બદરીનારાયણ જાઓ, એ સર્વે કલ્યાણનાં ઠેકાણાં છે." તેવું સાંભળીને તે સાધુ અતિ નિરમાન થકા બોલ્યા જે, "હે મહારાજ ! અમારે તો તમારા દર્શનમાં સર્વે સાધન સંપૂર્ણ થઈ રહ્યાં છે, અને જેમ તમે કહો તેમ કરવું છે. અને તમે જ્યાં મોકલશો ત્યાં અમારે રાજી થઈને જાવું છે." તેવા દીનપણાનાં વચન સાંભળીને શ્રીજી બહુ પ્રસન્ન થયા.

તે વાર પછી મહારાજ હમીરસર તળાવમાં આથમણે આરે સ્નાન કરી આવીને પૂજા-પાઠ, નિત્યનિયમ કરી રહ્યા એટલે સુંદરજીભાઈ પોતાને ઘેર જમવા તેડી ગયા. તે જમીને પાછા તે ડેલામાં આવીને રામાનંદસ્વામીની નાનીસી ઓરડીમાં પાટ હતી તે ઉપર આથમણે મુખારવિંદે વિરાજમાન થયા ને સર્વે સંત-હરિજન હેઠે બેઠા. તે સમે શ્રીજીમહારાજ તે બે આવેલા સાધુ પ્રત્યે બોલ્યા જે, "કેમ તમે અમારા સાધુ થાશો ?" ત્યારે તે સાધુ કહે, "હા." પછી એક વાળંદને બોલાવીને મુંડન કરાવીને એક એક ભગવી ચાદર ઓઢાડી, ને દીક્ષા દઈને **'કૃપાનંદમુનિ'** તથા **'વીરભદ્રાનંદમુનિ'** એવાં નામ પાડ્યાં ને કાનમાં મંત્ર આપીને કહ્યું જે, "આ સર્વેને દંડવત કરીને પગે લાગો." ત્યારે પ્રથમ ગુરુને દંડવત કરીને પછી બીજા સભાના જનને દંડવત કર્યા.

તે જોઈને શ્રીજીમહારાજ તેમના ઉપર બહુ રાજી થયા ને અંતરમાં જાણ્યું જે, 'વિવેક ને સમજણ છે ને તે મુમુક્ષુ પણ છે.' એમ જાણીને

પોતે જગન્નાથપુરીમાં અસુરનો નાશ કરાવ્યો હતો તે વાર્તા વિસ્તારીને કરી. તે સાંભળીને તે બે સંત ગદ્‌ગદ કંઠે થઈને સ્તુતિ કરવા લાગ્યા જે, **"હે મહારાજ ! તમે તો સાક્ષાત સર્વે અવતારના અવતારી પુરુષોત્તમ ભગવાન છો."** એમ વિનંતિપૂર્વક બોલ્યા એટલાકમાં તો શ્રીહરિની ઈચ્છા થકી તેમને સમાધિ થઈ ગઈ.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ બે સંતને ઉપાડીને એકાંતમાં સુવારી મૂકો ને ઉપર વસ્ત્ર ઓઢાડો." તેવું સાંભળીને સભામાંથી ચાર સંત ઊઠીને તે ડેલામાં એક પડાળી (ઓસરી) હતી, તેમાં લઈ જઈને સુવાર્યા. અને એક એક ચાદર ઓઢાડી અને પાછા તે ચારે સંત સભામાં આવીને સર્વેને પગે લાગીને બેઠા. પછી થોડીક વાર કેડે તે સાધુ સમાધિમાંથી જાગ્યા અને પોતે બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ, વૈકુંઠ, ગોલોક, બ્રહ્મપુરમાં જે જે ઐશ્વર્ય દીઠાં ને તેમાં અલૌકિક શ્રીજીનાં દર્શન કર્યાં ઈત્યાદિક વાતો કરી તે સાંભળીને સૌ સભાસદ શ્રીજીમાં પુરુષોત્તમપણાનો નિશ્ચય કરતા હતા.

✵ જ્ઞાનરૂપી સુદર્શન ચક્ર કળિયુગના ભક્તની રક્ષા કરે છે :

પછી સુંદરજીભાઈએ પૂછ્યું જે, "હે મહારાજ ! સત્યયુગ, ત્રેતાયુગ ને દ્વાપરયુગ એ ત્રણ યુગમાં ભગવાન પોતાના ભક્તની રક્ષાને અર્થે સુદર્શન ચક્રને મોકલતા. અને તે ચક્રે કરીને ભગતની રક્ષા કરતા ને કળિયુગમાં ચક્ર મૂકીને હવે કેમ પોતાના ભક્તની રક્ષા કરતા નથી? તે કળિયુગના ભક્ત શું ભગવાનને કાંઈ દવલા છે ? હળાહળ કળિમાં ભગવાનનું ભજન કરે છે, તેની તો સામું ભગવાનને રક્ષા વધારે કરવી જોઈએ. એ પ્રશ્નનો ઉત્તર કરો."

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **"ભગવાનના સ્વરૂપનું જ્ઞાન તે જ સુદર્શન ચક્ર છે,** ને તે સુદર્શન ચક્રમાં દશ હજાર સૂર્યનો પ્રકાશ છે. તે જુવોને, જ્ઞાનમાં પણ તેટલો પ્રકાશ છે. કાં જે, જીવના હૃદયમાં

અજ્ઞાનરૂપી અંધારું છે, તે ચંદ્રમા તથા સૂર્ય તથા પ્રલયકાળનું મહાતેજ તે કોઈ જીવના હૃદયના અજ્ઞાનરૂપી અંધારાને ટાળવાને સમર્થ નથી, તે અંધારાને ટાળી નાખે છે. તે જુઓને, દશ હજાર સૂર્ય કરતાં પણ અધિક પ્રકાશ છે. અને સુદર્શન ચક્ર સત્યયુગમાં તથા ત્રેતાયુગમાં ભગવાનના ભક્તની રક્ષા કરતું ને આજ કળિયુગમાં તેનું તે જ વળી રક્ષા કરે છે.

ત્યારે તમે કહેશો જે, કઈ રીતે રક્ષા કરે છે ? તે કહીએ છીએ, તે સાંભળો. તે જ્યારે પ્રભુનો ભક્ત હોય તેના હૃદયમાં કામ-ક્રોધાદિકના ભૂંડા ઘાટ થાય છે, ત્યારે તે ભક્તને એવો વિચાર રહે છે જે, મને ભગવાન મળ્યા છે, તે હું એવા મોટા લાભને મૂકીને ભગવાનનું વચન લોપીને કુમાર્ગે કેમ ચાલું ? તે જ્યારે એવો ભગવાનના નિશ્ચયે યુક્ત પોતાના મનમાં વિચાર થાય છે, ત્યારે તે ઘાટ ટળી જાય છે. માટે **ભક્તજનના શત્રુ તે તો કામ-ક્રોધાદિક છે, તે થકી રક્ષા પણ જ્ઞાનરૂપી સુદર્શન ચક્ર કરે છે. માટે કળિમાં જો ભગવાન સુદર્શન ચક્ર મૂકીને અમરીષ રાજાની પેઠે રક્ષા ન કરતા હોય તો એથી વર્તમાન પળે નહિ ને ભગવાનનું ભજન પણ થાય નહિ ને કામ-ક્રોધાદિક તો એવા જબરા છે જે શિવ-બ્રહ્માદિકને પણ ભુલાવે એવા છે તો જીવનો શો ભાર !?** માટે ભગવાન પોતાના ભક્તની જ્ઞાનરૂપી સુદર્શન ચક્ર મૂકીને સર્વે કાળમાં રક્ષા કરતા આવે છે, ને આજ પણ પોતાના ભક્તની રક્ષા કરે છે. માટે પ્રગટ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય તે જ સુદર્શન ચક્ર છે.” એવી રીતની ઘણીક વાર્તા કરી. તે સાંભળીને સર્વે સંત-હરિજનને શ્રીજીમહારાજમાં પ્રગટ પુરુષોત્તમપણાનો નિશ્ચય થયો.

✹ ભગવાનભાઈએ રામાનંદસ્વામીએ મુકાવેલ ઘરેણાંથી પૂજા કરી :

તે વાર પછી બીજે દિવસે ભગવાનજીભાઈને ઘેર જમવા પધાર્યા ત્યારે રસોઈને થોડીક વાર હતી, એટલે ભગવાનજીભાઈએ પોતાની ઓસરીમાં ચાકળો નાંખીને તેના ઉપર બિરાજમાન કર્યા. ત્યારે તે સમે

મુક્તાનંદસ્વામીએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! જનક તે શું ને જાનકી તે શું ?" ત્યારે અતિ પ્રસન્ન થયા થકા બોલ્યા જે, **"જનક તે ગુરુને કહીએ અને જીવ તે જાનકી, ને અવળી સમજણ તે ધનુષ્ય.** માટે ગુરુને ઉપદેશે કરીને જીવની સવળી સમજણ થાય અને જીવ ભગવાનને વરે." એટલી વાર્તા કરીને જમવા પધાર્યા.

જમી રહ્યા પછી ભાલમાં ચંદનની અર્ચા કરી, ને કોટમાં પુષ્પના હાર પેરાવીને એક ભારે હેમની ઊતરી, કડાં, વેઢ, વીંટી, કંદોરો એવી રીતે ઘરેણાં અંગોઅંગમાં ધારણ કરાવીને ભગવાનજીભાઈ બોલ્યા જે, "હે મહારાજ ! આવી રીતે મેં રામાનંદસ્વામીને જમાડીને આ સર્વે ઘરેણાં હું પહેરાવવા લાગ્યો. ત્યારે સ્વામીએ ન પહેર્યાં ને બોલ્યા જે, 'આવા ભારે દાગીના અમારાથી હવે ન પહેરાય ને એના પહેરનાર થોડા દિવસમાં આંહીં આવશે, એટલે એમને પહેરાવજો.' એમ કહીને પાછા મુકાવ્યા હતા, તે હે મહારાજ ! આ તમને મેં પહેરાવ્યા." એમ કહીને બે હાથ જોડીને વિનંતિપૂર્વક પગે લાગ્યા.

પછી ત્યાં થકી ઉતારે આવીને સાંજની વખતે ગાદીતકિયા ઉપર ઉગમણે મુખારવિંદે બિરાજમાન થયા ને ચારેકોરે સર્વે સંતહરિજન બેઠા. જ્યારે સૂર્ય અસ્ત પામ્યો તે સમે શ્રીજીમહારાજની મૂર્તિ સૂર્ય સરખી પ્રકાશે યુક્ત જણાતી હતી. ત્યારે ભગવાનજીભાઈએ જાણ્યું જે, 'આ મુક્તાનંદસ્વામીને આવું શ્રીજીમહારાજનું પ્રકાશે યુક્ત દર્શન થાતું હશે કે નહિ થાતું હોય ?' તેમ જાણીને મુક્તાનંદસ્વામીના મુખ સામું જોઈને બોલ્યા જે, "હે સ્વામી ! તમોને કાંઈ શ્રીજીમહારાજનું ઐશ્વર્ય જણાય છે ?" ત્યારે કહે, "હા જણાય છે." એમ કહીને આનંદ પામ્યા.

✵ સાધનબળ નહિ ભગવદ્‌બળ રાખવું :

તે વાર પછી બે સંત ગામ કાળેતળાવ રામાનંદસ્વામીનું બાંધેલું સદાવ્રત હતું, તે સદાવ્રતનું કાંઈક કામ હશે તે સારુ પૂછ્યા વિના

ત્યાં જાવાનો સંકલ્પ ધારીને તૈયાર થઈને આજ્ઞા લીધા વિના ચાલવા જાય છે. ત્યારે તે બે સંતના અંતરના ઘાટ જાણીને મહારાજ બોલ્યા જે, **“ભગવાનને ભગવાન જાણીને કાંઈ બીજું કરવાને ઈચ્છવું નહિ ને પોતાને કૃતાર્થ માનીને સહેજે ભજન-સ્મરણ થાય તે કરવું, પણ કોઈ વાતનો આગ્રહ મનમાં ન રાખવો; જેમ ભગવાનની મરજી હશે તેમ થાશે. પોતાના મનને જાણ્યે કાંઈ કરવું નહિ.** અને કામાદિક જે મોટા વિકાર છે, તે તો ભગવાન વિના પોતાને બળે ટાળવા જાય તોપણ ઘણો હેરાન થાય. માટે ભગવાનની આજ્ઞાએ કરીને જે જે સાધન કરે છે, તો તે કામાદિક શત્રુનો તત્કાળ નાશ થઈ જાય છે. તે માટે **ભગવાનનું બળ રાખીને ભગવાન પ્રગટ હોય તે જેમ આજ્ઞા કરે તેમ કરવું, પણ ભગવાનને મૂકીને એકલું સાધનનું બળ ન રાખવું.”**

એમ કહીને વળી બોલ્યા જે, “આજ દિવસ પછી સત્સંગમાં ધ્યાન-ધારણાનું પ્રકરણ ઘણું થાશે ને સત્સંગ પણ વૃદ્ધિને પામશે.” એવી રીતની ઘણીક વાત તે બે સંતને કરી. તે સાંભળીને બે સંતનાં અંતઃકરણ શીતળ થઈ ગયાં ને વિનંતિપૂર્વક પગે લાગીને પાછા પોતાને આસને જઈને બેઠા.

❋ શ્રીજીમહારાજે રઘુનાથદાસનો પરાભવ કર્યો :

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “અમારી આજ્ઞામાં સત્સંગી હોય તે સર્વે ભેળા થઈને સુતાર રામજીને ઘેર રઘુનાથદાસ ઊતર્યા છે, ત્યાં ચાલો.” પછી સર્વે સત્સંગીને ભેળા લઈને શ્રીજીમહારાજ સંધ્યા આરતીને સમે સુતાર રામજીને ઘેર પધાર્યા. જય સચ્ચિદાનંદ કહીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી શ્રીજીમહારાજે રઘુનાથદાસજીને પ્રશ્ન પૂછ્યો જે, “ઘટાકાશનું રૂપ કહો, તથા મઠાકાશનું રૂપ કહો તથા મહદાકાશનું રૂપ કહો તથા ચિદાકાશનું રૂપ કહો. એ પ્રશ્નનો ઉત્તર કરો તો આ અમારા નવા સત્સંગી ઘણાક છે તે સર્વે તમારા વચનમાં

રહીએ. અને જો ઉત્તર ન થાય તો તમે અમારા વચનમાં રહો.” ત્યારે રઘુનાથદાસ બોલ્યા જે, “અમારે તો ઘટાકાશ તથા મઠાકાશ એ સર્વે રામાનંદસ્વામી છે, બીજું અમે કાંઈયે પણ સમજતા નથી.”

પછી શ્રીજીમહારાજ જય સચ્ચિદાનંદ કહીને ઊઠ્યા ને પછી બોલ્યા જે, “એમાં કાંઈયે માલ નથી, ચાલો.” પછી સુતાર રામજીને કહ્યું જે, “અમને ભૂખ લાગી છે, તે જમવા આપો.” પછી સુતાર રામજીને ઘેર મઠની ખીચડી હતી તે આપી. તે જમીને શ્રીજીમહારાજ પાછા સુતાર સુંદરજીને ઘેર પધાર્યા. પછી વાંસેથી રઘુનાથદાસ પાછલી રાત લઈને ભાગી ગયો.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે ‘મહારાજને રામાનંદસ્વામી મળ્યા ને મહાદીક્ષા દીધી ને સહજાનંદ નામ ધર્યું ને મહારાજે અલૌકિક અગણિત જનોને પ્રતાપ જણાવ્યો તથા ભુજમાં સંવત્ ૧૮૬૦ની સાલમાં પધાર્યા ને રઘુનાથદાસ ભાગી ગયો’ એ નામે ચોથો અધ્યાય ॥૪॥

અધ્યાય - ૫


લાધીબાઈને સમાધિ કરાવી શિષ્ય કર્યાં તથા માનકુવા ગમન

અને તે પછી શ્રીજીમહારાજે પાટ ઢળાવીને તે ઉપર આસન કર્યું. પછી સવારમાં જેઠી ગંગારામભાઈને કહ્યું જે, “તમે કાયસ્થ લાધીબાઈને અમારી પાસે તેડી લાવો.” પછી જેઠી ગંગારામભાઈ તેડવા ગયા. તે જઈને કહ્યું જે, “તમે ચાલો, તમને શ્રીજીમહારાજ બોલાવે છે.” ત્યારે લાધીબાઈ બોલ્યાં જે, “અમારા ગુરુ તો રામાનંદસ્વામી છે, તે સારુ એ મહારાજ પાસે હું નહિ આવું !” પછી જેઠી ગંગારામભાઈએ તે જ પ્રમાણે આવીને મહારાજને કહ્યું. ત્યારે શ્રીજીમહારાજે ગંગારામભાઈને કહ્યું જે, “અમે કહીએ તેમ તમે જઈને કહો જે, તમે રામાનંદસ્વામીનાં

શિષ્ય છો ને મહારાજ પણ રામાનંદસ્વામીના શિષ્ય છે. માટે તમે જો રામાનંદસ્વામીનાં શિષ્ય હો તો દર્શને આવો." પછી જેઠી ગંગારામભાઈએ એમ જ કહ્યું. ત્યારે લાધીબાઈ શ્રીજીમહારાજને દર્શને આવ્યાં અને શ્રીજીમહારાજના દર્શને કરીને ઘણાક આનંદ પામ્યાં.

પછી શ્રીજીમહારાજે તે લાધીબાઈને સમાધિ કરાવીને અક્ષરધામમાં મોકલ્યાં. ત્યારે લાધીબા અધો-ઊર્ધ્વ પ્રમાણે રહિત શીતળ શાંત એવો જે તેજનો સમૂહ તેમાં રત્ને જડિત અનુપમ દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન, ને કોટાનકોટી મુક્તે સેવ્યાં છે ચરણકમળ જેમનાં, એવા શ્રીજીમહારાજ તેમનાં દર્શન કર્યાં. **અને હસ્તમાં જળની ઝારી લઈને શ્રીહરિની સેવામાં પડખે ઊભા રહ્યા એવા રામાનંદસ્વામી તેમને પણ દેખતાં હવાં. પછી લાધીબાઈ રામાનંદસ્વામીને પગે લાગ્યાં. ત્યારે રામાનંદસ્વામી બોલ્યા જે, "હવે મહારાજને પગે લાગો ને અમારા જેવા તો આંહીં કોટાનકોટી મુક્ત બેઠા છે. ને આ વાત તમે જોઈને જાવ છો તે ભુજના સત્સંગીને સારી પેઠે સંભળાવજો."** પછી સમાધિમાંથી જાગ્યાં ને શ્રીજીમહારાજને પગે લાગીને બેઠાં.

પછી શ્રીજીમહારાજ મુખારવિંદ આડો રૂમાલ દઈને મંદમંદ હસ્યા ને બોલ્યા જે, "કેમ અમને પગે લાગ્યાં ?" ત્યારે લાધીબાઈએ કહ્યું જે, "હે મહારાજ ! તમે કૃપા કરીને મને અક્ષરધામમાં મોકલી તેથી હું બહુ કૃતારથ થઈ. ત્યાંની રચના મેં જોઈ, તે તેજના પુંજમાં દિવ્ય સિંહાસન ઉપર તમારી મૂર્તિનાં દર્શન થયાં. કોટાનકોટી મુક્ત તમારા ચરણારવિંદની ઉપાસના કરે છે, તેમને મેં દીઠા.


नेसांरामानंदस्वामीनेपणतमारिसेवामांदिठा
नेपछीहुंरामानंदस्वामीनेपगेलागीत्यारेरामानंदस्वामीयेकह्युं
जेहवेअमनेसुंपगेलागोछोनेतेछेतेश्रीजिमहाराजनिमूर्त्तिमांछे
अमनेमोकल्येअमेसांहुतातेदाहाडेकहेताहताजेअमेतोडुगडुगीव

जावियेछेयेअनेवेसनाभजावनारतोवांसेआवेछेतेवातनेश्रीजि
महाराजेसत्यकरिएमरामानंदस्वामीयेधामनेविषेमुनेकह्युं
तेतेमजछेअनेमेंतोसमाधिमांएवुंदीठुंजेश्रीजिमहाराजतोअ
क्षरातीतअनेअवतारनाअवतारिअनेईश्वरनापणईश्वरनेदे
वनापणदेव। अनेउत्पत्तिस्थितिनेप्रलयनाकर्त्ताअनेसर्वेजीव
प्राणिमात्रनाकर्मफलनाआपनाराछेएवुंदिठुं

ને ત્યાં રામાનંદસ્વામીને પણ તમારી સેવામાં દીઠા. પછી હું રામાનંદસ્વામીને પગે લાગી, ત્યારે **રામાનંદસ્વામીએ કહ્યું જે, 'હવે અમને શું પગે લાગો છો ? ને જે છે તે શ્રીજીમહારાજની મૂર્તિમાં છે. અને મોરે અમે ત્યાં હતા તે દહાડે કહેતા હતા જે, અમે તો ડુગડુગી બજાવીએ છીએ અને વેશના ભજાવનાર તો વાંસે આવે છે, તે વાતને શ્રીજીમહારાજે સત્ય કરી.'** એમ રામાનંદસ્વામીએ ધામને વિષે મને કહ્યું, તે તેમ જ છે. અને મેં તો સમાધિમાં એવું દીઠું જે શ્રીજીમહારાજ તો અક્ષરાતીત અને અવતારના અવતારી અને ઈશ્વરના પણ ઈશ્વર ને દેવના પણ દેવ, અને ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયના કર્તા અને સર્વે જીવપ્રાણીમાત્રના કર્મફળના આપનારા છે, એવું દીઠું."

એવી લાધીબાઈની વાત સાંભળીને શ્રીજીમહારાજ બહુ પ્રસન્ન થયા અને સર્વે સત્સંગીએ પણ તે વાતને સત્ય માની. અને બાઈ ભાઈ સર્વે સાંભળીને આશ્ચર્યને પામ્યાં.

✵ સુંદરજી સુતારને ઘેર થાળ જમ્યા ને વાતો કરી :

પછી સુતાર સુંદરજીભાઈ અને હીરજીભાઈ પોતાને ઘેર થાળ કરાવીને શ્રીજીમહારાજની આગળ આવીને ઊભા રહ્યા. અને હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! જમવા પધારો !" પછી મહારાજ જમવા પધાર્યા અને જમીને જળપાન કરી અને મુખવાસ લીધો. પછી

શ્રીજીમહારાજે પોતા ભેળા સાધુ તથા પાળા તથા સત્સંગી હતા તે સર્વેને જમાડ્યા. પછી પોતાને આસને આવીને બિરાજમાન થયા. પછી શ્રીજીમહારાજ ઘણીક વાતું કરવા લાગ્યા. તે વાતું સાંભળીને સત્સંગી સર્વેનાં નાડીપ્રાણ ખેંચાઈ ગયાં ને સર્વે સ્થિર થઈ ગયા ને ઊઠવાને અર્થે કોઈ પણ સમર્થ ન થયા.

અને પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "હવે તમે સર્વે હરિભક્ત જમવા જાઓ." ત્યારે સત્સંગી સર્વે એમ બોલ્યા જે, "હે મહારાજ ! આપનાં દર્શન કરીને તથા વાતું સાંભળીને ભૂખતરસ સર્વે નાશ થઈ ગઈ છે. અને જાણીએ જે બેઠા વાતું સાંભળીએ !" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "જમીને વહેલા આવજો. અમે વાતું કરવા સારુ આવ્યા છીએ તે વાતુ કરશું, તે સર્વે સાંભળજો." પછી સત્સગી સર્વે જમવા ગયા. પછી જમીને પાછા આવ્યા ને વાતું સાંભળવા લાગ્યા.

✹ લાધીબાને સમાધિ અને દંભી બાવાનો દંભ :

એક દિવસને સમય શ્રીજીમહારાજ સગડી કરાવીને તાપતા હતા. તે સમે લાધીબાઈ દર્શને આવ્યાં ને તે સમે એક સમાધિવાળો દંભી સાધુ આવ્યો. તેણે ઘણોક દંભ કરવા માંડ્યો. પછી તે જ સમે લાધીબાઈને સમાધિ થઈ. પછી શ્રીજીમહારાજે સગડીમાંથી બળતા કોયલાને ચીપિયે ઝાલીને લાધીબાઈના બે હાથનાં કાંડાં ઉપર મેલ્યા. તેણે બળીને કાંડાંમાં ખાડા પડી ગયા. પછી જે સમાધિવાળો દંભી સાધુ હતો તે જોઈને નાસી ગયો. પછી શ્રીજીમહારાજે વળી સગડીમાંથી કોયલો લઈને જ્યાં પ્રથમ મેલ્યો હતો ત્યાં જ પાછો મેલી દીધો. તે સમે સુતાર નારાયણજી એક પાસે હતા. પછી સુતાર હીરજીભાઈનાં સ્ત્રી અમરબાઈ દર્શને આવ્યાં. તેણે બાઈ લાધીના હાથ ઉપર કોયલાને જોયા ને ઘણા વિસ્મય પામ્યાં. પછી શ્રીજીમહારાજને વઢવા લાગ્યાં જે, "આ શું કર્યું ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમે એને જગાડો." પછી તે બાઈએ

જગાડવાની મહેનત ઘણી કરી, ને કાનમાં મોઢું ઘાલીને રાડ્યું પાડી, તોયપણ તે લાધીબાઈ જાગ્યાં નહીં. પછી અમરબાઈએ શ્રીજીમહારાજને કહ્યું જે, "આવા પાખંડ કરશો તો આજથી તમારો નવો સત્સંગી કોઈ નહિ થાય." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "નારાયણની ઈચ્છા હશે તેમ થાશે." પછી શ્રીજીમહારાજે ધીરા બોલીને લાધીબાઈને સમાધિમાંથી જગાડ્યાં. પછી લાધીબાઈને શ્રીજીમહારાજે પૂછ્યું જે, "તમને કાંઈ પીડા જણાય છે ?" ત્યારે લાધીબાઈએ હસીને કહ્યું જે, "મને કાંઈયે જણાતું નથી." પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "તમારે હાથે શું થયું છે ?" ત્યારે લાધીબા હાથ સામું જોઈને હસ્યાં. પછી શ્રીજીમહારાજે પૂછ્યું જે, "હવે કાંઈ તમને જણાય છે ?" ત્યારે બાઈ લાધી બોલ્યાં જે, "હવે થોડી થોડી પીડા જણાય છે, પણ મહારાજ તમને જોઈને પીડા સર્વે નાશ થઈ ગઈ છે." પછી સુતાર હીરજીને ઘરેથી મલમની પટી મંગાવીને ચોટાડી.

✵ મીંઢી આવળ, મરચાના ગોળા, લીંબુ વગેરે જમ્યા :

પછી શ્રીજીમહારાજ નિત્યે તાંસળી ભરીને મીંઢી આવળને પીતા. ને તે ઉપર તાંસળી ભરીને આંબલી પીતા. પછી એવી રીતે ઘણાક દિવસ સુધી પીધી ને પછી બંધ કરી. પછી વળી મરચાનો ગોળો અર્ધા શેરનો નિત્યે જમતા. એમ ઘણા દિવસ સુધી જમ્યા. પછી ચૈત્ર માસમાં આંબાની કેરિયું કાચી, તેને પોતે હાથે સુધારી ને ટોપલી ભરીને તેમાં ત્રણ શેર મીઠું નાંખીને જમતા. ત્યારપછી અષાઢ માસમાં શ્રીજીમહારાજ બસે ૨૦૦ ખાટાં લીંબુ ચૂસી જાતા. એમ ઘણાક દિવસ એવી લીલા કરતા. ત્યારપછી સુતાર હીરજીભાઈના ડેલામાં દ્રાક્ષના માંડવા હેઠે ઢોલિયો ઢળાવીને બિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર અંગે ધારણ કર્યાં હતાં ને પુષ્પના હાર ઘણાક કંઠમાં ધારણ કર્યા હતા. અને કોઈક દિવસ પુષ્પનો મુગટ ધારણ કરતા.

✺ મૂળજી ઠક્કરને નિશ્ચય કરાવ્યો :

એક દિવસ શ્રીજીમહારાજ પાટ ઉપર પોઢ્યા હતા. તે સમે ઠક્કર મૂળજીભક્ત શ્રીજીમહારાજના હાથ-પગ હળવે હળવે ચાંપવા લાગ્યા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “ભાર દઈને ચાંપો.” ત્યારે મૂળજીએ કહ્યું જે, “મહારાજ ! હું ભાર દઈને ચાંપું તો તમને વસમું લાગે, તે સારુ હું હળવે હળવે ચાંપુ છું.” ત્યારે શ્રીજીમહારાજે આજ્ઞા કરી જે, “જેટલું તમારામાં બળ હોય તેટલું ચાંપો.” પછી શ્રીજીમહારાજ પાટ ઉપર પોઢ્યા ને મૂળજીએ ઘણુંક જોર કરીને ચાંપ્યું, પણ શ્રીજીમહારાજને કાંઈ જણાણું નહિ, ને મૂળજી તો પરસેવામાં ઝેબઝેબ થઈ ગયો ને થાકી ગયો. પછી મૂળજી બોલ્યો જે, **“હે મહારાજ, મેં તમને આજ ખરેખરા ભગવાન જાણ્યા ને મારે સંશયમાત્ર ટળી ગયો.”** એવી રીતે ભુજનગરમાં લીલા કરીને શ્રીહરિ ત્યાંથી **માનકૂવે** પધાર્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે ‘મહારાજે ભુજમાં લાધીબાઈને પોતાનું ઐશ્વર્ય જણાવીને શિષ્ય કર્યાં ને ત્યાંથી માનકૂવે પધાર્યા’ એ નામે પાંચમો અધ્યાય ।।૫।।

અધ્યાય - ૬

માનકૂવામાં નાથા સુતારને ઘેર મરચાનો ગોળો જમ્યા

માનકૂવાને વિશે સુતાર નાથાને ઘેર ઊતર્યા ને ત્યાં શ્રીજીમહારાજ સવારમાં ભોજન કરતા. તેમાં અર્ધા શેર મરચાનો એક લાડવો નિત્યે જમતા. એક દિવસ શ્રીજીમહારાજ જમવા બેઠા. તે સમે દંઢાવ્ય દેશના રજપૂત ડુંગરજી શ્રીજીમહારાજને દર્શને આવ્યા. તે દંડવત કરીને બારણાની સાખ પકડીને ઊભા રહ્યા. પછી શ્રીજીમહારાજે સમાચાર પૂછ્યા ને પછી કહ્યું જે, “તમે પ્રસાદી જમશો ?” એમ કહીને પછી થોડો બાજરીનો રોટલો ને એક ગ્રાસ મરચાના લાડવામાંથી ભાંગીને

આપ્યો. તેને પ્રેમે કરીને લીધો. તે પ્રથમ ડુંગરજીભાઈ મરચાનો ગ્રાસ જમ્યા, તેથી અતિશે મોઢું બળ્યું, તેણે કરીને દેહની શૂધ રહી નહીં.

પછી શ્રીજીમહારાજે પોતાના હાથથી થીનું ઘી ઘણું જમાડ્યું. પછી શાંતિ થઈ ત્યારે શ્રીજીમહારાજે તેમને જમવા બેસાર્યા. પછી દાળ ને રોટલો જમ્યા. તે જમતાં જમતાં દાળનો સબડકો બોલ્યો. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "સબડકો બોલાવ્યા વિના અમથા જમો." ત્યારે ડુંગરજીએ કહ્યું જે, "હે મહારાજ ! સબડકા વિના ગળેથી ઊતરતું નથી." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, **"સબડકો લેવો એ પણ એક સ્વાદ છે. તે ભગવાનના ભક્તને ન જોઈએ."** પછી ડુંગરજીભાઈ જમીને ઊઠ્યા. અને પછી શ્રીજીમહારાજે પોતાના થાળની પ્રસાદી સુતાર નારાયણજીને દીધી.

✵ ઘોડા સહિત નાથાની રક્ષા કરી.

પછી શ્રીજીમહારાજ ત્યાંથી ચાલ્યા. ત્યારે સુતાર નાથાની માતાએ કહ્યું જે, "આ નાથાને તમો ઘોડા સાથે લઈ જાઓ ને એ નાથો રામપુરથી ઘોડું લઈને પાછો આવશે." પછી શ્રીજીમહારાજ ઘોડે બેસીને ત્યાંથી ચાલ્યા, તે નાથો પણ સાથે ચાલ્યો. તે શ્રીજીમહારાજ નાથાને ભગવાનની વાતુ કરતાં કરતાં માર્ગમાં ચાલ્યા જાય. ત્યારે નાથો એમ કહે જે, "મહારાજ, તમે ભગવાન છો ?"

ત્યારે મહારાજ કહે, "ના, અમે ભગવાન નથી." એમ સંવાદ કરતાં કરતાં ચાલ્યા, તે ગામ **વંગડીએ** ગયા. ત્યાં તળાવને કાંઠે દેરી ઉપર મહારાજ ઊતર્યા ને નાથાને કહ્યું જે, "ઘોડીને પાણી પાઈ આવો." ત્યારે નાથો ઘોડી ઉપર બેસીને ઘોડી પાવા ગયો. તળાવમાં ખાડો હતો તેમાં ઘોડી ડૂબી ગઈ ને નાથા ઉપર પાણી ફરી વળ્યું. ત્યારે શ્રીજીમહારાજે હાથ લાંબો કરીને ઘોડીના પેટ હેઠે હાથ રાખીને તે ઘોડીને પાણીથી બાહેર કાઢી. ત્યારે નાથો ઘોડી બાંધીને સરક હાથમાં લઈને તે સરકને ચોવડી કરીને મહારાજ પાસે આવીને કહે જે, "મહારાજ, તમે કહેતા

હતા જે હું ભગવાન નથી, પણ તમે છત્રી ઉપરથી લાંબો હાથ કરીને ઘોડી સહિત મને પાણીથી બહાર કાઢ્યો.

જેમ રામચંદ્રજી ભગવાન હતા તેમના હાથમાંથી કાગભુસંડી રોટલો લઈને ભાગ્યા તેની કેડે રામચંદ્રજીએ હાથ લાંબો કર્યો, તે સર્વે બ્રહ્માંડમાં કાગભુસંડીની વાંસે ફેરવ્યો. તેમ જ હે મહારાજ, તમે લાંબો હાથ કર્યો અને મને બહાર કાઢ્યો. માટે કહો હું ભગવાન છું, નહિ તો આ સરકે સરકે હું મારું છું." પછી શ્રીજીમહારાજ કહે, "મારીશ મા, મારીશ મા, હું ભગવાન છું." પછી નાથો સુતાર કહે, **"માર પંદરમું રતન છે. તે જુવોને, પેલા ભગવાન નોતા કહેતા, પણ હવે કહેવું પડ્યું."**

પછી મહારાજ રામપુરની વાડિયુંમાં ગયા ને તે નાથાને ઘોડી દઈને પાછો માનકૂવે મેલ્યો. મહારાજ ત્યાંથી ચાલ્યા, તે મેરાઈ વાડીએ દિવસ પોર પાછલો હતો ત્યારે પધાર્યા. અને તે વાડીના પઈઆ ઉગમણી દીસે છે. ને કૂવાની કુંડી દક્ષણાદે પડખે છે, તે કુંડી ઉપર શ્રીજીમહારાજ જઈને ઊભા રહ્યા. તે સમે શ્રીજીમહારાજે હસ્તમાં કમંડળુ ધારણ કર્યું હતું અને ખભા ઉપર મૃગચર્મ ધારણ કર્યું હતું અને શાલગ્રામ ને બાલમુકુંદનો બટવો કંઠમાં ધારણ કર્યો હતો. અને મસ્તક ઉપર પીળા કેશ બાબરિયા ધારણ કર્યા હતા. આવી રીતની સુંદર આનંદકારી મૂર્તિ વાડીની કુંડી ઉપર બિરાજમાન હતી.

✹ રામપરાના ભીમજી, ખીમજી તથા લખુને દિવ્ય દર્શન :

અને તે સમે તે વાડી ઉપર કણબી ત્રણ ભાઈ કોશ હાંકતા હતા. તે ત્રણનાં નામ ભીમજી તથા ખીમજી તથા લખુ. એ ત્રણેય ભાઈ કોશ હાંકતાં જ્યારે કૂવાના થાળા આગળ સમીપે આવ્યા ત્યારે મહારાજે તે ત્રણેય ભાઈઓને કહ્યું જે, "મને ક્ષુધા લાગી છે, તે તમે મને જમવાને સારુ રોટલો હોય તો આપો." ત્યારે ત્રણેય ભાઈઓએ કહ્યું જે, "હે મહારાજ ! રોટલા તો હતા, તે અમે જમીને અત્યારે કોશ જોડ્યા, હવે રોટલા છે નહિ; માટે તમને ક્યાંથી આપીએ ?" ત્યારે મહારાજે તે

ત્રણેયને કહ્યું જે, "આ સામી પર્ણકુટીમાં છીકા ઉપર માટલીમાં રોટલા તમે રાતે જમવા સારુ રાખ્યા છે, તેમાંથી મને જમવા સારુ એક રોટલો આપો." એમ કહ્યું તોપણ તે ત્રણેય ભાઈએ ના પાડી. અને કોશ હાંકીને ઠલાવવા સામા ગયા ને કોશ ઠલાવીને પાછા વળ્યા.

ત્યારે તે ત્રણેય ભાઈઓમાંથી લખુ બોલ્યો જે, "ભાઈ ભીમજી તથા ખીમજી, સાંજે મારે જમવાનો રોટલો છીકા ઉપર માટલીમાં છે તે હું આ બ્રહ્મચારીને જમવા આપીશ અને હું સાંજે જમીશ નહિ." એમ કહીને બાજરીનો રોટલો તથા કેરાનું અથાણું મહારાજને જમવા સારુ આપ્યું. તે મહારાજ લઈને કૂવામાંથી જળનું કમંડળુ ભરીને તે કુંડી ઉપર બેસીને જમ્યા. અને ત્રણેય ભાઈ કોશ ઠલાવીને પાછા વળ્યા અને મહારાજ સામી દૃષ્ટિ કરીને જોયું. ત્યારે તે સમે મહારાજે પોતાનું મસ્તક ધુણાવ્યું. તે મસ્તકના વાળની લટું તે ત્રણેય ભાઈઓને સોનાની કિરણો તુલ્ય તેજોમય દેખાણી. અને મહારાજની આખી મૂર્તિ પણ તે ત્રણેય ભાઈને તેજોમય દેખાણી.

તે જોઈને ખીમજી તથા ભીમજી એ બે પોતાના ભાઈ લખુને કહેવા લાગ્યા જે, **"લખુ, તેં આ બ્રહ્મચારીને રોટલો જમવા આપ્યો અને આ બ્રહ્મચારી તો કામણ-ટુમણિયો તથા જાદુગરો છે. તે જોને, તેં આ રોટલો આપ્યો તે જમીને આપણને જાદુ કરી બતાવ્યાં. અને હમણાં જ આપણને બીજા મનુષ્ય જેવા જણાતા હતા અને અત્યારે જ આખી મૂર્તિ તેજોમય જટા સહિત દેખાડી."** એમ વાત કરે છે ત્યાં તો મહારાજે પોતાના અંગમાંથી ફરી વાર કોટાનકોટી સૂર્ય તથા કોટનકોટી ચંદ્રમા તથા મહાતેજ તે પણ જેના તેજમાં લીન થઈ જાય તેવી તેજોમય પોતાની મૂર્તિના અંગમાંથી તેજની કિરણો તે ત્રણેય ભાઈઓને દેખાડી. તે મૂર્તિ તથા કિરણો તેજોમય જટા શીખે જોઈને ખીમજી તથા ભીમજી બે ભાઈ બોલ્યા જે, "હે લખુ, તેં આ બાવાને રોટલો જમવા આપ્યો, તે જમીને જો આ વળી આપણને જાદુ દેખાડ્યાં."

એમ કહીને કોશ હાંક્યા, તે કોશના પઈયાની સામે એક આંબલીનું વૃક્ષ બહુ જ મોટું અને ઊંચું ઊભેલું હતું. તે સામું તે ત્રણેય ભાઈએ કોશ હાંકતાં જોયું. ત્યાં તો અકસ્માત તે આંબલીના વૃક્ષ નીચેથી **તે આંબલીની ટોચ સુધી સોંસરી મહારાજની મૂર્તિ તે ત્રણેય ભાઈઓને દેખાણી. અને તે આંબલીની ટોચ ઉપર ચારે તરફ તેજ તેજના અંબાર છાઈ ગયા. અને અગણિત દેવતા તે વિમાને સહિત તથા અનંત મુક્ત તે પણ ચારેકોરે તેજના અંબારમાં દેખાણા.** તેને જોઈને ખીમજી તથા ભીમજી બે ભાઈ બોલ્યા જે, “લખુ, તેં આ બ્રહ્મચારીને રોટલો ખાવા દીધો, તે જમીને આપણને ફેર તેણે જાદુ દેખાડ્યાં. કેમ જે, બ્રહ્મચારી હમણાં જ કુંડી ઉપર બેઠો હતો અને આટલી વારમાં આંબલીના વૃક્ષ ઉપર દેખાણો.” એમ વાત કરતાં કરતાં કૂવાના થાળા પાસે તે ત્રણેય ભાઈ ગયા.

ત્યારે શ્રીજીમહારાજે ભક્ત લખુને કહ્યું, “પટેલ, તમારે કાંઈ જોઈતું હોય તો માગો. જે તમે માગો તે હું તમને આપું.” એમ કહીને પૂછ્યું જે, “તમારે કિયા દેવની ઉપાસના છે ? અને કેને માનો છો?” ત્યારે તેમણે કહ્યું જે, “અમારા ગામમાં મહાદેવ છે, તેને માનીએ છીએ. અને વિશેષપણે કરીને તો આંહીંથી ત્રણ ગાઉ છેટે બિલેશ્વર મહાદેવ છે, તેને માનીએ છીએ. અને તેની લોદ્રિ (રુદ્રી = સ્તુતિ) પણ કરીએ છીએ. અને અમને જે કાંઈ અન્ન-વસ્ત્ર તથા ધન તથા પુત્રાદિક પદાર્થ જે જે જોઈએ તે તે મહાદેવ સ્વામી આપે છે. તે માટે હવે હું તમ પાસે શું માગું ?” એવી રીતે લખુએ કહ્યું.

ત્યારે મહારાજે તેમને કહ્યું જે, **“હું તારું આત્યંતિક કલ્યાણ કરીશ અને તારી સાત પેઢી સુધી તારા કુળમાં સર્વે મુક્ત જીવ જન્મ લેશે અને સર્વે મારી ભક્તિ ને ઉપાસના કરશે. એવો તમારો સર્વે પવિત્ર પરિવાર થાશે.”** એવી રીતે લખુભક્તને વરદાન આપીને આથમણી દિશે ગંગા સન્મુખ ચાલ્યા ગયા. તે ગામ **તેરે** તથા **કાળેતળાવ** ગયા.

✵ રામપુરના લખુભક્તના પાકની રક્ષા :

અને ત્યાંથી ફરીને પાછા વીસ દિવસ ગયા કેડે તે જ વાડી ઉપર તે જ ભક્ત લખુને કહી ગયા જે, “આ તારો છાસટિયો (ખેતરમાં ઉભેલી લીલી જાર) પાકેલ ઊભો છે, તે હવે તરત ઉતાવળથી કાપી લેજે અને વરસાત ઘણો થાશે અને જો નહિ કાપે તો સડી જાશે.” એમ મહારાજ તે લખુભક્તને કહીને ચાલ્યા ગયા, તે ગામ **રામપુર** ગયા.

અને પછી તે ભક્ત લખુએ વાડીના ધણી ગરાસિયાને કહ્યું જે, “છાસટિયો પાકી રહ્યો છે, તે મને રજા આપો તો હું વાઢી લઉં.” ત્યારે તે ગરાસિયાએ છાસટિયો કાપવાની ના પાડી. અને કહ્યું જે, “બીજા મનુષ્યના છાસટિયા હજી કાચા છે, તે હમણાં છાસટિયો નહિ કપાય.” એમ ગરાસિયે કહ્યું. ત્યારે લખુભક્તે ગરાસિયાને કહ્યું જે, “તમે મને છાસટિયાની ઉધડ બાંધી આપો તો હું કાપી લઉં. અને તમારી આજ્ઞા વિના મારે ઘેર નહિ લઈ જાઉં, પણ મારો પાકેલ માલ બગડવા નહિ દઉં; માટે ઉધડ બાંધી આપો તો સારુ.” એમ કહીને રજા લીધી અને પોતાનો છાસટિયો કાપીને સાચવી મૂક્યો. અને તે પછી મહારાજનાં વચન પ્રમાણે ત્યાં ઘણો વરસાદ વરસ્યો. અને કોઈ મનુષ્યનો છાસટિયો એક પાટી પણ પલળ્યા વિના કોરો ન રહ્યો.

અને ત્યારપછી તે રામપુરમાં એક દિવસ રહીને ચાલ્યા, તે ગામ **દહિંસરા**ના તળાવ હરિ સરોવરની દક્ષણાદી ને નૈઋત ખૂણાની પાળ ઉપર આવીને બેઠા. પછી સર્વે શૌચક્રિયા કરી આવીને તથા સ્નાન કર્યું. ત્યારપછી જળપાન કરી અને હરિજન આગળ વાર્તા કરવા લાગ્યા જે, “આ તળાવમાં અમે સ્નાન કર્યું, તે માટે આજથી આ તળાવનું નામ **‘હરિ સરોવર’** કહેવું. અને આ સર્વે તીર્થ કરતાં અધિક તીર્થ છે.” એવી રીતે બહુ વાર્તા કરીને ત્યાંથી ચાલ્યા તે **ભુજનગર** પ્રત્યે આવ્યા, ને હીરજીભાઈને ઘેર ઊતર્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'ડુંગરજી મહારાજનાં દર્શન કરવા માનકૂવે આવ્યા તેને મહારાજે એક ગ્રાસ મરચાના લાડવામાંથી આપ્યો ને ત્યાંથી ભુજ સુંદરજીને ઘેર ઊતર્યા' તે નામે છઠ્ઠો અધ્યાય ॥૬॥

અધ્યાય - ૭

સુંદરજી તથા હીરજી સુતારને અડગ નિશ્ચય કરાવ્યો

ભુજનગરને વિશે નિત્ય પ્રત્યે સુંદરજીભાઈ તથા હીરજીભાઈ જ્યારે દરબારમાં જાય ત્યારે મહારાજ સુંદરજીભાઈનાં માતુશ્રી રૂપાબાઈ તથા સુંદરજીભાઈની સ્ત્રી પુંજીબાઈ તથા હીરજીભાઈનાં સ્ત્રી અમરબાઈ આદિક બાઈયુંને ભગવાન ભજવાની વાતું કરે. એ સર્વે બાઈયું સાંભળવા બેસે. એમ વાતું કરતાં કરતાં કેટલાક દિવસ થયા.

ત્યારે સુંદરજીભાઈ તથા હીરજીભાઈને કોઈકે કહ્યું જે, "તમારે ઘેર સ્વામિનારાયણ રહે છે. તે તમો જ્યારે દરબારમાં આવો છો ત્યારે વાંસે બાઈયુંને ભેળી કરીને વાતું કરે છે. માટે આ તો સારું નહિ." એવી વાત સાંભળીને તે બેય ભાઈના મનમાં એમ સંકલ્પ થયો જે, 'આ ઠીક કહે છે.' એમ જાણીને પછી દરબારમાંથી જ્યારે ઘરે આવ્યા ત્યારે તેમને આવ્યા દેખીને તેમનાં સ્ત્રીયું તથા લાજ કાઢનારી બીજી બાઈયું, તે સર્વે ઊઠીને ઘરમાં ગયાં, ને તેમનાં માતુશ્રી એકલાં બેસી રહ્યાં.

પછી સુંદરજીભાઈ તથા હીરજીભાઈ બંનેના મનમાં એવો સંકલ્પ થયો જે, 'ઘરમાં બાઈયું ને મહારાજ એકલા રહે તે સારું નહીં.' તે સંકલ્પને મહારાજ જાણીને સુંદરજીભાઈ ને હીરજીભાઈને આસને બેઠા પછી બોલ્યા જે, "હે સુંદરજીભાઈ ! હે હીરજીભાઈ ! તમે આવા સંકલ્પ કરો છો, તે અમને તમે કેવા જાણો છો ? અમે તો સદા નિર્દોષ છીએ." એમ કહીને મહારાજે ચોફાળ ઓઢ્યો હતો તે પડતો મૂક્યો,

ને ઊભા થયા ને સર્વત્ર વ્યાપક ને અધો-ઊર્ધ્વ પ્રમાણે રહિત એવો તેજનો સમૂહ તેને વિશે દિવ્ય તેજોમય દ્વિભુજ અને કછોટાએ યુક્ત એવી મૂર્તિરૂપે દર્શન આપીને બેય ભાઈ પ્રત્યે મહારાજ બોલ્યા જે, "હે ભાઈઓ ! અમે તો સદાય આવા ને આવા છીએ. માટે **અમારા સ્વરૂપમાં કોઈ પ્રકારનો મનુષ્યભાવ ન પરઠવો. જે મનુષ્યભાવ પરઠે છે તેનું કલ્યાણ થતું જ નથી."** એમ કહીને મહારાજ સર્વ તેજ પોતાની મૂર્તિમાં સમાવીને પ્રથમ બેઠા હતા એવે રૂપે દર્શન દીધાં.

ત્યારે સુંદરજીભાઈને અને હીરજીભાઈને બોલવાની સત્તા આવી. ને પ્રથમ તો ચિત્રમાં ચિતરેલા હોય ને શું ! એમ આશ્ચર્યમાં ડૂબી ગયા તેથી કાંઈ ન બોલી શક્યા. પછી ધીરે રહીને બેય ભાઈ આસનેથી ઊઠીને શ્રીજીમહારાજના ચરણકમળમાં પડ્યા. અને નેત્રમાં ચોધારા આંસુ ચાલ્યાં જાય, તેને વસ્ત્રે કરીને લૂછતા જાય.

પછી હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! અહોહો ! આવા તમે છો, એવા અમે તમને નોતા જાણતા. તેથી તમારે વિષે અમારે આવો સંકલ્પ થઈ ગયો, પણ મહારાજ ! તમે તો ગરીબનિવાજ છો, અધમઉધારણ છો ને પતિતપાવન છો, માટે અમારો અપરાધ ક્ષમા કરો." એ પ્રકારની ઘણીક સ્તુતિ કરીને શ્રીજીમહારાજના સ્વરૂપનો સર્વોપરી અડગ નિશ્ચય કર્યો. ને પોતાના કુટુંબીને પણ એવો નિશ્ચય કરાવ્યો.

✵ વિપ્ર તલાને મહારાજે પાંચ શેર પેંડા જમાડ્યા :

વળી એક દિવસને સમય શ્રીજીમહારાજ સુતાર ભગવાનજીને ઘરે ઉગમણે બાર, પૂજા કરવાની જે ઓરડી તેમાં વસ્ત્રે કરી પલાંઠીવાળીને બેઠા હતા. તે સમે મોઢ વિપ્ર તલો મહારાજને દર્શને આવ્યો. ત્યારે શ્રીજીમહારાજે પૂછ્યું જે, "તલા, આજ તારે કેમ છે ?" પછી તલો બોલ્યો જે, "આજ તો ખાધા-પીધાનું કાંઈ નથી મળ્યું." પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "પેંડા જમશો." એમ કહીને બશેર દૂધ પેંડાની આજ્ઞા કરી. ત્યારે તલે કહ્યું જે, "બશેર પેંડા તો મારે ચટણીયે નહિ થાય." પછી

શ્રીજીમહારાજે ત્રણ શેરની આજ્ઞા કરી, પછી ચાર શેરની આજ્ઞા કરી. ત્યારે તલે કહ્યું જે, "પૂરું તો નહિ થાય." પછી પાંચ શેર પેંડા મંગાવ્યા. ત્યારે તલો કહે જે, "સંપૂર્ણ તો નહિ થાય, પણ કામ ચાલ્યું જાશે." પછી તે દૂધ-પેંડા જમવા મંડ્યો, ત્યારે વળી શ્રીજીમહારાજે પૂછ્યું જે, "હવે તારે કાંઈ જોઈએ તો મંગાવી દઈએ." ત્યારે તલે કહ્યું જે, "દહીંની રુચિ છે."

પછી મીઠીબાઈ જે એની માસી, તેને ઘેરથી પાંચ શેરનો પથ્થરનો વાટકો ભરીને દહીં મંગાવીને આપ્યું. પછી તે પેંડા તથા દહીં સર્વે જમી ગયો, પણ ઓડકાર આવ્યો નહિ. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "તુને આ પચશે કેમ ?" ત્યારે તે તલો કેડ બાંધીને ચાલ્યો, તે ચાર ગાઉનો આંટો ચાર ઘડીમાં કરીને પાછો આવ્યો. અને શ્રીજીમહારાજને કહ્યું જે, "જુઓ મહારાજ, મારું પેટ તો એવું ને એવું ભૂખ્યું છે, તે સાંભળીને શ્રીજીમહારાજ હસ્યા."

✹ સુતાર લક્ષ્મીબાઈના છોકરાને સાજો કર્યો :

એક દિવસને સમે શ્રીજીમહારાજ સુતાર ભગવાનના ઘેર ઉગમણે બાર જે પૂજા કરવાની ઓરડી તેમાં બિરાજમાન હતા. તે સમે સુતાર ભગવાનજીની બેન લક્ષ્મીબાઈ પોતાના છોકરાને બીજા ઘરમાં સુવાડીને દર્શન કરતી હતી. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "તારા છોકરાને ધવરાવી આવ ને પછી બેસ." પછી તે બાઈ છોકરા પાસે આવી, ને પાછી વળી આવીને દર્શન કરતી હતી. પછી વળી શ્રીજીમહારાજે કહ્યું જે, "તારા છોકરાને ધવરાવીને નિરાંતે બેસ." અને એમ બે-ત્રણ વાર કહ્યું. પછી તે બાઈ ઘરમાં જઈને છોકરાને ભોંયે સુવારીને માથે લૂગડું ઓઢાડીને વળી મહારાજ પાસે આવીને બેઠી.

પછી વળી શ્રીજીમહારાજ બોલ્યા જે, "તારો છોકરો આજ રોતો કેમ નથી ?" ત્યારે બાઈએ કહ્યું જે, "સૂઈ રહ્યો છે." ત્યારે શ્રીજીમહારાજ

પંડે ઉતાવળા ઊઠીને ઘરમાં પધાર્યા ને જોયું, ત્યાં તો છોકરાને ભોંયે સૂતો જોઈને કહ્યું જે, "છોકરો મરી ગયો છે કે શું ?" એમ કહીને ચરણમાં ચાખડી પહેરી હતી તેણે કરી, ઉપર ઓઢાડેલું લૂગડું કોરે કર્યું. પછી તે છોકરાને જોઈને શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ છોકરો તો કાંઈ મરે એમ નથી. આ તો ભૂખે મરે છે."

એમ કહીને શ્રીજીમહારાજ હેઠા બેઠા ને છોકરાને ખોળામાં લઈને બોલ્યા જે, "આને જમવાને વાસ્તે લાવો, ત્યારે તે બાઈ ટાઢી ખીચડી ને દૂધ લઈ આવી. તે શ્રીજીમહારાજે ચોળીને છોકરાને પાયું. પછી તે છોકરો સારી પેઠે જાગૃત થયો. પછી તેને પાણી પાયું. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, **"છોકરાને કેવળ ભૂખે કરીને મંદવાડ છે, માટે ખાધા-પીધાની તજવીજ રાખજ્યો. ને એનું નામ કાનુડો પાડજ્યો."** એમ કહીને શ્રીજીમહારાજ પોતે સુતાર ભગવાનજીને ઘેર થાળ જમીને સુતાર હીરજીભાઈના ડેલામાં પધાર્યા. તે સુતાર હીરજીભાઈ તથા સુંદરજીભાઈને ઘેર તો મહારાજ નિરંતર રહેતા ને થાળ જમતા. ને જેઠી ગંગારામભાઈને ઘેર પણ શ્રીજીમહારાજ બહુ વાર પધાર્યા છે.


✵ ગંગારામભાઈને ત્યાં અન્નકૂટોત્સવ કર્યો :

એક સમે શ્રીજીમહારાજ આસો માસમાં જેઠી ગંગારામભાઈને ઘેર બિરાજમાન હતા અને કચ્છ, સોરઠ આદિ દેશના ઘણાક હરિજનો દર્શને આવ્યા હતા. તે મહારાજનું અલૌકિક રૂપ જોઈને અતિશે આનંદને પામ્યા. તે સમે જેઠી ગંગારામે હાથ જોડીને મહારાજની પ્રાર્થના કરી જે, "હે મહારાજ ! હવે થોડા દિવસમાં દીવાળી આવે છે, તે દીવાળીને દિવસ સૌ નવાં નવાં ભોજન કરીને જમે ને સારાં સારાં વસ્ત્ર-ઘરેણાં પહેરે. માટે સર્વ અવતારના અવતારી એવા જે તમે, તે આંહીં દીવાળીનો ઉત્સવ કરો ને હરિજનોને આનંદ આપો." એવી ગંગારામભાઈની પ્રાર્થના સાંભળીને શ્રીજીમહારાજે કહ્યું જે, "બહુ સારું, તમો સામાન તૈયાર કરાવો, ઉત્સવ કરીશું."

પછી દીવાળીને દિવસે શ્રીજીમહારાજે હરિજનોને બોલાવીને મોટો ઉત્સવ કર્યો. બીજે દિવસ અન્નકોટ આવ્યો. તે દિવસે જેઠી ગંગારામે મહારાજને જમાડવા સારુ અનેક પ્રકારનાં ભોજન ને વ્યંજન કરાવ્યાં. તે શ્રીજીમહારાજને અતિ હેતે કરીને જમાડ્યા. પછી મહારાજે જમીને સર્વે હરિજનોને જમાડ્યા. પછી હરિજનોએ શ્રીજીમહારાજને સુંદર તળાઈ ને ઓછાડે સહિત ઢોલિયા ઉપર બિરાજમાન કર્યા. તે સમે સર્વે હરિજનોએ પુષ્પ તથા કપૂરના હાર તથા કેસરચંદને કરીને પૂજા કરી.

✹ શ્રીહરિએ સમાધિ દ્વારા સર્વોપરી નિશ્ચય કરાવ્યો :

તે સમે કેટલાક હરિજનોના મનમાં એમ સંકલ્પ થયો જે, 'રામાનંદસ્વામી ભગવાન હશે કે આ નારાયણમુનિ ભગવાન હશે ?' તેવી રીતના સંકલ્પને જાણીને શ્રીજીમહારાજે તે સર્વેને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવવા સારુ તેમનાં નાડી-પ્રાણ ખેંચી લઈને સમાધિ કરાવી. **ને સર્વત્ર વ્યાપક ને અધો-ઊર્ધ્વ પ્રમાણે રહિત શીતળ શાંત એવું જે અક્ષરબ્રહ્મ, તેમાં જે દિવ્ય સિંહાસન, તે ઉપર જેવા પોતે તેમની દૃષ્ટિ આગળ અહીં બિરાજે છે તેવું પ્રથમ દર્શન આપ્યું.** પછી અતિ મનોહર ને મહાપ્રકાશમય દ્વિભુજ દિવ્ય મૂર્તિ ને અનંત પોતાના સાધર્મ્યપણાને પામ્યા જે દિવ્ય મુક્ત, તેમના સમૂહે સેવાને કર્યા થકા બિરાજમાન એવાં દર્શન આપ્યાં. અને રામાનંદસ્વામીને પણ મહારાજને સમીપે પંખો લઈને પવન નાંખતા દીઠા. પછી તે હરિજનો મહારાજને પગે લાગ્યા.


नारेरामानंदस्वामियेकह्युंजेसर्वांतर्यामीनेसर्वेनियंताभगवांन
पुरुषोत्तमतेतोसहजानंदस्वामिछेनेहुंतोतेमनोदासछुं॥ तेम
नांगुणोनेमुनेभगवानकेमजांणोछोनेहुंप्रथमतमनेकेतोहतोजे
हुंतोडुगडुगीनोवजाडनारछुंनेवेषनाभजावनारतोवासेआवसे
तेआसहजानंदस्वामीसर्वेश्रीकृष्णादिकअवतारनाकारणने
नियंताछे॥ नेमाटेतमोतेमनेभजजो

ત્યારે **રામાનંદસ્વામીએ કહ્યું જે, "સર્વાંતર્યામી ને સર્વનિયંતા ભગવાન પુરુષોત્તમ તે તો સહજાનંદસ્વામી છે, ને હું તો તેમનો દાસ છું.** તેમ જાણો ને મને ભગવાન કેમ જાણો છો ? ને હું પ્રથમ તમને કે'તો હતો જે હું તો ડુગડુગીનો વજાડનાર છું, ને વેશના ભજાવનાર તો વાંસે આવશે, તે **આ સહજાનંદસ્વામી સર્વ શ્રીકૃષ્ણાદિક અવતારના કારણ ને નિયંતા છે. તે માટે તમો તેમને ભજજો."**

એમ રામાનંદસ્વામીએ સમાધિમાં કહ્યું. પછી તે સર્વે હરિજનને મહારાજે સમાધિમાંથી જગાડ્યા. તે હરિજનોએ પણ જાગીને મહારાજને વિનયયુક્ત થકા દંડવત્પ્રણામ કર્યા. પછી સમાધિમાં જેવો મહારાજનો પ્રતાપ દીઠો, તે જોઈને ઘણીક પ્રાર્થના કરી. અને શ્રીજીમહારાજના સ્વરૂપનો દૃઢ નિશ્ચય કર્યો. એવી રીતે શ્રીહરિએ જેઠી ગંગારામને ઘેર દીવાળી તથા અન્નકોટનો ઉત્સવ કર્યો. અને જેઠી ગંગારામભાઈએ વારંવાર થાળ પણ કરીને બહુ જ મહારાજને જમાડ્યા છે.

✵ થાળ, પધરામણી તથા ગંગારામ સાથે મલકુસ્તી :

અને કાયસ્થ મહેતા નાથજીના દીકરા નારાયણજી તથા મહેતા શિવરામભાઈ તથા મહેતા હરજીવનભાઈ તથા તેમની બેન લાધીબાઈ તથા ચાંગબાઈ તે સર્વેને ઘેર શ્રીજીમહારાજ ઘણી વાર પધાર્યા છે. અને તે સર્વેએ થાળ કરીને વારંવાર મહારાજને પધરાવીને રૂડી રીતે જમાડ્યા છે. શ્રીજીમહારાજ જેટલા દિવસ ભુજનગરમાં રહ્યા તેટલા દિવસ પર્યંત નિત્ય એક વાર લાધીબાઈને ઘેર દયા કરીને પધારે, તેમાં ફેર પડે નહિ. અને હરખબાઈ તથા બીજા સત્સંગી પણ નોતરું દઈને પોતપોતાને ઘેર જમાડતાં હતાં. અને વળી શ્રીજીમહારાજ જેઠી ગંગારામની સાથે ઘણીક પ્રકારે મલવિદ્યાના દાવપેચે કરીને રમત કરતા હતા. તે જેઠી ગંગારામ પણ ઘણાક પ્રકારના દાવપેચને કરતા હતા, તોપણ તે શ્રીજીમહારાજને જીતી શકતા નહીં ને મહારાજ તો એમને સહેજમાં પાડી નાંખતા. એવી રીતે ઘણાક દિવસ પર્યંત લીલા કરી હતી.

✵ હરબાઈના પ્રેમથી શ્રીજી પચીસ માણસનું જમી ગયા :

એક દિવસે સુતાર જીવરામની માતુ હરબાઈને શ્રીજીમહારાજે કહ્યું જે, "કાલ તમારે ઘેર જમવા આવશું, તે રસોઈ કરજો." ત્યારે તે ડોસીએ કહ્યું જે, "હું તો નહિ જમાડું." ત્યારે મહારાજ કહે જે, "શા સારુ નહિ જમાડો ?" ત્યારે ડોસી કહે જે, "મારું કહ્યું તમે બરાબર માનો નહિ, તે માટે નહિ જમાડું." તોપણ જોરાયે શ્રીજીમહારાજે નોતરું ઠરાવ્યું. પછી જેઠી ગંગારામ તથા ઠક્કર ઉકાભાઈને રસોઈના સામાનની ભલામણ કરાવી.

પછી જેઠી ગંગારામભાઈ તથા ઠક્કર ઉકાભાઈએ તે ડોસી પાસે જઈને સામાનનું પૂછ્યું. ત્યારે ડોસીએ તો રીસમાં કાંઈ જવાબ દીધો નહિ. પછી જેઠી ગંગારામભાઈ તથા ઉકાભાઈ એ બે બજારમાં જઈને બ્રાહ્મણ કંદોઈની દુકાનેથી તાજી જલેબી તથા ઘેબર તથા સાટા તે કરાવીને લઈ આવ્યા. પછી હરબાઈનાં ઘરનાં સર્વેએ મળીને આખી રાત જાગીને ભાત-ભાતની રસોઈ કરી, ને ઘણા આનંદથી જાગરણ કર્યું.

તે પછી શ્રીજીમહારાજ સવારના પહોરમાં જમવા પધાર્યા. પછી સુતાર હરબાઈને ઘેર ઉત્તરાદે બાર ઓરડાની ઓસરીએ જમવા બેઠા. પછી શ્રીજીમહારાજે હરબાઈને કહ્યું જે, "તમે પીરસો." ત્યારે હરબાઈ કહે જે, "હું નહિ પીરસું, કેમ જે હું પીરસું તેટલું જમો તો હું પીરસું." પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "જમશું." ત્યારે હરબાઈ પીરસવા લાગ્યાં. પછી શ્રીજીમહારાજ જમવા લાગ્યા ને મંદમંદ હસ્યા. પછી જમતા થકા શ્રીજી બોલ્યા જે, "હવે અમે જમીને તૃપ્ત થયા." તેવું સાંભળી હરખબાઈ તો જોરાવરીએ ઘણું પીરસવા લાગ્યા. પછી તેમાંથી પાસે જમવા બેઠેલા હતા જે સંત, તેમને મહારાજ આપવા લાગ્યા. તે જોઈને હરબાઈ ઘણીક રીસ ચડાવીને બોલ્યા જે, "મહારાજ ! હવે તમને જમવાનું તેડે અથવા પીરસે તેનો બાપ જ

ખોટો !" એમ કહીને બીજા ઘરના ઓરડાની સાંકળ દઈને સૂઈ રહ્યાં. પછી શ્રીજીમહારાજ સારી પેઠે જમ્યા ને સર્વેને પ્રસાદી આપીને પોતે ચળુ કરીને ડેલામાં પધાર્યા.

પછી હરબાઈને દશ ઉપવાસ થયા તોપણ કોઈને મોઢું દેખાડે નહિ. પછી શ્રીજીમહારાજે જેઠી ગંગારામભાઈ તથા સુંદરજીભાઈ પાસે પંચાત (સમજુતી) કરાવી. ત્યારે ડોસી બોલ્યાં જે, "હું પીરસું તેટલું મહારાજ જમે તો હું જમું." એમ કહ્યું. ત્યારે મહારાજે કહ્યું જે, "રસોઈ કરાવો જમશું." પછી તે ડોસીએ ઉપવાસ મૂક્યા ને જમ્યાં. પછી શ્રીજીમહારાજને નોતરું દઈને જેવી પહેલી રસોઈની સામગ્રી કરી હતી તેવી પાછી કરી.

પછી શ્રીજીમહારાજ સવારના પોરમાં જમવા પધાર્યા, ને ઉત્તરાદે બાર ઓરડાની ઓસરીએ જમવા બેઠા. પછી હરબાઈ પીરસવા લાગ્યાં ને જે જે પીરસ્યું તેને શ્રીજીમહારાજ સર્વે જમી ગયા. એમ જમતાં જમતાં પચીસ માણસ જમે તેટલું જમી ગયા. પછી વાંસે કાંઈ રહ્યું નહિ ને સર્વે ખૂટી ગયું. ત્યારે શ્રીજીમહારાજ કહે, "લાવો જમીએ."

ત્યારે હરબાઈએ હાથ જોડીને કહ્યું જે, "હે મહારાજ ! રસોઈ તો સર્વે ખૂટી ગઈ ને હવે બેસો તો ફેર રસોઈ કરું." પછી શ્રીજીમહારાજે હસીને કહ્યું જે, "તમે રાજી થયા એટલે બસ." એમ કહીને પછી ચળુ કર્યું ને પાછા સુતાર હીરજીભાઈના વંડામાં પોતાને ઉતારે પધાર્યા. એવી રીતે અનેક પ્રકારની લીલા શ્રીજી કરી છે.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'ભુજમાં સુંદરજી, હીરજી બેને મનમાં સંકલ્પ થયો જે ઘેર બાઈયું અને મહારાજ એકલા રહે તે સારું નહિ તથા હરબાઈનો ભાવ જમીને તેને રાજી કર્યા' એ નામે સાતમો અધ્યાય ॥૭॥

અધ્યાય - ૮

હીરજી સુતારના દીકરાને ૫૦ વર્ષની આયુષ દીધી

એક દિવસે સુતાર કુંવરજીએ શ્રીજીમહારાજને પોતાને ઘેર નોતરું દઈને પધરાવ્યા ને સુંદર થાળ કરીને શ્રીજીમહારાજને જમાડ્યા. પછી ચંદન ચરચીને હાર પેરાવીને વસ્ત્ર ઓઢાડીને હાથ જોડીને સ્તુતિ કરીને કહ્યું જે, "હે મહારાજ ! આજ અમારો જન્મ સફળ થયો અને અમારાં ઘર પણ પવિત્ર થયાં. માટે આપ અહીં ભલે પધાર્યા, જેથી અમને કૃતાર્થ કર્યા." પછી શ્રીજીમહારાજ પાછા સુતાર હીરજીભાઈના ડેલામાં પધાર્યા. ત્યાં હીરજીભાઈના દીકરા રણછોડભાઈ અતિશે માંદા થયા ને દેહની સ્મૃતિ પણ ન રહી.

ત્યારે હીરજીભાઈ મહારાજ પાસે આવીને પ્રાર્થના કરવા લાગ્યા જે, "હે મહારાજ ! અમારો દીકરો રણછોડ બહુ માંદો છે ને દેહ પડી જાય તેમ છે; માટે દયા કરીને તેને દર્શન દેવા પધારો !" પછી મહારાજ વંડીમાંથી ઊઠીને રહેણાકના ઘરના ખોરડાની ઝાળિયાવાળી ઓસરીમાં રણછોડભાઈનો ખાટલો ઢાળેલો ત્યાં પધાર્યા. અને રણછોડભાઈની છાતી ઉપર મહારાજે પોતાનો જમણો ચરણ મેલ્યો. અને મેઘના સરખી ગંભીર વાણીએ કરીને બોલ્યા જે, "રણછોડ...રણછોડ...કેમ છે ?" ત્યારે રણછોડભાઈએ પોતાની આંખ ઉઘાડીને જોયું. ત્યારે મહારાજે ફરીને કહ્યું જે, "રણછોડ, અમને ઓળખે છે ? અમે કોણ છીએ ?" ત્યારે રણછોડભાઈ બોલ્યા જે, "હા મહારાજ ! તમને ઓળખું છું, તમે અમારા ગુરુ છો અને સાક્ષાત્ ભગવાન છો."

તે વખતે શ્રીજીમહારાજ હીરજીભાઈ પાસે બોલ્યા જે, "હીરજીભાઈ, આ તમારા દીકરા રણછોડ અને સુંદરજીભાઈના દીકરા રાઘવજી એ બે પૂર્વજન્મમાં સાધુ હતા, પણ ભગવાન ભજતાં સંસારની વાસના રહી ગઈ; તેથી એકે તમારે ઘેર જન્મ લીધો ને બીજે સુંદરજીભાઈને ઘેર જન્મ લીધો છે. માટે આ વખતે આ રણછોડનું

આયુષ પૂરું થઈ રહ્યું છે. આજથી અમે તેને પચાસ વરસનું આયુષ આપીએ છીએ. તે માટે તેનું મૃત્યુ તમે નહિ દેખો." એમ કહીને શ્રીજીમહારાજે રણછોડભાઈ સામું અમૃત દૃષ્ટિએ કરીને જોયું. તે દિવસથી રણછોડભાઈને આરામ થતો ગયો ને સાજા થયા.

❋ માનકૂવા તથા ભુજના સરોવરમાં સ્નાનલીલા :

પછી શ્રીજીમહારાજ કહે, "અમારે માનકૂવે જાવું છે." પછી હરિજન સર્વે વાજિંત્ર લાવ્યા ને મહારાજને ગાજતે-વાજતે વળાવવા ગયા. મહારાજ પણ સર્વેને પાછા વાળીને ત્યાંથી ચાલ્યા, તે માનકૂવે પધાર્યા. ત્યાં તેજસી સુતારને ઘેર ઊતર્યા. ત્યાં નિત્યે વિચેન્દ્ર તલાવડીમાં સ્નાન કરવા જતા અને મહાદેવનાં દર્શન કરતા. અને કેટલીક વખત કોડકીની ગંગામાં સ્નાન કરવા પધારતા અને મહાદેવનાં દર્શન કરતા. અને ત્યાંથી ચાલ્યા તે પાછા **માનકૂવે** પધાર્યા. અને ગામના સર્વે હરિજનો પોતપોતાને ઘેર રસોઈ કરાવીને શ્રીજીમહારાજને સંત-પાર્ષદે સહિત જમાડતા. પછી શ્રીજીમહારાજ પણ તે ભક્તજનોને પોતાના સ્વરૂપનો મહિમા કહેતા. ત્યાં દશ દિવસ રહીને પાછા **ભુજનગર** પધાર્યા, ને સુંદરજી સુતારને ઘેર ઊતર્યા. ભુજનગરમાં રહ્યા થકા શ્રીહરિ નિત્ય પ્રત્યે હમીર સરોવરમાં સંતે સહિત સ્નાન કરવા પધારતા. અને ભુજનગરના હરિજનો શ્રીજીમહારાજને સંત-પાર્ષદે સહિત પોતપોતાને ઘેર રસોઈ કરાવીને જમાડતા. શ્રીહરિ પણ કૃપા કરીને ભક્તજનની સેવાને અંગીકાર કરતા અને નિત્યે સભા કરાવીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તેનાં સ્વરૂપ સંબંધી ઘણીક વાર્તાઓ કરતા.

❋ રામભક્ત સેજબાઈને શ્રીજીનો નિશ્ચય થયો :

પછી કોઈક દિવસ સુતાર ભગવાનજીના દીકરાની સ્ત્રી સેજીબાઈને સત્સંગ થયો. તે બાઈ સત્સંગ થયા મોર્ય રામાનંદીના પંથમાં હતાં. તે નિત્યે રઘુનાથજીના મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરવા જાય. પછી

જ્યારે શ્રીજીમહારાજ ભુજમાં પધાર્યા અને હીરજીભાઈની ઓરડીમાં બિરાજમાન થયા, ત્યારે તે સેજીબાઈએ પ્રથમ પહેલાં મહારાજનાં દર્શન કર્યાં. ત્યારે શ્રીજીમહારાજની મૂર્તિમાં રઘુનાથજીની મૂર્તિ દેખાણી. પછી રઘુનાથજીનાં દર્શન કરવા ગયા ત્યાં મંદિરમાં રઘુનાથજીની મૂર્તિમાં દિવ્ય તેજોમય મહારાજની મૂર્તિ દેખાણી. એવી રીતે કેટલાક દિવસ સુધી એમ દર્શન થયાં.

પછી સેજીબાઈના મનમાં એવો સંકલ્પ થયો જે, 'આ સ્વામિનારાયણ ચમત્કારી છે. કેમ જે, હું પ્રથમ રઘુનાથજીનાં દર્શન કરવા જતી તે વખત મારા મનમાં આટલો પ્રેમ નોતો ને આ સ્વામિનારાયણનાં દર્શન કર્યાં ત્યારથી ભગવાનમાં મારો પ્રેમ અધિક વૃદ્ધિ પામ્યો. માટે એ નિશ્ચય ભગવાન જણાય છે.' એવો સંકલ્પ થયો ત્યારે શ્રીજીમહારાજ કહે, "કેમ બાઈ સત્સંગ કરશો ?" ત્યારે સેજીબાઈ કહે, "હા મહારાજ !" પછી વ્રતમાન ધારીને સત્સંગી થયાં.

પછી પોતે વિચાર કર્યો જે, 'હવે રઘુનાથજીની મૂર્તિમાં મહારાજની મૂર્તિ દેખાશે કે નહીં ?' એમ વિચાર કરીને રઘુનાથજીનાં દર્શન કરવા ગયાં. ત્યાં તો મંદિરમાં એકલી શ્રીજીમહારાજની મૂર્તિ દીઠી, પણ બીજી મૂર્તિ ન દીઠી. એવો શ્રીજીમહારાજનો પ્રતાપ જોઈને તે બાઈએ મહારાજના સ્વરૂપનો અડગ નિશ્ચય કર્યો. અને જ્યારથી એમને સત્સંગ થયો ત્યારથી તે બાઈને સમાધિ થવા લાગી.

પછી એક દિવસ શ્રીજીમહારાજે તે સેજીબાઈને સમાધિમાં તેની મા મરીને જમપુરીમાં ગયેલી તેને દેખાડી. પછી શ્રીજીમહારાજે સેજીબાઈને કહ્યું જે, "સેજીબાઈ ! તમારી મરજી હોય તો તમારી માનું કલ્યાણ કરીએ." ત્યારે સેજીબાઈ કહે, "મહારાજ ! તમારી ઈચ્છા." પછી શ્રીજીમહારાજે સેજીબાઈના દેખતાં તેની માને જમપુરીમાંથી કાઢીને બદરિકાશ્રમમાં મૂક્યાં. એવી રીતે શ્રીજીમહારાજે ભુજનગરમાં પોતાનો પ્રતાપ પ્રગટ કર્યો.

✵ બાળક હરિને શ્રીહરિએ અંગૂઠો ધવરાવીને પુષ્ટ કર્યો :

એક દિવસ હીરજીભાઈના દીકરા હરિભાઈ તે ધાવણા હતા. ત્યારે તેની માતાને શરીરે મંદવાડ હોવાથી બાળકનું ખાધેપીધે પોષણ ન થયું, તેથી બાળક અતિ દૂબળો થઈ ગયો. તેને જોઈને મહારાજ કહે, "આ હરિભાઈને તેની માતા કેમ પોષણ કરતી નથી ?" ત્યારે કોઈએ કહ્યું, "જે તેને મંદવાડ છે."

પછી મહારાજ કહે, "આ હરિભાઈને અમે પોષણ કરશું." એમ કહીને હરિભાઈને મહારાજે પોતાના જમણા ચરણારવિંદનો અંગૂઠો મુખમાં ચૂસવા આપ્યો અને તેમાં અમૃતરસ મૂક્યો. એવી રીતે જ્યારે જ્યારે તે બાળક ભૂખ્યો થાય ત્યારે ત્યારે મહારાજ પોતાનો અંગૂઠો મુખમાં ધાવવા આપતા. તેણે કરીને થોડા દિવસમાં તે બાળક અતિ પુષ્ટ થયો. તેને જોઈને સૌ અતિ આશ્ચર્ય પામ્યા. આવી રીતે મહારાજ હીરજીભાઈના ઘરમાં રહ્યા છતા પોતાનો પ્રતાપ દેખાડતા હતા.

✵ વઢવાણના ગંગારામવિપ્રને મનુષભાવ આવ્યો તે હરિએ ટાળ્યો :

એક દિવસ શ્રીજીમહારાજ સુતાર સુંદરજીભાઈને ઘેર બિરાજમાન હતા. તે સમે ગામ વઢવાણનો બ્રાહ્મણ ગંગારામ મહારાજનાં દર્શન કરવા સારુ ત્યાં આવ્યો. શ્રીજીમહારાજનાં દર્શન કરીને સુંદરજીભાઈને ઘેર રહ્યો. પછી મહારાજ સુંદરજીભાઈને ઘેરથી ઊઠીને ગંગારામભાઈને ઘેર ગયા. ત્યારે તે બ્રાહ્મણ મહારાજ સંગાથે ચાલ્યો. ને પછી મહારાજ દરબારના રાજગઢના દરવાજા સામે દક્ષણાદી દિશે હાથીખાના પાસે ઓરડીમાં સોઢો ગરાસિયો રહેતો, તેણે બોલાવ્યા સતા તે પાસે જઈને તેના આગળ હિંસાના નિષેધની ને માંસભક્ષણના નિષેધની વાત કરવા લાગ્યા. તે વાત કરતાં કરતાં મહારાજ બોલ્યા જે, "તમારા મુસલમાનના કુરાનમાં પણ હિંસાનો નિષેધ કર્યો છે." એમ બોલ્યા.

તે સાંભળીને તે ગરાસિયો બોલ્યો જે, "મહારાજ ! અમો તો ગરાસિયા છીએ, મુસલમાન નથી." ત્યારે મહારાજ કહે, "ઠીક, તમે ગરાસિયા છો." પછી વળી વાત કરતાં કરતાં મહારાજે કહ્યું જે, "તમારા મુસલમાનના શાસ્ત્રમાં પણ આમ છે." ત્યાં તો તે ગરાસિયો બોલ્યો જે, "મહારાજ! અમે ગરાસિયા છીએ, મુસલમાન નથી." એમ ગરાસિયાએ કહ્યું ને વળી મહારાજે ત્રીજી વાર પાછું એમ ને એમ કહ્યું.

ત્યારે પેલા બ્રાહ્મણને સંશય થયો જે, 'આપણે મનુષ્ય પણ તરત ને તરત ન ભૂલીએ, ને આ તો વારંવાર ભૂલી જાય છે. માટે ભગવાન કેમ કહેવાય ?' એમ સંદેહ પડ્યો. પછી તેણે વિચાર કર્યો જે, 'હવે હું સવારે ઘેર જાઉં.' એમ વિચારીને રાત્રીએ સૂઈ રહ્યો. ત્યારે મહારાજે સ્વપ્નમાં તેને દર્શન દીધાં ને સુંદર પાકેલાં બે લીંબુ હાથમાં લઈને બોલ્યા જે, "તમને અમારી મનુષ્યચેષ્ટા જોઈને સંશય થયો, તે લ્યો આ લીંબુ ચૂસી જાઓ. તમારો સંશય ટળી જાશે."

એમ કહીને મહારાજ અદૃશ્ય થઈ ગયા. અને બ્રાહ્મણ સવારમાં ઊઠ્યો ને જવા તૈયાર થઈને મહારાજને દર્શને આવ્યો. ત્યારે મહારાજે તેને સ્પપ્નમાં જે લીંબુ પોતે દેખાડ્યાં હતાં તે લીંબુ હસ્તમાં લઈને પોતે બોલ્યા જે, "લ્યો આ લીંબુ ચૂસી જાઓ, તમારો સંશય ટળી જાશે." એવાં શ્રીહરિનાં વચન સાંભળીને તે બ્રાહ્મણનો સંશય ટળી ગયો. અને મહારાજના સ્વરૂપનો પરિપક્વ નિશ્ચય થયો. એવી રીતે ભુજનગરમાં ઘણાક દિવસ રહીને ઘણોક ચમત્કાર બતાવતા હતા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'ભુજમાં મહારાજ રણછોડભાઈને દર્શન દેવા પધાર્યા ને મંદવાડમાંથી સાજા કર્યા ને ઘણા દિવસ રહીને બહુ ચમત્કાર જણાવ્યો' એ નામે આઠમો અધ્યાય ॥૮॥

અધ્યાય - ૯

તેરામાં પ્રાગજી દવે પાસે કથા વંચાવવાનો આરંભ

પછી શ્રીજીમહારાજ **માનકૂવે** પધાર્યા. અને ત્યાં થોડાક દહાડા રહીને **તેરે** પધાર્યા. ત્યાં સુતાર નોંઘાને ઘેર ઊતર્યા ને મહારાજ ત્યાં બ્રાહ્મણ પાસે કથા વંચાવતા હતા. તે જ્યારે વાંચવા બેસે ત્યારે તે બ્રાહ્મણ એમ બોલે જે, "મહારાજ ! તમને કાંઈ શંકા થાય તો પૂછજો." એમ નિત્યે બોલે. પછી કોઈક દિવસ મહારાજે એવો પ્રશ્ન પૂછ્યો કે તેનો બ્રાહ્મણને ઉત્તર ન આવડ્યો. એટલે કચ્છ દેશનો ને વળી ભણેલો બ્રાહ્મણ તે એમ બોલ્યો જે, "તમે ભરી સભામાં મારી લાજ લીધી." એમ કહીને પોથી બાંધીને રિસાઈને ચાલી નીસર્યો.

પછી બીજે દિવસે મહારાજે તેને માણસ મોકલીને બોલાવ્યો, તોય તે ન આવ્યો. ત્યારે શ્રીજીમહારાજ હરિભક્તને કહે જે, "અમારે તો કથા વિના નહિ ચાલે." પછી ત્યાં પ્રાગજી દવેની મા મહારાજને દર્શને આવ્યાં. તેને મહારાજે પૂછ્યું જે, "અમારી પાસે તમારો દીકરો પ્રાગજી કથા કરશે ?" ત્યારે ડોસી બોલ્યાં જે, "મહારાજ ! એ તો હમણાં સારસ્વત ભણી રહ્યો છે. તે કાંઈક કાવ્ય-પુરાણના ગ્રંથ ભણે ત્યારે ઉક્તિ (અર્થનો ઉકેલ) થાય અને કથા પણ કરી શકે."

પછી મહારાજ બોલ્યા જે, "એને બોલાવો, જેવી આવડશે તેવી અમારા આગળ કથા કરશે." પછી તેને બોલાવ્યો અને તે મહારાજ પાસે આવ્યો. તેને મહારાજે પૂછ્યું જે, "પ્રાગજી, તું અમારી પાસે કથા વાંચીશ ?" ત્યારે તેણે પોતાની માની પેઠે જ ઉત્તર દીધો. ત્યારે મહારાજ બોલ્યા જે, "જેવું આવડે તેવું, તું તારે વાંચને !" પછી શ્રીમદ્ ભાગવત વાંચવા મંડ્યા. તે વાંચીને કથાની સમાપ્તિ થઈ રહ્યા પછી તેરેથી શ્રીજીમહારાજ કચ્છ દેશમાં જ્યાં જ્યાં ફર્યા ત્યાં ત્યાં પ્રાગજી દવે પાસે કથા કરાવતા. એવી રીતે કચ્છ દેશમાં ફરીને ગુજરાત થઈને જ્યારે મહારાજ ગઢડે પધાર્યા, ત્યારે તેને ભેળો લઈને ગયા.

✹ શ્રીહરિએ પ્રાગજી દવેને પ્રતાપ આપ્યો :

પછી તેની પાસે મહારાજે ભાગવતાદિક અષ્ટાદશ પુરાણ તથા અષ્ટાદશ સ્મૃતિ તથા કેટલાક વેદના ગ્રંથ તથા પદ્મનાભાનંદ સ્વામી સંન્યાસી પાસેથી કેટલાક અજાણ્યા દેશાંતરમાંથી પ્રાચિન ગ્રંથ મંગાવીને વંચાવ્યા, ને તેણે મહારાજ આગળ વાંચ્યા. ને મહારાજે તેને એવી સામર્થી આપી તે કેટલાંક કાવ્ય, પ્રકાશ આદિક કાવ્યના ગ્રંથ તથા અલંકારના ગ્રંથ, તે ભણ્યા વિના પણ કેટલાંક તેની પાસે વંચાવ્યા. અને નિત્યાનંદસ્વામી જેવા પંડિત હોય તેમનાથી પણ વિચાર્યા વિના કથા થાય નહિ, ને આ તો મહારાજના પ્રતાપથી વિચારવું ન પડે ને અશુદ્ધ હોય તે શુદ્ધ વંચાય, તથા અર્ધો પોણો કે પા શ્લોક હોય તે સંપૂર્ણ વંચાઈ જાય. ને મહારાજના પ્રતાપથી એક આસને ને એક પલાંઠીએ મહારાજ આગળ નિત્યે વીસ-પચીસ અધ્યાય વાંચે, પણ માથું તથા કેડ ન દુઃખે ને થાક પણ લાગે નહીં. એવી એને શ્રીજીમહારાજે સામર્થી આપી.

તે ભાગવતમાં કહ્યું છે જે, **"मुकं करोति वाचालं"** એવી રીતે સહજાનંદસ્વામીએ તેરામાં પોતાને પ્રતાપે પ્રાગજી દવે પાસે કથા વંચાવવાનો આરંભ કરાવ્યો. ને કથા ચાલતી કરી તે દવે પ્રાગજી શ્રીમદ્ ભાગવતની કથા કરતા.

પછી સુતાર નોંઘાએ પોતાને ઘેર રસોઈ કરાવીને શ્રીજીમહારાજને પગે લાગીને હાથ જોડીને કહ્યું જે, "હે મહારાજ ! થાળ થયો છે, તે જમવા પધારો." પછી શ્રીજીમહારાજ જમવા પધાર્યા. ને પછી જમીને ચળુ કર્યું ને પછી સુતાર નોંઘાએ સાધુને તથા પાળા તથા સત્સંગી સર્વેને જેમ ઘટે તેમ જમાડ્યા. અને પછી શ્રીજીમહારાજે સાધુને આજ્ઞા કરી જે, "સાધુને ઝોળી માગીને ગોળા વાળીને જમવા. તેમાં અન્ન પૂરું ન થાય તો સત્સંગી પૂરું કરજો."

પછી સાધુ ગામમાં માગવા જાય. તે જો પૂરું ન થાય તો સત્સંગી જોઈએ તેટલું આપીને પૂરું કરે. અને શ્રીજીમહારાજને તો સત્સંગી સર્વે વારાફરતી થાળ કરીને પ્રીતિ સહિત નિત્ય પ્રત્યે જમાડતા. ને જે બાર્યના સત્સંગી આવે તેને પણ સત્સંગી નિત્યે જમાડતા ને સત્સંગી કથા સાંભળતા. પછી શ્રીજીમહારાજ શ્રીમદ્ભાગવતમાંથી જે શ્લોક પોતાની નજરમાં આવે તે જોઈ જોઈને પોતે લખાવ્યા. તે પાનાં પાંચસોને આશરે છે. તે પ્રસાદીનાં પાનાં ભુજની સુખશૈયાના મંદિરની કોળીના કપાટમાં (કબાટમાં) છે.

✵ બ્રહ્મચારી વગેરેને સુતા મૂકી શ્રીહરિ ચાલી નીકળ્યા :

તે તેરાના રાજા દેવોજી પણ કથા સાંભળવા ઘણાક દિવસ આવતા. તેને શ્રીજીમહારાજ જ્ઞાનવાર્તા કરતા. એક દિવસ રાત્રી અરધી ગયા પછી સર્વે મનુષ્ય સૂઈ ગયા. પછી પોતે તથા બ્રહ્મચારી મૂળજી તથા ડુંગરજી એ ત્રણ જણ ચાલી નીસર્યા. દરવાજે ગયા ત્યારે તે દરવાજા બંધ કરેલ હતા. ત્યારે મૂળજી બ્રહ્મચારીએ કહ્યું જે, “દરવાજે તથા બારીએ તાળાં દીધાં છે, તે બહાર કેમ જવાશે ? ને ચોકિયાત પણ બેઠા છે.” એમ કહ્યું. તે સાંભળીને શ્રીજીમહારાજે આજ્ઞા કરી જે, “તમે બારીના તાળાને હાથ ફેરવી તો જુઓ, તાળું તો ઉઘાડું જ પડ્યું છે. ને ચોકિયાત પણ કોઈ નથી.”

પછી બ્રહ્મચારીએ જોયું ત્યાં તો તે બારીનું તાળું તો ઉઘાડું જ પડ્યું હતું. પછી તે બારીને ધીરે રહીને ઉઘાડીને ત્રણ જણ નીસર્યા ને બારીને વાસી દઈને ચાલ્યા, તે ત્રણે જણા ખેતરમાં જઈને બેઠા. પછી શ્રીજીમહારાજે બ્રહ્મચારીને કહ્યું જે, “તમે બે જણા સૂઈ જાઓ ને અમે જાગીશું.” ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, “મહારાજ ! તમે પોઢી જાઓ, અમે જાગીશું.” પછી શ્રીજીમહારાજ પોઢ્યા ને બ્રહ્મચારી ને ડુંગરજી એ બે જણ જાગ્યા. પછી જાગતાં જાગતાં ઊંઘવા માંડ્યું. તે

જોઈને શ્રીજીમહારાજ ઊઠ્યા ને કહ્યું જે, “તમે બે જણા ઊંઘી જાઓ, અમે જાગશું.” પછી મૂળજી બ્રહ્મચારી ને ડુંગરજી બે જણ સૂઈ ગયા ને શ્રીજીમહારાજ જાગ્યા.

પછી તે બે સૂઈ ગયા ત્યારે શ્રીજીમહારાજ ઊઠીને ચાલી નીસર્યા, તે સિંધમાં જવાનો વિચાર કર્યો. પછી ગામ તેરાના હરિભક્ત સર્વે જાગ્યા. ત્યાં તો શ્રીજીમહારાજને પલંગ ઉપર દીઠા નહિ ત્યારે સર્વે આકુળવ્યાકુળ થઈને ખોળવા નીસર્યા. તે સર્વે હરિભક્તનાં ઘર ફરીને જોયાં પણ ક્યાંય શ્રીજીમહારાજનો પતો લાગ્યો નહિ. ત્યારે દરવાજે ગયા ત્યાં તો દરવાજે ને બારીએ તાળાં વાસેલાં જોઈને, ચોકિયાત બેઠા હતા તેને સુતાર સિંઘજીભાઈએ પૂછ્યું જે, “આંઈ કોઈ ત્રણ જણ આવ્યા હતા ?” ત્યારે ચોકીવાળે કહ્યું જે, “આંહીં તો કોઈ આવ્યું નથી ને દરવાજે ને બારીએ તો તાળાં વાસ્યાં છે; તે કેમ કરીને જાય ?” પછી તે હરિભક્ત સર્વે ઉદાસ થઈને પાછા ઘેર આવીને સૂઈ ગયા.

હવે ખેતરમાં ઊંઘેલા જે બ્રહ્મચારી મૂળજી તથા ડુંગરજી તે જાગ્યા. ત્યાં શ્રીજીમહારાજને ન દીઠા તેથી તે બે જણ રોવા લાગ્યા ને ઉદાસ થઈ ગયા. રાત્રી પણ પાછલી બે ઘડી હતી. પછી શ્રીજીમહારાજનાં ચરણારવિંદ જોઈને ખોળવા ચાલ્યા, પણ મહારાજનાં પગલાં કોઈ માર્ગમાં દીઠાં નહિ. પછી ઉજાડમાં (રણમાં) દીઠાં, તે ચાલતે ચાલતે મહારાજે પગમાં મોજડિયું હતી તે માર્ગમાં પડી મૂકેલી, તેને જોઈને ઉપાડી લીધી. પછી વળી આગળ ચાલ્યા, ત્યાં તો શ્રીજીમહારાજે ચોફાળ ઓઢવાનો હતો તે પડતો મૂકેલો. ત્યારે તેને જોઈને પણ ઉપાડી લીધો. વળી ખોળવા ચાલ્યા તે દિવસ ઘડી ચાર ચડ્યો ત્યાં સુધી ખોળ્યા.

પછી તો શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પણ દીઠાં નહિ. પછી આશા મેલીને બે જણ પાછા વળ્યા તે કાળેતળાવ આવ્યા. પછી શ્રીજીહારાજ તો ત્યાંથી ચાલ્યા, તે ચાલતે ચાલતે મધ્યાન થયા ત્યાં

સુધી ઉજડ માર્ગે સિંધ મુલકને સામે ચાલ્યા. તે સાત ગાઉ જખૌના(એ નામક કચ્છમાં આવેલ બંદર) સમુદ્રને પામ્યા. તે સમુદ્રમાં બાર ગાઉ ચાલ્યા, **તે સમુદ્રે મૂર્તિમાન આવીને ઘણીક પ્રાર્થના કરી.**

❋ મુસ્લીમ સમેજાને સ્થિતિવાળો કર્યો :

પછી વળી મહારાજને એમ વિચાર થયો જે, 'અમારા હરિભક્ત સર્વે અમ વિના રોતા હશે !' એમ વિચારીને પાછા સાંજે ગામ **કાળાતળાવ**ની સીમમાં આવ્યા. ત્યાં એક મુસલમાન (સમેજો) હળ હાંકતો હતો. તેને શ્રીજીમહારાજે પૂછ્યું જે, "પાણી ક્યાંય હોય તો અમને બતાવો. અમને તરસ બહુ લાગી છે."

પછી તે મુસલમાને હળ ઊભું મેલીને શ્રીજીમહારાજને પાણી દેખાડ્યું. ત્યારે શ્રીજીમહારાજે પોતાના હાથ ને ચરણારવિંદને ધોઈને પાણી પીને તે મુસલમાન ઉપર કૃપાદૃષ્ટિ કરી. ત્યારે તે મુસલમાનને સમાધિ થઈ ગઈ, તે શ્રીજીમહારાજ સામું જોઈ રહ્યો. પછી પોતે હળ હાંકવા માંડ્યો ત્યાં પણ મૂર્તિ દેખે તથા બોરડી ખોદવા મંડ્યો ત્યાં પણ મહારાજની મૂર્તિ દેખે. ત્યારે મૂંઝાઈને સૂઈ રહ્યો, ત્યાં સોડમાં પણ મૂર્તિ દેખાણી. પછી મહારાજ ચાલ્યા ત્યારે તે મુસલમાન પણ પાછળ ચાલ્યો. ત્યારે મહારાજે કહ્યું જે, "તમે તમારું કામ કરો, અમારી કેડે આવશો નહીં."

ત્યારે તે મુસલમાન બોલ્યો જે, **"હે મહારાજ ! હું જ્યાં જોઉં છું ત્યાં તમારી મૂર્તિ જ દેખું છું; બીજું કાંઈ દેખતો નથી. હવે ક્યાં જાઉં ? ને હું તમને નહિ મેલું ને જો તમને મેલું તો તમારા ભેળું પાછું કેમ થવાય ને દર્શન પણ કોઈ દિવસ થાય નહિ. માટે હે મહારાજ! હું તમને નહિ મેલું."** ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "અમે ગામ કાળાતળાવમાં સુતાર ભીમજીને ઘરે ઊતરશું, ત્યાં તમે આવજ્યો; ત્યાં અમારાં દર્શન થાશે."

✹ શ્રીહરિએ કૃપા કરી તેરાના ભક્તોને તેડાવ્યા :

પછી શ્રીજીમહારાજ દિવસ કલાક હતો ત્યારે ભીમજીને ઘેર પધાર્યા. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, “અમારા પગમાં કાંટા બહુ વાગ્યા છે, તે કાઢો ને તેરાના હરિભક્ત સર્વેને ખબર કરો જે મહારાજ આંહીં આવ્યા છે.” પછી ભીમજી સુતારે ગામ તેરે માણસ મોકલ્યું. પછી સુતાર હરભમે શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પોતાના ઢીચણ ઉપર મૂકીને અઢાર કાંટા કાઢ્યા. પછી પાણી ઊનું કરીને શ્રીજીમહારાજને બાજોઠ ઉપર પધરાવીને તેલ ચોળીને નવરાવ્યા. પછી સારી સુંદર ખીચડી ને કઢી કરીને જમાડી. પછી દૂધ ને સાકર જમવાને આપ્યું. તે પછી ચળુ કરીને આથમણો ઓરડો ને ઉગમણે બાર તેમાં ઢોલિયો ઢળાવીને તે ઉપર શ્રીજીમહારાજને પધરાવ્યા.

પછી સર્વે સત્સંગી આવીને બેઠા ને હાથ જોડીને વિનંતી કરવા લાગ્યા જે, “હે મહારાજ ! અમે તો ક્યાંય ના ક્યાંય રઝળતા હતા. તે કોણ જાણે ક્યાંય જાત ! પણ તમે અમારા ઉપર કૃપા કરીને ખોળી લીધા ને અમને કૃતાર્થ કર્યા ને અમારાં ઘર પણ તમારા ચરણની રજે કરીને પવિત્ર થયાં. અને આપ મહારાજ પધાર્યા તેથી અમારો જન્મ સુફળ થયો.” એમ વિનંતી કરે છે ત્યાં તો તેરાના સત્સંગી આવ્યા ને શ્રીજીમહારાજને પગે લાગીને બેઠા ને બોલ્યા જે, “હે મહારાજ ! અરધી રાત્રે ઊઠીને ચાલી નીસર્યા, તે ખોળી ખોળીને પાછા આવ્યા પણ કાંઈ ખબર જ પડી નહિ કે ક્યાં ગયા ! ને જ્યારે આપનાં દર્શન થયાં ત્યારે શાંતિને પામ્યા, ને થાક સર્વે ઊતરી ગયો. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, “રાત્રી અરધી ગઈ છે, માટે હવે સર્વે સૂઈ જાઓ.” પછી સર્વે ઊઠ્યા ને મહારાજ પણ પોઢ્યા.

અને સવારમાં વહેલા ઊઠીને બિરાજમાન થયા ને સર્વે સત્સંગી દર્શને આવ્યા. તે મહારાજને પગે લાગીને બેઠા ને પછી મહારાજ વાતું કરવા લાગ્યા જે, **“માયિક પદાર્થ ખોટાં છે અને નાશવંત છે. અને**

જીવાત્મા તો અજર, અમર ને અવિનાશી છે. તે ભગવાનનો આશરો કરીને ભજનસ્મરણ કરે તો ભગવાનના ધામને પામે ને સુખિયો થાય ને જન્મમરણ થકી જીવ તરી જાય ને ફરીને માતાના ઉદરમાં આવવું ન પડે." એમ શ્રીજીમહારાજે ઘણીક પ્રકારની વાર્તા કરી.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "હવે નાવા ચાલો." પછી શ્રીજીમહારાજ તથા સત્સંગી સર્વે નાવા ચાલ્યા ને નાઈ-ધોઈને સર્વે પાછા આવ્યા. અને ઘડીક વાર બેઠા ત્યારે રસોઈ થઈ. ત્યારે સુતાર ભીમજી આવીને બોલ્યા જે, "હે મહારાજ ! રસોઈ થઈ છે, માટે જમવા પધારો." પછી શ્રીજીમહારાજ જમવા પધાર્યા ને આથમણે બાર ઓરડાની ઓસરીએ જમવા બેઠા. પછી મહારાજ જમીને ચળુ કરીને ઊઠ્યા ને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અને પછી સાધુ, સત્સંગી તથા પાળા સર્વેને જમાડ્યા. પછી જમીને સર્વે સત્સંગી આવીને શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવ્યા. ત્યાં એક મુસલમાન આવ્યો. તે સુતાર ભીમજીને પૂછ્યું જે, "તમારે ઘેર અલ્લા છે ?"

ત્યારે સુતાર ભીમજી બોલ્યા જે, "અમારે ઘેર અલ્લા તો નથી, પણ એક સાધુ છે." ત્યારે તે બોલ્યો જે, "એ સાધુ મને દેખાડો." ત્યારે તેને તેડીને મહારાજનાં દર્શન કરાવ્યાં. ત્યારે તે મુસલમાન બોલ્યો જે, "આ સાધુ બેઠા તે જ પોતે અલ્લા છે. તે અલ્લાને તમે છાના કેમ રાખો છો ?" એમ કહીને બહુ બોલવા લાગ્યો.

ત્યારે શ્રીજીમહારાજે તે મુસલાનને સમજાવ્યો જે, "તું તારા મનમાં સમજી રાખ. અને તારે ઝાંઝું બોલીને શું કામ છે ? અમે તમને ભિસ્તમાં (બેહસ્ત-સ્વર્ગમાં) મેલશું." પછી તે મુસલમાન ચાલી નીસર્યો તોપણ તેને સાત દિવસ સુધી જ્યાં જુવે ત્યાં મહારાજની મૂર્તિ દેખાય પણ બીજું કાંઈ ન દેખાય. અને સાત દિવસ પછી મટી ગયું. પછી શ્રીજીમહારાજ સુતાર ભીમજીને ઘેર નિરંતર રહેતા. અને સુતાર ભીમજી પોતાને ઘેર નિત્યે થાળ કરીને શ્રીજીમહારાજને જમાડતા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'ગામ તેરે કથા કરતા બ્રાહ્મણ રિસાણો તથા મહારાજે પ્રાગજી દવે પાસે કથા કરાવી ને કાળેતળાવ ભીમજી સુતારે જમાડ્યા' એ નામે નવમો અધ્યાય ॥૯॥

અધ્યાય - ૧૦

હરભમ સુતાર વગેરે ભક્તોએ શ્રીહરિને નવરાવ્યા

એક દિવસ સુતાર ભીમજીએ શ્રીજીમહારાજને કહ્યું જે, "નાવા પધારો !" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "આજ તો ગંગાજી આવે તો નાહીએ." ત્યારે ભીમજી ભાઈએ કહ્યું જે, "ગંગાજી તો વાટ જોઈ રહ્યાં છે જે, મહારાજ ક્યારે આજ્ઞા કરે ને હું આવું." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "ગંગાજીને બોલાવો, અમે નાવા ઊઠીએ."

પછી સુતાર ભીમજીએ બાયુને કહ્યું જે, "શ્રીજીમહારાજને નાવું છે, તે પાંચ-સાત બેડાં લઈને વારાફરતી પાણી લાવો." પછી બાયુ બેડાં લઈને ભરવા ગયાં. પછી મોટો બાજોઠ ઢાળીને મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! નાવા પધારો." પછી શ્રીજીમહારાજ બાજોઠ ઉપર પલાંઠીવાળીને બેઠા. પછી પાણીનાં બેડાં આવ્યાં, તેને હરમભભાઈ લઈને શ્રીજીમહારાજના ઉપર રેડવા લાગ્યા. તે રેડતાં રેડતાં વીસ-પચીસ બેડાં રેડ્યાં. પછી હરમભભાઈએ કહ્યું જે, "હે મહારાજ ! ગંગાજી કેવાં આવ્યાં છે ?"

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "ગંગાજીએ અમને બહુ સારા નવરાવ્યા, હવે ના પાડો." ત્યારે હરભમભાઈએ કહ્યું જે, "હવે નહિ જોઈએ." પછી શ્રીજીમહારાજ નાઈને પાછા આસને પધાર્યા. પછી રસોઈ થઈ તે સુતાર ભીમજી બોલાવા આવ્યા જે, "હે મહારાજ ! થાળ થયો છે, તે જમવા પધારો." પછી શ્રીજીમહારાજ જમવા પધાર્યા

અને પછી જમીને આસને પધાર્યા. પછી સાધુ, પાળા ને સત્સંગી સર્વેને જમાડ્યા. પછી શ્રીજીમહારાજ પોઢી ગયા.

ત્યારપછી શ્રીજીમહારાજ જાગ્યા ને કહ્યું જે, "પાણી લાવો." પછી બ્રહ્મચારી પાણીનો લોટો ભરી લાવ્યા ને પછી શ્રીજીમહારાજ મુખારવિંદ ધોઈને જળપાન કરીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. **એ સમે અનંત ધામાધિપતિ દેવ તથા અનંત બ્રહ્માંડના અધિપતિ દેવ તથા અનંત ધામના મુક્ત એ સર્વે દિવ્ય દેહે વિમાનમાં બેસીને શ્રીજીમહારાજને દર્શને આવ્યા ને વાતું સાંભળવા લાગ્યા.** અને હરિજન પણ આવીને શ્રીજીમહારાજનાં દર્શન કરીને વાતો સાંભળીને આનંદ પામ્યા.

વળી એક દિવસે સવારમાં નાવા પધાર્યા. પછી નાહી આવીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "આજ તો સુતાર રવજીભાઈને ઘેર થાળ જમવો છે." ત્યારે સુતાર ભીમજીભાઈ બોલ્યા જે, "રવજીભાઈ તો હમણાં પરણ્યા છે, તે બાઈને રસોઈ પણ આવડતી નથી." માટે ત્યાં જમવા જાવું એ કાંઈ ઠીક નહીં."

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "એમનું સારું કરવું છે." એમ કહીને પોતે ઊઠ્યા, તે સુતાર રવજીને ઘેર પધાર્યા. ત્યાં તો રવજી સુતાર કોઢમાં બેઠા ઘડતા હતા, તે પડ્યું મેલીને ઊઠ્યા. તે ઢોલિયો ઢાળીને ઉપર ગાદલું પાથરીને શ્રીજીમહારાજને તે ઉપર પધરાવીને પછી પોતે બાજરી લઈને દળવા બેઠા. પછી શ્રીજીમહારાજે એમના ઘર સામું જોયું. ત્યારે બાઈ લાજ કાઢીને બેઠી હતી, તેને જોઈને શ્રીજીમહારાજ બોલ્યા જે, "રવજી સુતાર તો અમથી મોટા છે, ને અમે તો અવસ્થાએ નાના છીએ; તે માટે તમારે અમારી લાજ ન કાઢવી. અને દર્શન કરીને રસોઈ કરો ને અમે જમવા આવ્યા છીએ."

ત્યારે તે બાઈ શ્રીજીમહારાજને છેટે બેસીને પગે લાગી ને રસોઈ કરવા બેઠી. પછી બાજરીના રોટલા નાના નાના કર્યા ને પછી

શ્રીજીમહારાજ જમવા બેઠા. તે બાજરીનો રોટલો, દહીં ને દૂધ સારી પેઠે જમ્યા. ને બહુ વખાણ કર્યાં જે, "આવા તો અમે કોઈ દિવસ જમ્યા નથી." પછી શ્રીજીમહારાજે ચળુ કરીને કહ્યું જે, "કાલ પણ અમે તમારે ઘેર જમવા આવશું." ત્યારે રવજીભાઈએ કહ્યું જે, "હે મહારાજ ! ભલે પધારજો, મારા ઉપર બહુ કૃપા કરી." પછી એવી રીતે શ્રીજીમહારાજ ત્રણ દિવસ સુધી જમવા પધાર્યા. અને ભીમજી સુતારને ઘેર તો નિત્ય જમતા. તે સુતાર ભીમજીના ભાઈ રવજી સાધુ થયા હતા. તેનું નામ રામદાસ વૈદ્ય હતું. એવી રીતે શ્રીજીમહારાજે કાળાતળાવમાં લીલા કરી છે.

એક દિવસ શ્રીજીમહારાજ કહે જે, "આજ અમારે ચાલવું છે." ત્યારે સત્સંગીએ કહ્યું જે, "હે મહારાજ ! હજી પાંચ દિવસ દયા કરીને દર્શન દિયો ને ઉતાવળા થાવું નહિ." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "દશ-બાર દિવસ રહ્યા ને હવે તો ચાલશું." પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "માનકૂવે જાવું છે." પછી જમીને દિવસ એક પોર ચડ્યો ત્યારે શ્રીજીમહારાજ ચાલ્યા. ત્યારે સત્સંગી સર્વે વળાવવા ચાલ્યા. એક ગાઉ ગયા ત્યારે શ્રીજીમહારાજ ઊભા રહ્યા ને બોલ્યા જે, "હવે પાછા વળો." ત્યારે સત્સંગી સર્વે દંડવત્પ્રણામ કરીને પગે લાગ્યા ને હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! જેમ કૃપા કરીને ખોળી લીધા ને દર્શન દીધાં તેમ જ તમે પાછા સંભાળ લેજો ને વહેલા દર્શન દેજો." પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "વહેલા આવશું, **તમે આનંદમાં રહીને ભગવાનનું ભજન કરજો. અને અંતરમાં ભગવાનને રાખવા અને જગતનો વ્યવહાર છે તે તો એની મેળે નભ્યો જાશે.**" એમ શિખામણ દઈને શ્રીજીમહારાજ પધાર્યા ને સત્સંગી સર્વે પાછા વળ્યા.

✵ માનકૂવામાં બાઈનો સર્વે થાળ સાત સંતો જમી ગયા :

પછી શ્રીજીમહારાજ ગામ **માનકૂવે** પધાર્યા અને સુતાર નાથાને ઘેર ઊતર્યા. ત્યાં નાના પ્રકારની લીલાને કરી, ને સર્વે સત્સંગી

શ્રીજીમહારાજની વાતું સાંભળવા લાગ્યા. રાત્રી દોઢ પોર ગઈ ત્યારે સત્સંગી સર્વે પગે લાગીને ઊઠ્યા. ત્યારે એક બાઈએ શ્રીજીમહારાજને પગે લાગીને કહ્યું જે, "હે મહારાજ ! કાલ અમારી રસોઈ છે, તે સાધુ એંસી મૂરત છે તે સહિત તમે જમવા પધારજો."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "સારું આવશું અને રસોઈ કરાવો." પછી તે બાઈ પોતાને ઘેર ગઈ. અને પછી શ્રીજીમહારાજે સાધુને કહ્યું જે, "શ્રીગુરુ આદિ મૂરત સાત રહો અને બીજા ફરવા જાઓ." ત્યારે સાધુ સર્વે પ્રાતઃકાળે ઊઠીને ચાલી નીસર્યા. અને પછી સવારે તે બાઈને ખબર પડી, ત્યારે મહારાજ પાસે આવીને કહ્યું જે, "હે મહારાજ ! સાધુને તમે ફરવા મોકલ્યા ને મેં તો રસોઈ કરી જે, સાધુ જમવા આવશે. સાધુ ફરવા ગયા તે મારી રસોઈ તો પડી રહેશે."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમારી રસોઈ પડી નહિ રહે. તમે તમારે ઘેર જાઓ, અમે નાહીને આવીએ છીએ." પછી તે બાઈ પોતાને ઘેર ગઈ. પછી શ્રીજીમહારાજ નાઈને સાધુ મૂરત સાતને ભેળા લઈને જમવા પધાર્યા. અને તેના ઘરની ઓસરીમાં સાધુને બેસાર્યા.

પછી તે બાઈને કહ્યું જે, "રસોઈ કરી હોય તે લાવો પીરસીએ." પછી જે રસોઈ કરી હતી તે બાઈ લાવી લાવીને શ્રીજીમહારાજની આગળ મેલી. મહારાજ સાધુને પીરસવા લાગ્યા, તે જેટલું શ્રીજીમહારાજે પીરસ્યું તે સર્વે સંત જમી ગયા; તોયે શ્રીજીમહારાજે તે બાઈને કહ્યું જે, "જે હોય તે લાવો પીરસીએ." ત્યારે તે બાઈ તો ઓરડામાં જઈને ઊભી રહી. ત્યારે હરિભક્તે કહ્યું જે, "કેમ છે બાઈ ? જે હોય તે લાવો." ત્યારે બાઈએ કહ્યું જે, "શું લાવું ? હવે કાંઈ નથી, જે રસોઈ કરી હતી તેટલી તો શ્રીજીમહારાજને આપી દીધી."

ત્યારે સત્સંગીએ કહ્યું જે, "દુર્વાસા સર્વે ગોપીયુંના થાળ જમી ગયા ને ઉપવાસી કહેવાણા, તેમ સાધુ પણ સર્વે તારી રસોઈ જમી ગયા. તે માટે સંત પણ દુર્વાસા જેવા જ છે. હવે તું મહારાજને એમ

કહે જે, હે મહારાજ ! હવે તો કાંઈ નથી." ત્યારે તે બાઈએ તેમ જ કહ્યું. પછી શ્રીજીમહારાજે જમીને ચળુ કરી સંતને કહ્યું જે, "નદીમાં પાણીનો ધરો છે તેમાં જઈને ગળા સુધી પાણીમાં બેસો ને સાંજે અમારે દર્શને આવજ્યો." ત્યારે તે સાધુ સાંજ સુધી પાણીમાં રહીને પાછા આવ્યા. ત્યારે તેને શ્રીજીમહારાજે કહ્યું જે, "તમને કાંઈ જણાય છે ?" ત્યારે તે સંતે કહ્યું જે, "અમારે તો આનંદ છે."

❋ નાનજી પટેલને સુખી કર્યા :

એક દિવસ પટેલ નાનજી શ્રીજીમહારાજને દર્શને આવ્યા. તે પગે લાગીને બેઠા ત્યારે મહારાજે કહ્યું જે, "પટેલ શું કામ કરો છો ?" ત્યારે નાનજી પટેલે કહ્યું જે, "મજૂરી કરીએ છીએ." ત્યારે મહારાજે કહ્યું જે, "ખેડ નથી કરતા ?" ત્યારે તેમણે કહ્યું જે, "મોરે બે વર્ષ ખેડ કરી હતી, તે માથે દેવું થઈ ગયું. માટે ખેડ મેલીને મજૂરી કરીએ છીએ. જો દેવું માથેથી મટે તો સુખિયા થાઈએ." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "હવે અમારી આજ્ઞાએ કરીને ખેડ કરો, તમારે કાંઈ ખોટ નહિ આવે." પછી તે દિવસથી તે ભક્તને ખેડમાંથી લીલાલહેર થઈ.

❋ નાથા સુતારને અંતર્યામી વગેરે સામર્થી આપી :

પછી નાથા સુતારની માતાએ મહારાજને કહ્યું જે, "મહારાજ ! નાથો તો ગાંડો છે. તે એવું બોલે છે તેથી મને ઉપવાસ પડે છે, તે વાસ્તે તમોને આપ્યો, તમો લઈ જાઓ." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "ગાંડો અમને આપ્યો તે બહુ સારું કર્યું, અમારા ભેળો રાખશું." એમ કહીને પછી નાથાને પોતાના ભેળો રાખ્યો અને મહારાજે તેને વૈદકના ગ્રંથ ભણાવ્યા ને અંતર્યામી પણ કર્યો. તે બીજાના અંતરની વાત પણ જાણે ને બીજાના આગલ્યા જન્મનાં નામ લઈને કહે જે, "તારો જન્મ આ ગામમાં હતો અને આ તારી જાતી હતી. તે તેનાં મા-બાપનાં નામ સુધી કહી દેખાડે. એવી સામર્થી મહારાજે આપી. એવી રીતે માનકૂવામાં ઘણાક દિવસ લીલા કરી.

✵ સંતદાસજીસ્વામી હમીર સરોવરથી બદરિકાશ્રમમાં :

પછી શ્રીજીમહારાજ ભુજમાં પધાર્યા અને ત્યાં ભટ્ટ મહીદાસની વાડીમાં ઊતર્યા. પછી સુતાર જીવરામની માતુશ્રી હરબાઈને કહ્યું જે, "અમારે સર્વેને કાજે રસોઈ કરીને લઈ આવો." પછી હરબાઈએ રસોઈ કરી અને બીજું પકવાન લાવ્યાં અને શ્રીજીમહારાજને તથા સર્વ હરિભક્તને જમાડ્યાં. અને શ્રીજી ઘણા પ્રસન્ન થયા. પછી શ્રીજીમહારાજ ત્યાંથી ગામમાં પધાર્યા. પછી સંતદાસજી પણ શ્રીજીમહારાજને દર્શને આવ્યા. તેને શ્રીજીમહારાજ હાથે જમાડતા. તથા ઉઠાડવા બેસાડવા એ પણ શ્રીજીમહારાજ પંડે કરાવતા.

પછી તે સંતદાસજી તો સમાધિનિષ્ઠ અને જેને રાત્રી-દિવસની પણ ખબર રહે નહિ અને અહોનિશ મૂર્તિમાં રહે એવા તે સમર્થ હતા. એક દિવસને સમે શ્રીજીમહારાજ તથા તે સંતદાસ અને ગામના હરિજન સર્વે હમીરસર તળાવની આથમણી કોરે એક વડ હતો, ત્યાં લૂગડાં ઉતારીને નાવા પેઠા. અને પોતે શ્રીજીમહારાજ નાહીને બહાર નીસર્યા. સંતદાસજી તો ડબકી મારી ગયા તે નીસર્યા જ નહિ. પછી શ્રીજીમહારાજ વસ્ત્ર પહેરીને પાછા શહેરમાં ઉતારે પધાર્યા. ત્યારે હરિજને શ્રીજીમહારાજને કહ્યું જે, "સંતદાસજી તો પાણીમાંથી હજી બહાર નીસર્યા નહિ." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "સંતદાસજી તો બદરિકાશ્રમમાં પહોંચ્યા, માટે કોઈ ખોળવા જાશો નહીં."

✵ શ્રીફળના બદલામાં રાણબાઈનું કરજ ઘટાડ્યું :

એક દિવસને સમે ભુજમાં જેઠી ગંગારામના ફળિયામાં ઠક્કર ગંગાધરની સ્ત્રી રાણબાઈ આવ્યાં. તે શ્રીજીમહારાજને પોતાને ઘેર તેડી ગયાં. અને આસન પાથરીને તે ઉપર પધરાવ્યા. અને એક તાંસળી ભરીને સાકર અને શ્રીફળ શ્રીજીમહારાજની આગળ મેલ્યા. પછી મહારાજની આગળ ઊભી રહીને પગે લાગી.

પછી તે રાણબાઈએ શ્રીજીમહારાજને પૂછ્યું જે, "હે મહારાજ ! અમારા ઘરનો ધણી તેને દરબારે બે માસથી કેદમાં નાંખ્યા છે. તે હવે કેદીખાનું આઠ-દસ દિવસમાં છૂટકો થાય તો બહુ સારું." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "વહેલો છૂટકો થાશે." એમ કહ્યું. ત્યારે બાઈએ કહ્યું જે, "હે મહારાજ! દરબાર કહે છે જે, પચીસ હજાર કોરી લેશું. તે પચીસ હજાર કોરી ક્યાંથી લાવીએ ?"

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "આ શ્રીફળ તમે કેટલાં અમ પાસે મેલ્યાં છે ?" ત્યારે બાઈએ કહ્યું જે, "દસ શ્રીફળ મેલ્યાં છે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "જેટલાં શ્રીફળ અમ પાસે મૂક્યાં છે તેટલા હજાર કોરી ઓછી લેશે, ને પંદર હજાર તો આલવી પડશે." ત્યારે તે બાઈ બોલ્યાં જે, "હે મહારાજ ! બીજાં શ્રીફળ લાવું?"

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "હવે નહીં." પછી સાત-આઠ સત્સંગી ભેળા આવ્યા હતા, તેમને શ્રીજીમહારાજે સાકર પોતે જમીને પ્રસાદી આપી ને બાકી રહી એવી જે પ્રસાદીની સાકર તે બાઈને આપી. પછી શ્રીજી પોતાને આસને પધાર્યા. પછી શ્રીજીમહારાજે જે પ્રમાણે કહ્યું હતું તે પ્રમાણે દંડ આપ્યો. એવી રીતે શ્રીજીમહારાજે ઠક્કર ગંગાધરને અનેક પ્રકારના પરચા આપ્યા છે.

✵ નારાયણ સુતારને સાથે બેસારી માનકૂવા પધાર્યા :

પછી એક દિવસને સમય શ્રીજીમહારાજ ગામ શ્રી **માનકૂવે** પધાર્યા. તે રસ્તામાં છત્રીઓની પેલી બાજુ ઢાળ છે, તે ઢાળે ચઢ્યા. ત્યારે સર્વે હરિભક્તને રજા દીધી જે, 'પાછા વળો.' ત્યારે સર્વે દર્શન કરીને પાછા વળ્યા ને સુતાર નારાયણજી ભેળા ચાલ્યા. ત્યારે તેને પણ શ્રીજીમહારાજે કહ્યું જે, "તમે પણ પાછા વળી જાઓ."

ત્યારે નારાયણજીએ વિનંતી કરીને કહ્યું જે, "હું તો નહીં વળું." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "આગળ ચાલો." અને પોતે હરડી ઘોડી

ઉપર બિરાજમાન હતા. માનકૂવાના ઠાકોર અદોભાઈ ભેળા હતા. તથા બે-ચાર સાધુ અને પાળા ભેગા હતા. તે બે-ત્રણ ખેતરવા ચાલ્યા ત્યારે નારાયણજી ડાબી બાજુ આવીને ઊભા રહ્યા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમારો એક હાથ ઊંચો કરો."

ત્યારે નારાયણજીએ જમણો હાથ ઊંચો કર્યો. તેને શ્રીજીમહારાજે ઝાલીને ઘોડી ઉપર તાણી લીધા ને પોતાને પછવાડે બેસાર્યા. ને કહ્યું જે, "તમારા બે હાથ છે તે મારી બગલ હેઠે કાઢીને બાથ લ્યો." ત્યારે નારાયણજીએ બાથ લઈને આંકડા ભીડ્યા. ત્યારે શ્રીજી પોતે સાધુ-પાળાને કહ્યું જે, "આ બોરડિયુંમાં બોરાં બહુ સારાં છે. તે નારાયણજીને સારુ વીણતા આવો." ત્યારે સાધુએ બોરાં વીણવા માંડ્યાં. શ્રીજીમહારાજે પોતે ઘોડે બેઠા થકા માર્ગમાં ચાલતે વાતું કરવા માંડી. તે વાતું કરતે કરતે માનકૂવે ગયા ત્યાં સુધી વાતું કરી. પછી ત્યાં સુતાર નાથાનું ઘર આવ્યું, ત્યારે નારાયણજીને શ્રીમુખે કહ્યું જે, "હવે ઊતરશો ?" એમ કહીને હેઠે ઉતાર્યા ને પોતે પણ ઘોડીએથી હેઠા ઊતર્યા.

પછી સુતાર નાથાના ફળિયા વચ્ચે ઢોલિયો ઢળાવીને હાથ-પગ ધોઈને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અને પછી સાધુને કહ્યું જે, "પેલાં બોરાં છે તે લાવો." ત્યારે તે સાધુએ બોરાં આપ્યાં. તેમાંથી સારાં સારાં જોઈને પોતે જમ્યા અને બીજા નારાયણજીને આપ્યાં. બાકી વધ્યાં તે સૌ સાધુને વહેંચી દીધાં. અને પછી નાથા સુતારને ઘેર પોતે જમવા પધાર્યા અને જમીને ચળુ કરી અને પછી સાધુ તથા પાળા તથા સત્સંગીને જમાડ્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજ ગામ કાળાતળાવમાં ભીમજીને કહ્યું જે, ગંગાજી લાવ તો નાહીએ તથા સુતાર રવજીને ઘેર ત્રણ દિવસ જમ્યા તથા ગામ માનકૂવે સુતાર નાથાને ઘેર જમીને સંતને જમાડ્યા' એ નામે દસમો અધ્યાય ॥૧૦॥

અધ્યાય - ૧૧

વિપ્ર ડાહીબાઈના પતિનો વેમ અને જંત્ર-મંત્ર કાઢ્યા

અને બીજે દિવસે ગામ માનકૂવે અબોટી બ્રાહ્મણ બાઈ ડાહી, એમણે શ્રીજીમહારાજને જમવાનું કહ્યું. ત્યારે તેને ઘેર જમવાને પધાર્યા ને ઓસરીમાં આસન નંખાવીને બેઠા. પછી શ્રીજીમહારાજે એના ઓરડા સામે દૃષ્ટિ કરી ત્યારે ઓરડામાં લાકડાનાં તથા લોઢાનાં પૂતળાં સિંદૂર ચોપડેલ દીઠાં. તેને શ્રીજીમહારાજે જોઈને કહ્યું જે, "આટલાં બધાં દેવલાં છે ત્યાં અમારું શું કામ છે ? અમે તમારે ઘેર નહીં જમીએ ને અમે અમારા મુકામે જાશું."

ત્યારે બાઈ ડાહીના પતિ વિપ્ર લવજીએ કહ્યું જે, "હે મહારાજ ! શીદ પધારો છો ?" ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "પાખંડને ને અમારે બને નહિ. કાં જે, કાં તો એ દેવલાને રાખો ને કાં તો અમને રાખો." ત્યારે વિપ્ર લવજીએ કહ્યું જે, "હે મહારાજ ! જેમ તમે કહો તેમ કરું." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમારે માથે ચોટલો છે તે ઉતરાવી નાંખો ને જંતર-મંતર, નાટક-ચેટક, પાખંડ કાંઈ કરવા નહિ ને ધૂણવું પણ નહિ. ને આજ દિનથી તારા જંતર-મંતર સર્વે ખોટાં પડી ગયાં, તે કાંઈ નહિ ચાલે. અને આ જે દેવલાં છે તેને જળમાં પધરાવી આવો."

ત્યારે વિપ્ર લવજી ગાંઠડી બાંધીને દેવલાંને જળમાં પધરાવી આવ્યો. પછી શ્રીજીમહારાજને જમાડ્યા. અને શ્રીજીમહારાજ જમીને ઉતારે પધાર્યા અને તે કેડે વિપ્ર લવજી પણ જમીને શ્રીજીમહારાજ પાસે ગયા. ત્યાં કને જઈને વાળંદને તેડાવીને પોતાના માથાના વાળ ઉતરાવી નાંખ્યા ને નાહી ધોઈને વ્રતમાન ધાર્યાં. અને ત્યારપછી આનંદથી શ્રીજીમહારાજનું ભજન કરવા લાગ્યા.

✹ વિપ્ર કેશવજી વગેરે ભક્તોને ઘેર થાળ જમ્યા :

શ્રીજીમહારાજને બ્રાહ્મણ કેશવજીએ પોતાને ઘેર રસોઈ કરાવીને રૂડી રીતે જમાડ્યા. જમીને પછી ચળુ કરી, જળ પીને શ્રીજીમહારાજે સાધુ, પાળા ને સત્સંગી સર્વેને જમાડ્યા. પછી સુતાર તેજશી તથા સુતાર શામજી તથા કણબી શિયાણી વિસરામ તથા ભક્ત વિસરામ તથા પટેલ વાઘજી તે સર્વેએ પોતપોતાને ઘેર રસોઈ કરાવીને શ્રીજીમહારાજને સંત પાર્ષદે સહિત જમાડ્યા. અને ઠાકોર અદાભાઈએ પણ પોતાના દરબારમાં રસોઈ કરાવીને બાજોઠ ઉપર ધાબળી પાથરીને તે ઉપર શ્રીજીમહારાજને પધરાવીને બીજો મોટો બાજોઠ ઢાળીને તે ઉપર ભોજનના થાળ ને શાક પાકના વાટકા તથા અથાણાં, દૂધ, ભાત ને સાકર એવી રીતે થાળ કરીને શ્રીજીમહારાજને જમાડ્યા.

પછી શ્રીજીમહારાજ આચમન કરીને ઊઠ્યા. પછી બીજા ઘરમાં આસન પાથરીને તે ઉપર મહારાજને પધરાવ્યા ને પોતે વાતુ સાંભળવા બેઠા. તે રસોઈયા બ્રાહ્મણને કહ્યું જે, "તમે આ સાધુ, પાળા ને બહાર ગામના સત્સંગી જેટલા આવ્યા હોય તે સર્વેને સંભારીને સારી પેઠે જમાડો. પછી તે સર્વેને જમાડ્યા. ને ઠાકોર અદાભાઈએ કેસરચંદન તથા પુષ્પના હાર તથા વસ્ત્ર તે લઈને શ્રીજીમહારાજની પૂજા કરી. પછી પ્રસાદીનું ચંદન બાકી રહ્યું તેણે કરીને સાધુ, પાળા તથા સત્સંગી સર્વેને ચાંદલા કર્યા. અને પછી પગે લાગ્યા ને પછી શ્રીજીમહારાજ ઉતારે પધાર્યા.

✹ માનકૂવાના વિચેન્દ્ર સરમાં સ્નાનલીલા :

પછી કણબી શિયાણી વિસરામની વાડી ગામથી ઉત્તરાદી છે ત્યાં નાહવા પધાર્યા, ને નાહીને પાછા ગામમાં આવ્યા. વિપ્ર શામજીએ પોતાને ઘેર રસોઈ કરી અને શ્રીજીમહારાજને પધરાવીને રૂડી રીતે જમાડ્યા. ને જેટલા દિવસ માનકૂવામાં રહ્યા એટલા દિવસ ગામથી

આથમણી કોરે વિચેન્દ્ર નામની એક તલાવડી છે, ત્યાં શ્રીજીમહારાજ નિત્ય નાવા પધારે. ત્યારે તે માર્ગમાં એક મારવાડ નામે ખેતરમાં નદી આવે છે, તે નદીની ભેખડ્યું ઊંચી છે; ત્યાં શ્રીજીમહારાજે કહ્યું જે, "આવો આપણ સર્વે આ ભેખડ્યું ઉપરથી ભૂસકા મારીએ."

એમ કહીને પ્રથમ પોતે કૂદ્યા તે બાર-તેર હાથ છેટે પડ્યા. તે પછી સાધુ ને પાળા જે ભેગા હતા તે કૂદ્યા. અને સર્વે સત્સંગી પણ કૂદ્યા. તેમાં કોઈ છ હાથ કૂદ્યા ને કોઈ સાત હાથ કૂદીને છેટે પડ્યા. પછી શ્રીજીમહારાજ જોઈને હસ્યા ને કહ્યું જે, "અમે કૂદ્યા તેટલું કોઈ ન કૂદ્યા. માટે અમે સહુથી અધિક કૂદ્યા." ત્યારે સર્વે મળીને કહ્યું જે, "હે મહારાજ ! મોટાનું કૂદવું તો મોટું જ હોય, ને નાનાનું કૂદવું તે નાનું હોય." ત્યારે શ્રીજીમહારાજ હસ્યા.

પછી તે તલાવડીમાં નહાવા પધાર્યા. પછી શ્રીજીમહારાજ નાતા ડૂબકી મારે ને ઘણી વાર સુધી પાણીમાં બેઠા રહે. તે પછી છેટે જઈને નીસરે ને કોઈક ફેરે તો સર્વે નાતા હોય તેની વચ્ચે આવીને નીસરે, એવી રીતે ઘણાક દિવસ સુધી જળની લીલા કરીને નાહતા હતા. તે તલાવડીમાં જ્યાં પ્રસાદીની પૃથ્વી છે ત્યાં પથ્થરની છત્રી કરી છે. એવી રીતે તે તલાવડીને સર્વોત્તમ તીર્થ કર્યું. પછી શ્રીજીમહારાજ ત્યાંથી ચાલ્યા, તે મારવાડ વાડીએ ભૂતિયા વડની વડવાઈ ઝાલીને હીંચતા થકા ઘણીક લીલા કરી.

✵ દેવોએ આવી શ્રીહરિની પૂજાદિક કર્યું :

પછી તે વડના વૃક્ષ તળે સભા કરીને ઊંચા આસન ઉપર બિરાજમાન થયા. ને ચારેકોર હરિજનની મહામોટી બ્રહ્મસભા ભરાઈને બેઠી. તે સભામાં બિરાજમાન થયેલા શ્રીજીમહારાજે પોતાના ભક્તજનો પ્રત્યે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તેનાં સ્વરૂપ સંબંધી વાર્તા સ્પષ્ટપણે કરીને સર્વે હરિજનોને સમજાવી. તથા પોતાના સ્વરૂપસંબંધી જે સુખ તેની વાર્તા

પણ સ્પષ્ટપણે સહુને કહી સમજાવી. તે વાર્તાને સાંભળીને એકાગ્ર થઈ ગયાં છે મન તથા ઇન્દ્રિયો તથા અંતઃકરણ જેનાં, એવા સર્વે સભામાં બેઠેલા હરિજનો તે સ્થિર થઈ ગયા.

તે સમયમાં બ્રહ્માંડાધિપતિ જે દેવ તે પોતાના સ્થાનમાં રહ્યા થકા મનમાં વિચાર કરવા લાગ્યા જે, 'આપણે પણ ચાલો મહારાજ, હરિજનોની સભા કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સંબંધી વાર્તા કરીને તથા પોતાના સ્વરૂપનો મહિમા સ્પષ્ટ કરી સમજાવે છે. તે આપણે પણ ત્યાં જઈને પુરુષોત્તમ ભગવાનની પૂજા કરીએ તથા તે બ્રહ્મસભાની પણ ચંદન-પુષ્પાદિક વડે કરીને પૂજા કરીએ.'

એમ વિચાર કરીને ભૂતિયા વડ તળે મહારાજ સભામાં બિરાજમાન થયેલા. ત્યાં આવીને મહારાજની ઘણીક સ્તુતિ તથા પ્રાર્થના કરી ને ભારે ભારે પોતાના લોકનાં જે વૈભવ, ખાનપાન તથા વસ્ત્ર-અલંકાર તથા ચંદન, કેસર, પુષ્પના હાર તથા મણિઓના હાર તથા અગરબત્તી આદિક ષોડશોપચારે કરીને પૂજા કરી. ત્યારપછી સર્વે બ્રહ્મસભાની પણ ચંદન, પુષ્પ, વસ્ત્ર આદિક ઉપચાર વડે પૂજા કરી. ત્યારપછી તે સભામાં બેઠેલા શ્રીજીમહારાજને સાષ્ટાંગ દંડવત્ પૂર્વક નમસ્કાર કર્યા. અને તે સભામાં બેઠેલા સર્વે બ્રહ્મઋષિને પણ સાષ્ટાંગ દંડવત્ પૂર્વક નમસ્કાર કર્યા. ત્યારપછી તે બ્રહ્માંડાધિપતિ જે દેવ આવેલા હતા, તે પોતપોતાના સ્થાનમાં ગયા.

તે સમે શ્રીજીમહારાજે તે બ્રહ્મસભા પ્રત્યે કહ્યું જે, "હવે સર્વે ચાલો, ગામમાં જઈએ." એમ કહીને ત્યાંથી ચાલ્યા, તે વાડી મીઠીના ખળામાં આવતાં કણબી ભક્ત વિસરામે આવીને કહ્યું જે, "મહારાજ ! આ દેવશી મારો પુત્ર તમારા ભેગો ફરે છે તો તેને સાધુ ન કરશો ?" ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમારી સાત પેઢીમાં પણ કોઈ સાધુ ન કરીએ તો કેમ ?" એવી રીતે હાસ્ય વિનોદ કરતાં થકા શ્રીજીમહારાજ ત્યાંથી ચાલ્યા, તે સુતાર નાથાને ઘેર બિરાજમાન થયા.

✵ દેવબાઈને મહારાજ વથોણ વળાવવા ગયા :

તે સમે નાથા સુતારની દીકરી દેવબાઈ ગામ વથોણ પરણાવેલી હતી, તેનો સાસરો તેડવા આવ્યો હતો. ત્યારે તે બાઈએ કહ્યું જે, "હું તો સાસરે નહીં જાઉં." ત્યારે સુતાર નાથે શ્રીજીમહારાજને કહ્યું જે, "મહારાજ, બાઈ કહે છે જે, 'હું તો સાસરે નહીં જાઉં." ત્યારે શ્રીજીમહારાજ બાઈના સસરાને તેડાવીને કહે જે, "બાઈ કહે છે જે, 'હું તો સાસરે નહિ જાઉં.' ત્યારે તમારા દીકરાને બીજી સ્ત્રી પરણાવો ને તેનું જે ખરચ થાય તે અમે આપીએ."

ત્યારે તે સુતાર બોલ્યો જે, "અમે તો અમારું મનુષ્ય તેડી જાશું." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તેડી જાશો તો તમારો એ બાઈથી વંશ નહિ રહે." એમ શ્રીજીમહારાજે કહ્યું તોપણ તે સુતારે કહ્યું જે, "અમે તો તેડી જાશું." ત્યારે બાઈને શ્રીજીમહારાજે કહ્યું જે, "સાસરે જાઓ." ત્યારે બાઈએ શ્રીજીમહારાજને કહ્યું જે, "આપ ત્યાં પધારો તો હું ત્યાં જાઉં." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "અમે આવીશું."

પછી શ્રીજીમહારાજ બીજે દિવસ થાળ જમીને ગાડા ઉપર બિરાજમાન થયા. ને બીજે ગાડે તે બાઈ બેસી, ને પોતાને સાસરે ગામ **વથોણ** ગયાં. અને શ્રીજીમહારાજ ત્યાં તે સુતારની વાડી ગામથી ઉત્તરાદી છે ત્યાં વડના વૃક્ષ ઉપર ચડીને તે વાડીના કૂવામાં ભૂસકા મારીને ઘણી જળલીલા કરી, તેને જોવા સારુ ઈન્દ્રાદિક દેવ વિમાને બેસીને આકાશ માર્ગે આવ્યા. અને નંદનવનના પુષ્પના હાર તથા ગજરા, ગુચ્છ, કલંગિયું કરીને શ્રીજીમહારાજની પૂજા ચંદન-પુષ્પ આદિક વડે કરીને પાછા પોતાના લોકમાં તે મૂર્તિને સંભારતા થકા ગયા. ત્યારપછી શ્રીજીમહારાજ ગામમાં પધાર્યા. ત્યાં થાળ જમીને પાંચ દિવસ રહીને પાછા **માનકૂવે** પધાર્યા. ને ઘણોક આનંદ-ઉત્સવ થયો.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજ ગામ માનકૂવે બાઈ ડાહીને ઘેર ઓરડામાં કાષ્ઠ આદિનાં પૂતળાંને જળમાં પધરાવ્યાં' એ નામે અગ્યારમો અધ્યાય ॥૧૧॥

અધ્યાય - ૧૨

શ્રીહરિ અચાનક રાત્રે ભુજને માર્ગે ચાલ્યા

એક દિવસ ગામ માનકૂવામાં શ્રીજીમહારાજ રાત દોઢ પોર જાતે સુતાર નાથાને ઘેર બિરાજમાન થયા હતા. તે સમે વિપ્ર શામજીને પૂછ્યું જે, "તમારે ઘેર ઢોર કેટલાં છે ?" ત્યારે વિપ્ર શામજી બોલ્યા જે, "મારે ઘેર ઢોર તો ઘણાં છે ને એક ઊંટ પણ છે." ત્યારે શ્રીજીમહારાજ રાજી થઈને બોલ્યા જે, "તમે અમારું વચન માનશો ?" ત્યારે વિપ્ર શામજી બોલ્યા જે, "જેમ તમે કહેશો તેમ હું કરીશ."

ત્યારે શ્રીજીમહારાજે આજ્ઞા કરી જે, "તમારો ઊંટ સવારમાં તૈયાર કરીને લાવો. આપણે આધોઈ જાવું છે." તે વચન શ્રીજીમહારાજનાં સાંભળીને ઠાકોર અદાભાઈ આદિ હરિભક્ત સર્વે વિપ્ર શામજી ઉપર ખિજાણા. ત્યારે વિપ્ર શામજી મનમાં બીના ને શ્રીજીમહારાજને વિનંતી કરીને કહેવા લાગ્યા જે, "હે મહારાજ! હું તમારું વચન માનું છું. તેમ તમે પણ મારું ગરીબનું માનો કે ન માનો ?"

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમારું કહ્યું માનીએ." ત્યારે વિપ્ર શામજીએ કહ્યું જે, "ગામ આધોઈએ હું તમારા ભેળો ઊંટ લઈને ચાલું, પણ પાછા માનકૂવે તમને તેડી લાવું. ને જો મારું વચન માનો નહીં તો આધોઈમાં હું બળી મરું." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "બહુ સારું, પાછા આવીશું." પછી શ્રીજીમહારાજે સર્વે સત્સંગીને આજ્ઞા આપી જે, "તમે તમારે ઘેર જાઓ ને સૂઈ રહો." એમ કહીને પછી પોતે પણ પોઢ્યા ને વહેલા પાછલી ચાર ઘડી રાત લઈને ઊઠ્યા.

તે મોજડીયું પહેરીને એકલા શ્રીજીમહારાજ ભુજને માર્ગે ચાલી નીસર્યા. તે સમે સુતાર નારાયણજી પાસે હતા તે પણ શ્રીજીમહારાજ ભેળા ચાલ્યા. અને હરખબાઈ તથા જાનબાઈ તે બે ડોસીયું પણ સાથે ચાલ્યાં ને બીજા તો સર્વે ઊંઘી રહ્યા હતા. પછી ગામ બહાર નીસરીને શ્રીજીમહારાજ બહુ ઉતાવળા ચાલ્યા. અને પછવાડે નારણજી અને ડોસીયું દોડ્યાં, પણ શ્રીજીમહારાજને સાથે કોઈ પહોંચી શક્યાં નહીં ને દોડી દોડીને થાક્યાં.

તે સમે એક મુસલમાન ત્યાં શાકની ગાંસડી ઉપાડીને સામો આવતો હતો. તે મહારાજને જોઈને બોલ્યો જે, “આ મોર્ય ચાલ્યા જાય છે તે કોઈક મોટા પુરુષ છે.” એવી રીતે શ્રીજીમહારાજની ચાલ જોઈને મુસલમાની ભાષામાં બોલ્યો. તેને સાંભળીને શ્રીજીમહારાજે સુતાર નારાયણજીને પૂછ્યું જે, “એ મુસલમાન શું બોલ્યો ?” ત્યારે સુતાર નારાયણજીએ કહ્યું જે, “હે મહારાજ ! એ મુસલમાને એમ કહ્યું જે, “આ આગળ ચાલ્યા જાય છે તે કોઈક ભગવાન છે, એટલી મારે પાસે પરીક્ષા છે.”

પછી શ્રીજીમહારાજે એ સાંભળીને કહ્યું જે, “એ મુસલમાન ડાહ્યો દેખાય છે.” એમ કહીને પછી ચાલ્યા, તે શિવના ઓટા ઉપર બેઠા. ને ત્યાંથી ચાલ્યા અને દિવસ ઊગ્યો તે **નાગથડો** ડુંગર આવ્યો, ત્યાં બેઠા. પછી વાંસેથી સાધુ તથા પાળા પણ આવ્યા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “પાણી લાવો. બહિર્ભૂમિ જાવું છે.” ત્યારે પાસે જે સેવક હતા તેઓએ પાણીનો લોટો ભરીને આપ્યો. તેને લઈને ડુંગરા ઉપર ચડી ગયા. તે ઘણીવાર સુધી તે ડુંગરા ઉપર રહ્યા અને પછી હેઠે પધાર્યા. ત્યારે હરિભક્તે ધાબળીનું આસન નાંખી દીધું, તે ઉપર બિરાજમાન થયા. પછી હાથપગ ધોયા ને તલાવડીમાં સ્નાન કર્યું. ત્યાં વિપ્ર શામજી ઊંટીયો લઈને પહોંચ્યા ને ઠાકોર અદાભાઈ ઘોડીએ ચઢીને પહોંચ્યા.

પછી શ્રીજીમહારાજને ઠાકોર અદાભાઈએ બહુ વિનંતી કરી જે, "હે મહારાજ ! તમો ઘોડી ઉપર બિરાજો ને જ્યાં તમે કહો ત્યાં સાથે આવીએ." એમ બે-ત્રણ વાર વિનંતી કરી.

❋ શામજી વિપ્રના ઊંટ ઉપર બેસીને ભુજ પધાર્યા :

પછી શ્રીજીમહારાજ તો અદાભાઈના ઉપર બહુ ખીજ્યા ને કહ્યું જે, "અમે તમારા ચાકર નથી ને શિષ્ય પણ નથી, જે અમો તમારાં વચન માનીએ." ત્યારે ઠાકોર અદાભાઈને આંખ્યમાં પાણી આવ્યું. તે ઉદાસ થઈને કોરે ઊભા રહ્યા. પછી મહારાજ ઊઠ્યા ને શ્વેત ધોતિયું પહેર્યું હતું તથા ચાદર ઓઢી હતી ને ઉઘાડે મસ્તકે ચાલ્યા. અને વિપ્ર શામજીને કહ્યું જે, "અમે તો ઊંટ ઉપર આગલી કોરે બેસશું." એમ મહારાજે બે-ત્રણ વાર કહ્યું.

ત્યારે શામજીએ કહ્યું જે, "હે મહારાજ! આગળ બેસાય તેવું નથી." છતાં તે વાત મહારાજે ન માની. પછી વિપ્ર શામજીએ કહ્યું જે, "હે મહારાજ ! ઊંટ ઉપર જે અજાણ્યું માણસ આગળ બેસે તેને કરડે છે." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમે આગળ બેસો ને અમે વાંસે બેસીએ." એમ કહીને ઊંટ ઉપર બિરાજમાન થયા ને વિપ્ર શામજી પણ બેઠા ને ઊંટને ચલાવ્યો.

પછી ઠાકોર અદાભાઈએ સુતાર નારાયણજીને કહ્યું જે, "તમે ભેળા આવો તો આપણે કોઈ વાતે કરીને પહોંચીએ." પછી નારાયણજીને ઘોડી ઉપર ભેળા બેસાર્યા. પછી શ્રીજીમહારાજે તે ઊંટિયાને ઉતાવળો હાંક્યો. ને કહ્યું જે, "આ તો ઊંટ બહુ સારો ચાલે છે ને ઊંટિયાને દોડાવો." ત્યારે શામજીએ ઊંટને દોડાવ્યો. ત્યારે વળી કહ્યું જે, "ભુજ સુધી એમ ને એમ ચાલવા દ્યો." પછી વાંસે ઠાકોર અદાભાઈ તથા નારાયણજી તે પણ ઘોડીને દોડાવતા આવ્યા. એમ દોડાદોડ ચાલ્યા તે **ભુજનગર** પધાર્યા. ત્યાં રાઓ શ્રીલખપતજીની છતરી પાસે આવીને

ત્યાં ઊંટને બેસારીને શ્રીજીમહારાજ ઊતરીને લઘુશંકા કરવા પધાર્યા; ને પાછા આવીને ઊભા રહ્યા.

ત્યારે ઠાકોર અદાભાઈએ હાથ જોડીને વિનંતી કરી જે, “હે મહારાજ ! હવે ઘોડીએ બિરાજો તો બહુ સારું.” એમ બે-ત્રણ વાર કહ્યું. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “અમે તો આધોઈ પણ નહિ જઈએ ને ભુજમાં પણ નહિ જઈએ; અમે તો સિંધમાં જાશું.” એમ કહીને સિંધની દિસે ચાલી નીસર્યા. ત્યારે ઠાકોર અદાભાઈએ વિનંતિ કરીને કહ્યું જે, “મને શી આજ્ઞા કરો છો ?”

ત્યારે શ્રીજીમહારાજે આજ્ઞા કરી જે, “તમે ઉગમણા ચાલ્યા જાઓ.” ત્યારે તે પણ પગપાળા ચાલી નીસર્યા. વિપ્ર શામજી પાસે ઊંટ હતો અને નારાયણજી પાસે ઘોડી હતી, તે બે જણા ઝાલીને ઊભા થઈ રહ્યા અને ઉદાસ થઈને રોવા લાગ્યા. પછી શ્રીજીમહારાજ એક ખેતરવા ચાલીને પાછું ફરીને જોયું. અને પછી અદાભાઈને પાછા બોલાવીને ઘોડીએ અસવાર થયા ને સુતાર નારાયણજી ઊંટ ઉપર અસવાર થયા. પછી ચાલ્યા તે મહાદેવના દરવાજા પાસે સતીની છત્રી છે તે ઉપર આથમણે મુખારવિંદે ઢીંચણ બાંધીને બિરાજમાન થયા.

✹ રસ્તામાં સહુને સુખડી જમાડી :

ત્યારે ઠાકોર અદાભાઈને શ્રીજીમહારાજે પૂછ્યું જે, “તમે ભૂખ્યા થયા હશો.” ત્યારે અદાભાઈએ કહ્યું જે, “ભૂખ નથી લાગી.” ત્યારે શામજીને શ્રીજીમહારાજે પૂછ્યું જે, “કાંઈ તમારી પાસે સુખડી છે? ત્યારે શામજીએ કહ્યું જે, “એક માટલી સુખડીની છે.” ત્યારે મહારાજે સુખડીની માટલી માગી લીધી. ને ઠાકોર અદાભાઈને કહ્યું જે, “લ્યો સુખડી જમો.” ત્યારે અદાભાઈએ કહ્યું જે, “હજી મેં દાતણ પણ કર્યું નથી, તે કેમ જમાય ?” ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, **“આત્માને તો રાત્રીયે નથી ને દિવસ પણ નથી. આપણે તો આત્મારૂપ છીએ.”** એમ

કહીને શ્રીજીમહારાજે પોતે માટલીમાં હાથ નાખીને સુખડી કાઢીને ઠાકોર અદાભાઈના મોઢામાં મેલી જમાડી.

પછી ઠાકોર અદાભાઈ પણ શ્રીજીમહારાજને જમાડવા લાગ્યા. ત્યારે નારાયણજીભાઈને અદાભાઈએ સાન કરી જે, "તમે સુતાર હીરજીભાઈને સંભળાવો જે, શ્રીજીમહારાજ મહાદેવના દરવાજા આગળ છતરીના ઓટા આગળ બેઠા છે. તે ગામ આધોઈએ જવાના છે, જો દર્શન કરવા હોય તો ચાલો." ત્યારે નારાયણજી ત્યાં ગયા ને સમાચાર કહ્યા. તે સમે બે ભાઈ જમવા બેઠા હતા. તે જમવું પડ્યું મેલીને હાથ ધોઈને પાણી પીને લુગડાં પહેરીને તત્કાળ ઉતાવળા આવીને દર્શન કરીને દંડવત કર્યા.

❋ ભુજમાં સુંદરજીભાઈને ઘેર અલૌકિક લીલા તથા વાતો :

ત્યારે શ્રીજીમહારાજ બે ભાઈને જોઈને મુખારવિંદ આડો રૂમાલ દઈને મંદમંદ હસ્યા. અને સુંદરજીસુતાર આવીને શ્રીજીમહારાજને વિનંતિ કરવા લાગ્યા જે, "આવા ભગવાન તો કોઈ દહાડો સાંભળ્યા નથી, જે પરબારા દર્શન દીધાં વિના છાના ચાલ્યા જાવું. એવાં કામ કરવાં તે કાંઈ ઠીક નહિ." એમ કહીને પછી બાથમાં ઘાલીને તેડી લીધા. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "અમે તો ક્યાંય જતા નથી." ત્યારે સુંદરજીસુતારે શ્રીજીમહારાજને પોતાને ઘેર તેડીને પધરાવ્યા.

પછી મહારાજ બોલ્યા જે, "આ કામ સર્વે નારાયણજીનાં છે." પછી સુતાર સુંદરજીએ પોતાને ઘેર થાળ કરાવ્યો ને શ્રીજીમહારાજને રૂડી રીતે જમાડ્યા. અને પછી સાધુ ને પાળા તથા સત્સંગીને પણ જમાડ્યા. અને પછી શ્રીજીમહારાજ ઢોલિયો ઢળાવીને તે ઉપર ગાદલું ને તકિયો નંખાવીને ઉપર બિરાજમાન થયા. એમ સુતાર હીરજીભાઈ ને સુંદરજીભાઈને ઘેર તો શ્રીજીમહારાજ નિરંતર રહેતા, જમતા ને અલૌકિક લીલા કરતા.

પછી સુતાર ભગવાનજીએ પોતાને ઘેર રસોઈ કરાવી અને શ્રીજીમહારાજને પોતાના પાર્ષદે સહિત જમાડ્યા. તે સમે શ્રીજીમહારાજ સુતાર ભગવાનજીને કહે જે, "ભગવાનજી તારું દ્રવ્ય આસુરી છે, તે અમારે અર્થે વાવરી લ્યો તો બહુ સારું." એમ કહ્યું. પછી સુતાર દેવરામે તથા નારાયણજીએ શ્રીજીમહારાજને પોતાને ઘેર રસોઈ કરાવીને પારસદે સહિત જમાડ્યા. પછી સુતાર કુંવરજીએ પોતાને ઘેર રસોઈ કરાવીને પારસદે સહિત જમાડ્યા.

પછી મહેતા શિવરામભાઈ તથા મહેતા હરજીવનભાઈ તથા લાધીબાઈ તે સર્વે પોતાને ઘેર રસોઈ કરાવીને વારંવાર શ્રીજીમહારાજને જમાડતાં. અને શ્રીજીમહારાજ ભુજમાં જેટલા દિવસ રહ્યા તેટલા દિવસ તે લાધીબાઈને ઘેર દયા કરીને નિત્યે એક વાર દર્શન દેવા પધારતા. અને જેઠી ગંગારામ પણ પોતાને ઘેર રસોઈ કરાવીને શ્રીજીમહારાજને પારસદે સહિત વારંવાર જમાડતા. તથા જેઠી ખીમજી તથા ઠક્કર ઉકાભાઈ તથા બીજા ઉકોભાઈ તથા ઠક્કર સેજપાલ તથા કોઠારી વલ્લભજી તથા બ્રાહ્મણ નાનીબાઈ તથા ગોર ભવાનીદાસ તથા સોની ભોજો તથા સોની હરચંદ તથા સોની તેજપાલ તથા સોની ભગવાન એ સર્વે હરિજનો પોતપોતાને ઘેર રસોઈ કરાવીને શ્રીજીમહારાજને સંત-પારસદે સહિત જમાડતા. અને તેવી જ રીતે સારસ્વત વીરજી તથા સારસ્વત અખઈ તથા રાજગર મૂળજી તથા રાજગર વાઘજી તથા બીજા વાઘજી તથા રાજગર જીવરામ તથા સુતાર રામજી, તે સર્વેએ પણ પોતપોતાને ઘેર સુંદર રસોયું કરાવીને શ્રીહરિને સંત-પારસદે સહિત જમાડ્યા છે ને પૂજા કરી છે.

એકવાર રાજગર શંકરજીએ પોતાને ઘેર રસોઈ કરાવીને શ્રીજીમહારાજને રૂડી રીતે જમાડ્યા. પછી શંકરજી બોલ્યા જે, "હે મહારાજ ! અમે સાધુને જમાડવા સારુ રસોઈ બહુ સારી કરાવી છે, માટે જમતાં સાધુ માંયે પાણી ન નાખે એમ આજ્ઞા કરો."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમે તમારો ધર્મ રાખ્યો અને સાધુ સાધુનો ધર્મ રાખશે." અને પછી ભટ્ટ માધવજી તથા ભટ્ટ મૈદાસ તથા ભટ્ટ વિશ્વેશ્વર તથા દવે ઈશ્વર, એ આદિ સર્વે હરિજનોએ પોતપોતાને ઘેર રસોઈ કરાવીને શ્રીજીમહારાજને પારસદે સહિત જમાડ્યા છે. અને શ્રીજીમહારાજ ભુજનગરમાં જ્યાં સુધી રહ્યા ત્યાં સુધી નિત્ય હમીરસર તળાવમા નાવા પધારતા. અને પાટવાડીને દરવાજે થઈને આપણા બાગનો ઉગમણો દરવાજો છે ત્યાંથી બાગ વચ્ચેથી માર્ગ હતો ત્યાંથી ચાલીને ઓગન (તળાવ ભરાઈ ગયા પછી જ્યાંથી પાણી છલકાઈ જતું હોય તે ભાગ) ઉપર થઈને દક્ષણાદો એક વડ હતો ત્યાં શ્રીજીમહારાજ નિત્યે નાવા પધારતા.

❋ ખાખી બાવા ન જમ્યા પછી સંતો-ભક્તોને જમાડ્યા :

એક દિવસ તે વડ હેઠે ખાખી વીસ-પચીસ ઊતર્યા હતા. પછી શ્રીજીમહારાજે નાહીને તે ખાખીને પૂછ્યું જે, "મહાપુરુષ ! કાંઈ જમશો ?" ત્યારે તે ખાખી બોલ્યો જે, "આપની ઈચ્છા !" ત્યારે શ્રીજીમહારાજ ભેળા જેઠી ગંગારામ આદિ પાંચ-સાત સત્સંગી પણ નાવા આવ્યા હતા. તેમને શ્રીજીમહારાજે કહ્યું જે, "વીસ-પચીસ મનુષ્ય જમે તેટલી જલેબી અને સાટા હાટેથી લઈ આવો, તો આપણે આ ખાખીને જમાડીએ." એમ કહીને શ્રીજીમહારાજ જેઠી ગંગારામને ઘેર પધાર્યા. અને જેઠી ગંગારામ ને ઠક્કર ભગવાનજી, બે જણા બજારમાંથી જલેબી ને સાટા લઈ આવ્યા અને શ્રીજીમહારાજની આગળ મૂક્યાં. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, "ચાલો ખાખી પાસે જઈએ." પછી તે વડ હેઠે ગયા ને જેઠી ગંગારામે શ્રીજીમહારાજને લૂગડું પાથરી આપ્યું, તેના ઉપર શ્રીજીમહારાજ બિરાજ્યા.

પછી તે ખાખીને કહ્યું જે, "આવો જમો !" પછી ખાખીએ કહ્યું જે, "તમે જીવનમુક્તા છો ને સ્વામિનારાયણ છો ?" ત્યારે શ્રીજીમહારાજે

કહ્યું જે, "જીવનમુક્તા પણ અમે છીએ ને સ્વામિનારાયણ પણ અમે છીએ." ત્યારે ખાખીએ કહ્યું જે, "તમારું અમે નહિ જમીએ." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "પહેલાં તમે હા કેમ કહી હતી ? અને હવે ના પાડો છો." ત્યારે ખાખીએ કહ્યું જે, "પહેલાં તમને અમે ઓળખ્યા નહોતા ને હવે ઓળખ્યા, માટે નહિ જમીએ." ત્યારે શ્રીજીમહારાજે જેઠી ગંગારામને કહ્યું જે, "ચાલો પાછા." એમ કહીને પછી શ્રીજીમહારાજ જેઠી ગંગારામને ઘેર પધાર્યા.

પછી શ્રીજીમહારાજે જેઠી ગંગારામને કહ્યું જે, "તમે જેઠી ભેળા થઈને આ પકવાન જમી જાઓ." ત્યારે જેઠી ગંગારામે કહ્યું જે, "જેઠી નથુના ઘરને આંગણે ઓટલો છે, ત્યાં આવીને આપ બિરાજો. અમે કુસ્તી કરીએ અને પછી જમીએ." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "બહુ સારું, તમો દૂધ, સાકર ને ચોખા તૈયાર કરો અને પછી કુસ્તી કરીને જમો." પછી જેઠી ગંગારામે ચોખા, દૂધ ને સાકર તૈયાર કર્યાં. અને શ્રીજીમહારાજ ઓટલા ઉપર આસન નંખાવીને વિરાજમાન થયા. પછી મલકુસ્તી કરી અને શ્રીજીમહારાજને ખૂબ સારી પેઠે રાજી કર્યા.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "હવે જમો." ત્યારે જેઠી ગંગારામે કહ્યું જે, "મહારાજ ! એમ તો ન જમીએ. આપ પ્રસાદી કરી દ્યો તો જમીએ." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "સારું જમશું, લાવો." પછી શ્રીજીમહારાજને જેઠી ગંગારામભાઈએ સારી પેઠે જમાડ્યા. અને મલ્લ પણ જમીને સારી પેઠે તૃપ્ત થયા. પછી ત્યાંથી જેઠી ગંગારામને ઘેર શ્રીજીમહારાજ પધાર્યા. અને પછી ભુજથી શ્રીજીમહારાજ **માનકૂવે** પધાર્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'ભુજમાં મહારાજને શંકરજીએ પોતાને ઘેર જમાડ્યા ને સંતને જમતાં ભોજનમાં જળ નાખવાની ના કહી ને ત્યાંથી માનકૂવે પધાર્યા' એ નામે બારમો અધ્યાય ॥૧૨॥

અધ્યાય - ૧૩

શ્રીહરિએ ઉકરડા ભક્તને ધ્યાન શીખવ્યું

શ્રીજીમહારાજ માનકૂવે થોડાક દિવસ રહ્યા. પછી ઉકરડા ભક્તના કરલા (ઊંટ) ઉપર બેસીને ચાલ્યા, તે સધુરાઈ તલાવડીમાં સ્નાન કરીને કેરે જતાં માર્ગમાં **કંડરાઈ** તલાવડી પાસે વરખડાના વૃક્ષ તળે ઊતર્યા. અને કરલાને વરખડે બાંધ્યો. મહારાજને વાસ્તે ઉકરડા ભક્તે જે વસ્ત્ર પાથર્યું તેના ઉપર બેઠા. પછી મહારાજ ઉકરડા ભક્તને વાત કરવા લાગ્યા જે, "ભગવાનનું ધ્યાન કરો." ત્યારે ભક્તે પૂછ્યું જે, "ભગવાનનું ધ્યાન કેવી રીતે કરું ?"

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "વૈકુંઠમાંથી ગરુડ ઉપર બેસીને ભગવાન ચાલ્યા, તે કલ્પવૃક્ષ તળે ઊતર્યા ને કલ્પવૃક્ષ સાથે ગરુડને બાંધીને વૃક્ષ તળે બિરાજે છે, એવું ધ્યાન કરો." ત્યારે ભક્તે કહ્યું જે, "વૈકુંઠ તે શું ? ને ગરુડ તે શું ? ને કલ્પવૃક્ષ તે શું ?" ત્યારે મહારાજે કહ્યું જે, "આપણે માનકૂવેથી આવ્યા તે વૈકુંઠ, ને આ કરલો તે ગરુડ, ને આ વરખડો તે કલ્પવૃક્ષ; તેને તળે ભગવાન બેઠા છે." એમ રમૂજની વાત કરીને ભક્તને રાજી કર્યા.

પછી ત્યાંથી ગામ **કેરે** પધાર્યા. ત્યાં સદાબાએ મહારાજને જમાડ્યાં. જમીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **બળધિયે** પધાર્યા. ને ત્યાં રાત્રીએ હરિજનની આગળ ઘણી જ વાર્તા કરી. પ્રાતઃકાળે ઊઠીને સર્વે હરિજને સહિત કાળી તળાવડીમાં સ્નાન કરીને બહુ જ લીલા કરી. પછી જળથી બાહેર નીસરીને પોતે વસ્ત્ર પહેરીને તળાવની પાળે સભા કરીને બેઠા. પછી સર્વે હરિજનને ઘેર જાવાની આજ્ઞા કરી. અને પોતે ત્યાંથી ચાલ્યા, તે નારાયણપરના નીચલા વાસની ભાગોળે વડના ઓટલા ઉપર બે ઘડી વિશ્રામ કરીને ઉપલા વાસ સોંસરા થઈને **માનકૂવે** પધાર્યા.

❋ મહીદાસ ભક્તની વાડીએ કૂવા પર ખીચડી જમ્યા :

અને **માનકૂવે**થી ચાલ્યા તે મહીદાસ ભટ્ટની વાડી ઉપર પધાર્યા. ત્યાં તેમનો સાથી સિયાણી વિશ્રામ હતો તેના પાસે જમવાનું માગ્યું. ત્યારે તેણે કહ્યું જે, "મહારાજ ! રાંધેલું કાંઈ નથી, પણ રહો તો મઠની ખીચડી કરું." પછી શ્રીજીમહારાજ અને સિયાણી વિશ્રામ બેય મળીને ખીચડી ધોઈને આંધણ સાથે જ ખીચડી ઓરી દીધી. અને પછી શ્રીજીમહારાજ કહે, "ભક્ત, તમે કોસ હાંકો અને અમે બળતું કરીએ છીએ." પછી મહારાજ લાકડીનો કટકો હસ્તમાં લઈને ઘડીમાં એ ભક્તને પૂછે જે, "હવે ખીચડી ચડી હશે." એમ કહીને લાકડે કરીને કાઢીને ચાખે, એમ બે-ચાર વાર ચાખી.

પછી ભક્તે કહ્યું જે, "મહારાજ! હજી તો ચડતાં વાર લાગશે." ત્યારે મહારાજ કહે, "અમારે તો ભૂખ્યા નહિ રહેવાય." પછી તો અડધીપડધી ચડેલી હેઠે ઉતારી અને કૂવાની કુંડીની છીપર ઉપર કેળના પત્ર ઉપર ઠારી. પછી જમ્યા ને જળપાન કર્યું.

પછી બીજે દિવસ **ભુજનગર**ના હરિજનો મહારાજના સમાચાર સાંભળીને વાડીએ દર્શને આવ્યા. અને મહારાજને દંડવત કરીને પગે લાગીને હાથ જોડીને કહે જે, "હે મહારાજ ! ગામમાં પધારો." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "ગામમાં નહિ આવીએ ને સુતાર જીવરામની માતુ હરબાઈને કહેજો જે, રસોઈ કરીને આંઈ લઈ આવે." ત્યારે હરિભક્તે કહ્યું જે, "કહેશું." તે પછી હરબાઈને કહ્યું. અને હરબાઈ રસોઈ કરીને લઈ ગયાં ને શ્રીજીમહારાજને રૂડી રીતે જમાડ્યા. અને પછી તે બાઈએ શ્રીજીમહારાજને પગે લાગીને કહ્યું જે, "હે મહારાજ ! ગામમાં પધારો ! અને આંઈ વગડામાં કેમ બેસી રહ્યા છો ?" પછી શ્રીજીમહારાજ સુતાર હીરજીભાઈને ઘેર પધાર્યા ને સત્સંગીની સેવાને અંગિકાર કરતા થકા હરિજનને આનંદ ઉપજાવવા લાગ્યા.

✵ નંદાસણ ગામના ભૂલાભક્તને માર્ગ બતાવ્યો :

પછી એક દિવસ શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત દંઢાવ્ય દેશમાં નંદાસણ ગામના કણબી ભુલાભાઈ, તે શ્રીજીમહારાજને દર્શને ચાલ્યા. પોતે ભોળા પટેલ હોવાથી ઉગમણા આથમણાની પણ ગમ ન પડે, ને ઉનાળા શિયાળાની પણ ગમ ના મળે, ને સાથે જમવાનું પણ કાંઈ ભાતું ન લીધું અને પાણીનું પાત્ર પણ ન લીધું અને ઘેરથી ચાલ્યા. ત્યારે શ્રીજીમહારાજ તો ભુજનગરમાં બિરાજમાન હતા. શ્રીજીમહારાજ તો અંતરજામી છે, તે તેને આવતો જાણીને બ્રાહ્મણરૂપે પોતે થઈને તે ભક્તને પૂછવા લાગ્યા જે, "ભક્ત, તમે ક્યાં જાશો ?"

ત્યારે તે ભક્તે કહ્યું જે, "અમારા સ્વામિનારાયણ શ્રીભુજનગર છે, ત્યાં દર્શને જાવું છે." ત્યારે તે બ્રાહ્મણે કહ્યું જે, "અમારે પણ ભુજનગર જાવું છે, તે તમે ચાલો. તમને જ્યાં સ્વામિનારાયણ બિરાજમાન હશે ત્યાં તો પહોંચાડશું." ત્યારે ભક્તે કહ્યું જે, "સારું મહારાજ ! હું એકલો હતો તે આપણે બે જણ થયા, હવે ચાલો." પછી શ્રીજીમહારાજ એ ભક્તની અન્ન-જળ તથા ઉતારાની સર્વ પ્રકારે ખબર રાખતા આવ્યા. ને ભુજનગરમાં સુતાર હીરજીભાઈને ઘેર શ્રીજીમહારાજ બિરાજમાન હતા. ત્યાં તે બ્રાહ્મણે કહ્યું જે, "આ જગ્યામાં સ્વામિનારાયણ સામા બેઠા, હવે તમે તેમની પાસે જાઓ."

પછી એ ભક્ત શ્રીજીમહારાજને પગે લાગીને બેઠો. અને શ્રીજીમહારાજ બ્રાહ્મણરૂપે હતા તે અંતર્ધાન થઈ ગયા. ત્યારપછી શ્રીજીમહારાજે તે ભક્તને પૂછ્યું જે, "તમે ક્યાંથી આવ્યા ને કોના ભેળા આવ્યા ને કોણે માર્ગ દેખાડ્યો ?" ત્યારે તે ભક્તે કહ્યું જે, "હું ઘેરથી ચાલ્યો ને ગામ બહાર આવ્યો, ત્યારે એક બ્રાહ્મણ ભેળો થયો. તે માર્ગનો ભોમિયો હતો. તે અન્ન-પાણીની તથા ઉતારાની સર્વ પ્રકારે મારી ખબર રાખતો આવ્યો. અને મને આ જગ્યામાં પહોંચાડ્યો. હવે શું જાણીએ તે ક્યાં ગયો !"

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "એ તો અમે હતા, તે તમારી ખબર રાખતા આવ્યા." પછી જે માર્ગે ચાલ્યા ને જ્યાં રાત રહ્યા તે સર્વે એંધાણીઓ પૂરી. ત્યારે તે ભક્તે કહ્યું જે, "હે મહારાજ ! જેમ તમે કહો છો તેમ જ છે. અને તમારા વિના કોણ સહાય કરે ?" એમ કહ્યું.

✵ શ્રીહરિ રસ્તામાં ભક્તોના ખભા ઉપર બેઠા :

અને પછી શ્રીજીમહારાજ **માનકૂવે** પધાર્યા. ત્યારે શ્રીજીમહારાજ ભેળા નાજો જોગિયો ને સુરો ખાચર આદિક પાંચ કાઠી હતા. અને માર્ગે રેતી આવી ત્યાં શ્રીજીમહારાજ ઊભા રહ્યા ને નાજા જોગિયાને કહ્યું જે, "તમે બેસો ને અમે તમારા ખભા ઉપર બેસીએ ને પચાસ ડગલાં ચાલો, તે પછી બીજા ઉપર બેસું." ત્યારે નાજે જોગિયે કહ્યું જે, "પધારો, આ હું બેઠો."

પછી શ્રીજીમહારાજ નાજા જોગિયાના ખભા ઉપર બેઠા ને નાજો જોગિયો પચાસ-સાઈઠ ડગલાં ચાલ્યા. પછી શ્રીજીમહારાજે સુરા ખાચરને કહ્યું જે, "હવે તમે બેસો." ત્યારે સુરો ખાચર બેઠા ને શ્રીજીમહારાજ તેના ખભા ઉપર બેઠા. ત્યારે સુરો ખાચર તો ઊઠી શક્યા નહિ અને આડા પડી ગયા ને બોલ્યા જે, "ભણું મરી ગયો...મરુ ગયો..!" એમ બરાડા પાડ્યા.

ત્યારે શ્રીજીમહારાજ ઉપરથી ઊતરીને છેટે જઈ ઊભા રહ્યા. ને કહ્યું જે, "તમને શું થયું જે બરાડા પાડ્યા ? નાજો જોગિયો તો ઉપાડીને સાઈઠ ડગલાં ચાલ્યા અને તમે તો અમે બેઠા ને તરત બરાડા પાડ્યા, તે તમને શું થયું ?" ત્યારે સુરો ખાચર બોલ્યા જે, "ભણું મહારાજ ! ત્રિલોકીનો ભાર લઈને ઉપર બેઠા તે કેમ ઉઠાય ?" પછી શ્રીજીમહારાજ હસવા લાગ્યા ને પછી વળી શ્રીજીમહારાજ બીજા કાઠીના ખભા ઉપર બેસીને ચાલ્યા.

✹ માનકૂવાના અદાભાઈએ મહારાજને રાજી કર્યા :

એવી રીતે લીલા કરતા **માનકૂવે** પધાર્યા. અને સુતાર નાથાને ઘેર ઊતર્યા. સુતાર નાથે પોતાને ઘેર રસોઈ કરાવીને શ્રીજીમહારાજને જમાડ્યા. પછી કાઠીને પણ જમાડ્યા. પછી બીજા સત્સંગી પણ પોતપોતાને ઘેર રસોઈ કરાવીને જમાડતા. પછી ભુજથી જેઠી ગંગારામ આદિ છ-સાત સત્સંગી શ્રીજીમહારાજને દર્શને આવ્યા. તે દંડવત્ કરી પગે લાગીને બેઠા. તે વાતુ કરતાં જેઠી ગંગારામ કહે જે, "મુમાં બળ ઝાઝું છે." ત્યારે અદાભાઈ કહે, "મુમાં બળ ઝાઝું છે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમે કુસ્તી કરો તો જણાય." પછી અદાભાઈ ઊઠ્યા ને કેડ્ય બાંધીને ઊભા રહ્યા.

પછી શ્રીજીમહારાજે જેઠી ગંગારામને કહ્યું જે, "ઊઠો, શું જોઈ રહ્યા છો ?" પછી જેઠી ગંગારામે ઊઠી અદાભાઈને કેડ્યમાં ઝાલીને ધીરે રહીને સુવારી દીધા ને છાતી ઉપર હાથ રાખીને ઊભા રહ્યા. અદાભાઈ તો સૂતા સૂતા જેમ માછલું તરફડે તેમ હાથપગ પછાડવા લાગ્યા. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "હવે હાથ લઈ લ્યો." પછી જેઠી ગંગારામે મૂકી દીધા. પછી શ્રીજીમહારાજ હસવા લાગ્યા. પછી અદાભાઈ બોલ્યા જે, "હું સર્વે જાણતો હતો કે જેઠી ગંગારામને હું નહિ પહોંચું, પણ મહારાજ રાજી થયા એ શું થોડી વાત છે ?"

પછી જેઠી ગંગારામે કહ્યું જે, "હે મહારાજ ! ભુજ પધારો." ત્યારે માનકૂવાના સત્સંગી કહે જે, "ના મહારાજ ! આંહીં રહો, નથી જાવું." એમ તાણમતાણ ઘણી થઈ. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "અમે સૂઈએ ને ભુજના પાંચ જણા એક કોરથી ઠેલો(ખેંચો) અને માનકૂવાના પાંચ જણા એક કોરથી ઠેલો. પછી જે જીતે તેમને ત્યાં જઈશું." પછી શ્રીજીમહારાજ પોઢ્યા ને સામસામા ઠેલવા લાગ્યા. પછી શ્રીજીમહારાજ જે કોરે મનાકૂવાના સત્સંગી હતા તે કોરે પડખું ફેરવીને નમ્યા.

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, **"ભુજના સત્સંગી જીત્યા ને માનકૂવાના હાર્યા. માટે અમારે ભુજ જવાનું ઠર્યું."** પછી શ્રીજીમહારાજ સવારમાં ઊઠીને તૈયાર થયા. ત્યારે માનકૂવાના સત્સંગીએ કહ્યું જે, "હે મહારાજ ! જમીને પધારજો." પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "જમવા નહિ રહીએ. ચાલશું ને ભુજ જઈને જમશું." ત્યારે માનકૂવાના સત્સંગીએ સુખડીનું ભાતું આપ્યું.

✵ શ્રીહરિ ભક્તો સાથે ગોવાળ મંડળી કરીને જમ્યા :

પછી શ્રીજીમહારાજ ચાલ્યા, તે સર્વે સત્સંગી નદી ઊતરીને સામે કાંઠે ગયા. અને સતીની છત્રીના ઓટા ઉપર જેઠી ગંગારામભાઈએ લૂગડું પાથરી આપ્યું. પછી શ્રીજીમહારાજ બિરાજમાન થયા. અને સત્સંગી આવીને પગે લાગીને બેઠા. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "તમે સર્વે પાછા વળો." પછી હરિજન સર્વે પગે લાગીને પાછા વળ્યા ને શ્રીજીમહારાજ ચાલ્યા. જણસાળીની નાતની તલાવડી છે તેની ઉત્તરાદી પાળે બાવળ હેઠે જેઠી ગંગારામભાઈએ લૂગડું પાથર્યું, તે ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન થયા. પછી શ્રીજીમહારાજ નાહ્યા ને સત્સંગી સર્વે નાહ્યા.

પછી શ્રીજીમહારાજે જેઠી ગંગારામને કહ્યું જે, "માનકૂવાથી ભાથું લાવ્યા છો તે લાવો, જમીએ !" ત્યારે જેઠી ગંગારામે સુખડી લાવીને આપી. પછી શ્રીજીમહારાજ સારી પેઠે જમ્યા. જેઠી ગંગારામે પાણીનો લોટો ભરીને આપ્યો. પછી શ્રીજીમહારાજે જળપાન કરીને હાથ ધોઈને ગંગારામને કહ્યું જે, "આંહીં આવો, અમે તમને પીરસીએ તે તમે સર્વે ભેળા બેસીને જમો."

પછી જેઠી ગંગારામે કહ્યું જે, "બહુ સારું મહારાજ !" પછી શ્રીજીમહારાજને ચારેકોરે વીંટીને ગોવાળ મંડળી કરી. પછી શ્રીજીમહારાજ સર્વેની વચ્ચે બેઠા પીરસવા લાગ્યા. એમ સારી પેઠે

જમાડીને તૃપ્ત કર્યા. પછી હાથ ધોઈને શ્રીજીમહારાજે કહ્યું જે, "આ તળાવડી બહુ સારી છે. અમે આંહીં બહુ વાર ઊતર્યા છીએ ને નાહ્યા છીએ. માટે આ તળાવડી તો તીરથરૂપ છે ને સહુને દર્શન કરવા યોગ્ય છે. તે સારુ તીર્થ જાણીને જણસાળી હરિજન છતરી કરાવીને પગલાં પધરાવશે."

પછી શ્રીજીમહારાજ ત્યાંથી ચાલ્યા, તે જેઠી ગંગારામને ઘેર પધાર્યા. તે સમે અતિ આનંદઉત્સવ થયો. અને શ્રીજીમહારાજને દર્શને કરીને સૌને ઘણું સુખ થયું. પછી શ્રીજીમહારાજ ત્યાં રહીને ઘણીક લીલા કરતાં થકા દિવસ પાંચ રહીને સુતાર હીરજીભાઈને ઘેર પધાર્યા. તેમને ઘેર નિત્ય જમતા હતા. અને સુતાર ભગવાનજી પણ પોતાને ઘેર જમાડતા. અને લાધીબાઈ પણ પોતાને ઘેર થાળ કરીને રૂડી રીતે શ્રીજીમહારાજને પાર્ષદે સહિત જમાડતાં. અને શ્રીજીમહારાજ પણ પોતાના ભક્તની સેવાને અંગીકાર કરતા સતા ઘણાક માસ ભુજનગરમાં રહીને ગુજરાતમાં પધાર્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'ભુજમાં મહીદાસ ભટ્ટની વાડીએ મહારાજને ભક્ત વસરામે મઠની ખીચડી જમાડી ને ભુજમાં ઘણા દિવસ રહીને ગુજરાત પધાર્યા' એ નામે તેરમો અધ્યાય ॥૧૩॥

અધ્યાય - ૧૪

સોરઠ, હાલાર થઈ માંડવી આવી લીલાઓ કરી

પછી મહારાજ ગુજરાતમાં ફરીને દેશ કાઠિયાવાડમાં પધાર્યા. અને ગઢડામાં દાદા ખાચર, એભલ ખાચરના દરબારમાં **સં. ૧૮૬૨ની સાલમાં ફાગણ વદિ ત્રીજ**ને દિવસ પ્રતિષ્ઠામયૂખ ગ્રંથમાં લખેલા વિધિ પ્રમાણે પ્રતિષ્ઠા કરાવી વાસુદેવનારાયણની મૂર્તિ પધરાવી.

પછી મહારાજ ગામ **ભાદરે** ભક્ત વસરામને ઘેર પધાર્યા. ત્યાં દસ દિવસ રહીને ત્યાંથી **જોડિયે** પધાર્યા. ત્યાંથી નાવમાં બેસીને **માંડવી** પધાર્યા. ત્યાં ખૈયા ખત્રીના કારખાનામાં ઊતર્યા. અને થોડાક દિવસ રહીને **ડોણ** પધાર્યા. તે ગામથી ઉગમણું તથા આથમણું જે તળાવ તેમાં સ્નાન કર્યું. ને ત્યાં ભીમએકાદશીનો સમૈયો કર્યો. ત્યાં રાત રહીને આત્માનંદસ્વામી, પરમચૈતન્યાનંદસ્વામી, નૃસિંહાનંદ સ્વામી, ધર્માનંદસ્વામી એમને મહારાજે કહ્યું જે, "તમો માંડવીએ રહેજો, અમે તેરે જાશું અને કાં તો તમને તેરે તેડાવશું ને કાં તો અમે આવશું."

પછી બે સંત તો મહારાજ પાસે ગયા. અને આત્માનંદસ્વામી ને બીજા બે સાધુ રહ્યા. તે ખૈયાની શાળામાં ત્રણ મહિના રહ્યા. પછી મહારાજને ભુજ આવ્યા સાંભળીને આત્માનંદસ્વામીએ નારાયણ કહી મોકલ્યા. અને અર્ધરાત્રે વાણિયે મહારાજને કહ્યું જે, "તમને આત્માનંદ સ્વામીએ નારાયણ કહ્યા છે." તે સાંભળીને મહારાજ બોલ્યા જે, "અમે માંડવી જાશું." ત્યારે હરિભક્તે કહ્યું જે, "દરવાજા વસાઈ ગયા છે." ત્યારે મહારાજે કહ્યું જે, "ઉઘડાવો." પછી દરવાજો ઉઘડાવ્યો ને માનકૂવાના કૃષ્ણજી બ્રાહ્મણનો ઊંટ હતો, તે ઊંટ ઉપર બેઠા. પછી ગાઉ બે જઈને કહ્યું, "આ લે તારો ઊંટ, અમને તો ઊંઘ આવે છે, તે સૂઈ જાશું." એમ કહીને સૂઈ ગયા.

પછી સવારે ચાલ્યા તે **રેહા** ગામમાં દરબારમાં રાત રહ્યા ને બહુ વાર્તા કરી. પછી બીજે દિવસ **માંડવી**એ આવ્યા. તે મેઘજી સુતારને ઘેર પધાર્યા અને પછી આત્માનંદસ્વામીને ખબર થઈ તેથી તે મહારાજ પાસે ગયા. તે સમે મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન હતા અને થોડોક વરસાદ વરસ્યો હતો તેથી પૃથ્વી લીલી હતી. તે આત્માનંદસ્વામી તો હેઠા બેસવા મંડ્યા, ત્યારે મહારાજે કહ્યું જે, "ઉપર બેસો." ત્યારે તેમણે કહ્યું જે, "ઉપર કેમ બેસાય ?" પછી મહારાજે કહ્યું જે, "બધે રૂપે પૃથ્વી થઈ છે. તે વેદસ્તુતિના ગદ્યમાં કહ્યું છે, **"बृहदुपलब्धमेतत्"**

પછી મહારાજ કહે, "આજ તો અમે તરસે મરી ગયા. ને અમારે તો આ ભેળો સેવક છે તે કાંઈ પાણીનું ઠામ રાખતો નથી." ત્યાં કુબેરસિંહ આવ્યા ને મહારાજની આગળ નાળિયેર મેલીને પગે લાગીને બેઠા. પછી મહારાજ કહે, "અહીંયાં ક્યાં રહો છો ?" ત્યારે કહે જે, "ગુસાંઈજી ભેળો રહું છું." ત્યારે મહારાજે કહ્યું જે, "ગુસાંઈજીનું કેમ સમજો છો ?" ત્યારે કુબેરસિંહજી બોલ્યા જે, "એની ક્રિયા જોતાં તો કોઈ દિવસ કલ્યાણ થાય એવું નથી, પણ નિત્યે તમારું દર્શન કરું છું. તે કાંઈક સારું થાશે."

✵ માંડવીમાં વેદાંતીઓના પ્રશ્નોના ઉત્તર કર્યા :

પછી વળી વેદાંતી ભેળા થયા. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "કાંઈ પ્રશ્ન પૂછો." ત્યારે સંઘનો વેદાંતી હતો તેણે પૂછ્યું જે, "માયાનું રૂપ કરો ને બ્રહ્મનું રૂપ કરો. તેમાં પ્રથમ બ્રહ્મનું રૂપ કરો." ત્યારે મહારાજે પોતાની છાતીએ હાથ લગાડીને કહ્યું જે, "આ બ્રહ્મનું રૂપ છે." ત્યારે તેણે કહ્યું જે, "તમે બ્રહ્મ છો ?" ત્યારે મહારાજે કહ્યું જે, "હા." ત્યારે તે બોલ્યો જે, "અમને બ્રહ્મ દેખાડો."

ત્યારે મહારાજે કહ્યું જે, "બ્રહ્મ એક કે બે ?" ત્યારે તેણે કહ્યું જે, "એક." ત્યારે મહારાજે કહ્યું જે, "એક તો આ છે, બીજો હોય તો તમને દેખાડીએ." ત્યારે તે બોલ્યો જે, "એમ અમને કેમ મનાય ? કાંઈ દેખાડો તો મનાય." ત્યારે મહારાજે કહ્યું જે, "તમારે કાંઈ દેખવું હોય તો અમારા સાધુ સુરતમાં છે, તે ભેળા રહો. તમારે જે કાંઈ દેખવું હશે તે દેખાઈ આવશે." ત્યારે તે બોલ્યો જે, "મોર્યથી દેખ્યા વિના કેમ રહેવાય ? કાંઈ દેખાડો તો રહું."

પછી મહારાજે એક દૃષ્ટાંત કહ્યું જે, "વાણિયાની દીકરીનો વિવાહ હતો. તેની જાન આવી ત્યારે દીકરી બોલી જે, 'આ શું છે ?' ત્યારે તેના બાપે કહ્યું જે, 'તુને પરણાવવી છે.' ત્યારે તે કહે, 'પરણીને શું

કરે ?' ત્યારે તે કહે જે, 'સાસરે લઈ જાય.' ત્યારે તે કહે જે, 'હું તો નહિ જાઉં.' ત્યારે કહે જે, 'શા સારુ નહિ જાય ?' ત્યારે તે બોલી જે, 'મને એક દીકરો મોર્યથી આપે તો જાઉં." પછી મહારાજે કહ્યું જે, "એ તે ડાહી કે મૂરખી ?" પછી સહુ બોલ્યા જે, "મૂરખી જ તો. પતિના ઘેર ગયા વિના દીકરો માગે છે, માટે મૂરખી જ તો !" ત્યારે મહારાજે કહ્યું જે, "અમારું વચન માનતા નથી ને અમે કહીએ તેમ કરવું નથી ને બ્રહ્મને જોવાને ઈચ્છે છે."

પછી મહારાજે કહ્યું જે, "અમે કાલે ચાલશું." ત્યારપછી સહુએ કહ્યું જે, "આજ જ આવ્યા છો અને કાલ સવારમાં ચાલવાનું કેમ કહો છો ?" ત્યારે મહારાજે કહ્યું જે, "તમારી નજરમાં આવે તે ગ્રંથ વાંચો, અમે પ્રશ્ન પૂછીએ તેના ઉત્તર કરીને સોંસરા નીસરો તો અમે સર્વે તમારા થઈએ. અને જો અમારા પ્રશ્નનો ઉત્તર ન થાય તો તમે અમારા થાઓ. અને કહો તો અમે તમે કહો તે ગ્રંથ વાંચીએ ને તમે પ્રશ્ન કરો તેનો ઉત્તર કરીને સોંસરા નીસરીએ તો તમો અમારા થાવ. ને તમારા પ્રશ્નનો ઉત્તર ન થાય તો અમે તમારા થઈએ."

પછી વેદાંતી બોલ્યો જે, "અમારો તો એક ખૈયો હતો તે તો તમારો થયો, હવે પ્રશ્નનો ઉત્તર કોણ કરે ?" પછી મહારાજ બોલ્યા જે, "પ્રશ્ન-ઉત્તર થાય ત્યાં સુધી ખૈયો તમારો." પછી કોઈ બોલ્યું નહિ ને સૌ સૌને ઘેર ગયા. પછી મહારાજને સારુ રસોઈ તૈયાર થઈ તે જમ્યા ને જમીને પોઢી ગયા.

પછી સવારમાં વહેલા ઊઠીને ગામ **ડોણ** ગયા. પછી આત્માનંદ સ્વામીને ખબર થઈ કે મહારાજ ચાલ્યા. પછી તેમણે ચાલવાનો મનસૂબો કર્યો, ત્યાં રહાના વોરા આવ્યા. તેણે પૂછ્યું જે, "મહારાજ ક્યાં ?" ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજ તો ડોણ ગયા." પછી એ વોરા પણ ડોણ ગયા. પછી આત્માનંદસ્વામીને મનમાં સુવાણ થઈ નહિ, તેથી મોડેથી તે પણ ચાલ્યા. પણ સંશય હતો જે રખે કાંઈ

મહારાજ વઢે નહિ ! ત્યાં તો ગાઉ બે ચાલ્યા ત્યાં વોરા સામા આવ્યા. તેમણે કહ્યું જે, "તમને મહારાજે તેડાવ્યા છે." ત્યારે આત્માનંદસ્વામીને આનંદ થયો ને મહારાજ પાસે ગયા. પછી બ્રહ્માનંદસ્વામી આવ્યા ને માણસ ઝાઝા ભેળા થયા.

✵ મનની ભૂખે નહીં તનની ભૂખે જમવું :

પછી તે દિવસે મહારાજે વાત કરી જે, "અમારે એક વાત કઠણ પડે છે જે, સાધુને મેલીને ગ્રહસ્થને ઘેર એકલા જમવા જાવું તે પણ ઠીક નહિ. ને સાધુએ સોતા જઈએ તો ગૃહસ્થને કઠણ પડે. માટે સાધુ ભિક્ષા માગી ખાય ને ગૃહસ્થ આવે તે ગાંઠ્યનું ખાય તો અમારે ઠીક પડે. શા માટે જે દર્શન કરવા આવે તેની અમારે ચિંતા નહીં." પછી વળી એમ વાત કરી જે, **"મનની ભૂખે ન જમવું, ને તનની ભૂખે જમવું."**

પછી આત્માનંદસ્વામી તો તે વાત સાંભળીને છાનામાના ગામમાં ઝોળી લઈને માગવા ગયા. ને વાંસે પંગત બેઠી ત્યારે મહારાજ કહે, "આત્માનંદસ્વામી ક્યાં ગયા ?" ત્યારે સાધુ બોલ્યા જે, "તળાવ ઉપર ગયા હશે." પછી તે આત્માનંદસ્વામી ગામમાંથી માગીને આવ્યા. ત્યાં એક સાધુ જમીને ઊઠ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "તમે આ થાળી ઉપર બેસો." પછી તે બેઠા અને ગામમાંથી લોટ માગી લાવ્યા હતા તે થાળીમાં નાંખ્યો. ત્યાં હરિભક્ત પીરસવા આવ્યા.

ત્યારે હરિભક્તે કહ્યું જે, "આ લોટ ક્યાંથી ?" ત્યારે મહારાજે પણ પૂછ્યું જે, "આ લોટ ક્યાંથી ?" ત્યારે તેમણે કહ્યું જે, "ગામમાં માગવા ગયો હતો." ત્યારે મહારાજે કહ્યું જે, "નોતરાની ખબર નહોતી જે માગવા ગયા?" ત્યારે તેમણે કહ્યું જે, "ખબર નોતી." પછી મહારાજ કહે, "એને જમવા આપો." પછી શીરો પીરસ્યો, તે લોટ ભેળો કરીને જમી ગયા. પછી જોગાનંદસ્વામીના મનમાં સંકલ્પ થયો જે, મન માગે છે. ત્યારે મહારાજે કહ્યું જે, "મન માગે તે એને આપો." પછી પંગત જમી ઊઠી.

✵ સંતનું માનનાર ભોજા ચારણને પાઘડી બંધાવી :

પછી મહારાજ ઢોલિયા ઉપર ઉતરાદે મુખારવિંદે બિરાજમાન હતા. ને સાધુ હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી બગસરાનો ભોજો ચારણ કાળા છેડાનું ધોળું ધોતિયું લાવ્યો. તે મહારાજના ખોળામાં મેલ્યું. પછી મહારાજે કહ્યું જે, “મૂળુ લંઘો ને ભોજો ચારણ તે પરસ્પર ચર્ચા કરે. ને સાધુ કહે જે, ‘આ જીત્યો,’ તેને પાઘડી બંધાવીએ.” પછી ચારણ અને મૂળ લંઘાણીને ચર્ચા થઈ ને એક બીજાને મેણાં માર્યાં. ત્યારે મહારાજે સાધુને કહ્યું જે, “એમાં કોણ સરસ ?” ત્યારે સાધુએ કહ્યું જે, “ભોજા ચારણ તો સાધુનું માને ને મૂળુ લંઘો તો વાદી છે, તે સાધુનું માને નહિ.” ત્યારે મહારાજ કહે જે, “ભોજો ચારણ જીત્યા.” પછી મહારાજે ભોજા ચારણને પાઘડી બંધાવી.

પછી સાંજને ટાણે મહારાજ ઓસરી ઉપર ઉગમણે મુખે ચાદર ઓઢીને ઊભા હતા. પછી સાધુ આરતી ધૂન્ય બોલ્યા. ને પછી વેદસ્તુતિ બોલવા માંડી. ત્યારે મહારાજનાં નેત્રકમળ ફૂલવા માંડ્યાં, તે જેમ સૂર્ય ઊગે ને કમળ ફૂલે તેમ નેત્રકમલ પ્રફુલિત થયાં. તે જાણીએ બ્રહ્માંડ સમાઈ જાશે કે શું ! એવા મહારાજનાં અલૌકિક દર્શન થયાં. પછી બીજે દિવસે જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો ને પ્રશ્ન-ઉત્તર કર્યા. પછી મહારાજ વાડામાં લઘુશંકા કરવા ગયા.

પછી આત્માનંદસ્વામીએ મૂળુલંઘાને કહ્યું જે, “આ મીઠાઈ તું મહારાજને જમાડ. તે જો તારું વર્તમાન ચોખ્ખું હશે તો મહારાજ જમશે ને જો તારું વર્તમાન ગોબરું હશે તો નહિ જમે.” એમ કહ્યું. ત્યાં તો મહારાજ હસતાં હસતાં આવ્યા ને બોલ્યા જે, “શું કહે છે ?” પછી મૂળુલંઘો બોલ્યો જે, “બાપ કરું, આટલી મીઠાઈ કટોરામાં છે તે જમો.” પછી મહારાજ કહે, “અમારે નથી જમવું.” ત્યારે મૂળૂ લંઘો બોલ્યો જે, “ધુ.ધુ.ધૂ. બાપ કરું, ત્યારે તો માર્યો ગયો.” એ રીતની ઘણીક દેશી લાવ્યો. પછી મહારાજ બહુ હસ્યા ને પછી જમ્યા.

પછી સાંજની વખતે એક બાઈએ મહારાજની પૂજા કરીને આરતી ઉતારી. પછી સવારમાં પારણાં કરવા સારુ વહેલી રસોઈ થઈ, તે મહારાજ પ્રથમ જમ્યા. પછી સાધુને જમાડ્યા. પછી મહારાજે બ્રહ્માનંદસ્વામીને ને બીજા કેટલાક સાધુ ને ભોજા ચારણને આજ્ઞા કરી જે, "તમે હાલારમાં જાઓ, આપણે ડભાણ સમૈયો કરવો છે તે ખબર કરજો જે સામાન ભેગો કરે." ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "આટલો સામાન ભેળો કરાવો છો તે જજ્ઞમાં વિઘન થાશે કે નિર્વિઘ્ન થાશે ?" ત્યારે મહારાજે કહ્યું જે, "જજ્ઞ તો નિર્વિઘ્ન થાશે પણ પાઘડીયું ઘણાની ઊડી જાશે." પછી બ્રહ્માનંદસ્વામી માંડવીએ ગયા. ને મહારાજ ભેળા સાધુ છ-સાત હતા તે સાધુ ને મહારાજ ભુજને માર્ગે ચાલ્યા.

પછી મહારાજે માર્ગમાં વાર્તા કરી જે, "આપણે આત્માનંદ સ્વામીની રીત પ્રવર્તાવવી છે. તેમાં ગોદડી તો આપણે થઈ ને સ્વામી એક તુંબડું રાખતા. તેમાં પાણી પીતા ને તેમાં માગીને ચોળી ખાતા. તેમ આપણે પતર રખાવવું છે." એમ ત્યાગ સંબંધી વાત બહુ કરી. પછી એમ વાત કરતાં **ભાડઈ** ગામ આવ્યું ને દિવસ થોડો રહ્યો.

પછી મહારાજે ડુંગરજીને કહ્યું જે, "ગામમાં જાઓ." એમ આજ્ઞા કરી, ને પોતે ભાગોળે બેઠા. અને એમ કહ્યું જે, "લવાણાનો દીકરો સત્સંગી છે, તે ઘેર હોય તો આપણે રહીએ." પછી ડુંગરજી ગામમાં ગયા. પછી ખબર કરી, ત્યારે એનો બાપ ઘેર હતો તે આવ્યો. તેણે કહ્યું જે, "મહારાજ ! ગામમાં ચાલો." ત્યારે મહારાજે કહ્યું જે, "તારો દીકરો નથી, તે નહિ રહીએ." ત્યારે લુવાણે કહ્યું જે, "મહારાજ ! તમે ન રહો તો મને મારો દીકરો વઢે." પછી મહારાજ ગામમાં પધાર્યા, તે એક હાટમાં ઊતર્યા. પછી લુવાણે કહ્યું જે, "હે મહારાજ ! રસોઈ કરાવું ?" પછી મહારાજે કહ્યું જે, "સૌ જમ્યા છીએ, તે રસોઈની જરૂર નથી." પછી ત્યાં એક બ્રાહ્મણ આવ્યો. ત્યારે મહારાજે કહ્યું જે, "આત્માનંદસ્વામી ! તમે વાત કરો." પછી તેમણે વાત કરી જે,

વિઠ્ઠલનાથ વસ્યા ઉર જાકે, વાકી રીત પ્રીત છબી ન્યારી;
ઉગ્ર સ્વભાવ પરમાર્થ, સ્વાર્થ લેશ નહિ સંસારી.

એ સૂરના કીર્તનની વાત કરી. પછી બ્રાહ્મણ કહે, "મારે તો સંધ્યાનો વખત થયો છે, માટે હું તો જઈશ." પછી એ કીર્તનની વાત મહારાજે આત્માનંદસ્વામી આગળ વિસ્તારીને કરી જે, "વિઠ્ઠલનાથ ભગવાન જેના હૃદયમાં રહ્યા હોય તેની રીત-પ્રીત છબી ન્યારી, એ દિશની ઘણીક વાત કરી."

પછી મહારાજે કહ્યું જે, "હમણાં ઊંઘશો તો પરભાત ક્યારે થશે ? માટે કોઈ પ્રશ્ન કરો તો વાત કરીએ." ત્યારે પરમ ચૈતન્યાનંદસ્વામી બોલ્યા જે, "ક્યા પ્રશ્ન કરના હે ? આત્મા હે સો સત્ય હે." ત્યારે મહારાજે કહ્યું જે, "એ તો તમે ઠીક કહો છો, પણ દીવો તે પણ અગ્નિ છે અને મસાલ પણ અગ્નિ છે, અને વીજળી પણ અગ્નિ છે, અને વડવાનળ પણ અગ્નિ છે. માટે એ દીવાને લગારેક વાયુ લાગે તો ઓલાઈ જાય અને વડવાનળ અગ્નિ પાણીને બાળે છે, પણ પોતે ઓલાતો નથી; એમ આત્મા આત્મામાં ભેદ છે." એ દિશની ઘણીક વાત કરી. પછી મહારાજ મોઘ પાથરી હતી તે ઉપર પોઢી ગયા, ને છોકરાને ભણ્યાની નિશાળ હતી ત્યાં સૌ સૂઈ રહ્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'સિંધના વેદાંતીએ મહારાજને માંડવીમાં પ્રશ્ન પૂછ્યો તેનો ઉત્તર કર્યો ને ગામ ભાડઈ આવ્યા' એ નામે ચૌદમો અધ્યાય ॥૧૪॥

અધ્યાય - ૧૫

શ્રીહરિની સંતો સાથે ભોજનલીલા અને રમૂજ

પછી મહારાજ સવારમાં ઊઠ્યા, ત્યાં લુવાણો આવ્યો. તેણે કહ્યું જે, "મહારાજ ! રસોઈ કરાવું ?" ત્યારે મહારાજે કહ્યું જે, "લુવાણાનું

તો અમે જમતા નથી.” પછી એમ કહ્યું જે, “બ્રાહ્મણ પાસે રસોઈ કરાવીએ.” ત્યારે મહારાજે કહ્યું જે, “બહુ સારું કરાવો.” એમ કહીને મહારાજ અને સાધુ નદીએ નાહવા ગયા. પછી નાહીને આવ્યા ત્યારે રસોઈ થઈ. પછી પંગત થઈ તે મહારાજને સાધુ જમવા બેઠા.

પછી મહારાજે જમીને કળસિયો હાથમાં લીધો ને લુવાણાનો હાથ ઝાલીને નિયમ ધરાવ્યું ને એમ કહ્યું જે, “અમો તો તમારા સારુ રહ્યા છીએ. માટે ‘સ્વામિનારાયણ સ્વામિનારાયણ’ ભજન કરજ્યો.” પછી મહારાજ ચાલી નીસર્યા. પછી ગામ બારા નીકળ્યા, તે મધ્યાનનો તડકો તેમાં ચાલવું. પછી મહારાજે કહ્યું જે, “સાધુને આવી વખતે ચાલવું. શા માટે જે જુવોને કોઈ જીવ રસ્તામાં જણાય છે ?”

ત્યારે આત્માનંદસ્વામી બોલ્યા જે, “હે મહારાજ ! મોટા જીવ બળી મરે છે, તો બીજા જીવની શી વાત ?” પછી મહારાજ હસતાં હસતાં ચાલ્યા. ને કેડ સુધી વાંસે ચાદર લટકતી મૂકીને માથે બાંધી હતી ને ધોતિયું પહેર્યું હતું ને બે હાથ છૂટા મેલીને હાથને હલાવતાં થકા ચાલ્યા. અને સાધુને પૂછવા માંડ્યું જે, “તમે કેટલી વાર રોટલી લીધી ? ને કેટલી વાર શીરો લીધો ? ને કેટલી વાર દૂધપાક લીધો ? ને કેટલી વાર શાક લીધું ? ને કેટલી વાર દાળ લીધી ? ને કેટલી વાર ભાત લીધો ?”

વળી મહારાજે સાધુને કહ્યું જે, “તમે પંદર શેર ખાધું. ને કોઈને કહે, તમે દશ શેર ખાધું ને કોઈને કહે, તમે સાત શેર ખાધું. ને કોઈને કહે તમે પાંચ શેર ખાધું.” તેવી રીતે સર્વે સાધુને મહારાજે કહ્યું જે, “તમે શું સાધુ છો ? પેટભરા છો. એ તો બ્રાહ્મણે સૌને સારુ રસોઈ કરી હતી, પણ અમે જો ઊઠ્યા ન હોત તો બ્રાહ્મણ વાસ્તે રહેત નહીં.” એમ વાત બહુ કરી.

પછી તુલસીદાસનું આગમ પદ છે તે બોલ્યા જે,

હે મન ! ધીરજ ક્યું ન ધરેગો,
એક હજાર નવસે કે ભીતર, એસો ભેગ પર હે.

પછી માર્ગમાં ચાલતાં એક કૂવો આવ્યો, તેને પાસે બાવળ હતો. તેને હેઠે કાંટા ને લાકડાંનો એક થર જૂનો ગેર(કચરો) પડ્યો હતો. તે ઉપર મહારાજ એમ ને એમ સૂઈ ગયા. અને સર્વે સાધુને કહ્યું જે, "જેને બારે જાવું હોય તે બહાર જાઓ ને પાણી પીવું હોય તે પાણી પીવો." પછી સાધુ દેહક્રિયા કરી રહ્યા ત્યારે મહારાજ ઊઠ્યા. પછી આત્માનંદસ્વામીએ મહારાજને બરડે હાથ ફેરવ્યો ને કહ્યું જે, "લાકડાના શળ બરડામાં ઊઠ્યા છે." પછી મહારાજ બોલ્યા જે, "એનું કાંઈ નહિ."

પછી ગામ **ધણોઈ** આવ્યા ને સાધુને તો સુતારની કોઢે ઉતારો આપ્યો અને મહારાજ સુતાર કાનજીને ઘેર ઊતર્યા. અને પછી સુતારને ઘેર ગળ્યા ચોખા કરાવ્યા અને સાધુને કહ્યું જે, "વાળુ કરવા ચાલો." પછી સાધુ આવ્યા, ને બાઈયુંએ કહ્યું જે, "ઠામ મંગાવો." ત્યારે મહારાજે કહ્યું જે, "ઠામ અમારે પાસે છે." પછી બે બે ઝોળી પાથરીને તે ઝોળિયુંમાં ચોખા પીરસ્યા."

પછી આત્માનંદસ્વામીએ કહ્યું જે, "આટલું કોણ ખાશે ?" ત્યારે મહારાજે કહ્યું જે, "તમારે બોલવું નહિ." પછી સાધુ ઝોળિયું ફરતા જમવા બેઠા. પછી સૌએ જમવા માંડ્યું. પછી આત્માનંદસ્વામી થોડું જમીને રહી ગયા. પછી મહારાજે કહ્યું જે, "રાખો, ને તાંસળિયું લાવો." પછી હરિભક્ત તાંસળિયું લાવ્યા. પછી એક દોથો ચોખા ને માંહિ દૂધે તાંસળી ભરી દીધી. અને કહ્યું, "એટલું જમીને ઊઠો." પછી સાધુ જમીને કોઢે જઈને સૂઈ રહ્યા. ને મહારાજ તો સુતારને ઘેર પોઢી ગયા.

✵ જીવ ગર્ભમાં ક્યારે આવે છે ? તે વાત :

સવારમાં ડુંગરજી આવ્યા ને મહારાજે કહ્યું જે, "ચાલવા માંડો, અમે આવીએ છીએ." પછી સાધુ ગામ બારા કૂવા ઉપર નાહ્યા.

ત્યાં મહારાજ આવ્યા ને આવતા વેંત હસતાં હસતાં કહ્યું જે, "કેમ આત્માનંદસ્વામી ! કેવા જોગ સાધ્યા ? બકરી જોગ સાધ્યા કે ઊંટ જોગ સાધ્યા ? કે ભેંસ જોગ સાધ્યા ?" એમ મહારાજ હાસ્યવિનોદ કરતાં કરતાં ગામ **પુનડી** આવ્યા. પછી સાધુને કહ્યું જે, "તમે હાટમાં બેસો, અમે આગળ જગ્યા સમી કરાવીએ."

પછી મહારાજ સુતારને ઘેર ગયા ને આડી મોઘ બંધાવીને ઢોલિયો ઢળાવીને તે ઉપર મહારાજ બેઠા. પછી સાધુને તેડાવ્યા અને આત્માનંદસ્વામી ને ચિદ્રૂપાનંદસ્વામીએ કહ્યું જે, "ભાગવતમાં કહ્યું છે જે, 'જીવ ગર્ભમાં પાંચ મહિને આવે છે,' તે કેમ સમજવું ?" પછી આત્માનંદસ્વામી અને ચિદ્રુપાનંદસ્વામી બે મહારાજની પાસે આવ્યા ને મોઘ પાથરી હતી તે ઉપર આસન કરીને બેઠા.

❋ આત્માનંદસ્વામીને રોટલો જમાડ્યો :

પછી બાઈઓએ આવીને મહારાજને કહ્યું જે, "રસોઈની આજ્ઞા કરો તો રસોઈ કરીએ." પછી મહારાજે કહ્યું જે, "રાતે મોડા જમ્યા છીએ તે કોઈને ભૂખ નથી." ત્યારે બાઈયું બોલ્યાં જે, "રાતે જમ્યા છો ને કહો જે ભૂખ નથી, એમ કેમ હોય ?" ત્યારે મહારાજે કહ્યું જે, "અમે ગળ્યું-ચીકણું તો નથી જમતા ને બાજરાના રોટલા કરો અને મગની દાળ કરો તો જમીએ." પછી કહ્યું જે, "સારું મહારાજ !" પછી રોટલા ને દાળ કરી. પછી મહારાજ ને સાધુ જમવા પધાર્યા. અને આત્માનંદસ્વામીને મહારાજે કહ્યું જે, "તમે વાતું કરો." પછી મહારાજ જમીને આવ્યા. પછી આત્માનંદસ્વામીને કહ્યું જે, "તમે જમી આવો." પછી તે જમવા ગયા અને મહારાજ જમીને ઊઠ્યા હતા, તે ડબામાં દાળ અને થાળીમાં અરધો રોટલો હતો તે જમ્યા. પછી જમીને સૌ આવીને બેઠા. ત્યારે મહારાજે કહ્યું જે, "આત્માનંદસ્વામી ! કેમ આ રોટલો કાઠિયાવાડી કે નહિ ?" ત્યારે તેણે કહ્યું જે, "હા મહારાજ છે."

પછી મહારાજે કહ્યું જે, "સાધુ દીઠ એવા બે રોટલા જોઈએ, ને દાળ તથા ચાપું (એક હથેળીમાં સમાય તેટલા) ચોખા હોય તે ગણવા નહિ. ને એક વખત જમવું. સવારમાં જમ્યા હોય અથવા માર્ગે ચાલ્યા હોય કે થોડું મળ્યું હોય ત્યારે બીજી વખત જમવું; પણ મનની ભૂખે ન ખાવું ને પ્રાણની ભૂખે જમવું." એવી રીતે વાત કરીને મહારાજ બહિર્ભૂમિ ગયા. ને આત્માનંદસ્વામી, પરમચૈતન્યાનંદસ્વામી અને કાળો વાળંદ એ ચારે પણ ખરચુએ (બહિર્ભૂમિ) ગયા. ને મહારાજ તો ઓરા રહ્યા ને આત્માનંદસ્વામી આઘા ગયા.

✵ બ્રહ્માંડમાં અપાર જીવો ભર્યા છે તે વાત :

પછી મહારાજ બારે જઈને આવ્યા ને હાથ ધોઈને વડ હેઠે બેઠા. પછી આત્માનંદસ્વામી આવ્યા. ત્યારે મહારાજને તે ભેળા થઈને ગામમાં આવ્યા ને મહારાજ ઢોલિયા ઉપર બેઠા. પછી આત્માનંદસ્વામીને મહારાજે વાત કરી જે, "આજ તો અમે વડ તળે બેઠા હતા. ને અમે આકાશ સામું જોયું તે આકાશમાં એકલા જીવ ભર્યા છે. જેમ તળાવમાં ગારો હોય તેમાં ડોબું બેસે ત્યારે માર્ગ થઈ જાય ને ઊઠે ત્યારે ગારો ભેળો થઈ જાય. માટે કોઈ કહે જે, જીવ પાંચમે મહિને ઉદરમાં આવે છે, એ વાત ખોટી છે. એ તો બીજ ભેળો જ જીવનો પ્રવેશ થાય છે, એમ સમજવું." એવી રીતે મહારાજે વાત કરીને આત્માનંદસ્વામીને પૂછ્યાનો સંકલ્પ હતો તેનો અંતર્યામીપણે ઉત્તર કરી દેખાડ્યો.

પછી બાઈ લક્ષ્મી વાળુનું પૂછવા આવી. ત્યારે મહારાજે સાધુઓને પૂછ્યું જે, "તમારે જમવું છે ?" ત્યારે કોઈ બોલ્યા નહિ. ત્યારે મહારાજે કહ્યું જે, "થોડીક ખીચડી કરો." પછી થોડીક ખીચડી કરી અને કહ્યું જે, "વાળુ કરવા ચાલો." પછી મહારાજ કહે, "ઊઠો મહાપુરુષો." ત્યારે સૌ ઊઠ્યા ને આત્માનંદસ્વામી તથા પરમચૈતન્યાનંદસ્વામી એ બે જણ ન ઊઠ્યા ને બીજા સૌ જમવા બેઠા. ત્યારે મહારાજ બોલ્યા

જે, "આવો મહાપુરુષો, થોડા જમના." ત્યારે પરમચૈતન્યાનંદસ્વામી ગયા ને આત્માનંદસ્વામી ન ગયા. પછી જમીને મહારાજ આવ્યા, તે ઢોલિયા ઉપર બેઠા.

✸ મનનો વિશ્વાસ ન કરવાની વાત :

પછી લક્ષ્મીબાઈએ મહારાજ પાસે આવીને કહ્યું જે, "એક સાધુ જમ્યા વિના રહ્યા." પછી મહારાજે કહ્યું જે, "તમે જમાડો." ત્યારે બાઈ કહે, "મહારાજ ! મારા જમાડ્યા કેમ જમે ? તમે જમાડો તો જમે." પછી મહારાજે કહ્યું જે, "ઘઉંનો લોટ છે ?" ત્યારે આત્માનંદસ્વામીના મનમા એમ થયું જે, 'લોટ ફકાવવાના થયા છે.' પછી તેના મનમાં એમ સંકલ્પ થયો, 'જો વચન મનાવવું હશે તો લોટ પીશું પણ કાંઈ ભૂખ તો નથી.' પછી મહારાજ બોલ્યા જે, "લોટ રહેવા દિયો."

એમ કહીને વળી મહારાજે કહ્યું જે, "આત્માનંદસ્વામી ! **મનનો વિશ્વાસ ન કરવો. કેમ જે, મન તો મહા હરામજાદું છે.** તે ક્યારેક તો એ મન વનમાં ગયાનો સંકલ્પ કરે છે, ને ક્યારેક તો એ મન ઘરમાં ગયાનો સંકલ્પ કરે છે; માટે મનનો વિશ્વાસ ન કરવો. અને **સૂવું હોય ત્યારે શરીર લાંબું કરવું, પણ ઊંઘનો સંકલ્પ લઈને સૂવું નહિ.** એમ **જે જે ક્રિયા કરવી તે સંકલ્પ જોઈને કરવી.** એવી રીતે સંકલ્પ ઉપર નજર રાખીએ એટલે અવસ્થા બદલાઈ જાય ને જીવ દેહથી નોખો જણાય.

✸ શ્રીહરિ દહીંસરા તથા ગોડપર થઈ માનકૂવા આવ્યા :

પછી મહારાજે સુતાર લક્ષ્મીબાઈને કહ્યું જે, "અમે કાલે ચાલશું, તે સવારમાં માર્ગ દેખાડવા કોઈક માણસને ભેળો મેલજ્યો." ત્યારે લક્ષ્મીબાઈએ પોતાના મનમાં વિચાર કર્યો જે, 'મહારાજ અને સંત માનકૂવે મોડા પહોંચશે.' એમ જાણીને બાઈએ સુખડી કરીને માટલી ભરીને જે મનુષ્ય મહારાજ ભેળો આવનાર હતો, તેને સુખડી આપી.

અને તેને કહ્યું જે, “જ્યારે મહારાજ જમે ત્યારે તું પાછો વળજે.” પછી મહારાજ સવારમાં તે મનુષ્યને સાથે લઈને ચાલ્યા, તે ગાઉ ત્રણ ગયા. ત્યારે ગામ **દહિંસરા**ના પટેલ ભાભાની વાડી નામે કુઈએ ચાર ઘડી આંબલીના વૃક્ષ નીચે મહારાજ બેઠા. અને પછી ત્યાંથી ચાલ્યા, તે તળાવ હરિસર આવ્યું. ને દિવસ ઊગ્યાનો સમય થયો ત્યારે એક તેતર બોલ્યો.

ત્યારે મહારાજ બોલ્યા જે, “આ તેતર એમ બોલે છે જે, આજ મુક્તાનંદસ્વામી ભુજ આવ્યા હોય, એમ બોલે છે.” એમ કહીને મહારાજ ચાલ્યા તે ગામ **ગોડપર**ની ભાગોળે થઈને ઝામારા સરોવરે આવ્યા. ત્યાંથી આગળ ચાલ્યા ત્યારે મહારાજ એમ બોલ્યા જે, “હવે તો માર્ગ દેખાય છે, માટે હવે તમે પાછા વળો.” ત્યારે તે માણસે કહ્યું જે, “લક્ષ્મીબાઈએ ટીમણ બંધાવ્યું છે, ને મને કહ્યું છે જે, ‘સાધુ જમે ત્યારે પાછો વળજે,’ એમ કહ્યું છે.” તે સાંભળીને મહારાજ આગળ ચાલ્યા. પછી ખારો વોકળો આવ્યો ને તે વચ્ચે પથ્થરના ગડા ઉપર મહારાજ બિરાજ્યા.

પછી શ્રીજીમહારાજે સાધુને કહ્યું જે, “બેસો મહાપુરુષો, જમો.” ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, “હે મહારાજ ! પાણી નથી, તે આવે ત્યારે દાતણ કરીને પછી જમીએ.” ત્યારે મહારાજે કહ્યું જે, “પરમહંસને દાતણ શું કરવું ? અને દાતણય ચાવવું ને એ ટીમણય ચાવવું.” પછી સાધુ જમવા બેઠા. ને મહારાજને કહ્યું જે, “તમે જમો.”

ત્યારે મહારાજે કહ્યું જે, “અમે નહિ જમીએ.” પછી સાધુ તો જમ્યા. પછી એ માણસ પાછો વળ્યો અને સાધુ ને મહારાજ ચાલ્યા, તે ગામ **માનકૂવા**ને ઢૂંકડા વિસામાની ટોચે આવ્યા. તે ટોચ ઊતરતાં પાંચાવાળી તળાવડી આવી. ત્યારે મહારાજ લઘુશંકા કરવા બેઠા. તે લગારેક છેટું થયું. ત્યારે આત્માનંદસ્વામીએ ડુંગરજીને કહ્યું જે, “મહારાજને અર્થે દાતણ લ્યો.” ત્યારે મહારાજ છેટેથી બોલ્યા જે,

"અમારે વાસ્તે દાતણ તોડશો મા." પછી આત્માનંદસ્વામી ઊભા રહ્યા ને મહારાજ કેરડાનું એક કઠણ દાતણ લઈને આવ્યા. પછી કોગળો કરીને લીંબડાના વૃક્ષ તળે કેરડાનું દાતણ કરવા બેઠા. પછી મોઢામાં દાતણ મૂક્યું ને મહારાજ ચાવવા મંડ્યા, ત્યાં લોહી આવી ગયું. પછી ડુંગરજીએ મહારાજને જળનો લોટો આપ્યો, તેણે કરીને કોગળા કરી નાખ્યા.

✵ વચન માનવા વિશે આત્માનંદસ્વામીની પરીક્ષા કરી.

પછી મહારાજ ને સાધુ ગામમાં ગયા. તે સાધુ ઓરડીએ ઊતર્યા અને મહારાજ સુતાર નાથાને ઘેર ઊતર્યા. ને ત્યાં જમીને સાધુની ઓરડી પાસે ઢોલિયો ઢળાવીને બિરાજમાન થયા અને વેદાંતના અંગની વાત કરી. અને આત્માનંદસ્વામી તથા પરમચૈતન્યાનંદસ્વામીને મહારાજે આજ્ઞા કરી જે, "તમે વેદાંતના પ્રશ્ન શીખો." ત્યારે તે ઓરડીમાં બેઠા બેઠા પ્રશ્ન શીખવા લાગ્યા. ને મહારાજની પાસે બાઈયું આવીને બેઠી. પછી મહારાજે કહ્યું જે, "અમારું વચન કોણ માને છે ? અમે સૌનું માનીએ છીએ. હમણાં કોઈ કહે જે, હે મહારાજ ! અમારે ઘેર જમવા આવો, ત્યારે જાવું પડે છે. જો ન જઈએ તો વિમુખ થાય."

પછી આત્માનંદસ્વામી બોલ્યા જે, "કોણ નથી માનતું ? સૌ માને છે." ત્યારે મહારાજે કહ્યું જે, "તમે માનો છો ?" ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "માનીએ છીએ, ને કહો તેમ કરીએ." પછી મહારાજ વાતું કરતાં ધોતિયાને વળ દેતા હતા. તે ધોતિયું ઊંચું કરીને કહ્યું જે, "આ તરવાર છે, તે મનાય છે ?" ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "હા મહારાજ ! એ તરવાર છે." ત્યારે મહારાજે કહ્યું જે, "એ તો ઉપરથી કહો છો." ત્યારે કહે, "હા મહારાજ, ઉપરથી." ત્યારે મહારાજે એમ વાત કરી જે, "રામચંદ્રજી જ્યારે લંકામાં ગયા ને લક્ષ્મણને બાણ લાગ્યાં ત્યારે મૂર્છા આવી; ત્યારે વૈદ્યે કહ્યું જે, 'પર્વતમાં સંજીવની જડીબુટ્ટી છે. તે દિવસ ઊગ્યા પહેલાં આવે તો જીવે.'

ત્યારે રામચંદ્રજીએ સૌને કહ્યું પણ તે કોઈએ હા પાડી નહીં. અને હનુમાનજી કહેતા વેંત ચાલી નીસર્યા. તેમ અમે કહીએ કે **'ગિરનાર પર્વત ઉપાડી લાવો.' ત્યારે ચાલી નીસરે, પણ ત્યાં જાય ત્યાં સુધી સંકલ્પ ન થાય જે કેમ એ થાશે ? એમ નિરસંકલ્પ થકો શેરનો પાણો ઉપાડે તો અમે ગિરનાર ઉપાડ્યો માનીએ."**

પછી મુક્તાનંદસ્વામી ભુજથી આવ્યા. પછી મહારાજ મળ્યા ને સાધુ પરસ્પર મળ્યા. **પછી મહારાજે વાત કરી જે, "વચન માન્યું કેને કહીએ ? જે, અમે દિવસ હોય ને કહીએ જે રાત્રી છે, ત્યારે રાત્રી દેખાય; અને રાત્રી હોય ને કહીએ જે દિવસ છે, તો દિવસ દેખાય ત્યારે વચન માન્યું કહેવાય.** એવી રીતે માને તે રહે અને ન માને તે અમારી પાસે નહીં." પછી એ વાતની બહુ મૂંજવણ થઈ. પછી મહારાજ કહે, "શીદ મૂંઝાવ છો ? રાતની રાત તમને મોકળ છે. પછી સાધુ કેશવજીની ઓરડીએ ગયા. પછી મહારાજે આજ્ઞા કરીને કહ્યું જે, "અમે કહ્યું તેમ મનાય તો આવજો નહિ તો પરબારા જાજ્યો."

પછી તો સાધુ આખી રાત વિચાર્યા અને તેનો એમ નિરધાર કર્યો જે, 'મહારાજે કહ્યું જે, દિવસ દેખાય છે, પણ રાત છે; ને મહારાજ રાત હોય ને કહે જે, આ તો દિવસ છે. ત્યારે અંતરમાં હા પડે છે જે દિવસ છે, પણ બહાર તો રાત દેખાય છે.' એમ વિચારીને મહારાજ પાસે આવ્યા. મહારાજ દાતણ કરતા હતા, તે સાધુ આવતા દેખીને હસ્યા ને પછી બોલ્યા જે, "શું સમજીને આવ્યા ?" ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! તમે જે કહો છો તેમ અંતરમાં હા પડે છે, પણ બહાર તો દેખાય છે જે દિવસ છે, તે તો ટળતું નથી." ત્યારે મહારાજે કહ્યું જે, **"અંતરમાં મનાય તે જ ખરું છે, પણ બહાર દેખાય તે તો ખોટું છે."** પછી તો સાધુ રાજી થયા ને મહારાજ હસ્યા. ને મહારાજ ને સાધુ જમીને **ભુજનગર** પધાર્યા.

INDEX

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજે ધણોઈમાં સાધુને જમાડ્યા ને દહિંસરાથી માનકૂવે ગયા ને ત્યાંથી ભુજ પધાર્યા' એ નામે પંદરમો અધ્યાય ॥૧૫॥

અધ્યાય - ૧૬

ભુજમાં લાધીબાઈની અન્નકુટની પ્રાર્થના

એવી રીતે શ્રીજીમહારાજ કચ્છ દેશમાં ફરીને **ભુજનગર** પધાર્યા. ત્યારે નગરના સર્વે હરિજનો વાજિંત્ર વજડાવતાં ને કીર્તન બોલતાં સતા સન્મુખ આવ્યા. અને શ્રીજીમહારાજને છેટેથી માર્ગમાં આવતા જોઈને દંડવત્ પ્રણામ કર્યા. પછી શ્રીજીમહારાજે તે હરિજનોનું જેમ સન્માન કરવું ઘટે તેમ કર્યું. અને કેટલાકને રૂડે વચને કરીને બોલાવ્યા, ને કેટલાકને પોતાનાં ચરણારવિંદ છાતીમાં આપીને ત્રિવિધ તાપને ટાળ્યા. ને કેટલાકને પોતાની પ્રસાદી, પુષ્પના હાર આપીને સુખ પમાડ્યા. એવી રીતે હરિજનોને આનંદ પમાડીને વાજતે-ગાજતે હરિજન સંગાથે ભુજનગરમાં પધાર્યા. અને સર્વ જનોને પોતાનાં દર્શન આપીને આત્યંતિક મોક્ષના અધિકારી કર્યા.

પછી ભુજનગરમાં ફરીને લાધીબાઈને ઘેર પધાર્યા. પછી લાધીબાઈએ શ્રીહરિને પોતાના ભાઈના ઘરની મેડી ઉપર ઉતારો કરાવ્યો. અને બીજા સંત-હરિજનોને પણ જેમ ઘટે તેમ ઉતારો કરાવ્યો. પછી શ્રીજીમહારાજને લાધીબાએ સુંદર ભોજન કરીને જમાડ્યા, ને સંત તથા હરિજનોને પણ જમાડ્યા.

પછી સભામાં બિરાજમાન એવા જે શ્રીજીમહારાજ તેમને સમીપે લાધીબા આવીને દૂર ઊભાં રહ્યાં થકા પોતાની મર્યાદાએ કરીને હાથ જોડીને પ્રાર્થના કરવા લાગ્યાં જે, "હે મહારાજ ! તમે મારે ઘેર અન્નકૂટનો ઉત્સવ કરો. ને કચ્છ દેશના, સર્વે અવાંતર દેશો તથા ગુજરાત, સોરઠ,

ઝાલાવાડ, હાલાર આદિ દેશના હરિજનોને બોલાવીને અમને તેમનાં દર્શન કરાવો.”

પછી શ્રીજીમહારાજ પોતાનું કર્તવ્ય જે અનંત જીવનું કલ્યાણ કરવું, તેને અનુસરતી એવી લાધીબાની પ્રાર્થનાને સાંભળીને કહ્યું જે, “તમે તો સાંખ્યયોગી છો. માટે તમારા ભાઈ શિવરામ મહેતા તથા હરજીવન મહેતા તેમને પૂછો. તેમનો રાજીપો હોય તેમ તમારે કરવું એ ઠીક છે.” પછી લાધીબા પોતાના ભાઈ શિવરામ મહેતા તથા હરજીવન મહેતા તેમને સમીપે ગયાં.

ત્યારે બંને ભાઈ લાધીબા પ્રત્યે બોલ્યા જે, “હે બેન ! આ સમે મહારાજનાં દર્શન કરવાં તથા વાર્તા સાંભળવી, તેને મૂકીને આંહીં અમ પાસે કેમ આવ્યાં છો ?” ત્યારે લાધીબાઈએ કહ્યું જે, “આગળ કેટલાક ભગવાનના ભક્ત ત્યાગીમાં તથા ગૃહસ્થમાં થઈ ગયા છે. ને તેમનાં ચરિત્ર શાસ્ત્રમાં લખ્યાં છે તથા તેમને જેમનો જેમનો સમાગમ થયો તેમનાં ચરિત્ર લખ્યાં છે. તે આ સમે હજારુ ઠેકાણે વંચાય છે ને તેમનાં નામ લેવાય છે. તેને સાંભળીને સાંભળનાર સર્વે જનો પોતાને ધન્યભાગ્યવાળા માને છે. તેનું કારણ તો ભગવાનનો આશ્રય તથા તેમના ભક્તોનો સમાગમ તે છે.

नेआजआपणनेतोपूर्वेथईगयाजेरामकृष्णादिकअनंतअवतारतेनाअवतारिनेसर्वेयोगकलानानिधिनेसर्वांतर्यामीएवाजेश्रीहरिसहजानंदस्वामितेमल्याछे।। नेअक्षरधाममश्वेतद्विपगोलोकबद्रीकाश्रमवैकुंठआदिकअनंतधामनामुक्ततेपणमनुष्यस्वरूपधारणकरिश्रीहरिसंघाथेविचरेछे।। तेनांदरसनकरवांतथावारतासांभलवीएवोजोगमल्योछेमाटेआपणांजेवांतोकोईनांमोटांभाग्यनकहेवाय

ને આજ આપણને તો પૂર્વે થઈ ગયા જે રામકૃષ્ણાદિક અનંત અવતાર તેના અવતારી ને સર્વે યોગકળાના નિધિ ને સર્વાંતર્યામી એવા

જે શ્રીહરિ સહજાનંદસ્વામી તે મળ્યા છે. ને અક્ષરધામ, શ્વેતદ્વીપ, ગોલોક, બદરિકાશ્રમ, વૈકુંઠ, આદિક અનંત ધામના મુક્ત, તે પણ મનુષ્યસ્વરૂપ ધારણ કરી શ્રીહરિ સંગાથે વિચરે છે. તેનાં દર્શન કરવાં તથા વાર્તા સાંભળવી એવો જોગ મળ્યો છે. માટે આપણાં જેવાં તો કોઈનાં મોટાં ભાગ્ય ન જ કે'વાય.

કેમ જે, પરોક્ષમાં કેટલાક ભક્ત ભગવાનને રાજી કરવા સારુ ને પોતાનું કલ્યાણ થાય તે સારુ લાખુ રૂપૈયા તથા ગામગરાસ, ઘરબાર તેનાં દાન કરે છે ને દેહે કરીને પણ ઘણાં કષ્ટ સહન કરે છે, પણ તેને પોતાના કલ્યાણનો નિશ્ચય થાતો નથી ને કૃતાર્થપણું પણ મનાતું નથી, તો આત્યંતિક મોક્ષની તો શી વાત કહેવી ? ને આપણને તો ઘેર બેઠા પુરુષોત્તમનારાયણ મળ્યા છે. આપણે તો છતે દેહે જ અક્ષરધામમાં બેઠા છીએ, એવો નિશ્ચય થયો છે. માટે આજે સર્વોપરી સહજાનંદસ્વામી તેમને અર્થે શું ન થાય ? જેટલું ન થાય તેટલું ઓછું છે. માટે ચાલો મહારાજ પાસે, અન્નકૂટનો ઉત્સવ કરવાની પ્રાર્થના કરીએ." એવી રીતે ભાઈબેન વિચારીને શ્રીહરિ પાસે આવ્યાં. ને નમસ્કાર કરીને મહારાજ પાસે હાથ જોડી બેઠાં.

ત્યારે શ્રીજીમહારાજે પૂછ્યું જે, "શા માટે આવ્યાં છો ?" ત્યારે શિવરામ મહેતા તથા હરજીવન મહેતા તથા લાધીબાઈ બોલ્યાં જે, "હે મહારાજ ! અમારે આંહીં તમો અન્નકૂટનો ઉત્સવ કરો. ને દેશાંતરોના હરિજનોને બોલાવીને તેમનાં અમને દર્શન કરાવો." એવી પ્રાર્થના સાંભળીને શ્રીજીમહારાજ કહે, "બહુ સારું. અન્નકૂટના દિવસને એક માસની વાર છે. માટે પાત્ર, સીધું-સામાન જે જે ઉપયોગી પદાર્થ હોય તે સર્વે મગાવો. અમે દેશાંતરના હરિજનો ઉપર કંકોત્રીઓ લખાવીએ છીએ."

પછી શિવરામ મહેતા તથા હરજીવન મહેતા તથા લાધીબાઈ એ સર્વે પોતાને ઘેર ગયાં. ને સામાન મગાવવાના ઉદ્યમમાં પ્રવર્તી ગયાં. તે

સમે એ ત્રણેયના મનમાં એમ વિચાર થયો જે, ‘આટલો બધો સામાન આપણે થોડા મનુષ્યોથી શી રીતે ભેગો થશે ?’ એવો એમનો સંકલ્પ જાણીને શ્રીજીમહારાજે ભુજનગરના સર્વે હરિજનોના અંતઃકરણમાં અંતર્યામીપણે કરીને પ્રેરણા કરી જે ‘લાધીબા, શિવરામ મહેતાની તથા હરજીવન મહેતાની આજ્ઞા લઈને અન્નકોટનો ઉત્સવ કરાવે છે. માટે આપણને પણ સેવા કરવાનો અલૌકિક લાભ મળશે. માટે આપણાથી બને તેટલી દેહે કરીને તથા દ્રવ્યે કરીને તથા વચને કરીને સેવા કરવી.’

એમ વિચારીને સર્વ હરિજન બાઈયું લાધીબાને પાસે આવ્યાં. ને લાધીબાને તથા શિવરામ મહેતાને સર્વે બાઈભાઈ હરિજન કહેવા લાગ્યાં જે, “તમો અન્નકૂટનો ઉત્સવ કરાવો છો, માટે અમે પણ ઉત્સવમાં કામકાજ કરવા આવ્યાં છીએ.” એ વાત સાંભળીને લાધીબા તથા શિવરામ મહેતા તથા હરજીવન મહેતા બહુ રાજી થયાં.

✵ અન્નકુટની તૈયારી તથા કંકોતરીઓ લખાવી :

પછી તેણે સૌ પાસે મોટાં મોટાં પતરાં તથા દેગુ તથા થાળ તથા તપેલાં, કડાઈયાં, ઝારા, તાવેથા આદિક અનેક પ્રકારનાં નાનાંમોટાં પાત્રને મંગાવ્યાં. ને ઘઉં, ચણા, ચોખા, દાળ વિગેરે ઘણાંક પ્રકારનાં અન્ન મંગાવ્યા. ને ઘી,ગોળ, સાકર, ખાંડ આદિક અનેક પ્રકારના રસને પણ મંગાવ્યા. ને ધાણાજીરું, આદુ, મરચાં, મરિયાં, તજ, તમાલપત્ર, રાઈ, મેથી આદિક અનેક પ્રકારના મસાલા મંગાવ્યા. ને જરિયાની, રેશમી, સુતરાઉ આદિક અનેક પ્રકારનાં વસ્ત્ર મંગાવ્યાં. એ આદિ જે જે સામગ્રી શ્રીજીમહારાજે કહી તે સર્વે મંગાવી.

પછી શિવરામ મહેતા તથા હરજીવન મહેતા તે જેઠી ગંગારામ તથા જેઠી ખીમજી તથા જેઠી વાલજી તથા મલજી તથા સંગજી તથા લવાણા ઉકા તથા સેજપાલ તથા વલ્લભજી તથા ભગવાનજી તથા મનજી તથા રામદાસ મુરાર રતનસી ડોસાભાઈ આદિક હરિજનો પાસે

સુંદર બે પાકશાળાઓ કરાવી. ને લાધીબાઈ પોતાનાં બેન ભાગબાઈ તથા સુતાર સેજીબાઈ, હરબાઈ, પુંજીબાઈ, સેજુબાઈ, જમુનાબાઈ તથા ક્ષત્રી દેવબાઈ આદિક બાઈયોને ઘઉં દળાવવા, ડાંગર ખંડાવવી, ચણાની દાળ કરાવવી ઈત્યાદિક ક્રિયા કરવામાં પ્રેરણા કરી.

અને વીસનગરાં નાગર જેઠીબાઈ, અમરબાઈ, પ્રભાબાઈ, લેરખીબાઈ, હાંસકુંવરબાઈ, પ્રભાબાઈ, બીજાં જેકુંવરબાઈ, અવદીચ પૂતળીબાઈ, નાનીબાઈ, મોઢ લક્ષ્મીબાઈ, નાનીબાઈ આદિક બાઈયુંને પકવાન કરવાં-કરાવવાં તેમાં પ્રેરણા કરી. તેમાં સૂરજબાઈ અને સુતાર અમરબાઈને દેખરેખમાં મુખ્ય કર્યાં હતાં. ને તે પાકશાળામાં શાક, અન્ન, જળ, ઈંધણાં આદિક જે જે સામગ્રી જોઈએ તે લાવી આપવી, તેમાં સોની ગોમતીબાઈ તથા મોટીબાઈ તથા મૂળીબાઈ તથા લુવાણા જેઠીબાઈ તથા ગંગાબાઈ એ પાંચ બાઈઓને મુખ્ય કર્યાં હતાં.

અને બીજા કેટલાંક બાઈયો સેવો, પાપડ, વડીઓ આદિક કરવા-કરાવવામાં પ્રેરણા કરી. ને કેટલીક બાઈયુંને પાણી ભરાવવું તેમાં પ્રેરણા કરી. ને શિવરામ મહેતા હરજીવન તથા વલ્લભજી તથા માધવજી તથા મહિદાસ તથા વિશ્વેશ્વર તથા કામેશ્વર તથા મહેતા ગણપતરામ તથા હરિરામ તથા ગોર ભવાનીદાસ તથા દવે ઈશ્વર તથા નરસિંહ તથા ભાણજી આદિ બ્રાહ્મણોને પાક કરવા-કરાવવામાં પ્રેરણા કરી. ને તેમાં પ્રાગજી પુરાણી તથા સુતાર હીરજીભાઈને દેખરેખમાં મુખ્ય કર્યા હતા. ને તે પાકશાળામાં શાક, અન્ન, ઈંધણાં, જળ આદિક જે જે સામગ્રી માગે તે લાવી આપવી, તેમાં જેઠી ખીમજી તથા વાલજી તથા ઠક્કર ઉકા તથા સેજપાલ તથા વલ્લભજી એ પાંચ હરિજનને મુખ્ય કર્યા હતા.

એવી રીતે જ્યારે સર્વે બાઈભાઈને અન્નકોટના કાર્યમાં નિર્માણ કર્યાં, ત્યારે સહુ શ્રીજીમહારાજને સંભારીને પોતપોતાની ક્રિયામાં પ્રવર્તી ગયાં. ને પોતાના ઉદ્યમમાં સ્ફુરાયમાન થયા જે શ્રીહરિ, તેણે કરીને

અતિ આનંદ પામતી ચતુર્વિધ અન્નને રાંધવા લાગ્યાં. તેમાં ડાંગરને ખાંડતી ને ઉંચે સ્વરે કરીને કીર્તનને બોલતી એવી કેટલીક સ્ત્રીઓ તો ખાંડણિયામાં શ્રીજીમહારાજની મૂર્તિને દેખતી હતી. તેણે કરીને હાથમાં છે સાંબેલા જેને એવી સતી સ્થિર થઈ ગઈ.

અને કેટલીકને તો શ્રીહરિના દર્શને કરીને અલૌકિક દિવ્ય આશ્ચર્ય દેખાવા લાગ્યાં. ને પાપડને વણતી એવી કેટલીક સ્ત્રીઓ તો ભક્તિધર્મના પુત્ર શ્રીજીમહારાજને સંભારતી હતી. તે સંભારતાં ભક્તિધર્મે સહિત દેખાણા એવા બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજ, તેમની મૂર્તિને જોઈને હસ્તમાં છે વેલણાં જેને એવી સતી સ્થિર થઈ ગઈ. ને પાણી ભરતી એવી કેટલીક સ્ત્રીઓ શ્રીજીમહારાજની મૂર્તિના કીર્તનને ગાન કરતી હતી. તે ગાતે ગાતે અતિ સ્નેહે કરીને તણાઈ ગયાં છે નાડીપ્રાણ જેમનાં, અને માથે છે પાણીનાં બેડાં જેમને એવી સતી સ્થિર થઈ ગઈ. અને ડાંગર ખાંડવી એ આદિક ક્રિયામાં કીર્તન બોલતી એવી સ્ત્રીઓના કીર્તનનો શબ્દ અને પાણી ભરતી એવી સ્ત્રીઓના કીર્તનનો શબ્દ, ને દહીં મંથન કરતી એવી જે સ્ત્રીઓના કીર્તનનો શબ્દ 'હે મહારાજ ! તમે જયકારી પ્રવર્તો... જયકારી પ્રવર્તો...' એવો નમો નમો જય શબ્દ, નમઃ શબ્દ, સાધુ શબ્દ, તે સંગાથે મળીને સર્વ દિશાઓમાં વ્યાપતો સતો સર્વ દિશાઓના અમંગળને હરતો હતો.

તે શબ્દને સાંભળીને સર્વે દેવો વેમાનમાં બેસીને આકાશમાં આવીને સ્થિર થઈ ગયા, ને પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. અને શ્રીજીમહારાજે પણ કચ્છ દેશમાં તથા ગુજરાત તથા સોરઠ તથા ઝાલાવાડ તથા હાલાર આદિ દેશ તથા ખેટ, ખરવટ, પુરી પ્રાંત આદિક સર્વ સ્થળે હરિજન ઉપર કંકોત્રીઓ લખાવી જે, "લખાવિતંગ સ્વામી શ્રી ૧૦૮ સ્વામી સહજાનંદજી મહારાજ સર્વે બાઈભાઈ અમારા જય શ્રીસ્વામિનારયણ વાંચજ્યો. વિશેષ લખવાનું કે **સંવત્ ૧૮૬૨ ના**

કાર્તિક સુદિ ૧ ને દિવસે ભુજનગરમાં અન્નકોટનો ઉત્સવ છે. માટે તમો સર્વે બાઈભાઈ બાળવૃદ્ધ મળીને ઉત્સવ ઉપર આવજો." એવી રીતે કંકોત્રી લખાવીને દેશાંતરના હરિજનો ઉપર મોકલાવી. અને પોતે શ્રીજીમહારાજ પણ ભુજનગરમાં રહ્યા થકા દિન દિન પ્રત્યે હરિજનોને અતિ આનંદ પમાડવા લાગ્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'ભુજમાં મહારાજને લાધીબાઈએ અન્નકૂટ કરવાની પ્રાર્થના કરી ને શ્રીજીએ રજા આપીને હરિજનોને કંકોતરીઓ લખી' એ નામે સોળમો અધ્યાય ॥૧૬॥

અધ્યાય - ૧૭

મહારાજ અન્નકૂટની સામગ્રી તથા પકવાન જોવા પધાર્યા

મહારાજ કોઈક દિવસ સંત-હરિજનને સાથે લઈને રુગનાથજીને આરે હમીરસરમાં સ્નાન કરવા જતા. ને સરોવરમાં ઘણીક જળક્રિયા કરીને ભક્તોને સુખ આપતા. ને કોઈ દિવસ રા. લાખાની છત્રીએ જઈને ત્યાં સભા કરીને જ્ઞાનવાર્તા કરે. ને કોઈ દિવસ શિવરામંડપમાં જાય ને ત્યાં હરિજનોની સભા થાય ને નાના પ્રકારના પ્રશ્ન-ઉત્તર કરાવીને શાસ્ત્રના રહસ્ય અભિપ્રાયને મહારાજ કહેતા. એવી રીતે નિત્ય નવી લીલા કરતા થકા હરિજનોને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવતા ને આનંદ પમાડતા.

પછી લાધીબા શ્રીજીમહારાજ પાસે આવ્યાં ને દર્શન કરીને બેઠાં. ત્યારે શ્રીજીમહારાજે તેમને પૂછ્યું જે, "કેટલો સામાન તૈયાર થયો છે ?" ત્યારે તેમણે કહ્યું જે, "ઘણાં-ખરાં પકવાન થઈ ગયાં છે ને બાકીનાં કરે છે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "અમારે આવતે દિવસ પાક જોવા સારુ આવવું છે." ત્યારે લાધીબા કહે, "બહુ સારું મહારાજ."

પછી બીજે દિવસ શ્રીહરિ પ્રાતઃકાળમાં હમીરસરમાં સ્નાન કરીને ઉતારે આવી પોતાનું નિત્યકર્મ કર્યું. ને પોતાની સાથે પોતાના સખા જેઠી ગંગારામભાઈ તથા સુંદરજીભાઈ તથા હીરજીભાઈ આદિ હરિજનને લઈને પાકશાળા જોવા પધારવા જ્યારે મહારાજ તૈયાર થયા, તે સમે મૂળજી બ્રહ્મચારીએ મહારાજ આગળ ચંદનની ચાખડીઓ લાવીને ધારણ કરાવી. ને મહારાજે સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને જમણા હસ્તમાં સુંદર રેશમના ફૂમતાવાળી સોટી ધારણ કરી હતી. એવી રીતની શોભાએ યુક્ત થકા પોતાને ઉતારેથી ચાલવાને તૈયાર થયા; ત્યાં તો લાધીબા આવ્યાં ને શ્રીજીમહારાજને સુંદર સુગંધીમાન પુષ્પના હાર કંઠમાં પેરાવ્યા ને પાઘમાં પુષ્પના તોરા ધારણ કરાવ્યા. પછી પોતે આગળથી પાકશાળામાં ગયાં, ને ત્યાં બાઈયુંને મહારાજ પધારે છે એવા સમાચાર આપ્યા.

હવે મહારાજ પણ પોતાના ભક્તજને વીંટાણા થકા ત્યાંથી ચાલ્યા. ને **મહારાજની ચાખડિયુંના ચટ ચટ શબ્દ થાય તેને સાંભળીને કેટલાક જનોને સમાધિ થઈ ગઈ.** એવી રીતનો પોતાનો પ્રતાપ દેખાડતાં સતા પ્રથમ બાઈયુંની પાકશાળામાં મહારાજ પધાર્યા. ત્યાં તો સૂરજબાઈએ મહારાજને સુંદર ચાકળો પાથરી આપ્યો. તેની ઉપર મહારાજ હસતે મુખે બિરાજમાન થયા. અને પાકશાળામાં પાક કરતી હતી એવી જે બાઈયું, તે કામ કરવું ત્યાગ કરીને મહારાજને પગે લાગીને પાકશાળામાં એક પડખે ઊભી રહી.

ત્યારે મહારાજે સૂરજબાઈને પૂછ્યું જે, “તમોએ શા શા પાક તૈયાર કરાવ્યા છે ?” ત્યારે સૂરજબા બોલ્યાં જે, “હે મહારાજ! સાટા, ઘેબર, સકરપારા, સૂતરફેણી, જલેબી, મોતીચુર, બરફી, પેંડા, ગુંદવડાં આદિક પાક તૈયાર કરીને મોટા મોટા પટારામાં ભર્યા છે. ને બાકીના બીજા થોડા દિવસમાં તૈયાર થશે ને પ્રાતઃકાળમાંથી કરશે.” પછી મહારાજને પકવાન બતાવ્યાં, તેને જોઈને મહારાજ બહુ રાજી થયા ને પૂછ્યું જે,

"આ પાક કોણે કર્યો ?" ત્યારે સૂરજબા જેણે જે પાક કર્યા હતા તેનાં તેનાં નામ લઈને બતાવવા લાગ્યાં. ત્યારે મહારાજે તે બાઈયુંનાં બહુ વખાણ કર્યાં. ને પાકશાસ્ત્રને ભણેલા રસોયા કરતાં પણ તે બાઈયુંની પાક કરવામાં અતિશે ચાતુરી જોઈને વિસ્મયને પામ્યા. ને બાઈયુંને દર્શન આપીને પછી ત્યાંથી પોતાને ઉતારે પધાર્યા.

પછી પ્રાગજી પુરાણી શ્રીજીમહારાજનાં દર્શન કરીને પાસે બેઠા. ત્યારે મહારાજે પૂછ્યું જે, "કેમ પ્રાગજી પુરાણી ? તમારી પાકશાળામાં અમારે જોવા આવવું છે તે કિયા દિવસે આવીએ ?" ત્યારે પ્રાગજી પુરાણી બોલ્યા જે, "હે કૃપાનાથ ! દયા કરીને કાલે પ્રાતઃકાળમાં જોવા પધારો." એમ કહીને મહારાજને ઘણાક રાજી કર્યા. પછી શ્રીજીમહારાજને મૂળજી બ્રહ્મચારી જમવા તેડવા આવ્યા, તે ભેગા લાધીબાની ઓરડીમાં મહારાજ જમવા પધાર્યા. ને પછી જમીને પોઢી ગયા.

પછી બીજે દિવસ મહારાજ સખા સહિત ભોઈવાળે આરે હમીરસરમાં સ્નાન કરીને પોતાને ઉતારે આવ્યા. ને પોતાનું દેવાર્ચનાદિક નિત્યકર્મ કરીને પોતાના ભક્તે જે આપ્યાં શ્વેત વસ્ત્ર, તેને ધારણ કરીને પછી ઢોલિયા ઉપર બિરાજમાન થયા. તે સમે પ્રાગજીદવે મહારાજને દર્શને આવ્યા ને દર્શન કરીને પછી શ્રીહરિને સુંદર કેસરયુક્ત ચંદનની અર્ચા કરી ને સુગંધીમાન પુષ્પના હાર કંઠમાં ધારણ કરાવ્યા.

પછી મહારાજને કહ્યું જે, "કૃપાનાથ ! પાકશાળામાં જોવા સારુ પધારો." પછી મહારાજે ગંગારામ જેઠીએ પોતા આગળ ધારણ કરી જે ચાખડીઓ તેને ચરણારવિંદમાં ધારણ કરીને સર્વ સખાને સાથે લઈને ભટ્ટ વલભજી તથા ભટ્ટ માધવજી આદિ પાક કરે છે, તે પાકશાળામાં પધાર્યા. ને મહારાજને આવ્યા સાંભળીને રસોયા તત્કાળ પોતપોતાની ક્રિયાનો ત્યાગ કરીને મહારાજને પગે લાગીને સમીપે ઊભા રહ્યા. ને મહારાજ પ્રાગજી પુરાણીએ આગળથી સ્થાપન કરેલું સિંહાસન તે ઉપર

બિરાજમાન થયા. ને રસોયાને પૂછવા લાગ્યા જે, “તમોએ બહુ દાખડો કર્યો ને પકવાન બહુ સારાં કર્યાં.”

ત્યારે રસોયા બોલ્યા જે, “હે મહારાજ ! તમો રાજી થયા તે અમારો દાખડો સુફળ થયો અને તમારી પ્રાપ્તિ અમોને થઈ છે, તે અમારાં મોટાં ભાગ્ય છે.” એમ કહીને રસોયા બોલ્યા જે, “હે મહારાજ ! ભાત-દાળ, શાક આદિક સામગ્રીઓ આવતે દિવસ સાંજથી કરશું.” એવાં તે રસોયાનાં વચન સાંભળીને પછી મહારાજ પોતાને ઉતારે પધાર્યા.

અને લાધીબાએ ભાગબાને મોકલ્યા. તે મહારાજને જમવાને અર્થે બોલાવા આવ્યાં. તેમના ભેગા જમવા પધાર્યા ને જમીને પોતાને ઉતારે પધાર્યા ને પાટ ઉપર બિરાજમાન થયા. ત્યાં દેશાંતરના હરિજનો આવ્યા. તેમાં પ્રથમ તો પાવર દેશના હરિજનો આવ્યા. અને ખડિર દેશના હરિજનો આવ્યા ને પછમ દેશના અને બનિ દેશના તથા નાની વાગડ તથા મોટી વાગડ ને અંજાર ચોવીસી તથા ભુવડ ચોવીસી તથા હાલાર ચોવીસી તથા કાઠી એ સર્વે દેશના હરિજનો ભુજનગરમાં આવ્યા.

અને મોડાસો તથા અવડાસો તથા ગરડો તથા માકપટના તથા ધ્રંગ એ આદિક દેશના હરિજનો ભુજનગર મધ્યે અન્નકોટના ઉત્સવ ઉપર આવ્યા. ને રુકમાવતી નદીને કાંઠે રહેનાર હરિજનો પણ આવ્યા. અને નનામા ડુંગરની તળાટીમાં રહેનાર હરિજનો તથા ધીણોધર પર્વતની તળાટીમાં રહેનાર હરિજનો તથા કાળા ડુંગરની તળાટીમાં રહેનાર હરિજનો પણ અન્નકોટના ઉત્સવ ઉપર શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. અને દેશાંતરમાં ફરતાં જે મુનિનાં મંડળ, તે પણ આવ્યા. ને શ્રીજીમહારાજને દંડવત્પ્રણામ કરીને દર્શન કર્યાં. ને શ્રીજીમહારાજે તેમનો સત્કાર કરીને ઉતારો અપાવ્યો. અને દેશાંતરના હરિજનોને પણ લાધીબા તથા શિવરામ મહેતા તથા હરજીવન મહેતા તે જેમ ઘટે તેમ ઉતારા અપાવવા લાગ્યા.

✵ વિદ્વાનોને નિશ્ચય અને હરિભક્તોને ભલામણ :

પછી શ્રીજીમહારાજ પોઢી ગયા, ને ત્રીજા પોરને સમે જાગ્યા. તે સમે આનંદાનંદસ્વામીએ શ્રીજીમહારાજને સુંદર સુગંધીમાન શીતળ જળ તેનો લોટો ભરીને અબખોરામાં શ્રીજીમહારાજને આપ્યું. તેણે કરીને મહારાજે મુખ ધોઈ કોગળા કરીને જળપાન કર્યું. પછી સુંદર સભા મધ્યે સિંહાસન ઉપર મહારાજ બિરાજમાન થયા. તે સમે સંત સર્વે આવીને મહારાજનાં દર્શન કરીને સભામાં શ્રીજીમહારાજને જમણે પડખે બેઠા. ને જેઠી ગંગારામભાઈ તથા અદાભાઈ આદિ શ્રીહરિના સખા તે મહારાજને પડખે તથા પછવાડે ઊભા રહ્યા. ને બીજા હરિજનો પણ જેમ ઘટે તેમ બેઠા. તે સમે કેટલાક વિદ્વાન શાસ્ત્રીઓ પણ શ્રીજીમહારાજનો પ્રતાપ સાંભળીને ત્યાં આવ્યા. ને શ્રીજીમહારાજે તેમના મનના સંકલ્પે કરીને તે સર્વેને ઘણોક ચમત્કાર બતાવ્યો.

પછી તે સર્વેને શ્રીજીમહારાજના સ્વરૂપનો નિશ્ચય થયો; પણ નાતની ઉપાધિને લીધે કંઠી ન બાંધી શક્યા. પછી શ્રીજીમહારાજને નમસ્કાર કરીને સંભારતા સતા પોતપોતાને ઘેર ગયા. તે સમે દેશાંતરના હરિજનો શ્રીજીમહારાજની કેસરચંદને પૂજા કરીને પછી સભામાં બેઠા. આ ભક્તજનો ચકોરની પેઠે મહારાજના મુખારવિંદ સામું જોઈ રહ્યા હતા. ને તેના સામું શ્રીજીમહારાજે અમૃતની દષ્ટિએ કરીને જોયું. ત્યારે તે હરિજનોના જીવમાં અતિશે શાંતિ થઈ ગઈ ને સર્વના ઘાટ-સંકલ્પ બંધ થઈ ગયા. એમ ને એમ સાંજ સુધી સર્વે સભામાં બેસી રહ્યા.

પછી મહારાજે તે સર્વેને એમ કહ્યું જે, "પોતપોતાને ઉતારે કોઈ અજાણ્યો મનુષ્ય ન પેસવા દેશો." એમ ભલામણ કરી. પછી આરતી વખત થયો એટલે સભામાં મહારાજ આરતી નારાયણધૂન કરીને પાછા પાટ ઉપર બિરાજમાન થયા. ને હરિજનો સૌ મહારાજનાં દર્શન કરીને પોતપોતાને ઉતારે ગયા. ને શ્રીહરિને પણ મૂળજી બ્રહ્મચારી તેડવા આવ્યા

તે ભેળા જમવા પધાર્યા. ને ઉતારે જઈને સુંદર જળે સ્નાન કરીને શ્વેત ખેસ પહેર્યાં ને શ્વેત ખેસ ઓઢ્યો. પછી મૂળજી બ્રહ્મચારીએ મહારાજને બેસવા બાજોઠ આપ્યો, તેના ઉપર મહારાજ બિરાજ્યા. અને બીજા બાજોઠ ઉપર સુંદર સાકરે સહિત દૂધપૂરીનો થાળ ભરીને મૂક્યો, તેને જમવા લાગ્યા ને જમીને જળપાન કર્યું.

પછી મુખવાસ લઈને પોતાના સખાને કહે જે, "આ સમે અમારે હરિજનને ઉતારે જવું છે, માટે તૈયાર થાઓ." ત્યાં તો જેઠી ગંગારામભાઈ તથા સુંદરજીભાઈ તથા હીરજીભાઈ તથા અદાભાઈ આદિ સખા તૈયાર થયા. ને વાળંદ દીપિકા પ્રગટાવીની આગળ ચાલ્યો ને મહારાજ ચાખડી ઉપર ચડીને ચાલ્યા ને કેડે એ સર્વે સખા ચાલ્યા. પછી સર્વે હરિજનોને ઉતારે મહારાજ પધાર્યા ને સૌને જોઈતી વસ્તુના સમાચાર પૂછીને આનંદ ઉપજાવતા હતા. પછી મધ્ય-રાત્રીએ પાછા પોતાના ઉતારે આવીને જળપાન કરીને ઢોલિયા ઉપર પોઢી ગયા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજે લાધીબાઈને પૂછ્યું જે અન્નકૂટની કેટલી સામગ્રી થઈ તથા જમતાં કેટલાક વિદ્વાનને ચમત્કાર બતાવ્યો ને સર્વે હરિજનોને ઉતારે પધાર્યા ને ત્યાંથી આસને આવીને પોઢ્યા' એ નામે સત્તરમો અધ્યાય ॥૧૭॥

અધ્યાય - ૧૮

ભુજમાં વિવિધ પ્રકારની વાતો તથા અન્નકોટ ઉત્સવ

દિવાળીને દિવસ પ્રાતઃકાળમાં શ્રીજી ઊઠીને સર્વે સંત-હરિજનોને સાથે લઈને હમીરસર પ્રત્યે સ્નાન કરવા પધાર્યા. ત્યાં મહારાજે પોતાનાં વસ્ત્ર કાંઠે ઉતારીને સખા સહિત જળમાં પ્રવેશ કર્યો, ને ઘણીકવાર જળલીલા કરી. પછી બહાર નીકળીને પોતાનાં વસ્ત્ર ધારણ કરીને તૈયાર થયા. ત્યાં તો મુનિ તથા હરિજનો પણ તૈયાર થયા. ને શિવરામ

મહેતાએ સુંદર સાજ સજીને હરડી ઘોડી લાવીને મહારાજ આગળ ઊભી રાખી અને મહારાજને પ્રાર્થના કરીને ઘોડી ઉપર બેસાર્યા. ને નાના પ્રકારનાં વાજાં વજડાવતાં થકા ને કીર્તન ગવરાવતાં થકા સર્વે હરિજન ચાલ્યા. અને મહારાજ પણ મંદમંદ હસતાં થકા ને અમૃતની દૃષ્ટિએ જોતાં થકા ધીરે ધીરે ઘોડીને ચલાવવા લાગ્યા. એવી રીતે ભુજનગરના સર્વે હરિજનોને આનંદ પમાડતાં થકા પોતાને ઉતારે આવ્યા ને ઘોડીથી હેઠા ઊતરીને પાટ ઉપર બિરાજમાન થયા. પછી મૂળજી બ્રહ્મચારી તેડવા આવ્યા, તે ભેળા જમવા પધાર્યા. પછી સૌ સંત-હરિજનોને જમાડીને મહારાજ પોઢી ગયા.

ત્રીજા પહોરને સમે જાગીને સભા કરી, ને સર્વે સંત ને હરિજનો તથા બીજા સર્વેજનો સભામાં આવીને બેઠા. તે સર્વેને શ્રીહરિએ ઘણીક ધર્મ સબંધી વાત કરી. ને સાયંકાળ થયો ત્યારે શીવરામ મહેતા તથા હરજીવન મહેતાએ સુંદર દીપમાળા પુરાવી. ને તેને મધ્યે પાટ ઉપર મહારાજને બેસાર્યા. ને શ્રીહરિને સુંદર જરિયાની વસ્ત્ર ધારણ કરાવ્યાં ને પૂજા કરીને આરતી ઉતારી. પછી સર્વે જનો મોટો ઉત્સવ કરવા લાગ્યા ને દશ વાગવાને સમે ઉત્સવની સમાપ્તિ કરીને સર્વેને શ્રીજીમહારાજે પ્રસાદીના પતાસાં આપ્યાં. ને શ્રીહરિ થાળ જમીને પોઢી ગયા.

પ્રાતઃકાળમાં ઊઠીને સંત-બ્રહ્મચારી-પાર્ષદ તથા સખાને સાથે લઈને રામકુંડમાં સ્નાન કરીને પાછા પોતાને ઉતારે પધાર્યા. પછી પોતાનું નિત્યકર્મ કરવા સુંદર આસન ઉપર પૂર્વ મુખે બેઠા. ત્યાં પ્રાગજી પુરાણી મહારાજ પાસે આવીને નમસ્કાર કરીને કહેવા લાગ્યા જે, “હે મહારાજ! ભાત-દાળ, શાક આદિ સર્વે પ્રકારનાં ભોજન તૈયાર થઈ ગયાં છે.” એમ કહીને બેઠા. ત્યાં તો લાધીબાઈ આવ્યાં ને મહારાજને પંચાંગ નમસ્કાર કરીને કહેવા લાગ્યાં જે, “હે મહારાજ ! અન્નકૂટનો સર્વે સામાન તૈયાર થઈ ગયો છે, માટે તમો પધારો.”

પછી મહારાજ પ્રાગજી પુરાણીને સાંભળતાં લાધીબાઈને કહેવા લાગ્યા જે, “તમો સર્વે પકવાન ભરીને થાળ તૈયાર કરો, અમે અન્નકોટ ભરવા સારુ આવીએ છીએ.” એમ કહીને લાધીબાને મહારાજે મોકલ્યાં ને પ્રાગજી પુરાણીને પણ કહ્યું જે, “તમો સર્વે તૈયાર થઈને રહેજ્યો. અમો અન્નકૂટ ભરવા સારુ આવીએ છીએ.” ત્યારે પ્રાગજી પુરાણી પણ પાકશાળામાં ગયા.

✵ બંને પાકશાળામાં એક સાથે દર્શન આપ્યાં :

પછી શ્રીજીમહારાજ પોતાનો નિત્યવિધિ પૂરો કરીને સુંદર શ્વેત વસ્ત્ર ધારણ કરીને પોતાના પાર્ષદ તથા સખાને સાથે લઈને પોતાના ઉતારાથી બાર નીકળ્યા. ત્યાં મહારાજ બે રૂપે થયા ને પાર્ષદને સંગાથે લઈને બાઈયુની પાકશાળામાં પધાર્યા ને બીજે રૂપે સર્વે સખા પાર્ષદને સંગાથે લઈને ભાઈઓની પાકશાળામાં પધાર્યા. તે સમે બાઈયું જાણે જે ‘મહારાજ પ્રથમ આપણી પાકશાળામાં પધાર્યા છે,’ ને ભાઈઓ જાણે જે ‘મહારાજ પ્રથમ આપણી પાકશાળામાં પધાર્યા છે,’ એમ જાણ્યું.

પછી શ્રીજીમહારાજ ભાઈઓની પાકશાળામાં પધાર્યા ને શ્રીબાલમુકુંદજીની મૂર્તિને સિંહાસન ઉપર પધરાવી. અને તેમના આગળ પ્રથમ સુંદર સોનાના થાળમાં દૂધપાક, બાસુંદી, શ્રીખંડ, સાકરનો શીરો, કેસરિયો બિરંજ, મોહનથાળ મેસુબ, સકરપારા, બડફી-પેંડા, મોતિચુર, જલેબી, સૂતરફેણી, ઘેબર, બરફીચૂરમું, સેવો, કેળા, રોટલી, રસ-રોટલી, મગદળ, મગજ, દળના લાડુ, સાકરના ચૂરમાના લાડુ, જાદરિયાના લાડુ, બદામપાક, ગુલાબપાક, પીસ્તાપાક, ગુંદરપાક, સાલમપાક, સાકરનો કંસાર, પૂરણપોળી, માલપુવા, ગાંઠીયાકળી, ફૂલવડી અનેક પ્રકારનાં ભજિયાં તથા સુરણ, રતાળુ, દુધી આદિક અનેક પ્રકારના શાક તથા દ્રાક્ષ, ખારેક, સુરણ આદિ અનેક પ્રકારના રાયતાં તથા મેથી, મોગરી, મૂળા સુવા, તાંદળિયો આદિક અનેક પ્રકારની ભાજી તથા તુવેર, મગ, અડદ, ચણા, વાલ આદિક અનેક

પ્રકારની દાળ તથા વઘારેલ ચણા, વટાણા, વાલ આદિકના નીલવા તથા ચોખા, અડદ આદિના પાપડ તથા મેથિયાં કેરી તથા રાઈ કેરી, ગોળ કેરી, બોલ કેરી, લીંબુ, ગરમર, આદુ આદિક અનેક પ્રકારનાં આથણાં તથા પંખાળી(ડાંગરની ઉત્તમ જાત), જીરાશાળ આદિ અનેક પ્રકારના ભાત તથા દહીંની કઢી આદિક અનેક પ્રકારનાં ભોજન અને વ્યંજન તે ધર્યાં. પછી મોટો થાળ બોલ્યા.

✹ સહુને પોતાના ઇષ્ટદેવરૂપે દર્શન તથા સર્વોપરીતા :

તે સમયમાં સર્વજનોને જોતાં સતા બાલમુકુંદજીની મૂર્તિ શ્રીહરિમાં લીન થઈ ગઈ. અને મહાતેજોમય આશ્ચર્યકારી ને દ્વિભુજરૂપે શ્રીજીમહારાજ સર્વ અન્નકોટ જમે છે, એવાં સર્વજનોને દર્શન થતાં હવાં.

नेतेसमयनेविषेअनंतमुक्तोदिव्यरूपे
करिनेश्रीहरिनिप्रसादीलेवाआवताहवानेकेटलाकधामाधिप
तिपणआवताहवातेमांजेरामचंद्रजिनाउपासीकहतातेतेगरुड
नेविश्वक्सेनादिकपार्षदेसहितरामचंद्रजिरूपेदेखताहवाने
जेश्रीकृष्णनाउपासिकहतातेतोनंदसुनंदादिकपार्षदेसहितश्री
कृष्णरूपेदेखताहवातेपछीसर्वेअवतारनेअवतारनापार्षदोश्री
जिमहाराजनिमुर्तिनेविषेलिनथैजताहवाएवाश्रीहरिनांदर्शन
पांमिनेश्रीहरिनोअनन्यआश्रयकरताहवा

ને તે સમયને વિષે અનંત મુક્તો દિવ્યરૂપે કરીને શ્રીહરિની પ્રસાદી લેવા આવતા હવા ને કેટલાક ધામાધિપતિ પણ આવતા હવા. તેમાં જે રામચંદ્રજીના ઉપાસક હતા તે તો ગરુડને વિશ્વકસેનાદિક પાર્ષદે સહિત રામચંદ્રજીરૂપે દેખતા હવા ને જે શ્રીકૃષ્ણના ઉપાસક હતા તે તો નંદ-સુનંદાદિક પાર્ષદે સહિત શ્રીકૃષ્ણરૂપે દેખતા હવા. તે પછી સર્વે અવતાર ને અવતારના પાર્ષદો શ્રીજીમહારાજની મૂર્તિને વિષે લીન થઈ જતા હવા. એવાં શ્રીહરિનાં દર્શન પામીને શ્રીહરિનો અનન્ય આશ્રય કરતા હવા.

અને જેવી રીતે ભાઈઓની પાકશાળામાં શ્રીહરિએ બાલમુકુંદની મૂર્તિ આગળ અન્નકૂટ પુરાવીને તે મૂર્તિને પોતાની મૂર્તિને વિષે લીન કરીને અનેક આશ્ચર્યકારી દર્શન દીધાં, તેવી જ રીતે બાઈયુની પાકશાળામાં પણ એક સમયમાં જ એવાં દર્શન આપ્યાં. તે દર્શન કરીને સૌ પોતાનાં પૂરણ ભાગ્ય માનવા લાગ્યા. આવી રીતે મહારાજ બેય પાકશાળામાં જમીને જળપાન કરીને ભક્તે આપ્યો જે મુખવાસ તેને અગિકાર કર્યો. પછી એક રૂપે થઈને પાછા સભામાં પાટ ઉપર આવીને બિરાજમાન થયા. ને પછી મહારાજે સંત તથા પાર્ષદોને જમવાની પંક્તિ કરાવી. ને પછી પોતે સર્વેને વારંવાર પીરસીને અતિ હેતે કરીને જમાડ્યા. ને હરિજનોની પંક્તિ કરાવીને તેમને પણ જમાડ્યા. પછી સર્વે સંત જમીને ઉતારે ગયા ને હરિજનો પણ પોતપોતાને ઉતારે ગયા.

✹ સંતો-ભક્તોકૃત શ્રીહરિની મહિમાત્મક સ્તુતિ :

પછી ત્રીજા પહોરને સમે મહારાજે સભા કરાવી. તે સભા મધ્યે સર્વે સંત તથા હરિજનો મહારાજની પૂજાનાં પાત્ર હસ્તમાં લઈને સર્વે મહારાજની વાટ જોતા હતા. ત્યાં તો શ્રીજીમહારાજ સર્વે શ્વેત વસ્ત્રનું ધારણ કરીને ચાખડીએ ચડીને પોતાના પાર્ષદોએ વીંટાણા થકા સભા મધ્યે આવ્યા. ત્યાં તો લક્ષાવધિજનો "હે મહારાજ ! જયકારી પ્રવર્તો... જયકારી પ્રવર્તો..." એવી રીતે શબ્દ કરવા લાગ્યા. અને દેવતાઓ પણ નમઃ શબ્દ, સાધુ શબ્દ ને જય શબ્દ ઉચ્ચારણ કરવા લાગ્યા. ને મહારાજ પણ તે શબ્દને સાંભળતાં સતા પાટ ઉપર બિરાજમાન થયા. પછી પ્રથમ સર્વે સંત મહારાજની પૂજા કરવા ઊઠ્યા ને કેસરચંદન તથા પુષ્પના હાર તેણે કરીને પૂજા કરી.

અને પછી મુકુંદાનંદમુનિ તથા મુક્તાનંદસ્વામી તથા આનંદાનંદ મુનિ તથા વ્યાપકાનંદમુનિ તથા સ્વરૂપાનંદમુનિ તથા સુખાનંદમુનિ

આદિક સર્વે મુનિયો સ્તુતિ કરવા લાગ્યા જે, **"હે અક્ષરપતિ ! હે સર્વાવતારી ! તમે જયકારી પ્રવર્તો. તે તમે કેવા છો ? તો સર્વે બદ્ધ મુક્ત ચૈતન્ય વૃંદ તથા સ્થાવર-જંગમ સર્વ જગત, તેમાં મૂર્તિમાનની પેઠે વ્યાપક છો, ને તેથી વ્યતિરેકપણે અક્ષરધામમાં અનંત દિવ્ય મુક્તમંડળે સેવ્યા થકા નિરંતર અક્ષરધામમાં બિરાજમાન છો, ને અનંત જીવના આત્યંતિક કલ્યાણ કરવા સારુ અનંત મુક્તે વિટાણા થકા મનુષ્યમૂર્તિને ધારણ કરીને પૃથ્વી ઉપર બિરાજો છો. એવા જે તમે, તે તમને અમે વારંવાર નમસ્કાર કરીએ છીએ."** એવી રીતે સ્તુતિ કરીને મુનિ સર્વે સભામાં બેઠા.

અને લાધીબા તથા શિવરામ મહેતા તથા હરજીવન મહેતા તથા નારાયણજી મહેતા આદિક સર્વે મળીને મહારાજની પૂજા કરવા આવ્યાં. તે જરિયાની સુરવાળ તથા જરિયાની બુટાદાર ડગલી તથા જરકસી પાઘ ને જરિયાની છેડાનું નવાનગરનું સેલું એ આદિ જરિયાની વસ્ત્રો ધારણ કરાવ્યાં. પછી સોનાનાં કડાં તથા પોંચી ને કંઠમાં ઊતરી, ને મોહનમાળા, મોતીની માળા આદિક આભૂષણ ધારણ કરાવીને કેસરચંદનની અરચા કરી. પછી સુગંધીમાન પુષ્પના હાર ધારણ કરાવીને પછી બે હજાર બતિકાની (દિવેટની) આરતી પ્રદીપન કરીને ઉતારી. પછી સર્વે મળીને ઘણીક સ્તુતિ કરી.

પછી શ્રીજીમહારાજે હરિભક્તોને એમ આજ્ઞા કરી જે, "એક એક ગામના હરિજનો ભેગા થઈને અમારી પૂજા કરવા આવો, પણ સૌને એક સાથે ન આવવું." પછી એક એક ગામના હરિજનો સર્વે ભેળા થઈને મહારાજની પૂજા કરવા સારુ સમીપે આવ્યા. અને સુંદર રેશમી વસ્ત્ર તથા જરિયાની વસ્ત્ર તે મહારાજને ધારણ કરાવ્યાં. ને મસ્તકે સુંદર જરિયાની પાઘ બંધાવી. તે પાઘમાં પુષ્પના તોરા ધારણ કરાવ્યા. પછી શ્રીહરિને કેસરચંદનની અર્ચા કરીને કુંકુમનો ચાંદલો કર્યો. પછી સુંદર સુગંધીમાન ગુલાબ, ચંપો, જાઈ, જુઈ, મોગરા, ચમેલી, ગુલદાવદી

આદિક પુષ્પના અગણિત હાર મહારાજને પહેરાવ્યા ને સુંદર ગજરા, બાજુબંધ તે બાંધ્યા. એવી રીતે સર્વે દેશના હરિજનોએ અનુક્રમે કરીને પૂજા કરી અને સૌ સ્તુતિ કરીને સભામાં બેઠા.

પછી તે હરિજનોને મહારાજે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિકના સ્વરૂપ સબંધી વાર્તા કરી અને ઘણાંક આશ્ચર્ય બતાવીને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો.અને બે-ચાર દિવસ પછી સર્વેને પોતપોતાના દેશમાં જવાની આજ્ઞા કરી. ત્યારે તે હરિજનો મહારાજનાં દર્શન કરીને પોતપોતાના દેશમાં ગયા. સંતને પણ મહારાજે ફરવા જવાની આજ્ઞા કરી, તે કેટલાક ફરવા ગયા ને કેટલાક મહારાજ પાસે રહ્યા. એવી રીતે મહારાજે ભુજનગરમાં રહીને લાધીબાને ત્યાં અન્નકૂટનો ઉત્સવ કર્યો.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજે હરિજનોને ઘણીક વાત કરી તથા બાઈઓ, ભાઈઓની બે પાકશાળામાં બે સ્વરૂપે દર્શન દીધાં તથા દેવતાએ તથા હરિજનોએ પૂજા કરીને અન્નકોટ ઉત્સવ કર્યો' એ નામે અઢારમો અધ્યાય ॥૧૮॥

અધ્યાય - ૧૯

શ્રીહરિએ વાલજી વગેરે મલ્લોનું અભિમાન ઉતાર્યું

એક દિવસ શ્રીજીમહારાજ હીરજીભાઈને ઘેર બિરાજમાન હતા. ને જેઠી વાલજી નિત્યે દર્શને આવે ત્યારે તે છાતી કાઢીને ચાલે. તે એક દિવસ શ્રીજીમહારાજને નમીને પગે લાગવા ગયો તેવો શ્રીજીમહારાજે હાથ લાંબો કરીને તેનું માથું બગલમાં ઘાલી દીધું. પછી તે જેઠી વાલજીએ માથું કાઢવા સારુ ઘણીક મહેનત કરી, પણ નીસર્યું નહીં ને પરસેવે કરીને રેબઝેબ થઈ ગયો. પછી મહારાજે હાથ ઊંચો કર્યો ને તે ધબ દઈને હેઠે પડી ગયો. પછી શ્રીજીમહારાજ તેને જોઈને હસ્યા ને સર્વે સત્સંગી પણ હસ્યા. પછી તે જેઠી વાલજીના મનમાં ભૂંઠપ આવી,

તે બે-ત્રણ દિવસ દર્શને પણ આવ્યો નહિ. પછી દર્શને આવ્યો ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, **“ગુરુ, દેવ ને રાજા તેટલાને દર્શને જાવું ત્યારે છાતી કાઢીને ચાલવું નહિ અને તેમની આગળ હારીને રાજી થાવું.”** એવી રીતે શ્રીજીમહારાજ વાર્તા કરી.

તે સમે જેઠી સંગો તથા જેઠી મલ્લો તે દેહે કરીને જબરા ને મહાબળિયા, તે કોઈથી જીતાય પણ નહિ એવા હતા. તે શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવે ત્યારે તે છાતી કાઢીને ચાલે. ત્યારે તેને જોઈને શ્રીજીમહારાજે કહ્યું જે, “ભક્તો ! દર્શને આવીએ ત્યારે છાતી કાઢીને ન ચાલીએ. સત્સંગમાં તો નિર્માની થઈને ચાલીએ.” તોપણ એમ ને એમ અકડ થઈને આવે. પછી એક દિવસે દર્શન કરવા આવ્યા ને શ્રીજીમહારાજને પગે લાગ્યા.

ત્યારે શ્રીજીમહારાજે હાથ લાંબો કરીને બેનાં માથાં બગલમાં ઘાલી દીધાં. ને શ્રીજીમહારાજ તો બીજા સત્સંગી આગળ વાતું કરવા લાગ્યા. અને મલ્લ તો પોતાનાં માથાં કાઢવા સારુ ઘણી મહેનત કરવા લાગ્યા, પણ માથાં નીસર્યાં નહિ, ને પરસેવામાં રેબઝેબ થઈ ગયા ને મોઢે ફીણ આવી ગયાં ને દેહની પણ સ્મૃતિ ન રહી. પછી શ્રીજીમહારાજે હાથ ઊંચા કર્યા, તે છેટે જઈને પડ્યા ને ઘડી બે ઘડી પડી રહ્યા. પછી ઊઠીને ચાલી નીસર્યા. પછી બીજા સત્સંગી હતા તેમણે કહ્યું જે, “હે મહારાજ ! અમારે તો મોટો પરચો થયો ને આવાં દર્શન તો કોઈ દિવસ નો’તાં થયાં.” પછી ત્રીજે દિવસે તે બે મલ્લ આવીને દર્શન કરીને પગે લાગ્યા ને નિર્માની થયા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “સત્સંગમાં આવી રીતે નિર્માની થઈને ચાલીએ તો બહુ સારું.” એવી રીતે તે બે મલ્લને મહારાજે શિક્ષા કરી.

✵ શ્રીહરિ સુંદરજીભાઈના પુત્ર રાઘવજીની જાનમાં ગયા :

પછી વળી એક દિવસ શ્રીજીમહારાજ બિરાજમાન હતા. તે સુંદરજીભાઈએ આવીને કહ્યું જે, “હે મહારાજ ! રાઘવજીને પરણાવવાને

કાજે કાલે જાન ચાલવાની છે, તે માનકૂવે જાવાનું છે. અને રાઘવજી તો ના પાડે છે જે, 'મારે તો નથી પરણવું.' માટે મહારાજ તમે તેને બોલાવીને કહો તો બહુ સારુ." પછી મહારાજે રાઘવજીને બોલાવીને કહ્યું ત્યારે રાઘવજીએ કહ્યું જે, "હે મહારાજ ! તમે ત્યાં પધારો તો હું પરણવા આવું ને તમે ન પધારો તો હું ન જાઉં."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "અમે આવશું." પછી શ્રીજીમહારાજ જાનમાં ચાલ્યા. તે જ્યારે **માનકૂવા** અડધો ગાઉ દૂર રહ્યું ત્યારે આગળ ચાલ્યા. ત્યારે તે સુતારને કહ્યું જે, "અમે તમારા માંડવિયા છીએ." ત્યારે તે સુતારે એમ કહ્યું જે, "મારા ઉપર મોટી કૃપા કરી જે મહારાજ વિવાહમાં પધાર્યા." પછી રસોઈ થઈ તે પ્રથમ શ્રીજીમહારાજને જમાડ્યા, ને પછી જાનને જમાડી અને પછી વિવાહ થઈ રહ્યો.

પછી શ્રીજીમહારાજનો ઉતારો નોખો હતો, ત્યાં પોતે કાતર લઈને બેઠા ને કહ્યું જે, "જેને સાધુ થાવું હોય તે આવો." પછી સુંદરજીભાઈ આવીને બેઠા ને કહ્યું જે, "હે મહારાજ ! મને સાધુ કરો, મારે સાધુ થાવું છે." પછી હીરજીભાઈએ સાંભળ્યું જે સુંદરજી સાધુ થાય છે. પછી શ્રીજીમહારાજ પાસે આવ્યા ને કહ્યું જે, "હે મહારાજ ! સુંદરજીને સાધુ ન કરવા ને મને સાધુ કરો." પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "તમે તો સાધુ જ છો." પછી સવારમાં રસોઈ થઈ તે પ્રથમ શ્રીજીમહારાજને જમાડ્યા ને પછી જાનને જમાડી. ત્યારપછી જાન પાછી ભુજ ચાલવા તૈયાર થઈ. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "અમે તો આગળ ચાલશું." ત્યારે સુંદરજીભાઈએ કહ્યું જે, "હે મહારાજ ! બહુ સારુ પધારો અને અમે પણ હમણાં આવીએ છીએ."

✵ ભુજના ભક્તોની ભાવના અને હરિ ભજવાની ભલામણ :

પછી શ્રીજીમહારાજ ઘોડે બેસીને ચાલ્યા, તે હીરજીભાઈને ઘેર આવીને ઊતર્યા. ને સત્સંગીની સેવા અંગીકાર કરતા થકા પાટ ઉપર

બિરાજમાન થયા. અને વીસ-પચીસ દિવસ રહીને શ્રીજીમહારાજે કહ્યું જે, "અમારે માનકૂવે જાવું છે." ત્યારે સુંદરજીએ હાથ જોડીને કહ્યું જે, "હે મહારાજ ! હમણાં આંહીં બિરાજો ને અમને દર્શન દ્યો."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "પાંચ-સાત દિવસ રહીને વળી આવશું." એમ કહીને ઊઠ્યા ને સુંદરજીભાઈ પણ ભેળા ચાલ્યા. ને જ્યાં આપણા બાગમાં છત્રી કરી છે ને ચરણારવિંદ પધરાવ્યાં છે ને આંબલી ઊભી છે, ત્યાં મોર્યે પણ છત્રી હતી. ત્યાં સુંદરજીભાઈએ લૂગડું પાથરી આપ્યું, તે ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન થયા. પછી ગામમાં સત્સંગીને ખબર પડી જે 'મહારાજ માનકૂવે જાય છે.'

પછી કોઈ બરફી ને કોઈ પેંડા ને કોઈ પતાસાં લઈને સર્વે સત્સંગી શ્રીજીમહારાજ આગળ મેલીને પગે લાગીને વાતું સાંભળવા લાગ્યા. પછી શ્રીજીમહારાજ તેમાંથી બરફી, પેંડા ને પતાસાં પોતે જમ્યા. પછી સર્વે સત્સંગીને પોતે વહેંચી દીધાં. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "હવે પાછા વળો." પછી શ્રીજીમહારાજ જય સચ્ચિદાનંદ કહીને પોતે ઊઠ્યા. ને બાઈયું તો પાછી વળી ગઈ ને ભાઈઓ તો ભેળા ચાલ્યા.

પછી જ્યાં જેઠી ત્રિકમજીએ જગ્યા કરાવી છે ને તેમાં છત્રી કરીને પગલાં પધરાવ્યાં છે, તે ઠેકાણે બે મોટા લીંબડા ઊભા હતા. ત્યાં સુતાર સુંદરજીએ પોતાનો ચોફાળ પાથર્યો ને કહ્યું જે, "હે મહારાજ ! બિરાજો, પછવાડે સત્સંગી આવે છે." પછી શ્રીજીમહારાજ બિરાજમાન થયા. પછી સત્સંગી કોઈ બરફી, પેંડા, પતાસાં લઈ લઈને શ્રીજીમહારાજની આગળ મેલીને પગે લાગ્યા ને વાતું સાંભળવા બેઠા. પછી સુંદરજીએ તે બરફી, પેંડા, પતાસાં લઈને શ્રીજીમહારાજના હાથમાં આપ્યાં. ને શ્રીજીમહારાજ જમવા લાગ્યા.

તે પછી મહારાજે કહ્યું જે, "હવે રાખો ને સર્વે હરિભક્તને પ્રસાદી વહેંચી આપો." પછી સુંદરજીભાઈએ પ્રસાદી સર્વેને આપી.

પછી મહારાજે કહ્યું જે, "બાકી પ્રસાદી રહી છે તે લઈ જાવ ને જે સતસંગી ન આવ્યા હોય તેને આપજો." પછી સર્વે સત્સંગીએ દંડવત કરીને પગે લાગીને કહ્યું જે, "હે મહારાજ ! વહેલા પધારજો." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "**ભગવાન ભજજો અને ભગવાનને વહાલા રાખજો.** અમે પણ દશ દિવસમાં વળી પાછા આવીશું."

પછી શ્રીજીમહારાજ ત્યાંથી ચાલ્યા, તે ઢાળ ચઢતાં બે ખેતરવાટ છેટે માર્ગથી ઉતરાદે પડખે એક મોટો દાંતો છે તે ઉપર બે ઘડીવાર વિશ્રામ કરીને ત્યાંથી ચાલ્યા. તે ઓડાવાળી વાવ્યમાં જલપાન કરીને તથા સ્નાન કરીને ત્યાંથી ચાલ્યા તે **માનકૂવે** પધાર્યા. ત્યાં સુતાર નાથાને ઘેર ઊતર્યા. ને નાથો સુતાર પોતાને ઘેર રસોઈ કરાવીને શ્રીજીમહારાજને રૂડી રીતે નિત્યે જમાડતા. ને બીજા સત્સંગી પણ પોતપોતાને ઘેર રસોઈ કરીને જમાડતા. પછી દસ દિવસ રહીને પાછા **ભુજ** પધાર્યા.

✹ સુંદરજીભાઈને ઘેર વિવિધ લીલા તથા વિચરણ :

અને સુતાર હીરજીભાઈને ઘેર ઊતર્યા ને સત્સંગીની સેવાને અંગીકાર કરતાં થકા ઘણાક માસ રહ્યા. ને નિત્યે હમીરસર તળાવમાં આપણા બાગ સોંસરા થઈને, ઓગન ઉપર થઈને વડ નીચે વસ્ત્ર ઉતારીને સ્નાન કરતા. અને નિત્યે સાધુ-સત્સંગીઓ પણ સાથે સ્નાન કરતા. ને ત્યાં જ જલક્રીડા કરતાં થકા સર્વે હરિજનને આનંદ પમાડતા.

પછી કેટલાક માસ રહીને શ્રીજીમહારાજે કહ્યું જે, "અમારે ચાલવું છે, તે અંજાર જાવું છે." ત્યારે સુતાર સુંદરજીએ કહ્યું જે, "કાલે થાળ વહેલા કરશું, તે જમીને ભલે પધારજો." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "સારું." પછી સુંદરજીભાઈએ થાળ વહેલો કરાવ્યો. અને પછી શ્રીજીમહારાજ વહેલા નાયા ને સુંદરજીભાઈને પૂછ્યું જે, "થાળ થયા ?" ત્યારે સુંદરજીભાઈએ કહ્યું જે, "પધારો મહારાજ ! થાળ તૈયાર છે." પછી ઉગમણે બાર ઓરડાની ઓસરીએ કામળી પાથરીને તેના ઉપર

શ્રીજીમહારાજ બેસીને જમવા લાગ્યા, ને જે ભેળા પાર્ષદ હતા તેને જમાડ્યા. પછી શ્રીજીમહારાજ ચાલ્યા. તે મહારાજને વળાવવા સુતાર સુંદરજી તથા જેઠી ગંગારામ તથા બીજા સત્સંગી ઘણાક આવ્યા. ને તળાવ દેસલસરની પાળ ઉપર કડિયાના વાડામાં સુંદરજીભાઈએ વસ્ત્ર પાથરી આપ્યું તે ઉપર બેઠા.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "હવે તમે સર્વે પાછા વળો." પછી સર્વે સતસંગીએ દંડવત્ કરીને હાથ જોડીને કહ્યું જે, "હે મહારાજ ! વહેલા પધારજો, ને આ ભાતું છે, તે લ્યો." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "મૂળજી બ્રહ્મચારીને આપો." પછી તે ભાતું બ્રહ્મચારીને આપીને હરિજન સર્વે પગે લાગીને પાછા વળ્યા.

ને શ્રીજીમહારાજ ગામ **શ્રીઅંજાર** પધાર્યા ને ચાંગબાઈને ઘેર ઊતર્યા. એક રાત ત્યાં રહ્યા ને બ્રહ્મચારીએ થાળ કર્યો ને શ્રીજીમહારાજને જમાડ્યા ને પોતે જમ્યા. અને પછી ત્યાંથી શ્રીજીમહારાજ ચાલ્યા, તે ગામ **ભીમાસર**ના તળાવની દક્ષિણાદી પાળે બેઠા. ત્યાંથી ચાલ્યા તે ગામ **ભચાઉ** પધાર્યા. ત્યાં શાહ વાઘાને ઘેર ઊતર્યા, ને રાત રહ્યા. મૂળજી બ્રહ્મચારીએ રસોઈ કરીને શ્રીજીમહારાજને જમાડ્યા ને પછી પોતે જમ્યા. ને ત્યાંથી ચાલ્યા તે ગામ **વાંઢિયે** પધાર્યા ને સુતાર રૂડાને ઘેર પધાર્યા. ને ત્યાં રાત એક રહ્યા. પછી બ્રહ્મચારીએ રસોઈ કરીને શ્રીજીમહારાજને જમાડ્યા ને પછી પોતે જમ્યા. ને ત્યાંથી ચાલ્યા તે ગામ **માળિયે** પધાર્યા. એવી રીતે શ્રીજીમહારાજ કચ્છમાં ફર્યા ને લીલા કરીને ગુજરાત તથા કાઠિયાવાડ થઈ સોરઠ પધાર્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજને દર્શને જેઠી વાલજી છાતી કાઢીને આવે તથા હીરજીએ સુંદરજીને સાધુ થવાની ના કહી ને ભુજથી ચાલ્યા તે સોરઠ પધાર્યા' એ નામે ઓગણીસમો અધ્યાય ॥૧૯॥

અધ્યાય - ૨૦

કચ્છી ભક્તોની વિશેષતા, સોરઠથી ભુજ પધાર્યા

સોરઠ દેશમાંથી સંતે સહિત શ્રીજીમહારાજ પોતાને વિશે ઘણુંક હરિજનનું હેત જોઈને કચ્છ દેશમાં પધાર્યા. અને પોતે જાણ્યું જે, 'કચ્છ દેશના હરિજન ઘણા જ પ્રેમી છે ને વળી ધર્મ-નિયમમાં પણ સાવધાન વર્તે છે. ને મારા વિના બીજા કોઈને પોતાના ઈષ્ટદેવ પણ નથી જાણતા. અને વળી વાણી છે પ્રિય જેમની એવા જે મારા હરિજન, તેને સુખ દેવા સારુ મારે જરૂર જાવું. અને વળી તે હરિજન મારી આવવાની વાટ જોઈ રહેલા છે. એવાં જે હરિજન સ્ત્રીપુરુષ તે અગણિત છે. અને વળી પોતાના પ્રાણ થકી પણ અધિક હું છું પ્રિય જેને એવા જે મારા હરિજન, તેને મારે અવશ્ય દર્શન દેવાં. અને તે હરિજનને મારે વિષે કેવું હેત છે ?

તો જેમ ચંદ્રમાને વિશે ચકોર પક્ષીને હેત છે. અને વળી મેઘમાં જેમ મોરને હેત છે. તેવી જ રીતે સર્વે જગતની વાસના ટાળીને મારા ચરણારવિંદમાં પ્રીતિ કરી છે. તે હરિજનને મારી કથાવાર્તા સંભળાવવા સારુ સંતને મેં મોકલ્યા હતા, તોપણ મારાં દર્શન વિના સુખ ન થયું. માટે હવે મારે જરૂર જાવું.' એમ જાણીને શ્રીજીમહારાજ પોતે સોરઠ દેશથી ચાલ્યા, તે પ્રથમ **ભાદરા** નામે પુરમાં આવ્યા. અને ત્યાં પોતાના હરિજનને ઘણુંક સુખ આપીને ત્યાંથી ચાલ્યા, તે **જોડિયા બંદર**માં આવ્યા.

અને ત્યાંથી નાવમાં બેસીને સમુદ્રની ખાડી ઊતરીને **અંજાર** નગરમાં પધાર્યા. અને ત્યાંના કચરાભક્ત આદિક હરિભક્તો મહારાજને સન્મુખ આવ્યા ને કેસરચંદન, પુષ્પના હાર ઈત્યાદિક પૂજાના ઉપચાર વડે કરીને મહારાજની પૂજા કરીને આરતી ઉતારી. અને ગદ્‌ગદ કંઠ થઈને ઘણીક સ્તુતિ કરી. અને પોતાના બે હાથ જોડીને દંડની પેઠે

સાષ્ટાંગ દંડવત્પ્રણામ કર્યા. ત્યારપછી ચાર પ્રકારનાં ભોજન જે લેહ્ય, ચોશ્ય, ભક્ષ, ભોજ્ય તે કરીને જમાડ્યાં.

પછી ફૂલડોલનો ઉત્સવ બાસઠની સાલનો આવે છે. તે ઉત્સવ ભુજનગરમાં કરવો, એમ જાણીને પોતાના ભક્તજનો ઉપર દયા લાવીને પોતાના ભક્તજનોને આનંદ પમાડવાને સારુ દયા કરીને અંજારથી **ભુજ** જવા ચાલ્યા. મહારાજ ભુજ પધારે છે, તે વાર્તા ભુજના હરિજનો જાણીને ઘણોક આનંદ પામ્યા. પછી તત્કાળ પોતાનાં સર્વે વ્યવહારિક કામ પડ્યાં મૂકીને વિવિધ પ્રકારનાં અગણિત વાજિંત્ર વજાડતા ને પોતાને મુખે કીર્તન ગાતા મહારાજને સન્મુખ રથ, અશ્વ આદિક વાહન લઈને ગયા. તે પુર થકી બાહેર ચાલ્યા ત્યારે આગળ સન્મુખ આવતા જે શ્રીજીમહારાજ તેમનાં દર્શન કરીને પોતાના મનમાં એમ જાણ્યું જે, 'અમારો જન્મ સફળ થયો !'

એમ જાણીને મહારાજમાં અતિ હેતવાળાં બાઈભાઈ હરિજન, તે પોતાના શરીરનું પણ ભાન ભૂલી ગયાં. તેમાં જે પુરુષ ભક્ત હતા તે તો મહારાજને જોઈને સાષ્ટાંગ દંડવત્ કરવા લાગ્યા. ને બાઈયો ભક્ત છેટેથી નમસ્કાર કરવા લાગ્યાં. અને આગળ હસ્ત જોડીને તેમજ નેત્ર ને મન તે પણ જોડ્યાં છે ભગવાનમાં જેણે, એવા જે પ્રેમી હરિજન તેને મહારાજ હેતે કરીને બોલાવીને પુરુષ ભક્તને બાથમાં લઈને મળ્યા. અને સ્ત્રી ભક્તોને મહારાજે મધુર વાણીથી બોલાવીને કુશળ પૂછ્યા.

❋ ભક્તોને દર્શન-આનંદ અને સુંદરજીભાઈને ઘેર ઉતારો :

અને તે સમે કોઈક હરિજને તો મહારાજને અતિ હેતે કરીને પુષ્પના હાર પેરાવ્યા. અને કેટલાક હરિજને તો અતિ હેતે કરીને પાઘમાં પુષ્પના તોરા ધરાવ્યા. અને કેટલાક હરિજનો આગળ કીર્તન ગાવા લાગ્યા. અને કેટલાક હરિજનો મૃદંગ આદિક વાજિંત્ર વજાડતા હતા. એવી રીતે ભુજનગરથી એક ગાઉ પર્યંત મહારાજને જોઈ આનંદ

ઉત્સવ થઈ રહ્યો. ત્યારપછી ભુજના હરિજન રથ આદિક વાહન લાવ્યા હતા, તેના ઉપર મહારાજે સંતને બેસવાની આજ્ઞા કરી. અને શ્રેષ્ઠ એવો જે અશ્વ તેના ઉપર પોતે બિરાજમાન થયા.

આવી રીતની શોભાએ સહિત મહારાજે પુરમાં પ્રવેશ કર્યો. તે સમયે ભુજંગપુરી કેવી શોભતી હવી ? તો સાક્ષાત્ જાણે ઈન્દ્રપુરી શોભતી હોય ને શું ! અને વળી તે રાજમાર્ગને બે પડખે રહેલ ઊંચી અટારીઓ તે જાણે મેઘની ઘટાને સ્પર્શ કરતી હોય ને શું ! અને વળી તે રાજમાર્ગને બે પડખે જે હવેલીઓ તેમાં ચિત્રનાં પક્ષી કરેલાં. તે જાણે સાચાં જ પક્ષી કરેલાં હોય ને શું !

અને વળી શ્રીજીમહારાજને ઉતારવા સારુ હવેલી સોનાની ગાર વડે તથા ચંદનની ગાર વડે અનંત પ્રકારની શોભાયમાન કરી હતી. અને તે હવેલીઓને આંબાનાં પત્ર અને આસુપાલવના પત્રનાં તોરણ બાંધીને સુશોભિત કરી હતી. અને ઘેર ઘેર પ્રત્યે માંગલિક કુંભ મહારાજને પ્રસન્ન કરવા સારુ નાળિયેર તથા સોપારી અને ધ્રો વડે કરીને ઘરના આગણામાં માંગલિક કુંભ સ્થાપન કર્યા હતા. અને રાજમાર્ગને બે પડખે ધ્વજા-પતાકા બંધાવ્યાં હતાં. તેણે કરીને સૂર્ય પણ આકાશમાં દેખાતો ન હતો. એવી રીતની શોભાએ સહિત રાજમાર્ગમાં શ્રીજીમહારાજ ચાલ્યા જતા હતા.

તે સમે પુરના રાજા ભારમલજી બે હસ્ત જોડીને અતિશે હેતે સહિત શ્રીજીમહારાજને સન્મુખ આવ્યા. અને તે સમે અગણિત બીજા મનુષ્ય પણ મહારાજનાં દર્શન કરવાને આવેલા. તે દર્શન કરીને ઘણોક આનંદ પામ્યા. અને કહેવા લાગ્યા જે, "ધર્મ સ્થાપન કરવા સારુ અને ભક્તજનને દુઃખનો કરનારો એવો જે અધર્મ, તેને ટાળવા સારુ આ સ્વામિનારાયણે અવતાર ધારણ કર્યો છે." આવી રીતે ભુજંગપુરના મનુષ્ય અગણિત નરનારી પોતાને મુખે તે સમે બોલતાં હતાં. તેમાં જે શ્રીજીમહારાજનાં આશ્રિત જે સ્ત્રી ભક્ત હતાં, તે મહારાજને અતિ

હેતે સહિત મૂર્તિ જોઈને પૂજા કરીને વારંવાર મીઠડાં લેતી હતી. અને કેટલીક સ્ત્રીઓ તો અતિ હેતથી હવેલી ઉપર ચડીને શ્રીજીમહારાજને ઉપર પુષ્પની વૃષ્ટિ કરતી હતી. અને કોઈક પુરુષ ભક્ત તો મોતીના થાળ ભરીને શ્રીજીમહારાજને હેતે સહિત વધાવતા હતા.

અને કોઈક ભક્ત તો મહારાજના ચરણારવિંદમાં અતિ હેતે સહિત પોતાનાં મસ્તક નમાવતા હતા. અને કોઈક ભક્ત તો ગદ્‌ગદ કંઠથી પોતાના બે હસ્ત જોડીને મહારાજની સ્તુતિ કરતા હતા. અને કેટલાક ભક્ત તો જય જયકાર શબ્દ ઉચ્ચારણ કરતા હતા. આવી રીતે શ્રીજીમહારાજ બહુ સન્માને સહિત શેહરમાં સૌને દર્શન આપતા, હરિજનમાં પણ મહાબુદ્ધિમાન અને ભગવાનના ચરણારવિંદમાં પ્રીતિવાન એવા સુંદરજીભક્તના ઘરે શ્રીજીમહારાજ પધાર્યા. અને પોતાના પાર્ષદને પોતાના ભક્તજનોને ઘેર ઉતારા અપાવ્યા.

✵ ભુજના ભક્તોનાં નામ તથા શોભાવર્ણન :

તે સમયમાં ભુજનગરના હરિજન શ્રીજીમહારાજનાં દર્શન કરીને ઘણોક આનંદ પામ્યા. અને અતિ હેતે સહિત મહારાજની સેવા કરવા લાગ્યા એવા ભક્તનાં નામ કહું છું. પ્રથમ સુંદરજી તથા હીરજી તથા ભગવાનજી તથા દેવરામ તથા જીવરામ તથા પ્રાગજી તથા નારાયણજી તથા રાઘવજી સુતાર તથા બીજા પ્રાગજી બ્રાહ્મણ તથા ગંગારામ આદિક મલ્લ ભક્ત તથા વલ્લભજી તથા હરજીવન તથા શિવરામ એ આદિ હરિજન તે પણ અતિ હેતે સહિત મહારાજની સેવા કરવા લાગ્યા. ને બાઈયું હરિજન જે પુંજીબાઈ તથા અમરબાઈ તથા લેરખીબાઈ તથા સૂરજબાઈ તથા લાધીબાઈ એ આદિ બાઈ. તે પણ પોતાના ઘરનાં કામકાજ જે દળવું, ખાંડવું તથા રસોઈ કરવી તથા વાળવું, લીંપવું, જળ ભરવું તથા પોતાના સબંધીને ભરણપોષણ કરવું તથા બોલાવવું ઈત્યાદિક ક્રિયાનો ત્યાગ કરીને અતિ હેતે સહિત શ્રીજીમહારાજની સેવા કરવા લાગ્યાં. તે સર્વે હરિભક્તનો સ્નેહ જોઈને શ્રીજીમહારાજ તે હરિજનને

વશ થઈ ગયા. અને તે સમે તે ભુજના હરિજનોએ બહુ પ્રકારનાં ભોજન તથા વિંજન કરી કરીને અતિ હેતે સહિત શ્રીજીમહારાજને પારસદે સહિત જમાડ્યા.

આવી રીતે શ્રીજીમહારાજનાં દર્શન કરીને ઘણુંક હેત લાવીને શ્રીજીમહારાજની સેવા કરવા લાગ્યા. તે ભુજનગરના હરિજને શ્રીજીમહરાજને બેસવા સારુ તે સમે સોનાનું સિંહાસન કરાવ્યું. તે સિંહાસન હીરા, માણેક મોતી, ઝવેર, પુખરાજ, પિરોજા આદિક મણી તેણે કરીને જડેલું હતું. તે કેવું શોભતું હતું ? તો જાણે સાક્ષાત્કાર અગણિત સૂર્ય ઊગે ને જેવી કાંતિ શોભા કરે તે થકી પણ વિશેષ કાંતિ શોભતી હતી. ને કાંતિને જોઈને મોટા મોટા દેવ અને મોટા મોટા મુનિ તેનાં પણ મન હરાઈ ગયાં. તે સિંહાસન ઉપર હરિજનોએ શ્રીજીમહારાજને બેસાર્યા. ને આગળ અગણિત હરિજનની સભા ચારેકોરે ભરાઈને બેઠી.

તે સભાના વચ્ચમાં પોતે શ્રીજીમહારાજ બિરાજમાન થયા. અને હરિજનોએ આવીને શ્રીજીમહારાજના સિંહાસનની ચારેકોરે દીપમાળા પ્રગટાવી. અને તે દીપમાળા મધ્યે શ્રીજીમહારાજ કેવી રીતે શોભતા ? તો સાક્ષાત અગણિત મુક્ત તેણે સહિત શ્વેતદ્વીપમાં વાસુદેવ ભગવાન બિરાજતા હોય ને શું ! અને તે સભાને ચારેકોરે હરિજન આવીને મોટી મોટી મસાલું કેટલીક પ્રગટાવી. અને કેટલાક હરિજન તો પોતાના મનમાં આનંદ પામતા થકા નાના પ્રકારનાં અગણિત વાજિંત્ર વજાડીને આગળ કીર્તન બોલીને ઉત્સવ કરવા લાગ્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજ સોરઠમાંથી કચ્છ દેશના હરિજનનું હેત જોઈને ભુજ પધાર્યા અને શહેરમાં સર્વે જનને દર્શન દઈને પોતાના ભક્તજનને ઘેર ગયા ને ત્યાં હરિજનોએ કીર્તન કરીને ઉત્સવ કર્યો' એ નામે વીસમો અધ્યાય ॥૨૦॥

અધ્યાય - ૨૧

ભુજમાં ફૂલડોલઉત્સવ તથા ભક્તોકૃત પ્રભુપૂજા

અને ત્યારપછી શ્રીજીમહારાજની પૂજા કરવા સારુ પ્રાગજી દવે આદિક વિપ્ર આવ્યા. તે નાના પ્રકારના પુષ્પના હાર-તોરા, ગુચ્છ, બાજુબંધ તથા કેસરચંદન, કપૂર વડે પૂજા કરીને સ્તુતિ કરી. ત્યારપછી સુંદરજી આદિક સુતાર ભક્તોએ પણ મહારાજની અતિ હેત સહિત કેસરચંદન પુષ્પના હાર ઇત્યાદિક વડે પૂજા કરીને બે હસ્ત જોડીને શ્રીજીમહારાજને નમસ્કાર કર્યા.

ત્યારપછી ગંગારામ મલ્લ આદિક હરિજને પણ તેવી જ રીતે શ્રીજીમહારાજની પૂજા કરીને આગળ ઊભા રહ્યા. તે સર્વે હરિજને પૂજા કરી તે સમે શ્રીજીમહારાજની મૂર્તિ કેવી શોભતી હતી ? તો સુંદર હીરની નાડી ફૂમકાએ સહિત છે જેમાં એવો સુરવાળ મહારાજે પહેર્યો હતો. તે સુરવાળને જોઈને તે સમે સમીપે મનુષ્ય ઊભા હતા તે મનુષ્યનાં મન મહારાજની મૂર્તિમાં એકાગ્ર થઈ ગયાં. અને કેડને વિષે શબ્દકારી સુંદર કંદોરો સુરવાળ ઉપર શોભતો હતો. અને સુંદર જરિયાની જામો પહેરલો હતો, પીળું શેલું ધારણ કર્યું હતું.

જેમ મેઘની ઘટામાં વીજળી કાંતિ કરતી હોય ને શું ! અને સુંદર કસુંબી રંગની પાઘ મસ્તક પર ધારણ કરી હતી. તેમાં પુષ્પના સુંદર તોરા તે હરિજને ધારણ કરાવ્યા હતા. ને સોનાના ઘણા મૂલવાળા બાજુબંધ કેટલાક હરિજને લાવીને મહારાજને હસ્તમાં બાંધ્યા હતા. અને કેટલાક હરિજનોએ અતિશય હેતે સહિત મોતીની માળા તથા મોહનમાળા લાવીને મહારાજને પહેરાવી હતી. અને કોઈક હરિજને અતિ હેતે કરીને કેસરચંદનથી મહારાજના લલાટમાં અર્ચા કરી હતી. અને કેટલાક હરિજને નંગ જડિત એવાં સુંદર ઝાંઝર લાવીને પોતાના હાથે મહારાજના ચરણારવિંદમાં પહેરાવ્યાં હતાં. અને વળી કોઈક

હરિજને સોનાનાં કડાં તથા સાંકળાં લાવીને અતિ હેતે સહિત મહારાજના હસ્તમાં પેરાવ્યાં હતાં. અને કોઈક હરિજને અમૂલ્ય નંગજડિત વેઢ તથા વીંટીઓ લાવીને અતિ હેતે સહિત મહારાજના હસ્તની આંગળીયુંમાં પોતાના હાથે પેરાવ્યાં હતાં. અને તે સમે કેટલાક હરિજને અગણિત ધન લાવીને મહારાજને ભેટ કરી. તે સર્વે ધન મહારાજે લઈને બ્રાહ્મણોને દાન દઈ દીધું.

✺ પ્રાગજી દવેને સમાધિ તથા તેમણે કરેલી સ્તુતિ :

તે સમે પ્રાગજી દવેને મહારાજની મૂર્તિ જોઈને તત્કાળ સમાધિ થઈ ગઈ. તે સમાધિમાં તેણે તેજોમય અક્ષરધામ જોયું. તેમાં અતિ તેજોમય વર્ણીના સરખો છે, વેષ જેને એવી મહારાજની મૂર્તિ જોઈને અતિ ઘણું સુખ પામ્યા. અને ત્યારપછી એક ઘડી પછી તે સમાધિમાંથી બહાર આવીને મહારાજની મૂર્તિને જોઈને અતિ હેતે સહિત સ્તુતિ કરવા લાગ્યા જે, "હે મહારાજ ! સર્વે ભક્તજનના મનોરથને પૂર્ણ કરનારા અને દિવ્ય છે મૂર્તિ જેની એવા, ને બ્રહ્મપુરધામના તો નિવાસી એવા જે તમે, તેને હું વારંવાર દંડવત્ પૂર્વક નમસ્કાર કરું છું.

અને વળી ગોલોકધામના રાજાધિરાજ એવા ને વળી શ્વેતદ્વીપધામમાં રહેલા એવા જે વાસુદેવભગવાન એવા, ને પોતાના ભક્તજનની બુદ્ધિ આદિકને આપનારા એવા, ને પોતાના ભક્તજનના દુઃખને ટાળનારા એવા, ને પોતાના ભક્તજનને સુખશાંતિ કરનારા, ને સુંદર વર્ણીમાં પણ શોભાયમાન છે વેશ જેનો એવા ધર્મભક્તિના પુત્ર, ને વળી ધર્મનો સર્ગ સ્થાપન કરનારા, ને અધર્મનો સર્ગ તેના નાશ કરનારા, અને પોતાના ભક્તજનને સુખિયા કરનારા એવા તમે, દેવનાયે પણ દેવ એવા જે તમે, તેને હું નમસ્કાર કરું છું.

અને વળી અગણિત બ્રહ્માંડના બ્રહ્મા તથા શિવ તથા મોટા મુનિ તે પણ તમને નમસ્કાર કરે છે એવા, અને સાક્ષાત્ નારાયણ એવા જે

તમે, તે જુગ જુગમાં ધર્મનું સ્થાપન કરવાને અર્થે અને સંતની રક્ષાને અર્થે મચ્છ, કચ્છ, વારાહ, નૃસિંહ, વામન, પરશુરામ તથા રામ તથા કૃષ્ણાદિક અવતાર ધારણ કરનારા છો. તે પણ પોતાના ભક્તજનના સુખને અર્થે ધારણ કરો છો. તે કેની પેઠે ?

તો જેમ બાળકની માતા તથા પિતા આલોકમાં રક્ષા કરે છે, ને વળી જેમ મિત્ર મિત્રની રક્ષા કરે છે ને બંધુ બંધુની રક્ષા કરે છે, તેમ તમે પ્રગટ થઈને પોતાના ભક્તજનની રક્ષા કરો છો, એવા જે તમે તેને હું નમસ્કાર કરું છું." એવી રીતે પ્રાગજી દવે મહારાજની ઘણીક સ્તુતિ કરીને મૌન રહ્યા.

❋ સુંદરજીભાઈ કૃત પૂજા તથા શ્રીહરિની સર્વોપરીતા :

ત્યારપછી સુંદરજી સુતાર અતિ હેતે કરીને મહારાજની પૂજા કરવા સારુ સામગ્રી લાવ્યા. તે જાણે સાક્ષાત્ અમરીષ રાજા જેવી રીતે ભગવાનની પૂજા કરે, તેવી જ રીતે સુંદર સુગંધીમાન કેસરચંદન, કપૂર વડે મહારાજની પૂજા કરી. ત્યારપછી સુગંધીમાન પુષ્પના હાર કંઠમાં પહેરાવ્યા. અને મસ્તક પર પાઘમાં પુષ્પના તોરા ધારણ કરાવ્યા. અને નાના પ્રકારનાં નંગજડિત ઘરેણાં કંઠમાં તથા હસ્તમાં તથા ચરણમાં પહેરાવ્યાં. ને નાના પ્રકારનાં અમુલ્ય જરિયાની વસ્ત્ર પહેરાવ્યાં. અને સોનાની મુદ્રાઓ તથા રૂપામોરુ તે પણ હજારે હજાર લાવીને મહારાજની આગળ ભેટ મૂકી. ત્યારપછી સુંદર બરાસ કપૂરની આરતી પ્રદીપ્ત કરાવીને હેતે સહિત મહારાજની આરતી ઉતારી.

ते समय महाराजनी मुरती जोईने सुंदरजीभाईने समाधि
थई जाती हवी ने तेजोमय एवुं जे अक्षरधाम तेने विषे महाराजनि मु
रतिने देखता हवा॥ अने गोलोकधामने विषे रहेलाने मोरली छे ह
स्तमां जेने एवा जे श्रीकृष्ण भगवान तेने पारषदे सहीत देखता हवा
ने वलि श्वेतद्विपधांममां श्वेतमुक्ते सहित रहेला एवा जे वासुदेव तेतो

श्रीजिमहाराजनिसेवातेनेकरताएविरितेदेखताहवा॥ अनेवलि बद्रीकाश्रमनेविषेरहेलाएवाजेनरनारायणतेपणजेनिपुजाकरेछे अनेवलिलक्ष्मीतेणेसहीतवैकुंठनेविषेरहेलाएवाजेविष्णुतेपण जेनिसेवापुजाकरेछे॥ एविरितेसुंदरजीभाइनेतेसमेसमाधिमांश्री जिमहाराजनांदर्शनथतांहवांत्यारपछीसमाधिमांथिजागीनेबार आवताहवात्यारेसुंदरवरणीनासरखोछेवेसजेनोएविमहाराजनिमु र्तिजोइनेबेहस्तजोडीनेस्तुतिकरताहवा॥ नेकहेताहवाजेहेमहारा जआजसर्वेमुक्ततेणेसहितसर्वेदेवनादेवएवाजेसाक्षातनारायण तेतमेपधार्याछोवलितमोसर्वेनाधामनाधामिछोअनेअक्षरआदिकधा मनाधामीएवातमेतेमारेघरनेविषेपधार्याछो॥

તે સમય મહારાજની મૂર્તિ જોઈને સુંદરજીભાઈને સમાધિ થઈ જાતી હવી. ને તેજોમય એવું જે, અક્ષરધામ તેને વિષે મહારાજની મૂર્તિને દેખતા હવા અને ગોલોકધામને વિષે રહેલા ને મોરલી છે હસ્તમાં જેને, એવા જે શ્રીકૃષ્ણભગવાન તેને પાર્ષદે સહિત દેખતા હવા. ને વળી શ્વેતદ્વીપ ધામમાં શ્વેત મુક્તે સહિત રહેલા એવા જે વાસુદેવ, તે તો શ્રીજીમહારાજની સેવા તેને કરતા એવી રીતે દેખતા હવા. અને વળી બદરિકાશ્રમને વિષે રહેલા એવા જે નરનારાયણ, તે પણ જેની પૂજા કરે છે. અને વળી લક્ષ્મી તેણે સહિત વૈકુંઠને વિષે રહેલા એવા જે વિષ્ણુ તે પણ જેની સેવા-પૂજા કરે છે. એવી રીતે સુંદરજીભાઈને તે સમે સમાધિમાં શ્રીજીમહારાજનાં દર્શન થતાં હવાં. ત્યારપછી સમાધિમાંથી જાગીને બાર આવતા હવા. ત્યારે સુંદર વર્ણીના સરખો છે વેશ જેનો, એવી મહારાજની મૂર્તિ જોઈને બે હસ્ત જોડીને સ્તુતિ કરતા હવા. ને કહેતા હવા જે, “હે મહારાજ ! આજ સર્વે મુક્ત તેણે સહિત સર્વે દેવના દેવ એવા જે સાક્ષાત્ નારાયણ, તે તમે પધાર્યા છો. વળી તમો

સર્વે નામના નામી અને અક્ષર આદિક ધામના ધામી એવા તમે તે મારા ઘરને વિષે પધાર્યા છો.

વળી તમે કેવા છો ? તો માયા, કાળ અને યમના ભયને ટાળીને તમે અનંત જીવને સુખિયા કરનારા છો. તમે અનંત જીવનો ઉદ્ધાર કરવા સારુ આ મનુષ્યના સરખી આકૃતિ ધારણ કરી છે." એમ કહીને તે તથા હીરજીભાઈ મહારાજના ચરણારવિંદમાં પોતાનું મસ્તક નમાવીને અતિ હેતે સહિત મહારાજની આગળ બેઠા.

✵ ગંગારામ આદિ ભક્તોએ શ્રીહરિની પૂજા તથા સ્તુતિ કરી :

ત્યારપછી ગંગારામ આદિક બીજા હરિભક્તો પણ પોતાના હૃદયમાં અતિશે આનંદને પામ્યા. અને ભિન્ન ભિન્નપણે મહારાજની મૂર્તિને જોઈને પછીથી વિવિધ પ્રકારના ઉપચારોથી પૂજા કરી. અને સ્તુતિ કરતા કહેવા લાગ્યા જે, "હે મહારાજ ! સર્વે જગતના તમે ઈશ્વર છો. ને વળી બ્રહ્મા, શિવ આદિક દેવ તેના પણ ઈશ્વર છો. અને વળી મહા મોટા ત્યાગી તથા તપસ્વી હોય તેના પણ તમે સ્વામી છો. અને વળી અગણિત સંતના સ્વામી પણ તમે છો. એવા તમે આ સમયે અધર્મનો નાશ કરવા સારુ ને અનંત જીવોને ધર્મમાં રૂડી બુદ્ધિ આપવા સારુ ને દુષ્ટ બુદ્ધિને નાશ કરવા સારુ પધાર્યા છો. દિવ્યમૂર્તિ એવા આપ જયકારી પ્રવર્તો.

અને વળી તમે કેવા છો ? તો સર્વે જગતના કારણ છો અને પોતાના ભક્તજનને તો સંસારસાગર થકી ઉદ્ધાર કરનારા છો. અને મુક્તિને આપનારા છો. અને વળી ભાગવતધર્મને ધારણ કરનારા છો. અને વળી દેખ્યામાત્ર ધર્મ ને માંહી છાનો અધર્મ રહેલો તેને ટાળનારા છો. અને વળી અનંત જીવના દુઃખને નાશ કરનારા છો. અને વળી સદાયે દિવ્ય મૂર્તિ એવા જે તમે, તે જયકારી પ્રવર્તો. અને વળી સુંદર રક્ત કમળની પાંખડી સરખાં અણિયાળાં નેત્રકમળ, તે કેવાં તો પોતાના

ભક્તજનને સુખનાં આપનારાં ને ત્રિવિધિ તાપને ટાળનારાં છે, એવા જે તમે તે જયકારી પ્રવર્તો.

અને વળી શેષસજ્યામાં આસન કરનારા, ને મોટા કવિઓ જેમના ગુણોનું વર્ણન કરે છે એવા, ને અલૌકિક જ્ઞાનવાર્તા કરીને પોતાના ભક્તજનને ત્યાં સુખને આપતા થકા પ્રસન્ન કરતા થકા દુઃખ તેને તો ટાળતા એવા જે તમે, તે જયકારી પ્રવર્તો. અને તમે કેવા છો ? તો જેની ચાલ જોઈને ઐરાવત હસ્તી પણ લજ્જા પામીને પોતાને ધિક્કાર માને છે એવા, ને સંતજનને સુખના આપનારા, ને વળી મનુષ્ય તથા દેવ તેનાએ પણ નિયંતા, ને વળી ભક્તજનને અમૃત સરખાં વચનોથી સુખ આપનારા, ને વળી મોટા મુક્ત પણ નિરંતર જેનું નામ ઉચ્ચારણ કરી રહેલા છે એવા જે તમે, તે જયકારી પ્રવર્તો.

અને વળી મનોહર અને મનને હરી લે એવા નેત્રકમળવાળા. અને વળી માયાનાં બંધન થકી છોડાવીને મુક્તિ આપનારા એવા જે તમે, તે જયકારી પ્રવર્તો. અને વળી તમે કેવા છો ? તો જીવ ઉપર સદાયે દયા કરનારા છો. અને જોગકળાને ધારણ કરનારા છો, અને ભક્તજનને આદરભાવ આપનારા છો, અને વળી પોતાને સુખે સુખિયા છો, અને વળી દંભને નાશ કરનારા છો, અને છળકપટ યુક્ત બુદ્ધિને નાશ કરનારા છો, અને પોતાના આશ્રિતના કામ, ક્રોધ, લોભ, સ્નેહ, માન અને રસાસ્વાદ એ છ શત્રુનો નાશ કરનારા એવા જે તમે, તે જયકારી પ્રવર્તો.

અને વળી પાપનો નાશ કરનારા અને ધર્મને પ્રવર્તાવનારા, અને વળી સંતના હૃદયને પ્રફુલ્લિત કરનારા, અને વળી નરના બંધુ એવા, અને વળી નવીન મેઘના સરખા શ્યામ વર્ણવાળા, અને વળી ભક્તજનને સુખના કર્તા અને દુઃખને ટાળનારા એવા તમે, તે જયકારી પ્રવર્તો. અને વળી દશ અવતારને ધારણ કરનારા, અને વળી ધર્મદેવના

પુત્ર એવા જે તમે, તે જયકારી પ્રવર્તો. અને વળી અગણિત નામના નામી, અને સર્વેના અંતર્યામી, અને વળી પોતાના ભક્તજનના મોક્ષને અર્થે સર્વે પોતાના સંત-મુક્તે સહિત પધાર્યા છો, વળી સર્વે દેવ અને મુનિના પણ નિયંતા એવા જે તમે, તે આ સમે આંઈ પધાર્યા છો, તે જયકારી પ્રવર્તો." એવી રીતે સર્વે હરિજન મહરાજની પૂજા કરીને તથા સ્તુતિ કરીને પરમ આનંદ પામ્યા ને મહારાજને સમીપે બેઠા. તે સમે સર્વે ભક્તજન સન્મુખ મહારાજ અમૃતભરી દૃષ્ટિ વડે જોતા થકા તે ભક્તજનને સુખ આપતા થકા ત્યાં રહ્યા.

❋ સંતો-ભક્તોના બે જૂથ કરી મહારાજ રંગે રમ્યા :

અને ભુજનગરમાં ફૂલડોલનો સમૈયો મહારાજે કરાવ્યો ત્યારે નાના પ્રકારનાં કેસુડાં, કેસર, પતંગ, કસુંબા આદિક રંગ મંગાવીને તૈયાર કરાવ્યા. તથા અબીર, ગુલાલ તથા અરગજા તથા લાલ ગુલાલ મંગાવીને તૈયાર કરાવ્યા. ત્યારપછી સર્વે હરિજન તથા સંતના સામસામા બે વિભાગ કરાવ્યા. પછી એક બાજુ સર્વે હરિજનનો સમૂહ રહ્યો ને એક બાજુ પોતે સર્વે સંતને સંઘાથે લઈને સુંદર સોનાની પિચકારી લઈને પોતાના ભક્તજન ઉપર રંગની ભરી ભરીને છાંટવા લાગ્યા. ને સર્વે સંત તથા સર્વે હરિજન તે પણ પિચકારિયું હસ્તમાં લઈને રંગની ભરી ભરીને અરસપરસ સામસામા છાંટવા લાગ્યા.

અને તે સમે મહારાજ ગુલાલની ફાંટ્યું ભરી ભરીને સર્વે સંત-હરિજન ઉપર નાખી. તેનાથી આકાશ પણ ઢંકાઈ ગયો. અને પૃથ્વી ઉપર રંગનો કીચડ થઈ રહ્યો. ને રંગની પિચકારિઓ સામસામી છૂટતી હતી. તે જાણે અષાઢ માસનો મેઘ વરસતો હોય ને શું ! આવી રીતે રંગ રમીને સર્વે સંત-હરિજન સહિત પાટવાડીને દરવાજે થઈને હમીર સરોવરમાં સ્નાન કરીને પાછા પોતાને ઉતારે પધાર્યા. આવી રીતે ભુજનગરમાં મહારાજે ફૂલડોલનો સમૈયો કર્યો ત્યારે કચ્છ દેશના

સર્વે હરિજન મહારાજને દર્શને આવ્યા હતા. ને દર્શન કરીને ગયા. શ્રીજીમહારાજે તે સર્વે હરિજનને પોતાનાં દર્શન દઈને તથા છાતીમાં ચરણારવિંદ આપીને તથા મધુર વચને બોલાવીને ઘણુંક સુખ આપ્યું. ત્યારપછી તે સર્વે દેશના હરિજનને આજ્ઞા કરી જે, "હવે તમે સહુ સહુને ઘેર જાઓ." એવી રીતની શ્રીજીમહારાજની આજ્ઞા સાંભળીને સર્વે હરિજનો પોતાપોતાને ઘેર ગયા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજની પ્રાગજી દવે આદિક હરિજનોએ પૂજા પ્રાર્થના કરી ને હરિજનોને ઘેર જવાની આજ્ઞા કરીને સર્વે હરિજનો ઘેર ગયા' એ નામે એકવીસમો અધ્યાય ॥૨૧॥

અધ્યાય - ૨૨

શ્રીહરિ અંજારાદિક થઈને ભુજ પધાર્યા, સુંદરજી સુતારને સાધુ થવા પૂછ્યું

ત્યારપછી મહારાજ ત્યાં થકી ચાલ્યા, તે **અંજાર** પધાર્યા. ત્યાંથી દેશ દેશ પ્રત્યે સંતને પત્ર લખાવીને મોકલ્યા. તેમાં લખાવ્યું જે, "હે સંતો ! અમારું દર્શન હવે જ્યારે તમે સિદ્ધપુર આવશો ત્યારે થશે." એમ કહીને **તુણે**થી સમુદ્રની ખાડી ઊતરીને **જોડીયા**થી **મોરબી** ગયા. ત્યાંથી ગામોગામ ફરતાં ફરતાં **સિદ્ધપુર** પધાર્યા. ત્યાંથી પછી શ્રીજીમહારાજ ગુજરાત દેશમાં ફરીને ઝાલાવાડ તથા કાઠિયાવાડ તથા સોરઠ તથા હાલાર તથા મચ્છુકાંઠો ઈત્યાદિક સર્વે દેશોમાં ફરીને **માળિયે** થઈને સંતપાર્ષદોને સંઘાથે લઈને રણ ઊતર્યા. ત્યાંથી **વાંઢીએ** થઈને **ભચાઉ** આવ્યા. અને ત્યાં ભક્તજને થાળ કરાવ્યો તેને જમીને **અંજાર** પધાર્યા. અને ત્યાં ચાગબાઈએ મહારાજને વાસ્તે સુંદર રસોઈ કરાવી. પછી સંતપાર્ષદે સહિત શ્રીહરિને જમાડ્યા.

મહારાજ જમીને ચાલ્યા, તે **ભુજનગર** ગાજતે-વાજતે પધાર્યા. અને ત્યાં સુંદરજીભાઈને ઘેર ઊતર્યા. ત્યાં નિત્ય ધર્મ, જ્ઞાન, વૈરાગની વાતું કરતા. તેને સાંભળીને સુંદરજીભાઈ બહુ રાજી થતા. ત્યારે શ્રીજીમહારાજ હસતાં હસતાં સુંદરજીભાઈને કહ્યું જે, "સુંદરજીભાઈ! તમે સાધુ થાશો ?" ત્યારે સુંદરજીભાઈ કહે, "હા મહારાજ ! થાઈશ." ત્યારે હીરજીભાઈએ કહ્યું જે, "મહારાજ ! સાધુ તો કોઈ સાધારણ સ્થિતિના હોય તે થાય, પણ આવા સુંદરજીભાઈ જેવા કેટલાક સાધુ કર્યા છે ? એક તો કરી બતાવો !"

ત્યારે મહારાજે કહ્યું જે, "હીરજીભાઈ, એવા સાધુ કરી કોઈક દિવસ બતાવશું." એટલી વાત કરી ત્યાં તો થાળ થયો. તે મહારાજ જમવા ઊઠ્યા ને જમીને જળપાન કરીને મુખવાસ લીધો. પછી ત્યાંથી **માનકૂવે** પધાર્યા, ને ત્યાં થાળ જમીને ચાલ્યા, તે **દેશલપુર**માં સુતાર પુંજો તથા સઈ પુંજો તેમણે રસોઈ કરાવીને મહારાજને જમાડ્યા. ને ત્યાંથી ચાલ્યા તે ગામ **મજલ**માં ક્ષત્રિ કાકાભાઈને ઘેર થાળ જમીને રાત રહ્યા. ને ત્યાંથી પ્રાતઃકાળમાં ચાલ્યા, તે **કાદીયે** થઈને **રસલીયા**ની ધાર ઉપર ઘડી વિશ્રામ કરીને **તેરે** પધાર્યા. ત્યાં સુતાર માવજીને ઘેર ઊતર્યા. ને માવજીભક્તે પોતાને ઘેર રસોઈ કરાવીને સંતે સહિત મહારાજને જમાડ્યા.

✹ લાડુ જમાડવાની તથા ગીંગા ભમરાની વાત :

પછી મહારાજ પંદર દિવસ ત્યાં રહીને ત્યાંથી **માંડવી** પધાર્યા. ત્યારે મહારાજ ભેળા દોઢસો સાધુ હતા. તે સાધુને શ્રીજીમહારાજે કહ્યું જે, "કહો તો ધૂડ નંખાવું ને કહો તો લાડુ જમાડું." ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! ધૂડ તો જગતમાં દુરિજન સર્વે ઠેકાણે જ્યાં જઈએ ત્યાં નાંખે છે, માટે સંતને લાડુ જમાડો તો સારું." પછી આથમણી કોરે તળાવમાં વડ હેઠે ઊતર્યા. ત્યાં તળાવમાં

જવા સારુ બારી છે ને ત્યાં તળાવમાં માણસ આવે અને પાછા જાય. તે ઠેકાણે તળાવમાં મોટો રેતીનો ઢગલો કર્યો અને તે ઉપર લૂગડું પાથરીને તે ઉપર શ્રીજીમહારાજને પધરાવ્યા ને સાધુ આગળ સભા કરીને બેઠા.

અને બીજે દિવસે એકાદશી આવી તે દિવસ પોતાના ભક્તજનના મનોરથ પૂરા કરવા સારુ સંતને સંગાથે લઈને ગામમાં હરિજનને ઘેર ફળાહાર કરવા ગયા. અને ફળાહાર કરીને ફેર ગામ બહાર તળાવને કાંઠે પોતાને આસને આવીને વેદિકા ઉપર સભા કરીને બેઠા. તે સમે સર્વે સંત આગળ મહારાજ કહેવા લાગ્યા જે, “હે સંતો ! જે જીવને જગતની વાસના છે, તે ગીંગાની ગોળીરૂપ છે. તે જેમ ગીંગો વિષ્ટાની ગોળી નાકમાં રાખે છે ત્યાં સુધી તેને કમળનું સુખ આવતું નથી. અને તેને જ્યારે માનસરોવરના કમળના ભમરા એ વિષ્ટાની ગોળીનો ત્યાગ કરાવી દે છે ત્યારે કમળના સુગંધનું સુખ આવે છે, પણ જ્યાં સુધી તે ગીંગો વિષ્ટાની ગોળી નાકમાં રાખી રહ્યો હોય ત્યાં સુધી કમળના રસનું સુખ આવતું નથી.

અને જ્યારે વિષ્ટાની ગોળીનો કમળના ભમરા ત્યાગ કરાવે અને જળે કરીને નાસિકા ધોવરાવી નાખે ત્યારે તે કમળના રસનું ખરેખરું સુખ આવે છે. તેમ જ જેને ભગવાનનું સુખ પામવું હોય તે જીવ સંસારના સુખનો ત્યાગ કરે છે ત્યારે ભગવાનના ચરણકમળનો રસ પામે છે. તેટલા માટે સર્વે જગતના સુખનો ત્યાગ કરીને સદાએ મારા ચરણારવિંદમાં પ્રીતિ રાખવી.” એવી રીતે આનંદે સહિત સંતને મહારાજ વાર્તા કરી. અને ગામના અગણિત મનુષ્ય મહારાજને દર્શને ત્યાં આવ્યા. અને તે સંતસભાને જોઈને ગામના મનુષ્ય તે ઉપરા-ઉપર રસોઈ આપવા લાગ્યા.

✹ ખૈયા ખત્રીના પ્રશ્નોના ઉત્તર અને તેને સત્સંગ :

તે વાત સાંભળીને ખયોક્ષત્રી પોતાના શિષ્યો જે વેદાંતી, તે સર્વેને ભેગા કરીને કહેવા લાગ્યો જે, "આ સ્વામિનારાયણ એમના પરમહંસ સહિત તળાવની પાળ પર ઊતર્યા છે. અને તે સ્વામિનારાયણ પ્રશ્ન-ઉત્તરમાં બહુ જ પ્રવીણ છે. તે માટે આપણે સર્વે ભેળા થઈને ચાલો તેમના પાસે જઈએ અને તેના સર્વે સેવક સ્વામિનારાયણને ભગવાન કહે છે, અને આપણે વેદાંતના પ્રશ્ન પૂછીએ અને જો મનધાર્યા આપણા પ્રશ્નના ઉત્તર વેદાંત પ્રમાણે કરે તો આપણે એને ભગવાન માનીએ. અને તે કહે તે હા પાડીએ અને તે જ પ્રમાણે વર્તીએ."

પછી તે સર્વે ભેળા થઈને મહારાજ પાસે આવ્યા. ત્યારે શ્રીજીમહારાજે બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, "તમે અમારે આસને બેસો ને અમે હેઠા બેસશું." ત્યારે બ્રહ્માનંદસ્વામી આવીને મહારાજને આસને બેઠા અને મહારાજ હેઠા બેઠા. અને બ્રહ્માનંદસ્વામીને મહારાજે કહ્યું જે, "આ ખૈયો ક્ષત્રી આવે છે, તે તમને પ્રશ્ન પૂછશે. ત્યારે તમે તેને કહેજો જે, 'આ તમારા પ્રશ્નનો ઉત્તર તો આ અમારા નાના સાધુ છે, તે પણ કરશે.' ત્યારે અમે તેના પ્રશ્નોનો ઉત્તર કરશું." એમ કહ્યું ત્યાં તો ખૈયો ક્ષત્રી પણ આવ્યો ને બોલ્યો જે, "તમારામાં મોટેરા કોણ છો ?" ત્યારે સર્વે સાધુએ બ્રહ્માનંદસ્વામીને દેખાડીને કહ્યું જે, "આ અમારા મહંત છે." પછી ખૈયો ક્ષત્રી બ્રહ્માનંદસ્વામીને પગે લાગીને બેઠો.

ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "ખૈયા ભક્ત ! તમારે પ્રશ્ન પૂછવો હોય તો આ અમારા નાના સાધુને પૂછો." ત્યારે ખૈયો હસ્યો. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "ભક્ત, કેમ હસ્યા ?" ત્યારે તેમણે કહ્યું જે, "તમે મને નાના સાધુ બતાવો છો." ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "તમે તેને પૂછી તો જુવો, જો ઉત્તર ન થાય તો અમે કરશું." ત્યારે ખૈયે શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, "ઈંગલા, પિંગલા ને

સુષુમ્ણા એ ત્રણ નાડીઓ આ દેહમાં છે. તેમાં કઈ નાડીમાં જીવ રહે છે ? તથા સુષુમ્ણા નાડીનું રૂપ કહો."

ત્યારે શ્રીજીમહારાજ હસીને બોલ્યા જે, "અક્ષરબ્રહ્મની કિરણ કહેવાય છે, તે આ બ્રહ્માંડમાં આવે છે, અને તે કીરણ સૂર્ય-ચંદ્રાદિકને પ્રકાશે છે. અને તે જ કિરણ બ્રહ્મરંધ્રમાં આવે છે. અને ત્યાંથી હૃદયકમળમાં આવીને વ્યાપે છે, તેને મુમુક્ષુજન સદ્‌ગુરુને પ્રતાપે દેખે છે. ત્યારે તેની માયિક વાસના ટળી જાય છે. ત્યારે તે અક્ષરધામને પામે છે. પણ સદ્‌ગુરુના સમાગમ વિના કોઈ તે સુષુમ્ણા નાડીને જોવાની ઇચ્છા રાખે છે, તે તો કેવળ વૃથા છે. અને મુખે કરીને પોતાને બ્રહ્મ કહે છે, અને બધી વિશ્વની વાસના પોતાના અંતરમાં રહી છે, તેને તો મહા મોટું પાપ લાગે છે. અને તે મરીને જે એક બ્રહ્મ કહેનારા પુરુષ શુષ્ક વેદાંતી તે તો ઘોર નરકમાં પડે છે."

એવી રીતે મહારાજે તેને વાત કરી. તે વાતને સાંભળીને ખૈયો પોતાના મનમાં ઘણુંક આશ્ચર્ય પામીને મનમાં વિચાર કરવા લાગ્યો જે, 'હું પ્રશ્ન પૂછું તેનો ઉત્તર સૃષ્ટિના કર્તા બ્રહ્માદિકથી ન થયા તેનો ઉત્તર તે સ્વામિનારાયણે કર્યો.' પછી તો શ્રીજીમહારાજે તેના મનમાં ધારેલા જે જે પ્રશ્ન તે પ્રમાણે ઉત્તર કર્યા. અને બીજા જેટલા તેણે પ્રશ્ન પૂછ્યા તેના પણ તેવી જ રીતે ઉત્તર કર્યા.

પછી શ્રીજીમહારાજે તેને પ્રશ્ન પૂછ્યો. તેમાં તેને ઉત્તર કાંઈ સુજ્યો નહીં. અને તેણે તેનો ઉત્તર ઘણો ખોળ્યો પણ જડ્યો નહીં. પછી તો વિચાર કરવા લાગ્યો જે, મારા પ્રશ્નના ઉત્તર કોઈથી ન થાય. અને તે પ્રશ્નોના ઉત્તર તત્કાળ તેણે કરીને આપ્યા અને તેમના પ્રશ્નના ઉત્તરની તો મને દિશ જ જડી નહીં. માટે મેં એમ સાંભળ્યું હતું જે 'ભગવાનનો અવતાર પૃથ્વી ઉપર સ્વામિનારાયણ રૂપે થયો છે.' તે આજ મેં એમને ઓળખ્યા. અને મેં નિશ્ચય કર્યો. એમ વિચારીને પછી ખૈયો બ્રહ્માનંદસ્વામી પ્રત્યે બોલ્યો જે, "તમે ઊંચે આસને બેઠા છો, તે

ઊતરીને હેઠા બેસો. અને સ્વામિનારાયણ ભગવાન તો આ છે, તેને તમે ઉપર બેસાડો."

પછી શ્રીજીમહારાજ ઉપર બેઠા અને પ્રશ્નઉત્તર કરતાં કરતાં શ્રીજીમહારાજે કહ્યું જે, "તમે વેદાંતી છો ? અને બ્રહ્મરૂપ છો ?" ત્યારે તેમણે કહ્યું જે, "મહારાજ ! બીજા આગળ તો હું બ્રહ્મ છું, પણ મહારાજ આગળ તો હું જીવ છું." એમ કહીને ઊઠી ગયો. અને વળી બીજે દિવસે આવ્યો અને શ્રીજીમહારાજને પગે લાગીને બેઠો. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "ખૈયા ભક્ત ! તમારે પ્રશ્ન પૂછવું હોય તો આ નાના સાધુને પૂછો." ત્યારે ખૈયા ક્ષત્રિયે કહ્યું જે, "એ સાધુ કાંઈ ભણ્યા છે ?" ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમે પ્રશ્ન તો પૂછો. જેમ હશે તેમ જણાઈ આવશે." ત્યારે ખૈયે નાના સાધુને પ્રશ્ન પૂછ્યો. ત્યારે તે સાધુએ તત્કાળ ઉત્તર કર્યો ને પછી એ ખૈયા ખત્રીને સાધુએ એક પ્રશ્ન પૂછ્યો, તે ખૈયા ખત્રીથી ઉત્તર ન થયો. ત્યારે શ્રીજીમહારાજને પગે લાગીને કહ્યું જે, "હે મહારાજ ! તમે એ સાધુમાં પ્રવેશ કરીને ઉત્તર આપો છો, તે મેં જાણ્યું."

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજે અંજારથી સંતને પત્ર લખ્યો જે અમારાં દર્શન સિદ્ધપુર થશે ને માંડવી ખૈયા ખત્રીથી નાના સંતનો ઉત્તર ન થયો' એ નામે બાવીશમો અધ્યાય ॥૨૨॥

અધ્યાય - ૨૩

ખૈયા ખત્રીને જલેબી જમાડી તથા ક્ષત્રિયને સાધુ કર્યા

એક દિવસ ખૈયો પોતાને ઘેરથી શ્રીજીમહારાજને દર્શને આવતા માર્ગમાં મનમાં એવો સંકલ્પ થયો જે, 'દોઢ શેર જલેબી માગ્યા વિના મહારાજ મને આપે તો ભગવાન ખરા.' પછી શ્રીજીમહારાજને સમીપે

આવીને પગે લાગીને બેઠો. ત્યારે શ્રીજીમહારાજે પૂછ્યું જે, "ખૈયા ભક્ત, જલેબી જમશો ?" ત્યારે કહ્યું જે, "મહારાજ જમાડે તો જમીએ." ત્યારે શ્રીજીમહારાજને દર્શને કોઈક હરિભક્ત આવ્યો હતો, તે જલેબીની માટલી મહારાજ આગળ મેલીને પગે લાગ્યો. ત્યારે શ્રીજીમહારાજે તે માટલીમાંથી જલેબી આપી, તે જમી ગયો. ત્યારે વળી શ્રીજીમહારાજે પૂછ્યું જે, "હજી જમશો ?" ત્યારે કહે જે, "મહારાજ આપો તો જમું." ત્યારે મહારાજે શેર અરધને આશરે આપી.

પછી વળી શ્રીજીમહારાજે કહ્યું જે, "હવે કાંઈ જોઈએ ?" ત્યારે કહ્યું જે, "મહારાજ આપે તો જમીએ." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમે જ્યારે તમારા ઘેરથી ચાલ્યા ત્યારે કેવો મનમાં સંકલ્પ કરીને ચાલ્યા હતા ?" ત્યારે તે ખૈયે કહ્યું જે, "મેં મનમાં શેર દોઢનો સંકલ્પ કર્યો હતો." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "હવે નહિ મળે, તમે સંકલ્પ કર્યો હતો તેટલી આપી." ત્યારે ખૈયે કહ્યું જે, "તમે ભગવાન ખરા જે મારા મનના સંકલ્પને જાણ્યો."

એક દિવસે શ્રીજીમહારાજ ખૈયાના કારખાનામાં ઊતર્યા હતા, ત્યાં એક ખત્રીને શ્રીજીમહારાજ વાતુ કરતા. ત્યારે તે ખત્રી એમ બોલ્યો જે, "તમે જાણો જે એ અમારા થાય, પણ અમે તો વાઘ જેવા છીએ, તે તમારા વાડામાં ન આવીએ. બકરાં હોય તે તમારા વાડામાં આવે અને અમે તો વાઘ જેવા છીએ તે તમારા વાડામાં ન આવીએ." પછી ત્રીજે દિવસે શ્રીજીમહારાજ ખૈયાને લઈને તેને ઘેર ગયા અને બીજા પણ પાંચ-સાત માણસ ભેળા હતા. અને તે ખત્રી એકલો તેને ઘેર હતો. અને શ્રીજીમહારાજ તેના ઘરના આંગણામાં એક ઢાળિયું હતું ત્યાં જઈને બેઠા. ને તે ભક્તને ઘરમાંથી બહાર બોલાવ્યો. ત્યારે તે ભક્ત આવીને બેઠો. ત્યારે શ્રીજીમહારાજે તેના અંતરમાં પ્રવેશ કર્યો.

પછી તેને બોલાવ્યો જે, "ભક્ત, અમારું કહ્યું કરશો ?" ત્યારે તે ભક્તે કહ્યું જે, "મહારાજ કહે તેમ કરું." ત્યારે શ્રીજીમહારાજ ભેળા પાંચ સાધુ પણ હતા. ત્યારે શ્રીજીમહારાજે તે સાધુ પાસેથી ભગવાં વસ્ત્ર માગી લીધાં. ને તે ભક્તને શ્રીજીમહારાજે કહ્યું જે, "તમારાં વસ્ત્રો ઉતારો ને આ ભગવાં વસ્ત્ર પહેરો." પછી ભગવાં વસ્ત્ર પહેર્યાં.

અને પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "તારા ઘરમાંથી ગાદલાં, ગોદડાં ને વસ્ત્ર જે હોય તે સર્વે લાવીને ચોક વચ્ચે નાખ. પછી તે સર્વે લાવીને ચોક વચ્ચે નાંખ્યાં. ત્યારે મહારાજે કહ્યું જે, "હવે દેવતા લાવીને આને સળગાવી દે." ત્યારે તે ભક્ત દેવતા લાવીને મૂકવા તૈયાર થયો. ત્યારે ખૈયો બોલ્યો જે, "મહારાજ ! બાળી દેશે ને ગામમાં સારું નહિ લાગે. અને હાહાકાર ગામમાં થાશે. અને હે મહારાજ ! તમારા સાથે વાદ કરે તે તો મુરખો હોય તે વાદ કરે અને તમે તો ભગવાન છો, તે હવે એને મેલો. પછી મહારાજે પોતાનો પ્રવેશ હતો તે ખેંચી લીધો. ત્યારે શ્રીજીમહારાજે તેને કહ્યું જે, "ભક્ત, અમારું કહ્યું કરશો." ત્યારે તે કહે જે, "અમે તો વાઘનાં બચ્ચાં, તે તમારા વાડામાં ન પડીએ."

ત્યારે શ્રીજીમહારાજે તેને કહ્યું જે, "તારા લૂગડાં સામું તો જો !" ત્યારે તેમણે પોતાનાં લૂગડાં સામું જોયું, ત્યાં તો તેણે ભગવાં લૂગડાં દેખ્યાં. ત્યારે તે બોલ્યો જે, "મેં પણ જાણ્યું હતું જે મને કાંઈક થાય છે ખરું !" ત્યારે ખૈયો ખત્રી બોલ્યા જે, "હવે ભગવાં લૂગડાં ઉતારી મેલ અને આ તારાં લૂગડાંના લોચા ઘરમાં મૂક. અને આ સ્વામિનારાયણ તો કેવા છે, તો જે વિશ્વ અનંતની નાડીપ્રાણ જેના હાથમાં છે, તે સાથે વાદ કરીને કોણ જીતે ? કોઈ ન જીતે." પછી ભગવાં લૂગડાં ઉતારીને એણે પોતાનાં લૂગડાં પહેર્યાં, ને એના લોચા સંભાળવા લાગ્યો. ને શ્રીજીમહારાજ ખૈયા ખત્રીને કારખાને પધાર્યા.

✵ ચકલા તથા કબૂતરાને સમાધિ કરાવી ખૈયા વગેરેને દેખાડી :

એક દિવસ શ્રીજીમહારાજ ખૈયા ખત્રીના કારખાનામાં બિરાજમાન હતા. ને ત્યાં બીજા પણ દશબાર મનુષ્ય બેઠા હતા. ત્યારે ખૈયે ભક્તે શ્રીજીમહારાજને કહ્યું જે, "આ માણસ બેઠા છે, તેને તમે કૃપા કરીને કાંઈક પરચો આપો તો જુવે તો ખરા !" ત્યારે ત્યાં કોઈકે બાજરી નાખી હતી, તેથી ચકલાં ચણતાં હતાં. તે ચકલાં પચાસ સાઈઠને આશરે હતાં. શ્રીજીમહારાજે તેનાં નાડીપ્રાણ તાણી લીધાં. ત્યારે તે સર્વેને સમાધિ થઈ ગઈ.

ત્યારે શ્રીજીમહારાજે તે મનુષ્યને કહ્યું જે, "વીણીને ચકલાંનો ટોપલો ભરીને આંહીં લાવો." પછી ટોપલો ભરીને લઈ આવ્યા. અને પછી તે માણસો તે ચકલાને હાથમાં લઈને ફેરવે અને જુવે. ત્યારપછી શ્રીજીમહારાજે તેને કહ્યું જે, "ચકલાંને પાછાં ટોપલામાં નાખો." એમ કહીને સર્વેને ટોપલામાં નંખાવ્યાં ને પોતે કહ્યું જે, "પહેલાં ચણતાં હતાં ત્યાં નાખી આવો." પછી તે ત્યાં નાખી આવ્યા.

પછી શ્રીજીમહારાજે તે ચકલાં સામું જોયું, એટલે ચકલાં સર્વે જેમ પ્રથમ ચણતાં હતાં તેમ ચણવા મંડ્યાં. ત્યારે તે માણસ એમ કહેવા લાગ્યા જે, "આટલાં ચકલાંનાં નાડીપ્રાણ તાણીને સમાધિ કરાવીને પાછાં દેહમાં લાવવાં, તે મોટા મોટા દેવતાથી પણ ન થાય. માટે સ્વામિનારાયણ ભગવાન તો ખરા. આપણે પરચો માગ્યો તે આપ્યો." એમ કહીને ચાલ્યા ગયા.

વળી બીજે દિવસ ખૈયા ખત્રીના કારખાનામાં શ્રીજીમહારાજ બિરાજમાન હતા. ત્યાં શિશાગઢના ગરાસિયા મોડજી આવીને બેઠા અને બીજા પણ પાંચ-સાત માણસ બેઠા હતા. ત્યારે ખૈયે ખત્રીએ શ્રીજીમહારાજને કહ્યું જે, "હે મહારાજ ! કોઈક પરચો આપો તો ઠીક." ત્યારે મોડજી ગરાસિયે કહ્યું જે, "ખૈયા ભક્ત, મોટા પુરુષ પાસે તો જીવનું

કલ્યાણ થાય તેવું પુછાય, પણ બીજું ન પુછાય." તોપણ ખૈયે ભક્તે ન માન્યું અને મહારાજને ફેર પૂછ્યું. ત્યારે ત્યાં કોઈકે જારના દાણા નાંખ્યા હતા, તે ઠેકાણે ચાલીસ-પચાસ પારેવાં ચણતાં હતાં. તેનાં નાડીપ્રાણ શ્રીજીમહારાજે તાણી લીધાં, ત્યારે સર્વે પારેવાં પૃથ્વી ઉપર પડી ગયાં.

ત્યારે મોડજીએ ખૈયા ભક્તને કહ્યું જે, "શ્રીજીમહારાજ તો અગ્નિરૂપ છે. તમે મહારાજને કહ્યું તેથી મહારાજે પારેવાં સામું જોયું, ત્યારે તે સર્વે પારેવાં પૃથ્વી ઉપર પડી ગયાં. તે મરી જાશે તેનું પાપ તમને લાગશે." ત્યારે ખૈયે ભક્તે કહ્યું જે, "જુવો તો ખરા ! જેને નાડીપ્રાણ ખેંચતાં આવડે છે, તેને જિવાડતાં પણ આવડશે. એ પરચો જુવો તો ખરા !" પછી ઘડીક વાર તો તે પારેવાં પડ્યાં રહ્યાં.

પછી શ્રીજીમહારાજે તેના સામું જોયું ત્યારે તે પારેવાં પાછાં ઊઠીને જાર ચણવા મંડ્યાં. ત્યારે તે માણસ કહ્યું જે, "આવું કામ મનુષ્યથી ન થાય. આ સ્વામિનારાયણ તો પ્રગટ શ્રીપુરુષોત્તમનારાયણ છે. તે કાને સાંભળી તે વાત તો કોઈક ખોટી કહે, પણ આ તો આંખે દેખીએ છીએ. માટે ખોટી કેમ કહેવાય?" આવી રીતે સર્વે મનુષ્ય બોલવા લાગ્યા. અને એક દિવસ ખૈયાને કારખાનેથી શ્રીજીમહારાજ લક્ષ્મીનારાયણના મંદિરમાં પધાર્યા. ત્યારે ત્યાં બહુ મનુષ્ય દર્શને આવ્યા હતા. તે સર્વે મનુષ્યને શ્રીજીમહારાજની મૂર્તિમાં લક્ષ્મીનારાયણનાં દર્શન થયાં. તે ચમત્કાર જોઈને ઘણાક દૈવીજન હતા તે મહારાજના આશ્રિત થયા. અને ત્યાંથી ચાલ્યા તે તળાવની દક્ષિણ પાળે વાવમાં સ્નાન કરીને ખૈયાને કારખાને પધાર્યા. એવી રીતે શ્રીજીમહારાજ માંડવીમાં બે માસ રહીને વહાણમાં બેસીને **જોડીયે** પધાર્યા અને પછી ગુજરાતમાં ગયા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિત શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજે માંડવીમાં ખૈયાને જલેબી આપી ને ત્યાં બે માસ રહીને ગુજરાત પધાર્યા' એ નામે ત્રેવીસમો અધ્યાય ॥૨૩॥

અધ્યાય - ૨૪

રાપરના સામતજી વેદાંતીએ શ્રીહરિને ઓળખ્યા ને જમાડ્યા.

ગુજરાત દેશના હરિભક્તોને આનંદ પમાડીને બે માસ ફરી અને ગામ શ્રી **ગોતરકા** મધ્યે સદાવ્રત લઈને ગામ **સાંતલપુર** તથા **આડેસર** થઈને ગામ **રાપર** પધાર્યા, ને દરબારમાં સામતજી સરવૈયાને ત્યાં ઊતર્યા, ને જય સચ્ચિદાનંદ કહીને ઊભા રહ્યા. પછી સામતજી સરવૈયે કહ્યું જે, "તમે કોણ છો ?" ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "અમે તો સ્વામિનારાયણના પરમહંસ છીએ." ત્યારે સામતજીએ કહ્યું જે, "પધારો! ઢોલિયે બેસો." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "અમે ઢોલિયે નહિ બેસીએ." ત્યારે સામતજીએ કહ્યું જે, "પરમહંસને તો જ્યાં બેસારીએ ત્યાં બેસવું." એમ કહીને શ્રીજીમહારાજના બે હાથ પોતે ઝાલીને સર્વે અંગ તથા ચરણારવિંદ જોઈને કહ્યું જે, "તમે તો સ્વામિનારાયણ પંડે છો."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમે આંખ્યે તો દેખતા નથી ને કેમ ઓળખ્યા ?" ત્યારે તે સામતજીએ કહ્યું જે, "તમારે શરીરે મેં હાથ ફેરવીને જોયો. ત્યારે મેં એમ જાણ્યું જે, મનુષ્યનું શરીર આવું ન હોય અને આવું તો ઈશ્વરનું શરીર હોય." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમારે તો અંતઃકરણની આંખ્યો ઊઘડી છે." ત્યારે સામતજીએ કહ્યું જે, "તમ ભેળું બીજું કોણ છે ?" ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "બ્રહ્મચારી છે." પછી સામતજીએ કહ્યું જે, "બ્રહ્મચારી ! રસોઈ કરો." પછી બ્રહ્મચારીએ રસોઈ કરી અને શ્રીજીમહારાજને રૂડી રીતે જમાડ્યા અને પંડે પણ જમ્યા.

એ સામતજી સરવૈયો વેદાંતી હતો. તે શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછવા લાગ્યો ને શ્રીજીમહારાજ ઉત્તર કરવા લાગ્યા. તે એમ ને એમ સાત દિવસ સુધી રાત-દિવસ પ્રશ્નઉત્તર કર્યા. અને મહારાજ રાપરથી

ઉગમણું **નગાસર સરોવર** અને આથમણું તે **અઢસર સરોવર** તેમાં ઘણાક દિવસ વારંવાર સ્નાન કર્યું છે. અને મૂળજી બ્રહ્મચારી રસોઈ કરીને શ્રીજીમહારાજને નિત્યે જમાડતા. પછી શ્રીજીમહારાજ સાત દિવસ સુધી રહ્યા ને પ્રશ્નઉત્તર કરીને વેદાંતીનો પરાજય કર્યો. પછી શ્રીજીમહારાજે સરવૈયા સામતજીને કહ્યું જે, “કાલે અમારે ચાલવું છે, તે આધોઈએ જાવું છે.” ત્યારે સામતજીએ કહ્યું જે, “પાંચ દિવસ રહીને પછી ચાલજ્યો.” ત્યારે મહારાજે કહ્યું જે, “હવે નહિ રહીએ સવારમાં વહેલા ચાલશું.” ત્યારે સામતજીએ કહ્યું જે, “પૂછ્યા વિના જાશો તો મારી પાસે માણસ ને ઘોડાં છે, તે ચોકી મેલીશ તો તમે કેમ કરી જાશો?” ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “સારું નહિ જઈએ.”

પછી રાતે સર્વે ઊંઘી ગયા ને નિદ્રા આવી. પછી રાત્રી અરધી રહી ત્યારે શ્રીજીમહારાજ એકલા ઊઠીને ચાલી નીકળ્યા. પછી સવારમાં સામતજીએ ઊઠીને બ્રહ્મચારીને પૂછ્યું જે, “મહારાજ હજી કેમ ઊઠ્યા નથી ?” ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, “મહારાજ તો વહેલા ઊઠી નીકળ્યા છે.” પછી સામતજીએ અસવારને કહ્યું જે, “જાવ, એ સ્વામિનારાયણને તેડી આવો. અને એમ કહેજો જે, મહારાજ ! પધારો ને પાંચ દિવસ રહીને પછી ઘોડે બેસીને આધોઈ પધારજો, અમે મોકલાવવા આવીશું.” પછી અસવાર ને સિપાઈ પાંચ-પાંચ ગાઉ સુધી ફરીને પાછા આવ્યા અને આવીને સામતજીને કહ્યું જે, “મહારાજને તો અમે ક્યાંય દેખ્યા જ નહીં.”

આધોઈમાં રાયધણજીને હરાવી ભગવાનપણાનો નિશ્ચય કરાવ્યો.

પછી શ્રીજીમહારાજ ત્યાંથી ગામ **આધોઈ** પધાર્યા, ને લાધાજીના દરબારમાં બે માસ પર્યંત રહ્યા. ને કબીરિયા સાથે ચર્ચા કરીને તેમનો પરાભવ કર્યો. તે લાધાજીના ચાર દીકરા હતા. તેનાં નામ જે : અદાજી ને કલ્યાણજી ને રામસંગજી ને રાયધણજી. શ્રીજીમહારાજ તેમને ઘેર

રહ્યા થકા નાના પ્રકારની લીલા કરી. એક દિવસે શ્રીજીમહારાજ ઢોલિયે બિરાજમાન હતા ને ચારે ભાઈ આગળ બેઠા હતા. તેને શ્રીજીમહારાજે પૂછ્યું જે, "તમે ચારે ભાઈ છો, તેમાં બળિયો કોણ છે ?" ત્યારે ત્રણે ભાઈ બોલ્યા જે, **"રાયધણજી બળિયા છે. તે આઠ નાળિયેર એક સાથે ભાંગી નાંખે છે. તે કેવી રીતે ?** તો બે નાળિયેર બે બગલમાં રાખે, ને બે નાળિયેર બે કુણીઓને માંહીલે ભાગે રાખે, ને બે નાળિયેરને બે સાથળ અને કેડ વચ્ચે રાખે, ને બે નાળિયેરને બે પીડિયું અને સાથળ તેને મધ્યે રાખે, ને પછી ઊભા હોય તે બેસે એટલે એ આઠે નાળિયેરને એકસાથે ભાંગી નાંખે. અને ચોવડી રાસ ઢીંચણે બાંધીને તોડી નાંખે. અને સેલડીના સાંઠામાંથી તાણીને કાતરીને કાઢી નાંખે. ને જો ખરા રૂપમાં આવે તો સોપારીને ચપટીમાં રાખીને સુડીએ કરે તેવો ચૂરો કરી નાંખે, એવા બળિયા છે."

ત્યારે શ્રીજીમહારાજે રાયધણજીને કહ્યું જે, "અમારું કાંડું પકડો." ત્યારે રાયધણજીએ કહ્યું જે, "મહારાજ! તમારું શરીર તપે કરીને કૃશ થઈ ગયું છે, તે માટે મહારાજનું કાંડું પકડવું તે કાંઈ મારે ઠીક નહિ." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમારે અમારી ચિંતા ન રાખવી. સુખેથી સારી પેઠે કાંડું પકડો ને બીશો નહિ." ત્યારે રાયધણજીએ કહ્યું જે, "સારું મહારાજ ! લાવો." ત્યારે શ્રીજીમહારાજે જમણો હાથ આપ્યો ને રાયધણજીએ એક હાથે કરીને કાંડું પકડ્યું. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "બે હાથે પકડો." ત્યારે રાયધણજીએ બે હાથે કાંડું પકડ્યું. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "પકડજો હો ?" એવી રીતે બે-ત્રણ વાર કહ્યું. ત્યારે રાયધણજીએ કહ્યું જે, "સારી પેઠે પકડ્યો છે."

પછી શ્રીજીમહારાજે સહજમાં હાથ મુકાવી દીધો. ને તે રાયધણજીનો જમણો હાથ બગલમાં ઘાલી દીધો ને પછી હાથને દબાવ્યો. ત્યારે રાયધણજી વિકળ થઈ ગયા ને કાંઈ બોલાણું પણ નહિ. પછી શ્રીજીમહારાજે રાયધણજીના મોઢા સામું જોઈને તેનો હાથ મૂકી દીધો.

ત્યારે રાયધણજી તો ઘણી વાર સુધી બેસી રહ્યા ને પછી બોલ્યા જે, "હે મહારાજ ! મારા હાથનાં હાડકાં ભાગી ગયાં." એમ કહીને હાથ ઝાલીને બેઠા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "આંહીં આવો, અમે જોઈએ." ત્યારે રાયધણજીએ આવીને પોતાનો હાથ દેખાડ્યો. ત્યારે શ્રીજીમહારાજે જોઈને કહ્યું જે, "હાથ તો કાંઈ ભાંગ્યો નથી."

પછી ચારે ભાઈ ઊઠીને છેટે જઈને બેઠા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "છેટે કેમ બેઠા ?" ત્યારે રાયધણજીએ કહ્યું જે, "કૃષ્ણાવતારમાં શ્રીકૃષ્ણ અગ્યાર વર્ષના હતા ને હસ્તી, મલ, કંસાદિકને મારી નાંખ્યા. તેનો અમારે સંશય હતો જે કેમ માર્યા હશે ? તે સંશય ટળી ગયો. કેમ જે આપનું આ પરાક્રમ જોઈને અમને એમ જણાણું જે તમે નાના પણ નથી ને શરીરે કૃશ પણ નથી. તમે તો અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમનારાયણ છો. એવા આજે અમે તમને ઓળખ્યા. માટે મહારાજ ! આપ હસ્યા, રમ્યા જેવા નથી, આપ તો સેવા કરવા યોગ્ય છો." એમ કહ્યું. ને 'આ ભગવાન સર્વે અવતાર ધારે છે,' એમ જાણીને ઘરનાં મનુષ્ય બાઈ-ભાઈ સર્વે હતાં, તે શ્રીજીમહારાજની સેવા કરવા લાગ્યાં.

✵ મહારાજે ઘી પીને શ્રીકૃષ્ણ ભગવાનનો ભાવ જણાવ્યો :

એક દિવસે શ્રીજીમહારાજે કહ્યું જે, "અમે એમ સાંભળ્યું છે જે તમારે ઘેર ઘી બહુ સારું થાય છે." ત્યારે તેમણે કહ્યું જે, "સારું થાય છે." એમ કહીને પછી આઠ ભેંશું દૂઝણી હતી, તેનું ઘી તાવીને સારું ટાઢું કરીને મોટી તાંસળીમાં ભરીને શ્રીજીમહારાજને આપ્યું. પછી શ્રીજીમહારાજે તાંસળી લઈને જોઈને કહ્યું જે, "ઘી બહુ સારું છે. અને આ ઘી અમને તમે પીવા આપ્યું છે ?" ત્યારે તે હરિભક્તે કહ્યું જે, "હે મહારાજ ! સુખેથી પીઓ." ત્યારે મહારાજ તાંસળી મોઢે માંડીને પી ગયા. પછી તે હરિભક્તે તાંસળીમાં આંગળી ફેરવીને જોયું. ત્યારે તે આંગળી ચીકણી પણ ન થઈ. ત્યારે તે ભક્તે કહ્યું જે, "જેમ કૃષ્ણ

અવતારમાં પૂતના ધવરાવવા આવી હતી, તેના પ્રાણ સહિત દૂધપાન કરી ગયા. તેમ તાંસળીમાં પણ ચિકાશ નથી રહી." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "અમને તમે પીવા આપ્યું તે અમે પી ગયા." ત્યારે હરિભક્તે કહ્યું જે, "હે મહારાજ ! પ્રસાદી પણ ન રહેવા દીધી." પછી શ્રીજીમહારાજ હસ્યા ને હરિભક્ત પણ હસ્યા.

વળી એક દિવસે ચારે ભાઈનાં માતાજીએ શ્રીજીમહારાજને હાથ જોડીને કહ્યું જે, "હે મહારાજ ! મારા દીકરા ચાર છે. તે ભગવાન ભજવામાં તો સારા છે, પણ વ્યવહારમાં તો સમજાવીએ તોપણ સમઝે એવા નથી. માટે તે ચારેને જુદું થવાનો વિચાર છે. તે પોતે માંહોમાંહી લડી મરશે. તે માટે જો મહારાજ તમે એમને માલ-મિલ્કત સર્વે વહેંચી આપો તો બહુ રૂડું થાય." પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "સારું વહેંચી આપીએ." પછી શ્રીજીમહારાજે ચારે ભાઈઓને બોલાવીને પૂછી જોયું. ત્યારે ચારે ભાઈએ હાથ જોડીને કહ્યું જે, "હે મહારાજ ! જેમ તમે વહેંચી આપો તેમ અમે રાજી છીએ."

પછી શ્રીજીમહારાજે ચાર ભાગ કરીને ચીઠિયું નાંખીને સૌ સૌનો ભાગ આપ્યો. તે લઈને ચારે ભાઈ રાજી થયા. ને પછી પોતપોતાને ઘેર રસોઈ કરી કરીને શ્રીજીમહારાજને રૂડી રીતે થાળ જમાડ્યા. ને ભેળું નાવું, ધોવું, બેસવું, ઊઠવું તેણે કરીને શ્રીજીમહારાજે લાડ લડાવ્યા એવા પોતાના આશ્રિતજન, તેણે શ્રીજીમહારાજને બે માસ પર્યંત પોતાને ઘેર રાખ્યા. ને તે ગામમાં મહારાજ નિત્ય નદીમાં સ્નાન કરતા ને નદીને સાંમે કાંઠે કુંડ છે, તેમાં પણ ઘણી વાર સ્નાન કરતા. ને ત્યાં રહેલા પાતાળેશ્વર મહાદેવનાં દર્શન કરતા.

✵ ધમડકામાં શ્રીહરિએ સંતોને જમાડીને કરણીબાને હરાવ્યા :

વળી એક દિવસે રાયધણજીની ભોજાઈએ મહારાજને કહ્યું જે, "આજ સાધુને ઝોળીએ જાવા દેશો નહીં. અમારે જમાડવા છે." ત્યારે

મહારાજે કહ્યું જે, "સાધુને જાવા દ્યો એ ઠીક છે; નહિ તો સાધુ ભૂખ્યા રહેશે તો બજારમાં જઈને પેટ કૂટશે. ને કહેશે જે, 'રાયધણજીને ઘેર નોતરું દઈને ભૂખે માર્યા." ત્યારે તે બાઈ બોલ્યાં જે, "ભૂખ્યા રહે ત્યારે કેજ્યો." પછી રસોઈ તૈયાર થઈ ત્યારે આઠ સાધુ અને મહારાજ જમવા બેઠા. અને સાધુને મહારાજે કહ્યું જે, "તમારે ના પાડવી નહિ, ને જે આપે તે લેવું." પછી બાઈ પીરસવા લાગ્યાં અને મહારાજ ને સાધુ જમવા લાગ્યા. તે જમતે જમતે રસોઈ તો થઈ રહી. ત્યારે તે બાઈ કહે જે, "મારા પીટ્યા કોઈ ના પાડતા નથી."

ત્યારે મહારાજ કહે, "હવે બજારે જઈને પેટ કૂટશે, ને કહેશે જે, 'રાયધણજીને ઘેર નોતરું દઈને ભૂખે માર્યા." ત્યારે તે બાઈ કહે જે, "ન હોય ત્યારે કહે ને.!!" ત્યારે મહારાજ કહે, "હોય તો લાવો ને..!" ત્યારે રાયધણજીએ કહ્યું જે, "કહોને અમે હાર્યા." પછી બાઈ પાડોસણને ઘેરથી ઘીનું ઠામ ભરી ઉછીતું લાવ્યાં. પછી મહારાજ હસ્યા જે, "અમે પારકા ઘરનું માંગેલું નથી ખાતા." એમ કહીને બહુ હાસ્યવિનોદ કર્યો, તે કેટલોક લખીએ ! એવી રીતે લીલા કરી.

✵ શ્રીહરિ કંથકોટ થઈ ત્યાંથી ભચાઉ પધાર્યા :

પછી શ્રીજીમહારાજને દર્શને કંથકોટથી સત્સંગી કચરાભક્ત આદિક હરિજન આવ્યા. તેમણે શ્રીજીમહારાજને વિનંતિ કરી જે, "હે મહારાજ ! કંથકોટ પધારો..!" ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "આવશું." એમ કહીને તૈયાર થયા. ત્યારે રાયધણજીએ કહ્યું જે, "હે મહારાજ! હું ઘોડી લાવું ?" ત્યારે મહારાજે કહ્યું જે, "લાવો." પછી મહારાજ ઘોડીએ અસવાર થયા ને ચાલ્યા. તે માર્ગમાં પાકાં ગૂંદાં આવ્યાં. તેને જોઈને શ્રીજીમહારાજે કહ્યું જે, "આ ગૂંદાં સારાં છે, તે વીણતા આવો." ત્યારે ઠક્કર કચરાભક્તે કહ્યું જે, "હે મહારાજ ! ગૂંદાંને શું કરશો ?" ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "કોરબાઈનો દાડો કરવો છે, તે માટે લેતા આવો."

પછી સર્વે હરિજન ગૂંદાં વીણી વીણીને મહારાજને આપતા જાય, તેમાંથી મહારાજ સારાં વીણી વીણીને જમે. તે એમ જમતાં જમતાં ગામ **કંથકોટ** પધાર્યા. ઠક્કર મૂળજીને ઘેર ઊતર્યા. સર્વે સત્સંગી આવીને પગે લાગ્યા ને કોરબાઈ પણ આવીને પગે લાગ્યાં. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "કોરબાઈ ! આજ અમે તમારો દાડો કર્યો. આ ગૂંદાં અમે જમ્યા ને તમે પણ જમો ને સર્વેને પ્રસાદી વહેંચી આપો. ને તમારા દાડામાં સર્વે ગૂંદાં જમ્યા. ત્યારે કોરબાઈએ કહ્યું જે, "મહારાજ વિના એવો દાડો અમારો કોણ કરે ! માટે જેમ હમણાં સંભારો છો, તેમ અંતઃકાળે સંભારી લેજ્યો."

ત્યારે શ્રીજીમહારાજ હસ્યા ને કહ્યું જે, "સમજણ સારી છે." પછી ઠક્કર મૂળજી તથા પદમસી પોતાને ઘેર થાળ કરાવીને શ્રીજીમહારાજને પાર્ષદે સહિત જમાડ્યા. ને ઠક્કર કચરાએ પણ પોતાને ઘેર થાળ કરાવીને જમાડ્યા. ને ઠક્કર રાઘવજીએ પણ પોતાને ઘેર થાળ કરાવીને જમાડ્યા. ને ઠક્કર પાંચાએ પણ પોતાને ઘેર થાળ કરાવીને શ્રીજીમહારાજને પાર્ષદે સહિત જમાડ્યા. ને સઈ જેમલ આદિક બીજા સત્સંગીએ પણ પોતપોતાને ઘેર થાળ કરાવીને જમાડ્યા. આ પ્રમાણે શ્રીજીમહારાજ કેટલાક દિવસ ત્યાં રહીને સત્સંગીની સેવા અંગિકાર કરી, ને ત્યાંથી ચાલ્યા તે ગામ **ભચાઉ** પધાર્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજ ગોતરકે થઈને આધોઈ ગયા, ત્યાં રાયધણજીને અપાર બળ દેખાડ્યું, પછી કંથકોટ થઈ ત્યાંથી ભચાઉ પધાર્યા' એ નામે ચોવીશમો અધ્યાય ॥૨૪॥

અધ્યાય - ૨૫

ભચાઉના જેરામભક્તને સમાધિ અને સર્વોપરી નિશ્ચય

ભચાઉમાં શાહ વાઘાને ઘેર ઊતર્યા. અને થાળ જમીને પછી ત્યાં ઘણાક મુમુક્ષુ જીવ જાણીને તેનું કલ્યાણ કરવા સારુ દરબારમાં પધાર્યા. પછી ગામમાં કોઈ સારા માણસ હતા, તેમણે એમ સાંભળ્યું જે, "સ્વામિનારાયણ દરબારમાં ઊતર્યા છે. તે આપણે સર્વે ચાલો વાતુ સાંભળીને પ્રશ્ન પૂછીએ. ને એ ભગવાન કહેવાય છે, તે કાંઈક પરચો પણ માગશું. તે જો ભગવાન હશે તો જણાશે. અને આંહીં ગામમાં ફકીર બહુ ડાહ્યો છે, તેને સાથે લઈ જઈએ." પછી તે ફકીરને લઈને સારા સારા ડાહ્યા માણસ ભેળા થઈને ગયા. તે સર્વે જણ નાળિયેર લઈને શ્રીજીમહારાજની આગળ ભેટ મેલીને પગે લાગીને બેઠા. પછી ખીમા પટેલે મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! આ અમે સર્વે વાતું સાંભળવા આવ્યા છીએ, તે વાતું કરો."

ત્યારે શ્રીજીમહારાજે મયારામ ભટ્ટને કહ્યું જે, "વાતું કરો." ત્યારે તેમણે કહ્યું જે, "ભટ્ટની વાતું તો અમો આખી ઉંમર સાંભળી છે. અને અમો તો મહારાજની વાતું સાંળવા આવ્યા છીએ, તે તમે વાતું કરો." પછી શ્રીજીમહારાજે ભગવાનની વાતું બહુ પ્રકારે કરી. પછી તે લોકોએ કહ્યું જે, "મહારાજ ! તમે સમાધિ કરાવો છો, તે સાંભળીને અમે જોવા આવ્યા છીએ; તે અમને સમાધિ કરાવો. પછી નિર્લોભાનંદસ્વામી જે જેરામભક્ત, તે દિવસે ધોળે લૂગડે ઘેર હતા. પછી તેને શ્રીજીમહારાજે કહ્યું જે, **"તમે એકાંતે બેસીને ધ્યાન કરો તો સમાધિ થાય."** પછી તે એકાંતે જઈને ધ્યાન કરવા બેઠા. પછી મહારાજે તેને બોલાવ્યા જે, "ભક્ત ! હવે આંહીં આવો." ત્યારે તે ઊઠીને આવ્યા.

પછી તેને શ્રીજીમહારાજે પૂછ્યું જે, "તમે ધ્યાનમાં શું દીઠું ?" ત્યારે તે ભક્તે કહ્યું જે, "બે બાઈયું લડતી હતી, તેમાં મારું મન ગયું

હતું; તે માટે મેં તો કાંઈ પણ દીઠું નથી." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમે તો ખીચડી ને કાંકરા ભેળા કરીને ખાઓ છો, તેથી ખીચડીનો સ્વાદ ક્યાંથી આવે ?" ત્યારે તે ભક્તે કહ્યું જે, "હે મહારાજ ! તમે તો ઈશ્વર છો, તે તમારે પાસે ખીચડી ને કાંકરા નોખા કરવાને વાસ્તે આવ્યા છીએ. તે જેમ નોખા થાય તેવી રીતે બતાવો.


ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમારે કયા દેવની ઉપાસના છે ?" ત્યારે તે ભક્તે કહ્યું જે, "અમારે તો રામચંદ્રજીની ઉપાસના છે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમે રામચંદ્રજીની મૂર્તિ ક્યાંય દીઠી છે ? તે માટે અમે તમને રામચંદ્રજી બતાવીએ જે, તે આવા હતા. તે મૂર્તિનું ધ્યાન કરવું." પછી શ્રીજીમહારાજે પોતાનાં અંગ સર્વે બતાવ્યાં. તેમાં પ્રથમ તો ચરણારવિંદ સોળે ચિહ્ન સહિતે દેખાડ્યાં જે, 'રામચંદ્રજીનાં ચરણારવિંદ સોળ ચિહ્ન ઊર્ધ્વરેખાએ સહિત આવાં જ હતાં.

તે જુવો, આ પિંડી ને ઢીચણ ને સાથળ, તે પણ આવાં જ હતાં. અને પેટ ને છાતી તે પણ આવાં ને આવાં જ હતાં. તથા મુખારવિંદ, નેત્ર ને નાસિકા, મસ્તક તે પણ આવાં ને આવાં જ હતાં. અને તે શ્રીરામચંદ્રજીનું સ્વરૂપ પણ આવું જ હતું. તે અંગ ધરીને ધ્યાન કરવું.' તે વાત સાંભળીને ભક્તે કહ્યું જે, "હે મહારાજ ! જેવી રીતે તમે ધ્યાન કરવાનું કહ્યું તેવી રીતે ધ્યાન કરનારને એ સુગમ માર્ગ છે." એમ કહીને પગે લાગીને ઊઠ્યા.

પછી ફકીર જે ભેળો આવ્યો હતો તેને પૂછ્યું જે, "તમે શું નિરધાર કર્યો ?" ત્યારે તે ફકીરે કહ્યું જે, "હું અમારા પીર, ફકીર ને ઓલીયા તેને દર્શને જ્યારે જઉં, ત્યારે મારી લાકડીને લગારેક પૃથ્વી ઉપર પછાડું તો જેમ બંધૂકનો ભડાકો થાય તેમ ભડાકો થાય છે. અને આ સ્વામિનારાયણ આગળ તો મેં ત્રણ વાર લાકડીને પછાડી તોપણ લગાર બોલી નહિ. અને તે સ્વામિનારાયણ તો હિન્દુ છે ને તમે પણ

હિન્દુ છો. માટે તમને ગમે તો માનો અથવા ન માનો, પણ મારી લાકડી સ્વામિનારાયણ આગળ બંધ થઈ ગઈ. તે જોઈને મને અતિ આશ્ચર્ય લાગ્યું. માટે મને અલ્લા બોલાવે છે જે, “સ્વામિનારાયણ તો નિશ્ચય ખુદા છે, તે મને તો પરચો આપ્યો.”

પછી તે સર્વે મનુષ્ય પગે લાગીને ઘેર ગયાં. પછી શ્રીજીમહારાજે અખંડાનંદસ્વામીને બોલાવીને કહ્યું જે, “આ ગામમાં સત્સંગ થાય એવું છે. તે માટે તમે દસ દિવસ આંહીં રહીને વાતું કરો. અમારે ભુજ જાવું છે, તે આજ ચાલશું.” એમ કહીને મહારાજ ચાલ્યા ને અખંડાનંદસ્વામી ત્યાં રહ્યા. પછી જે મનુષ્ય મહારાજને દર્શને આવ્યા હતા ને પ્રશ્ન પૂછ્યા હતા ને સમાધિ કરાવ્યાનું કહ્યું હતું તે સર્વે સત્સંગી થયા.


पछी अखंडानंदस्वामिने ते सत्संगिये कयुं जे श्रीजिमहाराजे
अमारा उपर कृपा करिने अमने कयुं जे रामचंद्रजिनुं स्वरूप आवुं ह
तुं एम कहिने पोतानां चरणारविंद सोळे चिह्न सहित देखाड्यां ने पिंडि ढी
चण साथळ ने उदर ने छाति मस्तक नासिका ने नेत्र ए सर्वे अंग बताव्यां पण
अमने ए वात समज्यामां ज न आवि। ने ज्यारे तमारि वातुं सांभळिने स
त्संग कर्यो त्यारे ए वात समज्यामां आवि जे रामचंद्रजि तथा श्रीकृष्णादि
क अवतारना अवतारि तो श्रीजिमहाराज छे

પછી અખંડાનંદસ્વામીને તે સત્સંગીએ કહ્યું જે, “શ્રીજીમહારાજે અમારા ઉપર કૃપા કરીને અમને કહ્યું જે, ‘રામચંદ્રજીનું સ્વરૂપ આવું હતું.’ એમ કહીને પોતાનાં ચરણારવિંદ સોળે ચિહ્ન સહિત દેખાડ્યાં. ને પિંડી, ઢીચણ, સાથળ ને ઉદર ને છાતી, મસ્તક, નાસિકા ને નેત્ર એ સર્વે અંગ બતાવ્યાં; પણ અમને એ વાત સમજ્યામાં જ ન આવી. ને જ્યારે તમારી વાતું સાંભળીને સત્સંગ કર્યો ત્યારે એ વાત સમજ્યામાં આવી જે, રામચંદ્રજી તથા શ્રીકૃષ્ણાદિક અવતારના અવતારી તો શ્રીજીમહારાજ છે.

તે અમારા ઉપર કૃપા કરીને તમને આંહીં મેલી ગયા. તે તમે અમને કાળના મુખમાંથી કાઢ્યા. નહિ તો સંસાર-સમુદ્ર રૂપ પ્રવાહમાં તણાઈ જાત ને મનુષ્યનો દેહ કેવળ વૃથા ખોઈ નાખત, ને જમના માર ખાઈને મરી જાત. અને લાખચોરાસીનો ફરતાં પાર ન આવત. માટે શ્રીજીમહારાજે અમારી ઉપર બહુ કૃપા કરીને સત્સંગ કરાવ્યો. તે હવે કલ્યાણનો નિશ્ચય થયો જે, 'મારું કલ્યાણ થયું.' તે પ્રતાપ શ્રીજીમહારાજનો છે."

❋ ખોખરા-માધાપુર વિચરણ તથા લીલા :

પછી તે ભચાઉથી શ્રીજીમહારાજ ચાલ્યા, તે ગામ **ખોખરે** પધાર્યા. ને સુતાર વાલજીને ઘેર ઊતર્યા. તેણે પોતાને ઘેર થાળ કરાવીને શ્રીજીમહારાજને પાર્ષદે સહિત જમાડ્યા. અને સુતાર માવજીએ પણ પોતાને ઘેર થાળ કરાવીને શ્રીજીમહારાજને પાર્ષદે સહિત જમાડ્યા. પછી ત્યાંથી ચાલ્યા એવા જે શ્રીજીમહારાજ, તે ગામ શ્રીભુજનગરનું શાખાનગર જે **માધાપુર** ત્યાં પધાર્યા. તે વાત માધાપરના હરિજનોએ ભુજનગરમાં આવીને સુતાર સુંદરજીભાઈ તથા હીરજીભાઈ તથા જેઠી ગંગારામભાઈ તથા શિવરામ મહેતા તથા હરજીવન મહેતા તથા ભગવાનજીભાઈ આદિક હરિજનોને વાત કહી. પછી તે સર્વે હરિજનો વિચાર કરીને દરબારમાં રાઓ ભારમલજી પાસે ગયા. પછી રાયે પૂછ્યું જે, "સર્વે હરિજનો ભેળા થઈને શા કામે આવ્યા છો ?" ત્યારે સુંદરજીભાઈ તથા હીરજીભાઈ બોલ્યા જે, "રાઓ સાહેબ ! આજ અમારા ગુરુ સ્વામિનારાયણ ભગવાન માધાપુરથી આંહીં પધારે છે. માટે તેમનું સારી રીતે આપના તરફથી સન્માન થવું જોઈએ."

❋ ભુજનરેશ ભારમલજીએ શ્રીહરિનું ભવ્ય સામૈયુ કર્યું :

એવાં હરિજનોનાં વચન સાંભળીને રાઓ ભારમલજી બોલ્યા જે, "હે સુંદરજીભાઈ ! સ્વામિનારાયણ તમારા ગુરુ ત્યારે અમારા પણ

ગુરુ. માટે મારે સન્માન કરવું જ ઘટે." એમ કહીને પોતાના દિવાન આદિ સર્વે અમલદારોને સૂચના આપી જે, "તમે સૌ કોઈ ક્યાંય જશો નહિ. આજ રોજ સ્વામિનારાયણ આપણા પુર પ્રત્યે પધારે છે, માટે સ્વારી કરીને આપણે તેમના સન્મુખ જવું છે." એવી સૌને આજ્ઞા કરીને રાજાએ પોતાની સર્વે રાજસાહેબી તૈયાર કરાવી. અને મદને ઝરતા મોટા મોટા હસ્તી તેના ઉપર જરિયાની તથા રત્નજડિત સોનેરી અંબાડીઓને ધારણ કરાવી. ને સોનાની ઘૂઘરમાળ હાથીને પગે પેરાવી. તથા રેશમી દોરથી બાંધેલ મોટા સુચના-ઘંટને લટકાવ્યો.

અને અતિ વેગવાન જે સુંદર ઘોડા તેને પણ સોનેરી સાજે કરીને શોભાયમાન કર્યા. ને મોટા મોટા રથને પણ સોનેરી સાજે કરીને તૈયાર કરાવ્યા. ને સર્વે હથિયારો પણ તૈયાર કરાવ્યાં. પછી તો ત્રાસાં, ઢોલ, નગારાં, દદામા, શરણાઈ આદિક વાજિંત્રોના વગાડનારા ચાલ્યા. ને તેની પાછળ બેન્ડવાજાં વગાડનાર ચાલ્યા. ને તેની પાછળ મેઘ સરખા શ્યામ, ને અતિ ઊંચા, મદને ઝરતા એવા, ને સોનેરી સાજે કરીને શોભાયમાન કરેલા, ને જેના ઉપર સોનેરી ઝૂલ ને સોનેરી અંબાડીયું ધારણ કરી છે એવા હાથીની લાઈન ચાલતી હતી. તેની પછળ મોટાં મોટાં ત્રંબાળું નગારાં જેના ઉપર છે એવા ઊંટોની લાઈન ચાલતી હતી.

અને તેની પાછળ ઉઘાડી તલવારોવાળા હથિયારબંધ સ્વારોની પલટન ચાલતી હતી. તેની પાછળ આરબની બેરખ ચાલતી હતી. તેની પાછળ ડંકો, નિશાન, અબ્દાગરીવાળા ચાલતા હતા. ને તેની પાછળ શ્રીહરિને બેસારવા માટે શણગારેલો હસ્તી તથા રા.ભારમલજીનો હસ્તી ચાલતો હતો. તેની પાછળ ચકંદ્રી (હોશિયાર) અસ્વારોની પલટન ચાલતી હતી. ને તેની પાછળ દેશી-પરદેશી પલટન ચાલતી હતી. અને મેઘના સરખા છે ગંભીર શબ્દ જેના ને સોનારૂપાની શિંગડિયુંવાળા ને સોનેરી ઝૂલવાળા બળધિયે જોડેલા એવા રથો ચાલતા હતા.

અને તેની પાછળ મેના ને પાલખીઓ તથા તાવદાન ચાલતા હતા. તેની પાછળ ચિત્રવિચિત્ર સિગરામની લાઈન ચાલતી હતી. તેની પાછળ મોટા મોટા ઉમરાવ તથા નગરશેઠ આદિકની ગાડીઓ ચાલતી હતી. ને તેની પાછળ હજારોહજાર શહેરનાં લોકો ચાલતા હતા. આવી રીતની અદ્‌ભુત શોભાએ જુક્ત અસ્વારી લઈને રા-ભારમલજી માધાપર સુધી શ્રીજીમહારાજને સન્મુખ ગયા. ને શ્રીહરિને છેટેથી જોઈને પોતાનો હસ્તી હેઠો બેસાર્યો.

અને શ્રીજીમહારાજને પણ સુંદરજીભાઈ આદિક હરિજનોએ આગળથી સુચના આપી જે, "રા.ભારમલજી પોતાની સ્વારી લઈને હાથીએ બેસીને સન્મુખ આવે છે." તેથી શ્રીહરિ પણ તૈયાર થઈ ગયા. ને ભારમલજીએ હાથીથી હેઠા ઊતરીને મહારાજની સમીપે જઈને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. ને શ્રીહરિનો હસ્ત ઝાલીને સુંદર સર્વોપરી શોભાયમાન હસ્તી ઉપર નંગજડિત સોનાની અંબાડી, તેમાં શ્રીજીમહારાજને બેસાડ્યા. ને શ્રીજીમહારાજ ઉપર મૂળજીબ્રહ્મચારી તથા અખંડાનંદ બ્રહ્મચારી તે રત્નના ડાંડાવાળા બે ચામરો કરતા હતા.

અને ભગુજીએ મહારાજના ઉપર સોનાના ઈંડાવાળું ને સોનાના ડાંડાવાળું છત્ર ધારણ કર્યું. ને મહારાજની આગળ ઘોડેસ્વાર એવા કુબેરસિંહ છડીદાર તે સોનેરી છડી ખંભે ધારણ કરીને નેકી પોકારતા હતા. ને મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદસ્વામી, આનંદાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી આદિ સદ્‌ગુરુઓને પાલખી તથા મેના તાવદાન તેમાં બેસાડ્યા. ને કેટલાક સંતોને રથમાં બેસાર્યા, ને કેટલાક સંતોને સિગરામમાં બેસાર્યા. એવી રીતે રાવ ભારમલજી સર્વેને વાહનમાં બેસારીને પછી વાજતેગાજતે મહારાજને **માધાપર**થી **ભુજનગર** પ્રત્યે લાવ્યા.

ભુજનગરમાં પણ અદ્‌ભુત શોભા કરાવેલી ને નગરના દરવાજે પણ જરીનાં તોરણ ને આસોપાલવનાં તોરણ ને પતાકાઓ, ને મોટા

મોટા ધ્વજ બાંધીને શોભા કરી હતી. શહેરમાં પણ રાજમાર્ગ ને ચૌટા, ચોક, ગલીઓ તેને વળાવીને ગુલાબજળ છંટાવેલાં, ને પુષ્પ વેરેલાં તેણે કરીને શોભાયમાન કરી હતી. શહેરમાં ઘરને બારણે બારણે કેળોના સ્થંભ તથા આસોપાલવનાં તોરણ તથા ધૂપદીપ, જવાર ગુલાલ આદિકની શોભા કરાવી હતી. ને રાજદરબારમાં પોતાના મહેલોને અતિશય શોભાયમાન કર્યા હતા. આવી રીતનું શોભાયમાન જે ભુજનગર, તેમાં શ્રીજીમહારાજે તથા રાઓ ભારમલજીએ અસ્વારી તથા લક્ષાવધિ જનોએ વીંટાણા થકા પ્રવેશ કર્યો.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજે ભચાઉમાં ફકીરને ચમત્કાર જણાવ્યો ને ત્યાંથી ભુજ પધાર્યા ને રાજાએ સામૈયું કર્યું' એ નામે પચ્ચીશમો અધ્યાય ॥૨૫॥

અધ્યાય - ૨૬

ભુજના ભક્તોનો પ્રેમ અને સહુને પોતપોતાના ઇષ્ટદેવરૂપે દર્શન

અને જ્યારે શ્રીહરિએ ભુજનગરમાં પ્રવેશ કર્યો ત્યારે રાજા ભારમલજીએ ઘણીક તોપોના અવાજ કરાવ્યા. તે સમયમાં રાજમાર્ગને બેય પડખે નગરના સર્વેજનો શ્રીજીનાં દર્શન કરીને પોતાનો મનુષ્યજન્મ સફળ કર્યો. શ્રીજીમહારાજ પણ સર્વેને દર્શન દેતા સતા ને સર્વેના ઉપર કૃપાદૃષ્ટિએ કરીને જોતા સતા રાજમાર્ગમાં ધીરે ધીરે પોતાનો હસ્તી ચલાવતા હતા. તે સમયે અન્નને તોળતા એવા કેટલાક વેપારીઓ તેને શ્રીજીમહારાજની મૂર્તિ જોઈને, હસ્તમાં છે ત્રાજવાં જેને એવા સતા સ્થિર થઈ ગયા. અને પુસ્તકને લખતા એવા જે લહિયા પુરુષ તે શ્રીહરિનાં દર્શન કરીને હસ્તમાં છે કલમ જેમને એવા સતા સ્થિર થઈ ગયા.

અને કેટલીક સ્ત્રીઓ શ્રીજીમહારાજ પધાર્યા એ શબ્દને સાંભળીને ત્યાગ કર્યાં છે ઘર સબંધી કામ જેણે, એવી સતી તત્કાળ મહારાજનાં

દર્શન કરવા આવી. અને ભોજન કરતી એવી કેટલીક સ્ત્રીઓ તે ભોજનનો ત્યાગ કરીને તત્કાળ આવી. ને કેટલીક સ્ત્રીઓ તો પોતાની હવેલી ઉપર ચડીને રાજમાર્ગમાં જતા એવા જે સહજાનંદસ્વામી તેમને સોનારૂપાનાં ફૂલે વધાવતી હતી. ને કેટલીક સ્ત્રીઓ ધર્મદેવના પુત્ર શ્રીજીમહારાજનાં દર્શન કરીને નેત્ર દ્વારાએ મૂર્તિને અંતરમાં ઉતારીને અતિ આનંદ પામીને પોતાનો જન્મ સુફળ કરતી હતી. અને શ્રીહરિ પણ રાજમાર્ગમાં પોતાનાં દર્શન કરવાને અર્થે પૂજાની સામગ્રી હાથમાં લઈને ઊભા રહેલા જનો ઉપર પોતાની અમૃત વરસતી દયાદષ્ટિથી જોતા સતા તેના ત્રિવિધ તાપને ટાળતા હતા. ને મહારાજ જમણા હાથમાં સુંદર રેશમી રૂમાલ લઈને મુખારવિંદ ઉપર ધારણ કરીને મંદમંદ હસતા થકા ચાલતા હતા.

તે સમયમાં રાજમાર્ગમાં અતિશય સંકડાશ થયેલી હતી. તે સમે યવન હતા તેને મહારાજે મહમદાદિ પેગંબરરૂપે દર્શન દીધાં, ને જૈન મતવાળાને તીર્થંકરરૂપે દેખાયા, ને વૈષ્ણવ હતા તેને શ્રીકૃષ્ણરૂપે દેખાયા, ને રામાનંદી હતા તેને શ્રીરામચંદ્રજીરૂપે દર્શન દીધાં. ને શૈવી હતા તેને શંકરરૂપે દર્શન દર્શન દીધાં. ને શક્તિપંથી હતા તેને શક્તિરૂપે દેખાયા. એવી રીતે જે જે જેના ઉપાસક હતા તેમણે પોતપોતાના ઈષ્ટદેવરૂપે શ્રીજીમહારાજને જોઈને શ્રીહરિના સ્વરૂપનો નિશ્ચય કર્યો. એવી રીતે મહારાજ પોતાનો પ્રતાપ પ્રગટ કરતા સતા શહેરમાં ફરીને ગંગારામભાઈને ઘેર ઊતર્યા.

અને રાજા ભારમલજી પણ મહારાજને નમસ્કાર કરીને પોતાની સ્વારી સહિત દરબારમાં ગયા. ને ગંગારામભાઈએ મહારાજને પોતાની મેડી ઉપર ઉતારો કરાવ્યો. અને સંત, બ્રહ્મચારી, પાર્ષદ તથા હરિજનોને જેમ ઘટે તેમ ઉતારો આપ્યો. પછી મુળજી બ્રહ્મચારી નાઈ ધોઈને રસોઈ કરવા લાગ્યા. સુંદર મેંદાના લોટની પૂરી ને શ્રીખંડ તથા દાળભાત ને કઢી તેને તત્કાળ કરી.

પછી શ્રીહરિને જમાડવાને અર્થે બોલાવવા આવ્યા ને મહારાજ તેમના ભેળા જમવા પધાર્યા. પછી સુંદર જળે સ્નાન કરીને શ્વેત ખેસ પહેર્યો ને શ્વેત ખેસ ઓઢયો. પછી બાજોઠ ઉપર બિરાજમાન થયા. ત્યાં મુળજી બ્રહ્મચારી થાળ લાવ્યા ને મહારાજ આગળ બાજોઠ ઉપર ધારણ કર્યો, તેને મહારાજ જમવા લાગ્યા. જમીને જળપાન કર્યું ને પછી મુખવાસ લીધો. પછી પ્રસાદીનો થાળ ગંગારામ ભાઈને આપ્યો. અને સંત, બ્રહ્મચારી, પાર્ષદોને મહારાજે જમાડ્યા. પછી જળપાન કરીને મહારાજ ભક્ત જનનું હિતચિંતન કરતા સતા પોઢી ગયા.

✹ સુરજબાની પ્રાર્થના અને તેમને ઘેર પધરામણી-ભોજન :

સાંજના જાગ્યા ત્યારે મૂળજી બ્રહ્મચારીએ શુદ્ધ જળે કોગળા કરાવ્યા. પછી મહારાજ જળપાન કરીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. તે સમયે વિશ્વેશ્વર ભટ્ટનાં દીકરી સુરજબાઈએ મહારાજ પાસે આવીને છેટે રહીને પ્રાર્થના કરી જે, “હે મહારાજ ! તમોએ આ ભુજનગરમાં સુંદરજીભાઈ તથા હીરજીભાઈ તથા ગંગારામભાઈ તથા શિવરામ મહેતા તથા લાધીબાઈ તેમને ઘેર મોટા મોટા ઉત્સવ કરીને બહુ સુખ પમાડ્યું, ને તે દ્વારાએ લક્ષાવધિ જીવનું કલ્યાણ કર્યું. માટે મારી પણ એ જ વિનંતી છે જે, હરિજનો તથા સંતોને તેડાવીને મારે ઘેર ઉત્સવ કરો.”

ત્યારે શ્રીહરિ બોલ્યા જે, “તમે તો સાંખ્યયોગી છો. તે તમારાથી ઉત્સવનું ખરચ પૂરું પડશે ?” ત્યારે સુરજબાઈ બોલ્યાં જે, “મહારાજ ! તમારા પ્રતાપથી મારે ઘેર કોઈ પ્રકારની ખોટ નથી. માટે તમે આજ્ઞા કરો તો હું ફૂલડોલના ઉત્સવનો સામાન મગાવું, ને તમો પણ હરિજન ઉપર કંકોતરી લખાવીને મોકલાવો. પછી મહારાજ કહે, “બહુ સારું.” પછી સુરજબાઈ મહારાજને પગે લાગીને પોતાના ઘેર ગયાં. ને પોતાના ભાઈ ઉદેરામને આ વાત કરી. ત્યારે તેમના ભાઈ ઉદેરામ તથા તેમનાં

બહેન અમૃતબાઈ ને ખુશાલબાઈ તથા બીજાં કુટંબી તે સર્વે અતિશે રાજી થયાં. ને પરસ્પર એમ બોલ્યાં જે, "મહારાજે આપણા ઉપર બહુ દયા કરી, ને આપણને કૃતાર્થ કર્યા. હવે મહારાજ આપણે ઘેર સંત, બ્રહ્મચારી ને પાર્ષદે સહિત પધારે તો બહુ સારુ."

એમ પરસ્પર વિચાર કરીને મહારાજને પોતાને ઘેર લઈ જવા સારુ ત્રાંસાં, ઢોલ, નગારાં ને શરણાઈઓ તથા બેન્ડવાજાં વગડાવતા સતા ને **'મારે આજ પ્રીતમ ઘેર આવશે'** એ કીર્તન ઝીલીને ગાતા સતા ગંગારામ ભાઈને ત્યાં આવ્યાં. મહારાજને વાસ્તે બેસવા સુંદર તાવદાન લાવ્યાં. પછી મહારાજ પ્રાર્થનાને કર્યા સતા તે તાવદાન ઉપર બિરાજમાન થયા. ને સંતોને ગાડીઓમાં બેસાર્યા. ને હરિજનો આગળ કીર્તન ગાવા લાગ્યા. આવી રીતે હજારો જને વીંટાણા થકા વાજતેગાજતે મહારાજ સુરજબાઈને ઘેર પધાર્યા.

તે સમે હજારો જન બોલ્યા જે, "સુરજબાઈ તો સુરજબાઈ ! એ તો સૂરજને તુલ્ય થયાં. જેમ સૂર્યનો પ્રકાશ ત્રિલોકમાં વ્યાપ્યો છે તેમ સુરજબાઈની કીર્તિ પણ ત્રિલોકમાં વ્યાપી. માટે એ તો ધન્ય છે." એવી લોકોની વાણી સાંભળીને મહારાજ મુખારવિંદ આડો રૂમાલ દઈને મંદ મંદ હસ્યા ને જનોને દર્શન દેતા સતા સુરજબાઈને ઘેર પધાર્યા. ત્યારે સુરજબાઈની બહેનો તથા બીજા બાઈઓ **'આજ મારે પ્રીતમ ઘેર આવ્યા'** એ કીર્તન બોલ્યાં. ને સુરજબાઈએ સુંદર ગજમોતીનો થાળ ભરી પૂજાની સામગ્રી લઈને મહારાજને સામાં આવીને વધાવ્યા. પછી મહારાજને પોંખીને તાવદાનમાંથી હેઠા ઉતાર્યા, ને પોતાના ઘરમાં સુંદર ઢોલિયા ઉપર પધરાવ્યા. ને સંત-હરિજનોને પણ બીજા ઘરોમાં ઉતારો અપાવ્યો. પછી મહારાજને સુંદર જળે હસ્તકમળ ને ચરણકમળ ધોવરાવી ને થાળ જમવા બાજોઠ ઉપર બેસાર્યા.

પછી સુરજબાઈએ સુંદર ચતુર્વિધ ભોજનનો થાળ ભરીને મહારાજ આગળ બાજોઠ ઉપર મેલ્યો. ને સુંદર સોનાનો લોટો અબખોરા સહિત

જળનો ભરીને મૂક્યો. પછી મહારાજ આચમન કરીને થાળ જમવા લાગ્યા. જમીને તૃપ્ત થઈને મુખશુદ્ધિ કરી, ને મુખવાસ લઈને પાછા ઢોલિયે બિરાજમાન થયા. અને સંત તથા હરિજનોને પણ જમાડ્યા. તે સમે સુરજબાઈએ કહ્યું જે, "મહારાજ ! આપ આંહીં હુતાશનીનો ઉત્સવ કરો."

પછી મહારાજે પ્રાગજી દવે પાસે કંકોતરી લખાવીને દેશાંતરના હરિજનો ઉપર મોકલાવી. અને સુરજબાઈએ પણ ઉત્સવનો સામાન જે કેસર તથા કેસુડા તથા કસુંબો તથા પતંગ તથા સોરંગ આદિક રંગ તથા અબિર તથા ગુલાલના કેટલાક કોથળા મંગાવ્યા. અને હીરજીભાઈને ત્યાંથી સોનાની તથા રૂપાની તથા પિત્તળની પિચકારીઓ લાવ્યા. ને રંગ ભરવાની મોટી મોટી કોઠીઓ તથા ઘડા આદિ નાના પાત્રને મંગાવ્યાં. ને મહારાજની પૂજા કરવાને માટે સુંદર પોશાગ કરાવ્યો. અને મહારાજ પણ તેમને ઘેર રહ્યા, ને કથાવાર્તા કરીને પોતાના ભક્તજનોને ઘણોક આનંદ પમાડ્યો. ને ત્યાં દેશ દેશાંતરના હરિજનો પણ આવ્યા. તેને સુરજબાઈએ જેમ ઘટે તેમ ઉતારા આપ્યા.

✵ સુરજબાને ઘેર રંગોત્સવ :

પછી પુન્યમને દિવસ મહારાજ પ્રાતઃકાળમાં રામકુંડમાં સ્નાન કરવા સારુ પધાર્યા. તે સંત-હરિજન સહિત સ્નાન કરીને પાછા સુરજબાઈને ઘેર પધાર્યા. ને પોતાનું દેવાર્ચનાદિક નિત્યકર્મ કરીને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં. પછી સુંદર પાટ ઢાળ્યો હતો તે ઉપર બિરાજમાન થયા. ત્યાં તો ઉદેરામ ભટ્ટ તથા વલભરામ ભટ્ટ તથા ગણપતરામ મહેતા તથા મહીદાસ ભટ્ટ આદિ હરિજનોએ રંગનાં માટલાં તથા ઘડા ભરીને મહારાજ આગળ લાવીને મૂક્યાં. ને ગુલાલના ટોપલા ભરીને લાવ્યા. ત્યાં તો મુક્તાનંદસ્વામી આદિ સર્વે સંત તથા સુંદરજીભાઈ તથા હીરજીભાઈ તથા ગંગારામભાઈ આદિ સર્વે હરિજનો આવ્યા.

પછી મહારાજે સોનાની પિચકારી હાથમાં લઈને રંગ ભરીને સંત તથા હરિજનો ઉપર નાખ્યો. પછી ગુલાલની ઝોળી ભરીને સૌના ઉપર નાખ્યો. પછી રમવાની છૂટ થઈ ત્યારે સંત તથા હરિજનો સર્વે પિચકારીઓ લઈને મહારાજ ઉપર રંગ છાંટવા લાગ્યા ને ગુલાલ પણ નાખવા લાગ્યા. પછી મહારાજની આજ્ઞાએ કરીને સંત તથા હરિજનો પરસ્પર જોડ કરીને રંગ રમ્યા, ને ગુલાલ પણ નાખ્યો. તે જેવી રીતે હીરજીભાઈને ત્યાં રંગક્રીડા કરી હતી તેવી રીતે ઘણી વાર સુધી રંગલીલા કરી. પછી મહારાજ તાળી વજાડીને હોળીનાં પદ બોલ્યા ને સર્વે સંત તથા હરિજનો તાળી વજાડીને ઝીલવા માંડ્યા.

પછી મહારાજ રંગમાં રસબસ થયા સતા અશ્વે અસ્વાર થઈને સંતહરિજનો સાથે લઈને ગાજતેવાજતે મહાદેવવાળા નાકે થઈને હમીર સરોવરમાં સ્નાન કરવા પધાર્યા. અને કાંઠે જઈ અશ્વેથી હેઠા ઊતરીને સર્વે વસ્ત્રે સહિત જળમાં પ્રવેશ કર્યો. ને સંત-હરિજનોએ પણ જળમાં પ્રવેશ કર્યો. ને ઘણીક વખત જળલીલા કરીને મહારાજ બહાર નીકળ્યા ને સુંદર શ્વેત વસ્ત્ર ધારણ કરીને અશ્વે અસ્વાર થયા. ને સંત, પાર્ષદ, હરિજનોને સાથે લઈને ગાજતેવાજતે પાટવાડીને દરવાજે થઈને પુરમાં પ્રવેશ કર્યો. ને સુરજબાઈને ઘેર પધાર્યા અને અશ્વેથી હેઠા ઊતરીને સુંદર ઢોલિયા ઉપર બિરાજમાન થયા.

પછી સુરજબાઈએ થાળ કર્યો તેને મહારાજ જમવા ઊઠ્યા ને નગરના હરિજનો પણ પોતાને ઘેર ગયા. પછી મહારાજ જમીને સુંદર પાનબીડી મુખવાસ લઈને સંતહરિજનોને જમાડ્યા. પછી જળપાન કરીને પોઢી ગયા. ત્રીજા પોરને સમયે સભા થઈ ને સર્વે હરિજનો પૂજાની સામગ્રી લઈને વાટ જોઈને બેસી રહ્યા. ત્યાં તો મહારાજ ભક્તજનોનો સંકલ્પ જાણીને ઊઠ્યા. તે જળે કરીને મુખારવિંદ ધોઈને જળપાન કરીને સભા પ્રત્યે આવ્યા. ત્યાં તો સર્વે સંત તથા હરિજનો ઊભા થયા ને

'જય' શબ્દ, 'નમઃ' શબ્દ ને 'સાધુ' શબ્દ કરવા લાગ્યા. પછી મહારાજ સભામાં મોટા પાટ ઉપર બિરાજમાન થયા.

તે સમે પ્રથમ સુરજબાઈ મહારાજની પૂજા કરવા આવ્યાં. તેણે સુંદર જરિયાની વસ્ત્ર મહારાજને ધારણ કરાવ્યાં. ને ચંદન પુષ્પે કરીને પૂજા કરી, ને આરતી ઉતારીને સ્તુતિ કરી. પછી સંતની પૂજા કરાવી. ત્યારપછી હરિજનો પૂજા કરવા આવ્યા, ને પૂજા કરીને મહારાજની સ્તુતિ કરી. તે સાયંકાળ પર્યંત મહારાજની પૂજા ચાલી. પછી આરતી નારાયણધુન્ય કરીને મહારાજે સભામાં જ્ઞાનવાર્તા કરીને હરિજનોને આનંદ પમાડ્યા. પછી સર્વેને ઊઠવાની આજ્ઞા કરી, તે સર્વે ઊઠીને પોતપોતાને ઉતારે ગયા. અને મહારાજ પણ સભામાંથી ઊઠીને ઉતારે પધાર્યા ને જળપાન કરીને પોઢી ગયા.

પછી બીજે દિવસે સુરજબાઈએ સર્વે વાડિયુંમાંથી ફૂલ મંગાવીને ફૂલનો ડોળ બંધાવ્યો. અને મહારાજને હિંડોળામાં પધરાવીને હરિજનોએ ઝુલાવ્યા. અને સુરજબાઈએ પ્રથમ પેરાવેલો પોશાગ, તે બીજે દિવસ પણ મહારાજે ધારણ કર્યો ને હરિજનોને ઘણુંક સુખ આપ્યું. પછી શ્રીજીમહારાજની આગળ સર્વે હરિજનો હિંડોળાનાં પદ બોલતા સતા ઝાંઝ મૃદંગ વજાડીને ઉત્સવ કરવા લાગ્યા. પછી મહારાજે હિંડોળામાંથી ઊતરીને ઉત્સવની સમાપ્તિ કરાવી. અને પોતે થાળ જમવા પધાર્યા ને હરિજનો પણ પોતપોતાને ઘેર ગયા. પછી શ્રીહરિએ સંતોને જમાડ્યા.

અને સત્સંગીઓને પોતપોતાના દેશમાં જવાની આજ્ઞા કરી. ત્યારે કંથકોટના કચરાભક્ત તથા ધમડકાના અદાજી તથા માંડવીના સુંદરજી શેઠ તથા બળધિયાના કૃષ્ણભક્ત તથા રતનાભક્ત તથા રામપરના રવજીભક્ત તથા માનકૂવાના કણબી શિયાણી વસરામ તથા કણબી વસરામભક્ત, એ આદિ સર્વે ગામડાના હરિજનો ચાલવાના સમયમાં મહારાજનાં દર્શન કરીને બોલ્યા જે, "હે મહારાજ ! દયા રાખજો !"

ત્યારે મહારાજ બોલ્યા જે, “તમે પણ દયા રાખજો.” પછી હરિભક્તો ત્યાંથી ચાલ્યા ને બાર્ય જઈને એમ વિચાર કર્યો જે, ‘આપણે મહારાજને કહ્યું જે દયા રાખજો તે તો ઠીક પણ મહારાજે કહ્યું જે, તમે પણ દયા રાખજો, એ સમઝાણું નહિ.’ પછી પાછા આવીને મહારાજને એ વાત પૂછી.

ત્યારે મહારાજ બોલ્યા જે, **“આ દેહ સાડાત્રણ હાથનો છે. તેમાં ત્રણ આંગળનું હૃદય છે ત્યાં અમે રહીએ છીએ. એ અમારું સ્થાન ચોખ્ખું રાખજો ને ત્યાં જો સ્ત્રી-દ્રવ્યાદિક માયિક પદાર્થ ઘાલશો તો અમારાથી નહિ રહેવાય. માટે એટલી દયા તમે રાખજો.”** એમ મહારાજે પોતાનો સિદ્ધાંત કહ્યો. પછી સર્વે સત્સંગી નમસ્કાર કરીને ચાલ્યા. અને સંત પણ નમસ્કાર કરીને ફરવા ગયા. એવી રીતે મહારાજે સુરજબાઈને ઘરે ફૂલડોલનો ઉત્સવ કર્યો.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે ‘મહારાજે ભુજનગરમાં રાજમાર્ગે અનેક જીવોનાં ચિત્ત પોતાની મૂર્તિમાં ખેંચ્યાં ને સુરજબાને ઘેર ફૂલડોલ ઉત્સવ કર્યો’ એ નામે છવીસમો અધ્યાય ॥૨૬॥

અધ્યાય - ૨૭

ભુજમાં સંતોના ભીક્ષાના ગોળા જમ્યા તથા સંતોને ગામડે ફરવા મોકલ્યા

પછી રાજાના કારભારી સુતાર હીરજીભાઈ તથા સુંદરજીભાઈ તેમને ઘેર રહ્યા થકા શ્રીજીમહારાજ દવે પ્રાગજી પાસે શ્રીમદ્‌ભાગવતની કથા કરાવવા લાગ્યા. ને સુતાર હીરજીભાઈએ પોતાને ઘેર થાળ કરાવીને શ્રીજીમહારાજને પાર્ષદે સહિત જમાડ્યા. ને સુતાર ભગવાનજીએ પણ પોતાને ઘેર થાળ કરાવીને શ્રીજીમહારાજને પાર્ષદે સહિત જમાડ્યા. ને

મહેતા શિવરામભાઈ તથા તથા મહેતા હરજીવનભાઈ તથા લાધીબાઈ તેણે પણ પોતપોતાને ઘેર થાળ કરીને રૂડી રીતે શ્રીજીમહારાજને પાર્ષદે સહિત વારંવાર જમાડ્યા. ને કેસરચંદન, હાર, વસ્ત્રે કરીને શ્રીજીમહારાજની પૂજા કરી.

પછી શ્રીજીમહારાજ એ સેવાને અંગીકાર કરીને પાછા ઉતારે પધાર્યા અને કથા વંચાવવાનો પ્રારંભ કર્યો. અને સાધુ સત્સંગી સર્વે સાંભળતા. સાધુ તો ભિક્ષા માગીને ગોળા વાળીને નિત્ય પ્રત્યે જમે. કોઈક દિવસ શ્રીજીમહારાજ તે સાધુ પાસેથી ગોળો માગે, ત્યારે તે સાધુ ન આપે અને કહે જે, “મહારાજના પેટમાં દુઃખે.”

ત્યારે મહારાજ કહે જે, **“કાંઈ દુઃખે નહિ.” એમ કહીને પોતે ઊઠીને સંતના હાથમાંથી ગોળો લઈને જમવા માંડ્યું અને કહ્યું જે, “આ ગોળો તો ચુરણ જેવો છે અને સર્વે ઔષધિરૂપ છે, ને સર્વે રોગમાત્રને નાશ કરે એવો છે.”** એમ કહીને જળપાન કરીને પછી કથા વંચાવવા લાગ્યા. પછી સુતાર દેવરામે ને સુતાર નારાયણજીએ પોતાને ઘેર થાળ કરાવીને શ્રીજીમહારાજને પાર્ષદે સહિત રૂડે પ્રકારે જમાડ્યા. ને જેઠી ગંગારામે પણ પોતાને ઘેર થાળ કરીને પાર્ષદે સહિત જમાડ્યા. ને ભટ્ટ મહિદાસ આદિ સર્વે ભટ્ટજનોએ શ્રીજીમહારાજને પાર્ષદે સહિત જમાડ્યા. ને બીજા પણ સત્સંગી કેટલાક હતા તેણે શ્રીજીમહારાજને પોતપોતાને ઘેર થાળ કરીને રૂડી રીતે પધરાવીને પાર્ષદે સહિત જમાડ્યા. ત્યાં કેટલાક માસ પર્યંત શ્રીજીમહારાજ રહ્યા.

શ્રીજીમહારાજની આજ્ઞાએ કરીને કામરુ દેશમાં સદ્‌ગુરુનો અવતાર જે દલુજી તેમને મળીને પાછા વીસનગરમાં આવેલા સમાધિનિષ્ઠ સાધુ સંતદાસજી તેમણે સહિત વીસનગરથી સંત-મંડળ ભુજનગર વિષે આવ્યું ને શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં. અને સર્વે દેશમાંથી સાધુનાં મંડળ આવ્યાં ને શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં. ને શ્રીજીમહારાજે તેમને

કથા સંભળાવીને ત્યાગ વૈરાગ્યની વાર્તાઓ કરી. ત્યાં કેટલાક દિવસ રાખીને પછી સાધુનાં બે મંડળ કર્યાં. તેમાં એક ત્રીસ સાધુનું મંડળ ને બીજું ચાલીસ સાધુનું મંડળ કરીને એક મંડળને ગામ બળધિયે જવાની આજ્ઞા કરી અને બીજા મંડળને ગામ **માનકૂવે** જવાની આજ્ઞા કરી. ને ત્યાં પોતે પણ પધાર્યા. ને સંતમંડળને માંડવી બંદર જાવાની આજ્ઞા કરી, ને પોતે પાછા **ભુજનગર**માં કેટલાક દિવસ રહ્યા અને પછી શ્રીજીમહારાજે સર્વે સંતમંડળ પ્રત્યે કહ્યું જે, "તમે સર્વે સાધુ કારિયાણી કથા સાંભળવા સારુ ભેળા થાજો, અમે પણ ત્યાં આવશું." એમ કહીને પ્રાગજી દવેને મોકલ્યા ને પોતે ન પધાર્યા.

❋ ભગવાનની શોધમાં નીકળેલા છોકરાની વાત :

પછી આંનદાનંદસ્વામીને ચૈત્રી પૂર્ણમાસીનો ઉત્સવ કરવા સારુ જીરણગઢ મોકલીને સામાન ભેળો કરાવ્યો. ને કંકોતરીઓ લખીને દેશ દેશ પ્રત્યે મોકલી ને હરિજન સર્વેને તેડાવ્યા. અને તે સમય ભુજનગરના સુતાર ભગવાનજીએ કિનખાબની ડગલી તથા સુરવાળ તથા માથે બાંધવાનું સેલું એટલાં વસ્ત્ર શ્રીજીમહારાજને ધરાવ્યાં. તે સમે એક છોકરો મહારાજને દર્શને આવ્યો.

તેની હકીકત એમ છે જે, જ્યારે મહારાજ વનમાં વિચરણ કરતા હતા ત્યારે તે વનમાં એક ડોસી ને તે છોકરો રહેતાં. તે વનમાં ગાયું, ભેંસું રાખતાં અને નેહડો કરીને વનમાં રહેતાં. તેની ઝૂંપડીએ મહારાજ સવારમાં આવીને ઊભા રહ્યા. અને તે ઝૂંપડીને માંહીલી કોરે તે બાઈ ને તેની દીકરી રહેતાં. ને તેનો છોકરો ગાયું, ભેંસું વગડામાં ચરતી હતી ત્યાં દોવરાવવા સારુ ગયો હતો. ને તે ડોસી પોતાની ઝૂંપડીમાંથી તત્કાળ બાહેર નીસરી, ને મહારાજ સામું જોઈને પોતાના મનમાં આશ્ચર્ય પામીને એમ બોલી જે, "હે મહારાજ ! તમે કોણ છો ?" ત્યારે મહારાજે કહ્યું જે, "અમે તો સાધુ છીએ."

ત્યારે બાઈ બોલી જે, "મહારાજ, તમે ભૂખ્યા થયા હસો, તે કાંઈ જમશો ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "હા, તૈયાર હોય તો લાવો જમીએ." ત્યારે તે બાઈ બોલી જે, "દહીંના ગોરસાં તૈયાર છે, ને દૂધ તો છોકરો ગાયું-ભેંસુ વગડામાં દોવરાવવા ગયો છે, તે લાવશે ત્યારે દૂધ આવશે."

ત્યારે મહારાજે કહ્યું જે, "દહીં હોય તો દહીં જ લાવો જમીએ." ત્યારે બાઈએ દહીંનાં ગોરસાં જે પોતાના નેસડામાં જમાવ્યાં હતાં તે સર્વે ઉપાડીને મહારાજની આગળ મૂક્યાં. તે ગોરસાં લઈને મહારાજ સર્વે જમી ગયા. ત્યારે તે ડોસી કહે જે, "મહારાજ ! હવે જમીને તૃપ્ત થયા ?" ત્યારે મહારાજ કહે જે, "હવે હોય તો લાવો." ત્યારે તે સમે વગડામાંથી ગાયું, ભેંસું દોવરાવીને દૂધની કાવડ ઉપાડીને છોકરો આવ્યો. તે કાવડ પોતાના નેસડામાં ઉતારીને પોતાની માતાને પૂછ્યું જે, "આ બાવો કોણ છે ? ને ક્યાંથી આવે છે ?"

ત્યારે ડોસી કહે જે, "હે પુત્ર ! આ બાવો તો મહા મોટા તપસ્વી છે, ને અખંડ યોગ-ધારણામાં રહે છે અને બહુ ચમત્કારી પણ છે. માટે આપણે ઘેર રાખીને તેમને આપણે ઘણુંક દહીં-દૂધ જમાડીને સેવા કરીને રાજી કરશું તો તેનું આપણને અવિનાશી ફળ મળશે." ત્યારે તે છોકરો કહે જે, "માતાજી ! તમે આ બાવાને શું જમાડ્યું ?" ત્યારે તે ડોસી કહે જે, "મેં એકલાં દહીંનાં ગોરસાં હતાં તે જમાડ્યાં." ત્યારે તે છોકરો કહે જે, "હવે દૂધ પણ જમાડો." ત્યારે મહારાજ કહે, "થોડુંઘણું દૂધ લાવો તો જમીએ." ત્યારે છોકરો કહે જે, "મહારાજ ! થોડું શું કરવા જમશો? ઝાઝું જમોને ! અમારી ગાયું-ભેંસું ઘણીક દૂઝે છે."

ત્યારે મહારાજ કહે જે, "તમે સદાય એકલું દૂધ-દહીં જમો છો?" ત્યારે છોકરો કહે જે, "હે મહારાજ ! આંહીંથી ગામ ઘણું છેટું છે, અને ત્યાં કણે અમે અન્ન લેવા જઈએ છીએ, પણ અત્યારે થઈ રહ્યું છે."

ત્યારે મહારાજ કહે જે, “હવે થઈ રહ્યું છે તે તમો કયે દાડે અન્ન લેવા જાશો.” ત્યારે છોકરોએ તેની માને પૂછ્યું જે, “મા ! આપણે અન્ન લેવા કયે દી જાશું ? ને આપણે આ બાવાને રાખવા છે ?”

ત્યારે તેની મા કહે જે, “હા, હવે બાવાને આપણે રાખશું ને જાવા નહિ દઈએ. અને હે પુત્ર, તું ઘીની કુંડલી ભરીને ગામડે જઈને તે ઘી વેચીને તેના જે પૈસા આવે તેની ખાંડ, સાકર ને ધોળા ચોખા લઈ આવ. આપણે નિત્યે આ બાવાને દૂધપાક કરીને જમાડીશું.” ત્યારે તે છોકરો કહે જે, “હું કાલ સુધી ખાંડ, સાકર લાવીશ. તમે બાવાને આપણા ઘેરથી જાવા દેશો નહીં.” એમ કહીને છોકરો ગામ ગયો તે ઘી વેચીને ખાંડ, સાકર ને ચોખા લાવ્યો.

પછી તે ડોસી અને છોકરો અતિશે હેતે રોજ દૂધપાક કરીને મહારાજને જમાડે. ને તે જમાડીને પ્રસાદી બાકી રહે તે પોતે જમે. અને રાત્રીએ તે ડોસી અને તેની દીકરી તે બે જણ પર્ણકૂટીમાં સૂવે ને મહારાજને બહાર ઢોલિયો ઢાળીને સુવારે ને પાસે પોતાના છોકરાને સુવારે. અને તે ડોસી છોકરાને કહે જે, “તું આ મહારાજને મારી આજ્ઞા વિના જાવા દઈશ નહીં. શરત રાખીને સૂજે, નહિતો ઊઠીને ચાલી નીસરશે.” એવી રીતે ભલામણ કરી.

એવી રીતે એક માસ સુધી નિત્યે મહારાજને દૂધપાક કરીને જમાડતી. અને રાત્રીએ પોતાના છોકરાની પાસે ખબર રખાવવા સારુ સુવારતી. એવી રીતે મહારાજ એક માસ ત્યાં રહ્યા. ત્યારે તે ડોસીને તથા તેના દીકરાને તથા તેની દીકરીને પોતાના જીવમાં એમ નિશ્ચય થયો જે, “મહારાજને આપણે જમાડીને તથા બીજી સેવા કરીને રાજી કર્યા છે, તે હવે મહારાજ નહિ જાય. એમ જાણીને તે છોકરો નિર્ભય થઈને સૂઈ રહ્યો. ત્યારે મહારાજ તે છોકરાને સૂતો મૂકીને અડધી રાત્રે ઊઠીને એકલા ચાલી નીસર્યા. સવાર થયું ત્યારે તે ડોસી ઊઠી અને

પર્ણકુટીથી બાહેર નીસરીને જોયું, ત્યાં તો મહારાજને ઢોલિયા ઉપર સૂતેલા ન દેખ્યા. ત્યારે ડોસીએ પોતાના છોકરાને જગાડીને કહ્યું જે, "તેં મહારાજની ખબર બરાબર રાખી નહીં. તેથી રાત્રીના ઊઠીને એકલા ચાલી નીસર્યા. **હવે તું મહારાજના ચરણારવિંદનાં પગલાં માર્ગમાં જોતો જોતો જા અને જ્યાં હોય ત્યાંથી ખોળીને મહારાજને તેડી લાવજે. ન મળે તો તું મને તારું મોઢું દેખાડીશ મા."** એવી રીતે કહ્યું.

ત્યારે છોકરો કહે જે, "લ્યો મા હું જાઉં, મહારાજને જ્યાં હશે ત્યાંથી તેડી આવીશ." ત્યારે તે ડોસી કહે જે, "તું જરૂર મહારાજને તેડીને આવજે." એમ કહ્યું ત્યારે છોકરો જે દિશે મહારાજ ગયા હતા તે દિશે પગલાં માર્ગમાં જોતો જોતો ચાલ્યો. તે દશ ગાઉ ચાલ્યો ગયો ત્યારે ત્યાં એક નદી આવી ત્યાં ગયો. ત્યારે મહારાજ પણ નાહીને તે નદીના તટ ઉપર શાલગ્રામ ને બાલમુકુંદની પૂજા કરતા હતા.

તે જોઈને છોકરો પોતાના બે હાથ જોડીને કહેવા લાગ્યો જે, "હે મહારાજ ! મને તમે અરધી રાત્રીએ સૂતો મૂકીને ચાલી નીસર્યા. તે વાંસે તમારા વિયોગે મારી માતા તથા મારી બેન તે ઘણા વિરહે કરીને શોક તથા રુદન કરે છે. તે માટે આપ દયા કરીને ચાલો ને મારી માએ મને એમ કહ્યું છે, જે તું મહારાજને તેડીને પાછો આંહીં આવજે. ને જો ન તેડી લાવે તો મને જીવતા તારું મોઢું દેખાડીશ નહિ, એમ કહ્યું છે."

ત્યારે મહારાજ કહે જે, "તારી મા અને તારી બોન તે બે જીવ સારુ તારે નેહડે અમે કેટલાક દહાડા બેસી રહીએ ? અમારે તો આ પૃથ્વી ઉપર વિચરીને સ્થાવર જીવ તથા જંગમ અનેક જીવનો ઉદ્ધાર કરવો છે. તે સારુ હું છપૈયા ગામમાં ધર્મભક્તિ થકી પૃથ્વી ઉપર પ્રગટ થયો છું." ત્યારે તે છોકરો કહે જે, "મહારાજ ! તે તો વાત ખરી, પણ મારી માએ મને એમ કહ્યું જે, 'મહારાજને જ્યાંથી મળે ત્યાંથી તેડી આવ્યા વિના તું મને તારું મોઢું ન દેખાડીશ.' માટે હું

તમને તેડી ગયા વિના મારી માને મોઢું કેમ દેખાડું ?" ત્યારે મહારાજ કહે જે, "અહીંથી છોકરા તું પાછો જા." ત્યારે છોકરો બહુ દિલગીર થઈ ગયો.

પછી મહારાજ ત્યાંથી એમ ને એમ ઊઠીને પોતાનો સામાન લઈને ચાલી નીસર્યા. ત્યારે છોકરો વાંસે રોતો રોતો ચાલ્યો. ત્યારે મહારાજ કહે જે, "છોકરા ! તું પાછો વળી જા." તોપણ તે છોકરો પાછો ન વળ્યો. ત્યારે મહારાજ તે છોકરાને કહે જે, "અમે સઘન વનમાં જાશું ને ત્યાં ઝાડીમાં સિંહ તથા અરણા પાડા તથા હસ્તી આદિક જનાવરની તથા સઘન ઘાટા વનની બહુ જ બીક લાગશે. અને તે જનાવર તને ખાઈ જાશે. તે માટે હું તને દયા કરીને કહું છું જે, તું પાછો તારે ઘેર વળી જા." ત્યારે છોકરો કહે જે, "હે મહારાજ ! સઘન વનમાં તમને સિંહ આદિક પશુ ખાશે તો મને પણ ખાશે. ને તમને સિંહ આદિક પશુ જો નહિ ખાય તો મને પણ નહિ ખાય. કેમ જે, હું તમારો શરણાગત છું, તે મારી તમે રક્ષા કરશો." એમ વાર્તા કરતાં કરતાં ચાલ્યા.

✺ વર્ણિરાજે બાળકને સિંહ પાસે મોકલી પરીક્ષા કરી :

ત્યાં તો માર્ગમાં સિંહ સામો દેખાણો. તે જોઈને મહારાજ મનુષ્ય-ચરિત્ર કરતાં થકા ભય પામીને માર્ગમાં ઊભા થઈ રહ્યા. ત્યારે તે છોકરો પણ મહારાજ વાંસે સંતાઈને ઊભો થઈ રહ્યો. ત્યારે મહારાજ કહે જે, "છોકરા ! તેં મારું કહ્યું ન કર્યું ને સિંહ તો સામો માર્ગમાં આવ્યો. તે આપણને બે જણને જો ખાઈ જાશે તો મારું તો રોનારું વાંસે કોઈ નથી, પણ તને ખાઈ જશે તો તારી મા તથા તારી બેન તારી વાંસે રોઈ મરશે ને તારી વાટ જોશે. તે કારણપણા માટે તું અહીંયાંથી નાસી જા. હું આડો ઊભો છું તે સિંહ નહિ આવે." એમ કહ્યું તોપણ છોકરો પાછો ન વળ્યો. અને તે સિંહને મહારાજે સમાધિ કરાવી દીધી તે સિંહ નેત્ર ફાડીને સમાધિમાં સામો ઊભો થઈ રહ્યો.

ત્યારે મહારાજ બોલ્યા જે, "છોકરા ! હવે આપણે કેમ કરીશું ? સિંહ તો સામો ઊભો થઈ રહ્યો છે." ત્યારે છોકરો કહે જે, **"હે મહારાજ ! તમે તો મોટા ઈશ્વરના પણ ઈશ્વર છો. ને આ સિંહને તમે સમાધિ કરાવી તે જોઈને હું તો તમને ભગવાન જાણું છું."** એમ છોકરે કહ્યું ત્યારે સિંહ ખસીને છેટે ઊભો રહ્યો. તે જોઈને મહારાજ છોકરાને કહે જે, "તું મને ખરેખરા ભગવાન જાણે છે ?"

ત્યારે છોકરો કહેતો હવો જે, "હે મહારાજ ! હું તમને ખરેખરા ભગવાન જાણું છું, ને તમે આ સિંહને સમાધિ કરાવીને ઊભો રાખ્યો તે ભગવાન વિના બીજાથી સમાધિ કરાવીને ઊભા રખાય જ નહિ." ત્યારે મહારાજ કહે જે, "તું મને ભગવાન જાણે છે, ત્યારે હું તને કહું તેમ તું કરીશ ?" ત્યારે છોકરો કહે જે, "હા મહારાજ ! જેમ કહો તેમ કરું."

ત્યારે મહારાજ કહે જે, **"જો તું મને ભગવાન જાણતો હોય તો આ સિંહ ઊભો છે, તેને તું તારા હાથની આંગળી અડાડી આવ."** ત્યારે છોકરો બોલ્યો જે, "હું સિંહને આંગળી અડવા જાઉં ને કદાપિ સિંહ મને ખાઈ જાય તો?" ત્યારે મહારાજ કહે જે, "તું કહે છે જે હું તમને ભગવાન જાણું છું, તે તું મને ભગવાન જાણતો હોય તો જાતો કેમ નથી ? જો જાણતો હોય તો હવે જા." ત્યારે છોકરો કહે જે, "હવે જાઉં છું." એમ કહીને છોકરો બીતો બીતો ચાલ્યો ગયો. તે સિંહને હાથની આંગળી અડાડીને તત્કાળ પાછો ભાગી આવ્યો. ને આવીને મહારાજને કહે જે, "હું સિંહને આંગળી અડાડી આવ્યો મહારાજ."

ત્યારે મહારાજ કહે જે, "એમ તો નહિ વદાડું(માનું) ને તું તારો કોણી સુધી હાથ સિંહના મોઢામાં ઘાલી આવ તો વદાડું." ત્યારે છોકરો કહે, "જો હું સિંહના મોઢામાં હાથ ઘાલું તો સિંહ મને સહેજે જ તત્કાળ ખાઈ જાય." ત્યારે મહારાજ કહે જે, "અમારે વચને કરીને તું જા. સિંહ

તને નહિ ખાય." ત્યારે છોકરો વળી પાછો બીતો બીતો સિંહ પાસે ગયો ને પોતાનો હાથ સિંહના મોઢામાં ઘાલીને પાછો મહારાજ પાસે આવ્યો. તોયે મહારાજ કહે જે, "એમ નહિ વદે(ચાલે), તું સિંહની આંખમાં તારી આંગળી ઘાલી આવ તો વદે." ત્યારે છોકરો કહે જે, "આંખમાં આંગળી ઘાલી આવું તો સિંહ મને કરડશે નહિ મહારાજ ?"

ત્યારે મહારાજ કહે જે, "અમારે વચને બે ફેરા તું જઈ આવ્યો તોપણ સિંહે તને ન કરડ્યો, તેમ આ ફેરા પણ નહિ કરડે; તું જા." એમ મહારાજે કહ્યું એટલે છોકરો સિંહને અડવા ગયો. ને તે સિંહની આંખમાં હાથની આંગળી ઘાલીને પાછો મહારાજ પાસે આવ્યો.

ત્યારે મહારાજ વળી છોકરાને કહે જે, "છોકરા, તું મને ભગવાન જાણે છે ? અને તું જો મને ભગવાન જાણતો હોય તો અહીંથી તું પાછો જા. તારી મા તથા તારી બેન પાસેથી તું રજા લઈને આવ. અને અહીંથી હું પશ્ચિમ દેશમાં જાઉં છું." ત્યારે છોકરો કહે જે, "મારી મા મને પૂછે તો હું શું ઉત્તર આપું ?" ત્યારે મહારાજ કહે જે, "તારી મા પૂછે તો એમ કહે જે, એ બાવાને તેડીને હું પાછો આવીશ. અને મા તમે તે બાવાને અંતરમાંથી પળમાત્ર વિસારશો નહીં. એમ તારી માતાને કહેજે." ત્યારે છોકરો તેની મા પાસે ગયો. ત્યારે તે ડોસીએ પૂછ્યું જે, "બાવા ક્યાં ગયા ?" ત્યારે તેની માને કહ્યું જે, "મા ! તમે તે બાવાને અંતરમાંથી વિસારશો નહિ."

ત્યારે ડોસી બોલ્યાં જે, "તે બાવાને તું કહે છે તેવી રીતે હું અંતરમાં નિરંતર સંભારી રાખીશ, પણ તું તે બાવાને જરૂર પાછા મારી પાસે તેડીને આવજે; પણ તેને તેડ્યા વિના પાછો તું મને તારું મુખ દેખાડીશ નહિ." ત્યારે છોકરો કહે જે, "મા ! હું જરૂર તે બાવાને તેડીને આવીશ, પણ તે બાવો કેટલે દિવસે મને પાછો ભેગો થાશે તે મારાથી કહેવાતું નથી."

ત્યારે ડોસી કહે જે, "જ્યારે તે બાવો મળે ત્યારે તું તેને તેડીને આવજે." ત્યારે છોકરો કહે જે, "હું તેડવા જઈશ, પણ મને રસ્તામાં જમવા ટીમણ જોશે." ત્યારે ડોસીએ ટીમણ કરી આપ્યું. ત્યારે છોકરો કહે જે, "આ ભાતું થઈ રહે ત્યારે હું રસ્તામાં જમવાનું કેમ કરું ?" ત્યારે ડોસી કહે જે, "રસ્તામાં જે જે ગામ આવે તે તે ગામમાં એ બાવાની તું પૃછા કરતો જાજે. ને જ્યારે ટીમણ થઈ રહે ત્યારે એ બાવાને સંભારીને ગામોગામ ભિક્ષા માગીને ખાતો જાજે, તો તે બાવાને પ્રતાપે ભિક્ષા વિગેરે તને કોઈ વાતે દુઃખ નહિ આવે." એવી રીતે ડોસીએ કહ્યું.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજે સુંદરજીને ઘેર કથા કરાવી મુમુક્ષુને તેની માએ મહારાજનો મહિમા કહ્યો' એ નામે સત્યાવીશમો અધ્યાય ॥૨૭॥

અધ્યાય - ૨૮

હરિમિલન માટે તલસતા મુમુક્ષુ શુકાનંદસ્વામી થયા

ત્યારે ત્યાંથી તે છોકરો પશ્ચિમ દિશે ચાલ્યો. તે ગામોગામ રસ્તામાં મહારાજની પૃછા કરતો કરતો ગયો. તે હજારો ગામમાં ફરી વળ્યો તોપણ મહારાજના સમાચાર ક્યાંય કોઈ પણ ગામના મનુષ્યે કહ્યા નહિ, અને મહારાજ પણ મળ્યા નહિ. એવી રીતે મહારાજને ખોળતાં ખોળતાં છોકરાને બાર વરસ વીતી ગયાં, તોપણ મહારાજના સમાચાર ક્યાંઈ પણ જડ્યા નહીં. ત્યારે છોકરો પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો જે, 'ક્યાં મારો દેશ દૂર રહી ગયો ? ને આટલાં આટલાં દેશ તથા ગામ હું ફરી આવ્યો પણ મહારાજ ક્યાંઈ મળ્યા નહિ.' આવી રીતે વિચાર કરીને અતિશે નિરાશ થઈ ગયો.

ત્યારપછી છોકરાને કોઈક મનુષ્યે આવીને પૂછ્યું જે, "છોકરા, કેમ તું નિરાશ થઈને બેસી રહ્યો છે ?" ત્યારે છોકરો કહે જે, "હું

ભગવાનને ખોળું છું, પણ મને ભગવાન ક્યાંય મળ્યા નહીં. તેટલા માટે હું નિરાશ થઈને બેસી રહ્યો છું." ત્યારે તે મનુષ્ય કહે જે, "આ દેહે કરીને ભગવાન તો ક્યાંથી મળે ! ને ભગવાન મળવા તો બહુ દુર્લભ છે." ત્યારે છોકરોએ તેને પૂછ્યું જે, "તમે કોઈ દેશમાં કે કોઈ ગામમાં કોઈ ચમત્કારી બાવો દેખ્યો કે સાંભળ્યો છે ? ને કોઈ મનુષ્યે તે બાવાની ચમત્કારી વાત તમારા આગળ કરી છે ? જો ચમત્કારી વાત કરી હોય કે સાંભળી હોય તો એ બાવાનો ઐશ્વર્ય-પ્રતાપ એવો છે જે, તે છાનો રહે તેવો નથી."

ત્યારે તે મનુષ્ય કહે જે, "આ તું છોકરા આથમણો ચાલ્યો આવ્યો ને આમ ઉગમણો કાઠિયાવાડ દેશ છે, તેમાં એક ચમત્કારી બાવો સાંભળ્યો છે. એવી રીતે આ દેશના મનુષ્ય વાતું કરે છે જે, 'કાઠિયાવાડ દેશમાં એક તપસ્વી ભારે બાવો જીવનમુક્તા નામે કરીને છે. તે ઘણાક મનુષ્યને ચમત્કાર દેખાડે છે તથા ધ્યાન, ધારણા, સમાધિઓ કરાવે છે.' એવી રીતે મેં મનુષ્ય આગળથી સાભંળી વાત છે. ને વળી મેં સાંભળ્યું છે, બાવે લાખો મનુષ્યોને જ્ઞાન-ઉપદેશ આપીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિને માર્ગે ચડાવીને ભગવાન સન્મુખ કર્યા છે. આવી રીતના લાખો મનુષ્યને પોતાના શિષ્ય કર્યા છે ને ધર્મમાં વર્તાવે છે."

ત્યારે છોકરો કહે જે, **"તે જ બાવો ભગવાન છે, ને મારે તેના જ પાસે જવું છે."** એમ કહીને ત્યાંથી ચાલ્યો તે ગામોગામ મનુષ્યને પૃછા કરતો કરતો છેવટ ગઢડે સવારના પહોરમાં ગયો. ત્યાં જઈને દાદાખાચરને પૂછ્યું જે, "આંહીં કોઈ ચમત્કારી પુરુષ છે ?" ત્યારે તેમણે કહ્યું જે, "આંહીં તો હાલ નથી ને ભુજ છે." તે વાત સાંભળીને છોકરો મહારાજની પૃછા કરતો કરતો ભુજ આવ્યો.

તે સમે મહારાજ ભગવાનજીભાઈને ઘેર ગાદી-તકિયા નંખાવીને ઢોલિયા ઉપર બિરાજમાન હતા ને ચારેકોરે સંત-હરિજનની મહા મોટી

સભા ભરાઈને બેઠી હતી. મહારાજે ભારે ભારે જરિયાની વસ્ત્ર પહેર્યાં હતાં. તથા ભારે ભારે નંગજડિત ઘરેણાં પહેર્યાં હતાં. તે સમે છોકરો તે સભાથી છેટો આવીને ઊભો રહ્યો ને પોતાને શરીરે અતિશય કૃશ ને વસ્ત્ર પણ જૂનાં ફાટેલાં પહેર્યાં હતાં. એવે વેશે તે છોકરો ઊભો ઊભો પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો જે, 'આ તો કોઈક દેશના રાજા છે.' એવી રીતે પોતાના મનમાં વિચાર કરતો.

ત્યારે મહારાજે તેના સામું જોયું ને તે છોકરાનું નામ લઈને તે છોકરાને બોલાવીને અતિ હેતે સહિત તત્કાળ ઢોલિયેથી ઊતરીને તે છોકરા સન્મુખ આવીને તે છોકરાને બાથમાં લઈને મળ્યા. ત્યારે તે સભામાં બેઠેલા કાઠી જે સુરા ખાચર તથા અલૈયા ખાચર તથા હીરજીભાઈ તથા સુંદરજી તથા ગંગારામ મલ તથા પાર્ષદ ભગુજી આદિક પરસ્પર બોલ્યા જે, **"મહારાજ ! આ ભિક્ષુક જેવો દૂબળો છોકરો છે, તેને ઓળખ્યા વિના તત્કાળ ઢોલિયેથી ઊતરીને કેમ બાથમાં લઈને મળે છે ?"**

તે સાંભળીને મહારાજ કહે જે, "અમે વનમાંથી આવતા હતા. તે દહાડે એની પર્ણકુટીમાં તો એક માસ પર્યંત રહીને અમે દહીં-દૂધ જમ્યા છીએ. ને તે છોકરાને ઓળખીએ પણ છીએ. અને અમે તેને ઘેર રહ્યા પણ હતા. તેને વરસ બાર વીતી ગયાં છે. ને અમે તેને ઘેરથી અરધી રાતે ઊઠીને ચાલ્યા. તેને અમને રાખવા સારુ ઘણું હેત હતું ને હેતને લીધે અમથી તેને ઘરેથી દિવસે ચાલવાનો અવકાશ મળ્યો નહીં. તે માટે અમે અરધી રાત્રીએ તેને સૂતો મૂકીને ચાલી નીસર્યા હતા. ત્યારપછી તે છોકરો જ્યારે તેના ઘેરથી સૂતો જાગ્યો ત્યારે ઊઠીને અમને શોધ્યા, પણ અમને તેણે ક્યાંય પણ દેખ્યા નહીં. ત્યારે તેની ડોસીએ તેને કહ્યું જે, 'આપણે ઘેર બાવો હતા, તે દેખાતા નથી ને તું જ્યાં હોય ત્યાંથી તે બાવાને ખોળીને તેડી આવ.' તે માટે તે છોકરો અમને ખોળતો ખોળતો આંહીં આવ્યો છે."

તે વાત સાંભળીને સર્વે સભામાં બેઠેલા કાઠીઓ તથા બીજા ભુજના સત્સંગીઓ તે સર્વે ઊઠીને બે હાથ જોડીને મહારાજના ચરણારવિંદમાં પોતાના મસ્તકને નમાવીને ગદ્‍ગદ કંઠથી બોલ્યા જે, “હે મહારાજ! તે છોકરાના જેટલો અમને તમારો મહિમા નથી સમજાણો. કેમ જે, એ છોકરાને જેવી રીતે તમે મૂકીને ચાલી નીસર્યા ને તે છોકરો તમને ખોળતો ખોળતો વાંસે હજારો ગાઉ ફરીને આંહીં આવ્યો છે. અને અમે તો આંહીં ઘરે આપ બેઠા છો તોપણ તમારે દર્શને નિત્યે આવવું તે પણ નિયમસર અવાતું નથી.” એમ કહ્યું. તે સમે મુકુંદાનંદ બ્રહ્મચારીએ મહારાજને આવીને કહ્યું જે, “હે મહારાજ ! થાળ તૈયાર થયો છે જમવા પધારો.”

તે સાંભળીને મહારાજે છોકરાને કહ્યું જે, “છોકરા, તું પણ અમ ભેળો જમવા ચાલ.” ત્યારે છોકરો કહે જે, “મહારાજ, હું હજી નાયો પણ નથી.” ત્યારે મહારાજ કહે જે, “નાહીને તું કોરું વસ્ત્ર પહેરી લે.” ત્યારે તે છોકરો નાહીને કોરું વસ્ત્ર પહેરીને મહારાજ ભેળો જમવા ગયો. તે એક પડખે તે છોકરાને મહારાજે બેસાર્યો ને મહારાજ થાળ જમ્યા ને તે છોકરાને પણ જમાડ્યો. ત્યારપછી શ્રીજીમહારાજ ભગુજી પાસે કહેવા લાગ્યા જે, “ભગુજી! વાળંદને બોલાવીને આ છોકરાની હજામત કરાવી નંખાવો.” એમ કહીને પોતે અક્ષરઓરડીમાં પોઢી ગયા.

ત્યારપછી જ્યારે મહારાજ પોઢીને જાગ્યા ત્યારે છોકરો મહારાજની આગળ જઈને દર્શન કરીને બેઠો. ત્યારે મહારાજે છોકરાને કહ્યું જે, “કેમ છોકરા ! તારે હવે સાધુ થાવું છે ?” ત્યારે તે છોકરો કહે જે, “મહારાજ ! મારે સાધુ તો થાવું છે, પણ મારી મા મારી વાંસે વાટ જોશે.” ત્યારે શ્રીજીમહારાજ કહે જે, “તારી મા વાંસે વાટ જોશે તો આપણે એક દિવસ તારી માને ઘેર ત્યાં ચાલશું.” ત્યારે છોકરો કહે જે, “ત્યારે તો મહારાજ, ભલે મને સાધુ કરો.” ત્યારે તેને મહારાજે સાધુ કરીને **‘શુકાનંદમુનિ’** નામ પાડ્યું. પછી તે સાધુ ભેળા રહ્યા.

✵ શુકાનંદસ્વામીની માતાને દર્શન આપી મોક્ષ કર્યો :

ત્યારપછી થોડાક દિવસ વિત્યા ત્યારે મહારાજે શુકાનંદસ્વામીને કહ્યું જે, "સ્વામી ! હવે તમારી માને દર્શન દેવા સારુ ચાલશો ?" એમ કહીને તે ડોસીને દિવ્ય દેહે તેડવા ગયા. તે સમે તે ડોસીને મહારાજના તથા શુકાનંદસ્વામીનાં જેવી રીતે પૂર્વે વનમાં દર્શન કર્યાં હતાં તેવી રીતે દર્શન થયાં. તે જોઈને ડોસી બોલ્યાં જે, **"ઓહોહો ! મારો પુત્ર આ મહારાજને તેડીને મારે ઘેર પાછો આવ્યો."** ત્યારે મહારાજે કહ્યું જે, "ડોસી ! અમે તો તારા દીકરાને સંગાથે લઈને તમને તેડવા સારુ આવ્યા છીએ. કેમ જે, તમે અમને દૂધપાક જમાડીને તથા સેવા કરીને રાજી કર્યા છે, તે હવે તેડી જાશું." તે સાંભળીને તેની દીકરી અતિશય રુદન કરવા લાગી.

ત્યારે મહારાજે તે છોડીને કહ્યું જે, **"તું શા માટે રુદન કરે છે ? તું પણ સુખેથી ચાલ્ય. તુને પણ તેડી જાશું." એમ કહીને તે મા-દીકરી બંનેને સંગાથે ધામમાં તેડી ગયા.** આ વાર્તા સર્વે ભુજના હરિજન આગળ મહારાજે વિસ્તારે સહિત કહી સંભળાવી જે, "આ છોકરે અમને રાખવા સારુ ઘણોયે દાખડો કર્યો હતો, પણ તેને ઘેર અમે તે દહાડે રહ્યા નો'તા. ને મુક્ત હોય તે આવી રીતે અમને ખોળતાં ખોળતાં અમારે સમીપે દર્શન કરવા આવે છે." એમ કહીને પછી મહારાજે ભારે ભારે વસ્ત્ર ઉતારીને ભગવાનજીભાઈને આપ્યાં. ને તેમને કહ્યું જે, "આ વસ્ત્ર તમારી પાસે રાખો, અમે જ્યારે ધોરાજી મંગાવીએ ત્યારે આપજ્યો." એમ કહીને બે દિવસ રહ્યા.

✵ અંજારમાં ચાંગબાઈ આદિ ભક્તોનો થાળ જમ્યા.

અને જમીને ચાલ્યા તે **અંજાર** પધાર્યા. ને સવાસરને દરવાજે માધવરાયની વાડી છે, ત્યાં ચાર કોસીયા કૂવાથી ઉગમણું શિવનું સ્થાનક છે. તે શિવના ચોતરા ઉપર ઉતરાદી કોરે શ્રીજીમહારાજ

ઊતર્યા. અને સુતાર રવજીને કહ્યું જે, "તમે ગામમાં જાઓ. ને ચાંગબાઈ આદિક બાયુને તથા ભાઈને કહેજો જે મહારાજ આવ્યા છે, તે ગામમાં નહિ આવે. માટે તમે રસોઈ કરીને ત્યાં શિવને ચોતરે લઈને ચાલો." પછી રવજી સુતારે જઈને તેમ જ બાઈયો તથા ભાઈઓને કહ્યું. ત્યારે બાઈયો તથા ભાઈઓ તે સાંભળીને અતિશય રાજી થયા, ને મહારાજ સારુ રસોઈ કરીને તે વાડીએ શિવના ઓટા ઉપર શ્રીજીમહારાજને જમાડ્યા.

પછી મહારાજને જમાડીને પગે લાગીને કહ્યું જે, "હે મહારાજ! ગામમાં પધારો." ત્યારે મહારાજ કહે જે, "અમે ગામમાં તો નહિ આવીએ. અને કાલ પણ અમને જમાડવા સારુ થાળ આંહીં લઈ આવજ્યો." એમ કહ્યું. પછી બીજે દિવસ પણ એવી રીતે બાઈઓ તથા ભાઈઓએ થાળ કરીને શ્રીજીમહારાજને જમાડ્યા. પછી જમીને આચમન કરીને મહારાજે જળપાન કર્યું. પછી તે બાઈઓ તથા ભાઈઓને શ્રીજીમહારાજે કહ્યું જે, "આ પ્રસાદી છે તે લઈ જાઓ, હવે અમે આંહીંથી ચાલશું. તે આજ રોજ અમારે તુણે જવું છે." એમ કહ્યું.

✵ શ્રીહરિએ વિચરણ કરી ધમડકા આવી લીલાઓ કરી :

પછી શ્રીજીમહારાજ ચાલ્યા તે **તુણે**થી વહાણમાં બેસીને **જોડિયે** ઊતર્યા. ત્યાં રવજી સુતારને કહ્યું જે, "અમે આ નદીમાં બેઠા છીએ, તમે ગામમાં જાઓ ને જમવા સારુ કાંઈક ટીમણ લઈ આવો." પછી રવજી સુતાર ગામમાં ગયા ને કંદોઈની દુકાનેથી જલેબી તથા સાટા તથા ઘેબર લઈને ચાલ્યા આવતા હતા. ત્યાં માર્ગમાં ધમડકાના ગરાસિયા અદાજી તથા કલ્યાણસિંગજી તથા રામસિંહજી તથા રાયધણજી એ ચાર ભાઈ જોડિયામાં હતા. તેમણે રવજી સુતારને દેખ્યા. ત્યારે તેમણે પૂછ્યું જે, "રવજીભાઈ ! તમે આંહીં કેમ આવ્યા છો ?"

ત્યારે રવજી સુતારે કહ્યું જે, "શ્રીજીમહારાજ કચ્છ દેશમાંથી વહાણે બેસીને આંહીં પધાર્યા છે. તેમની સાથે હું પણ આવ્યો છું. અને મહારાજ તો નદીમાં બેઠા છે, તેમના સારુ હું જમવા ટીમણ લેવા સારુ આવ્યો છું." ત્યારે તે ચારે ભાઈએ કહ્યું જે, "ચાલો, આપણે મહારાજને દર્શને નદીએ જઈએ."

પછી ચારે ભાઈ આવીને મહારાજનાં નદીમાં દર્શન કરીને બેઠા. ને રવજી સુતારે શ્રીજીમહારાજને જલેબી તથા સાટા તથા ઘેબર તે જમવા આપ્યા. પછી મહારાજ જમ્યા ને પછી રવજી સુતારે પાણીનો લોટો ભરી આપ્યો. તે જળપાન કરીને હાથ ધોયા. પછી ચારે ભાઈને શ્રીજીમહારાજે પૂછ્યું જે, "પ્રસાદી જમશો ?" ત્યારે ચારે ભાઈ બોલ્યા જે, "કૃપા કરીને મહારાજ આપે તો જમીએ." ત્યારે મહારાજે કહ્યું જે, "પ્રસાદી જમશો તો ગાંડા થઈ જશો." ત્યારે અદાભાઈ બોલ્યા જે, "મહારાજ ! હું તો સત્સંગી છું. અને આ મારા ભાઈ છે તે પણ પ્રસાદી જમે એવા છે, પણ કાંઈ બીએ એવા નથી." પછી તે પ્રસાદી સર્વે જમ્યા.

✵ ધમડકાના દરબારોને દીકરી ન મારવાની આજ્ઞા :

પછી શ્રીજીમહારાજે વાતું કરીને કહ્યું જે, **"સત્સંગ કરો ને દેહ છે તે ક્ષણભંગુર છે, તે ઘડી એકમાં નાશ થઈ જાય. ને ફરીને આવો મનુષ્યદેહ મળવો ઘણો દુર્લભ છે. માટે કલ્યાણનું સાધન તો તત્કાળ કરવું, પણ એમાં વિચાર ન કરવો."** ત્યારે અદાભાઈએ કહ્યું જે, "હે મહારાજ ! તમે વાત કહી તે સર્વે સાચી છે, પણ જો અમે તમે કહો તેમ કરીએ તો તમે કહેશો જે 'દીકરીઓ મારશો નહિ.' તે અમથી કેમ થાય ? એ તો અમારે લોકમાં લાજ બહુ આડી આવે છે. કેમ જે અમારા ભાયાત ને સગાં-સંબંધી તે સર્વે મશ્કરી કરે અને એક કહે જે, 'તમે કોઈના સાસરા થાશો, ને સાળા થાશો, ને તમારે

ઘેર જમાઈ ને બનેવી આવીને બેસશે.' એમ કહે તે લોકલાજ બહુ આડી આવે છે."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, **"તમે સત્સંગ કરો, ને દીકરીઓ જીવતી રાખો, ને બીજાના દીકરા ગરાસ વાળે છે, તેમ તમે અમારી આજ્ઞાએ કરીને દીકરીઓ જીવતી રાખશો તો તમારી દીકરીઓ તમારો ગરાસ વાળશે. જો તમે અમારે વચને કરીને સત્સંગ કરશો ને દીકરીઓ જીવાડશો તો તમારું કલ્યાણ થાશે.** અને તમે કહ્યું જે, 'અમારાં સગાં-સબંધી તથા નાતીલા તે અમારી મશ્કરી કરે, તે હમણાં એ મશ્કરી જણાય છે; પણ કોઈક રાજા એવો આવશે જે રાજામાત્ર અને ગરાસિયા જેટલા પૃથ્વી ઉપર છે તે સર્વેની દીકરીઓ જીવતી રખાવશે. ને જે દીકરીઓ મારશે તો તેનો ગરાસ પડાવી લેશે ને કેદ કરશે. તે દિવસ તમારી મશ્કરી થાશે કે નહિ ? થાશે."

ત્યારે અદાભાઈએ કહ્યું જે, "હે મહારાજ ! એવું થાશે તે અમે દેખશું." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમે દેખશો તો ખરા." ત્યારે તે ચાર ભાઈ વ્રતમાન ધારીને સત્સંગી થયા. પછી શ્રીજીમહારાજને પગે લાગીને ઊઠ્યા. અને શ્રીજીમહારાજ ત્યાંથી ચાલ્યા તે હાલાર દેશમાં **ધોરાજી** પધાર્યા. ત્યાં લાલવડ હેઠે પોતે આવીને ઊતર્યા ને ત્યાં રહીને ભુજથી ભગવાનજી સુતાર પાસેથી વસ્ત્ર મંગાવ્યાં. અને ત્યાં ગુજરાતનો સંઘ આવ્યો, તેને પોતે કિનખાબનાં વસ્ત્ર પહેરીને દર્શન દીધાં. પછી તે ગામમાં જીજીભાઈ તથા અજુભાઈ આદિ સર્વેની સેવા અંગિકાર કરીને ચાલ્યા તે ગામ **જૂનાગઢ** પધાર્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મુમુક્ષુએ મહારાજનાં દર્શન કર્યાં ને ધમડકાના ગરાસિયા જોડિયે ભેગા થયા ને જૂનાગઢ શ્રીજી પધાર્યા' એ નામે અઠ્યાવીસમો અધ્યાય ॥૨૮॥

અધ્યાય - ૨૯

કાલવાણીમાં સાધુને પરમહંસની દીક્ષા

ત્યાં જૂનાગઢ ભેળા થયા જે સંત ને સત્સંગી તેમને તે કિનખાબને વસ્ત્રે સહિત દર્શન દઈને બ્રાહ્મણને તથા સર્વે સંતને જમાડ્યા. ને ત્યાં સાધુની ને પરમહંસની દીક્ષાવાળાની પોતે વસ્વસ્થા કરી. ને સાધુના મંડળને સોરઠ દેશમાં ફરવાની આજ્ઞા કરી. ને પરમહંસ મંડળને ભેળા લઈને પોતે ગામ **ચુડા-રાણપુર** આવ્યા. ત્યાંથી ગામ **દેરડી** પધાર્યા ને ત્યાંથી **દુર્ગપુર** આવ્યા. ને ત્યાંથી કાઠિયાવાડ થઈને પાછા સોરઠ દેશમાં **ગોંડલ** આવ્યા. ને ત્યાંથી **ધોરાજી** થઈ **કાલવાણી** પધાર્યા. ને ત્યાં સાધુનાં મંડળ પાછાં ભેળાં થયાં. તેમને સાધુની દીક્ષા મુકાવીને પરમહંસ દીક્ષા ધારણ કરાવી. ને તેમનાં પાંચ પાંચ મૂર્તિનાં મંડળ કરીને દેશ દેશ પ્રત્યે ફરવાની આજ્ઞા કરી.

અને પછી પોતે થોડાક દિવસ ત્યાં રહીને ત્યાંથી ગામ **ભાદરા**માં વિશ્રામ સુતારની ખડકીમાં એક મહિના સુધી રહ્યા. ને ત્યાં રહીને સત્સંગમાં વચન-પત્ર લખ્યો જે, “સત્સંગીને સાધુ થાવું હોય તે ભાઈ રામદાસજી પાસે જઈને પરમહંસ થઈને અમારી પાસે આવજ્યો.” એમ લખીને ત્યાંના હરિભક્તોને શ્લોક, કીર્તન ને વાર્તા શીખવ્યાં. ને ત્યાં રહીને ભાઈરામદાસજી તથા ગોવિંદસ્વામી પ્રત્યે જેતલપુર ગામમાં મહારુદ્ર કરવા સારુ સામાન કરાવવાનો પત્ર લખ્યો.

✺ લાલજી સુતાર માટે પાણી મીઠું કર્યું.

પછી ત્યાંથી ચાલ્યા તે લાલજી સુતારને સાધુ કરવા સારુ ભેળા લઈને ગામ **પીપળિયે** પધાર્યા, ને ત્યાંથી **માળિયા**ના રણમાં ગયા. ત્યારે પોતે સેવકને કહ્યું જે, “અમને ભૂખ ને પ્યાસ ઘણી લાગી છે.” તે સમે એક અકળ પુરુષ ત્યાં આવ્યો. તેણે પાણી માગ્યું. ત્યારે પોતાની ભૂખતરસ ન ગણીને તેને થોડું પાણી હતું તે પણ આપી દીધું. ત્યારે

પોતાના ભક્ત જે લાલજી સુતાર તેને તરસ લાગી. ત્યારે તે ભક્ત બોલ્યા જે, "હે મહારાજ ! મને તો ઘણી તરસ લાગી છે." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ પાણી પી લ્યો." ત્યારે તે ભક્ત બોલ્યા જે, "આ પાણી તો સર્વે ખારું છે."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "આ પાણીમાં તો ગંગા-જમુનાની સેરુ ભળે છે, તે પાણી ચાખી તો જુઓ!" ત્યારે લાલજીભક્તે પાણી ચાખી જોયું. ત્યારે પાણી મીઠું લાગ્યું. ત્યારે પાણી ભરીને શ્રીજીમહારાજને પાયું ને પોતે પણ પીધું. તે પછી તેને તે પાણી ફરીને ચાખી જોયું ત્યારે ખારુ લાગ્યું. એવી રીતે લીલા કરીને ચાલ્યા. તે રણ ઊતર્યા ત્યાં દિવ્યદેહે રામાનંદસ્વામી મળ્યા. તેમને નમસ્કાર કરીને ચાલ્યા, તે વનમાં રાત રહ્યા ને ત્યાંથી ચાલ્યા, તે માર્ગમાં તળાવ આવ્યું. ત્યાં સ્નાન કર્યું ને ત્યાંથી આગળ ચાલ્યા, તે એક બીજું તળાવ આવ્યું. ત્યાં બે સ્ત્રીઓ બેઠેલી હતી. તેને મહારાજનાં દર્શન કરીને સમાધિ થઈ ગઈ.

પછી મહારાજ ત્યાંથી ચાલ્યા તે એક તળાવ આવ્યું. ત્યાં બે બાળક બેઠાં હતાં. તે મહારાજને જોઈને બોલ્યા જે, "આ આગળ જાય તે ભગવાન છે ને વાંસે સેવક જાય છે." પછી તેને સાંભળીને મહારાજ ચાલ્યા તે ગામ **વાંઢિયે** આવ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **લાકડિયા**ને પાદરે લાલજીભક્તને સાધુ કર્યા અને **નિષ્કુળાનંદ** નામ પાડ્યું. ત્યાંથી ચાલ્યા તે **આધોઈ** શહેરમાં લાધાજીના દરબારમાં એક માસ રહ્યા ને હરિભક્તને બહુ સુખ આપ્યું.

✹ શ્રીહરિ કહે અમે અમારા ભક્તની માળા ફેરવીએ છીએ.

અને શ્રીજીમહારાજના હાથમાં માળા જોઈને તે હરિભક્તે કહ્યું જે, "હે મહારાજ ! અમે તમારું ભજન કરીએ છીએ, ને તમારી માળા ફેરવીએ છીએ; પણ તમે કેનું ભજન કરો છો ? ને માળા ફેરવો છો?"

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “તમે સર્વે સત્સંગી ભેળા થઈને આંહીં આવીને બેસો. એનો ઉત્તર અમે કરીએ.” પછી સર્વે સત્સંગી આવીને બેઠા.

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “તમે ઘેર બેઠા અમારું ભજન કરો છો ને માળા ફેરવો છો. તે જે અમારી માળા ફેરવે છે, ને ભજન કરે છે, તેના કલ્યાણને અર્થે અમે અમારું અક્ષરધામરૂપી ઘર તેનો ત્યાગ કરીને પગપાળા ફરીને વનપર્વત તથા કાંટા-કાંકરા, ભૂખ-તરસ તે સર્વેને સહન કરીને જ્યાં તમ જેવા હરિજન હોય તે અર્થે ગામગામ પ્રત્યે ને ઘર ઘર પ્રત્યે ફરીને દર્શન દઈને તથા વાતું કરીને, સત્સંગ કરાવીને, બંધન થકી મુકાવીને, ચોરાસી થકી મુકાવીને, એકાંતિક કરીને અક્ષરધામમાં લઈ જવા છે. તે સારુ જે અમારા સત્સંગી છે તેમાં કોઈ જાતની કસર રહેવા દેવી નથી. માટે **સર્વને શુદ્ધ સત્તામાત્ર કરીને ભગવાનના ધામમાં લઈ જવા છે. એટલા માટે સર્વે દેશ તથા કચ્છ દેશમાં ફરીએ છીએ.’** એવી રીતનો વિચાર કરીને અમે ધ્યાન કરીને માળા ફેરવીએ છીએ. તે તમને અમારો સિદ્ધાંત કહ્યો.”

ત્યારે સર્વે સત્સંગીએ તથા જેમલજીએ પૂછ્યું જે, “હે મહારાજ! તમે માળાનો ક્યારેક એક પારો ફેરવતા મૂકો છો ને ક્યારેક બે-બે ભેળા પારા મૂકો છો ને ક્યારેક ત્રણ-ત્રણ સાથે પારા મૂકો છો ને ક્યારેક ચાર-ચાર તથા પાંચ-પાંચ પારા મૂકો છો. તેનું શું કારણ છે તે કહો.”

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **“એ તો તમે જેમ મને સંભારો છો ને ભજન કરો છો, તેમ હું પણ જે મારા એકાંતિક ભક્ત છે તેને સંભારીને ભજન કરું છું ને માળા ફેરવું છું** કે, આ ગામમાં એક હરિભક્ત એકાંતિક છે. એમ સંભારીને એક પારો મેલું છું ને જે ગામમાં બે હોય તો બે પારા મેલું છું, ને ત્રણ હોય તો ત્રણ ત્રણ પારા મેલું છું. ને ચાર હોય તો ચાર-ચાર પારા મેલું છું.”

ત્યારે સર્વે સત્સંગીએ તથા જેમલજીએ કહ્યું જે, “તમે તો દયાળુ છો, તે કૃપા કરીને અમારા કલ્યાણને વાસ્તે પધાર્યા છો. માટે તમે તો આત્મારામ છો ને પૂર્ણકામ છો.” એમ હરિજનોએ કહ્યું. એવી રીતે શ્રીજીમહારાજ હાસ વિનોદ કરતા સતા હરિભક્તોને સુખ આપીને ત્યાંથી ચાલ્યા. તે **ભચાઉ** પધાર્યા ને શાહ વાઘાને ઘેર થાળ જમીને ભચાઉથી ચાલ્યા. તે ગામ **ચિરઈના તળાવ કુંવરસર**ની પાળે મીઠી જારના વૃક્ષ તળે બેઠા. ને ત્યાંથી ચાલ્યા તે પોતે **ભુજનગર** પધાર્યા. ત્યાં સુંદરજીભાઈને ઘેર નિવાસ કરીને રહ્યા.

✵ શ્રેષ્ઠ રાજીપો અનુવૃત્તિ રાખવાથી મળે :

અને શ્રીજીમહારાજ એક સમે સં. ૧૮૬૪ના ભાદરવા સુદિ પડવાને દિવસ ભુજનગરમાં સુતાર હીરજીભાઈના ઘરમાં વિરાજમાન હતા. તે સમે મુકુંદાનંદ બ્રહ્મચારી તથા મુક્તાનંદસ્વામી તથા આનંદાનંદસ્વામી તથા વ્યાપકાનંદસ્વામી તથા સ્વરૂપાનંદસ્વામી આદિક સંત તથા પાર્ષદ તથા ભુજનાં ફરતા ગામડાંના કેટલાક હરિજનો મહારાજને સંગાથે રહ્યા હતા. તે સર્વે હીરજીભાઈને ઘેર ઊતર્યા હતા ને પડવાને દિવસ સાંજની સભામાં શ્રીજીમહારાજ પાટ ઉપર બિરાજમાન હતા. સંત-હરિજનો પણ આવીને મહારાજને સમીપે બેઠા. તે સમે હીરજીભાઈ તથા સુંદરજીભાઈ એ બે ભાઈ સભામાં આવીને મહારાજનાં દર્શન કરીને તથા સંત-હરિજનનાં દર્શન કરીને સભામાં બેઠા. ત્યારે શ્રીજીમહારાજ વાર્તા કરવા લાગ્યા જે, **“ભગવાનના ભક્તને ભગવાનનો રાજીપો કરાવવો તે તો અનુવૃત્તિ સાચવવાથી થાય છે; પણ અનુવૃત્તિ સાચવવી ઘણી કઠણ છે.”** એ પ્રકારની ઘણીક વાર્તા કરી.

✵ હીરજીભાઈના સંકલ્પથી અન્નકૂટ ઉત્સવ કરવાની આજ્ઞા કરી.

પછી હીરજીભાઈના મનમાં એવો સંકલ્પ થયો જે, ‘મહારાજ મારે ઘેર અન્નકૂટનો ઉત્સવ કરે તો બહુ સારું.’ એ સંકલ્પને જાણીને

મહારાજ બોલ્યા જે, "હીરજીભાઈ! તમારે ઘેર અમારે અન્નકૂટનો ઉત્સવ કરવો છે." એ વાત સાંભળીને હીરજીભાઈ તત્કાળ મહારાજના ચરણારવિંદમાં આવીને પડ્યા.

અને બોલ્યા જે, "હે મહારાજ ! મારા મનમાં જે સંકલ્પ હતો તે તમોએ જાણ્યો. મહારાજ ! મારા મનમાં તો તમોએ લાધીબાને ઘેર અન્નકોટનો ઉત્સવ કર્યો તે દિવસથી અમને એમ સંકલ્પ થયા કરતા જે, **'મહારાજ મારે ઘેર એવો ને એવો અન્નકોટનો ઉત્સવ કરે તો સારું. સર્વે દ્રવ્ય લેખે લાગે. ને અમારાં સગાંવહાલાંને પણ દેહે કરીને સેવાનો લાભ મળે.'** એ સંકલ્પને હે મહારાજ ! હું નોતો કહી શકતો, પણ ભક્તવત્સલ એવા તમે આજ સુફળ કરશો, એવો દૃઢ ભરોસો છે."

એવાં વચન સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થયા ને સર્વ સભાને સાંભળતા સતા હીરજીભાઈને મહારાજે અન્નકોટના ઉત્સવની સામગ્રી ભેળી કરવાની આજ્ઞા કરી. પછી શ્રીજીમહારાજને પણ મૂળજી બ્રહ્મચારી તેડવા આવ્યા. તેમના ભેગા સુંદરજીભાઈને ઘેર જમવા પધાર્યા. ને સુંદર જળે કરીને હસ્ત ને ચરણ ધોઈને બાજોઠ ઉપર બિરાજ્યા. ત્યાં મૂળજી બ્રહ્મચારીએ થાળ લાવીને બીજા બાજોઠ ઉપર ધારણ કર્યો. ને એક હસ્તમાં રૂમાલ લઈને મક્ષિકા નિવારણ કરવા લાગ્યા. એવી રીતે શ્રીજીમહારાજે થાળ જમીને જળપાન કર્યું ને મુખ ધોઈને પછી સુંદરજીભાઈએ આપ્યો જે મુખવાસ તેને લઈને ઢોલિયે બિરાજમાન થયા. ને થાળની પ્રસાદી સુંદરજીભાઈને આપી. પછી જળપાન કરીને પોઢી ગયા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજે પરમહંસની દીક્ષાની વ્યવસ્થા કરી, ને જેમલજીએ પૂછ્યું જે તમે કેની માળા ફેરવો છો ? ને સુંદરજીને ઘેર પોઢ્યા' એ નામે ઓગણત્રીસમો અધ્યાય ॥૨૯॥

અધ્યાય - ૩૦

ભુજમાં અન્નકૂટમાં સેવાદિક પૂર્વતૈયારી

પછી હીરજીભાઈએ સુંદરજીભાઈની સલાહ લઈને સર્વે સામાન મંગાવવાનો વિચાર કર્યો. ત્યાં તો જેઠી ગંગારામ ભાઈ તથા વાલજીભાઈ આદિક મલ્લ હરિજનો તથા શિવરામ મહેતા આદિક કાયસ્થ હરિજનો તથા વલ્લભજી આદિ લુહાણા હરિજનો તથા પ્રાગજી પુરાણી આદિક વિપ્ર હરિજનો તથા સુરજબા આદિક નાગર બાઈઓ તથા લક્ષ્મીબાઈ આદિક મલ્લ હરિજન બાઈયો તથા જેઠીબાઈ આદિક લુહાણા બાઈયો તથા લાધીબા આદિક કાયસ્થ બાઈયો તે સર્વે મળીને હીરજીભાઈને પાસે આવ્યાં.

અને હીરજીભાઈને કહ્યું જે, “તમો અન્નકોટ કરાવો છો. માટે જે જે કાંઈ અમારા સરખું કામકાજ હોય તે અમને બતાવો. અમારે પણ તમારે લીધે મહારાજની એટલી સેવા થાશે.” એવાં પ્રેમ ને શ્રદ્ધા સહિત હરિજનોનાં વચન સાંભળીને હીરજીભાઈ અત્યંત રાજી થયા. પછી પ્રાગજી આદિક વિપ્રોને પાકશાળામાં પકવાન કરવાં-કરાવવાં તે કામ સોંપ્યાં. અને સુરજબા આદિક બાઈયુંને પણ કેટલાક પકવાન કરવાં-કરાવવાં તથા સેવ, પાપડ, વડી આદિક સામગ્રી કરવી-કરાવવી તે કામ સોંપ્યાં. અને લુહાણા વલ્લભજી આદિકને ઘી-ગોળ, ખાંડ, સાકર, ઘઉં, ચોખા, ચણાદાળ, ધાણા આદિક મસાલા તથા અનેક પ્રકારનાં શાક એ આદિક સામગ્રી લાવવી તે કામ સોંપ્યાં.

અને શિવરામભાઈ તથા હરજીવનભાઈ તથા નારાયણજીભાઈ કાયસ્થ હરિજનોને નાનાંમોટાં ત્રાંબા-પીતળનાં પાત્ર તથા મૃતિકાનાં કેટલાક પાત્ર તે સામગ્રી મંગાવવી તે કામ સોંપ્યાં. અને પાકશાળામાં જોઈતા પદાર્થ તત્કાળ જ્યાં જ્યાં હોય ત્યાંથી લાવીને સોંપવાં, તે કામ જેઠી ગંગારામભાઈ આદિક મલ્લ હરિજનોને સોંપ્યાં. અને સોની

ગોમતીબાઈ આદિક બાઈઓને ઘઉં દળાવવા તથા ડાંગર છડાવવી તથા દાળ છડાવવી, ચણા-મગની દાળ કરાવવી આદિક સામગ્રી સંપાદન કરાવવી, તે કામ સોંપ્યાં. ને બીજી કેટલીક બાઈઓને પાણી ભરાવવું તથા દેશાંતરથી આવેલા બાઈઓને ઉતારા અપાવવા એ કામ સોંપ્યું. એવી રીતે જેમ ઘટતું તેમ સર્વેને સેવાની સોંપણી કરી.

પછી હીરજીભાઈએ વંડીમાં હમીરસરને કાંઠે સુંદર પાકશાળાની રચના કરાવી. અને પ્રથમ તો પાકશાળામાં લોટ, ઘી, ગોળ, સાકર, ખાંડ અનેક પ્રકારનાં બદામ પિસ્તા આદિક તેજાના તથા મોટાં પતરાં, કડાયાં, થાળ, તપેલાં, તાંસ, કુંડીઓ, ઝારા, કડછા, તાવેથા, ડંકા, હાથલા વાટકા આદિક અનેક પ્રકારનાં નાનાંમોટાં ઉપયોગી પાત્ર, તે જેઠી ગંગારામભાઈ તથા ખીમજીભાઈ તથા મલજી તથા સંગજી તથા નથુભાઈ આદિક પાસે પહોંચડાવ્યા. પછી મોટી મોટી કોઠીઓ તથા મોટી મોટી પીપું પાણીની ભરાવી.

પછી રસોઈયા પ્રાગજી પુરાણી, ભટ્ટ મૈદાસ તથા ભટ્ટ વલ્લભજી તથા ભટ્ટ માધવજી તથા ભટ્ટ વિશ્વેશ્વર તથા ભટ્ટ કામેશ્વર તથા ગોર ભવાનીદાસ તથા દવે ઈશ્વર તથા મોટા નરસિંહ તથા ભાણજીભાઈ આદિક ભક્તોએ પાક કરવાનો આરંભ કર્યો. પાક કરવામાં જે જે ઉપયોગી સામગ્રી માંગે તે તે જેઠી ગંગારામભાઈ તથા વાલજીભાઈ આદિક મલ્લ હરિજનો તત્કાળ લાવી આપતા.

અને સુરજબાઈ, પ્રભાબાઈ, લેરખીબાઈ તથા હાંસકુંવરબાઈ તથા જેકુંવરબાઈ જેઠીબાઈ, પ્રેમકુંવરબાઈ તથા અંબાબાઈ તથા પૂતળીબાઈ તથા નાનીબાઈ તથા લક્ષ્મીબાઈ તથા નાનીબાઈ આદિક બાઈઓ તેણે પણ પાક કરવાનો આરંભ કર્યો. તે પાક કરવામાં જે જે સામગ્રી માંગે તે રૂપાબાઈ તથા અમરબાઈ તથા હરબાઈ તથા પુંજીબાઈ તથા સેજીબાઈ તથા જમુનાબાઈ તે તત્કાળ લાવી આપતી.


આવી રીતે અન્નકોટના ઉત્સવનો આરંભ થયો. ને ભુજનગરમાં શેરીએ શેરીએ ને ચોકે ચોકે તથા ઘરોઘર એવી વાર્તા થવા લાગી જે, 'હીરજીભાઈ તો દિવાળીના અન્નકોટનો ઉત્સવ કરાવે છે. તે દેશાંતરના લક્ષાવધિ જનો ભુજનગરમાં આવશે.' એવી રીતે પરસ્પર બોલતા હતા. અને શ્રીજીમહારાજે પણ પ્રાગજી પુરાણી પાસે કંકોત્રીઓ લખાવી જે, 'લખાવિતંગ સ્વામી શ્રી૧૦૮ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ સર્વે ભાઈ બાઈ અમારા જયશ્રીસ્વામિનારાયણ વાંચશો. અત્ર સંવત્ ૧૮૬૪ના કાર્તિક સુદિ-૧ને દિવસ અન્નકૂટનો ઉત્સવ છે. માટે તે ઉત્સવ ઉપર બાઈ-ભાઈ બાલવૃદ્ધ સર્વેને આવવું.' એવી રીતની કંકોતરીઓ લખાવીને દેશાંતરમાં શહેર, પાટણ, ગામ, ખેટ, ખર્વટ, પુરી, પ્રાંત, ગોસ, નેહ આદિક અનેક ઠેકાણે મોકલાવી.

✵ શ્રીહરિએ હમીર સરોવરનો મહિમા કહ્યો :

અને શ્રીજીમહારાજ નિત્યે હમીર સરોવરમાં સ્નાન કરવાને અર્થે પધારતા. તેમાં ક્યારેક તો રઘુનાથજીને આરે પધારતા ને ક્યારેક તો પાવડીને આરે પધારતા અને ક્યારેક તો મુનિબાબાના બંગલાવાળા આરે પધારતા ને ક્યારેક તો ઝંડાવાળા આરે પધારતા ને ક્યારેક તો વડવાળા આરે પધારતા. એવી રીતે નિત્ય પ્રત્યે એ સરોવરમાં સ્નાન કરે ને નારાયણબાગમાં પધારે. ત્યાં આંબલીનાં વૃક્ષ પાસે વેદી ઉપર બિરાજમાન થાય ને સંત-હરિજનોની સભા થાય. તે આસો સુદી એકાદશીને દિવસે મહારાજ નારાયણબાગમાં વેદિ ઉપર બિરાજમાન હતા. અને હજારો સંત-હરિજનોની સભા ભરાઈને બેઠી હતી. ને બીજા પણ હજારો મનુષ્યો જોવાને અર્થે આવેલાં. તે પણ સભાની ચારે બાજુ ગઢની પેઠે વીંટાઈને ઊભા રહ્યા.

તે સમે સભામાં બેઠેલા સુંદરજીભાઈએ શ્રીજીમહારાજ પ્રત્યે પૂછ્યું જે, "હે મહારાજ ! પરોક્ષમાં ગંગાજીનો બહુ મહિમા છે. તે

તો સત્યયુગમાં વાનમજીએ અંડકટાહ ફોડ્યું, તે સમે વામનજીના ચરણના અંગૂઠાનો સ્પર્શ થયો છે, તેણે કરીને છે. તેમ જ આ **હમીરસરમાં રામકૃષ્ણાદિક અનંત અવતારના અવતારી, અક્ષરધામના પતિ એવા તમો આ અનંત અક્ષરધામના મુક્ત સાથે અનંતવાર સ્નાન કર્યું છે,** ને તેના જળનું પાન કર્યું છે. માટે આ હમીરસરનો કેટલો મહિમા હશે ? તે અમારે સર્વેને સાંભળવાની ઇચ્છા છે." એવી રીતે સુંદરજીભાઈએ પૂછ્યું.


श्रीजिमाहाराजतेजेतेसर्व
सभानेसंभलायएविरितनिमेघनासरखिगंभीरवाणियेकरिने
बोलताहवाजेहेसुंदरजीभाईगंगाजीनोमहिमातेवामनजीनाअंगु
ठानास्पर्शेथिछेतेआजतोतेवामनजिजेवाअनंतअवतारतथा
रामकृष्णादिकअनंतअवतारनाअवतारिप्रगटपुरुषोत्तमएवा
जेअमेतेआसरोवरनेविषेअनंतवारस्नानकरताहवा

શ્રીજીમહારાજ તે જે તે સર્વ સભાને સંભળાય એવી રીતની મેઘના સરખી ગંભીર વાણીએ કરીને બોલતા હવા જે, "હે સુંદરજીભાઈ ! ગંગાજીનો મહિમા તે વામનજીના અંગૂઠાના સ્પર્શથી છે. તે આજ તો તે વામનજી જેવા અનંત અવતાર તથા રામકૃષ્ણાદિક અનંત અવતારના અવતારી પ્રગટ પુરુષોત્તમ એવા જે અમે, તે આ સરોવરને વિષે અનંત વાર સ્નાન કરતા હવા

માટે આ સરોવરના મહિમાનો શેષ પણ પાર પામવાને સમર્થ થાય તેમ નથી. પણ કિંચિત્ મહિમા તમારા પાસે કહું છું કે આ સરોવરને કાંઠે મરિચિ, ગર્ગ, ગૌતમ, વશિષ્ઠ, વિશ્વામિત્ર, અત્રિ, પુલસ્ત્ય, વિભાંડક, ચ્યવન, શૌનક, શૃંગીઋષિ, ભારદ્વાજ, ભાગુરી, જૈમીનિ, સૌભરિ, મૈત્રેય, શંખ, લિખિત, દેવળ, યાજ્ઞવલ્કય, વૈશંપાયન, કણાદ, કરભાજન, પાણિની, ભૃગુ, હારીત આદિક અનંત બ્રહ્મઋષિઓ નિરંતર નિવાસ કરીને રહે છે.

અને નવ યોગેશ્વર તથા ચાર સનકાદિક, શુકજી અને બીજા પણ કેટલાક સિદ્ધ તથા મહર્ષિઓ નિયમપૂર્વક આ સરોવરમાં સ્નાન કરવા આવે છે. ને ઈન્દ્ર, ચંદ્ર, કુબેર, બૃહસ્પતિ આદિક અધિપતિ દેવો પણ આ સરોવરના નિત્ય દર્શન કરવા આવે છે. ને આ સરોવરમાંથી કોઈ મનુષ્ય મૃતિકાનો પિંડ બાહેર કાઢે છે, તો તે મનુષ્ય બહાર કાઢેલી મૃતિકાનાં જેટલાં પરમાણુઓ હોય તેટલાં વર્ષ પર્યંત સ્વર્ગલોકમાં સુખ ભોગવે છે. ને જે કોઈ મનુષ્ય આ સરોવરના જળનું પાન કરે છે, તો તે જનના હજાર જન્મનાં પાપ નાશ થઈ જાય છે. **ને જે જન આ સરોવરમાં સ્નાન કરીને જળપાન કરે છે, તો તે જન નાશ પામી ગયાં છે હજાર જન્મનાં પાપ જેનાં, એવો સતો બ્રહ્મલોકને પામે છે.**

અને આ સરોવરને કાંઠે જે કોઈ પુરુષ શ્રાદ્ધ કરીને પિંડદાન આપે છે, તો તેના પિત્રી વૈકુંઠધામને પામે છે. ને જે કોઈ જન આ સરોવરને જોઈને નમસ્કાર કરે છે, તો તે પણ સ્વર્ગલોકને પામે છે. ને સો જોજન છેટે રહીને પણ આ સરોવરનું નામ ઉચ્ચારણ કરે છે, તો તે જન નાશ પામી ગયા છે સર્વે આધિ-વ્યાધિ જેના, તેવો સતો ચક્રવર્તી રાજ્યને પામે. અને આ સરોવરમાં ગંગા, યમુના, સરસ્વતી, ગોદાવરી, કાવેરી, પુષ્કરરાજ આદિક અનેક તીર્થ નિરંતર નિવાસ કરીને રહે છે. અને **આ સરોવરની મૃતિકાનું અજાણમાં પણ તિલક કરે છે, અથવા શરીરે સ્પર્શ કરે છે, તો તેને યમપુરીનું દર્શન કોઈ દિવસ થતું નથી.**

અને આ સરોવરનું જે સવારમાં ઊઠીને પોતાના મનમાં સ્મરણ કરે છે, તો તે પુરુષના સો જન્મનાં પાપ નાશ પામે છે. ને આ સરોવરની કોઈ પ્રદક્ષિણા કરે છે તો તેને પગલે પગલે અશ્વમેધ યજ્ઞનું ફળ થાય છે. અને જે કોઈ જન જાતિએ અધમ અને પતિત હશે, તે કેવો તો જેનું પિત્રી શ્રાદ્ધ પણ ગ્રહણ ન કરતા હોય, તેવો જન પણ આ સરોવરમાં સ્નાન કરીને મારું નામ લઈને જો પિત્રીને શ્રાદ્ધ કરીને પિંડ આપશે તો તે પિત્રી તત્કાળ શ્રાદ્ધને ગ્રહણ કરશે.

તથા આ સરોવરમાં રહેલાં એવાં મછ તથા કચ્છ તથા મગર વિગેરે જળચર જીવ તે પણ દેહનો જ્યારે ત્યાગ કરશે ત્યારે મોટા દેવતામાં પણ મોટા દેવના દેહને પામશે.

અને તે સમય જ તેને વરવા સારુ દેવાંગનાઓ તથા અપ્સરાઓ પરસ્પર લડશે. તથા આ સરોવર ઉપરથી અધ્ધર આકાશમાં ઊડીને ગતિ કરતાં જે મચ્છર તથા પક્ષી આદિ જીવ તે પણ દેહનો ત્યાગ કરીને સર્વે મારા વૈકુંઠધામને પામશે. તથા આ સરોવર જેણે બંધાવ્યું હશે તે બાંધનાર જન દેહનો ત્યાગ કરીને મારા બ્રહ્મધામને પામશે. તથા આ સરોવરમાં દ્રવ્ય લઈને મહેનત કરી હશે, તે મનુષ્ય દેહના આયુષને અંત્યે મારા ગોલોક ધામને પામશે. તથા જે પશુએ પથ્થર તથા મૃતિકા ઉપાડી હશે તથા જે મનુષ્ય જે કાંઈ શ્રદ્ધાથી મહેનત કરી હશે, તે મનુષ્ય તથા પશુ તે દેહનો ત્યાગ કરીને મારા બદરિકાશ્રમ ધામને પામશે. તથા આ સરોવરના ખોદાવવાના તથા ઉપડાવવાના ઉપયોગમા આવ્યાં જે કાષ્ટ, તૃણ, પત્ર વિગેરે વસ્તુ તે વૃક્ષના તથા વેલી તથા તૃણ ગુલ્મ, લતા આદિક જીવ પણ દેહનો ત્યાગ કરીને મારા શ્વેતદ્વીપ ધામને પામશે. એવો ઘણોક આ સરોવરનો મહિમા છે."

એવી શ્રીજીમહારાજની વાણી સાંભળીને સુંદરજીભાઈ તથા ગંગારામભાઈ આદિક સભામાં બેઠેલા સંત-હરિજનો તથા કેટલાક બીજા મતવાદી તે સર્વે ઘણા વિસ્મય પામ્યા. અને તે દિવસથી આરંભીને હમીર સરોવરમાં સ્નાન કરવાનું તથા તેને પ્રદક્ષિણાઓ કરવી તથા નમસ્કાર કરવો તથા તેને કાંઠે શ્રાદ્ધ કરાવવું. તથા તેમાંથી મૃતિકા ઉપાડી બાર કાઢવી એ આદિક ઘણાક પ્રકારના નિયમો ઘણા જનોએ લીધા. અને શ્રીજીમહારાજ પણ ત્યાંથી ઊઠીને સર્વે સંત-હરિજનોએ વીંટાણા થકા સુંદરજીભાઈને ઘેર પધાર્યા ને પોતાનું દેવાર્ચનાદિ નિત્ય કર્મ કરવાને અર્થે ઉગમણે મુખારવિંદે બિરાજમાન થયા. તે સમય સર્વે સંત-હરિજનો પોતપોતાનું નિત્યકર્મ કરીને સભામાં આવીને બેઠા.

✵ શેષજી વિપ્રના વેશે શ્રીહરિના દર્શને આવ્યા.

તે સમયે શેષનારાયણ વિપ્રને વેશે શ્રીજીમહારાજનાં દર્શન કરવાને આવ્યા. ને શ્રીહરિને નમસ્કાર કરીને સભામાં એક પગે ઊભા રહીને હાથ જોડીને પ્રાર્થના કરી જે, "હે મહારાજ ! આ હમીર સરોવરનો મહિમા તમોએ નારાયણબાગમાં સુંદરજીભાઈ આદિક સર્વે હરિજનો પ્રત્યે કહ્યો, તે સમયે નારદજી સભામાં વિપ્રને વેશે આવીને બેઠા હતા, તેમણે સાંભળ્યો. પછી તત્કાળ પાતાળ લોકમાં આવીને મારી પાસે મને તે વાત કરી જે, 'અક્ષરાતીત ને સર્વાવતારી શ્રીપુરુષોત્તમ પ્રત્યક્ષ ભગવાન અનંત જીવનાં કલ્યાણ કરવા સારુ પૃથ્વી ઉપર ઉત્તર કોશલ દેશમાં ભક્તિધર્મના ઘરમાં અનંત દિવ્ય અક્ષરમુક્તે સહિત પ્રગટ થઈને હાલ કચ્છ દેશમાં ભુજનગરમાં સુતાર હીરજીભાઈને ઘેર બિરાજે છે. ને અનંત દિવ્ય અક્ષરમુક્તને સાથે લઈને નિત્ય હમીરસરમાં જલક્રીડા કરીને હમીરસરને સર્વે તીર્થ કરતાં શ્રેષ્ઠ તીર્થ કર્યું છે. ને તેનો શ્રીમુખે પોતે બહુ મહિમા કહ્યો, તે મેં શ્રીજીમહારાજના મુખથી સાંભળ્યો છે.'

એમ વાત નારદમુનિએ આવીને કરી. ત્યાં તો હે મહારાજ ! મને અતિશે આનંદ થયો. ને તે આનંદ મારા શરીરમાં ન સમાણો ને બહાર નીકળી ગયો. તે ભેળો હું તમારી પાસે આવ્યો છું. માટે મને શી આજ્ઞા છે ?" ત્યારે સહજાનંદસ્વામીએ કહ્યું જે, "આ સરોવરનો મહિમા તમારે નિત્ય ગાવો." પછી શેષનારાયણ તે વચન અંગીકાર કરીને શ્રીહરિને નમસ્કાર કરીને પાતાળમાં ગયા. ને સહજાનંદસ્વામીએ જળપાન કરીને ભક્તજનનું હિત ચિંતવન કરતા સતા યોગનિદ્રાને ગ્રહણ કરી.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'સુંદરજી તથા હીરજીએ અન્નકોટની સામગ્રી કરાવી ને મહારાજે હમીર સરોવરનો મહિમા કહ્યો ને રાત્રીએ પોઢ્યા' એ નામે ત્રીસમો અધ્યાય ॥૩૦॥

અધ્યાય - ૩૧

દેશદેશથી ઉત્સવમાં આવતા સંતો-ભક્તોની ભાવના

રસોઈયાએ પણ અનેક પ્રકારનાં પકવાન તૈયાર કરી કરીને મોટા મોટા કોઠામાં જુક્તિએ કરીને ખડકી મૂક્યાં. અને બાઈઓએ પણ સુંદર સેવો તથા અડદ ને ચોખા ને મગના પાપડ તથા વડીઓ, મઠિયા, ફાફડા આદિક સામગ્રીઓ કરીને જુદી જુદી ખડકીને એક ઠેકાણે ભેળી કરી. આવી રીતે ઉતાવળથી પકવાનનું કામ ચાલતું હતું. અને પ્રાગજી પુરાણી તથા સુરજબાઈ તે નિત્ય પ્રત્યે મહારાજ પાસે આવીને પાકશાળામાં જે જે પકવાન થાય તેની વિગત કહેતા.

હવે દેશાંતરમાં કંકોત્રીઓ પહોંચી, તે સાંભળીને સર્વે બાઈ-ભાઈ, બાલવૃદ્ધોએ શ્રીહરિનાં દર્શન કરવા સારુ ભુજનગર પ્રત્યે આવવાનું પ્રયાણ કર્યું. તેમાં કોઈક તો રથ ઉપર બેસીને આવ્યા. ને માર્ગમાં એકબીજા ગામના હરિજનો ભેળા થાય ત્યારે એકબીજાને પૂછે જે, “તમે મહારાજની પૂજા કરવા સારુ શું શું લીધું ?”

ત્યારે પોતે જે જે સામગ્રી લીધી હોય તે એકબીજાને કહેવા લાગ્યા. તેમાં કોઈક તો કહે જે, મેં મહારાજની પૂજા કરવા સારુ કપૂર લીધું છે, ને કપૂરની માળા, કપૂરનાં કડાં, કપૂરના બાજુબંધ, કપૂરની પોંચી, કપૂરના નેપુર, કપૂરના સાકળાં, કપૂરનાં કુંડળ તે લીધાં છે. અને કોઈક કહે, મેં મહારાજ વાસ્તે નંગજડિત સુંદર વીંટી તથા વેઢ લીધો છે. ને કોઈક કહે, મેં મહારાજ સારુ જરિયાની સુરવાળ, ડગલી, પાઘ, સિરપેચ તથા સેલું આદિક લીધાં છે. ને કોઈક કહે, મેં મહારાજ સારુ મખમલનો પોષાક લીધો છે. અને કેટલાક કહે, અમે મહારાજની પૂજા કરવા સારુ કેસર તથા કસ્તુરી લીધી છે. એવી રીતે પરસ્પર જનો કહેતા હતા. અને શ્રીજીમહારાજનું નિત્યે સ્મરણ કરતાં ચાલ્યા આવતા હતા.

અને દેશાંતરમાં ફરવા ગયેલ મુનિનાં મંડળ પણ અન્નકોટના સમાચાર સાંભળીને તત્કાળ તે તે દેશમાંથી ચાલી નીકળ્યાં. તે સંત કેવા છે ? તો ખભે વળગાડ્યાં છે પુસ્તક જેણે, ને સ્વામિનારાયણ સ્વામિનારાયણ મુખેથી નિરંતર રટન કરતા ને ધનુષ્યમાંથી બાણ નીકળે તેમ અતિ ઉતાવળા ચાલ્યા, તે માર્ગમાં કાંટા, કાંકરા, ખાડો, વાડ, આવે તેને પણ ન ગણતા. ને નાસિકાગ્ર સન્મુખ છે દૃષ્ટિ જેમની એવા સંતોનાં મંડળ તે પણ ભુજનગરના જે માધાપર, ફકીરવાડી, ગઢડું ને રતિયા આદિક શાખાનગર તે પ્રત્યે આવીને રહ્યા. તે સર્વે ભેગા થઈને શ્રીહરિનું ચિંતવન કરવા લાગ્યા જે, 'શ્રીજીમહારાજના સવારમાં આપણને દર્શન થશે, ને મહારાજ આપણને હેતે કરીને મળશે. ને ચરણારવિંદ છાતીમાં આપશે ને પોતાનું સુંદર હસ્તકમળ તે આપણાં મસ્તક ઉપર ધારણ કરશે. ને પોતાની પ્રસાદીના હાર તથા થાળ તે આપશે. ને પોતાના સ્વરૂપના મહિમાની વાતું કરીને બહુ સુખ પમાડશે. ને આપણે શ્રીજીમહારાજની મૂર્તિ ને અંગોઅંગ નીરખીને કૃતાર્થ થાશું.' એવી રીતે પરસ્પર કહેતા થકા રાત્રીને નિર્ગમન કરી.

✻ શ્રીહરિ ભક્તો સાથે પાકશાળામાં જોવા પધાર્યા :

તે દિવસ શ્રીહરિ પણ હીરજીભાઈ તથા સુંદરજીભાઈ તથા રણછોડભાઈ તથા ગંગારામભાઈ તથા વાલજીભાઈ આદિક હરિજનોને સાથે લઈને પાકશાળામાં પાક જોવા સારુ પધાર્યા. તે વાત સાંભળીને રસોઈયા તત્કાળ અનેક પ્રકારના પકવાનનાં મોટાં મોટાં પતરાં ભરેલાં તે તૈયાર કરી રાખ્યાં. પછી શ્રીજીમહારાજ પાકશાળામાં પધાર્યા. ત્યાં પ્રાગજી પુરાણીએ શ્રીહરિને બેસવા સારુ ચાકળો નાખ્યો. તે ઉપર શ્રીહરિ બિરાજ્યા. અને રસોઈયા મહારાજને નમસ્કાર કરીને હાથ જોડીને પાસે ઊભા રહ્યા.

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "શાં શાં પકવાન કર્યાં ?" ત્યારે રસોઈયા મૈદાસ ભટ્ટ આદિ બોલ્યા જે, "હે મહારાજ ! આજ તો

સાટા, ઘેબર, સકરપારા, મગજ, મોતૈયા આદિક પકવાન કર્યાં." પછી મહારાજને તે સર્વે બતાવ્યાં અને બાકી કરવાનાં પકવાન પણ ગણી બતાવ્યાં. તે સમયે હીરજીભાઈના સામું જોઈને મહારાજે કહ્યું જે, "હીરજીભાઈ ! સંત તથા હરિજન તો ઘણા આવશે. માટે સર્વેને પહોંચે તેવી રીતે સામગ્રી કરાવજો, પણ થોડી હશે ને ખૂટશે તો લાજ જશે."

પછી હીરજીભાઈ બોલ્યા જે, "હે મહારાજ ! પકવાન તો તમારા કહેવા પ્રમાણે વધારે કરાવ્યાં છે, પણ અમારી લાજ રાખવી તે તો તમારા હાથમાં છે. અને હે મહારાજ ! તમારા વિષે નિષ્કપટ ભાવે ભક્તિ કરનારા ભક્તની કોઈ દિવસ લાજ જાય નહિ. તેની તો કીર્તિ વધે છે." એવી રીતનાં ઘણાંક વિનોદનાં વચન કહીને શ્રીહરિને પ્રસન્ન કર્યા. પછી મહારાજ રસોઈયાનાં વખાણ કરીને પાછા પોતાને ઉતારે પધાર્યા.

અને ગોડી વખત થઈ ગયો તેથી સંત ગોડીનાં પદ બોલ્યા. ત્યાં મહારાજ સભામાં આસન ઉપર બિરાજ્યા ને આરતી નારાયણધૂન કરીને કથા વંચાવતા હતા. તે એકાદશીની કથા પ્રાગજી પુરાણી વાંચતા હતા. તે અધ્યાયની સમાપ્તિ થઈ રહી ને શ્રીપતિં કરીને મહારાજ ઉતારે પધાર્યા. ને સુંદર જળે સ્નાન કરીને પીતાંબર પહેર્યું. ને સુંદર ઉપરણી ઓઢીને મૂળજી બ્રહ્મચારીએ બાજોઠ ઢાળી દીધો તે ઉપર બિરાજ્યા. ને મૂળજી બ્રહ્મચારી ભાત, દૂધ ને સાકર તથા પાપડ લાવ્યા. તેને જમીને જળપાન કર્યું. પછી મુખવાસ લઈને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. ને પોતાના પાર્ષદોએ સેવ્યા છે ચરણકમળ જેમનાં, એવા સતા શ્રીહરિ પોઢી ગયા.

✵ અન્નકૂટોત્સવમાં પધારતા સંતોને શ્રીહરિ દર્શન દેવા ગયા :

પ્રાતઃકાળ થયું ત્યાં તો સંતમંડળ પોતપોતાનાં પુસ્તકો તથા તુંબડાં, જળપાત્ર તેને ખભે વળગાડીને હસ્તમાં તુલસીની માળાઓ લઈને ઊંચે સ્વરે "સ્વામિનારાયણ...સ્વામિનારાયણ..." કરતાં થકા

ચાલ્યા. તે ભુજને સમીપે આવ્યા. ત્યાં તો શ્રીજીમહારાજ પ્રાતઃકાળમાં ઊઠી સ્નાન, સંધ્યાવંદનાદિ પોતાનું નિત્યકર્મ કરીને તૈયાર થયા. ને અંતર્યામીપણે કરીને પોતે પ્રથમથી જ હરડી ઘોડીને પલાણ નંખાવીને તૈયાર કરાવી. અને હીરજીભાઈ, સુંદરજીભાઈ, જેઠી ગંગારામભાઈ, અદાભાઈ તથા શિવરામ મહેતા તથા હરજીવન મહેતા એ આદિક હરિજનો પણ પોતપોતાના અશ્વને તૈયાર કરીને તૈયાર થયા.

પછી શ્રીજીમહારાજ સર્વે અસ્વારથી વીંટાણા થકા ભુજનગરથી બહાર નીસર્યા. તે સમે શ્રીજીમહારાજ પોતાની ઘોડીને ઉતાવળી દોડાવતા થકા સંતોને દર્શન દેવા સારુ સન્મુખ ગયા. ત્યાં તો સર્વે મુનિ શ્રીહરિને દૂરથી આવતા દેખીને અતિશે હર્ષને પામતા સતા અતિ વેગે કરીને સન્મુખ આવ્યા. કેની પેઠે ? તો જેમ હંસ માનસરોવર પ્રત્યે જાય, ને જેમ ભિક્ષુકજનો દાનેશ્વરી પુરુષ સન્મુખ જાય, ને જેમ બાળક પરગામથી આવતી પોતાની માતા સન્મુખ જાય, અને ઉનાળાને તાપે કરીને અકળાઈ ગયેલા હસ્તી તે જેમ ગંગાના ધરા પ્રત્યે જાય, ને ગંગા, યમુના, સાબરમતી આદિક મોટી નદીઓ તે જેમ સમુદ્ર પ્રત્યે વેગે કરીને જાય; તેમ તે સર્વે મુનિજનો અતિ વેગે કરીને સર્વ અવતારના અવતારી ને સર્વ સુખના નિધિ એવા જે સહજાનંદસ્વામી તેમને સન્મુખ અતિ વેગે કરીને આવ્યા.

તે કિયા કિયા મુનિ આવ્યા ? તો વ્યાપકાનંદમુનિનું મંડળ આવ્યું તથા સ્વરૂપાનંદસ્વામીનું મંડળ આવ્યું તથા આનંદાનંદસ્વામીનું મંડળ આવ્યું તથા નિષ્કુળાનંદસ્વામી તથા પૂર્ણાનંદસ્વામી પોતપોતાના મંડળે સહિત આવ્યા. ને મહાનુભાવાનંદસ્વામી પોતાના મંડળે સહિત આવ્યા. ને નૃસિંહાનંદસ્વામી પણ પોતાના મંડળે સહિત આવ્યા. ને ચૈતન્યાનંદમુનિનું મંડળ આવ્યું. ને નિરંજનાનંદમુનિ પોતાનું મંડળ લઈને આવ્યા. તથા અદ્ભુતાનંદસ્વામીનું મંડળ આવ્યું. તથા પરમાનંદસ્વામી પોતાનું મંડળ લઈને આવ્યા. તથા પોતાને મંડળે સહિત

સુખાનંદમુનિ આવ્યા. અને બીજા પણ મુનિઓ પોતપોતાના મંડળે સહિત ભુજનગરમાં આવ્યા. અને અન્નકોટના ઉત્સવ ઉપર શ્રીહરિનાં દર્શન કરવાને અર્થે આવ્યા. અને શ્રીહરિને સમીપે આવીને રોમાંચિત છે ગાત્ર જેમનાં, ને પ્રેમના આંસુએ કરીને સજળ થઈ ગયાં છે નેત્ર જેમનાં, એવા સતા પૃથ્વી ઉપર પડીને સાષ્ટાંગ દંડવત્-પ્રણામ કરવા લાગ્યા.

પછી સહજાનંદસ્વામી મહારાજે તે સંતોને ઘોડીથી નીચે ઊતરીને ઉપાડી લીધા. અને અતિ પ્રેમે કરીને મળ્યા. ને સંતોનાં મસ્તક ઉપર પોતાના હસ્તકમળને ધારણ કરીને શાંતિ પમાડ્યા. અને પછી સુખ સમાચાર પૂછ્યા. પછી શ્રીહરિ સર્વે સંતે વીંટાણા થકા ભુજનગરમાં આવ્યા. તેમને હીરજીભાઈએ પોતાની મેડીઓમાં ઉતારા આપ્યા. ત્યાં તો મૂળજી બ્રહ્મચારી મહારાજને તેડવા આવ્યા, તે ભેગા શ્રીહરિ જમવા પધાર્યા. ને સુંદરજીભાઈની રહેવાની મેડી ઉપર મહારાજ બાજોઠ ઉપર બિરાજમાન થયા.

અને મૂળજી બ્રહ્મચારીએ સુંદર દૂધપાક, પૂરી, માલપુવા, સુરણનું શાક, ભજિયાં, કેરીનું અથાણું ને દહીંની કઢી, ને પંખાળી કમોદનો વઘારેલો ભાત તથા સુંદર તુવેરની લચકો દાળ આદિક ભોજનથી ભરેલો સોનાનો થાળ ચોસઠ વાટકાએ સહિત લાવીને ધરાવ્યો. તેને શ્રીહરિ જમવા લાગ્યા. તે સમે કેટલાક હરિજનો મહારાજનાં દર્શન કરવા સારુ આવીને બેઠા. તે પછી મહારાજ જમીને તે સુંદર થાળની પ્રસાદી સુંદરજીભાઈને આપી. પછી મુખવાસ લઈને જળપાન કરીને સંતોની પંક્તિ કરાવી. ને મહારાજે સંતોને પીરસીને જમાડ્યા. પછી દેશાંતરના હરિજનોને પણ જમાડીને પોતે જળપાન કરીને પોઢી ગયા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજ અન્નકોટ જોવા પધાર્યા તથા સંતોનાં મંડળ આવ્યાં ને સંત-હરિજનોને જમાડીને પોઢ્યા' એ નામે એકત્રીસમો અધ્યાય ॥૩૧॥

અધ્યાય - ૩૨

ભક્તોને ઘટે તેમ ઉતારા અને અન્નકૂટોત્સવ

પછી મહારાજ બે ઘડી વિશ્રામ કરીને જાગ્યા. ને સુંદર સુગંધીમાન જળથી કોગળા કરીને તેનું પાન કર્યું. ને હીરજીભાઈને પોતા પાસે બોલાવ્યા. ત્યારે હીરજીભાઈ મહારાજ પાસે આવીને નમસ્કાર કરી હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! શી આજ્ઞા છે ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "દેશાંતરના હરિજનો ઘણા આવશે, માટે તેમને ઉતારાની સગવડ સારી રીતે કરી રાખજો." એમ કહીને શ્રીજીમહારાજ સુતાર ભગવાનજી તથા દેવરામભાઈ તથા નારાયણજીભાઈ તથા કુંવરજીભાઈ તથા ધનજીભાઈ એ પાંચને બોલાવીને કહ્યું જે, "દેશાંતરના હરિજનોને ઉતારો જેમ ઘટે તેમ આપવો, એ કામ તમને સોંપીએ છીએ. તે માટે તેની તજવીજ તમારે બરાબર રાખવી." પછી શ્રીહરિએ સુંદરજીભાઈને ઘેર કૂવાના થાળામાં બેસીને સ્નાન કર્યું.

પછી સાંજે સભા થઈ ત્યાં મહારાજ સભા મધ્યે સિંહાસન ઉપર બિરાજમાન થયા. તે સમે દેશાંતરના હરિજનો પણ આવીને તે સભામાં બેઠા. તે કિયા દેશના ? તો ઘરડો, માઘપટ, તથા ધ્રંગદેશ તથા કંઠી તથા નાની વાગડ, તથા મોટી વાગડ, તથા અંજાર ચોવીસી, તથા ભુવડ ચોવીસી, તથા હાલાર ચોવીસી ઇત્યાદિક દેશના હરિજનો આવ્યા. અને નનામો પર્વત તથા કાળો પર્વત તથા ધિણોધરનો પર્વત તેની તળેટીના રહેવાસી હરિજનો આવ્યા. તથા રુકમાવતી નદીને કાંઠે રહેનારા હરિજનો તથા નાગમતી નદીને કાંઠે રહેનારા હરિજનો ભુજનગર પ્રત્યે આવ્યા.

પછી ગુજરાત તથા મારવાડ તથા ચડોતર તથા કાનમ તથા દંઢાવ્ય તથા મહીકાંઠો તથા હાલાર તથા કાઠિયાવાડ તથા ઝાલાવાડ તથા મચ્છુકાંઠો તથા અંગ, વંગ(બંગાળના પ્રદેશ) ને કાલિંગાદિક(ઓરિસ્સા)

અનેક દેશના હરિજનો આવ્યા. તે સર્વે પ્રથમ શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. તેમને સુતાર ભગવાનજીભાઈ આદિક પાંચ હરિભક્તોએ જેમ ઘટે તેમ ઉતારો કરાવ્યો. અને મહારાજે પણ સભામાં આરતી નારાયણધૂન કરીને ઘણીક વાર્તા કરી. પછી વાર્તાની સમાપ્તિ કરીને પોતાના પાર્ષદોને સંગાથે લઈને સર્વે હરિજનોને ઉતારે પધાર્યા. ને સુંદર જળે કરીને હસ્ત-ચરણ ધોઈને કોગળા કર્યા. પછી દૂધ, સાકર ને પૂરી જમીને જળપાન કરીને પોઢી ગયા.

દિવાળીને દિવસ પ્રાતઃકાળમાં ઊઠીને સર્વે સંત, પાર્ષદ, સખા હરિજનોને સાથે લઈને નારાયણબાગમાં વડવાળા આરે સ્નાન કરવા સારુ પધાર્યા. તે હમીરસરને કાંઠે વસ્ત્ર ઉતારીને સખા સહિત જળમાં પ્રવેશ કર્યો. તે ઘણીક વાર જળક્રીડા કરીને પછી બહાર નીસર્યા. ને સુંદર શ્વેતવસ્ત્ર ધારણ કરીને મહારાજ વડ પાસે સુંદર પાટ ઉપર બિરાજમાન થયા. ને સર્વે સંત-હરિજનોની સભા થઈ. ને મહારાજ પોતાના ભક્તજનો ઉપર રાજી થયા. અને **પ્રગટ પ્રમાણ પોતાના પુરુષોત્તમપણાની વાતું કરી.** તે સાંભળીને સર્વે હરિજનો અત્યંત રાજી થયા.

✹ શ્રીહરિની સવારી, ભોજન તથા પૂજનવર્ણન :

પછી જેઠી ગંગારામે સોનેરી પલાણ નાંખીને તૈયાર કરી જે હરડી ઘોડી તે ઉપર મહારાજ બિરાજમાન થયા. ત્યાં તો સુતાર સુંદરજીભાઈ તથા હીરજીભાઈ સુંદર બેન્ડવાજાં લાવ્યા. અને છત્ર, ચામર, અબદાગરી ઇત્યાદિક ઘણાક રાજોપચાર તેણે કરીને મહારાજની સેવા કરી. પછી સુંદરજીભાઈએ અસવારીની રચના કરી. તેમાં પ્રથમ તો વાજિંત્રના વગાડનાર ચાલ્યા. પછી ઉઘાડા હથિયારવાળા સ્વાર ચાલ્યા. પછી ઉત્સવિયાની મંડળીઓ ચાલી. પછી હથિયારબંધ પાર્ષદો ચાલ્યા.

પછી હરડી ઘોડી ઉપર સુંદર શોભતા એવા શ્રીજીમહારાજ હરડી ઘોડીને મંદમંદ ચલાવતા હતા. શ્રીહરિને પછવાડે સંત બ્રહ્મચારી

ચાલતા હતા. ને સંતને કેડે સર્વે હરિજનો ચાલતા હતા. પછી જોવા આવેલા હજારો જનો ઊભેલા તેને મહારાજ પોતાનાં દર્શન આપીને સુખશાંતિ કરતા થકા પોતાને ઉતારે પધાર્યા. પછી ઘોડીથી હેઠે ઊતરીને સભામાં પાટ ઉપર બિરાજમાન થયા. અને હરિજનો મહારાજને નમસ્કાર કરીને પોતપોતાને સ્થાનકે ગયા. ને સંતપાર્ષદને પણ મહારાજે ઉતારે મોકલ્યા. ને મૂળજી બ્રહ્મચારી તેડવા આવ્યા તે ભેળા મહારાજ જમવા પધાર્યા.

પછી બ્રહ્મચારીએ સુંદર બાજોઠ ઢાળી દીધો. તે ઉપર મહારાજ વસ્ત્ર ઉતારીને સુંદર જળે કોગળા કરીને બિરાજમાન થયા. પછી મૂળજી બ્રહ્મચારીએ સુંદર ચતુર્વિધ અન્નનો થાળ ભરીને મહારાજ આગળ ધર્યો. પછી મહારાજ જમવા લાગ્યા. ને જમીને જળપાન કરીને મુખવાસ લીધો. પછી સંતને જમાડીને સુંદર ઢોલિયા ઉપર પોઢી ગયા. ને સાંજના ઊઠીને જળે કોગળા કરીને જળપાન કર્યું. પછી સાંજના સભામાં પાટ ઉપર બિરાજમાન થયા.

તે સમે હીરજીભાઈ સુંદર જરિયાની વસ્ત્રની પોટલી લઈને મહારાજને ધારણ કરાવવા સારુ આવ્યા. ત્યાં તો સભા સર્વે ભરાઈ ગઈ. પછી હીરજીભાઈએ વસ્ત્રની પોટલી છોડીને મહારાજને સુંદર જરિયાની સુરવાળ, ડગલી, પાઘ ને સેલું એ સર્વે વસ્ત્ર ધારણ કરાવ્યાં. પછી મહારાજને સુંદર શિરપેચ ધારણ કરાવ્યો. ને સુંદર પોંચી તથા વેઢ વીંટીઓ તે ધારણ કરાવ્યાં. ને સુગંધીમાન પુષ્પના હાર ધારણ કરાવ્યા. ને સાયંકાળ થયો તે સમે હીરજીભાઈએ સુંદર દીપમાળ પુરાવી. ને હજારો દીવાઓની અધો-ઊર્ધ્વ પંક્તિઓ કરાવી. અને અનેક પ્રકારના કાચયંત્રમાં મીણબત્તિઓના દીવા કર્યા.

તે વખતે અતિ અદ્‌ભુત શોભા થઈ. તે મધ્યે પાટ ઉપર મહારાજને બિરાજમાન કર્યા. ને હરિજનો સર્વે ઉત્સવ કરવા લાગ્યા.

પછી મહારાજની આરતી ઉતારીને ઘણીક પ્રાર્થના કરી. પછી મૂળજી બ્રહ્મચારી તેડવા આવ્યા ત્યારે શ્રીહરિ સભામાંથી ઊઠીને ભોજન કરવા પધાર્યા. ને સુંદર દૂધ, સાકર, પૂરી જમીને જળપાન કરીને મુખવાસ લીધો. પછી પોતાના ભક્તજનોએ સેવ્યાં છે ચરણકમળ જેમનાં એવા શ્રીહરિએ યોગનિદ્રાને અંગીકાર કરી.

✵ હમીર સરોવરમાં હરિવરની ડૂબકી અને ઉપદેશ :

પછી શ્રીહરિ પ્રાતઃકાળમાં ઊઠીને સંતપાર્ષદોને સંગાથે લઈને હમીરસરમાં સ્નાન કરવાને સારુ પધાર્યા. અને સરોવરને કાંઠે પોતાના વસ્ત્ર ઉતારીને સખા સહિત જળમાં પ્રવેશ કર્યો. શ્રીહરિ તરતાં તરતાં અગાધ જળમાં ગયા. ને સંતપાર્ષદોને જોતે સતે ડૂબકી ખાધી. ને જળમાં સિદ્ધાસન વાળીને બેસી રહ્યા. સંત અને પાર્ષદો મહારાજને ખોળવા લગ્યા, પણ મહારાજ તો ન મળ્યા. ત્યારે નિરાશ થઈને જળથી બહાર નીસર્યા. ને કાંઠે બેસીને સૌ મનમાં ઘણો જ શોક કરવા લાગ્યા જે, ‘આ તે શું થયું ? ને આ વાતની સર્વે હરિજનોને ખબર પડશે તો હરિજનો ઉદાસ થઈ જશે.’

એમ કાંઠે બેઠા શોકાતુર થઈને વિચાર કરતા હતા. ત્યાં તો જળમાં અકસ્માત શીતળ, શાંત અધો-ઊર્ધ્વ પ્રમાણે રહિત મોટો તેજનો સમૂહ દેખાયો. **ને બે ઘડી પછી તે તેજમાંથી શ્રીજીમહારાજે અનંત દિવ્ય મુક્તે વીંટાણા થકા અદ્‌ભુત આશ્ચર્યકારી દિવ્યરૂપે દર્શન આપ્યાં.** ને તે શ્રીહરિની મૂર્તિને જોઈને કાંઠે બેઠા જે સર્વે સંત તથા સખા તે ચિત્રામણમાં જેમ ચિતરેલાં ચિત્ર હોય તેમ સ્થિર થઈ ગયા.

પછી તે સર્વે પ્રત્યે **શ્રીહરિ બોલ્યા જે, “અમો તો નિરંતર માયા થકી પણ પર જે અક્ષર તે થકી પણ પર છીએ; માટે અમારા સ્વરૂપમાં મનુષ્યભાવ ન લાવશો. ને જેટલો જે મનુષ્યભાવ લાવે છે તેને તેટલો અમારો મહિમા ઓછો જણાણો છે. જો તમે સર્વે મને ‘જળમાં ડૂબી**

ગયો' એમ જાણીને શોક કરવા બેઠા તો મારો મહિમા ક્યાં તમને જણાણો છે ? ને જો મને દિવ્યરૂપે નહિ સમજો તો ક્ષણે ક્ષણે મારાં ચરિત્ર જોઈને મનમાં સંશય થશે. માટે આજથી હવે મને સદા દિવ્ય સાકાર જાણીને મારો નિશ્ચય કરજો, પણ મનુષ્યભાવ પરઠશો નહીં."

એવી રીતે મહારાજે દિવ્યરૂપે દર્શન આપીને સર્વેનો શોક નિવારણ કર્યો ને પોતાનો સર્વોપરિ નિશ્ચય કરાવ્યો. પછી શ્રીહરિ સર્વે તેજ પોતાની મૂર્તિમાં લીન કરીને પ્રથમના સ્વરૂપે જળમાં તરતા દેખાણા. ત્યાં તો સર્વે સંત તથા પાર્ષદો તત્કાળ જળમાં પડ્યા. ને જળમાં શ્રીહરિને સમીપે જઈને જળમાં તરવા લાગ્યા. પછી શ્રીહરિ મંદ મંદ હસતા હસતા જળથી બહાર નીકળ્યા ને પોતાનાં વસ્ત્ર ધારણ કર્યાં. ને સંતપાર્ષદ પણ વસ્ત્ર ધારણ કરીને તૈયાર થયા.

અને શ્રીહરિ હરડી ઘોડી ઉપર બિરાજમાન થયા. ને સંત-પાર્ષદો કીર્તન ગાતા સતા આગળ ચાલ્યા ને મધ્યે શ્રીહરિ ચાલ્યા ને પછવાડે સર્વે હરિજનો ચાલ્યા. એવી રીતની શોભાએ જુક્ત શ્રીહરિએ ગાજતે વાજતે મહાદેવવાળા દરવાજે થઈને ભુજનગર પ્રત્યે પ્રવેશ કર્યો. તે સમે શહેરના જનો શ્રીહરિનાં દર્શન કરવા સારુ રાજમાર્ગને બે પડખે પંક્તિએ કરીને ઊભા રહ્યા. ને શ્રીહરિની મૂર્તિનું ચિંતવન કરતા હતા. ત્યાં તો મહારાજ પોતાની પાસે આવ્યા દેખીને મહારાજની સ્તુતિ કરીને તથા પૂજા કરીને નમસ્કાર કર્યા.

એવી રીતે શ્રીહરિ ભુજનગરના સર્વે જનોને દર્શન આપીને તેમની પૂજા તથા સ્તુતિ અંગીકાર કરીને પોતાને ઉતારે પધાર્યા. અને હરડી ઘોડીથી હેઠા ઊતરીને પોતાનો નિત્યવિધિ કર્યાનું સ્થાન જે ભગવાનજીભાઈનું ઘર તેમાં બિરાજમાન થયા. ને સંતપાર્ષદો પણ સભામાં આવીને બેઠા. તે સમે પ્રાગજી પુરાણીએ આવીને પ્રાર્થના કરી જે, "હે કૃપાનાથ ! અન્નકોટ પૂરવાનો વખત થઈ ગયો છે, આપ પધારો. અને સૌને અન્નકોટ પૂરવાની યુક્તિ બતાવો."

પછી શ્રીહરિ સભામાંથી ઊઠીને હીરજીભાઈને ઘેર જે ઠેકાણે અન્નકોટ પૂરવાનો ઠરાવ કરેલો તે ઠેકાણે આવીને સુંદર સિંહાસન પર હરિકૃષ્ણ મહારાજરૂપે પોતાની મૂર્તિ સ્થાપન કરાવી. અને તેમના આગળ અન્નકોટ પૂરવાની રચના મહારાજે બતાવી. પછી શ્રીહરિ સભામાં બિરાજમાન થયા. ને સંત તથા પાર્ષદો સર્વે સભામાં આવીને બેઠા. પછી દેશાંતરના હરિજનો પણ આવીને શ્રીહરિ ને સંતનાં દર્શન કરીને સભામાં બેઠા. ને શ્રીહરિએ દેશાંતરના હરિજનો આગળ પોતાના પ્રગટ પ્રતાપની વાતું કરી.

તે સમે પ્રાગજી પુરાણી મહારાજ પાસે આવીને ઊંચે સ્વરે કરીને બોલ્યા જે, “હે કૃપાનાથ ! પધારો, પધારો. ઠાકોરજીની આરતી કરવાનો વખત થયો છે ને અન્નકોટ ભરાઈ ગયો છે.” પછી શ્રીહરિ તત્કાળ ઊઠ્યા. અને હજાર દિવેટું પ્રગટાવી, ને શ્રીહરિ પોતે ધર્મસ્થાપનને અર્થે પ્રગટ થયા છે માટે પોતાના ભક્તને ધર્મની રીતી શીખડાવતા સતા આરતીને પોતે ઉતારી. પછી શ્રીહરિએ અન્નકોટનાં દર્શન કર્યાં. તેમાં અનેક પ્રકારનાં પકવાન તથા અનેક પ્રકારનાં શાક, અથાણાં આદિક અનેક સામગ્રી અન્નકોટમાં ધરેલી તેનાં દર્શન કર્યાં. અને લક્ષાવધિ જનોને દેખતા સતા શ્રીહરિ પ્રગટરૂપે મૂર્તિમાં પ્રવેશ કરીને તે ભોજન જમ્યા ને સૌને આનંદ ઉપજાવ્યો.

પછી શ્રીહરિ મુકુંદબ્રહ્મચારી તેમણે ઢાળી આપ્યો જે બાજોઠ તેના ઉપર બેઠા. ને બીજા બાજોઠ ઉપર ધારણ કરેલો ને અનેક ભોજનના વાટકા ભરીને ધારણ કર્યા છે જેમાં એવો થાળ તેને જમ્યા. પછી સંતોની પંક્તિ કરાવીને તેમને વારંવાર પીરસીને જમાડ્યા ને હરિજનોને પણ જમાડ્યા. પછી શ્રીજીમહારાજ જળે કરીને હસ્ત તથા ચરણારવિંદ ધોઈને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. ને પોતાની પાસે આવીને બેઠા એવા સંત, પાર્ષદ ને કેટલાક હરિજનો તેમને પોતાના પુરુષોત્તમપણાની

વાર્તા કરી. પછી શ્રીહરિ પોતાના ભક્તજનોનું હિત ચિંતવન કરતા સતા પોઢી ગયા. અને સંત-હરિજનો પોતપોતાને ઉતારે ગયા.

❋ બહાર ગામના ભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યું :

શ્રીજીમહારાજ બે મુહૂર્ત પછી જાગ્યા. ને મૂળજી બ્રહ્મચારી સુંદર સુગંધીમાન ટાઢા જળનો લોટો ગાળીને ભરીને લાવ્યા. તેમાંથી અબખોરો ભરીને જળ આપ્યું, તે લઈને શ્રીહરિએ કોગળા કર્યા. પછી સભામાં આવીને પાટ ઉપર બિરાજમાન થયા. ત્યાં તો સંઘમાં વાત ચાલી જે, 'શ્રીહરિ સભામાં પાટ ઉપર આવીને બિરાજમાન થયા છે. તે જેને પૂજા કરવી હોય તે ચાલો.' પછી તો સર્વે હરિજનો મહારાજની પૂજા કરવાનો જે પોતપોતાના દેશમાંથી પોશાગ લાવેલા હતા, તે તેનાં પાત્ર હસ્તમાં લઈને સભા પ્રત્યે આવ્યા.

પછી અનુક્રમે એક એક ગામના હરિજનો ભેળા થઈને શ્રીહરિની પૂજા કરવા સારુ સમીપે આવ્યા. અને શ્રીહરિને સુંદર પોતપોતાના દેશનાં વસ્ત્ર પહેરાવ્યાં. પછી કેસરે યુક્ત ચંદનની અર્ચા કરીને પુષ્પના હાર પેરાવ્યા. પછી સોનામહોર તથા રૂપામહોર તેના થાળ ભરીને મહારાજની આગળ ધારણ કર્યા. અને આરતી ઉતારીને સ્તુતિ કરી. પછી સભામાં બેઠા. ત્યાં તો બીજા ગામના હરિજનોએ તત્કાળ શ્રીજીમહારાજને સમીપે આવીને પૂજા કરી. ને પોતે જે જે વસ્ત્ર-આભૂષણ લાવેલા તે મહારાજને પેરાવ્યાં. પછી ચંદન-પુષ્પના હારતોરા તેણે કરીને મહારાજની પૂજા કરી. અને આરતી ઉતારીને સ્તુતિ કરીને સભામાં બેઠા. એવી રીતે અનુક્રમે સર્વે દેશના હરિજનો મહારાજની પૂજા કરી.

❋ સુંદરજીભાઈ તથા હીરજીભાઈ દ્વારા હરિપૂજન :

પછી શ્રીહરિએ સુંદરજીભાઈ તથા હીરજીભાઈને કહ્યું જે, "તમો કાલ પૂજા કરજો." ત્યારે હીરજીભાઈ કહે, "હે મહારાજ ! અમે પણ સર્વ સામાન તૈયાર કરી રાખ્યો છે. તે આપની મરજી હોય તો આજ

પૂજા કરીએ." ત્યારે મહારાજ કહે, "બહુ સારું, લાવો." ત્યારે તત્કાળ પૂજાપાત્ર હસ્તમાં લઈને આવ્યા. તે શ્રીહરિને પ્રથમ પહેરેલા વસ્ત્રને ઉતરાવીને સુંદર જરિયાની રાતા અતલસનો સુરવાળ ધારણ કરાવ્યો. તેને મહારાજે પોતાના ભક્તજનોને શિખડાવવા સારુ ધોતિયા ઉપર પહેર્યો.

પછી સુંદર જરિયાની પીળા અતલસની ડગલી પહેરાવી. ને આસમાની રંગનું જરિયાની સેલું ખભે ધારણ કરાવ્યું. ને જરિયાની બુટાદાર કેસરિયા રંગના છેડાવાળી ને જરિયાની લીલી કોરવાળી પાઘ મસ્તકે બંધાવી. ને ગુઢા રંગનું જરકસી સેલું કટિમાં બંધાવ્યું. ને સુંદર શિરપેચ ધારણ કરાવ્યો. ને હસ્તમાં સુંદર નંગજડિત કડાં તથા પોંચી તથા વેઢ-વીંટી પહેરાવ્યાં. ને કંઠમાં ચંદનહાર તથા મોતીઓની માળા પહેરાવી.

પછી ચંદનની અર્ચા કરી પુષ્પના હાર પેરાવીને મહારાજ આગળ સોનામહોરુનો થાળ ભરીને મૂક્યો. પછી આરતી ઉતારી અને સ્તુતિ કરીને મહારાજને બહુ જ રાજી કર્યા. પછી સર્વે સંતોની ચંદન તથા પુષ્પના હારથી પૂજા કરી, ને સર્વેને સુંદર જગન્નાથીનાં વસ્ત્રો ઓઢાડ્યાં.

પછી શ્રીહરિ સંતોને પૂજા કરવાની આજ્ઞા કરી જે, "તમો પણ પૂજા કરી લ્યો." ત્યારે સંતોએ પણ ઊઠીને ચંદન-પુષ્પે કરીને પૂજા કરી. પછી આરતી ઉતારી ને સર્વે મળીને સ્તુતિ કરી. પછી સભામાં બેઠા. પછી મહારાજે તે દેશાંતરના હરિજનો આગળ હીરજીભાઈ તથા સુંદરજીભાઈની ઘણીક પ્રસંશા કરી. પછી મહારાજે પોતાના ભક્તોને જેમ વર્તવું ઘટે તેમ તેને આજ્ઞા-ઉપાસનાની વાતુ કરી. ત્યાં તો ગવૈયા સંત બ્રહ્માનંદસ્વામી, મુક્તાનંદસ્વામી આવીને ગાવણું કરવા લાગ્યા.

તે સાંભળીને સભામાં બેઠેલા લક્ષાવધિજનો સ્થિર થઈ ગયા. ને તે સર્વેને પોતાના જીવાત્મામાં અનંત દિવ્ય મુક્તે યુક્ત એવી મહારાજની મૂર્તિ દેખાણી. તે જ્યાં સુધી ગાવણું કર્યું ત્યાં સુધી દેખાણી.

પછી ગાવણાની સમાપ્તિ કરી. ત્યારે સર્વે જનો સમાધિમાંથી જાગ્યા ને પોતાનાં ધન્યભાગ્ય માનવા લાગ્યા. પછી સંતો ગોડી બોલ્યા. અને શ્રીહરિએ આરતી નારાયણધૂન કરી ને વાતું કરતી. પછી સૌને પોતાને ઉતારે જવાની આજ્ઞા કરી. પછી પોતે પોતાના ભક્તજનોએ સેવ્યાં છે ચરણકમળ જેમનાં એવા સતા પોઢી ગયા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજે હીરજીભાઈ પાસે અન્નકોટ કરાવ્યો તથા હરિજનોને ઉતારે જવાની આજ્ઞા કરીને પોઢ્યા' એ નામે બત્રીસમો અધ્યાય ॥૩૨॥

અધ્યાય - ૩૩

શ્રીહરિનું માનકૂવા, દહિંસરાદિકમાં વિચરણ અને લીલા

પ્રાતઃકાળમાં શ્રીજી બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને હમીર સરોવરમાં સ્નાન કરીને પોતાનું દેવાર્ચનાદિ નિત્યકર્મ કરીને સભામાં પાટ ઉપર આવીને બિરાજમાન થયા. ત્યાં તો સર્વેજનો પરવારીને આવ્યા ને સભા ભરાણી. ને મહારાજ નિત્ય સદ્ગુરુ પાસે વાતો કરાવે ને ક્યારેક પોતે કરે. એવી રીતે પાંચ દિવસ પર્યંત સર્વે જનોને રાખીને પછી મહારાજે સૌને આજ્ઞા કરી જે, "પ્રાતઃકાળમાં સૌને પોતપોતાના દેશમાં જવાની આજ્ઞા છે, તે જજો." અને સંતમંડળને પણ ફરવાની આજ્ઞા આપી. ને પ્રાતઃકાળમાં હરિજનો ઊઠીને શ્રીહરિનાં દર્શન કરીને પોતપોતાના દેશમાં ગયા ને સંતો પણ ફરવા ગયા. અને કેટલાક સંતોને મહારાજે પોતાની પાસે રાખ્યા. આવી રીતે અન્નકોટનો મહોત્સવ કરીને શ્રીજીમહારાજે હીરજીભાઈ અને સુંદરજીભાઈનો મનોરથ પૂર્ણ કર્યો.

પછી ત્યાં એક માસ રહીને પાર્ષદે સહિત **માનકૂવે** પધાર્યા ને સુતાર નાથાને ઘેર ઊતર્યા. અને સુતાર નાથાને ઘેર ચાર શેર લીલાં મરચાં પોતે ખાંડીને કઢીમાં નંખાવીને જમવા બેઠા. તે જેટલી તે બાઈએ

કઢી પીરસી તેટલી જમી ગયા. પછી મહારાજ જમીને તૈયાર થયા ને ભાગોળે આવ્યા. અને તે સુતારબાઈ પણ ભાગોળે આવીને બોલ્યાં જે, "હે મહારાજ ! રહેવાનું કહેતા હતા ને કેમ તૈયાર થયા ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે અમને બધી કઢી જમાડી નહિ, માટે નહિ રહીએ. જો બધી કઢી જમાડો તો રહીએ."

ત્યારે તે સુતારબાઈ બોલી જે, "મેં જાણ્યું જે કઢીમાં મરચાં ઘણાં છે, તે મહારાજને બહુ જ કઠણ પડશે. એમ જાણીને ભદુડામાં(નાની માટલીમાં) અર્ધી કઢી ભરીને કોઠલામાં મેલી દીધી." પછી મહારાજ બોલ્યા જે, "એ કઢી અમને જમાડો તો અમે પાછા આવીએ." પછી તે બાઈ કહે, "બધી કઢી તમને જમાડીશ, પાછા આવો." પછી મહારાજ તે સુતારને ઘેર પધાર્યા ને કઢી જમીને ત્યાં રહ્યા. અને બીજા પણ સર્વે સત્સંગી પોતપોતાને ઘેર રસોઈ કરીને શ્રીજીમહારાજને પાર્ષદે સહિત જમાડતા. ત્યાં શ્રીહરિ પંદર દિવસ રહ્યા.

પછી ત્યાંથી કરલે (ઊંટ પર) બેસીને **દહિંસરે** જતાં રસ્તામાં વડવાળા વોકળેથી **કામાઈ** દિશામાં **કંડરાઈ** તળાવે રાત્રિએ ખીજડાના ઝાડે કરલો બાંધીને સૂતા. ત્યારે તે સમે ભેળા ઉકરડોભક્ત હતા. તે પગ ચાંપવા મંડ્યા. તેને મહારાજ કહે જે, "કોઈક સમે ભગવાન ગરુડ ઉપર બેસીને ગૌલોકમાં ગયા. તે ગરુડને કદમે બાંધીને પોતે સૂઈ રહ્યા." ત્યારે ભગતે પૂછ્યું જે, "ગૌલોક તે શું ? ને કદમ તે શું ?"

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "દહિંસરા એ ગૌલોક, ને ખીજડો તે કદમ, ને ગરુડ એ કરલો, એમ જાણવું." એવી મહારાજે વાર્તા કરી. તે સમે નારદજી મહારાજનાં દર્શન કરવા આવ્યા હતા. તે દર્શન કરીને સત્યલોકમાં ગયા. ત્યાં પોતે સાંભળેલી વાત બ્રહ્મસભામાં કરી જે, **"પુરુષોત્તમનારાયણ સાક્ષાત ભરતખંડમાં પ્રગટ થયા છે. અને તે ખંડના મનુષ્યને પોતાનું બ્રહ્મસુખ આપે છે."**

તે વાર્તાને સાંભળીને ત્યાંથી અનંતકોટિ મુક્ત તથા અનંતકોટિ બ્રહ્માંડાધિપતિ તથા અનંત દેવ તથા ચાર વેદ તે સર્વે વિપ્રના વેશે મહારાજનાં દર્શન કરવા આવ્યા. અને વિનયપૂર્વક જુદી જુદી કેસરચંદન તથા પુષ્પના હાર વડે પૂજા કરી. અને જુદી જુદી રીતે મહારાજની સ્તુતિ તથા પ્રાર્થના કરી. ત્યારે મહારાજે પ્રસન્ન થઈને તે સર્વેને હેતે સહિત કહ્યું જે, "તમો સર્વેને મારા પદને પમાડીશ." એવી રીતે ઘણીક વાત કરી.

પછી ત્યાંથી ઊઠીને ચાલ્યા, તે દહિંસરાના હરિ સરોવરમાં પાણી પીવાને ગયા, પણ પાણી ન હોવાથી તળાવને કાંઠે ખીજડાના વૃક્ષ તળે ઘડી ચાર વિશ્રામ કરીને ઊઠ્યા. તે દહિંસરાની ભાગોળમાં અવાડાની પાળી ઉપર બિરાજમાન થયા. તે સમે પટેલ કચરો વાડીએથી આવ્યા. આવીને મહારાજને સમીપે ઊભા રહ્યા. તે સમે મહારાજની અલૌકિક મૂર્તિ જોઈને હાથ જોડીને કચરાભક્ત બોલ્યા જે, "મહારાજ ! મારે ઘેર પધારો."

ત્યારે મહારાજ કહે, "અમારે કેરે જાવાની ઉતાવળ છે. તે આ સમે ઘેર તો નહિ આવીએ. ને અમને તરસ લાગી છે તે જળ લાવો તો જળપાન કરીએ." પછી ભક્ત કચરાએ પોતે વ્યાસ ગોવર્ધનને ઘેરથી જળનો લોટો લાવીને મહારાજને આપ્યો. તે મહારાજ જળપાન કરીને પછી ત્યાંથી કચરાભક્તને ઘેર પધાર્યા. અને ત્યાં થાળ જમીને ત્યાંથી **મેઘપુર** પધાર્યા. ત્યાંથી **નારાયણપુર**ના ઉપરલા વાસમાં પધાર્યા. ત્યાંના ઠાકોર દેરાની રૂપચોકી ઉપર ઊતર્યા. અને માવજીભક્તને બોલાવીને ત્યાંથી નીચલા વાસમાં આવ્યા. ત્યાં ગામના સમીપમાં વડ ઓટો છે, ત્યાં જળપાન કર્યું.

પછી ત્યાંથી ગામ **કેરે** પધાર્યા. ને તે ગામને સમીપે એક સજીવન કુંડ છે. તેમાં પાણી સજીવન રહે છે ને ઉપરથી હંમેશ વહી જાય છે. તે ગંગામાં પોતે નાહીને સદાબાને ઘેર પાર્ષદે સહિત જમવા પધાર્યા. અને

બીજે દિવસે તે ગામથી ઉત્તરાદી દિશે બે નદીઓનો જ્યાં સંગમ ભેળો થાય છે ત્યાં પાણીનો મોટો ધરો છે, ત્યાં નાવા પધાર્યા. તથા કોઈક દિવસે ગામથી આથમણી દિશે નદીમાં મોટો પથ્થરનો ગડ (ઢગલો) પડ્યો છે, તેના સમીપે ધરામાં નાહીને તે સદાબાને ઘેર પાર્ષદે સહિત જમવા પધાર્યા.

❋ બળદિયામાં ગંગાદાસ પટેલને ઘેર થાળ તથા પધરામણી :

અને જમીને ત્યાંથી ગામ **બળદિયા**માં ઠાકોર મંદિરમાં તુલસીક્યારાને તળે પગથિયાં ઉપર બિરાજમાન થયા. ત્યાંથી ઊઠીને મંદિરની માંહિ ઉત્તરાદી કોરે ભીંતમા ગોખ હતો, તેમાં મોટી પથ્થરની છીપર હતી, તે ઉપર બિરાજમાન થયા. અને તે સમે પટેલ ગંગાદાસ ઠાકોરજીનાં દર્શન કરવા આવ્યા. તે શ્રીજીમહારાજની અલૌકિક તેજના સમૂહ તેણે સહિત ચમત્કારી મૂર્તિ જોઈને બોલ્યા જે, "મહારાજ, મારે ઘેર થાળ જમવા આવશો ?" ત્યારે મહારાજ કહે, "ચાલો, અમે આવશું."

એમ કહીને પટેલ ગંગાદાસને ઘેર થાળ જમ્યા. તથા તેના પુત્ર દેવજી તથા ભક્ત કૃષ્ણ તથા રતનાભક્ત તથા મેઘજીભક્ત તથા ગોવાભક્ત તથા બીજા દેવજી એ આદિક સર્વેને ઘેર પધારીને તે ભક્તનાં સુખ માટે થાળ જમીને તે ભક્તના મનોરથ પૂર્ણ કર્યા. અને ગામથી ઉત્તરાદી દિશે કાળુ તળાવ છે ત્યાં હંમેશા મહારાજ નાવા પધારતા. અને નાહીને વસ્ત્ર પહેરીને તળાવની પાળ ઉપર પાર્ષદ, હરિજનો સહિત બિરાજમાન થતા. પછી કેટલાક દિવસ તે ગામમાં રહીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **ગજોડ**માં સુતાર ધનજીને ઘેર પધાર્યા. અને સવારે પ્રાતઃકાળમાં નદીમાં સ્નાન કરીને નિત્યકર્મ કરીને થાળ જમ્યા.

❋ માંડવીમાં કથા, ભોજન, પૂજન વગેરે લીલા :

પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **ફરાદિ**માં સુતારને ઘેર રાત રહીને **માંડવી બંદર** પધાર્યા. અને ચાંપશી સુતારને ઘેર નિવાસ

કરીને રહ્યા. ત્યાં રહ્યા થકા કંકોતરીઓ લખાવીને સર્વે પરમહંસને તેડાવ્યા. પછી સર્વે પરમહંસ માંડવીએ આવ્યા. તેમને મહારાજે એક બીજું સુતારનું ઘર હતું તેમાં ઉતારો કરાવ્યો. શ્રીહરિ ત્યાં રહ્યા થકા હરિજનોને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સંબંધી પોતાના સ્વરૂપના મહિમાની જેમ સમજવી ઘટે તેમ ઘણીક વાર્તા કરી. અને વળી લક્ષ્મીનાથ ભટ્ટ પાસે કથા વંચાવતા. તે સમે આત્માનંદસ્વામી આવ્યા. તે મહારાજ અને સાધુ રહેતા હતા તે જગ્યામાં મહારાજ બાજોઠ ઉપર બેઠા હતા. ત્યાં સ્વામી જઈને પગે લાગ્યા.

પછી મહારાજ સ્વામીને કહે જે, “તમે ભૂખ્યા છો ?” ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, “હે મહારાજ ! ભૂખ્યો છું.” પછી મહારાજે રોટલા મંગાવ્યા ને આત્માનંદસ્વામીને જમાડ્યા. પછી મહારાજ કહે, “અમે વેદાંત સાંભળવા જઈએ છીએ, તે આજ સાંજના આપણે જાશું.” ત્યાં તો એક બાઈ મહારાજને અર્થે પૂજાની સામગ્રી લાવી. તેમાં એક મીઠાઈની માટલી તથા ચંદનનો કટોરો તથા ગુલાબ, ચંપાના હાર તથા ગુલાબ એ આદિક સામગ્રી લાવી. પછી મહારાજ કહે, “હમણાં મૂકો, ઘડીએક કેડે પૂજા કરાવશું.” પછી બાઈ તો પૂજાનો સામાન મૂકીને ગઈ.

✺ ફકીરરૂપે આવેલ મુક્તને ભોજન-પૂજન

ત્યારપછી એક મુક્ત ફકીરને વેશે આવ્યો. તે આવીને બોલ્યો જે, “ભેજના અલ્લાહકે નામ, હાજર હોવે તો.” પછી મહારાજ કહે, “આવો.” ત્યારે તે મહારાજના મોઢા આગળ આવીને બેઠો. પછી મહારાજ કહે, “અમારે અર્થે પૂજાનો સામાન હતો તે લાવો.” પછી તે સાધુએ લાવીને સોંપ્યો. પછી મહારાજે મીઠાઈની માટલી હતી તે એની ઝોળીમાં ઠાલવી દીધી. પછી તે જમવા મંડ્યો. પછી મહારાજે તેને બે હાર પેરાવ્યા. અને ચંદનનો કટોરો હતો તે માથા ઉપર ઊંધો વાળ્યો. પછી ગુલાલનો લોટકો પણ તેના માથા ઉપર ઉંધો વાળ્યો. તે

બધે શરીરે ને ઝોળીમાં ગુલાલ ગુલાલ થઈ રહ્યો. પછી મહારાજ કહે, "જાઓ, ફરી આવશો નહીં, અમે રમતારામ છીએ."

❋ માંડવીમાં ખયાદિક વેદાંતીઓના પ્રશ્નોત્તર :

પછી સાંજના મહારાજ સાધુએ સહિત માર્ગમાં ચાલ્યા જાતા હતા. ત્યાં ગુંસાઈજીનું મંદિર આવ્યું. ત્યાં સાંજે આરતી થાતી હતી, ત્યાં મહારાજ પધાર્યા. અને આરતી થઈ ત્યાં સુધી ઠાકોર સામા ઊભા રહ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે વેદાંતની કથા થાતી હતી ત્યાં ગયા. પછી મહારાજને જોઈને તે કથા વાંચતા રહી ગયા.

ત્યારે મહારાજે કહ્યું જે, "વાંચો." ત્યારે તે બોલ્યા જે, "પ્રશ્ન-ઉત્તર કરો." ત્યારે મહારાજે કહ્યું જે, "સર્ગ પૂરો કરો, પછી પ્રશ્ન-ઉત્તર કરશું." પછી વશિષ્ઠ સારનો સર્ગ પૂરો થયો એટલે વેદાંતીએ પ્રશ્ન કર્યો. તે પ્રશ્નમાં મહારાજે દોષ દેખાડ્યો. પછી વેદાંતીએ એકબીજાને વાર્યા જે, "આપણને પૂછતાં ન આવડ્યું."

પછી મહારાજે જાણ્યું જે, એ તો દબાઈ ગયા, તે હવે નહિ બોલે. એમ જાણીને રાણસુરભક્તને કહ્યું જે, "કીર્તન બોલો." પછી ભક્ત બોલ્યા જે, **"એક વાર આવો રે હરિ મારે નેહડે રે, નહિ આવો તો નંદબાવાની આણ્ય છે."** એ એક કીર્તન બોલ્યા. પછી ખૈયે પૂછ્યું જે, "હે મહારાજ ! કોણ કહે છે જે, 'આવો મારે નેહડે ?" ત્યારે મહારાજ કહે જે, "ગોવાળ ને ગોપિયું શ્રીકૃષ્ણ ભગવાનને કહે છે જે, 'અમારે નેહડે આવો." ત્યારે ખૈયો બોલ્યો જે, "એ તો મૉરની વાત છે, પણ હમણાં કોણ કહે છે જે, 'અમારે નેહડે આવો ?"

ત્યારે મહારાજ બોલ્યા જે, "આજ ભગવાનનો અવતાર હશે, તેના જે ભક્ત હશે, તે જે ગામમાં રહેતા હશે તે નેહડો, ને તે કહેતા હશે જે, 'અમારે ગામ આવો." ત્યારે ખૈયો બોલ્યો જે, "તે દી તો ભગવાન નંદજીના પુત્ર હતા ને આજ ભગવાન કેના દીકરા છે ?"

ત્યારે મહારાજે કહ્યું જે, **"ધર્મના દીકરા છે."** ત્યારે ખૈયો બોલ્યો જે, "શ્રીકૃષ્ણે ગોવર્ધન તોળ્યો હતો, તે શું ? તથા ઈન્દ્ર કોપ્યો ને બહુ વરસાદ કર્યો તે શું ? ને વરસાદના પાણીને સૂકવી નાખ્યું, તે ચક્ર તે શું ?"

ત્યારે મહારાજ બોલ્યા જે, **"ગોવર્ધન તે કામ, અને તે જે ભગવાનને આશરે આવ્યા તે ભગવાન એને સહાય છે, તે કામ નથી પીડતો. ને ઈન્દ્ર તે મતપંથરૂપ છે ને ઈન્દ્ર કોપ્યો તે પાણી વરસ્યો, તે મતપંથી હજારો વચન કહે છે, ત્યારે ભગવાનનો ભક્ત એક વચન બોલે તે બધાં વચન એનાં ખોટાં થઈ જાય એ ચક્ર છે."** ત્યારે ખૈયો બોલ્યો જે, "તે દી તો કૃષ્ણનું ભજન કરતા ને આજ શું નામ લઈને ભજન કરતા હશે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "નારાયણ, નારાયણ ભજન કરતા હશે કે સ્વામિનારાયણનું ભજન કરતા હશે." ત્યારે ખૈયે કહ્યું જે, "સ્વામિનારાયણ વાર્તા કરે છે તે કાંઈ સમજ્યા ?"

ત્યારે બીજા બેઠા હતા તે બોલ્યા જે, "સ્વામિનારાયણ બ્રહ્મજી વાર્તા કરે છે તે આપણને મળતી આવે તેને માનવી." ત્યારે ખૈયો કહે જે, "મને તમે કેવો જાણો છો ?" ત્યારે તે કહે, "તું તો પર્વત જેવો કોઈનો ડગાવ્યો ડગે નહીં." ત્યારે ખૈયે કહ્યું જે, "પર્વત તો ડગ્યો ને આજથી મારે તો હવે હેકડો સહજાનંદ, સહજાનંદ કર્યા કરવો." ત્યારે એક વાંઝો બોલ્યો જે, "મને પણ જણાય છે જે કોઈ મોટા તો ખરા." ત્યારે ખૈયો બોલ્યો જે, "આ એક બીજો પણ પાણો ડગ્યો."

પછી મહારાજ તો ત્યાંથી ચાલી નીકળ્યા ને ઊભી શેરીએ હસતાં હસતાં ઉતારે આવ્યા. ને આવીને ઢોલિયા ઉપર આડે પડખે થઈને ભગવાનજી સુતાર આગળ વાત કરી જે, "આજ તો ભારે રાક્ષસને પાડ્યો ને બહુ થયું અને બહુ તો કાલ્ય થાશે." ત્યારે ભગવાનજીએ કહ્યું જે, "એમાં તમારે શું આશ્ચર્ય છે ? તમે એવા અનંત રાક્ષસોને પાડો." એમ કહીને મહારાજ હસતાં હસતાં પોતાને ઉતારે પધાર્યા. અને પછી ઢોલિયા ઉપર પોઢી ગયા.

✵ શ્રીહરિએ ઊંટને રોટલો ખવરાવ્યો અને કુરાનના કલમા :

વળી સવારમાં દિવસ ઊગ્યા મોર્યે સાધુને ઉતારે મહારાજ આવ્યા. તે સાધુએ ઓસરીએ આસન નાંખી દીધું તે દાતણ કરવા બેઠા. ત્યાં ઓસરી હેઠે ઊંટ ઘાણીએ ફરતો હતો. ત્યારે મહારાજે ઘાંચીને કહ્યું જે, “તારો ઊંટ ભૂખ્યો દેખાય છે.” ત્યારે ઘાંચી બોલ્યો જે, “હે મહારાજ! હું ચાર નીરવી ભૂલી ગયો. દહાડી નીરતો.”

પછી મહારાજે કહ્યું જે, “એ રોટલા ખાય છે કે નહીં ?” ત્યારે ઘાંચીએ કહ્યું જે, “રોટલા તો અમે નથી ખિલાયા ને ખોળ તો ખાય છે.” પછી મહારાજે રોટલા મંગાવ્યા ને રોટલો બેવડ ચોવડ કરીને દીધો, તે ઝટ ખાઈ ગયો. ત્યારે મહારાજે કહ્યું જે, “આ તો રોટલા ખાય છે.” પછી એક ઝોળી રોટલાની હતી તે ઘાંચીને આપી, તે ઘાંચીએ રોટલા ખવડાવ્યા. પછી મહારાજે કહ્યું જે, “એને પાણી પા.” ત્યારે તેણે પાણી પાયું. પછી મહારાજે કહ્યું જે, “એને મધ્યાન સુધી નિરાંત થઈ.”

પછી મહારાજે તે ઘાંચીને કહ્યું, “તમે નિત્યે સાંજના ક્યાં જાવ છો ?” ત્યારે તેણે કહ્યું જે, “કાજી(ઈસ્લામી પડિંત) પાસે જાઉં છું.” પછી મહારાજે કહ્યું જે, “કાજી તમને શું કહે છે ?” ત્યારે તેણે કહ્યું જે, “અમને કલમા(કુરાનના મંત્રો) સંભળાવે છે.” ત્યારે મહારાજ સાધુ સામું જોઈને બોલ્યા જે, “કોઈને કલમા આવડે છે ?” ત્યારે આત્માનંદસ્વામી બોલ્યા જે, “મને આવડે છે.” ત્યારે મહારાજે ઘાંચીને કહ્યું જે, “આવો, અમે તમને કલમા સંભળાવીએ.” ત્યારે ઘાંચી ને એની સ્ત્રી ને એની દીકરી એ ત્રણે આવીને મહારાજના મોઢા આગળ બેઠાં.

પછી મહારાજે કહ્યું જે, “હવે તમે બોલો.” પછી આત્માનંદસ્વામી પંચ કલમા બોલ્યા. ત્યારે ઘાંચી બોલ્યો જે, “તમારે ફકીરુંકું પંચ કલમા આતે હે.” ત્યારે તે કલમાની મહારાજે બહુ વાત કરી. **પછી એની દીકરીને તો સમાધિ થઈ ગઈ.** પછી મહારાજ ને સાધુ નાવા ગયા.

પછી કૂવે નાહ્યા ને ત્યાં એક શિવ છે. અને ત્યાં એક બાળક હતો. તેણે કહ્યું જે, "તમે સૌ નાહ્યા, પણ શિવને કોઈએ ન નવરાવ્યા." ત્યારે મહારાજે કહ્યું જે, "લે, તારા શિવને નવરાવીએ." પછી મહારાજે શિવને નવરાવ્યા.

❋ શ્રીહરિને અંદર જતા સિપાઈઓએ રોક્યા :

પછી મહારાજ ને સાધુ નાહીને ચાલ્યા આવતા હતા ત્યાં દરવાજે સિપાઈએ રોક્યા ને કહ્યું જે, "શહેરમાં નહિ જવાય." ત્યારે મહારાજે કહ્યું જે, "અમારા સાધુ ધન, સ્ત્રીને અડે નહિ ને લાકડી રાખે નહિ ને લીલું દાતણ તોડે નહીં." ત્યારે સિપાઈએ કહ્યું જે, "તમે કહ્યા સો ઠીક હે, પણ અહીંયાં નહીં."

ત્યારે મહારાજે કહ્યું જે, "અમારી પોથી, ઝોળી એ આદિક સામાન માંહે પડ્યો છે." ત્યારે તેણે કહ્યું જે, "તે તો મર પડ્યો હોય પણ શેઠકી આજ્ઞા નહીં હે." ત્યારે મહારાજે કહ્યું જે, "અમારે સારુ ગ્રહસ્થને ઘેર રસોઈ કરી છે તે બગડશે." ત્યારે સિપાઈ કહે, "મર બગડે પણ અહીંયાં નહીં." પછી મહારાજ ને સાધુ બીજે દરવાજે ગયા, ત્યાં પણ સિપાઈ આડો ફર્યો. ત્યારે મહારાજે એની એ વર્તમાનની વાત કરી. ત્યારે તે કહે જે, "તમારા એક જણને મેલો જે સામાન લઈ આવે, પણ સબ નહીં."

પછી મહારાજે રાણસુરભક્તને મોકલ્યા ને કહ્યું જે, "સામાન લઈને ડોણને દરવાજે આવજો." પછી મહારાજ ને સાધુ ફરતાં ફરતાં ડોણને દરવાજે આવ્યા. પછી દરવાજાથી છેટા બેઠા. પછી મહારાજે આત્માનંદસ્વામીને કહ્યું જે, "તમે જાઓ, જુઓ કોઈ બોલે છે ?" પછી તે થોડેક દૂર જઈને પાછા આવ્યા ને કહ્યું જે, "મને તો કોઈ બોલ્યો નહીં." ત્યારે મહારાજ કહે, "ચાલો." ત્યારે સૌ ચાલ્યા. તે હાથ બેત્રણ ચાલ્યા ત્યાં રાણસુરભક્ત સામાન લઈને સામા આવ્યા.

પછી શ્રીજીમહારાજે સાધુને કહ્યું જે, "ચાર જણનું નોતરું માન્યું છે, માટે આત્માનંદસ્વામી, ચિદ્રૂપાનંદસ્વામી તથા પરમચૈતન્યાનંદસ્વામી એ ત્રણ રહે ને બીજા સર્વે ચાલો. શા માટે જે, એના ઘેર અમે કોઈ દિવસ જમ્યા નથી, માટે એની રસોઈ બગડી જાશે. માટે જમીને આવશું." પછી બીજા સાધુ ડોણને માર્ગે ચાલ્યા ને મહારાજ ખૈયાને ઘેર આવ્યા. અને ખૈયાની માને કહ્યું જે, "ખૈયો ક્યાં ગયો છે?" ત્યારે તેમણે કહ્યું જે, "શેઠ બજારે ગયા છે." ત્યારે મહારાજે કહ્યું જે, "આવે ત્યારે મેઘજીને ઘેર મેલજો." એમ કહીને પછી મહારાજ મેઘજીને ઘેર પધાર્યા. ત્યાં મહારાજ ઢોલિયા ઉપર બેઠા હતા. ત્યાં ખૈયો આવ્યો.

પછી મહારાજે કહ્યું જે, "શેઠે ના પાડી તે સિપાઈએ શહેરમાં ન ગરવા દીધા, પણ આ ગરીબની રસોઈ બગડી જાય તે સારુ અમે આવ્યા છીએ." ત્યારે ખૈયે કહ્યું જે, **"મોર્યે તમે કૃષ્ણાવતારમાં દહીં-દૂધ લૂંટી ખાતા, તેના ધણી નોતરું દીધેલ મેલો ?"** પછી મહારાજ બહુ હસીને બોલ્યા જે, "મહા હરામજાદો છે." પછી ખૈયે કહ્યું જે, "હું શેઠને કહીશ જે, દરવાજે નહિ રોકે." પછી મહારાજે કહ્યું જે, "તમારે ન કહેવું." એમ કહીને એક વાણિયાનું નામ લીધું. તે આવશે ત્યારે તેને અમે કહેશું." પછી તે વાણિયો આવ્યો. ત્યારે તેના આગળ મહારાજે સાધુના ધર્મની વાત કરી.

પછી વાણિયે કહ્યું જે, "તમારી ઈચ્છા હોય ત્યાં સુધી રહો. હું શેઠને જઈને કહું જે, તમને કોઈ ના પાડે નહીં." પછી મહારાજે કહ્યું જે, "હમણાં ન કહેશો, અમે ફરીને આવીએ ત્યારે રોકે તે દિવસ વાત." પછી મહારાજ અને સાધુ જમવા ગયા. તે મોતિયા લાડુ અને દાળભાત કર્યાં હતાં, તે પીરસ્યાં. તે જમીને મહારાજે થાળ સાધુને આપ્યો, તે સાધુ જમ્યા. એવી રીતે ઘણીક લીલા કરી.

✵ શિવરામ મહેતાની દિવ્યભાવની સમજણ :

વળી મહારાજે પોતા પાસે બેઠા જે હરિભક્ત તેને એમ પૂછ્યું જે, "અમને તમે ભગવાન જાણો છો, માટે અમારે અર્થે શું શું તમારાથી થાય ? તે કહો." ત્યારે તે કેટલાકે તો એમ કહ્યું જે, તમે કહો તો સંસાર ત્યાગ કરીને ચાલી નીસરીએ. ને કેટલાકે તો એમ કહ્યું જે, તમે કહો તો અમારું માથું ઉતારીને આપીએ. ને કેટલાકે તો એમ કહ્યું જે, તમે કહો તો ઘરબાર સર્વે લુટાવી દઈએ.

પછી શિવરામ મહેતા બોલ્યા જે, "આ સર્વે બોલ્યા તેમાં તો મને કાંઈ અધિક જણાતું નથી. એ તો ઘરમાં કેટલાક મનુષ્યને ટંટો થાય એટલે સર્વે મેલીને ચાલી નીસરે છે. ને ભુજથી પાંચ કોરીનો વળાવિયો લીધો હોય ને માર્ગમાં ચોર લૂંટવા આવે તો તે પણ માથું દે છે. ને કેટલાક માણસ પોતાનાં વખાણ સારુ ઘરબાર લુટાવી દે છે. ને **હું તો તમને અક્ષરધામમાં જેવા નિર્ગુણ ને દિવ્યમૂર્તિ છો એવા ને એવા જ જાણું છું. અને તમે સુઝે તેવી ઊતરતી ક્રિયાને કરો ને હું પાસે બેઠો હોઉં તોપણ લેશમાત્ર મને સંશય થાય નહીં. ને માહાત્મ્યજ્ઞાને સહિત જે તમારા સ્વરૂપનો નિશ્ચય તે ડગે નહીં."**

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "શિવરામ મહેતાની સમજણ ભારે ! એવી બીજાની થાય નહીં." એમ કહીને ખૈયાના કારખાનામાં જઈને બેઠા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજને હીરજીભાઈએ અન્નકોટ કરાવ્યો તથા હરિજનોને ઉતારે જવાની આજ્ઞા કરીને પોઢ્યા' એ નામે શિવરામ મહેતાની સમજણ વખાણી ને ખૈયાને કારખાને જઈને બેઠા' એ નામે તેત્રીસમો અધ્યાય ॥૩૩॥

અધ્યાય - ૩૪

શ્રીહરિ ડોણ વગેરે ગામોમાં વિચરણ કરી ભુજ આવ્યા

પછી મહારાજ કહે, "અમારે ડોણ જાવું છે તે જાશું ?" ત્યારે ખયો ખત્રી કહે, "બહુ સારું, મહારાજ પધારો !" પછી ત્યાંથી મહારાજ ડોણને માર્ગે ચાલ્યા. તે ખેતરવા ચાલ્યા પછી મહારાજ કહે, "અમારે બહિર્ભૂમિ જવું છે." પછી સાધુ ઝાડ તળે બેઠા. પછી મહારાજ બહિર્ભૂમિ જઈને આવ્યા ત્યારે કહ્યું જે, "મારે તો કાંટો વાગ્યો છે, તે કોઈને કાઢતાં આવડે છે ?" ત્યારે આત્માનંદસ્વામી બોલ્યા જે, "મને આવડે છે." પછી લિંબડાની ફરતો ઓટો હતો, તે ઉપર પડખાભર થયા. પછી તેમણે કાંટો ખોતર્યો. તે કાંટો ઊંડો હતો તેથી લોહી આવી ગયું.

પછી મહારાજે કહ્યું જે, "ખોતરો." પછી તેમણે કહ્યું જે, "લોહી આવી ગયું છે." ત્યાં એક ફૂલબાગ હતો, તેમાં ટોયો(રખવાળ) હતો. તેને આત્માનંદસ્વામીએ કહ્યું જે, "હે બાગવાન ! તારી પાસે ચીપિયો છે ?" ત્યારે તેણે કહ્યું જે, "છે." ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "લાવ." પછી તે ચીપિયો લાવ્યો. પછી આત્માનંદસ્વામીએ કાંટો કાઢ્યો. પછી ડોણને માર્ગે મહારાજ ચાલ્યા. તે ધોળો ખેશ પહેર્યો હતો, ને ચાદર કેડ સુધી લટકતી માથે બાંધી હતી, ને બે હાથ છૂટા મેલ્યા હતા. ને ચાલ્યા તે બહુ દૂર ગયા. પછી આઘા જઈને ઊભા રહ્યા. પછી આત્માનંદસ્વામી ઉતાવળા ચાલ્યા, તે મહારાજ ભેળા થયા. ત્યારે મહારાજ બોલ્યા જે, "અમારી તો આવી ઉતાવળી ચાલ છે, પણ તમારા સારુ ધીરા ચાલીએ છીએ."

પછી શ્રીજીમહારાજ સંત સહિત **ડોણ** પધાર્યા. ત્યાં થોભણ સુતારને ઘેર નિવાસ કરીને પોતાના ભક્તોને આનંદ પમાડ્યા. અને ડોણથી ચાલ્યા તે **રામપુર** આવ્યા. અને ત્યાં ગંગામાં સ્નાન કરીને રામપુરમાં થાળ જમીને ચાલ્યા, તે ગામ **માનકૂવે** આવ્યા. ત્યાં કોડકીની ગંગામાં

સ્નાન કરીને માનકૂવામાં થાળ જમ્યા. ને ત્યાંથી ચાલ્યા તે **ભુજનગર** પધાર્યા. ને સુતાર હીરજીભાઈને ઘેર ઊતર્યા. ને હીરજીભાઈએ પોતાને ઘેર થાળ કરાવીને શ્રીજીમહારાજને પાર્ષદે સહિત જમાડ્યા.

✵ શ્રીહરિએ ભક્તોને સાધુ થઈ ભુજ આવવા પત્ર લખ્યો :

પછી શ્રીજીમહારાજ ભુજનગરમાં ત્યાગ-વૈરાગની વાતુ કરતા થકા બિરાજતા હતા. પછી સુંદરજીભાઈને કહ્યું જે, "સુંદરજીભાઈ ! તમો સાધુ થાશો ?" ત્યારે તે સાંભળીને હીરજીભાઈએ કહ્યું જે, "હે મહારાજ ! તમે સુંદરજીભાઈ જેવા કેટલા સદ્‌ગૃહસ્થને સાધુ કર્યા છે? તે એક તો કરી બતાવો !" ત્યારે શ્રીજીમહારાજ કહે, "સુંદરજીભાઈ જેવાને પણ સાધુ કરીને તમને બતાવશું." એમ વાર્તા કરીને ભક્તજનોને આનંદ પમાડતા થકા કેટલાક દિવસ રહીને પછી ભુજનગરથી ચાલ્યા તે **અંજાર** થઈને **ગઢપુર** પધાર્યા.

પછી ગુજરાત આદિ દેશમાં વિચરીને **ભાદરે** આવ્યા. અને ત્યાંથી હરિજનો ઉપર પત્ર લખ્યો જે, "સુરાભક્ત, સોમલાભક્ત, અલૈયા, માતરા, કમળશી, અજાભક્ત આદિ સર્વે તમે અમારો કાગળ વાંચીને અમારે અર્થે ઘરબાર, ગામ-ગરાસ, સગાં-સબંધી ત્યાગ કરીને ચાલી નીકળશો. અને તે કોઈને પૂછવા કે પાણી પીવા પણ રોકાશો નહીં. જેતલપુર જઈને રામદાસભાઈને હાથે સાધુ થઈને ભુજ આવશો." પછી તે સર્વ હરિભક્ત કાગળ વાંચીને ભેળા થઈને ચાલી નીસર્યા. ને જેતલપુરમાં રામદાસભાઈને હાથે સાધુ થઈને ભુજનગરને માર્ગે ચાલ્યા. તે શિકારપુરનું રણ ઊતરીને ભચાઉ, ધમડકા, ચાંદ્રાણી ને ધાણેટી ને માધાપુર થઈને ભુજનગરને સમીપે આવ્યા.

તે વાત કોઈક હરિભક્તે આવીને મહારાજને કહી જે, "હે મહારાજ ! નવા પરમહંસની મંડળી આવે છે." તેને સાંભળીને મહારાજ તત્કાળ હીરજીભાઈને ઘેરથી ઊઠીને સંત હરિજનને સાથે લઈને દેસલસર

સરોવરની ઉતરાદી પાળ ઉપર થઈને ઉગમણી પાળ ઉપર ચાલ્યા. તે તળાવના ઉગમણા ઓગાનને ઊતરીને દક્ષણાદી ને ઉગમણી દિશાએ ચાલ્યા. તે મકાનથી થોડે છેટે ચાલીને ઊભા રહ્યા. **ત્યાં નવા પરમહંસની મંડળી આવતી જોઈને મહારાજે સાષ્ટાંગ દંડવત કર્યા. ત્યાં તો નવા પરમહંસે તત્કાળ આવીને મહારાજને ઉપાડી લીધા.**

પછી મહારાજ તે સર્વેને અતિ હેતે કરીને મળ્યા. પછી સંતોને સાથે લઈને ચાલ્યા તે સલાટના વાડામાં આવ્યા. ત્યાં હીરજીભાઈએ વસ્ત્ર પાથરી દીધું તે ઉપર બેઠા. ને સર્વે હરિજન દર્શને આવ્યા, તેની આગળ મહારાજે વાર્તા કરી જે, "આ સ્થાનકમાં અમે ઘણીક વાર બેઠા છીએ." એમ કહીને પાછા હીરજીભાઈને ઘેર આવ્યા. પછી શ્રીજીમહારાજે તેમને તળસી રાતના ઘરમાં ઉતારો આપ્યો. તે ઘર ભટ્ટ મૈદાસે વેચાતું લીધું હતું ત્યાં ઊતર્યા. ને પછી શ્રીજીમહારાજ પણ ત્યાં પધાર્યા.

પછી શ્રીજીમહારાજે હીરજીભાઈને કહ્યું જે, "જુવો, આ સાધુ કેવા છે ?" પછી હીરજીભાઈ તથા બીજા સત્સંગી જોઈને ઘણા રાજી થયા ને બોલ્યા જે, "હે મહારાજ ! તમે કહેતા હતા તેવા જ સંત છે." પછી સાત-આઠ દિવસ રહ્યા. પછી એક દિવસ મહેતા ગણપતરામ શ્રીજીમહારાજને દર્શને આવ્યા. તેણે મહારાજને પગે લાગીને હાથ જોડીને કહ્યું જે, "હે મહારાજ ! કાલે મારી રસોઈ છે, તે સાકરની કરવી છે."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "કાચી રસોઈ કરાવો." ત્યારે તે મહેતા ગણપતરામે કહ્યું જે, "અમે લોક-વ્યવહારે મોટા કહેવાઈએ, તે માટે અમારે તો સાકરની રસોઈ કરાવવી જોઈએ. તે માટે હે મહારાજ ! ના કહેવી નહીં." પછી હા-ના કહેતાં કહેતાં પાશેર ઘી ને પાશેર ગોળ એ રીતે ઠેરાવ્યું. ને પછી રસોઈ કરાવી અને સર્વે સંતને મહારાજે જમાડ્યા. પછી વળી તે સાધુને ઘણાક દિવસ રાખ્યા ને પછી વળી સર્વેને પાછા ઘેર જવાની આજ્ઞા આપી.

ત્યારે તે કાઠી સાધુ હતા તેમણે કહ્યું જે, "હવે અમને ભગવાં વસ્ત્ર પહેરાવ્યાં ને મૂછ ઉતરાવી, તેથી હવે પાછા ઘરે નહિ જઈએ." પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "તમે અમારા વચનમાં રહો તો અમે કહીએ તેમ કરો. ધોળાં વસ્ત્ર પહેરો ને મૂછ ન રાખશો. ને ઘેર જઈને અમારું ભજન કરો. તમારું કલ્યાણ હું અનાદિ મુક્તના જેવું કરીશ." એમ કહીને પાછા તેમને પોતાને ઘેર મોકલ્યા.

✵ શ્રીહરિએ સુંદરજીભાઈની રંગોત્સવની પ્રાર્થના સ્વીકારી :

બીજે દિવસ શ્રીજીમહારાજ હમીરસરમાં નાવા પધાર્યા. તે આપણા જૂનાબાગ સોંસરા થઈને નવાબાગમાં વડ હેઠે નાહ્યા. નાઈ-ધોઈને પાછા હીરજીભાઈને ઘેર પોતાને ઉતારે આવીને બિરાજમાન થયા. તે સમે સુંદરજીભાઈએ હાથ જોડીને પ્રાર્થના કરી જે, "હે મહારાજ! અમારા ઉપર કૃપા કરીને હુતાશનીનો રંગ-ઉત્સવ અમારી વંડીમાં કરો. તે ઉત્સવ જોવાની અમારાં કુટુંબી સૌને ઘણી જ ઇચ્છા છે. ને તમારા પ્રતાપે કરીને જે જે સામગ્રીઓ જોશે તેની ખોટ નહિ રહે."

પછી શ્રીજીમહારાજ કહે, "બહુ સારું, અમે તો સદાય રાજી છીએ, ને અમારે કર્તવ્ય પણ એ જ છે. મોટા મોટા યજ્ઞ, ઉત્સવ-સમૈયા કરીને લક્ષાવધિ જીવોને દર્શન આપીને તથા જમાડીને તથા તેના થાળ જમીને તથા તેની પૂજા અંગીકાર કરીને તથા સ્પર્શ કરાવીને તથા વાર્તા સંભળાવીને, એમ અનેક રીતે જીવનું કલ્યાણ કરવા સારુ અમે પ્રગટ થયા છીએ. માટે તમે રંગની સામગ્રી તથા અબીલ-ગુલાલ એ સર્વે મંગાવો. ને અમે હરિજનો ઉપર કંકોતરીઓ લખાવીને મોકલાવીશું."

એવાં શ્રીહરિનાં વચન સાંભળીને સુંદરજીભાઈ અને તેમનાં સગાં-સંબંધી સર્વ રાજી થયાં. અને સુંદરજીભાઈએ પણ ઉત્સવનો સામાન મંગાવવો તેની જેમ જેને ઘટે તેમ ભલામણ કરીને મંગાવ્યો.

ને શ્રીહરિને તે સમે મૂળજી બ્રહ્મચારી બોલાવવા આવ્યા તેમના ભેળા જમવા પધાર્યા. અને તે સુંદરજીભાઈને ત્યાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ બાજોઠ ઉપર બિરાજમાન થયા. ને મૂળજી બ્રહ્મચારી સુંદર કેસરિયો બિરંજ ને મેદાની પૂરી ને સુરણનું શાક તથા અળવીનાં ભજિયાં ને કમોદનો ભાત ને સુંદર દૂધ-સાકર ઈત્યાદિક અનેક ભોજનનો થાળ ભરીને બાજોઠ ઉપર મહારાજ આગળ ધારણ કર્યો. તેને શ્રીહરિ જમવા લાગ્યા. જમીને જળપાન કરીને મુખવાસ લીધો. ને પ્રસાદીનો થાળ સુંદરજીભાઈને આપ્યો.

પછી શ્રીહરિએ કંકોતરીઓ લખાવી જે, "તમે સર્વ હુતાશની ઉપર ભુજનગર આવજો." એમ લખાવીને દેશોદેશમાં મોકલાવી. પછી જળપાન કરીને ઢોલિયા ઉપર બિરાજ્યા. ને સુંદરજીભાઈએ પણ કેસર, કેસુડા, કસુંબો, પતંગ, સોરંગના રંગ કઢાવીને મોટી મોટી કોઠીઓ ભરાવી. ને શ્રીહરિની સાથે રંગ રમવા સારુ સોનાની પિચકારીઓ કરાવી. ને કેટલીક રૂપાની પિચકારીઓ કરાવી. ને કેટલીક પીતળની ને કેટલીક વાંસની, એવી રીતે અનેક તરેહની પિચકારીઓ તૈયાર કરાવી રાખી. ને અબીર-ગુલાલના કેટલાક કોથળા મંગાવ્યા. ત્યાં તો દેશાંતરના હરિજનો પણ આવ્યા.

પછી પૂનમને દિવસ પ્રાતઃકાળમાં મહારાજ હમીરસરમાં સ્નાન કરવા પધાર્યા. પછી ઉતારે આવીને નિત્યકર્મ કરીને આસન ઉપર બિરાજમાન થયા. ત્યાં સર્વે જનો નાઈ-ધોઈને પૂજાપાઠ કરીને તૈયાર થઈ રહ્યા. અને શ્રીજીમહારાજે સુંદર સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં. તે સમે સુંદરજીભાઈ તથા હીરજીભાઈ આદિ હરિજનો રંગના મોટાં મોટાં દેગડાં તથા ગાગરો તથા ઘડા ભરીને મહારાજની આગળ મેલ્યાં. ને ગુલાલના મોટા ટોપલા ભરી ભરીને મેલ્યા. ને લક્ષાવધિ જનો તૈયાર થઈને આવ્યા.

✵ ભુજમાં ભવ્ય રંગોત્સવ તથા સ્નાનલીલા :

પછી સુંદરજીભાઈએ મહારાજના હાથમાં સુંદર સોનાની પિચકારી આપી. અને મહારાજે પાટ ઉપર ઊભા થઈને રંગની પિચકારી ભરીને સર્વજનો ઉપર છાંટી. પછી ગુલાલની ઝોળી ભરીને નાખ્યો. પછી સંત-હરિભક્તોને મહારાજ ઉપર રંગ નાખવો તથા પરસ્પર નાખવો તેવી છૂટ થઈ. પછી તો સુંદરજીભાઈ, હીરજીભાઈ, મલ ગંગારામભાઈ, વાલજીભાઈ તથા અદાભાઈ આદિક કેટલાક હરિજનો મહારાજના પક્ષમાં રહ્યા. અને સંત તથા બીજા હરિજનોનો બીજો પક્ષ થયો. અને સંત તથા હરિભક્તો સૌને સુંદરજીભાઈએ એક એક પિચકારી આપી.

પછી સંત તથા હરિજનોએ મહારાજ ઉપર રંગની ભરેલી પિચકારી નાખી. તે જેમ અષાઢ માસનો વરસાદ વરસે તેમ ધારાઓ છૂટી. અને તેના ઉપર ગુલાલની ઝોળીઓ ભરી ભરીને નાંખે, તેણે કરીને મહારાજની મૂર્તિ અતિશે શોભતી હતી. પછી શ્રીહરિએ રંગના ઘડા ભરી ભરીને સંત ઉપર ઢોળ્યા. વળી તાંસળીઓ ભરી ભરીને રંગ છાંટ્યો. ને ગુલાલના ટોપલા ભરેલા તેમાંથી થાળીઓ ભરીને સંતો તથા હરિજનો ઉપર નાખ્યો. ને સંત તથા હરિજનો પણ રંગે કરીને રસબસ થયા સતા મહારાજ ઉપર પિચકારીઓ સહુ સંઘાથે ભરી ભરીને નાખવા લાગ્યા. તે એક સાથે પાંચસે પિચકારીઓ છૂટે, તેણે કરીને રંગની છોળો આકાશમાં ઊડતી હતી. ને તે સ્થળમાં હવેલીઓ તથા વૃક્ષ હતાં તે સર્વે રંગે કરીને રંગાઈ ગયાં. ને આકાશમાં પણ એકલો રંગ રંગ થઈ ગયો. ને પૃથ્વી ઉપર તો રંગની નદી ચાલી. ને કોઈનું વસ્ત્ર પડ્યું હોય તે પણ તણાઈ જાય એટલો રંગ ઊડ્યો.

પછી તો શ્રીજીમહારાજ તાળી વજાડીને હોળીનાં પદ બોલ્યા અને સર્વે સંત તથા હરિજનો તાળી પાડીને ઝીલવા લાગ્યા. પદ બોલી રહ્યા પછી શ્રીજીમહારાજે સંત-હરિજનોને આજ્ઞા કરી જે, "હવે બબેની જોડ

કરીને પરસ્પર રંગે રમો.” એવી રીતે શ્રીહરિની આજ્ઞા સાંભળીને સર્વે પરસ્પર બબે જણ રંગલીલા કરવા લાગ્યા. તેમાં મુકુંદાનંદ બ્રહ્મચારી અખંડાનંદ બ્રહ્મચારી સાથે રમવા લાગ્યા. ને મુક્તાનંદમુનિ મહાનુભાવાનંદમુનિ સાથે રમવા લાગ્યા. ને વ્યાપકાનંદમુનિ સાથે સ્વરૂપાનંદસ્વામી રમવા લાગ્યા.

અને આનંદાનંદમુનિ સાથે પરમાનંદમુનિ રમવા લાગ્યા. અને નિષ્કુળાનંદમુનિ પૂર્ણાનંદમુનિ સાથે ક્રીડા કરવા લાગ્યા. ને આત્માનંદ મુનિ દેવાનંદમુનિ સાથે રમવા લાગ્યા. ને નિત્યાનંદમુનિ બ્રહ્માનંદ મુનિ સાથે રમવા લાગ્યા. ને ભૂમાનંદમુનિ ભજનાનંદમુનિ સાથે રમવા લાગ્યા. ને ચૈતન્યાનંદમુનિ નૃસિંહાનંદમુનિ સાથે રંગે રમવા લાગ્યા. અને સુરાભક્ત સાથે અદાભાઈ રમવા લાગ્યા. ને રાયધણજી ભક્ત સાથે રામસંગજી રમવા લાગ્યા. ને હીરજીભાઈ વાલજીભાઈ સાથે રંગ રમવા લાગ્યા. ને સુંદરજીભાઈ ગંગારામભાઈ સાથે રંગક્રીડા રમવા લાગ્યા. ને નારાયણજીભાઈ ભગવાનજીભાઈ સંઘાથે રંગ રમવા લાગ્યા.

એવી રીતે બીજા કેટલાક સંત તથા હરિજનો પોતપોતાની જોડ બાંધીને સાથે રંગ રમવા લાગ્યા. એવી રીતે મધ્યાન્હ સુધી રંગ રમ્યા. શ્રીહરિ પોતાના ભક્તની રમત જોઈને બહુ રાજી થયા. તે સમે સૂર્ય પણ સ્થિર થઈને તે લીલાને જોવા લાગ્યા. ને દેવતાઓ પોતપોતાના વિમાનમાં બેસીને તે રંગ તથા ગુલાલને ગ્રહણ કરીને પોતાનાં ધન્ય ભાગ્ય માનવા લાગ્યા. પછી શ્રીજીમહારાજે પોતાના સંત તથા હરિજનોને રમવાથી નિવૃત્તિ પમાડવા સારુ તાળી વગાડી. પછી સૌ વિરામ પામ્યા. એવી રીતે ઘણીક લીલા કરી.

પછી શ્રીહરિ પોતાના ભક્તે લાવીને તૈયાર કરી જે હરડી ઘોડી તેના ઉપર બિરાજમાન થયા. ને સૌને કહ્યું જે, “સર્વે હમીરસરમાં સ્નાન કરવા ચાલો.” પછી શ્રીહરિની આગળ સંત કીર્તનગાન કરતા

સતા ચાલ્યા. ને હરિજનો મહારાજને બે પડખે તથા પછવાડે સર્વે ચાલ્યા. એવી રીતની શોભાએ જુક્ત શ્રીહરિ હમીર સરોવર પ્રત્યે જઈને ઘોડીથી નીચા ઊતરીને વસ્ત્રે સહિત જળમાં પ્રવેશ કર્યો. અને સર્વે સંત તથા હરિજનોએ જળમાં પ્રવેશ કર્યો. ને તે સરોવરનુ જળ રંગે કરીને લાલ થઈ ગયું.

પછી શ્રીહરિ સ્નાન કરીને બહાર નીકળ્યા. ને સર્વે રંગવાળાં વસ્ત્ર ઉતારીને સુંદરજીભાઈને આપ્યાં. ને બીજાં શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં. પછી સૌ તૈયાર થયા ને મહારાજે પણ તે સર્વે હરિભક્તે વીંટાણા થકા ગાજતે વાજતે ભુજનગરમાં પાટવાડીને દરવાજે થઈને પ્રવેશ કર્યો. ને સુંદરજીભાઈને ઘેર જઈને ઊતર્યા. ત્યાં તો પ્રાગજી દવે પુરાણી મહારાજને તેડવા આવ્યા. તે ભેળા મહારાજ જમવા પધાર્યા ને પછી સુંદર ભોજન જમીને સંતની પંક્તિ કરાવીને પોતે પંગતમાં પાંચ વાર પીરસીને સૌને મોતૈયા લાડુ જમાડ્યા. ને તે હરિજનોની પંક્તિ કરાવીને તેમને ઘણી મનુવાર કરીને મહારાજે જમાડ્યા. પછી શુદ્ધ જળે હસ્તકમળ તથા ચરણકમળ ધોઈને જળપાન કરીને ઢોલિયા ઉપર પોઢી ગયા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજ માંડવીથી ડોણ થઈને ભુજ પધાર્યા. ત્યાં સુંદરજીને ઘેર હુતાશનીનો સમૈયો કર્યો ને સંતને જમાડ્યા ને જળપાન કરીને પોઢ્યા' એ નામે ચોત્રીસમો અધ્યાય ॥૩૪॥

અધ્યાય - ૩૫

શ્રીહરિએ ભક્તોની પૂજા સ્વીકારી અને ઘેર જવાની રજા

ત્રીજા પહોરમાં મહારાજ જાગ્યા અને મુકુંદ બ્રહ્મચારીએ સુંદર સુગંધીમાન ટાઢું જળ લોટામાં ભરીને આપ્યું. તેણે કરી મુખકમળ ધોઈને કોગળા કરીને જળપાન કર્યું. પછી સભા મધ્યે સુંદર સિંહાસન ઉપર

આવીને બિરાજમાન થયા ને સંત પણ સર્વે જળપાન કરીને સભામાં આવી મહારાજને નમસ્કાર કરીને બેઠા. તે સમે દેશાંતરના હરિજનો પણ મહારાજની પૂજા કરવાની સામગ્રીઓ લઈને સભા મધ્યે આવ્યા. ને સુંદરજીભાઈ પણ સીરપાવ લઈને સભામાં આવ્યા.

પછી સુંદરજીભાઈએ મહારાજને સુંદર જરિયાની પોસાગ ધારણ કરાવ્યો. ને કેસરચંદને પૂજા કરીને સુંદર સોનાનાં કડાં તથા પોંચી શ્રીહરિને ધારણ કરાવ્યાં. ને કંઠમાં નંગ જડિત સુંદર હાર પેરાવ્યો. પછી આરતી ઉતારીને સ્તુતિ કરી. પછી સંતની પૂજા કરીને પછી સભામાં બેઠા. અને મહારાજે ભક્તજનનાં ભવબંધન નાશ કરી નાખે એવી વાર્તા કરી. તે એમ ને એમ સાંયકાળ થયો. તે આરતી નારાયણ-ધૂન કરીને સભામાં સૌ બેઠા ને ગવૈયા મુનિ વાજિંત્ર લઈને શ્રીહરિના યશનું ગાન કરવા લાગ્યા.

પછી ગાવણું થઈ રહ્યું ત્યારે શ્રીહરિ સભામાંથી ઊઠીને પોતાને ઉતારે પધાર્યા. ને સંત-હરિજનો પણ સૌ પોતપોતાને ઉતારે ગયા. ને મહારાજ સુંદર જળે સ્નાન કરીને દૂધ, શાક ને પૂરી જમ્યા. ને જળપાન કરી મુખવાસ લીધો. ત્યાં સંત-હરિજનો પણ પોતપોતાને ઉતારે બે ઘડી વિસરામ કરીને મહારાજને ઉતારે આવ્યા. પછી હરિજનોને મહારાજે કહ્યું જે, “પ્રાતઃકાળમાં સૌને પોતપોતાના દેશ પ્રત્યે જવાની આજ્ઞા છે. માટે સૌ વહેલા ઊઠીને જાજ્યો. ને સંતો પણ પોતપોતાના દેશમાં ફરવા જાજ્યો.” એમ આજ્ઞા કરીને મહારાજ જળપાન કરીને પોઢી ગયા. ને સંત-હરિજનો પણ પોતપોતાને ઉતારે જઈને જળપાન કરીને પોઢી ગયા ને પ્રાતઃકાળમાં ઊઠી હરિજન પોતપોતાના દેશમાં ગયા. ને સંત પણ દેશાંતરમાં ફરવા ગયા. આવી રીતે શ્રીજીમહારાજે સુંદરજીભાઈને ઘેર હુતાશનીનો ઉત્સવ કર્યો.

અને ત્યાં બીજે દિવસ સુરતના સત્સંગી આવ્યા. તે શ્રીજીમહારાજનાં દર્શન કરીને દંડવત કરી પગે લાગીને બેઠા. પછી શ્રીજીમહારાજે રાજી

થયા થકા હીરજીભાઈને કહ્યું જે, "એમને માટે રસોઈ કરાવો." પછી તે સત્સંગીઓએ શ્રીજીમહારાજની પૂજા કરી. તે કેવી રીતે ? તો કપૂરનો સિરપેચ ધરાવ્યો. ને કપૂરની ઊતરી, ને કપૂરની માળા, ને કપૂરના બાજુબંધ, ને કપૂરની પોંચી તથા સારાં વસ્ત્ર શ્રીજીમહારાજને ધારણ કરાવ્યાં. અને મહારાજ એમની પૂજાને અંગીકાર કરતા થકા બિરાજમાન થયા.

❋ શ્રીહરિએ સાંખ્યયોગી બાઈને જાનમાં ન જવાનું કહ્યું.

તે સમે કાયસ્થ લાધીબાઈ ને તેમના ભાઈ નારાયણજીભાઈ, શિવરામભાઈ, હરજીવનભાઈ ને તેમનાં બોન ભાગબાઈ તે સર્વે શ્રીજીમહારાજને દર્શને આવ્યાં. તે દર્શન કરીને બેઠાં. ત્યારે લાધીબાઈએ શ્રીજીમહારાજને કહ્યું જે, "આ હરજીવનને પરણાવવા છે, તે પરમદહાડે જાન ચાલવાની છે. તે મારે જવું પડશે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમે સાંખ્યજોગી બાઈયુંને જાનમાં ન જાવું." ત્યારે લાધીબાઈએ કહ્યું જે, "મારી મા તો મરી ગયાં છે, ને પાંચે ભાઈ-બેનમાં હું મોટી છું. તે મારે ગયા વિના ચાલે તેમ નથી, માટે જવું પડશે."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "અમે ના કહીએ છીએ, ને તમારે જાવું હોય તો જાવ." પછી લાધીબાઈએ કહ્યું જે, "મહારાજ ! મારે ઘેર બીજા મનુષ્ય પણ ઘણાં આવ્યાં છે, માટે દયા કરીને તમે બે દિવસ જમવા પધારો તો બહુ સારું." પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "બહુ સારું, આવશું રસોઈ કરાવો." પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "હરજીવન પરણે છે, તેને અમે શું આપીએ ?" ત્યારે હરજીવને કહ્યું જે, "હે મહારાજ! આપની દયા જોઈએ ને સર્વ મહારાજનું આપેલું છે."

એમ વાતુ કરે છે એટલામાં મહેતા જગજીવનનાં ઘરવાળાં બાઈ જેકુંવર રૂપાના થાળમાં પુવા દૂધમાં પલાળીને સાકર નાંખી લાવ્યાં, ને શ્રીજીમહારાજની આગળ મેલીને કહ્યું જે, "હે મહારાજ ! આ પુવા

ને દૂધ છે." પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "લાવો જમીએ." પછી મહારાજ જમવા બેઠા, તે સારી પેઠે જમ્યા. પછી હરજીવનને પ્રસાદી આપીને કહ્યું જે, "આ પ્રસાદી જમો." ત્યારે હરજીવન જમવા બેઠા.

ત્યારે શિવરામભાઈએ કહ્યું જે, "મને પ્રસાદી આપો." ત્યારે હરજીવને કહ્યું જે, "મહારાજે મને આપી છે, તે તમને નહિ આપું." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "હરજીવન નહિ આપે. એ તો પ્રસાદી અમે એમને આપી છે." પછી હરજીવન જમી રહ્યા. પછી શ્રીજીમહારાજે સુરતના હરિજનોએ ધરાવેલાં જે વસ્ત્ર તથા કપૂરનાં ઘરેણાં જે સિરપેચ, ઊતરી, માળા, બાજુબંધ ને પોંચી, તે સર્વે ઉતારીને હરજીવનને આપ્યાં. અને કહ્યું જે, "આ ઘરેણાં તમને આપ્યાં."

ત્યારે હરજીવને કહ્યું જે, "જ્યારે ઇન્દ્રે દુર્વાસાનો અપરાધ કર્યો ત્યારે દુર્વાસાનો શાપ થયો, ને ત્રિલોકીની લક્ષ્મી સમુદ્રમાં લીન થઈ ગઈ. પછી સમુદ્ર વલોવ્યો તેમાંથી લક્ષ્મીજી નીસર્યાં, ને કૃપા કરીને સામું જોયું. તેણે કરીને દેવતા તથા દૈત્ય તથા મનુષ્યમાત્રના મનોરથ સર્વે પૂર્ણ થઈ ગયા. અને શ્રીકૃષ્ણ ભગવાને કૃપા કરીને સુદામા સામું જોયું, તેણે કરીને સુદામાના મનોરથમાત્ર પૂર્ણ થઈ ગયા. તેમ અમારે માથે શ્રીજીમહારાજે કૃપા કરીને જોયું, તેથી અમારા મનોરથમાત્ર પૂર્ણ થઈ ગયા. જૂઓને, હમણાં જ પરચો થયો જે દૂધ-પુવા ને સાકર તે જમવા મળ્યાં, ને ઓઢવા વસ્ત્ર મળ્યાં, ને પહેરવા ઘરેણાં મળ્યાં. એમ મહારાજની કૃપાએ કરીને મળ્યાં. તે વળી મહારાજની પ્રસાદીનાં મળ્યાં. માટે અમે પણ મોટા ભાગ્યશાળી છીએ."

પછી શ્રીજીમહારાજ તેના સામું જોઈને હસ્યા ને કહ્યું જે, "નાના છે, પણ સમજણ સારી છે." પછી લાધીબાઈ બોલ્યાં જે, "જેમ હરજીવન કહે છે, તેમ જ યથાર્થ છે. કેમ જે આપ મળ્યા તેથી બીજી શી પ્રાપ્તિ જોઈએ ? અને અષ્ટસિદ્ધિ ને નવનિધિ સર્વે આપના ચરણમાં

રહેલી છે." એમ કહીને પછી પોતાને ઘેર જઈને રસોઈ કરી. તે સેવ, કંસાર, લાડુ, પૂરી ને પકવાન સાત વાનાંની સુખડી ને પાક, શાક ને અથાણાં, પાપડ એ આદિક સર્વે રસોઈ થઈ રહી, ત્યારે લાધીબાઈએ મહેતા શિવરામભાઈને મોકલ્યા જે, "મહારાજને જમવા તેડી લાવો."

પછી શિવરામભાઈએ આવીને શ્રીજીમહારાજને કહ્યું જે, "હે મહારાજ ! રસોઈ થઈ છે, તે જમવા પધારો." પછી શ્રીજીમહારાજ જમવા પધાર્યા. ને ત્યાં બાજોઠ ઉપર બિરાજમાન થયા. અને તે ભક્તે અન્નકોટની પેઠે સર્વ ભોજન લાવીને મૂક્યાં. અને શ્રીજીમહારાજ ધીરા ધીરા રૂડી રીતે જમ્યા. પછી ચળુ કરીને બીજા ઘરમાં બેઠા. પછી તે ભક્તે કેસરચંદન, પુષ્પહાર વસ્ત્રે કરીને શ્રીજીમહારાજની પૂજા કરી. પછી કહ્યું જે, "હે મહારાજ ! કાલ પણ દયા કરીને પધારજો." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "સારું આવીશું." પછી બીજે દિવસે પણ તેવી જ રીતે રસોઈ કરીને શ્રીજીમહારાજને રૂડી રીતે જમાડીને પૂજા કરી.

✵ લાધીબાઈને શ્રીહરિએ સાજા કરવા રાબ કરીને પાઈ :

પછી શ્રીજીમહારાજ સુતાર હીરજીભાઈને ઘેર પધાર્યા. ને હરજીવનને પરણાવવાને જાન ચાલી, તે પરણાવીને જાન પાછી વળી. તે માર્ગમાં ચાલતાં લાધીબાઈ ગાડા ઉપરથી પડી ગયાં. તેને આવીને ઘેર ઉતારીને જાન પણ ઊતરી. અને શિવરામભાઈએ આવીને શ્રીજીમહારાજને પગે લાગીને કહ્યું જે, "હે મહારાજ ! જાન આવી, ને લાધીબાઈ તો ગાડા ઉપરથી પડી ગયાં. તે શરીરની પણ ખબર નથી ને દાંત બંધાઈ ગયા છે." તે વાત સાંભળીને શ્રીજીમહારાજ તત્કાળ ઊઠ્યા ને ત્યાં પધાર્યા. અને લાધીબાઈ સામું જોઈને શ્રીજીમહારાજ બોલ્યા જે, "પ્રારબ્ધનાં દુઃખ છે, તે તો મુક્તને પણ ભોગવવાં પડે." એમ કહીને બોલ્યા જે, "બકરીનું દૂધ, હળદી, કડાઈ ને તાવીથો લાવો ને દેવતા લાવો ને ચૂલો લાવો. અમે લાધીબાઈને સારુ રાબ કરીએ."

પછી શ્રીજીમહારાજે પોતે પોતાને હાથે દૂધની રાબ કરી અને ચૂલેથી ઉતારીને ઠારી. પછી શ્રીજીમહારાજે કહ્યું, “વેલણ લઈને લગારેક મોઢું પહોળું કરો તો રાબ બાઈને પાઈએ.” પછી તે બાઈના ભાઈએ બાઈનું મોઢું પહોળું કર્યું, તે મહારાજે પોતે રાબ પાઈ. પછી બે પૈસાભાર રાબ ઊતરી. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “બાઈ ઉગર્યાં ને પ્રત્યક્ષ ભગવાને રાખ્યાં.” ત્યારે મહેતા શિવરામભાઈ ને મહેતા હરજીવનભાઈએ કહ્યું જે, “પ્રત્યક્ષ ભગવાને રાખ્યાં ખરાં.” ત્યારે શ્રીજીમહારાજ સામું જોઈને હસ્યા. એવી રીતે શ્રીજીમહારાજે પોતે આવીને રાબ કરી કરીને ત્રણ્ય દિવસ સુધી બબ્બે ફેરા પાઈ. એ રાબ પીને બાઈ ત્રણ દિવસે સાજાં થયાં. પછી શ્રીજીમહારાજને થાળ કરીને રૂડી રીતે પાર્ષદે સહિત જમાડ્યા. એવી રીતે અનેક પ્રકારની લીલા કરતા થકા બિરાજમાન હતા.

❋ ભક્તો વળાવવા આવ્યા અને કચ્છમાં વિચરણ :

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, “આજ અમારે ચાલવું છે.” ત્યારે સુંદરજીભાઈએ કહ્યું જે, “હે મહારાજ ! હમણાં પાંચ દિવસ દર્શન દ્યો ને બિરાજો.” ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “હવે તો નહિ રહેવાય.” ત્યારે સુંદરજીભાઈએ કહ્યું જે, “કાલે થાળ વહેલા કરશું, તે જમીને પધારજો.” ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “સારું.” પછી સવારમાં શ્રીજીમહારાજ હમીરસર તળાવમાં નાહીને પધાર્યા. ત્યારે હીરજીભાઈ આવ્યા ને કહ્યું જે, “પધારો મહારાજ ! રસોઈ થઈ છે.” પછી શ્રીજીમહારાજ જમવા પધાર્યા. પછી જમીને પાર્ષદને જમાડ્યા.

પછી શ્રીજીમહારાજ ચાલ્યા તે વાણિયાવાળે દરવાજે પધાર્યા. ને બહાર વાડીમાં રાયણના વૃક્ષ હેઠે સુંદરજીભાઈએ પોતાનો ચોફાળ પાથરીને શ્રીજીમહારાજને હાથ જોડીને કહ્યું જે, “પધારો મહારાજ, બિરાજો.” પછી મહારાજ બેઠા ને વાતુ કરી. તે વાતુ સાંભળીને સત્સંગી સર્વેનાં નાડીપ્રાણ તણાઈ ગયાં. જેમ ચમકને દેખીને લોઢું

તણાઈ જાય તેમ શ્રીજીમહારાજ પાસેથી ઊઠવાને કોઈ સમર્થ ન થયા. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "હવે સત્સંગી સર્વે પાછા વળો." તોય પણ પાછા ન વળ્યા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "હવે ઊઠો." ત્યારે સુંદરજીભાઈએ કહ્યું જે, "હે મહારાજ ! આ હરિજન પ્રસાદી લાવ્યા છે તે જમો." ત્યારે મહારાજે કહ્યું જે, "લાવો જમીએ."

પછી સુંદરજીભાઈએ શ્રીજીમહારાજને બરફી, પેંડા તથા પતાસાં લઈને હાથમાં આપ્યાં. તે મહારાજ સારી પેઠે જમ્યા ને પછી મહારાજે કહ્યું જે, "હવે રાખો ને પ્રસાદી સર્વે સત્સંગીને આપો." ત્યારે સુંદરજીભાઈએ સત્સંગી સર્વેને આપી. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "બાકી રહી જે પ્રસાદી તે સર્વે સત્સંગીને રાત્રે વહેંચી આપજો." પછી સુંદરજીભાઈએ કહ્યું જે, "હે મહારાજ ! આ ટીમણ છે તે લ્યો." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "ડુંગરજીને આપો." પછી સત્સંગી સર્વે દંડવત કરીને પગે લાગ્યા, ને સ્તુતિ કરીને કહ્યું જે, "હે મહારાજ ! વહેલા પધારજો." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "સર્વ સત્સંગમાં દર્શન દઈને ફરતાં ફરતાં આવશું." તેમ કહીને પધાર્યા ને સત્સંગી પાછા વળ્યા.

અને શ્રીજીમહારાજ ગામ **અંજાર** પધાર્યા ને જ્યાં બાઈયોનું મંદિર જૂનું છે, ત્યાં ચાગબાઈ રહેતાં હતાં, તેમને ઘેર ઊતર્યા. ને બાઈએ રસોઈ કરીને શ્રીજીમહારાજને પાર્ષદે સહિત જમાડ્યા. ને ત્યાંથી ચાલ્યા તે ગામ **વરસામેડી**ના તળાવમાં જળપાન કરીને ઘડીક તળાવની પાળે બાવળના વૃક્ષ તળે વિશ્રામ કર્યો. અને ત્યાંથી પોતાના પાર્ષદે સહિત ચાલ્યા તે ગામ **ભીમાસર**ના તળાવ **ચકાસર**ની ઉગમણી કોરે પાળ ઉપર આબલીના વૃક્ષ તળે જળપાન કરીને બિરાજમાન થયા. ને ત્યાં બે ઘડી વિશ્રામ કરીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **મોટી ચીરઈ**ના **તળાવ કુંવરસર**ની દક્ષણાદી પાળે બાવળના વૃક્ષ હેઠે જળપાન કરીને તથા સ્નાન કરીને બે ઘડી વાર વિશ્રામ કર્યો. તે સ્થાનમાં બે વાર મહારાજ બિરાજમાન થયેલા છે.

ત્યાંથી ચાલ્યા તે ગામ **ભચાઉ** પધારતાં રસ્તામાં ચાલતાં ઉગમણી દિશામાં સમીપે બંટિયાવાળો કૂવો છે, ત્યાં આંબલીના વૃક્ષ તળે બિરાજમાન થયા. ને તે કૂવામાં સ્નાન કરીને બે ઘડી વાર વિશ્રામ કરીને ત્યાંથી ચાલ્યા, તે ગામ ભચાઉમાં શાહ લખુને ઘેર પધાર્યા. ને શાહ લખુએ પોતે રસોઈ કરાવીને શ્રીજીમહારાજને પાર્ષદે સહિત જમાડ્યા. ને ત્યાંથી ચાલ્યા તે ગામ **વાંઢીએ** પધાર્યા ને સુતાર રૂડાને ઘેર ઊતર્યા. સુતાર રૂડે પોતાને ઘેર રસોઈ કરાવીને શ્રીજીમહારાજને પાર્ષદે સહિત જમાડ્યા. ને શ્રીજીમહારાજ ત્યાંથી ગામ **માળિયે** પધાર્યા. અને ત્યાં લુહાણા બજારમાં હતા તેણે મહારાજને માટે રસોઈ કરાવી અને મહારાજ જમીને પધાર્યા. તે ઝાલાવડ દેશમાં ફરતાં **હાલાર** દેશમાં પધાર્યા. ને ત્યાંથી સોરઠ દેશમાંથી **પંચાળે** પધાર્યા ને ઠાકોર ઝીણાભાઈને ઘેર ઊતર્યા ને ત્યાં માસ બેને આશરે રહ્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજ જાગ્રત થઈને જળપાન કરીને સર્વે હરિજનોને ઘેર જાવાની આજ્ઞા આપી તથા ઝીણાભાઈને ઘેર માસ બેને આશરે રહ્યા' એ નામે પાંત્રીસમો અધ્યાય ॥૩૫॥

અધ્યાય - ૩૬

તેરામાં બ્રાહ્મણવેષે આવેલા વૈરાગીને સીધું અપાવ્યું.

પછી ત્યાંથી પધાર્યા તે કાઠિયાવાડ તથા ભાલદેશમાં થઈને ગુજરાતમાં ગામ **જેતલપુર** પધાર્યા. ત્યાં મહારુદ્ર કરીને ત્યાંથી ચાલ્યા તે ગુજરાત દેશમાંથી દંઢાવ્ય દેશમાં પધાર્યા. ત્યાંથી ચાલ્યા તે **માળિયા**નું રણ ઊતરીને **વાંઢીએ** પધાર્યા. ત્યાં રૂડાભક્તને ઘેર થાળ જમીને **ભચાઉ** પધાર્યા. ત્યાંથી ચાલ્યા તે **ભુજનગર**માં સુતાર સુંદરજીભાઈને ઘેર પધાર્યા. ત્યાં બે દિવસ રહીને **તેરે** પધાર્યા. ને ત્યાં સુતાર નોંઘાને ઘેર ઊતર્યા.

એક દિવસ મહારાજ કથા કરાવતા હતા. ત્યાં એક બ્રાહ્મણ આવ્યો ત્યારે મહારાજે કહ્યું જે, "ક્યાં રહો છો ?" ત્યારે તે કહે, "અમદાવાદ રહીએ છીએ." ત્યારે મહારાજ કહે, "કઈ પોળમાં રહો છો ?" ત્યારે તેણે પોળનું નામ લીધું. ત્યારે મહારાજ કહે, "આ તો ઠેકાણાનો બ્રાહ્મણ છે." પછી મહારાજ કહે, "ખાંડનું સીધું દેવરાવો." ત્યારે તે બોલ્યો જે, "લાકડા નથી." ત્યારે મહારાજે કહ્યું જે, "તમે ઉતારે જાઓ, સુતાર પુગાડશે. તમે ક્યાં ઉપાડશો ?" પછી બ્રાહ્મણ ગયો.

પછી શ્રીજીમહારાજે ધનજીને કહ્યું જે, "એ તો વૈરાગી છે, ને બ્રાહ્મણનો વેશ લીધો છે; તે તું લાકડાં લઈને જા. ને કહે જે, આજનું સીધું લેખે આવ્યું છે. શા માટે જે અમારે ઘેર સ્ત્રી છે તેને સ્વામિનારાયણે કાંઈક કર્યું છે. તે કોઈને ચપટી આપે નહિ પણ આજ તો સ્વામિનારાયણે કહ્યું ત્યારે આપ્યું છે. માટે મારું રૂડું થનાર તેથી તમ જેવાને અર્થે આવ્યું. પણ મહારાજ ! આ પાપ ક્યારે જાશે ?" તે શ્રીજીની વાત ધનજીએ વેરાગીને જઈને કહી.

ત્યારે વેરાગી બોલ્યો જે, "કુછ ફિકર રખના નહીં, હમ પચાસ જણ વેશ લઈને ફિરતા હે, પણ એ ક્યાંક ખૂણામાં ઘૂસ જાતા હે. ક્યાંય લાગ નથી આવતા હે." પછી ધનજી સુતારે આવીને બધી વાત કરી. પછી ડુંગરજી બોલ્યા જે, "હે મહારાજ ! એને થોડીક શિખામણ દેશું." ત્યારે મહારાજે ના પાડી તોપણ પરોઢિયે માર્ગ રોક્યો, પણ વૈરાગી બીજે માર્ગે ગયો તે ભેળો ન થયો.

✵ સંતોની પરસ્પર ચર્ચા અને નવા સત્સંગની વાત :

એક દિવસ ગુસાઈજીના મંદિરમાં કથા વંચાતી હતી, ત્યાં મહારાજ ગયા. પછી મહારાજને ચંદન ચરચવાને અર્થે કટોરો લીધો. ત્યારે પ્રાગજીએ લઈ લીધો. પછી ઓરસિયો ધોઈને ચંદન ઉતારીને મહારાજને ભાલે અર્ચા કરી. પછી આત્માનંદસ્વામીને અર્ચા કરી. પછી પોતે કરી

અને નાગદમનની વાત આવી હતી. પછી અધ્યાય પૂરો થયો. ત્યારે મહારાજે ઊઠવાનું કહ્યું. ત્યારે પુરાણી બોલ્યો જે, "અમારે માંહોમાંહે વાદ થયો છે જે, "**नद्यम् मयानि तीर्थानि**" એ શ્લોકનો એમ વાદ છે જે, એક એમ કહે છે, "**पुरुकालेन**" અને એક કહે છે, "**उरुकाले**"

ત્યારે મહારાજ બોલ્યા જે, "અમે તો ભણ્યા નથી. આ પ્રાગજીને પૂછો." ત્યારે પ્રાગજીએ કહ્યું જે, "એમે થાય ને એમે થાય." પછી મહારાજ ચાલી નીસર્યા. પછી પ્રાગજીએ મહારાજને કહ્યું જે, "આજ તો દરબાર પૂછતા હતા જે, 'સ્વામિનારાયણને પૂછો જે વરસાદ આવશે કે ગયો?" ત્યારે મહારાજે કહ્યું જે, "આંહીંથી અમે જઈએ તો વરસાદ આવે." પછી મહારાજ તો ઉતારે ગયા ને આત્માનંદસ્વામી ને નિર્વિકલ્પાનંદ સ્વામીએ કહ્યું જે, "પાટીમાં જો." ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "પાટી તો કપાળમાં માંડી છે, પણ આજ તો તમારે બોલવું નહિ; મહારાજનાં દર્શન કરવા દ્યો."

પછી મહારાજ સાંજે ઓરડીએ આવ્યા. ત્યાં ઉદેપુરથી સાધુ નોખો પડ્યો હતો તે આવ્યો. ત્યારે મહારાજે કહ્યું જે, "આવો મહાપુરુષ ! કેમ છે ?" પછી ધ્યાનાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! આજથી નવો સત્સંગ કરવો છે." પછી મહારાજે કહ્યું જે, "આ નિર્વિકલ્પાનંદ ભેળા રહો." પછી બીજે દહાડે દિવસ ઊગતાં મહારાજ આવ્યા. ને ચાખડિયુંમાં ઘુઘરિયું ખણખણ કરતા સતા આવ્યા. ને આત્માનંદસ્વામી ધ્યાનાનંદસ્વામી ને નિર્વિકલ્પાનંદસ્વામી ત્રણ જણા ઓરડામાં બેઠા હતા. તે નિર્વિકલ્પાનંદસ્વામી વાતું કરતા હતા.

પછી મહારાજે કહ્યું જે, "કાલ આવ્યા છે તે સાધુ તમારી પાસે રહેશે. અને આત્માનંદસ્વામી તો અમારી ભેળા આવશે." પછી મહારાજે આત્માનંદસ્વામીને કહ્યું જે, "તમે જમી લ્યો." પછી આત્માનંદસ્વામી જમવા ગયા. ને મહારાજ જમીને ઊઠ્યા હતા, તે અરધો રોટલો ને

દાળ પડી હતી. ત્યાં તે જમવા બેઠા. ને મહારાજ તો વહેલ જોડાવીને ચાલી નીસર્યા. પછી તે પણ ઉતાવળ કરી વાંસે દોડ્યા ગયા. પછી દરવાજે નીસરતાં છેટેથી દીઠા. તે ધોળા બળદ વેલે જોડ્યા છે, ને ધોળે વસ્ત્રે સહિત વેલમાં બેઠા જે મહારાજ તેણે આત્માનંદસ્વામીને આવતા ભાળ્યા.

પછી મહારાજે પાળાને કહ્યું જે, "ઊભા રહો. આત્માનંદસ્વામી દોડી મરશે. તમે બે જણા ધીરે ધીરે આવજ્યો. શા માટે જે બાઈયો બેઠી છે, તે તમારે ઠીક નહિ પડે." પછી **કાળેતળાવે** ભેળા થયા. પછી છોટીસી છાપરી તેમાં એક ઢોલિયો સમાય એવડી હતી. તેમાં ઢોલિયા ઉપર ગોદડું પથરાવીને સૂઈ રહ્યા. અને આત્માનંદસ્વામી પાસે બેસીને પવન નાખતા હતા. ને મહારાજ તો વારંવાર તેના સામું જુવે ને વળી આકાશ સામું વારંવાર જુવે, એમ ચંચળતા હતી. ત્યાં એક આકાશ જળાકાર થઈ ગયો. ને મોટા મોટા ફોરા વરસવા માંડ્યા અને ઈન્દ્રે પણ મૂર્તિમાન આવીને મહારાજને સાષ્ટાંગ દંડવત પ્રણામપૂર્વક સ્તુતિ ઘણી કરી. તે સ્તુતિ સાંભળીને મહારાજ ઘણા પ્રસન્ન થયા.

પછી મહારાજ બેઠા થયા અને ઈન્દ્ર પોતાને સ્થાનકે ગયો. અને બહુ વરસાદ વરસ્યો. પછી મહારાજ બહુ રાજી થયા. અને જે જે મનુષ્ય આવે તેને પૂછે જે, "વરસાદ થયો ?" ત્યારે તે કહે જે, "થયો." ત્યારે મહારાજ કહે જે, "સાંતિ ચાલે એવો થયો ?" ત્યારે તે કહે જે, "હા મહારાજ !" ત્યારે મહારાજે કહ્યું જે, "અમે કહ્યું હતું જે, આંહીંથી અમે જાઈએ તો વરસાદ આવે, માટે વરસાદ આવ્યો ખરો."

✵ રવજી સુતારની વાત તથા તેની પત્નીની ભલામણ :

એક દિવસ રવજી સુતાર મહારાજને જમવા સારુ રસોઈ કરાવવાને પોતાના ભાઈને ઘેર સીધું દેવાને જાતા હતા. પછી મહારાજે તેના સામું જોયું અને એ પાછા આવ્યા. ત્યારે શ્રીજીમહારાજ તેના સામું જોઈ રહ્યા.

પછી મહારાજે એને કહ્યું જે, "રવજીને તો પ્રભુ નથી સાંભરતા." એમ કહીને પછી મહારાજ બોલ્યા જે, "રવજી !" ત્યારે તેણે કહ્યું જે, "શું કહો છો મહારાજ ?" ત્યારે મહારાજે કહ્યું જે, "ઓરો આવ્ય." ત્યારે મોઢા આગળ આવીને બેઠા. ત્યારે મહારાજે કહ્યું જે, "તમને પ્રભુ સાંભરે છે કે નથી સાંભરતા ?" ત્યારે રવજી બોલ્યો જે, "કોઈક દિવસ સાંભરે છે." પછી મહારાજે બીજા મનુષ્યને કહ્યું જે, **"જુઓ છો ને ? પોતે બ્રહ્મમહોલમાં જાતા અને બીજાને તેડી જાતા એવા હતા, પણ જો વચન ઉલંઘન કર્યાં તો પ્રભુ વીસરી ગયા."** એ દિશની ઘણીક વાત કરી.

પછી મહારાજે કહ્યું જે, "રોટલાનું કેમ કરો છો ?" ત્યારે રવજીએ કહ્યું જે, "ટાઢો રોટલો બાંધી જાઉં છું ને કોઈક દિવસ તો આળસ થાય તો અમથો જાઉં. પછી તે સાંજે આવીને ખાઉં." પછી મહારાજે કહ્યું જે, "રોટલા કરવાવાળી આવી છે ને ?" ત્યારે રવજીએ કહ્યું જે, "એ તો તેના બાપને ઘેર ગઈ છે. અને હોય ત્યારે કહું જે, રોટલા કર્ય, ત્યારે ખીચડી કરે અને ખીચડી કરવાની કહું, તો રોટલા કરે. ને કહું જે, કાંઈ દાળ-શાક કરીએ નહીં ? ત્યારે કહે : નિઃસ્વાદી વ્રતમાન શાનું પાળો છો ?"

પછી મહારાજ બહુ હસ્યા અને કહ્યું જે, "એ તો તને ગુરુ મળી. હવે અમે કોઈક દિવસ તને પરમહંસ કરી મેલશું. તે તમને કોઈ દિવસ એ નહિ સાંભરે." પછી મહારાજ બોલ્યા જે, "રવજી તમે મોર્યે સત્સંગમાં ફરતા ત્યારે જમ્યાનું કેમ કરતા ?" ત્યારે રવજીએ કહ્યું જે, "સવારમાં મોતીયા, જલેબી, દૂધ-પેંડા તેનું સવારમાં ટીમણ કરતા. ને પછી મધ્યાને હરિભક્તને ઘેર જમવા જાતા. ત્યાં પાકી રસોઈ થાય, તે પાક, શાક, અથાણાં એ રીતે જમતા. ને સાંજે દૂધ, સાકર ને ચોખા એ રીતે જમતા." પછી મહારાજે કહ્યું જે, "જુઓને, ખાવાનું આવું સુખ હતું તે પણ ન રહ્યું." એ દિશની ઘણીક વાત કરી. પછી મહારાજ જમવા પધાર્યા ને જમીને ઢોલિયા ઉપર પોઢી ગયા.

બીજે દિવસ ઢોલિયા ઉપર બિરાજમાન હતા. અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને સભા ભરાઈને બેઠી હતી. પછી સાધુની મંડળી આવી તથા મૂળજી બ્રહ્મચારી આવ્યા. તે સાધુએ મહારાજની આગળ કેરી મેલી. ત્યારે મહારાજે કહ્યું જે, "આ કેરી છોલી લાવો." ત્યારે મૂળજી બ્રહ્મચારી કેરી લઈને ચાલ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "બ્રહ્મચારી ! પાછા આવો." એમ કહીને સાધુને કહ્યું જે, "કેરી તમે ક્યાંથી લાવ્યા?" ત્યારે સાધુ બોલ્યા જે, "અમે મોથાળે રાત રહ્યા હતા. તે આંબા તળે સૂતા હતા. તે સવારમાં પડી ભાળી, તેથી લઈ લીધી."

✺ શ્રીહરિએ સંતો-ભક્તોને કરેલી મીઠી ટકોર :

પછી મહારાજે હરિભક્તને પૂછ્યું જે, "આંહીં કેરીની છત ખરી?" ત્યારે સર્વે હરિભક્તો બોલ્યા જે, "હે મહારાજ ! આંહીં તો કોઈક ગામમાં ક્યાંઈક આંબા હોય." ત્યારે મહારાજે કહ્યું જે, "આંહીં લેતા દેખે તો શું કરે ?" ત્યારે ભક્તે કહ્યું જે, "એ તો મારે." ત્યારે મહારાજે કહ્યું જે, "આ તો ચોરીની કેરી, તે ન ખવાય." પછી મહારાજ બોલ્યા જે, "છોલી લાવો, છોલી લાવો, આ તો પ્રથમ ચોરી કરવા શીખે છે. માટે પ્રથમની ચોરીનું થોડું પાપ હોય." પછી મહારાજ કેરી જમ્યા.

પછી એમ વાત કરી જે, "જ્યાં કેરીની છત હોય ને સુઝે તે લે અને કોઈની બંધી ન હોય, જેમ કોઠાનું રખોપું નહિ તેમ કેરિયુંનું જ્યાં રખોપું ન હોય ત્યાં લે, તેનો બાધ નહીં." પછી મૂળજી બ્રહ્મચારી હડમતિયેથી કાગળ લાવ્યા હતા તે કાગળ મહારાજે વાંચ્યો. તે મહારાજ ઉપર કાગળમાં બાઈએ એમ લખ્યું હતું જે, "તમે મને કહ્યું હતું જે, પરણીને જાઓ, ત્યાં હું એક વાર આવીશ. એવો તમે કોલ દીધો હતો તે આવ્યા નહીં. હવે મારો વાંક કાઢતા નહીં." પછી મહારાજ બોલ્યા જે, "દેહ નહિ રાખે, માટે દેહ રાખે એવો લાવો કાગળ લખીએ."

એમ કહીને મહારાજે કાગળ લખ્યો જે, "અમે કોલ દીધો ને ન આવ્યા એ અમારી ભૂલ, પણ હમણે તો રાજકોટમાં મૂળજી બંધિયાવાળા તેની બહેન લખુબા તે કર્મયોગીનાં વર્તમાન પાળે છે. તેમ તમે કર્મયોગીનાં વર્તમાન પાળશો, તે વાત અમે સાંભળીશું ત્યારે આવીશું." પછી સાધુ બોલ્યા જે, "દેહ નહિ રાખે." ત્યારે મહારાજે એમ કહ્યું જે, **"અમારા હરિભક્ત હોય તે એકલા ન ચાલે, ને દિવસ આથમ્યા કેડે ઘરબહાર ન નીસરે, ને આત્મઘાત ન કરે."** એવી રીતની ઘણીક વાત કરીને કાગળ લખીને હડમતિયે મોકલ્યો.

બીજો એક કાગળ વીસનગર મોકલ્યો જે, "જેમ કાગળમાં કહ્યું તેમ ભજનમાં બેસજો." એમ લખી મોકલ્યો. અને પછી રવજીને એમ કહ્યું જે, "તમારે વગડામાં જે દિવસ રાત રહો તે દિવસ ધ્યાનમાં બેસવું. અને ઘેર રાત-દિવસ કથા કરવી. તે સર્વે બાઈભાઈ સાંભળે એવી રીતનો અભ્યાસ રાખજો." પછી મહારાજ ગાડા હેઠે બેઠા વાતુ કરતા હતા. ત્યારે આત્માનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! હેઠે ગરમી બહુ છે, માટે ગાડા ઉપર આવો તો વાયરો આવે છે." પછી મહારાજને ગાદલું નંખાવીને બેસાડ્યા. અને આત્માનંદ સ્વામીને બીજા ગાડા ઉપર સાદડી નાખી દીધી તે ઉપર બેઠા. અને મહારાજે કહ્યું જે, "પ્રગટની વાતુ કરો."

પછી સ્વામીએ વાતુ કરી અને બીજે દિવસ પરોઢિયે મહારાજ પોઢ્યા હતા. અને તેરાના હરિભક્ત કીર્તન ગાતાં ગાતાં આવ્યા. તે સાંભળીને મહારાજ બેઠા થયા ને બોલ્યા જે, "કોણ કીર્તન કરે છે ?" ત્યારે પુંજાજીએ કહ્યું જે, "એ તો તેરાના હરિભક્ત આવવાના હતા તે આવ્યા હશે." પછી હરિભક્ત આવ્યા, તે મહારાજને પગે લાગીને બેઠા. પછી કહ્યું જે, "અમારે ગામ ચાલો." પછી મહારાજે કહ્યું જે, "તમારે ગામ તો ચાલીએ, જો અમારી ગાંઠનું ખર્ચ ખાવા દ્યો તો આવીએ. શા માટે જે અમારી પાસે માણસ બહુ આવે તથા સાધુ આવે, તે ખરચ બહુ થાય. માટે ગાંઠનું સીધું લઈએ તો ઠીક પડે." ત્યારે હરિભક્ત

બોલ્યા જે, "સુઝે તેટલા હરિભક્ત તથા સાધુ ભેળા આવે, પણ કઠણ નહિ પડે." પછી બહુ તાણ કરી ત્યારે મહારાજે કહ્યું જે, "એક ટંક તમારે ત્યાં જમશું ને એક ટંક અમારી ગાંઠનું કરાવશું." પછી સૌએ હા પાડી. પછી રસોઈ થઈ તે જમીને **તેરે** પધાર્યા.

✵ મુક્ત અતીતના વેશે શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા :

પછી મહારાજ ધનજી સુતારને ઘેર પધાર્યા ને તેને જ ઘેર ઊતર્યા. અને સાધુ તો સાધુની ઓરડીએ ઊતર્યા. પછી બીજે દિવસ સાધુ ઝોળી માગીને જમ્યા. ત્યાં એક મુક્ત અતીતને વેશે આવ્યો. તે હાથમાં રામપાતર છે, એવો થકો આવીને ઊભો રહ્યો. પછી આત્માનંદસ્વામીએ કહ્યું જે, "ભાઈ ! અમે જમી રહ્યા, જો જરાક વહેલા આવ્યા હોત તો આપણે વહેંચીને ખાત." પછી ડુંગરજી બોલ્યા જે, "લંગોટા! અહીંયાં શું ઠાર્યું છે ?" એમ કહ્યું તોયે એ તો ખસ્યા નહીં. ત્યારે મહારાજ આવ્યા. તે મહારાજ સામું એણે જોયું અને મહારાજે પણ એના સામું જોયું. પછી મહારાજનાં દર્શન કરીને ચાલી નીસર્યા.

પછી મહારાજે આત્માનંદસ્વામીને કહ્યું જે, "કેમ વઢતા હતા?" પછી આત્માનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજ, હું તો કાંઈ વઢતો નહોતો. મેં તો કહ્યું જે અમે જમી ઊઠ્યા. ને ડુંગરજી કાંઈક બોલ્યા." પછી મહારાજે એમને કહ્યું જે, "તમને કોઈ ઓળખે ?" ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "અમને કોણ ઓળખે ?" પછી મહારાજે કહ્યું જે, **"તમને કોઈ ન ઓળખે તેમ તમે એને ન ઓળખો. એ તો મુક્ત હતા, તે અમારે દર્શને આવ્યા હતા."** એમ કહીને પછી મહારાજ ઉતારે પધાર્યા.

✵ ગૃહસ્થને સમાધિ અને સાધુને કેમ નહીં ?

પછી બ્રહ્માનંદસ્વામી આવ્યા ને સાધુ તો ઘણા ભેળા થયા. ને મહારાજ ધનજી સુતારને ઘેર પ્રાગજી પાસે કથા કરાવતા હતા. અને મહારાજ એક સોપારી રાખતા તે જે ઉંઘે તેને સોપારી મારતા હતા.

ને વીશનગરનો કાગળ આવ્યો તેમાં હરિભક્તે કહ્યું જે, "મહારાજ, તમે કાગળ મોકલ્યો હતો, તે કાગળ વાંચીને સૌ હરિભક્ત ભજનમાં બેઠા. તે બાઈભાઈને બહુ સમાધિ થઈ." તે વાત સાંભળીને સાધુ વિરજ્યાનંદસ્વામીના મનમાં સંકલ્પ થયો જે, 'છોકરા ખોળામાં ઝાડે ફરે છે ને મૂતરે છે તેને સમાધિ થાય છે અને પિંડ-બ્રહ્માંડનો નિર્ણય કરીએ છીએ તેને નથી થાતી.'

ત્યારે મહારાજ બોલ્યા જે, "જુવોને, બેઠા મનમાં કેવા સંકલ્પ કરે છે !" ત્યારે તે સાધુએ કહ્યું જે, "ખરું જ તો, કાંઈ ખોટું છે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "એણે મોર્યે પુરુષપ્રયત્ન કર્યા, તેમાં કાંઈક કસર રહી છે, તે માટે દેહ ધર્યો છે. અને એણે થોડીક મહેનત કરી, એટલે સમાધિ થઈ. કાં તો એ ગૃહસ્થ છે, તે એ નવરા નથી. માટે એને ભગવાનની કૃપાથી સમાધિ થઈ. અને તમે તો નવરા છો, **તે તમારી પાસે મહેનત કરાવવી છે. અને મહેનત કરીને નિર્વાસનિક થાશો તે દિવસ સમાધિ થાશે.** કાં જે, કોઈ ધણીનો ધણી છે જે એને સમાધિ થઈ ને આ સાધુને ન થઈ ? તે શું તમે કોઈના અંતરજામી છો? જે એ પૂર્વના સંસ્કારી હશે તો તમે કોઈ ઓળખો છો ? અને **અમને રામચંદ્ર જેવા જાણતા હો તો હનુમાનના જેવું વચન માન્યું જોશે. ને જો શ્રીકૃષ્ણ જેવા જાણતા હો તો ગોપિયુંના જેવું વચન માન્યું જોશે. ને જો એમ ન જાણતા હો તો તેને અમે કહેતા નથી."**

❋ તે વચન માન્યું ન કહેવાય, મનાવ્યું કહેવાય :

પછી વિશ્વચૈતન્યાનંદસ્વામીને કહ્યું જે, "દેહ પર્યંત સુરતમાં રહેવું. એમ અમે કહ્યું હતું, તે તમે કેમ આવ્યા ?" ત્યારે તેમણે કહ્યું જે, "અમને તો સ્વરૂપાનંદસ્વામીએ કહ્યું જે, 'દર્શને જાઓ." ત્યારે મહારાજે કહ્યું જે, "સ્વરૂપાનંદસ્વામીએ કહ્યું કે તમે કહ્યું ? કે અમને દર્શને મોકલો ? એ તો વચન માન્યું ન કહેવાય, એ તો મનાવ્યું

કહેવાય." એ દિશની ઘણીક વાત કરી. પછી ગોવિંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! ઉપવાસ કઠણ પડે છે." ત્યારે મહારાજે કહ્યું જે, "તમારે સ્ત્રી અડી જાય તોય ઉપવાસ ન કરવો."

ત્યારે ગોવિંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! મારે તો નહિ, એ તો નરસિંહાનંદસ્વામી કહેતા હતા." ત્યારે મહારાજ કહે, "તેમનેય મોકળ, ને તમનેય મોકળ. અડી જવાય, બોલાય તોય મોકળ છે." એમ કહીને બોલ્યા જે, "ઢુંઢિયા બે બે માસના ઉપવાસ કરે છે ને તમને એક દિવસ ઉપવાસ કરવો કઠણ પડે છે ?" ત્યારે સાધુ બોલ્યા જે, "એ તો દેહાભિમાની છે, તે કરે છે." ત્યારે મહારાજે કહ્યું જે, "તમારે નારદ-સનકાદિકનું અભિમાન નથી ? તથા આત્માનું અભિમાન નથી ?" એ દિશની વાત કરી.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજ સોરઠથી જેતલપુર પધાર્યા, ત્યાંથી ભુજ પધાર્યા, ત્યાંથી તેરે ગયા ને ઈન્દ્રે સ્તુતિ કરી ને સંતને આત્માનું અભિમાન તમારે નથી ?' એ દિશની વાત કરી' એ નામે છત્રીસમો અધ્યાય ॥૩૬॥

અધ્યાય - ૩૭

આત્માનંદસ્વામીને ભજન કરવાની રીત શિખવાડી.

પછી એક દિવસ મહારાજે કહ્યું જે, "કેમ આત્માનંદસ્વામી ! ભજન કરો છો ?" ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરીએ છીએ." ત્યારે મહારાજ કહે, "અમને કરી દેખાડો." પછી સૌને મોઢા આગળ બેસાર્યા અને મહારાજ બાજોઠ ઉપર મોરના પીછાની એક ચમરી હાથમાં લઈને બેઠા. ને કહ્યું જે, "અમારી સામું જોઈ રહો, મટકું મારશો નહીં." ત્યારે સાધુ એક નજરે જોઈ રહ્યા, તે આંખમાં ને નાકમાં પાણી ચાલ્યાં. ત્યારે

મહારાજે હાકલ કરી જે, “મર આંખ્ય ફૂટી જાય, મટકું મારશો નહીં.” એવી રીતે કેટલીક વાર ભજનમાં બેસાર્યા. પછી મહારાજ કહે, “ઊઠો, શું ભજન કરશો ? હજુ આસન સ્થિર નથી કર્યું, માટે **આસન જીતો. આસન સ્થિર થાશે ત્યારે ભજન એની મેળે થાશે. માટે ભજનમાં બેસવું ત્યારે સિદ્ધ આસને બેસવું.”** એ દિશની ઘણીક વાત કરી.

❋ શ્રીહરિએ થાંભલીમાંથી સ્થિરતા શીખવાનો ઉપદેશ આપ્યો :

એક દિવસ જેરામ બ્રહ્મચારીએ મહારાજ સારુ રસોઈ કરી. તે ઘઉંની રોટલી ને તાંદળજાની ભાજી તૈયાર થઈ. પછી આરતી કેડે જમવા પધાર્યા. તે આસન નાખ્યું તે ઉપર બેઠા. તે થાળીમાં રોટલી અને તાંસળીમાં ભાજી મેલી. પછી મહારાજે કહ્યું જે, “દીવો ઢૂંકડો લાવો.” પછી દીવો ઢૂંકડો લાવ્યા, ત્યારે મહારાજ તાંસળી સામું જોઈને બોલ્યા જે, “આ શાક તો બ્રહ્મચારી જમે તેવું છે.” પછી મહારાજને સારુ હરિભક્ત શાક લાવ્યા તે મહારાજ જમ્યા.

પછી એક દિવસ બાઈએ મહારાજને અર્થે મીઠાઈ મોકલી. તે બ્રહ્માનંદસ્વામીને કહેવડાવ્યું જે, “મહારાજને જમાડે.” પછી બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, “આ મીઠાઈ જમો.” પછી મહારાજે કહ્યું જે, “જમાડો, ક્યાં જમવાવાળો નથી ? જ્યાં જમાડશો ત્યાં જમશે.” ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, “ઠોર ઠોર આવો જમવાવાળો હોય ? ને કાંઈ ઠોર ઠોર આવો સમાસ કરવાવાળો હોય ?”

ત્યારે મહારાજ કહે, “કેમ ન હોય ? આ થાંભલી સમાસ કરે.” ત્યારે બ્રહ્માનંદસ્વામીએ હાથ જોડીને કહ્યું જે, “હે થાંભલીબાઈ ! જીવનું કલ્યાણ થાય એવું કહો.” પછી મહારાજ સામું જોઈને બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, “લ્યો, થાંભલી કાંઈ બોલે છે ?” ત્યારે મહારાજે કહ્યું જે, “એ તો બોલે છે પણ તમે સમજતા નથી.” ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, “બોલ્યા વિના કેમ સમજાય ?” ત્યારે મહારાજે કહ્યું જે, “આ

થાંભલી એમ કહે છે જે, **તમારે કલ્યાણનો ખપ હોય તો તો મારી આ સ્થિતિનું ગ્રહણ કરો."** એ રીતની વાત કરી અને પછી મીઠાઈ હતી તે જમ્યા. પછી સાધુને બેસાર્યા ને આત્માનંદસ્વામીને કહ્યું જે, "તમે ચાર પરમહંસ મોરબી જાઓ." ત્યારે મૂળુ લંઘે કહ્યું જે, "બ્રહ્માનંદસ્વામી જાય તો ઠીક." ત્યારે મહારાજે કહ્યું જે, "બ્રહ્માનંદસ્વામી શું વાત કરશે? વાત તો વ્રતમાન કરશે." પછી આત્માનંદસ્વામી ગયા.

અને મહારાજ સાધુને સાથે લઈને **માંડવી** પધાર્યા અને ત્યાંથી નાવમાં બેસીને **જોડિયે** ગયા. તે પછી **હાલાર**માં ફરીને **સોરઠ** પધાર્યા. ત્યાં બે માસ ફરીને **ઝાલાવાડ** દેશમાં અને ત્યાંથી **ગોતરકે** તથા **સાંતલપુર** થઈને ગામ **આડેસર** પધાર્યા. અને ત્યાંથી ચાલ્યા તે ગામ **ભીમાસર** ભુટકિયાના તળાવમાં સ્નાન કરીને ગામમાં ગરાસિયાને ઘેર રાત રહ્યા. અને તે ગરાસિયાને પોતાના ચોવીશે અવતારે સહિત અલૌકિક દર્શન દઈને ત્યાંથી ચાલ્યા, તે ગામ **સાપર**(રાપર) દરબારમાં ઊતર્યા. ત્યાં સરવૈયા સામતજીએ શ્રીજીમહારાજને રસોઈ કરાવીને જમાડ્યા. પછી શ્રીજીમહારાજને ને સામતજીને પ્રશ્ન-ઉત્તર થયા ને તે સામતજી વેદાંતી હતા. બે દીવસ બે રાત એમ ને એમ વાતું કરતા કરતા શ્રીજીમહારાજે તેમનો પરાભવ કર્યો.

✹ આધોઈમાં એક માસ રહીને ભક્તોને રાજી કર્યા :

પછી શ્રીજીમહારાજ ચાલ્યા તે ગામ **આધોઈ** પધાર્યા ને જાડેજા લાધાજીના દરબારમાં ઊતર્યા. અને રાયધણજી તથા અદાજી બે ભાઈ ભેળા થઈને શ્રીજીમહારાજને પોતાને ઘેર મેડા ઉપર ઢોલિયો ઢાળીને ગાદલું, તકિયો, ઓશીકું ને ઢીચણિયાં સર્વે સામાન ઢોલિયા ઉપર પાથરીને ઉપર શ્રીજીમહારાજને પધરાવ્યા. પછી રસોઈ કરીને પછી રાયધણજીનાં માતુશ્રી જીજીબા તથા બાઈ મોટીબાએ શ્રીજીમહારાજને પાર્ષદે સહિત જમાડ્યા. પછી શ્રીજીમહારાજ ઢોલિયે પોઢ્યા. ને પાછા જાગ્યા ત્યારે મહારાજે પાણી માંગ્યું. પછી રાયધણજીએ પાણીનો

લોટો ભરીને આપ્યો. પછી શ્રીજીમહારાજ મુખારવિંદ ધોઈને જળપાન કરીને મહારાજે લોટો પાછો આપ્યો. પછી પ્રસાદીનુ જળ સૌએ પીધું. પછી મહારાજે વાતુ કરવા માંડી. તે વાતુ સાંભળીને સર્વેનાં ચિત્ત મહારાજની મૂર્તિમાં એકાગ્ર થઈ ગયાં. જેમ ચંદ્રમા સામું ચકોર જોઈ રહે તેની પેઠે સામું જોઈને બેસી રહ્યા, ને કામકાજ કાંઈ પણ કરવા સમર્થ ન થયા, ને ઊઠીને ફરી ફરીને પાછા આવીને મહારાજ સામું જોઈને બેસી રહે.

અને જ્યારે શ્રીજીમહારાજ નદીએ નાવા પધારે ત્યારે ભાઈ તો સર્વે મહારાજ ભેળા નાવા જાય ને બાઈયું તો ત્યાં સુધી આઘાં-પાછાં થાય. ને એકબીજાને કહે જે, “મહારાજ હજી કેમ ન પધાર્યા ?” એમ વાતું સાંભળ્યામાં અતિશે પ્રીતિવાળાં થયાં હતાં. એવી રીતે વાતું કરતાં સાંભળતાં એક માસ વીતી ગયો. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “હવે અમારે કંથકોટ જાવું છે.” ત્યારે તે સત્સંગી બોલ્યા જે, “મહારાજ ! હમણાં પધાર્યા છો ને પાંચ દિવસ તો દર્શન દિયો, હમણાં શી ઉતાવળ છે ?” પછી શ્રીજીમહારાજે કહ્યું જે, “માસ એક થયો, હવે નહિ રહીએ.” ત્યારે અદાજી બોલ્યા જે, “કાલ વહેલો થાળ કરાવીશું ને જમીને ભલે પધારજો.”

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, “બહુ સારું, કાલે ચાલશું.” પછી મહારાજ રાત રહ્યા ને સવારમાં નદીએ નહાવા પધાર્યા.” પછી નાઈને આવ્યા ત્યારે રાયધણજી શ્રીજીમહારાજને બોલાવવા આવ્યા જે, “હે મહારાજ ! પધારો રસોઈ થઈ છે.” પછી શ્રીજીમહારાજ જમવા પધાર્યા. તે ભાત ભાતનાં ભોજન શાક, પાક, દૂધ, ભાત, સાકર સારી પેઠે જમ્યા. ને પેટ ઉપર હાથ ફેરવીને બોલ્યા જે, “આજ તો બહુ જમ્યા.” એમ કહીને પછી આચમન કરીને ઊઠ્યા. ત્યારે બાઈ મોટીબા બોલ્યાં જે, “હે મહારાજ ! આની પ્રસાદી કરી દ્યો.” ત્યારે શ્રીજીમહારાજે પ્રસાદી કરી દીધી. તે પછી મહારાજ જમ્યા ને થાળની

પ્રસાદી પણ ભેળી ભેળવી, ને દરબારમાં જેટલાં માણસ હતાં તે સર્વે જમ્યાં. પછી અદાજી તથા રાયધણજી ત્રણ ઘોડા તૈયાર કરીને લાવ્યા. પછી શ્રીજીમહારાજ એક ઘોડા ઉપર બેઠા ને બે ઘોડા ઉપર બે ભાઈ બેઠા. ને ત્યાંથી ચાલ્યા તે **કંથકોટ**માં ઠક્કર કચરાભક્તને ઘેર ઊતર્યા.

✵ કંથકોટમાં ભક્તોને ભગવાન સંભારવાની વાત કરી :

શ્રીજીમહારાજ પધાર્યા એવું સાંભળીને સત્સંગી સર્વે દર્શને આવ્યા. અને પગે લાગીને સત્સંગી સૌએ કહ્યું જે, “મહારાજ ! અમે તો વ્યવહારમાં ગૂંચાઈ રહ્યા છીએ. અને મહારાજ ! આપે દયા કરીને દર્શન દીધાં તે બહુ જ કૃપા કરી, ને અમારાં ઘર પવિત્ર કર્યાં ને અમારો જન્મ સુફળ કર્યો.”

ત્યારે તે હરિજનનાં વચન સાંભળીને શ્રીજીમહારાજે કહ્યું જે, “ભગવાનના ભક્તને ભગવાન ઓળખાણા. ત્યારે ભગવાનનું ભજન કરવું, સ્મરણ કરવું તથા માનસી પૂજા કરવી તથા પટ પૂજા કરવી, ને ખાતાં-પીતાં ને કામકાજ કરતાં ભગવાનને સંભારવા. **અને બેસતાં-ઊઠતાં જો ભક્ત ભગવાનને સંભારે તો તે ભક્તને પણ ભગવાન સંભારે છે, ને ભગવાન તે ભક્તના સામું જોઈ રહ્યા છે.** તે જુવોને, આ હમણાં જ અમને તમે સંભારો છો તો અમે પણ તમને સંભારીએ છીએ. ને ચાલ્યા ચાલ્યા આંહીં આવીએ છીએ ને તમારી ખબર લઈએ છીએ.”

ત્યારે સત્સંગીએ કહ્યું જે, “મહારાજ ન સંભારે તો અમારા શા હાલ થાત ? તે જેમ હમણાં સંભારો છો તેમ અંતકાળે સંભાળી લેજો.” ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “અમને સંભારશો તો અમે પણ તમને ખોળતા ખોળતા આવીશું.” એમ વાતું કરતા હતા ત્યાં તો કચરાભક્ત શ્રીજીમહારાજને જમવા તેડવા આવ્યા. તે મહારાજ જમવા પધાર્યા ને જમીને પોતાના આસને પધાર્યા. એવી રીતે અનેક લીલા કરતા થકા પાંચ દિવસ રહ્યા.

✵ ગામ ચાંદ્રાણીમાં ઝાડની ડાળે બેસી ઘોડો હાંક્યો :

પછી ગામ **ભચાઉ** પધાર્યા ને શાહ વાઘા તથા લખુને ઘેર ઊતર્યા. ને થાળ જમીને ચાલ્યા તે ગામ **ધમડકે** પધાર્યા. ને રામસંગજી તથા કલ્યાણસંગજીના દરબારમાં ઉમગણે બારનો આથમણો ઓરડો તેમાં ઊતર્યા. ને ઉગમણા ઓરડાને આથમણે બાર તેમાં કરણીબા અને આછુબા તેમણે થાળ કરીને શ્રીજીમહારાજને પાર્ષદે સહિત રૂડી રીતે સારી પેઠે જમાડ્યા. એવી રીતે ત્યાં ઘણીક લીલા કરતા થકા પાંચ દિવસ રહીને ચાલ્યા, તે ગામ **દુધઈ**માં સુતાર વશરામભાઈને ઘેર ઊતર્યા.

અને એક રાત રહીને થાળ જમીને તે ભક્તના મનોરથ પૂર્ણ કરીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **ચાંદ્રાણી**માં બ્રાહ્મણ અબોટી જેઠો તથા હરિ બે ભાઈ તેને ઘેર ઊતર્યા. ત્યાં પાંચ દિવસ રહ્યા. ને નિત્યે તળાવમાં નાવા પધારતા. ને ગામને તળાવ વચ્ચે પાળિયા ઘણા છે. તે પાળિયાની ઉગમણી કોરે થડમાં અડીને વરખડાનું ઝાડ તે વાકું હતું. તેની ઉપર ઘોડો પલાણીને બેસીને હાંકતા.

ત્યારે સત્સંગીઓ સહુ હસ્યા ને પૂછ્યું જે, “હે મહારાજ ! આ શું કરો છો.” ત્યારે મહારાજ કહે જે, “ઘોડું હાંકીએ છીએ. ઘોડું નઠારું છે તે હીંડતું નથી.” પછી સત્સંગીએ કહ્યું જે, “મહારાજ બિરાજ્યા છે તેથી હવે ચાલશે, અને હવે નાવા પધારો.” પછી તળાવમાં નાઈને ઉતારે પધાર્યા ને દિવસ પાંચ રહ્યા ને થાળ જમીને ચાલ્યા, તે ગામ **ભુજનગર** પધાર્યા.

✵ સાધુની સેવાથી ગૃહસ્થનું સાધુના જેવું કલ્યાણ છે :

ભુજમાં સાધુની જાયગામાં પાટ ઉપર બિરાજમાન થયા ને સંત તથા હરિજનની સભા ભરાઈને બેઠી હતી. પછી સુંદરજીભાઈએ પ્રશ્ન પૂછ્યો જે, “અમારું સંતની બરોબર કલ્યાણ થાય એવું જણાતું નથી. શા માટે જે, એ નિવૃત્તિ-પરાયણ છે, માટે એના કલ્યાણમાં તો સંશય

નથી. ને અમે તો પ્રવૃત્તિ માર્ગમાં છીએ, તે હજારો જાતના વિક્ષેપ થાય છે. માટે સાધુની બરોબર કલ્યાણ કેમ થાય ?"

પછી મહારાજે કહ્યું જે, "તે સાધુનું ને તમારું બરોબર કલ્યાણ છે. કેમ જે, આ ભુજનગર ઉપર લશ્કર આવ્યું હોય ત્યારે સરકારના ચાકર લડવાને જાય. ત્યારે સાહુકાર શહેરમાં હોય તે અન્નપાણી, દારૂ-ગોળીનું પોષણ કરે છે, તેને બળે કરીને લડે છે. તેમ સાધુ ત્યાગી છે તેની તમે અન્નપાણીએ સેવા કરો છો તથા પુસ્તક આદિકની તમે ખબર રાખો છો. માટે તમારે બળે નિરાંતવા થકા ભજન કરે છે, માટે તમારું ને સાધુનું બરોબર કલ્યાણ છે. શા માટે જે તમે સંતની સેવા કરો છો. અને સંત સુખે ભજન-ધ્યાન-કીર્તન કરે છે." એ વાત સાંભળીને સત્સંગી સર્વે બહુ રાજી થયા.

✵ શ્રીહરિ સુંદરજીભાઈના ભાવથી અઢી માટલી જલેબી જમ્યા :

પછી રાત્રીએ મહારાજ આડે પડખે થયા હતા ને પેટ ઉપર હાથ ફેરવ્યો. ત્યારે સુંદરજીભાઈએ કહ્યું જે, "હે મહારાજ ! કાંઈ ભૂખ લાગી છે ?" ત્યારે મહારાજે કહ્યું જે, "ભૂખ તો લાગી છે ખરી, પણ રાત બહુ ગઈ. માટે માણસ સહુ સૂઈ રહ્યાં છે, તે જમ્યાનું ક્યાંથી મળે ?" ત્યારે સુંદરજીભાઈએ બ્રાહ્મણને કહ્યું જે, "કંદોઈને હાટેથી મિઠાઈની માટલી લાવ્ય." ત્યારે તે બ્રાહ્મણ જલેબીની માટલી લાવ્યો. ત્યારે સુંદરજીભાઈએ લઈને હીરજીભાઈને આપી અને કહ્યું જે, "તમે મહારાજને જમાડો, ને તમે જમાડતા થાકો છો કે હું મંગાવતા થાકું છું ?"

પછી હીરજીભાઈએ મહારાજના હાથમાં ડબો આપ્યો. તેમાં જલેબી આપતા જાય ને મહારાજ જમતા જાય. ને પૂછે જે, "હવે જલેબી કેટલી છે?" ત્યારે હીરજીભાઈ કહે, "હે મહારાજ ! જમ્યા જ ક્યાં છો ? એ તો બધી જલેબી પડી છે." અને સુંદરજીભાઈને કહે જે, "એ તો જમી રહ્યા છે." ત્યારે બીજી જલેબી મંગાવીને મહારાજને આપી. અને મહારાજ હસતા જાય ને પાટ ઉપર લાંબા થાય ને હસે, ને વળી માટલી

સામું જુવે. ત્યારે હીરજીભાઈ કહે જે, "જો પડી રહેશે તો મારી લાજ જાશે ને મને એ નહિ રહેવા દે."

પછી મહારાજ એમ ને એમ હસતા જાય ને વળી જમતા જાય. ને હીરજીભાઈને કહે જે, "આ તો આવી રહ્યું, તમથી એમનું પૂરું નહિ થાય." ત્યારે બીજી જલેબીની માટલી મંગાવી. ત્યારે મહારાજે ના પાડી તોપણ મંગાવી. પછી હીરજીભાઈ પીરસતા જાય ને મહારાજ જમતા જાય. અને ત્રીજી માટલી મંગાવી તેમાંથી અરધ જલેબી જમ્યા. પછી વાંસે પડી રહી, ને પ્રસાદી સાધુ હરિભક્તને વહેંચી આપી. પછી મહારાજ હાથ ધોઈને કોગળા કરીને પછી પોઢી ગયા.

❋ મુસલમાનને શ્રીહરિની વાત સાંભળીને નિશ્ચય થયો :

પછી બીજે દિવસ સવારમાં આત્માનંદસ્વામી નાવા ગયા. ત્યાં એક મુસલમાન આગળ વાત કરી. ને પછી જમાદાર મધ્યાહ્ને ઉતારે આવ્યો. ને સાધુને તો રસોઈ તૈયાર થઈ તે સાધુને હરિજન તેડવા આવ્યા, તેથી સાધુ જમવા ગયા. પછી મહારાજને તેણે પૂછ્યું જે, "ઉંડાથી ઉંડા ક્યા હે ને ઉંચાથી ઉંચા ક્યા હે ?" પછી મહારાજે કહ્યું જે, "ચૌદ તબક(લોક) હે, સો સાત ઉંચા હે ને સાત હેઠા હે."

પછી મહારાજે ચૌદ તબકની રચનાની વાત કરી જે, "હેઠે પાતાળ સુધી ઉંડા હે ને ઊંચા સત્યલોક છે, તિસકે ઉપર અરસ (ધામ) હે. ત્યાં એકલા નુર હે, તિસકે બિચ ખુરસી ઉપર સાહેબ બેઠા હે. એ ઊંચાથી ઊંચા હે." એ દિશની મહારાજે ઘણીક વાત કરી. પછી મિયાં બોલ્યા જે, "અહો ! અમારી સમજણ ક્યાં ને તમારી સમજણ ક્યાં ! અમે તો ઉંડાથી ઉંડા પેટ સમજતે થે ને ઊંચાથી ઊંચા દિલ સમજતે થે." પછી તે જમાદાર બોલ્યા જે, "જનમથી ભરતે હે પણ પેટ નહિ ભરાતા હે. અને ઊંચાથી ઊંચા દિલ સો રાતદિન દોડતા હે, સો પાર નહિ આતા હે."

એમ કહીને તે મિયાં બોલ્યો જે, "તુમ તો આપોઆપ ખુદા હો." પછી એ મિયાં ગયો ને સાધુ જમી આવ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "આજ મુસલમાન આગળ કોણે વાત કરી હતી ?" પછી આત્માનંદસ્વામી બીના, એટલે બોલ્યા નહીં. ત્યારે હર્યાનંદસ્વામીએ કહ્યું જે, "આત્માનંદસ્વામી વાતું કરતા હતા." પછી મહારાજ બહુ હેત જોઈને બોલ્યા જે, "મુસલમાન આગળ વાત કરશો મા. શા સારુ જે મુસલમાન આગળ વાત કરીએ જે, 'ખુદા અવતાર લે છે.' એમ કહીએ તો માથું કાપી નાખે. માટે એની આગળ વાત ન કરવી."

❋ શ્રીહરિએ નાળિયેરમાં વાણિયાનું કલ્યાણ કર્યું :

પછી બીજે દિવસે મહારાજની પાસે એક વાણિયો આવ્યો. તે નાળિયેર મેલીને મહારાજને પગે લાગીને બેઠો. પછી મહારાજે કહ્યું જે, "નાળિયેર ભાંગો." ત્યારે નાળિયેર ભાગ્યું, તે ખોરું નીકળ્યું. પછી વાણિયે પોતાના માણસને કહ્યું જે, "નાળિયેર બીજું લાવ." ત્યારે મહારાજે કહ્યું જે, "આ તો બહુ સારું છે, એનો તો અમે ધૂપ કરાવીશું. તે ઠાકોરજીને ઝાઝા દિવસ ચાલશે ને સારું હોત તો કટકો કટકો વહેંચી ખાત."

પછી વાણિયે કહ્યું જે, "તમે તો સાધુ છો, તે તમારે તો એમ જ જોઈએ. કેમ જે, એક ગામમાં મોટા સાધુ રહેતા હતા. તે ગામમાં એક વાણિયો રહેતો હતો. તે સાધુને ચપટી (પણ લોટ વગેરે) આપે નહીં. ત્યારે તે સાધુએ કહ્યું જે, 'એનું કલ્યાણ નહિ થાય. માટે એના ઘરની ચીજ સંતના ઉપયોગમાં આવે તો એનું કલ્યાણ થાય.'

ત્યારે એક દિવસ તે વાણિયો હાટે કેરાનાં ડીટાં વીણતો હતો. તેને સાધુએ જોયું જે એ ડીટાં એને કામ નહિ આવે. એમ જાણ્યું. અને એ વાણિયો ઘરની માંહિલી કોરે ગયો. ત્યારે વાંસેથી સાધુએ ડીટાં લઈ લીધાં. પછી તેણે હાંકલ કરી જે, 'કોણ છે ?' તોપણ સાધુએ પાછું

વાળી ન જોયું. પછી તે સાધુએ ગુરુની આગળ આવીને કહ્યું જે, 'આ ડીટાં વાણિયે આપ્યાં નથી. હું તો હાટમાંથી ઉપાડી લાવ્યો છું.' પછી ગુરુએ કહ્યું જે, "ઠીક, મીઠું-મરચાં-આદું નાખીને ચટણી કરીને સંતની પંગતીમાં ફેરવો." ત્યારે સંતે તેમ કરીને પંગતીમાં ફેરવ્યાં.

પછી બીજે દિવસ તે વાણિયે કહ્યું જે, 'હે સાધુ ! એ દીટાં તમારે કામમાં આવ્યા ?' ત્યારે તેમણે કહ્યું જે, 'એ તો ચટણીમાં નાખ્યાં, ને સંત જમીને રાજી થયા.' પછી વાણિયે કહ્યું જે, 'તાંદળજાનાં ડાખળાં કામ આવશે ?' ત્યારે સાધુએ હા પાડી. પછી ડાખળાં સુધારીને દાળમાં નાખ્યાં ને જમ્યા. પછી ત્રીજે દિવસે વાણિયે કહ્યું જે, 'ડાખળાં તમારે કામમાં આવ્યાં ?' પછી સાધુએ હા પાડી. ત્યારે કહે, 'લ્યો તાંદળજો લઈ જાઓ.' ને પછી કહ્યું જે, 'આજ તો સીધું લ્યો.' ને પછી કહ્યું જે, 'નિત્ય આંહીંથી સીધું લેતા જાઓ.' **એમ વાણિયાનું કલ્યાણ કર્યું."**

ત્યારે મહારાજે ડાબે હાથે કરીને વાણિયાનો હાથ ઝાલ્યો. ને જમણા હાથમાં કળશિયો લીધો અને કહ્યું જે, "એ સાધુએ કેરાનાં દીટાં ખાઈને એ વાણિયાનું કલ્યાણ કર્યું અને તમે તો નાળિયેર લાવ્યા છો. માટે તમારું કલ્યાણ કરીએ." પછી મહારાજે કળશિયો ઊંચો કરીને કહ્યું જે, "લ્યો નિયમ, અમે તમારું કલ્યાણ કરીએ." ત્યારે વાણિયો હાથ પાછો તાણે ને મહારાજ તેનો હાથ ઝાલીને પાણી નાખે. એવી રીતે બહુ જ હસ્યા ને બહુ જ રમૂજ કરી.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજે આત્માનંદસ્વામીને પૂછ્યું જે કેનું ભજન કરો છો તથા બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે થાંભલી કહે છે તમારે કલ્યાણનો ખપ હોય તો મારી સ્થિતિ ગ્રહણ કરો તથા વાણિયાને આશ્રિત કર્યો' એ નામે સાડત્રીસમો અધ્યાય ॥૩૭॥

અધ્યાય - ૩૮

ભુજમાં શાહુકારને ઘેર ભોજન તથા પરસ્પર પ્રશ્ન

પછી બીજે દિવસ વાણિયે પોતાની સ્ત્રીને કહ્યું જે, "સ્વામિનારાયણ મોટા પુરુષ છે, તું દર્શને જા." પછી તે પાંચ-સાત બાઈયું ભેળી લઈને આવી. ત્યારે મહારાજે તે બાઈને કહ્યું જે, "અમારા સાધુ સ્ત્રીને અડે નહિ ને તે સાથે બોલે નહિ ને તે સામું જુવે નહિ. આ તો અમે છીએ માટે બેઠા છે. તારે વાત સાંભળવી હોય તો ગંગારામ મલ્લને ઘેર બાઈયું કથા કરે છે ત્યાં જા." પછી તેણે કહ્યું જે, "સારું મહારાજ, પણ તમે કાલે મારે ઘેર જમવા આવજો." ત્યારે મહારાજે કહ્યું જે, "આવશું."

પછી બીજે દિવસ એ શાહુકારને ઘેર બ્રાહ્મણે રસોઈ કરી હતી, તે મહારાજ ને સાધુ જમવા પધાર્યા. ત્યાં જમ્યા ને વાંસેથી ભાત પીરસીને મહારાજની આગળ મેલ્યો. ત્યારે બાઈએ કહ્યું જે, "મહારાજને દૂધ પીરસો." ત્યારે મહારાજ કહે, "અમારે તો દૂધ ને પાણી બરાબર છે." પછી મહારાજે જમીને થાળી આત્માનંદસ્વામીની પાસે ખેસવી મેલી. અને કહ્યું જે, "ધીરે ધીરે જમજો." એમ કહીને પછી મહારાજે એક સવૈયો બોલીને વાત કરી જે,

"छांड भये नर भांडके दोनां आगे कछु नहीं;
हाथ पर्यो पुनी पिछे बिगार गयो निज भोना."

એની બહુ વાત કરીને કહે, "આ તો સાધુ ભેળા અમે છીએ, તે સારુ જમવા આવ્યા પણ એકલા દોકલા કોઈને ઘેર જમવા ન જઈએ." એ દિશની ઘણીક વાત કરી. પછી મહારાજ ને સાધુ પાછા ઉતારે પધાર્યા.

પછી રાતે મહારાજે આત્માનંદસ્વામીને કહ્યું જે, "તમે મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન પૂછો." ત્યારે તેમણે કહ્યું જે, "મને તો નથી આવડતું." ત્યારે મહારાજે કહ્યું જે, "અમે કહ્યું હતું જે, વેદાંતના પ્રશ્ન શીખો, ત્યારે તમે કહ્યું જે, એ તો મને આવડે છે, ને આજ કેમ ના પાડો

છો ?" ત્યારે તેમણે કહ્યું જે, "મુક્તાનંદસ્વામીને કેમ પુછાય ?" ત્યારે મહારાજે કહ્યું જે, "એ તો પ્રશ્ન શીખવા સારુ પુછાય." પછી મહારાજ તો રાતે પોઢી ગયા. પછી સવારમાં જમીને આત્માનંદસ્વામીને આજ્ઞા કરી જે, "તમે તુણે થઈને ચાલો." પછી પોતે ચાલી નીસર્યા. તે પછી બીજે ત્રીજે દિવસે ગામ **માથક** છે, ત્યાં મહારાજને લોકો જમવા સારુ તેડી લાવ્યા.

પછી આત્માનંદસ્વામીની મહારાજને ખબર થઈ જે તુણે એક સાધુ છે. પછી મહારાજે માણસ મૂકીને તેડાવ્યા. પછી મહારાજે તેમને કહ્યું જે, "કેમ થયું ?" ત્યારે તેમણે કહ્યું જે, "વહાણવાળો પૈસા માગે છે, તે ક્યાંથી લાવું ?" ત્યારે તેમણે કહ્યું જે, "કાંઈક લૂગડું દઈને ઊતરી જઈએ નહીં ?" એમ કહ્યું. ને તે દિવસ એકાદશી હતી, તે સુતારની કોઢમાં જુવા બહુ હતા. પછી સૌને અર્થે ખાટલા લાવ્યા. પછી રાતે ખાટલા ઉપર સૂતા. પછી રાત બહુ ગઈ ત્યારે ગામના માણસ વાતું સાંભળવા આવ્યા. ત્યારે આત્માનંદસ્વામી બેઠા થયા ને બહુ વાતુ કરી. પછી બહુ રાત ગઈ ત્યારે ઊઠ્યા. પછી મહારાજે કહ્યું જે, "વાત સારી કરતાં આવડે છે."

✵ અંજારમાં વૈરાગીને શ્રીહરિની ઓળખાણ :

પછી અંજારનો બ્રાહ્મણ પાંચો, તે સવારમાં રસોઈ કરીને તેડવા આવ્યો. તે મહારાજ ને સાધુ **અંજાર** પધાર્યા, ને તે બ્રાહ્મણને ઘેર જમ્યા, ને જમીને બેઠા. ત્યારે એક સાધુ નરહર્યાનંદસ્વામી સામું જોઈને કહ્યું જે,

"क्यां गई बे अकल तेरी, क्यां गई बे अकल तेरी,
सांई नहीं संभारते हे, गाफल मुढ गमार, फूल्या क्युं फिरता हे ?"

એ કીર્તન બોલ્યા. પછી મહારાજે કહ્યું જે, "આ ગામમાં વૈરાગી સુંદરદાસ વેદાંતી છે. પછી મહારાજ વૈરાગીની જગ્યામાં પધાર્યા, ને વૈરાગીને કહ્યું જે, "સ્વામિનારાયણ આવ્યા છે." પછી તે વૈરાગી

આવીને મહારાજ પાસે બેઠા. તે પછી પરસ્પર ચર્ચા કરવા માંડી. તેમાં વૈરાગી જેટલા વખત બોલ્યો તેટલા વખત તેના વચનને મહારાજે ખોટાં કરી નાખ્યાં. પછી મહારાજના શરીર ઉપર તેણે હાથ ફેરવીને કહ્યું જે, "આ તો મનુષ્ય નથી."

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **માથક** પધાર્યા. અને રાત રહીને વહેલી રસોઈ કરાવીને જમાડીને સાધુને શીખ દીધી જે, "વહાણ મળે તો બેસી જાજો. અમે આવીશું, પણ અમારી વાટ જોશો મા." પછી સાધુ તો ચાલી નીસર્યા. પછી મહારાજ હરિભક્તો સાથે લઈને ભુજને માર્ગે ચાલ્યા, તે ગામ **દેવળિયા**ના તળાવ સોંસરા થઈને ગામ **કુંભારિયા**ના ઉગમણા તળાવની પાળે વાવની આથમણી કોરે બાવળના વૃક્ષ હેઠે વસ્ત્ર ઉતારીને સરોવરમાં સ્નાન કરીને જળપાન કર્યું. અને ત્યાંથી ચાલ્યા તે બંદરે થઈને **ભુજનગર** પધાર્યા.

✵ ભુજમાં ચકલાને સમાધિ તથા પ્રશ્નોત્તર :

એક દિવસ મહારાજ ઢોલિયા ઉપર ઉત્તરાદે મુખારવિંદે બિરાજમાન હતા. ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ સભા ભરાઈને બેઠી હતી. અને એક છોકરો મોઢા આગળ રમતો હતો. તેનું નામ કાનુડો હતું. પછી મહારાજે તેને રમૂજ કરતાં થકા કહ્યું જે, "તારું નામ કાનુડો ?" અને કહે જે, "ગોકુળમાં તું ગાયું ચારતો ?" તો કહે "ભો.(હા)" ગોપિયુંનું દહીં દૂધ તું લૂંટી ખાતો ?" તો કહે, "ભો..." એવી રીતે હાસ્યવિનોદ રમૂજ કરતા હતા. ત્યાં એક બે ચકલાં આવીને બેઠાં. તે આકળાં થાય ને ચમક કરે.

પછી મહારાજે તે ચકલાં સામું જોયું કે તે ચકલો ઠરી ગયો. તેને કાનુડો ઉડાડવા ગયો. ત્યારે મહારાજે હાંકલ કરી જે, "ઉડાડીશ નહીં !" પછી મહારાજે પરમચૈતન્યાનંદસ્વામીને કહ્યું જે, "શેખજીને કાંઈક પ્રશ્ન પૂછો." પણ તે બોલ્યા નહીં. પછી મહારાજે બે-ત્રણ ફેરા

"પૂછો પૂછો" એમ કહ્યું, પણ તે બોલ્યા નહીં. ત્યારે શેખજી બોલ્યા જે, "મહારાજ ! તુમારા વચન નહિ માનતા હે, સો હમકુ ક્યા પૂછેગા ?" પછી મહારાજે આત્માનંદસ્વામીને કહ્યું જે, "તમો પૂછો."

પછી આત્માનંદસ્વામીએ પૂછ્યું જે, "મહારાજ પાસે બેઠા હોય ત્યાં સુધી જેવો મલાજો રહે છે અને ઇન્દ્રિયું અંતઃકરણ સંકોચમાં રહે છે, તેમ સો ગાઉ છેટે જાય તોપણ એમ ને એમ કેમ રહે ?" પછી મહારાજે શેખજીને કહ્યું જે, "ઉત્તર કરો." ત્યારે શેખજીએ કહ્યું જે, **"હે મહારાજ ! એ તો મેરે અંતરકી લઈકર બોલ્યા, સો ઈસકા ઉત્તર તો આપ કરો."** ત્યારપછી મહારાજે વાત તો ન કરી, પણ એક જ કડી બોલ્યા જે, **"કોઈ હે સોહાગણ નારી રે, પ્રેમ ગલી દેખ લારી રે."** એ જ કડીમાં ભાવ દેખાડ્યો.

✵ શ્રીહરિએ મલ્લો પાસે શરીર દબાવરાવી નિશ્ચય દૃઢ કરાવ્યો.

પછી વળી એક દિવસ શ્રીજીમહારાજ સુતાર હીરજીભાઈને ઘેર પાટ ઉપર પોઢ્યા હતા. તે સમયે જેઠી ગંગારામ ને બીજા પણ પાંચ-છો હતા. તે ભેળા થઈને શ્રીજીમહારાજનાં ચરણારવિંદ તથા શરીર ચાંપવા મંડ્યા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમને દરબાર પેટિયાં(પેટ પૂરતું અન્ન) નથી આપતા ? જો આપતા હોય તો જમો છો કે નથી જમતા ?" ત્યારે મલ્લે કહ્યું જે, "દરબાર તો મનમાન્યાં પેટિયાં આપે છે અને અમે મનમાન્યું જમીએ છીએ."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "જમતા હો તો બળ ક્યાં ગયું ? જોર કરીને ચાંપો." ત્યારે તે મલ છ જણે ખૂબ જોર કરીને ચાંપવા માંડ્યું, ને પરસેવે કરીને પહેર્યાનાં વસ્ત્ર સર્વે પલળી ગયાં ને થાકી ગયા; તોપણ મહારાજને તો કાંઈ પણ જણાણું નહિ ને હસ્યા. પછી મલ્લ સર્વે એમ બોલ્યા જે, "હે મહારાજ ! આપ તો ભગવાન પ્રત્યક્ષ પુરુષોત્તમનારાયણ છો. તે તમે ક્યાં ને અમે ક્યાં ? ને આજ અમારા

ઉપર બહુ જ દયા કરી, ને અમને તો તમે બહુ જ મોટો પરચો આપ્યો. તે જ્યાં સુધી જીવશું ત્યાં સુધી સાંભરશે, ને અંત સમે અમારી સહાય કરજો." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમે તો અમારા છો, તે તમારી સર્વે પ્રકારે રક્ષા કરીશું." પછી શ્રીજીમહારાજ ભુજનગરમાં રહ્યા થકા પોતાનું અનેક પ્રકારનું ઐશ્વર્ય ભક્તજનોને જણાવતા હતા. અને હમીરસર તળાવમાં નિત્ય પ્રત્યે નાવાને પધારતા. અને પોતાના ભક્તજનને ઘણે પ્રકારે સુખ પમાડતા.

✵ સુંદરજીભાઈને ધ્યાનની રીત શીખવી તથા તેનું હેત :

એક દિવસે સુતાર સુંદરજીભાઈને શ્રીજીમહારાજે ભગવાનના ધ્યાનની વાર્તા કરીને શીખવવા લાગ્યા. તે જેવી રીતે શ્રીજીમહારાજે શીખવી તેવી રીતે સુંદરજીભાઈ ધ્યાન કરવા લાગ્યા. પછી સુંદરજીભાઈ પોતાના ઉતરાદા ઓરડામાં જઈને હાથપગ ધોઈને પવિત્ર થઈને પછી આસને બેસીને ઉતરાદે મુખે ધ્યાન કરવા બેઠા. ત્યારે શ્રીજીમહારાજ તો એમના ડેલામાં બિરાજમાન હતા. ત્યારે શ્રીજીમહારાજ અને સુંદરજીભાઈના વચમાં પાંચ ભીંત આડી હતી. તે પાંચે ભીંતમાંથી શ્રીજીમહારાજનાં દર્શન થયાં.

ત્યારે સુંદરજીભાઈએ વિચાર કર્યો જે, 'મારે કાંઈ નિદ્રા પણ નથી ને સ્વપ્ન પણ નથી, પણ હું જ્યારે મહારાજ પાસે બેઠો હતો ત્યારે બીજા સત્સંગી બેઠા હતા. ને મહેતા ગણપતરામ નોતા, ને હમણાં બોરીનો ચોફાળ ઓઢીને બેઠા છે. ને હું આંહીંથી ઊઠીને શ્રીજીમહારાજની પાસે જાઉં ને જો ગણપતરામ હોય તો શ્રીજીમહારાજે કહ્યું જે, 'આવી રીતે ધ્યાન કરે તેને દૃષ્ટિ આડું કાંઈ આવરણ ન આવે.' તે વાત યથાર્થ સાચી ખરી. પછી સુંદરજીભાઈ શ્રીજીમહારાજની પાસે આવીને પગે લાગીને બેઠા. ત્યારે શ્રીજીમહારાજ સુંદરજીભાઈ સામું જોઈને હસ્યા અને સુંદરજીભાઈને કહ્યું જે, "કેમ છે ?"

ત્યારે સુંદરજીભાઈએ કહ્યું જે, "જેમ કોઈ પુરુષના હાથમાં ચિંતામણિ આવી હોય તે પુરુષ જે જે પદાર્થને ચિંતવે તે તે પદાર્થ પ્રાપ્ત થાય છે, તો ચિંતામણિ ને કલ્પવૃક્ષમાં જે ઐશ્વર્ય છે ને દૈવત છે તે ભગવાનનું આપેલું છે. તે ભગવાન અમને પ્રગટ મળ્યા છે ને બેઠા અમને દર્શન દ્યો છો. તે ભગવાન ભજવાની રીતિ ને ધ્યાન કરવાની રીતિ એ સર્વે શીખવો છો. તે અમારા સર્વે મનોરથો પૂર્ણ કરો તેમાં શું આશ્ચર્ય છે? ને જ્યારે અમે સંભારીએ ત્યારે દર્શન દેજો. ને હે મહારાજ ! મારે વિષે જેવો આજ સ્નેહ છે તેવો ને તેવો નિરંતર સ્નેહ રહે એ વર માગું છું." ત્યારે શ્રીજીમહારાજે વર આપ્યો જે, "સારું રહેશે."

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "અમારે માનકૂવે જાવું છે." તે વાત સાંભળીને સુંદરજીભાઈને તાવ આવી ગયો. પછી હીરજીભાઈએ શ્રીજીમહારાજને આવીને કહ્યું જે, "હે મહારાજ ! તમે માનકૂવે જાવાનું કહ્યું તે સાંભળીને સુંદરજીભાઈને તાવ આવી ગયો છે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમે જઈને સુંદરજીને કહો જે, મહારાજ માનકૂવે નહિ પધારે." ત્યારે હીરજીભાઈએ સુંદરજીને કહ્યું જે, "મહારાજ માનકૂવે નહિ જાય." ત્યારે તાવ ઊતરી ગયો. અને જ્યારે મહારાજ ચાલવાનું નામ લે ત્યારે સુંદરજીને તાવ આવી જાય. એમ કરતા થકા પોતે પોતાનું અનેક પ્રકારે કરીને ઐશ્વર્ય જણાવતા હતા. ને પોતાના ભક્તજનને ઘણેક પ્રકારે કરીને સુખ આપતા હતા. એવી રીતે માસ બે પર્યંત રહ્યા.

✵ ફતેહમહંમદે શ્રીહરિને ઓલિયા પુરુષ જાણ્યા :

પછી શ્રીજીમહારાજ **માનકૂવે** ચાલ્યા, તે આપણી વાડીમાં છત્રી કરી છે ત્યાં હરિભક્તે લૂગડું પાથર્યું ને ત્યાં શ્રીજીમહારાજ બિરાજમાન થયા. ને સર્વે સત્સંગી કોઈ બરફી ને કોઈ પતાસાં લઈને શ્રીજીમહારાજ આગળ ભેટ મૂકીને પગે લાગીને બેઠા. અને શ્રીજીમહારાજની વાતુ

સાંભળવા લાગ્યા. પછી જેઠી ગંગારામભાઈએ કહ્યું જે, "આ સત્સંગી પ્રસાદ લાવ્યા છે તે જમો." એમ કહીને શ્રીજીમહારાજના હાથમાં આપ્યો, તે મહારાજ જમ્યા. પછી મહારાજે કહ્યું જે, "હવે રાખો, ને આ પ્રસાદી સૌને વહેંચી દ્યો." તે વચન સાંભળીને તે સમયમાં સુંદરજીભાઈ સર્વે હરિજનોને તે પ્રસાદી વહેંચી દીધી.

પછી શ્રીજીમહારાજ ઊઠ્યા. ત્યારે સત્સંગી પગે લાગીને કેટલાક પાછા વળ્યા ને કેટલાક સાથે ચાલ્યા. તે રા.લાખાની છતરડીએ જાતા ફતેહમહંમદ અસવાર સહિત સામો આવ્યો. તે ઝાઝા મનુષ્ય જોઈને ગંગારામભાઈને એમ કહ્યું જે, "આટલા બધા મનુષ્ય કેમ આંહીં આવ્યા છે ?" ત્યારે ગંગારામભાઈએ કહ્યું જે, "અમારા ગુરુ માનકૂવે જાય છે, તેમને વળાવવા આવ્યા છીએ." ત્યારે તે ફતેમહંમદે એમ કહ્યું જે, "કિયા તમારા ગુરુ, સ્વામિનારાયણ ?"

ત્યારે ગંગારામભાઈએ બતાવ્યા જે, "આ." ત્યારે તેને મહારાજને જોઈને બહુ ભાર આવ્યો ને એમ બોલ્યો જે, "આ કોઈ ઓલિયા પુરુષ છે. કેમ જે, આટલા મનુષ્ય જેને માને છે તેને કાંઈ અભિમાન જ નથી આવતું." એમ કહીને મહારાજને વંદના કરીને એમ બોલ્યો જે, "હે મહારાજ ! મારે (ગામ) માંડવી ક્યારે આવશો ?" ત્યારે મહારાજ કહે જે, "માંડવી આવો કે ભુજ જાઓ, એનું અમે કાંઈ કહેતા નથી; પણ **અમારું જે વચન માને તેનું અમે કલ્યાણ કરીએ છીએ."** ત્યારે તે પગે લાગીને રાજી થઈને વખાણતો વખાણતો પોતાને માર્ગે ચાલ્યો ગયો.

✷ આશરો ને આજ્ઞા દૃઢ રાખશો તો ધામ આપીશ :

પછી ત્યાંથી મહારાજ ચાલ્યા તે જ્યાં જેઠી ત્રિકમજીએ છત્રી કરેલ છે, ત્યાં લિંબડા હેઠે સત્સંગીએ લૂગડું પાથર્યું તે ઉપર શ્રીજીમહારાજ બેઠા. ને ત્યાં સત્સંગી મહાદેવને દરવાજેથી આવ્યા. તે બરફી, પેંડા, પતાસાં લઈને આવ્યા, ને શ્રીજીમહારાજને ભેટ મૂકીને પગે લાગીને

બેઠા, ને વાતુ સાંભળવા લાગ્યા. અને સુંદરજીભાઈએ બરફી, પેંડા, પતાસાં શ્રીજીમહારાજના હાથમાં આપ્યાં ને મહારાજ જમ્યા. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "પ્રસાદી સૌને આપો." પછી સુંદરજીભાઈએ સર્વેને પ્રસાદી વહેંચી આપી.

પછી શ્રીજીમહારાજ ચાલ્યા ને સત્સંગી સર્વે પાછા વળ્યા. અને મહારાજ **માનકૂવે** પધાર્યા ને બ્રાહ્મણ કેશવજીને ઘેર ઊતર્યા. તે કેશવજીએ થાળ કરીને પોતે પોતાને ઘેર શ્રીજીમહારાજને જમાડ્યા. ત્યાં દશ દિવસ રહીને જાડેજા અદોભાઈ તથા સુતાર તેજસી તથા શામજી આદિક તેમને સુખ આપીને ત્યાંથી ચાલ્યા. તે ગામ **દહિંસરા**ના હરિ સરોવરમાં સ્નાન કર્યું.

પછી તે ગામમાં બ્રાહ્મણ ગોવર્ધન વ્યાસને ઘેર તથા ભક્ત કચરાને ઘેર થાળ જમીને ચાલ્યા, તે ગાજતે વાજતે હરિજન સહિત **કુઈવાડી**એ સભા કરી. ને ત્યાં ગામના હરિજનને પોતાના સ્વરૂપના મહિમાની ઘણીક વાત કરી જે, **"સર્વે અવતારનો અવતારી ને સર્વે ધામનો ધામી તે સાક્ષાત હું તમને મળ્યો છું. તે તમે સર્વે મારો આશરો દૃઢ કરીને રાખશો તથા અમારાં વ્રતમાન, નિયમ, ધર્મ તેમાં સૌ દૃઢપણે કરીને વરતશો તો હું સર્વોપરી મારું ધામ તે તમોને પમાડીશ."** એવી રીતે ભક્ત કચરા તથા કરમશી આદિકને ઘણીક વાર્તા કરી. અને ત્યાંથી ચાલ્યા તે ગામ **સરલીની વાડી** પીપળી વાડીએ પધાર્યા. ત્યાં પીપળીના વૃક્ષ તળે બિરાજમાન થયા. ને ત્યાં જળપાન કરીને પોતાના ભક્તજનને દર્શન આપીને ત્યાંથી ચાલ્યા, તે **વડુવાડી**એ પધાર્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજ ભુજમાં શાહુકારને ઘેર જમવા પધાર્યા ને ત્યાંથી માથક થઈને ભુજ બે માસ રહ્યા ને ત્યાંથી માનકૂવે થઈને દહિંસરાથી સરલીની વાડી વડુએ પધાર્યા' એ નામે આડત્રીસમો અધ્યાય ॥૩૮॥

અધ્યાય - ૩૯

મોહવશ દુઃખ ભોગવતા જીવનો અમારા આશરાથી ઉદ્ધાર

અને તે સરલીની વડુવાડીએ મહા મોટું વિશાળ આંબાનું વૃક્ષ હતું. તેની શીતળ છાયા જોઈને બિરાજમાન થયા. ને ત્યાં ચારે તરફથી હરિજન દર્શને આવ્યા. તે સભા ભરાઈને ચારે દિશે બેઠા. અને તે સભામાં બેઠેલા હરિજનોને મહારાજે વાર્તા કરી જે, “હે ભક્તજનો! આ જીવ તે બે પ્રકારની માયાએ આવર્યા છે, તેણે કરીને કોઈ જીવ સુખિયો થાતો નથી. તે બે પ્રકારની માયા કઈ ? તો એક જડ ને બીજી ચૈતન્ય. તેમાં જડ તે પૃથ્વી આદિક રૂપે થઈ છે અને ચૈતન્ય જે સ્ત્રી, પુત્ર આદિક સબંધીરૂપે છે. તેમાં **જીવ-પ્રાણીમાત્ર મોહ પામીને અવરાયા થકા તે ગર્ભવાસના નવ માસ સબંધી દુઃખ ભોગવે છે.** ને માતાના ઉદરમાં ઉંધે મસ્તકે લટકે છે, ને તે ઉદરમાં કૃમિયા આદિક કરડીને દુઃખ પમાડે છે.

ત્યારપછી જનમીને **બાળ અવસ્થામાં** બોલાય નહિ ને માંકડ, ચાંચડ તથા મચ્છર તથા જૂ વિગેરે જંતુ કરડે, તે સબંધી દુઃખ ભોગવે છે. તથા આધિ, વ્યાધિ આદિ દુઃખ ભોગવવાં પડે છે. અને ત્યારપછી **યૌવન અવસ્થામાં** સ્ત્રી-છોકરાં વિગેરેનું ભરણપોષણ કરવું તેને અર્થે દેશ-વિદેશ વેઠવાં પડે, તે સબંધી દુઃખ ભોગવવાં પડે છે. અને ત્યારપછી **વૃદ્ધ અવસ્થામાં** અનંત પ્રકારનાં દુઃખ ભોગવવાં પડે છે. તે કિયાં ? તો જ્યારે વૃદ્ધ અવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે તેણે કરીને નેત્રથી દેખાય નહિ ને કાને કરીને સંભળાય નહિ ને મુખે સ્પષ્ટ બોલાય નહિ, તેથી સ્ત્રી-પુત્ર તથા પૌત્રાદિક તિરસ્કાર કરે છે.

ત્યારપછી મૃત્યુ અવસ્થાને પામીને ચોરાસી લાખ યોનીમાં અવતાર લઈને અનેક પ્રકારનાં જન્મ તથા મરણનાં વારંવાર અનંત દુઃખ ભોગવવાં પડે છે. તે **દુઃખ તો ત્યારે ટળે જ્યારે પ્રગટ ભગવાનના**

એકાંતિક સંતનો સમાગમ કરીને જીવ મારો આશ્રય કરે. અને ત્યારે તે સર્વે દુઃખથી રહિત થઈને મારા ચરણારવિંદની સેવામાં રહે છે. તે હું કેવો છું ? તો આ અગણિત કોટિ બ્રહ્માંડ છે, તેની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનો કર્તા-હર્તા તથા તેનો નિયંતા તે હું છું. એવો મારો મહિમા જે જીવ સમજે ત્યારે તે મને પામે છે."

એવી રીતે શ્રીજીમહારાજે તે સભામાં બેઠા થકા વાર્તા કરી. તે સમે તે સભામાં બેઠેલા એવા જે સર્વે હરિજનો તેને મહારાજનાં તેજોમય દર્શન થયાં. તે જોઈને ઘણાંક મનુષ્ય આશ્ચર્ય પામતા થકા શ્રીજીમહારાજને સાક્ષાત્કાર ભગવાન જાણીને ઘણાક જનો આશ્રિત થયા. અને તે સમયે શિવજી પોતાના ગણ જે નંદીશ્વર આદિક તેણે સહિત આવીને શ્રીજીમહારાજને સાષ્ટાંગ દંડવત્પ્રણામ કર્યા. અને એક પગે ઊભા રહીને પાંચ મુખે સ્તુતિ કરતા થકા પોતાનાં પંદર નેત્રે કરીને શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં. અને તે સમયમાં પોતાની જટામાં બેઠેલાં એવાં જે ગંગાજી તે પણ મહારાજનાં દર્શને કરીને પોતાને મુખે મહારાજની ગદ્ગદ કંઠથી સ્તુતિ કરતાં થકાં બોલ્યાં જે, "હે મહારાજ ! આંહીંથી નજીક બે સ્થાનમાં હું બે સ્વરૂપે રહી છું. તે તમે મને પવિત્ર કરવા પધારો !" એવી રીતે બોલ્યાં. એમ કહીને ત્યાંથી શંકરે સહિત ચાલી નીસર્યાં.

✵ રામપુરમાં ગૌમુખી ગંગાએ શ્રીહરિની પૂજા કરી :

તે સમે મહારાજને પોતાના ભક્તજનોએ કહ્યું જે, "હે મહારાજ ! જમવા વેળા થઈ છે, માટે ગામમાં પધારો." ત્યારે ત્યાંથી મહારાજ ચાલ્યા, તે ધાધલ માનજીને ઘેર પધાર્યા. અને ત્યાંથી જમીને પછી સરલીથી શ્રીજીમહારાજ ચાલ્યા તે **રામપુર** આવતાં માર્ગમાં **ગૌમુખી ગંગા,** તે સુંદર સુવર્ણમુખી કમળ પોતાના તરંગરૂપી હસ્તમાં લઈને શ્રીજીમહારાજનું પોતાના જળે કરીને અભિસિંચન કરવા સારુ સન્મુખ

આવ્યાં. અને શ્રીહરિનાં ચરણકમળમાં કમળ મૂકીને પોતાના જળની ધારા તેણે કરીને શ્રીહરિને અભિસિંચન(અભિષેક) કર્યું.

પછી શ્રીજીમહારાજે મૂળજી બ્રહ્મચારી તથા ડુંગરજી આદિક પાર્ષદે સહિત ગૌમુખી ગંગામાં અતિ હેતે સહિત સ્નાન કર્યું. પછી ગંગાજીએ મૂર્તિમાન પ્રગટ થઈને શ્રીજીમહારાજને સુંદર સાચા મોતીનો હાર કંઠમાં પહેરાવ્યો. તથા શ્રીજીમહારાજને ગજમોતીનો હાર કંઠમાં પહેરાવ્યો. અને પુંડરિક, ઈંદિવર, કોકનદ આદિક અનેક જાતિનાં કમળ તેણે કરીને શ્રીહરિની પૂજા કરી.

✹ ગંગાજીને બીજે રૂપે મેળાપ સ્થળે રહેવાની આજ્ઞા :

પછી બે હસ્ત જોડીને શ્રીહરિની પ્રાર્થના કરી જે, "હે મહારાજ ! હું ઘણા કાળથી તમારી વાટ જોઈને આંહીંથી એક કોશ છેટે રુકમાવતી નદીને કાંઠે ઋષિ આશ્રમમાં રહી છું. તે આજ સર્વે અવતારના અવતારી તમે અનેક જીવનું કલ્યાણ કરવા સારુ પ્રગટ થઈને વિચરતાં વિચરતાં મને પાવન કરવા સારુ તમો આંહીં પધાર્યા, તે મારા ઉપર બહુ કૃપા કરી. અને હે ભગવાન ! તમો તમારા એકાંતિક ભક્તને સાથે લઈને ઋષિ-આશ્રમમાં પધારો. અને અનંત જીવને તમારી સ્મૃતિ થાય તેને અર્થે એ આશ્રમમાં તમો નિવાસ કરીને રહો અને ભક્તજનોને આનંદ પમાડો."

એવી ગંગાજીની પ્રાર્થના સાંભળીને મેઘના સરખી ગંભીર વાણીએ કરીને શ્રીજીમહારાજ બોલ્યા જે, "હે ગંગાજી ! હું આવતે દિવસ પ્રાત:કાળમાં ઋષિ-આશ્રમમાં આવીશ અને ત્યાં પંદર દિવસ નિવાસ કરીને રહીશ ને સર્વેના મનોરથ પૂરા કરીશ. અને **અક્ષરધામનો પતિ ને સર્વેનો નિયંતા એવો જે હું, તે મારા સાથે તમને આ સ્થાનમાં મેળાપ થયો અને તમે મારો જળે કરીને અભિષેક કર્યો, ને મારી પૂજા કરી, ને પ્રાર્થના કરી તેની સ્મૃતિને અર્થે તમે આ સ્થાનમાં પણ બીજે**

રૂપે કરીને રહો." એવાં અમૃત સરખાં શ્રીહરિનાં વચન સાંભળીને એ ગંગાજી તે રૂપે તે સ્થાનકમાં જ પ્રગટ થઈને રહ્યાં.

એવી રીતે શ્રીહરિ ગંગાજીને ત્યાં રહેવાની આજ્ઞા કરીને પોતે પોતાના સખાને સાથે લઈને **રામપુર** પધાર્યા. અને તે ગામની ઉગમણી ભાગોળે લિંબડાના વૃક્ષ હેઠે હનુમાનજીના ઓટા ઉપર બે ઘડી વિશ્રામ કર્યો. પછી ગામમાં પટેલ રવજીને ઘેર પધાર્યા ને ત્યાં થાળ જમ્યા. ત્યારપછી એ રામપુરમાં મહારાજ રાત્રીએ સભામાં બેઠા એવા જે હરિજનો તે પ્રત્યે બોલ્યા જે, "અમારે પ્રાતઃકાળમાં ગૌમુખી ગંગાએ સ્નાન કરવા જવું છે. માટે તમો સર્વે વહેલા ઊઠીને આવજ્યો." એવાં શ્રીહરિનાં વચન સાભંળીને સર્વે હરિજનો રાજી થયા અને શ્રીહરિને નમસ્કાર કરીને પોતપોતાને ઘેર ગયા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજે વડુવાડીએ સભા કરી, ને શંકર દર્શને આવ્યા ને ગંગાજીએ સ્તુતિ કરી, ત્યાંથી રામપુર ગયા' એ નામે ઓગણચાલીસમો અધ્યાય ।।૩૯।।

અધ્યાય - ૪૦

શ્રીજીમહારાજે ગંગાજીનો મહિમા કહ્યો.

પછી રાત્રીએ સર્વે હરિજનોને સ્વપ્નમાં શ્રીહરિનાં દર્શન થયાં જે, 'આપણે સર્વે ગંગા પ્રત્યે સ્નાન કરવા ગયા. ત્યાં મહાદેવના દેવાલય પાસે ઓરડી મધ્યે દર્ભના આસન ઉપર બિરાજમાન એવા જે શ્રીજીમહારાજ, તે પોતાને સન્મુખ દર્ભાસન ઉપર બેઠેલા એવા જે મુકુંદાનંદ બ્રહ્મચારી, તે પ્રત્યે ગંગાજીનો મહિમા કહે છે જે, હે મુકુંદ બ્રહ્મચારી ! આ ગંગાજી અમારા સ્પર્શ વડે અનેક જીવના કોટાન કોટી જન્મનાં કિલ્બિષ તેને સ્નાન વડે કરીને હરશે. અને જે કોઈ સ્નાન કરવાનો સંકલ્પ કરશે તેને દશ અશ્વમેધ યજ્ઞનું ફળ થાશે. **અને સાક્ષાત્**

ચાલીને સ્નાન કરવા આવશે તેને પગલે પગલે અશ્વમેધ યજ્ઞનું ફળ થાશે. અને સ્નાન કરીને જે કોઈ મારું નામ ઉચ્ચારણ કરશે તેને લક્ષ યજ્ઞનું ફળ થાશે.

અને જે કોઈ મન-કર્મ-વચને મારું નામ ગદ્‌ગદ કંઠથી લેશે તેને કોટાનકોટી યજ્ઞનું ફળ થાશે. અને મારી મૂર્તિનું એકાગ્રચિત્તે જે કોઈ આ ગંગામાં સ્નાન કરશે તો અંતે તે પ્રાણી મારા ચરણારવિંદની સેવામાં રહેશે. આ ગંગામાં આવીને જે કોઈ જન પિત્રી-શ્રાદ્ધ સ્નાન કરીને કરશે તો તે પિત્રી અંતે દેવમાં મોટા દેવના દેહને પામશે. અને જો કોઈ આ ગંગામાં પ્રાણીના અસ્થિ આદિને તારશે તો તે પ્રાણી અંતે દેહનો ત્યાગ કરીને ઊર્ધ્વગતિને પામશે. અને જે કોઈ આ ગંગા ઉપરથી ઊડીને ગતિ કરશે એવાં જે પ્રાણી, તે પણ સાધારણ પુન્યે કરીને દેવના દેહને પામશે. અને આ ગંગામાં રહેલાં એવાં જે મચ્છ, દેડકાં જળજંતુ વિગેરેના જીવ, તે પણ દેહનો ત્યાગ કરીને યોગીના કુળમાં જન્મ લઈને મારા ધામને પામશે.' એવી રીતે ઘણીક વાત કરે છે. ત્યાં તેમનાં દર્શન કરીને આપણે પણ સૌ સાંભળવા બેઠા છીએ, એવાં મહારાજે સ્વપ્નમાં દર્શન આપ્યાં.

પછી તો સર્વે જાગી ગયા અને તત્કાળ સૌ પોતપોતાના મનમાં વિચાર કર્યો જે, 'મહારાજે આપણને વહેલા ઊઠીને મંદિરમાં આવજ્યો, એમ કહ્યું છે. માટે રખેને મહારાજ વહેલા ગંગા પ્રત્યે ગયા હોય ! એમ સંદેહ ધારતા સતા સર્વે પોતપોતાના ઘર થકી મંદિરમાં આવ્યા. અને શ્રીહરિનાં દર્શન કરીને પાસે બેઠા. પછી મહારાજે કહ્યું જે, "તમે સૌ બહુ વહેલા આવ્યા, હજી તો ચાર ઘડી રાત્રી છે. માટે કાંઈ સારાં કીર્તન બોલો." પછી હરિજનો કીર્તન બોલ્યા. તેને સાંભળીને મહારાજ ઘણું રાજી થયા.

પછી મહારાજે કહ્યું જે, "હે ભક્તજનો ! હવે વખત થયો છે, ચાલો ગંગાએ સ્નાન કરવા." પછી તો સર્વે હરિજનો કીર્તન બોલતા

થકા ચાલ્યા ને સૌ ગંગાને કાંઠે ગયા. અને ગંગામાં સ્નાન કરીને મહાદેવજીનાં દર્શન કર્યાં. અને શ્રીજીમહારાજ પણ સ્નાન કરીને મહાદેવના ચોતરા ઉપર પોતાનું દેવાર્ચનાદિક નિત્યકર્મ કરવા સારુ દર્ભના આસન ઉપર ઉગમણે મુખારવિંદે બિરાજમાન થયા. અને **પોતે તો અષ્ટ આવરણ થકી પર ને અલોકિક દિવ્ય જે ગૌલોક ધામ તેથી પણ પર જે અક્ષરધામ તે થકી પણ પર છે. અને સર્વે અવતારના અવતારી અને અનંત કલ્યાણકારી ગુણ, વિભૂતિ, એશ્વર્યાદિક સુખ-સંપત્તિએ જુક્ત એવા અનંત દિવ્ય સાકાર અક્ષરમુક્ત, તેમણે નિરંતર દિવ્ય એવાં ચંદન, પુષ્પ, વસ્ત્ર-આભૂષણ તેણે કરીને પૂજ્યા સતા સદાયે સાકાર દ્વિભુજ દિવ્ય મૂર્તિપણે બિરાજે છે.**

એવા જે અક્ષરાધિપતિ શ્રીપુરુષોત્તમ ભગવાન, તે પોતે અનંત જીવનું આત્યંતિક કલ્યાણ જે અક્ષરધામની પ્રાપ્તિ, તેને અર્થે કૃપાદષ્ટિ કરીને ઉત્તર કૌશલ દેશમાં છપૈયાપુરમાં ભક્તિધર્મના ઘરમાં પ્રગટ થયા. અને માતાપિતાને દિવ્ય ગતિ પમાડીને પૃથ્વીમાં એકાંતિક ધર્મ પ્રવર્તાવવા સારુ એકાંતિક ધર્મને પાળતા સતા વૈરાગ્યના વેગે કરીને ઘરનો ત્યાગ કરીને વનમાં ગયા. ને વનમાં ગોપાળયોગી આદિક યોગી પુરુષોને પોતાની મૂર્તિમાં જોડાવાની રીતિ શીખવતા થકા, ને તપસ્વીને તપની રીતિ શીખવતા થકા, ને જ્ઞાનીને જ્ઞાનની રીતિ શીખવતા થકા, ને ધ્યાનીને ધ્યાનની રીતિ શીખવતા થકા અનેક વનમાં ફર્યા. અને જગન્નાથ, સેતુબંધ રામેશ્વર તથા શિવકાંચી તથા વિષ્ણુકાંચી આદિક તીર્થમાં વિચરીને તે તે તીર્થમાં રહેલા જે પૃથ્વીના ભારરૂપ અધર્મી પુરુષો તેનો પોતાને પ્રતાપે વિનાશ કરીને અધર્મનો નાશ કર્યો અને એકાંતિક ધર્મ સ્થાપન કર્યો.

✵ મહાદેવજીએ શ્રીહરિની પૂજા અને પ્રાર્થના કરી :

એવી રીતે સહજાનંદસ્વામી એકાંતિક ધર્મનું સ્થાપન કરવા સારુ પ્રગટ થયા છે. માટે મુમુક્ષુ જીવને એકાંતિક ધર્મમાં પ્રવર્તાવવા સારુ

ગંગાને કાંઠે મહાદેવના ચોતરા ઉપર દેવાર્ચનાદિક નિત્યકર્મ કરવાને અર્થે પૂર્વ મુખે બેઠા. અને નિત્યકર્મની સમાપ્તિ કરીને પછી મહાદેવનાં દર્શન કરવા સારુ દેરામાં પધાર્યા. ત્યાં તો મહાદેવજીએ મૂર્તિમાન પ્રગટ થઈને શ્રીહરિને હસ્ત જોડીને નમસ્કાર કર્યા. અને ચરણકમળનો સ્પર્શ કરતા થકા પ્રાર્થના કરી જે, “હે મહારાજ ! હું ઘણા કાળથી તમારી વાટ જોઈને આ ઠેકાણે રહેલો છું. આજ મારા ઉપર મોટી કૃપા કરીને તમે દર્શન દીધાં, તે બહુ સારું કર્યું. અને હે મહારાજ ! તમારી આજ્ઞામાં રહીને આ બ્રહ્માંડના પ્રલય કરવાની ક્રિયાને હું કરું છું. અને ઐશ્વર્યને પામવાના રાગથી બંધાયેલો છું, પણ હવે તમારું દર્શન થયું અને તમારા ચરણકમળનો સ્પર્શ થયો, માટે આત્યંતિક કલ્યાણનો અધિકારી થયો છું.” એવી રીતે ઘણીક પ્રાર્થના કરીને મહાદેવજી અદશ્ય થઈ ગયા.

પછી શ્રીજીમહારાજ તે દેરા પાસે ઓરડી છે તેમાં દર્ભના આસન ઉપર બિરાજમાન થયા અને મૂળજી બ્રહ્મચારી પણ દર્ભનું આસન ઉપર બેઠા. અને મહારાજ સાથે ગંગામાં સ્નાન કરવા આવેલા હરિજનો પણ મહારાજનાં દર્શન કરતા સતા ઓરડીથી બારણે બેઠા. ને ફરતા ગામડાના હરિજનો પણ મહારાજને ગંગાએ પધાર્યા સાંભળીને ગંગાએ આવ્યા. તે પણ સર્વે ગંગામાં સ્નાન કરીને શ્રીહરિને સાષ્ટાંગ દંડવત કરીને દર્શન કરતા થકા સભામાં બેઠા. આવી રીતે ગંગાને કાંઠે મહા મોટી બ્રહ્મસભા થઈ.

✹ મૂળજી બ્રહ્મચારીનો પ્રશ્ન અને પુરુષોત્તમગીતાનો પ્રારંભ :

તે સમે મહારાજને પાસે દર્ભના આસન ઉપર બેઠેલા એવા જે મુકુંદાનંદ બ્રહ્મચારી તે હસ્ત જોડીને નમસ્કાર કરીને બોલ્યા જે, “હે મહારાજ ! અષ્ટાવર્ણ થકી પર ને દિવ્ય તેજોમય એવું અક્ષરધામ, તેમાં અનંત દિવ્ય મુક્તે દિવ્ય એવાં જે ચંદન-પુષ્પાદિક ઉપચાર, તે વડે કરીને પૂજી છે મૂર્તિ જેમની એવા અને અનંત ધામાધિપતિ પણ જેમની આજ્ઞામાં

રહેલા ને અનંત જીવના ઉદ્ધાર કરતા સતા તે તે ધામમાં પોતાના પાર્ષદે સહિત રહ્યા છે અને અનંતકોટી બ્રહ્માંડમાં રહેલા જે અનંતકોટી દેવ, દૈત્ય, મનુષ્ય, પશુ, પક્ષી, કીટ, પતંગ, વૃક્ષ, વેલી, તૃણ, ગુચ્છ તે સર્વેની ક્રિયાને સદા એક કાળાવચ્છિન્ન સ્વતંત્રપણે પ્રત્યક્ષ જેમ હોય તેમ જે જાણે છે, તે ભગવાન સ્થાવર-જંગમ બદ્ધ-મુક્ત તથા ચૈતન્ય વર્ગ, તે સર્વેને કર્મફળ દેવાને અર્થે સર્વમાં મૂર્તિમાનની પેઠે વ્યાપક રહ્યા છે. અને આ પૃથ્વીમાં જ્યારે અધર્મ વૃદ્ધિ પામે છે અને એકાંતિક ધર્મ નાશ પામે છે, ત્યારે ત્યારે પોતાના એશ્વર્યથી જ રૂપ-સામર્થ્ય તેને પોતાની મૂર્તિમાં છુપાવીને મનુષ્યરૂપે થયેલા જે ભગવાન તે અધર્મનો નાશ કરીને એકાંતિક ધર્મનું સ્થાપન કરે છે. એવા પુરુષોત્તમ ભગવાન જે તમે, તે તમારા સ્વરૂપનું જ્ઞાન મુમુક્ષુ જીવને કેમ કરવાથી થાય ? તે વાર્તા કહો." એવી રીતે મુકુંદાનંદ બ્રહ્મચારીએ પૂછ્યું.

एवाजेसह्जानंदस्वामितेतेने
ब्र्ह्मसभामांबेठेलासर्वेजनोतेनेसांभळतांसतामेघनासरखिगं
भीरवाणिएकरिनेबोलताहवा॥जेहेमुकुंदानंदवर्णिरामकृष्णा
दिकसर्वेअवतारनाअवतारिनेसर्वेनानियंतानेसदासाकारदि
व्यद्विभुजमूर्तिअनेअनंतजीवनोउद्धारकरवानेअर्थेमनुष्यस्व
रूपेविचरतोएवोजेहुंतेमारास्वरूपनुंज्ञानतोमाराएकांतिकभ
क्तनासमागमेकरिनेथायछे॥

એવા જે સહજાનંદસ્વામી જે તે બ્રહ્મસભામાં બેઠેલા સર્વેજનો તેને સાંભળતાં સતા મેઘના સરખી ગંભીર વાણીએ કરીને બોલતા હવા જે, **"હે મુકુંદાનંદ વર્ણી ! રામ-કૃષ્ણાદિક સર્વે અવતારના અવતારી, ને સર્વેના નિયંતા, ને સદા સાકાર દિવ્ય દ્વિભુજ મૂર્તિ અને અનંત જીવનો ઉદ્ધાર કરવાને અર્થે મનુષ્ય સ્વરૂપે વિચરતો એવો જે હું, તે મારા સ્વરૂપનું જ્ઞાન તો મારા એકાંતિક ભક્તના સમાગમે કરીને થાય છે.**

તે એકાંતિક ભક્ત કેવા છે ? તો નિરંતર મારી આજ્ઞામાં વર્તીને મારાં જે સર્વ ચરિત્ર તેને રાત્રી-દિવસ ગાન કર્યા કરે; અને ધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય એ ત્રણ અંગે સહિત મારા સ્વરૂપમાં ભક્તિ તેને નિરંતર કરે ઇત્યાદિક લક્ષણ છે જેમના, એવા જે મારા એકાંતિક ભક્તજન તેમના સમાગમ થકી મારા સ્વરૂપમાં પુરુષોત્તમપણાનો નિશ્ચય થાય છે. તે હું કેવો છું ? તો આ મારા ચરણારવિંદના અંગૂઠે કરીને અનંતકોટી બ્રહ્માંડોને ડગાવવાને સમર્થ છું.

અને વળી અષ્ટ આવરણ થકી પર જે અક્ષર, તે થકી પર ને તેનો નિયંતા ને સર્વ બદ્ધમુક્ત, નિત્યમુક્ત ને અક્ષર, તે પર્યંત પણ કોઈ જેના મહિમાના પારને પામતા નથી, એવો હું છું. એવી રીતનો જે મારો મહિમા તેને અહોનિશ શ્રવણ, મનન ને નિદિધ્યાસ કરતા એવા સંતનો સમાગમ કરીને મારા સ્વરૂપનો નિશ્ચય કરે તેના હૃદયમાં હું નિરંતર નિવાસ કરીને રહું છું."

એવી રીતે શ્રીહરિ મુકુંદાનંદ બ્રહ્મચારીને પંદર અધ્યાયાત્મક **'પુરુષોત્તમગીતા'** તે પંદર દિવસે કરીને સંભળાવી. અને પછી પુરુષોત્તમગીતાનો મહિમા પોતે કહ્યો જે, **"જેવો મારો મહિમા છે, તેવો જ આ પુરુષોત્તમગીતાનો મહિમા છે. અને જેમ હું સર્વવ્યાપક છું તેમ આ ગીતા પણ સર્વ શાસ્ત્રમાં વ્યાપક છે.** અને જેમ મારે આધીન સર્વ બદ્ધ, મુક્ત, ચૈતન્ય વૃંદ છે તેમ સર્વ વેદ ને વેદાંગ તથા ન્યાય, સત્શાસ્ત્ર, અઢાર પુરાણ, ભારતાદિક ઈતિહાસ, સર્વ ધર્મશાસ્ત્ર તે સર્વે આ પુરુષોત્તમગીતાને આધીન છે. અને જેમ હું સર્વ અવતારનો અવતારી છું, તેમ આ ગીતા પણ હંસગીતા, નારદગીતા, સતીગીતા, અર્જુનગીતા પાંડવગીતા, રુદ્રગીતા, રામગીતા, તુલસીગીતા, લક્ષ્મણગીતા, વ્યાસગીતા, ગણેશગીતા, શિવગીતા, હનુમાનગીતા, ગુરુગીતા, કપીલગીતા અને ભગવદગીતા, એ આદિક સર્વ ગીતા કરતાં આ ગીતા સર્વોપરી છે." એવો ઘણોક પુરુષોત્તમગીતાનો મહિમા કહ્યો.

❋ શ્રીહરિએ ગૌમુખી ગંગાનો મહિમા :

પછી તે રુકમાવતી નામની નદી કીનારે ગૌમુખી ગંગા છે, તેનો મહિમા શ્રીહરિએ કહ્યો જે, "હે મુકુંદ બ્રહ્મચારી ! આ ગંગાને કાંઠે પૂર્વે રામચંદ્ર ભગવાન જ્યારે સીતાજીની શોધ કરવા નીકળ્યા, ત્યારે એક માસ પર્યંત તપ કર્યું છે. અને શ્રીકૃષ્ણ ભગવાન પણ જ્યારે જરાસંધ આગળ અઢારમી વાર હારીને ભાગ્યા, ત્યારે આ ગંગાને કાંઠે આવીને ઘણાક માસ પર્યંત નિવાસ કરીને રહ્યા હતા. અને મરિચ્યાદિક અઠ્યાસી હજાર ઋષિઓ, તે પણ નિરંતર આ રુકમાવતી નદી કિનારે ગૌમુખી ગંગાનું સેવન કરે છે. ને નિરંતર આ ગંગાનો મહિમા વર્ણન કરે છે. કેમ જે, ભાગીરથી ગંગા તો વામનજીના ચરણ સ્પર્શે કરીને પ્રગટ થઈ પણ વામનજી તેને કાંઠે નિવાસ કરીને રહ્યા નથી. અને આ ગંગામાં તો સર્વ અવતારનો અવતારી, સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ એવો જે હું, તે મેં ઘણીક વાર સ્નાન કર્યું છે.

અને પંદર દિવસ લાગઠ ઉપવાસ કરીને શ્રીમદ્ભાગવતની પારાયણ કરાવી છે. અને પંદર દિવસ નિવાસ કરીને રહ્યો છું. માટે આ ગંગાને તુલ્ય કોઈ તીર્થ નથી થાતું. એવી આ રુકમાવતી નદીને કાંઠે ગૌમુખી ગંગા સર્વોપરી તીર્થ છે. એવી રીતનો ઘણોક આ ગંગાનો મહિમા છે." એવાં શ્રીજીહારાજનાં વચન સાંભળીને સર્વે હરિજનો હતા તે ઘણુંક આશ્ચર્ય પામ્યા. અને રુકમાવતી નદી તથા ગૌમુખી ગંગામાં નિત્ય સ્નાન કરવાનો નિયમ લીધો.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજે ગંગાજીનો મહિમા કહ્યો તથા એકાંતિક મુક્તનાં લક્ષણ કહ્યાં' એ નામે ચાલીસમો અધ્યાય ॥૪૦॥

અધ્યાય - ૪૧

પુરુષોત્તમગીતામાં ચાર વર્ણ તથા આશ્રમના ધર્મ કહ્યા

પછી શ્રીજીમહારાજે આ જે **પુરુષોત્તમગીતા** કહી તેના પાંચ ત્રીક છે. તેમાં પ્રથમ ત્રીકમાં ધર્મની વાત કરી છે. શ્રીહરિ બોલ્યા જે, "હે બુદ્ધિમન્ મુકુંદ બ્રહ્મચારી ! પ્રાણીના શ્રેયને કરે એવો ધર્મ તે વેદના જાણનારા ડાયા પુરુષ તેમણે વર્ણ-ધર્માદિક ભેદે કરીને ષડ્વિધ કહેતાં છ પ્રકારનો કહ્યો છે. તે છ પ્રકારનો ધર્મ વેદ, પુરાણ, ધર્મશાસ્ત્ર ને શ્રીમહાભારત તેમાં વિસ્તારે કરીને જેમ સમજાય તેમ કહ્યો છે. તે વેદ આદિક થકી સાર-અસાર કાઢીને સંક્ષેપે કરીને તે છ પ્રકારનો ધર્મ તમને હું કહું છું. તે તમો એકાગ્ર ચિત્તથી સાંભળો. અને સકળ સભાના જન પણ સાંભળો. બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, શુદ્ર એ ચાર વર્ણના ધર્મ તથા બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, સંન્યાસ એ ચાર આશ્રમનો ધર્મ તથા વર્ણાશ્રમનો મિશ્રિતધર્મ તથા ગૌણધર્મ તથા નૈમિતિકધર્મ તથા સાધારણધર્મ આદિ છ પ્રકારનો ધર્મ કહ્યો છે. તે વર્ણાશ્રમ આદિક છ પ્રકારના ધર્મને જાણવા ઈચ્છતા તમોને હું સંક્ષેપે કરીને કહું છું. પ્રથમ ચાર વર્ણના ધર્મને સંક્ષેપે કરીને કહું છું.

શમ જે અંતઃકરણને નિયમમાં કરવું, અને દમ જે ઈન્દ્રિયોને નિયમમાં રાખવાં, અને જ્ઞાન જે દેહ, આત્મા અને પરમાત્માના સ્વરૂપને જાણવું. અને સત્ય જે સત્ય વચન બોલવું. અને ક્ષમા જે સહનશક્તિ એ આદિક **બ્રાહ્મણનો ધર્મ** કહ્યો છે. અને શૂરવીરપણું તથા ધીરજપણું એ આદિક **ક્ષત્રિય જાતીના ધર્મ** કહ્યા છે. અને દાન દેવામાં કુશળપણું અને ગુરુ, બ્રાહ્મણ, સાધુ એ આદિકમાં ભક્તિ કહેતાં એમની સેવા કરવી અને આસ્તિકપણું એ આદિક **વૈશ્યના ધર્મ** કહ્યા છે. અને દ્વિજ જે ત્રણ વર્ણ તેની સેવા કરવી એ આદિક **શુદ્રના ધર્મ** કહ્યા છે. અને શંકર જાતિના ધર્મ ડાયા પુરુષોએ તેના તેના કુળને ઘટિત અને તેમનું

હિત કરે એવા ચોરી, હિંસા આદિક તેણે રહિત કહ્યા છે. હે ધીમન્ કહેતાં બુદ્ધિશાળી એવા મુકુંદબ્રહ્મચારી ! જુગ જુગ પ્રત્યે બહુધા મનુષ્યના સ્વભાવને અનુસરતો એવો મનુષ્યધર્મ તે વેદના જાણનારા પુરુષોએ પરલોકમાં તથા આલોકમાં સુખનો દેનારો કહ્યો છે.

હવે સુવાસિની સ્ત્રીઓના ધર્મને કહું છું જે, નિત્યે પોતાના પતિની સેવા કરવી તથા પર પુરુષનો પ્રસંગ ન કરવો તથા પવિત્રપણે રહેવું એ આદિક સુવાસિની સ્ત્રીઓના ધર્મ કહ્યા છે.

હવે **વિધવા સ્ત્રીઓના ધર્મ** કહું છું જે, પતિભાવે કરીને વિષ્ણુ જે ભગવાન તેમની સેવા કરવી તથા અષ્ટ પ્રકારે પુરુષનો ત્યાગ રાખવો તથા અલ્પ આહાર કરવો એ આદિક વિધવા સ્ત્રીઓના ધર્મ કહ્યા છે.

હવે આશ્રમના ધર્મને કહું છું. તેમાં પ્રથમ બ્રહ્મચારીના ધર્મને કહું છું જે, અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખવો તથા તૈલમર્દન આદિક ન કરવું તથા આચાર્યની સેવા કરવી એ આદિક **બ્રહ્મચારીના ધર્મ** કહ્યા છે.

હવે **ગૃહસ્થના ધર્મ**ને કહું છું જે, દેવ, ઋષિ અને પિત્રી અને ભૂત સંજ્ઞિક બલિદાનને લેનારા દેવ એ આદિકનું યજન કરવું તથા નિરંતર પરસ્ત્રીનો ત્યાગ રાખવો એ આદિક ગૃહસ્થના ધર્મ કહ્યા છે.

હવે **વાનપ્રસ્થના ધર્મ** કહું છું જે, વનમાં વસવું તથા તપ કરવું તથા અમાસ એ આદિક તિથિઓમાં ફળાદિકે કરીને હિંસાએ રહિત એવા યજ્ઞ કરવા તથા ફળાહાર કરવો એ આદિક વાનપ્રસ્થના ધર્મ કહ્યા છે.

હવે **સંન્યાસીના ધર્મ**ને કહું છું જે, ઇન્દ્રિયોને તેમના વિષય થકી પાછાં વાળવાં તથા જ્ઞાન જે આત્મા-પરમાત્માના સ્વરૂપને યથાર્થ જાણવું તથા ઈક્ષા જે યોગ્યાયોગ્યનો વિચાર કરવો તથા આલોકના અને સ્વર્ગાદિક લોકના વિષયમાં વૈરાગ્ય રાખવો તથા શ્રમાદિક સાધને યુક્ત વર્તવું એ આદિક સંન્યાસીના ધર્મ કહ્યા છે.

❋ અચ્યુત ગોત્રી સાધુના લક્ષણ :

હવે અચ્યુત ગોત્રી જે ત્યાગી સાધુ તેમનું લક્ષણ કહું છું જે, તીવ્ર વૈરાગ્યવાળા અને પ્રત્યક્ષ નારાયણના આશ્રયવાળા અને રાત્રી-દિવસ તે નારાયણની શ્રવણાદિક નવ પ્રકારે જે સેવા કરવી તેમાં આસક્ત એવા જે ભક્ત, તે ત્યાગી કહેતાં અચ્યુત ગોત્રી સાધુ કહ્યા છે. હવે તે ત્યાગી સાધુના ધર્મને કહું છું જે, ત્યાગી સાધુ તેમણે ક્યારેય એક ક્ષણ કાળ પણ ભગવાનની ભક્તિ વિના ન જાવા દેવો. અને સંસૃતિ જે જન્મ-મરણ તેના દ્વારરૂપ એવા ને સ્ત્રીઓમાં આસક્ત એવા પુરુષોનો પ્રસંગ નિરંતર ત્યાગ કરવો. અને લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ, ક્રોધ, માન એ આદિક સર્વે અંતઃશત્રુને જીતવા તથા દયા રાખવી, ક્ષમા રાખવી એ આદિક ત્યાગી સાધુના ધર્મ કહ્યા છે.

હવે વર્ણાશ્રમનો મિશ્રિતધર્મ તેને કહું છું જે, મુંજની મેખલા ધારણ કરવી એ આદિક વેદમાં કહ્યો જે ધર્મ તે વેદના જાણનારા તેમણે વર્ણાશ્રમ ધર્મ માન્યો છે, કહેતાં બ્રાહ્મણને મુંજની મેખલા અને ક્ષત્રિયને ધનુષ્યની પણછની મેખલા અને વૈશ્યને મુરુ નામે તૃણની મેખલા અને બ્રાહ્મણને મસ્તક સુધી લાંબો પલાસનો દંડ અને ક્ષત્રીને લલાટ સુધી લાંબો બીલીના વૃક્ષનો દંડ કહ્યો છે. અને વૈશ્યને નાસિકા સુધી લાંબો ઉદંબરાના વૃક્ષનો દંડ કહ્યો છે.

હવે **ગૌણધર્મ**ને કહું છું જે, જેને માથે રાજગાદીનો અભિષેક થયો એવો જે રાજા તેને પ્રજાનું રક્ષણ કરવું એ છે લક્ષણ જેનું, એવો અભિષેક થયારૂપી ગુણે કરીને પામ્યો જે ધર્મ તે વેદના જાણનારા તેમણે ગૌણ ધર્મ કહ્યો છે. હવે **નૈમિત્તિક ધર્મ** કહું છું જે, હે ધીમન મુકુંદબ્રહ્મચારી ! પ્રાયશ્ચિત્ત વિષય કહેતાં પાપની શુદ્ધિને અર્થે કર્યાં જે ચાંદ્રાયણ આદિક વ્રત તે રૂપ ધર્મ ડાહ્યા પુરુષોએ કહ્યો છે. તે પોતાના હિતને કરનારો નૈમિત્તિક ધર્મ જાણવો. કેમ ? તો પાપને ટાળવારૂપ નિમિત્તને ઉદ્દેશીને કહ્યો છે.

હવે સાધારણ ધર્મને કહું છું જે, પોતાની ને બીજાની હિંસાએ રહિત એવું સત્ય વચન બોલવું. તથા માંહિ ને બહાર પવિત્રપણે રહેવું. તથા પોતાને બંધન થાય નહિ એવી દયા રાખવી. તથા દેહ, વાણી ને મને કરીને કોઈનો દ્રોહ ન કરવો. તથા પ્રારબ્ધ દુઃખ અને કોઈ અપરાધ કરે એ બેને સહન કરવું. તથા પ્રારબ્ધ અનુસારે જે મળ્યું તેણે કરીને સંતોષ રાખવો. તથા મન આદિક અંતઃકરણને નિયમમાં કરવાં. તથા શ્રોત્રાદિક ઇન્દ્રિયોને નિયમમાં રાખવાં. તથા સત્શાસ્ત્રને ભણવાં-ભણાવવાં, તેની આવૃત્તિ કરવી અને સાંભળવાં-સંભળાવવાં.

તથા પોતપોતાના આશ્રમને અનુસારે બ્રહ્મચર્ય વ્રત પાળવું. તથા પ્રયોજન વિનાનું નિષ્ફળ ન બોલવું. તથા યોગ્યાયોગ્યનો વિચાર કરવો. તથા તપ કરવું તથા વિષ્ણુની ભક્તિ કરવી. તથા સાધુ પુરુષની સેવા કરવી. તથા સત્પાત્રમાં પોતાને વહાલા પદાર્થનું દાન કરવું. તથા આત્મા-પરમાત્માના સ્વરૂપનો વિચાર કરવો. એ આદિક અતિ શુભ એવાં ત્રીસ લક્ષણે યુક્ત શ્રીમદ્‌ભાગવતના સપ્તમ સ્કંધમાં યુધિષ્ઠિર રાજા પ્રત્યે નારદ મુનિએ કહ્યો છે. એ ધર્મને સર્વનું હિત કરનારો એવો મનુષ્યનો સાધારણ ધર્મ જાણવો.

આ છ પ્રકારનો ક્રિયારૂપ ધર્મ તે જ પ્રવૃત્ત તથા નિવૃત્ત તથા ભાગવત એ પ્રકારે વેદના જાણનારા પુરુષ તેમણે ત્રણ પ્રકારનો કહ્યો છે. તેમાં પ્રવૃત્ત ધર્મમાં જે વિશેષ છે તેને કહું છું. ત્રણ પ્રકારના ધર્મની મધ્યે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે પોતાને ઘટિત એવા વિષયનો સંગ્રહ અને પદાર્થનો સંગ્રહ તથા ન્યાયે કરીને દ્રવ્ય સંપાદન કરવું, તથા દ્રવ્યે કરીને સકામ યજ્ઞ કરવા, તથા ગ્રામમાં અથવા પુરમાં વસવું, તથા સમયઈષ્ટ (ને અનુરૂપ) જે દર્શાદિક યજ્ઞ તથા સદાવ્રતાદિક અને પૂર્ત જે દેવાલય, વાવ, કૂવા, સરોવરાદિક કરાવવું, એ આદિક સમગ્ર જે પ્રવૃત્ત કર્મ તે તો અશાંતિને કરનારું છે.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'પુરુષોત્તમગીતામાં ચાર વર્ણના તથા ચાર આશ્રમના ધર્મ કહ્યા' એ નામે પ્રથમ અધ્યાય ॥૧॥ સળંગ અધ્યાય ॥૪૧॥

અધ્યાય - ૪૨

પુરુષોત્તમગીતામાં ભાગવત્‌ધર્મનું વર્ણન

હે મુકુંદવર્ણી ! હવે નિવૃત્ત ધર્મમાં જે વિશેષ છે તેને કહું છું. લોભ, કામ, ક્રોધ એ આદિક અંતઃશત્રુનો ત્યાગ કરવો. અને દ્રવ્ય, સ્ત્રીનો ત્યાગ કરવો. અને વનમાં રહેવું, તપ કરવું. અને શાંતિ, વૈરાગ્ય, શમ, દમ એ આદિક સદ્‌ગુણ સંપાદન કરવા. અને શ્રેય કરનારા બ્રહ્મયજ્ઞ, યોગયજ્ઞ, જ્ઞાનયજ્ઞ આદિક કરવા. એ આદિક નિવૃત્ત કર્મ શાંતિને કરનારું માન્યું છે. હવે ભાગવત ધર્મમાં જે વિશેષ છે તેને કહું છું. સંસાર સબંધી લોક-ભોગાદિકમાં મનની આસક્તિ નહિ તથા સત્સંગદીપ નામના અધ્યાયમાં કહ્યા પ્રમાંણે સત્સંગ કરવો, તથા પોતાને બંધન થાય નહિ તેવી દીનજન ઉપર દયા રાખવી, તથા ભગવાનના બરોબરિયા ભક્તમાં મિત્રભાવ રાખવો, તથા ભગવાનના ચરિત્રોનું કીર્તન-શ્રવણાદિક કરવું, તથા ભગવાનના મોટા ભક્તમાં દેહ, વાણી ને મને કરીને નમ્રભાવ રાખવો, તથા સંતોષ રાખવો, તથા પરમેશ્વરની પ્રસન્નતાને અર્થે વ્રતાદિક કરવાં. તથા મન, વાણી ને દેહ તેને નિયમમાં કરવાં, તથા ભગવાનને શરીરાદિકનું અર્પણ કરવું, તથા મૌન કહેતાં યથોચિત ભાષણ કરવું, તથા શુભ એવો ઉપશમ કહેતાં સર્વ પ્રકારે મન-ઈન્દ્રિયોને ભગવાન સન્મુખ રાખવાં. એ આદિક ભાગવત ધર્મ શ્રીમદ્‌ભાગવતમાં પ્રબુદ્ધ નામના જોગેશ્વરે જનક રાજાને કહ્યો છે.

હે મુકુંદ બ્રહ્મચારી ! આ ભગવાન સંબંધી જે ધર્મ છે તે ભાગવત ધર્મ તથા એકાંતિક ધર્મ નામે જાણવો. અને તે શ્રીવાસુદેવના

ચરણારવિંદની સેવા તેની પ્રાપ્તિનું કારણ જાણવો. અને પુણ્યકારી એવા નાના પ્રકારના જે આ ધર્મ તેનો વિસ્તાર સર્વ પ્રકારે ધર્મશાસ્ત્રાદિક થકી જાણવો. હે મુકુંદ બ્રહ્મચારી ! વેદ ને શાસ્ત્ર તેને જાણનારા પુરુષોએ કહ્યો અને હિતને કરનારો નાના પ્રકારનો ધર્મ તેને સાંભળવામાં આસક્ત એવા તમને અમે આ પ્રકારે કહ્યો જે ધર્મ તેને તમારે હૃદયમાં ધારવો."

આવી રીતે અમૃત થકી શ્રેષ્ઠ પરમ હિતકારી શ્રીહરિનું વચન તેને સાંભળીને રાજી થયેલા મુકુંદ વર્ણીએ પોતાના ઈષ્ટદેવ તે શ્રીહરિને નમસ્કાર કરીને ફરીવાર પૂછ્યું જે, "હે સ્વામી ! પવિત્ર એવો અને શાંતિનો દેનારો જે પ્રકારનો ધર્મ તમે કહ્યો તેને ઉલ્લંઘીને અધર્મને માર્ગે ચાલનારા જનોની મરણ પામ્યા પછી શું ગતિ થાય છે ? તે મને કહો."

✺ અધર્મ તથા પાપકર્મ કરનારાઓની ગતિ :

આ પ્રકારે મુકુંદ વર્ણીએ પૂછ્યું. ત્યારે ધર્મ ઉપર હેતવાળા, દયાએ કરીને ભીના અને મંદ હાસ્યથી શોભાયમાન મુખવાળા શ્રીહરિજી બોલ્યા જે, "હે મુકુંદ બ્રહ્મચારી ! મનુષ્યે કર્યાં અને દુઃસહ દુઃખનાં સ્થાનભૂત એવાં નાના પ્રકારનાં પાપકર્મ તેમનાં વિચિત્ર ફળ જેમ મનુરાજા આદિકે કહ્યાં છે, તેને જાણવા ઈચ્છતા એવા તમને તે પાપનાં ફળ સંક્ષેપે કરીને હું કહું છું. તેને એકાગ્રચિત્તે તમે સાંભળો. આલોકમાં જે જન ઈન્દ્રિયોને લાડ લડાવવાને અર્થે પોતાના ધર્મનો ત્યાગ કરીને પાપકર્મ કરે છે, તે દુષ્ટજન વારંવાર અતિશે પાપરૂપ દેહને પામે છે.

અને દુષ્ટ છે અંતઃકરણ જેમનાં એવા જન તે આલોકમાં જેમ જેમ વિષયને ભોગવે છે, તેમ તેમ તે દુષ્ટજનને વિષયમાં કુશળપણું થાય છે, કહેતાં રાગ વૃદ્ધિને પામે છે. અને વિષયમાં કુશળપણું થયા પછી તે વિષયની પ્રાપ્તિને અર્થે પાપકર્મનું વારંવાર કરવાપણું તે વડે કરીને તે વિષયને ભોગવનારા દુષ્ટજન આલોકમાં નાના પ્રકારની જાતિમાં સહન થાય નહિ એવાં ઘણાંક દુઃખ પામે છે.

અને તે પાપીજન નાના પ્રકારના રોગે કરીને પીડાને પામે છે. અને નથી પાછું વળવાનો ઉપાય જેનો એવી દુઃખરૂપ વૃદ્ધ અવસ્થાને પામે છે. અને ક્ષુધા-તૃષા એ આદિક બીજા ઘણા ક્લેશને પામે છે. અને તે પાપીજન વારંવાર ગર્ભમાં નિવાસ અને કઠોર એવું જન્મ સમયનું દુઃખ તેને પામે છે. અને મહાકષ્ટ દેનારાં જે બંધન તથા ક્રૂર એવા વિષયી પુરુષોનું દાસપણું તેને પામે છે.

અને તે પાપીજન પોતાના વહાલા જનનો વિયોગ તેને પામે છે. અને મિત્ર કરવાનું દુઃખ અને શત્રુ થયો તેનું દુઃખ તેને પામે છે. અને જે પ્રાણી નાના પ્રકારના સાત્ત્વિક, રાજસ ને તામસ સ્વભાવે કરીને જે જે કર્મ કરે છે, તે પ્રાણી તેવા સત્ત્વગુણી, રજોગુણી ને તમોગુણી દેહે કરીને તે તે કર્મના ફળને નિશ્ચય ભોગવે છે.

✵ નરકયાતના તથા લખચોરાસીનું વર્ણન :

હે મુકુંદ બ્રહ્મચારી ! પૂર્વે કહ્યા જે દુષ્ટજન તે જે જે પાપે કરીને આલોકમાં જે જે યોનિને અનુક્રમે કરીને પામે છે તે સંક્ષેપે કરીને તમોને હું કહું છું. તેની મધ્યે પ્રથમ તે પાપીજન તામિસ્ર, અંધતામિસ્ર, રૌરવ, મહારૌરવ, અસિપત્રવન, તૃપ્તસુરમી, લાલાભક્ષ એ આદિક નરકમાં બંધન-છેદન-દહન એ આદિક અતિ કઠોર એવી જાતની જે નરક સંબંધી પીડા તેને પામે છે. અને તે પાપીજન યમદૂતે કર્યું તાડન તે રૂપ નાના પ્રકારની પીડાને પામે છે.

અને બટ તથા ગુધ્ર પક્ષી માંસ તોડીને ખાય છે. તથા યમના દૂત ઘણી તપેલી વેળુમાં ચલાવે છે. તથા કઠોર કુંભીપાક આદિક નરકમાં નાખે છે. તે સંબંધી ઘણા દુઃખને પામે છે. આવી રીતે યમપુરીનાં દુઃખ ભોગવીને પછી તે પાપી આલોકમાં બહુ દુઃખ જેમાં છે એવી નીચ યોનિઓમાં વારંવાર જન્મને પામે છે. અને ત્યાં ટાઢ-તડકા સબંધી ઘણી પીડા અને નાના પ્રકારના ત્રાસ તેને વારંવાર પામે છે.

હે મુકુંદ બ્રહ્મચારી ! હવે જે પાપે કરીને નરકની પીડા ભોગવીને આલોકમાં દુઃખરૂપ દેહને પામે છે, તેને હું કહું છું. પોતાના ધર્મથી ભ્રષ્ટ થયો જે બ્રાહ્મણ તે બીજા જન્મમાં ઓકેલા અન્નને ખાનારો અને ક્રૂરપણું તેણે યુક્ત એવો ઉલ્કામુખ(અગ્નિમુખ) નામે પ્રેત નિશ્ચય થાય છે. અને આલોકમાં સુખને અર્થે પોતાના ધર્મ થકી ભ્રષ્ટ થયો જે ક્ષત્રી તે તો વિષ્ટા ને મડદાં તેને ખાનારો કટપુતન નામે પ્રેત થાય છે. અને પોતાના ધર્મ થકી ભ્રષ્ટ થયો જે વૈશ્ય તે મૈત્રાક્ષ વૈશ્ય જ્યોતિક નામે પાચનો ખાનારો પ્રેત થાય છે. અને પોતાના ધર્મ થકી ભ્રષ્ટ થયો એવો શૂદ્ર તે ચૈલાસક નામે વસ્ત્રમાં પડેલી જુવો ખાનારો પ્રેત થાય છે.

❋ પંચ મહાપાપ તથા ચોરી કરનારની ગતિ :

અને તે પાપીજનને મધ્યે **મહાપાપના કરનારો** તે તો બહુ વર્ષ પર્યંત કઠોર એવા નરકને ભોગવીને પછી દુઃખને દેનારા જન્મને પામે છે. **બ્રાહ્મણને હણનારો** મનુષ્ય શ્વાન, ગર્દભ, ઊંટ, ભુંડ, મૃગ, બળધ, બકરો, ઘેટો, ચાંડાળ અને પુષ્ક જે ભીલ થકી શુદ્રિમાં થયેલો તે અને પક્ષી, આ સર્વના જન્મને પામે છે. અને **મદિરાને પાન કરનારો** મનુષ્ય વિષ્ટાના ખાનારા જંતુ કૃમિયા, કીડા, પતંગ, પક્ષી અને હિંસક પક્ષી અને હિંસક વ્યાઘ્રાદિક આ સર્વના જન્મને પામે છે. અને **સુવર્ણની ચોરી કરનારો** મનુષ્ય કરોળિયા, સર્પ, કાકીડો અને જળમાં ફરનારા પક્ષી અને હિંસક જે વ્યાઘ્રાદિક તથા પિશાચ આ સર્વના જન્મને પામે છે.

અને ગુરુની સ્ત્રી સાથે **વ્યભિચારનો કરનારો** મનુષ્ય ક્રવ્યાદ જે કાચું માસ ખાનારા જંતુ અને દાઢોવાળા સિંહાદિક તથા ક્રૂર કર્મને કરનારા વ્યાઘ્રાદિક તથા ગળો આદિક વેલીઓ ને તાડ આદિક વૃક્ષ અને ધ્રો આદિક સર્વ તૃણ, આ સર્વના જન્મને વારંવાર પામે છે. અને કાચું માસ ખાનારા જન હિંસક બિલાડાના જન્મને પામે છે. અને ચાંડાળની સ્ત્રી સાથે વ્યભિચારના કરનારા પ્રેતના જનમને પામે છે. અને બ્રાહ્મણનું ધન હરી લેનારા બ્રહ્મરાક્ષસ થાય છે.

અને નાના પ્રકારનાં રત્ન જે હીરા આદિક તથા પરવાળા તથા મુક્તાફળ અને માણેક એ આદિક વસ્તુને ચોરનારા મનુષ્ય હેમકાર જે સોની તેના જન્મને પામે છે. અને કેટલાક મુનિ એમ કહે છે જે, હેમકાર નામે પક્ષીના દેહને પામે છે. અને મનુષ્ય જે તે અન્નની ચોરી કરીને ઉંદરના જન્મને પામે છે. અને કાંસાની ચોરી કરીને હંસના જન્મને પામે છે. અને મધની ચોરી કરીને વનની મક્ષિકાના જન્મને પામે છે. અને જળની ચોરી કરીને ક્વ નામે પક્ષી થાય છે.

અને દૂધની ચોરી કરીને કાગડાના જન્મને પામે છે. અને મનુષ્ય રસની ચોરી કરીને શ્વાનના જન્મને પામે છે. અને ઘૃતની ચોરી કરીને નોળિયાના જન્મને પામે છે. અને દહીંની ચોરી કરીને બલાકા નામે પક્ષી થાય છે. અને મીઠાની ચોરી કરીને ચીરવાક નામે ઊંચા સ્વરવાળો કીટ એટલે તમરાંના જન્મને પામે છે.

અને મનુષ્ય ક્ષૌમ જે અતસીના (અળસીનો છોડ) તાંતણાના વસ્ત્રની ચોરી કરીને દાદુરના જન્મને પામે છે. અને જે હીરાગળ વસ્ત્ર તેની ચોરી કરીને તેતર પક્ષીના જન્મને પામે છે. અને કપાસના વસ્ત્રની ચોરી કરીને ક્રૌંચ પક્ષીના જન્મને પામે છે. અને ગાયની ચોરી કરીને ગોધા કહેતાં ગોધીના(ઘો,ગરોળી કે માછલાંના) જન્મને પામે છે. અને ગોળની ચોરી કરીને વાગોળના જન્મને પામે છે. અને બથુવાની ભાજી ચોરનારો જન મયૂર થાય છે. અને કસ્તુરી આદિક સુગંધીમાન દ્રવ્યની ચોરી કરનારો જન છછુંદર થાય છે. અને રાંધેલા અન્નની ચોરી કરનારો જન શ્વાવિધ નામે પ્રાણી એટલે સેઢાઈ થાય છે. અને કાચા અન્નની ચોરી કરનારો સાવઢીના જન્મને પામે છે.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'પુરુષોત્તમગીતામાં ભાગવતધર્મ કહ્યો તથા તે ધર્મ ઉલ્લંઘીને વર્તે છે તેની ગતિ કહી' એ નામે બીજો અધ્યાય ॥૨॥ સળંગ અધ્યાય ॥૪૨॥

અધ્યાય - ૪૩

વિવિધ ચોરી કરનારાઓની વિવિધ ગતિ

હે મુકુંદવર્ણી ! જે જન મૃગ તથા હાથી તેની ચોરી કરે છે તે નાહારના જન્મને પામે છે. અને ઘોડાની ચોરી કરીને વ્યાઘ્ર થાય છે. અને ફળ અને મૂળની ચોરી કરીને માંકડાના જન્મને પામે છે. અને સ્ત્રીની ચોરી કરનારો રીંછ થાય છે. અને ગાય વિના બીજા પશુની ચોરી કરનારો બકરો થાય છે. અને જે મનુષ્ય રથ આદિક વાહનને ચોરે તો તે ઊંટ થાય છે. અને જળની ચોરી કરનારો ચાતક પક્ષી થાય છે. અને રાતા વસ્ત્રનો ચોરનારો ચકોર પક્ષી થાય છે.

અને જે દુષ્ટ મનુષ્ય દેવના દ્રવ્યને ચોરે કહેતાં કોઈકે આપ્યું હોય તથા પોતે આપ્યું હોય તેને અનેક પ્રકારની યુક્તિએ કરીને હરી લે તે દુષ્ટજન મહાવનમાં અજગર થાય છે, અને દુઃસહ એવા મહાદુઃખને ભોગવે છે. અને દુષ્ટ છે મન જેનું એવો નાસ્તિક જે મનુષ્ય ગુરુનું દ્રવ્ય ચોરે કેતાં અનેક યુક્તિએ કરીને હરી લે તે મનુષ્ય ઝેરમય એવી ચંદનઘો તેના જન્મને પામે છે. અને જે મનુષ્ય ભગવાનનું પ્રસાદી-વસ્ત્ર આદિક વસ્ત્રને ચોરે તે મનુષ્ય નિશ્ચય આકરા ઝેરનો ભરેલો વીંછી થાય છે. અને અજ્ઞાની એવો જે મનુષ્ય તે ભગવાનની ચાંખડીઓ તથા વસ્ત્ર ઉપર છાપ્યાં જે ચરણારવિંદ તેને ચોરે તે મનુષ્ય સર્પ થકી ક્રૂર એવો રુરુ નામે જંતુના જન્મને પામે છે. અને કુત્સિત બુદ્ધિવાળો જે જન મંગળરૂપ શ્રીહરિની ચિત્ર આદિક પ્રતિમાને ચોરે તે દુષ્ટજન અતિ ક્રૂર એવો યમરાજાનો દૂત થાય છે.

❋ યાજ્ઞવલ્ક્ય ઋષિએ કહેલ મહાપાપાદિક કરનારાની ગતિ :

હે મુકુંદ બ્રહ્મચારી ! આંહીં સુધી મનુરાજા આદિના મતને અનુસરતું કહીને હવે યાજ્ઞવલ્ક્ય ઋષિના મત પ્રમાણે રૌરવાદિક નરકમાં તથા શ્વાન આદિકના જન્મમાં ઘોર દુઃખને ભોગવીને પછી પાપનો જે

શેષ, તેણે કરીને જન્મ થાય ત્યાંથી જ ક્ષયરોગાદિક રોગે યુક્ત થાય તે કહું છું. પાપિષ્ટ એવો બ્રહ્મહત્યાનો કરનારો જન નિત્યે નિશ્ચય ક્ષય રોગવાળો થાય છે. અને મદિરાનો પીનારો કાળા દાંતવાળો થાય છે. અને સુવર્ણને ચોરનારો કુત્સિત નખવાળો થાય છે. અને ગુરુસ્ત્રીની સાથે ગમન કરનારો દુષ્ટ મનુષ્ય કુષ્ટ જે ગળતો કોઢ તે નામે રોગવાળો થાય છે. અને આ ચાર મહાપાપીની મધ્યે પાપીની સંગાથે જે મનુષ્ય વસે તે પણ તે મહાપાપીની તુલ્ય રોગવાળો થાય છે.

અને દેવ-બ્રાહ્મણની નિંદાનો કરનારો મનુષ્ય સ્ખલિત વાણીવાળો કેતાં તોતળિયો થાય છે. અને ઝેર તથા અગ્નિ દેનારા મનુષ્ય નિશ્ચય ઉન્મત કેતાં ગાંડા થાય છે. અને ગુરુને હણનારો જન તે તો વાયુના રોગવાળો થાય છે. અને ગાયને હણનારો જન આંધળો થાય છે. અને ધર્મવાળી પોતાની સ્ત્રીનો ત્યાગ કરીને પરસ્ત્રીને પામનારો જન શબ્દવેધી નામે પ્રાણી થાય છે. અને બ્રાહ્મણનું ધન હરનારો પ્રાણી પાંડુ રોગવાળો થાય છે. અને બ્રાહ્મણી સાથે વ્યભિચાર કરનારો નિર્બીજ કહેતાં નપુંસક થાય છે. અને થાપણને ઓળવનારો કાંણો થાય છે. અને પોતાની સ્ત્રીને વેચીને જીવનારો પુરુષ ષંઢ કહેતાં નપુંસક થાય છે.

હે મુકુંદ બ્રહ્મચારી ! આ વાર્તામાં કાંઈ પણ સંશય નથી. અને ભક્ષણ કરવા યોગ્ય નહિ જે લશ્નણ, ડુંગળી આદિક તેનું ભક્ષણ કરનારાને કંઠમાળ(ગળામાં માળાના આકારનાં ચાંદાં પડવાનો રોગ) થાય છે. અને સારા મિષ્ટ અન્નને એકલો જમનારો મનુષ્ય નિશ્ચય વાયુના ગોળાનો રોગવાળો થાય છે. અને વસ્ત્રને ચોરનારો પતંગિયો થાય છે. અને ક્રૂર કર્મને કરનારો વામન કહેતાં ઠિંગણો થાય છે. અને પુત્રની સ્ત્રી સાથે ગમન કરનારો એવો દુષ્ટ બુદ્ધિવાળો મનુષ્ય અંતરગળના રોગવાળો થાય છે. અને જૂઠી સાખ્ય પૂરનારો મનુષ્ય નિશ્ચય બરોળના રોગવાળો થાય છે. અને કેટલાક ઋષિ કહે છે કે ભાંગી ગયાં છે પિંડીઓ ને પગ જેનાં એવો થાય છે.

અને પોતાની માતાને હણનારો જન આંધળો થાય છે. અને કન્યાને દૂષણ પમાડનારો નપુંસક થાય છે. અને વેદને વેચનારો કહેતાં મૂલ્ય લઈને ભણાવનારો વ્યાઘ્ર થાય છે. અને મત્સરવાળો ભમરો થાય છે. અને જેનું-તેનું ખાનારો એવો દુષ્ટ કર્મ કરનારો મનુષ્ય બિલાડો થાય છે. અને આપ્યા વિના પારકા પદાર્થને લેનારો નર બળદ થાય છે. અને અગ્નિ સબંધી હોમાદિક કર્મને ત્યાગ કરનારો બ્રાહ્મણ છૂટા છૂટા ધોળા કોઢવાળો થાય છે.

અને શુદ્રનું આચારણ કરનારો અંત્યજ થાય છે. અને ઈર્ષાવાળો મચ્છરિયાના જન્મને પામે છે. અને જ્ઞાનને હરી લેનારો કહેતાં શાસ્ત્રના અર્થને અવળા કરીને સમઝાવનારો મનુષ્ય મૂંગો થાય છે. અને ચાંડાળ ને પુષ્કરની સ્ત્રીને પામનારો મનુષ્ય આલોકમાં મનુષ્યના તિરસ્કાર વારંવાર પામીને અજગર થાય છે.

અને સંસાર ત્યાગ કરીને રહી જે સ્ત્રી તેને પામનારો મનુષ્ય જળે રહિત એવા મારવાડ દેશમાં પિશાચ થાય છે. અને શુદ્રીને પામનારો મનુષ્ય આલોકમાં નિશ્ચય લાંબો કીડો થાય છે. અને તેલની ચોરી કરનારો મનુષ્ય ચામાચીડિયાના જનમને પામે છે. અને ચાડી કરનારો મનુષ્ય દુર્ગંધે યુક્ત છે નાસિકાનો શ્વાસ જેનો એવો થાય છે. અને ગુરુની આજ્ઞા વિના ભણનારો તથા પુસ્તકની ચોરી કરનારો જન મૂંગો થાય છે. અને જે કોઈ ઉપાયે કરીને પારકા દ્રવ્યને ચોરી લઈને તથા હોમ્યા વિના હુત દ્રવ્યને જમીને મનુષ્ય અવશ્ય પશુપક્ષીના જન્મને પામે છે.

આ પ્રકારે પાપી એવાં પ્રાણી પોતપોતાના કર્મને અનુસારે નાના પ્રકારના ક્લેશને પામે એવી નાના પ્રકારની ગતિઓને વારંવાર પામે છે. તે જ હેતુ માટે બુદ્ધિમાન એવો મનુષ્ય આ પ્રકારે પાપી એવા જનની દુઃસહ દુઃખ ઘણું જેમાં છે એવી ગતિઓને જાણીને પ્રતિદિન ધર્મનું આચરણ કરે અને પાપ કર્મનો ત્યાગ કરે. અને **અધર્મ જેવું બીજું દુઃખ**

નથી અને ધર્મ જેવું બીજું સુખ નથી. તે માટે સુખને ઈચ્છતો એવો જન અધર્મનો ત્યાગ કરે અને ધર્મનું આચરણ કરે. અને ધર્મનું પોષણ કરનારા બ્રહ્માદિક દેવ તથા મોટા ઋષિ તથા સાધુપુરુષ તે ધર્મવાળા મનુષ્યને વખાણે છે. હે મુકુંદ બ્રહ્મચારી ! જે જન વેદ ને શાસ્ત્રમાં કહ્યો એવો વર્ણાશ્રમને યોગ્ય જે ધર્મ તેને પ્રતિદિન પાળે છે, તે જન નિરંતર મને વહાલા છે.

✵ શ્રીહરિએ ધર્મે સહિત ભક્તિ કરવાની આજ્ઞા કરી :

હે સન્મતે ! અલ્પ બુદ્ધિવાળા અને આલોકમાં ધર્મમાં શિથિલપણું છે, તે મનુષ્ય ઉપર નિશ્ચય મારે અરુચિ વર્તે છે. તે હેતુ માટે જે મનુષ્યને **મને પ્રસન્ન કરવાની ઈચ્છા હોય તેમણે નિરંતર શુભ એવા પોતપોતાના ધર્મમાં રહીને નારાયણ એવો જે હું તે મને સેવવો કહેતાં નવ પ્રકારે મારી ભક્તિ કરવી.”**

આ પ્રકારનું અમૃત થકી અતિ શ્રેષ્ઠ એવું શ્રીહરિનું વચન તેને મુકુંદ બ્રહ્મચારી તથા સભામાં બેઠેલા શ્રીહરિના ભક્તજનો સાંભળીને અત્યંત આનંદને પામ્યા. અને તે મુકુંદ બ્રહ્મચારી આદિક સર્વ સભાજનો પોતાના ઈષ્ટદેવ જે શ્રીહરિ તેમના પ્રત્યે બોલવા લાગ્યા જે, “ઉદાર કીર્તિવાળા હે હરે ! તમારા આશ્રિત સમગ્ર અમે તો જીવત પર્યંત તમારાં વચન પ્રમાણે વર્તીશું.” આવી રીતના અતિ પ્રીતિએ યુક્ત એવાં તે ભક્તજનનાં વચન સાંભળીને શ્રીહરિ બહુ પ્રસન્ન થયા અને સર્વ ભક્તને બાથમાં ઘાલીને મળ્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે ‘પુરુષોત્તમગીતામાં ચોર કર્મના કરનારા એવા પાપીષ્ટ પુરુષની ગતિ કહી તથા સભામાં બેઠેલા ભક્તોને ધર્મે સહિત ભક્તિ કરવાની આજ્ઞા કરી’ એ નામે ત્રીજો અધ્યાય ॥૩॥ સળંગ અધ્યાય ॥૪૩॥

અધ્યાય - ૪૪

આત્મા તથા પરમાત્માના જ્ઞાનનો મહિમા

ત્યારપછી સભામાં બિરાજમાન એવા શ્રીહરિએ દયાભીની દૃષ્ટિએ કરીને ભક્તોના સામું જોયું. અને અમૃત કરતાં સ્વાદુ અને શ્રેષ્ઠ એવું વચન બોલ્યા જે, "હે મુકુંદ બ્રહ્મચારી આદિ હરિજનો ! તમો સર્વે સર્વ અમંગળને નાશ કરે અને મુક્તિના માર્ગમાં જે વિઘન તેને હરે એવી અમારી જે વાત તેને સ્વસ્થ થઈને સાંભળો. મારે તમોને જ્ઞાન કહેવું છે. તે જ્ઞાન કેવું છે ? તો જ્ઞાનને સાંભળનારા જીવાત્માને નિરંતર જ્ઞાન-સુખને દેનારું છે. અને માયા, જીવ, ઈશ્વર, બ્રહ્મ, પરબ્રહ્મ તેમના સ્વરૂપને યર્થાથ જણાવનારું છે અને તત્ત્વાદિક સર્વ વસ્તુના રૂપની વિગતી કરી આપે છે.

અને કાળરૂપી મોટા અજગરને ગળી જનારું. અને તે થકી જે ત્રાસ અને માયાનો ભય એ બેનો નાશ કરવામાં તત્પર તે જ્ઞાન રહે છે. અને જન્મ, મૃત્યુ, વૃદ્ધાવસ્થા, આધિ, વ્યાધિ આદિક થકી થયા જે ક્લેશ તેનો નાશ કરવામાં પણ એ જ્ઞાન સહાયભૂત થાય છે, કહેતાં ત્રિકાળમાં નાશ પામે નહિ એવા જીવાત્માને પરબ્રહ્મનું જે સુખ તેને આપવાપણે કરીને શાંતિને દેનારું છે. અને આત્મારામપણે કરીને આત્મા સંબંધી તથા પરમાત્મા સંબંધી જે ઉત્કૃષ્ટ સુખ તેને પ્રગટ કરનારું છે. અને તે પરમાત્માના સુખનો ઘણોક આનંદ તેને તે જ્ઞાન દેનારું છે.

✵ આત્માના સ્વરૂપનું નિરૂપણ :

અને હે મુકુંદ વર્ણી ! આ પ્રકરણમાં આત્મા તે જીવને કહ્યો છે. તે આત્મા કેવો છે ? તો નખથી શિખા પર્યંત સર્વ દેહને પ્રત્યે વ્યાપીને રહ્યો છે. અને નેત્ર-શ્રોત્રાદિક જે બાહ્ય ઈન્દ્રિયો તથા મન આદિક અંતઃકરણ તથા તે ઈન્દ્રિયો-અંતઃકરણના દેવતા તે સર્વેનો પ્રકાશક છે. અને વળી તે આત્મા કેવો છે, તો જાગ્રત, સ્વપ્ન ને

સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તથા સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણેય જે દેહ તેમાં તદાત્મકપણાના સબંધ થકી બંધાણો છે, કહેતાં તેના રૂપે પોતાને માનતો થકો તેમાં અનાદિકાળ થકી બંધાણો છે. અને પોતાને સ્વરૂપે કરીને તો તે સર્વથી વિલક્ષણ છે.

અને જેમ અગ્નિ લોઢાના ગોળા પ્રત્યે તદાત્મકપણે કરીને વ્યાપીને રહ્યો છે તોપણ તે ગોળા થકી ભિન્ન છે, ને દાહકપણે ને રક્તપણે ને પ્રકાશપણે જુદો છે. તેવી રીતે આત્મા દેહાદિક રૂપ થકો જણાય છે, તોપણ એ દેહાદિક થકી એનું લક્ષણ જાણપણે ને પ્રકાશપણે ભિન્ન છે. અને આ દેહ નાના પ્રકારના વિકારને પામતો થકો પણ એ દેહમાં રહ્યો જે આત્મા તે વિકારને નથી પામતો. તથા આ દેહ નાશ પામે છતાં પણ એ દેહમાં રહ્યો જે આત્મા તે ક્યારે પણ નાશ નથી પામતો. અને તે આત્મા સત્યરૂપ છે, ચૈતન્યરૂપ છે, અક્ષર છે, સૂક્ષ્મ છે ને કોઈથી તત્કાળ જાણી શકાય તેવો નથી, એવો જે આત્મા તે દેહાદિક સર્વથી વિલક્ષણ થકો દેહાદિકમાં વર્તે છે. હે મુકુંદવર્ણી ! એવી રીતે જે આત્માનું જ્ઞાન તેને જ આત્મજ્ઞાન કહ્યું છે.

✵ પરમાત્માના સ્વરૂપનાં જ્ઞાનનું વર્ણન :

હવે હું તમને પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન કહું છું. અને પરબ્રહ્મ એવો જે હું, શ્રીકૃષ્ણ ભગવાન તેને જ પરમાત્મા કહ્યા છે. અને તે શ્રીકૃષ્ણ પરમાત્મા કેવા છે ? તો પ્રકૃતિ જે માયા તેના ત્રણ ગુણે રહિત છે. માટે નિર્ગુણ એવી રીતે કહ્યા છે. અને ઈશ્વરના પણ ઈશ્વર એવા પરમેશ્વર છે. અને વિષ્ણુ, નારાયણ, ભગવાન અને વાસુદેવ એવે નામે જેને કહે છે એવા એ પરમાત્મા છે. અને કર્તા જે કર્મનો કરનારો પુરુષ તથા શ્રદ્ધા તથા કર્મ તથા જ્ઞાન તથા સ્થાન તથા વસ્ત્રાદિ પદાર્થ એ સર્વે ત્રિગુણાત્મક છે, તોપણ શ્રીકૃષ્ણ ભગવાનના સાક્ષાત્ સબંધ થકી નિર્ગુણ થાય છે. કહેતા સત્ત્વ, રજ ને તમ એ ત્રણેય જે માયાના ગુણ તેણે રહિત થાય છે, એવા ભગવાન છે.

અને વળી એ શ્રીકૃષ્ણ ભગવાન કેવા છે, તો સ્વતંત્ર છે ને સ્વપ્રકાશ છે; કહેતાં પોતાવતે જ પોતે પ્રકાશમાન છે. અને સર્વ કારણના પણ કારણ છે. અને બ્રહ્મરૂપ થયા એવા જે મુક્ત તેમણે પણ ઉપાસના કરવા યોગ્ય એવા છે. અને કોટાનકોટી એવા જે સૂર્ય, ચંદ્રમા ને અગ્નિ તેમને પણ લજ્જાને પમાડે એવા અલૌકિક મહાપ્રકાશે યુક્ત છે. અને પ્રકૃતિ, મહતત્ત્વ, અહંકાર, આકાશ, વાયુ, તેજ, જળ ને પૃથ્વી એ જે આઠ આવરણ તેમણે ચારેકોરે વીંટાણાં એવાં જે અનેક બ્રહ્માંડ તેમની કોટીઓ જે અક્ષરબ્રહ્મમાં અણુની પેઠે રહી જણાય છે એવું જે અક્ષરબ્રહ્મ તે પરબ્રહ્મ ભગવાનનું ધામ છે. એવા એ અક્ષરધામના નિવાસી મહાસમર્થ છે.

અને વળી તે ભગવાન કેવા છે ? તો મહાદિવ્ય અલૌકિક છે સ્વરૂપ જેનું એવા છે. અને અક્ષરના આત્મા છે. અને સર્વ જીવના અંતર્યામી છે. એવી રીતે જેને વેદમાં પ્રતિપાદન કર્યા છે એ જ ભગવાન તે અચ્યુત એવા નામવાળા છે. ને સાક્ષાત્ શ્રીહરિ છે નામ જેનું એવા છે. અને કાળ, માયા, પુરુષ ને મહત્તત્ત્વાદિક ચોવીસ તત્ત્વ ને વિરાટપુરુષ એ આદિક સર્વે શ્રીકૃષ્ણ ભગવાનની શક્તિઓ છે. ને તે સર્વે શક્તિઓના પતિ એવા પોતે જ છે.

અને સ્વરૂપ, સ્વભાવ, ગુણ ને ઐશ્વર્ય એમણે કરીને જે ભગવાનને કોઈની ઉપમા દેવાતી નથી, ને પોતે અપાર મહિમાએ યુક્ત છે. તે માટે જે ભગવાનને વેદ તેમણે એક અદ્વિતીય બ્રહ્મ તેવી રીતે નિરૂપણ કર્યા છે, ને પ્રભુ કહેતાં મહાસમર્થ એવા ભગવાન છે. અને એ જે શ્રીકૃષ્ણ ભગવાન પૃથ્વીમાં જીવના કલ્યાણને અર્થે અનંત અવતારનું ધારણ કરે છે. અને અનેક છે કલ્યાણકારી ગુણ જેના એવા, ને પુરુષોત્તમ કહેતાં ક્ષર-અક્ષર થકી ઉત્તમ છે. એવી રીતે પરબ્રહ્મ પરમાત્માને જાણવા.

✵ બ્રહ્માંડની ઉત્પત્તિનું વર્ણન :

અને હે મુકુંદવર્ણી ! એવા જે ભગવાન તે અપરિમિત એવાં જે બ્રહ્માંડ તેને સૃજવાને ઈચ્છતા થકા અક્ષરપુરુષરૂપે કરીને પોતાની શક્તિ જે મૂળપ્રકૃતિ તેને જુવે છે. અને તે પછી તો મૂળપ્રકૃતિ જોવારૂપ એવો જે ગર્ભ તેને ધારણ કરે છે. અને તે પછી તે મૂળપ્રકૃતિ કોટાનકોટી એવા જે પ્રધાન ને પુરુષનાં જોડલાં તેમને પ્રસવે છે. અને પછી તે પુરુષ એવા જે વાસુદેવભગવાન તેણે જોયા એવા જે પ્રધાન તે થકી બ્રહ્માંડોના કારણ એવાં જે તત્ત્વ તેમનો સર્ગ થાય છે. હે મુકુંદવર્ણી! એવી રીતે શ્રીહરિની ઈચ્છાએ કરીને કોટાનકોટી બ્રહ્માંડ ઊપજે છે. અને તે ઘણાંક બ્રહ્માંડોમાંથી એક બ્રહ્માંડની જે ઉત્પત્તિ તેને અનુક્રમે કરીને હું તમને કહું છું. અને હે મુકુંદવર્ણી ! એક બ્રહ્માંડની ઉત્પત્તિને પણ વિસ્તારે કરીને કોઈ કહેવાને અર્થે સમર્થ થાય નહીં. એ કારણપણા માટે તે એક બ્રહ્માંડની જે ઉત્પત્તિ તેને સંક્ષેપે કરીને હું કહું છું.

હે મુકુંદવર્ણી ! પ્રધાનનો અધિષ્ઠાતા જે પુરુષ તેણે જોયું ને ત્રણ ગુણરૂપ છે સ્વરૂપ જેનું એવું ને પ્રધાનરૂપ પ્રકૃતિ તે થકી જગતનું અંકુરરૂપ એવું જે મહત્તત્ત્વ તે ઊપજે છે. અને તે પછી પ્રધાન તેણે આવર્યું એવું જે મહત્તત્ત્વ તે થકી વાસુદેવ ભગવાનની ઈચ્છાએ કરીને ત્રણ પ્રકારનો અહંકાર ઊપજે છે. અને તે અહંકાર સાત્ત્વિક, રાજસ અને તામસ એ ત્રણ પ્રકારનો છે. અને જે પ્રધાન તેણે મહત્તત્ત્વ આવર્યું છે, તેવી રીતે મહત્તત્ત્વ તેણે તે અહંકાર આવર્યો છે.

અને તે પછી વાસુદેવ ભગવાનની ઈચ્છાએ કરીને તામસ અહંકાર થકી શબ્દ ઊપજે છે. અને તે શબ્દ થકી આકાશ ઊપજે છે. તે આકાશ કેવું છે, તો શબ્દ છે માત્રા કહેતાં વિષય જેનો એવો છે, અને અહંકાર તેણે આવર્યો ને શબ્દ છે માત્રા જેની એવો જે એ આકાશ તે થકી સ્પર્શ ઊપજે છે. અને સ્પર્શ છે માત્રા જેની એવો જે વાયુ તે સ્પર્શ

થકી ઊપજે છે. અને તે પછી આકાશ તેણે આવર્યો એવો જે વાયુ તે થકી રૂપ ઊપજે છે. અને તે રૂપ થકી તેજ ઊપજે છે. તે તેજ કેવું છે, તો રૂપ છે માત્રા જેની એવું છે ને વાયુ તેણે આવર્યું છે અને તેજ થકી રસ ઊપજે છે અને તે રસ થકી જળ ઊપજે છે. તે જળ કેવું છે, તો રસ છે માત્રા જેમની એવું છે. ને તે તેજ તેણે આવર્યું એવું છે અને તે જળ થકી ગંધ ઊપજે છે ને તે ગંધ થકી ગંધ છે માત્રા જેની એવી જે પૃથ્વી તે ઊપજે છે. અને જળ તેણે આશ્રિત એવી જે પૃથ્વી તે વિષેશ એવે નામે કહેવાય છે.

અને હે મુકુંદવર્ણી ! આ પ્રકરણમાં આકાશ, વાયુ, તેજ, જળ ને પૃથ્વી એ પાંચને મહાભૂત એવે નામે કહે છે. અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ પાંચને તન્માત્રા એવે નામે કહે છે. અને હે મુકુંદવર્ણી ! રાજસ અહંકાર થકી પંચજ્ઞાન ઇન્દ્રિયો ઊપજે છે, તથા પંચ કર્મેંદ્રિયો ઊપજે છે. તથા પ્રાણ ઊપજે છે તથા બુદ્ધિ ઊપજે છે. અને કાન, ત્વચા ને નેત્ર જિહ્વા ને નાસિકા એ પાંચને જ્ઞાનેંદ્રિયો કહે છે. અને વાણી, હાથ, પગ, પાયુ, ઉપસ્થ એ પાંચને કર્મેંદ્રિયો કહે છે.

અને હે મુકુંદવર્ણી ! બાહ્ય કરણ જે પાંચ જ્ઞાનઇન્દ્રિયો ને પાંચ કર્મેન્દ્રિયો ને મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર એ જે ચાર અંતઃકરણ એ ચૌદના જે ચૌદ દેવતા તે સાત્ત્વિક અહંકાર થકી ઊપજે છે. અને મન પણ સાત્ત્વિક અહંકાર થકી ઊપજે છે. અને તે ચૌદના ચૌદ દેવતા કિયા ? તો કાનના દિગ્પાળ, ત્વચાના વાયુ, નેત્રના સૂર્ય, જિહ્વાના વરુણ, નાસિકાના અશ્વનીકુમાર, વાણીના અગ્નિ, હાથના ઇન્દ્ર, પગના વિષ્ણુ, ઉપસ્થના પ્રજાપતિ, ગુદાના મિત્ર, મનના ચંદ્રમા, બુદ્ધિના બ્રહ્મા, ચિત્તના ક્ષેત્રજ્ઞ ને અહંકારના રુદ્ર એવે નામે ચૌદ દેવતા છે.

અને હે મુકુંદવર્ણી ! તત્ત્વ છે નામ જેમના એવા એ સર્વે મહત્તત્ત્વ આદિક દેવતાઓ તે વાસુદેવ ભગવાનની ઇચ્છાએ કરીને ભેળા થઈને

પોતાના અંશે કરીને વિરાટદેહને સ્રજે છે. અને તે વિરાટદેહમાં રહ્યો જે આત્મા તેને વૈરાજપુરુષ અને ઈશ્વર એવે નામે કહે છે. અને એ જે વૈરાજપુરુષ તે પોતાનાં અંગ થકી ઉત્પન્ન થયું જે જળ તેમાં સૂતા, તે માટે એને નારાયણ એવે નામે પણ કહે છે.

અને એ વૈરાજપુરુષની નાભિમાં થયું જે કમળ તે થકી રજોગુણે યુક્ત એવા જે બ્રહ્મા તે ઊપજે છે. અને પરમેશ્વર એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે બ્રહ્મારૂપે કરીને સર્વે જીવને ઉપજાવે છે. અને તે જીવ કિયા ? તો મરિચી આદિક પ્રજાપતિ ને સ્વાયંભૂમનુ આદિક મનુ તથા દેવતા, ઋષિ, પિત્રી, ગંધર્વ, ચારણ, સિદ્ધ, યક્ષ, વિદ્યાધર ને અસુર એ સર્વેને પૃથક પૃથક ઉપજાવે છે. અને કિંપુરુષ, અપ્સરાઓ કિન્નર, નાગ, માતૃગણ, પિશાચ, રાક્ષસ, ભૂત, પ્રેત ને વિનાયક એ સર્વેને ઉપજાવે છે. અને વૈતાળ, ઉન્માદગણ, કુષ્માંડ, વૃદ્ધગૃહ, બાલગૃહ, પશુ, મૃગ, પક્ષી, વૃક્ષ, પર્વત, સરિતા, સર્પ એ સર્વેને ઉપજાવે છે.

અને વળી બીજા પણ જે જે સ્થાવર-જંગમ દેહવાળા જીવ છે તથા પૃથ્વી, જળ ને આકાશમાં રહેલા જીવ છે એ સર્વેનાં જેવાં કર્મ ને જેવા ગુણ હતા તેને અનુસારે પ્રાપ્ત થયા છે દેહ તે જેમને, એવા સર્વે જીવને એ ભગવાન બ્રહ્મારૂપે કરીને ઉપજાવે છે. અને એ જે સર્વે જીવ તેમને મધ્યે કેટલાક તો શુદ્ધ સત્ત્વગુણે યુક્ત છે. અને કેટલાક તો રજોગુણ અથવા તમોગુણ તેણે મિશ્ર એવો જે સત્ત્વગુણ તેણે યુક્ત છે.

અને કેટલાક તો કેવળ રજોગુણે યુક્ત છે ને કેટલાક તો કેવળ તમોગુણે યુક્ત છે. અને કેટલાક તો સત્ત્વગુણ અથવા તમોગુણ તેમણે મિશ્ર એવો જે રજોગુણ તેણે યુક્ત છે. અને કેટલાક તો સત્ત્વગુણ અથવા રજોગુણ તેણે મિશ્ર એવો જે તમોગુણ તેણે યુક્ત છે. અને કેટલાક તો નિર્ગુણ છે કહેતાં એ ત્રણેય ગુણો રહિત થકા વર્તે છે. અને એ ત્રણેય ગુણે જુક્ત એવો તે જીવ પોતાના ગુણને મળતો જે સ્વભાવ તેને યોગ્ય

એવું જે પુણ્યકર્મ અથવા પુણ્ય-પાપે મિશ્રિત કર્મને કરે છે. અને નિર્ગુણ એવો જે જીવ તે તો શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિને જ કરે છે.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'પુરુષોત્તમગીતામાં આત્મા તથા પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન કહ્યું તથા અપરિમિત બ્રહ્માંડની ઉત્પત્તિ કહી' એ નામે ચોથો અધ્યાય ॥૪॥ સળંગ અધ્યાય ॥૪૪॥

અધ્યાય - ૪૫

શ્રીહરિનું કર્મફળપ્રદાતાપણું તથા સ્વતંત્રપણું

હે મુકુંદવર્ણી ! એવી રીતે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાન બ્રહ્મારૂપ થકા પ્રજાને સૃજે છે, વિષ્ણુરૂપ થકા તે પ્રજાની રક્ષાને કરે છે ને શિવરૂપ થકા તે પ્રજાના સંહારને કરે છે. અને શ્રીકૃષ્ણ ભગવાન એ સર્વે જીવમાં અક્ષરપુરુષરૂપે કરીને પ્રવેશ કરીને સમભાવને આશર્યા થકા જે જીવોનાં જેવી રીતનાં કર્મ છે તેને અનુસારે તેમને યથાયોગ્ય ફળને આપે છે, પણ અધિક-ન્યૂન કરતા નથી. અને એવા એ શ્રીહરિ પોતાનું ધામરૂપ જે અક્ષરબ્રહ્મ તેના પોતે એક જ નિયંતા છે. તથા મૂળ પ્રકૃતિ ને તેના અધિષ્ઠાતા પુરુષ તથા અનંત એવા જે પ્રધાન-પુરુષ તથા મહત્તત્ત્વાદિકનો જે સમૂહ એ સર્વેના પોતે એક જ નિયંતા છે.

અને મોટી છે બુદ્ધિ જેની એવા હે વર્ણી ! બ્રહ્માંડની અંદર ને બ્રહ્માંડની બહાર ગતિ કરનાર સ્થૂળ ને સૂક્ષ્મ રૂપવાળો જે કાળ તથા એ મહત્તત્ત્વાદિનું કાર્યરૂપ એવા જે વૈરાજપુરુષ એ સર્વેના પરબ્રહ્મ એક જ નિયંતા છે. અને તે વૈરાટપુરુષ થકી થયા જે બ્રહ્માદિક સર્વે પ્રજાપતિ તેમના પણ પોતે એક જ નિયંતા છે. અને જેમ સર્વ પૃથ્વીનો ચક્રવર્તી રાજા તે ખંડ ખંડ પ્રત્યેના નાના મોટા રાજાના પોતે એક જ નિયંતા છે, તેવી રીતે **શ્રીહરિ અક્ષરબ્રહ્મ આદિક જે સર્વે**

કહ્યા તેમના પોતે એક જ નિયંતા છે અને મહારાજાધિરાજ છે. અને એ સર્વેમાં જેને જેને જે જે બ્રહ્માંડના અધિકારમાં ભગવાને પ્રેર્યા છે તે સર્વે સાવધાન થકા ને તે ભગવાન થકી ભયને પામીને નિરંતર ભગવાનની આજ્ઞામાં રહ્યા છે.

અને હે મુકુંદવર્ણી ! એવી રીતે એ સર્વે પણ પરતંત્ર છે, પણ એમાં કોઈ સ્વતંત્ર નથી. ને **સ્વતંત્ર તો એક તમને મળી જે મૂર્તિ તે જ છે.** તે માટે સર્વેને સેવવા યોગ્ય ને સર્વેના સ્વામી તો તે પરબ્રહ્મ ભગવાન જ છે. ને બીજા અક્ષરાદિક સર્વે તો એ ભગવાનના દાસ છે. એવી રીતે પરમાત્મા એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેમના સ્વરૂપનું જે જ્ઞાન તે મેં તમને કહ્યું. અને સદ્‌ગુરુ થકી જે આ જ્ઞાનને પામે એને પછી જાણવાનું કાંઈ બાકી નથી રહેતું. એવી રીતે આત્માના સ્વામી એવા જે પરમાત્મા ભગવાન તેના સાધુના પ્રસંગ થકી જે પુરુષ સારી રીતે જાણીને પછી સંસારના બંધનને હરનારા જે શ્રીવાસુદેવ ભગવાન તેની ભક્તિને કરે છે તે પુરુષને મુક્ત કહ્યા છે. કહેતાં સંસારનાં બંધન થકી મુકાઈને ભગવાનના ધામને પામે છે.

✹ લોભમાં રહેલા દોષોનું વર્ણન :

અને હે મુકુંદ બ્રહ્મચારી આદિ ભક્તજનો ! તમો સર્વે સર્વ અમંગળને નાશ કરે અને મુક્તિના માર્ગમાં જે વિઘ્ન તેને હરે એવી મારી વાર્તા તે સ્વસ્થ થઈને સાંભળો. આ લોકમાં સર્વે મનુષ્યને લોભ તે મોટામાં મોટો શત્રુ છે. અને જેમ રાવણ તે દેવ, દૈત્ય ને મનુષ્યને દુઃખે કરીને પણ જીતવાને અશક્ય હતો, તેમ લોભરૂપ શત્રુ દુઃખે કરીને પણ જીતવાને અશક્ય છે. અને લોભરૂપી દોષ હિંસા આદિક દોષનો મૂળ છે. અને નાના પ્રકારના ક્લેશનો સ્થાનભૂત છે. અને જેમ વૃદ્ધ અવસ્થા ઉત્તમ રૂપને નાશ કરે છે, તેમ લોભ જ્ઞાનને નાશ કરે છે. અને લોભે કરીને પોતાના ઈષ્ટદેવનું દ્રવ્ય જે રતન, મણિ આદિ તે હરી લે છે.

તે હેતુ માટે સમગ્ર પાપ તથા અનેક પ્રકારના અનર્થ લોભને આશરીને વર્તે છે. કેની પેઠે તો જેમ સરોવરને આશરીને પક્ષીના સમૂહ જેમ રહે છે તેમ. અને લોભરૂપી દાવાનળની જ્વાળાએ કરીને બળ્યા અને ધનની પ્રાપ્તિને અર્થે પાપકર્મને કરતા એવા જે મનુષ્ય તેમને આલોકમાં ક્યારેય પણ શાંતિ નથી થાતી. અને જેમ કાળ પ્રાણીના પ્રાણને હરી લે છે, તેમ લગાર પણ લોભ નાના પ્રકારના ગુણવાળા પુરુષના સદ્‌ગુણને અને કીર્તિવાળા પુરુષની કીર્તિને હણે છે, કહેતાં નાશ કરે છે. અને લોભ ઝેરનું વૃક્ષ છે. તે મોહરૂપી મૂળ તેણે વ્યાપ્ત છે. અને અસત્ય બોલવારૂપી જે મોટા ડાળાં તેણે યુક્ત છે. અને કપટરૂપી નાની ડાળીઓ તેમના ઘણા વિસ્તારવાળો લોભ છે.

અને ચોરી કરવી તથા કુટિલપણું ને શઠપણું તે રૂપી છે પુષ્પવાળો અને પાપરૂપી પલ્લવ જે નવા અંકુર તેણે યુક્ત અને નાના પ્રકારની દુષ્ટ બુદ્ધિરૂપી પાંદડાએ યુક્ત અને દ્રવ્ય પામવાની ઈચ્છારૂપી જળ તેણે વૃદ્ધિને પમાડેલ અને દુષ્ટ વાસનારૂપી ગંધવાળો અને અજ્ઞાનરૂપી ફળના સમૂહે યુક્ત અને અધર્મરૂપી તુચ્છ રસ તેણે સહિત અને નાસ્તિકપણું તે રૂપી ઋતુમાં અધિક અજ્ઞાનરૂપી ફળવાળો અને કઠોર એવા પાખંડી પુરુષ અને ચોર તથા ઠગારા તથા પાપી પુરુષ તે લોભરૂપી વૃક્ષની કપટરૂપી ડાળખીઓ ઉપર બેઠેલાં પક્ષી છે.

આ પ્રકારના લોભરૂપી વૃક્ષની છાયાને આશરીને જે મનુષ્ય વર્તે છે તે મનુષ્ય રાત્રીદિવસ પાકાં એવાં અજ્ઞાનરૂપી તે વૃક્ષનાં ફળને ખાય છે. અને અજ્ઞાનરૂપી ફળને ખાનારો જન તે તે ફળના રસરૂપી અધર્મે કરીને પોષણને પામ્યો સતો યમપુરીમાં બહુ દુઃખને તથા વારંવાર જન્મમરણને પામે છે. હું ઘણુંક ધન તેને કયા પ્રકારે પામું અને સ્ત્રીઓ તથા સારી હવેલીઓ, પુત્ર, વસ્ત્ર, આભૂષણ અને નાના પ્રકારનાં વાહન તેને કયા પ્રકારે પામું, આવી રીતે લોભે કરીને પરાભવ પામ્યું છે મન તે જેનું એવો મૂઢ બુદ્ધિવાળો જે જન, તે દિવસ-રાત્રી ચિત્તમાં

ચિંતવન કરે છે, પણ ક્ષણમાત્ર સુખને નથી પામતો.

અને મનુષ્ય પોતાને ઈચ્છિત એવું ધન તેને જેમ જેમ અત્યંત પામે છે, તેમ તેમ લોભ વૃદ્ધિને પામે છે. કેની પેઠે તો જેમ ઘીની આહુતિએ કરીને અગ્નિ વૃદ્ધિ પામે છે, તેમ અત્યંત લોભી એ જે હેતુ માટે ધનની પ્રાપ્તિને અર્થે પાપના કરનારા અને ધનને પામવાના ઘણાક મનોરથે કરીને પીડાને પામતા એવા મનુષ્યને રાત્રિએ નિદ્રાનું સુખ નથી પ્રાપ્ત થતું. અને ધનવાળા મનુષ્યને નિત્યે ચોર થકી, રાજા થકી, માગણ જન થકી, સબંધી જન થકી અને આશ્રિત જન થકી પણ ભય થાય છે. અને પારધી મૃગલાને જેમ અને ઢીમર માછલાને જેમ હણે છે, તેમ ધનના ખપવાળા જન ધનાઢ્ય પુરુષને નિશ્ચય હણવાને ઈચ્છે છે.

અને અર્થ જે દ્રવ્યાદિક પદાર્થ તે અનર્થનો ભરેલો છે, તે હેતુ માટે બુદ્ધિવાળા પુરુષે અર્થને પ્રાણનો ક્ષય કરનારો માન્યો છે અને પ્રેતના જન્મ આદિક દુર્ગતિનું કારણ અને મોહનો હેતુ કહ્યો છે. અને સંપત તૂટી તૂટે નહિ અને દુઃખને દેનારી એવી સંસારમાં બાંધી રાખનારી જાળ છે. તે જાળમાં પડ્યો એવો પ્રાણી મોક્ષને કેમ પામે ? ન જ પામે. ઈત્યાદિક લોભમાં દોષ રહ્યા છે. માટે હે મુકુંદ બ્રહ્મચારી ! નિર્લોભી પુરુષના સમાગમથી લોભનું આ પ્રકારે દુષ્ટપણું મનમાં જાણીને ત્યાગ કરે છે, તે જન જ શાંતિને પામે છે અને મુક્ત તથા બદ્ધ જે સર્વે ક્ષેત્રજ્ઞ તેમનો સ્વામી જે હું, તે મારે વિષે પ્રીતિને પામે છે.

❋ કામમાં રહેલા દોષોનું વર્ણન :

હે મુકુંદ બ્રહ્મચારી ! પ્રાણીને સંભારવામાત્રે કરીને ઉદય થનારો કામ નામે શત્રુ પાતાળ જેમ જળે કરીને ભરાય નહિ તેમ વિષયભોગે કરીને પૂર્ણ થાય તેમ નથી. અને દુઃખે કરીને પણ જીતવાને શક્ય નથી. તથા અનેક પ્રકારના દુઃખનો સ્થાનભૂત છે. અને જેમ પારધી બાણે કરીને ઉતાવળો મૃગલાને વીંધે છે, તેમ અતિ ક્રૂર એવો જે કામ તે છિદ્રને

ખોળતો સતો વિષયરૂપી બાણે કરીને નિત્ય મનુષ્યને વીંધે છે. અને પોતાના દાસરૂપ કર્યા છે મહાબળિયા દેવ, દૈત્ય ને મનુષ્ય જેણે અને પ્રાણીને મોહ પમાડવાને અર્થે દુષ્ટ છે બુદ્ધિ જેની એવી સ્વૈરિણી સ્ત્રીને પ્રેરતો અને જ્ઞાનનિષ્ઠ એવા જન ઉપર અતિ અમર્ષે યુક્ત અને જ્ઞાની પુરુષમાં પેસવાનું છિદ્ર તેને ખોળતો એવો દુષ્ટ મતવાળો કામ તે જ્ઞાની જનને ભગવાનના ધ્યાનરૂપ યોગ થકી પાડવાને નિશ્ચય જ ઇચ્છે છે.

અને સર્પ જેમ હળાહળ ઝેરમય એવી પોતાની લાળ નાખીને દૂધને દૂષણ પમાડે છે, તેમ કામ તે સ્ત્રીમાં આસક્તિરૂપ દુષ્ટ ઝેર નાખીને નિર્મળ ચિત્તને અતિ દૂષણ પમાડે છે. અને જેમ હડકાયા કૂતરાની લાળ જેને અડે તે જન જીવે નહિ, તેમ કામી પુરુષ અને કામી પુરુષનો સહવાસ કરનારો અતિ ક્લેશને પામતો સતો નિશ્ચય મૃત્યુને પામે છે. અને જેમ વનનો અગ્નિ વનમાં રહેલા પ્રાણીના સમૂહને બાળે છે, તેમ જ કામ અતિ નિર્દય એવો સતો પ્રાણધારીના મનને અતિ પાપ પમાડતો સતો તે પ્રાણધારીને બાળે છે. **અને મેઘનો સમૂહ આકાશને જેમ આવરે છે અને ઘાટો ધુમાડો અગ્નિને જેમ આવરે છે, તેમ કામરૂપી શત્રુ દેહધારીનું સમગ્ર જ્ઞાન આવરી નાખે છે.**

અને બ્રહ્મા ને ઇન્દ્રાદિક તેમને જીતવે કરીને ઘણો ગર્વ પામેલો અને દુષ્ટ અભિપ્રાયવાળો કામ તે આહૂતિએ કરીને અગ્નિ જેમ વૃદ્ધિ પામે તેમ સંકલ્પે કરીને વૃદ્ધિ પામે છે. અને જે જન દુર્જન પુરુષના પ્રસંગે કરીને કામનું વશપણું તેને પામ્યો હોય, તે જન નિરંતર નાના પ્રકારના દુસહ દુઃખ પામે છે. અને કૂતરો તે પગે ખોડો અને નેત્રે કાંણો અને ઘા વાગેલો અને વૃદ્ધ અને બહુ કૃમિયાએ ડસ્યું છે અંગ જેનું, એ પાંચે કરીને વ્યાપ્ત છે શરીર જેનું, અને ભૂખે કરીને બહુ જ દૂબળો અને તેથી જ ઊઠવાને સમર્થ નહિ એવો સતો પણ કૂતરીને જોયાથી કામે કરીને વ્યાપ્ત થયો થકો કૂતરીની પછવાડે જાય છે. અહો ! એવા કષ્ટરૂપ કામનું બહુ દુરાત્માપણું છે, ઇત્યાદિક કામમાં ઘણાક દોષ

રહ્યા છે. **તે માટે આલોકમાં જન આત્મનિષ્ઠા, વૈરાગ્ય એ આદિક ભગવાનની પ્રસન્નતાના સાધને કરીને કામરૂપી શત્રુને હણે છે, તે જ જન ગ્રીષ્મ ઋતુમાં ટાઢો જળનો ધરો તેમાં પેઠો જે પ્રાણી તેની પેઠે સુખ-શાંતિને પામે છે.**

❋ રસાસ્વાદમાં રહેલા દોષોની પ્રબળતા :

અને એ કામરૂપી દોષની પેઠે જ રસાસ્વાદરૂપી દોષને ડાહ્યા પુરુષોએ સમગ્ર દુઃખનું કારણ માન્યો છે. એ હેતુ માટે તે રસાસ્વાદમાં પ્રવૃત્તિ તે કેવળ દુઃખને અર્થે જ છે. હવે તે રસાસ્વાદની પ્રવૃત્તિમાં જે દોષ રહ્યા છે તેને કહું છું. નાના પ્રકારના રસાસ્વાદથી મનુષ્યને સર્વ પ્રકારે કામ વૃદ્ધિ પામે છે. કેમ જે ક્ષુધાએ કરીને અતિ દૂબળા પ્રાણીમાં કામનું ન દેખાવાપણું તે થકી આ પ્રકારે અનુમાન કરીએ છીએ.

તે હેતુ માટે મનુષ્ય પોતાને જેમ ઘટિત હોય તે સંકોચપૂર્વક રસાસ્વાદને સેવે. કેમ જે 'રસમાં આસક્તિએ કરીને મૃત્યુ થાય' એમ ડાયા પુરુષ કહે છે. અને જેમ ગંધફળિકા નામે ઔષધિને સૂંઘીને મદોન્મત્ત એવા ભમરા નાશ પામે છે, તેમ રસમાં આસક્ત એવા મનુષ્યો પણ નાશ પામે છે. અને મચ્છ તે પણ રસના લોભે કરીને બડીસ જે કાંટો તેના ઉપર રહેલા માંસને ખાવાને ઈચ્છતો સતો મરણને પામે છે, તેમ રસાસ્વાદમાં આસક્ત મનુષ્યો મરણને પામે છે. અને રસના લોભે કરીને બહુ મિષ્ટાન જમવાને અર્થે મનુષ્ય માજમનું ભક્ષણ કરે છે, તથા રસમાં આસક્તિને કારણે માંસના ભક્ષણમાં પ્રવૃત્તિ થાય છે, ઈત્યાદિક રસમાં ઘણાક દોષ રહ્યા છે. તે હેતુ માટે રસાસ્વાદમાં આસક્તિ તે નાના પ્રકારના દુઃખની સ્થાનભૂત જાણવી.

❋ સ્નેહમાં તથા માનમાં રહેલા દુઃખનું વર્ણન :

અને સ્નેહ પણ મનને દુઃખનું મૂળરૂપ છે, એ પ્રકારે વિચારે કરીને જાણીએ છીએ. કેમ જે, પ્રાણી સ્નેહ થકી સ્ત્રી-પુત્રાદિકમાં આસક્ત

થાય છે. અને તે થકી નાના પ્રકારના દુઃખના સંબંધને પામે છે. અને સર્વે દુઃખનું મૂળ સ્નેહ છે કહેતાં દુઃખમાત્ર સ્નેહ થકી પ્રવર્તે છે. અને ભય જે ત્રાસ તે પણ સ્નેહ થકી થાય છે. અને સોટ્-મારામારી, રસ-હઠ, પ્રયાસ-ક્લેશ ઈત્યાદિક સર્વે સ્નેહ થકી પ્રવર્તે છે.

હે મુકુંદ બ્રહ્મચારી ! તેમજ મનુષ્યને માન નામે દોષ પણ મહા અનર્થનો કરનારો છે. માન થકી ક્રોધ પ્રગટ થઈને વ્રત, દાન, તપ ઈત્યાદિ સદ્ગુણને નાશ કરે છે. અને માની એવા પુરુષ આ બોલવાને ઘટિત છે ને આ ઘટિત નથી, એમ નથી જાણતા. અને માન થકી પોતાનું કલ્યાણ કરનારા જે સાધુ પુરુષ તેમની પણ અવજ્ઞા કરે છે. **અને માન થકી મોટા પુરુષે બાંધી જે ધર્મમર્યાદા તેનો ભંગ થાય છે અને અવિવેક પણ થાય છે. અને હણવા યોગ્ય નહિ જે સ્ત્રી આદિક તેનો ઘાત તથા આત્મઘાત તથા ગુરુ આદિકનો ઘાત થાય છે તથા ન કરવા યોગ્ય એવી ક્રિયા કરાય છે. તથા ન બોલવાનાં કઠોર વચન બોલાય છે.**

અને નિર્દયપણું તથા કઠોરપણું તથા દંભ તથા મત્સર તે પણ થાય છે. તથા મનુષ્યને માન થકી અન્યાયમાં ન્યાયની બુદ્ધિ થાય છે, ઈત્યાદિક ઘણાક માનમાં દોષ રહ્યા છે. તે હેતુ માટે રસાસ્વાદ, સ્નેહ ને માન એ ત્રણેય દોષ અધર્મ સર્ગના દોષોમાં મોટા છે અને દુઃખે કરીને જીતવાને અશક્ય એવા છે. તે હેતુ માટે એકાંતિક મુક્તિને ઈચ્છતા એવા મારા આશ્રિત તમોએ નાના પ્રકારના દોષ અને દુઃખ તેના કારણ એવા લોભાદિક પાંચ શત્રુને વિશેષપણે કરીને જીતવા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'પુરુષોત્તમગીતામાં શ્રીકૃષ્ણ ભગવાન અક્ષરરૂપે પ્રવેશ કરીને સર્વે જીવોને યથાયોગ્ય કર્મફળ આપે છે તથા પોતાનું સ્વતંત્રપણું કહ્યું તથા લોભાદિ પાંચ દોષો કહ્યા' એ નામે પાંચમો અધ્યાય ॥૫॥ સળંગ અધ્યાય ॥૪૫॥

અધ્યાય - ૪૬

શ્રીહરિએ જ્ઞાનનો મહિમા કહ્યો

હે મુકુંદ બ્રહ્મચારી ! હવે જ્ઞાનનો મહિમા કહું છું. તે મારા આશ્રિત તમે તમારા સુખને કરે અને શાંતિનું કારણ એવું મારું વાક્ય તેને એકાગ્ર મનથી સાંભળો. શાસ્ત્રમાં કહ્યાં એવાં લક્ષણે યુક્ત અને જન્મ-મરણરૂપ મહાદુઃખનો નાશ કરનારા એવા સદ્‌ગુરુ થકી પામ્યું અને શાસ્ત્રમાં કહ્યું એવું જ્ઞાન તે મનુષ્યને અતિશય કરીને સુખી કરે છે. અને જેમ એકલો માર્ગમાં ચાલતો ને નેત્ર વિનાનો મનુષ્ય તેને કાંટા આદિક થકી વારંવાર મોટું દુઃખ થાય છે, તેમ જ્ઞાનરૂપ નેત્રથી રહિત અને વિષયને ઈચ્છતો એવો પ્રાણી તેને દુઃસહ કહેતાં ન સહન થાય એવું નાના પ્રકારનું દુઃખ વારંવાર થાય છે.

તે હેતુ માટે ક્લેશના સમૂહને સમાવનારુ અને સજ્જન પુરુષ તેમણે માન્યું એવું મંગલકારી જ્ઞાન-સુખ તેને ઈચ્છતા જનોએ પ્રયાસે કરીને સિદ્ધ કરવું. કેમ જે, દેહમાં અહંકારરૂપી મોટા સર્પે ડસ્યાં એવા મનુષ્ય તેમને અજ્ઞાનરૂપી ઝેરને સમાવનારું જ્ઞાનરૂપી અમૃત ઔષધ છે. અને જેમ વાયુ ઘાટાં વાદળાંને નાશ કરે છે, તેમ મોહ થકી થયું અને દુઃખે કરીને પણ સહન થાય નહિ એવું નાના પ્રકારનું જે દુઃખ તેને જ્ઞાન તત્કાળ નાશ કરે છે. **અને જેમ વાયુ તેણે પ્રેર્યો અને જ્વાળાના પતંગથી (તીખારાથી) ચારેકોરે વ્યાપ્ત એવો અગ્નિ સમગ્ર વનને બાળે છે, તેમ જ્ઞાન સમગ્ર પાપને બાળે છે.**

અને જેમ અંબુદ જે મેઘ તે વનના અગ્નિએ કરીને તપેલા જંતુઓને શાંતિ પમાડે છે, તેમ ત્રણ પ્રકારના તાપે કરીને તપેલા પ્રાણીને જ્ઞાન અતિશે શાંતિને પમાડે છે. અને જેમ સૂર્યના ઉદય વિના રાત્રી નાશ નથી પામતી, તેમ જ સમગ્ર એવી મુઢતા જે અજ્ઞાનપણું તે શુભ એવું જ્ઞાનના ઉદય થયા વિના નાશ નથી જ પામતું. અને સૂર્ય, દીવો ને

મશાલ તે બહાર રહેલા અંધારાનો નાશ કરે છે. અને જ્ઞાન તો ભેદાય નહિ એવું હૃદયરૂપી ગુહામાં રહેલા અજ્ઞાનરૂપી અંધારાનો નાશ કરે છે. અને જેમ કમળના પત્રને જળ સ્પર્શ નથી કરતું, તેમ જ્ઞાને કરીને શોભતા પુરુષના મનને ક્લેશ ક્યારેય સ્પર્શ નથી કરતો. અને નાના પ્રકારની વિપત્તિના સ્થાનભૂત એવો આ શરીરી જે પ્રાણી તેમને સંસાર અજ્ઞાન છે મૂળ જેનું એવો છે. એ પ્રકારે ડાહ્યા પુરુષ નિશ્ચય કહે છે.

અને કાચબો પોતાના અંગને સંકોચે છે તેમ વિવેકીજન તે વિષય થકી જ્ઞાને કરીને ઇન્દ્રિયોને પાછા ખેંચી લે છે, તે જન આલોકમાં સુખને પામે છે, પણ બીજા જન સુખને નથી પામતા. અને જેમ કુંતાજીના પુત્રો લાક્ષાગૃહ થકી ગુપ્ત દ્વારે કરીને બહાર નીકળ્યા, તેમ જ્ઞાની પુરુષ દુઃખના સમૂહ થકી જ્ઞાનરૂપી દ્વારે કરીને મુકાય છે. અને પ્રાણીઓને સત્ય-અસત્યનો વિવેક જ્ઞાન વિના નથી થાતો. તે હેતુ માટે જ્ઞાનના સમાન અંતઃકરણને પ્રકાશ કરનારું બીજું કોઈ નથી.

અને જેમ પ્રાણી વહાણે કરીને મોટા સમુદ્રને તરે છે, તેમ જ્ઞાનીજનો જ્ઞાને કરીને મહા દુઃખના સમુદ્રને નિશ્ચય તરે છે. અને જ્ઞાન વિનાના બીજાં પ્રાણીઓ તો આલોકમાં અજ્ઞાનરૂપી અંધકારના સમૂહથી આવર્યાં છે નેત્ર જેમનાં એવા થકા વારંવાર શોક કરે છે, ક્યારેક રાજી થાય છે, ને ક્લેશ પામે છે ને ભય પામે છે. જેમ બાળક મૂર્ખપણે પોતાનાં માતા આદિકે આપી જે સાકર તેને ત્યાગ કરીને ભસ્મ ને ધૂડને ગ્રહણ કરવાને ઇચ્છે છે, ને માતા આદિક નિવારે તો રુવે પણ ખરા, તેમ જ અજ્ઞાની જન આત્માના સુખનો ત્યાગ કરીને જ્ઞાની પુરુષે નિવારણ કર્યા થકા પણ વિષયને ગ્રહણ કરવાને ઇચ્છે છે. તે હેતુ માટે તે વિષય થકી મોટા દુઃખને પામે છે.

અને જેમ અજ્ઞાની જન જળ થકી ઉત્પન્ન થયેલ શેવાળ આદિક તેણે કરીને ઢંકાયું જે જળ તેને નથી દેખતા, તેમ મૂર્ખજનો મોહે કરીને

અવરાયેલું આત્માનું રૂડું સુખ તેને નથી જોતા. અને જેમ મૂઢ જન ઝાંઝવાના જળને પીવા સારુ દોડતા થકા દુઃખને પામે છે, તેમ અજ્ઞાની જન વિષયની પ્રાપ્તિને અર્થે ભમતા સતા મોટા દુઃખને પામે છે. અને જેમ મૂઢ પશુઓ તૃણ વડે ઢંકાયેલા કૂપમાં તૃણને લોભે પડીને મૃત્યુ પામે છે, તેમ જ અજ્ઞાની જન સંસારના સુખરૂપી તૃણને લોભે સંસારરૂપી કૂપમાં પડીને મહા મોટા જન્મમરણના દુઃખમાં પડે છે. અને જ્ઞાની એવા મહા ભાગ્યશાળી જન વિષયની પ્રાપ્તિને અર્થે જળે કરીને પૂર્ણ એવા ગંગા નદીના ધરાની જેમ ક્ષોભ નથી પામતા. અને **અજ્ઞાનના તુલ્ય બીજું દુઃખ નથી અને જ્ઞાનના તુલ્ય એવું બીજું સુખ નથી.** તે માટે સુખાર્થી પુરુષોએ પ્રયાસે કરીને જ્ઞાન સિદ્ધ કરવું.

❋ દેહ આત્માની વિલક્ષણતાનું નિરૂપણ :

હવે મુકુંદ બ્રહ્મચારી પૂછે છે જે, "હે સ્વામી ! મોહને સમાવનારું અને નાના પ્રકારના ક્લેશને નાશ કરનારું અને તમે જેનો મહિમા કહ્યો, તે જ્ઞાનને મારા પ્રત્યે કહેવા અને આશ્રિત જનની પીડાને હરનારા અને સર્વજ્ઞ એવા તમો યોગ્ય છો." હવે શ્રીહરિકૃષ્ણ ભગવાન કહે છે, "હે મહાબુદ્ધે ! "સત્શાસ્ત્રમાં સાંખ્યના વક્તા તેમણે જે સાંખ્યજ્ઞાન નિરૂપણ કર્યું છે તે જ્ઞાનને હું તમોને કહું છું. તેને સ્વસ્થ ચિત્તે કરીને તમો સાંભળો. હે મુને ! આ દેહ માયામય છે. તે માટે નાના પ્રકારના વિકારે યુક્ત છે. હવે તે માયામયપણું કહી બતાવું છું જે, વાત, પિત, કફ, શ્લેષ્મ(સેડા-ગડફા), રુધિર પાંચ એ આદિકે કરીને પૂર્ણ ભરેલો છે.

અને અસ્થિ, સ્નાયુ, નખ, સ્મશ્રુ, રોમ, કેશ એ આદિકે કરીને યુક્ત છે, અને બાહેર ત્વચાએ કરીને મઢેલ છે. અને અપવિત્ર છે અને નવ દ્વાર જે ઇન્દ્રિયોનાં છિદ્ર તે દ્વારા નિત્ય મળ નીકળે છે. અને નાના પ્રકારના રોગનો એક સ્થાનભૂત છે. અને ક્લેશના સમૂહ તથા અંગના

દોષ જે હસ્ત, પાદ, નેત્ર એ આદિકનું વિકળપણું તેણે યુક્ત અને જડ તથા અનિત્ય અને દુર્ગંધે યુક્ત અને જન્મ-મૃત્યુ અને વૃદ્ધ અવસ્થા તે સબંધી દુઃખે યુક્ત દેહ છે. અને સમગ્ર અપવિત્ર પદાર્થના સ્થાનરૂપ અને કૃતઘ્ની અને ક્ષણભંગુર છે. આવા પ્રકારનો દેહ છે.

તે થકી આત્મા જુદો છે. કેની પેઠે ? તો કાષ્ઠ થકી જેમ અગ્નિ જુદો છે તેમ. અને આત્મા નિત્ય છે, ચૈતન્યમય છે અને અછેદ્ય કહેતાં શસ્ત્રાદિકે કરીને છેદાય એવો નથી. અને મેધ્ય કહેતાં અતિ પવિત્ર છે, અજન્મા છે અને વિકારે રહિત છે. અને અભય કહેતાં અવિનાશી છે અને જ્ઞાતા કહેતાં જાણપણે યુક્ત છે. અને અણુ સરખો સૂક્ષ્મ છે, સુખરૂપ તથા પ્રકાશમાન છે. આ પ્રકારનો જે આત્મા તેનું દેહ થકી જુદાપણે કરીને જે જાણવું તેને તો સાંખ્યશાસ્ત્રમાં કુશળ એવો પુરુષ સાંખ્યજ્ઞાન એ પ્રકારે કહે છે. અને પ્રાણીઓનો આ દેહ ક્ષણભંગુર અને નાના પ્રકારનાં દુઃખ ને રોગ એ આદિકે યુક્ત છે.

અને પૃથ્વી, જળ, તેજ, વાયુ ને આકાશ એ પંચભૂતથી બનેલો છે. અને દેહી જે જીવ તેનો આ દેહ દ્રવ્ય, જ્ઞાન, ક્રિયા તે રૂપ છે, કહેતાં પંચ તન્માત્રા, પંચભૂત, ચાર અંતઃકર્ણ, દશ ઇન્દ્રિયો અને તેમના દેવતા એ રૂપ ચોવીસ તત્ત્વનો છે. અને નાશવંત છે અને ઘણા ક્લેશ તથા નાના પ્રકારના તાપ અને ભય તેને દેનારો છે. અને આત્મા છે તે સત્ય, ચૈતન્ય ને સુખરૂપ છે. તે દેહ થકી જુદો છે. એ માટે આત્મા અને દેહ એ બેના સ્વરૂપને જાણતા એવા ધીરજવાળા જન તો નાશવંત દેહ અને અવિનાશી આત્મા તેનો સર્વ પ્રકારે હર્ષશોક નથી કરતા. અને ચૈતન્ય સ્વરૂપ જે આત્મા તેને સ્ત્રી, પુત્ર તથા પુત્રીઓ અને માતા, પિતા, ભાઈ એ આદિક સબંધીજન કોઈ પણ નથી. અને આત્માને સ્ત્રિયાદિકનો તથા દેહનો તથા સર્વ પદાર્થનો સબંધ નિશ્ચય નિત્ય નથી વર્તતો.

હે મુકુંદ બ્રહ્મચારી ! આત્માને પ્રાકૃત એવા સ્ત્રી-પુત્રાદિકનો યોગ તો પર્વત અને વૃક્ષની છાયાથી યુક્ત સ્થાનમાં માર્ગના ચાલનારા જનોની પેઠે અનિત્ય છે. આ પ્રકારે દેહાદિકનું અનિત્યપણું છે અને આત્માનું નિત્યપણું છે એમ સમજીને જ્ઞાની પુરુષ પોતાના સબંધી પુત્રાદિકનો યોગ તથા વિયોગ થયે હર્ષશોક નથી કરતા. કેમ જે આનંદમય સુખરૂપ અને શુભ એવો આત્મા તેને પોતાનું રૂપ માનીને તુચ્છ ને નાશવંત એવા દેહમાં હું પ્રકારની બુદ્ધિનો ત્યાગ કરીને સર્વે પ્રકારે પોતાના આત્માને ચૈતન્યરૂપ માનીને સુખિયા રહે છે. અને દેહાદિકને એમ સમજે છે જે પૃથ્વીમાં વારંવાર મૃતિકાના ઘડા જેમ ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે, તેમ કારણશરીરે યુક્ત જે આત્મા તેમાં સ્થૂળ દેહ ઉત્પન્ન થાય છે અને લય પામે છે.

અને જેમ જળના પ્રવાહના વેગે કરીને નદીની વેળુ તે ભેગી થાય છે અને નોખી પડે છે, તેમ કાળે કરીને સર્વ પ્રાણી જે પિતા પુત્રાદિક તે ભેળા થાય છે અને નોખા પડે છે. અને જેમ બીજ થકી બીજ ઉત્પન્ન થાય છે અને ક્યારેક નથી ઉત્પન્ન થાતા અથવા થઈને નાશ પામે છે, તેમ વિષ્ણુની માયાએ કરીને પિતાદિક થકી પુત્રાદિક ઉત્પન્ન થાય છે અને ક્યારેક નથી થાતા અથવા થઈને મરણ પામે છે. એ હેતુ માટે બીજને જેમ પિતા-પુત્રાદિ સબંધ નિત્ય નથી, તેમ મનુષ્ય દેહનો પણ સંબંધ નિત્ય નથી એમ જાણીને ક્યારેય શોક ન કરવો. અને જેમ વાયુ વાદળાંને ભેગાં કરે છે ને નોખાં કરે છે, તે જ પ્રકારે કાળ પ્રાણી તેમને પિતા-પુત્રાદિકના સબંધે કરીને ભેગાં કરે છે અને કર્મનો સબંધ થઈ રહે છે, એટલે નોખાં પણ કરે છે.

અને જે અનિત્ય એવા દેહાદિક ભાવ છે તે ક્યારેય સત્ય નથી. અને આત્માદિક નિત્ય એવા ભાવ છે, તે તો ક્યારેય અસત્ય નથી. અને ચંચળ એવા શબ્દાદિક વિષય તથા રાજાદિકની વિભૂતિઓ અને તે વિના બીજા પ્રકૃતિમાંથી થયા એવા પદાર્થ તે સમગ્ર શોક, મોહ,

ભય અને પીડા તેને દેનારા છે. અને જીવ ક્યારેક પુરુષ થાય છે, ને ક્યારેક સ્ત્રી થાય છે. અને ક્યારેક બેય નથી થાતો. અને ક્યારેક દેવ ક્યારેક મનુષ્ય ક્યારેક પશુ-પક્ષી થાય છે. એવી રીતે કર્મને અનુસારે જનમ થાય છે. માટે જ્ઞાની પુરુષોએ પુત્રાદિક સબંધીજન અસત્ય છે એ પ્રકારની બુદ્ધિએ કરીને રૂડી રીતે નિશ્ચય કરીને પુત્રાદિકનો શોક કરવો તે યોગ્ય નથી. તે જ્ઞાન કેવું છે ? તો પ્રશાંત કહેતાં નિરંતર ઉપશમ અવસ્થાને પમાડનાર અને નિર્મળ અભિપ્રાયવાળાઓના સર્વ તત્ત્વના સ્વરૂપને પ્રકાશ કરનારું છે.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'પુરુષોત્તમગીતામાં જ્ઞાનનો મહિમા કહ્યો તથા દેહથી આત્મા જુદો કહ્યો' એ નામે છઠ્ઠો અધ્યાય ॥૬॥ સળંગ અધ્યાય ॥૪૬॥

અધ્યાય - ૪૭

પુરુષોત્તમગીતામાં કહેલ વૈરાગ્યનું નિરૂપણ

હે મુકુંદ બ્રહ્મચારી ! હવે વૈરાગ્યનું લક્ષણ કહું છું. મોક્ષના માર્ગમાં જે સમગ્ર વિઘ્ન તેને નાશ કરવામાં સમર્થ એવું જે મારું વાક્ય તેને તમો સર્વ એકાગ્રચિત્તે કરીને સાંભળો. નાના પ્રકારના પદાર્થને પામવાની તૃષ્ણા તે રૂપ દુર્ભેદ્ય પાસલાને છેદવામાં તીક્ષ્ણ જેમની ધારા છે એવો ખડગરૂપ મંગળકારી જે વૈરાગ્ય તે મોહરૂપી જાળને કાપનારો છે. અને ભગવાનના ભક્તને સર્વોત્તમ એવું ભાગ્ય તે રૂપ સુખને દેનારો વૈરાગ્ય છે. અને વૈરાગ્ય વિના મનુષ્યનું વિષયભોગ સારુ અતિ દીનપણું તે નિવૃત્તિ નથી પામતું. અને વૈરાગ્ય વિના મનુષ્યને રાજભોગાદિકમાં તથા દ્રવ્ય, સ્ત્રી, પુત્રાદિકમાં તથા સ્વર્ગાદિક લોકના વૈભવમાં અરુચિ નથી થાતી. અને વૈરાગે કરીને મુક્તિને દેનારી અને હિંસા આદિક પાપ, આધ્યાત્માદિક તાપ તેમને નાશ કરનારી એવી

ભક્તિ, શુક્લ પક્ષમાં ચંદ્રમાની કળા જેમ વૃદ્ધિ પામે તેમ વૃદ્ધિને પામે છે. અને વૈરાગ્ય તેણે રહિત એવા જન તુચ્છ કામનાં સુખની પ્રાપ્તિને અર્થે વારંવાર ક્ષોભ પામે છે. અને બાળકની પેઠે ક્લેશ પામે છે, ને મોહ પામે છે. અને વૈરાગ્ય વિનાના જનને ક્યારેય શાંતિ નથી થતી. તે માટે સુખને ઇચ્છનાર જનો આલોકમાં રહીને વૈરાગ્યને સિદ્ધ કરે."

❋ વૈરાગ્ય ઉદય થવાનો ઉપાય :

હવે મુકુંદ બ્રહ્મચારી પૂછે છે જે, "હે સ્વામી ! શાંતિને દેનારો વૈરાગ્ય કેમ ઉત્પન્ન થાય ? અને માયિક વિષયમાં આસક્તિરૂપી સાંકળને છેદનારો જે વૈરાગ્ય તેનું રૂપ શું છે ? હે પ્રભુ ! એ બે વાર્તાને હું સર્વજ્ઞ એવા તમો થકી સાંભળવાને ઇચ્છું છું. તે માટે એ બે વાર્તાને યથાર્થપણે દયાએ કરીને આપ મને કહેવાને યોગ્ય છો."

હવે શ્રીહરિ કહે છે, "હે મુકુંદ બ્રહ્મચારી ! સકળ સિદ્ધાંતને જાણનારા અને દીર્ઘદષ્ટિવાન એવા તમે તો સમગ્ર વૈરાગ્યના સ્વરૂપને સર્વે પ્રકારે જાણો છો, તોપણ બીજાના હિતને અર્થે પૂછો છો તો તમોને વૈરાગ્ય ઉદય થવાનું કારણ તથા વૈરાગ્યનું રૂપ તેને યથાર્થપણે હું કહું છું. હે સન્મતે ! માયામાંથી થયા એવા દેહાદિક પદાર્થ તેમાં તથા સમગ્ર પ્રાકૃત એવા લોક અને સુખ, તેમાં રહેલાં દોષ તથા ક્લેશ તથા નાશવંતપણુ તથા ભય તેમને જોવાથી મનુષ્યને વૈરાગ્ય ઉદય થાય છે. અને હે મહામતે ! તે વૈરાગ્ય સત્સંગે કરીને વૃદ્ધિ પામે છે. તે માટે પ્રથમ શરીર સબંધી દોષ, ક્લેશ આદિકને સ્પષ્ટ જેમ હોય તેમ તમોને હું કહું છું તેને તમે સ્વસ્થ ચિત્તે સાંભળો.

❋ દેહના દોષ અને અપવિત્રપણું :

હે મુકુંદ વર્ણી ! પ્રાણીનો આ દેહ અપવિત્ર વસ્તુનો ભરેલો છે. અને ઘણાક દોષનો એક સ્થાનરૂપ છે. અને શોક, તાપ, ભય, દુઃખ તેને દેનારો છે. અને વાત, પિત, કફ તેણે યુક્ત તથા મુત્ર, વિષ્ટા, રુધિર,

સ્નાયુ, માંસ, અસ્થિ, મજ્જા, પાચ, શ્લેષ્મ, વસા, વીર્ય એ આદિક વસ્તુએ યુક્ત છે. અને છ કોઠાએ યુક્ત છે તથા પાંચસો પેશીઓ જે માંસ આદિકની કોથળીઓ તેણે યુક્ત છે. અને જેના સમગ્ર દ્વારથી મળ સ્રવે છે એવો દેહ છે. અને દેહમાં આત્મા રહ્યો છે અને આ દેહમાં રુધિર આદિક છ ધાતુને પાકવાના છ પ્રકારના કોઠા જે રુધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, વીર્ય એ નામે છે. તેને ત્વચાઓ ધારણ કરે છે. અને આ દેહના બે હસ્ત, બે ચરણ, મસ્તક, ગાત્ર તે અંગ છે અને ત્રણશે ને સાઠ અસ્થિના કટકા છે.

❋ શરીરનાં અસ્થિ, નાડી, કેશ વગેરેની ગણતરી :

હવે તે સમગ્ર અસ્થિને ગણાવું છું. બત્રીશ દાંત અને બત્રીશ તેની કુંભીઓ, એવી રીતે દાંત સબંધી ચોસઠ અસ્થિ છે. અને વીશ નખ છે. અને બે હસ્ત બે ચરણ ને પાંસળીઓને આકારે વીશ અસ્થિ છે. અને તે વીશ અસ્થિનાં બે હસ્ત ને બે ચરણ એ ચાર સ્થાન છે, એવી રીતે એકસો ને ચાર અસ્થિ થયાં. અને બે ચરણની બે પાનીઓ તેના બે અસ્થિ છે. અને બે હસ્ત ને બે ચરણ તેની વીશ આંગળીઓ તેનાં સાઠ અસ્થિ છે, કહેતાં એક એક આંગળીમાં ત્રણ ત્રણ અસ્થિ છે. ને બે ચરણની માહિલી ને બાહેરની થઈને ચાર ઘૂંટીઓ તેનાં ચાર અસ્થિ છે. અને બાહુમાં અરત્નિ (કોણીથી આંગળીઓ સુધી) છે પ્રમાણ-માપ જેનું એવાં ચાર અસ્થિ છે. અને જંઘા ને બે પિંડીઓ તેમાં ચાર અસ્થિ છે. એવી રીતે ચુમોતેર અસ્થિ થયાં.

અને બે ઢીચણમાં બે અસ્થિ, ને બે ગાલમાં બે અસ્થિ, ને બે સાથળમાં બે અસ્થિ, ને બે ખભામાં બે અસ્થિ અને બે નેત્ર ને કાનના સાંધામાં બે અસ્થિ અને તાળવામાં બે અસ્થિ, ને બે કેડ્યમાં બે અસ્થિ કહ્યાં છે. એવી રીતે ચૌદ અસ્થિ થયાં. અને પાછળના પ્રદેશમાં પિસ્તાલીસ અસ્થિ છે. અને ગુહ્ય અંગમાં એક અસ્થિ છે. અને ડોકમાં પંદર અસ્થિ છે. અને જત્રુ જે હાંસડીનો પ્રદેશ તેમાં બે અસ્થિ છે. અને

દાઢીમાં એક અસ્થિ છે. એવી રીતે ચોસઠ અસ્થિ થયાં. અને દાઢીના મૂળ પ્રદેશમાં બે અસ્થિ છે. અને લલાટમાં બે અસ્થિ છે.

અને ચક્ષુમાં બે અસ્થિ છે, અને કપોળ ને ચક્ષુના સાંધામાં બે અસ્થિ છે. અને નાસિકામાં ઘાટું એક અસ્થિ છે. અને બે પડખામાં થાળા ને અરબુદ નામે અસ્થિએ સહિત બોત્તેર અસ્થિ છે. એવી રીતે એકાસી અસ્થિ થયાં. અને ભ્રકુટિ ને કર્ણના મધ્યમાં બે અસ્થિ છે. અને મસ્તકની ખોપરીમાં ચાર અસ્થિ છે. અને ઉર સ્થળમાં સત્તર અસ્થિ છે. એવી રીતે ત્રેવીસ અસ્થિ થયાં. આવી રીતે સમગ્ર મળીને ત્રણસો ને સાઈઠ અસ્થિની પુરુષના દેહમાં ગણના કરી છે.

અને આ શરીરમાં વાત, પિત ને શ્લેષ્મ તેને વહેનારી નળીઓ સાતસો છે. અને સ્નાયુઓને વહેનારી નાડીઓ નવસો છે. અને પ્રાણ આદિક વાયુને વહેનારી નાડીઓ બસો છે. અને સામાસામી અંગના સાંધા કરનારી માંસ-પેશીઓ પાંચસો છે. અને એ નાડીઓની શાખાનું બહુપણુ તેણે કરીને એની ગણના કહું છું. હે મુકુંદ બ્રહ્મચારી ! આ શરીરમાં એકબીજાની શાખામાંથી થયેલી એ સમગ્ર મળીને નાડીઓ ઓગણત્રીસ લાખ નવસો છપ્પન છે, એમ તમે જાણો. અને પ્રાણી તેમને ડાઢી-મૂછના કેશ ત્રણ લાખ છે. અને મૃત્યુને કરે એવાં મર્મ-સ્થળ એકસો ને સાત છે. અને અસ્થિના સાંધાના પ્રદેશ બસે છે. અને નાડીઓની સંધી તો અપરિમિત છે.

હવે સમગ્ર શરીરનાં જે અતિ સૂક્ષ્મ એવાં છિદ્ર આદિક તેની સંખ્યાને કહું છું. પૂર્વે કહી જે નાડીઓ તથા કેશ તેમણે સહિત જે સમગ્ર રોમ તેમના સૂક્ષ્મ થકી અતિ સૂક્ષ્મરૂપ એવા પ્રદેશ પરસેવાને વહેતાં એવાં છિદ્ર તેણે સહિત ચોપન કરોડ, સડસઠ લાખ ને પચાસ હજાર છે. આવી રીતે આ ગણના વાયુના પરમાણુએ કરીને જુદી જુદી વિભાગ કરીને મુનીઓએ કહી છે. હે મુકુંદ બ્રહ્મચારી ! આ સમગ્ર

ભાવ તેમનું પોતપોતાના સ્થાનમાં જે રહેવાપણું તેને યોગશાસ્ત્રના પારને પામેલા મોટા મુનિ જાણે છે. અને આ વાર્તામાં શાસ્ત્ર જ પ્રમાણ છે. કેમ જે, તે ચક્ષુ આદિક ઇન્દ્રિઓએ કરીને જણાતું નથી.

અને આ દેહમાં પરિણામને પામ્યો એવો રસ તેના સારની નવ અંજલી કહ્યા છે, અને જળની દશ અંજલી છે. અને પુરીષ જે અન્ન આદિકનો કૂચો તેના સાત અંજલી છે. રુધિરનાં ચાર અંજલી કહ્યા છે. આંહીં અંજલીના શબ્દે કરીને અર્ધશેર જાણવું. અને શ્લેષ્મ જે કફ તેના છ અંજલી છે. અને પીતના પાંચ અંજલી છે અને મૂત્રના ચાર અંજલી છે. અને વસા જે માંસનો સ્નેહ-ચરબીભાગ તેના ત્રણ અંજલી છે, ઇત્યાદિક ઘણાક દોષે યુક્ત દેહ છે.

હવે આ શરીરમાં પ્રાણને રહેવાનાં જે સ્થાન છે તેને કહું છું. હૃદયકમળમાં રહ્યું એવું જે ઓજસ કહેતાં પીળાશે સહિત જરાક રક્ત એવો ધાતુ તથા વીર્ય તથા રુધિર તથા ભ્રકુટી ને કર્ણ તેના મધ્યમાં રહ્યાં એવાં બે અસ્થિ ઇત્યાદિક ઘણાક દોષ કહ્યા છે.

હવે એ દેહને ઘર રૂપે વર્ણન કરું છું. અસ્થિરૂપી વાંસડાના સમૂહ તેણે યુક્ત તથા અસ્થિના થાંભલા, થાંભલીઓ એ આદિકે યુક્ત અને સ્નાયુ ને ચરણ તેણે કરીને ચારેકોરે જડેલું અને શરીરના રોમ તથા મસ્તકના કેશ એ આદિકે કરીને આવરેલું, અને દુર્ગંધમય એવા પદાર્થ તેણે યુક્ત અને કામ, ક્રોધાદિક સર્પ જેમાં છે અને અહંકારરૂપી એક બિલાડો જેમાં છે, અને મોહરૂપી ઘાટો અંધકાર તેણે આવરેલું છે; હે મુકુંદ બ્રહ્મચારી ! નિત્ય અને પવિત્ર એવો જીવાત્મા તેનું નિત્ય અને અપવિત્ર અને કર્મે કરીને નિર્માણ કર્યું એવું આ દેહરૂપી ઘર છે.

અને જેમ દુર્ગંધે કરીને દુષિત એવો ચાંડાળનો કુંડ તેમાં અજાણે પડ્યો એવો શુદ્ધ જન મહા દુઃખને પામે છે, એમ નાના પ્રકારના મળે કરીને પૂર્ણ ને દુર્ગંધે કરીને વ્યાપ્ત અને અસ્થિના સમૂહે કરીને રચેલું

એવું દુ:સહ આ દેહરૂપ પાંજરું તેમાં મોહના વશપણે કરીને પડ્યો અને કર્મનું વશપણું તેને પામ્યો અને શુદ્ધ એવો પણ જીવાત્મા તે દેવની માયાએ કરીને મોહને પામ્યો થકો અત્યંત દુ:ખને પામે છે. અને આ દેહ વીર્ય ને રુધિર તેના સંજોગ થકી થાય છે. અને વિષ્ટા ને મૂત્ર એ આદિકે ભરેલો છે. તે માટે આ દેહ અપવિત્ર છે. અને જેમ ચર્મ, મજ્જાદિક મળે કરીને પૂર્ણ એવો સોનાનો ઘડો શુદ્ધ કર્યા છતાં પણ અશુદ્ધ જ રહે છે; તેમ મળના સમૂહે કરીને પૂર્ણ એવો આ દેહ શુદ્ધ કર્યાથી પણ અપવિત્ર છે.

હે બ્રહ્મચારી ! હુત દ્રવ્ય, અન્ન આદિક સમગ્ર પવિત્ર વસ્તુ જે દેહને પામીને ક્ષણમાત્રમાં અપવિત્રપણાને પામે છે, તે દેહ થકી બીજું શું અપવિત્ર છે ? કાઈ નથી. અને પંચગવ્ય, કુશ અને જળે કરીને શુદ્ધ કર્યો સતો પણ આ દેહ તે કાળપરૂપી દોષે કરીને દુષિત એવો અંગારો જેમ ધોવાતો નથી, તેમ ક્યારેય નિર્મળપણાને પામતો નથી. અને જેમ જાતિએ કરીને જ કાળી એવી કામળી અનેક ઉપાયે કરીને પણ શ્વેત ન થાય, તેમ શુદ્ધ કર્યો એવો પણ આ દેહ નિર્મળ ન જ થાય. અને આ લોક(મનુષ્ય) અત્યંત દુર્ગંધે યુક્ત મળને સૂંઘતો થકો તથા અતિશયપણે કરીને જોતો સતો પણ અને નાસિકાને દાબતો સતો પણ વૈરાગ્યને નથી પામતો. હે મુકુંદ બ્રહ્મચારી ! મોહનું કારણ તો જુઓ, દેહના દોષને જાણીને પણ જીવ વૈરાગ્યને નથી પામતો. અને ડાહ્યા પુરુષ આ દેહને સ્વભાવ થકી જ નિશ્ચય અપવિત્ર જાણે છે. અને તે દેહને બ્રહ્મા ફળ વિનાની કેળની પેઠે અસારપણે કહે છે.

હે મુકુંદ બ્રહ્મચારી ! ડાહ્યો પુરુષ કલેવરને આ પ્રકારે સોએ સો દોષે જુક્ત જાણીને અને અંતે કૃમી, વીટ ને ભસ્મ ત્રણ છે નામવાળો અને જે થકી દિવસે દિવસે દુર્ગંધે યુક્ત એવા દુષ્ટ મળ નીકળે છે, તેમનો આધારભૂત એ હેતુ માટે અતિશયપણે કરીને મેલો એવો તે દેહ છે. અને જેમ તીર્થમાં ધોયેલી પણ કૂતરાના ચર્મની બોખ(પખાલ,ડોલ)

શુદ્ધપણાને નથી પામતી, તેમ દેહ તપ અને તીર્થના જળ એ આદિકે કરીને શુદ્ધ ન થાય. માટે વાત, પિત ને કફ આદિકનું સ્થાનભૂત અને રોગનું પાંજરું એવો આ દેહ, તેમાં નાના પ્રકારના રોગે કરીને પ્રાણી અનેક દુઃખને પામે છે. અને આ દેહને તો ક્ષણ ક્ષણ પ્રત્યે નાશવંતપણું છે. અને આ દેહમાં નિરંતર કાળરૂપી સર્પ સબંધી ગળવાનો મોટો ત્રાસ નિશ્ચય છે. હે મુકુંદ બ્રહ્મચારી ! આ પ્રકારે નાના પ્રકારનાં દુઃખ ને દોષ એ આદિકનો સ્થાનભૂત દેહ તેના દોષ આદિક અમોએ તમને કહ્યા. અને હવે મનુષ્યને નાના પ્રકારનું ગર્ભવાસના ક્લેશે કરીને જે દુઃખ થાય છે તેને કહીએ છીએ, તેને તમે સાંભળો.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'પુરુષોત્તમગીતામાં વૈરાગ્યનું લક્ષણ તથા વૈરાગ્યની ઉત્પત્તિ તથા વૈરાગ્યનું સ્વરૂપ તથા દેહનું અપવિત્રપણું કહ્યું' એ નામે સાતમો અધ્યાય ॥૭॥ સળંગ અધ્યાય ॥૪૭॥

અધ્યાય - ૪૮

ગર્ભવાસનાં દુઃખનું વર્ણન

હે મુકુંદ બ્રહ્મચારી ! ગર્ભવાસમાં વ્યાકુળ મનવાળાં પ્રાણીને કુંભીપાક નામે નર્ક થકી પણ અતિ ઘણું તીવ્ર એવું દુઃખ નિશ્ચય થાય છે. અને જેમ કોઈ પ્રાણી પર્વતના ભારે કરીને અત્યંત પીડાયો છતો દુઃખે કરીને રહે છે, તેમ ગર્ભમાં પ્રાણી જરાયુ જે ઓરનો પછેડો તેણે વીંટાયો સતો મહાકષ્ટ હોય તેમ રહે છે. અને જેમ સમુદ્રમાં પડ્યો એવો મનુષ્ય તે દુઃખે કરીને અતિ વ્યાકુળ રહે છે, તેમ ગર્ભના જળે કરીને સિચ્યું-સેવ્યું છે અંગ જેનું, એવો પ્રાણી વ્યાકુળ અંતરયુક્ત થઈને રહે છે. અને જેમ ચારેકોરે પ્રજ્વલિત અગ્નિના મધ્યમાં રહેલો પુરુષ તાપને પામે છે, તેમ જ આ પ્રાણી અગ્નિએ સહિત એવા છ કોઠાના

મધ્યમાં રહ્યો ને ગર્ભના ભાવને ભજતો એવો સતો તાપને પામે છે. અને અગ્નિએ કરીને તપાવી માટે અગ્નિના સરખી વર્ણવાળી લોઢાની કોસ તેણે કરીને ભેદ્યું છે કલેવર જેનું એવો પુરુષ જે દુઃખને પામે છે તે દુઃખ થકી ગર્ભમાં ગર્ભ સંબંધી દુઃખ આઠ ગણું કહ્યું છે. અને કોઈ સ્થળમાં ગર્ભવાસ થકી બીજો વાસ કષ્ટને દેનારો નથી. તે માટે ગર્ભવાસ નરકમાં પડવા થકી અધિક દુઃખને દેનારો કહ્યો છે.

અને વિષ્ટા ને મૂત્રનો ખાડો તેના સદૃશ અને ઘણા જંતુની ઉત્પત્તિ જેમાં છે એવું માતાનું ઉદર તેમાં પડ્યો એવો પ્રાણી નીચું છે મુખ તે જેનું એવો સતો કલેશને પામે છે. અને જઠરા સબંધી અગ્નિએ કરીને નિરંતર બળતું છે અંગ જેનું એવો પ્રાણી અત્યંત કોમળપણું છે, માટે બહુ વ્યાકુળ થયો થકો વ્યથાને પામે છે. અને માતાના ઉદરમાં રહ્યા એવા કરમિયાના સમૂહ તેમણે ક્ષણ ક્ષણ પ્રત્યે ડસ્યાં છે સર્વે અંગ જેનાં એવો ગર્ભમાં રહ્યો જે પ્રાણી તે બહુ કોમળપણું છે, માટે ઘણુંક દુઃખ પામે છે. અને પોતાની માતાએ ખાધા એવા કડવા, ખાટા, ખારા, તીખાં જે પદાર્થ તેના સ્પર્શે કરીને ઘણાક વીંછીના ડંસની પેઠે તે પ્રાણી ઘણી પીડાને પામે છે. અને પાંજરામાં પૂર્યાં એવાં પક્ષીની જેમ પોતાના અંગની ચેષ્ટા કરવી તેમાં અસમર્થ એવો ગર્ભમાં રહ્યો જે પ્રાણી તે વિષ્ટા, મૂત્ર, રુધિર આદિકે કરીને લીંપાયો ને આતુર થયો છતો એવો નિત્ય મોહને પામે છે.

✹ ગર્ભવાસથી કરોડગણું જન્મનું દુઃખ છે :

હે મુકુંદ બ્રહ્મચારી ! કર્મને વશ એવો પ્રાણી તેને ગર્ભવાસનું મહાદુઃખ તે થકી પણ જન્મ સમયમાં કોટી ગણું દુઃખ થાય છે. કેમ જે, જે હેતુ માટે જન્મ સમયમાં પામ્યું છે અતિ બળ જેણે એવો પ્રાણવાયુ બળ થકી ગર્ભને ચલાવે છે. તે માટે ગર્ભનું સ્થાન ચોવીશ આંગળ વિશાળપણાને પામે છે. અને ગર્ભ પચીસ આંગળ પરિમાણવાળો છે.

માટે તે પ્રાણી અત્યંત ભીષણ જેમ હોય તેમ નીકળતો અને જ્વર જે તાવ તેણે કરીને અતિશે તપી ગયું છે અંગ જેનું, માટે પીડાએ કરીને મૂર્છા પામીને બાહેર આવે છે.

વળી તે સમયની પીડાને દૃષ્ટાંતે કરીને દેખાડે છે. અતિશય બળીયા એવા પ્રસુતિકાળના વાયુ તેમણે ઠેલ્યો એવો તે પ્રાણી તેને કોલામાં પીલેલા શેલડીના સાંઠાની જેમ ઘણી પીડા થાય છે. અને ગર્ભ થકી મહાકષ્ટે કરીને બાહેર નીકળ્યો અને મૂર્છાને પામ્યો ને મોહ છે નામ જેનું એવો બારલ્યો વાયુ, તેણે કેવળ સ્પર્શ કર્યો એવો પ્રાણી તેને પૂર્વે કહ્યો જે તાપ તે બાહેર નીકળે ને તે જ ક્ષણમાં અતિશય આકરો ચઢી જાય છે. માટે તે પ્રાણીને તે જ સમયમાં મહા મોહ થાય છે. અને મોહને પામેલો પ્રાણી તેને તત્કાળ ગર્ભની સ્મૃતિ ટળી જાય છે. પછી તે જન્મમાં ઘણી પ્રીતિ થાય છે.

✵ બાળ-યુવાદિક અવસ્થાનાં દુઃખ :

અને અવ્યક્ત કહેતાં વિકાસને નથી પામ્યાં ઈન્દ્રિયો અને બુદ્ધિ જેની, માટે **બાળ અવસ્થા**માં પણ ઘણાં દુઃખને પામે છે. તે દુઃખને કહેવાને ઈચ્છતો એવો પણ તે પ્રાણી દુઃખને કહેવાને તથા ક્રિયા કરવાને સમર્થ નથી થાતો. અને બાલ અવસ્થાવાળો પ્રાણી નાના પ્રકારના બાળ અવસ્થાના રોગ તથા અતિ ક્રૂર એવા બાળગૃહ તથા માંખો, મચ્છર આદિકના ડંસ તેણે કરીને દુઃખને પામે છે. અને તરસ ને ભૂખ તેણે કરીને વ્યાપ્ત છે અંગ જેનું એવો તે પ્રાણી ક્ષણ ક્ષણ પ્રત્યે રુદન કરે છે. અને બાળક એવો તે પ્રાણી તે પોતાને મૂઢપણું છે એ હેતુ માટે ભક્ષણ કરવા યોગ્ય નહિ તેનું ભક્ષણ કરે છે, તેણે કરીને પણ તેને દુઃખ થાય છે. અને **કુમાર અવસ્થા**માં કાનને વિંધાવે તેણે કરીને તથા પોતાની મૂર્ખાઈ માટે માતાપિતા તાડન કરે તેણે કરીને તથા અક્ષર ભણાવવા માટે ભણાવનારા ગુરુ શિક્ષા કરે તેણે કરીને પણ દુઃખ થાય છે.

અને **તરુણ જે યુવાવસ્થા** તેમાં નિરંતર વિષયમાં આસક્તિએ કરીને અવરાયેલો પ્રાણી, તેને પ્રમત્ત એવી ઇન્દ્રિયોની વૃત્તિઓને કામમાં આસક્તિએ કરીને પીડા થાય છે. માટે યુવાવસ્થાને વિષે તે પ્રાણીને સુખ ક્યાંથી હોય ? ન જ હોય. અને મોહે યુક્ત એવા પ્રાણીને ઈર્ષાએ કરીને અતિ મોટું દુઃખ થાય છે. અને વિષયમાં રાગ તે નેત્રમાં થયો જે રોગ તેની પેઠે નિરંતર કેવળ દુઃખને અર્થે થાય છે. અને કામરૂપ અગ્નિએ કરીને તપેલો જે મનુષ્ય તે રાત્રીમાં નિદ્રાને નથી પામતો. અને દિવસમાં પણ ધનની પ્રાપ્તિને અર્થે ચિંતાને કરતો જે મનુષ્ય તેને સુખ ક્યાંથી હોય ?

અને **વૃદ્ધાવસ્થા**માં વૃદ્ધપણે કરીને જીર્ણ થઈ ગયો છે દેહ જેનો અને આધિ ને વ્યાધિ તેનું સોએ સો તેણે પરાભવ કર્યો એવો મનુષ્ય ઘણી વેદનાને પામે છે. અને સર્વ રોગાદિક તેમણે પીડાને પમાડ્યો એવો જન, તેને પોતે ધન્વંતરી પણ રોગે રહિત કરવાને સમર્થ નથી તો બીજો વૈદ્ય ક્યાંથી સમર્થ હોય ? ન જ હોય.

✵ મરણ સમયનાં દુઃખનું વર્ણન :

હે મુને ! મરણ સમયનું દુઃખ તેણે યુક્ત એવા મનુષ્યને ઔષધ રક્ષણ કરવાને સમર્થ નથી. અને એ જ પ્રકારે તપ તથા દાન તે પણ સમર્થ નથી. અને માતાપિતા તથા સબંધીજન પણ ક્યારે સમર્થ નથી. અને મૃત્યુ પામ્યો એવો પ્રાણી તે કર્મના વશ થકો અગણિત યોનિમાં જન્મ ધારણ કરે છે. અને ત્યાં નિરંતર ક્લેશ, શોક, ભય ને દુઃખ તેને પામે છે. અને મોટું એવું તમ જે અજ્ઞાન તેમાં પ્રવેશ કરેલો, અને મૃત્યુએ કરીને ત્રાસ પામ્યું છે ચિત્ત જેનું એવા પ્રાણીને મરણ સમયમાં જે દુઃખ છે, તેની ઉપમા આલોકમાં ક્યાંઈ પણ નથી, એવું અતિશય દુઃખ છે.

હે તાત ! હે માત ! હે કાંત ! આ પ્રકારે અતિ દુખિયો જન નિશ્ચય બકોર પાડે છે. અને અંતકાળને સમે નાના પ્રકારના રોગે

કરીને ઘણું દુઃખ પામે છે. અને બંધુજને હરી લીધું છે ધનાદિક સમગ્ર જેનું, અને વહાલાએ ચારેકોરે વીંટાણો, અને ‘હાય, હાય, હું મરી જઈશ’ એ પ્રકારે ત્રાસ પામેલા હૃદયવાળો પ્રાણી ઘણી ચિંતાને પામે છે. અને અતિ સુકાતું એવું છે મુખ તેણે કરીને દીર્ઘ એવો ઊનો શ્વાસ તેને મૂકતો અને વારંવાર ક્લેશને પામતો ને મોહને પામતો થકો ખાટલામાં આળોટે છે. અને તે પ્રાણી હસ્ત ને ચરણ તેને અતિશય ચારેકોરે પછાડે છે. અને ખાટલા થકી પૃથ્વી ઉપર સૂવાને ઇચ્છે છે ને પૃથ્વી થકી ખાટલા ઉપર સૂવાને ઇચ્છે છે અને પાછો ખાટલા થકી પૃથ્વી ઉપર ઇચ્છે છે.

અને વસ્ત્રે રહિત ને મેલી છે લાજ જેણે અને મૂત્ર ને મળે કરીને લીંપાયો અને સુકાઈ જતા છે કંઠ, ઓષ્ટ ને તાળવું જેનું એવો તે પ્રાણી જળ પીવાને માગે છે. અને નાના પ્રકારના રોગનું દુઃખ તેણે કરીને આતુર એવો પ્રાણી શોકને કરતા એવા બંધુજન તેમણે વારંવાર બોલાવ્યો સતો પણ બોલી શકતો નથી. અને કફ ભરાય છે તેણે કરીને કંઠ ઘુરઘુર શબ્દને કરે છે. અને હું મૃત્યુ પામીશ તે આ મારું દ્રવ્ય તે કોણ લેશે ? આ પ્રકારનું ચિંતવન કરતો એવો પ્રાણી કાળપાશ તેણે ખેંચ્યો થકો પોતાના સબંધીને જોતે સતે મૃત્યુને પામે છે. આ પ્રકારે મૃત્યુ ઉતાવળો સર્વ જક્તને ગળે છે. કેની પેઠે ? તો જેમ કપિંજલ(તેતર કે ચાતક) પક્ષીને સયેન પક્ષી ગળે છે ને જેમ દેડકાને સર્પ ગળે છે, તેમ અને પ્રાણીને પ્રથમ જન્મ સમયમાં તથા મધ્યમાં તથા અંત સમયમાં અતિ દારુણ એવું દુઃખ છે. એવી રીતે સ્વભાવ થકી જ દુઃખની પરંપરા છે.

અને સર્વ કાર્ય તેણે વર્જીત એવો જે જન રાત્રીએ સૂવે છે તે જન પણ મરેલા જેવો છે. અને સ્વપ્નમાં પણ તમોગુણે કરીને વ્યાપારને કરતો તે પ્રાણીને સુખ ક્યાંથી હોય ? અને ખેડ, વેપાર, ચાકરી તથા

ગાયોની રક્ષા કરવી એ આદિ પ્રયાસે કરીને તથા બીજા વ્યવહાર સબંધી કાર્યે કરીને હરાણું છે મન જેનું એવા પ્રાણીને જાગૃત અવસ્થામાં પણ શાંતિ ક્યાંથી હોય ? અને બીજાનો પુત્ર જોઈને દુઃખી અને પુત્રીએ રહિત એવા જનને પુત્રને પામવાનું સાધન જે યજ્ઞાદિક તેને કરે સતે ઘણુંક દુઃખ પામે છે. અને પુત્રવાળા એવા જે જન તેને પણ નિરંતર તેના પોષણની ચિંતા તથા પુત્રને રોગાદિક પીડા થયે સતે તથા તેમનું મૃત્યુ થયે સતે ઘણી પીડા નિશ્ચય થાય છે.

અને બીજાનાં આભૂષણ, દ્રવ્ય, વાહન એ આદિક વૈભવ જોઈને બળતો એવો નિર્ધન પુરુષ તેને ઘણી પીડા થાય છે. અને ધનાઢ્ય પુરુષને પણ ધનની રક્ષા કરવાને તથા ધનને વધારવામાં દુઃખ છે. તથા ધનના ખરચ નિમિત્ત તથા ધનનો નાશ થયા નિમિત્ત તથા ચોર આદિક થકી પણ દુઃખ છે. અને જેમ કોઈ પક્ષી માંસ લઈને આકાશમાં ઊડતું હોય તો બીજાં પક્ષી તે માંસને ભક્ષણ કરવા પાછળ દોડે છે અને આકાશમાં પક્ષી ખાઈ જાય છે. અને પૃથ્વી ઉપર પડ્યું હોય તો કૂતરાં ખાઈ જાય છે. અને જળમાં કોઈ લઈ ગયું હોય તો માછલાં ખાઈ જાય છે. તેમ ધનવાળો પુરુષ તેના ધનને રાજા તથા રાજાના ચાકર તથા સંબંધીજન તથા ચોર એ આદિક સમગ્ર હરિ લે છે.

અને આલોકમાં પંદર અનર્થ જેમાં છે એવુ ધન ધનવાળા પુરુષને પણ આનંદ નથી કરતું. તે તો નિરંતર ખેદને જ પમાડે છે. માટે ધન સુખને કરનારું નથી. ધનાઢ્ય જનને નિરંતર દુઃખ તેને દેખાડે છે. દીનપણું તથા મચ્છર તથા દંભ અને ધનનું અધિકપણું તે બીજા થકી ઘણું ભય તથા ન કરવા યોગ્ય એવી ક્રિયામાં પ્રવૃત્તિ આ પ્રકારનાં દુઃખ ધનવાળા પુરુષને નિરંતર છે. અને પ્રાણીને હેમંત કાળમાં ટાઢ્યે કરીને દુઃખ અને ગ્રીષ્મકાળમાં તાપે કરીને કઠોર એવું દુઃખ, અને વર્ષાકાળમાં વાયુ ને વૃષ્ટિનું દુઃખ, આવી રીતે કાળે કરીને દુઃખ થાય છે.

અને મનુષ્યને રાજા, ચોર ને શત્રુ તે થકી તથા વ્યાઘ્રાદિક થકી અને અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ (તથા તીડ) એ આદિક સાત ઈતિઓ(કષ્ટ) થકી ભય છે. તથા કાળરૂપ સર્પ થકી અતિશય ભય છે. અને સ્ત્રી-પુરુષને વિવાહના વિસ્તારમાં તથા ગર્ભ ધારણ કરવામાં દુઃખ છે, કહેતાં જો ઘણા પુત્ર હોય ને પુરુષને તેમને પરણાવવા તથા આજીવિકા કરી આપવી એ દુઃખ અને સ્ત્રીને ઉદરમાં ભાર વેઠવો, બાળકને જન્મ આપવો અને તેને મોટાં કરવાં અને તે પુત્ર ને પુત્રીઓ સબંધી સર્વે દુઃખે કરીને સ્ત્રી-પુરુષને ઘણું દુઃખ છે, કહેતાં આ પુત્ર તો ગુણવાન હતો તે મરી ગયો તથા અને ચાકરી મળી નહિ અને આ પુત્રી બાળપણામાં વિધવા થઈ અથવા એક જ તેનો પુત્ર હતો તે મરી ગયો આદિક ઘણુંક દુઃખ સ્ત્રી-પુરુષને રાત્રીદિવસ છે.

વળી તે દુઃખને કહે છે જે, પુત્રને દાંતમાં તથા નેત્રમાં રોગ થયો એ કષ્ટ આવ્યું. હવે હું શું કરું ? અને ગાયું નાશી ગઈ, ખેડ્ય ભાંગી ગઈ અને ઘરની સ્ત્રી બળવાન થઈ પડી તે ગાંઠતી નથી. હવે હું શું કરું? હાઈ ! આ પરોણા આવ્યા, તે માટે ઘણું ખરચ થાશે અને રાત્રીએ ચોરે મારું ધન-ધાન્યાદિક સમગ્ર લૂટી લીધું. હા હા, આવા દુઃખમાં હું આંધળો થયો ! અને મારી સ્ત્રીને બાળક છે ને છોકરાં છે. માટે ઘરનું કાર્ય કોણ કરશે ? ને પશુને કોણ બાંધશે ? અને કન્યાને પરણાવવા સમયમાં હું તેના યોગ્ય વર ખોળવા ક્યાં જાત ?

આ પ્રકારની ચિંતાએ કરીને પરાભવને પામેલા કુટુંબવાળા જનોને સુખ ક્યાંથી હોય ? ક્યારે પણ ન જ હોય. અને નિત્યે કુટુંબની ચિંતાએ કરીને વ્યાકુળ એવો મનુષ્ય તેનો સારો વિચાર તથા બીજા સારા ગુણ તે કાચા ઘડામાંથી જળની પેઠે સ્રવી જાય છે, કહેતાં નાશ પામે છે. હે મુકુંદ બ્રહ્મચારી ! અમોએ તમને આ પ્રકારે ગર્ભમાં નિવાસ એ આદિક સમગ્ર દુઃખે કરીને જેનો અંત ન આવે એવું દુઃખ કહ્યું છે. અને હવે રાજાદિકનું દુઃખ તેને હું કહું છું, તેને તમે એકાગ્ર મનથી સાંભળો.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'પુરુષોત્તમગીતામાં ગર્ભવાસનાં દુઃખ તથા બાલ્યાવસ્થાનાં દુઃખ તથા વૃદ્ધ અવસ્થાનાં દુઃખ કહ્યાં' એ નામે આઠમો અધ્યાય ॥૮॥ સળંગ અધ્યાય ॥૪૮॥

અધ્યાય - ૪૯

રાજાદિકનાં દુઃખોનું વર્ણન

હવે આ અધ્યાયમાં શ્રીહરિએ રાજા તથા દેવાદિકના ભોગ-વૈભવનું નાશવંતપણું તથા વૈરાગ્યના ગુણ એ આદિક વાર્તા કહી છે. હે મુકુંદ બ્રહ્મચારી ! સંધિ ને વિગ્રહ તેની ચિંતાએ કરીને વ્યાકુળ અને પુત્રાદિક થકી પણ થયો છે મરવાનો ભય જેમને, એવા રાજાઓને રાજ્ય સતે પણ સુખ ક્યાંથી હોય ? અને તમે કહેશો જે 'અનેક પ્રકારના વૈભવનો અધિપતિ તેને કેમ સુખ ન હોય ?' તો ત્યાં કહીએ છીએ જે, રાજાને પણ અન્ન, વસ્ત્ર, વાહન, આસન એ આદિક સર્વ પદાર્થ જેટલો ખપ હોય તેટલું જ ભોગવાય છે. કહેતાં રાજા પણ ખપ હોય તેટલા જ પદાર્થને ભોગવે છે. અને પોતાના ખપમાં ન આવ્યું તે તો કેવળ ક્લેશને અર્થે જ છે.

અને સાત માળની હવેલી છતે પણ રાજાને પોતાને બેસવામાં ખપ આવી એટલી જ પોતાની. અને જળના ભરેલા હજાર ઘડા છતે પણ જળ પોતાના ખપમાં આવ્યું તેટલું પોતાનું, તેમ અન્નાદિક પણ જે પોતાના ખપમાં આવ્યું તેટલું પોતાનું. રાજાને રાત્રીદિવસ ચોઘડિયાં સાંભળવાં તે સુખ અધિક જ છે. એમ જો કહેતા હો તો ત્યાં કહીએ છીએ જે, રાજા પ્રાતઃકાળમાં વાજિંત્રના શબ્દને કહેતાં ચોઘડિયાંને પ્રવાસીજન તેણે સહિત જ સાંભળે છે.

એ હેતુ માટે મારા ઘરમાં આ વાજિંત્ર વાગે છે, એ તો કેવળ અભિમાન માત્ર જ છે. એ પ્રકારે રાજાને વિષે પણ કેવળ અભિમાન

માત્ર છે. અને તમે કહેશો જે કોઈને ન મળે એવાં ઘણાં મૂલ્યનાં વસ્ત્ર ઘરેણાં ધારણ કરવાં એ આદિક અધિક સુખ રાજાને છે, તો ત્યાં કહીએ છીએ જે, નાના પ્રકારનાં બહુ મૂલ્યવાળાં વસ્ત્ર ઘરેણાં ધારણ કરવાં તથા સુગંધીમાન પુષ્પ તૈલાદિક પદાર્થને અંગમાં લેપન કરવાં તથા નૃત્ય જોવાં તથા ઉન્મત્તની પેઠે આચરણ કરવું એ આદિક રાજાને ભોગવવાના યોગ્ય એવા ભોગે કરીને પણ એકબીજાને જીતવાને ઇચ્છતા અને પૃથ્વીમાં વૈરને કરનારા એવા રાજા તેમને સુખ નથી. અને શત્રુ થકી પરાભવે કરીને નિત્ય ઉદ્‌વેગ પામેલા ચિત્તવાળા અને દ્વેષ-અર્મસ એ આદિકે કરીને વ્યાપ્ત એવા રાજાને ક્યારેય સુખ નથી જ.

હે સન્મતે ! પૂર્વે રણસંગ્રામમાં રાજાનો રાજા એવો કાર્તવીર્ય જે સહસ્રાર્જુન તેના હજાર હસ્ત મહા પરાક્રમી એવા પરશુરામે છેદી નાખ્યા હતા. અને કોઈથી જીતાય નહિ એવા જે પરશુરામ તેમનો શ્રેષ્ઠ શૂરવીર તેમણે વખાણેલો અને સર્વોપરી એવું પરાક્રમ તેને સમર્થ એવા દશરથના પુત્ર રામચંદ્રજીએ હરી લીધો હતો. અને હનુમાનજી પણ ઈન્દ્રે શસ્ત્ર-વજ્રે કરીને પરાભવ કર્યા સતા પૃથ્વી ઉપર પડ્યા હતા. અને તે સૂર્યાત્મક જે ઈન્દ્ર તેને નીવાતકવચ નામે દૈત્યે જીતી લીધો હતો.

અને તે દૈત્યને પાંડુ રાજાના પુત્ર અર્જુને જીતી લીધો હતો. સૂર્યના શબ્દે કરીને ઈન્દ્ર જાણવા. કેમ જે, રામાયણમાં ઈન્દ્ર કહ્યા છે. અને મહા શોભાયમાન ને મહાપરાક્રમી એવા અર્જુનને પણ ગોવાળિયા કાઠીઓએ જીતી લીધા હતા. ને તે ગોવાળોને મેઘ વરસાદ ન વરસવો અને બહુ વરસવો તેણે કરીને પીડે છે. અને મેઘને વાયુ ચારેકોરે દોડાવે છે. અને વાયુના પરાક્રમને પર્વતે જીતી લીધું છે. કેમ જે, પર્વતાસ્ત્રે કરીને વાયુ-અસ્ત્ર પરાભવને પામે છે. અને એ પ્રકારના પર્વતને અગ્નિ બાળે છે. અને એ પ્રકારના અગ્નિને જળ પરાભવ કરે છે. અને આ પ્રકારનું જળ તેને પ્રલયકાળનો સૂર્ય શોષી લે છે.

આ પ્રકારે દેવ, અસુર ને મનુષ્ય તે એકબીજાને જીતવાને ઇચ્છતા થકા ક્લેશને પામે છે. અને એકબીજાથી અધિક થાવાને ઇચ્છતા અને એકબીજાની ઉપર વર્તતા અને ઊજળી એવી બીજાની સંપત્તિ જોઈને સહન કરી શકતા નથી, એવા દેવને સ્વર્ગમાં પણ સુખ નથી. અને છેદાઈ ગયેલાં મૂળવાળાં વૃક્ષ પરવશ થકા જેમ પૃથ્વી ઉપર પડે છે, તેમ પોતાના પુણ્યનો નાશ થયા થકી દેવ તત્કાળ નિશ્ચય પડે છે. અને સુખ પામવાના છે મનોરથ જેમને એવા તે દેવ તેમને અચાનક થયો જે ભોગાદિકનો નાશ તેણે કરીને સ્વર્ગમાં પણ તીવ્ર દુઃખ થાય છે.

અને બળિયા જે યક્ષ, રાક્ષસ, દૈત્ય તથા દાનવ તેમની સંગાથે દેવને પણ નિરંતર યુદ્ધ કરવારૂપી ક્લેશ છે. હે મહામતે ! તે આ પ્રકારે સ્વર્ગમાં પણ વિષયે કરીને વ્યાકુળ ચિત્તવાળા અને રાગ-દ્વેષાદિકે યુક્ત એવા દેવ તેમને સુખ નથી. અને સ્વર્ગમાં રહેલા દેવને પુણ્યનો નાશ થવાનો ભય છે, એ હેતુ માટે દુઃખ પ્રાપ્ત થાય છે. અને જ્યારે ત્યાંથી પડે છે ત્યારે નાના પ્રકારની હજારો યોનિમાં વારંવાર જન્મ થાય છે.

અને દેવલોકમાં પણ દેવોને મનુષ્યની પેઠે નાના પ્રકારના રોગ કહ્યા છે. તે હવે કહી બતાવું છું. સૂર્યને પણ કુષ્ટનો રોગ છે. અને પાસી જે વરુણ તેમને જળોદરનો રોગ છે. અને પુસા નામે દેવ તેમના દાંત પડી ગયા છે. અને ઇન્દ્રનો ભુજ સજડ રહી ગયો છે, તથા ચંદ્રમાને પણ સહન થઈ શકે નહિ એવો મોટો ક્ષય રોગ થયો છે. અને દક્ષ પ્રજાપતિને પણ તાવનું મોટું દુઃખ છે. અને અશ્વિનીકુમાર જે દેવતાના વૈદ્ય તેમને મસ્તકનો રોગ છે. એમ પદ્મપુરાણમાં કહ્યું છે તે થકી જાણવું. આવી રીતે દેવ પણ નાના પ્રકારના રોગે કરીને પીડાને પામે છે.

અને બ્રહ્માના દિવસ દિવસ પ્રત્યે કાળે કરીને અધિકારી દેવ તેમનો પણ નાશ થાય છે. અને દ્વિપરાર્ધ કાળે કરીને કહેતાં બ્રહ્માના સો વરસે કરીને તે બ્રહ્માનો પણ નાશ થાય છે. અને લોભ-કામાદિકે યુક્ત અને

મત્સરે કરીને વ્યાકુળ જેમનાં મન છે અને વિષયમાં આસક્ત છે ચિત્ત જેમનાં એવા દેવ તેમને સુખ ક્યાંથી હોય ? ન જ હોય. અને જ્યાં લોભ-કામાદિક દુઃખને દેનારા દોષ હોય છે ત્યાં નિરંતર સમગ્ર દુઃખ નિશ્ચય રહ્યા છે. અને સર્વે લોકમાં પ્રાણીને અધ્યાત્મ કહેતાં દેહ સબંધી અને અધિભૂત કહેતાં રાજા, શત્રુ એ આદિક બીજા મનુષ્ય સબંધી અને અધિદેવ કહેતાં દેવ સબંધી જે દુઃખ તે બહુ ઊપજે છે. તે **દુઃખનાં મૂળ માયિક વિષય છે** એમ હવે કહું છું.

✵ માયિક વિષયની ભયંકરતા :

હે વર્ણી ! પ્રાણીને શબ્દાદિક વિષય અતિશય અશાંતિને દેનારા છે. અને ક્લેશ ને દોષાદિકના સ્થાનભૂત છે. અને વારંવાર જન્મ મૃત્યુના પમાડનારા છે. હવે તે વિષયના દોષને સ્પષ્ટ કરીને કહે છે. જેમ હળાહળ ઝેરે યુક્ત સ્વાદુ મોદક તે પણ ખાધાથી જનને હણે છે તેમ જ દુઃખના કારણ એવા વિષય પણ ભોગવ્યાથી જનને મોક્ષના માર્ગ થકી પાડે છે. અને જેમ દૂધ પાઈને પાળેલા સર્પ પાળનારાને હણે છે, તેમ સ્વભાવે કરીને જ શત્રુ અને દુષ્ટપણે યુક્ત એવા કામ જે વિષય તે પોતાને સેવનારાને હણે છે.

અને લીલાં એવાં ઘણાં ઘાસે કરીને ઢંકાયા એ હેતુ માટે ઉપરથી સારા જણાતા એવા કૂવા જેમ તૃણના લોભે કરીને આવ્યાં જે પશુ તેમને મૃત્યુના હેતુ છે, **તેમ ઉપરથી સારા અને પ્રિયની પેઠે જણાતા પણ પ્રિયને કરનારા નહિ એવા વિષય પોતાના સમીપને પામ્યા એવા પ્રાણીને નિશ્ચય મારે છે. કહેતાં જન્મ મરણ પમાડે છે.**

અને ઉપરથી રમણીયની પેઠે જણાતા અને પોતાને અંગીકાર કરનારા તેમને પણ ત્યાગ કરનારા અને તેમાં આસક્ત એવા જીવ તેણે ત્યાગ થઈ શકે નહિ એવા તે વિષય જીવના શત્રુ એવા સતા નિશ્ચય તે જીવને અંતે તાપને પમાડે છે. અને જેમ ઝેરના વૃક્ષને પામીને અને

જેમ સર્પ સબંધી ફણાને પામીને પ્રાણી દુઃખને પામે છે, તેમ વિષયને પામીને નિરંતર દુઃખને પામે છે. અને જેમ મનુષ્ય મનને વહાલા એવા જેટલા વિષયને સેવે છે, તે મનુષ્ય તેટલા શોકના ખીલા તેને પોતાના હૃદયમાં નિશ્ચય ચોડે છે. અને જેમ ઢીમર જે માછી તે મોટી જાળે કરીને માછલાંને બાંધે છે, તેમ વિષય મોટી મોહરૂપી જાળે કરીને પ્રાણીને બાંધે છે. અને જેમ પારધી તે મૃગલાને વિશ્વાસ દઈને હણે છે અને જેમ કસાઈ પશુને વિશ્વાસ દઈને હણે છે, તેમ ઠગારા અને દુષ્ટ એવા તે વિષય મનુષ્યને વિશ્વાસ દઈને હણે છે.

અને જેમ ઝેરના વૃક્ષના ફળને ખાનારા જનો ઘણીક પીડાને પામે છે, તેમ વિષયને ભોગવતા એવા અજ્ઞાની જનો નિશ્ચય ઘણી પીડાને પામે છે. અને જેમ માજમ આદિક વસ્તુ પોતાના ખાનારા પ્રાણીને તત્કાળ ગાંડા કરે છે, તેમ વિષય પોતાને ભોગવનારા મનુષ્યને વિહ્વળ કરે છે. અને જેમ વાયુ વાદળાંને હરે છે અને જેમ ધુતારા પ્રાણીના પ્રાણને હરે છે, તેમ વિષય પ્રાણીના સમગ્ર વિદ્યા, ધર્મ આદિક સદ્‌ગુણને નાશ કરે છે. અને મૂર્ખ જીવો વિષયને અર્થે પરસ્પર વૈર કરીને મહા રોષે કરીને અંધ છે, ચક્ષુ જેમનાં એવા સતા વહાલા પ્રાણને પણ ત્યાગ કરે છે.

અને જેમ બાળક મધુલવ જે ખાખરાના વૃક્ષના પાદડાંના ડીટાં તેને અતિશય ચાટીને તુચ્છ છે આનંદ જેમને એવા સતા તૃપ્તિને નથી પામતા, તેમ પ્રાણી મધુલવ જેવા વિષયને વારંવાર ભોગવીને પણ નિશ્ચય તૃપ્તિને નથી પામતા. અને જેમ ખાધા એવા જે ધતુરાના બીજ તથા ભિલામાને ખાનારા જનને તે ઘણું દુઃખ દે છે, તેમ ભોગવ્યા એવા વિષય જનને નિશ્ચય બહુ પીડાને પમાડે છે.

અને શરદઋતુના વાદળાં ને વીજળીની પેઠે ચંચળ અને તાપ, શોક ને દુઃખ તેના કારણ એવા વિષય પોતાને સેવનારા જનોને શ્વાન, ગદર્ભ ને બકરો તેની પેઠે નિર્લજ અને નિંદા કરવા યોગ્ય કરે છે. અને તે વિષયો ત્યાગી તથા ગ્રહસ્થ અને બીજા પણ જનોને મોક્ષના માર્ગ

થકી ભ્રષ્ટ કર્યા સતા નિંદા અને દુર્દશાને પમાડે છે. અને ભોગવવાને આરંભ કર્યો એવો એક મનોરથ તે જેટલામાં પૂર્ણપણાને નથી પામતો તેટલામાં બીજો મનોરથ ઉદય થાય છે.

તે હેતુ માટે હે મુકુંદવર્ણી ! તે નવા નવા ઉત્પન્ન થાતા જે સકળ મનોરથ તેનું પૂર્ણપણું કેમ થાય ? ન જ થાય. અને કામનું જે ભોગવવું તેણે કરીને કામ ક્યારેય સમાતો નથી, સામો વૃદ્ધિને પામે છે. કેમ જે, ઘી જમવે કરીને તાવ જેમ નાશ નથી થતો તથા વાયુએ કરીને અગ્નિ જેમ શમતો નથી, સામો વૃદ્ધિને પામે છે તેમ. અને કામને સેવતો જન અંતરમાં સુખને નથી પામતો. કેની પેઠે ? તો સ્યેન પક્ષીના નિવાસભૂત વૃક્ષની છાયામાં કપિંજલ પક્ષી તે જેમ સુખ નથી પામતો. અને જેમ ચંદ્ર ને સૂર્યનું સમગ્ર તેજ તેને રાહુ ઢાંકી દે છે, તેમ વિષય તત્કાળ જનની બુદ્ધિના પ્રકાશને ઢાંકી દે છે.

અને જેમ વાયુએ ઉડાડેલા રજના સમૂહ તે જનની દષ્ટિને આવરી લે છે, અને જેમ મેઘ આકાશને આવરી લે છે, તેમ વિષય જ્ઞાનદષ્ટિને આવરી લે છે. આ પ્રકારે વિષય અત્યંત ક્લેશ અને દોષના કારણ છે. અને મનુષ્યને વારંવાર સંસાર અને નરકને નિશ્ચય પમાડનારા છે, અથવા વિષય પોતાને નામે કરીને જ પોતાને સેવનારાને બાંધે છે. કેની પેઠે ? તો જેમ ઉર્વસીએ પોતાનું દુષ્ટપણું તે ઐલરાજાને કહ્યું હતું તેમ. તે કારણપણાને માટે તે વિષયનો શો અપરાધ છે ? તેમને ભોગવનારાઓનો જ અપરાધ છે. કેમ જે પોતાને સેવે તેમને બાંધે એવો વિષયરૂપ પોતાનું નામ તેનો અર્થ છે. આ પ્રકારે દોષ દેખાડવાપૂર્વક તે વિષયનું અપરાધે રહિતપણું છે. ને તેમને ભોગવનારાને અપરાધે સહિતપણું કહીને કાળે કર્યું જે સર્વ વિનાશપણું તેને કહે છે.

હે વર્ણી ! પ્રકૃતિમાંથી થયા અને અનિત્ય કહેતાં પરિણામને પામનારા એવા સમગ્ર વિષય, આકાર ને પદાર્થ તેમનો તથા સમગ્ર બ્રહ્માંડનો, હે ધિમન્ ! ચાર પ્રકારના પ્રલયે કરીને નિશ્ચય નાશ થાય છે.

તે હેતુ માટે પ્રાકૃત એવા ભાવ જે પદાર્થ તેમનું નાશવંતપણું જ છે. હે મુકુંદ બ્રહ્મચારી ! આવી રીતે માયિક એવા લોકભોગાદિકને નાશવંત જાણીને અને શોક, તાપ ને દુઃખ તેના સ્થાનભૂત તથા કાળરૂપી સર્પ તે થકી જે ભય તેણે વ્યાપ્ત એવાને જાણીને તે **લોકભોગાદિકમાં અત્યંત જે અરુચિ તેને વૈરાગ્ય કહીએ.**

અને જન જે વૈરાગ્યને પામીને તત્કાળ કામના બંધન થકી મુકાય છે. અને તે વૈરાગ્ય તો મહા ભાગ્યની જેને ઉપમા આપીએ એવો શુભ છે. અને સર્વ આભૂષણમાં શ્રેષ્ઠ એવો ભક્ત તેમને અલંકારરૂપ છે. અને જેમ સુવર્ણ અગ્નિના પ્રસંગે કરીને સર્વ મળનો ત્યાગ કરે છે, તેમ ચિત્ત વૈરાગ્યે કરીને જ સમગ્ર મળનો ત્યાગ કરે છે. અને જેમ વિશલ્યકરણી ઔષધિના સબંધે કરીને દેહ થકી શલ્ય નીકળી જાય છે, તેમ વૈરાગ્યે કરીને હૃદય થકી તત્કાળ દુઃખ બાહેર નીકળી જાય છે. અને જેમ ચમકપાષાણના સ્પર્શ થકી લોહ બાહેર નીકળે છે, તેમ કામ સબંધી ઘણી વિક્રિયા વૈરાગ્યે કરીને અંતઃકરણ થકી બાહેર નીકળે છે. અને જેમ દેહધારીને રોગ ઔષધના સબંધ થકી સમાઈ જાય છે, તેમ કામમાં આસક્તિરૂપી રોગ વૈરાગ્યે કરીને સમાઈ જાય છે.

અને જેમ કતક વૃક્ષના ફળના પ્રસંગ થકી મલીન એવું પણ જળ નિશ્ચય સર્વ પ્રકારે નિર્મળપણાને પામે છે, તેમ સર્વ પીડાને શમાવે એવું શ્રેષ્ઠ વૈરાગ્યરૂપી જે ઔષધ તે થકી મન નિર્મળપણાને પામે છે, તથા અંતઃકરણના રોગ સમાઈ જાય છે. અને જેમ મન ચિંતામણિને પામીને દીનપણાનો ત્યાગ કરે છે, તેમ વૈરાગ્યને પામીને જ કામની પ્રાપ્તિને અર્થે દીનપણું તેનો ત્યાગ કરે છે. અને જેમ જળને માંહી પ્રવેશ કરાવેલી તુંબડી જળની ઉપર આવે છે, પણ તે તુંબડી જળની માંહી નથી રહેતી, તેમ વૈરાગ્યે યુક્ત એવા વિવેકી પુરુષોની બુદ્ધિની વૃત્તિ પોતાના મનની સંગાથે જોડી સતી પણ વિષયમાં નથી રહેતી. કેમ તો વિષય થકી પાછી વળી આવે છે.

અને જેમ માર્ગે ચાલતા એવા ધનવાળા પુરુષને શસ્ત્રધારીના પ્રસંગે કરીને જ સર્વે પ્રકારે ચોર સંબંધી વિઘ્ન નાશ પામે છે, તેમ કલ્યાણના માર્ગમાં ચાલતા એવા મનુષ્યને કામાદિક દુષ્ટ એવા ચોર તે સબંધી વિઘ્ન વૈરાગ્યે કરીને જ નાશ પામે છે. તે હેતુ માટે મારા સમીપની પ્રાપ્તિ કરાવનાર અને વિષય દુઃખને દળી નાખનાર અને પવિત્ર સાધનમાં શ્રેષ્ઠ એવો વૈરાગ્ય અતિશય શ્રેયને કરે છે. અને હે મુને ! તીવ્ર વૈરાગ્યે યુક્ત અને મારે વિષે મનને જોડનારા એવા મારા ભક્તને હું જોઈને ઘણી પ્રસન્નતા પામું છું. હે મુકુંદ બ્રહ્મચારી ! અમોએ તમને આ પ્રકારે વૈરાગ્યના ઉદયનો હેતુ શાસ્ત્રને અનુસારે જ સ્પષ્ટ જેમ હોય તેમ કહ્યો છે. અને હે વર્ણીંદ્ર ! તમને વૈરાગ્યનુ સ્વરૂપ કહ્યું તે તમોએ હૃદયમાં ધારવું અને આ જ રીતે મુની આદિક મારા આશ્રિતજનોને કહેવું.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'પુરુષોતમગીતા તેમાં રાજા તથા દેવાદિકના ભોગ તથા વૈભવ નાશવંત તથા જીવે ભોગવ્યા જે વિષય તેનાં દુઃખ કહ્યાં' એ નામે નવમો અધ્યાય ॥૯॥ સળંગ અધ્યાય ॥૪૯॥

અધ્યાય - ૫૦

શ્રીહરિએ બ્રહ્મચારીને ભક્તિનું સ્વરૂપ કહ્યું

હવે આ પ્રકારે સંસારરૂપી તીવ્ર રોગનું પરમ ઔષધરૂપ એવા વૈરાગ્યે યુક્ત અને દુઃખને નાશ કરનારું ને અમૃત થકી અતિ શ્રેષ્ઠ એવું શ્રીહરિનું વચન સાંભળીને પ્રસન્ન થયા સતા મુકુંદબ્રહ્મચારીએ શ્રીહરિને નમસ્કાર કર્યા. અને સભામાં બેઠેલા સમગ્ર ભક્તો પણ સાંભળીને અતિશય પ્રસન્ન થયા અને શ્રીહરિને નમસ્કાર કર્યા. તે સમયમાં મુકુંદવર્ણીએ પૂછ્યું જે, "હે મહારાજ ! હવે **ભક્તિનું રૂપ** કહો."

ત્યારે શ્રીહરિ કહે છે, "હે વર્ણી ! ભજ ધાતુનો સેવારૂપ અર્થ છે. અને તીન પ્રત્યયનો પ્રેમરૂપ અર્થ છે. તે માટે **સ્નેહે કરીને જે શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરવી તેને જ્ઞાની પુરુષો ભક્તિ કહે છે.** અને જેમ પતિવ્રતા સ્ત્રી પોતાના પતિને અનન્યભાવે કરીને સેવે છે, તેમ મુમુક્ષુ જન અનન્યભાવે કરીને શ્રીહરિને નિરંતર ભજે છે. તે અનન્યભાવ કેને કહેવાય ? તો **એક પોતાના સ્વામીમાં જ ભાવ હોય પણ બીજા કોઈમાં ન હોય.** અને વિષ્ણુ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું શ્રવણ કરવું ને કીર્તન કરવું ને સ્મરણ કરવું ને ચરણસેવન કરવું ને પૂજન કરવું ને વંદન કરવું ને દાસપણું કરવું ને સખાપણું કરવું ને આત્મનિવેદન કરવું અને એ શ્રવણ આદિક નવ ભક્તિનાં લક્ષણ છે. અને એ જે ભક્તિનાં નવ લક્ષણ તેમાંથી એક લક્ષણને પણ આશર્યો એવો જે જન તે ભુક્તિ અને મુક્તિને પામે છે. હવે એ નવ લક્ષણોને વિસ્તારે સહિત કહું છું.

❋ નવધા ભક્તિનાં લક્ષણો :

હે વર્ણી ! તે નવમાં પ્રથમનું જે શ્રવણ તે કેવી રીતે કરવું ? તો સ્વધર્મમાં રહ્યો એવો જે શ્રીકૃષ્ણ ભગવાનનો ભક્ત તેના મુખ થકી શ્રીકૃષ્ણ ભગવાનનાં જન્મ ને ચરિત્ર તેનું શ્રવણ કરવું. અને શ્રીકૃષ્ણ ભગવાનના જે વારાહાદિક અવતાર તેમના ચરિત્રને મુમુક્ષુ જનોએ આદર થકી સાંભળવાં. અને વળી શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત એવા જે પ્રહ્લાદજી, ધ્રુવ, પ્રિયવ્રત, અંબરિષ ને ઉદ્ધવજી આદિક ભક્તોની કથા આદર થકી સાંભળવી.

હવે **કીર્તન ભક્તિ**ને કહું છું જે, હે વર્ણી ! રાધિકાજીના સ્વામી એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેના ચરિત્રનું કીર્તન કરવું, તથા તે ભગવાનના સાધુ તેમના ચરિત્રનું કીર્તન કરવું. અને ભગવાન ને ભગવાનના સાધુના ચરિત્રની જે કથા ને વાર્તા તે નિરંતર આદર થકી કરવી. અને

પોતાના હિતને ઈચ્છતા એવા જે જન તેણે શ્રીકૃષ્ણ ભગવાન ને તેના ભક્તના સંબંધે યુક્ત એવા જે ગ્રંથ તેમને ભણાવવા તથા ભણવા તથા તે ગ્રંથનો નિત્યે પાઠ કરવો.

અને વ્રજના સ્વામી એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેના ગુણચરિત્રે યુક્ત એવા જે છંદે કરીને જે બાધ્યાં શ્લોક, કીર્તન ને ગદ્ય તે સંસ્કૃત હોય અથવા પ્રાકૃત હોય તો તેમનું હર્ષે કરીને ગાન કરવું. અને તે ગાન કરવું તે જો પોતાને વાજિંત્ર વજાડવામાં કુશળપણું હોય તો વીણા, મૃદંગ આદિક વાજિંત્રના શબ્દે યુક્ત ગાન કરવું અથવા તાળીઓના શબ્દે યુક્ત ગાન કરવું અથવા ક્યારેક તો તાળીઓ વજાડ્યા વિના પણ ગાન કરવું. હે મુકુંદ વર્ણી ! મહા સમર્થ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેની સ્તુતિ પ્રાર્થના ને નામકીર્તન તે શ્લોક આદિકના પાઠે કરીને કરવાં અથવા પ્રીતિએ યુક્ત એવાં મનોહર વચન બોલીને સ્તુતિ, પ્રાર્થના ને નામકીર્તન કરવાં.

હવે **સ્મરણ ભક્તિ**ને કહું છું. હે મુકુંદ વર્ણી ! અંગ જે હસ્ત મુખાદિક અને ઉપાંગ જે માળા, મુરલી, આયુધ આદિક તેમણે સહિત જે શ્રીકૃષ્ણ ભગવાનની સમગ્ર મૂર્તિ તેનું પોતાના હૃદયકમળમાં ચિંતવન કરવું. અથવા તે ભગવાનના ચરણારવિંદ આદિક અંગથી લઈને એક એક અંગનું ધ્યાન કરવું. તે ભગવાનના હસવા પર્યંત તે તે અંગનું નોખું નોખું ધ્યાન કરવું. અને વૃંદાવનમાં ચંદ્રમાની પેઠે શોભતા એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનાં નામનું મને કરીને સ્મરણ કરવું. અને તે ભગવાનનાં ચરિત્ર ને ગુણનું મને કરીને સ્મરણ કરવું તથા તે ભગવાનનો જે મંત્ર તે મને કરીને જપવો. હે મુકુંદ બ્રહ્મચારી ! જગના પતિ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનાં ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ ને બ્રહ્મપુર આદિક જે ધામ તેનું મનમાં સ્મરણ કરવું. અને વળી તે ગોલોકાદિક ધામમાં રહ્યા જે એ ભગવાનના પાર્ષદ, શક્તિયું, ઐશ્વર્ય, વૈભવ એ આદિક સર્વેનું મનમાં સ્મરણ કરવું.

હવે **ચરણસેવન ભક્તિ**ને કહું છું. હે મુકુંદ વર્ણી ! સત્પુરુષના પતિ એવા જે સાક્ષાત્ પ્રત્યક્ષ મૂર્તિ શ્રીકૃષ્ણ ભગવાન તેના ચરણારવિંદનું સંવાહન કરવું, કહેતાં રૂડી રીતે પગચંપી કરવી. અને તે ભગવાન પ્રત્યક્ષ ન હોય ત્યારે તો મને કરીને ધ્યાન કરવું ને ભગવાનના ચરણારવિંદનું સંવાહન કરવું. અને તે ભગવાનની પ્રતિમા હોય ત્યારે તો તે પ્રતિમાના ચરણનો સ્પર્શ કરવો. હવે તે ભગવાનના ચરણારવિંદનું જે માહાત્મ્ય તે બે શ્લોકે કરીને કહું છું.

હે મુકુંદ વર્ણી ! બ્રહ્મા, વિષ્ણુ ને શિવ એ ત્રણ મોટા દેવ તે શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમળની સેવાએ કરીને જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેને કરવાના સામર્થ્યને પામ્યા છે. અને સ્વર્ગલોક, મૃત્યુલોક ને પાતાળલોક એ ત્રણ લોકમાં ગતિ કરતાં એવા જે ગંગાજી તે ભગવાનના ચરણકમળને સ્પર્શે કરીને જ સમગ્ર બ્રહ્માંડને પવિત્ર કરે છે. અને એ ભગવાનના ચરણકમળના આશ્રયને કરતા જે મનુષ્ય તેમને માયા ને કાળ થકી ભય નાશ પામે છે. અને રાધા, લક્ષ્મી આદિક જે મોટા મોટા ભક્તજન તેમણે એ ભગવાનનાં ચરણકમળ નિરંતર સેવ્યાં છે. હે મુકુંદ વર્ણી ! એ ભગવાનનાં ચરણકમળને કોણ ન સેવે ? એ તો સર્વેને સેવવું.

અને વળી હે મુકુંદ વર્ણી ! વ્રજની ગોપીયું તો એ ભગવાનના ચરણકમળને સેવવે કરીને લક્ષ્મી ને બ્રહ્માદિક થકી પણ અતિશય મોટી કીર્તિને પામી છે. તે કીર્તિ કેવી છે ? તો પૃથ્વીને મધ્યે કવિઓમાં શ્રેષ્ઠ એવા વ્યાસજી આદિકને પણ ગાવવા યોગ્ય છે. અને લીલાએ કરીને નરનાટકને કરતા કહેતાં નરની પેઠે નરના વેશને અનુસરીને નરની રીતે ચરિત્રને કરતા અને વૃંદાવનમાં ચંદ્રમાની પેઠે શોભતા એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેમનું ચરણકમળ સંસાર થકી મુકાવાની ઈચ્છાવાળા મનુષ્યે સેવવું. અને તે ભગવાનના ચરણકમળને સેવનારા નરને બીજી ગતિ નથી થાતી, તેમને તો ચરણારવિંદની જ ગતિ થાય છે.

હવે **પૂજન ભક્તિ**ને કહું છું. હે મુકુંદ વર્ણી ! શ્રીકૃષ્ણ ભગવાનનું અર્ચન જે પૂજન તે તો પંચરાત્રના મતને અનુસર્યા જે મોટા અચાર્ય તેમણે શક્તિને અનુસારે ને વિધિને અનુસારે એક આભ્યંતર ને બીજું બાહ્ય એ બે પ્રકારનું કહ્યું છે. અને જેવી રીતે દીઠા અથવા જેવી રીતે સાંભળ્યા એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું હૃદયમાં ધ્યાન કરવું. ને પછી મને કરીને કલ્પેલાં એવાં જે ચંદન-પુષ્પ-નૈવેદ્ય આદિક મોટા ઉપચારોથી ભગવાનની પૂજા કરવી. તે બે પ્રકારના પૂજનમાં પ્રથમનું જે આભ્યંતર પૂજન તે વિવેકી તેમણે કહ્યું છે. અને પોતાના સામર્થ્યને અનુસારે મળેલાં ચંદન-પુષ્પાદિક ઉપચાર તેણે કરીને પોતાના અધિકારને અનુસારે વેદોક્ત પુરાણોક્ત મંત્રાદિકે કરીને શ્રીકૃષ્ણ ભગવાનનું જે બાહેર પૂજન કરવું તેને બીજું બાહ્યપૂજન કહ્યું છે.

અને પ્રથમનું આભ્યંતર પૂજન જે માનસી પૂજા તેને પ્રથમ કરીને તે પછી બીજું બાહ્યપૂજન કરવું. અને ચલ એવી જે પ્રતિમા તેમાં તો શ્રીકૃષ્ણ ભગવાનનું આવાહન કરીને પછી પૂજન કરવું. અને અચલ પ્રતિમામાં તો આવાહન ન કરવું. અને મદ્ય-માંસાદિક જે અપવિત્ર વસ્તુ તેના સંસર્ગે રહિત ને અતિશે શુદ્ધ કહેતાં કેશ ને ઝીણાં જંતુ તેણે વર્જિત ને શાસ્ત્રમાં પ્રસિદ્ધ ને બીજા દેવને અર્પણ ન કર્યાં એવાં જે ચંદન-પુષ્પાદિક પૂજાના ઉપચાર તેણે કરીને શ્રીકૃષ્ણ ભગવાનને પૂજવા. અને શ્રીકૃષ્ણ ભગવાનને સ્નાન કરાવીને પછી જેવી રીતે ઘટે તેવી રીતે વસ્ત્ર ધરાવવાં. અને નાના પ્રકારનાં જે અલંકાર તે જે સ્થાનકે જે જોગ્ય હોય તે પ્રમાણે ધરાવવાં.

અને તે ભગવાનના પૂજનનો કરનારો જે ભક્ત તે કુંકુમ ને કેસર તેણે જુક્ત એવું અનુલેપન જે અંગરાગ તે ભગવાનને શરીરે પ્રેમે કરીને ઋતુને અનુસારે કરે, તથા ભાલમાં સુંદર તિલકને કરે. અને સુગંધીમાન પુષ્પના જે હાર તથા ગુચ્છ તથા તોરા તે ભગવાનને ધરાવીને પછી ધૂપ ને દીપ તેને અર્પણ કરે. અને તે પછી પૂજનનો કરનારો ભક્ત ઋતુને

અનુસારે ને પોતાના સામર્થ્યને અનુસારે ભગવાનને નૈવેદ્ય ધરાવે. અને પછી નાના પ્રકારના વાજિંત્રને શબ્દે સહિત મોટી આરતી કરે. અને પછી ભગવાનને પ્રદક્ષિણા કરે, સ્તુતિ કરે, પ્રાર્થના કરે અને નમસ્કાર કરે. એવી રીતે દિવસ-દિવસ પ્રત્યે જે કરવું તેને શ્રીકૃષ્ણ ભગવાનનું પૂજન કહેવાય.

અને પ્રાતઃકાળ જે મંગળા આરતીનો સમય ને સંગવકાળ જે શણગાર આરતીનો સમય ને મધ્યાહ્નકાળ જે રાજભોગ આરતીનો સમય, ને અપરાહ્ન જે સંધ્યા આરતીનો સમય, ને નિશામુખ જે શીતળ આરતીનો સમય, એવી રીતે નિત્યે પાંચ વખતે શ્રીકૃષ્ણ ભગવાનનું પૂજન કરવું તે ઉત્તમ પૂજન કહ્યું છે. અને પ્રાતઃકાળ, મધ્યાહ્નકાળ ને સાયંકાળ એ ત્રણ વખત નિત્યે શ્રીકૃષ્ણ ભગવાનનું પૂજન કરવું તે મધ્યમ પૂજન કહ્યું છે. અને નિત્યે એક પ્રાતઃકાળે ભગવાનનું પૂજન કરવું તે કનિષ્ઠ પૂજન કહ્યું છે. અને એ કનિષ્ઠ પક્ષ તો પાંચ વખત ને ત્રણ વખત પૂજન કરવાને જે ભક્તજન અસમર્થ હોય તેનો છે.

હે મુકુંદવર્ણી ! શ્રીકૃષ્ણ ભગવાનના સર્વે જન્મ-ઉત્સવના દિવસે તથા સર્વે એકાદશીઓના દિવસે ગીત ને વાજિંત્રના શબ્દે યુક્ત શ્રીકૃષ્ણ ભગવાનની મોટી પૂજા કરવી. અને તે જન્મ-ઉત્સવને દિવસે ને એકાદશીઓને દિવસે ઉપવાસ કરવો તથા રાત્રિમાં જાગ્રણ કરવું. અને તેના પારણાના દિવસે અને બીજા અન્નકૂટાદિક ઉત્સવના દિવસે પોતાના સામર્થ્યને અનુસારે બ્રાહ્મણ તથા સાધુ તેમને જમાડવા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'પુરુષોત્તમગીતામાં 'ભક્તિનું રૂપ કહ્યું તથા જન્મોત્સવ તથા એકાદશીના ઉત્સવ કહ્યા' એ નામે દશમો અધ્યાય ॥૧૦॥ સળંગ અધ્યાય ॥૫૦॥

અધ્યાય - ૫૧

ધનવાન ભક્તોએ મંદિર, મૂર્તિપ્રતિષ્ઠાદિક ઉત્સવ કરાવવા.

ધનવાન એવો જે ગૃહસ્થાશ્રમી ભક્ત તે અતિશય દૃઢ એવાં ભગવાનનાં મંદિર કરાવે. અને તે મંદિરમાં શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિની જે પ્રતિષ્ઠા તે મોટા ઉત્સવે કરીને કરાવે. અને તે ભગવાનના પૂજાના પ્રવાહની સિદ્ધિને અર્થે ગામ, ખેતર ને ધનાદિકે કરીને નિર્બાધ એવી તે મંદિરની આજીવિકા કરાવે. અને શ્રીકૃષ્ણ ભગવાનને અર્થે કૂવો, વાવ અને તળાવ, કુંડ ને ફૂલવાડી તે કરાવે. અને જીવની હિંસાએ રહિત એવા વિષ્ણુયાગ કરે ને કરાવે.

અને શ્રીકૃષ્ણ ભગવાનનો અષ્ટાક્ષરાદિક મંત્ર તેનું પુરશ્ચરણ તથા તે ભગવાનના પ્રતિપાદનને કરનારા જે ગીતા, ભાગવતાદિક ગ્રંથ તેમનું જે પુરશ્ચરણ તેને શાસ્ત્રોક્તવિધિએ કરીને ભગવાનના ભક્ત એવા જે સ્વધર્મનિષ્ઠ બ્રાહ્મણ તેમની પાસે કરાવે. અને શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરતાં બાકી રહ્યા જે પ્રસાદી ચંદનાદિક તેણે કરીને સર્વે દેવતા ને પિત્રી તેમને પૂજવા. અને શ્રીકૃષ્ણ ભગવાનને નૈવેદ્ય કર્યું એવું જે સુંદર અન્ન તેણે કરીને સાધુ-બ્રાહ્મણને તૃપ્ત કરવા.

❋ વંદન-દાસ્ય-સખ્ય તથા આત્મનિવેદન ભક્તિનાં લક્ષણ :

હવે **વંદન ભક્તિ**ને કહું છું. હે પવિત્ર વ્રતવાળા વર્ણી ! શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત એવા પુરુષોએ તો અષ્ટ અંગે સહિત એવું શ્રીકૃષ્ણ ભગવાનને વંદન કરવું. તે આઠ અંગ કિયાં ? તો હાથ, ઢીંચણ, છાતિ, મસ્તક, દૃષ્ટિ, વચન અને મન એ આઠે અંગને નમાવીને પૃથ્વી ઉપર પડીને ભગવાનને નમસ્કાર કરવો. અને શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત એવી બાઈયું તેમણે તો પંચ અંગે સહિત શ્રીકૃષ્ણ ભગવાનને વંદન કરવું. તે પાંચ અંગ કિયાં ? તો હાથ, મસ્તક, મન, વચન ને દૃષ્ટિ એ પાંચ અંગને નમાવીને પૃથ્વી ઉપર બેસીને ભગવાનને નમસ્કાર

કરવો, પણ બાઈયુંને આઠ અંગે સહિત નમસ્કાર ન કરવો. અને શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમળને અડેલી જે રજ તેમાં અક્રુરજીની પેઠે આળોટવું. અને તે રજને પોતાના મસ્તક ઉપર ધારવી.

હવે **દાસપણાની ભક્તિ**ને કહું છું. હે વર્ણી ! માનનો દૂર થકી ત્યાગ કરીને ભગવાનનું દાસપણું કરવું. અને જેમ દાસ સમયને અનુસારે પોતાના સ્વામીની પરિચર્યા પરાયણ થાય છે, તેમ જ ભક્તજન સમયને અનુસારે પોતાના સ્વામી શ્રીકૃષ્ણ ભગવાનની પરિચર્યા પરાયણ થાય. અને ભક્તજન શ્રીકૃષ્ણ ભગવાનને અર્થે જળ, પુષ્પ ને તુલસીને પોતે જ લાવે તથા તે ભગવાનને અર્થે ચંદન તે પોતે જ લાવે, તથા તે ભગવાને અર્થે સુંદર રસોઈ તે પોતે જ પવિત્ર થઈને કરે. અને ઋતુને અનુસરીને વીંજણો, ચમર ને વસ્ત્રાદિક તેણે કરીને પોતે જ શ્રીકૃષ્ણ ભગવાનને વાયરો નાખે. અને શ્રીકૃષ્ણ ભગવાનના મંદિરમાં પોતાને હાથે જ પૂંજો(કચરો) વાળે તથા ગાર કરીને લીંપે. અને અન્ન-જળ ને ફળાદિક તેણે કરીને જેમ ઘટે તેવી રીતે ભગવાનના ભક્તની પ્રીતિએ યુક્ત થકો પોતે સેવાને કરે. તથા પોતે નિર્માની થકો તે ભગવાનના ભક્તને નમસ્કાર કરે.

હવે **સખાપણાની ભક્તિ**ને કહું છું. હે મુકુંદવર્ણી ! દ્રૌપદી અને અર્જુનની પેઠે શ્રીકૃષ્ણ ભગવાનની સાથે સખાપણું કરવું. અને પોતાનો દેહ, સ્ત્રી, પુત્ર, ધનાદિક તે થકી પણ અધિક સ્નેહ ભગવાનમાં કરવો. અને હે મુકુંદવર્ણી ! મનુષ્ય નાટ્યને ધરતા, કહેતાં મનુષ્યની પેઠે આચરણને કરતા ભગવાનની ક્રિયામાં દોષબુદ્ધિ તો ક્યારે પણ ન કરવી. અને એ ભગવાનનો જ દૃઢ વિશ્વાસ કરવો.

હે વર્ણી ! હવે **આત્મનિવેદન ભક્તિ**ને કહું છું. હવે તમે ભક્તિનું નવમું લક્ષણ જે આત્મનિવેદન તેને સાંભળો. આત્મા જે પોતાનો દેહ તે સર્વ પ્રકારે શ્રીકૃષ્ણ ભગવાનને અર્થે જ કરવો. અને

પોતાનો દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ ને સ્વભાવ તથા પોતાના પિતા ને પુત્રાદિક સબંધીજન એ સર્વેને પરવશ તો ક્યારે પણ ન વર્તવું. અને નિત્યે શ્રીકૃષ્ણ ભગવાનને આધીન વર્તવું. અને શ્રીકૃષ્ણ ભગવાનને અર્થે છે સર્વે ક્રિયા જેની એવા થાવું. અને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિમાં વિઘ્ન કરનારો પોતાનો કોઈક સ્વભાવ તથા સબંધી હોય તો તેનો ત્યાગ કરવો.

અને ભગવાનનો ભક્ત પોતાને નેત્રે કરીને શ્રીકૃષ્ણ ભગવાનનું જ દર્શન કરે અને કાને કરીને તે ભગવાનની કથાને સાંભળે અને ત્વચાએ કરીને તે ભગવાનના ચરણકમળનો સ્પર્શ કરે. અને જિહ્વાથી ભગવાનના ગુણનું ઉચ્ચારણ કરવું તથા ભગવાનનો પ્રસાદ લેવો. અને નાસિકાથી ભગવાનની પ્રસાદી એવા જે પુષ્પાદિક તેનો સુગંધ લેવો. ભગવાનની પરિચર્યા કરવી તેમાં પોતાના હાથને રાખે. અને તે ભગવાનને નમસ્કાર કરવો તેમાં મસ્તકને રાખે. અને તે ભગવાનને પ્રદક્ષિણા કરવી તથા તે ભગવાનને સમીપે જાવું તેમાં પગને રાખે.

અને મને કરીને શ્રીકૃષ્ણ ભગવાનના સંકલ્પને જ કરે. અને બુદ્ધિએ કરીને એ ભગવાનનો નિશ્ચય કરે. અને ચિત્તે કરીને એ ભગવાનનું ચિંતવન યથાર્થપણે કરે. અને અહંકારે કરીને પોતામાં શ્રીકૃષ્ણ ભગવાનના દાસપણાનું અભિમાન કરવું. અને ખેડ, વેપાર ને ઉદ્યમ તે શ્રીકૃષ્ણ ભગવાનને અર્થે જ કરવાં. અને જે જે વસ્તુ પોતાને પ્રિય હોય તે તે વસ્તુ તે શ્રીકૃષ્ણ ભગવાનને જ નિવેદન કરવું. અને ચંદન, પુષ્પ ને વસ્ત્રાદિક જે પદાર્થ તે પણ શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસાદી કરાવીને જ ધારવાં. હે વર્ણી ! પત્ર માત્ર પણ શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ ન કર્યું હોય તો તેને ક્યારેય ખાવું નહીં. ને તે ભગવાનને અર્પણ ન કર્યું એવું જે જળ તે પણ ક્યારેય પીવું નહીં. અને તે ભગવાનના જે ભક્ત તેમણે તપ, યજ્ઞ, વ્રત, દાન તથા ભગવાનના ભક્તની સેવા એ સર્વે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસન્નતાને અર્થે કરવું.

✵ સકામ-નિષ્કામ ભક્તનાં લક્ષણ

હે વર્ણી ! એવી રીતે શ્રવણાદિક નવ લક્ષણવાળી ભક્તિ તેણે કરીને જે મનુષ્ય ભગવાનને ભજે છે, તેને ભક્ત કહ્યા છે. અને તે બે પ્રકારના ભક્તમાં પ્રથમના તો સકામ ભક્ત છે, કહેતાં ભગવાન વિના બીજા ફળની ઈચ્છા રાખીને ભગવાનને ભજે છે. અને તે સકામ ભક્ત પોતાને મનવાંછીત એવો જે અતિશય મોટો ધર્મ, અર્થ, કામ ને મોક્ષ તેને શ્રીકૃષ્ણ ભગવાન થકી નિશ્ચય પામે છે. અને તે સકામ ભક્ત દેહ મૂક્યા પછી શ્રીકૃષ્ણ ભગવાનના ગોલોકાદિક ધામ તેમાં જઈને અવિનાશી એવા જે પોતાને મનવાંછીત સુખ તેમને ભગવાન થકી પામે છે.

અને હે વર્ણી ! બીજા તો નિષ્કામ ભક્ત છે. **તે નિષ્કામ ભક્ત તો શ્રીકૃષ્ણ ભગવાનની સેવા વિના સાલોક્યાદિક ચાર પ્રકારની મુક્તિઓને ક્યારેય નથી ઈચ્છતા. અને અણિમાદિક આઠ સિદ્ધિઓને પણ ક્યારેય નથી ઈચ્છતા, એક ભગવાનની સેવાને જ ઈચ્છે છે.** અને ભગવાને પોતે આપવા માંડેલ મુક્તિરૂપ ને સિદ્ધિરૂપ મોટું ઐશ્વર્ય તેને ભગવાનની સેવામાં વિઘ્ન કરનાર જાણીને નિષ્કામ ભક્ત તે ઐશ્વર્યને મને કરીને પણ ગ્રહણ કરતા નથી. કે'તાં તે ઐશ્વર્યને લેવાનો સંકલ્પ પણ કરતા નથી.

અને **હે મુકુંદ બ્રહ્મચારી ! એવી રીતે નિષ્કામભાવે કરીને જે નર શ્રીકૃષ્ણ ભગવાનને ભજે છે તે તો ભક્તમાં ઉત્તમ ભક્ત જાણવો, ને સર્વે પ્રકારે પૂર્ણકામ થયો જાણવો. અને એ ભગવાનનું હૃદય જાણવો, કે'તાં એ ભગવાનને અતિશય પ્રિય જાણવો.** અને એવી રીતે નિષ્કામભાવે ભગવાનને સેવતો ભક્ત તેને દિવસ દિવસ પ્રત્યે તે ભગવાનમાં પ્રેમ અતિશય વૃદ્ધિને પામે છે. અને તે પ્રેમ કોઈ વિઘ્ને કરીને હણાતો નથી.

અને જેમ ગંગાજીનો પ્રવાહ પોતાને વચમાં અંતરાયરૂપ મોટા પર્વત તેને પણ ભેદીને તેની અવગણના કરીને તત્કાળ સમુદ્રને જ પામે છે,

પણ વચમાં ટકતો નથી. તેવી રીતે એ નિષ્કામ ભક્તનો જે પ્રેમ તે દેશ, કાળ, ક્રિયા આદિક મોટા વિઘ્નને ન ગણીને શ્રીકૃષ્ણ ભગવાનને જ પામે છે, પણ તે પ્રેમ ઓછો થાતો નથી.

અને તે **નિષ્કામ ભક્તના મનાદિક ચાર અંતઃકરણની સર્વે વૃત્તિયું તથા નેત્રાદિક ઈન્દ્રિયુંની સર્વે વૃત્તિયું તે સહજ સ્વભાવે જ શ્રીકૃષ્ણ ભગવાનમાં વર્તે છે.** કેની પેઠે ? તો જેમ બીજા મનુષ્યનાં અંતઃકરણ ને ઈન્દ્રિયોની વૃત્તિયું માયિક પંચવિષયમાં સહજ સ્વભાવે વર્તે છે, તેમ એ ભક્તની વૃત્તિયું ભગવાનમાં નિરંતર વર્તે છે. અને પ્રત્યક્ષ પ્રમાણ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેમાં અધિક સ્નેહ પામેલો નિષ્કામ ભક્ત ભગવાન વિના બીજા કોઈ પદાર્થમાં આસક્ત થાતો નથી, એક ભગવાનમાં જ નિરંતર આસક્ત થકો વર્તે છે.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'પુરુષોત્તમગીતામાં ધનવાન ગૃહસ્થાશ્રમી દૃઢ મંદિર કરાવે તથા મૂર્તિની પ્રતિષ્ઠા કરાવે તથા ભક્તિમાં વિઘ્ન કરે તે સ્વભાવ તથા સંબંધી તેનો ત્યાગ કરવા કહ્યું' એ નામે અગ્યારમો અધ્યાય ॥૧૧॥ સળંગ અધ્યાય ॥૫૧॥

અધ્યાય - ૫૨

નિષ્કામ ભક્તનાં લક્ષણ

હે વર્ણીંદ્ર ! આ લોકમાં બે પ્રકારના પદાર્થ છે. એક તો રમણીય પદાર્થ છે અને બીજા અરમણીય-નરસા પદાર્થ છે. અને તે બે પ્રકારના પદાર્થમાં જે રમણીય પદાર્થ છે તે નિષ્કામ ભક્તને દુઃખરૂપ થાય છે કે'તાં દુઃખરૂપ ભાસે છે. અને શ્રીકૃષ્ણ ભગવાનમાં પ્રીતિવાળો જે નિષ્કામ ભક્ત તેને સારા નહિ એવા જે પદાર્થ તેમાં તો ક્યારેક દેહ-નિર્વાહને અર્થે પણ કોઈક સુખ જણાય છે, પણ જે રમણીય પદાર્થ છે તેમાં તો મહાદુઃખ જણાય છે.

અને તે ભક્તને મળિયાગર ચંદન ઝેરના ગારા જેવું જણાય છે. અને સુગંધીમાન પુષ્પના સુંદર હાર સર્પ જેવા જણાય છે. અને સોના-રૂપાનાં સુંદર આભૂષણ દૂષણ જેવાં જણાય છે. અને તે ભક્તને સુંદર પુષ્પની બિછાવેલી શય્યા બળબળતા અગ્નિ જેવી જણાય છે. અને ચંદ્રમા પણ તપતા સૂર્ય જેવો જણાય છે. અને તે ભક્તને સુંદર નવું જે ઘર તે તો ઘોર અરણ્ય જેવું જણાય છે. અને સુંદર સુગંધીમાન ને શીતલ વાયુ તે અતિશય દાવાનળની જ્વાળા જેવો ગણાય છે.

અને તે ભક્તને સૂક્ષ્મ વસ્ત્ર ભાર જેવું જણાય છે. અને પોતાના સંબંધીજન તે તો નહાર (વરુ તથા ભૂંડ) જેવાં જણાય છે. અને શરીરનું સુંદરપણું કોઢ જેવું જણાય છે. અને સુંદર સ્વાદુ ભોજન ઝેર જેવું જણાય છે. અને તે ભક્તને મનોહર ગાવવું તે કાનમાં તીખાં બાણ જેવું જણાય છે. અને દેવતાની અંગના તેની ઉપમા દેવાય એવી સુંદર રૂપવાન સ્ત્રીઓ તો રાક્ષસી જેવી જણાય છે. **અને એક ભગવાન વિના બીજા કોઈ પદાર્થમાં પ્રીતિ ન હોય એવો જે ભક્ત તેનાં આ ચિહ્ન, તેણે કરીને તેને જે ભગવાનમાં સ્નેહ છે તેનું પ્રમાણ કરવું.**

અને તે ભક્તના અંતરમાં ને બાહેર પણ એક શ્રીકૃષ્ણ ભગવાન જ નિરંતર સ્ફુરે છે. અને તે ભક્ત ક્યારેક તો સ્નેહ થકી તત્કાળ સ્ફુરી આવેલા ભગવાનને જોઈને હસે છે અને ક્યારેક તો પોતાની પાસેથી છેટા જાતા હોય નહિ શું ? એવી રીતે તે ભગવાનને જોઈને વિરહ થકી રુવે છે. અને તે ભક્ત ક્યારેક તો આનંદ થકી નાચે છે, ને ક્યારેક તો એ ભગવાનની સાથે બોલે છે, ને ક્યારેક તો તે ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરે છે, ને ક્યારેક તો કાંઈ પણ ન બોલતો થકો ઊભો થઈને રહે છે.

અને ક્યારેક તો 'હે ભગવાન ! તમે મારા અપરાધ ક્ષમા કરો..!' એવી રીતે શ્રીહરિની પ્રાર્થના કરે છે. અને ક્યારેક તો સ્નેહે કરીને

પરવશ થયેલો એ ભક્ત નિર્લજ થકો ભગવાનના કીર્તનને ગાય છે. અને ક્યારેક તો તે ભક્ત 'હે હરે ! હે નારાયણ! હે સ્વામિન્ ! હે શ્રીકૃષ્ણ ! હે ગોવિંદ ! હે માધવ !' એ આદિક જે ભગવાનનાં નામ તેનું ઊંચે સ્વરે કરીને ઉચ્ચારણ કરે છે. અને આ કહ્યાં જે લક્ષણો તેણે યુક્ત જે ભક્ત તે પોતાના ચરણની રજે કરીને સમગ્ર જગતને પવિત્ર કરે છે.

હે મુકુંદ વર્ણીંદ્ર ! એવી રીતે અતિશય પ્રેમે યુક્ત એવો જે ભક્ત તેના પ્રાણ ને મનનો શ્રીહરિની મૂર્તિમાં નિરોધ જે સમાધિ તે નિશ્ચય સહજમાં થાય છે. અને હે વર્ણીંદ્ર ! આવી રીતનો નિષ્કામ ભક્ત જે પુરુષ અથવા સ્ત્રી તે પોતાના દેહના પ્રારબ્ધકર્મને અંતે પોતાના દેહનો ત્યાગ કરીને માયામય એવો જે સત્ત્વ, રજ ને તમ એ ત્રણ ગુણનો ત્યાગ કરીને નિર્ગુણ થાય છે. અને તે પછી તે ભક્ત શ્રીકૃષ્ણ ભગવાનની ઈચ્છાએ કરીને બ્રહ્મરૂપ દિવ્ય તનુને પામીને દિવ્ય વિમાન ઉપર બેસીને પોતાને પ્રિય એવું ભગવાનનું બ્રહ્મધામ તેને પામે છે.

અને બીજા સર્વે ભક્તમાં મોટેરો એ ભક્ત ગોલોકધામમાં અથવા અક્ષરધામમાં અથવા વૈકુંઠધામમાં સર્વે ભક્તોએ નમસ્કાર કરાયેલો થકો શ્રીકૃષ્ણ ભગવાનની અખંડ સેવામાં વર્તે છે. અને હે વર્ણીંદ્ર ! તે ધામમાં શ્રીકૃષ્ણ ભગવાને બળાત્કારે આપેલાં ને કાળે કરીને નાશ ન પામે એવાં જે અનંત દિવ્ય સુખ તેને નિશ્ચય પામે છે.

હે મુકુંદ બ્રહ્મચારી ! પૂર્વે નવ પ્રકારની ભક્તિ કહી તેમાં મુખ્ય ભક્તનાં નામ કહું છું. વંદન ભક્તિમાં મુખ્ય ભક્ત અક્રુરજી કહેવાય છે. અને દાસ ભક્તિમાં ઉદ્ધવ અને હનુમાન શ્રેષ્ઠ કહેવાય છે અને સખ્ય ભક્તિમાં સર્વે થકી અર્જુન શ્રેષ્ઠ ભક્ત છે. અને દેહાદિક સર્વે અર્પણ કરવું તે આત્મનિવેદન ભક્તિ કહી છે, તેમાં બલિરાજા હરિભક્ત મુખ્ય કહેવાય છે. આવી રીતે ભક્તિના ભેદ કહી સંભળાવ્યા.

✵ નવધા ભક્તિના નવ નવ (૮૧) ભેદનું વર્ણન

હે વર્ણીંદ્ર! બીજા પણ ભક્તિના ભેદ કહું તે સાંભળો. તે **પ્રત્યેક ભક્તિના નવ નવ ભેદ** છે. તામસી, રાજસી, સાત્ત્વિકી, ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ છે. તેમાં બીજા ભક્તની ભક્તિ જોઈને ઈર્ષા લાવીને જે ભક્ત ભક્તિ કરે તે ભક્તિ ઉત્તમ તામસી ભક્તિ જાણવી. અને દંભે કરીને ભક્તપણું દેખાડે અને અલ્પ ભક્તિ કરીને અધિક જણાવે તે ભક્તિને શાસ્ત્ર અને સંત મધ્યમ તામસી ભક્તિ કહે છે. અને શત્રુ આદિકને મારવાની આશા વડે જે ભગવાનની ભક્તિ કરે તે કનિષ્ઠ તામસી ભક્તિ કહેવાય છે. અને મોટાં ઐશ્વર્ય પામવાની આશાથી ભગવાનની ભક્તિ કરે છે તેને ઉત્તમ રાજસી ભક્તિ મોટા પુરુષ કહે છે.

અને જે ભક્તિ કરીને કીર્તિ જે ઇચ્છે તે મધ્યમ રાજસ ભક્તિ કહેવાય છે. અને ભક્તિ કરીને વિષય ઇચ્છે છે તે કનિષ્ઠ રાજસ ભક્તિ કહી છે. અને મારે ભજન કરવું અવશ્ય છે, એમ જાણીને ભક્તિ કરે છે તે ઉત્તમ સાત્ત્વિકી ભક્તિ જ્ઞાની પુરુષ કહે છે. અને આ ભગવાનને પ્રિય છે તેટલા માટે હું ભગવાનને અર્પણ કરું, એમ જાણીને જે ભક્તિ કરે છે તે મધ્યમ સાત્ત્વિકી ભક્તિ કહી છે. અને પોતાનાં પાપ નાશ કરવાની આશા રાખીને જે ભગવાનની ભક્તિ કરે તે સાત્ત્વિકી ભક્તિમાં કનિષ્ઠ ભક્તિ કહી છે. હે વર્ણીંદ્ર ! શ્રવણાદિક નવ પ્રકારની ભક્તિ તેના એક એકના નવ ભેદ કહેવાય છે. એવી રીતે એકાશી (૮૧) ભેદ કહેવાયા. તે મેં તમને સર્વને કહી સંભળાવ્યા. અને બ્યાસીમી જે પ્રેમલક્ષણા ભક્તિ એનું લક્ષણ હવે તમને સંભળાવું છું. તે સાંભળીને તમે તેવી જ રીતે વરતશો.

✵ પ્રેમલક્ષણા ભક્તિનું લક્ષણ

હવે જે શ્રીપુરુષોત્તમ અક્ષરધામના ધામી અને સર્વેના નિયંતા અને સર્વેના અંતર્યામી છે તે ભગવાન પૃથ્વી ઉપર તનુ ધારણ કરે છે,

ત્યારે તેમનાં સર્વે ચરિત્ર ભક્તજન અંતરમાં ધારે છે. અને વળી સર્વ ક્રિયા કરતાં તે ભક્ત ભગવાનની મૂર્તિમાં પોતાના મનને જોડી રાખે છે. કેવી રીતે ? તો જેમ ગંગાજીની ગતિ સમુદ્રમાં રહે છે, તેમ તે **ભક્તના મનની ગતિ ભગવાનમાં રહે છે, તેને નિર્ગુણ ભક્તિ કહે છે અથવા પ્રેમલક્ષણા પણ તેને જ કહી છે**. અને સર્વ ઇચ્છામાત્રનો ત્યાગ કરીને જે ભક્તિ કરે છે તે **નિષ્કામ ભક્તિ** કહી છે. તે ભક્તને સિદ્ધિ યું આદિક કોઈ પણ વિઘ્ન કરી શકતાં નથી. અને તે ભક્ત અખંડ ભગવાનના ચરણારવિંદમાં પોતાના મનને લીન કરી રાખે છે. અને જે જન એવી ભક્તિ કરે છે તે નિર્ગુણ હરિભક્ત કહેવાય છે અને એકાંતિક ભક્ત કહ્યો છે.

અને તે નિર્ગુણ ભક્ત એમ મનમાં જાણે છે જે, 'સુખમાત્ર ભગવાનની સેવામાં રહ્યું છે.' એમ જાણીને ભક્તિયોગ કરીને બ્રહ્મરૂપ થઈને ત્રિગુણાતીત થાય છે. અને પાંચ પ્રકારની મુક્તિ જે સાલોક્યાદિક સુખ તે થકી પણ અધિક સુખ ભગવાનની ભક્તિયોગે કરીને પામે છે. માટે બ્રહ્મરૂપ થઈને ભગવાનના ભક્ત શુક-સનકાદિક જેમ ભક્તિ કરે છે તેમ ભક્તિ કરવી. આવી રીતે વેદ, પુરાણ તથા સત્પુરુષો વારંવાર એમ કહે છે જે, ભગવાનની ભક્તિ કર્યા વિના અલ્પ સુખ પણ નથી મળતું. તે કેવી રીતે નથી મળતું ? તો કાચબાના બરડા ઉપર વાળ નથી ઊગતા, તે કદાચ ઊગે, અને વાંઝણીનો પુત્ર તે શત્રુને મારે, અને આકાશમાં બહુ પુષ્પો ફૂલે, અને સસલાનાં શીંગડાં વતે કૂવો ખોદે, અને ક્યારેક મૃગતુષ્ણાના જળે કરીને તૃષીત જન જળપાન કરે તથા સ્નાન કરે, અને અંધારું સૂર્યને છુપાવે, અને ચંદ્રમા થકી અગ્નિ ઝરે, અને વળી પાણી વલોવતાં ઘૃત મળે, અને ક્યારેક રેતી પીલ્યાથી તેલ મળે, અને સર્પનું બાળક ગરુડજીને ડરાવે, અને મેરુને કીડી ગળી જાય, અને ક્યારેક ગંગાજીના પ્રવાહને ભેડ (ઘેટાનું બચ્ચું) અટકાવે.

આ કહ્યા એવા બનાવ કદાચ બને, પણ ભગવાનની ભક્તિથી વિમુખ છે તે સુખ નથી પામતા. અને જે ભગવાનની ભક્તિ કર્યા વિના સંસારસાગર તરવાની જે અંતરમાં આશા રાખે છે તે તો, હે વર્ણીંદ્ર! જેમ મૂર્ખ જન નાવનો ત્યાગ કરીને પોતાના બાહુ બળે મહાસાગર તરવાને ઈચ્છે છે તેવો જાણવો. અને ભગવાન તો મચ્છરિયાને બ્રહ્મા કરે અને વળી બ્રહ્માને મચ્છરિયા સમાન કરે છે, એમ જાણીને જે જન જગતમાં ભગવાનની ભક્તિ કરે છે તેને જ જ્ઞાની કહ્યો છે. આવી રીતે વેદ, શાસ્ત્ર અને પુરાણ અને સંત નિરંતર પોકારીને કહે છે. માટે **સદાય પ્રગટ ભગવાનને બીજા સર્વે કામનો ત્યાગ કરીને ભજી લેવા.**

અને ભગવાનની ભક્તિ કર્યાથી હે વર્ણીંદ્ર ! મુક્તિ વિના ઈચ્છે ચાલી આવે છે. કેવી રીતે ? તો જેમ સ્થળમાં સર્વ જળ આવીને રહે છે, પણ તે વિના કોટી ઉપાયે કોઈ જન જળ રાખવાનું કરે પણ સ્થળ વિના જળ રહી શકતું નથી. તેવી જ રીતે મોક્ષરૂપી સુખ તે હરિની ભક્તિ વિના રહી નથી શકતું. તેટલા માટે ભગવાનના ભક્ત ભગવાનની ભક્તિનો મહિમા જાણીને અને ચતુર્ધા મુક્તિનો ત્યાગ કરીને, ભાવે સહિત ભક્તિ કરે છે. અને હે વર્ણીંદ્ર ! વિના પ્રયત્ને અને વિના પ્રયાસે ભગવાનની ભક્તિ કર્યાથી અવિદ્યાનો નાશ થાય છે. તેટલા માટે સદાય તમારે ભક્તિ કરવી.

અને મહામુક્ત જન તે પણ કહે છે જે, પ્રગટ ભગવાનની ભક્તિ કર્યા વિના ક્યારેય જન્મમૃત્યુનો ક્લેશ નથી ટળતો. અને સંત પુરુષના સંગ વિના ભગવાનની મોટપ ક્યારેય જીવમાં જણાતી નથી. અને તે **મોટપ જાણ્યા વિના ભગવાનનો વિશ્વાસ નથી આવતો. અને વિશ્વાસ વિના ભગવાનના ભક્ત પણ નથી થવાતું.** તેથી તેના હૃદયમાં ભક્તિ પણ પ્રવેશ નથી કરતી.

જેમ ચિકાશ ઉપર જળ પ્રવેશ નથી કરતું, તેમ સદ્‌ગુરુ વિના જ્ઞાન નથી થાતું, જ્ઞાન વિના ભગવાનનું ભજન નથી થાતું અને ભજન વિના

ભગવાન પણ પ્રસન્ન નથી થાતા અને ભગવાન પ્રસન્ન થયા વિના ક્યાંથી સુખ મળે ? ન જ મળે. માટે મનમાં અતિશય ઉમંગ લાવીને સુખમાત્રનું મૂળ સત્સંગ છે, એમ સદ્‌ગુરુનો વિશ્વાસ રાખીને તથા કુતર્કનો ત્યાગ કરીને ભગવાનને ભજવા. અને ભગવાનના ચરણારવિંદમાં નમસ્કાર કરીને વારંવાર વરદાન માંગીએ જે, હે ભગવાન ! મને સત્પુરુષનો સંગ તથા તમારી એકાંતિક ભક્તિ આપો. હે મુકુંદ બ્રહ્મચારી ! તમે મને પૂછ્યા જે ભક્તિનો ભેદ તે અતિ સ્નેહે કરીને તમને સંભળાવ્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'પુરુષોત્તમગીતામાં નિષ્કામ ભક્તનાં લક્ષણ તથા ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ ભક્તિના ભેદ કહ્યા' એ નામે બાવનમો અધ્યાય ॥૧૨॥ સળંગ અધ્યાય ॥૫૨॥

અધ્યાય - ૫૩

વચનામૃતના આધારે ભગવાનના સગુણ-નિર્ગુણાદિકનું વર્ણન

વળી મુકુંદવર્ણીએ પૂછ્યું જે, "હે મહારાજ ! ભગવાનના સ્વરૂપનો મહિમા કહો." ત્યારે શ્રીજીમહારાજ કહેવા લાગ્યા જે, "હે વર્ણીંદ્ર ! જે ભગવાનનું નિર્ગુણ સ્વરૂપ છે તે તો સૂક્ષ્મ થકી પણ અતિ સૂક્ષ્મ છે અને પૃથ્વી આદિક જે સર્વે તત્ત્વ તેનું આત્મા છે. અને તે થકી પર જે પ્રધાનપુરુષ તેનું પણ આત્મા છે. અને પ્રધાનપુરુષ થકી પર જે શુદ્ધ પુરુષ ને પ્રકૃતિ તેનું પણ આત્મા છે. અને તેથી પર જે અક્ષર તેનું પણ આત્મા છે. અને એ સર્વ ભગવાનનું શરીર છે.

અને જેમ દેહ થકી જીવ છે તે સૂક્ષ્મ છે ને શુદ્ધ છે ને ઘણો પ્રકાશમાન છે, તેમ એ સર્વે થકી ભગવાન અતિશય સૂક્ષ્મ છે અને અતિશય શુદ્ધ છે અને અતિશય નિર્લેપ છે અને અતિશય પ્રકાશે યુક્ત છે. અને જેમ આકાશ છે તે પૃથ્વી આદિક ચારે ભૂતમાં વ્યાપક છે અને

પૃથ્વી આદિક ચાર ભૂત થકી અસંગી છે અને તે ચારે ભૂતની ઉપાધિ તે આકાશને અડતી નથી, આકાશ તો અતિશય નિર્લેપ થકો એ ચારે ભૂતમાં રહ્યો છે; તેમ **પુરુષોત્તમ ભગવાન સર્વેના આત્મારૂપે કરીને સર્વમાં રહ્યા છે તોપણ અતિશય નિર્વિકાર છે, અસંગી છે ને પોતે પોતાને સ્વભાવે યુક્ત છે.** અને તે સરખો થવાને કોઈ સમર્થ થાતો નથી.

જેમ આકાશ ચારે ભૂતમાં રહ્યો છે પણ ચાર ભૂત આકાશ જેવા નિર્લપ તથા અસંગી થવાને સમર્થ નથી, તેમ જ પુરુષોત્તમ ભગવાન સર્વના આત્મા છે તોપણ અક્ષર પર્યંત કોઈ પણ પુરુષોત્તમ ભગવાન જેવા સમર્થ થવાને સમર્થ થતા નથી. એવી રીતે જે **અતિશય સૂક્ષ્મપણું અને અતિશય નિર્લેપપણું અને અતિશય શુદ્ધપણું અને અતિશય અસંગીપણું અને અતિશય પ્રકાશે યુક્તપણું અને અતિશય ઐશ્વર્યે યુક્તપણું તે ભગવાનની મૂર્તિમાં નિર્ગુણપણું છે.**

અને જેમ ગિરનાર પર્વત છે તેને લોકાલોક પર્વતની પાસે મૂકીએ ત્યારે તે અતિશય નાનો ભાસે પણ ગિરનાર પર્વત કાંઈ નાનો થયો નથી, એ તો લોકાલોકની અતિશય મોટાઈ આગળ નાનો જણાય છે; તેમ પુરુષોત્તમ ભગવાનની મોટાઈ આગળ અષ્ટ આવરણે યુક્ત જે અનંતકોટિ બ્રહ્માંડ તે અણુની પેઠે અતિ સૂક્ષ્મ ભાસે છે, પણ તે બ્રહ્માંડ કાંઈ નાનાં થઈ ગયાં નથી, એ તો ભગવાનની મોટપ આગળ નાનાં જણાય છે.

હે વર્ણીંદ્ર ! એવી રીતે **ભગવાનની મૂર્તિમાં જે અતિશય મોટાઈ તે ભગવાનનું સગુણપણું છે.** ત્યારે કોઈકને એમ આશંકા થાય જે, ભગવાન નિર્ગુણરૂપે તો અતિ સૂક્ષ્મ કરતાં પણ સૂક્ષ્મ છે અને સગુણરૂપે તો અતિશય સ્થૂળ કરતાં પણ સ્થૂળ છે. ત્યારે એ બે રૂપનું ધરનારું જે ભગવાનનું મૂળ સ્વરૂપ તે કેવું છે ? તો તેનો ઉત્તર એ છે જે, **જે પ્રગટ પ્રમાણ મનુષ્યાકારે દેખાય છે એ જ ભગવાનનું સદાય મૂળ સ્વરૂપ છે** અને નિર્ગુણપણું અને સગુણપણું એ તો એ મૂર્તિનું કોઈક અલૌકિક ઐશ્વર્ય છે.

હે વર્ણીંદ્ર ! જેમ શ્રીકૃષ્ણ ભગવાન બ્રાહ્મણના પુત્ર લેવા સારુ અર્જુન સોતા રથમાં બેસીને ચાલ્યા, તે લોકાલોક પર્વતને ઉલંઘીને માયાનું તમ આવ્યું. તેને સુદર્શન ચક્રે કરીને કાપીને તેથી પર જે બ્રહ્મજ્યોતિ તેમાં રહ્યા જે ભૂમાપુરુષ તેની પાસેથી બ્રાહ્મણના પુત્રને લઈ આવ્યા. ત્યારે તે રથ ને ઘોડા તે માયિક હતાં અને સ્થૂળભાવે યુક્ત હતાં, પણ તે શ્રીકૃષ્ણ ભગવાનને યોગે કરીને અતિ સૂક્ષ્મ ને ચૈતન્યરૂપ થઈને ભગવાનના નિર્ગુણ બ્રહ્મધામને પામ્યાં.

હે વર્ણીંદ્ર ! એવી રીતે સ્થૂળ પદાર્થને સૂક્ષ્મપણાને પમાડી દેવું એ શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિમાં નિર્ગુણપણું છે. અને એ જ શ્રીકૃષ્ણ ભગવાને પોતાની માતા જશોદાજીને પોતાના મુખમાં અષ્ટાવરણે યુક્ત સમગ્ર બ્રહ્માંડ દેખાડ્યું. અને વળી અર્જુનને પોતાની મૂર્તિમાં વિશ્વરૂપ દેખાડ્યું અને અર્જુન વિના જે બીજા હતા તે તો સાડા ત્રણ હાથની ભગવાનની મૂર્તિને દેખતા. અને જ્યારે ભગવાને વામન અવતાર ધર્યો ત્યારે પ્રથમ તો વામનરૂપે દર્શન આપ્યું. અને ત્રણ ડગલાં ધરતી બળિરાજા પાસે શ્રીકૃષ્ણાર્પણ કરાવ્યા. પછી એવું પોતાના સ્વરૂપને વધાર્યું જે, સાત પાતાળનું તો એક પગલું કર્યું અને આકાશમાં તો પોતાનું શરીર બધે માઈ રહ્યું. અને બીજું પગલું ઊંચું મેલ્યું તેણે સાત સ્વર્ગને વિંધીને અંડકટાહ ફોડ્યું. એવું જે ભગવાનનું મોટું સ્વરૂપ થયું તેને બળિરાજાએ દીઠું. અને બળી વિના જે બીજા હતા તેણે તો જેવું વામન સ્વરૂપ ભગવાને ધારણ કર્યું હતું તેવું ને તેવું દીઠું.

હે મુકુંદવર્ણી ! એવી રીતે જે ભગવાનમાં અતિશય મોટાઈ થકી જે મોટાઈ દેખાય એ ભગવાનની મૂર્તિમાં સગુણપણું જાણવું. જેમ આકાશ છે તે શીતકાળે તથા ઉષ્ણકાળે વાદળાએ રહિત હોય અને જ્યારે વર્ષાઋતુ આવે ત્યારે અસંખ્ય વાદળાંની ઘટાએ કરીને ભરાઈ જાય છે. તે કાળે કરીને આકાશમાં વાદળાં ઊપજે છે ને પાછાં લીન થઈ જાય છે; તેમ ભગવાન પોતાની ઇચ્છાએ કરીને પોતામાંથી

નિર્ગુણ ને સગુણરૂપ જે ઐશ્વર્ય તેને પ્રગટ કરીને પાછું પોતામાં લીન કરે છે. એવા જે ભગવાન તે મનુષ્ય જેવા જણાતા હોય તોપણ તેના મહિમાનો કોઈ પણ પાર પામતા નથી. હે વર્ણીંદ્ર ! જે ભક્ત એવી રીતે ભગવાનની મૂર્તિમાં નિર્ગુણપણું ને સગુણપણું સમજે તે ભક્તને કાળ, કર્મ અને માયા તે બંધન કરવાને સમર્થ થાતાં નથી. અને તેને આઠે પહોર અંતરમાં આશ્ચર્ય રહ્યા કરે છે."

❋ ભગવાનના સ્વરૂપનો મહિમા કહ્યો :

ત્યારે મુકુંદવર્ણીએ પૂછ્યું જે, "હે મહારાજ ! બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે કલ્યાણની રીત તથા ભગવાનની મૂર્તિ તે એક સરખી છે કે જુદી જુદી છે ? તે કહો." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "હે વર્ણીંદ્ર ! ભગવાનની મૂર્તિ તો સદાય એકસરખી છે તોપણ ભગવાન પોતાની મૂર્તિને જ્યાં જેવી દેખાડવી જોઈએ ત્યાં તેવી પોતાની ઈચ્છાએ કરીને દેખાડે છે, અને જ્યાં જેટલો પ્રકાશ કરવો ઘટે ત્યાં તેટલો પ્રકાશ કરે છે. અને પોતે તો સદાય દ્વિભુજ છે તોપણ પોતાની ઈચ્છાએ કરીને ક્યાંઈક ચાર ભુજ અને ક્યાંઈક અષ્ટભુજ અને ક્યાંઈક અનંત ભુજને દેખાડે છે. તથા મચ્છ, કચ્છાદિકરૂપે કરીને ભાસે છે. એવી રીતે જ્યાં જેવું ઘટે ત્યાં તેવું સ્વરૂપ પ્રકાશે છે અને પોતે તો સદાય એક રૂપે જ બિરાજમાન રહે છે.

અને વળી એક ઠેકાણે રહ્યા થકા અનંતકોટી બ્રહ્માંડમાં અંતર્યામીરૂપે વ્યાપીને રહે છે. જેમ વ્યાસજી એક હતા તે શુકજીને સાદ કર્યો ત્યારે સ્થાવરજંગમ સર્વે જીવમાં રહીને સાદ કર્યો. અને શુકજીએ હુંકારો દીધો ત્યારે પણ સ્થાવરજંગમ સર્વે સૃષ્ટિમાં રહીને હુંકારો દીધો. હે વર્ણીંદ્ર ! એવી રીતે શુકજી જેવા મોટા સિદ્ધ હોય તે પણ સર્વે જક્તમાં વ્યાપવાને સમર્થ થાય છે. તે તો ભગવાનના ભજનના પ્રતાપે કરીને એવી યોગકળાને પામ્યા છે, **તો પોતે ભગવાન પુરુષોત્તમ તે તો યોગેશ્વર છે અને સર્વે યોગકળાના નિધિ છે, તે એક ઠેકાણે રહ્યા થકા**

અનંતકોટી બ્રહ્માંડમાં પોતાની ઈચ્છાએ કરીને જ્યાં જેમ ઘટે ત્યાં તેમ ભાસે તેમાં શું કહેવું ?

અને એ ભગવાનમાં એમ હોય તેનું શું આશ્ચર્ય છે ? જેમ કોઈક ગોડિયો હોય તે તુચ્છ માયાને જાણે છે તેમાં પણ લોકોને કેવું આશ્ચર્ય થાય છે ! અને તેની યથાર્થ ખબર પડતી નથી; તો ભગવાનમાં તો સર્વે યોગકળાઓ રહી છે, તે મહા આશ્ચર્યરૂપ છે. તેને જીવ કેમ જાણી શકે ? માટે ભાગવતમાં કહ્યું છે જે, 'આટલા ભગવાનની માયાને તર્યા છે.' અને વળી એમ પણ કહ્યું છે જે, 'કોઈ ભગવાનની માયાના બળને પાર પામ્યા નથી.'

હે વર્ણીંદ્ર ! તેણે કરીને ભગવાનના ભક્તને એમ જાણવું કે એ ભગવાનની યોગકળામાં બ્રહ્માદિક જેવાને કુતર્ક થાય તો એ ભગવાનની માયાના બળના પારને ન પામ્યા કહેવાય. ને કુતર્ક તે શું ? તો જે, **'એ ભગવાન તે કેમ એમ કરતા હશે ?' અને ભગવાનને એમ સમજે જે, 'એ તો સમર્થ છે તે જેમ કરતા હશે તે ઠીક કરતા હશે.' એવી રીતે ભગવાનને નિર્દોષ સમજે તો માયાને તર્યા કહેવાય.**

અને હે વર્ણી ! કલ્યાણની રીત તો એક સરખી છે પણ ભજનારા જે પુરુષ તેમાં ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ એ ત્રણ પ્રકારના ભેદ છે ને તેમની શ્રદ્ધા અનંત પ્રકારની છે, તેને યોગે કરીને કલ્યાણના માર્ગમાં પણ અનંત ભેદ થયા છે. અને **વસ્તુગતે તો કલ્યાણનો માર્ગ એક છે અને ભગવાનનું સ્વરૂપ પણ એક જ છે.** અને તે ભગવાન અતિ સમર્થ છે ને તે જેવો થવાને કાજે અક્ષર પર્યંત કોઈ સમર્થ થતો નથી. એ સિદ્ધાંત વાર્તા છે. અને હે વર્ણીંદ્ર ! જે પ્રગટ ભગવાનના ભક્ત હોય તે ભગવાનને પ્રતાપે કરીને બ્રહ્મા, શિવ, શુકજી, નારદ તે જેવા પણ થાય અને પ્રકૃતિપુરુષ જેવા પણ થાય અને બ્રહ્મ તથા અક્ષર જેવા પણ થાય; તોપણ શ્રીપુરુષોત્તમનારાયણ જેવો થવાને તો કોઈ સમર્થ નથી.

અને હે વર્ણીંદ્ર! પરમેશ્વર છે તે તો સર્વાત્મા એવા જે બ્રહ્મ તેના પણ આત્મા છે અને અક્ષરના પણ આત્મા છે અને અનંતકોટિ મુક્ત તેના પણ આત્મા છે. એવા જે પરબ્રહ્મ પરમાત્મા નારાયણ તેનો હું બ્રહ્મરૂપ એવો દાસ છું. અને તે ભગવાનનો મહિમા તો એમ સમજે જે, **'द्युपतय एव ते न ययुरन्तमनन्ततया'** ઇત્યાદિક શ્રુતિએ ભગવાનનો મહિમા અતિશય પ્રતિપાદન કર્યો છે. અને હે મુકુંદવર્ણી ! બીજા જે મચ્છ, કચ્છાદિક ભગવાનના અવતાર છે તેમાં અમારી અતિ રુચિ નથી.

અને આવી રીતે તો અમારે ઉપાસના છે જે, સર્વેથી પર એક મોટો તેજનો સમૂહ છે. તે તેજનો સમૂહ અધો-ઊર્ધ્વ તથા ચારેકોરે પ્રમાણે રહિત છે, ને અનંત છે. ને તે તેજના સમૂહના મધ્ય ભાગમાં એક મોટું સિંહાસન છે. અને તેની ઉપર દિવ્યમૂર્તિ એવા જે શ્રીનારાયણ પુરુષોત્તમ ભગવાન તે બિરાજમાન છે. **અને તે સિંહાસનને ચારેકોર અનંતકોટિ મુક્ત બેઠા થકા તે શ્રીનારાયણનાં દર્શન કરે છે. એવા જે મુક્તે સહિત શ્રીનારાયણ તેને અમે નિરંતર દેખીએ છીએ. અને તે ભગવાનમાં તેજનું અતિશયપણું છે તેણે કરીને જ્યારે એ સભા સહિત તે ભગવાનનાં દર્શન નથી થતાં ત્યારે અમને અતિશે કષ્ટ થાય છે.** અને હે વર્ણીન્દ્ર ! તે તેજનો સમૂહ તો અમને નિરંતર દેખાય છે તો પણ એમાં અમને રુચિ નથી. અને ભગવાનની મૂર્તિના દર્શને કરીને જ અતિ સુખ થાય છે. અમારે એવી રીતે ઉપાસના છે."

ત્યારે મુકુંદવર્ણી પૂછે છે જે, "હે મહારાજ ! તે શ્રીનારાયણમાં ને મુક્તમાં ભેદ કેટલો છે ?" તે સાંભળીને મહારાજે કહ્યું જે, "હે વર્ણીન્દ્ર ! જેમ ચંદ્રમા છે અને તારા છે તેમાં ભેદ છે કે નહિ ? જુઓને પ્રકાશપણે કરીને સરખા નથી અને બિંબમાં પણ ઘણો ભેદ છે. અને સર્વે ઔષધિનું પોષણ તે પણ ચંદ્રમા વતે જ થાય છે, પણ બીજે તારે ન થાય. અને રાત્રિનો અંધકાર તે પણ ચંદ્રમાએ કરીને ટળે છે પણ તારાએ કરીને ટળતો નથી, તેમ શ્રીનારાયણ તથા મુક્તોમાં ભેદ છે."

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'શ્રીપુરુષોત્તમગીતા તેમાં ભગવાનના સ્વરૂપનો મહિમા તથા નિર્ગુણપણું તથા સગુણપણું એ બે ઐશ્વર્ય કહ્યાં' એ નામે તેરમો અધ્યાય ॥૧૩॥ સળંગ અધ્યાય ॥૫૩॥

અધ્યાય - ૫૪

ભગવાનના સ્વરૂપનો મહિમા કહ્યો.

હે વર્ણીન્દ્ર ! વળી જેમ રાજા અને રાજાના ચાકર તે મનુષ્ય જાતિએ કરીને સરખા છે, પણ રાજાનું સામર્થ્ય અને ઐશ્વર્ય, રૂપ, લાવણ્યતા તે સર્વોપરી છે. અને જે રાજા વતે થાય તે ચાકર વતે થાય નહિ, સૂઝે એવડો મોટો હોય તોપણ ન થાય. તેમ **પુરુષોત્તમનારાયણ તે સર્વકર્તા છે, સર્વકારણ છે, સર્વનિયંતા છે અને અતિ રૂપવાન છે અને અતિ તેજસ્વી છે અને અતિ સમર્થ છે ને કર્તું, અકર્તું, અન્યથા કર્તું સમર્થ છે.** તે જો પોતાની ઈચ્છામાં આવે તો એ અક્ષરધામમાં રહ્યા જે મુક્ત તે સર્વેને પોતાના તેજમાં લીન કરીને પોતે એક જ બિરાજમાન રહે અને સૂઝે તો એ સર્વ મુક્ત તેમણે સેવ્યા થકા એમની ભક્તિને અંગીકાર કરે ને એ સોતા વિરાજમાન રહે.

અને **જે અક્ષરધામમાં પોતે રહ્યા છે તે અક્ષરને પણ લીન કરીને પોતે સ્વરાટ થકા એકલા જ બિરાજમાન રહે. અને પોતાને મનમાં આવે તો એ અક્ષરધામ વિના પણ અનંતકોટિ મુક્તને પોતાના ઐશ્વર્યે કરીને ધારવાને સમર્થ છે.** જેમ પૃથુ ભગવાને પૃથ્વીને કહ્યું જે, 'મારા ધનુષ થકી નીકળ્યાં જે બાણ તેણે કરીને તુને મારીને મારા સામર્થ્યે કરીને આ સર્વે જગતને ધારવાને હું સમર્થ છું.' તેમ એ નારાયણ પોતાના ઐશ્વર્યે કરીને સર્વોપરી વર્તે છે. તે એને ને બીજા અક્ષરાદિક મુક્તને સરખા કહે છે તે દુષ્ટ મતવાળા જાણવા અને તેને અતિ પાપી જાણવા

અને તેનાં દર્શન પણ કરવાં નહીં. અને હે વર્ણીન્દ્ર ! એવી રીતની સમજણવાળાનાં દર્શન કરીએ તો પંચ મહાપાપ જેવું પાપ થાય.

અને એ નારાયણને લઈને તો જેમાં મોટપ કહીએ તેમાં સંભવે. અને એને લઈને વિષ્ણુ, બ્રહ્મા, શિવ, નારદ, સનકાદિક એ સર્વેને ભગવાન કહેવાય છે. અને ઉદ્ધવજીને વિશે એ નારાયણને લઈને ઉદ્ધવને પણ ભગવાન કહેવાય છે. અને હમણાં આ મુક્તાનંદસ્વામી જેવા સંતમાં એ શ્રીપુરુષોત્તમ નારાયણને લઈએ તો એમને પણ ભગવાન જેવા કહેવાય. અને એ નારાયણને લીધા વિના તો અક્ષરને પણ ભગવાન ન કહેવાય તો બીજાની શી વાત કહેવી ?

અને '**अपरिमिता ध्रुवास्तनुभृतो यदि सर्वगता**' એ વેદસ્તુતિના ગદ્યનો પણ એ જ અર્થ છે. હે વર્ણીન્દ્ર ! જો એમ ન હોય તો આ આપણ સર્વે છીએ તે આ દેહ થકી નોખો જે આત્મા તેને બ્રહ્મરૂપ જાણીએ છીએ. અને જ્ઞાન, વૈરાગ્યાદિક સાધને યુક્ત છીએ તોપણ એ નારાયણને પ્રસન્ન કરવાને અર્થે રાતદિવસ ઉજાગરા કરીએ છીએ. અને કીર્તન, નામસ્મરણ તે તાળીઓ વજાડીને હાથની આંગળીઓ ફાટી જાય એમ કરીએ છીએ. તથા કથાવાર્તા રાતદિવસ કરીએ કરાવીએ છીએ. તે જો એ નારાયણ સરખા થઈ જવાતું હોય તો એવડો દાખડો શું કરવા કરીએ ? માટે એ **નારાયણ જેવા તો એક નારાયણ જ છે, પણ બીજો કોઈ એ જેવો થતો નથી.** અને હે વર્ણીન્દ્ર ! '**एकमेवाद्वितीयं ब्रह्म**' એ શ્રુતિનો પણ એ જ અર્થ છે જે, એ નારાયણ જેવા તો એક નારાયણ જ છે. એમ સર્વે શાસ્ત્રનો સિદ્ધાંત છે. *(લોયા-૧૩)*

✹ પંચાળાના સાતમા મુજબ તત્ત્વજ્ઞાન નિરૂપણ :

અને હે વર્ણીન્દ્ર ! "**यत्र त्रिसर्गो मृषा**" એવું જે એ શ્લોકનું પદ તેનો અર્થ પણ એ જ છે જે, માયાના ત્રણ ગુણનો સર્ગ જે પંચભૂત, ઇન્દ્રિયો, અંતઃકરણ ને દેવતા, તે ભગવાનના સ્વરૂપમાં ત્રિકાળમાં છે

જ નહિ એમ સમજવું. તથા એ શ્લોકનું પદ જે, "**धाम्ना स्वेन सदा निरस्त कुहकम्**" કહેતાં ધામ જે પોતાનું સ્વરૂપ તેણે કરીને ટાળ્યું છે એ માયાના સર્ગરૂપ કપટ જેણે, એવું ભગવાનનું પરમ સત્ય સ્વરૂપ છે. તે આત્યંતિક પ્રલયને અંતે અક્ષરધામમાં જેવું ભગવાનનું સ્વરૂપ અનંત ઐશ્વર્યે યુક્ત છે તેવું ને તેવું જ પ્રત્યક્ષ મનુષ્યરૂપ ભગવાનમાં જાણવું, તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય.

અને એ જ પ્રત્યક્ષ ભગવાનને મુઢ જીવ છે તે માયિક દૃષ્ટિએ કરીને જુએ છે ત્યારે પોતા જેવા મનુષ્ય દેખે છે. ને જેમ પોતે જન્મ્યો હોય, બાળક થાય, જુવાન થાય ને વૃદ્ધ થાય ને મરી જાય તેમ જ ભગવાનને પણ જાણે છે. અને જ્યારે ભગવાનના એકાંતિક સાધુના વચનમાં વિશ્વાસ લાવીને નિષ્કપટભાવે કરીને ભગવાનના ચરણકમળને ભજે ત્યારે એની માયિક દૃષ્ટિ મટે છે. તે પછી એની એ જે ભગવાનની મૂર્તિ તેને પરમ ચૈતન્ય, સત્ય, ચિદ્, આનંદમય જાણે છે. તે પણ ભાગવતમાં કહ્યું છે જે,

स वेद धातुः पदवीं परस्य दुरन्तवीर्यस्य रथाङ्गपाणेः ।
योऽमायया सन्ततयानुवृत्या भजेत तत्पादसरोजगन्धम् ॥

અને એ ભગવાનમાં જે બાળક, જુવાન, વૃદ્ધપણું દેખાય છે તથા જન્મ-મરણપણું દેખાય છે તે તો એની યોગમાયાએ કરીને દેખાય છે, પણ વસ્તુગતે તો ભગવાન જેવા છે તેવા ને તેવા જ છે. જેમ નટવિદ્યાવાળો હોય તે શસ્ત્ર બાંધીને આકાશમાં ઈન્દ્રના શત્રુ જે અસુરના યોદ્ધા તે સાથે વઢવા (લડવા) જાય. પછી કટકા થઈને તે નટ હેઠો પડે ને પછી તે નટના કટકાને ભેગા કરીને તે નટની સ્ત્રી બળી મરે. પછી થોડીક વારે તે નટ પાછો આકાશમાંથી હથિયાર બાંધીને જેવો હતો તેવો ને તેવો જ આવીને રાજા પાસે મોજ માગે અને કહે જે, 'મારી સ્ત્રી લાવો.' એવી રીતની જે નટની માયા તે પણ કળ્યામાં કોઈને આવતી નથી, તો ભગવાનની યોગમાયા કળ્યામાં કેમ આવે ?

અને હે મુકુંદવર્ણી ! જે નટની માયાને જાણતો હોય તે તો એમ જાણે છે જે, એ નટ મર્યો પણ નથી ને બળ્યો પણ નથી, જેવો છે તેવો ને તેવો જ છે; તેમ જ ભગવાનના સ્વરૂપને જે તત્ત્વે કરીને સમજતો હોય તે તો ભગવાનને અખંડ અવિનાશી જેવા છે તેવા જ સમજે છે. જેમ શ્રીકૃષ્ણ ભગવાને દેહ મૂક્યો ત્યારે એ ભગવાનની પત્નીઓ જે રુક્મિણી આદિક હતી, તે એ ભગવાનના દેહને લઈને બળી મરી. ત્યારે અજ્ઞાની હતા તેમણે તો એમ જાણ્યું જે, 'હવે એ નાશ થઈ ગયા' ને જે જ્ઞાની હતા તેમણે તો એમ જાણ્યું જે, 'આંહીંથી અંતર્ધાન થઈને બીજે ઠેકાણે જણાણા છે.' એમ ભગવાનને અખંડ સમજે. તે પોતે શ્રીકૃષ્ણે કહ્યું છે જે,

अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।
परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ॥

માટે મૂર્ખ હોય તે જો ભગવાનને સાકાર સમજે તો કેવળ મનુષ્ય જેવા સમજે ને જો નિરાકાર સમજે તો બીજા આકારને જેમ માયિક જાણે છે, તેમ ભગવાનના આકારને પણ માયિક જાણે. અને અરૂપ એવું ભગવાનનું સ્વરૂપ કલ્પે છે, માટે એ બે પ્રકારે મૂર્ખને તો અવળું પડે છે. હે વર્ણીંદ્ર ! જો ભગવાનને આકાર ન હોય તો જ્યારે આત્યંતિક પ્રલય હતો ત્યારે શ્રુતિએ એમ કહ્યું છે જે, **"स ईक्षत"** કહેતાં તે ભગવાન જોતા હવા. ત્યારે જોયું તો એ ભગવાનનું નેત્ર-શ્રોત્રાદિક અવયવે સહિત સાકાર એવું દિવ્ય સ્વરૂપ જ હતું. અને વળી એમ કહ્યું છે જે, **"पुरुषेणात्मभूतेन वीर्यमाधत्त वीर्यवान्॥"** એવી રીતે પુરુષરૂપે થઈને એ પુરુષોત્તમ તેણે માયામાં વીર્ય ધારણ કર્યું. ત્યારે એ ભગવાન પ્રથમ જ સાકાર હતા.

અને એ જે પુરુષોત્તમનારાયણ તે કોઈ કાર્યને અર્થે પુરુષરૂપે થાય છે, ત્યારે એ પુરુષ છે તે પુરુષોત્તમના પ્રકાશમાં લીન થઈ જાય છે ને

પુરુષોત્તમ પોતે જ રહે છે. તેમજ માયારૂપે થાય છે ત્યારે માયાપણું પણ પુરુષોત્તમના તેજમાં લીન થઈ જાય છે ને તે રૂપે ભગવાન જ રહે છે. અને પછી એ ભગવાન મહત્તત્ત્વરૂપે થાય છે, અને તેમજ મહતત્ત્વમાંથી થયાં જે બીજાં તત્ત્વ તે રૂપે થાય છે. અને પછી તે તત્ત્વનું કાર્ય જે વૈરાટ તે રૂપે થાય છે, તથા તે વૈરાટપુરુષથી થયા જે બ્રહ્માદિક તે રૂપે થાય છે. તથા નારદ-સનકાદિકરૂપે થાય છે.

હે વર્ણીંદ્ર ! એવી રીતે **અનેક પ્રકારના કાર્યને અર્થે જેને જેને વિષે એ પુરુષોત્તમ ભગવાનનો પ્રવેશ થાય છે તેને તેને પોતાના પ્રકાશે કરીને લીન કરી નાખીને પોતે જ તે રૂપે કરીને સર્વોત્કર્ષપણે બિરાજમાન થકા રહે છે.** અને જેમાં પોતે બિરાજમાન રહે છે તેના પ્રકાશને પોતે ઢાંકીને પોતાનો પ્રકાશ પ્રગટ કરે છે. જેમ અગ્નિ લોઢામાં આવે છે ત્યારે લોઢાનો જે શીતળ ગુણ ને કાળો વર્ણ તેને ટાળીને પોતે પોતાના ગુણને પ્રકાશ કરે છે, તથા જેમ સૂર્ય ઉદય થાય છે ત્યારે તેના પ્રકાશમાં સર્વે તારા-ચંદ્રમાદિકના તેજ લીન થઈ જાય છે ને એક સૂર્યનો જ પ્રકાશ રહે છે, તેમ એ ભગવાન જેને વિષે આવે છે ત્યારે તેના તેજનો પરાભવ કરીને પોતાના પ્રકાશને અધિકપણે જણાવે છે.

અને હે વર્ણીંદ્ર ! જે કાર્યને અર્થે પોતે જેમાં પ્રવેશ કર્યો હતો તે કાર્ય કરી રહ્યા કેડે તેમાંથી પોતે નોખા નીસરી જાય છે ત્યારે તો તે પંડે જેવો હોય તેવો રહે છે. ને તેમાં જે અધિક દૈવત જણાતું હતું તે તો પુરુષોત્તમ ભગવાનનું હતું એમ જાણવું.

એવી રીતે **સર્વેના કારણ ને સદા દિવ્ય સાકાર એવા જે પ્રત્યક્ષ પુરુષોત્તમનારાયણ તેની મૂર્તિમાં સાકરના રસની મૂર્તિની પેઠે ત્યાગ ભાગ સમજવો નહીં. જેવી મૂર્તિ દીઠી હોય તેનું જ ધ્યાન-ઉપાસના ભક્તિ કરવી, પણ તેથી કાંઈ પૃથક ન સમજવું.** અને તે ભગવાનમાં જે દેહભાવ જણાય છે તે તો નટની માયાની પેઠે સમજવું. ને જે આવી રીતે સમજે તેને ભગવાનમાં કોઈ પ્રકારે મોહ થતો નથી. અને આ

વાર્તા છે તે કેને સમજ્યામાં આવે છે ? તો **જેને એવી દૃઢ પ્રતીતિ હોય જે આત્યંતિક પ્રલય થાય છે, ત્યારે પણ ભગવાન ને ભગવાનના ભક્ત તે દિવ્ય સાકારરૂપે કરીને અક્ષરધામમાં દિવ્ય ભોગને ભોગવતા થકા રહે છે. અને તે ભગવાનનું રૂપ ને ભગવાનના ભક્તનાં રૂપ તે અનંત સૂર્ય-ચંદ્રના પ્રકાશ સરખા પ્રકાશે યુક્ત છે. એવી જાતની જેને દૃઢ મતિ હોય તે જ આ વાર્તાને સમજી શકે.**

અને એવા તેજોમય દિવ્ય મૂર્તિ જે ભગવાન તે જીવોના કલ્યાણને અર્થે ને પોતાને વિષે નવ પ્રકારની ભક્તિ જીવોને કરાવવાને અર્થે કૃપા કરીને પોતાની જે સર્વે શક્તિયું ઐશ્વર્ય, પાર્ષદ તેણે સહિત થકા જ મનુષ્ય જેવા થાય છે, ત્યારે પણ જે એવા મર્મના જાણનારા છે, તે **એ ભગવાનનું સ્વરૂપ અક્ષરધામમાં જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીમાં જે ભગવાનનું મનુષ્ય સ્વરૂપ રહ્યું છે તેને સમજે છે, પણ તે સ્વરૂપમાં ને આ પ્રત્યક્ષ સ્વરૂપમાં લેશમાત્ર ફેર સમજતા નથી. અને આવી રીતે જેણે ભગવાનને જાણ્યા તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય** ને તેને માયાની નિવૃત્તિ થઈ કહેવાય. અને એમ જે જાણે તેને જ્ઞાની ભક્ત કહીએ ને તેને એકાંતિક ભક્ત કહીએ.

અને આવી રીતે જેને પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપની દૃઢ ઉપાસના હોય ને તે ભગવાનના સ્વરૂપમાં કોઈ દિવસ માયિકપણાનો સંશય ન થાતો હોય ને તેને કદાચિત્ કોઈ કુસંગને યોગે કરીને અથવા પ્રારબ્ધકર્મને યોગે કરીને કાંઈ અવળું વર્તાઈ જાય તોપણ તેનું કલ્યાણ થાય. અને જો આવી રીતે ભગવાનને જાણ્યામાં જેને સંશય હોય ને તે જો ઊર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચારી ને મહાત્યાગી હોય તોપણ તેનું કલ્યાણ થાવું અતિ કઠણ છે. અને જેણે પ્રથમથી એવો દૃઢ નિશ્ચય કર્યો હોય જે જ્યારે **આત્યંતિક પ્રલય થાય છે, તેને અંતે પણ આ ભગવાન સાકાર છે.** એવી દૃઢ ગ્રંથી હૃદયમાં પડી હોય ને પછી જો તેને તેજોમય અલિંગપણું જે શાસ્ત્રમાં કહ્યું હોય તેનું શ્રવણ થાય અથવા એવી વાર્તા કોઈ થકી

સાંભળે તોપણ તેને સંશય થાય નહીં. કેમ જે એ તો એમ સમજ્યો છે જે, ભગવાન તો સદાય સાકાર જ છે, પણ નિરાકાર નથી. અને તે જ ભગવાન રામકૃષ્ણાદિક મૂર્તિઓને ધારણ કરે છે. એવી રીતે જેની દૃઢપણે સમજણ હોય તેની પરિપક્વ નિષ્ઠા જાણવી. (પંચાળા-૭)

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'પુરુષોત્તમગીતામાં કર્તું, અકર્તું, અન્યથાકર્તું કહ્યું તથા ભગવાન જેને જેને વિષે પ્રવેશ કરે છે, તેના તેના પ્રકાશને પોતે ઢાંકીને પોતાનો પ્રકાશ પ્રગટ કરે છે' એ નામે ચૌદમો અધ્યાય ॥૧૪॥ સળંગ અધ્યાય ॥૫૪॥

અધ્યાય - ૫૫

સર્વથી અધિક ભગવાનનું સુખ છે.

હે વર્ણીંદ્ર ! દિવ્ય મૂર્તિ પ્રકાશમય ને સુખરૂપ જે ભગવાન તે પ્રલયકાળે માયામાં કારણશરીર સહિત લીન હતા જે જીવ, તેમને ઉત્પત્તિકાળે બુદ્ધિ, ઈન્દ્રિયો, મન, પ્રાણને આપે છે, તે શાને અર્થે આપે છે ? તો ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ જે વિષય તેના ભોગને અર્થે ને મોક્ષને અર્થે આપે છે. અને એ જીવોને અર્થે ભોગ ને ભોગના સ્થાનક તે ભગવાને રચ્યાં છે. તેમાં જે ઉત્તમ પંચવિષય કર્યા છે, તે ભૂંડા પંચવિષયના દુઃખની નિવૃત્તિને અર્થે કર્યા છે.

જેમ કોઈક ભારે શાહુકાર હોય તે રસ્તાને બે કોરે છાયાને અર્થે ઝાડ રોપાવે તથા પાણીની પરબ બંધાવે છે, તથા સદાવ્રત કરાવે છે, તથા ધર્મશાળા કરાવે છે, તે ગરીબ સારુ કરાવે છે; તેમ બ્રહ્મા, શિવ ને ઈન્દ્રાદિક દેવ છે તે તો એ ભગવાનની આગળ જેવા સડતાળાના રાંકા હોય અને પીપરની ટેટીયું બાફીને ખાતા હોય તે જેવા ગરીબ છે. તેમ બ્રહ્માદિક દેવ મનુષ્યના સુખને અર્થે ઉત્તમ એવા પંચવિષય તે ભગવાને રચ્યા છે. તે જેમ શાહુકારે સદાવ્રત, ધર્મશાળા આદિકને

વિષે સુખ જેવાં રાંકને અર્થે રચ્યાં છે, તે કરતાં તે શાહુકારના ઘરમાં સુખ તે અતિ ઉત્તમ હશે એમ જણાય છે. તેમ એ **ભગવાને બ્રહ્માદિકને અર્થે એવાં સુખ રચ્યાં છે તો પોતાના ધામમાં તો એ કરતાં અતિ ઉત્તમ સુખ હશે, એમ બુદ્ધિવાળા હોય તેને જાણ્યામાં આવે છે.** માટે એ ભગવાનના ધામના સુખનું અતિશયપણું બુદ્ધિવાનને જાણ્યામાં આવે છે, તેણે કરીને સારા વિષય તે ભૂંડા થઈ જાય છે.

અને હે વર્ણીંદ્ર ! સંસારમાં જે પશુ, મનુષ્ય, દેવતા, ભૂત ઈત્યાદિકનું જ્યાં જ્યાં પંચવિષય સબંધી સુખ જણાય છે તે ધર્મ સહિત જે કિંચિત્ ભગવાનનો સબંધ તેણે કરીને છે, પણ પંડે ભગવાનમાં જેવું સુખ છે તેવું કોઈમાં નથી. જેમ મશાલ બળે છે તે મશાલને સમીપે જેવો પ્રકાશ છે તેવો થોડેક છેટે નથી ને તેથી ઘણો છેટો તો મૂળગો નથી, તેમ **બીજે ઠેકાણે તો કિંચિત્ સુખ છે ને સંપૂર્ણ સુખ તો ભગવાનના સમીપમાં રહ્યું છે. અને જેટલું ભગવાનથી છેટે થવાય છે તેટલા સુખમાં ન્યૂનતા થાય છે.**

માટે જે મુમુક્ષુ હોય તે પોતાના હૃદયમાં એમ વિચારે જે ‘જેટલું મારે ભગવાનથી છેટું થાશે તેટલું દુઃખ થાશે ને મહાદુઃખિયો થઈશ. અને થોડેક ભગવાનને સબંધે કરીને એવું સુખ થાય છે, માટે મારે ભગવાનનો સંબંધ અતિશય રાખવો છે. અને હું અતિ સબંધ રાખીશ તો મારે ઉત્કૃષ્ટ સુખની પ્રાપ્તિ થાશે.’ એમ વિચારીને તે **ભગવાનના સુખનો લોભ રાખીને જેમ ભગવાનનો સબંધ અતિશય રહે તેમ ઉપાય કરે તેને બુદ્ધિવાન કહીએ.**

અને પશુના સુખથી મનુષ્યમાં અધિક સુખ છે ને તે કરતાં રાજાનું સુખ અધિક છે. ને તેથી દેવતાનું સુખ અધિક છે ને તેથી ઈન્દ્રનું અધિક છે ને તેથી બૃહસ્પતિનું ને તેથી બ્રહ્માનું તેથી વૈકુંઠલોકનું ને તેથી ગોલોકનું સુખ તે અધિક છે. ને તેથી **ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે.**

હે વર્ણીન્દ્ર ! એવી રીતે ભગવાનના સુખને અતિશે જાણીને બીજાં જે જે પંચવિષયનાં સુખ છે તેમાં બુદ્ધિમાનને તુચ્છતા થઈ જાય છે. અને તે ભગવાનનાં સુખ આગળ બ્રહ્માદિકનું સુખ તો જેવું ભારે ગૃહસ્થને બારણે કોઈક રાંક ઠીકરું લઈને માગવા આવ્યો હોય તેના જેવું તુચ્છ છે. અને એ ભગવાનના ધામના સુખનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે સર્વે જે બીજું સુખ તેથી ઉદાસ થઈને મનમાં એમ થાય છે જે, આ દેહ મૂકીને એ સુખને ક્યારે પામીએ..!

અને સ્વભાવિકપણે પંચવિષયનું ગ્રહણ કરતા હોઈએ તેમાં તો કાંઈ ઝાઝો વિચાર થાતો નથી, પણ જો તે વિષયમાં કાંઈક સારપ્ય મનાય છે ત્યારે તુરત એ ભગવાનના સુખમાં દૃષ્ટિ પૂગી જાય છે અને મન અતિ ઉદાસ થઈ જાય છે. અને આ જે સર્વે વાત છે તે જે બુદ્ધિવાળો હોય તેને જાણ્યામાં આવે છે. માટે હે વર્ણીન્દ્ર ! બુદ્ધિવાળા ઉપર અમારે હેત છે. કેમ જે અમે બુદ્ધિવાળા છીએ તો એવી રીતે અમારી દૃષ્ટિ પૂગે છે. માટે બુદ્ધિવાળો જે હોય તેની પણ દૃષ્ટિ પૂગે ખરી. અને આવી રીતે અમારો વિચાર તે તમારા સર્વેના વિચાર કરતાં અમને અધિક જણાણો છે. તે સારુ આ અમારા વિચારને અતિ દૃઢપણે કરીને હૈયામાં સહુ રાખજ્યો. અને **આ વિચાર વિના તો જો રમણીક પંચવિષયમાં વૃત્તિ ચોટી હોય તેને અતિ બળે કરીને ઉખાડે ત્યારે માંડ માંડ ઉખડે. અને જો આ વિચારને પામ્યો હોય તો તે વૃત્તિને ખેંચ્યામાં લેશમાત્ર પ્રયાસ પડે નહિ, સહેજે જ વિષયની તુચ્છતા જણાઈ જાય છે.**

અને આ જે વાર્તા છે તે ઝાઝી બુદ્ધિ હોય ને ઝાઝા સુખના લોભને ઈચ્છે તેને સમજાય છે. જેમ કોડી કરતાં પૈસામાં વધુ માલ છે ને તેથી રૂપિયામાં વધુ માલ છે ને તેથી સોનામહોરમાં વધુ માલ છે ને તેથી ચિંતામણિમાં વધુ માલ છે; તેમ **જ્યાં જ્યાં પંચવિષયનું સુખ છે તેથી ભગવાનના ધામમાં ભગવાનનું સુખ અતિ અધિક છે.** માટે જે બુદ્ધિવાળો હોય અને જેની દૃષ્ટિ પૂગે તેને આ વિચાર હૃદયમાં ઠરે છે.

અને આ વિચાર જેના હૃદયમાં દૃઢ ઠર્યો હોય તે વનમાં બેઠો હોય તો પોતાને એમ જાણે જે, 'હું અનંત માણસ તથા રાજ સમૃદ્ધિએ વીંટાણો છું.' એમ સમજે પણ દુઃખિયો ન માને. અને ઈન્દ્રના લોકમાં હોય તો જાણે જે, 'વનમાં બેઠો છું' પણ તે ઈન્દ્રના લોકના સુખે કરીને સુખિયો ન માને, તે સુખને તુચ્છ જાણે. તે સારુ હે વર્ણીન્દ્ર ! આ વિચારને રાખીને એમ સર્વે નિશ્ચય રાખજ્યો જે, 'હવે તો ભગવાનના ધામમાં જ ઠેઠ પૂગવું છે, પણ વચમાં કોઈ ઠેકાણે તુચ્છ જે પંચવિષય સબંધી સુખ તેમાં લોભાવું નથી.' એવી રીતે તમો સહુ દૃઢ નિશ્ચય રાખજ્યો. અને આ તો જે અમારો સિદ્ધાંત છે તે તમને સર્વેને કહ્યો છે. માટે દૃઢ કરીને તમો રાખજ્યો. (પંચાળા.૧)

❋ ભગવાનનો મહિમા સમજવાનું ફળ :


અને ભગવાનનો મહિમા બહુ મોટો છે. તે ભગવાને બ્રહ્માને પણ કહ્યો છે જે, 'હે બ્રહ્મા ! જેવો હું છું ને જેવો મારો મહિમા છે ને જેવાં મારાં ગુણ-કર્મ છે, તેવું મારા અનુગ્રહ થકી તને વિજ્ઞાન થાઓ.' એવું જે બ્રહ્માને વચન કહ્યું છે, તેમ જે પોતાના અનન્ય ભક્ત હોય તે સર્વેને ભગવાન પોતા જેવો જ કરે છે. અને જેમ ભગવાન કાળ, કર્મ ને માયા થકી રહિત છે, તેમ જ ભગવાનના ભક્ત પણ કાળ, કર્મ ને માયા થકી રહિત થાય છે ને અખંડ ભગવાની સેવામાં રહે છે. એવી દેહ મૂક્યા કેડે તે ભક્તને પ્રાપ્તિ થાય છે. (મ.૬૬)

અને તે ભગવાનના ધામને કોઈની ઉપમા ન દેવાય તેવું છે. અને ગોલોક પણ તેને જ કહીએ છીએ. અને અનંત અન્ય ધામની વિભૂતિઓ તે થકી અસંખ્ય કોટિ જાતની શોભાનું અધિકપણું છે ને અપાર છે. ત્યાં દૃષ્ટાંત છે : જેમ આકાશ અપાર છે તેને ચારેકોરે જોઈએ તે કોઈ દિશામાં અતં આવતો નથી. તેમ ભગવાનના ધામનો હેઠે અને ઉપર ને ચારેકોરે અંત નથી. કેમ જે એ અપાર છે, તેનો જો પાર લેવા માંડે તો પાર આવે નહિ એવું મોટું બ્રહ્મપુર છે. તે બ્રહ્મપુરમાં જે પદાર્થ છે

તે સર્વે દિવ્ય ચૈતન્યમય છે. ને તે ધામમાં અસંખ્ય પાર્ષદ રહ્યા છે. તે કેવા છે, તો દિવ્ય આકાર સહિત ને તેજોમય છે. ને સર્વ ભૂત-પ્રાણીમાત્રના અંતર્યામી છે. તે સર્વ ભગવાનની સેવામાં નિરંતર તત્પર રહ્યા છે. ને એ જ ધામના જે પતિ અને **અક્ષરાદિક મુક્તના સ્વામી અને પરબ્રહ્મ પુરુષોત્તમ જે છે, તે જ આ સત્સંગમાં બિરાજમાન છે. આવો જેને નિશ્ચય છે તે જ બ્રહ્મધામને પામે છે.**

❋ મૂર્તિમાં મનને સ્થિર કરવાનો ઉપાય :

અને હે વર્ણી ! તે જ બ્રહ્મધામમાં ગરુડ ઉપર બેસીને અમે જાતા હતા ત્યારે ગરુડ પણ ઊડી શક્યો નહિ, એટલે અમે એકલા જ તે સર્વ થકી પર એવું જે શ્રીપુરુષોત્તમનું બ્રહ્મધામ તેમાં અમે ગયા. ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું, મારા વિના બીજો કોઈ મોટો દેખ્યો નહીં. એટલે ઠેકાણે ફર્યા ને પછી અમે દેહમાં આવ્યા. ને ફેર અંતર સામું જોયું ત્યારે એમ જણાણું જે, સર્વે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનો કર્તા પણ હું જ છું.


अनेकअनंत ब्रह्मांडना असंख्य शिव असंख्य ब्रह्मा
असंख्य केजा सअसंख्य वैकुंठ अने गोलोक ब्रह्मपुर अने असं
ख्य करोड विभूति भूमिकायो ए सर्वे मारे तेजे करिने तेजायमान छे॥
अने हे वरणी द्रढ लिकुं के तो छुं तो मारा पगने अंगुठे करिने पृथ
वीने डगावुं तो असंख्य ब्रह्मांडनि पृथ्वी डगवा लागे ने मारे तेजे क
रीने सुर्य चंद्रमा ने ताराआदिक सर्वे तेजायमान छे॥ एवो जे हुं ते मा
रे विषे एम समजीने निश्चे करे तो भगवान एवो जे श्रीपुरुषोत्तम हुं
ते मारे विषे मन स्थिर थाय छे ने कोइ काले मन व्यभिचारने पामे न
हि॥ अने जे जे जीव मारे शरणे आव्या छे ते एम समजशे ते तेने सर्वे ने
हुं सर्वोपरि एवुं जे मारुं ब्रह्मधाम छे तेने पमाडीश अने ते सर्वने अं
तर्यामी जे वाकरीश अने ब्रह्मांडनि उत्पत्यादिकने करे एवा समर्थ
करीश॥

અને અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ - એ સર્વે મારે તેજે કરીને તેજાયમાન છે. અને હે વર્ણીન્દ્ર ! વળી હું કેવો છું ? તો મારા પગના અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે. ને મારા તેજે કરીને સૂર્ય, ચંદ્રમા, તારા આદિક સર્વે તેજાયમાન છે. એવો જે હું, તે મારે વિષે એમ સમજીને નિશ્ચય કરે તો ભગવાન એવો જે શ્રીપુરુષોત્તમ હું, તે મારે વિષે મન સ્થિર થાય છે. ને કોઈ કાળે મન વ્યભિચારને પામે નહીં. અને જે જે જીવ મારે શરણે આવ્યા છે, તે એમ સમજશે તેને સર્વને હું સર્વોપરી એવું જે મારું બ્રહ્મધામ છે, તેને પમાડીશ. અને તે સર્વને અંતર્યામી જેવા કરીશ. અને બ્રહ્માંડની ઉત્પત્ત્યાદિકને કરે એવા સમર્થ કરીશ.

પણ પછી સામર્થી પામીને એમ જાણે જે, 'હું જ મોટો છું.' એમ જાણીને ઋષિરૂપ એવા જે પ્રત્યક્ષ શ્રીનરનારાયણ તેને ગણવા જ નહિ, એવો અહંકાર આવવા દેવો જ નહીં. અને એમ જાણવું જે, 'શ્રીપ્રગટ નરનારાયણની કરુણાએ કરીને હું મોટપ પામ્યો છું."

✵ પુરુષોત્તમગીતાનો મહિમા

આવી રીતે **પુરુષોત્તમગીતા** મુકુંદવર્ણીને શ્રીજીમહારાજે કહી છે. તે પુરુષોત્તમગીતા કેવી છે, તો શ્રીહરિના એકાંતિક ભક્તને અમૃત તુલ્ય ને મહાસુખને દેનારી છે. અને પંદર અધ્યાયે કરીને કહી છે. તેમાં પહેલા ત્રીકમાં ધર્મ કહ્યો છે. અને બીજા ત્રીકમાં જ્ઞાનની વાત કહી છે. અને ત્રીજા ત્રીકમાં વૈરાગ્યની વાત કરી છે. અને ચોથા ત્રીકમાં ભક્તિની વાત કહી છે. અને પાંચમા ત્રીકમાં પોતાના સ્વરૂપનો જે મહિમા તેની વાત કહી છે. એવી રીતે પંદર અધ્યાયમાં સર્વ વેદ, શાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ, સ્મુતિઓ અને શારીરિક સૂત્ર

એ આદિક જે શાસ્ત્રો એ સર્વનો રહસ્ય અભિપ્રાય તેને કહ્યો છે. માટે આ પુરુષોત્તમગીતાનો જે એક જ શ્લોક જો બોલે તો તેને અંત સમે શ્રીહરિ દર્શન દઈને અક્ષરધામમાં તેડી જાય છે. અને આત્યંતિક મોક્ષને પમાડે છે. હે મુકુંદવર્ણી ! એવી આ ગીતા સર્વે અવયવે કરીને આત્યંતિક કલ્યાણની મૂર્તિરૂપ છે. માટે આ ગીતાનો નિત્ય પાઠ કરે તો તે પાઠ કરનારો છતે દેહે અક્ષરધામમાં બેઠો છે.” એવી રીતે ઘણીક વાર્તા કરી.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે ‘પુરુષોત્તમગીતામાં જીવને બુદ્ધિ, ઈન્દ્રિય, મન ને પ્રાણ તે ભગવાન આપે છે તથા સર્વ ભૂતપ્રાણીના અંતર્યામી મુક્તને કહ્યા તથા પોતાનો મહિમા કહ્યો’ એ નામે પંદરમો અધ્યાય ॥૧૫॥ ॥૫૫॥

અધ્યાય - ૫૬

પુરુષોત્તમગીતાની સમાપ્તિ કરીને ભક્તોને ગામ પધાર્યા.

અને પછી ત્યાંથી સર્વે પોતાના ભક્તજને સહિત ગંગાજીથી શ્રીજીમહારાજ ચાલ્યા તે રાત્રિએ પોતાના ભક્તજનને ઘેર થાળ જમ્યા. પછી પોતાના મંદિરમાં પલંગ ઉપર બેસીને સર્વે હરિજન આગળ કહ્યું જે, “અમે આ ગંગાજીના ઘાટ ઉપર લાગઠ પંદર દિવસ રહ્યા. અને ત્યાં રહીને શ્રીમદ્‌ભાગવતની કથા કરી તથા પુરુષોત્તમગીતા કહી અને સમાપ્તિ કરી. હવે સવારે ચાલશું.” એમ કહીને પછી પોઢી ગયા. અને સવારમાં તે ગામની સમીપે નદીમાં શૌચવિધિ તથા દંતધાવન કરીને તથા સ્નાન કરીને નિત્યકર્મ કરીને પોતાના ભક્ત જે રવજી તેને ઘેર થાળ કરાવીને જમ્યા.

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **આસંબીએ** પધાર્યા. ને તે ગામમાં રાત્રિએ નિવાસ કરીને રહ્યા. ને પ્રાતઃકાલે વહેલા ઊઠીને તે ગામના

સમીપે સરોવરમાં સ્નાન કરીને તે ગામમાં હરિજનને ઘેર જઈને ત્યાં નિત્યકર્મ કર્યું. ત્યારપછી ત્યાં હરિજનને ઘેર થાળ જમીને ત્યાંથી ચાલ્યા તે ગામ **કોડાઈ** પધાર્યા. ને ત્યાંથી ચાલ્યા તે **માંડવી** બંદર પધાર્યા. ને તે ગામના હરિભક્ત શિવરામ આદિક ઘણાક સામૈયું લઈને શ્રીજીમહારાજની સામે આવ્યા. અને વાજતે-ગાજતે દરબારની ટંકશાળામાં (સિક્કા પાડવાના કારખાનામાં) આવ્યા. અને ત્યાં એક મોટો પાટ હતો તે ઉપર ગાદીતકિયા નંખાવીને શ્રીજીમહારાજ બિરાજમાન થયા. પછી ગોમતીબાઈને ઘેર પધાર્યા ને ત્યાં થાળ જમીને પોતાને ઉતારે પધાર્યા. એવી રીતે પાંચ દિવસ સુધી રહીને પોતાના ભક્તજનોના મનોરથ પૂર્ણ કર્યા.

ત્યારપછી ત્યાંથી ચાલ્યા તે સોનાવાળા દરવાજે આપણા વાડામાં છત્રી કરીને ચરણારવિંદ પધરાવ્યાં છે ત્યાં પીપળીનું વૃક્ષ હતું તેની નીચે શ્રીજીમહારાજને શેઠ સુંદરજીએ લૂગડું પાથરી આપ્યું. તે ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન થયા. પછી સત્સંગી સર્વે દર્શને આવ્યા. તે કોઈ બરફી ને કોઈ પેંડા ને કોઈ પતાસાં લઈને શ્રીજીમહારાજની આગળ ભેટ મૂકીને પગે લાગ્યા. અને શ્રીજીમહારાજે તેમને વાતું કરી. અને સર્વે સત્સંગીએ બે ઘડી વાર વાતો સાંભળી. પછી સુંદરજી શેઠે શ્રીજીમહારાજને કહ્યું જે, "હે મહારાજ ! બરફી, પેંડા ને પતાસાં જમો." ત્યારે મહારાજે કહ્યું જે, "લાવો જમીએ." ત્યારે શેઠ સુંદરજીએ મહારાજને પતાસાં લઈને આપ્યાં. તે મહારાજ સારી પેઠે જમ્યા ને પછી પોતે સર્વ સત્સંગીને પ્રસાદી હાથે આપી.

પછી ત્યાંથી મહારાજ ચાલ્યા ને સત્સંગી સર્વે પગે લાગીને પાછા વળ્યા. અને શ્રીજીમહારાજ ગામ **ડોણ** પધાર્યા ને સુતાર વસ્તાને ઘેર ઊતર્યા. ને ગામથી ઉતરાદી કોરે શિવનું મંદિર છે ત્યાં પધાર્યા. ને ત્યાંથી પાછા સુતાર વસ્તાને ઘેર પધાર્યા. ને ત્યાં થાળ જમીને ચાલ્યા તે ગામ **કાલેતળાવ** પધાર્યા. ને ત્યાં સુતાર ભીમજી તથા સુતાર રવજી

ને સુતાર હરભમ તથા મનજી તે શ્રીજીમહારાજને સન્મુખ આવ્યા. અને ગાજતે-વાજતે પોતાને ઘેર તેડી ગયા. ને શ્રીજીમહારાજ ત્યાં પાંચ દિવસ રહ્યા ને નિત્ય તળાવમાં નાવા પધારતા. ને હરિજનો પણ પોતપોતાને ઘેર થાળ કરાવીને શ્રીજીમહારાજને પાર્ષદે સહિત જમાડતા.

❋ બ્રહ્માનંદસ્વામીને ડભાણ અને આનંદસ્વામીને સુરત મોકલ્યા :

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **તેરે** પધાર્યા ને સુતાર માવજી તથા નથુ તથા નોંઘા તથા નાગજી તથા સંઘજી તેમને ઘેર પધાર્યા. ને ત્યાં રહ્યા થકા પ્રાગજી દવે પાસે શ્રીમદ્‌ભાગવત વંચાવતા. ને બ્રહ્માનંદસ્વામીને ત્યાંથી કાઠિયાવાડમાં ઘી ઉઘરાવવા સારુ મોકલ્યા. ને ગામ કરજીસણ નાનાભાઈ ઉપર કાગળ લખી મોકલ્યો જે, "દેશ દેશમાં જે હરિભક્ત હોય તેને પાસેથી માથા દીઠ એક મણ ઘી લેજ્યો, ને જો ગરીબ હોય તો ઓછું લેજ્યો. એવી રીતે અમારી આજ્ઞા છે. તે શા સારુ તો અમારે ડભાણમાં મહારુદ્ર કરવો છે."

અને તે પછી શહેર સુરતમાં સ્વરૂપાનંદસ્વામી તથા વ્યાપકાનંદ સ્વામીનું મંડળ હતું. તેમણે ગોળાનું પ્રકરણ બહુ આકરું ચલાવ્યું ને પીવાનું પાણી પણ બહુ જ ખારું, તેમાંથી સાધુને શરીરે બહુ મંદવાડ થઈ ગયો. ત્યારે તેમાંથી સાધુ નાસીને ગામ તેરે શ્રીજીમહારાજ પાસે આવીને ફરિયાદ કરી જે, "હે મહારાજ ! ત્યાં તો મોગરિયો પંથ ચાલ્યો છે. તેમાંથી કેટલાક સંત માંદા થઈ ગયા અને કેટલાક નાસી પણ ગયા અને કેટલાક દેહ મૂકીને ભગવાનના ધામમાં પણ ગયા." એવી રીતે શ્રીજીમહરાજને સાધુએ પ્રાર્થના ઘણી કરી, તેને સાંભળીને આનંદાનંદસ્વામીને ત્યાં જાવાની આજ્ઞા કરી જે, **"તમો સુરત જાઓ ને સાધુને સુખ થાય તેવો ઉપાય કરો."**

પછી મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી એ બે જણને ગામ ડભાણ જાવાની આજ્ઞા કરી જે, "તમે ત્યાં જાઓ અને મહારુદ્રનો

સામાન તૈયાર કરાવો. અમે પણ ત્યાં આવશું." એમ કહીને રાત્રિએ કોઢમાં ઢોલિયા ઉપર બેસીને ઘણીક વાર્તા કરી.

✵ તેરામાં સંતદાસજીને છ માસ સમાધિ :

અને સંતદાસજી પણ ત્યાં બેઠા હતા. અને ત્યારપછી શ્રીહરિ તે હરિજન આગળ કહેવા લાગ્યા જે, "આ સર્વે સંતે સહિત અમે સવારે ચાલશું, તે ભુજ થઈ ગુજરાત જાવાનું છે." ત્યારે હરિજને કહ્યું જે, "હજુ પાંચ દહાડા રહો અને દર્શન દ્યો." એવી રીતે હરિજન તાણમતાણ કરતા રાત્રીએ ચાલવાનું કર્યું જે, 'સવારે પરોઢિયે ત્રણ વાગે ચાલવું.' એવું નક્કી કર્યું. અને તે સમે કાર્તિક માસ હતો અને તે સત્સંગી સુતાર સાથી રાખીને ખેડ કરાવતા. તેને ઘેરથી શ્રીજીમહારાજ પરોઢિયે ધૂન્ય કરીને ચાલવાની તૈયારી કરી. અને જે જગ્યામાં ઊતર્યા હતા તે જગ્યા આથમણે બાર છે. અને તે જગ્યામાં પથ્થરના બે પીલોર છે. તે જે રાત્રીએ મહારાજ ચાલ્યા તે રાત્રીએ સંતદાસજી તે પીલોર પાસે ઉતરાદે મોઢે ધ્યાન કરવા બેઠા હતા. તે ધ્યાનમાંથી સમાધિમાં જતા રહ્યા ને મહારાજ તો સાધુ સર્વેને લઈને સવારમાં ભુજ દિશા સામા રવાના થયા.

તે સમયમાં હરિજન સર્વે મહારાજને નદી સુધી વળાવીને પાછા આવ્યા. ને પોતાના સાથીઓને જગાડીને પોતાના ખેતરોમાં કડબની ચાર્ય હતી તેને લેવા સારુ ગાડાં જોડાવ્યાં. તે ગાડાં કડબની ચાર્ય ભરી લાવીને જે જગ્યામાં સાધુ અને શ્રીજીમહારાજ ઊતર્યા હતા તે જગ્યામાં ખેતરમાંથી ચાર્ય ભરીને દિવસ ઊગ્યા પહેલાં બે બે ફેરા કડબ લાવીને તે જગ્યામાં ભરી દીધી. અને શ્રીજીમહારાજ તો ચાલી નીકળ્યા ને સંતદાસજી તે જગ્યામાં પીલપાયાના (થાંભલાના) થડમાં અંધારામાં બેઠા હતા, તે ઉપર ચારેકોરે ચાર્ય ભરી દીધી. અને માંહીલી કોરે સંતદાસજી બેઠા હતા, તેની કોઈ સત્સંગીને ખબર નહિ જે સંતદાસજી માંહીલી કોરે બેઠા છે.

અને મહારાજ તો ભુજ થઈને ગુજરાત પધાર્યા. અને ગુજરાત દેશ ફરીને છ માસે પાછા ભુજ પધાર્યા. ત્યારે તે વાત સાંભળીને તેરાના ને કાળાતળાવના હરિભક્ત ગાડાં જોડીને ભુજ મહારાજને દર્શને આવ્યા. મહારાજનાં દર્શન કરીને બહુ જ આનંદ પામ્યા. પછી વિનય કરવા લાગયા જે, "મહારાજ ! આપ ગુજરાત પધાર્યા તે બહુ દિવસ લાગ્યા. ને આપનાં દર્શન પણ નહિ ને કોઈ સાધુનાં પણ દર્શન નહીં." ત્યારે શ્રીજીમહારાજે કૃપા કરીને હરિજન પ્રત્યે કહ્યું, "અમને તો ઘણા દિવસ લાગ્યા પણ સાધુ તો એક તમારા પાસે દર્શન સારુ મૂકી ગયા છીએ."

ત્યારે હરિજન બોલ્યા જે, "મહારાજ ! સાધુ શા ? ને વાત શી ? અમે તો કોઈ સાધુ તમે મૂકી ગયા દીઠા નથી. અને જે દિવસે તમે ચાલ્યા તે દિવસે અમે ખેતરમાંથી વહેલી ચાર્ય લાવીને તે જગ્યામાં ભરી મેલી છે. તે હજુ પણ એમની એમ ભરી પડી છે. અને તે સાધુ તો ક્યાંઈ અમે દેખ્યા નથી."

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમે ત્યાં જાઓ અને અમે પાંચ દહાડા માનકૂવે રહીને તેરે આવશું ત્યારે તમને સાધુ દેખાડશું " એમ કહીને મહારાજ **માનકૂવે** ગયા ને ત્યાં પાંચ દહાડા રહીને **તેરે** પધાર્યા. ને તેરાના ને કાળાતળાવના હરિજન સૌ દર્શને આવ્યા. તેને શ્રીજીમહારાજે ઘણીક ભગવાન ભજવાની વાતું કરી. તેવા સમામાં હરિજનોએ કહ્યું જે, "મહારાજ ! તમે ભુજમાં અમને કહેતા હતા જે, 'તેરામાં સાધુ અમે મૂક્યા છે.' તે સાધુ અમે કોઈ દિવસ તેરામાં દેખ્યા નથી, તે દેખાડો."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "ચાલો, જ્યાં કોઢમાં સાધુ પહેલાં ઊતર્યા હતા ત્યાં સાધુ છે, તે તમને દેખાડીએ" ત્યારે સૌ હરિજન ઊઠીને કોઢમાં ગયા. અને **તે જગ્યામાંથી શ્રીજીમહારાજે ચાર્ય કઢાવીને**

માંહીલી કોરે પીલપાયાના થડમાંથી સંતદાસજીને સમાધિમાંથી છ માસે પાછા જગાડ્યા. તે જોઈને સર્વે હરિજનને અતિ આશ્ચર્યકારી વાત જણાણી. આવી રીતે છ છ માસ સુધી શ્રીજીમહારાજે તેરા ગામમાં સમાધિઓ કરાવી હતી.

✵ ભુજ, બળદિયા, અંજારાદિક ગામોમાં વિચરણ :

પછી ત્યાંથી મહારાજ પાછા **ભુજનગર** પધાર્યા. ત્યાં સુતાર હીરજીભાઈને ઘેર ઊતર્યા. અને હીરજીભાઈએ થાળ કરીને પોતાને ઘેર શ્રીજીમહારાજને જમાડ્યા. અને થોડાક દિવસ ત્યાં રહીને ત્યાંથી ચાલ્યા તે ગામ **બળદિયે** ગયા. ત્યાં રાત્રીએ હરિજન આગળ પોતાના સ્વરૂપના મહિમાની વાર્તા ઘણીક વિસ્તારે સહિત કરી, ત્યારપછી પોઢી ગયા. અને સવારમાં ઊઠીને હરિજન સહિત કાળાતળાવમાં સ્નાન કરીને પાછા ગામમાં હરિજનને ઘેર થાળ જમ્યા. અને ત્યાં ત્રણ-ચાર દિવસ રહીને ત્યાંથી ચાલ્યા તે ગામ **બંદરે** રાયસંગજીને ઘેર પધાર્યા. ત્યાં દિવસ બે રહીને તે ભક્તજનના મનોરથ પૂર્ણ કરીને તથા થાળ જમીને ત્યાંથી ચાલ્યા તે ગામ **અંજાર** પધાર્યા. ત્યાં ગંગાજીના ઘાટ ઉપર આંબલીઓના વનમાં ઊતર્યા અને ત્યાંથી ગામમાં પધાર્યા. અને ત્યાં તેજબાઈ તથા ચાગબાઈને ઘેર ઊતર્યા અને ત્યાં થાળ જમ્યા. ને ત્યાં બે-ચાર દિવસ રહીને ત્યાંથી ચાલ્યા તે ગામ **ચિરાઈ** થઈને **ભચાઉ** પધાર્યા.

ત્યાં વાણિયા વાઘા તથા લખુને ઘેર ઊતર્યા. અને ત્યાં પોતે હાથે બાટી કરીને શાક કર્યું ને પછી પોતે જમ્યા ને પોતાના પાર્ષદ જે ડુંગરજી આદિક ભેળા હતા તેમને વાણિયાને ઘેર જમવા મેલ્યા. પછી ત્યાંથી પોતે ચાલ્યા તે માર્ગમાં કોઈક ગરીબ બ્રાહ્મણ અણવાણે પગે આવતો હતો, તેને જોઈને પોતે પોતાનો ચોફાળ તથા મોજડીઓ આપી દીધી. પછી સર્વે સત્સંગીને પાછા વાળ્યા. અને ડુંગરજી આદિક પાર્ષદ હતા તેમને પણ આજ્ઞા કરી જે, "તમે ગુજરાત જાઓ." એમ કહીને પોતે

ત્યાંથી એકલા ચાલ્યા તે ગામથી બે ખેતરવા છેટો એક કૂવો હતો, ત્યાં બાઈઓ મહારાજને વાસ્તે થાળ કરીને બેઠી હતી. તેમણે પ્રાર્થના કરી જે, "મહારાજ ! અમે થાળ કરીને લાવ્યાં છીએ, તે જમવા પધારો." ત્યારે શ્રીજીમહારાજ બહુ પ્રાર્થનાનાં વચન સાંભળીને તે કૂવા ઉપર એક લીમડાનું વૃક્ષ હતું ત્યાં બેસીને થાળ જમ્યા.

✹ આધોઈમાં કરણીબાએ પ્રભુને જમાડ્યા ને ગોપી બનાવ્યા :

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **આધોઈ** પધાર્યા. ત્યાં રાયધણજીના દરબારમાં પોતે એકલા થાંભલાને ઓથે ઊભા રહ્યા. તે કરણીબાએ દીઠા. પછી ઊઠીને શ્રીજીમહારાજનો હાથ ઝાલીને ઢોલિયા ઉપર બેસાર્યા. ત્યારપછી સમાચાર પૂછવા લાગ્યાં. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "હમણાં સમાચાર પૂછવા રહેવા દ્યો અને અમને ભૂખ ઘણી લાગી છે, તે જમવાનું લાવો." ત્યારે બાઈએ કહ્યું જે, "હમણાં સૌ જમી ગયા, તે થોડીક વાર ખમો તો થાળ કરું."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "અમને તો બહુ ભૂખ લાગી છે, ખમાય એમ નથી; જે હોય તે લાવો." ત્યારે તે બાઈએ કહ્યું જે, "હમણાં તો કાંઈ નથી." ત્યારે મહારાજે કહ્યું જે, "દહીં છે કે નથી ? દહીં હોય તો દહીં લાવો." ત્યારે બાઈએ દહીંનાં ત્રણ ગોરસાં લાવીને મહારાજને આપ્યાં. ત્યારે ત્રણે ગોરસ જમી રહ્યા પછી એમ બોલ્યા જે, "હવે થાળ કરો." ત્યારે તે બાઈએ થાળ કરવા માંડ્યો. અને કરણીબાએ મહારાજના ચરણારવિંદમાંથી અઢાર કાંટા કાઢ્યા. તે પછી થાળ થયો તે મહારાજ જમ્યા. અને પછી તે કરણીબાએ શ્રીજીમહારાજની મરજી જાણીને પોતાનાં સર્વે વસ્ત્ર-અલંકાર શ્રીજીમહારાજને પહેરાવ્યાં. અને ફરીને કીર્તન ગવરાવ્યાં જે,

સુણ વાત કહું સાહેલી રે, કાનો મારી કેડ પડ્યો;
જળ ભરવા ગઈ હું એકલી રે, કાનો મારી કેડ પડ્યો.

તે સમે રાયધણજી આવ્યા. તે શ્રીજીમહારાજનાં દર્શન કરીને હસ્યા અને બીજા ભાઈને બોલાવ્યા જે, "આંહીં આવો." ત્યારે સર્વે આવ્યા. તે શ્રીજીમહારાજનાં દર્શન કરીને આનંદ પામ્યા અને એમ બોલ્યા જે, "આવાં દર્શન તો આજ જ થયાં !! અને આ દર્શન તો જ્યાં સુધી દેહ રહેશે ત્યાં સુધી સાંભરશે. હે મહારાજ ! તમે દયા કરીને દર્શન દીધાં તે બહુ સારું કર્યું ! અને હવે વસ્ત્ર ઉતારીને મૂકો." પછી શ્રીજીમહારાજે વસ્ત્ર ઉતારીને મૂક્યાં. પછી થાળ થયો તે શ્રીજીમહારાજ જમ્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજે પુરુષોત્તમગીતા તથા ભાગવત વંચાવીને ગંગાજીથી ચાલ્યા થકા તેરામાં સંતદાસજીને સમાધિ કરાવી તથા કરણીબાએ વસ્ત્ર પહેરાવ્યાં તે મહારાજ ઉતરાવીને થાળ જમ્યા' એ નામે છપ્પનમો અધ્યાય ॥૫૬॥

અધ્યાય - ૫૭

મહારાજે બાઇયોને ડભાણની લીલાનાં દર્શન થવાનો વર દીધો

પછી શ્રીજીમહારાજે જાડેજા રાયધણજીને કહ્યું જે, "ડભાણનો મહારુદ્ર કરવા જવું છે." એમ કહીને પોતે તૈયાર થયા. તે ભેગા રાયધણજી તથા જેમલજી તથા હડુજી આદિક પાંચ અસ્વાર ભેળા તૈયાર થયા. તેને જોઈને કરણીબા તથા જીજીબા આદિક બાઈયું મહારાજ પ્રત્યે બોલ્યા જે, "હે મહારાજ ! અમે પણ ડભાણ આવશું, કારણ કે તમો ત્યાં અનેક પ્રકારની લીલા કરશો, તેનાં દર્શન કરવાની અમારે પણ ઈચ્છા છે."

ત્યારે રાયધણજી બોલ્યા જે, "મહારાજ ! બાઈયું ડભાણ આવે તેનું અમારે તો કાંઈ આડું નથી. કેમ જે, અમારે તો તમારો દૃઢ આશ્રય છે. માટે અમારે તો કોઈ વાતની શંકા નથી, પણ જગતમાં બાઈયું ભેગા આવે તે ખોટું દેખાય." ત્યારે બાઈયું બોલ્યા જે, "હે મહારાજ !

અમારેય લીલાનાં દર્શન કરવાની બહુ ઈચ્છા છે, તે અમને એ દર્શન કેમ થાય ?" ત્યારે મહારાજે કહ્યું જે, **"અમે ડભાણમાં જેટલા દિવસ લીલા કરશું ને જેવાં જેવાં વસ્ત્ર ધારણ કરશું તેવી જ રીતનાં તમને આંહીં દર્શન થશે."** એમ કહીને ત્યાંથી ચાલ્યા તે શ્રીજીમહારાજ ગામ **માળિયે** પધાર્યા. ત્યાંથી **ખાખરેચી**એ પધાર્યા ને ત્યાંના તળાવમાં ઘોડાને પાણી પાઈને ત્યાંથી ચાલ્યા, તે ગામ **વાંટાવદર** તથા **રાયસંગપર** થઈને શ્રીજીમહારાજ ગામ **હળવદ** પધાર્યા.

✵ હળવદમાં મહારાજ એક મણ બરફી-પેંડા જમ્યા :

ત્યાં હરિભક્તે સામૈયું કર્યું ને મહારાજ તળાવ ઉપર આવીને ઘડીક વાર બિરાજમાન થયા. પછી ગાજતે વાજતે રૂડી રીતે ગામમાં પધાર્યા અને દવે ઈશ્વરના ડેલામાં ઉતારો કર્યો. ત્યાં ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અને ગામના હરિભક્ત સર્વે સાકર તથા પેંડા-બરફીની ભેટ લાવ્યા, તે સર્વે પોતે જમી ગયા. પછી હરિભક્તે કહ્યું જે, "થાળ થયો છે."

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "ભૂખ તો બહુ લાગી છે." એમ કહીને શિવ જાનીને ઘેર જઈને થાળ જમ્યા. તે વાત સૌને ઘણી આશ્ચર્યકારી લાગી. કેમ જે, સાકર તથા પેંડા-બરફી એક મણ આવી હશે, તે જમીને ઉપર વળી થાળ જમ્યા. અને તે થાળ જમીને પોતે ઉતારે પધાર્યા. ને હરિભક્તે પંચામૃતે કરીને પગ ધોઈને ચરણામૃત લીધું ને બહુ પ્રકારે પૂજા કરી. તે દિવસ ત્યાં રહ્યા ને સવારમાં ત્યાંથી ચાલ્યા, તે ગામ **ધ્રાંગધરે** થઈને ગામ **મેથાણ**માં ઝાલા પૂજાભાઈને ઘેર પધાર્યા. ત્યાં પાંચ દિવસ બિરાજમાન થયા. અને સર્વે હરિભક્તને ઘેર થાળ જમ્યા ને સર્વે હરિભક્તને રાજી કરીને ત્યાંથી સવારીએ સહિત પોતે ગામ **ખેરવે** થઈને ગામ **રામગરી** પધાર્યા. ને પટેલ જીવરામને ઘેર રાત રહ્યા.

✵ ડભાણમાં મહારાજે ભવ્ય યજ્ઞ કર્યો

અને ત્યાંથી ચાલ્યા તે ગામ **વાંટું**ના હરિભક્તને દર્શન દઈને **દદુકે** થઈને ગામ **મછિયાવ** પધાર્યા. તે દાજીભાઈના દરબારમાં બિરાજમાન થયા. ને ત્યાં થાળ જમીને ગામ **ભાત** થઈને ગામ **જેતલપુર** પધાર્યા ને મંદિરમાં ઊતર્યા. અને ગંગામાએ થાળ કર્યો, તે જમવા પધાર્યા. ને થાળ જમીને રાત રહીને ગામ **ડભાણ**માં પધાર્યા. ને ત્યાં મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીને મળ્યા. અને કહ્યું જે, “તમે યજ્ઞનો સામાન ભેળો કરાવો. અમે ઘોડાસર તથા હાથરોલી જઈને પંદર દિવસ રહીને આવીશું.” એમ કહીને શ્રીજીમહારાજ **ઘોડાસર** પધાર્યા. ત્યાંથી **હાથરોલી** જઈને પંદર દિવસ રહીને પછી દશ હજાર કોળીનું સૈન્ય તથા કાઠીના સ્વાર તેણે વીંટાણા થકા ગામ **ડભાણ** પધાર્યા.

અને ત્યાં શ્રીજીમહારાજને સન્મુખ મનુષ્ય આવ્યા ને બહુ ભીડ થઈ તેણે કરીને વાવેલ ખેતર હતાં તે કચરાઈ ગયાં. ને શ્રીજીમહારાજ ઘોડે સવાર થઈને ગામમાં પધાર્યા. ને ત્યાં રહીને મહારુદ્ર કરાવતા. ને પછી પૂનમને દિવસે પૂર્ણાહુતિ કરાવી ને બ્રાહ્મણને ઘણા પ્રકારે સોનામોહરો ને રૂપામોહરો ને ઘરેણાં ને વસ્ત્ર ઈત્યાદિક દક્ષિણાઓ આપી. અને જેટલા દિવસ મહારાજે ડભાણમાં યજ્ઞ કર્યો ને તે યજ્ઞમાં પોતે જે જે લીલાચરિત્ર કર્યાં તેટલા દિવસ સુધી બીજે સ્વરૂપે હરિજનને તથા બીજા સર્વે જનને આધોઈમાં તે તે લીલાચરિત્ર કરીને દર્શન આપ્યાં.

અને પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **ચલોડા**માં અમીન નથુભાઈને ઘેર ઊતર્યા. ને ત્યાંથી ગામ **કાણોતર** કસિયાજી વાઘેલાના દરબારમાં ઊતર્યા. ત્યાં રાત રહીને પોતે ચાલ્યા, તે ગામ **બળોલ** તથા **અડવાળ** થઈને ગામ **સારંગપુર**માં જીવા ખાચરને ઘેર પધાર્યા. ત્યાંથી **ગઢડે** પધાર્યા. ને ત્યાંથી ગામ **કોટડા**માં પીઠા વાળાને ઘેર રાત રહીને ચાલ્યા તે ગામ **ગોંડલ** થઈને ગામ **કાલાવડ**માં ખત્રી જાદવજીને ઘેર ઉતારો

કર્યો. ત્યાં જમ્યા ને સર્વે સાધુ તથા અસ્વારને જમાડ્યા. અને ત્યાં દિવસ બે રહ્યા. પછી ખત્રી ખેંગારે મોતૈયા લાડુનું ભાતું બંધાવ્યું ને ત્યાંથી ચાલ્યા, તે ગામ **ભાદરા**માં સુતાર રામજીને ઘેર રાત રહ્યા.

અને ત્યાંથી અસ્વારોએ સહિત ચાલ્યા, તે ગામ **જોડિયે** થઈને **બાલંભે** આવ્યા. ને ત્યાંથી **આમરણા** તથા **ધુડકોટ** થઈને ગામ **પીપળિયે** પટેલ ગણેશને ઘેર પધાર્યા. ત્યાં થાળ જમ્યા ને સર્વને જમાડ્યા. અને ત્યાંથી ચાલ્યા તે ગામ **ભેલા**માં ગોવિંદજી બ્રાહ્મણને ઘેર ઊતર્યા. ને થાળ જમીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **માળિયે** પધાર્યા. ને ત્યાં દરબારમાં ઉતારો કર્યો ને ત્યાં થાળ જમ્યા ને સર્વેને જમાડ્યા. અને ત્યાંથી ચાલ્યા તે ગામ **વાંઢિયે** પધાર્યા ને સુતાર રૂડાને ઘેર ઊતર્યા.

ત્યાંથી જમીને ચાલ્યા, તે ગામ **આધોઈ**માં જાડેજા લાધાજીના દરબારમાં ઊતર્યા. ને ત્યાં થાળ જમ્યા ને સર્વેને જમાડ્યા. અને સર્વે હરિજનોએ મળીને કહ્યું જે, "હે મહારાજ ! આંહીં યજ્ઞ કરીને અમને તમોએ દર્શન દીધાં તે તો અમને ભારે કૃતાર્થ કર્યા." એવી રીતે પ્રાર્થના શ્રીજીમહારાજની કરી. અને ત્યાં મહાનુભાવાનંદસ્વામી ઘોડાસરના ઠાકોરનો કાગળ લઈને આવ્યા. ત્યારે મહારાજે પૂછ્યું જે, "દેશમાં શી શી વાતો થાય છે ?" ત્યારે મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું જે, "મહારુદ્રની વાતુ થાય છે." ત્યારે શ્રીજીમહારાજે મહારુદ્રની બહુ પ્રકારે વાર્તા કરી. અને ત્યાં બહુ લીલા કરીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **ભચાઉ**માં એક રાત રહ્યા.

✵ કરણીબા વગેરે બહેનોએ રસ્તામાં શ્રીહરિને જમાડ્યા :

અને રાતે શ્રીજીમહારાજે કહ્યું જે, "સવારમાં અમારે ચાલવાનું છે, તે ખોખરે જાવું છે." ત્યારે સત્સંગી સર્વે બોલ્યા જે, "મહારાજ ! વહેલા થાળ કરાવશું, તે જમીને ભલે પધારજો." ત્યારે મહારાજે કહ્યું જે, "અમે વહેલા ચાલશું." ત્યારે (કરણી)બાઈએ તે સાંભળ્યું જે,

"મહારાજ વહેલા ખોખરે પધારશે તે મોડા પોંચશે. તે આપણો થાળ કરીને ખોખરાના માર્ગમાં બટિયાનો કૂવો છે તે અર્ધો ગાઉ છેટે છે ને સજીવન પાણી વહે છે, ને એ કૂવામાં બે હાથ ઉપર પાણી છે. ને રાંઢવું તથા દોરીનું કામ પડે નહિ, ને માથે આંબલી ઊભી છે, ને તે કૂવાના થાળામાં જઈને બેસશું. ને મહારાજ વહેલા પધારશે ત્યારે આપણે મહારાજને હાથ જોડીને કહેશું. તે મહારાજ દયાળું છે તે જમશે તો આપણું પરમ કલ્યાણ થશે અને આપણા સર્વે મનોરથ પૂર્ણ થાશે. અને ભગવાન તો અંતર્યામી છે, તે કૃપા કરીને થાળ જમશે. તે માટે આપણે ચાલો ત્યાં જઈને બેસીએ." પછી બાઇયું ત્યાં થાળ લઈ જઈને બેઠી.

પછી શ્રીજીમહારાજ સવારમાં વહેલા ઊઠ્યા. અને સર્વે સત્સંગી ભાઈઓ મહારાજને વળાવવા ચાલ્યા. તે તળાવ ઉપર શ્રીજીમહારાજે સત્સંગીને કહ્યું જે, "તમે પગે લાગીને પાછા વળો." એમ કહીને મહારાજ ચાલ્યા. તે કૂવા આગળ પધાર્યા ત્યારે બાઇયું આવીને આગળ ઊભી રહી. અને હાથ જોડી પ્રાર્થના કરી જે, "હે મહારાજ! કૃપા કરીને થાળ જમો ને ! અમે રાત આખી જાગીને થાળ કર્યો છે. દયા કરીને જમો."

ત્યારે મહારાજે કહ્યું જે, "સારું, લ્યો જમીએ." ત્યારે પાળા ડુંગરજી આદિક હતા તે બોલ્યા જે, "આપણે નાહ્યા પણ નથી ને દાતણ પણ નથી કર્યું, તે કેમ જમાય ?" ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "આપણે તો રાત પણ ક્યાં પડે છે ? અને આત્માને નાવા-ધોવાનું શું કામ છે ? અત્મા તો સદાય નાહેલો છે. માટે ઈશ્વર-ઇચ્છાએ થયું તે ખરું, આવો જમો." પછી શ્રીજીમહારાજ સર્વને પીરસીને પોતે કૂવાના થાળામાં જમવા બેઠા. અને જમીને બાઈયુંને કહ્યું જે, "આ પ્રસાદી લઈ જાઓ અને જેને ખપે તેને દેજો, અમે ચાલશું." પછી બાઈયું છેટે બેસીને પગે લાગી.

❋ ખોખરામાં હરિવચને કૂવો ખોદતા ઘણું પાણી થયું :

અને પછી શ્રીજીમહારાજ ચાલ્યા તે ગામ **ખોખરે** પધાર્યા ને સુતાર વાલજીને ઘેર ઊતર્યા. ત્યાં થાળ જમ્યા ને પાર્ષદને જમાડ્યા. અને તે ગામમાં પાણીની તાણ હતી. તેથી સર્વે હરિભક્તે કહ્યું જે, "હે મહારાજ! પાણીની તાણ ઘણી છે." ત્યારે મહારાજે કહ્યું જે, "આ ઠેકાણે કૂવો ખોદો તો પાણી સારું આવે." ત્યારે સર્વે હરિભક્તે કૂવો ખોદાવ્યો, એટલે શ્રીજીમહારાજની કૃપાથી કૂવામાં ઘણું પાણી થયું.

અને ત્યાંથી શ્રીજીમહારાજ ચાલ્યા તે ગામ **ભુજનગર** પધાર્યા. અને ત્યાં સુતાર હીરજીભાઈને ઘેર ઊતર્યા. ને શ્રીજીમહારાજ પધાર્યા તે વાત સાંભળીને સત્સંગી સર્વે દર્શને આવ્યા. અને દર્શન કરીને આનંદને પામ્યા. અને સર્વે સત્સંગીએ શ્રીજીમહારાજને સ્તુતિ કરી જે, "હે મહારાજ ! તમે કૃપાળુ છો, તે કૃપા કરીને ભલા દર્શન દીધાં. અમે તો સંસારના વ્યવહારરૂપ અંધ કૂવામાં પડ્યા છીએ. તેમાંથી હાથ ગ્રહીને તાણી લીધા. કેમ જે પૃથ્વીના છેડા ઉપર પડ્યા છીએ. અને હે મહારાજ ! આપ કૃપા કરી આંહીં ફરી ફરી અમને દર્શન દઈને વાતેચિતે કરીને માયારૂપી કાટ ઉતારો છો અને પોતાના જાણીને સંભાળ લ્યો છો, તે માટે અમારાં પણ મોટાં ભાગ્ય છે."

પછી હીરજીભાઈ મહારાજને તેડવા આવ્યા, તે મહારાજ જમવા પધાર્યા. અને સુતાર ભગવાનજીએ શ્રીજીમહારાજને પોતાને ઘેર પધરાવીને પાર્ષદે સહિત જમાડ્યા. અને ચંદન તથા હાર તથા વસ્ત્રે કરીને શ્રીજીમહારાજની પૂજા કરી. તે પૂજા ગ્રહણ કરીને મહારાજ પોતાને ઉતારે પધાર્યા. અને જેઠી ગંગારામે પણ શ્રીજીમહારાજને પોતાને ઘેર પધરાવીને જમાડ્યા. અને મહેતા શિવરામ તથા હરજીવન અને લાધીબાઈ તેમણે પણ પોતાને ઘેર પધરાવીને પાર્ષદે સહિત રૂડી રીતે જમાડ્યા.

અને બીજા સત્સંગીનાં ઘર સો દોઢસોને આશરે હતાં. એ સર્વેએ પોતપોતાને ઘેર શ્રીજીમહારાજને પધરાવીને રૂડી રીતે પાર્ષદે સહિત જમાડ્યા અને ચંદન, હાર તથા વસ્ત્રે કરીને શ્રીજીમહારાજની પૂજા કરી. તે પૂજાને ગ્રહણ કરીને ઉતારે પધાર્યા. એવી રીતે ભુજનગરમાં સર્વે સંત સહિત લીલા કરતા થકા એક માસ ત્યાં રહેતા થકા ત્યાંના સહુ હરિજન બાઈ ભાઈ આદિકને પોતાનું મહા અદ્ભુત ચરિત્ર દેખાડીને સર્વેની સેવાને અંગીકાર કરતા સતા પોતાના સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરાવ્યો. અને મુક્તાનંદસ્વામી આદિક સર્વે સંતને સોરઠ, હાલાર, ઝાલાવાડ, કાઠિયાવાડ, ભાલ, ગુજરાત અને દંઢાવ્ય એ આદિક દેશનાં ઘણાંક ગામોમાં ફરવા મોકલ્યા.

અને મહારાજ ત્યાંથી ચાલ્યા તે ગામ **ખોખરે** થઈને ગામ **ભચાઉ** પધાર્યા. અને ત્યાં કેટલાક દિવસ રહીને ત્યાંના સર્વે હરિભક્ત બાઈભાઈને પોતાનો મહા અલૌકિક પ્રતાપ જણાવતા સતા પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો. અને તે સર્વેની સેવા અંગીકાર કરી. પછી ત્યાં થકી ચાલ્યા તે ગામ **કંથકોટ**માં મૂળજી ઠક્કરને ઘેર પધાર્યા. ત્યાં કચરા આદિક હરિભક્તને ઘણુંક સુખ આપતા થકા ત્યાં માસ એક રહ્યા અને તેમની સેવા અંગીકાર કરી. અને ત્યાંથી ચાલ્યા તે ગામ **આધોઈ** પધાર્યા. ને લાધાજીના દરબારમાં દોઢ માસ રહીને કેટલાક મતવાદી વેદાંતી આદિ સાથે ચર્ચા કરીને તેનો પરાજય કર્યો. ત્યાંથી ચાલ્યા તે ગામ **ધમડકે** પધાર્યા. ત્યાં રાયધણજીના દરબારમાં બે માસ રહીને તે ગામની નદીમાં નિત્ય સંતહરિજન સહિત નાવા પધારતા.

✹ અંજારમાં અવતારો તથા દેવતાઓ શ્રીહરિનાં દર્શને આવ્યા

ત્યારપછી ત્યાંથી ચાલ્યા તે ગામ **અંજાર**માં પધાર્યા. ત્યાં ચાગબાઈને ઘેર થાળ જમીને આથમણી સવાસરની ભાગોળે આપણે વંડો કર્યો છે ત્યાં પીપળના વૃક્ષ હેઠે બિરાજમાન થયા. અને ત્યાં

ગામના ઘણા હરિજન દર્શને આવ્યા. તેમના આગળ ધર્મ તથા જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સબંધી વાર્તા ઘણીક વિસ્તારે સહિત કરી. અને પછી ત્યાંથી માધવરાવની વાડીએ પીપળાના વૃક્ષ હેઠે પાટ ઉપર ગાદીતકિયે સહિત શિવના ચોતરા ઉપર ઉગમણે મુખારવિંદ બિરાજમાન થયા. ને પોતાના મુખારવિંદની આગળ સર્વે સંત તથા હરિભક્તની મહા મોટી સભા ભરાઈને બેઠી. તે સભામાં પોતે વાત કરવા લાગ્યા.

ते सभानां दरशन करवा सर्वे अव
तार रामकृष्णादिक तथा अनंत कोटी महा मुक्त अने अनंत कोटि
देव ते सर्वे आविने पिपळाना वृक्ष उपर पांदडे पांदडे तथा साखा
ये साखाये बेसता हवा ॥ तेना तेजनो प्रकास ते वडे करिने सर्वे भुमंड
ळ तेजोमय थै जातुं हतुं ते तेजने जोइने ते सभामां बेठेला जे हरिजनो
तथा मतपंथनां मनुष्य ते पोताना मनमां आश्चर्य पामीने बे हाथ जो
डीने श्रीजिमहाराजने नमस्कार करिने पुछता हवा ॥ जे हे महाराज
आ पिपळाना वृक्ष उपर तेजनो प्रकास जुदो जुदो देखाय छे ते तेज सा
नुं छे त्यारे श्रीजिमहाराज के हे ता हवा जे अगणित अवतार तथा अग
णित ब्रह्मांडाधिपती तथा अगणित देवता ते सर्वे अमारां तथा आ स
भानां दरसन करवा आव्या छे ॥ तेना तेजनो प्रकास थै रह्यो छे एम वारि
से वारता करता हवा

તે સભાનાં દર્શન કરવા સર્વે અવતાર રામકૃષ્ણાદિક તથા અનંતકોટી મહામુક્ત અને અનંતકોટી દેવ તે સર્વે આવીને પીપળાના વૃક્ષ ઉપર પાંદડે પાંદડે તથા શાખાએ શાખાએ બેસતા હવા. તેના તેજનો પ્રકાશ તે વડે કરીને સર્વે ભૂમંડળ તેજોમય થઈ જાતું હવું. તે તેજને જોઈને તે સભામાં બેઠેલા જે હરિજનો તથા મતપંથના મનુષ્ય તે પોતાના મનમાં આશ્ચર્ય પામીને બે હાથ જોડીને શ્રીજીમહારાજને નમસ્કાર કરીને પૂછતા હવા જે, “હે મહારાજ ! આ પીપળાના વૃક્ષ

ઉપર તેજનો પ્રકાશ જુદો જુદો દેખાય છે, તે તેજ શાનું છે ?" ત્યારે શ્રીજીમહારાજ કહેતા હવા જે, "અગણિત અવતાર તથા અગણિત બ્રહ્માંડાધિપતિ તથા અગણિત દેવતા તે સર્વે અમારાં તથા આ સભાનાં દર્શન કરવા આવ્યા છે. તેના તેજનો પ્રકાશ થઈ રહ્યો છે." એવી રીતે વાર્તા કરતા હવા.

❋ મહારાજે હરભમસુતારનું માન ટળાવ્યું :

તેવા સમામાં ગામ કાળાતળાવના હરભમ સુતાર રામાનંદ સ્વામીના સત્સંગી હતા તે આવીને શ્રીજીમહારાજનાં દર્શન કરીને સભામાં બેઠા. તેને કેટલીકવાર થઈ ગઈ પણ મહારાજે બોલાવ્યા નહીં. એટલે તેને પોતાના મનમાં એવો સંકલ્પ થયો જે, "હું આટલા ગાઉથી ચાલીને આવ્યો, પણ આ મહારાજે મને એમ પણ ન કહ્યું જે, 'આવો ભક્ત, કેમ છે ?" એવો એના અંતરમાં ઘાટ થયો. ત્યારે તેના અંતરનો ઘાટ શ્રીજીમહારાજે અંતર્યામીપણે જાણીને વાત કરતા હતા તે વાત કરવી રહેવા દઈને મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "હે સ્વામી ! અમારો દેશ આંહીંથી કેટલે છેટે છે ?"

ત્યારે મુક્તાનંદસ્વામી બે હાથ જોડીને વિનંતીપૂર્વક બોલ્યા જે, "હે મહારાજ ! લાખ મણ લોઢાનો ગોળો ત્યાંથી પડતો મૂકીએ, તે વાયુને લહરકે ઘસાઈને પૃથ્વીમાં રજ ભેળો ભળી જાય, એટલે છેટે તમારો દેશ છે." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "સ્વામી ! એટલે છેટેથી અમો આંહીં આવ્યા છીએ. તે અમને કોઈક ગાળ્યો દે છે અને કોઈક ધૂળ નાખે છે અને કોઈક તો અમારું અપમાન કરે છે; તે અપમાનને અમે જરણા કરીને સહન કરીએ છીએ. તેમાં કેટલાક જીવ એમ સંકલ્પ કરતા હશે જે, 'અમે આટલા ગાઉથી ચાલીને આવ્યા પણ મહારાજે મને બોલાવ્યો નહીં." એવી રીતે શ્રીજીમહારાજે ઘણીક વાર્તા કરી.

ત્યારે તે વાતને સાંભળીને અતિ નિર્માની થકા બે હાથ જોડીને હરભમ સુતાર બોલ્યા જે, "હે મહારાજ ! હું તો તમારો સેવક છું, તે હવે મારા અંતરનો ઘાટ ટળી ગયો." પછી શ્રીજીમહારાજે તેમને તત્કાળ સમાધિ કરાવી અને અક્ષરધામમાં અતિ તેજોમય દિવ્ય સિંહાસન ઉપર અનંતકોટી મુક્તે વીંટાણા થકા વિરાજમાન એવું એક ઘડી પોતાનું મહા અદ્‌ભુતરૂપે દર્શન આપીને પાછું તે ઐશ્વર્ય છુપાવી લીધું. એટલે તત્કાળ સમાધિમાંથી જાગીને આનંદ પામતા સતા વારંવાર પગે લાગીને શ્રીજીમહારાજના સ્વરૂપનો સર્વોપરી નિશ્ચય કરીને રસોઈ આપી. અને રાજી કરીને પોતાને ગામ ગયા.

❋ કેરામાં મહાદેવજી સપરિવાર શ્રીહરિના દર્શને આવ્યા :


તે વાર પછી શ્રીજીમહારાજ ત્યાં રહેતા સતા ત્યાં થકી ફરતાં ફરતાં ચાલ્યા, તે ગામ **માનકૂવે** આવ્યા. અને અદાજીના દરબારમાં પંદર દિવસ રહીને પોતાનો સર્વોપરી પ્રતાપ જણાવ્યો. અને તેમની સેવા અંગીકાર કરીને પોતાના સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરાવ્યો. પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **કેરે** આવ્યા. અને તે ગામને સમીપે નૈઋત ખૂણામાં સજીવન પાણી ઉપર થઈને વહે, એવો એક મહા દેવતાઈ કુંડ છે. તેમાં પોતે નિત્ય સ્નાન કરીને સદાબાના દરબારમાં ભોજન કરવા પધારતા.

ત્યાં એક દિવસ શ્રીજીમહારાજ ફૂલેશ્વર મહાદેવના મંદિરમાં પધાર્યા. તે જોઈને ફૂલેશ્વર મહાદેવ પોતાનાં ધન્ય ભાગ્ય માનીને પોતાના બે પુત્ર જે ગણપતિ ને કાર્તિકસ્વામી તથા પોતાનાં પત્ની પાર્વતીજી તથા પોતાની જટામાં બેઠેલાં જે ગંગાજી તેણે સહિત શ્રીજીમહારાજની આગળ આવ્યા. અને ગદ્‌ગદ કંઠથી બે હસ્ત જોડીને સ્તુતિ કરી તથા કેસર, ચંદન, પુષ્પ, હાર વડે શ્રીજીમહારાજની પૂજા કરી. અને શિવજીએ પોતાનાં પંદર નેત્રે કરીને શ્રીજીમહારાજનાં એકાગ્ર દૃષ્ટિથી દર્શન કર્યાં. અને કહ્યું જે, "હે મહારાજ ! હું તમોગુણનો અધિષ્ઠા છું, તે તમોએ મને કૃપા કરીને આપનું દર્શન દઈને કૃતાર્થ કર્યો.

અને અમારા પુત્ર કાર્તિકસ્વામી પણ પોતાનાં બાર નેત્ર વડે તમારાં દર્શન કરીને સફળ થયા. તથા અમારા પુત્ર ગણપતિ પણ બે નેત્ર વડે તમારાં દર્શન કરીને પોતાનાં ધન્યભાગ્ય માને છે. તેમજ અમારી જટામાં બેઠેલાં જે ગંગાજી તથા મારાં પત્ની જે ગિરિજા તે પણ તમારાં દર્શન વડે પોતાનાં ધન્યભાગ માને છે.”

એમ કહીને શ્રીજીમહારાજને સાષ્ટાંગ દંડવત્ પ્રણામપૂર્વક પ્રાર્થના ઘણી કરી. અને કહ્યું જે, “હે મહારાજ ! જ્યારે દક્ષે યજ્ઞ કર્યો હતો ને અગ્નિના કુંડમાં તે દક્ષે ઘણાંક ઘૃત તથા જવ તથા શાળ આદિક હવિષ્યાન્ન વડે અગ્નિના કુંડમાં આહુતિઓ આપી, ત્યારે યજ્ઞપુરુષરૂપ તમે પ્રસન્ન થઈને અગ્નિના કુંડમાંથી પ્રગટ થયા. તે સમે દક્ષે મારો યજ્ઞમાંથી ભાગ કાઢી નાખ્યો હતો, તેથી મને તમોગુણ વૃદ્ધિ પામ્યો હતો. તેથી મેં તમને બાણ વડે કરીને વીંધી નાખ્યા હતા.

તે અપરાધનું મને પાપ લાગ્યું, તે પાપને ટાળવા સારુ હું તમારું સ્વરૂપ નારાયણ નામે બદરિકાશ્રમમાં રહ્યું છે ત્યાં હું ગયો હતો. ત્યારે મારું તે અપરાધનું પાપ તથા બ્રહ્મા જ્યારે કામે વ્યાકુળ થયા થકા પોતાની પુત્રીનો અંગસંગ કરવા ઈચ્છતા હતા, ત્યારે મેં તેમને ઘણુંક સમજાવ્યા. ત્યારે બ્રહ્મા ક્રોધ કરીને પાંચમે મુખે ગાળો દેવા લાગ્યા. ત્યારે મેં ત્રિશૂળથી તેમનું પાંચમું મસ્તક છેદી નાખ્યું. તે બ્રહ્માની બ્રહ્મહત્યાનું પાપ તથા યજ્ઞપુરુષના વધનું પાપ, તે બે પાપ તત્કાળ તે આશ્રમમાં ટળી ગયાં.


तो ए नारायण तेनाये कारण साक्षात अवतारना अवतारि आप पुरुषोत्तम अमारा आश्रमने विषे पधारिने मुने दर्शन देईने पूर्णकाम कर्यो तेथि कृतार्थ थयो ॥ ने धन्यभाग्य मानुं छु

તો એ નારાયણ તેનાયે કારણ સાક્ષાત્ અવતારના અવતારી આપ પુરુષોત્તમ અમારા આશ્રમને વિષે પધારીને મને દર્શન દઈને પૂર્ણકામ

કર્યો, તેથી હું કૃતાર્થ થયો. અને ધન્ય ભાગ્ય માનું છું.

અને મારા કોટાન કોટી અપરાધ ક્ષમા કરો. અને હું તો તમોગુણનો દેવ છું." એમ કહીને પોતે પોતાની મૂર્તિમાં અંતર્ધાન થઈ ગયા. પછી શ્રીજીમહારાજ ત્યાંથી ચાલ્યા તે સદાબાને ઘેર થાળ જમીને ત્યાં બે દિવસ રહીને **ભુજનગર**માં પધાર્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજે આધોઈથી ડભાણ યજ્ઞ કરાવ્યો તથા ભચાઉ બટિયા કૂવાના થાળામાં જમ્યા, ત્યાંથી ભુજ પધાર્યા' એ નામે સત્તાવનમો અધ્યાય ॥૫૭॥

અધ્યાય - ૫૮

મહારાજ માંદગીમાં મરચાં ને ખાટું દહીં જમીને સાજા થયા

અને ત્યાં ભુજમાં સુંદરજીભાઈને ઘેર રહ્યા થકા બીજે દિવસે સાંજની વખતે મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "હે સ્વામી ! અમારે શરીરે લગારેક તાવની કસર થઈ આવી છે. માટે એકાંતમાં આસન કરાવી આપો તો ઠીક." ત્યારે તે ડેલામાં ઉગમણી કોરે ઓસરી હતી તેમાં આસન કરાવ્યું. પછી ફરી મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "અમારે વાસ્તે ચાર શેર રાતાં મરચાં તથા બે-ચાર દિવસનું ખાટું દહીં હોય તે પણ પાંચ શેર મંગાવી આપો."

પછી સુંદરજીભાઈને ઘેરથી મુક્તાનંદસ્વામીએ સર્વે સામાન મંગાવી આપ્યો. એટલે તે જોઈને શ્રીજીમહારાજ તુરત સૂતેલા હતા તે બેઠા થયા. અને તે મરચાંને ખૂબ ઝીણાં વટાવ્યાં અને બાજરીના રોટલા કરાવ્યા. અને તે મરચાં ને દહીં તે સર્વે જમી ગયા. અને એમ બોલ્યા જે, "હે સ્વામી ! હવે અમારો તાવ જાશે." તેવું સાંભળીને સુંદરજીભાઈ બોલ્યા જે, "હે મહારાજ ! "તમે તો અક્ષરાધિપતિ પૂર્ણપુરુષોત્તમ ભગવાન છો, તે તમોને કાંઈ ન થાય. અને બીજાના તો

તત્કાળ પ્રાણ નીકળી જાય." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "એકરસ ચિદ્‌ઘન જે બ્રહ્મસ્વરૂપ છે તે મારા દીઠામાં આવે છે. અને ગોલોકાદિક તથા અક્ષરધામ તે પણ મારા દીઠામાં આવે છે." એવી રીતની ઘણીક મર્મ ભરેલી શ્રીજીમહારાજે વાર્તા કરી. તે સાંભળીને મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "હે સુંદરજીભાઈ! શ્રીજીમહારાજે કેવી રૂડી વાર્તા કરી ! તે સમજીને નિશ્ચય રાખજ્યો." એવી રીતે કેટલાક દિવસ ત્યાં રહીને સર્વે હરિજનને પ્રસન્ન કર્યા.

❋ માનકૂવામાં મહારાજે પ્રભુ-પ્રસન્નતાનો ઉપાય બતાવ્યો :

પછી ત્યાંથી સર્વે સંતમંડળે સહિત ચાલ્યા, તે ગામ **માનકૂવે** પધાર્યા. ત્યાં અદાભાઈના દરબારમાં ઉગમણે મુખારવિંદે ઢોલિયા ઉપર બિરાજમાન થયા ને ચારેકોરે સંત-હરિજન બેઠા. પછી ઘણીક વાત કરી. તે સાંભળીને અદાભાઈએ પોતાને ઘેર રસોઈ કરાવી હતી તે જમવા તેડી ગયા. અને ત્યાં જમીને શ્રીજીમહારાજ પાછા ઉતારા ઉપર આવ્યા. અને સાંજની વખતે ઢોલિયા ઉપર બિરાજમાન થયા ને સર્વે સંત તથા હરિભક્ત આવીને સભા ભરાઈને પ્રથમની પેઠે બેઠા.

તે સમે સંતમંડળ ઝાંઝ-પખાજ લઈને કીર્તન કરવા લાગ્યા. તે ઘણીક વાર સુધી ગાવણું કર્યું. પછી તે ગાવણું રખાવીને શ્રીજીમહારાજ બોલ્યા જે, "સર્વે સંત-હરિજન સાંભળો, એક વાર્તા કરીએ છીએ જે, પરમેશ્વરને રાજી કરવાને સર્વે ઇચ્છે છે. અને જે હરિભક્ત હોય તે એમ જાણે છે જે, પરમેશ્વર શો ઉપાય કરીએ તો રાજી થાય ? તે જુઓને, નારદ-સનકાદિકે પણ તપ કરીને ભગવાનને રાજી કર્યા છે. માટે **અંતરમાંથી પ્રવૃત્તિમાત્રનો ત્યાગ કરીને સર્વે રજોગુણ આદિકનો સંગ છોડીને કોઈ સારી ગુફા તથા એકાંત ઠેકાણું હોય ત્યાં વાસ કરીને અષ્ટાંગયોગ સાધીને પોતાના અંતરશત્રુ જે કામ, ક્રોધ, લોભાદિક તેને જીતીને ભગવાનના સ્વરૂપમાં મનની અખંડવૃત્તિ રાખે તેણે કરીને ભગવાન અતિશે રાજી થાય છે."**

એમ કહીને વળી શ્રીજીમહારાજ બોલ્યા જે, "યોગમાં પ્રવર્ત્યા એવા જે સંત તેને ટાઢ તથા તડકો, વરસાદ, માન-અપમાન, ભૂખ-તરસ, હરખ ને શોક આદિક જે દુઃખ આવે ત્યારે શૂરવીરની પેઠે સહન કરવું. અને એમ જાણવું જે, **હું તો આત્મા છું, અક્ષર છુ, અછેદ્ય છું, બ્રહ્મ છું; ને આ દેહને અને મારે કાંઈ સબંધ નથી. આ દેહ તો પૃથ્વી આદિક પંચભૂતના વિકારરૂપ છે. આવી રીતે માનીને ભગવાનનું ભજન કરવું.**

બીજું આ સંસારમાં કેટલાક પુરુષ શૂરા થાય છે અને કેટલીક સ્ત્રીઓ સતિ થાય છે. અને હિંમત વિનાના પુરુષ હોય છે તે દાંતે તરણાં લઈને સંતાતા ફરે છે, તેની લોકમાં બહુ હાંસી તથા અપકીર્તિ થાય છે અને અંતે અસત્ય ગતિને પણ પામે છે. માટે દેહના સુખની લાલચ ત્યાગ કરવી. અને એમ ન સમજવું જે, માંદા થાશું અથવા વૃદ્ધ થાશું ત્યારે કોણ ચાકરી કરશે ? એવો સંકલ્પ કોઈ દિવસ ન કરવો. અને એમ વિચારવું જે, જેણે માતાના ગર્ભમાં જઠરાગ્નિ થકી રક્ષા કરી છે તેના તે જ વળી રક્ષા કરશે." એ દિશની ઘણીક વાર્તા કરી. તે સાંભળીને સર્વે સંત-હરિજન રાજી થયા. એવી રીતે અઢી માસ અદાભાઈના દરબારમાં રહીને સર્વે હરિજનની સેવા અંગીકાર કરી.

✹ મહારાજે આત્માને દેખવાની દૃષ્ટિની વાત કહી

પછી પાછા **ભુજનગર**માં પધાર્યા અને ત્યાં સુંદરજીભાઈની મેડી ઉપર બિરાજમાન થયા. અને પોતાના મુખારવિંદની આગળ ગંગારામભાઈ તથા ભગવાનજીભાઈ તથા હીરજીભાઈ આદિક કેટલાક હરિભક્ત આવીને બેઠા. તે વખત સુંદરજીભાઈએ શ્રીજીમહારાજને વિનંતિ સહિત નમસ્કાર કરીને પશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! આ દેહમાંથી જીવ જ્યારે બહાર નીસરે છે ત્યારે તેનુ રૂપ કેવું હશે ? અને તે જીવ કોઈને દેખતો હશે કે નહિ ?"

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "જીવનું રૂપ તો અતિ સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે. તે આ ચર્મ દૃષ્ટિએ કરીને દેખાય એવું નથી. અને જેને અજ્ઞાનરૂપી અંધારું ટળી ગયું હોય તે દેખે છે. અને તેની અલૌકિક દૃષ્ટિ છે તેથી દેખવામાં આવે છે ને બીજો તો કોઈ જીવાત્માને દેખવાને સમર્થ થાતો નથી. જેમ આપણે આ સંતે સહિત આંહીં બેઠા છીએ, તેમાંથી કોઈક પુરુષને નિદ્રા આવી જાય ને સ્વપ્ન આવે છે ત્યારે તે પુરુષ એમ દેખે છે જે, 'ફોજ આવે છે.' તે જેને સ્વપ્ન છે તે પુરુષ ફોજ દેખે છે ને ડરી પણ જાય છે, પણ આ મેડી ઉપર કાંઈ ફોજ આવી નથી; છતાં સ્વપ્નવાળા પુરુષની દૃષ્ટિમાં દેખાય છે.

એમ આત્મા જે જીવ તથા બ્રહ્મ તેને દેખવાની દૃષ્ટિ પણ નોખી છે. અને તે દૃષ્ટિ તો **ભગવાનની મૂર્તિના ધ્યાને કરીને આવે છે. અને તે વિના તો કોટી સાધન કરે તોપણ તેણે કરીને પોતાના જીવાત્માને દેખવો તથા બ્રહ્મને દેખવું તેવી દૃષ્ટિ આવતી નથી.** માટે જે એ દૃષ્ટિને પામ્યો હોય તે દેખવાને સમર્થ છે. અને જ્ઞાનીના તો શાસ્ત્રમાં અનંત લોચન કહ્યાં છે. માટે એ મર્મને અજ્ઞાની જીવ જાણતો નથી. અને ભગવાનની મૂર્તિનું જે આત્મારૂપે થઈને અખંડ ધ્યાન કરે છે, તે એ સર્વેને દેખે છે અને અલૌકિક દૃષ્ટિને તે પણ પામે છે.

✹ શ્રીહરિએ ભક્તોને ધ્યાન કરવાની રીત કહી :

તે ધ્યાન કરવાની રીત કહીએ છીએ જે, ભગવાનનો ભક્ત હોય તે દૃષ્ટિ આગળ મૂર્તિને ધારે ત્યારે પ્રથમ તો જેવી ભગવાનની મૂર્તિ છે તેવી જ દેખાય છે. તે જ્યારે મૂર્તિમાં વૃત્તિને રાખે છે તે જેમ સૂર્યની કિરણ જાળીએ થઈને ઘરમાં પડે છે ને સૂર્યની કિરણ અને સૂર્ય તે એકતાર દેખાય છે, તેમ તે ભક્તને અગ્નિ સરખી રક્ત તે મૂર્તિ ભાસવા લાગે છે. પછી તે રાતી મૂર્તિમાંથી પ્રકાશ ઘણો પ્રગટીને સૂર્ય જેવી મૂર્તિ ભાસે છે. અને ચંદ્રમાના જેવું શીતળ ને મોટો તારો ખરે

તેના જેવું ઊજળું તેજ તે સરખી અત્યંત ઊજળી પ્રકાશવાન મૂર્તિ ભાસે છે. પછી એવી મૂર્તિ જોતાં જોતાં અંતરદષ્ટિ થઈ જાય છે ત્યારે તે ભક્તના હૃદયમાં બ્રહ્માંડ જેવો અવકાશ દેખાય છે.

પછી ચાર પ્રકારના પ્રલયે કરીને સર્વેને ખોટું જાણીને એક ભગવાનની મૂર્તિને ધારે, પછી જેમ કોઈક પુરુષના હાથમાં ચિંતામણિ હોય તે પુરુષને બાકી પામવાનું કાંઈ રહેતું નથી. તેમ **ભગવાનની મૂર્તિમાં જેની અખંડવૃત્તિ જોડાણી છે તે પુરુષ ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, અક્ષરધામ તથા અનંત કોટી મુક્ત તે સર્વેને દેખે છે.**

એવો જે ભગવાનનો ભક્ત હોય તે જ્યારે ધારણા કરે છે ત્યારે આ પચાસ કરોડ જોજન પૃથ્વી તેથી દશ ગણું જળ ને તેથી દશ ગણું તેજ ને તેથી દશ ગણો વાયુ ને તેથી દશ ગણો આકાશ ને તેથી દશ ગણો અહંકાર ને તેથી દશ ગણું મહત્તત્ત્વ ને તેથી અનંત ગણી પ્રકૃતિ ને તેથી અનંત ગણો પુરુષ ને તે પ્રકૃતિ-પુરુષથી પર ભગવાનનું અક્ષરધામ છે. તે ધામમાં આંખના એક મટકાના લાખમાં ભાગમાં જઈ આવે છે. અને તે જીવને એમ જણાય છે જે, **'એ ધામમાં હું હજાર વર્ષ રહી આવ્યો અથવા લાખ વર્ષ રહી આવ્યો અથવા બ્રહ્માના કલ્પ પર્યંત રહી આવ્યો.' એવું જણાય છે. અને આંહીં તો એક મટકાનો લાખમો ભાગ થયો હોય, એવી અલૌકિક વાત છે. તે ભગવાનના ધ્યાનવાળો જાણે છે.**

એવી જાતની ધારણા થાય છે, તેનું કારણ તો ભગવાનની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવી તે છે. માટે **જેને ભગવાનમાં અખંડ વૃત્તિ રહેતી હોય તે ગૃહસ્થ હોય તોપણ તેને અલૌકિક દષ્ટિ થાય છે. અને ભગવાનની મૂર્તિમાં જેની વૃત્તિ ન ચોંટી હોય અને તે બ્રહ્મચર્ય પાળતો હોય ને દેહને સૂકવીને કાષ્ઠ જેવો કરે તોપણ તેને અલૌકિક દષ્ટિ થાતી નથી.** અને જેની ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રહેતી હોય તેની જ અલૌકિક દષ્ટિ થાય છે અને તેને જ આત્માનું દર્શન પણ થાય છે. માટે ભગવાનનનું ધ્યાન કરતાં જે જે પદાર્થ અંતરાય કરતા હોય તેનો

ભગવાનના ભક્તને શત્રુની પેઠે જ ત્યાગ કરવો, પણ ભગવાનના ધ્યાનમાં અંતરાય થવા દેવો નહીં.

તેની વિગતી જે, રામકૃષ્ણાદિક જે ભગવાનના અવતાર પૃથ્વી ઉપર થયા હોય તે પ્રગટ ભગવાનનું ધ્યાન કરવું, પણ મોરે જે જે અવતાર થઈ ગયા હોય તેનું ધ્યાન ન કરવું. અને મોરે જે કોઈ બ્રહ્મવેત્તા સંત હોય તેનું પણ ધ્યાન ન કરવું. એવી રીતે સમજ્યા વિના કામી, ક્રોધી, લોભી હોય ને સદ્‌ગુરુ બ્રહ્મવેત્તા કહેવાતા હોય તેનું મૂર્ખાઈએ કરીને ધ્યાન કરે તો તે કપટી ગુરુ અને કપટી ચેલા તે બેય જમપુરીમાં જાય છે અને નરકના કુંડ ૭ લાખ ને ચોરાસી હજાર છે તેને ભોગવે છે. અને તે પાપ થકી ચોરાસી લાખ અવતારને પણ ધરે છે. માટે મોક્ષભાગીને બીજા કોઈનું ધ્યાન કરવું નહીં, કેમ જે તેનાથી કોઈ કાર્ય સિદ્ધ થાતું નથી. તે માટે પોતાને જે **પ્રગટ ભગવાન મળ્યા હોય તેના ધ્યાને કરીને સર્વ કાર્ય સિદ્ધ થાય છે.**

❋ ધ્યાન મૂકીને બીજું કરવું તે દિનકઢણી છે. :

અને તે **ધ્યાન જે નથી કરતો તે ભર કોટિ શાસ્ત્ર ભણે અથવા કથાકીર્તન કરે તે તો દિનકઢણી છે.** જેમ કોઈ સ્ત્રીનો ધણી મરી ગયો હોય ને તે વિધવા થઈ તેને પોતાના જેવી બીજી વિધવા સ્ત્રી હોય ત્યારે તેને વાત કરીને તેના અંતરમાં શાંતિ પમાડે. વળી જેમ ગરાસિયા હોય તે નવરા બેઠા દિવસ જાય નહિ એટલે ઘડીક અમલ પીધામાં જાય છે, ઘડીક હોકો પીધામાં જાય છે, ઘડીક સોગઠે રમ્યામાં જાય છે, એમ કરીને દિવસ પૂરો કરે છે. તેમ જેને ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રહે નહિ તે જીવ બે ઘડી શાસ્ત્ર વાંચે છે, ને બે ઘડી કીર્તન ગાય છે, ને બે ઘડીક ફરી આવે, એમ કરીને દિવસ કાઢે છે. માટે ભગવાનના ધ્યાન વિના એક પળ પણ વૃથા ન કાઢવી. અને ભગવાનના નિશ્ચયને બળે કરીને જે ગાફલાઈ રાખે છે ને ભગવાનમાં વૃત્તિ નથી રાખતો તેને ત્રણ પ્રકારની ખોટ છે.

તે એક તો એને વિવેક નથી તથા ભગવાનમાં પ્રીતિ નથી તથા ભગવાનનું માહાત્મ્ય પણ જાણતો નથી. એ ત્રણ ખોટે કરીને ભગવાનમાં વૃત્તિ રહેતી નથી. માટે **ભગવાનમાં વૃત્તિ રાખવી તેથી ઉપરાંત બીજું કોઈ જીવને સાધન મોટું નથી. તે ભગવાનને પ્રસન્ન કર્યાનું એ જ સાધન સારમાં સાર છે.** એવી રીતે સુંદરજીભાઈના પ્રશ્નનો ઉત્તર કર્યો. તેમાં ઘણી વાર્તા શ્રીજીમહારાજે કરી. તે સાંભળીને સર્વે સંત તથા હરિજન રાજી થયા અને શ્રીજીમહારાજને પુરુષોત્તમ ભગવાન જાણીને બે હાથ જોડીને પગે લાગ્યા.

❋ કાળાતળાવમાં બ્રહ્મરૂપ થઈ ભજન કરવાની વાત કરી :

પછી ત્યાં થકી ચાલ્યા તે ગામ **કાળાતળાવ** પધાર્યા. ત્યાં રામાનંદસ્વામીની ઓરડીમાં પોતે ગાદીતકિયા ઉપર ઉગમણે મુખારવિંદે બિરાજમાન થયા. ને સર્વે ભગવાં વસ્ત્ર ધારણ કરેલાં હતાં. ને પોતાના મુખારવિંદની આગળ મુક્તાનંદસ્વામી તથા વ્યાપકાનંદસ્વામી તથા સ્વરૂપાનંદસ્વામી તથા સુખાનંદસ્વામી તથા કૃપાનંદસ્વામી તથા વિરક્તાનંદસ્વામી આદિક સંત તથા સુતાર ભીમજી તથા હરભમભાઈ તથા મનજીભાઈ તથા રવજી એ આદિક બીજા કેટલાક હરિભક્ત બેઠા હતા. તે સમે શ્રીમદ્ ભાગવતની કથા વંચાતી હતી. ત્યારે તે કથામાં એકાંતિક ભક્તનો પ્રસંગ આવ્યો.

તે સાંભળીને શ્રીજીમહારાજે ચપટી વગાડીને તે કથા બંધ રખાવી અને પોતે વાત કરવા લાગ્યા જે, **"ભગવાનનો એકાંતિક ભક્ત હોય તે પોતાને બ્રહ્મરૂપ માનીને પુરુષોત્તમ ભગવાનને પોતાના સ્વામી સમજીને પરબ્રહ્મ એવા જે પુરુષોત્તમ ભગવાન તેમનું ધ્યાન, સ્મરણ ને ઉપાસના તેને કર્યા કરે.** અને દેહે કરીને તથા મને કરીને ત્યાગી રહે. અને જેટલાં પરમેશ્વરે વર્તમાન બાંધ્યાં હોય તેમાં કોઈ પ્રકારનો ફેર પડવા દે નહીં. એવો હોય તે એકાંતિક ભક્ત કહેવાય. અને એવા એકાંતિક ધર્મની પ્રવૃત્તિ સૃષ્ટિમાં ક્યાંય ન હોય ત્યારે તે ધર્મ શ્રીનારાયણ દેવમાં રહે

છે. અને એ નરનારાયણ દેવ પોતે એકાંતિક ભક્તની પેઠે પ્રવરતીને પોતાના શરણાગત એવા જે ભક્ત તેને શીખવાડે છે.

એવા સમામાં તો એક નારદજી હતા, તે વિના તો આ સત્સંગમાં એવા ઘણાક છે. અને અમે તો સર્વે મતપંથ જોઈ વળ્યા, પણ કોઈ મતમાં ઉપાસના છે તો આત્મજ્ઞાન ને ત્યાગ નથી. અને કોઈ મતમાં આત્મજ્ઞાન છે તો ત્યાગ ને ઉપાસના નથી." એવી રીતની ઘણીક વાત કરી. અને વળી શ્રીજી એમ બોલ્યા જે, "હે સંતો ! હે હરિજનો ! આપણે એવો સંપ્રદાય ચલાવીએ કે વેદપુરાણને અનુસરીને કોઈ વાતની કસર રહે નહીં."

એમ કહીને સર્વે સંત-હરિજન તેમણે સહિત કીર્તન ગાતા ગાતા ત્યાંથી પગપાળા ચાલ્યા. તે **માનકૂવે** થઈને તથા **વથોણ** થઈને **નારાયણ સરોવરે** નાવા પધાર્યા. અને ત્યાં નારાયણ સરમાં વિધિએ સહિત સ્નાન કરીને રણછોડજી, ત્રીકમજીના મંદિરમાં જઈને દર્શન કરીને કોટેશ્વર મહાદેવની જાયગામાં જઈને ત્રણ દિવસ રહ્યા અને સદાવ્રતનું સીધું લાવીને જમતા. અને તે તીર્થને પવિત્ર કરીને પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **તેરે** આવીને અઢી માસ પર્યંત રહ્યા. અને સર્વે સંત-હરિજનને ઘણીક પ્રકારની ત્યાગ-વૈરાગની તથા પોતાના સ્વરૂપની દૃઢતાની વાર્તા કરીને ભગવાનપણાનો પોતામાં સર્વોત્તમ અવતારના અવતારીપણાનો નિશ્ચય કરાવ્યો.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજે મુક્તાનંદસ્વામીને ભુજમાં કહ્યું જે, તાવની કસર અમને છે તથા સુંદરજીએ દેહેથી જુદું જીવનું રૂપ પૂછ્યું તથા મોક્ષભાગીએ બીજા દેવ આદિકનું ધ્યાન ન કરવું તથા ગામ તેરે પોતાના સ્વરૂપનો ઉત્તમ નિશ્ચય કરાવ્યો' એ નામે અઠ્ઠાવનમો અધ્યાય ॥૫૮॥

અધ્યાય - ૫૯

મારો નિશ્ચય રાખશો તો જમ નહિ આવે

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **કાળાતળાવ**માં રવજીભાઈને ઘેર સાંજની વખતે આવીને બિરાજમાન થયા. અને રવજીભાઈનાં સ્ત્રી પોતાની સાસુએ સહિત એક કોરે બેઠાં હતાં. તે સમે અચાનક એક ઉંદર આવ્યો. તેને દેખીને એકદમ ઊઠીને તે બાઈ નાઠાં. ત્યારે શ્રીજીમહારાજ હસીને બોલ્યા જે, "આ ઉંદરથી જ્યારે બીવો છો, ત્યારે જમના દૂત જ્યારે આવશે તે વખત કેમ કરશો ?"

ત્યારે તે બાઈ બોલ્યાં જે, "હે મહારાજ ! અમને તમે મળ્યા છો ને મારા રોયા એ જમના દૂત શું કરવાના છે ?" ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "એવો નિશ્ચય જો રાખશો તો તો જમ નહિ આવે." એમ કહેતા સતા ઘરમાં જઈને જમવા બેઠા. અને તે બાઈએ હેતે સહિત બાજરાનો રોટલો ને થીનું ઘી આપ્યું, તે જમ્યા.

❋ માંડવીમાં મહારાજે પોતાનો મહિમા કહ્યો :

પછી ત્યાં થકી ચાલ્યા તે ગામ **માંડવી બંદર**માં આવ્યા. ત્યાં એક માસ રહીને સર્વે સત્સંગીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, સ્વધર્મ સંબંધી વાર્તા કરી. તથા પોતાના સ્વરૂપને સમજવાની વાતો કહી સમજાવી જે, **"હે હરિજનો ! હું સર્વ અવતારનો અવતારી અક્ષરધામનો નિવાસી છું. તે તમારા સુખને વાસ્તે કૌશલ દેશમાં છપૈયા ગામમાં ભક્તિધર્મ થકી જન્મ ધરીને પૃથ્વી ઉપર તીર્થાટન કરતો કરતો હું અહીં આવ્યો છું. તે મૂર્તિનું ધ્યાન-ભજન કરીને જીવ જન્મ-મરણનાં તથા ગર્ભવાસનાં દુઃખ થકી રહિત થઈ જાય છે. આવો મારો મહિમા સમજીને મારું નિરંતર ભજન કરજો."** એવી રીતે ઘણીક વાર્તા કરી. અને ત્યાંથી ચાલ્યા તે વચમાં ગામ **દહીસરા**ની વાડી કુઈએ થઈ તથા હરિ સરોવરમાં સ્નાન કર્યું

તથા જળપાન કર્યું. અને ત્યાં ચાર ઘડી વિરામ કરીને પાછા ગામમાં આવીને હરિજનને દર્શન દીધાં.

✵ મુક્તાનંદસ્વામીએ શાંતિનો ઉપાય પૂછ્યો :

પછી **ભુજનગર**માં પધાર્યા અને ગંગારામભાઈને ઘેર મેડી ઉપર ઉતારો કર્યો. અને હરિજન સર્વે આવીને શ્રીજીમહારાજનાં દર્શન કરીને સભા ભરાઈને બેઠા. તે સમે શ્રીજીમહારાજને મુક્તાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! જીવને શાંતિ શેણે કરીને થાય ?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમે છપૈયાપુરમાં ધર્મભક્તિને ઘેર જન્મ ધારણ કર્યો. તે જન્મ ધારણ કરીને ત્યાં અનંત પ્રકારનાં બાળચરિત્ર કર્યાં તથા અમોને ઉપવીત દીધું તથા અમારાં માતા ભક્તિ ને પિતા ધર્મ તેને દેહત્યાગ કરાવીને અમે વનવિચરણ કરવા સારુ ચાલી નીકળ્યા.

તે **જનકપુરી** થઈને ફરતાં ફરતાં હિમાલયની ઝાડી ઉલંઘીને **પુલહાશ્રમ**ને પામ્યા. અને ગંડકી નદીમાં જ્યાં ભરતજીએ તપ કર્યું છે ત્યાં અમે એક પગે ઊભા રહીને બે બાહુ ઊંચા રાખીને કેટલાક માસ તપ કર્યું. ત્યારે અમારા ઉપર સૂર્યનારાયણ પ્રસન્ન થયા અને અમારી પ્રાર્થના કરીને સૂર્ય ગયા. ત્યારપછી ત્યાં કેટલાક દિવસે ફરતાં ફરતાં **નવલખા પર્વત** ઉપર ચડ્યા. અને ત્યાં નવલાખ યોગી અમારે અર્થે તપ કરતા હતા તેમને સિદ્ધગતિ આપી. અને ત્યાં થકી ચાલ્યા તે **જગન્નાથપુરી**માં આવ્યા. ને ત્યાં કેટલાક પૃથ્વીના ભારરૂપ અસુરને પરસ્પર મોહ પમાડીને નાશ કરતા થકા ત્યાં થકી ચાલ્યા, તે દક્ષિણ દેશને ઉલંઘીને **રૈવતાચલ** પર્વતની છાયામાં **પીપલાણા** ગામમાં રામાનંદસ્વામીને મળ્યા." એવી રીતે ઘણીક લીલાની વાર્તા કરીને મૌન રહ્યા.

ત્યારે મુક્તાનંદસ્વામીએ જાણ્યું જે, "મેં મહારાજને પ્રશ્ન પૂછ્યો તેનો ઉત્તર મહારાજે ન કર્યો અને આ તો મહારાજે બીજી વાત કરી." ત્યારે સ્વામીએ ફરીથી પૂછ્યું જે, "હે મહારાજ ! શાંતિ શેણે કરીને

થાય ?" ત્યારે શ્રીજીમહારાજે પ્રથમ જેવી લીલાની વાર્તા કરી હતી તેવી રીતે વળી ફરીથી વાત કરી. તોય પણ સ્વામીને સમજણ ન પડી. ત્યારે અતિ વૃદ્ધ એવા સદાનંદસ્વામીએ કહ્યું જે, "હે સ્વામી ! શ્રીજીમહારાજે કેવી રૂડી શાંતિ થવાના ઉપાયની વાર્તા કરી ! તોપણ તમોને સમજણ ન પડી. તે જુઓને, પૂર્વે પણ શ્રીવ્યાસમુનિએ સત્તર પુરાણ કર્યાં તોપણ પોતાને શાંતિ ન થઈ.

ત્યારે નારદજીને પૂછ્યું જે, 'શાંતિ શેણે કરીને થાય ?' ત્યારે નારદજીએ કહ્યું જે, 'તમે શ્રીકૃષ્ણ ભગવાનના બાળચરિત્રનું વર્ણન કર્યું નથી ત્યાં સુધી તમોએ કાંઈ કર્યું નથી અને શાંતિ પણ થાશે નહીં. માટે બાળચરિત્રનું વર્ણન કરો.' તેવું નારદજીનું વચન સાંભળીને વ્યાસજીએ શ્રીમદ્ભાગવત પુરાણ કર્યું ત્યારે પોતાને શાંતિ થઈ. તેમ આપણે પણ શ્રીજીમહારાજના બાળચરિત્રનું અંતરમાં ચિંતવન કરવું અને એ લીલા નિત્યે ગાવી ને સાંભળવી." એવી ઘણીક મહિમાની વાતો કરી.

ત્યારે મુક્તાનંદસ્વામીના અંતરમાં શ્રીજીમહારાજના પ્રતાપની વાર્તા બરાબર સમજાણી. ત્યારે પોતે જાણ્યું જે, 'આ શ્રીજીમહારાજના બાળચરિત્રમાં જેવી શાંતિ છે, તેવી શાંતિ કોઈ પદાર્થમાં નથી.' એમ જાણીને શ્રીજીમહારાજને અતિ પ્રેમમગન થઈને દંડવત તથા સ્તુતિ કરી અને પોતાના અપરાધ ક્ષમા કરાવીને બે હાથ જોડીને પગે લાગ્યા. તે વાર પછી શ્રીજીમહારાજના જન્મથી લઈને સ્વધામમાં પધાર્યા ત્યાં સુધીનાં જે ચરિત્રો તેનું શાસ્ત્ર **ધર્માખ્યાન** નામે પોતે કર્યું.

તે માટે **આ શ્રીજીમહારાજનાં ચરિત્રનું જે કોઈ જન રોગાદિકે કરીને મહાકષ્ટને પામેલો હોય તથા રાજસમૃદ્ધિએ કરી અવરાઈ ગયો હોય, તે સર્વે જન શ્રદ્ધાએ સહિત પ્રેમમગન થકા ગાશે કે સાંભળશે તથા જે કોઈ પ્રાણી અતિશે પાપી હોય તેના કાનમાં અજાણે શ્રીજીમહારાજના ચરિત્રનો શબ્દ પડશે, એટલે તે સર્વેની પિત્રીએ**

સહિત ઈકોતેર પેઢીનો ઉદ્ધાર થાશે અને આત્યંતિક મોક્ષ જે અક્ષરધામ તેને પામશે. એવી રીતે ઘણીક વાર્તા કરી.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "અમારે માનકૂવે જાવું છે." ત્યારે હીરજીભાઈએ કહ્યું જે, "હે મહારાજ ! કાલે થાળ વહેલો કરાવશું, તે જમીને ભલે પધારજો." ત્યારે મહારાજે કહ્યું જે, "સારું !" પછી મહારાજ રાત રહીને સવારમાં વહેલા ઊઠ્યા ને તળાવમાં નાઈને નિત્યવિધિ કરી રહ્યા. ત્યારે હીરજીભાઈએ હાથ જોડીને કહ્યું જે, "પધારો મહારાજ, થાળ થયો છે."

પછી મહારાજ જમીને ચાલ્યા. ત્યારે સુંદરજીભાઈ તથા બીજા સત્સંગી સર્વે આવ્યા. તે આપણા બાગમાં જ્યાં છત્રી કરી છે, ત્યાં સુંદરજીભાઈએ ચોફાળ પાથરી આપ્યો, તે ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન થઈને વાતું કરવા લાગ્યા. અને સર્વે સત્સંગી કોઈ બરફી ને કોઈ પેંડા ને કોઈ પતાસાં લઈ આવીને મહારાજની આગળ ભેટ મૂકી અને પગે લાગીને વાતું સાંભળવા બેઠા. પછી સુંદરજીભાઈએ શ્રીજીમહારાજને બરફી તથા પેંડા તથા પતાસાં લઈને હાથમાં આપતા જાય ને શ્રીજીમહારાજ જમતા જાય. એમ સારી પેઠે જમ્યા. ત્યારપછી મહારાજે કહ્યું જે, "આ પ્રસાદી સર્વેને વહેંચી આપો." પછી સુંદરજીભાઈએ સર્વને વહેંચી આપી. પછી શ્રીજીમહારાજ ચાલ્યા ત્યારે સત્સંગી સર્વે પગે લાગીને પાછા વળ્યા.

અને શ્રીજીમહારાજ ગામ **માનકૂવે** પધાર્યા. ત્યાં સુતાર નાથાને ઘેર ઊતર્યા અને ત્યાં પોતે થાળ જમ્યા ને સર્વે સંતને જમાડ્યા. અને ત્યાંથી ચાલ્યા તે ગામ **રવાગઢ** પધાર્યા ને તે ગામમાં હમીર ભગત તથા શેઠ હંસરાજને ઘેર પધાર્યા. અને ત્યાંથી જમીને ચાલ્યા તે ગામ **કાળાતળાવ** પધાર્યા અને સુતાર ભીમજીને ઘેર ઊતર્યા. અને સવારમાં વહેલા ઊઠીને ગામથી દક્ષણાદી દિશે તળાવમાં કૂવો છે ત્યાં સ્નાન કર્યું. પછી પાછા ગામમા પધાર્યા અને સુતાર ભીમજીને ઘેર પોતાના પાર્ષદ

તથા સંત સહિત થાળ જમતા થકા તે હરિજનને આનંદ પમાડ્યો. ત્યાં બે દિવસ રહીને સુતાર ભીમજીના ગાડા ઉપર બેસીને **માંડવી બંદર** પધાર્યા. અને ત્યાં ત્રણ-ચાર દિવસ મહેતા શિવરામને ઘેર રહીને ગામ **ડોણ** પધાર્યા. ત્યાં સુંતાર વસ્તા ભગતના ફળિયામાં ઊતર્યા. ને ત્યાં થાળ જમીને ત્યાંથી ગામ **સાંધાણ** પધાર્યા ને સુતાર ડોસાને ઘેર ઊતર્યા.

અને ત્યાંથી થાળ જમીને ગામ **તેરે** પધાર્યા ને સુતાર માવજીને ઘેર ઊતર્યા. અને ત્યાં પ્રાગજી દવે પાસે શ્રીમદ્‌ભાગવતની કથા વંચાવવાનો પ્રારંભ કર્યો. અને સર્વે દેશ પ્રત્યે કાગળ લખીને સર્વે સાધુને ત્યાં તેડાવ્યા. અને ત્યાં દેશ દેશથી સર્વે સાધુ આવ્યા. અને તે ગામ પ્રત્યે સહુથી પહેલાં સદ્‌ગુરુ મહાનુભાવાનંદ સ્વામી આવ્યા. તેમને અતિ તપસ્વી જોઈને મહારાજ પોતે જમતા હતા, તે એમ ને એમ ઊઠીને સન્મુખ જઈને બાથમાં લઈને મળ્યા. અને મળીને પાછા જમવા બેઠા. અને મહાનુભાવાનંદ સ્વામીને સમાચાર પૂછ્યા. પછી પોતે કથા સાંભળતા જાય ને 'હરે હરે !' એ પ્રકારનો શબ્દ ઉચ્ચારણ કરતા જાય. અને તે ગામમાં માસ એક રહીને ભાગવતની કથાની સમાપ્તિ પોતે કરાવી.

✵ સંતોના પગ બળતા જોઈ શ્રીહરિએ મોજડી કાઢી નાખી :

અને મધ્યાહ્ન સમે પોતે સંત પ્રત્યે કહ્યું જે, "હે સંતો ! તમે વહેલા જમીને આવજો, અમે ચાલીએ છીએ." એમ કહીને પોતે ત્યાંથી ચાલ્યા. અને વાંસેથી મુનિ પણ ચાલ્યા. તે પોતાને વાંસે આવતા એવા મુનિ તેમના પગ બળતા જોઈને પોતાના પગમાં મોજડીઓ હતી તેને કાઢી નાખી અને બ્રાહ્મણને આપી દીધી. અને પોતે એમ ને એમ અણવાણે પગે ઉતાવળા ચાલ્યા અને સંત પણ વાંસે ને વાંસે દોડતા હતા. અને પછી એક બાવળનું વૃક્ષ આવ્યું તેને તળે પોતે બિરાજમાન થયા. અને ત્યાં મહાનુભાવાનંદ મુનિ પ્રથમ શ્રીજીમહારાજની સમીપે આવ્યા. પછી બીજા સંત હતા તે આવ્યા. અને શ્રીજીમહારાજના પગનાં તળાં ઓળાસવા (બળવા) માંડ્યાં.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "હે સંતો ! તમારા પગ બળે છે ?" પછી મહાનુભાવાનંદ સ્વામી બોલ્યા જે, "આવા પગ તો અમદાવાદની જોળી માગીને જાતો હતો તે દિ' પણ નહોતા બળ્યા અને આજ તો બહુ બળ્યા. પછી શ્રીજીમહારાજે ત્યાગ-વૈરાગનું કીર્તન બોલીને કહ્યું જે, **"સંતને દેહરૂપે ન રહેવું, આત્મારૂપે વર્તવું."** એવી રીતની વાત કરી.

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **કાળાતળાવ** પધાર્યા. અને ત્યાં સુતાર ભીમજી તથા હરભમ તથા મનજી તથા સુતાર રવજી એમને ઘેર ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અને સર્વે સંતને પોતાને સમીપે બોલાવીને ત્યાગ-વૈરાગની તથા ભગવત્સ્વરૂપની વાર્તા કરી. અને સાંજ પડી ત્યારે ગામથી બહાર તળાવે રેતીનો મોટો ઢગલો કરીને તે ઉપર વસ્ત્ર નાખીને તે ઉપર શ્રીજીમહારાજને પધરાવીને સર્વે સંત શ્રીજીમહારાજને સન્મુખ પૃથ્વી ઉપર ચારેકોરે બેઠા. અને તે સર્વ સંતને ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગની પહોર રાત્રી પર્યંત વાર્તા કરીને પોતે ગામમાં પધાર્યા. અને સંત તે તળાવને કાંઠે શ્રીજીમહારાજનું ધ્યાન કરતા અને નિદ્રા આવે ત્યારે બે-ચાર ઘડી સૂવે.

અને શ્રીજીમહારાજ પાછલી પહોર રાત્રી રહે ત્યારે પોતે પાછા સંત પાસે કાકડો કરાવીને પધારે. અને તે પહોર દિવસ ચડે ત્યાં સુધી ત્યાગ-વૈરાગની વાત કરે. અને પછી સ્વરૂપાનંદસ્વામી તથા વ્યાપકાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી તથા નિરંજનાનંદ સ્વામી આદિ સાધુ સહિત પોતે ગામમાં ભીમજી સુતારને ઘેર પધારે. એવી રીતે ગામ કાળાતળાવમાં પંદર દિવસ રહીને લીલા કરી. પછી સ્વરૂપાનંદસ્વામી તથા વ્યાપકાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામીને તથા નિરંજનાનંદસ્વામી તથા પરમાનંદસ્વામી તથા હરિયાનંદસ્વામી તથા નૃસિંહાનંદસ્વામી એ આદિ બાર સાધુનાં મંડળ બાંધીને કહ્યું જે, "તમે ગુજરાતમાં જાઓ." એમ કહીને સર્વ હરિભક્ત પ્રત્યે પત્ર લખાવ્યો જે, "એ બાર સંત કહે તે વચન જણા (સર્વે ભક્તો) માનજો."

એવી રીતે બાર સાધુને મોટેરા કરીને ત્યાંથી ચાલ્યા, તે માનકૂવે થઈને ભુજનગર પધાર્યા. અને ત્યાં સુંદરજી સુતારને ઘેર ઊતર્યા.

✵ શ્રીજીમહારાજે સુંદરજી સુતારના નિશ્ચયની પરીક્ષા લીધી :

એક દિવસે શ્રીજીમહારાજે પોતાના જમણા પગનો અંગૂઠો પકવ્યો હતો. તે સુંદરજીભાઈની આથમણે બાર મેડી ઉપર પોતે છાના રહ્યા. અને તે સુતાર સુંદરજીને શરીરે મંદવાડ હતો તેને જોવા મહેતા જગજીવન આવ્યો. તે ઉગમણે બાર ઓરડામાં સુતાર સુંદરજી બેઠા હતા ત્યાં આવીને બેઠો. અને હીરજીભાઈને પૂછવા લાગ્યો જે, "તમારા ગુરુ સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે તે હાલ ક્યાં છે?" ત્યારે હીરજીભાઈએ કહ્યું જે, "અમારા ગુરુ હાલ માનકૂવે છે."

એમ જ્યારે કહ્યું તે સમયે શ્રીજીમહારાજે વિચાર કર્યો જે, 'હીરજીભાઈ અને સુંદરજીભાઈને અમે કહ્યું હતું જે, તમે વર માગો ત્યારે એ બે ભાઈએ વર માગ્યો જે, 'હે મહારાજ ! અમારે ઘેર નિરંતર રહો.' ત્યારે અમોએ તેમને કહ્યું જે, ક્યાં સુધી રહીએ ? ત્યારે બે ભાઈએ કહ્યું જે, 'અમે રજા દઈએ ત્યારે સુખેથી પધારજો.' એમ વર આપ્યો છે, તે આજ લાગ આવ્યો છે. માટે રજા માગીએ.' પછી શ્રીજીમહારાજ મેડી ઉપરથી હેઠા ઊતરીને સુદરજી જોડે આવીને બેઠા.

પછી શ્રીજીમહારાજ મહેતા જગજીવનને કહેવા લાગ્યા જે, "સોમવલી છે તે લોકમાં એમ કહે છે જે, બ્રાહ્મણ પીવે તો તેના પેટમાં રહે અને બીજા વર્ણ પીવે તો વમન થઈ જાય. તે સોમવલી અમને દેખાડો." ત્યારે મહેતા જગજીવન બોલ્યો જે, "એ વાતમાં તમે શું જાણો ? તમારે તો વનમાં રહેવું તે ઠીક." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "શુક-સનકાદિક મોટા પુરુષો અને ભગવાનના અવતાર તે સર્વે શું જંગલમાં રહેતા ? એ તો શહેર અને ગામમાં પણ રહેતા ખરા." ત્યારે મહેતો જગજીવન બોલ્યો જે, "એ તો ઈશ્વર હતા અને તમે તો એવા થાશો તેને વાર છે."

✺ અમે તો ઈશ્વરના પણ ઈશ્વર છીએ :

तारे श्रीजिमहाराजबोल्याजे अमे तो ईश्वरनापण ईश्वरछैये नेसीतानापतिछैयेनेराधिकानापणपतिछैयेनेक्रस्नस्वरुपएवोजे हुंतेमुनेतुंभजीसतारेतारुकल्याणथासे॥

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમે તો ઈશ્વરના પણ ઈશ્વર છીએ. અને સીતાના પતિ છીએ અને રાધિકાના પણ પતિ છીએ. અને કૃષ્ણ સ્વરૂપ એવો જે હું, તે મને તું ભજીશ ત્યારે તારું કલ્યાણ થાશે."

એવાં મહારાજનાં વચન સાંભળીને મહેતા જગજીવનને ઘણીક રીસ ચડી, તેથી ચાલી નીસર્યો. પછી સુતાર હીરજીભાઈને શ્રીજીમહારાજે કહ્યું જે, "તમે જગજીવન મહેતાને ઘેર જાઓ અને એ જે બોલે તે સાંભળી આવો." પછી સુતાર હીરજીભાઈ ત્યાં જઈને તેનાં વચન સાંભળીને પાછા આવ્યા, પણ કાંઈ બોલ્યા નહીં.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમે હવે તમારે ઘેર રહીએ કે બીજે ઠેકાણે જઈએ ?" પછી સુતાર હીરજીભાઈ બોલ્યા જે, "તમારી ઈચ્છામાં આવે તેમ કરો." પછી શ્રીજીમહારાજે જેઠી ગંગારામને કહ્યું જે, "અમને તમારે ઘેર રાખશો ?" ત્યારે જેઠી ગંગારામે કહ્યું જે, "હે મહારાજ ! ભલે પધારો." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "અમને તમારે ઘેર રાખશો તો તમારે ઉપાધિ થાશે."

પછી જેઠી ગંગારામભાઈ બોલ્યા જે, "હે મહારાજ ! તમે તો મારે શીરસાટે છો." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમારાથી પગે પાળા ચલાય એવું નથી, માટે કાંઈ બેસવા સારુ લાવશો ત્યારે અવાશે. પછી જેઠી ગંગારામે પાળા ઠક્કર ઉકાભાઈને કહ્યું જે, "મહારાજને બેસવાને વાસ્તે ગાડું કે માફો જે મળે તે લાવો." ત્યારે ઠક્કર ઉકાભાઈ મહેતા જગજીવનના કારખાનામાંથી માફો જોડાવીને લાવ્યા.

પછી શ્રીજીમહારાજ માફા ઉપર બેસીને જેઠી ગંગારામને ઘેર પધાર્યા અને ત્યાં એક માસ પર્યંત રહ્યા. પછી ત્યાંથી શ્રીજીમહારાજ ગામ **અંજાર** પધાર્યા અને ત્યાં ચાગબાઈને ઘેર ઊતર્યા. અને ત્યાં થાળ જમીને ત્યાંથી ચાલ્યા તે ગામ **ભચાઉ** પધાર્યા. અને ત્યાંથી થાળ જમીને ચાલ્યા તે ગામ **વાંઢિયે** પધાર્યા. અને સુતાર રૂડાને ઘેર ઊતર્યા અને ત્યાં થાળ જમીને ગામ **માળિયે** પધાર્યા અને ત્યાં દરબારમાં ઊતર્યા. અને ત્યાં થાળ જમીને ચાલ્યા તે ગામ **પીપળિયે** ગણેશ ભક્તને ઘેર પધાર્યા. અને ત્યાં થાળ જમીને ચાલ્યા તે ગામ **વણથલી** પધાર્યા અને હરજી સુતારના ફળિમાં બિરાજમાન થયા. અને ત્યાં થાળ જમીને ચાલ્યા તે ગામ **ભાયાવદર** તથા **માણાવદર** થઈને **પંચાળે** પધાર્યા અને માસ દોઢને આશરે ત્યાં રહ્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'ગામ કાળાતળાવ મહારાજે રવજીની સ્ત્રીને કહ્યું જે ઉંદરથી બીના તે તથા ગામ માનકૂવે થઈને ભુજથી પંચાળે પધાર્યા' એ નામે ઓગણસાઠમો અધ્યાય ॥૫૯॥

અધ્યાય - ૬૦

કાળાતળાવમાં પાણીનું દુઃખ ટાળીને સમૈયો કર્યો

પછી પંચાળેથી મહારાજ થોડાક સંતને સાથે લઈને માળિયાનું રણ ઊતરીને **આધોઈ** આવ્યા. અને ત્યાં કરણીબાએ થાળ કર્યો તેને જમ્યા અને ત્યાં નદીમાં સ્નાન કરીને ચાલ્યા તે **ખોખરે** થઈને **ભુજનગર** પધાર્યા અને જેઠી ગંગારામને ઘેર ઊતર્યા. અને ત્યાં થોડાક દિવસ રહીને સાધુ મૂરત દોઢસોને સાથે લઈને ચાલ્યા, તે ગામ **કાળેતળાવ** પધાર્યા. ત્યારે સુતાર ભીમજી તથા રવજી તથા હરભમ તથા મનજી તે સર્વે સામા ગયા. અને શ્રીજીમહારાજને ગાજતે-વાજતે પોતાને ઘેર આથમણો જે

ઓરડો અને ઉગમણે બાર તેમાં ઢોલિયો ઢાળીને, ગાદલું પાથરીને તે ઉપર પધરાવ્યા. અને સાધુ તો તળાવ ઉપર ઊતર્યા.

ત્યારે સુતાર ભીમજીએ શ્રીજીમહારાજને કહ્યું જે, "હે મહારાજ ! તમારે પ્રતાપે કરીને અમારા ઘરમાં દાણા તો સમાતાય નથી. માટે બારે મહિના બિરાજો અને સમૈયા સારા કરો તેની તો ચિંતા નથી, પણ પાણીનાં વાસણ નથી મળતાં તેની ચિંતા છે, તેનું કેમ કરશું ?" ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "પાણી સારુ એક ફળિયામાં હોજ કરાવો." પછી પોતે ઊઠીને કહ્યું જે, "આ ઠેકાણે ખાડો ખોદો અને ધોળી ધૂડ લાવો. અને પલાળીને એ ખાડાને ચારે પાસે (બાજુ) લીંપો. અને એ હોજની માંહે લૂગડું ચોટાડીને પછી પાણી ભરો. અને એક માણસ ઉપર રાખો તે સૌને પાણી આપે." પછી જેમ મહારાજે કહ્યું તેમ કર્યું. એવી રીતે પંદર દિવસ રહ્યા અને સમૈયો કર્યો અને આનંદ ઉત્સવ થયો.

❋ શ્રીહરિએ કાળાતળાવના કૂવામાં પાણી અખૂટ કર્યું :

પછી કોઈક દિવસ ગામના સર્વે લોક શ્રીજીમહારાજ આગળ આવ્યા ને હાથ જોડીને પ્રાર્થના કરી જે, "હે મહારાજ ! આ ગામમાં પાણીનો કૂવો એક જ છે. અને તેમાં પણ પાણીની બહુ અછત છે. તેથી ગામના સર્વે મનુષ્યોને તથા સૌ સંતને પાણીનું દુઃખ ઘણું થાય છે. તે વાત સાંભળીને શ્રીજીમહારાજ સભામાંથી ઊઠીને ચાલ્યા તે તળાવમાં કૂવો છે તે કૂવાના થાળામાં શ્રીજીમહારાજ બેસીને પોતાના ચરણારવિંદને લાંબા કરીને લટકાવ્યાં. ત્યારે તે કૂવામાંથી જળનો પ્રવાહ અધર ચડ્યો અને શ્રીજીમહારાજના ચરણારવિંદનો સ્પર્શ કર્યો. તે સમયે તે ગામના કેટલાક મનુષ્ય સમીપે હતા તે જોઈને આશ્ચર્ય પામ્યા. અને પરસ્પર કહેવા લાગ્યા જે, **"આ સ્વામિનારાયણ સર્વે અવતારના અવતારી ભગવાન છે, તે વિના આવો પ્રતાપ બીજામાં હોય નહીં."** અને તે ગામમાં બીજા ભાવર રહેતા હતા, તેણે પણ તે વાત સાંભળી. પછી સૌ સૌમાં બંધી કરી જે, "સાધુને અર્થે પાણી ભરી લે ત્યારપછી

આપણે પાણી ભરવું." પછી સાધુ સારુ સવારમાં પાણી ભરી રાખતા અને શ્રીજીમહારાજ નિત્યે કથા કરાવતા.

✹ કથામાં ઊંઘ ન આવે તે માટે સંતોને સચેત કર્યા :

તે એક દિવસ મહારાજે કહ્યું જે, "મુક્તાનંદસ્વામીમાં અમારે ગુરુભાવ છે, પણ હું તો ગુરુને પણ કહું ખરો." પછી કથા બેઠી ત્યારે મુક્તાનંદસ્વામીને ડોલું આવ્યું. ત્યારે મહારાજે કહ્યું જે, "કથામાં જે ઉંઘે તેનું કામ નહિ, માટે બારા જાઓ." પછી મુક્તાનંદસ્વામી બહાર ગયા ત્યાં તો શ્રીપાત માધવાનંદસ્વામીને ડોલું આવ્યું. ત્યારે મહારાજ બોલ્યા જે, "ઊઠો સ્વામી !" પછી શ્રીપાત માધવાનંદસ્વામી ઊઠ્યા અને ભાગોળે ગયા. પછી આત્માનંદસ્વામીને આંખ્યુંમાં ઉંઘ આવવા માંડી. ત્યારે મહારાજે કહ્યું જે, "ઊઠો મહારાજ !" ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, "આ ઊઠ્યો મહારાજ !" પછી મહારાજ બહુ હસ્યા અને એમ બોલ્યા જે, "ઉંઘ તો નોતી, પણ કહ્યું એટલે ઊઠ્યા."

પછી આત્માનંદસ્વામી તથા મુક્તાનંદસ્વામી તથા માધવાનંદસ્વામી એ ત્રણે ભાગોળમાં જઈને બેઠા. પછી મુક્તાનંદસ્વામી તો ગોદડી ઓઢીને ભાગોળે જઈને સૂઈ રહ્યા. અને માધવાનંદસ્વામી તથા આત્માનંદસ્વામી એ બે જણે તો બહુ શોચ કર્યો. પછી બપોર નમતે રસોઈ થઈ તે મહારાજે જમવાને અર્થે તેડાવ્યા. પછી મહારાજે તેમને પૂછ્યું જે, "સ્વામી, કેમ થયું ?" પછી મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ! હું તો સૂઈ રહ્યો હતો." પછી માધવાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ! એવી ઉંઘ ન હોય તે તો તમારી માયા છે."

પછી મહારાજ બહુ હસ્યા અને પછી હસીને બોલ્યા જે, "આગળ મોટા થયા તે ગ્રંથોમાં વાતુ તો બહુ કહી ગયા છે, પણ પાળ્યું પળાવ્યું તો કોઈએ નથી. માટે આજ તો સર્વે શાસ્ત્રમાં કહ્યું છે તે પ્રમાણે અમારે સર્વને પળાવવું છે." એવી રીતનાં મહારાજનાં વચન સાંભળીને સર્વે

સાધુ બોલ્યા જે, "હે મહારાજ! જેમ તમે કહેશો તેમ અમારે સર્વેને કરવું છે." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **"તમારે એક એક સંતને દશ દશ હજાર જીવનું કલ્યાણ કરવું. એવી રીતનું સર્વે નીમ લ્યો."** ત્યારે સૌએ નિયમ લીધા. ત્યારે નિષ્કુળાનંદસ્વામી બોલ્યા જે, "આ દેહે કરીને પૂરા ન થાય તો તેનું કેમ કરવું ?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "બીજો દેહ ધારીને પૂરા કરવા."

એમ કહીને વળી શ્રીજીમહારાજ બહુ હસ્યા અને વળી શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમારે આ દેહે કરીને અસંખ્ય જીવનું કલ્યાણ કરવું છે." પછી સાધુ જમવા બેઠા. અને જમી રહ્યા પછી કથા બેઠી. ત્યારે મહારાજે કહ્યું જે, **"क उत्तम श्लोक गुणानुवादात्। पुमान्विरज्येत विना पशुघ्नात्।** એ શ્લોકનો ઉત્તર કરો." પછી કોઈ બોલ્યા નહીં. પછી મહારાજે કહ્યું જે, "કથામાં ઉંઘવું નહીં." એ દિશની ઘણીક વાર્તા કરી.

❋ મહારાજે ઘૂંઘટાનું પ્રકરણ મુકાવ્યું :

પછી શ્વેતધર્મવાળા(લાલ લૂગડું દેખાય તો ઉપવાસ કરવાના ધર્મવાળા) હતા તેને શ્રીજીમહારાજે કહ્યું જે, "આ તમને દોરે છે તે દેહ પર્યંત તમને નભાવશે ?" ત્યારે સહુ બોલ્યા જે, "નભાવશે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમને તો એ દોરશે પણ એને જોવાનું વર્તમાન નહિ રહે. માટે એમ કરો જે, સ્વપ્નમાં સ્ત્રી દેખાય તો એક ઉપવાસ કરવો. અને ઘૂંઘટાનું વર્તમાન રહેવા દિયો." પછી મહારાજ એમ બોલ્યા જે, "અમે ન હોઈએ તો તમે કેમ કરો ?"

ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "તમારે તો એમ બોલવું ઘટતું જ નથી અને તમારે તો સૌને ભેળા લઈને જાવું. પછી તો તમારી મરજી. અને અમારે તો એમ છે જે, તમે જે મરજાદા બાંધી છે તે પ્રમાણે રહેવું છે. અને મારું જે માનશે તેને પણ ધર્મમર્યાદામાં રખાવવા છે."

પછી સર્વે સાધુ પણ એમ બોલ્યા જે, "મુક્તાનંદસ્વામીની આજ્ઞામાં વર્તવું છે." પછી નિર્વિકલ્પાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! તમે જે દિવસે ન હો તે દિવસ દેહ રહે નહીં." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "કેમ થાય ?" ત્યારે નિર્વિકલ્પાનંદસ્વામી બોલ્યા જે, "ઝાડ ઉપર ચડીને તથા કૂવે પડીને દેહ મૂકી દઈએ." એવી રીતની ઘણીક વાત કરી.

વળી મહારાજ નિત્યે ગામની ભાગોળે આવીને બેસતા. અને તાળી દઈને કીર્તન બોલવાનું શીખવતા હતા. અને જ્યારે બેસવા બહાર આવતા ત્યારે એમ બોલતા જે, "બાર ભાયા આવો." ત્યારે સર્વે આવીને મહારાજની પાસે બેસતા. ત્યારે મહારાજે તેમને વાત કરી જે, "કોઈ માંદો હોય, ભૂખ્યો હોય, તેને જેટલું જોઈએ તેટલું કહીએ; અને પાંચનું કહ્યું હોય ને દશ જમવા બેસીએ ત્યારે પૂરું થાય નહિ તો તેની લાજ જાય. માટે જોઈએ તેટલું મંગાવીએ." એવી રીતે કેટલીક વાર્તા કરી.

❋ તેરામાં સાધુને ઝોળી માગવા મોકલ્યા :

અને બીજે દિવસે જમીને **તેરા** ગયા. પછી ધનજી સુતારનું સાંકડું ઘર હતું ત્યાં જઈને ઊતર્યા. પછી સર્વે હરિભક્ત મહારાજને દર્શને આવ્યા. અને મહારાજ ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે બિરાજમાન હતા. પછી મહારાજે વાત કરી જે, "અમારા સાધુ કાલ માગવા જાશે, તે જેને ઘેરથી પાછા ખાલી આવશે તો તેની લાજ જાશે." ત્યારે બાઈયું બોલ્યાં જે, "શું લાજ જાશે ? કહો તો એક ઘરે બધાય સાધુનું પૂરું કરીએ." ત્યારે મહારાજ બોલ્યા જે, "સાધુ તો ઝોળી માગવા જાશે. શા માટે જે સાધુ ઘણા છે અને માગવા જાય, તે જેને ઘેરથી ખાલી આવશે તેની લાજ જાશે." એવી રીતે ઘણીક વાર હાસ્યવિનોદ કરીને ઘણીક વાતું કરી.

પછી સવારમાં મહારાજે બોલાવ્યા જે, "સાધુ બાર ભાયા આવો." ત્યારે સાધુ સર્વે આવ્યા. ત્યારે મહારાજે બારે ભાયાને કહ્યું જે, "તમે એક એક શિષ્ય લઈને ઝોળી માગવાને જાઓ." પછી સર્વે માગવા ગયા. તે હરિભક્તને ખબર નહિ જે ઝાઝા માગવા આવશે. માટે પહેલા આવ્યા તેની ઝોળી ભરી આપી ને વાંસે આવ્યા તે ખાલી ગયા. એવી રીતે સહુ ઝોળી માગીને આવ્યા. તે ઝોળીનું અન્ન ભેગું કરી અને ગોળા વાળ્યા. પછી મહારાજ બાઈયું સામું જોઈને બોલ્યા જે, "જુઓ, સાધુ ખાલી આવ્યા." પછી ગોળા લઈને જમવા બેઠા.

પછી મહારાજ પોતે એક હાથમાં ગોળો લઈને જમવા બેઠા. તે એક ને એક હાથે જમવા લાગ્યા. અને સાધુ પ્રત્યે એમ બોલ્યા જે, "પરમહંસને બે હાથ શું એઠા કરવા ?" એવી રીતે પોતે જમતા થકા બોલ્યા. પછી એમ બોલ્યા જે, "આત્માનંદસ્વામી હજી કેમ ન આવ્યા ?" એમ વાત કરતા હતા ત્યાં આત્માનંદસ્વામી આવ્યા. પછી મહારાજે કહ્યું જે, "ઝોળી ખીંટીએ ભરવી દ્યો અને જમવા બેસો." પછી આત્માનંદસ્વામી જમવા બેઠા. પછી મહારાજ કહે, "ઝોળી ખાલી કેમ ?" ત્યારે તેમણે કહ્યું જે, "બધા ગામમાં ફર્યા પણ ક્યાંય ન મળ્યું."

પછી મહારાજ બોલ્યા જે, "પગબળણું કેવું છે ?" ત્યારે તેમણે કહ્યું જે, "મહારાજ ! ઝાઝું નથી જણાતું." પછી મહારાજ બોલ્યા જે, "તુંબડાં ભરી લ્યો. શા સારુ જે હરિજન સર્વે ખોટી થાય છે." પછી સૌએ પાણી ભરી લીધું અને સૌ જમીને ચાલી નીસર્યા. પછી આત્માનંદસ્વામી વાંસે રહ્યા, તે જમીને કેડે ગયા. અને મહારાજ તો ગામથી બહાર ગયા, તે ગામથી છેટે જઈ ઊભા. અને તડકો હતો તે સાધુએ પગ હેઠે ગોદડી નાખી આપી, તે ઉપર મહારાજ ઊભા રહ્યા અને માથે ગોદડી ઝાલી રાખી. પછી આત્માનંદસ્વામી વાંસે હતા તે આવ્યા. તે આવતાં વેંત મહારાજ બથમાં ઘાલીને મળ્યા.

પછી સાધુ સર્વેને મળ્યા પછી મહારાજે કહ્યું જે, "અમદાવાદ જાઓ અને બાપુ નાગર પાસે કાગળ, ખડિયો જે જોઈએ તે લેજ્યો. અને પુસ્તક મહંત રાખે ને બીજાને સવારમાં ભણવા આપવું અને સાંજે પાછું લેવું." એમ કહીને શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમારું વચન અમદાવાદ સુધી ડંડાકાર થયું છે. તે વચનરૂપી પાજ(રસ્તા) ઉપર ચાલ્યા જાઓ અને ત્યાં જઈને ષટ્ભાષા ભણજ્યો. તેમાં પ્રશ્ન-ઉત્તર સારા છે." એમ કહ્યું એટલે સાધુ ચાલી નીસર્યા અને મહારાજ પાછા **કાળાતળાવ** પધાર્યા. પછી કેટલાક દિવસે **ગઢડે** આવ્યા. અને ત્યાં રહીને **કારિયાણી** આવ્યા.

❋ શ્રીહરિએ એકબીજાના સ્વભાવની વાત કરવા કહ્યું :

અને કારિયાણીથી કંકોતરી ફેરવી તેથી સાધુ આવ્યા તથા સત્સંગી આવ્યા. અને મહારાજ ઉતરાદે બારણે ઓરડાની ભીંત ઉપર ગોદડું નંખાવીને ઉગમણે મુખે બિરાજમાન હતા. ને ચોફેર સાધુ હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી મહારાજની ચંદન-પુષ્પ આદિકે કરીને પૂજા કરી અને આગળ સાકર આવી તે સર્વેને વહેંચી આપી. પછી રસોઈ થઈ તે મહારાજ અને સાધુ જમ્યા. અને બીજે દિવસે ફળિયામાં સભા થઈ તે મહારાજ ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે બિરાજમાન હતા. પછી મહારાજ બોલ્યા જે, "માહોમાંહીં એકબીજાના સ્વભાવની વાત કરો."

પછી આનંદાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! સ્વભાવની શું વાત કરે ? આ આત્માનંદસ્વામી છે તે ગરીબને ટોકે છે અને આ આનંદસ્વામીએ ચિંયા ખાધા, તેને કાંઈ ન કહ્યું." પછી મહારાજ બહુ હસ્યા. પછી હસીને બોલ્યા જે, "અલૈયા ખાચર ! કાંઈ સમજ્યા ?" પછી અલૈયા ખાચર બોલ્યા જે, "અમારા દેશમાં ચિયો દેડકાને કહે છે." એમ સમજ્યા. પછી મહારાજ બોલ્યા જે, "ના ના, ચિંયા તો

આંબલિયાને કહે છે." પછી આત્માનંદસ્વામી બોલ્યા જે, "મેં તો આનંદસ્વામીને કહ્યું જે, 'સ્વામી ! રોટલા મળ્યા છે કે નહિ ? લાકડાં કેમ ચાવો છો ?"

પછી મહારાજ બોલ્યા જે, "અંતર્યામીપણે જે વર્તે તે ઉપર કહેણ નહીં. શા માટે જે એને અંતરજામી કહેશે, અને બીજાનો એક નોર(વ્યવસ્થા) કરીએ." પછી મહારાજ બોલ્યા જે, "અંતર્યામીપણે વર્તે તે ઊભા થાઓ." પછી કોઈ ન ઊઠ્યા. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "કેમ ઊઠતા નથી ? અમે હાથ ઝાલીને ઉઠાડશું ત્યારે કેમ ઊઠશો ? માટે ઊઠો."

પછી સુખાનંદસ્વામી બોલ્યા જે, "ક્યા ઊઠે ? કુછ અંતરજામીકા તો ઠિકાણા નહિ હે, ઘડીકમાં કિમિ કેતા હે અને ઘડીકમાં કિમિ કેતા હે." પછી નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ! અમારે સાધુમાં બેય રીત ન જોઈએ." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "લ્યો, એક પ્રકરણ કરીએ જે, ખાવાની બે જણસ ભેળી હોય ત્યારે મેળાવીને જમવું અને એક જણશનું કાંઈ નહીં." એ રીતે સૌનું પ્રકરણ કર્યું.

✺ સાધુએ બાઇયો સાંભળે તેમ વાતો ન કરવી :

પછી વળી એક દિવસ સાધુને નોખા નોખા વાતું કરવા બેસાર્યા. પછી હરિભક્ત સાંભળવા બેઠા. ત્યારે મહારાજે બાઈયોને કહ્યું જે, "તમે બે બે ચાર ચાર બેસો." પછી બાઈયું આવીને વાતું સાંભળવા બેઠી, એટલે સાધુ ઊઠી નીસર્યા. પછી મહારાજ બહુ હસ્યા ને એમ બોલ્યા જે, "કેમ ઊઠ્યા ?" પછી સાધુ બોલ્યા જે, "બાઈયું સાંભળતાં સાધુઓએ વાતું ન કરવી." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "ઠીક સમજ્યા છો!" આજથી બાઈયું સાંભળતાં વાતું ન કરવી."

પછી સાધુ બોલ્યા જે, "વેદાંતમાં એમ કહ્યું છે જે, ચેતનકે એક દેશમાં માયા **'सा माया गुणसाम्यता'** ત્યારે ચેતન તો સર્વ વ્યાપક છે,

તે કિયો દેશ ખાલી છે જેમાં માયા રહી છે ? એ સમજાતું નથી." ત્યારે શ્રીજીમહારાજે તેનો ઉત્તર કર્યો જે, "ગોડિયો સીંદરીનો સાપ કરે છે, પીછાનું પારેવું કરે છે અને ધૂળના ચોખા કરે છે; એ આદિક ગોડિયાની કેટલીક કળા એના અંગમાં રહી છે. તે કાંઈ કળાય છે કે એના હાથમાં છે કે પગમાં છે? તેમ ચેતનમાં માયા રહી છે, પણ એમ ન કહેવાય જે અહીંયાં રહી છે."

ત્યારે મુનિ બોલ્યા જે, "બીજું એક આ નથી સમજાતું કે, ઘટ કહે મૃતિકા તું હશે, ઘટ દેખ મૃતિકા હું હે." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "એ તો એમ કહે છે કે ઘડો ઘડાને કહે છે જે, તું મૃતિકાનો છે. સર્વે ઘડા મૃતિકાના છે, હું પણ મૃતિકાનો છું." પછી મહારાજે સર્વેને આજ્ઞા કરી તેથી સૌ સૌને ઘર આવ્યા અને સાધુ ફરવા ગયા.

✵ કારિયાણીમાં મહારાજે રૂપિયા ફગાવી દીધા :

અને મહારાજની પાસે રૂપિયા આવ્યા હતા અને કાંઈક ભોજો ચારણ લાવ્યા હતા. તે મહારાજે વસ્તા ખાચરને કહ્યું જે, "આ રૂપિયા રાખો." ત્યારે વસ્તો ખાચર બોલ્યા જે, "અમારે વપરાઈ જાય. અને તમે તો ક્યારે માગો અને મારે હાથ ન હોય, માટે ન રખાય." પછી મહારાજે રાઘવ પટેલને કહ્યું, ત્યારે તેણે પણ ના પાડી. પછી મહારાજ ઉગમણે મુખારવિંદે બિરાજમાન હતા અને પછી રૂપૈયાની મૂઠી ભરી ભરીને ફગાવી દીધા. અને કહ્યું જે, "હવે કાંઈ ચિંતા છે?"

પછી કેટલાક દિવસે **ખોખરા મેમદાવાદ** ગયા. અને મહારાજને બ્રાહ્મણોને રસ-રોટલી જમાડવી હતી. તેમાં ટંટો થયો તેથી મહારાજે સાધુને કહ્યું જે, "સુરત જાઓ." પછી મહારાજ અને મુક્તાનંદસ્વામી, આનંદાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિર્વિકલ્પાનંદસ્વામી એ ચાર સાધુ ને પાળા અને આધોઈના ગરાસિયા એ સર્વે મળીને **કચ્છ**માં ગયા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજ પંચાળેથી આધોઈ અને ત્યાંથી ભુજ થઈને કાળાતળાવ પધાર્યા અને આંગણામાં જળ ભરવાનો કુંડ કરાવ્યો તથા એક એક સંતને દશ દશ હજાર જીવનું કલ્યાણ કર્યાનું નિયમ આપ્યું અને ખોખરા મેમદાવાદ પધાર્યા અને ત્યાંથી સંત તથા આધોઈના રાયણજી આદિ ગરાસિયાને મહારાજ કચ્છમાં તેડી ગયા' એ નામે સાઈઠમો અધ્યાય ॥૬૦॥

અધ્યાય - ૬૧

આત્માનંદસ્વામી ઉદેપુરથી તેરા ગામે આવ્યા

તે સમે આત્માનંદસ્વામી ઉદેપુર ગયા હતા. તે માર્ગમાં આવતાં વાત સાંભળી જે સ્વામિનારાયણને અને વૈરાગીઓને ટંટો થયો છે. પછી આત્માનંદસ્વામી કચ્છમાં ગયા. અને મહારાજ ગામ **તેરા**માં બિરાજમાન હતા. અને સાધુની ઓરડીએ આથમણે મુખારવિંદે આસન ઉપર વસ્ત્રે કરીને ઢીંચણને બાંધી બેઠા હતા. તે આત્માનંદસ્વામી તો આવીને પગે લાગ્યા અને મહારાજ બોલ્યા જે, "આવો આત્માનંદસ્વામી ! બીજો કોઈ ભેળો છે ?" ત્યારે તેમણે કહ્યું જે, "બીજા તો તમે છો."

પછી મહારાજે કહ્યું જે, "તમારે ઉદેપુરમાં કેમ થયું ?" ત્યારે તેમણે કહ્યું જે, "દરવાજે બંધી છે, તે ભેખધારીને જાવા નથી દેતા એટલે મેળાપ ન થયો." ત્યારે મહારાજે કહ્યું જે, "અમને પૂછ્યા વિના ગયા, નહિ તો તમને કાગળ કરી આપત જે, અમારે ઓળખીતો બ્રાહ્મણ હતો તે તમને દરબારમાં તેડી જાત." પછી તેમણે કહ્યું જે, "મને તો સાધુએ બારોબાર કહ્યું જે, 'તમે ઉદેપુર જાઓ. એમ મહારાજની આજ્ઞા છે.' પછી હું ચાલી નીસર્યો."

પછી મહારાજે કહ્યું જે, "નિર્વિકલ્પાનંદસ્વામી પાસે તમારે સુવાણ હોય ત્યાં સુધી રહેજ્યો, નહિ તો ફરવા જાજ્યો. અને મુક્તાનંદસ્વામી

સોરઠમાં ગયા અને આનંદસ્વામી સુરત ગયા અને બ્રહ્માનંદસ્વામી આધોઈ ગયા છે. માટે તમારે રહેવાય તેટલા દિવસ રહેજો." એમ કહીને પછી ધનજી સુતારને ઘેર ઉતારો હતો ત્યાં મહારાજ પધાર્યા. અને ડુંગરજી અને સામત ચારણ એ બે પાળા હતા તે ખડકીએ ચોકી રાખતા. અને મહારાજની આગળ પ્રાગજી દવે કથા કરતા.

❋ નંદજીને ઘેર ગાયુંની તથા ગોપાળાનંદસ્વામીની વાત :

તે કથામાં એમ વાત આવી જે, 'નંદજીને ઘેર નિત્ય જગન થાતા. અને બ્રાહ્મણને શણગારીને ગાયું દેતા અને દક્ષિણા દેતા.' પછી મહારાજે કહ્યું જે, "જુઓને, જગતમાં કોઈ બ્રાહ્મણને જમાડતા હોય તો તે બ્રાહ્મણ તેના છોકરાને રાજી કરે છે અને શ્રીકૃષ્ણે ગોવાળિયાને અન્ન લેવા મેલ્યા તે બ્રાહ્મણે અન્ન ન આપ્યું. માટે એ તો મહિમા સમજવો. અને નંદજીને ઘેર દશ-પંદર ગાયું હતી અને **શ્રીકૃષ્ણ તો ગોપીયું સંગે રાસ રમ્યા અને ધાતુ જાવા દેતા નોતા. તે એવી કળા ગોપાળાનંદસ્વામીમાં છે.**" એમ શ્રીજીમહારાજ બોલ્યા.

અને મહારાજ સાધુને દિવસમાં એકવાર દર્શન દેવા સાધુની ઓરડીએ આવતા. અને જ્યારે જ્યારે નીસરતા ત્યારે એક ચાદરની ગોદડી કરી હતી તે ઓઢ્યા વિનાની હતી, તે બહારની કોરે રાખીને મહારાજ ઓઢતા. અને એક દિવસ પ્રાગજી ભેળું દરબારે કહેવરાવ્યું જે, "અમે દર્શને આવીએ ?" ત્યારે મહારાજે કહ્યું જે, "ભલે આવે."

પછી મહારાજ સાધુની જાયગામાં આવ્યા. પછી મોઘ પથરાવી, પછી મહારાજ આવીને આથમણે મુખારવિંદે બિરાજમાન થયા. અને આત્માનંદસ્વામી તો મહારાજના મુખારવિંદની આગળ બેઠા હતા. પછી દરબાર આવ્યા, તે મહારાજને પગે લાગીને બેઠા. પછી આત્માનંદસ્વામી તો મહારાજની વાંસે આવીને બેઠા. ત્યારે મહારાજે સ્વામીનો હાથ ઝાલીને આગળ બેસાર્યા. અને મહારાજે કહ્યું જે, "આ

સાધુ આત્માનંદજી કાલે ઉદેપુરથી આવ્યા છે. તે ઉદેપુરમાં બહુ સત્સંગ થયો. અને તે વાતુંના બહુ કરતલ છે. કેમ પ્રાગજી ?" ત્યારે પ્રાગજી કહે, "હા મહારાજ ! બહુ વાતુના કરતલ છે."

✵ આત્માનંદસ્વામીના પૂછવાથી સોનાની લંકાની વાત :

પછી મહારાજે કહ્યું જે, "આત્માનંદસ્વામી તમે વાતું કરો." ત્યારે આત્માનંદસ્વામીએ વાત કરી જે, "આ છપયમાં એમ કહ્યું છે જે, **એક કરોડ ગજરાજ અરબ સતુરી તુરંગ, છત્રી કરોડ પચાસ પેદલ લક્ષ અઢાર ધરણ છત્રકી છા, સુણે ઈન્દ્રાસન વાજાં, તે રાવણ સંગ ચલે પાંચ કરોડ પંદર હજાર રાજા, ચલત સૂર અંધેર અતિ અંતકાળ એસો ભયો, રહો રો જીવ, ન કર ગર્વ કહો રાવણ કે દિશ ગયો."** એ છપો બોલીને એ દિશની વાત ઘણીક કરી.

પછી રાજા બોલ્યા જે, "હે મહારાજ ! લોકમાં એમ કહે છે જે, 'લંકા સોનાની છે અને સોનાનો ગઢ છે અને વિભિષણ રાજ કરે છે.' એમ કહે છે તેનું કેમ છે ?" પછી મહારાજ બોલ્યા જે, "એ તો વાત ખોટી છે. અને અમારા સાધુ જોઈ આવ્યા છે. તે ધૂળનો ગઢ છે. ને ભીલ રહે છે અને ફીરંગીનાં વહાણ આવ્યાં તેથી ભીલ ભાગી ગયા. પછી બધે જોયું તો કાંઈ ન દીઠું. અને એક ખાણ છે તેમાંથી સોનું થાય છે અને તે ઉપર ચોકી છે."

ત્યારે તે રાજા બોલ્યા જે, "પાણી ભમરી ખાય છે. તે વહાણ શી રીતે જઈ શકે ?" ત્યારે મહારાજે કહ્યું જે, "ભમરી ખાય છે તે તો આ કોરેથી રઘુનાથજી જે દી લંકામાં ગયા તે દી પાજ(પુલ) બાંધી ત્યાં પાણા છે, તેથી તે પાણી અથડાઈને ભમરી ખાય છે. અને ફિરંગી તો ધ્રુવની તળાટીમાં છે અને તેનાં વહાણ તો આથમણી કોરેથી આવે છે." તે દિશની ઘણીક વાત કરી, પછી મહારાજ ઉતારે ગયા.

❋ આત્માનંદસ્વામી અને નિર્વિકલ્પાનંદસ્વામીનો વાર્તાલાપ :

પછી નિર્વિકલ્પાનંદસ્વામી બોલ્યા જે, "હવે ઠીક થયું. આપણે ભેળા રહેશું." ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "મારે સુવાણ હશે ત્યાં સુધી રહીશ." પછી નિર્વિકલ્પાનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજે કહ્યું છે, માટે રહેજ્યો." ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજે કહ્યું એમ જ કરવું છે."

પછી આત્માનંદસ્વામીએ એને કહ્યું જે, "તમને ભણવાની વાસના છે. શા માટે જે મુક્તાનંદસ્વામી સોરઠમાં ગયા તે સત્સંગરૂપી ગંગાજીમાં ઝીલવા. અને આનંદસ્વામી સુરત સંતમંડળમાં ગયા અને બ્રહ્માનંદસ્વામી આધોઈ ગયા. માટે તમે આંહીં વિદ્યા ભણવા રહ્યા. ત્યારે એ વિદ્યા નથી, એ જ અવિદ્યા છે, જે સંતથી નોખા પડ્યા." પછી મહારાજ સાંજે આવ્યા. ત્યારે નિર્વિકલ્પાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! મારે તો વાસના નથી અને આત્માનંદસ્વામી કહે છે, જે તમને ભણવાની વાસના છે."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "એ મૂરખ છે અને મુક્તાનંદસ્વામીને વાસના હોય અને બ્રહ્માનંદસ્વામીને વાસના હોય." એવી રીતની ઘણીક વાર્તા કરી. પછી કહ્યું જે, "આ નિર્વિકલ્પાનંદસ્વામીને વ્યાકરણ આવડે ?" ત્યારે એ કહે જે, "આવડે." ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "શું આવડે ? મૂળગો કક્કો આવડતો જ નથી." ત્યારે મહારાજે કહ્યું જે, "નિર્વિકલ્પાનંદસ્વામીને કક્કો ભણાવો." ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "હવે મારે કક્કો ભણાવવો."

પછી મહારાજને અર્થે ગુજરાતથી ચોખા, દાળ મુરબો હરિભક્ત લાવ્યા હતા. પછી મહારાજ બહુ રાજી થયા અને હાથમાં ચોખા લઈને એમ બોલ્યા જે, "એમ ને એમ જમી જવાય એવા છે. જુઓને, કોઈ અણી ખંડિત છે ? એ તો નખથી વીણેલ છે. અને દાળ પણ જુઓ જે,

કોઈ ખંડિત છે ? દાળ પણ વીણેલ છે. શા માટે જે, એને રેંટિયાની રીત નથી. માટે નવરાં તે અમારે અર્થે વીણીને મોકલ્યા છે." પછી મહારાજે એક મોરિયામાંથી મોરબો પ્રાગજી પુરાણીને આપ્યો. અને તે પ્રાગજી જમી ગયા અને બહુ વખાણ્યો. ત્યારે બીજો આપ્યો, તે પણ જમી ગયા.

પછી મહારાજે કહ્યું જે, "ચોખા, દાળ, મુરબો તે દરબારમાં થોડોક મોકલીશું." પછી એક મારવાડનો ચારણ બેઠો હતો, તેણે કહ્યું જે, "જે આપવા જાય તે બે દાણા દરબાર દેખતાં મોઢામાં નાંખે. શા માટે જે છેટાની વસ્તુ આવે તે ભ્રમ પડે નહીં." ત્યારે મહારાજે કહ્યું જે, "આપીએ ને ભ્રમ પડે ત્યારે શીદ આપીએ ?" પછી ચારણે કહ્યું જે, "હે મહારાજ ! રાજા ક્યાં રહ્યા છે ?" એમ કહીને દોહરો બોલ્યો જે, **કળિયુગ આવ્યો ઠાકોર બાજંતે ઢોલે, ઠાકોર ભૂલ્યા ગોલિયે ને ઠકરાણી ગોલે."** પછી વચમાં કેટલીક વાત થઈ. પછી પ્રાગજી શ્લોક બોલ્યા જે,

नृपत्नन्नं न भोक्तव्यं, प्राणैः कंठगतैरपि ।
गोर्मांससमं चान्नं, सुरापानसमं जलम् ॥

પછી મહારાજે આત્માનંદસ્વામી સામું જોયું અને એમ કહ્યું જે, "એ દિશની વાત કરજો પણ રહેશો નહીં."

✺ પ્રાગજી દવેની સ્ત્રીને સમાધિ ને પોતાને નહીં :

પછી પ્રાગજીએ વાત કરી જે, "હે મહારાજ ! મારે ઘેર ઘોડિયામાં છોકરું રુવે છે અને સ્ત્રી તો સમાધિમાં છે." પછી શ્રીજીમહારાજે તેને ઉઠાડી. ત્યારે તે સ્ત્રી બોલી જે, "છોકરો તમારો મૂવો અને તમે પણ મરો. મને શા માટે આ સુખમાંથી ઉઠાડી ? અને હું તો મહારાજનાં દર્શન કરતી હતી." એમ કહીને તે સુખનાં વખાણ કર્યાં. ત્યારે પ્રાગજી કહે જે, "મહારાજ ! મને સમાધિ કરાવો." પછી મહારાજ બોલ્યા જે, "તમને થાશે ?" ત્યારે પ્રાગજી કહે, "ના ના મહારાજ ! મને સમાધિ કરાવો."

પછી મહારાજ બોલ્યા જે, “મારી સામું જોઈ રહો.” પછી મહારાજ સામું જોયું ત્યારે નાડી તણાવા માંડી. ત્યારે પ્રાગજી આંખ મીંચી ગયા. પછી મહારાજે કહ્યું જે, “કેમ પ્રાગજી ?” ત્યારે કહે, “એમ તો નહીં.” ત્યારે મહારાજે કહ્યું જે, “આંખ મીંચીને અંતર સામું જુવો.” પછી આંખ મીંચી ત્યારે નાડી તણાવા માંડી. ત્યારે તરત આંખ ઉઘાડી. ત્યારે મહારાજ કહે, “કેમ થયું ?” ત્યારે પ્રાગજીએ કહ્યું જે, “એમ તો નહિ મહારાજ, મને તો ઉંઘમાં સૂતો હોઉં અને એમ ને એમ બ્રહ્મમહોલમાં જાઉં.” ત્યારે મહારાજ કહે, “ઠીક, એમ ને એમ ભજન કરતા રહો, સમાધિ થાશે.” એમ હાસ્યવિનોદ કરતા થકા મહારાજ તેરામાં દોઢ માસ પર્યંત રહ્યા હતા. અને નિત્ય સવારે અને સાંજે બે તળાવમાં સ્નાન કરવાને પધારતા.

પછી ત્યાંથી ચાલ્યા તે **માંડવી** આવ્યા. અને ત્યાંથી સમુદ્રની ખાડી ઊતરીને સોરઠમાં ફરતા ફરતા ગામ **પંચાળે** પધાર્યા. અને ત્યાં ઝીણાભાઈના દરબારમાં ઊતર્યા. અને ત્યાં દશ દિવસ રહીને સંતહરિજનોને ઘણું સુખ આપ્યું. અને હરિજનોએ પ્રાર્થનાને કર્યા સતા ત્યાંથી ચાલ્યા તે ગામ **અગતરાઈ** પર્વતભાઈને ઘેર જન્માષ્ટમીનો સમૈયો કર્યો. અને ત્યાંથી **જૂનાગઢ** પધાર્યા અને ત્યાંથી **જેતપુર** પધાર્યા. અને ત્યાંથી **ગોંડલ** પધાર્યા અને ત્યાંથી **સરધાર** ગયા.

અને ત્યાંથી **કોટડે** પધાર્યા. અને ત્યાંથી **કરિયાણે** પધાર્યા. અને ત્યાંથી **ગઢડે** જઈને **ઝીંઝાવદર** પધાર્યા. અને ત્યાંથી **સારંગપુર** પધાર્યા ને ત્યાં સર્વે કાઠીઓને ભેળા કર્યા. અને સર્વેને કહ્યું જે, “પગપાળા ચાલવું હોય તે ઘોડા મેલીને અમારા ભેળા ચાલો.” પછી સર્વે કાઠી પગપાળા ચાલ્યા, તે ગામ **અડવાળ** આવ્યા અને તુલજારામ બ્રાહ્મણને ઘેર ઊતર્યા. અને ત્યાંથી **બળોલ** વિશરામ ચાવડાને ઘેર ઊતર્યા. અને ત્યાંથી **જવારજ** પધાર્યા અને આધાર બારોટને ઘેર મેડી ઉપર ઊતર્યા. અને દહીં ને રોટલો જમ્યા. ત્યાંથી **સીમેજ** પધાર્યા અને ત્યાંથી **ધોળકે** પધાર્યા.

અને ત્યાંથી **જેતલપુર** પધાર્યા અને ત્યાં મહોલમાં ઊતર્યા. અને મુક્તાનંદસ્વામી આદિક સર્વે સંતને તેડાવ્યા. ત્યાં શ્રીજીમહારાજનાં દર્શન કરવા સારુ દેશ દેશના હરિભક્ત આવ્યા. અને તે ભક્તજનો તે શ્રીજીમહારાજને ગુલાબ તથા મોગરા તથા ચંપા આદિક પુષ્પના અગણિત હાર, તોરા, બાજુબંધ ધરાવ્યા અને ચંદનનો અંગરાગ સર્વે શરીરે કર્યો. અને મહોલના આગળ આસોપાલવનું વૃક્ષ છે તેને ઓઠિંગણ દઈને બેઠા. અને નિત્ય શ્રીજીમહારાજની ચંદન-પુષ્પે કરીને પોતાના ભક્તજન પૂજા કરતા. અને તે મહોલથી આથમણી દિશામાં ફૂલબાગ પોતે કરાવતા. અને નિત્ય પ્રત્યે સંત-હરિભક્તે સહિત તળાવમાં જળક્રીડા કરતા હતા. અને ત્યાં એક માસ રહ્યા.

❋ ડભાણમાં વસોના વિપ્રનો સંકલ્પ પૂરો કર્યો

પછી ડભાણના પટેલ રઘુનાથદાસ વિગેરે તેડવા આવ્યા હતા. તેથી શ્રીજીમહારાજ ગામ **ખેડે** થઈને ગામ **ડભાણ** પધાર્યા. અને ત્યાં વડના વૃક્ષ હેઠે હિંડોળો બાંધ્યો હતો તે ઉપર બિરાજમાન થયા. અને પોતાના મુખારવિંદની આગળ દેશ દેશના હરિભક્ત તથા સાધુની સભા ભરાઈને બેઠી હતી. તેવામાં ગામ વસોનો બ્રાહ્મણ આવ્યો. તેણે મનમાં એવો સંકલ્પ કર્યો જે, **'મારે છેડે સાકર બાંધી છે, તે માગી લિયે તો સ્વામિનારાયણ ભગવાન ખરા.'** ત્યારે શ્રીજીમહારાજે તે બ્રાહ્મણ પાસેથી સાકર માગી લીધી.

ત્યારે તે બ્રાહ્મણ શ્રીજીમહારાજને અંતર્યામી જાણીને પોતે આશ્રિત થયો. અને ત્યાં મહારાજ નિત્ય પ્રત્યે સંત તથા હરિભક્તને જમાડતા, અને પોતાની પ્રસાદી આપતા. અને આનંદઉત્સવ કરતા થકા ત્યાં પંદર દિવસ રહ્યા. અને પછી શ્રીજીમહારાજે સર્વે સંતને ગામ નડિયાદ જવાની આજ્ઞા કરી તેથી સર્વે સંત નડિયાદ ગયા. અને ત્યારપછી પાંચસાત દહાડે પોતે **નડિયાદ** પધાર્યા. અને ગાજતેવાજતે હરિભક્તોએ ગામમાં પધરાવ્યા. અને સંતોએ બહાર ઉતારો કર્યો હતો તેમને ત્યાં દર્શન દેવા

ગયા. અને સર્વે સંતને દર્શન દઈને ગામ **ડભાણ** થઈને **સોરઠ દેશ**માં પધાર્યા તે ગામ **માણાવદર**માં જઈને રહ્યા.

અને ગામ નડિયાદમાં સંત હતા તેને ગોળા ખાવા કઠણ પડ્યા, તેથી દશ-વીસ ત્યાંથી જતા રહ્યા. અને બે સાધુ શ્રીજીમહારાજ પાસે ગયા. તે જઈને સાધુએ શ્રીજીમહારાજ પાસે વાર્તા કરી જે, "ગોળા ખાવા બહુ કઠણ પડ્યા, માટે અમે આંહીં આવ્યા છીએ." ત્યારે શ્રીજીમહારાજે સ્વરૂપાનંદસ્વામી આદિક પરમહંસને નડિયાદ હતા તે ઉપર કાગળ લખાવ્યો જે, "સર્વે બે બે મૂરત થઈને દેશમાં ફરવા જાજો. જેનું ખપતું હોય તેનું ખાજો અને જેનું ન ખપે તેનું ન ખાજો." એ પ્રકારે કાગળ લખાવીને સાધુને આપ્યો.

અને તે ગામથી પછી શ્રીજીમહારાજ ગામ **જેતપુર** થઈને ગામ **ગોંડલ** પધાર્યા. અને ત્યાંથી ગામ **સરધાર** ગયા અને ત્યાંથી **કોટડે** થઈને ગામ **પીપરડી** પધાર્યા. અને ત્યાંથી ગામ **બોટાદ** થઈને ગામ **સારંગપુર** પધાર્યા અને ત્યાં ગઢડાનો સંઘ તેડાવ્યો. અને જીવુબાઈ તથા લાડુબાઈની ગાડીયું આવી અને. ત્યાંથી સર્વે સંઘ લઈને ચાલ્યા, તે ગામ **અડવાળ** આવીને રાત રહ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **બળોલ**માં થાળ જમીને ગામ **ગુંદીએ** આવીને સંઘ ભેળા થયા. પછી સંઘને અરણેજ જાવાની આજ્ઞા કરીને પોતે **જવારજ** પધાર્યા. અને ત્યાં જમીને પોતે **અરણેજ** સંઘ ભેળા થયા અને માતાની જગ્યામાં રાત રહ્યા.

અને ત્યાંથી ગામ **કોઠ**ની બજાર વચ્ચે થઈને **ધોળકે** પધાર્યા. અને ત્યાં રાત રહીને **જેતલપુર** પધાર્યા ને મહોલમાં ઊતર્યા. અને પછી ગઢમાં પધાર્યા અને ગઢ વળાવીને ચોખ્ખો કરાવ્યો. અને પોતે આનંદાનંદ સ્વામીને મહારુદ્રનો સામાન ભેળો કરાવવાની આજ્ઞા કરી. અને પોતે તો મહોલમાં આવીને બિરાજ્યા. અને પછી મુક્તાનંદ સ્વામી આદિ સંતમંડળ ભણતા હતા તે પાસે પોતે મહોલમાંથી દર્શન દેવા સારુ પધાર્યા. અને તે બોરસડી તળે વેદિકા ઉપર પૂર્વ મુખે બિરાજ્યા.

✵ જેતલપુરમાં સંતોને ભણવાની આજ્ઞા કરી.

પછી સંતને કહ્યું જે, "વિદ્યા ભણાવવામાં અમારો ઘણો રાજીપો છે, તે સારુ તમે સર્વે વિદ્યા ભણો." અને તે સમે શ્રીજીમહારાજની ઉપર પુષ્પની વૃષ્ટિ થઈ રહી હતી. પછી બોરસડીથી ઊઠ્યા તે રાયણ તળે આવ્યા અને સિંહાસન ઉપર બિરાજમાન થયા. અને મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી તથા પ્રેમાનંદસ્વામી તથા દેવાનંદસ્વામી એ આદિ ગવૈયા સંતને તેડાવ્યા. અને તે પાસે વાજિંત્ર વજડાવીને બહુ વાર સુધી ગાનવિદ્યા કરાવી.

પછી સર્વે ભણવાવાળાને ભણવાની પોતે આજ્ઞા આપી. પછી મોહોલમાં પધાર્યા અને મુક્તાનંદ સ્વામી આદિ સંત બોરસડી તળે ભણવા ગયા. અને સ્વરૂપાનંદસ્વામી તથા વ્યાપકાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી આદિ પરમહંસ પ્રશ્નોત્તર કરતા હતા. તે સમયમાં રાયણથી પશ્ચિમ દિશામાં અગ્નિની જ્વાળા સરખો મોટો તેજનો સમૂહ પ્રથમ મહાનુભાવાનંદસ્વામીએ દેખ્યો.

પછી ગોવિંદસ્વામીને પૂછ્યું જે, "અહીં ખળાં છે ?" ત્યારે ગોવિંદસ્વામીએ કહ્યું જે, "આંહીં તો ખળાં નથી." તેટલાકમાં તો તેજનો ગોળો ઊંચો ચડ્યો અને પૂર્વ દિશામાં ચાલ્યો. તે ચાલતે ચાલતે રાયણ ઉપર આવ્યો. તેટલાકમાં તો એકના બે થયા. અને રાયણને પાંદડે પાંદડે દીવા થઈ ગયા. અને **ત્યાંથી તેજનો ગોળો મહોલ ઉપર ગયો અને ત્યાં તેનાં ત્રણ રૂપ થઈ ગયાં. અને મહોલને પછવાડે જે વૃક્ષ હતાં તે સર્વે તેજોમય થઈ ગયાં.** તે તેજના પ્રતિબિંબે કરીને તળાવનું જળ સર્વે તેજોમય થઈ ગયું. તેને જોઈને સર્વે સાધુને આશ્ચર્ય થયું. પછી તે તેજનો ગોળો અદશ્ય થઈ ગયો. તે જોઈને સર્વે સાધુ કહેવા લાગ્યા જે, "આ તે શું હશે ?" એમ કહીને પછી સર્વે છાના રહ્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'તેરામાં મહારાજે પ્રાગજી દવેની સ્ત્રીને સમાધિમાંથી જગાડી તથા ત્યાંથી જેતલપુર પધાર્યા અને ત્રણ મોટા દેવ દર્શને આવ્યા' એ નામે એકસઠમો અધ્યાય ॥૬૧॥

અધ્યાય - ૬૨

બ્રહ્માદિક દેવો દર્શને તથા જેતલપુરના યજ્ઞમાં વિઘ્ન

પછી બીજે દિવસે જેતલપુરમાં શ્રીજીમહારાજ પોતે જમવા પધાર્યા. તે સમે પોતાના રસોઈના કરનારાં જે બાઈયું તેમાં જે મોટેરાં બાઈ હતાં તેમણે પૂછ્યું જે, "હે મહારાજ ! કાલ રાત્રિમાં સાધુને તેજનો ગોળો દેખાણો અને પછી અદૃશ્ય થઈ ગયો તેનું શું કારણ હશે ?" પછી શ્રીજીમહારાજે કહ્યું જે, **"અમારાં દર્શન સારુ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ આવ્યા હતા. તે પાછા અદૃશ્ય થઈ ગયા."**

ત્યારપછી સર્વે સંત પ્રત્યે પોતે વાર્તા કરી જે, "આ સમૈયો બહુ સારો થયો." એમ વખાણતાં થકા પંદર દિવસ સુધી દર્શન દીધાં. પછી સંતને પોતે ફરવાની આજ્ઞા કરતા થકા બોલ્યા જે, "હમણાં મહારુદ્રની વાર છે તે સારુ તમે ચડોતરમાં ફરવા જાઓ." એમ કહીને પોતે પણ ગામ **ઉમરેઠ** પધાર્યા. અને ઠાકર નંદુભાઈએ પોતાના ઘેર પધરાવીને શ્રીજીમહારાજની પૂજા કરી અને રૂપિયા બારસો મૂક્યા. અને પછી ત્યાંથી પાછા શ્રીજીમહારાજ ગામ **જેતલપુર** પધાર્યા. અને પછી ગામ **ચલોડે** બાઈ જીતબા માંદા હતાં તેને જોવાને સારુ પોતે પધાર્યા. અને તેટલાકમાં અમદાવાદથી ભાઉની અસ્વારી આવી અને પૂછ્યું જે, "સ્વામિનારાયણ ક્યાં છે ?" ત્યારે તેને જેતલપુરના મનુષ્યે કહ્યું જે, "સ્વામિનારાયણ તો ફરવા ગયા છે." ત્યારે તે અસ્વારી તો સર્વે ઠેકાણે જોઈને ફરીને પાછી અમદાવાદ જતી રહી.

ત્યારપછી શ્રીજીમહારાજ પાછા **જેતલપુર** આવ્યા. અને પછી મુક્તાનંદસ્વામીએ શ્રીજીમહારાજને કહ્યું જે, "અમદાવાદથી ભાઉની સ્વારી આવી હતી, તે તમને ન દેખ્યા એટલે પાછી વળી ગઈ." તે વાત સાંભળીને શ્રીજીમહારાજ **ખેડે** પધાર્યા અને સાહેબને મળ્યા. અને કહ્યું જે, "જો તમે અમારી સહાય કરો તો મહારુદ્ર કરીએ." ત્યારે સાહેબે કહ્યું જે, "જેતલપુરમાં અમારું રાજ નથી. અને તમે કહો તો અમે ગાડાં મોકલીએ અને તમારો સર્વે સામાન અમારા રાજમાં મગાવીએ." એમ એરણ સાહેબ તથા ડગલી સાહેબ તથા રોબર્ટ સાહેબે કહ્યું. તે વાત સાંભળીને પોતે મનમાં વિચારી રહ્યા અને કાંઈ ન બોલ્યા. અને તે દિવસ તો ત્યાં રહ્યા ને બીજે દિવસે **ડભાણ**માં પધાર્યા અને રાયજી કુબેરજીની મેડી ઉપર ઢોલિયો ઢળાવીને તે ઉપર બિરાજમાન થયા.

પછી મહાનુભાવાનંદસ્વામી સામું જોઈને કહ્યું જે, "તમે જેતલપુર જાઓ અને ત્યાં આનંદાનંદસ્વામીને કહો જે, "આપણે મહારુદ્ર તો નથી કરવો. અને સર્વે સામાન છે તે જે કોઈ અતિથિ તથા અભ્યાગત તથા બ્રાહ્મણ એ આદિક જે કોઈ આવે તેને ચાર શેર અન્ન અને નવ હાથ વસ્ત્ર આપજો, એમ અમારી આજ્ઞા છે." એમ કહીને મહાનુભાવાનંદસ્વામીને મોકલ્યા. અને પછી શ્રીજીમહારાજ ડભાણમાં પણ જે કોઈ અતિથિ અભ્યાગત આવે તો તેને ચાર શેર અન્ન ને નવ હાથ વસ્ત્ર આપતા થકા લીલા કરતા હતા.

અને ડભાણમાં સુરતનો સંઘ શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવ્યો. અને દશ અવતારનું છત્ર તથા ઘોડાનો સાજ એ આદિક સામાન લાવીને શ્રીજીમહારાજને અર્પણ કર્યો. અને તે છત્ર મસ્તક ઉપર ધર્યું અને સર્વે સંઘને દર્શન દીધાં. અને ભુજના જેઠી ગંગારામ આદિક મલ્લ રમાડ્યા. ત્યાંથી ગામ **બુધેજ** પધાર્યા ને ત્યાં એક રાત્રી રહીને ઝાલાવાડ દેશમાં થઈને **માળિયે** થઈને રણ ઊતરીને ગામ **આધોઈ** પધાર્યા અને લાધાજીના દરબારમાં ઊતર્યા. અને જાડેજા અદાભાઈ

તથા રાયધણજીએ શ્રીજીમહારાજને રસોઈ કરાવીને પાર્ષદે સહિત રૂડી રીતે જમાડ્યા અને પાંચ દિવસ રાખ્યા. અને ત્યાંથી જમીને મહારાજ **કંથકોટ** પધાર્યા અને કચરાભક્તને ઘેર ઊતર્યા. અને કચરાભક્તે રસોઈ કરાવીને શ્રીજીમહારાજને પાર્ષદે સહિત જમાડ્યા.

❋ શ્રીહરિનું ન માનવાથી કંથકોટના રાજાનું પતન

અને એક દિવસે શ્રીજીમહારાજને દર્શને કંથકોટના દરબાર આવ્યા. તેને શ્રીજીમહારાજે કહ્યું જે, "અમે એમ સાંભળ્યું છે જે, તમારા ગામમાં ગૌભંગ થાય છે. અને તમે તો હિંદુ રાજા છો, માટે તમારે ગાય-બ્રાહ્મણની રક્ષા કરવી જોઈએ. અને પાપ ન થાય તો ઘણું સારું." ત્યારે દરબારે કહ્યું જે, "ચોરી કરે છે અને પાપ કરે છે, પણ મારું ગામ રાખે છે. મારી પાસે કાંઈ કોરી નથી કે એને હું પગાર આપું અને તે નોકરી કરે. અને તમે જો આઠ હજાર કોરી આપો તો હું એને પગાર આપું, તો એ પાપ ન કરે."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "અમે તો સાધુ છીએ, તે અમારી પાસે તો કોરીયું ક્યાંથી હોય? પણ તમે કહ્યું જે, 'મિયાણા ચોરી કરે છે અને પાપ કરે છે, પણ મારું ગામ તો રાખે છે.' તે કાંઈ પાપ કર્યે કોઈનું ગામ રહ્યું છે ? અને પાપ કરે તો ગામ જાય ખરું. માટે પાપ કરશો તો ગામ જાશે અને જો પાપ નહિ કરો તો ગામ રહેશે." એવી રીતે શ્રીજીમહારાજે કહ્યું, પણ મનાણું નહીં. પછી તે દરબાર ઊઠી ગયા.

પછી શ્રીજીમહારાજે સર્વે સત્સંગીને બોલાવીને કહ્યું જે, "ભુજનગરથી દરબારનું લશ્કર આવશે, તે આ ગામને મારીને લૂટી લેશે. માટે તમે સર્વે સત્સંગી છો તે આંહીંથી ઉચાળા લઈને બીજા ગામમાં જ્યાં જેને ફાવે ત્યાં જઈને રહેજ્યો. જે આંહીં રહેશે તે જરૂર લૂટાઈ જાશે અને તેને અન્ન, વસ્ત્ર નહિ મળે. માટે આંઈ કોઈ રહેશો નહીં." એમ કહીને શ્રીજીમહારાજ ત્યાંથી **ચોબારી** પધાર્યા. અને

તે ગામમાં પરજિયા બ્રાહ્મણની ધર્મશાળામાં ઊતર્યા. અને લુવાણા રામજી તથા ત્રિકમ તથા વશરામ તેણે રસોઈ કરાવીને શ્રીહરિને પાર્ષદે સહિત જમાડ્યા.

અને ત્યાંથી મહારાજ **ભચાઉ** પધાર્યા અને ત્યાં વાણિયા વાઘાને ઘેર ઊતર્યા. ત્યાં થાળ જમીને ગામ **ધમડકે** પધાર્યા અને જાડેજા કલ્યાણસંગજીના દરબારમાં ઊતર્યા. અને કરણીબાએ થાળ કરીને શ્રીજીમહારાજને પાર્ષદે સહિત રૂડી રીતે જમાડ્યા. અને દિવસ પાંચ રહીને ગામ **દુધઈ**માં સુતાર વિશરામને ઘેર થાળ જમ્યા. અને ગામ **ચાંદ્રાણી**માં અબોટી બ્રાહ્મણ જેઠો તથા હરિને ઘેર ઊતર્યા.

અને ત્યાં થાળ જમીને ગામ **ખોખરે** પધાર્યા અને સુતાર વાલજીને ઘેર ઊતર્યા. ત્યાં થાળ જમીને ગામ **ભુજનગર** પધાર્યા. ત્યાં જેઠી ગંગારામને ઘેર મેડી ઉપર ઊતર્યા. અને જેઠી ગંગારામે શ્રીજીમહારાજને પાર્ષદે સહિત રૂડી રીતે રસોઈ કરાવીને જમાડ્યા. અને ફુલમંડળીઓ ભરાવીને શ્રીજીમહારાજને ફૂલના શણગાર ધરાવ્યા અને જમાડ્યા. એવી રીતે આનંદઉત્સવ કરતા. એવી રીતે લીલા કરતા થકા બે માસ રહીને હરિજનોને લાડ લડાવ્યા હતા.

❋ માનકૂવામાં ભગુજી આવ્યા ને પાર્ષદ થઈને રહ્યા

અને ત્યાં ગુજરાતથી મહાનુભાવાનંદસ્વામી તથા નિષ્કુળાનંદસ્વામી તે બે દર્શને આવ્યા. તેમને જોઈને શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમે વર્તમાન ફેરવ્યાનો કાગળ લખી મોકલ્યો છે, તે તમે જાણ્યું છે કે નહીં?" ત્યારે બે સંતે કહ્યું જે, "અમને તો એ વાતની માલમ નથી." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "આજ દિનથી ઘૂંઘટાનાં વર્તમાન તમારે છે. માટે ગુફા તુલ્ય આ મેડો છે, તે આંહીં તમે બેઠા સુખે ભજન કરો. અને બીજા સાધુ છે તે તમને ભિક્ષા લાવીને આપશે." એમ કહીને શ્રીજીમહારાજ **માનકૂવે** પધાર્યા.

અને તે સમે ભુજમાં ભગુજી આવ્યા અને મહાનુભાવાનંદસ્વામી તથા નિષ્કુળાનાંદસ્વામી ત્યાં હતા તેમને પૂછ્યું જે, “મારે મહારાજ પાસે પાળા થઈને રહેવુ છે, તે મહારાજ ક્યાં છે ?” પછી સાધુએ કહ્યું જે, “શ્રીજીમહારાજ તો માનકૂવે બિરાજે છે, માટે ત્યાં તમે જાઓ.” પછી ભગુજી મહારાજ પાસે ગયા. ત્યાં શ્રીજીમહારાજને સમીપે રહ્યા અને શ્રીજીમહારાજના પાર્ષદ થયા.

❋ ગંગારામાદિ ભક્તોએ શ્રીહરિને શિરસાટે રાખ્યા

પછી શ્રીજીમહારાજ પાછા ભુજમાં પધાર્યા, અને ગંગારામભાઈની મેડીએ ઊતર્યા. અને ત્યાં શ્રીજીમહારાજને શરીરે કેસરચંદનનો અંગરાગ(લેપ) કર્યો હતો તથા અગણિત પુષ્પના હાર, તોરા, બાજુબંધ, ગજરા શ્રીજીમહારાજના અંગમાં પ્રેમીભક્તે ધારણ કરાવ્યા હતા. અને ફૂલમંડલી કરીને હિંડોળામાં શ્રીજીમહારાજને પધરાવીને ઝુલાવવા લાગ્યા. તે સમે ગંગારામ આદિ ભક્તજન વાજિંત્ર વજાડીને કીર્તન ગાવા લાગ્યા. એવી રીતે શોભાએ યુક્ત થકા હિંડોળામાં ઝૂલતા હતા અને આગળ ધામધૂમ થતી હતી.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, “આપણા સત્સંગમાં તરવારોના કરનાર જે કસબી લોક છે તેને કહો જે, તરવારો લઈ આવીને ખૂંટીએ વળગાડી મૂકો અને આપણે ઉત્સવ કરીએ.” પછી તે જ દહાડે મહેતા જગજીવન શિવને દર્શને ગયો. અને ત્યાં શિવને ફૂલ ચડાવ્યાં નહોતાં. પછી મહેતે શિવના સેવકને પૂછ્યું જે, “આજ શિવને ફૂલ કેમ ચડાવ્યાં નથી ?” ત્યારે શિવના સેવકે કહ્યું જે, “આજ સ્વામિનારાયણના સત્સંગી સર્વે મળીને મનમાન્યા પૈસા આપીને ફૂલ લઈ ગયા છે.”

તે સાંભળીને મહેતા જગજીવનને રીસ ચડી. અને ઘેર જઈને જેઠી ગંગારામને ઘેર પોતાનો ચાકર જોવા સારુ મોકલ્યો. અને તે ચાકર અતિ શોભાએ યુક્ત શ્રીજીમહારાજને ફૂલમંડળીમાં ઝૂલતા જોઈને તે

પુરબિયો ઘણું વાકું બોલ્યો. તેને સાંભળીને જેઠી ગંગારામે કહ્યું જે, "ઝાઝી બકબક કેમ કરે છે ? જા, તારા મહેતાથી થાય તેમ કરજે." પછી તે પુરબીએ આવીને જગજીવન મહેતાને કહ્યું જે, "સ્વામિનારાયણ તો પ્રભુ થઈને હિંડોળે ઝૂલે છે." તે વચનને સાંભળીને જગજીવનને રીસ ચડી. અને પોતાનું મનુષ્ય મોકલીને કહેવરાવ્યું જે, "તમારે આ ગામમાં રહેવું નહીં."

પછી તે વચનને સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ ગામમાં પાપકર્મ કરનારા પણ રહે છે અને બીજા સર્વે લોક પણ રહે છે અને અમે શું ભૂંડું કર્યું છે તે જઈએ ? માટે જા, તારા મહેતાને કહેજે જે, સ્વામિનારાયણ તો નહિ જાય. તારાથી થાય તે ઉપાય કરજે." ત્યારે તે ચાકરે જગજીવન મહેતાને તેમ જ કહ્યું.

પછી તે એવી રીતનાં શ્રીજીમહારાજનાં વચન સાંભળીને ક્રોધે કરીને વ્યાપ્ત થકો ગંગારામને ઘેર પોતે આરબની હલ્લાં લઈને આવ્યો. અને તે હલ્લાં જોઈને ગંગારામ જેઠી તથા માનકૂવાના ગરાસિયા અદોભાઈ આદિક ક્ષત્રી હતા, તે ઢાલ-તરવાર આદિ હથિયાર લઈને ઊભા થયા. અને ગંગારામ મલ્લ સિંહનાદ કરીને બોલ્યા જે, "કોણ છે ? મસાલ લાવો. એમનાં મોઢાં તો જોઉં. **અને જો ખડકીની માંહિલી કોરે પગ દે તો તેના કટકે કટકા કરી નાંખું અને કેની માયે શેર સૂંઠ ખાધી છે તે માંહી પગ દે ?"**

એવી રીતનાં ગંગારામનાં વચન સાંભળીને જેમ શિયાળિયા સિંહની ગર્જનાથી ભાગે તેવી રીતે ભાગવા લાગ્યા. અને "મારશો નહિ, મારશો નહીં." એમ કહેતા ગયા. તેમાંથી એક જણે કહ્યું જે, "સ્વામિનારાયણને મહેતા જગજીવન બોલાવે છે." ત્યારે જેઠી ગંગારામે કહ્યું જે, **"આ ટાણે રાતના સ્વામિનારાયણ નહિ આવે. જા, તારા મહેતાને કહેજે."**

પછી જેઠી ગંગારામે જેઠી વાલજીને ફતેહમહમદ જમાદારની પાસે મોકલ્યા. પછી જમાદર ફતેહમહમદને કહ્યું જે, **"અમારા ધણી તમે છો કે જગજીવન મહેતા છે ? જો અમારા ધણી તમે હો તો આ જગજીવન મહેતો અમારા ગુરુ સ્વામિનારાયણને શા માટે રંજાડે છે ?"** પછી ફતેહમહમદ જમાદારે જગજીવન મહેતાને ઘણો ઠબકો દીધો જે, "એ ફકીર લોકને શા સારુ છેડે છે ? અને સ્વામિનારાયણ તો મોટા ફકીર છે. તે માટે તેમને કચવાવાથી તારું સારું નહિ થાય." તે વચનને સાંભળીને જગજીવન મહેતા કાંઈ પણ ન બોલ્યો.

❋ ગંગારામનો ભાવ સ્વીકારી માનકૂવા પધાર્યા

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "અમારે માનકૂવે જાવું છે." ત્યારે જેઠી ગંગારામે હાથ જોડીને કહ્યું જે, "આજ રાત રહો અને દર્શન ઘો. સવારમાં વહેલી રસોઈ કરાવીશું, તે જમીને પધારજો." પછી શ્રીજીમહારાજ કહે બહુ સારું સવારમાં જમીને ચાલશું. પછી શ્રીજીમહારાજ રાત રહ્યા અને સવારમાં ઊઠીને નાવા પધાર્યા. પછી નાહીને પધાર્યા, તે મેડી ઉપર બિરાજ્યા. ત્યારે ગંગારામને પૂછ્યું જે, "રસોઈ થઈ ?" ત્યારે જેઠી ગંગારામે કહ્યું જે, "પધારો મહારાજ !"

પછી શ્રીજીમહારાજ પધાર્યા, તે આથમણે બાર ઓસરીએ ધાબળી પાથરી હતી તે ઉપર બિરાજમાન થયા. પછી ગંગારામભાઈ થાળ લાવ્યા અને સારી પેઠે જમાડ્યા. તે પછી મહારાજ આચમન કરીને ઊઠ્યા. ત્યારે જેઠી ગંગારામે કહ્યું જે, "હે મહારાજ ! હવે સાધુ-પાળા અને બહાર ગામના હરિજન હોય તેમને આ ચોકમાં પંક્તિ કરીને તમે પીરશો." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "સર્વે પંક્તિ કરો." પછી પંક્તિ કરાવીને શ્રીજીમહારાજે તે સર્વે સંત અને હરિજનને સારી પેઠે જમાડ્યા.

પછી ગંગારામે ચંદન, પુષ્પ, હાર, વસ્ત્રે કરીને શ્રીજીમહારાજની પૂજા કરી. પછી શ્રીજીમહારાજ ગાજતે-વાજતે પધાર્યા. તે મહેતા

જગજીવનના ઘર પાસેથી ચાલ્યા અને 'જય સચ્ચિદાનંદ' કહ્યા. તે સાંભળીને મહેતા જગજીવન ઘણો વિસ્મય પામ્યો. અને ત્યાંથી ફતેહમદમદના ઘર પાસેથી પધાર્યા. તેમને જોઈને ફતેહમહમદ ઘણો ખુશી થયો. અને ત્યાંથી આપણા જૂના બાગમાં પધાર્યા. અને જ્યાં છત્રી કરી છે ત્યાં પધાર્યા.

પછી ત્યાંથી **માનકૂવે** પધાર્યા અને ત્યાં ત્રણ-ચાર દિવસ રહીને ગામ **સામત્રા**માં પટેલ રૂડાની વાડીમાં ઓટો છે ત્યાં આવીને બેઠા. અને ત્યાં પટેલના ઘેરથી રોટલા આવ્યા. ત્યારે પટેલે શ્રીજીમહારાજને પૂછ્યું જે, "મહારાજ રોટલા જમશો ?" ત્યારે મહારાજે કહ્યું જે, "તમારી ઈચ્છા." ત્યારે પટેલે શ્રીજીમહારાજને બાજરાનો રોટલો ઘી ચોપડીને તથા તે ઉપર લીબુંનું અથાણું અતિ હેતે-પ્રીતે કરીને આપ્યું. તેને શ્રીજીમહરાજ જમ્યા અને પાણી પીને ત્યાં સાંજ સુધી બેઠા. પછી તે ભક્ત રૂડાની વાડીથી દક્ષણાદું ખળું હતું, તેમાં ઘઉંના ભોર (ગાડું ભરાય તેટલા પૂળા) પડ્યા હતા. તેમાં રાત્રીએ પોઢી ગયા.

✵ સામત્રામાં મુસ્લિમને સત્સંગી કરી તેરામાં ભાગવત વંચાવ્યું :

પછી પ્રાતઃકાળે ત્યાંથી ચાલ્યા, તે પટેલ કલ્યાણ તથા સુરો તેની સાત કોશી વાડીમાં પધાર્યા અને ત્યાં રાત રહ્યા. અને તે વાડીમાં એક મુસલમાન સાંયો રહેતો હતો. તે અતિ પાપી હતો. તે મહારાજની વાત સાંભળીને સત્સંગી થયો. અને તેને શ્રીજીમહારાજે દિવ્યદૃષ્ટિ આપી. તે સાત દિવસ સુધી જ્યાં જુવે ત્યાં શ્રીજીમહારાજની મૂર્તિ દેખાતી હતી. તેથી તે આશ્ચર્યને પામ્યો ને તે જ્યાં સુધી જીવ્યો ત્યાં સુધી સત્સંગ રાખ્યો હતો. અને તે પછી પટેલ કલ્યાણે શ્રીજીમહારાજને રોટલો ચોપડીને ઉપર કેળા મેલીને સારી પેઠે જમાડ્યા.

પછી શ્રીજીમહારાજ ગામ **તેરે** પધાર્યા. ત્યાં પ્રાગજી દવેને તેડાવીને શ્રીમદ્ભાગવતની કથાનો પ્રારંભ કરાવ્યો. તે વાત સાંભળીને

ગામ ભચાઉમાં પ્રથમ પોતે મોકલ્યા એવા જે મહાનુભાવાનંદસ્વામી આદિક સંતમંડળ શ્રીજીમહારાજનાં દર્શન કરવા ત્યાં આવ્યા. તે સમે શ્રીજીમહારાજે તેમને કહ્યું જે, “જ્યાં સુધી તમે અમારાં દર્શન કરો ત્યાં સુધી તમારે ઘૂંઘટાનું નિયમ નહીં. અને જ્યારે અમારાં દર્શન ન થતાં હોય ત્યારે ઘૂંઘટાનું નિયમ યથાર્થ પાળવું.” એમ કહીને પોતે મોટેરા પરમહંસને ભીક્ષા માગવાની આજ્ઞા આપી. ત્યારે સંત ભીક્ષા માગવા ગયા. તે ભીક્ષાનું જે અન્ન મળ્યું તે લઈ આવ્યા.

✵ સંતોને ઘુંઘટા તથા ગોળાના નિયમ પળાવ્યા :

અને પછી તે સર્વે અન્નના ગોળા કરીને સર્વે જમવાનો આરંભ કરતા હતા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “અમને ગોળો આપો.” ત્યારે સંતે ગોળો ન આપ્યો. ત્યારે પોતે ઊઠીને તેમાંથી એક ગોળો ઉપાડી લીધો અને પોતે જમવા લાગ્યા. તે જમતા જાય અને વખાણતા જાય. તે સમે પોતે એમ બોલ્યા જે, “આ તો ચૂરણ જેવા ઔષધરૂપ છે. તે જે આ ગોળાને જમે તેના સર્વે વિકારમાત્રને ટાળી નાંખે એવા છે.” એમ કહીને પછી વળી શ્રીજીમહારાજ બોલ્યા જે, “આ તમને હું ભીક્ષા મંગાવું છું, તે કાંઈ દુર્બળતાથી નથી મંગાવતો. હું તો એવો સમર્થ છું કે પર્વતના શિખર ઉપર તમે બેઠા હો તો ત્યાં તમને લાડુનો વરસાદ વરસાવું એવો છું.” એમ કહીને પછી મહાનુભાવાનંદસ્વામી આદિ સંતમંડળને નળિયા, કોઠારા આદિ ગામ પ્રત્યે ફરવા મોકલ્યા. અને ત્યાં અસુરાંશ વિતરાગીઓએ આવીને સાધુને માર્યા. ત્યારે તે સંત તો પાછા શ્રીજીમહારાજ પાસે આવ્યા. અને તે સાધુને વાગેલ જોઈને શ્રીજીમહારાજે કહ્યું જે, “અસુરનો થોડાક કાળે કરીને પરાભવ થઈ જાશે.”

અને ત્યારપછી મહાનુભાવાનંદસ્વામીને કહ્યું જે, “વ્યાકરણ ભણો.” ત્યારે સ્વામીએ કહ્યું જે, “સારું મહારાજ, ભણશું.” પછી

શ્રીજીમહારાજ બોલ્યા જે, "સારી રીતે દાખડો કરીને ભણો. અને હું તમારે સાટે માળા-ભજન કરીશ, પણ તમે ભણો." અને વળી શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમે ગુજરાતમાં જાઓ અને ત્યાંથી મુક્તાનંદસ્વામી આદિ સાધુને અમારી પાસે મોકલજો." પછી તે મહાનુભાવાનંદસ્વામી આદિક સંત ચાલ્યા, તે ગુજરાત ગયા અને ત્યાં મુક્તાનંદસ્વામીને સમાચાર કહ્યા જે, તમને મહારાજે તેડાવ્યા છે. પછી ત્યાંથી મુક્તાનંદસ્વામી આદિ સંત ચાલ્યા, તે ગામ તેરે આવીને શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં. એવી રીતે તેરા ગામમાં બે માસ રહીને લીલા કરીને ત્યાંથી સર્વે સંતમંડળ સહિત ગામ **કાળાતળાવ** પધાર્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજે જેતલપુર યજ્ઞ કરવા સાહેબને પૂછ્યું તથા ભુજ ગંગારામને ઘેર ફૂલમંડળીમાં ઝૂલ્યા ને ત્યાંથી માનકૂવે પધાર્યા અને ત્યાંથી કાળાતળાવ પધાર્યા' એ નામે બાસઠમો અધ્યાય ॥૬૨॥

અધ્યાય - ૬૩

કાલાતળાવમાં સૌને કેરી જમાડી અને દેસલજીને પાંચ કેરી આપીને પાંચ પુત્ર આપ્યા

કાળાતળાવમાં પોતાના ભક્ત સુતાર હરભમજી તથા મનજીને ઘેર ઊતર્યા. અને ત્યાં મુક્તાનંદસ્વામી આદિક દોઢસો સાધુ આવ્યા. તેને મહારાજ તળાવ ઉપર રાત્રિએ તથા દિવસે તથા તેને ઘેર સંતની સભા કરીને મહા અલૌકિક વાર્તાઓ કરતા. પછી એક દિવસે મહારાજ સુતાર હરભમને એમ કહ્યું જે, "મઉ ગામથી કેરીયુંનું ગાડું ભરી લાવો તો આ સર્વ સાધુને જમાડીએ." પછી હરભમ ભક્ત ગાડું ભરીને કેરીયું લાવ્યા. તે મહારાજે સર્વે સંતને જમાડી. પછી મહારાજ કહે, "ગામમાં સાદ પાડો, સર્વ મનુષ્યને આપીએ." પછી ગામમાં સાદ

પાડ્યો એટલે ગામના સર્વે લોક આવ્યા. તેને પોતે મહારાજે ગાડા ઉપર ચડીને કેરીયું આપી.

પછી એક ગરાસિયો દેસલજી ગાડા ભેળો કેરીયું લેવા ગયો હતો. તેને મહારાજ કહે, "તને કેરીયું આપી ?" ત્યારે તે કહે, "નથી આપી." ત્યારે તેને પાંચ કેરીયું મહારાજે આપી. પછી એમ કહ્યું જે, "તને કેટલી કેરીયું આપી ?" ત્યારે તે કહે, "પાંચ આપી છે." ત્યારે મહારાજે તેને એમ કહ્યું જે, "તને અમે પાંચ ફળ આપ્યાં છે, તેથી તારે પાંચ પુત્ર થાશે." પછી તેને પાંચ પુત્ર થયા, તેનાં નામ એક લાખાજી તથા સગરામજી તથા લાખિયારજી તથા ગોપાલજી તથા તેજમાલજી. એવી રીતે તેને પાંચ પુત્ર આપ્યા. એમ એક માસને આશરે રહીને ત્યાં ઘણીક લીલા કરી.

❋ માનકૂવાના અદાભાઈને ભૂલ ઓળખાવી દુઃખથી બચાવ્યા

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **માનકૂવે** પધાર્યા અને ત્યાં અદાભાઈને ઘેર ઊતર્યા. અને અદાભાઈએ સુંદર રસોઈ કરાવીને શ્રીજીમહારાજને જમાડ્યા. પછી શ્રીજીમહારાજને કહ્યું જે, "અમારા દરબારમાં પધારો!" ત્યારે મહારાજ પધાર્યા. ત્યારે અદાભાઈએ પોતાનો દરબાર શ્રીજીમહારાજને ફેરવીને દેખાડ્યો.

અને પછી શ્રીજીમહારાજને કહ્યું જે, "અમારે રહેવાનાં ઘર બે છે અને બીજાં બે કરવાનાં છે. અને ભેંસ બે છે અને બીજી બે લેવી છે. તે શા સારુ તો વારાફરતી દૂઝે. અને ઘોડી એક છે અને બીજી લેવી છે. તે શા સારુ તો મારા પિતા અને હું બહાર ગામ જઈએ ત્યારે જો હું ઘોડીએ બેસું ત્યારે મારા પિતા ચાલે અને જો મારા પિતા ઘોડીએ બેસે તો હું ચાલું, તેમાં અમારી આબરુ નહીં. અને ગામ જઈ આવીએ ત્યારે બેયને ઘોડા બેસવા હોય તો સારું." ત્યારે શ્રીજીમહારાજે પૂછ્યું જે, "તમે ખડ રાખો છો ?"

ત્યારે અદાભાઈએ કહ્યું જે, "અમારે ખડનું કામ ન પડે. અને અમારું ગામ વાડાસર છે તે ત્યાં વાડી છે. તે પટેલિયા વાવે છે તે બારે માસ લીલી ચાર્ય ખૂટે જ નહીં. અને ત્યાં અમે ઘોડા બાંધી આવીએ તેથી તેનાં બળદ, ભેંસું, ગાયું ખડ ખાય તે ભેળા અમારા પણ ઘોડા ખાય. અને કામ પડે ત્યારે લઈ આવીએ અને પાછા બાંધી આવીએ."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "એવો દેશકાળ આવી પડે કે તેના બળદને પણ ખડ ન હોય, ત્યારે તમારાને શું ખવરાવે ? અને પછી તમને કહી મેલે જે, 'તમારાં ઘોડા, ગાયું, ભેંસું લઈ જાઓ. અને ખડ તો અમારા બળદને પણ ખાવા નથી તો તમારાં ગાયું, ભેંસું અને ઘોડાને શું નાખીએ ?' ત્યારે તમે લેવા જાઓ. અને તે ઘોડા ઉપર સામાન માંડીને ઉપર બેસીને ઘેર આવતા હો ને માર્ગમાં ઘોડો મરી જાય ત્યારે કાઠું માથે ઉપાડીને ઘેર આવો. ત્યારે લાજ જાય કે રહે ? માટે એવા દેશકાળ આવી પડે ત્યારે લાજ ક્યાં રહે ? તે માટે હમણાં તો ઘર પણ ન કરવાં અને ભેંસું પણ ન લેવી અને ઘોડું પણ ન લેવું. તે જો અમારું કહ્યું માનશો તો તમારું સારું થાશે અને નહિ માનો તો તમે જાણો."

પછી અદાભાઈએ પગે લાગીને હાથ જોડીને કહ્યું જે, "મહારાજ કહે તેમ ન કરીએ તો હેરાન થાઈએ. અને જેમ મહારાજ કહે તેમ જ કરવું છે. અને અમારે તો મહારાજના વચનમાં વિશ્વાસ છે અને જે મહારાજ કહે તેમ જ થાય છે." ત્યારે મહારાજે કહ્યું જે, "જેમ અમે કહ્યું તેમ કરશો તો તમારું સારું થાશે." ત્યારે અદાભાઈએ કહ્યું જે, "જેમ મહારાજે કહ્યું તેમ જ કરવું છે." પછી શ્રીજીમહારાજ પોતાને આસને પધાર્યા.

❋ શ્રીહરિના અપરાધથી પેશવાનું પતન તથા ભુજમાં રંગોત્સવ :

પછી ત્યાંથી મહારાજ **ભુજનગર** પધાર્યા અને ત્યાં રહીને પોતાના ભક્તને આનંદ પમાડવા લાગ્યા. તે સમે શ્રીજીમહારાજના અપરાધે

કરીને શ્રીનગરના રાજાનું રાજ્ય સરકારને ઘેર જતું રહ્યું. તે વાત સર્વે દેશના દૈવી મનુષ્ય હતા તે સાંભળીને બોલ્યા જે, **'નિરઅપરાધ મૂર્તિ અને નિર્દોષ મૂર્તિ એવા, અને ક્રોધે રહિત મનવાળા જે સહજાનંદસ્વામી તેને અપરાધે કરીને આ શ્રીનગરના રાજાનું રાજ્ય સરકારને ઘેર ગયું છે.'** એવી રીતે પૃથ્વી ઉપર દેશ દેશમાં દૈવીજનો બોલ્યા.

અને તે સમે **ભુજનગર**માં સર્વ સુખના આપનારા એવા જે શ્રીજીમહારાજ તેમણે પોતાના ઐશ્વર્ય-પ્રતાપે કરીને અગણિત નરનારીનો ઉદ્ધાર કર્યો. અને ત્યાં રહીને સુરજબાને ઘેર ફૂલડોલનો ઉત્સવ કરાવવા સારુ રંગ-પતંગનો તથા કેસુડાનો તથા કેસરનો તથા અબીર ગુલાલ, રક્ત ગુલાલ તૈયાર કરાવ્યો. અને સર્વે અંગમાં વસંતી વસ્ત્ર ધારણ કરીને હસ્તમાં સોનાની પિચકારી રંગની ભરીને પોતાના સખા સંઘાથે ઘણીક વાર રંગ રમ્યા. અને તે રંગની પિચકારીઓ ભરી ભરીને હરિજન ઉપર છાંટ્યો. અને તે ઉપર ગુલાલની ફાંટ્યો ભરી ભરીને ફેંકવા લાગ્યા. એવી રીતે રંગે રમીને સર્વે હરિજન સહિત હમીર સરોવરમા નાવા પધાર્યા. અને ત્યાં ઘણીક વાર જળલીલા કરીને પાછા પોતાને ઉતારે પધાર્યા. અને ત્યાં હરિજનને ઘેર થાળ જમીને પાછા પોતાને ઉતારે જઈને પોઢી ગયા.

✵ કૃતઘ્ની શ્વાનના દૃષ્ટાંતે અવગુણિયાની દુર્દશા કહી :

અને ત્યાં શ્રીહરિ સાંજને વખત સર્વ હરિજનની મહામોટી સભા કરીને બિરાજમાન થયા. અને તે સભામાં ધર્મ-જ્ઞાન સંબંધી વાર્તાઓ કરીને કહ્યું જે, **"આ જીવને સત્સંગ મળવો બહુ દુર્લભ છે.** તે સત્સંગ મળ્યા પછી જેમ જેમ જીવ સંત-સમાગમ કરતો જાય છે તેમ તેમ ભગવાનનો ઐશ્વર્યપ્રતાપ અધિક-અધિક જણાતો જાય છે અને મહિમા પણ અધિક-અધિક સમજાતો જાય છે અને સુખ પણ અધિક-અધિક જીવમાં આવતું જાય છે. તેણે કરીને તે જીવને અહો અહો સરખું નિરંતર

જીવમાં વર્ત્યા કરે છે. આવો સત્સંગ મળ્યો છે અને તેમાં આવીને જીવ જો સંત-હરિજનનો અવગુણ લે તો ઊતરતો-ઊતરતો અમાવાસ્યાના ચંદ્રની પેઠે ઊતરી જાય છે. તે ઉપર દૃષ્ટાંત છે જે,

એક વનમાં ઋષિ રહેતા. તે કંદમૂળ, ફળનો આહાર કરતા. તેના આશ્રમમાં તેની જ પેઠે ઘણાંક પશુ રહેતાં. તે પણ કંદમૂળ અને ફળનો આહાર કરતાં. અને તે ભેગો એક શ્વાન આવીને રહેતો હતો. તેનો સ્વભાવ પણ ઋષિના સમાગમથી ઋષિના સરખો જ હતો. તે જોઈને ઋષિ પોતાના શિષ્ય તુલ્ય જાણીને તેના ઉપર બહુ પ્રસન્ન થયા. અને તે શ્વાન મુનિની પેઠે જ કંદમૂળ, ફળ ખાતો હતો અને ઋષિના આશ્રમમાં રહેતો હતો. તે શ્વાનને કોઈક સમે વનનો દ્વિપી જે દીપડો તે મારવા સારુ આવ્યો. તેના ભયથી તે શ્વાન ઋષિને શરણે ગયો. ત્યારે તેને ઋષિએ પૂછ્યું જે, "કેમ તું ભય પામ્યો છે ?"

ત્યારે તે કહે જે, "મને મારવા સારુ વનનો દીપડો આવે છે." ત્યારે ઋષિએ આર્શીવાદ આપ્યો અને કહ્યું જે, "તે દીપડા કરતાં તું બળિયો દીપડો થઈ જા." ત્યારે ઋષિના આશીર્વાદથી મહા બળિયો દીપડો થઈ ગયો. તેને જોઈને તે વનનો દીપડો તેના ભયથી નાશી ગયો. ત્યારપછી તે શ્વાન દીપડાની પદવી પામીને વનમાં નિર્ભય થકો ઋષિના આશીર્વાદથી વિચરવા લાગ્યો. તેને કોઈ સમે મારવા સારુ વનનો વાઘ આવ્યો. ત્યારે તેના ભયથી ફેર ઋષિને શરણે ગયો અને પોતાનું દુઃખ પૂર્વની પેઠે ઋષિને કહ્યું. ત્યારે ઋષિએ પ્રસન્ન થઈને તેને કહ્યું જે, "તે વાઘ કરતાં તું બળિયો વાઘ થઈ જા."

ત્યારે તે ઋષિના આશીર્વાદથી તે બળિયો વાઘ થઈને તે વનમાં નિર્ભય થકો વિચરવા લાગ્યો. ત્યારે તેને મારવા સારુ મદઝર હાથી આવ્યો. ત્યારે તે શ્વાનને ઋષિએ પોતાના આશીર્વાદથી મદઝર હાથી કર્યો. તેને કોઈક સમે મારવા વનનો કેસરી સિંહ આવ્યો. ત્યારે તેના

ભયથી તે શ્વાન ઋષિને શરણે ગયો. ત્યારે તે ઋષિએ ફેર પૂર્વની પેઠે કહ્યું જે, "તે કેસરી સિંહ થકી તું બળિયો કેસરી સિંહ થઈ જા." ત્યારે તે ઋષિના આર્શીવાદથી કેસરી સિંહની પદવી પામીને વનમાં નિર્ભય થકો વિચરવા લાગ્યો. ત્યારે તેને કોઈક સમયે મારવા સારુ વનનો શરભ નામે પશુ જે સર્વ પશુમાત્રનો નિયંતા છે તે આવ્યો. ત્યારે તેના ભયથી તે શ્વાન ઋષિને શરણે ગયો.

ત્યારે ઋષિએ પૂછ્યુ જે, "કેમ ભય પામ્યો છે ?" ત્યારે તે શ્વાને કહ્યું જે, "વનનો શરભ મને મારવા આવે છે." ત્યારે તો ઋષિએ કહ્યું જે, "તે કરતાં બળિયો શરભ તું થઈ જા." તે મહા બળિયો શરભ ઋષિના આર્શીવાદથી થઈ ગયો અને વનમાં નિર્ભય થકો વિરચવા લાગ્યો. અને વનનાં પશુ મારી મારીને ભક્ષ કરવા લાગ્યો. એમ કરતાં કોઈક દિવસ તેનું મન બગડ્યું.

તેથી એમ વિચાર થયો જે, **'સર્વે વનના પશુનું માંસ ખાધું, પણ આ ઋષિનું માંસ કેવું હશે ? તે આજ ખાધું હોય તો ઠીક.'** એમ વિચાર કરીને વનમાંથી સાંજે ઋષિના આશ્રમમાં ગયો. ત્યારે ઋષિએ અંતરદૃષ્ટિથી જાણ્યુ જે, આની આજ બુદ્ધિ બગડી છે. તે મને મારીને માંસ ખાધાનો એને વિચાર મનમાં થયો છે. એમ જાણીને તે ઋષિ બોલ્યા જે, "ગુણ ઉપર પાછો અવગુણ લે છે અને સામો મને મારીને માંસ ખાધાનો વિચાર કરે છે ! માટે પાછો શ્વાનપણાને પામી જા." એમ ઋષિએ કહ્યું કે તુરત તે શરભ થકી પડીને પાછો કૂતરો થઈ ગયો.

તેવી જ રીતે આ સત્સંગમાં કોઈક જીવ આવીને સંત તથા હરિજનનો દૈહિક સ્વભાવ જોઈને જો અવગુણ લે કે દ્રોહ કરે તો તેના હૃદયમાંથી ક્યારેય આસુરી મતિ ટળે નહીં. અને **હરિજનનો જેને અવગુણ આવ્યો તેથી શાસ્ત્રમાં બીજું કોઈ મોટું પાપ નથી.** અને આ દેહના હાથ પગ આદિ અંગ કપાય તો તે જીવે, પણ માથું કપાય તો જીવે નહીં; તેમ ભગવાનના ભક્તનો અવગુણ લેવો તે માથું કપાણું

જાણવું. અને અનંત બ્રહ્મહત્યા કરી હોય અને અનંત બાળહત્યા કરી હોય અને અનંત સ્ત્રીહત્યા કરી હોય અને અનંત ગૌહત્યા કરી હોય અને અનંત ગુરુસ્ત્રીનો સંગ કર્યો હોય, તે પાપનો પણ કોઈ કાળે છૂટકો થાય અને શાસ્ત્રમાં તે પાપ છૂટ્યાના ઉપાય પણ કહ્યા છે; પણ **ભગવાન અને ભગવાનના સંત-હરિજનનો અવગુણ લેવાવાળાને કોઈ શાસ્ત્રમાં એ અવગુણનાં પાપ છૂટ્યાનો ઉપાય કહ્યો નથી.**

અને ઝેર ખાય અથવા સમુદ્રમાં પડે અથવા પર્વતથી પડે અથવા કોઈ રાક્ષસ મળે અને ખાઈ જાય તો એક જ વાર મરવું પડે, પણ જો ભગવાન અને ભગવાનના સંત-હરિજનનો અવગુણ લે કે દ્રોહ કર્યો હોય તો તેને અનંતકોટી કલ્પ સુધી મરવું પડે છે અને અવતરવું પડે છે. અને વળી ગમે તેવો શરીરમાં રોગ થયો હોય તેણે કરીને શરીર પડે અથવા કોઈ શત્રુ મળે ને દેહનો નાશ કરી નાખે પણ જીવનો તો નાશ થતો નથી, **પણ ભગવાન અને ભગવાનના સંત-હરિજનનો અવગુણ લેવાથી તથા દ્રોહ કરવાથી તો જીવનો પણ નાશ થઈ જાય છે.**

તે કોઈ પૂછે કે જીવનો નાશ કેમ થઈ ગયો જાણવો ? તો જેમ હીજડો હોય તે પુરુષ પણ ન કહેવાય અને સ્ત્રી પણ ન કહેવાય, તે તો કેવળ વ્યંઢળ કહેવાય. તેમ જ જે **ભગવાન અને ભગવાનના સંતહરિજનનો અવગુણ લેનારો તથા દ્રોહ કરનારો હોય તેનો જીવ પણ એવો નકારો થઈ જાય છે જે, કોઈ દિવસ પોતાના કલ્યાણના ઉપાયને કરી શકે જ નહીં.** તે માટે એ જીવનો નાશ થઈ ગયો એમ જાણવું. તે કારણપણા માટે એમ જાણીને ભગવાન અને ભગવાનના સંતહરિજનનો દૈહિક સ્વભાવ જોઈને અવગુણ લેવો નહિ અને ભગવાનના સંતહરિજનનો દ્રોહ પણ કરવો નહીં. અને જો ગુણ ઉપર અવગુણ લે કે દ્રોહ કરે તો અસદ્‌ગતિને પામી જાય. તે કેની પેઠે ? તો ઋષિના અપરાધે કરીને શ્વાન શરભની પદવી થકી પડીને શ્વાનના દેહને પામ્યો તેમ." એવી રીતે ઘણીક વાર્તા કરીને શ્રીજીમહારાજ પંદર દિવસ રહીને **માનકૂવે** પધાર્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'ગામ કાળાતળાવમાં દેશલજીને પૂછ્યું જે તને કેરી કેટલી આપી અને માનકૂવામાં અદાભાઈને ઘોડો લેવાની ના કહી અને ત્યાંથી ભુજ પધાર્યા અને સુરજબાને ઘેર ફૂલડોળ કર્યો અને ત્યાંથી માનકૂવે પધાર્યા' એ નામે ત્રેસઠમો અધ્યાય ॥૬૩॥

અધ્યાય - ૬૪

સંતોને જ્ઞાનદૃષ્ટિ દેનારી વિદ્યા ભણવાની આજ્ઞા

માનકૂવામાં મહારાજે પોતાના ભક્તજન જે કૃષ્ણ તથા મૂળજી તથા અદાભાઈ તથા વશરામ તથા શિયાણી વિસરામ આદિક હરિજનને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા માહાત્મ્ય સહિત પોતાની ભક્તિ તે સંબંધી વાર્તાઓ કરીને પોતાના સ્વરૂપનો મહિમા કહેતા થકા ઘણુંક સુખ આપ્યું. અને ત્યાં પંદર દિવસ સુધી રહીને **તેરે** પધાર્યા. ત્યાં દવે પ્રાગજી પાસે શ્રીમદ્‌ભાગવતની કથા વંચાવતા થકા રહ્યા. અને પત્ર લખાવીને સંતને દેશાંતર થકી પોતાને સમીપે તેડાવ્યા. અને એક દિવસ તેરેથી ચાલ્યા તે **કાળાતળાવ** ગયા.

ત્યાં પોતાના ભક્ત હરભમ આદિક મહારાજની અતિશે હેતે સહિત અન્ન, વસ્ત્રે કરીને સેવા કરવા લાગ્યા. અને ત્યાં પોતે તેરેથી કાગળ લખીને દેશાંતરથી સંતને તેડાવ્યા હતા તે સંત પોતાને સમીપે આવ્યા. તેને સન્મુખ ઊઠીને પોતે ગયા. અને તે સંતને અતિશે હેતે સહિત બથમાં લઈને મળ્યા. અને તે સંતને પોતાની પાસે બેસાડીને કહ્યું જે, "તમારે સર્વેને સંસ્કૃત વિદ્યા ભણવાનો અભ્યાસ ઘણો રાખવો. અને તેમાં અમારો ઘણો રાજીપો છે. કેમ જે, વિદ્યા છે તે જીવને જ્ઞાન, વૈરાગ્ય તથા ભક્તિ તેની ઉત્પન્ન કરનારી છે. અને તે વિદ્યા વિના ને જ્ઞાન વિના તો જીવ આંધળો કહેવાય છે. માટે **જ્ઞાનદૃષ્ટિની આપનારી**

વિદ્યા તમારે સર્વેને ભણવી." એવી રીતે સંતને ઘણીક વાર્તા કહી.

પછી ત્યાં થકી ચાલ્યા તે **માનકૂવે** થઈને **ભુજનગર** પધાર્યા અને ગંગારામ મલ્લને ઘેર ઊતર્યા. અને ત્યાં દેવરામ આદિ હરિજન શ્રીજીમહારાજને દર્શને આવ્યા. અને હરિજનની મહામોટી સભા થઈ. તે સમે ભુજના હરિજન સર્વે મળીને તાલ, મૃદંગ, સરોદા આદિ વાજિંત્ર વજાડીને કીર્તન ગાવા લાગ્યા. એવી રીતે ઘણીક વાર ગાયાં અને ત્યારપછી શ્રીજીમહારાજ જમીને પોઢી ગયા.

❋ ભુજમાં રામનવમીનો ઉત્સવ કર્યો

અને કોઈક સમે તે ભુજનગરમાં મહારાજ પોતાની જન્મતિથિ રામનવમીનો દિવસ આજ છે, એમ જાણીને હરિજન આગળ સુંદર પારણું બંધાવીને તેમાં બાલમુકુંદની મૂર્તિ પધરાવી અને આગળ તાલ, મૃદંગ, સરોદા વગડાવીને ઉત્સવ કરાવવા લાગ્યા. તે સમે પારણામાં પધરાવેલી જે બાલમુકુંદની મૂર્તિ તેમાં **પોતાના ભક્તજનને પોતે પોતાનું આશ્ચર્યકારી દર્શન દીધું. તે જોઈને સર્વે હરિજન ઘણા વિસ્મય પામ્યા અને સર્વોત્તમ શ્રીજીમહારાજનો પ્રગટ પુરુષોત્તમપણાનો નિશ્ચય કર્યો.**

પછી દશ ઘડી રાત્રિ ગઈ છે એમ જાણીને તે હરિજનો જન્મ સમયે બાલમુકુંદને પારણામાં ઝુલાવવા લાગ્યા. ત્યારે તે મૂર્તિમાં પણ સર્વે હરિજનને મહારાજનાં દર્શન થયાં. તે જોઈને અતિ ઘણું આશ્ચર્ય પામ્યા. અને **સર્વ અવતારના કારણ કહેવાય છે તે જ આ શ્રીજીમહારાજ છે,** એમ જાણીને શ્રીજીમહારાજની મૂર્તિની તથા બાલમુકુંદની મૂર્તિની ધૂપ, દીપ અને નૈવેદ્ય ધરીને વાજિંત્રે સહિત આરતી ઉતારી.

અને ત્યારપછી તે હરિજન સૌ સૌને ઘેર ગયા. અને જે દેશાંતરના હરિજન શ્રીજીમહારાજને દર્શને આવ્યા હતા, તે પણ શ્રીજીમહારાજનો પ્રતાપ જોઈને પોતપોતાનાં ઘેર ગયા. અને પોતપોતાને ત્યાં દેશમાં મનુષ્ય આગળ શ્રીજીમહારાજનો પ્રતાપ જે બાલમુકુંદજીની મૂર્તિમાં

શ્રીજીમહારાજે દેખાડ્યો, તે સંબંધી વાર્તાઓ તે મનુષ્યને કહી સમજાવીને શ્રીજીમહારાજનો સર્વોપરી ભગવાનપણાનો નિશ્ચય કરાવ્યો. અને તે ભુજનગરમાં ઘણાક પ્રેમી હરિજન રહેતા હતા, જેને ભગવાન વિના પોતાના પ્રાણ પણ પ્રિય ન લાગતા. એવા હરિજનની પ્રીતિને વશ થઈને મહારાજ પોતે ઘણાક દિવસ ત્યાં રહ્યા હતા.

❋ જગજીવનને હિંસામય યજ્ઞ કરવાની ના કહી

તે ભુજનગરના રાજાનો ચાકર(મંત્રી) જગજીવન આદિક ત્રણ ભાઈ હતા. તેમાં પણ મુખ્ય જગજીવન હતો. તે શક્તિનો ઉપાસક હતો. અને ધનના મદે કરીને આંધળો અને ખળપુરુષ તેનો તો અગ્રેસર હતો. અને કોઈ રામકૃષ્ણાદિક ભગવાનની પ્રતિમાઓ તથા સંતહરિજન આગળ પોતાનું મસ્તક નમાવે નહિ એવો મદાંધ હતો. તે એક સમે ત્રણે બંધુઓએ મળીને હિંસામય યજ્ઞ કરાવવા સારુ સામાન ભેગો કરાવ્યો. અને યજ્ઞ કરાવવામાં પ્રવીણ એવા ઘણાક બ્રાહ્મણોને દેશાંતરમાંથી તે ત્રણે ભાઈએ તેડાવ્યા. અને તે સમે વેદ તથા શાસ્ત્રના અર્થને યથાર્થ જાણનારા આ શ્રીસ્વામિનારાયણ છે એમ સર્વે મનુષ્ય કહે છે અને ઘણા પ્રતાપવાન છે એમ પણ કહે છે. એમ જાણીને તેના બંધુ કુબેર આદિક જે બે ભાઈ તેણે મહારાજને યજ્ઞમાં તેડાવ્યા.

તે વાત સાંભળીને શ્રીજીમહારાજે વિચાર કર્યો જે, ‘જ્યાં યજ્ઞ થતો હોય ત્યાં ધર્મનિષ્ઠ પુરુષને વણતેડાવે પણ જાવું જોઈએ. કેમ જે ત્યાં દેવતા યજ્ઞપુરુષરૂપ ભગવાનની પૂજા થાય તથા ઈન્દ્રાદિક દેવતાની પૂજા થાય અને આ તો મને તેડવા આવેલ છે.’ એમ જાણીને ઘણાક હરિજનોને સંગાથે લઈને ત્યાં ગયા. અને ત્યાં કુબેર આદિ બે ભાઈએ શ્રીજીમહારાજને બેસવા માટે આસન પાથરી આપ્યું. અને યથાયોગ્ય જેવી રીતે સન્માન કરવું ઘટે તેવી રીતે સન્માન કર્યું. અને તે સમે બીજા દેશાંતરથી યજ્ઞ કરાવવા આવેલા બ્રાહ્મણોએ પણ શ્રીજીમહારાજની આગળ આવીને હેતે સહિત પોતાના બે હસ્ત જોડીને નમસ્કાર કર્યા.

અને તે સમે જગજીવન આદિ ત્રણે ભાઈઓ આવીને મહારાજ આગળ બોલ્યા જે, "હે સ્વામિનારાયણ! તમે વેદશાસ્ત્રનું સર્વે રહસ્ય જાણો છો. તે માટે અમારા યજ્ઞની સમાપ્તિ થાય ત્યાં પર્યંત તમો અમારા ઘેર રહો." એવી રીતનાં તે ત્રણે ભાઈનાં વચન સાંભળીને અતિશે કૃપાળુમૂર્તિ એવા ભગવાને જાણ્યું જે, 'આમણે પશુ મારીને હિંસામય યજ્ઞ કરાવવાનો આરંભ કર્યો છે.'

એમ જાણીને તે જગજીવન મહેતા આદિક ત્રણે ભાઈઓને કહેવા લાગ્યા જે, "આ પશુને જગનમાં હોમવા લાવ્યા છો, તે તમારે બ્રાહ્મણને ઘટિત કર્મ નથી. અને તમારે તો સમ જે અંતઃકરણને નિયમમાં કરવાં અને દમ જે ઇન્દ્રિયોને દમવી અને તપ જે પોતાના ધર્મને પાળવો અને શૌચ જે બહાર દેહે કરીને અને માહિલી કોરે અંતઃકરણે કરીને પવિત્ર રહેવું. અને સંયમ રાખવો અને ક્ષમા રાખવી, સરળતાએ યુક્ત થાવું.

અને ભગવાનની ભક્તિ કરવી અને દયા રાખવી, સત્ય બોલવું, શત્રુ-મિત્રમાં સમાન ભાવ રાખવો - આ સર્વે કર્મ બ્રાહ્મણને કરવાનાં કહ્યાં છે અને તે જ બ્રાહ્મણની પ્રકૃતિ કહી છે. તે આ હું તમને પરમ હિતનાં વચન કહું છું. અને હું સર્વ વેદશાસ્ત્રના અર્થને તથા પુરાણના અર્થને જાણનારો છું. અને સર્વ ધર્મનો પણ જાણનારો તથા કહેનારો પણ હું જ છું. તે માટે જો ધર્મવાન પુરુષ જ્યાં આવી અધર્મ સભા થતી હોય ત્યાં જાય નહીં.

અને જો જાય તો સત્શાસ્ત્ર પ્રમાણે મનુષ્યને વાર્તા કહીને સમજાવે, અને જો જાય ને વેદશાસ્ત્ર પ્રમાણે ધર્મ સંબંધી વાર્તા કહીને મનુષ્યને ન સમજાવે તો તે મનુષ્ય જેવો બીજો કોઈ અધર્મી ન જાણવો. તે માટે હું તમને સર્વને વેદશાસ્ત્ર પ્રમાણે ધર્મ સંબંધી વાર્તા તમારા વર્ણાશ્રમના ધર્મની રક્ષાને અર્થે તથા તમારા મોક્ષને અર્થે કહું છું. તે સર્વે વિપ્રો તમે શ્રવણ દઈને એકાગ્ર મને સાંભળો.

✵ વેદ અનુસાર અહિંસામય યજ્ઞનું પ્રતિપાદન

વેદમાં કહ્યું છે કે, ‘અજે કરીને યજ્ઞ કરવો.’ એમ કહ્યું છે. તે અજ ત્રણ વરસની જૂની ડાંગર જે વાવી પણ ઊગે નહિ તેને વેદ અજ શબ્દથી કહે છે, પણ અજ બકરાને નથી કહેતા. અને તમે તો બકરાં આદિક પશુ હોમીને યજ્ઞ કરાવો છો. એ વેદનો અભિપ્રાય નથી. અને **વેદ તો જેમ માતા પુત્રની રક્ષા કરે છે, તેમ જીવ-પ્રાણીમાત્રની રક્ષા કરવાની કહે છે.** અને તે વેદ પશુની હિંસા કરીને યજ્ઞ કરવાને જો કહેતા હશે તો ત્રણ વરસની ડાંગર જે વાવી ઊગે નહિ તેવી હોમવાની શું કરવા કહે ? માટે વેદનો તો એવો અભિપ્રાય છે જે, ‘વાવ્યું ધાન ઊગે ત્યાં સુધી પણ હિંસાનો સંબંધ કહેવાય.’ તે માટે ધાન હોમવાં નહીં. અને મેધ વડે યજ્ઞ કરવો એમ કહે છે. તે મેધ શબ્દ પવિત્ર વસ્તુ હિંસા વિનાની હોય તે જાણવી.

માટે વેદ તો પશુ હોમીને યજ્ઞ કરવો એમ કોઈ વર્ણનો ધર્મ કહેતા નથી. તેમાં પણ સત્ત્વગુણી એવા જે બ્રાહ્મણ આદિ ત્રણ વર્ણ તેને તો વિશેષપણે અહિંસામય ધર્મ જ પાળવો તથા અહિંસામય યજ્ઞ કરવો એમ કહે છે. એ જ સર્વોત્કૃષ્ટ બ્રાહ્મણ આદિ વર્ણનો ધર્મ કહ્યો છે. તે માટે તમારે પશુ હોમીને યજ્ઞ કરવો તે વેદશાસ્ત્ર પ્રમાણે બ્રાહ્મણનો ધર્મ નથી. તમારો બ્રાહ્મણનો ધર્મ તો ઘૃત, જવ, તલ, દહીં, દૂધ તથા હવિષ્યાન્ન અન્ન વડે જગન કરીને ભગવાન જે યજ્ઞપુરુષ તેની પૂજા કરવી. અને તેની પ્રસાદીનાં જે અન્ન તથા રસ આદિક વડે કરીને ભગવાનના અંગદેવની પૂજા કરવી. કેમ જે તમે સર્વે બ્રાહ્મણ સત્ત્વગુણથી ઉત્પન્ન થયા છો. તે કારણપણા માટે તમારે તો સર્વે સત્ત્વગુણી કર્મ કરવાં, પણ રજોગુણી કર્મ વડે રજોગુણી દેવ જે કુબેર આદિક તથા યક્ષને પૂજવા તે બ્રાહ્મણનો ધર્મ નથી કહ્યો.

તથા તમોગુણી દેવતા જે પ્રેત કહેતાં પિશાચ તથા માતૃકા આદિક સાત દેવતા તેમની પૂજા કરવી તે પણ કાંઈ બ્રાહ્મણનો ધર્મ નથી. અને

મદ્યમાંસ વડે રજોગુણી, તમોગુણી દેવતાની પૂજા કરવાની બ્રાહ્મણને ક્યાંક વેદશાસ્ત્રમાં કહી હશે, તે પણ રાગપ્રાપ્ત એવા જે ચાર વર્ણના મનુષ્યને કહ્યું હશે, પણ બીજાને હિંસા કરવાની વેદશાસ્ત્રો સર્વે પ્રકારે ના કહે છે. અને પૂર્વે સ્વાયંભૂ મનુના મનવંતરમાં વિશ્વજીત નામે ઈન્દ્ર થયો. તેણે અશ્વમેધ યજ્ઞનો આરંભ કર્યો હતો. તેમાં પશુ લાવીને બાંધ્યાં હતાં.

અને રસમાં આસક્ત એવા દેવ પણ ત્યાં આવ્યા હતા. અને મહાસમર્થ એવા વૃદ્ધ વશિષ્ઠ આદિ ઋષિ પણ ત્યાં આવીને ઊભા રહ્યા. તે ઋષિઓ લોકના સુખને અર્થે જ સર્વત્ર વિચરનારા હતા. એવા ઋષિનો મહિમા ઘણોક સમજીને દેવતાઓએ ઊઠીને અર્ઘ્ય, પાદ્ય આદિક પૂજા લાવીને તે ઋષિની પૂજા કરી અને દર્શન કર્યાં. તે સમે યજ્ઞમાં લાવીને બાંધેલાં પશુને જોઈને ઋષિના મનમાં વિચાર થયો જે, ‘આ દેવતા સત્ત્વગુણી કહેવાય છે છતાં તેને હિંસામય યજ્ઞ કરવાનો વિચાર છે તે તો મોટો અધર્મ કહેવાય.’ એમ જાણીને તે ધર્મનિષ્ઠ ઋષિઓ અંતરમાં જીવ ઉપર અતિશે કૃપા લાવીને ઈન્દ્રાદિક દેવો પ્રત્યે કહેવા લાગ્યા જે, “હે દેવો! અને હે ઋષિઓ ! અમારું વચન સાંભળો. જેમાં સનાતન સત્ત્વગુણે યુક્ત ધર્મ કહ્યો છે, એવું વચન અમે તમારા સુખને અર્થે કહીએ છીએ.

પ્રથમ બ્રહ્માએ જ્યારે આ સૃષ્ટિ કરી ત્યારે સત્ત્વગુણ થકી બ્રહ્માએ દેવતાને ઉત્પન્ન કર્યા છે. અને સત્ય, તપ અને દયા, શૌચ એ ધર્મના ચાર પગ કહેવાય છે. તેમની મર્યાદા રાખવાની પણ તમને જ બ્રહ્માએ આજ્ઞા કરી છે. અને રજોગુણ તમોગુણ થકી મનુ આદિક રાજા ઉત્પન્ન કર્યા છે. તે પણ દૈત્યથી ધર્મની રક્ષા કરવા ઉત્પન્ન કર્યા છે. અને દેવ, દૈત્ય અને મનુષ્ય તેના યજ્ઞની રક્ષાને અર્થે બ્રહ્માએ વેદ રચ્યા છે. અને વેદમાં હિંસા વિનાનો(અહિંસામય યજ્ઞ) સનાતન ધર્મ બતાવે છે, પણ યજ્ઞમાં પશુનો વધ કરવો તે વેદનો અભિપ્રાય નથી.

અને વેદનો અભિપ્રાય તો ધર્મનું સ્થાપન કરવું અને જીવની રક્ષા કરવી તે જ છે. અને તમે રજોગુણ તમોગુણને વશ એવા અસુરભાવને આશર્યા છો, તેથી વેદનો અર્થ સમજતા નથી. અને હે દેવો ! તમે તો સાત્ત્વિક છો. માટે હિંસા વિના સનાતન વેદનો ધર્મ સમજો. અને અજ શબ્દનો અર્થ ડાંગર છે તે તમો યથાર્થ સમજો. અને તમે સત્ત્વગુણી દેવતા છો તેથી તમારે કર્મ પણ સત્ત્વગુણી દેવને અર્થે યજ્ઞ સંબંધી કરવાં ઘટિત છે. અને જેમાં જે ગુણ હોય તે પુરુષનો તેવો સ્વભાવ થાય છે. માટે રજોગુણી તમોગુણી પુરુષ હોય તે તમોગુણી રજોગુણી એવા દેવ જે કુબેર તથા યક્ષ તથા પ્રેત તથા માતૃકા તેને મદ્ય-માંસ વડે પૂજે છે. પણ તમે તો સત્ત્વગુણી દેવ છો, તેથી તમે તો અહિંસાયજ્ઞ વડે વિષ્ણુની પૂજા કરો.

અને પશુ હોમીને આ યજ્ઞ કરો છો તે તમે કેવળ અધર્મને અનુસરો છો. અને રજોગુણ અને તમોગુણને વશ થકા યજ્ઞ કરનારા તમે થયા છો અને આસુરી સંપત્તિને આશર્યા છો, તેથી વેદના અર્થને નથી સમજતા. અને તે આસુરી સંપત્તિવાળાને સંગે તમારી બુદ્ધિ નાશ થઈ ગઈ છે. તે માટે તમે હિંસામય યજ્ઞ કરવો એવો ઠરાવ કરો છો; પણ રજોગુણી તમોગુણી એવા દૈત્ય અને મનુષ્ય, યક્ષ, રાક્ષસ આદિક દેવ તેને પોતાના ગુણને અનુસારે હિંસા વડે કરીને પૂજે છે. અને દૈત્ય અને રાક્ષસોના કુળમાં ભગવાનના ભક્ત છે તે ક્યારેય હિંસામય યજ્ઞ નથી કરતા.

અને હે દેવો ! વેદ તો આવી રીતે કહે છે જે, 'યજ્ઞનુ શેષ પ્રસાદ જમવો.' તો તમે શું માંસભક્ષણ કરશો ? અને તમે કહો છો જે, 'હિંસામય યજ્ઞ કરવો.' તે સાત્ત્વિકી દેવ સુરા પીએ અને માંસ ખાય તે તો અમે કોઈ વેદ શાસ્ત્રમાંથી કાને સાંભળ્યું નથી અને નજરે દેખ્યું પણ નથી. તે કારણપણા માટે જેમાં પશુની હિંસા ન થાય એવા દ્રવ્ય જે ડાંગર, ઘૃત, દૂધ તે વડે યજ્ઞ કરવો. અને અજ નામ પણ ત્રણ

વરસનું ધાન જે વાવ્યે ફેર ઊગે નહિ તે કહેવાય. અને સનાતન ધર્મ પણ કોઈ પ્રાણીનો દ્રોહ ન કરવો અને લોભ પણ ન રાખવો, અને ઇન્દ્રિયોને નિયમમાં રાખવી, દયા રાખવી, તપ જે એકાદશી આદિક વ્રત કરવાં, દંભ ત્યાગ કરવો, ક્ષમા રાખવી, સત્ય બોલવું, ધીરજ રાખવી, બ્રહ્મચર્ય આદિ ધર્મ પાળવો, તે સનાતન ધર્મ કહ્યો છે. અને તે ધર્મને જે લોપે છે તે પુરુષ ધર્મનો દ્રોહી કહેવાય. તે મરીને નર્કમાં પડે છે. એમ વેદ તથા સત્પુરુષ કહે છે."

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજ માનકૂવેથી તેરે પધાર્યા અને સંતને કાગળ લખીને તેરે તેડાવ્યા અને ત્યાંથી ભુજ પધાર્યા અને જગજીવનને હિંસામય યજ્ઞ કરવાની ના કહી' એ નામે ચોસઠમો અધ્યાય ॥૬૪॥

અધ્યાય - ૬૫

ઉપરિચરવસુનું પતન તથા હિંસામય યજ્ઞનો નિષેધ

હે બ્રાહ્મણો ! આવી રીતે વેદના રહસ્યરૂપ નીતિનાં ઋષિનાં વચન તે પોતાનું માનભંગ થાય તેને અર્થે દેવતા ન માન્યાં. તે દિવસથી જ તે ઈન્દ્રાદિક દેવના અંતરમાં અધર્મે આવી પ્રવેશ કર્યો. તે કારણથી તે ઋષિનું વચન ન માન્યું અને કહેવા લાગ્યા જે, "અજ શબ્દ જે વેદમાં કહ્યો છે તેનો અર્થ બીજ ન સમજવો, પણ બકરાં અજ શબ્દનો અર્થ સમજવો." એવું ઈન્દ્રાદિક દેવનું વચન સાંભળીને તે ઋષિ અતિશે ઉદાસ થઈ ગયા. એટલામાં અતિશે તેજવાન એવો ઈન્દ્રનો સખા ઉપરીચરવસુ રાજા ત્યાં આવ્યો. તેને જોઈને ઋષિઓ અતિશય રાજી થયા.

અને તે દેવોને કહેવા લાગ્યા જે, "હે દેવો ! આપનો સંશય આ ઉપરિચરવસુ રાજા ટાળશે. કેમ જે, રાજાએ આરણ્યક શાસ્ત્ર તથા પંચરાત્ર શાસ્ત્ર તેની વિધિએ સહિત હજારો યજ્ઞ કર્યા છે. તે યજ્ઞમાં

કોઈ પણ પ્રકારે પશુનો વધ થયો નથી. અને ઘણીક દક્ષિણાએ યુક્ત પ્રત્યક્ષ દેવની તેમાં અહિંસા ધર્મ વડે પૂજા થઈ છે. વળી આ રાજા એક જ સ્ત્રી પરણ્યો છે, પણ બીજી સ્ત્રીનો અષ્ટ પ્રકારે ત્યાગ કર્યો છે અને સત્ય પ્રતિજ્ઞાવાળો છે અને ભગવાનનો દૃઢ ભક્ત છે, તેમજ અહિંસામય ધર્મને પૂર્ણપણે પાળનારો છે. માટે એ રાજા મિથ્યા નહિ બોલે. કેમ જે એ રાજા વેદની સર્વે મર્યાદાને પાળે છે."

આવી રીતે ઋષિઓ અને દેવતાઓ પરસ્પર વિચાર કરીને ઉપરીચરવસુના સમીપે જઈને કહેવા લાગ્યા જે, "હે રાજન્ ! અમારે દેવોને અને ઋષિઓને સંવાદ થયો છે કે, વેદમાં પશુ હોમીને યજ્ઞ કરવો કહ્યો છે ? કે અહિંસા વડે યજ્ઞ કરવો કહ્યો છે ? તે વિચારીને વેદમાં તેનો જેમ અભિપ્રાય હોય તેમ કહો."

ત્યારે ઉપરીચરવસુ રાજાએ કહ્યું જે, "તમારા બેયનો કોનો કેવો સિદ્ધાંત છે ?" ત્યારે ઋષિઓએ કહ્યું જે, "ધાન વડે યજ્ઞ કરવો એ અમારો અભિપ્રાય છે અને પશુ હોમીને યજ્ઞ ન કરવો તે દેવતાનો મત છે." ત્યારે તે ઉપરીચર દેવનો પક્ષ રાખીને ખોટું બોલ્યો જે, "પશુ હોમીને યજ્ઞ કરવો, એમ પણ વેદમાં કહ્યું છે." હે વિપ્રો ! આવી રીતે માનને લીધે દેવોના અસત્ય મતને પક્ષપાતને લીધે ધર્મના જાણનાર રજાએ સત્ય કર્યો અને કહ્યું જે, 'પશુ હોમીને યજ્ઞ કરવો એમ પણ વેદમાં કહ્યું છે.' એટલું જ ખોટુ બોલ્યો, તેટલામાં તત્કાળ વિમાનમાંથી પૃથ્વી ઉપર પડ્યો અને ત્યાંથી પાતાળમાં પેસી ગયો. તે જોઈને દેવો ઘણો જ ભય પામીને તે યજ્ઞમાં પશુ બાંધ્યાં હતાં તે છોડીને તત્કાળ સ્વર્ગમાં ભાગી ગયા અને ઋષિ પોતાના આશ્રમમાં ગયા. આવી રીતે **ધર્મનો જાણનારો ઉપરિચરવસુ અસત્ય હિંસામય યજ્ઞ કરવાનું વચન બોલ્યો અને વેદને હિંસા પર કહ્યા તેથી અસદ્ગતિને પામ્યો તો પ્રત્યક્ષ પશુ હોમીને યજ્ઞ કરે તેની શું દશા થાય ?** માટે સત્ત્વગુણી એવા જે બ્રાહ્મણ આદિક મનુષ્ય તેથી તો હિંસા થાય જ કેમ ?

અને વળી મોક્ષધર્મમાં કહ્યું છે જે, 'હે બ્રહ્મન્ ! લુબ્ધવૃત્તિ પરાયણ એવા નાસ્તિક તેમણે વેદવાદ ન સમજીને કહેતાં સદાય પાપ-હિંસામાં પ્રીતિવાન પુરુષોએ પાપની નિવૃત્તિને અર્થે યજ્ઞમાં હિંસા કરવી. તે પ્રકારે હિંસાના સંકોચરૂપી અનૃતવાદને સત્યાભ્યાસ હોય ને શું ! એમ પ્રવર્તાવ્યું છે. અને વેદની મર્યાદાને નહિ સમજનારા એ જ હેતુપણા માટે મૂર્ખ અને નાસ્તિક અને વેદમાં હિંસા કહી છે કે નથી કહી ? એ પ્રકારે સંશય ચિત્તવાળા આત્મા અને જ્ઞાને રહિત પુરુષોએ શાસ્ત્રમાં હિંસા વર્ણન કરી છે; પણ વેદનો મત હિંસા કરવાનો નથી.

અને **"હિંસા ન કરવી"** એમ ભારતમાં પણ દેવતા પ્રત્યે મહર્ષિઓએ ના પાડી છે જે, "હે દેવો ! યજ્ઞમાં ધાનના બીજે કરીને હોમ કરવો, પણ પશુ ન હોમવાં. અને એકાદશ સ્કંધમાં શ્રીકૃષ્ણ ભગવાને પણ કહ્યું જે, 'વિષયમાં મનવાળા કામી પુરુષોએ હિંસા કરવી તેમાં જો પોતાની અતિ રુચિ હોય તો તે રુચિને અનુસારે યજ્ઞમાં જ હિંસા કરે, પણ એમાં કાંઈ મારી પ્રેરણા નથી. આવો મારો પરોક્ષ મત તેને ન જાણીને હિંસાએ કરીને રમતા અને ખળ પુરુષો નિશ્ચય પોતાને માંસ ખાવાની ઈચ્છા છે, તે હેતુ માટે પશુ મારીને તેના માંસથી યજ્ઞ કરીને દેવતા, પિતૃ અને ભૂતપતિ તે સર્વેને ભજે છે. અને અનર્થને પમાડનારી હિંસાને જે શાસ્ત્ર કહેતું હોય, કહેતાં જીવહિંસાનું પ્રતિપાદન કરતું હોય તેને શાસ્ત્ર જ ન માનવું. શા માટે તો સમગ્ર દુઃખની છે પરંપરા કહેતાં નિરંતર પ્રાપ્તિ જેમાં એવો સંસાર જે ચોરાસી લાખ જાતિમાં વારંવાર જન્મમૃત્યુનો પ્રવાહ તે જીવની હિંસાથી થાય છે. એવી રીતે મહાદુઃખરૂપ ફળને પમાડનારી હિંસા છે.

અને હે વિપ્રો ! વળી ભાગવતના ચતુર્થ સ્કંધમાં નારદમુનીએ કહ્યું છે, હે પ્રજાપતિ ! હે પ્રાચીન બર્હિષ રાજન્ ! તેં દયાએ રહિત થઈને યજ્ઞમાં હજારો પશુ માર્યાં તથા તે યજ્ઞમાં બીજા કેટલીક જાતના જીવના સમૂહ માર્યા છે તે તારું વેર સંભારતા થકા તારી વાટ જોઈને

બેઠા છે. અને આ દેહનો ત્યાગ કરીને જ્યારે પરલોકમાં જઈશ ત્યારે તને જોઈને ઉત્પન્ન થયો છે અતિશય ક્રોધ જેમને એવા જે એ પશુ તથા જીવના સમૂહ તે લોઢાના કુવાડે કરીને તને છેદશે.

અને હે વિપ્રો ! વૃદ્ધ પારાશર ઋષિએ પણ યજ્ઞાદિકમાં માંસની ના કહી છે કે, પવિત્રપણું તથા પાત્રાદિકની શુદ્ધિ અને જે યજ્ઞાદિકમાં ઉત્કૃષ્ટ શ્રદ્ધા, એટલાં વાનાં હોય તો શ્રાદ્ધમાં પિત્રીને અનંત ઘણી તૃપ્તિ કરે છે, પણ માંસની તો નિશ્ચય ના કહી છે. તે માટે યજ્ઞાદિકમાં પશુ ન મારવાં. અને જે પુરુષ પ્રાણીની હિંસા કરીને પિત્રી અને દેવને માંસે કરીને તૃપ્ત કરે છે તે પુરુષ મૂરખ થઈને પોતાને શરીરે પાપનું લેપન કરે છે.

❋ મદ્ય-માંસના ભક્ષણનો નિષેધ તથા સાત જણને હિંસાનું પાપ

અને હે વિપ્રો ! ભારતમાં કહ્યું જે, "હે યુધિષ્ઠિર ! દેવતાને નિવેદન કર્યું તથા પિત્રીને નિવેદન કર્યું એવું જે માંસ તેના ભક્ષણમાં દોષ છે. તથા બ્રાહ્મણની આજ્ઞાએ કરીને જે માંસનું ભક્ષણ કરવું તેમાં પણ દોષ છે, કોઈ પણ પ્રકારે માંસ નિર્દોષ નથી. તે માટે માંસનું ભક્ષણ ક્યારેય ન કરવું. અને વળી મનુસ્મૃતિમાં એમ કહ્યું છે જે, "**એક** તો બીજા કોઈને જીવની હિંસા કરવાની આજ્ઞાનો કરનારો અને **બીજો** કાપનારો અને **ત્રીજો** મારનારો અને **ચોથો** માંસને વેચાતું લાવીને તે બીજાને વેચાતું આપનારો અને **પાંચમો** માંસને રાંધનારો અને **છઠ્ઠો** માંસને ઉપાડી લાવનારો અને **સાતમો** ખાનારો - એ સાત પ્રકારના પુરુષ તે સર્વે જંતુના મારનારા છે. માટે માંસ તો ખાવું જ નહીં. અને માંસનો ખાનારો ક્યારેય પણ સ્વર્ગને નથી પામતો. તે તો નિશ્ચય નરકને પામે છે. અને હે વિપ્રો ! માંસ શબ્દની 'નિરૂક્તિ' કહી છે જે, આ લોકમાં હું જેનું માંસ ખાઉં છું તે પશુ પરલોકમાં મારું માંસ ખાશે. એ રીતે ડાહ્યા પુરુષો માંસ શબ્દનું માંસપણું કહે છે.

અને દાનધર્મમાં કહ્યું છે જે, હે યુધિષ્ઠિર રાજા ! અહિંસા ધર્મે યુક્ત રૂડી બુદ્ધિવાળા વસિષ્ઠ આદિક ઋષિ તથા સૂર્યના કિરણને પિનારા અને સૂર્યના મંડળમાં રહ્યા એવા જે સાઇઠ હજાર વાલખિલ્ય નામે ઋષિ એ સર્વે માંસભક્ષણ ન કરવું તેને વખાણે છે. અને કહે છે જે, હે રાજન્ ! જે પુરુષ પ્રથમ મને કરીને માંસનો ત્યાગ કરીને પછી વાણીએ કરીને માંસનો ત્યાગ કરે છે અને પછી દેહે કરીને માંસનો ત્યાગ કરે. એવી રીતે **મન, વાણી અને દેહ એ ત્રણે પ્રકારે માંસનું ભક્ષણ નથી કરતો. તે પુરુષ અનેક પ્રકારના સંસારનાં કષ્ટ થકી મુકાય છે.**

અને હે વિપ્રો ! વળી સ્મૃતિમાં કહ્યું છે જે, જે પુરુષ ત્રણ પ્રકારની સુરાનું પાન કરે છે અને જે પુરુષ માંસનું ભક્ષણ કરે છે અને જે પુરુષ હિંસા કરે છે તે નિશ્ચય અસુર છે. અને હે બ્રાહ્મણો ! સુરા સર્વે અન્નનો મળ છે. માટે સુરા ધર્મશાસ્ત્રના કરનારાએ કેવળ પાપરૂપ અને મળરૂપ કહી છે. કેમ જે તેમાં જીવહિંસા થાય છે. તે કારણપણા માટે બ્રાહ્મણાદિક સર્વ વર્ણોએ ક્યારેય પીવી નહીં. અને ગોળની સુરા તથા મહુડાની તથા લોટની એ ત્રણ પ્રકારની સુરા દ્વિજ જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણના મનુષ્યોએ સમાન જાણવી.

અને જેમ એક લોટની સુરા ન પીવી તે જ પ્રકારે તેમને ગોળની તથા મહુડાની એ સર્વે સુરા ન પીવી. અને પૌલસ્ત્ય ઋષિએ **અગિયાર પ્રકારનું મદ્ય** કહ્યું છે જે, ફણસનું મદ્ય તથા દ્રાક્ષનું મદ્ય તથા મહુડાનું મદ્ય તથા ખજૂરનુ મદ્ય તથા તાડીનું મદ્ય તથા શેરડીના રસનું મદ્ય તથા મદ્યને ઉકાળીને કરેલું મદ્ય તથા સીધણીઓનું મદ્ય તથા અરીઠાનું મદ્ય તથા આમલી, ધાવડી અને ગોળનું પાણી એ ત્રણને ઉકાળીને કરેલું મઈરેય એ નામે મદ્ય કહ્યું છે તથા નાળિયેરનું મદ્ય - એ અગિયાર પ્રકારના મદ્યને સમાન જાણવાં. અને બારમું જે સુરારૂપી મદ્ય તે તો તે સર્વે મધ્યે અતિશય અધમ જ છે. અને મનુ ઋષિએ કહ્યું છે જે,

"બ્રહ્મહત્યા તથા સુરાપાન તથા ચોરી તથા ગુરુની સ્ત્રીનો સંગ એ ચાર મહાપાપ છે. અને એ ચાર વાનાં કરનારાની સાથે મિત્રાચાર કરવો તે પણ પાંચમું મહાપાપ છે."

અને હે બ્રાહ્મણો ! વળી, વિદૂરનીતિમાં ધૃતરાષ્ટ્ર રાજા પ્રત્યે વિદૂરજીએ કહ્યું છે જે, "મૃગ્યા જે શિકાર કરવો અને મદ્યપાન કરવું તે સર્વે પ્રકારે ત્યાગ કરવા યોગ્ય છે." અને શ્રીહરિ કહે, "અમે તો વાલની પાપડીઓ તથા ચોળાની ફળીઓ તથા તુવેરની ફળીઓને બાફીને ઉંધિયાં કરવાની પણ ના કહીએ છીએ. કેમ જે, તેમાં ઝીણા ઘણાક જીવની હિંસા થાય છે. અને વળી જે જળમાં ઝીણા ઘણાક જીવ હોય તે જળમાં સ્નાન ન કરવું. અને તે જળને ગાળીને સ્નાન કરવું. કેમ જે, તેમાં જીવની હિંસા ન થાય અને અહિંસાધર્મ પળે. અને વળી હે બ્રાહ્મણો ! પદ્મપુરાણમાં કહ્યું છે જે, યક્ષ તથા પિશાચ તથા તામસ એવા દેવ તેમને નિવેદન કરેલું અન્ન તેને જે પુરુષ ખાય છે, તે પાચ તથા રુધિરનો ખાનારો છે.

અને વળી ભાગવતના ષષ્ટમ સ્કંધમાં અઢારમા અધ્યાયમાં કહેલું છે જે, ચંડિકા દેવીને નૈવેદ્ય કરેલા અન્નને ડાયો મનુષ્ય ન જમે તથા માંસે સહિત એવું જે અન્ન તે ન જમે તથા શુદ્રનું લાવેલું અન્ન તે ન જમે તથા રજસ્વલા સ્ત્રીએ દેખેલું અન્ન તે ન જમે તથા ખોબા વડે કરીને પાણી ન પીવે. એવી રીતે સર્વશાસ્ત્રમાં માંસભક્ષણની ના કહી છે. માટે **મનુષ્યમાત્રને માંસભક્ષણ ક્યારેય કરવું નહિ, તો હિંસા કેમ થાય ?** ન જ થાય. આ સર્વે મોટા ઋષિઓનો સિદ્ધાંત છે. માટે આ હિંસામય યજ્ઞ તમારે ન કરવો."

એવી રીતે શ્રીજીમહારાજે કુબેરજી, જગજીવન તથા રામચંદ્ર એ ત્રણે ભાઈને કહ્યું, તોપણ મહા મદાંધોએ પોતાનો અભિપ્રાય જે હિંસામય યજ્ઞ કરવો તેનો ત્યાગ ન કર્યો. અને બોલ્યા જે, "તમને

વેદના અભિપ્રાયની ખબર નથી અને તમે વેદમાં શું સમજો ?" એવી રીતે કેટલાંક વેદ વિરુદ્ધ વચન બોલ્યા. ત્યારપછી જગજીવને મહારાજને કહ્યું જે, "હે સ્વામિનારાયણ ! હમણાં તમે અહંકારી થઈને જગતમાં સર્વે નરનારીને ભમાવી નાખ્યાં છે. અને વળી પોતાને મુખે કહો છો જે, હું ભગવાન છું."

એવી રીતનાં જગજીવનનાં વચન સાંભળીને મહારાજે કહ્યું જે, "હે જગજીવન ! હું તને સાચી વાત કહું છું, તે સાંભળજે. આ લોકમાં બ્રાહ્મણ હોય અને તેને પૂછીએ જે, તું કોણ છો ? તો તે પોતાને મુખે કહે જે, હું બ્રાહ્મણ છું. અને ક્ષત્રિય હોય તેને પૂછીએ જે, તું કોણ છે ? તો તે પોતાને મુખે કહે જે, 'હું ક્ષત્રિય છું.' પણ ક્ષત્રિય હોય તે કહે જે, હું બ્રાહ્મણ છું. અને જે બ્રાહ્મણ હોય તે પોતાને મુખે કહે જે, હું ક્ષત્રિય છું. તો ખોટું બોલ્યો કહેવાય. અને તે પૃથ્વીમાં નિંદા કરવા યોગ્ય પણ થાય છે; પણ સર્વે પ્રકારે સાચું કહે તેની જગતમાં નિંદા નથી થતી. તે માટે હું ભગવાન કહેવાઉં છું, તે હું મુખે બીજી રીતે કેમ બોલીને કહું જે, હું ભગવાન નથી ? ને તારા સરખા મતવાદી મદે કરીને આંધળા, ને વળી વિપરીત બુદ્ધિવાળા, ને અનમ્ર એવા પુરુષોનું માન હરવા માટે મનમાં વિચારીને આ સમે હું અહીં આવ્યો છું." આવી રીતનાં શ્રીજીમહારાજનાં વચન સાંભળીને ક્રોધાયમાન થકો પોતાને ઘેર ગયો.

ત્યારે મહારાજે જાણ્યું જે, 'આ તો અધર્મી છે.' એમ જાણીને ત્યાંથી ચાલીને ગંગારામ મલ્લને ઘેર પધાર્યા અને ત્યાં સર્વે સત્સંગી મહારાજને દર્શને આવ્યા. તેના આગળ મહારાજે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સબંધી ઘણી વાર્તા કરી. તથા સૌ સૌના વર્ણના તથા આશ્રમના જુદા જુદા ધર્મ કહી સમઝાવ્યા. પછી ત્યાં થકી ચાલ્યા તે નાના પ્રકારના દેશમાં રહેલા જે પોતાના ભક્તજન તેને દર્શન દેવા સારુ **સુખપુર** સોંસરા થઈને **માનકૂવે** થઈ **નારાયણપુર** થઈને **બળદિયા** પધાર્યા. અને ત્યાં ધર્માદિક ઘણીક

વાર્તા કરીને ત્યાંથી કેરે પધાર્યા. અને ત્યાંથી અપાર લીલા કરતા થકા સદાબાને ઘેર નિત્યે થાળ જમીને તે તે ગામોમાં દર્શન દેવા હરિજનને ઘેર પધારતા અને પાછા વળીને વારંવાર ભુજનગર આવતા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજે હિંસામય યજ્ઞ કરનારા તથા કરવાનારા બ્રાહ્મણોને વેદના વચનથી સમજાવ્યા પણ તેણે ન માન્યું અને મહારાજ ગુજરાત ફરીને કચ્છ દેશમાં ગામોગામ ફરીને ભુજ પધારીને દર્શન દીધાં' એ નામે પાંસઠમો અધ્યાય ॥૬૫॥

અધ્યાય - ૬૬

ભુજના ભક્તોને નરનારાયણ દેવ પધરાવવાનું વચન આપ્યું

એક દિવસે ભુજનગરથી મહારાજે ચાલવાનો વિચાર કર્યો. તે સાંભળીને ભુજના સત્સંગી સર્વે નરનારી મનમાં બહુ ઉદાસ થઈ ગયાં. અને અતિશે પ્રેમ સહિત મહારાજને સમીપે આવ્યા અને બે હાથ જોડીને ગદ્‌ગદ કંઠે કહેવા લાગ્યા જે, "હે મહારાજ ! તમે અહીંથી ચાલશો, તે અમને તમારાં દર્શન વિના ઘણું દુઃખ થશે. તે માટે અમને જેવી રીતે સદાય સુખ રહે તેમ તમે કરો." એવી રીતનાં તે હરિભક્તોનાં વચન સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે, "હે હરિજનો ! તમે દુખિયા ન થાઓ અને હું હમણાં ફરીને પાછો આંહીં આવીશ.

અને વળી તમારા સુખને સારુ નર અને નારાયણ આદિ મારાં સ્વરૂપ આંહીં સ્થાપન કરીશ. અને હમણાં દેશાંતરમાં હરિજનને દર્શન દેવા સારુ જઈશ." એમ કહીને સાધુને સાથે લઈને ત્યાંથી ચાલ્યા. તે સમે ભુજનગરના હરિજન નરનારીઓ પણ મહારાજને વાંસે ઘણેક સુધી આવ્યાં. ત્યારે મહારાજે તેને કહ્યું જે, "હવે તમે સર્વે પાછા વળો." ત્યારે તે હરિજન સર્વે મહારાજની મૂર્તિ સામું ચિત્રામણની પેઠે જોઈને

સ્થિર થઈ ગયાં. તે જ્યાં સુધી મહારાજની મૂર્તિ ચાલતી દેખી ત્યાં સુધી ઊભાં થઈ રહ્યાં. અને જ્યારે મૂર્તિ ન દેખાણી ત્યારે તે દિશા સામા નમસ્કાર કરીને પોતાને ઘેર પાછાં વળી ગયાં.

❋ શ્રીહરિએ ભચાઉમાં નિર્વાસનિક થવાની વાતો કરી :

અને મહારાજ ત્યાંથી ચાલ્યા તે માર્ગમાં પોતાના ભક્તજનને આનંદ પમાડતા અને હાસ્ય-વિનોદ કરતા થકા **ધમડકે** પધાર્યા. તે વાર્તા સાંભળીને ગામના હરિજન લાધાજી આદિ સન્મુખ આવીને ઘણુંક સન્માન કર્યું અને પોતાના દરબારમાં તેડી ગયા. અને ત્યાં અતિશે હેતે સહિત મહારાજની સેવા પોતાના પુત્ર જે રાયધણજી તથા રામસંગજી તથા અદાજી તથા કલ્યાણસંગજી આદિ સર્વે હરિજન કરવા લાગ્યા. અને ત્યાં મહારાજ હરિજનોને ઘણુંક સુખ આપીને ત્યાંથી ચાલ્યા તે **ભચાઉ** પધાર્યા. અને ત્યાં પોતાના ભક્ત જેરામ તથા વાઘા આદિ હરિજનને ઘેર મુકુંદબ્રહ્મચારી પાસે થાળ કરાવીને જમતા. અને ત્યાં ઘણાક દિવસ રહીને ભક્તજનોને પોતાના મહિમાની વાર્તા કરતા.

એક દિવસ સભામાં શ્રીહરિએ કહ્યું જે, “આ જગતના વિષય તે ખોટા છે અને નાશવંત છે. તે આ જીવ અનેક યોનિમાં ભોગવતો આવ્યો છે તોપણ તૃપ્ત નથી થયો અને થાશે પણ નહીં. અને સ્ત્રી આદિક વિષય ભોગવીને કોઈ જીવ સુખિયો થયો નથી અને થાશે પણ નહીં. તે માટે ભગવાન ભજીને પોતાના જીવનું કલ્યાણ કરી લેવું અને નિર્વાસનિક થાવું. અને **નિર્વાસનિક થયા વિના પ્રભુને પમાતું નથી. અને ભગવાનનો આશરો હોય અને ભગવાન તેડી જાય તોપણ તે જીવને ત્યાં રહેવાશે નહીં. માટે નિર્વાસનિક થઈને ભગવાન ભજી લેવા. આ વાર્તા સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે.** તે આજ સમજો કે લાખ જન્મે સમજો કે અનંત જન્મે સમજો તોપણ એટલી જ સમજવી છે.” એવી રીતે વાર્તા કરીને સંસારનાં સુખ થકી નિર્વાસનિક કર્યા.

✹ શ્રીહરિનો દ્રોહ કરવાથી જગજીવનનું કરુણ મૃત્યુ :

તે સમે ભુજનગરમાં કુબુદ્ધિવાળો બ્રાહ્મણ જગજીવન તેણે મહારાજનું વચન લોપીને યજ્ઞ કરાવ્યો. તેના ઉપર ભગવાનની પ્રેરણાથી તત્કાળ રાજાનો કોપ થયો. અને તે રાજા પોતાનું સૈન્ય જે યવન તે લઈને જગજીવનને ઘેર જઈને તેના યજ્ઞનો જે સામાન પડ્યો હતો તેને પોતાની સેના પાસે ઉપડાવીને ચારેકોરે છિન્નભિન્ન કરીને નાખી દેવરાવ્યો. તે કેની પેઠે ? તો જેમ શિવના અપમાને કરીને દક્ષના યજ્ઞને વીરભદ્રે છિન્નભિન્ન કરી નાખ્યો હતો તેવી જ રીતે મહારાજના અપમાનથી તે રાજાએ તેના યજ્ઞનો નાશ કરી નાખ્યો. અને તેનાં દ્રવ્ય આદિક ઘરનાં પદાર્થ તથા વાહન, પશુ, વસ્ત્ર, ઘરેણાં તથા યજ્ઞનાં પાત્ર તથા યજ્ઞનું ઘણુંક દ્રવ્ય હતું તે સર્વે પોતાની સેના પાસે ઉપડાવી લીધું.

તે જોઈને જગજીવન તથા રામચંદ્ર આદિ ત્રણે ભાઈ ક્રોધે સહિત હાથમાં હથિયાર લઈને પોતાના ચાકરે સહિત રાજાના મનુષ્ય સાથે યુદ્ધ કરવા સામા થયા. તે જોઈને રાજાના ચાકર જે યવનો હતા તેઓએ હાથમાં આયુધ લઈને તે જગજીવન તથા કુબેર આદિક ત્રણે બંધુને માર્યા. ત્યારે તે ઊંચે સાદે રુદન કરતા થકા ભાગવા લાગ્યા. કેની પેઠે ? તો જેમ કશ્યપના પુત્ર વીરભદ્રના ભયથી રુદન કરતા ભાગ્યા હતા તેની પેઠે. તે પણ હરાઈ ગયું છે સર્વે દ્રવ્ય આદિક યજ્ઞનો સામાન જેનો એવા થકા ભયે કરીને ભાગ્યા. અને તેની વાંસે રાજાનું સૈન્ય પણ જ્યાં જ્યાં તે ગયા તેની વાંસે થયું અને ત્રણે ભાઈઓને મારવા લાગ્યું.

ત્યારે તે રાજાએ પોતાની સેનાને કહ્યું જે, “હવે રહેવા દ્યો.” તોપણ હાથમાં હથિયાર છે જેને અને ક્રોધે કરીને રાતાં છે નેત્ર જેનાં, એવા ત્રણે ભાઈઓને રાજાની સેનાએ પાટવાડીને દરવાજે જતાં પાંચ માર્ગ ભેળા થાય છે ત્યાં ખડગ વડે મારી નાખ્યા. અને તે સમે જગજીવનને દેહમાં ગરમીને લીધે તૃષા લાગી, તેથી ‘પાણી આપો..!

પાણી આપો..!' એમ બરકા પાડવા લાગ્યો. તે સાંભળી રાજાના યવન ચાકરોએ રીસ કરીને તેને હોકાનું પાણી લઈને પાયું તથા તે સમે ચૌટામાં ચર્મકાર ઉપાનને (જોડા) સાંધતો હતો. તેની કુંડીમાંથી પાણી લઈને તેના મુખમાં પાયું અને તે મૃત્યુને પામ્યો.

અને જ્યાં પાંચ રાજમાર્ગ ભેળા થાય છે ત્યાં ચૌટા વચ્ચે તેનું શબ સાત દિવસ સુધી પડ્યું રહ્યું હતું. અને માંસાહારી જીવો જે ગીધ પક્ષી તથા વાયસ પક્ષી તથા શ્વાન આદિ જનાવરો પોતાની દાઢ્યુંથી તથા ચાચુંથી તેના શબને ચૂંથીને ભક્ષણ કરવા લાગ્યાં. અને તે શબનાં આંતરડાં ચાંચમાં લઈને પક્ષી આકાશમાં ઊડવા લાગ્યાં. તે જાણે છોકરાં આકાશમાં પતંગ ઊંચા ઉડાડતા હોય ને શું ? એવું લાગતું. અને તે સમે તેના પુત્રો અને તેના ચાકરો અને તેના બંધુઓ તે પણ તેવી જ રીતે મૃત્યુ પામ્યા. અને સાત દિવસ સુધી તેનાં શબ ચૌટામાં પડ્યાં રહ્યાં હતાં. અને તેના સમીપે નરનારી કોઈ પણ જતાં ન હતાં. અને તેનું માંસ પણ ગીધ, વાયસાદિક અસંખ્ય પક્ષી તથા માંસભક્ષણ કરનારા શ્વાન તથા મંજાર આદિ જનાવરોએ આવીને ચીરી નાખ્યું.

તે સમયે આખાય શહેરમાં હાહાકાર શબ્દ થઈ રહ્યો હતો. અને લોકો બોલતા હતા જે, 'સ્વામિનારાયણનું વચન લોપીને જગજીવને યજ્ઞ કર્યો તેનું ફળ આ ત્રણે ભાઈ તે પોતાના પુત્ર તથા ચાકર તેણે સહિત ભોગવે છે.' તે વાતો સાંભળીને સર્વે દેશના મનુષ્ય તથા પરદેશના મનુષ્ય પણ કહેવા લાગ્યા જે, 'એ વાત સાચી છે. કેમ જે આ સ્વામિનારાયણે જગજીવન મહેતાને હિંસામય યજ્ઞ કરવાની ના કહી હતી તોપણ તેણે સ્વામિનારાયણનું વચન લોપીને યજ્ઞ કર્યો, તેણે કરીને તેનું અકાળ મૃત્યુ થયું. તે કારણપણા માટે આજ દિવસથી આપણે પણ સર્વેને હિંસામય યજ્ઞ દેવને અર્થે તથા પિત્રીને અર્થે પણ ન કરવો. કેમ **જે જગજીવને સ્વામિનારાયણનું વચન લોપીને દેવને અર્થે હિંસામય યજ્ઞ કર્યો હતો તોપણ તેનું કુટુંબ ચાકરે સહિત ઉચ્છેદન થઈ ગયું. તે માટે**

ધર્મનિષ્ઠ પુરુષને હિંસા ન કરવી અને યજ્ઞનું શેષ માંસ ખાવાનો સર્વ પ્રકારે ત્યાગ કરવો.' એવી રીતે સર્વે મનુષ્યો વાર્તા કરવા લાગ્યા. અને શ્રીજીમહારાજ પણ પૃથ્વી ઉપર વિચરીને પોતાનો પ્રતાપ જણાવતા થકા અધર્મનો ત્યાગ કરાવીને ભાગવત ધર્મનું સ્થાપન કરતા હતા.

❋ કરિયાણાદિક ગામોમાં થઈ વૌઠે સમૈયો કરવા પધાર્યા :

આવી રીતે વિચરણ કરતા મહારાજ ભચાઉથી ચાલ્યા તે **વાંઢિયે** થઈને સમુદ્રની ખાડી ઊતરીને **માળિયે** પધાર્યા. અને ત્યાંથી **પીપળિયે** ગણેશ ભક્તને ઘેર પધાર્યા. અને ત્યાંથી હાલાર દેશમાં થઈને **પંચાળે** ઝીણા ભાઈના દરબારમાં પધાર્યા. અને તે પંચાળામાં ઘણા દિવસ રહીને ગામ **કરિયાણે** પધાર્યા. ત્યાં ગામ ડભાણથી સંતદાસજીને લઈને સ્વરૂપાનંદસ્વામી આદિ સંત આવ્યા ને શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં. અને શ્રીજીમહારાજે સંતદાસજીને બદરિકાશ્રમની વાર્તા પૂછી તે સર્વે કહી. અને ત્યાં સંતદાસજી ચાર-પાંચ દિવસ રહીને પાછા બદરિકાશ્રમમાં ગયા. અને તે પછી મુક્તાનંદસ્વામી આદિક સંત કરિયાણે આવ્યા. અને દેશ દેશથી હરિભક્ત પણ આવ્યા અને ત્યાં સમૈયો કર્યો.

અને મહારાજ ત્યાંથી ગામ **સુખપર** આવ્યા અને ત્યાંથી **સારંગપુર** પધાર્યા. અને ત્યાં રહીને દેશ દેશમાં કંકોતરીઓ લખાવી જે, 'સર્વે હરિજન કાર્તિક પૂનમ ઉપર વૌઠે આવજો.' એવી રીતે પત્ર લખાવ્યો અને તે પત્ર સાંભળીને ત્યાં સર્વે સંત પ્રથમથી આવ્યા અને સર્વે હરિભક્તો પણ આવ્યા હતા. પછી શ્રીજીમહારાજ **બુધેજ** થઈને **વઉઠે** પધાર્યા અને સર્વે હરિભક્ત વાજાં લઈને શ્રીજીમહારાજને સન્મુખ ગયા. અને ગાજતે વાજતે શ્રીજીમહારાજને નદીને કાંઠે ગામ **વારસિંહ**ની સીમમાં સંઘનો ઉતારો કર્યો હતો તેની મધ્યે બિરાજમાન કર્યા. અને સર્વે હરિભક્તે કેસરચંદન તથા નાના પ્રકારના પુષ્પના હાર તેણે કરીને સારી પેઠે પૂજા કરી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “કાલ સવારમાં આપણે સર્વેને મહાદેવનાં દર્શન કરવા જાવું છે, વાસ્તે સર્વે નાઈ ધોઈને પૂજા કરી અને તૈયાર થાજો.” એવી રીતે પોતે બોલ્યા. અને પછી પહોર રાત્રી ગઈ ત્યારે બ્રાહ્મણ નાના ભાઈએ સર્વ સંઘમાં સાદ પાડ્યો જે, “કાલે મધ્યાહ્ન સમે જેને મહારાજને વાસ્તે થાળ કરવો હોય તે કરી લાવજો.” પછી કુબેરસિંહ છડીદાર શ્રીજીમહારાજને પગે લાગીને બોલ્યા જે, “મહારાજ ! આપને સન્મુખ ગુસાઈજી ઊતર્યા છે.’ તે એમ બોલ્યા જે, ‘આ સ્વામિનારાયણે આટલી બધી મશાલો કરાવી છે તે એમને એટલું બધું તેલ કોણ આપે છે ?”

શ્રીજીમહારાજ તે વાત સાંભળીને હસ્યા ને બોલ્યા જે, “તેમને ક્યાં રાત દિવસની ખબર છે ? અને ભગવાનના પ્રતાપની તથા મહિમાની પણ ક્યાં ખબર છે ?” પછી બીજે દિવસ સર્વ સંત સહિત શ્રીજીમહારાજ મહાદેવનાં દર્શન કરીને તેના પૂજારી બ્રાહ્મણને પોતાનો સર્વે પોશાગ આપ્યો અને ત્યાંથી ગાજતેવાજતે મુકામ ઉપર પધાર્યા. અને સર્વ હરિભક્ત માત્ર થાળ કરીને શ્રીજીમહારાજના આગળ લાવ્યા. અને તે સર્વે નાના પ્રકારના થાળ પોતે જમીને પ્રસાદી સર્વે સત્સંગીને આપી. અને સંત હતા તે ગોળા કરીને જમ્યા.

પછી શ્રીજીમહારાજ ઘોડે સવાર થઈને પાર્ષદે સહિત **ડભાણ** પધાર્યા. અને સંત પણ તત્કાળ શ્રીજીની વાંસે ચાલ્યા તે ડભાણ ગયા. અને ગામના પટેલિયે રસોઈ આપી, તે શ્રીજીમહારાજ સંતને જમાડીને **વરતાલ** પધાર્યા. અને ત્યાં સર્વ સંઘ પણ આવ્યો. અને પોતે જોબન વરતાલાની મેડી ઉપર ઊતર્યા. અને સર્વે સંતને દેશ દેશ પ્રત્યે ફરવા મોકલ્યા. અને ભણનારા સાધુ હતા તે વરતાલમાં નિત્યાનંદસ્વામી પાસે ભણવા લાગ્યા.

પછી શ્રીજીમહારાજ **ડભાણ** પધાર્યા અને ત્યાંથી ગામ **બોચાસણ** પધાર્યા ને કાસીદાસને ઘેર ઊતર્યા. અને ત્યાંથી ગામ **શેરડી** પધાર્યા ને

ત્યાંથી **એકલબારા**ને આરે ઊતરીને ગામ **સરસવણી** પધાર્યા. અને ત્યાં કાનુજી ગાયકવાડના જાસુદ શ્રીજીમહારાજને તેડવા આવ્યા.અને પોતે ગામ **પાદરે** પધાર્યા અને ત્યાં રાત્રી રહીને **બામણગામ**માં પધાર્યા. અને પોતે ગામની બહાર બિરાજમાન થયા અને હરિજન આગળ કહેવડાવી મૂક્યું જે, "અમે ભૂખ્યા છીએ. માટે અમારા સારુ જમવાનું લાવજ્યો." પછી ખોડો પંડ્યો દહીં ને રોટલો લાવ્યા, તે શ્રીજીમહારાજ જમ્યા.

✵ વડતાલ સંતોને દર્શન તથા કઠલાલની ડોશીને ચરણામૃત :

પછી ગામ **શેરડી**એ રાત્રી રહીને **વરતાલ** પધાર્યા. તે સમે ભણનારા સંત ભણતા હતા. તે દીવાને હસતો જોઈને મહાનુભાવાનંદસ્વામી બોલ્યા જે, "આ દીવો હસે છે તે શુભ સૂચવે છે. માટે શ્રીજીમહારાજ પધારશે કે શું !?" પછી બીજા સંત બોલ્યા જે, "મહારાજ તો કાઠિયાવાડમાં પધાર્યા છે, તે અહીં ક્યાંથી આવે?" એવી રીતે વાત કરે છે ત્યાં બંદૂકનો ભડાકો થયો. તેને સાંભળીને સંત પુસ્તક મૂકીને શ્રીજીમહારાજને સન્મુખ દોડીને ગયા. પછી જોબનપગીના ફળિયામાં મહારાજ ઊતર્યા અને જ્યાં જ્યાં ફર્યા તે વાર્તા પોતે સંતને કહી.

અને ત્યાંથી ગામ **ઉમરેઠ** પધાર્યા અને નંદુ ઠાકરને ઘેર રાત્રી રહીને થાળ જમીને ગામ **ડડુસર** પધાર્યા અને ભક્ત ગલુજીને ઘેર ઊતર્યા. અને સર્વે પાર્ષદને જમાડ્યા અને પોતે થાળ જમીને ગામ **કઠલાલ** પધાર્યા. અને નદીને કાંઠે પીપળા તળે ચોતરા ઉપર ઢોલિયો ઢળાવીને બિરાજમાન થયા. અને રાયજી પંડ્યા તથા ખુશાલ પંડ્યા તથા સદારામ પંડ્યા થાળ કરીને લાવ્યા, તેને પોતે જમ્યા અને તેના ઉપર પ્રસન્ન થયા. પછી ત્યાંથી ચાલ્યા તે સમયમાં ગામથી એક બાઈ પાણીનો ઘડો માથે મૂકીને માર્ગમાં આવી. અને કહ્યું જે, "મહારાજ! આ ઘડામાં પગ બોળો." પછી શ્રીજીમહારાજે પગ બોળ્યો અને કહ્યું જે, "આ પાણીને શું કરશો ?" પછી તે બાઈએ કહ્યું જે, "કૂવામાં નાખીશ,

તે પાણી જે પીએ તેનું કલ્યાણ થાય.” પછી મહારાજે ચરણામૃત કરીને તેને આપ્યું અને ત્યાંથી ગામ **તોરણે** પધાર્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજ ભુજના સત્સંગી આગળ નિર્વાસનિક થાવાની વાર્તા કરીને ધમડકે પધાર્યા અને જગજીવનનું મૃત્યુ થયું અને પંચાળે પધાર્યા તથા બુધેજ થઈને વઉઠે પધાર્યા અને ત્યાંથી તોરણે પધાર્યા' એ નામે છાસઠમો અધ્યાય ॥૬૬॥

અધ્યાય - ૬૭

શ્રીહરિ સંતોની સામા કુંડળ ગયા ને ખટરસનાં વર્તમાન મુકાવ્યા

પછી ત્યાંથી શ્રીજીમહારાજ ગામ **ગઢડે** પધાર્યા અને દાદા ખાચરના દરબારમાં છાના રહ્યા. તે કોઈને દર્શન ન આપે અને એકાંતે રહે. અને ગામ બોટાદ દર્શન દેવા કોઈક દિવસ રાત્રીમાં પધારે તથા ઝીંઝાવદર પધારે અને પાછા ગઢડે આવે. અને દિવાળી ઉપર મુક્તાનંદસ્વામી ગઢડે આવ્યા તેને શ્રીજીમહારાજ ઉતારે દર્શન દેવા રાત્રીએ ગયા. અને દેવદિવાળી ઉપર શ્રીજીમહારાજે ગુજરાતમાં જે સાધુ હતા તે ઉપર કાગળ લખાવીને ખટરસનાં વ્રતમાન પાળવાની આજ્ઞા કરી.

પછી હુતાશનીના સમૈયા ઉપર સર્વ સાધુ તથા સત્સંગીને તેડાવ્યા. અને તે સમૈયા ઉપર સાધુ આવ્યા ત્યારે શ્રીજીમહારાજ ગામ **કુંડળ** સુધી સામા ગયા. અને ત્યાં સંત ભેગા થયા ને મામૈયા પટગીરને ઘેર ઊતર્યા. અને સાધુને જમવા સારુ મોળી થુલી કરાવી અને અડધા સંતને જમવા ઉઠાડ્યા. તેવામાં કાઠી મોટા શ્રીજીમહારાજને દર્શને આવ્યા. ત્યારે સાધુ જમતા હતા. તેને જોઈને તથા ખટરસનાં વ્રતમાને કરીને દેહ અતિ દુર્બળ જોઈને શ્રીજીમહારાજના આગળ પાઘડી ઉતારીને અરજ કરી જે, **“હે મહારાજ! ખટરસનાં વ્રતમાન સાધુને મુકાવો, એવો વર માગીએ**

છીએ." ત્યારે મહારાજે કહ્યું જે, "ઠીક, આજથી સાધુને ખટરસનાં વ્રતમાન નહીં." ત્યારે મામૈયા પટગીરે પંગતમાં ગોળ-ઘી લાવીને પીરસ્યું.

✵ ગઢપુરમાં ફૂલદોલોત્સવ કર્યો :

અને તે દિવસ ત્યાં રહીને ગામ **કારિયાણી** પધાર્યા. તે વસ્તા ખાચરના દરબારમાં ઉતારો કર્યો અને થાળ થયો તેથી શ્રીજીમહારાજ જમ્યા અને સંતને સર્વેને જમાડ્યા. પછી સાયંકાળે સભા કરીને પોતે શ્રીજીમહારાજ ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને પોતાના મુખારવિંદની આગળ આવીને સર્વે સંતની સભા ભરાઈને બેઠી. ત્યારે મહારાજે કહ્યું જે, "સર્વે વહેલા કેમ આવ્યા ? અને તમે વહેલા આવ્યા તેથી પાછા જાઓ." ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "કોઈ દેખતા હો તો મારો સતાર લાવો." ત્યારે મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું જે, "એક અમારું મંડળ દેખે છે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમારું મંડળ દેખે છે અને બીજા કેમ નથી દેખતા ?"

ત્યારે મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! એ સર્વે સાધુને રાસુંદો થયો છે, માટે રાત્રીમાં નથી દેખતા. અને અમને તો ગામ ડભાણમાં હરિભક્તે બડેલાની ભાજી કરીને ખવરાવી હતી, તેણે કરીને એક અમારું મંડળ દેખે છે." ત્યારે શ્રીજીમહારાજને દયા આવી તેથી સર્વે સંતને રાખ્યા. અને ત્યાંથી શ્રીજીમહારાજ સર્વે સંતમંડળ સહિત **ગઢડે** પધાર્યા. અને ત્યાં એક રસોઈ જીવા ખાચરની સંત જમ્યા અને ફૂલદોલને દિવસ રસોઈ દાદા ખાચરની જમ્યા. અને ફૂલદોલના ઉત્સવને દિવસે શ્રીજીમહારાજ રંગ રમ્યા અને સર્વે સંત તથા હરિભક્તને રંગે રમાડ્યા. અને કીર્તન ગાતા ગાતા ઘેલા નદીમાં નાહવા ગયા અને નાહીને પાછા આવીને દાદા ખાચરના દરબારમાં બિરાજમાન થયા.

પછી ત્યાંથી સર્વ સંઘ સહિત ચાલ્યા તે ગામ **કારિયાણી**એ પધાર્યા અને ત્યાંથી **કુંડળ** પધાર્યા. અને કુંડળથી ભાઈ રામદાસજી આદિ સર્વે

સંતને ગુજરાત જવાની આજ્ઞા કરી, ને શ્રીજીમહારાજ પાછા **ગઢડે** પધાર્યા અને ત્યાં ઉનાળાના ચાર મહિના રહ્યા. અને ત્યાં સર્વે પોતાના ભક્તજન આવ્યા. અને તેવામાં ગુજરાતમાંથી મહાનુભાવાનંદસ્વામી કાચી કેરીયું લઈને ગઢડે શ્રીજીમહારાજ પાસે આવ્યા. તે કેરીયુંને શ્રીજીમહારાજ જમ્યા અને તે સંતને પ્રસાદી આપી. એ પ્રકારે લીલા કરતા થકા બિરાજતા હતા અને તે ભક્તજનોને બહુ સુખ આપ્યું. પછી અમદાવાદના સત્સંગીએ કાગળ મોકલ્યો જે, "અમારા દેશમાં કેરીઓ બહુ પાકી છે, પણ સાધુ તો કેરી જમતા નથી."

ત્યારે શ્રીજીમહારાજે સાધુને કેરી જમવાનો કાગળ સંતમંડળને મોકલ્યો અને પોતે તો ત્યાં બિરાજ્યા. અને પછી ત્યાંથી ગામ **પંચાળે** પધાર્યા અને ભક્ત ઝીણાભાઈ આદિએ શ્રીજીમહારાજને પોતાને ઘેર પધરાવ્યા અને બહુ સેવા કરી. પછી ત્યાંથી ગામ **માણાવદર** પધાર્યા અને તે ગામના નવાબની સ્વારી પોતાના સામે આવીને શ્રીજીમહારાજને ગાજતેવાજતે ગામમાં પધરાવ્યા. અને તે ભક્તજનોએ શ્રીજીમહારાજની બહુ સેવા કરી.

✹ શ્રીહરિ જાળિયામાં માંદા થયા તથા એભલખાચરે દેહ મૂક્યો :

પછી ગામ **જાળિયે** પધાર્યા. અને ત્યાં પોતાના શરીરમાં મંદવાડ જેવું થયું, તેથી પોતે કાંઈ પણ જમે નહીં. અને પોતાના એકાંતિક ભક્તજન જે ભગુજી આદિ તેમણે બહુ પ્રાર્થના કરી જે, "હે મહારાજ ! તમે જમો." ત્યારે પોતે કહ્યું જે, "અમારે અર્થે તો લક્ષ્મીજી તથા શિવજી આદિ દેવ થાળ લઈને ઊભાં છે, પણ અમારે તેણે કરીને કાંઈ સુખ નથી. અને હું તો આત્માના સુખે કરીને સુખિયો છું." એમ કહેતા થકા એક માસ સુધી ત્યાં રહ્યા અને ભક્તજનોને સુખ આપ્યું. પછી ત્યાંથી **ગઢડે** પધાર્યા અને દાદા ખાચરના દરબારમાં વિરાજમાન થયા.

પછી ભાઈ રામદાસજી આદિ સંતો આવ્યા, તેને પીપળાવાડીએથી

પાછા વાળ્યા અને દર્શન પણ ન દીધાં. અને પછી મુક્તાનંદસ્વામી આદિ સંત આવ્યા તેને દર્શન આપ્યાં. અને પછી અભય ખાચરે દેહ મૂક્યો તે સમે દેવનાં વિમાન હજારો આકાશમાં દેખાણાં અને દેવનાં દુંદુભિ વાજાં વાગ્યાં. અને તે પછી તેમનાં પત્ની સુરબાઈએ શ્રીજીમહારાજને પોતાનું સર્વસ્વ આપીને એમ કહ્યું જે, "હે સ્વામી ! આ અમારો પુત્ર તે પણ તમને અર્પણ કર્યો છે, તે તમારે નજરમાં આવે તેમ કરો." પછી શ્રીજીમહારાજે દાદા ખાચરને કહ્યું જે, "સારું ખરચ કરો." ત્યારે દાદા ખાચરે સાટા કરાવીને અતિ સારું ખરચ કર્યું. અને સર્વે પોતાની જ્ઞાતિ તથા સર્વે ગામ તથા જે કોઈ અન્નાર્થી રાંક આવ્યું તે સર્વેને જમાડ્યા. અને સર્વે સંતને જમાડ્યા.

✵ મછિયાવના દાજીભાઈને શ્રીજી ધામમાં તેડી ગયા :

અને ત્યારપછી મુક્તાનંદસ્વામીને ચરોતરમાં મોકલ્યા અને નિત્યાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી આદિક સંતમંડળને જેતલપુર મોકલ્યા. અને ત્યાં કેટલાક દિવસ રહીને પછી ગામ મછિયાવ ગયા. અને પછી તે ગામના ઠાકોર દાજીભાઈએ દેહ મૂક્યો. તે સમે શ્રીજીમહારાજ પોતે હજારો મુક્તે સહિત વિમાને વીંટાણા થકા ત્યાં આવ્યા અને તેને હજારો મનુષ્યોએ દેખ્યા. તે જોઈને સર્વેને આશ્ચર્ય થયું. પછી અનહદ વાજાં વાગ્યા અને ઠાકોર દાજીભાઈ દેહ મૂકીને અક્ષરધામને પામ્યા. અને તેમના પુત્ર બાપુભાઈએ રૂપિયાનું શેર ઘી લઈને પકવાન કરાવ્યાં અને અતિ સારું ખર્ચ કર્યું. તેમાં જે કોઈ અન્નાર્થી આવ્યા તે સર્વેને જમાડ્યા.

✵ ગઢડામાં ફૂલદોલોત્સવ તથા વડતાલમાં રંગસપ્તમી કરી :

પછી ત્યાંથી નિત્યાનંદસ્વામી આદિક સંતમંડળ હતું તે **ગઢડે** ગયું અને શ્રીજીમહારાજનાં દર્શન કરીને ત્યાં રહ્યા. અને પછી મહારાજે સર્વે સંતોને વરતાલ જાવાની આજ્ઞા કરી અને કહ્યું જે, "અમે પણ ફૂલદોલ

ઉપર આવશું." એમ કહીને પોતે ત્યાં રહીને ફૂલદોલનો ઉત્સવ કર્યો. અને પછી ત્યાંથી રંગસાતમ ઉપર **વરતાલ** પધાર્યા. અને ત્યાં રંગસાતમ જોબન વરતાલાની મેડી ઉપર મુક્તાનંદસ્વામી આદિ સંતમંડળ સાથે બહુ વાર રમ્યા. અને પછી મુક્તાનંદસ્વામી આદિ સંતમંડળને સુરત, ધર્મપુર અને પુના એ દેશમાં જાવાની આજ્ઞા આપી અને પોતે **ગઢડે** પધાર્યા. અને પછી ત્યાં રામનવમી કરી. અને કેરી પાકી ત્યારે પોતે સંતમંડળે વીંટાણા થકા ગામ **ઉમરેઠ** આદિ સર્વે દેશમાં ભક્તજનોને દર્શન આપતા થકા વિચરવા લાગ્યા.

અને પછી ત્યાંથી ગામ **નાગડકે** પધાર્યા અને સુરા ખાચરના દરબારમાં બિરાજમાન થયા. અને છ દિવસ રહીને ગામ **બોટાદ** પધાર્યા અને ત્યાં માતરા ધાધલને ઘેર જમ્યા. પછી ત્યાંથી **ગઢડે** પધાર્યા અને ત્યાં દાદા ખાચરના દરબારમાં બિરાજમાન થયા. અને ત્યાં કપીલાછઠ ઉપર મુક્તાનંદસ્વામી આદિ ભણનારા સાધુને તેડાવ્યા તેથી સર્વે આવ્યા. તે સંત મહારાજને મળીને ઊતરાદે બાર ઓરડામાં ઊતર્યા. અને તે સંતને જમાડવાને અર્થે ગામના ભક્તજનો વારંવાર નોતરાં દેવા લાગ્યા. પછી શ્રીજીમહારાજ જલેબી, મોતૈયા આદિ પકવાન કરાવીને નિત્ય પોતાને હાથે કરીને જમાડતા, અને ચંદન-પુષ્પાદિકે કરીને સાધુની પૂજા કરાવતા. એવી રીતે એક માસ પર્યંત લીલા કરી.

✹ સંતોને જમાડવાની મહારાજની લીલા :

એક દિવસ શ્રીજીમહારાજ જમીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા હતા. તે સમે જૂનાગઢથી પ્રેમી ભક્ત મોટીબા આવ્યાં અને શ્રીજીમહારાજને પગે લાગીને કહ્યું જે, "મારે પરમહંસને જમાડવા છે." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "સાધુ તો ગામમાંથી જમીને હમણાં આવ્યા છે." પછી તે ભક્તે કહ્યું જે, "મારે તો આજ જમાડવા છે." પછી શ્રીજીમહારાજ પ્રસન્ન થઈ બોલ્યા જે, "રસોઈ કરાવો." પછી તે ભક્તે બિરંજ તથા પૂરીની રસોઈ કરાવી અને સર્વે સંતને જમવા તેડાવ્યા.

પછી શ્રીજીમહારાજ પોતે કેડ બાંધીને પરમહંસને પીરસવા લાગ્યા. અને તે સંતોને ખૂબ તાણ કરીને જમાડ્યા. અને જમતાં જમતાં પાણી માગે ત્યારે થોડુંક પાણી પાય, પણ અધિક ન પાય; એવી રીતે જમાડીને તૃપ્ત કર્યા. અને પછી કહ્યું જે, “જે જમ્યાનું માગો તે આપું.” પછી એક ભક્તે બ્રહ્માનંદસ્વામીને સૂચવ્યું જે, “પૂરી નથી તે માગો.” પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, “હે મહારાજ ! પૂરી લાવો.” પછી શ્રીજીમહારાજ હસીને બોલ્યા જે, “બિરંજ લ્યો, પૂરી તો નહિ આપીએ.”

પછી મહાનુભાવાનંદસ્વામીએ બ્રહ્માનંદસ્વામીને સૂચવ્યું જે, “દૂધ છે ?” પછી શ્રીજીમહારાજે એ વાત સાંભળીને કહ્યું જે, “દૂધ તો નથી અને ગાયો પણ આવી નથી.” પછી ભગુજીએ ગાયું દોવરાવીને પ્રથમથી દૂધ ભેગું કરી રાખ્યું હતું. તે લાડુબાઈ આદિ ભક્તોએ સાકરે સહિત દૂધની ત્રાંબડિયું ભરીને મહારાજની આગળ મૂકી. પછી મહારાજે દૂધ ને સાકર સંતોને સારી પેઠે પાયું, તેથી સંતો તો માંડ માંડ ઉતારે પહોંચ્યા.

❋ દાદા ખાચરના વિવાહમાં સંતો ઉપર દહીં-દૂધ રેડ્યું :

પછી સંતમંડળે વીંટાણા થકા શ્રીહરિ દિવાળી ઉપર **વરતાલ** પધાર્યા. અને ત્યાં અન્નકોટનો ઉત્સવ કરીને ત્યાં દેવદિવાળી સુધી રહીને પછી **ગઢડે** પધાર્યા. અને ત્યાં સર્વે સંતોને તેડાવ્યા. અને તે સમે દાદા ખાચરનો વિવાહ કર્યો અને તેમાં પાંચ પકવાન કરાવ્યાં અને તે સર્વે સંતોને પોતે જમાડતા થકા વારંવાર ફરીને સારી પેઠે તૃપ્ત કર્યા. અને પછી દહીં ને સાકર સારી પેઠે ફેરવ્યાં. તેમાં ફેરવતે દહીં વધ્યું તે લઈને પોતે એમ બોલ્યા જે, “આજ તો દાદા ખાચરનો વિવાહ છે. તે માટે મહાનુભાવાનંદસ્વામીના માતરો ધાધલ ભાઈબંધ થયા છે, તે માટે વેવાઈના પક્ષવાળા છે, માટે તેમને માથે લાવો દહીં માંગલીક છે તે નાખીએ.” એમ કહીને દહીં ને સાકર સારી પેઠે મહાનુભાવાનંદસ્વામી ઉપર નાખીને શરીર સારી પેઠે ચોળ્યું. તે જોઈને સર્વે સંતો તથા હરિભક્તો બહુ હસ્યા.

અને તે સમે મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી એ બે જણ ચેલા ખાચરને ભગવાનની વાત કરવા ગયા હતા, તેથી એમના દેખ્યામાં તે લીલા ન આવી. ત્યારે તેમણે કહ્યું જે, "હે મહારાજ ! એ લીલા અમને દેખાડો." ત્યારે પોતે કહ્યું જે, "દેખાડશું." એમ કહીને બીજે દિવસે સંતની પંક્તિમાં જલેબી આદિ પકવાન ફેરવતાં ફેરવતાં એમ બોલ્યા જે, "જેટલી જલેબી તમે જમો એટલી અમે જમીએ." ત્યારે સર્વે સંતે કહ્યું જે, "સારું મહારાજ !"

પછી શ્રીજીમહારાજ એક જલેબી જમીને સંતને જમાડે. એમ કરતે કરતે દહીં-દૂધની ત્રાંબડી ભરીને મહાનુભાવાનંદસ્વામીને માથે ઢોળી અને પછી સર્વે અંગે લેપ કર્યો. તે જોઈને બ્રહ્માનંદસ્વામી આદિ સર્વે સંતો હસ્યા. એમ લીલા કરતા થકા પંગતમાં ફેરવતા ફેરવતા બ્રહ્માનંદસ્વામી માથે દૂધનો ઘડો ઢોળીને સર્વે સંતને હસાવ્યા. અને એમ લીલા કરતાં ફૂલડોળનો ઉત્સવ આવ્યો તેને કર્યો.

✵ શ્રીહરિએ બ્રહ્માનંદસ્વામીને આયુષ્ય આપીને રાખ્યા :

પછી મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીના મંડળને વાળાક દેશમાં ફરવા મોકલ્યા. અને નિત્યાનંદસ્વામી તથા ચૈતન્યાનંદસ્વામીના મંડળને તળાજા જે ગોપનાથ મહાદેવ એ આદિક ગામમાં મોકલ્યા. અને પછી રામનવમીના ઉત્સવ ઉપર તેડાવ્યા. અને સંતોએ આવીને શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં. અને પછી બ્રહ્માનંદસ્વામી માદાં થયા તે દેહ પડી જાય એવા માંદા થયા. ત્યારે શ્રીજીમહારાજ બ્રહ્માનંદસ્વામીને દર્શન દેવા પધાર્યા. અને સર્વેને કહ્યું જે, "બ્રહ્માનંદસ્વામીને આયુષ આપો તો રહે."

એમ કહીને બ્રહ્માનંદસ્વામીને રાખ્યા અને બ્રહ્માનંદસ્વામીને મળીને પોતે ઢોલિયા ઉપરથી હેઠા ઊતર્યા. પછી સર્વે સંત શ્રીજીમહારાજને મળ્યા, તે કોઈ એક વાર મળ્યા અને કોઈ પાંચ વાર મળ્યા અને કોઈ

દશ વાર મળ્યા, એવી રીતે સર્વે સંત મળ્યા. પછી શ્રીજીમહારાજે સર્વે સંતોને ગુજરાત દેશમાં ફરવાની આજ્ઞા કરી. અને શ્રીજીમહારાજ બ્રહ્માનંદસ્વામી આદિક પોતાના મુક્તને આનંદ ઉપજાવતા થકા ત્યાં રહ્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજ તોરણેથી ગઢડે પધાર્યા અને ત્યાંથી પંચાળે પધાર્યા ને સર્વે સંતોને મળ્યા' એ નામે સડસઠમો અધ્યાય ॥૬૭॥

અધ્યાય - ૬૮

મહારાજ વડતાલ થઈ ધરમપુર પધાર્યા

પછી પોતે **વરતાલ** પધાર્યા ને ત્યાં જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો. તેમાં સર્વે સંતોને નાના પ્રકારની રસોઈ કરાવીને પોતે પીરસીને પોતાને હાથે જમાડતા. એ પ્રકારે લીલા કરતા થકા તે ગામના ભક્ત જે બાપુજી આદિની સેવાને અંગીકાર કરતા થકા ત્યાંથી **ગઢડે** પધાર્યા. અને ત્યાં પોતે દેશ દેશથી સર્વ સાધુને તેડાવ્યા અને ત્યાં દિવાળીનો ઉત્સવ કર્યો. અને તે પછી પોતે **જેતલપુર** પધાર્યા ને ત્યાં પોતે મહોલમાં ઊતર્યા. અને ત્યાં ગંગાબાઈએ પોતાને ઘેર થાળ કર્યો તેને શ્રીજીમહારાજ સારી પેઠે જમ્યા અને તે પ્રસાદી સંતોને આપી. અને પોતે વડ હેઠે સભા કરતા થકા અને તે ગામના ભક્તોને આનંદ ઉપજાવતા થકા અને તેમની સર્વે સેવાને અંગીકાર કરીને ત્યાંથી **વરતાલ** પધાર્યા.

અને ત્યાંથી ગામ **ઉધના** પધાર્યા અને ત્યાં સુરતના ભક્તજનો શ્રીજીમહારાજને દર્શને આવ્યા. અને બરફી, દૂધ-પેંડાની માટલીયું શ્રીજીમહારાજને ભેટ કરીને પૂજા કરી. અને ત્યાંથી **ધર્મપુર** પધાર્યા. અને તે ગામનો રાજા સવારી લઈને શ્રીજીમહારાજને સન્મુખ આવ્યો ને ગાજતેવાજતે પોતાના દરબારમાં પધરાવ્યા. અને પોતાના એકાંતિક ભક્ત એવાં જે કુશળકુવરબાઈ તેને પોતાનું દર્શન આપ્યું. અને

તેમને પોતાના સ્વરૂપની ઘણીક વાર્તા કરીને ત્યાં વસંતપંચમીનો ઉત્સવ કર્યો. અને તે ઉત્સવમાં સુરતના સત્સંગીએ શ્રીજીમહારાજને મુગટ ધરાવ્યો.

અને એક દિવસ તે રાજાએ પોતાની સવારી કરીને શ્રીજીમહારાજને હાથી ઉપર બેસાર્યા. અને તે રાજા શ્રીજીમહારાજના ઉપર ચમર કરવા લાગ્યા. અને ગાજતેવાજતે પુરથી બાહેર મહાદેવનું મંદિર ત્યાં પધરાવ્યા. અને પાછા પુરમાં પધારીને રાજદરબારમાં દિવાનખાનામાં બિરાજમાન થયા. અને પોતાનાં ભક્ત કુશળકુવરબાઈ તેમણે શ્રીજીમહારાજની ભારે ભારે વસ્ત્ર-અલંકારે કરીને પૂજા કરી. અને જેટલા શ્રીજીમહારાજ ભેળા સ્વાર તથા પાળા હતા તેમને સર્વેને પોશાગ આપ્યા. અને જેટલા ભણનારા સંત હતા તેમને શ્રીમદ્ભાગવત આપ્યાં. એવી રીતે રૂડે પ્રકારે પૂજા કરીને લાવ લીધો.

પછી શ્રીજીમહારાજ દિન પંદર રહીને ગામ **વાંસદા** પધાર્યા. અને તે ગામના રાજાએ શ્રીજીમહારાજને પોતાના દરબારમાં પધરાવીને રૂડે પ્રકારે ચંદન, પુષ્પ, વસ્ત્ર, અલંકારે કરીને શ્રીજીમહારાજની પૂજા કરી. અને પોતાના ભક્ત જાણીને તે રાજાને પ્રસન્ન થઈને ચરણારવિંદ પાડી આપ્યાં. અને ત્યાંથી પાછા **ધર્મપુર** પધાર્યા અને દરબારમાં બિરાજમાન થયા. અને તે સમે મુક્તાનંદસ્વામી આદિ સંત આવીને પગે લાગીને બેઠા. તેમને શ્રીજીમહારાજે સર્વ દેશના ભક્તના સમાચાર પૂછ્યા.

પછી મુક્તાનંદસ્વામી બોલ્યા જે, “હે મહારાજ ! મહાનુભાવાનંદ સ્વામીને બહુ હરિભક્તનાં નામ લેતા આવડે છે.” પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “બહુ નામ આવડે છે ?” એમ કહીને લોજ, માંગરોળ આદિ સોરઠ દેશના સર્વે હરિભક્તનાં નામ લેવરાવ્યાં. અને પછી તે સર્વે હરિભક્તમાં મોટેરા હરિભક્તની પરીક્ષા કરાવી. પછી મહાનુભાવાનંદસ્વામીએ જાદવજી ખત્રી તથા મયારામ ભટ્ટ તથા ઝીણાભાઈ તથા નાનાભાઈ એ ચારનાં નામ લીધાં. પછી શ્રીજીમહારાજ

બોલ્યા જે, "બહુ સારી નજર પહોંચે છે." એમ કહીને બોલ્યા જે, "એ ચારમાં કોણ મોટા છે ?" પછી એ મુનિએ કહ્યું જે, "મહારાજ ! એ તો તમે કહો." પછી શ્રીજીમહારાજ પ્રસન્ન થઈને બોલ્યા જે, "ઝીણાભાઈ અધિક છે." એવી રીતે ભક્તજનોને આનંદ પમાડ્યા અને પોતાનાં ભક્ત કુશળકુવરબાઈએ શ્રીજીમહારાજની મૂર્તિને વારંવાર નીરખીને પોતાના હૃદયમાં ધારી લીધી.

✵ વડતાલ રંગોત્સવ કરી કારિયાણીમાં કારજ કર્યું :

પછી ત્યાંથી ગામ **ઝાડેશ્વર** પધાર્યા અને ત્યાંથી **બામણગામ** પધાર્યા. અને તે ગામના ભક્ત રણછોડદાસને ઘેર થાળ જમ્યા. અને ત્યાંથી **વરતાલ** પધાર્યા અને મુક્તાનંદસ્વામી આદિ સાધુને ગામ વડથલ મોકલ્યા અને પોતે ત્યાં પાંચ દિવસ રહીને **ગઢડે** પધાર્યા. અને ત્યાં રહીને દેશ દેશમાં કંકોતરીઓ લખી જે, "વરતાલે ફૂલડોલનો સમૈયો કરશું, ત્યાં સર્વે આવજ્યો." એવી રીતે લખીને પોતે ઉત્સવ ઉપર **વરતાલ** પધાર્યા. અને ફૂલડોલના ઉત્સવમાં આવ્યા એવા ભક્તજન તેમને સારી પેઠે રંગ નાખ્યો અને સર્વ ભક્તજનને આનંદ પમાડ્યો. અને મુક્તાનંદસ્વામી આદિ પંદર સદ્‌ગુરુને પોતાના ભેળા લઈને **ગઢડે** પધાર્યા. અને બીજા સંતને દેશમાં ફરવાની આજ્ઞા આપી.

અને તે વાર પછી કારિયાણીથી વસ્તો ખાચર તેડવા આવ્યા અને બોલ્યા જે, "હે મહારાજ ! માંચા ખાચરના દહાડા ઉપર ત્યાં પધારો." ત્યારે શ્રીજીમહારાજ **કારિયાણી** પધાર્યા. અને સાટા કરાવીને રૂડે પ્રકારે કારજ કરાવ્યું. અને સાટા વધ્યા તે ફેર સંતને બોલાવીને આઠ ગળ્યા અને આઠ મોળા સર્વે સંતને બંધાવ્યા. અને તે સંત ગુજરાતમાં ગયા અને મહારાજ ગઢડે પધાર્યા. અને કેરીયું ટાણે પાછા **વરતાલ** પધાર્યા અને ત્યાં કેરીની સર્વે સત્સંગીઓ રસોઈ આપતા અને શ્રીજીમહારાજની બહુ સેવા કરી. અને દશ દિવસ ત્યાં રહીને પાછા **ગઢડે** પધાર્યા.

અને ત્યાં ઘેલે સાધુ, સત્સંગી, પાળા સહિત નાવા પધારતા. એ પ્રકારે લીલાને કરતા થકા ત્યાં જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો અને સર્વ સંતને દર્શન દઈને રાજી કર્યા.

❋ જેતલપુર થઈને વડતાલ જઈ ફૂલદોલોત્સવ કર્યો :

અને દિવાળી ઉપર પોતે **વરતાલ** પધાર્યા. અને ત્યાં બહુ દીવા કરાવીને દીપમાળાને સમીપે પોતે બિરાજમાન થયા અને સર્વે સંતને તથા સત્સંગીને દર્શન આપ્યાં. શ્રીજીમહારાજ બહુ દિન રહીને પછી **જેતલપુર** પધાર્યા અને ત્યાં મુક્તાનંદસ્વામી આદિ સર્વે સાધુને તેડાવ્યા. અને તે સર્વ સંતોએ આવીને શ્રીજીમહારાજને સાષ્ટાંગ દંડવત-પ્રણામ કર્યા અને છાતીમાં મહારાજનાં ચરણકમળ લીધાં અને દર્શન કરતા થકા ત્યાં રહ્યા. અને શ્રીજીમહારાજ ત્યાં પાંચ દિવસ રહીને પછી સર્વ સંતને દેશ દેશમાં ફરવાની આજ્ઞા આપી. અને આનંદાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી આદિ ભણનારા સંત તેમને પુરુષોત્તમ શાસ્ત્રી ભેળા બામણગામ આદિક ગામમાં જાવાની આજ્ઞા આપી.

પછી ત્યાંથી નિત્યાંનદસ્વામી તથા મુક્તાનંદસ્વામી પાંચ સંતને પોતે ભેળા લઈને **ગઢડે** પધાર્યા. પછી સર્વે સંત ઉપર કાગળ લખાવીને મોકલ્યો જે, 'ફૂલડોલનો ઉત્સવ વરતાલે કરવો છે, તેથી સર્વે સત્સંગીને ખબર કરજો અને તમે સર્વ વરતાલે આવજો.' એમ સંત ઉપર કાગળ મોકલીને શ્રીજીમહારાજ **વરતાલ** પધાર્યા. અને સર્વ સંતમંડળ તથા સર્વે દેશ દેશના હરિજન ત્યાં ફૂલડોલના ઉત્સવ ઉપર આવ્યા. અને પછી શ્રીજીમહારાજ ગામથી પૂર્વ દિશામાં તળાવને સમીપે રંગના હોજ ભરાવીને સર્વ સંત ઉપર અને સર્વ હરિજન ઉપર પિચકારિયું ભરી ભરીને નાખવા લાગ્યા. એમ શ્રીજીમહારાજ રંગ રમતા હતા, ત્યારે બહુ મનુષ્યની ભીડ થઈ એટલે શ્રીજીમહારાજ ઘોડા ઉપર ચડીને અને અસ્વારી કરીને સર્વે સંતને દર્શન દેતા થકા ચારેકોરે ફર્યા.

❋ વડતાલ આંબાની ડાળે હિંડોળે ઝૂલ્યા :

અને પછી સાયંકાળે નિષ્કુળાનંદસ્વામી આદિક સંતમંડળે એ તળાવમાં જોડે જોડે બે આંબા ઉપર મોભ નાખીને મોટો હિંડોળો બાંધ્યો. તેમાં શ્રીજીને પધરાવીને ઝુલાવવા લાગ્યા. અને પછી દેશ દેશના હરિભક્તો શ્રીજીમહારાજને ઘણાક પુષ્પના હાર પહેરાવવા લાગ્યા. અને સુરતના હરિભક્તોએ શ્રીજીમહારાજને જરીનાં વસ્ત્ર, ઘરેણાં અને મસ્તકમાં મુગટ ધરાવીને આરતી ઉતારી. અને તે સમે ચંદનની વૃષ્ટિ થઈ. એવી રીતે ફૂલડોલનો મોટો ઉત્સવ કરીને સર્વ સંતને દેશ દેશમાં જાવાની આજ્ઞા આપી.

પછી પાછા શ્રીજીમહારાજ **ગઢડે** પધાર્યા. ત્યાં પોતાના ભક્તજનોને આનંદ ઉપજાવતા થકા નિત્યે ઘેલે સ્નાનને અર્થે સંતમંડળે સહિત પધારતા. અને ત્યાં પોતે બહુ પ્રકારે કરીને જળક્રીડા કરીને પાછા પોતાને ઉતારે પધારતા. એમ લીલા કરતા થકા ત્યાં બહુ દિન રહ્યા.

❋ ગૃહસ્થની પેઠે સાધુએ સેવા કરવા ન ઇચ્છવું :

પછી ભીમ એકાદશી ઉપર **જેતલપુર** પધાર્યા અને તે ગામના ભક્ત આસજીભાઈ આદિક શ્રીજીમહારાજને સન્મુખ આવ્યા અને ગાજતે વાજતે મહોલમાં પધરાવ્યા. અને ત્યાં શ્રીજીમહારાજને અર્થે ગંગાબાઈએ થાળ કર્યો. તે પોતે સારી પેઠે જમ્યા અને સર્વ સંતને જમાડ્યા. ત્યારપછી મહોલમાં પધાર્યા અને ત્યાં આસોપાલવ હેઠે ઢોલિયા ઉપર બિરાજમાન થયા. તે સમે સાધુ અદ્વૈતાનંદસ્વામીએ ખોટા મોતીનો હાર પહેરાવ્યો. તેને જોઈને રાજી થયા અને સર્વે સંતને કહ્યું જે, “તમો જો આ હાર રાખશો તો તમને ચોર સાચા મોતીના હાર જાણીને લૂંટી લેશે અને મારી નાખશે. માટે ચણોઠીના તથા રતાંજળી અને મોતીના હાર જેના પાસે હોય તે સર્વ લાવો.” એમ કહીને તે હાર સંત પાસેથી લઈને સત્સંગીને આપ્યા.

અને કહ્યું જે, **"ગૃહસ્થની પેઠે સાધુને સેવા કરવા ન ઈચ્છવું."** એમ કહીને સર્વે સંતને હાર રાખવાની ના પાડી. એમ શ્રીજીમહારાજ લીલા કરતા ભીમ એકાદશીનો ઉત્સવ આવ્યો. તે દિવસ ગામથી ઉત્તર દિશામાં હરિભક્તોએ તળાવને કાંઠે વડની ઉગમણી ડાળે હિંડોળો બાંધ્યો હતો તે ઉપર પોતે બિરાજમાન થયા. અને તે સમે શ્રીજીમહારાજની આનંદસ્વામીએ કેસરચંદનાદિકે કરીને પૂજા કરી. અને હરિભક્તોએ ઘરેણાં, વસ્ત્ર આદિકે પૂજા કરી અને તે સર્વેને ધારણ કરતા થકા બિરાજતા હતા. એવી રીતે ભક્તની પૂજાને અંગીકાર કરતા થકા બહુ દિવસ ત્યાં રહ્યા.

✵ વરતાલમાં અન્નકૂટનો સમૈયો કર્યો અને વેદાંતાચાર્ય આવ્યા :

પછી **ડભાણ** પધાર્યા અને ત્યાં એક દિવસ રહીને બીજે દિવસે **વરતાલ** પધાર્યા. ત્યાંથી પાછા **ગઢડે** પધાર્યા. અને ત્યાં રહીને પ્રાગજી દવે પાસે કથા કરાવતા અને નિત્ય પ્રત્યે ઘેલે નાહવા પધારતા. એવી રીતે લીલા કરતા થકા અને ભક્તજનોને આનંદ ઉપજાવતા થકા ત્યાં ચાતુરમાસ રહ્યા. અને ત્યાંથી ચાલ્યા તે વરતાલ પધાર્યા. અને ત્યાં દેશ દેશથી સત્સંગીને તેડાવ્યા અને સાધુમાત્રને તેડાવ્યા. અને બહુ પ્રકારે સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સબંધી વાર્તા કરી. અને ત્યાં નાના પ્રકારનાં ભોજન અને વ્યંજન તેણે કરીને અન્નકોટનો સમૈયો કર્યો.

તે મોટા મોટા સદ્ગુરુને કહ્યું જે, "તમારે જ્યારે અમારે દર્શને આવવું હોય ત્યારે આવજો." એમ કહીને ત્યાંથી **ગઢડે** પધાર્યા. અને ત્યાં વીસ પચીસ દિવસ રહીને ત્યાંથી ગામ **પીપળીએ** પધાર્યા. અને ત્યાંથી ચાલ્યા તે **ગુડેલે** પધાર્યા અને ત્યાં મુક્તાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી એ આદિક સંત દર્શન કરવા આવ્યા, તે ભેળા થયા. અને પછી શ્રીજીમહારાજ સંતમંડળે સહિત ત્યાંથી **વરતાલ** પધાર્યા અને જોબનપગીને ઘેર ઊતર્યા. અને ત્યાંથી મુક્તાનંદસ્વામી આદિક સાધુને વેદાંતાચાર્યને તેડવાને વાસ્તે અમદાવાદ મોકલ્યા. તે

મુક્તાનંદસ્વામી વેદાંતાચાર્યને તેડીને આવ્યા. અને તેમને સન્મુખ શ્રીજીમહારાજ સાધુ તથા સત્સંગી સહિત પધાર્યા. અને બહુ સન્માને કરીને વેદાંતાચાર્યને ગામમાં લાવ્યા. અને નારાયણગર બાવાની ધર્મશાળામાં ઉતારો આપ્યો અને સાકરનાં સીધાં દેવરાવ્યાં.

✹ વેદાંતાચાર્યને પૂછેલા પ્રશ્નો :

પછી શ્રીજીમહારાજે એને ઘણાક પ્રશ્ન પૂછ્યા. તે કિયા તો એક તો એ પ્રશ્ન પૂછ્યો જે, "(૧) સુષુમ્ણા નામે નાડી તે આ દેહમાં કઈ રીતે રહી છે ?" અને વળી એમ પૂછ્યું જે, "(૨) જાગ્રત આદિક ત્રણ અવસ્થા છે, તે એક એક અવસ્થામાં ચાર-ચાર અવસ્થા કઈ રીતે રહી છે ? અને (૩) પ્રણવનું સ્વરૂપ કેવું છે ? અને (૪) નાદનું સ્વરૂપ કેવું છે ? અને (૫) દૃષ્ટા અને દૃશ્ય થકી પર જે બ્રહ્મ તેનું સ્વરૂપ કેવું છે ? અને (૬) બ્રહ્મ થકી પર જે પરબ્રહ્મ તેનું સ્વરૂપ તે કેવું છે ? અને (૭) વેદની ઉત્પત્તિ તે વૈરાટનારાયણ થકી છે ? કે મહાવિષ્ણુ થકી છે ? કે વૈકુંઠનાથ થકી છે ? કે શ્વેતદ્વીપવાસી થકી છે ? કે અક્ષરબ્રહ્મ થકી છે? કે અક્ષર પર એવા જે પરબ્રહ્મ પુરુષોત્તમ તે થકી છે ? અને (૮) તે સર્વેના મધ્યે વેદ તે કોણ પર છે ?"

ત્યારે વેદાંતાચાર્યને શ્રીજીમહારાજના સર્વે પ્રશ્નોના ઉત્તર ન આવડ્યા. અને તે પછી શ્રીજીમહારાજે વેદાંતાચાર્યને સો રૂપિયા આપીને વિદાય કર્યો. પછી તેણે ગામ પીપલગમાં જઈને શ્રીજીમહારાજની નિંદા કરી. તે નિંદાનો કાગળ લખ્યો. તે કાગળ શ્રીજીમહારાજને હાથ આવ્યો. તે વાંચીને પોતે મુક્તાનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી આદિ ભણેલા સાધુને મોકલ્યા. તેમણે જઈને નડિયાદમાં વેદાંતાચાર્યને રોક્યો અને તેને કહ્યું જે, "તમારું શ્રીજીમહારાજે બહુ સન્માન કર્યું છતાં તમે શા માટે નિંદા કરી ?" એવી રીતે ઠબકો દીધો.

ત્યારે વેદાંતચાર્ય સાધુની આગળ કરગરવા લાગ્યો અને સાધુને કહ્યું જે, "મેં ઝખ મારી અને હું ભૂલ્યો." ત્યારે તે સાધુએ જવા દીધો. પછી સાધુ પાછા શ્રીજીમહારાજ પાસે વરતાલ આવ્યા. તે વાર પછી સર્વ સાધુને ફરવાની આજ્ઞા કરી. અને શ્રીજીમહારાજ મોટેરા સાધુને સાથે લઈને **ગઢડે** પધાર્યા અને ત્યાં કેટલાક માસ રહ્યા. અને એક દિવસને સમે તો મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી આદિ મોટેરા સાધુને કહ્યું જે, "હું તમને પાકા કરવા સારુ અહીં લાવ્યો છું અને સાધુને તો એક ટંક ખાવું. અને દેહ તથા ઈન્દ્રિયોનું દમન કરવું. એવી રીતે ઘણીક વાર્તા કરીને નિત્ય પ્રત્યે લીલા કરતા થકા શ્રીજીમહારાજ ત્યાં રહ્યા.

✵ અંગ્રેજનું રાજ્ય થતાં શ્રીહરિ અમદાવાદ પધાર્યા :

એક સમે અમદાવાદથી નથુ ભટ્ટ અને કુબેરસિંહજી શ્રીજી મહારાજનાં દર્શન કરવા સારુ ગઢડે આવ્યા. તે શ્રીજીમહારાજને દંડવત-પ્રણામ કરીને શ્રીજીમહારાજના સમીપમાં બેઠા. ત્યારે શ્રીજીમહારાજે શહેરની ખબર પૂછી. ત્યારે તેમણે કહ્યું જે, "શહેરમાં તો અંગ્રેજ સરકારનું રાજ્ય આવ્યું છે અને દેશકાળ બહુ સારો છે. માટે તમે અમદાવાદ પધારો." ત્યારે શ્રીજીમહારાજે મુક્તાનંદસ્વામીના મંડળને અમદાવાદ મોકલ્યું. ત્યારે મુક્તાનંદસ્વામીએ સાહેબને ખબર કરાવી જે, 'સરકારની રજા હોય તો સ્વામિનારાયણ આંહીં આવે.'

ત્યારે સાહેબે કહ્યું જે, "સુખેથી સ્વામિનારાયણ આંહીં આવે." ત્યારે મુક્તાનંદસ્વામીએ તથા સર્વ હરિભક્તે શ્રીજીમહારાજને તેડવા સારુ કાગળ લખીને એક હરિભક્તને મોકલ્યો. ત્યારે તે પત્ર વાંચીને શ્રીજીમહારાજ પોતે અસ્વારે સહિત તથા પાળાએ સહિત **શ્રીનગર**ના સમીપે આવ્યા. તે શહેરના હરિભક્તો શ્રીજીમહારાજને આવતા સાંભળીને સામા ગયા. અને શ્રીજીમહારાજની સન્મુખ રાજાની સવારી તથા છત્રીશ પ્રકારનાં વાજાં આવ્યાં.

પછી વાજાં વગડાવતા થકા શ્રીજીમહારાજની અસ્વારીને ધીરે ધીરે શહેરમાં લાવ્યા. શ્રીજીમહારાજને શહેરમાં આવતા જાણીને શહેરનાં સ્ત્રી-પુરુષો હલકીને (ઉમંગથી દોડીને) મહારાજનાં દર્શન કરવા આવ્યાં અને બજારમાં બે બાજુએ ઘણીક ભીડ થઈ. તેમાં જે મુમુક્ષુ જીવ હતા તેને તો એવો નિશ્ચય થયો જે, 'આ શ્રીજીમહારાજ સાક્ષાત્ શ્રીપુરુષોત્તમ ભગવાન છે.' એવું જાણીને શ્રીજીમહારાજને પુષ્પે કરીને વધાવવા લાગ્યા. અને શ્રીજીમહારાજને શહેરમાં આવતા જાણીને ઈન્દ્રાદિક દેવ પણ પોતાના વિમાનમાં બેસીને શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવ્યા.

તે શ્રીજીમહારાજની શોભાને જોઈને પોતાની અમરાવતીને તુચ્છ જાણવા લાગ્યા. અને શહેરમાં શ્રીજીમહારાજની સવારી સાધુ, પાળા સહિત ચોકે ચોકે અને બજારે-બજારે સર્વને દર્શન દેતા થકા ને આનંદ ઉપજાવતા થકા નવાવાસમાં ઉતારો કર્યો. અને ત્યાં સભા કરીને બિરાજમાન થયા.

એક દિવસ લાલદાસને ઘેર થાળ કર્યો તેથી ત્યાં જમવા પધાર્યા. અને ત્યાં નાના પ્રકારનાં ભોજન જમ્યા અને સર્વે સંત તથા પોતાના પાર્ષદને જમાડ્યા. અને શ્રીજીમહારાજે સભા પણ ત્યાં જ કરાવી. અને સંત પાસે કીર્તન કરાવ્યાં અને પોતાના ભક્તને આનંદ ઉપજાવતા થકા રાત્રી પણ લાલદાસને ઘેર રહ્યા. અને તે લાલદાસ ભક્તે શ્રીજીમહારાજની વસ્ત્ર, અલંકાર તથા ચંદન, પુષ્પે કરીને બહુ પ્રકારે પૂજા કરી અને પછી સવારમાં પોતે નવાવાસમાં પધાર્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુત દાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજ વરતાલે જન્માષ્ટમી કરી તથા ધર્મપુરમાં કુશળકુવંરબાઈએ પૂજા કરી અને ત્યાંથી ગઢડે પધાર્યા અને અંગ્રેજનું રાજ્ય થતાં શ્રીનગર પધાર્યા' એ નામે અડસઠમો અધ્યાય ॥૬૮॥

અધ્યાય - ૬૯

ગઢપુરમાં જન્માષ્ટમી તથા મુક્તમુનિ સભા જીત્યા

પછી ત્યાંથી **ગઢડે** પધાર્યા અને દાદા ખાચરના દરબારમાં બિરાજમાન થયા. અને દાદા ખાચરને ઘેર થાળ જમ્યા અને સર્વ સંતને જમાડ્યા. પછી અષાઢ સુદી એકાદશી કેડે મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી આદિ ભણનારા સંતને પોતાની પાસે રાખ્યા અને બીજા રમતા (ગામડા ફરનારા) સંતને ફરવાની આજ્ઞા કરી તેથી તે ફરવા ગયા. અને પોતે ત્યાં સર્વ સંતને તથા ભક્તજનને દર્શન આપતા થકા રહ્યા. અને શ્રાવણ માસ આવ્યો ત્યારે સર્વ સંત ધારણાપારણા કરવા લાગ્યા. તેને પોતે પારણાને દિવસે નાના પ્રકારની રસોઈ કરાવીને જમાડતા થકા અને તે સંતોને આનંદ ઉપજાવતા થકા ત્યાં જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો.

અને ત્યારપછી મુક્તાનંદસ્વામીને વડોદરે મોકલ્યા અને ત્યાં વેદાંતાચાર્ય સાથે સભા થઈ. તે વેદાંતાચાર્યે કહ્યું જે, “સ્વામિનારાયણ પગે તુલસી કેમ ચડાવે છે ? અને મુગટ કેમ ધારે છે ? અને લોકોને સ્ત્રી કેમ ત્યાગ કરાવે છે.” ઈત્યાદિક મુક્તાનંદસ્વામીને ઘણાક પ્રશ્ન પૂછ્યા. તે સર્વેનો મુક્તાનંદસ્વામીએ ઉત્તર કર્યો. પછી મુક્તાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યા તેનો ઉત્તર વેદાંતાચાર્યથી ન થયો. ત્યારે ભાઉ શાસ્ત્રી કહે, “મુક્તાનંદસ્વામી જીત્યા.” એમ કહીને ચંદન તથા પુષ્પના હારે કરીને સ્વામીની પૂજા કરી અને શ્રીજીમહારાજમાં ભગવાનપણાની ભાવના થઈ.

✵ શ્રીહરિએ મછિયાવમાં હુતાશણીનો સમૈયો કર્યો :

પછી શ્રીજીમહારાજ ગઢડેથી સંતનું મંડળ લઈને **બોટાદ** પધાર્યા. અને ત્યાંથી **સંવત ૧૮૭૬ના ફાગણ સુદી ૧૫ પૂનમની** હુતાશનીનો સમૈયો શ્રીજીમહારાજે ગામ **મછિયાવ** કર્યો. તે લખીએ છીએ જે, સમૈયાથી આગળ શ્રીજીમહારાજ ચાર દિવસ વહેલા પધાર્યા.

ત્યાં બાપુજીના દરબારમાં ઊતર્યા અને મેડા ઉપર ઢોલિયો ઢાળીને શ્રીજીમહારાજને પધરાવ્યા. અને પોતે બાપુજી તથા તેમના દરબારમાં પોતાનાં ઘરનાં સર્વે મનુષ્યોએ આવીને દર્શન કર્યાં.

અને હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યાં જે, “હે મહારાજ ! અમારા ઉપર કૃપા કરીને ભલાં દર્શન દીધાં અને અમને કૃતાર્થ કીધાં અને અમારાં ઘર પણ પવિત્ર થયાં. અને દાદા ખાચર આદિ જે મોટા હરિજન તેની હારમાં અમને લેખ્યાં. અને આજ અમારાં મોટાં ભાગ્ય જે આપ શ્રીજીમહારાજ પધાર્યા. અને હવે સાધુ તથા બ્રહ્મચારી તથા સંઘમાં જે સતસંગી આવ્યા હોય તે સર્વેને બોલાવીને આજ્ઞા કરો તો સહુ રસોઈ કરે.”

પછી શ્રીજીમહારાજે સર્વેને બોલાવીને કહ્યું જે, “બાપુજી કહે છે જે, સર્વે સીધાં લ્યો ને રસોઈ કરો.” ત્યારે સત્સંગી સર્વેએ હાથ જોડીને પગે લાગીને કહ્યું જે, “મહારાજ ! સાધુ તથા બ્રહ્મચારીને બાપુજી ભલે રસોઈ કરાવે અને અમે સત્સંગી તો પોતપોતાની ગાંઠની રસોઈ કરશું. અને આપશ્રીની પણ એવી આજ્ઞા છે કે, **‘સત્સંગી દર્શને આવે તેને પારકું અન્ન ન ખાવું, પોતાનું અન્ન ખાવું.’** માટે અમે સૌ પોતાનું અન્ન ખાશું.” ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “બાપુજી બહુ આગ્રહ કરીને કહે છે, ત્યારે અમે પણ કહીએ છીએ જે, આજ તો દરબારનાં સીધાં લ્યો ને કાલથી પોતાનું જમજ્યો.” ત્યારે સત્સંગીએ કહ્યું જે, “શ્રીજીમહારાજ બહુ કરીને કહે છે, ત્યારે આજ લેશું.”

પછી સત્સંગીને પાકાં સીધાં આપ્યાં અને સાધુ બ્રહ્મચારીને રસોઈ કરાવી. અને શ્રીજીમહારાજને માટે તો પોતાના દરબારમાં થાળ કરાવ્યો. તે ચાર પ્રકારનાં ભોજન-વ્યજંન કરી બાપુજી શ્રીજીમહારાજને બોલાવવા આવ્યા જે, “હે મહારાજ ! જમવા પધારો, થાળ થયો છે.” ત્યારે શ્રીજીમહારાજ જમવા પધાર્યા અને સારી પેઠે જમ્યા. પછી

આસને આવીને બિરાજમાન થયા. પછી બાપુજીને શ્રીજીમહારાજે કહ્યું જે, "સાધુની રસોઈની ખબર કાઢો, કેટલી વાર છે ?" ત્યારે સાધુએ કહ્યું જે, "રસોઈ તૈયાર થઈ છે."

પછી બાપુજીએ આવીને શ્રીજીમહારાજને કહ્યું જે, "રસોઈ તૈયાર થઈ છે." પછી શ્રીજીમહારાજ ત્યાં પધાર્યા. પછી બાપુજીએ મહારાજને કહ્યું જે, "મહારાજ ! તમો સાધુને પીરસો. અને સાધુ જમે ને અમે અને બીજા સત્સંગી સર્વે દર્શન કરીએ તો અમને આનંદ થાય ને અમારો જન્મ સુફળ થાય, અને અમે જીવીએ ત્યાં સુધી ધ્યાન કરવા થાય." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમ જેવા હરિજન હેતે કરીને રસોઈ આપે છે. ત્યારે અમે પણ એટલી ભક્તિ કરશું, ચાલો !"

❋ ભક્તોની ભાવનાથી શ્રીહરિએ સંતોને જમાડ્યા :

પછી શ્રીજીમહારાજ વસ્ત્ર ઉતારી હીરકોરી ધોતિયું પહેરીને તથા તાણી કેડે બાંધીને આવ્યા અને સાધુને કહ્યું જે, "પંક્તિ કરો." પછી સાધુની પંક્તિ થઈ અને જે સાધુ ભંડારી હતા તે લાડુના તાંસ ભરી ભરીને શ્રીજીમહારાજની આગળ આવીને ઊભા રહ્યા. પછી શ્રીજીમહારાજ પીરસવા લાગ્યા અને એક-એક હાથમાં બે-બે લાડુ લઈને સાધુને પીરસે અને પોતે કહેતા આવે જે, "મહારાજો ! લ્યો લાડુ, લાડુ લ્યો. લ્યો ગુરુપ્રસાદ." એમ ને એમ બોલતા આવે અને બીજી વાર વળી બે-બે લાડુ એક-એક હાથમાં લઈને પીરસે. પછી એક-એક લાડુ હાથમાં લઈને પંગતમાં ફરે અને પછી અર્ધો-અર્ધો લાડુ લઈને ફરે, એવી રીતે સાત વાર પંગતમાં ફર્યા. પછી જ્યારે કોઈએ ન લીધો ત્યારે આવીને ભંડાર આગળ ઊભા રહ્યા. પછી ભંડારીને પીરસીને પોતે હાથ ધોઈને સાધુએ પોતાનું લૂગડું આપ્યું, તેણે હાથ લોઈને ચાખડિયું પહેરીને પોતાને આસને પધાર્યા. પછી પોતા પાસે જે પાર્ષદ હતા તેને કહ્યું જે, "પાણી લાવો તો પીએ."

ત્યારે તે પાર્ષદે પાણીનો લોટો ભરીને શ્રીજીમહારાજના હાથમાં આપ્યો. પછી શ્રીજીમહારાજ જળપાન કરીને પોઢ્યા અને જે પાર્ષદ હતા તે બેઠા-બેઠા માળા ફેરવતા હતા. પછી બે કલાક થઈ ત્યારે શ્રીજીમહારાજ પોઢ્યા હતા તે જાગ્યા. ત્યારે પાર્ષદને કહ્યું જે, "પાણી લાવો તો પીએ." પછી પાર્ષદે પાણીનો લોટો ભરીને આપ્યો. અને પાલું આગળ મૂક્યું. પછી શ્રીજીમહારાજે કોગળા કર્યા અને પાણી પીધું પછી બેઠા. ત્યાં હરિજનો આવ્યા ને દર્શન કર્યાં. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "હવે સભા ક્યાં કરશું ? અને આટલા મનુષ્ય જ્યાં સમાય ત્યાં ચાલો."

પછી ગામ બહાર તળાવની દક્ષણાદી કોરે ઉગમણે મુખારવિંદે શ્રીજીમહારાજ ઢોલિયો ઢળાવીને બિરાજમાન થયા. અને આગળ સાધુ તથા બ્રહ્મચારીની પણ સભા ભરાઈને બેઠી. પછી સાધુ વાજાં વજાડીને કીર્તન ગાવા લાગ્યા. પછી આરતી સમય થયો ત્યારે શ્રીજીમહારાજ ઊઠી ઊભા થયા. પછી સાધુ સર્વે ઊભા થયા અને આરતી બોલ્યા. પછી ધૂન કરીને શ્રીજીમહારાજને સાધુ દંડવત્ કરીને પગે લાગ્યા. પછી જેમ ઘટે તેમ બેસી ગયા. પછી શ્રીજીમહારાજની આગળ મોટા મોટા સાધુ મુક્તાનંદસ્વામી આદિ પ્રશ્ન પૂછવા લાગ્યા અને શ્રીજીમહારાજ ઉત્તર કરવા લાગ્યા. એમ પ્રશ્ન ઉત્તર કરતા-કરતા દશ વાગવા આવ્યા. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "હવે ઊઠીએ."

એમ કહીને પછી "જય સચ્ચિદાનંદ" કહીને ઊઠ્યા. તે ઉગમણે મુખારવિંદે ઊભા રહ્યા થકા એમ બોલ્યા જે, "આપણી સભામાં શ્રીનરનારાયણ નિત્યે બિરાજે છે, અને તે શ્રીનરનારાયણનાં દર્શન તમે પણ કરો છો અને અમે પણ દર્શન કરીએ છીએ; પણ તમારે તે વાત જાણ્યામાં નથી આવતી. અને સર્વે સત્સંગીને ચાર ઘડી રાત્રી હોય ત્યારે તળાવમાં સ્નાન કરવું. તે શા માટે જે દિવસ ઊગ્યા સમે તો હિમાચળ નિત્યે આંહીં અમારે દર્શને આવે છે. અને તે જ્યારે હિમાળો આવે

ત્યારે ટાઢ પડશે અને વાયુ પણ વાશે અને જે મોડા નાશે તેને ટાઢ પડશે. માટે વહેલા સ્નાન કરવું." એમ કહીને શ્રીજીમહારાજ દરબારમાં પોઢવા પધાર્યા અને સાધુ ને સત્સંગી પણ પોતપોતાને આસને ગયા.

પછી બીજે દિવસે શ્રીજીમહારાજે પણ વહેલા ઊઠીને ટાઢે પાણીએ સ્નાન કર્યું અને સત્સંગી પણ સર્વે વહેલા ઊઠીને તળાવમાં નાહી આવ્યા. પછી શ્રીજીમહારાજ નિત્યવિધિ કરીને પોતાને આસને બિરાજમાન થયા. અને ત્યાં સત્સંગી સર્વે દર્શન કરતા હતા. તે સમે કોઈક ગામના સત્સંગી શ્રીજીમહારાજને પગે લાગીને બોલ્યા જે, "હે મહારાજ ! આજ અમારી રસોઈ છે." ત્યારે બાપુજી શ્રીજીમહારાજ પાસે બેઠા હતા તે બોલ્યા જે, "શ્રીજીમહારાજ અમારે ઘેર પધાર્યા છે, માટે જ્યાં સુધી શ્રીજીમહારાજ આંહીં રહે ત્યાં સુધી અમારી રસોઈ છે."

ત્યારે તે હરિભક્તે કહ્યું જે, "અમે શ્રીજીમહારાજના દર્શને સમૈયા ઉપર આવ્યા છીએ, તેથી રસોઈનો સામાન લઈને આવ્યા છીએ. તે સામાન કાંઈ પાછો લઈ જવાય ? તે તો શ્રીજીમહારાજ અને સાધુને જમાડવા સારુ છે. તે જેમ શ્રીજીમહારાજ કહે તેમ કરીએ." પછી શ્રીજીમહારાજે બાપુજીને કહ્યું જે, "અમે તમારા દરબારમાં પધાર્યા છીએ અને તમારે ઘેર આવ્યા છીએ. તે કાલ તમારી રસોઈ જમ્યા અને વળી તમારી રસોઈ જમીશું. માટે બહારના સત્સંગી કોઈ હેતે કરીને લાવ્યા હોય તેને કરવા દ્યો." પછી બાપુજીએ કહ્યું જે, "શ્રીજીમહારાજ કહે ત્યારે ભલે કરો."

પછી તે હરિભક્તે શ્રીજીમહારાજને પગે લાગીને કહ્યું જે, "શ્રીજીમહારાજ સારુ થાળ અમારે ઉતારે અમે કરશું અને સાધુને ચોકે અમે સીધું-સામાન સર્વે પહોંચાડીએ છીએ." પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "સારું." પછી ચોકે-ચોકે સર્વે રસોઈનો સામાન પહોંચાડ્યો. અને શ્રીજીમહારાજ સારુ તો ચાર પ્રકારનાં ભોજન, શાક, પાક, અથાણાં

સારી પેઠે મનમાન્યા થાળ કરી, તે હરિભક્તો શ્રીજીમહારાજને તેડવા આવ્યા. અને પગે લાગીને હાથ જોડીને શ્રીજીમહારાજને કહ્યું જે, "હે મહારાજ! દયા કરીને જમવા પધારો."

પછી શ્રીજીમહારાજ 'જય સચ્ચિદાનંદ' કહીને ઊઠ્યા. પછી દશ-બાર પોતાના પાર્ષદ પણ શ્રીજીમહારાજની કેડે ચાલ્યા. ત્યારે બાપુજી પણ ચાલ્યા તે ત્યાં હરિભક્તને ઉતારે ગયા. પછી શ્રીજીમહારાજે વસ્ત્ર ઉતાર્યાં અને એક ધોતિયું હીરકોરી પહેર્યું હતું અને માથે હીરકોરની ધોળી પછેડી પણ કાન ઉઘાડા રાખીને ઓઢી. પછી પાર્ષદોએ પાથરેલી ધાબળી ઉપર ઉગમણે મુખારવિંદે બિરાજમાન થયા. પછી બાપુજીના દરબારમાંથી મોટો બાજોઠ લાવ્યા, તે શ્રીજીમહારાજ આગળ મેલ્યો. તે બાજોઠ ઉપર થાળ, શાક, પાક સર્વે મેલ્યાં અને પાણીનો લોટો તે ઉપર ઢાંકણું ઢાંકીને પાર્ષદ લઈ આવ્યા. તે શ્રીજીમહારાજ પાસે મૂકીને બેઠા.

પછી શ્રીજીમહારાજ ધીરે ધીરે જમવા લાગ્યા અને થોડી થોડી વાતુ કરતા હતા. પછી બાપુજીને શ્રીજીમહારાજ કહે જે, "બાપુજી, આવો પ્રસાદી જમો." ત્યારે બાપુજીએ કહ્યું જે, "હે મહારાજ ! તમે જમો. અમારે તો દરબારમાં રસોઈ થઈ હશે ત્યાં જમશું." ત્યારે જે જે સત્સંગીએ શ્રીજીમહારાજને થાળ કરાવ્યો હતો તેઓ બોલ્યા જે, "દરબાર, શ્રીજીમહારાજ કહે છે, તે જમો. શ્રીજીમહારાજની પ્રસાદીની ના ન પડાય, જમો." ત્યારે બાપુજી પણ જમવા બેઠા. અને શ્રીજીમહારાજે પોતાના થાળમાંથી બાપુજીને પ્રસાદી આપી ને તે બાપુજી પણ જમ્યા. પછી પાર્ષદે શ્રીજીમહારાજને પાણીની કળશલી(લોટી) ભરીને આપી. તે શ્રીજીમહારાજ જ્યારે પાણી પીવે ત્યારે ત્રણ ઘૂંટડા ભરે, તે જેટલા વખત પાણી પીવે તેટલા વખત તેમ જ કરે. અને ઓડકાર આવે ત્યારે પેટ ઉપર હાથ ફેરવે અને કહે જે, "આજ તો બહુ જમ્યા, હવે ધરાણા. માટે હવે નહિ જમાય, પાણી લાવો." ત્યારે પાર્ષદે શ્રીજીમહારાજને

પાણી આપ્યું. પછી શ્રીજીમહારાજ ચળુ કરી મુખવાસ લઈને વસ્ત્ર પહેરીને દરબારમાં પધાર્યા. પછી પોતાને આસને બેઠા.

ત્યારે વળી શ્રીજીમહારાજે પાર્ષદને કહ્યું જે, “સાધુની રસોઈની ખબર કાઢો જે કેટલી વાર છે ?” પછી પાળા ત્યાં ગયા અને સાધુને પૂછ્યું જે, “રસોઈને કેટલી વાર છે ?” ત્યારે તે સાધુએ કહ્યું જે, “રસોઈ તૈયાર છે.” પછી પાળે આવીને શ્રીજીમહારાજને કહ્યું જે, “હે મહારાજ! રસોઈ તૈયાર છે.” ત્યારે શ્રીજીમહારાજ કહે જે, “ચાલો, સાધુને પીરસીએ.” પછી શ્રીજીમહારાજ પીરસવા પધાર્યા. પછી જે ભંડારી સાધુ હતા તે લાડુના તાંસ ભરીને શ્રીજીમહારાજની આગળ આવ્યા. તે શ્રીજીમહારાજ બે હાથમાં બે-બે લાડુ લઈને પીરસવા લાગ્યા. અને કહ્યું જે, “મહાપુરુષો..! લ્યો લાડુ, મહારાજો..! લ્યો લાડુ.”

એવી રીતે સાત વાર પંગતમાં ફર્યા. પછી જ્યારે કોઈએ ન લીધા ત્યારે શ્રીજીમહારાજ પાકશાળામાં પધાર્યા અને ભંડારીને પીરસ્યું. પછી હાથ ધોઈને પોતાને આસને પધાર્યા અને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અને શ્રીજીમહારાજે પાર્ષદને કહ્યું જે, “પાણી લાવો, પીએ.” ત્યારે પાર્ષદે પાણીનો લોટો ભરીને આપ્યો. પછી શ્રીજીમહારાજે જળપાન કરીને બે ઘડી વાતુ કરી તે હરિજનોએ સાંભળી. પછી શ્રીજીમહારાજ પોઢી ગયા અને પાર્ષદ પાસે બેઠા માળા ફેરવતા હતા.

✵ શ્રીહરિનું પૂજન અને ભોજનલીલા :

પછી કલાક વાર શ્રીજીમહારાજ પોઢીને જાગ્યા અને પાર્ષદ પાસે પાણી માગ્યું. તેથી પાળે પાણીનો લોટો ભરીને આપ્યો. પછી શ્રીજીમહારાજે મુખારવિંદ ધોઈને કોગળા કર્યા ને પછી જળપાન કરીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી હરિજન સર્વે દર્શને આવ્યા, તે આવીને બેઠા અને શ્રીજીમહારાજ વાર્તા કરવા લાગ્યા. તે એકાગ્રવૃત્તિએ હરિજન સાંભળવા લાગ્યા.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "ક્યાં જાયગા સારી છે ? ત્યાં સભા કરીએ." ત્યારે બાપુજી બોલ્યા જે, "આ દરબારથી ઉત્તરાદી કોરે ચારણનો મોટો વાડો છે અને તેમાં વડનો વૃક્ષ છે, તે જાયગા સભા થાય તેવી છે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "બહુ સારું, ત્યાં જ સભા કરીએ." પછી શ્રીજીમહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા અને હરિજન સર્વેની સભા થઈ અને સાધુ વાજિંત્ર વજાડીને વિષ્ણુપદ ગાવા લાગ્યા. ત્યારપછી જે સત્સંગીની રસોઈ હતી તે પહેરામણી લાવ્યા અને શ્રીજીમહારાજને વિલાયતી છીંટની ડગલી તથા સુરવાળ તથા કસુંબલ પાઘ બંધાવી તથા સેલું કેડે બંધાવ્યું તથા બીજું સેલું ખભે ધરાવ્યું અને બોરીનો ચોફાળ ઓઢાડ્યો અને કુંકુમનો ચાંદલો કર્યો. પછી થાળીમાં કપૂર મૂકીને તેનાથી આરતી ઉતારી. અને શ્રીજીમહારાજનાં ચરણારવિંદ છાતીમાં લઈને પગે લાગ્યા.

પછી શ્રીજીમહારાજે તે હરિજનને પેંડા અને પતાસાંની પ્રસાદી આપી. પછી તે સત્સંગીએ સર્વ સાધુને ધોતિયાં ઓઢાડ્યાં અને સાધુની પૂજા કરીને દંડવત કરીને પગે લાગ્યા. પછી આરતી ટાણું થયું ત્યારે શ્રીજીમહારાજ ઊઠીને ઊભા થયા. અને સાધુ આરતી બોલીને નારાયણ ધૂન બોલ્યા. પછી સાધુઓ શ્રીજીમહારાજને દંડવત્પ્રણામ કરીને એક-એક આવીને પગે લાગ્યા ને જેમ ઘટે તેમ બેસી ગયા. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "ઝીલણિયાં કીર્તન બોલો." પછી સાધુ ઝીલણિયાં કીર્તન બોલ્યા. પછી શ્રીજીમહારાજે વાતુ કરી. એ રીતે લીલા કરી.

❋ અમદાવાદના ભક્તોની રસોઈ તથા પૂજન :

પછી ત્રીજે દિવસે શ્રીજીમહારાજે પાણીનાં કોરાં માટલાં ભરાવીને રખાવ્યાં હતાં. તેમાંથી પોતે વહેલા ઊઠીને નાહ્યા. પછી સત્સંગી પણ વહેલા ઊઠીને તળાવમાં નાહીને આવ્યા અને સેવા-પૂજા કરીને શ્રીજીમહારાજના દર્શને આવ્યા. ત્યારે અમદાવાદના સત્સંગીએ

શ્રીજીમહારાજને પગે લાગીને કહ્યું જે, “હે મહારાજ ! અમારી ખાંડની રસોઈ છે અને મહારાજનો થાળ અમારે ઉતારે કરશું.”

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “બહુ સારું.” ત્યારે તે હરિભક્તે કહ્યું જે, “હે મહારાજ ! આપ સંતોને પીરસજો અને અમે દર્શન કરશું.” ત્યારે મહારાજે કહ્યું જે, “અમે પીરસશું તો તમારે દોઢી રસોઈ કરવી જોઈશે.માટે તેટલો સામાન તમે લાવ્યા છો ?” ત્યારે તે હરિજને કહ્યું જે, “હે મહારાજ ! તમારા પ્રતાપે સામાનની ખોટ નથી, અમે બમણી રસોઈ કરાવશું.” ત્યારે મહારાજે કહ્યું જે, “તમે રસોઈ કરાવો.”

પછી હરિજન પગે લાગીને ઊઠ્યા અને સાધુને સીધાં પહોંચાડ્યાં. પછી શ્રીજીમહારાજ સારુ પોતાને ઉતારે થાળ કરવા લાગ્યા. તે ચાર પ્રકારનાં ભોજન, વ્યંજન અને પાક, જેટલી સામગ્રી અન્નકોટમાં આવે તેટલી સર્વે સામગ્રી થાળમાં કરાવી. પછી શ્રીજીમહારાજને બોલાવવા આવ્યા અને આગળ હાથ જોડીને કહ્યું જે, “હે મહારાજ ! થાળ થયો છે, જમવા પધારો.” પછી શ્રીજીમહારાજ જમવા પધાર્યા, તે ભેગા દરબાર બાપુજી પણ ચાલ્યા. પછી હરિજને બાજોઠ ઢાળી દીધો, તે ઉપર મહારાજ બિરાજમાન થયા. અને હરિજનોએ સર્વે સામગ્રી લાવીને શ્રીજીમહારાજની આગળ અન્નકોટ પૂર્યો.

પછી શ્રીજીમહારાજ જમવા લાગ્યા અને બાપુજીને શ્રીજીમહારાજે જમવાનું કહ્યું. ત્યારે બાપુજી બોલ્યા જે, “હે મહારાજ! અમારે દરબારમાં રસોઈ થઈ હશે.” ત્યારે તે રસોઈવાળા સત્સંગી બોલ્યા જે, “શ્રીજીમહારાજ કહે છે, તેથી ના ન પડાય અને શ્રીજીમહારાજની પ્રસાદી તો લેવી જ જોઈએ.” પછી શ્રીજીમહારાજે પ્રસાદી આપી ને બાપુજી જમ્યા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “આજ તો વાતુ કરતાં કરતાં બહુ જમાઈ ગયું, હવે પાણી લાવો.” પછી પાર્ષદો બેઠા હતા તેણે પાણીનો કળશિયો ભરીને શ્રીજીમહારાજને આપ્યો. પછી શ્રીજીમહારાજ

ચળુ કરીને જળપાન કરી ઊઠ્યા અને પોતાને આસને પધાર્યા અને ઢોલિયે બિરાજમાન થયા.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "ખબર કાઢો જે સાધુની રસોઈને કેટલી વાર છે ?" પછી પાળા ગયા અને સાધુને પૂછ્યું જે, "રસોઈને કેટલીક વાર છે ?" ત્યારે સાધુએ કહ્યું જે, "કાંઈ વાર નથી, તૈયાર છે." પછી પાળાએ આવીને શ્રીજીમહારાજને કહ્યું જે, "વાર નથી, તૈયાર છે." પછી શ્રીજીમહારાજ પાકશાળામાં પધાર્યા અને વસ્ત્ર ઉતાર્યા અને હિરકોરી ધોતિયું પહેર્યું અને ખેસ ખંભે આડસોડે નાખીને તે જ ખેસે કરીને તાણીને કેડ બાંધીને ઊભા રહ્યા. ત્યારે સાધુ લાડુના તાંસ ભરી આવીને આગળ ઊભા રહ્યા.

પછી શ્રીજીમહારાજ બે હાથે બે-બે લાડુ લઈને પીરસવા લાગ્યા જે, "મહાપુરુષો ! લ્યો લાડુ, મહારાજો, લ્યો લાડુ." એમ વારંવાર કહેવા લાગ્યા. એવી રીતે સાત વાર પંગતીમાં ફર્યા. પછી કોઈએ લાડુ ન લીધા, ત્યારે શ્રીજીમહારાજે ભંડારીને પીરસીને હાથ ધોયા અને પોતાને આસને પધાર્યા અને ઢોલિયે બિરાજમાન થયા અને પાળા પાસે પાણી માગ્યું. ત્યારે પાળે પાણીનો લોટો ભરીને શ્રીજીમહારાજના હાથમાં આપ્યો. પછી શ્રીજીમહારાજ પાણી પીને પાન, સોપારી(નો) મુખવાસ લઈને પોઢી ગયા. અને પોતા પાસે પાર્ષદ ભજન સ્મરણ કરતા હતા. પછી શ્રીજીમહારાજ બે કલાક રહીને જાગ્યા. સેવક પાસે પાણી માગ્યું. ત્યારે સેવકે પાણીનો લોટો ભરીને આપ્યો અને પછી શ્રીજીમહારાજે મુખારવિંદ ધોઈને કોગળા કર્યા અને જળપાન કરીને વિરાજમાન થયા. પછી ત્યાં સત્સંગી આવીને પગે લાગીને બેઠા. પછી શ્રીજીમહારાજે વાતુ કરી.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "કાલે જ્યાં સભા કરી હતી ત્યાં સભા કરશું." ત્યારે સત્સંગીએ ઢોલિયો લીધો ને વડ હેઠે ઢોલિયો ઢાળીને તે

ઉપર ગાદી-તકિયો નંખાવીને શ્રીજીમહારાજને તે ઉપર પધરાવ્યા. અને સાધુ તથા સત્સંગીની સભા ભરાઈને બેઠી અને કેટલાક સત્સંગી તો ઊભા રહીને દર્શન કરતા હતા. પછી રસોઈ આપનાર અમદાવાદના સત્સંગી બેત્રણ છાબું ભરીને પહેરામણી લઈને આવ્યા. તે શ્રીજીમહારાજને કિનખાબનો સુરવાળ અને કિનખાબની ડગલી અને ભારે સેલું માથે બંધાવ્યું અને એક ભારે સેલું ખભે ધરાવ્યું અને સાચા મોતીનો શિરપેચ પાઘ ઉપર બંધાવ્યો. પછી કપૂરની ઉતરી અને કપૂરની માળા અને કપૂરના બાજુબંધ તથા કપૂરની પોંચી, એવી રીતે શ્રીજીમહારાજને પોશાગ ધરાવ્યો. પછી આરતી ઉતારીને શ્રીજીમહારાજનાં ચરણારવિંદ છાતીમાં લીધાં. અને શ્રીજીમહારાજે તેમને પેંડા ને પતાસાંની પ્રસાદી આપી. પછી સત્સંગીએ સાધુને કંકુના ચાંદલા કરીને ધોતિયાં ઓઢાડ્યાં ને પગે લાગ્યા.

પછી આરતી વખત થયો તેથી શ્રીજીમહારાજ ઊભા થયા. પછી સાધુઓએ આરતી બોલીને નારાયણ ધૂન્ય કરી. પછી શ્રીજીમહારાજને સાધુ દંડવત્ કરીને સર્વ એક-એક આવીને પગે લાગીને જેમ ઘટે તેમ બેઠા. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, “માંહોમાંહી પ્રશ્ન-ઉત્તર કરો તો બુદ્ધિની પરીક્ષા થાય.” પછી સાધુ પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરવા લાગ્યા. શ્રીજીમહારાજ તે જોઈને મુખારવિંદ આડો રૂમાલ રાખીને મંદ મંદ હસવા લાગ્યા. અને એમ ને એમ પ્રશ્નઉત્તર કરતાં રાતના દશ વાગ્યા. પછી શ્રીજીમહારાજ પોઢવા પધાર્યા. સાધુ અને સત્સંગી પોતપોતાના ઉતારે ગયા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજ અમદાવાદથી ગઢડે પધાર્યા અને ત્યાંથી મછિયાવ હુતાશણીના સમૈયાના દિવસ ત્રણ થયા' એ નામે ઓગણોતેરમો અધ્યાય ॥૬૯॥

અધ્યાય - ૭૦

શ્રીહરિએ મછિયાવમાં બાઈને બે વરદાન આપ્યાં

અને ચોથે દિવસે શ્રીજીમહારાજ વહેલા ઊઠીને ટાઢા પાણીએ નાહ્યા. પછી દરબારમાં આવીને પોતાને આસને બેઠા. ત્યારે દરબારમાંથી બાઈયો શ્રીજીમહારાજના દર્શને આવ્યાં અને શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં. અને શ્રીજીમહારાજના શરીર સામું જોયું તે ટાઢે કરીને શરીર ફાટી ગયું હતું અને શરીર ઉપર લોહીના મોતિયા જણાતા હતા. તે જોઈને બાપુજીનાં મોટાં દીકરી હતાં તેને દયાએ કરીને નેત્રમાં પાણી આવી ગયાં. તેને જોઈને શ્રીજીમહારાજને પોતાના ભક્તજન ઉપર દયા આવી.

ત્યારે તે બાઈને શ્રીજીમહારાજે કહ્યું જે, "હે બાઈ, તમારા ઉપર અમે પ્રસન્ન થયા છીએ, તેથી જે તમે માગો તે તમને આપીએ." ત્યારે તે બાઈએ કહ્યું જે, "હું બે વર માગું છું, તે દયા કરીને આપો." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમારી નજરમાં આવે તે માગો." ત્યારે તે બાઈએ હાથ જોડીને કહ્યું જે, "હે મહારાજ ! તમે આજથી શિયાળામાં ઊના પાણીએ નહાજો અને એક ટાણું જમો છો તે બે ટાણાં જમો. એ બે વર મને દયા કરીને આપો." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "એ બે વર તમને આપ્યા."

✹ ડાંગરવાના અગરાજીની રસોઈ તથા પૂજન :

તે સમયમાં મેડા ઉપરથી શ્રીજીમહારાજ પોતાના આસને ઢોલિયા ઉપર બિરાજમાન હતા. ત્યાં દંઢાવ્ય દેશના ગામ ડાંગરવાના ગરાસિયા અગરોજી તથા અમરોજી ભેળા થઈને પગે લાગીને બેઠા. ત્યારે અગરોજી હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! આજ અમારી ખાંડની રસોઈ છે. અને મહારાજ સારુ અમારે ઉતારે થાળ કરશું." ત્યારે બાપુજી બોલ્યા જે, "આજ તો અમારી રસોઈ છે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "સંઘના સત્સંગી જે આવ્યા છે તે રસોઈનો સામાન લઈને આવ્યા

છે, માટે તેને કરવા દ્યો." ત્યારે બાપુજીએ કહ્યું જે, "શ્રીજીમહારાજ કહે છે ત્યારે ભલે કરો."

પછી તે અગરાજીએ કહ્યું જે, "સાધુને શ્રીજીમહારાજ પીરસે." ત્યારે શ્રીજીમહારાજ કહે જે, "અમે પીરસશું, ત્યારે રસોઈ દોઢી જોઈશે." ત્યારે અગરાજીએ કહ્યું જે, "હે મહારાજ! બમણી રસોઈ કરાવીશું, આપના પ્રતાપે કાંઈ વાંધો નથી." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "અમે પીરસવા આવશું." પછી તે ભક્તે સાધુને ચોકે સર્વે રસોઈનો સામાન પહોંચાડ્યો. પછી શ્રીજીમહારાજ સારુ થાળ પોતાને ઉતારે કરાવ્યો. તે ચાર પ્રકારનાં ભોજન અને વ્યંજન, રાયતું, પાક અને અથાણાં અને દૂધ, દહીં ને સાકર તે સારી પેઠે અન્નકોટની પેઠે થાળ કરાવ્યો.

પછી શ્રીજીમહારાજને અગરોજી તેડવા આવ્યા અને પગે લાગીને કહ્યું જે, "હે મહારાજ ! થાળ તૈયાર થયો છે, જમવા પધારો." પછી મહારાજ જમવા પધાર્યા, તે ભેળા બાપુજી પણ ચાલ્યા. પછી ત્યાં અગરાજીએ બાજોઠ ઢાળી દીધો, તે ઉપર શ્રીજીમહારાજ બેઠા. પછી સર્વે જમવાનાં ભોજન થાળમાં પૂરીને લાવ્યા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "ભારે થાળ કર્યો !" ત્યારે અગરોજી બોલ્યા જે, "આજ અવસર આવ્યો છે તે ફરીને આવવાનો નથી. આજ અમારો જન્મ સફળ થયો કે મહારાજ જમે અને અમે દર્શન કરીએ." પછી શ્રીજીમહારાજ જમવા લાગ્યા અને હરિજન દર્શન કરવા લાગ્યા.

પછી બાપુજીને શ્રીજીમહારાજે કહ્યું જે, "આવો જમો." ત્યારે બાપુજીએ કહ્યું જે, "હે મહારાજ ! દરબારમાં રસોઈ થઈ હશે ત્યાં જમશું." ત્યારે અગરોજી અને અમરોજી એ બે બોલ્યા જે, "શ્રીજીમહારાજ કહે છે ત્યારે ના ન પાડવી. આવો, આપણે ત્રણેય જમીએ." ત્યારે મહારાજે કહ્યું જે, "બેસો." પછી જમવા બેઠા અને મહારાજે થાળમાંથી પ્રસાદી આપી તે જમ્યા. પછી મહારાજે કહ્યું જે, "આજ તો બહુ જમ્યા." પછી પાળા ભગુજી પાસે પાણી મંગાવ્યું.

તેથી પાળા ભગુજીએ પાણીનો લોટો આપ્યો. તે મહારાજ ચળુ કરીને પાણી પીધું અને મુખવાસ પાનબીડી લઈને વસ્ત્ર પહેરીને દરબારમાં પોતાને આસને પધાર્યા.

પછી અમરાજીને મહારાજે કહ્યું જે, "ખબર કાઢો, સાધુની રસોઈને કેટલી વાર છે ?" પછી અમરાજીએ સાધુને પૂછ્યું જે, "રસોઈની કેટલી વાર છે ?" ત્યારે સાધુએ કહ્યું જે, "રસોઈ તૈયાર થઈ છે." ત્યારે અમરાજીએ આવીને મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! રસોઈ તૈયાર છે." ત્યારે શ્રીજીમહારાજ 'જય સચ્ચિદાનંદ' કહીને સાધુને પીરસવા પધાર્યા. પાકશાળામાં વસ્ત્ર ઉતાર્યા અને હીરકોરી ધોતિયું પહેરી અને ખેશ આડસોડે નાખીને તે ખેશને તાણીને કેડ બાંધીને ઊભા રહ્યા. અને શ્રીજીમહારાજે કહ્યું જે, "ક્યાં છે ભંડારી સાધુ ? લાવો લાડુ." ત્યારે સાધુ લાડુના તાંસ ભરીને આગળ આવ્યા.

ત્યારે શ્રીજીમહારાજ બે હાથમાં બે-બે લાડુ લઈને સાધુની પંક્તિમાં પીરસવા લાગ્યા. અને એમ બોલ્યા જે, "હે મહારાજો ! લ્યો લાડુ, મહારાજો ! લ્યો લાડુ, મહાપુરુષો ! લ્યો લાડુ." એમ કહીને સાત વાર પંગતમા ફર્યા. અને પછી કોઈએ ન લીધા ત્યારે ભંડારીને પીરસીને હાથ ધોઈને વસ્ત્ર પહેરીને પોતાને આસને પધાર્યા અને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અને પોતાના પાર્ષદને કહ્યું જે, "પાણી લાવો, તરસ લાગી છે." પછી પાળે પાણીનો લોટો આપ્યો અને શ્રીજીમહારાજ જળપાન કરીને પોઢી ગયા.

અને પાળા બેઠા-બેઠા ભજન કરવા લાગ્યા ને મહારાજને પ્રસન્ન કરતા હતા. પછી શ્રીજીમહારાજ બે કલાક પોઢીને જાગ્યા. પછી પાર્ષદ પાસે પાણી માગ્યું. પછી પાર્ષદે લોટો ભરી આપ્યો. પછી શ્રીજીમહારાજે જળપાન કરીને તે લોટો પાળાને પાછો આપ્યો. પછી તે પાર્ષદે લોટામાં જે પ્રસાદીનું જળ હતું તે પોતાના લોટામાં નાખીને પ્રસાદી પી ગયા.

પછી શ્રીજીમહારાજ વાતુ કરવા લાગ્યા. અને તે વાતુ પાર્ષદો અને સત્સંગી સાંભળવા લાગ્યા.

પછી ત્રીજો પહોર થયો ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "બહાર તળાવથી દક્ષણાદી બાજુ લીંબડા ઊભા છે, ત્યાં ચાલો સભા કરીએ." ત્યારે સત્સંગી સર્વે બોલ્યા જે, "સારું મહારાજ." પછી કૂવાથી આથમણી કોરે લીંબડા હેઠે ઢોલિયો બિછાવ્યો. તે ઉપર ગાદી-તકિયા નંખાવીને તે ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન થયા. અને સાધુ તથા સત્સંગીની સભા થઈ. અને પરમહંસ વાજાં વજાડીને કીર્તન ગાવવા લાગ્યા. પછી તે અગરોજી તથા અમરોજી શ્રીજીમહારાજ સારુ પોશાગ લઈને આવ્યા. તે કિનખાબનો સુરવાળ ને ડગલી પહેરાવ્યાં અને માથે સેલું બંધાવ્યું અને કેડે ભારે સેલું બંધાવ્યું અને ખભે સેલું ધરાવ્યું અને શાલ ઓઢાડી. એ રીતે સર્વે વસ્ત્રો ધરાવીને કુંકુમનો ચાંદલો કર્યો અને કપૂરની આરતી ઉતારી. પછી શ્રીજીમહારાજનાં ચરણારવિંદ છાતીમાં લીધાં અને માથા ઉપર લીધાં.

પછી શ્રીજીમહારાજે તેમને પેંડા અને પતાસાંની પ્રસાદી આપી. પછી સાધુને કંકુના ચાંદલા કરીને ધોતિયાં ઓઢાડ્યાં અને પ્રદક્ષિણા તથા દંડવત્ કર્યાં. પછી પગે લાગીને દર્શન કર્યાં. અને તે વાર પછી વાળંદ બે મસાલું લઈને આવ્યા અને સાધુ ગોડી બોલ્યા. પછી શ્રીજીમહારાજ ઊઠ્યા અને સાધુ આરતી બોલ્યા ને નારાયણ ધૂન કરી રહ્યા.

પછી શ્રીજીમહારાજ પ્રથમથી બેસીને સાધુને પગે લાગ્યા. પછી સાધુ દંડવત્ કરીને એક-એક આવીને શ્રીજીમહારાજને પગે લાગીને જેમ ઘટે તેમ બેસી ગયા. અને પછી સાધુ પ્રશ્ન પૂછવા લાગ્યા અને શ્રીજીમહારાજ ઉત્તર કરવા લાગ્યા. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "કાલ હુતાશણી છે તે રંગ રમવા માટે સર્વે સત્સંગી દરબારમાં આવજો. અને કાલે હિમાળાને ના પાડશું તે કાલે ટાઢ નહિ પડે." એમ કહીને શ્રીજીમહારાજ પોઢવા પધાર્યા અને સાધુ તથા સત્સંગી પોતપોતાને

ઉતારે ગયા. પછી પાંચમે દિવસે શ્રીજીમહારાજ દરબારમાં ઊના જળે સ્નાન કરીને પોતાને આસને પધાર્યા અને નિત્યવિધિ કરી.

✵ કરજીસણના ગોવિંદ પટેલની રસોઈ તથા રંગોત્સવ :

પછી ગામ કરજીસણવાળા મોટા સત્સંગી ગોવિંદજી આવ્યા. તે શ્રીજીમહારાજને પગે લાગીને બોલ્યા જે, "હે મહારાજ ! આજ મારી ખાંડની રસોઈ છે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "સારું." પછી બાપુજી આવ્યા અને શ્રીજીમહારાજને પગે લાગીને કહ્યું જે, "હે મહારાજ! રંગ તૈયાર છે અને અમદાવાદથી ગુલાલ મંગાવ્યો તે પણ આવી ગયો છે." ત્યારે શ્રીજીમહારાજ કેડ બાંધીને રંગે રમવા તૈયાર થયા. અને પછી સત્સંગી સર્વે દરબારમાં આવ્યા અને ચોકમાં ભેળા થયા. અને શ્રીજીમહારાજ મેડા ઉપર બેઠા હતા ત્યાં બાપુજીએ ગુલાલના ગોટાની દશ છાબ ભરીને શ્રીજીમહારાજની આગળ મૂકી.

ત્યારે શ્રીજીમહારાજ ગોટો હાથમાં લઈને તત્કાળ પોતાના જે એકાંતિક હરિજન તેને મારવા લાગ્યા. તે ધોળો ગુલાલનો ગોટો ફૂટે ત્યારે પૃથ્વી ને આકાશમાં ધોળો રંગ થઈ જાય. અને જ્યારે લીલા રંગનો ગોટો મારે ત્યારે પૃથ્વી ને આકાશ લીલાં થઈ જાય. અને જ્યારે પીળો ગોટો મારે ત્યારે પૃથ્વી ને આકાશ પીળાં થઈ જાય. એમ શ્રીજીમહારાજ જેવા રંગના ગોટા મારે તેવા લીલા, પીળા અને ધોળા રંગની ગરદી(ડમરી) ઊડે તેણે કરીને પૃથ્વી ને આકાશમાં રંગ દેખાતો હતો.

પછી પતંગ અને કેસુડાં ને ગુલાલની રમઝટ લગાડી તેણે કરીને કીચડ થયો. જેમ વરસાત વરસે ને એલી થાય તેમ એલી થઈ. તે જોઈને દેવતા આકાશ માર્ગે વિમાને સહિત અંતરિક્ષ રહ્યા થકા પરસ્પર બોલ્યા જે, "પરબ્રહ્મ જે પુરુષોત્તમનારાયણ તે આજે રંગે રમે છે. તે નારદ-સનકાદિ જોગીને સપનામાં પણ નથી આવતા અને એમનાં દર્શન આપણને સપનામાં પણ નથી થતાં. અને આજે મનુષ્યને આ ભગવાન

ભેળા રમવું, જમવું અને બેસવું-ઊઠવું અને હાલવું-ચાલવું આવો જોગ એમને થયો છે; તે એ મનુષ્યના પૂર્વજન્મનાં શું પુન્ય હશે ? જેણે કરીને આવા જોગને પામ્યા છે.”

એમ કહીને દુંદુભી વાજાં વગાડવા લાગ્યા અને પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા અને જય જય શબ્દને કરવા લાગ્યા. પછી શ્રીજીમહારાજે તાળી વજાડીને કહ્યું જે, “હવે ચાલો, તળાવમાં નાવા જઈએ.” પછી શ્રીજીમહારાજ આગળ ચાલ્યા. ત્યારે દેવ સર્વે પોતપોતાને સ્થાનકે ગયા. પછી શ્રીજીમહારાજ નાયા અને સાધુ, બ્રહ્મચારી તથા પાળા અને સંઘના સર્વે સત્સંગી નાયા. પછી શ્રીજીમહારાજ દરબારમાં પોતાને ઉતારે પધાર્યા અને સાધુ ને સત્સંગી તે સહુ નાહીને ઉતારે ગયા.

પછી ગોવિંદજીએ શ્રીજીમહારાજને પગે લાગીને કહ્યું જે, “હે મહારાજ ! જમવા પધારો, થાળ થયો છે.” પછી પોતાને ઉતારે તેડી ગયા અને આસન ઉપર મહારાજને પધરાવ્યા. પછી શ્રીજીમહારાજની આગળ ચાર પ્રકારનું અન્ન લાવીને તે અનકોટની પેઠે ધર્યું. ત્યારે બીજા હરિજન દર્શન કરવા આવ્યા અને કહ્યું જે, “થાળ બહુ મોટો કર્યો !”

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, **“આ ગોવિંદજીભાઈ અને એનાં ઘરનાં મનુષ્યે સર્વસ્વ ભગવાન અને સાધુને અર્થે કરી રાખ્યું છે. અને કરજીસણમાં એને ઘેર અમે ચૌદ સમૈયા કર્યા છે. અને એની શ્રદ્ધા તે દિવસથી આજ દિવસ સુધી એવી ને એવી છે, પણ મંદ પડી નથી. અને બીજા તો દેહ મૂકીને ભગવાનના ધામમાં જાય પણ એ તો દેહ છતાં અક્ષરધામમાં બેઠા છે, એમ જાણવું.** માટે તમારે સર્વેને એવા થાવું.”

❋ સંતોને ભોજન તથા પ્રભુનું પૂજન :

પછી શ્રીજીમહારાજ સારી પેઠે જમ્યા અને પછી ચળુ કરીને મુખવાસ લીધો અને દરબારમાં પોતાને આસને પધાર્યા. પછી ગોવિંદજીને શ્રીજીમહારાજે કહ્યું જે, “સાધુની રસોઈની ખબર કાઢો જે કેટલી વાર

છે ?" પછી ગોવિંદજીએ સાધુને પૂછ્યુ જે, "રસોઈને કેટલી વાર છે ?" ત્યારે સાધુએ કહ્યું જે, "કાંઈ વાર નથી, તૈયાર છે." ત્યારે ગોવિંદજીભાઈએ શ્રીજીમહારાજને પગે લાગીને કહ્યું જે, "હે મહારાજ! રસોઈ તૈયાર છે."

પછી શ્રીજીમહારાજ સાધુની પાકશાળામાં પધાર્યા. પછી વસ્ત્ર ઉતારીને હિરકોરી ધોતિયું પહેર્યું અને ખેસ આડસોડે ખભે નાખીને, તે જ ખેસને તાણીને કેડ બાંધીને કહ્યું જે, "સાધુઓ, લાડુ લાવો." ત્યારે સાધુ લાડુના તાંસ ભરીને લાવ્યા. ત્યારે શ્રીજીમહારાજ એક હાથમાં બે બે લાડુ લઈને સાધુને પીરસવા લાગ્યા. અને એમ બોલ્યા જે, "મહારાજો ! લ્યો લાડુ, લ્યો લાડુ, મહાપુરુષો ! લ્યો લાડુ." એમ વારંવાર કહેતા થકા પંગતમાં ફરવા લાગ્યા. એમ સાત વાર ફર્યા. પછી કોઈએ લાડુ ન લીધા. ત્યારે ભંડારીને પીરસીને હાથ ધોઈને પોતાને આસને પધાર્યા અને ઢોલિયા ઉપર બિરાજમાન થયા.

પછી પોતાના પાર્ષદ પાસે પાણી માગ્યું. પછી પાળા ભગુજીએ પાણીનો લોટો ભરીને શ્રીજીમહારાજને આપ્યો. પછી શ્રીજીમહારાજે મુખારવિંદ ધોઈને, કોગળા કરીને, જળપાન કરીને લોટો પાછો ભગુજીને આપ્યો. પછી ભગુજીએ પ્રસાદી વધી તે પોતે પી ગયા. પછી શ્રીજીમહારાજ વાતુ કરવા લાગ્યા અને સત્સંગી સર્વે સાંભળવા લાગ્યા.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "ચાલો, બહાર તળાવથી દક્ષણાદી કોરે અને કૂવાથી આથમણા લીંબડા હેઠે સભા કરીએ." ત્યારે સત્સંગીએ ઢોલિયો લીધો તે લીંબડા હેઠે ઢાળ્યો અને ગાદલું પાથરીને તે ઉપર તકિયો મેલીને તે ઉપર શ્રીજીમહારાજને પધરાવ્યા. ત્યારે મહારાજ ઉગમણે મુખારવિંદે ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અને આગળ સાધુ તથા સત્સંગીની સભા ભરાઈને બેઠી અને સાધુ વાજાં વજાડીને કીર્તન બોલ્યા.

ત્યારે ગોવિંદજી શ્રીજીમહારાજની પૂજા કરવા આવ્યા. તે કિનખાબનો સુરવાળ, ડગલી, માથે બાંધવા સારુ સેલું અને કેડે બાંધવા સારુ સેલું અને ખભે નાખવા સારુ સેલું, એ બધો પોષાક લાવ્યા; તે ધરાવીને શાલ ઓઢાડી. અને કંકુનો ચાંદલો કરીને આરતી ઉતારી. પછી મહારાજનાં ચરણારવિંદ છાતીમાં લીધાં અને મસ્તક ઉપર લીધાં.

પછી શ્રીજીમહારાજે પેંડા-પતાસાંની પ્રસાદી એમને આપી. પછી સર્વે સાધુને કંકુના ચાંદલા કરીને ધોતિયાં ઓઢાડ્યાં. પછી સાધુ ગોડીનાં પદ બોલ્યા અને વાળંદ બે મસાલું લઈને આવ્યા. પછી શ્રીજીમહારાજ ઊભા થયા અને સાધુ આરતી બોલ્યા અને નારાયણધુન બોલ્યા. પછી શ્રીજીમહારાજને સાધુ દંડવત કરીને એક એક આવીને પગે લાગીને જેમ ઘટે તેમ બેઠા. પછી સાધુ પ્રશ્ન પૂછવા લાગ્યા અને શ્રીજીમહારાજ ઉત્તર કરવા લાગ્યા. પછી એમ ને એમ પ્રશ્ન કરતાં એક પહોર રાત્રી ગઈ. ત્યારે શ્રીજીમહારાજ પોતાને આસને પોઢવા પધાર્યા અને સાધુ સત્સંગી સર્વે પોતપોતાને ઉતારે ગયા.

❋ વેલાલના જેસંગભાઈએ થાળ જમાડી પૂજા કરી :

પછી છઠ્ઠે દિવસે શ્રીજીમહારાજ સવારમાં વહેલા ઊઠ્યા ને ગરમ જળે નાહ્યા. પછી હિરકોરી ધોતિયું પહેરીને ગરમ શાલ ઓઢી. પછી ઉગમણે મુખારવિંદે બેસીને હસ્તકમળમાં માળા લઈને ફેરવતા થકા પોતાના આત્માનું ધ્યાન કરીને ઢોલિયે બિરાજમાન થયા. અને સત્સંગી દર્શન કરતા હતા. ત્યારે ગામ વેલાલના પાટીદાર જેસંગભાઈ બોલ્યા જે, “હે મહારાજ ! આજ અમારી ખાંડની રસોઈ છે.” ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “સારું.”

પછી જેસંગભાઈએ સાધુને ચોકે સામાન પહોંચાડ્યો અને શ્રીજીમહારાજ સારુ થાળ પોતાને ઉતારે કરાવ્યો. તે ચાર પ્રકારનાં ભોજન શાક અને પાક તે સારી પેઠે કરાવીને શ્રીજીમહારાજને જેસંગભાઈ તેડવા

આવ્યા. અને પગે લાગીને હાથ જોડીને કહ્યું જે, "મહારાજ ! જમવા પધારો, થાળ તૈયાર થયો છે." પછી શ્રીજીમહારાજ ત્યાં પધાર્યા અને ભગુજીએ ધાબળી પાથરી આપી તેના ઉપર બેઠા. અને જેસંગભાઈએ થાળ લાવીને અન્નકોટની પેઠે પૂર્યો.

પછી શ્રીજીમહારાજ જમવા લાગ્યા અને વારંવાર પાણી પીતા હતા. તે જ્યારે પીએ ત્યારે ત્રણ ઘૂંટડા પીવે અને પેટ ઉપર હાથ ફેરવે. અને વળી કહ્યું જે, "આજ તો બહુ જમ્યા, હવે પાણી લાવો." પછી ભગુજીએ પાણીનો લોટો આપ્યો. પછી શ્રીજીમહારાજ ચળુ કરી રહ્યા ત્યારે જેસંગભાઈએ પાનબીડી મુખવાસ આપ્યો. તે મહારાજ જમ્યા અને પછી પોતાને આસને પધાર્યા અને ઢોલિયે બિરાજમાન થયા.

પછી જેસંગભાઈને શ્રીજીમહારાજે કહ્યું જે, "રસોઈની ખબર કાઢો જે સાધુને કેટલી વાર છે ?" ત્યારે જેસંગભાઈએ સાધુને પૂછ્યું જે, "રસોઈને કેટલી વાર છે ?" ત્યારે સાધુએ કહ્યું જે, "રસોઈ તૈયાર છે." પછી શ્રીજીમહારાજ ત્યાં પાકશાળામાં પધાર્યા અને વસ્ત્ર ઉતારીને, હિરકોરી ધોતિયું પહેરીને, ખેસ આડસોડે ખભે નાંખીને, કેડે તાણીને બાંધીને કહ્યું જે, "લાડુ લાવો." પછી સાધુ તાંસ ભરીને આગળ લાવ્યા.

પછી શ્રીજીમહારાજ એક હાથમાં બે બે લાડુ લઈને પીરસવા લાગ્યા. અને કહ્યું જે, "મહારાજો ! લ્યો લાડુ, લ્યો લાડુ, મહાપુરુષો ! લ્યો લાડુ, ગુરુપ્રસાદ લ્યો, ગુરુપ્રસાદ." એમ કહીને વારંવાર પંગતિમાં ફરવા લાગ્યા. પછી જ્યારે કોઈએ લાડુ ન લીધા ત્યારે ભંડારી સાધુને પીરસીને હાથ ધોઈને પોતાને આસને પધાર્યા. અને પોતાના પાર્ષદ પાસે પાણી માગ્યું. પછી ભગુજીએ પાણીનો લોટો આપ્યો. પછી શ્રીજીમહારાજ જળપાન કરીને પોઢી ગયા.

પછી બે કલાક થઈ ત્યારે જાગ્યા અને પાર્ષદે પાણીનો લોટો ભરીને આપ્યો અને શ્રીજીમહારાજ મુખારવિંદ ધોઈને કોગળા કરીને

જળપાન કરીને ઢોલિયા ઉપર બેઠા. પછી વાતું કરવા લાગ્યા અને સત્સંગી સાંભળવા લાગ્યા.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "દિવસ એક પહોર છે, માટે ચાલો તળાવની દક્ષણાદી કોરે લીંબડા હેઠે સભા કરીએ." ત્યારે ત્યાં ગાદી-તકિયે સહિત ઢોલિયો હરિજનોએ બિછાવ્યો. તે ઉપર ઉગમણે મુખારવિંદે બિરાજમાન થયા અને આગળ સાધુ તથા સત્સંગીની સભા ભરાઈને બેઠી. અને સાધુ મુક્તાનંદસ્વામી આદિ સરોદા, સતાર, તાલ વગાડીને વિષ્ણુપદ બોલ્યા. પછી જે સત્સંગીની રસોઈ હતી તે સત્સંગી શ્રીજીમહારાજ સારુ પોશાગ લઈને આવ્યા. તે કિનખાબની ડગલી, સુરવાળ, માથે બાંધવા સેલું અને કેડે બાંધવા સેલું અને ખભે નાખવા સેલું, તે સર્વે વસ્ત્ર મહારાજે અંગીકાર કર્યાં. પછી તે હરિજને આરતી ઉતારીને ચરણારવિંદ છાતીમાં લીધાં.

પછી શ્રીજીમહારાજે તેને પેંડા-પતાસાંની પ્રસાદી આપી. પછી હરિજને સાધુઓને કંકુના ચાંદલા કર્યા અને ધોતિયાં ઓઢાડ્યાં. પછી દર્શન કર્યાં. પછી સાધુ પૂરવ રાગનાં પદ બોલ્યા અને બે વાળંદ મસાલું લઈને આવ્યા. પછી આરતી ટાણું થયું ત્યારે શ્રીજીમહારાજ ઊભા થયા અને સાધુ ઊભા થઈને આરતી બોલ્યા. પછી નારાયણધૂન કરીને દંડવત કરીને એક એક આવીને મહારાજને પગે લાગીને જેમ ઘટે તેમ બેઠા.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "આજ તો ઝીલણિયાં કીર્તન બોલો." ત્યારે સાધુ ઝીલણિયાં કીર્તન બોલ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "હવે કીર્તન રાખો, બહુ સારાં કીર્તન બોલ્યા. હવે અમે થોડીક વાત કરીએ." ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજ ! બહુ સારું." પછી **શ્રીજીમહારાજે એમ વાત કરી જે, "વાત કરવી, કથા કરવી અને કીર્તન ગાવાં, તેમાં ભગવાનને સંભારીને ગાવાં તો તેના ઉપર ભગવાન પ્રસન્ન થાય છે. અને એવી ભક્તિએ કરીને એનો જીવ શુદ્ધ થાય છે.**

અને ભગવાનને વિસારીને જગતમાં ઘણા ગાય છે, તે ગાનારા ભ્રષ્ટ થઈ જાય છે. તે માટે આપણે જે જે ક્રિયા કરવી તે ભગવાનને સંભારીને કરવી." એવી શ્રીજીમહારાજે તો બહુ વાર્તા કરી. આ તો દિશમાત્ર લખી છે. પછી શ્રીજીમહારાજ દરબારમાં પોતાને ઉતારે આસને પોઢવા પધાર્યા. પછી સાધુ ને સત્સંગી પોતપોતાને ઉતારે ગયા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજ મછિયાવ ચોથે દિવસ વહેલા ટાઢે જળે નાયા તથા પાંચમે તથા છઠે દિવસ લીલા કરીને અગરાજીએ જમાડ્યા તથા સાધુ અને સત્સંગી પોતપોતાને ઉતારે ગયા' એ નામે સિત્તેરમો અધ્યાય ॥૭૦॥

અધ્યાય - ૭૧

ગંગારામ મલે કુસ્તી કરી શ્રીહરિને રાજી કર્યા

સાતમે દિવસ શ્રીજીમહારાજ સવારમાં વહેલા ઊઠ્યા અને ઊને જળે કરીને નાહ્યા. અને પોતાનો નિત્યવિધિ કરીને ઢોલિયે બિરાજમાન થયા. ત્યારે ભુજનગરના જેઠી ગંગારામ આવીને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજે કહ્યું જે, "જેઠી ! આજ લડાઈ કરો તો જોઈએ." ત્યારે ગંગારામ અને તેના ભત્રીજા વાલજી તે બે લડ્યા, તે ખૂબ લડ્યા. ત્યારે શ્રીજીમહારાજ પ્રસન્ન થયા. ત્યારે ગંગારામને પોતાની પ્રસાદીની ડગલી, સેલું, ચોફાળ અને ટોપી તે ગંગારામને આપ્યાં.

ત્યારે વાલજીએ કહ્યું જે, "હે મહારાજ ! ગંગારામ એકને આપ્યો અને લડ્યા અમે બે, માટે તેમાંથી હું અરધો ભાગ લઈશ." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "એ તો અમે ગંગારામ એકલાને આપ્યો." ત્યારે વાલજીએ કહ્યું જે, "મને પણ કાંઈક આપો." ત્યારે શ્રીજીમહારાજે વાલજીને એક મૂઠી ભરીને રૂપૈયા આપ્યા."

✵ બાપુભાઈએ રસોઈ કરાવીને શ્રીહરિ તથા સંતોને જમાડ્યા :

પછી બાપુજીએ સાધુને પાકી રસોઈ કરાવી અને શ્રીજીમહારાજ સારુ થાળ કરાવ્યો. પછી બાપુજી આવ્યા ને પગે લાગીને મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! જમવા પધારો." પછી શ્રીજીમહારાજ જમીને પોતાને આસને પધાર્યા. ત્યારે બાપુજીએ કહ્યું જે, "સાધુની રસોઈ તૈયાર છે." ત્યારે શ્રીજીમહારાજ વસ્ત્ર ઉતારીને, હિરકોરી ધોતિયું પહેરીને, ખેસ આડસોડે ખભે નાખીને, તે જ ખેસથી કેડ બાંધીને, બે હાથમાં બે બે લાડુ લઈને સાધુને પીરસવા લાગ્યા. અને કહ્યું જે, "મહારાજો ! લ્યો લાડુ, લ્યો લાડુ, મહાપુરુષો ! લ્યો લાડુ, લ્યો ગુરુપ્રસાદ." એમ વારંવાર કહીને સાત વાર ફર્યા.

પછી કોઈએ લાડુ ન લીધા ત્યારે ભંડારીને પીરસીને હાથ ધોઈને પોતાને આસને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અને પાર્ષદે પાણીનો લોટો મહારાજને આપ્યો. પછી જળપાન કરીને પોઢ્યા તે બે કલાક થઈ પછી જાગ્યા. ત્યારે પાર્ષદે પાણીનો લોટો મહારાજને આપ્યો. પછી કોગળા કરીને જળપાન કરીને સત્સંગીને વાતુ કરવા લાગ્યા. એમ કરતાં જ્યારે ત્રીજો પહોર થયો ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "કાલે જ્યાં સભા કરી ત્યાં ચાલો, સભા કરીએ." ત્યારે સત્સંગીએ ઢોલિયો લીધો અને તળાવની દક્ષણાદી કોરે કૂવાથી આથમણી કોરે લીંબડા હેઠે ઢોલિયો ઢળાવીને ગાદલું તથા તકિયો નંખાવીને તે ઉપર ઉગમણે મુખારવિંદે બિરાજમાન થયા. અને સાધુ તથા સત્સંગીની સભા ભરાઈને બેઠી.

✵ વિસામણનો વેષ લેનાર ગોવિંદરામને નિશ્ચય થયો :

ત્યારે ગામ ભેલાવાળા ગોવિંદરામ તે વિસામણનો વેશ લઈને, કાઠીના જેવા લૂગડાં પહેરીને, મોટો પાઘડો બાંધીને, છ-સાત માળાઓ ગળામાં નાંખીને, હાથમાં ઝાંઝ લઈને, મહારાજ આગળ આવીને ઊભા રહ્યા. ત્યારે શ્રીજીમહારાજે પૂછ્યું જે, "ભક્ત ! તમે ક્યાં રહો છો ? અને કયું તમારું ગામ ? અને શું તમારું નામ ? અને કેમ આવ્યા છો ?"

ત્યારે બોલ્યા જે, "પાળિયાદના કાઠી છીએ અને વિસામણ ભક્ત મારું નામ છે. અને અમે સાંભળીએ છીએ જે, સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે, તે જોવા આવ્યા છીએ." ત્યારે મહારાજે કહ્યું જે, "સારું બેસો." ત્યારે બીજા કાઠી ભેળા હતા તે બોલ્યા જે, "ભક્ત તો બહુ મોટા છે. અને જે ઝાડ સુકાઈ ગયું હોય તેને ભક્ત હાથ અડાડે તો તે ઝાડ લીલું થાય અને તેને પાંદડા આવે છે."

ત્યારે મહારાજે કહ્યું જે, "આ લીંબડો સુકાઈ ગયો છે તેને લીલો કરો." ત્યારે વિસામણ ભક્ત કહે જે, "એ તો હમણાં લીલો થાશે." પછી તે લીંબડાના સૂકા લાકડા પાસે ગયો અને તે લાકડાને હાથ અડાડ્યો. પછી પાણી લઈને છાંટ્યું ને ખૂબ ધૂણ્યો. અને ધુધુકારિયું કરીને હો હો કર્યો. એમ બે ઘડી વાર દાખડો કર્યો તોપણ તે લીંબડાનું ઠૂંઠું લીલું ન થયું અને પાદડાં પણ ન આવ્યાં. પછી મહારાજ તો મુખારવિંદ આડો રૂમાલ દઈને મંદ મંદ હસવા લાગ્યા. અને વિસામણ તો ધૂણી ધૂણીને થાક્યો.

પછી આવીને મહારાજને પગે લાગ્યો અને બોલ્યો જે, "અમે મોરે તો બે-ત્રણ ઠેકાણે સૂકાં લાકડાંને લીલાં કર્યાં હતાં અને તમ આગળ તો અમારું કાંઈ ન ચાલ્યું. માટે તમો તો ભગવાન ખરા અને અમારો અપરાધ ક્ષમા કરજો ને સારું કરજો." ત્યારે મહારાજે કહ્યું જે, "તમારો અપરાધ શું છે? અને તમે તો ભગવાનના ભક્ત છો, તેથી તમારું સારું થાશે." પછી તે પગે લાગીને ઊઠી ગયો.

✹ વાંકાનેરના જીવરામ વિપ્રે વૈરાગીનો વેષ કાઢ્યો :

ત્યારપછી વળી ગામ વાંકાનેરનો બ્રાહ્મણ જીવરામ વેરાગી થઈને આવ્યો. અને પોતે આંધળો થઈને બે-ત્રણ નાનાં છોકરાં, તે એક ખભા ઉપર બેસાડ્યું અને એક આંગળીએ વળગાડ્યું અને એક કેડે ચાલ્યું આવે; એવે વેષે આવીને મહારાજ આગળ ઊભો રહ્યો. અને મહારાજ

આગળ અરજ કરી જે, "હે મહારાજ ! આજ અમારો આપત્કાળ આવી પડ્યો છે, તે સારુ તમારી આગળ આવ્યો છું." ત્યારે મહારાજે કહ્યું જે, "તમારે શું આપત્કાળ પડ્યો છે ?"

ત્યારે તે વૈરાગી બોલ્યો જે, "અમે માર્ગે ચાલ્યા આવતા હતા ત્યારે અમારા ભેળો એક વૈરાગી થયો, તે જુવાન હતો. તે બે-ત્રણ દિવસ અમારા ભેળો ચાલ્યો. તે આ છોકરાની માને લઈ ગયો. આ છોકરાં નાનાં અને હું આંધળો, તે દુઃખ માથે આવી પડ્યું છે." ત્યારે મહારાજે પૂછ્યું જે, "તમારે વૈરાગીમાં એમ થાય ખરું ?" ત્યારે તે વૈરાગી બોલ્યો જે, "વૈરાગીમાં તો એમ થાય." ત્યારે મહારાજે કહ્યું જે, "એ ખોટો ચાલ છે." પછી બાપુજીને મહારાજે કહ્યું જે, "આને પાંચ રૂપિયા આપો." પછી બાપુજીએ પાંચ રૂપિયા આપ્યા. પછી મહારાજે કહ્યું જે, "તમને ભગવાન અન્ન-વસ્ત્ર આપશે." પછી તે રાજી થઈને ગયો.

પછી બે વાળંદ બે મસાલું લઈને આવ્યા અને પછી આરતી થઈ. પછી નારાયણધૂન કરીને દંડવત કરીને મહારાજને પગે લાગીને સંત-હરિભક્ત જેમ ઘટે તેમ બેઠા. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "આજ તો ટીખળ જોયાં છે, માટે ગાવણું કરો." પછી મુક્તાનંદસ્વામી આદિક સાધુ વાજાં વગાડીને વિષ્ણુપદ બોલ્યા. તે કીર્તન સાંભળીને શ્રીજીમહારાજ બહુ પ્રસન્ન થયા. પછી બોલ્યા જે, "હવે કીર્તન રાખો, ભગવાનની વાત કરીએ."

પછી મહારાજે બહુ પ્રકારે વાર્તા કરી. અને પછી એમ બોલ્યા જે, "સત્સંગીના સંઘ સર્વે ચાલ્યા અને સવારમાં વહેલા અમે પણ ચાલશું." ત્યારે બાપુજીએ કહ્યું જે, "હે મહારાજ ! તમો આટલા દિવસ રહ્યા પણ અમારી રસોઈ તો કોઈ જમ્યા નથી, માટે કાલે નહિ ચલાય." ત્યારે મહારાજે કહ્યું જે, "ઝાઝા દિવસ થયા, પણ તમે કહો છો ત્યારે જમીને ચાલીશું." એમ કહીને પોઢવા પધાર્યા અને સાધુ પોતાને ઉતારે ગયા.

❋ મછિયાવે ફૂલદોલોત્સવ પૂર્ણ કરી શ્રીનગર પધાર્યા :

પછી સવારમાં વહેલા શ્રીજીમહારાજ ઊને જળે કરીને નાયા અને પવિત્ર આસને બેસીને નિત્યવિધિ કરીને ઢોલિયે બિરાજમાન થયા. પછી બાપુજીએ સાધુને માટે રસોઈ કરાવી અને દરબારમાં થાળ કરાવીને બાપુજી શ્રીજીમહારાજને તેડવા આવ્યા. પછી શ્રીજીમહારાજ દરબારમાં જમીને પોતાને આસને પધાર્યા. અને બાપુજીએ કહ્યું જે, "સાધુની રસોઈ થઈ છે, માટે પીરસવા પધારો."

પછી મહારાજ સાધુની પાકશાળામાં પધાર્યા અને વસ્ત્ર ઉતારીને, ધોળું ધોતિયું પહેરીને, ખેસ આડસોડે નાંખીને, તે ખેસે કેડ તાણી બાંધીને, બે હાથમાં બે બે લાડુ લઈને પીરસવા લાગ્યા. અને એમ કહ્યું જે, "મહારાજો ! લ્યો લાડુ, લ્યો લાડુ, મહાપુરુષો ! લ્યો લાડુ, લ્યો ગુરુપ્રસાદ." એમ કહીને પીરસવા લાગ્યા. જ્યારે કોઈએ લાડુ ન લીધા ત્યારે ભંડારીને પીરસીને હાથ ધોઈને પોતાને આસને પધાર્યા અને ઘડી એક પોઢીને જાગ્યા.

પછી દરબારમાં સભા કરી ત્યારે બાપુજી પૂજાની સામગ્રી લાવ્યા. તે શ્રીજીમહારાજને લીલી કિનખાબનો સુરવાળ, ડગલી, માથે જરિયાની સેલું અને ખભે નાખવા જરિયાની સેલું અને કેડે સોનેરી સેલું, ભારે શાલ, તે સર્વે વસ્ત્ર શ્રીજીમહારાજને ધરાવ્યાં. અને કુંકુમનો ચાંદલો કરીને આરતી ઉતારી. પછી ચરણારવિંદ છાતીમાં લીધાં અને માથે લીધાં. પછી સાધુને ધોતિયાં ઓઢાડ્યાં ને પ્રદક્ષિણા કરીને દંડવત કરીને રહ્યા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "હવે ચાલશું, અને અમદાવાદ જાવાનો વિચાર છે." પછી બાપુજી સુખડીના લાડુ લાવ્યા અને શ્રીજીમહારાજને કહ્યું જે, "આ ભાતું છે. તે સર્વેને સાધુ બે બે લાડુ આપો." ત્યારે મહારાજે પોતે બે બે લાડુ આપીને કહ્યું જે, "હળવા હળવા અમદાવાદને માર્ગે ચાલો. અમે પણ આવીએ છીએ."

એ રીતે ગામ **મછિયાવમાં સં.૧૮૭૬ (૧૮૭૫ ?) અઢારસો છોત્તેરના ફાગણ સુદ પૂનમ**ને દિવસે ફૂલદોલના ઉત્સવની ઘણીક લીલા કરી. પછી શ્રીજીમહારાજ ઘોડા ઉપર સવાર થઈને કાઠી, પાળા અને અસ્વારે વીંટાણા થકા ચાલ્યા. પછી ગાઉ એક ચાલ્યા ત્યારે બાપુજીને શ્રીજીમહારાજે પાછા વાળ્યા. પછી મહારાજ ચાલ્યા તે માર્ગમાં હરિજનોનાં ગામ આવે ત્યાં હરિજનોની સેવા અંગીકાર કરતા અને હરિજનોને આનંદ આપતા થકા **અમદાવાદ** પધાર્યા. ત્યારે શ્રીનગરના હરિજનોએ વાજતે ગાજતે સન્માન કરીને નવાવાસમાં હીરાભક્તને ઘેર પધરાવ્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'ભુજના ગંગારામ મલ્લ પાસે કુસ્તી કરાવીને મછિયાવનો સમૈયો સંપૂર્ણ કરીને અમદાવાદ પધાર્યા' એ નામે એકોતેરમો અધ્યાય ॥૭૧॥

અધ્યાય - ૭૨

દદૂકા, મછિયાવ અને શિયાળ ગામ થઈ ગઢડે પધાર્યા

પછી અમદાવાદમાં શ્રીજીમહારાજ નવાવાસમાં લીમડા તળે સભામાં બેસીને અનેક પ્રકારની વાર્તાઓ કરીને હરિજનોને સુખ આપતા. અને ક્યારેક સંતહરિજનોને સાથે લઈને કાંકરિયા સરોવરમાં સ્નાન કરવા પધારતા. અને ક્યારેક સાબરમતીમાં સ્નાન કરવા પધારતા. અને ક્યારેક નારાયણ ઘાટે, ક્યારેક દૂધેસરાના આરે અને ક્યારેક સપ્ત ઋષિના આરે સ્નાન કરવા પધારતા. અને ક્યારેક દામોદર ભક્તના ઘરે જમવા પધારતા. એવી રીતે ઘણાક દિવસ શ્રીનગરમાં રહીને ઘણાક ચમત્કાર બતાવ્યા.

પછી મહારાજે સભામાં વાત કરી જે, "આપણે મછિયાવે જાવું છે. માટે સંત, બ્રહ્મચારી, પાર્ષદ, હરિજનો સર્વે ચાલો." એમ કહીને

અમદાવાદના હરિભક્તો વળાવવા આવેલા તેને પાછા વાળીને 'જય સચ્ચિદાનંદ' કહીને ચાલ્યા, તે ફરતા ફરતા **મછિયાવ** પધાર્યા. અને ત્યાં રહીને ઘણીક લીલા કરી. ત્યાંથી ચાલ્યા તે પોતાના ભક્તજન ઉપર દયા કરીને ગામ **દંદુકે** પધાર્યા. અને ત્યાંના હરિજનોએ બહુ સારી રસોઈઓ કરાવી અને સર્વે સંતમંડળીઓ જમાડી. મહારાજ પોતાના હસ્ત વડે બહુ હેતે કરીને સર્વે સંતને પીરસતા. એવી રીતે સંતને ઘણાંક સુખ આપીને પછી દેશાંતર પ્રત્યે ફરવાની આજ્ઞા કરી. ત્યારપછી ત્યાંથી પોતે પાછા **મછિયાવ** પધાર્યા.

ત્યાં દિવસ ચાર થી પાંચ રહીને પછી શ્રીજીમહારાજે હરિજન આગળ વાર્તા કરી જે, "અમારે ગઢડે જાવું છે. અને દાદા ખાચરને ત્યાં જઈ વાસુદેવ નારાયણની મૂર્તિ પધરાવીને આગળ અન્નકોટ કરવો છે." ત્યારે સૌ હરિજનોએ મળીને ઘણી રાખવાની તાણ કરી પણ મહારાજ કહે જે, "અન્નકોટ તો ત્યાં કરવો છે." પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **શિયાળ** પધાર્યા. ત્યાં ભક્ત તુલાધાર જેને મહારાજનો જ આશરો છે તેને ઘેર પધાર્યા. તે ભક્તે નાના પ્રકારની રસોઈ બનાવીને મહારાજને તથા પાર્ષદોને જમાડ્યા. ત્યારપછી ત્યાંથી ચાલ્યા તે ગામ **રોજકે** પધાર્યા.

✹ શ્રીહરિ ગઢપુરને ઘર માનીને રહ્યા :

ત્યાંથી **ગઢડે** પધાર્યા અને ત્યાં વાસુદેવ નારાયણનો જ્યાં ઓરડો છે ત્યાં ઢોલિયા ઉપર પોઢી ગયા. સવારે વહેલા જાગીને, નિત્યવિધિ કરીને, ઉષ્ણ જળે નાહ્યા. ત્યારપછી કોરા વસ્ત્રથી શરીરને લૂઈને ખેશ પહેરીને ઉપરણી ઓઢી. અને ચાંખડીએ ચડીને લાડુબાઈને રસોડે રામબાઈ આદિક બ્રાહ્મણ બાઈઓ રસોઈ કરાવતાં હતાં ત્યાં જમવાને પધાર્યા. તે પછી જમીને ચળુ કરીને તથા જળપાન કરીને મુખવાસ લઈને પાછા અક્ષરઓરડીએ પધાર્યા અને ત્યાં ઢોલિયા ઉપર સુખાળા થયા.

અને કોઈક સમયે બ્રહ્મચારી પાસે રસોઈની સામગ્રી માગે અને પોતાના હાથે રસોઈ કરીને પોતે જમે અને પોતાના એકાંતિક ભક્તને જમાડતા. એવી રીતે અક્ષરધામના ધામી અને પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી ભક્તિધર્મના પુત્ર તે પોતાના એકાંતિક ભક્ત એવા જે દુર્ગપુરના હરિજન તેમનો પ્રેમ સહિત ભક્તિભાવ જોઈને તેમને વશ થઈને ત્યાં નિવાસ કરીને રહ્યા. અને બીજાં ગામોમાં જ્યાં જ્યાં ઉત્સવ સમૈયા કરવા હોય ત્યાં ત્યાં જઈને ત્યાંના હરિજનોને દર્શન તથા વાર્તાએ કરીને સુખિયા કરીને પાછા ગઢપુરમાં આવીને રહેતા. અને ત્યાં હરિજનને પોતાની મૂર્તિનું સ્મરણ તથા ધ્યાન થાય અને તે અખંડ મૂર્તિ અંતરમાં સાંભરે એવાં અનેક ચરિત્રો કરતા.

✵ શ્રીહરિએ ગઢપુરમાં વાસુદેવનારાયણ પધરાવ્યા :

તે સમે ડુંગરપુરથી મૂર્તિઓ લેવા પ્રથમ સંત તથા પાળાને મોકલ્યા હતા તે લઈને આવ્યા. તે ગાડાં જ્યારે દરબારમાં આવ્યાં ત્યારે મહારાજને સંભળાવ્યું જે, "મહારાજ ! ડુંગરપુરથી મૂર્તિઓનાં ગાડાં આવ્યાં છે." ત્યારે મહારાજ તે સંતને તથા પાળાને ઊઠીને મળ્યા અને તેમના સારુ રસોઈ કરાવવા માંડી. અને મૂર્તિઓ ગાડામાંથી ઉતારીને તે મૂર્તિઓ ઓપાવવા માંડી. તેમાં વાસુદેવની જે મૂર્તિ તેને ઓપાવી. ને ઉત્તરાદે બાર ઓરડામાં સિંહાસન કરાવ્યું. અને પછી વેદીકાઓ ઓસરીથી હેઠે કરાવી, ને વરૂણીમાં બ્રાહ્મણો વરાવ્યા અને સંતમંડળ તે સમે ઝાંઝ, મૃદંગ લઈને ઉત્સવ કરવા લાગ્યા. અને સોની પણ ઘરેણાં ઘડીને ત્યાં તૈયાર કરવા લાગ્યા. અને દરજી ભારે ભારે સોનેરી વાઘા સીવીને તૈયાર કરવા લાગ્યા. અને બ્રાહ્મણો અગ્નિમાં જવતલ હોમવા લાગ્યા.

તે સમે મહારાજ ઉગમણે મુખારવિંદે ઊભા રહ્યા અને પછવાડે દાદા ખાચર નાળિયેર હાથમાં લઈને અગ્નિમાં નાખવા ઊભા હતા. પછી તે સમે અગ્નિના કુંડમાંથી જ્વાળા નીસરી. તે દાદા ખાચરના હાથમાંથી નાળિયેર લઈને પાછી અગ્નિના કુંડમાં સમાઈ ગઈ. પછી

ધીરે ધીરે ઊભી જ્વાળા ચાલી. ત્યારે મહારાજ બોલ્યા જે, "અગ્નિએ મૂર્તિમાન આવીને નાળિયેર લીધું." પછી મૂર્તિ ઉપાડીને ચાલ્યા, તે (સં.૧૮૯૨) **ફાગણ વદ ત્રીજ ને શુક્રવારને દિવસે** સિંહાસન ઉપર પધરાવી. તે સમયે ચાર વેદ મૂર્તિમાન બ્રાહ્મણને વેષે આવીને વેદની શ્રુતિઓ ઉચ્ચારણ કરવા લાગ્યા. પછી મૂર્તિઓને તે સમયે વસ્ત્ર તથા ઘરેણાં પહેરાવ્યાં તથા પુષ્પના હાર પહેરાવ્યા. અને આરતી ઉતારીને હરિજન ભેટ મૂકતા જાય અને મહારાજ પાસે બેસતા જાય.

પછી મહારાજ બોલ્યા જે, "બ્રાહ્મણને તેડાવો ને ચોરાશી કરો. અને ગામના ને પરગામના જે જે હરિજનો આવ્યા હોય તેમને સર્વેને જમાડજો." ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! અમારે ચોકે ખપે તેને અમે જમાડશું, બ્રહ્મચારીને ચોકે ખપે તેને બ્રહ્મચારી જમાડશે અને બ્રાહ્મણને ચોકે સર્વે બ્રાહ્મણ જમશે." ત્યારે મહારાજ બોલ્યા જે, "જીવા ખાચરના દરબારમાં જઈને સંભળાવી આવો જે, તમે સર્વે જમવા આવજો." પછી ઠાકોર જમી રહ્યા તે સમે આરતી થઈ.

પછી મહારાજ પોતાને ઉતારે જઈને, પોશાગ ઉતારીને, જળના કોગળા કરીને જમવા બિરાજ્યા. તે જમીને જળપાન કરીને મુખવાસ લઈને ઓરડાની ઓસરીમાં સંતની પંક્તિ થઈ ત્યાં પીરસવા પધાર્યા. તે પીરસતા જાય અને લાડવાની તાણ કરતા જાય. પછી જળ વડે હાથ ધોઈને ઢોલિયે બિરાજ્યા. પછી ગામ તથા પરગામનાં બાઈ-ભાઈ હરિજનો અને સર્વે બ્રાહ્મણો જમી રહ્યા. પછી જે બ્રાહ્મણો વરૂણીમાં વર્યા હતા તેમને તે સમે સેલાં, પાઘડીઓ, દક્ષિણા મનમાની અપાવીને ઉતારે પધાર્યા.

✷ ગઢપુરમાં દિવાળીનો ઉત્સવ કર્યો :

તે સમે દિવાળી આવી. ત્યારે જયાબા તથા લલીતાબા અન્નકોટનો સામાન કરવા લાગ્યા. નિષ્કુળાનંદસ્વામી આદિ સંત-પાર્ષદ સૌ મળી

દીપમાળા કરાવવા લાગ્યા. અને ઓરડાની જે ઓસરી તેનું જે મોતિયું તેની નીચે વાંસની ખપાટ બાંધીને તેમાં કોડિયાં મેલાવ્યાં અને પછી દીવા કરાવ્યા. ત્યારપછી મહારાજે ભારે ભારે પોશાગ જે નરનારાયણ સ્વામિનારાયણ નામે અંકિત હતો તે સુરવાળ પેર્યો અને ભારે રેંટો મસ્તકે બાંધ્યો અને કાળા કિનખાબની ડગલી પહેરીને બિરાજમાન થયા. તે સમે કોઈ વડોદરાના બાઈએ નાથભક્ત સાથે મહારાજના સારુ શાલ જોટો મોકલાવ્યો હતો, તે નાથભક્તે મહારાજને ઓઢાડ્યો.

પછી મહારાજ ઢોલિયા ઉપર આવીને બિરાજ્યા. અને ચારેકોર દીવા ને મશાલો થઈ તેનો અલૌકિક પ્રકાશ થઈ રહ્યો. ત્યારપછી સંત આરતી-ધૂન બોલીને પગે લાગીને બેઠા. તે સમે સંતમંડળ મહારાજ આગળ ગાવણું કરવા લાગ્યા. અને મહારાજ પણ સંત સંગાથે ઘેરે સાદે ગાતા જાય અને રમૂજમાં ચપટી વગાડતા જાય. ત્યારપછી જે ગવૈયા સંત હતા તેમને મહારાજે પુષ્પના હાર આલ્યા અને નાથભક્તને પણ પુષ્પનો હાર આપ્યો. પછી પોતે ત્યાંથી તુરત ઊઠ્યા અને ઉતારે જઈને પોતે જે પોશાગ પહેર્યો હતો તે ઉતારીને જળપાન કરીને પોઢવાનો સંકલ્પ કરે છે, તે સમે હેતે કરીને નાથભક્ત દૂધપૌંવાનો થાળ લઈને આવ્યા. તે જોઈને મહારાજ ઢોલિયેથી ઊતરીને જળના કોગળા કરીને દૂધપૌંવા જમવા બેઠા. તે જમીને પછી નારુપંથ નાના અને રામચંદ્ર વૈદ એ આદિ હરિજનોની ખબર પૂછી. અને દૂધ પૌંવાનો થાળ હતો તે મુક્તાનંદ સ્વામી આદિ સંતને મોકલાવ્યો. પછી પોતે મુખવાસ લઈને ઢોલિયા ઉપર પોઢ્યા.

✵ ગઢપુરમાં વાસુદેવનારાયણને અન્નકોટ ધરાવ્યો :

પછી સવારે વહેલા જાગીને નિત્યવિધિ કર્યો અને પોશાગ પહેરીને શાલ ઓઢી અને ચાખડીએ ચઢીને ઓરડાની ઓસરીએ ઢોલિયે બિરાજમાન થયા. તે સમે વાસુદેવનારાયણની આગળ અન્નકોટ

પૂર્યો. અને હરિજને મહારાજને કહ્યું જે, “આંહી ઢૂકડા આવો.” પછી મહારાજ આવીને ઊભા. પછી નિત્યાનંદસ્વામીએ અન્નકોટની આરતી ઉતારી. અને હરિજનો સર્વે ભેટ મૂકતા જાય અને પગે લાગતા જાય. અને મહારાજ તે સમે પોશાગ પહેર્યો હતો તે ઉતારીને જમવા બિરાજમાન થયા. તે જમતા જાય અને મંદમંદ હાસ્ય કરતા જાય. એવી રીતે જમીને પછી ચળુ કરીને જળપાન કર્યું. પછી મુખવાસ લઈને સંતની પંક્તિમાં પીરસવા પધાર્યા. તે મોતિયા લાડુ તથા જલેબી તથા દૂધ-પેંડા તે સિવાય ભાતભાતનાં અનેક પકવાન લઈને સંતની પંક્તિમાં રમૂજ કરતા જાય અને બોલે જે, “મહાપુરુષો ! લ્યો જલેબી, લ્યો લાડુ, લ્યો પેંડા.” એવી રીતે સર્વે સંત તથા હરિજનો જે આવ્યા હતા તેમને જમાડ્યા.

પછી મહારાજ બોલ્યા જે, “અન્નકોટનો સામાન જે પાછળ વધે તે ગામ તથા પરગામના જે હરિજન આવ્યા હોય તેને રસ્તામાં જમવા સારુ આપી દેજો.” એવી આજ્ઞા કરીને પછી પોતે હાથ ધોયા અને જ્યાં અન્નકોટ પૂર્યો હતો તે સામું જોઈને મહારાજ બોલ્યા જે, **“અન્નકોટ બહુ સારો ભરાણો છે !” એમ કહીને મહારાજે બદરિકાશ્રમના મુક્તોને તેડાવ્યા અને પોતે ખુરશી ઉપર બિરાજ્યા. અને બદરિકાશ્રમના મુક્તને તેડાવ્યા હતા. તે સમે મહારાજને જોઈને સર્વેને સમાધિ થઈ ગઈ.** ત્યારે શ્રીજીમહારાજે સચ્ચિદાનંદસ્વામીને નેત્રની શાને કરીને કહ્યું જે, “તે મુક્તોને જગાડો.” ત્યારે તે સચ્ચિદાનંદસ્વામીએ તે સર્વે મુક્તને જગાડ્યા.

✵ સારંગપુરમાં જળક્રીડા તથા પ્રેમી બાઈનો ગાંડો પ્રેમ :

પછી મહારાજ ત્યાંથી ચાલ્યા તે **સારંગપુર** પધાર્યા અને જીવા ખાચરના દરબારમાં રાત્રિયે રહ્યા. સવારમાં સર્વે સંતહરિજનોને સંગાથે લઈને નદીમાં ઝાળીએ ધરે નાવા પધાર્યા. અને તે પુરના

હરિજનોને જળક્રીડા કરીને ઘણોક આનંદ પમાડ્યો. તે લીલાનાં તથા શ્રીજીમહારાજનાં દર્શન કરવા સારુ અગણિત દેવો વિમાને બેસીને આવ્યા. એવી રીતે ઘણી જળક્રીડા કરીને જળથી બહાર નીસર્યા અને કોરાં વસ્ત્ર પહેરીને ઊભા રહ્યા. તે સમે છેટે ઊભીને જે બાઈઓ નાતી હતી તેમાંથી એક બાઈએ જળનો ઘડો શ્રીજીમહારાજ ઉપર રેડ્યો. તે જોઈને શ્રીજીમહારાજ બોલ્યા જે, "જુવોને, આ બાઈનો ગાંડો પ્રેમ !" એમ કહીને વસ્ત્ર ઉતારીને બીજાં કોરાં વસ્ત્ર પહેર્યાં.

✵ ઝાંપડીના પ્રસંગે નિર્વાસનિક થવાની વાત :

પછી માણકીએ સવાર થઈને ગામમા ચાલ્યા. તે સંતહરિજન કીર્તન ગાતા જાય અને વાજાં વગાડતા જાય. એવી રીતે ઉત્સવ કરતાં તે ગામની ભાગોળમાં પેઠા. ત્યારે એક ઝાંપડી કાષ્ઠનો ભારો વેચવા સારુ ચાલી જતી હતી. તેણે મહારાજના સામું હેતે કરીને જોયું. એટલામાં અધોઊર્ધ્વ પ્રમાણે રહિત તેજનો સમૂહ દીઠો, તેથી તેને સમાધિ થઈ ગઈ ને તે બાઈ પૃથ્વી ઉપર પડી ગઈ. અને મહારાજ તો ચાલ્યા ગયા, તે ગામની ભાગોળે ગયા. ત્યારે તે બાઈ સમાધિમાંથી જાગી. ત્યારે ગામના લોકો તે બાઈને પૂછવા લાગ્યા જે, "આ તું પડી ગઈ તે તને શું થઈ ગયું હતું ?" ત્યારે તે બાઈ બોલી જે, **"અધોઊર્ધ્વ તેજનો સમૂહ તેમાં અનંત મુક્તે સહિત આ સ્વામિનારાયણનાં મને દર્શન થયાં."** તે સાંભળીને જે મનુષ્યો ઊભા હતા તે ઘણું જ આશ્ચર્ય પામ્યા.

અને મહારાજ તો જીવા ખાચરના ઉતરાદે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર સભા કરીને બેઠા. અને સંત, પાર્ષદ, હરિજનો તે પણ ચારેકોરે હાથ જોડીને બેઠા. અને પૂછવા લાગ્યા જે, "અહોહો કૃપાનાથ ! આ ઝાંપડીને તમે સમાધિ કરાવી ને તમારું અનંત મુક્તે સહિત દર્શન કરાવ્યું. તે તેણે જપ, તપ, પુણ્ય શું સાધન કર્યાં હશે કે, જે સાધને કરીને અક્ષરધામને જોઈને અક્ષરધામની વાત કરી. તે

સાંભળીને સર્વે લોક આશ્ચર્ય પામ્યા. માટે તમે કહી સમજાવો તો આ સર્વે લોકના સંશય ટળી જાય."

તે સાંભળીને મહારાજ બોલ્યા જે, **"તે પૂર્વ જન્મે શેઠાણી હતી અને પરોક્ષ ભગવાનની ભક્તિ કરતી હતી. તેમજ વ્રત, દાન અને પુણ્ય કાંઈક વિશેષ કરતી.** પણ એક સમયે તે બાઈ ઘરની બારીમાં બેઠી હતી, ત્યારે તેણે નીચી નજરે કરીને જોયું. ત્યાં એક અધર્મી ઝાંપડો ચાલ્યો જાય અને વાંસળી વગાડતો જાય. વળી તે સમે વર્ષાઋતુ હતી. તેણે કરીને વાંસળીનો સ્વર તે બાઈને બહુ જ પ્રિય લાગ્યો, તેણે કરીને તે ઝાંપડામાં તે બાઈની વૃત્તિ ખેંચાઈ ગઈ. તેથી તે બાઈને અંતકાળે ઝાંપડો સાંભરી આવ્યો. તે કારણથી તેને ઝાંપડીનો દેહ આવ્યો.

માટે ચિત્તને ચોટવાનો સ્વભાવ છે, તે જે જે વસ્તુ કોઈ આસક્તિપૂર્વક જુવે તો તેમાં ઝટ ચોટી જાય છે; પણ આ અસાર છે કે સાર છે તે જીવ વિચારીને જોતો નથી, તેથી જીવને બંધન થાય છે અને સંસારસાગરમાં ભટકવું પડે છે. માટે **ભગવાનના ભક્તને ભગવાનની મૂર્તિ તથા ભગવાનની પ્રસાદીની વસ્તુ તે સિવાય બીજા પદાર્થો હવેલી, બાગ, બગીચા, પલંગ, ગાદી-તકિયા, ગાલેચા આદિ વસ્તુ નજરે જોવામાં આવે તો ઝટ દૃષ્ટિ પાછી ખેંચી લેવી.** કારણ કે નારદજીએ અંબરીષ રાજાની દીકરીને આસક્તિથી જોઈ તો બંધન થયું. તેમ જ સૌભરી મચ્છને આસક્તિપૂર્વક જોવાથી બંધનને પામ્યા. મોહિની સ્વરૂપ જોવાથી શંકર પણ છેતરાણા. માટે તમારે રસ્તે ચાલતાં આસક્તિથી કાંઈ પણ વસ્તુ જોવી નહીં અને જોશે તો જેમ શેઠાણી ઝાંપડી થઈ તેમ આસક્તિથી જોનારને પણ બંધન થાશે.

અને શબ્દ સાંભળવાથી મૃગલાં બંધનને પામે છે, વળી પતંગિયો અગ્નિ જોવાથી અગ્નિમાં બળી મરે છે. માટે **અમારા ધામમાં જેને જાવું હોય તેને પોતાની એક પણ ઈન્દ્રિયને વશ ન થાવું. આપણે ભગવાનનો**

આશરો કર્યો છે, તે ઇન્દ્રિયને જીતવા સારુ સર્વે વાસનાને તોડીને શુદ્ધ બ્રહ્મરૂપ થાવું. અને હવે જો ઇન્દ્રિયને વશ થઈને વર્તશું તો જે કાંઈ સાધન કર્યાં હશે તે સર્વે સાધન વૃથા થઈ જશે. કારણ કે સારી જાતની વાણિયાણી હતી પણ વાસનાથી શ્વપચી થાવું પડ્યું. માટે ભગવાનના ભક્તને સમજી વિચારી ક્યાંય પણ વિષયમાં આસક્ત થવું નહીં. એ અમારો અને સત્શાસ્ત્રનો સિદ્ધાંત છે. તે તમનો કહ્યો."

❋ સંતમંડળથી જુદા પડવું નહીં :

એટલી વાર્તા કરીને જમીને ચાલ્યા તે ગામ **ડભાણ** પધાર્યા. અને સર્વે સંત ત્યાં હતા તે મહારાજને મળ્યા અને મહારાજની સેવામાં રહ્યા. તે સમે સંતો ગામ ડભાણમાં રોટલાના ટૂકડા માગવા જતા, તેથી ઝોળીમાં ટૂકડા આદિક આવે તે પથ્થરથી ભાંગીને ગોળા વાળીને જમતા. અને મહારાજ તે સમયે ભગુ ખાંટના ફળિયામાં રાત્રિ એક પહોર વીતે ત્યાં સુધી સભા કરીને જ્ઞાનવાર્તા કરતા. તેમાં નિયમ પાળવાની વાતો અતિ આકરી કરતા. પછી સંતો ગામ બહાર રાત્રે પોઢી ગયા અને મહારાજ પણ પોઢી ગયા. તે જ્યારે પાછલી પહોર રાત્રી રહે ત્યારે મહારાજ પાર્ષદ પાસે મસાલ કરાવીને સૌ સંતની પાસે જતા અને સૌ સૌના સંકલ્પની વાત કરતા. તે સાંભળીને સૌ સંતને તીવ્ર વૈરાગ્ય ઊપજતો.

પછી મહારાજે કહ્યું જે, **"આ દેહ મિથ્યા છે, તથા લોક-ભોગ સર્વે મિથ્યા છે."** એવાં મહારાજનાં ઉપદેશનાં વચન સાંભળીને એક સંતને તીવ્ર તપ કરવા વિશેષ વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેથી તે સંત એક વનમાં જઈને અન્ન-પાણીનો ત્યાગ કરીને બેઠા. અને અતિ તપ કરવાની વાત મહારાજે કહી તેથી સર્વે સંતને પણ તપ ઉપર ઘણી જ રુચિ થઈ; તેથી આ દેહને તુચ્છ ગણીને વર્તવા લાગ્યા.

પછી કોઈ દિવસ મહારાજ ગામ **મોવાડે**(બારમુવાડે) જમવા ગયા. તે સમે રસ્તામાં ચાલતા તીવ્ર તપ કરતા સંતને દીઠા. તે સંતે ત્રણ

દિવસથી અન્નજળ ખાધેલ નહીં અને ધ્યાનમાં બેઠેલા. તે રસ્તે ચાલતા મહારાજનો સાદ સાંભળીને ધ્યાનમાંથી જાગ્યા અને ઊઠીને મહારાજને સાષ્ટાંગ દંડવત્પ્રણામ કર્યા. ત્યારે મહારાજે તે સંતને કહ્યું કે, "આવું આકરું તપ કળિયુગમાં ન કરવું. કાંઈ દેહનું રક્ષણ થાય તેવું તપ કરવું. કારણ કે મનુષ્યનો દેહ આવો અમૂલ્ય અને વળી ભગવાનની ભક્તિ કરવામાં ઉપયોગી છે. તે દેહનું નિયમ પ્રમાણે જાતે રક્ષણ કરવું અને તપે કરીને તે દેહનો ત્યાગ ન કરવો. અને જો તપે કરીને દેહનો ત્યાગ કરે છે તો તે જન આત્મઘાતી કહેવાય છે. વળી ભગવાનને રાજી કરવા તપ કરવા જાય અને દેહ પડી જાય તેથી ભગવાન ઉલટા કુરાજી થાય છે. માટે યુગ યુગના ધર્મ નોખા છે. માટે શાસ્ત્રમાંથી સાંભળીને આ કળિયુગમાં જે તપ કરે છે તે તપસ્વી અંતે નરકે પડે છે.

અને વળી મહાપાપ કદાપિ થઈ ગયું હોય અને દેહનો ત્યાગ કરે છે તો દેહને અંતે નિશ્ચય અસદ્ગતિને પામે છે. અને સત્શાસ્ત્ર તથા અમારો આવો અભિપ્રાય છે. માટે **સૌએ સંતના મંડળથી નોખા ન પડવું અને તપ પણ સૌના નિયમ પ્રમાણે કરવું. અને જો સૌમાંથી એકલો વિશેષ તપ કરે તો અંતે પાર ન પડે.** માટે વિશેષ તપ કરવાને ઈચ્છતો હોય તેમાંથી માંદુ પડી જવાય કે દેહ પડી જાય. માટે જેમ કોળિયે કોળિયે જમાય તો શાંતિ થાય પણ આખો લાડવો મુખમાં લે તો તેમાંથી મૃત્યુ થાય છે. કેમ કે કોઈક લડવા નીસર્યો તે જો સેનાથી આઘો જાય તો સામલા શત્રુ મારી નાખે અને સેનામાં રહીને શત્રુ સાથે લડે તો પૂરણ જશને પામે છે; તેમ જ સંતને જો અમને રાજી કરવા હોય તો સૌ સૌના મંડળમાં રહીને નિયમ પ્રમાણે તપ કરશો અને કથાવાર્તા સાંભળીને સૌ સેવા કરશો તો અમારો રાજીપો છે. અને સર્વ શાસ્ત્ર-પુરાણમાં સત્સંગનો મહિમા અપાર કહ્યો છે અને સંતની સેવા કરવાનું કહેલ છે. અને સેવાએ કરીને જ્ઞાન તથા વિજ્ઞાન પ્રાપ્ત થાય છે; પણ સૌથી મોટો થાવા અને પોતાનો પ્રેમ જણાવવા એકાન્તે બેસીને

કઠણ તપ કરે છે તો તેને મોટું વિઘ્ન છે.” એમ મહારાજે સૌ સંતને ઉપદેશ દઈને સર્વે સંતને પેંડા અપાવ્યા. ત્યારે તે સંતે પેંડા જમીને જળપાન કર્યું અને મહારાજ બહુ રાજી થયા. પછી સૌ સંત ત્યાં રહ્યા અને મહારાજ ત્યાંથી ચાલ્યા તે ગામોગામ ફરતા સૌ હરિજનોને આનંદ પમાડતા ગામ **વીજાપુર** પધાર્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે ‘ગઢડે વાસુદેવનારાયણ પધરાવ્યા અને અન્નકૂટ કર્યો. ત્યાંથી સારંગપુર પધાર્યા અને ત્યાં શેઠાણી શ્વપચના દેહને પામી તથા નિયમ પ્રમાણે તપ કરવાની વાત કરી અને ત્યાંથી વિજાપુર પધાર્યા’ એ નામે બોત્તેરમો અધ્યાય ॥૭૨॥

અધ્યાય - ૭૩

વિજાપુરનાં વજીબાઈની વાત

ગામ વિજાપુરમાં સથવારાની નાતમાં સારાં સત્સંગી વજીબાઈ નામે રહેતાં. તેને જેવી રીતે સત્સંગ થયો તેની સૌ હરિજનો આગળ શ્રીજીમહારાજે વિસ્તારીને વાત કરી જે, “વજીબાઈ જ્યારે સત્સંગી થયાં તે પહેલાં માર્ગીના પંથમાં હતાં. ત્યારે પોતાના ગામમાં જે જે વૈરાગી આવે તેને પોતાને ઘેર ઉતારો દેતા. અને ગાંજો, ભાંગ પણ આપતા તથા ખાવા પીવાનું પણ તેને ભગવાન તુલ્ય જાણીને આપતાં. અને તે ભેખ ગમે તેવા ફેલ કરે છતાં તેનો અવગુણ મનમાં કંઈ પણ આવવા દેતા નહીં. પછી તેના ગામમાં કોઈક સમયે સાધુ રામદાસભાઈ ગયા અને ગામમાં ભિક્ષા કરતાં કરતાં તેને ઘેર ગયા.

ત્યારે વજીબાઈએ તેને ભેખ જાણીને આદરભાવ કરીને પછી તેના મુખથી સાવધાન થઈને વાતો સાંભળી. પછી હેતે કરીને દશબાર દિવસ રાખ્યા ત્યારે સત્ય-અસત્યની તેમને ખબર પડી. અને તે બાઈનો

પતિ ને પોતે, સંતની વાત સાંભળીને સત્સંગી થયાં. અને બીજા સર્વે મતપંથનો ત્યાગ કરીને અમારે વિષે અત્યંત હેત થયું; પણ તેમને અમારાં પ્રત્યક્ષ દર્શન થયેલ નહોતાં. ત્યારપછી કોઈ વૈરાગી ઘેર આવે તેને ગાંજો, ભાંગ કે લોટ કંઈ પણ આપે નહીં.

પછી એક સમયે અમો બ્રહ્મચારીને વેશે ત્યાં ગયા અને કોઈક માણસને એમ પૂછ્યું જે, અમે ઉતારો ક્યાં કરીએ ? અને આ ગામમાં સાધુની સેવા કરે તેવું કોઈ છે ? ત્યારે તેણે કહ્યું જે, ‘બીજું તો કોઈ નથી. એક વજીબાઈ સાધુની સેવા કરે એવી હતી, તે પણ હવે બગડી ગઈ અને સ્વામિનારાયણની થઈ ગઈ છે. માટે તમો જો ત્યાં જાશો તો સુખિયા થાશો નહિ અને ઊતરવા પણ દેશે નહીં.’ એવાં તેનાં વચન સાંભળ્યાં તોપણ અમો ત્યાં ગયા. અને વજીબાઈને કહ્યું જે, અમે તીર્થવાસી છીએ, તે કહો તો તમારે ઘરે રાત રહીએ.

ત્યારે તે કહે જે, ‘અહીં નહિ, બીજે ક્યાંક ગામમાં માગી ખાઓ. તમારા જેવા ધૂતીને પેટ ભરનારા ઘણાયે આવે છે. અને તમે પણ ખાવા ન મળ્યું ત્યારે પારકો માલ ખાવા સાધુ થયા. અને ખાઈ પીને શરીર વધાર્યું છે તેણે કરીને જીવાત્માનું શું કામ થયું ? અને તીર્થવાસી થયા તેણે કરીને લખચોરાસીના ફેરા તો ટળશે નહીં. આત્યંતિક કલ્યાણની ઈચ્છા હોય તો શ્રીસ્વામિનારાયણનું હેતે સહિત ભજન કરો તો આત્યંતિક કલ્યાણ થાય.’

ત્યારે અમે તેને કહ્યું જે, તમે તો ભોળા જણાઓ છો અને કોઈએ તમને ભરમાવ્યા છે. સ્વામિનારાયણ તો પાખંડી છે. તેણે તો બાબરો ભૂત વશ કર્યો છે, એણે કરીને જગતને ભરમાવે છે. અને તેની પ્રસાદી જે કોઈ ખાય તે ગાંડા થઈ જાય છે. ત્યારે તેણે કહ્યું જે, ‘અરે બાવા ! આવા ખોટા ગપ્પા શું મારો છો ?

અને **અનંત કોટી બ્રહ્માંડના કારણ જે કહેવાય છે તે જ**

સ્વામિનારાયણ પોતે છે. તેઓ પૃથ્વી ઉપર અધર્મનું ખડંન કરીને ધર્મનું સ્થાપન કરવા પ્રગટ થઈને અગણિત જનોનો ઉદ્ધાર કરે છે. અને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જેવા તો જેની સ્તુતિ કરે છે, અને શેષ શારદા જેના ગુણનું ગાન કરે છે, તેને જે અજ્ઞાની જીવ છે તે જાણતા નથી.' ત્યારે અમે તેને કહ્યું જે, આજ કળિયુગમાં ભગવાન હોય નહીં. અને કહો તો કાશી સુધીના પંડિતોને બોલાવીને મોટી સભા કરીએ. અને તે સૌ નિર્ણય કરે તો સ્વામિનારાયણ ભગવાન સાચા.

ત્યારે તેણે કહ્યું જે, 'જમુનાજીને કાંઠે યજ્ઞ કરનારા ઋષિઓ શાસ્ત્ર-પુરાણોને ભણેલા હતા. તેણે પણ ભગવાનને ઓળખ્યા નહિ તો આજના શાસ્ત્રી-પુરાણીઓ શું નિર્ણય કરશે ? તે વિચારી જુઓ. અને પશુના પાલન કરનારા જે ભરવાડ તેમણે પ્રત્યક્ષ પ્રભુને જાણ્યા અને બ્રહ્મા બુદ્ધિશાળી કહેવાય, તેણે ન ઓળખ્યા. માટે અહીં બુદ્ધિશાળીનું કામ નથી, પણ ભગવાનની કૃપા હોય અથવા પૂર્વજન્મના સંસ્કાર હોય તો પ્રત્યક્ષ ભગવાન ઓળખાય છે.' ત્યારે અમે કહ્યું જે, તે વાત બધી ખોટી છે. તમારા મનમાં ખોટી ભ્રમણા છે. ત્યારે તેણે અમોને કહ્યું જે, 'તું ખોટો ને તારો ગુરુ પણ ખોટો; પણ અમે સ્વામિનારાયણને શિર જાય તો પણ મૂકીએ નહીં, અમે તો એવો નિશ્ચય કર્યો છે. અને ભવ, બ્રહ્મા જેવો આવે તો પણ તેને અમે મૂકીએ નહીં."

પછી તે બાઈનો પતિ આવ્યો. તેણે પણ અમને બીક દેખાડી અને કહ્યું જે, 'બાવા ! તું અહીંથી ચાલ્યો જા.' ત્યારે અમે તેને કહ્યું જે, ઓસરીમાં અમે એક પડખે પડ્યા રહેશું. કંઈ અમે તમારા પાસે લેવા આવ્યા નથી. કદાચ તમે લાકડી લઈને મારશો તો પણ જશું નહીં. ત્યારે તેણે કહ્યું જે, 'ભલે તમે પડી રહો, પણ આસન કે ખાવા પીવાનું કંઈ મળશે નહીં. અને ચલમ કે બીડી પીતા દેખશું તો તમારો લબાચો બહાર ફેંકી દેશું. કારણ કે હું સ્વામિનારાયણનો

સત્સંગી છું, તેથી મારા ઘરમાં બીડી કે ચલમ પીવાય નહીં.' પછી અમે વસ્ત્ર પાથરીને ભૂમિ ઉપર સૂઈ ગયા. પછી શરીરમાં પૃથ્વી ખૂંચી ત્યારે અમે તે બાઈને કહ્યું જે, કાંઈ પલંગ હોય તો આપો. ત્યારે તે બાઈ કહે જે, 'જુવો, ક્યાંય મારા ઘરમાં પલંગ છે ? હું ક્યાંથી પલંગ આપું ?' ત્યારે તે બાઈને અમે કહ્યું જે, તારા બીજા ઓરડામાં એક પલંગ પડ્યો છે, તે મને આપ.

તે સાંભળીને તે વજીબાઈ ઘણું આશ્ચર્ય પામ્યાં અને ઊઠીને અમને તે સમે ઓરડામાંથી પલંગ કાઢી આપ્યો. ત્યારે તે બાઈને અમે કહ્યુ જે, હે બાઈ ! એક ગોદડું પણ અમને પાથરવા આપો. ત્યારે તે બાઈએ કહ્યું જે, 'ગોદડું ક્યાંથી આપું ? અને અમને તું શા કારણથી નડે છે ? પહેલાં કહેતો હતો જે મારે કાંઈ જોઈતું નથી, અને વળી અત્યારે ગોદડું માગે છે ? અને ઘરમાં ગોદડાં હતાં તે સૌ પાથરીને અમો સૂતાં છીએ.' ત્યારે અમે તેને કહ્યું જે, ઘરની અંદર ગોદડાંની થોકડી પડી છે, તેમાંથી નવું ગોદડું અમને આપો. ત્યારે વજીબાઈ અમારાં વચન સાંભળીને વિચારવા લાગ્યાં જે, 'આ બાવો ઓરડામાં ગોદડાં પડ્યાં છે તે ક્યાંથી દેખતો હશે ? આ કાંઈક આશ્ચર્ય વાત છે, પણ તેમાં હું ભરમાઉં નહીં.' એમ જાણીને તેમણે અમને બે ગોદડાં આપ્યાં.

પછી તે બાઈ ઘરનું બારણું બંધ કરીને સૂઈ ગયાં. ત્યારપછી અમે ઓટા ઉપર ઢોલિયો ઢાળીને પોઢી ગયા. ત્યારપછી અડધી રાત જ્યારે ગઈ ત્યારે તે બાઈએ બારણામાંથી અમારા સામું જોયું. ત્યારે તે બાઈને અમે ઐશ્વર્ય જણાવવા સારુ અમારાં ચરણારવિંદ પીપળાની ડાળ સુધી લાંબાં કરી દેખાડ્યાં.

ત્યારે તે બાઈએ મનમાં વિચાર કર્યો જે, 'આ પુરુષ કાંઈક ચમત્કારી છે, પણ મારે તો સ્વામિનારાયણમાં પતિવ્રતાપણું છે; તે જો મારું મન ભરમાવા માટે કોઈ વૈરાટપુરુષનું સ્વરૂપ ધારણ કરી દેખાડે

અથવા તો કોઈ આકાશમાં ઊડી જાય અથવા તો કોઈ સૂર્ય કે ચંદ્રમાં લીન થાય તો પણ સ્વામિનારાયણ ભગવાન વિના સર્વે માયાના દાસ છે, પણ ભગવાન તો એક સ્વામિનારાયણ જ સાચા છે. તે વિના કોઈ સોએ સો પ્રકારે સિદ્ધાઈ બતાવે અથવા તો કોઈ અગ્નિમાં પ્રવેશ કરે અથવા તો કોઈ સમુદ્રમાં પ્રવેશ કરે અથવા તો કોઈ પરના મનની વાત કહી બતાવે તો પણ સર્વે માયાના જીવ છે. અને જગતમાં મૂરખ જનોને ભરમાવવા માટે જોગીનો વેષ લઈને ઘણા તારા જેવા ફરે છે, પણ મારે તો સ્વામિનારાયણ વિના સર્વે ખોટા છે. અને સ્વામિનારાયણનો જેને નિશ્ચય ન હોય તેને બીજા પુરુષનો ભાર આવે. અને જે સાચો સત્સંગી હોય તેને જો કોઈ સિદ્ધાઈ બતાવે તો પણ તેને પાખંડી છે એમ જાણે છે. પણ મને તો ભરમાવા સારુ શંકર કે શેષજી કે કોઈ ઈન્દ્રાદિક દેવ અથવા બ્રહ્માદિક દેવ ભરમાવવાનો ઉપાય કરે તો પણ સ્વામિનારાયણ વિના બીજા કોઈને હું ભગવાન માનું નહીં.' એમ તે બાઈ વિચાર કરીને પોતાની સજ્જા ઉપર સૂતી.

પછી જ્યારે પ્રાતઃકાળ થયો ત્યારે અમે ત્યાંથી ચાલી નીકળ્યા. પછી તે બાઈ એક સમયમાં અમારાં દર્શન કરવા ગઢપુર ભારે સમૈયો ભરાયો ત્યાં આવ્યાં. ત્યારે સમૈયાની ભીડ જોઈને છેટે ઊભાં થઈ રહ્યાં. તેને જોઈને અમે હરિજનોને કહ્યું, બાઈને આવવા દ્યો. ત્યારે તે બાઈ આવીને અમોને પગે લાગ્યાં. તે સમે અમે તે બાઈને મર્મે કરીને કહ્યું જે, આ ચરણારવિંદ પીપળે અડક્યાં હતાં તે જ છે. ત્યારે વજીબાઈએ શરમાઈને નીચું જોયું.

ત્યારે તે ગામનાં રહેનારાં મોટીબા બોલ્યાં જે, 'હે મહારાજ ! આ બાઈએ નીચે જોયું તેનું કારણ શું ?' ત્યારે અમે સર્વે વાત કહી દેખાડી અને કહ્યું જે, **અમારો જેને દૃઢ નિશ્ચય હોય તેને બ્રહ્માદિક જેવા ડગાવે તો પણ ડગે નહીં.**" એમ સભામાં વજીબાઈની પ્રશંસા કરી તે સાંભળીને સર્વે રાજી થયા.

✵ સત્સંગી નામ સાર્થક કરવું :

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "હે ભક્તજનો ! તમે સત્સંગી છો, તેથી તમારે સત્સંગી નામ સાર્થક કરવું. તે શું ? તો **આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન જેવા છે તેવા જાણીને તેમનો મન, કર્મ, વચને સમાગમ કરવો. બીજું આ પ્રગટ ભગવાનના સંત જે સ્ત્રીધનના ત્યાગી એવા જે સાધુ તેમનો સમાગમ કરવો. અને પ્રત્યક્ષ ભગવાને પ્રવર્તાવ્યો એવો જે ભાગવતધર્મ તેને પાળવો. અને પ્રત્યક્ષ ભગવાન તથા સાધુ તથા ભાગવતધર્મ તેનો મહિમા જેમાં કહેલ હોય એવાં શાસ્ત્ર જે સત્સંગિજીવન તથા વચનામૃત તથા શિક્ષાપત્રી-ભાષ્ય એ આદિકને વાંચવાં, સાંભળવાં અને અભ્યાસ કરવો અને તે જ પ્રમાણે વર્તવું તેને જ સત્સંગી કહીએ.**

હવે ભગવાનનો સમાગમ કરવાની રીત કહીએ છીએ જે, પોતાના ત્રણ દેહ તથા ત્રણ અવસ્થા તથા ત્રણ ગુણ તથા પંચભૂત તથા દશ ઈન્દ્રિયો તથા દશ પ્રાણ તથા ચાર અંતઃકરણ તથા અંતઃકરણના દેવતા તે સર્વે થકી પોતાના આત્માને ન્યારો બ્રહ્મરૂપ જાણીને પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિનું નખશિખા પર્યંત ધ્યાન કરવું; તથા ગદ્ગદ કંઠ થઈને રોમાંચિત ગાત્ર થઈને ભગવાનની માનસીપૂજા કરવી તથા પ્રત્યક્ષપૂજા કરવી તથા નવ પ્રકારની ભક્તિ કરવી; તેને ભગવાનનો સમાગમ કર્યો કહેવાય. અને સાધુની અન્નવસ્ત્રાદિકે કરીને સેવાપૂજા કરવી તથા તેમના મુખ થકી કથાવાર્તા સાંભળવી અને તે કહે તેમ જ વર્તવું, તે સંતનો સમાગમ કર્યો કહેવાય.

હવે ભાગવત ધર્મનિષ્ઠાની વાર્તા કહીએ જે, અહિંસા તથા બ્રહ્મચર્યાદિક જે પોતાનો વર્ણાશ્રમ સંબંધી સદાચાર તેણે યુક્ત થકો નિર્દંભપણે ભગવાન અને ભગવાનના ભક્તની સેવા કરવી. અને ભગવાનનાં મંદિર કરવાં તથા ભગવાનને અર્થે બાગબગીચા કરાવવા.

અને ભગવાનને નાના પ્રકારનાં નૈવેદ્ય ધરવાં તથા ભગવાનના મંદિરમાં વાળવું-લીંપવું તેમાં શ્રદ્ધા રાખવી. આવી રીતે વર્તવું તેને ભાગવતધર્મ કહીએ." એ આદિક ઘણીક વાર્તાઓ કરીને શ્રીહરિ વિરામ પામ્યા.

❋ સ્ત્રીના સ્વભાવની વાત :

અને સવારે ઊઠીને પોતાનો નિત્યવિધિ કરીને ત્યાં હરિજનોને ઘેર થાળ જમ્યા. અને ત્યાંથી ચાલ્યા તે રસ્તામાં હરિજનોનાં ગામ આવ્યાં તે તે ગામના હરિજનોના મનોરથ પૂર્ણ કરતા થકા ગામ **મછિયાવ** પધાર્યા. અને ત્યાંના હરિજનો સર્વે ગાજતા વાજતા સામૈયું કરીને સન્મુખ આવ્યા. પછી સૌ ગામમાં આવ્યા અને બાપુભાઈને ઘેર ઉતારો કર્યો. અને તે બાપુભાઈએ સારાં સારાં ભોજન તથા વ્યંજન કરાવીને મહારાજને જમાડ્યા.

ત્યારપછી મહારાજના દર્શને હરિજનો આવ્યા હતા તે દર્શન કરીને સભામાં બેઠા હતા. તેના આગળ મહારાજે વાત કરી જે, "સર્વે ગૃહસ્થાશ્રમી અમારા સત્સંગી તમે સાંભળો. જે સ્ત્રીના સ્વભાવ છે તે હું તમને કહું છું. જે સ્ત્રી બહુ ધર્મવાળી હોય અથવા ડાહી હોય તો પણ સ્વભાવથી જન્મથી ભોળી છે. તેનું કહ્યું જે પુરુષે માન્યું તે પુરુષ દુઃખિયો થાય છે. કારણ કે પતિના પ્રાણ જાય તેવી વાત હોય તો પણ તે સ્ત્રી મનમાં વિચાર કરે નહિ કે આમાંથી પતિના પ્રાણ જાશે. તે વિચારી જુઓ કે દશરથ રાજાએ કૈકેયીનું કહ્યું માન્યું તો પોતાના પ્રાણ ખોયા. માટે અલ્પ કામ સારુ સ્ત્રી રાત-દહાડો કંકાસ કરે છે.

વળી, સત્યભામાએ પુષ્પને માટે શ્રીકૃષ્ણ ભગવાનને કુશબ્દો કહ્યા. વળી સ્ત્રી ભાગીરથી નદી સદાએ વાંકા સ્વભાવવાળી છે. માટે સારા ધર્મવાળી સ્ત્રી હોય અથવા માતા હોય તોપણ તેનું કહ્યું વિચારીને જ કરવું. વળી સ્ત્રીનું ઘણું સન્માન ન કરવું, પાત્ર પ્રમાણે સન્માન કરવું. વળી સ્ત્રી કેવી છે ? તો ઠગાદિકથી ઠગાઈ જાય છે, ભૂતપ્રેતના ભયમાં

ભમાઈ જાય છે અને ધુતારાના વચનમાં સાચી પ્રતીતિ માની લે છે; પણ ભગવાનનો મહા અલૌકિક મહિમા જાણતી નથી. તે કારણથી છાની વસ્તુ રાખવી હોય તે વાત તેની પાસે કરવી નહીં. જેના ઘરમાં સ્ત્રી કર્તા હોય તથા જેના રાજ્યમાં બાળક કર્તા હોય તેના ઘરમાં ધનાદિકની આશા ન રાખવી. અને ત્યાગીને તો પાષાણની અથવા ચિત્રની સ્ત્રી હોય, કાષ્ઠાદિકની પૂતળી હોય તો પણ દષ્ટિપૂર્વક જોવી નહિ તો તેનો સ્પર્શ તો થાય જ કેમ ?"

✹ નાના વ્યાપકાનંદમુનિને સ્ત્રીની પૂતળી જોવાથી દુ:ખ :

ત્યારે વ્યાપકાનંદમુનિએ પૂછ્યું જે, "હે મહારાજ ! પાષાણ તથા ચિત્રની સ્ત્રી તે તો નિર્જીવ કહેવાય. તે શું કરનારી છે ?" પછી મહારાજ કહે જે, "એનો ઉત્તર આજ નહિ કરીએ, હમણાં તો ફરવા જાઓ." પછી ત્યાંથી વ્યાપકાનંદમુનિ ફરવા ગયા. તે ફરતા ફરતા થાનગઢમાં વાસંગી નાગનું મંદિર છે તેમાં રાત રહ્યા. તે મંદિરના ઘુમટમાં સ્ત્રીની પૂતળીઓ ચીતરેલી હતી. તેની સામે સ્વામીએ જોયું કે પોતાનું ભાન ભૂલી ગયા. અને તે પૂતળીઓ જાણે સર્વે સજીવન નાચતી હોય કે શું? એમ તેણે જોયું.

પછી સ્થિર ચિત્તે વ્યાપકાનંદમુનિએ શ્રીહરિનું ધ્યાન ધર્યું અને પ્રાર્થના બહુ જ કરી, ત્યારે તે ચિત્રો હતાં તેમ જ સ્થિર રહ્યાં. પછી સ્વામી ગઢપુર મહારાજ પાસે આવ્યા ત્યારે ગદ્‌ગદ કંઠ થઈને બોલ્યા જે, "હે મહારાજ ! આપની વાત મેં બરાબર સાચી માની." એમ કહીને પોતાનું વૃતાંત કહી સંભળાવ્યું. માટે **ત્યાગીને તો સ્ત્રીની ચિત્ર-પ્રતિમા પણ બંધન કરનારી છે.**

✹ ભૂખ્યાને અન્નદાન કરવું તે ગૃહસ્થનો ધર્મ છે :

પછી હરિજનો રસોઈની સામગ્રી લાવ્યા અને રસોઈ કરીને સંતે સહિત પોતે જમ્યા. તે સમે એક ભિખારીનો છોકરો અતિ કરગરીને

અન્ન માગતો થકો આવ્યો. તેને જોઈને મહારાજ બોલ્યા જે, "આ છોકરાને અન્ન હોય તો આપો." પણ કોઈ બોલ્યા નહિ અને એમ જાણ્યું જે, 'આ મચ્છનો ખાનારો, તેને અન્ન કેમ અપાય ?'

ત્યારે મહારાજે તે છોકરાને પૂછ્યું જે, "તું જળડોડી (માછલી) ખાય છે કે નથી ખાતો ?" તે સાંભળીને છોકરો કહે જે, "ના મહારાજ ! હું તો નથી ખાતો." તે વચન સાંભળીને મહારાજે હરિજન આગળ કહ્યું જે, "આ બાળક તો ધર્મી જણાય છે. માટે સ્વધર્મી કે પરધર્મી હોય તોપણ ભૂખ્યો કે દુઃખિયો જણાય તો તેનું દુઃખ જોઈને શક્તિ પ્રમાણે અન્નજળાદિકે કરીને તેને શાંતિ પમાડવો. તે ગમે તેવો હોય તોપણ રાંધેલા અન્નાદિકે કરીને તેનું દુઃખ ટાળવું તે સદ્‌ગૃહસ્થનો ધર્મ છે. સગું હોય અથવા સ્વદેશી હોય કે પરદેશી હોય તોપણ તેને અન્નજળ આપવું જોઈએ. કેમ કે **સુવર્ણાદિક સર્વે દાન કરતાં અન્નદાન અધિક છે. અને તે કરતાં પણ શ્રીહરિના સ્વરૂપ સબંધી જ્ઞાનદાન સર્વેથી અધિક દાન છે."** એવી રીતે ઘણીક વાર્તા કરી.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'વિજાપુરમાં મહારાજે વજીબાઈની વાર્તા કરી તથા ત્યાંથી મછિયાવ પધાર્યા અને ત્યાં કેટલીક હરિજનો આગળ વાર્તાઓ કરી' એ નામે તોંત્તેરમો અધ્યાય ॥૭૩॥

અધ્યાય - ૭૪

ગઢપુર પધારી સંતો-ભક્તોને રંગે રમાડ્યા

ત્યારપછી ગામ **મછિયાવ**થી મહારાજ ચાલ્યા, તે માર્ગમાં હરિજનોનાં ગામ આવ્યાં ત્યાં ત્યાં પોતાના અનન્ય હરિજનોને દર્શન દેતા અને તે હરિજનોના મનોરથ પૂર્ણ કરતા થકા ગામ **ગઢડે** પધાર્યા. અને ત્યાં મંદિરમાં ઉતારો કરીને પોતાના અક્ષરમહોલમાં ઢોલિયા

ઉપર બિરાજ્યા. અને ત્યાં જીવુબા આદિ હરિજનોએ ભારે ભારે થાળ કરીને મહારાજને જમાડ્યા. તે જમીને હસ્ત ધોઈને જળપાન કરીને અક્ષરઓરડીએ ઢોલિયા ઉપર બિરાજમાન થયા. તે સમે નિત્યાનંદસ્વામી આદિક સંતમંડળોએ આવીને મહારાજને દંડવત કર્યા. ત્યારે મહારાજ ઊઠીને તે સંતોને મળ્યા.

પછી ઢોલિયા ઉપર બિરાજ્યા અને તે સમે ઝાલાવાડના સત્સંગીની ખબર પૂછી. ત્યારપછી બાઈઓ પાસે બિરંજની સંત સારુ રસોઈ કરાવી અને પોતે સંતોને પીરસવા પધાર્યા. તે ડંકા ભરી ભરીને સંતોને બિરંજ આપતા જાય અને તાણ કરતા જાય. એવી રીતે સંતોને જમાડી. પછી તે ઉપર સાકર અને દૂધ પણ તાણ કરી કરીને જમાડ્યાં. પછી પાર્ષદ પાસે પોતે હાથ ધોવરાવ્યા. અને સંત પણ જમીને ચળુ કરીને ઊઠ્યા. અને મહારાજ પોતે મુખવાસ જમીને તે પ્રસાદીનો મુખવાસ સંતોને આપ્યો.

પછી મહારાજ સભામાં બિરાજમાન થયા અને સંતો પાસે કથા કરાવી. ત્યારપછી કીર્તન ગવરાવ્યાં. ત્યારપછી રાત્રે પોઢવા સારુ પધાર્યા. પછી સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને સભામાં કથા વંચાવવા લાગ્યા. પછી કથાની સમાપ્તિ કરીને થાળ જમવા બિરાજ્યા. અને સંતોને પણ જમવા તેડાવ્યા. તે મહારાજ જમીને ચળુ કરીને મુખવાસ લઈને ધોતિયાની પલવટ વાળીને સંતોને હરીસો પીરસવા મંડ્યા. અને તે ઉપર નાના પ્રકારનાં જે વૈતાંક, વાલોળ આદિક શાક બ્રહ્મચારી પીરસતા જાય. એવી રીતે મહારાજે સંતોને તાણ કરીને જમાડ્યા અને પોતે ઉતારે આવ્યા. અને ત્યાં ઘડીક પોઢીને પછી જાગ્યા. પછી જળપાન કરીને તથા વસ્ત્ર પહેરીને ચાખડીએ ચડીને ચાલ્યા, તે ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર બિરાજ્યા. અને ત્યાં સંતને તેડાવ્યા અને કહેવરાવ્યું જે, “વાજાં લેતા આવજો.”

પછી સંત આવી પગે લાગીને બેઠા અને વાજાં લઈને ગાવા લાગ્યા. તે ભેળા મહારાજ પણ ચપટી વજાડીને ધેરે સાદે ગાતા જાય. એવી રીતે ગાવણું કરાવ્યું. પછી આરતી-ધૂન બોલીને સંતો પગે લાગીને બેઠા. અને મહારાજ ઉતારે પધાર્યા અને ત્યાં જઈ પલંગ ઉપર પોઢ્યા અને સંત સૌ સૌને આસને જઈને પોઢ્યા.

પછી સવારે વહેલા ઊઠીને સર્વે નિત્યવિધિ કરી, વસંતી વસ્ત્ર પહેરીને મહારાજ ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર બિરાજ્યા. પછી સંતમંડળ વાજાં લઈને ગાતાં ગાતાં મહારાજ પાસે આવ્યા અને વચ્ચે કળશ લાવીને મેલ્યો. પછી મહારાજને પગે લાગીને વસંતનાં કીર્તન ગાવા લાગ્યા. તે સમે મહારાજ સંતો ઉપર રંગ-ગુલાલ નાખતા જાય અને સંતમંડળ પણ મહારાજ ઉપર રંગ-ગુલાલ નાખે.

અને તે સમે આંબાના મોર જે કળશ ઉપર હતા તેને જોઈને મહારાજ બહુ રાજી થયા અને નિષ્કુળાનંદસ્વામીને આજ્ઞા કરી જે, "અમારી બેઠક છે તેની ઉગમણી કોરે આંબા વવડાવજો." પછી મહારાજની ઉપર સંતો રંગ અને ગુલાલ નાખવા મંડ્યા. તે સમે મહારાજ સંત અને હરિજન ઉપર રંગ નાખતા જાય અને વાજિંત્રનો એકતાર શોર થઈ રહ્યો હતો. અને મહારાજ પડકારા કરતા જાય અને રમૂજ કરતા જાય.

પછી પાર્ષદને કહે, "લાવો ઘોડી." ત્યારે પાર્ષદે ઘોડી આપી તે ઉપર અસ્વાર થઈને ઊભી બજારે ચાલ્યા જાય અને ગુલાલ ઉડાડતા જાય. અને પ્રેમાનંદસ્વામી આદિ સંતો વાજિંત્ર લઈને વસંતનાં કીર્તન બોલતા જાય. અને આગળ વાજિંત્રોના વગાડનારા પણ ઢોલ અને શરણાઈઓ વગાડતા જાય. એવી રીતે ઉન્મત્ત ગંગામાં ખીજડાવાળે આરે નાવા પધાર્યા. ત્યાં ઘોડીએથી ઊતરીને પહેરેલાં વસ્ત્રો ઉતારીને જળના પ્રવાહ મધ્યે નહાવા પધાર્યા. અને સર્વે સંતહરિજન મહારાજને હેઠવાસ નાવા બેઠા.

તે સમે સર્વ ધામના અધિપતિ અને તે ધામોના મુક્તો પણ મહારાજની આજ્ઞાએ કરીને આવેલા. તે મહારાજનાં દર્શન કરીને ત્યાં નાહ્યા. પછી મહારાજ નાહીને કોરા વસ્ત્રથી શરીર લૂઈને ભારે ભારે પોશાગ હતો તે પહેર્યો. અને પુષ્પના હાર હતા તે પહેર્યા તથા પુષ્પના બાજુબંધ બાંધ્યા તથા પુષ્પના તોરા પાઘ ઉપર ધારણ કર્યા તથા પુષ્પના ગુચ્છ કાનો ઉપર ધારણ કર્યા.

પછી ઘોડીએ અસ્વાર થઈને ગાજતે વાજતે ચાલ્યા, તે દાદા ખાચરના દરબારમાં ઘોડીએથી ઊતરીને અક્ષરઓરડીએ પધાર્યા. અને ત્યાં પોશાગ ઉતારીને થાળ જમવા બિરાજ્યા. પછી થાળ જમીને જળપાન કર્યું. પછી મુખવાસ લઈને જ્યાં ઓરડાની ઓસરીએ સંતની પંક્તિ થઈ હતી ત્યાં પીરસવા પધાર્યા. તે મોતિયા લાડુ આદિક પકવાન પીરસતા જાય અને તાણ કરતા જાય. પછી સંતને જમાડીને પોતે જળ લઈને હાથ ધોયા. તે વાર પછી પોતાને ઉતારે પલંગ ઉપર પોઢ્યા. પછી જાગીને જળપાન કરીને બહિર્ભૂમિ જઈ આવ્યા અને હાથ ધોઈને ગરમ જળે સ્નાન કર્યું. પછી શરીરને લૂછીને બીજાં વસ્ત્ર પહેરીને ત્યાંથી ઓરડાની ઓસરીએ આવીને ઢોલિયા ઉપર બિરાજ્યા. અને સંત સર્વ પગે લાગીને બેઠા.

❋ પ્રસાદી માટે સંન્યાસ છોડી સાધુ થયા :

તે સમે કૃષ્ણાનંદ સંન્યાસી તથા વૈષ્ણવાનંદ સંન્યાસી એ બે જણ નર્મદા નદીએ જઈને સંન્યાસનો ત્યાગ કરીને મહારાજ પાસે આવીને દંડવત કર્યા. પછી મહારાજ ઊભા થઈને મળ્યા અને ખબર પૂછ્યા જે, “તમે આમ કેમ કર્યું ?” ત્યારે તેઓ બંને બોલ્યા જે, “હે મહારાજ! જે પ્રસાદીને સારુ શિવજીએ પાર્વતીનો શ્રાપ ગ્રહણ કર્યો, વળી જે પ્રસાદી સારુ બ્રહ્મા માછલું થયા અને અમે જે પ્રસાદી સારુ સંસાર ત્યાગ કરીને ભેખ લીધો, એવી જે તમારી પ્રસાદી તે જો ન લેવાય

અને તમે જે સંતની પંક્તિમાં વારંવાર પીરસો છો તે પણ ન જમાય ત્યારે ભેખ લઈને શું કમાણા ?"

તે સાંભળીને મહારાજ કહે, "હવે આજથી આપણે સંન્યાસી નહિ કરીએ, કારણ કે કળિયુગમાં સંન્યાસ આશ્રમ નિષેધ છે. અને વળી ગૃહસ્થને ઘરે સંન્યાસીને એકલું જવાનું થાય અને ત્યાં બાઈઓનો પ્રસંગ થાય. માટે બ્રહ્મચારી આશ્રમ ઠીક છે." એટલી વાત કરીને મહારાજ ઉતારે પધાર્યા અને વસ્ત્ર ઉતારીને થાળ જમવા બિરાજ્યા. તે થાળ જમીને કૃષ્ણાનંદજી તથા વૈષ્ણવાનંદજીને પ્રસાદીનો થાળ આપ્યો. અને સંતો જમવા બેઠા તેને હેતે સહિત સ્વ હસ્તે જમાડ્યા. પછી હાથ ધોઈને ઢોલિયે બિરાજ્યા.

❋ અમદાવાદ પ્રતિષ્ઠાનું દેશોદેશ તથા ધામોમાં આમંત્રણ :

પછી ગુજરાતથી હરિજનોનો સંઘ આવ્યો તેને ઉતારા અપાવીને પલંગ ઉપર પોઢ્યા. પછી વહેલા જાગીને વતું કરાવ્યું. પછી સ્નાન કરીને વસ્ત્ર પહેરીને બેઠા. તે સમે અમદાવાદથી આનંદસ્વામીનો કાગળ આવ્યો. તે શુકમુની પાસે વંચાવ્યો. તેમાં લખેલ જે, 'મંદિર કરાવવાની આપે આજ્ઞા કરેલ તે મંદિર તૈયાર થયું છે. અને નરનારાયણની મૂર્તિઓ પણ ઓપાઈ રહેલ છે. તે **સં.૧૮૭૮ના ફાગણ સુદ-૩ ત્રીજ**નું મુહૂર્ત મૂર્તિઓ પધરાવવાનું છે. માટે અહીં મુક્તાનંદસ્વામી આદિક સદ્‌ગુરુઓને મોકલાવશો. અમે અહીં સામાન તૈયાર કરવાનું શરૂ કર્યું છે.' એવો પત્ર વાંચીને મહારાજ કહે જે, "સંતોને તેડાવો." ત્યારે સંતોને તેડાવ્યા. તે આવીને મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજે તે વાત કહી સંભળાવી.

પછી મહારાજે મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામીને આજ્ઞા કરી જે, "તમો અમદાવાદ આનંદસ્વામી પાસે જાઓ." એમ કહીને પોતે વસ્ત્ર ઉતારીને થાળ જમવા બિરાજ્યા, તે

જમતા જમતા શ્રીનગરના મંદિરની સંતોને ભલામણ કરતા જાય. પછી જમીને જળપાન કરીને પ્રસાદીનો થાળ સદ્‌ગુરુઓને આપ્યો. તે જમી રહ્યા ત્યારે સદ્‌ગુરુઓને ગાડી જોડાવી આપી, તેથી સંતો શ્રીનગર તરફ ચાલ્યા. અને મહારાજ થોડી વાર પોઢી ગયા.

પછી જાગીને જળપાન કરીને ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર બેઠા. પછી દેશ પ્રદેશ પ્રત્યે કંકોતરીઓ લખાવીને મોકલાવી અને કાઠીના અસ્વારને તેડાવ્યા. પછી કચ્છ, હાલાર અને સોરઠ તથા વાળાક તથા કાઠિયાવાડ આદિ સર્વ દેશના સંઘ તેડાવ્યા. પછી સર્વ દેશના હરિજનો આવવા મંડ્યા.

તે સમે મહારાજે સચ્ચિદાનંદસ્વામીને અંગૂઠા પાસેની આંગળીની સાને કરીને બોલાવ્યા અને કહ્યું જે, **"તમો અક્ષરધામના સર્વ મુક્તને ખબર કરો. તેવી જ રીતે ગોલોક તથા વૈકુંઠાદિ ધામમાં પણ ખબર કરો. અને બ્રહ્મા, વિષ્ણુ ને શિવજી, ઈન્દ્ર, વરુણ, કુબેર, સૂર્યચંદ્રાદિક નવ ગ્રહ તથા દશ દિગ્પાલ, બ્રહસ્પતિ આદિ સર્વ ઋષિઓ તથા પિતૃ તથા મનુ તથા ગંગાદિક જે નદીઓ સર્વને ખબર કરો જે, મહારાજ શ્રીનગરમાં નરનારાયણ દેવની મૂર્તિઓ પધરાવે છે, તે સર્વ ત્યાં આવજો."**

પછી શતાનંદસ્વામીને બોલાવીને કહ્યું જે, "તમે શ્વેતદ્વીપમાં તથા બદરિકાશ્રમમાં જઈને તથા મેરુ પર્વત તથા હિમાચલ આદિ તથા અષ્ટકુલ પર્વત એ આદિને પણ ખબર કરો જે, તમો તમારાં સહકુટુંબ તથા દાસ દાસીઓ તેમણે સહિત તમો આવશો." એમ કહીને તે બંન્ને સંતોને મોકલ્યા. તે ચૌદ લોક તથા સાત દ્વીપ, નવ ખંડમાં તથા સર્વ ધામોમાં ખબર આપી દીધી.

✹ મહારાજ સંઘ સહિત અમદાવાદ જવા નીકળ્યા :

અને જે જે દેશના હરિજનોના સંઘ તેડાવ્યા હતા તે સર્વ આવવા લાગ્યા. તે બાઈભાઈ હરિજનોનાં વાહનો વહેલ તથા માફા

તથા પાલખી તથા વિમાન તથા હાથી તથા ઘોડા તથા ઊંટ તેણે યુક્ત એવા જે સંઘો, તે બહુ જ શોભવા લાગ્યા. અને ગામ બહાર તેને ઉતારો આપ્યો. અને કાઠીના અસ્વાર તથા પાળા તથા પરમહંસ તથા બ્રહ્મચારીઓ અને સંન્યાસી તે પણ સર્વે આવ્યા. તથા સાત સ્વર્ગના જે દેવ તે પણ મનુષ્યના રૂપને ધરી ધરીને આવ્યા. તથા પ્રહ્લાદ તથા બલિ આદિ સત્યલોકના વાસી તે પણ સર્વ મનુષ્યના દેહ ધરીને આવ્યા. તથા તળાતળ, મહાતળ અને પાતાળ તેના રહેવાસી જે નાગ તે પણ મનુષ્યના દેહ ધરીને આવ્યા.

અને સમુદ્રમાં નાનું બેટ હોય તેમ ચારેકોર ઘણાક સંઘ ઊતરેલા તેણે કરીને ગઢપુર બેટની પેઠે દેખાવા લાગ્યું. અને મહારાજ આસન ઉપર પોઢ્યા. પછી વહેલા ઊઠીને પોતાનો સર્વ નિત્યવિધિ કરીને થાળ જમીને જળપાન કરીને મુખવાસ લઈને મસ્તક ઉપર ભારે રેટોં બાંધ્યો. અને કીનખાપની ડગલી ને સુરવાળ પહેર્યો અને બીજો ભારે રેટોં કેડે બાંધ્યો. અને સેલું ખભે નાખીને ઉગમણે બાર ઓરડાની ઓસરીએ બિરાજમાન થયા.

તે સમે મહારાજને હરિજનો પુષ્પના હાર પહેરાવીને ત્યાં બેઠા. તે સમે અગણિત વાજિંત્રો વાગી રહ્યાં હતાં. તથા કાઠીના અસ્વારો પણ તૈયાર થઈને પોતપોતાના ઘોડાને શખલાદિ પલાણ તથા સોનેરી લગામો આદિથી શણગારીને તથા સૌ સૌના હસ્તમાં ઢાલ, સોનાની મૂઠોવાળી તરવારો તથા બખતર પહેરેલાં છે, અને હાથમાં ભાલાં ઝળકી રહેલાં છે, એવી શોભાએ યુક્ત થકા તૈયાર થયા. તથા પાર્ષદો પણ ઢાલ, તરવારો તથા બંદૂકો વિગેરે હથિયાર ધારણ કરીને તૈયાર થયા. તથા સર્વ મુનિમંડળ તથા બ્રહ્મચારીઓ તથા સંન્યાસીઓ પણ તૈયાર થયા. પછી પાર્ષદ માણકી ઘોડી ઉપર પલાણ શણગારીને મહારાજ પાસે લાવ્યા. તે ઉપર મહારાજ અસ્વાર થઈને ગઢપુરથી ચાલવા તૈયાર થયા. તે સમે દશે દિશાઓમાં જય જય શબ્દ થયો.

અને મહારાજ ઉપર ઈન્દ્રાદિ દેવો સર્વ આવીને પુષ્પ વૃષ્ટિ કરવા લાગ્યા. અને તે સમે સર્વ ધામના મુક્તો તૈયાર થઈને મહારાજનાં દર્શન કરવા આવ્યા. તે બે હસ્ત જોડીને નમસ્કાર કરીને ઊભા રહ્યા. ત્યારે મહારાજે નેત્રની શાને કરીને તે સર્વને કહ્યું જે, "તમે સર્વ આગળ ચાલો." એમ કહીને મહારાજ ચાલ્યા.

સહુથી આગળ પાર્ષદો બંદૂકોના અવાજ કરતા ચાલ્યા જાય છે. અને તેની આગળ નાના પ્રકારનાં વાજિંત્રો વાગી રહ્યાં છે. ગુલાલ ઊડી રહ્યો છે તથા કાઠીઓના ઘોડા પણ હણહણી રહ્યા છે. અને મહારાજની ઉપર સોનાના ઈંડાએ યુક્ત છત્ર બિરાજમાન છે. તથા બે કોરે ચમર શોભી રહ્યા છે. ઈન્દ્રાદિક દેવો પોતપોતાનાં વિમાનોમાં બેસીને આકાશ માર્ગેથી ચંદન-પુષ્પની વૃષ્ટિ કરી રહ્યા છે.

અને જે દેશ દેશના હરિજનોના સંઘ ઊતર્યા હતા તે પણ સર્વ મહારાજના દર્શનની વાટ જોઈને ઊભા હતા. તે પણ મહારાજનાં દર્શન કરીને સાથે ચાલ્યા જાય છે. એમ કાઠીના અસ્વારો તથા બે હજાર સરબંધી તથા અગણિત એવા સંઘના માણસો ચાલ્યા જાય છે. તે વખતે રજ ઊડવાથી સૂર્ય પણ ઢંકાઈ ગયો હતો. એવી શોભાએ યુક્ત ચાલ્યા તે ગામ **ઝીંઝાવદર**ની ભાગોળે આવ્યા. અને ત્યાંના ભક્ત અલૈયા ખાચર આદિએ સામૈયું કરીને પોતાના દરબારમાં પધરામણી કરવી. અને સર્વ સંઘને ગામ બહાર ઉતારો આપ્યો.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજ મછિયાવથી ગઢડે આવ્યા અને દેશાંતરના હરિજનોને શ્રીનગરની પ્રતિષ્ઠા વિશે કંકોતરીઓ લખી અને ત્યાંથી સંઘે સહિત ચાલ્યા તે ગામ ઝીંઝાવદર આવ્યા' એ નામે ચુમ્મોતેરમો અધ્યાય ॥૭૪॥

અધ્યાય - ૭૫

ઝીંઝાવદરમાં સ્નાનાદિક કરી કારિયાણી આવ્યા

અને ગામ **ઝીંઝાવદર**માં કાઠી અસ્વારોને ઉતારો આપ્યો. અને સંઘમાં જે કંઈ વસ્તુઓ જોઈએ તે લાવી આપવાની મયારામ ભટ્ટને ભલામણ કરી. પછી અલૈયા ખાચરે મહારાજને સ્નાન કરાવીને થાળ જમાડવા બેસાર્યા. તે જમતાં જમતાં જળપાન કરતા જાય તથા ઉદર ઉપર હાથ ફેરવતા જાય. એમ જમીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજમાન થયા. અને હરિજનો પણ જમીને મહારાજ પાસે બેઠા. મહારાજે તે ભક્તો પાસે કીર્તન બોલાવ્યાં. ત્યારપછી મહારાજ પલંગ ઉપર પોઢી ગયા.

પછી બીજે દિવસે પ્રભાતમાં જાગીને પોતાનો નિત્યવિધિ કરીને સર્વ સંઘ સહિત ગામ **કારિયાણી** પધાર્યા. ત્યારે વસ્તો ખાચર ભાગોળે સામૈયું લઈને આવ્યા. તેણે થાળ જમવાની પ્રાર્થના કરી તેથી તેના દરબારમાં પધાર્યા. અને ઉત્તરાદી કોરે તળાવ પાસે સંઘને ઉતારો અપાવ્યો. અને મહારાજને સ્નાનાદિક ક્રિયા કરાવીને થાળ જમાડ્યો. પછી ઘોડે સવાર થઈને સંઘમાં આવ્યા અને સર્વને પૂછ્યું જે, "કંઈ જોઈતું કરતું હોય તો મયારામ ભટ્ટને કહેજો."

✹ કુંડળ, ઝીંઝર અડવાળ, બળોલ થઈ ધોળકા પધાર્યા :

પછી સર્વ તૈયાર થઈને ચાલ્યા તે ગામ **કુંડળ** આવ્યા. અને ત્યાં અમરો પટગર રસોઈનો સામાન લાવ્યા તે બ્રહ્મચારી રસોઈ કરવા લાગ્યા. અને મહારાજ ઢોલિયે બિરાજ્યા હતા. પછી આરતી-ધૂન કરીને સર્વ હરિજનો મહારાજને પગે લાગીને બેઠા. પછી બ્રહ્મચારી કહે જે, "હે મહારાજ ! થાળ તૈયાર છે." પછી જમવા પધાર્યા. તે જમતા જમતા સંઘની ખબર પૂછતા જાય. પછી જળપાન કરીને મુખવાસ આપ્યો અને પછી સુંદર ઢોલિયા ઉપર બિરાજમાન કર્યા. અને સર્વ સંતમંડળને જમાડીને તથા સર્વ સંઘને પણ જમાડીને પોઢી ગયા.

અને સવારમાં વહેલા જાગીને નિત્યવિધિ કરી પોશાગ ધારણ કરી ઘોડે સ્વાર થઈને સંઘ સહિત ચાલ્યા, તે ગામ **ઝીંઝર**ની ભાગોળે તળાવ પાસે ઊતર્યા. અને ખોડાભાઈએ મહારાજને પોતાને ઘરે આવવા પ્રાર્થના કરી તેથી મહારાજ તેને ઘેર ગયા. અને બ્રહ્મચારી થાળ કરવા લાગ્યા અને મહારાજ પોતાનો નિત્યવિધિ કરી રહ્યા એટલે બ્રહ્મચારી બોલાવવા આવ્યા તેથી જમવા પધાર્યા. તે જમી જળપાન કરી મુખવાસ લઈને જેરામ બ્રહ્મચારીને સંઘમાં ખબર કાઢવા મોકલ્યા અને પોતે પલંગ ઉપર પોઢ્યા.

પછી પોતે જાગ્યા ત્યારે સંઘને તૈયારી કરાવીને ગામ **અડવાલ** આવ્યા. ત્યાં બ્રાહ્મણને ઘેર થાળ જમીને તૈયાર થયા. તે સમયમાં એક હરિજન ઘઉંનો પોંક લાવ્યા તે મહારાજ તથા સંતો જમ્યા. પછી તેને પૂછ્યું જે, "તમે કયા ગામના છો ?" ત્યારે તે કહે જે, "અડવાલના છીએ." પછી ત્યાંથી ગામ **બળોલ** આવ્યા અને ગામની ઉત્તર દિશે ખીજડાના વૃક્ષ પાસે ઉતારો કર્યો. અને હરિજનો સામાન લાવ્યા તે રસોઈ કરીને મહારાજ જમ્યા તથા સર્વ સંઘને પણ જમાડ્યા. અને રાતવાસો રહીને ત્યાંથી ગામ **કોટડે** સંઘ સહિત આવ્યા. અને ત્યાંથી **ધોળકા**માં નાગેશ્વર પાસે ઊતર્યા. અને હરિજનો દૂધ ને સાકર લાવ્યા તેનું મહારાજે પાન કર્યું અને સર્વ સંત બ્રહ્મચારીઓને પણ આપ્યું.

✵ જેતલપુર થઈ અમદાવાદ પધાર્યા :

પછી ત્યાંથી **જેતલપુર** આવ્યા. પછી મહારાજે સર્વ સંઘને કહ્યું જે, "તમે અત્રે રહો. અમે **અમદાવાદ** જઈને ઉતારાની સગવડ કરાવીએ." એમ કહીને સાંજે પોઢ્યા અને સવારમાં વહેલા થાળ કરાવીને, જમીને ઘોડેસ્વાર થઈને ચાલ્યા. તે સાંભળીને મુક્તાનંદસ્વામી આદિ સંતો તથા ઘણાક હરિજનો ચંદન-પુષ્પાદિક સામગ્રી તથા વાજિંત્રો સહિત સન્મુખ આવ્યા. અને મહારાજની પૂજા કરી અને દંડવત-પ્રણામ કરીને

પગે લાગ્યા. પછી ઊભી બજારે ગાજતા વાજતા મંદિરમાં આવ્યા. અને નરનારાયણની તથા રાધાકૃષ્ણની તથા ધર્મભક્તિ તથા પોતાની મૂર્તિઓ જોઈને હાથ ફેરવીને બોલ્યા જે, "બહુ સારી મૂર્તિઓ છે." એમ કહીને પછી પાદશાહ વાડીમાં ગયા.

પછી સાભરનદીએ નારાયણ ઘાટે ગયા અને સંતને કહે જે, "આ ગંગાનું જળ તો જુવો, કેવું ઊછળે છે !" એમ કહીને પોતાનાં ચરણારવિંદ તેમાં બોળ્યાં. પછી ઘોડેસ્વાર થઈને કાંકરીએ ગયા. ત્યાં આંબલીના વૃક્ષો જોઈને આનંદસ્વામીને કહે જે, "સંઘને ઊતરવા માટે આ જગ્યા બહુ સારી છે." એમ કહીને પોતે **જેતલપુર** ગયા. ત્યાં દેવ સરોવરમાં સ્નાન કરીને ગંગામાને ત્યાં થાળ જમ્યા અને સંતમંડળ, પાર્ષદ તથા સર્વ સંઘને જમાડીને સર્વ તૈયાર થઈને ચાલ્યા તે **અસલાલી** થઈને કાંકરીએ આંબલીના વૃક્ષ નીચે તંબુ નાખીને મહારાજ ઊતર્યા. અને સર્વ સંતમંડળ તથા સંઘને યોગ્ય સ્થાને તંબુ, રાવટીઓ આદિમાં ઉતારો કરાવ્યો.

✵ અમદાવાદમાં દેવોની પ્રતિષ્ઠાની પૂર્વતૈયારી :

પછી મહારાજ મંદિર આવ્યા અને સભા કરીને બેઠા. અને પ્રતિષ્ઠા સારુ તે શહેરના હળવદ, ઉમરેઠ આદિ ગામોના વેદના ભણેલા બ્રાહ્મણોને પ્રતિષ્ઠાનું મુહૂર્ત પુછાવ્યું. તે સમયે ચાર વેદ બ્રાહ્મણના સ્વરૂપે થઈને મહારાજ પાસે આવ્યા અને પગે લાગ્યા. તેમને પણ મહારાજે વરૂણીમાં વરાવ્યા. પછી વેદીનો કુંડ કરાવ્યો અને તેના ઉપર માંડવો કરાવ્યો અને ચારે તરફ વળીઓ બંધાવી. એ આદિ તૈયારી કરાવીને મહારાજ ઉતારે જમવા પધાર્યા. જમીને ઢોલિયે બિરાજમાન થયા અને આરતી-ધૂન કરી સર્વ સંતહરિજનો મહારાજને પગે લાગ્યા. પછી મહારાજ પોઢી ગયા. અને સવારમાં વહેલા ઊઠીને સ્નાનવિધિ કરી રહ્યા ત્યારે બ્રહ્મચારીએ થાળ જમવા બોલાવ્યા. તે જમીને મુખવાસ લઈને સર્વ સંતની પંક્તિમાં ફરીને સર્વને જમાડ્યા.

પછી શહેરમાં આવીને મંદિરમાં ઢોલિયે બિરાજમાન થયા અને આનંદસ્વામીને કહ્યું જે, "શહેરના સત્સંગીઓ ક્યાં ગયા ?" તે વખતે નથુ ભટ્ટ તથા લાલદાસ આદિ હરિજનો દર્શને આવ્યા. તે દંડવત-પ્રણામ કરીને કહે જે, "હે મહારાજ ! જે આજ્ઞા હોય તે અમને કહો." ત્યારે મહારાજ કહે જે, "વરૂણીમાં બ્રાહ્મણો યજ્ઞ કરે છે ત્યાં રહો અને જે સામાન જોઈએ તે લાવી આપશો." એમ કહીને હાલ સભામંડપ છે ત્યાં મહારાજ જમવા બિરાજ્યા. પછી મુખવાસ લઈને સંતોની પંક્તિ કરાવીને પોતાને હાથે સર્વને જમાડ્યા.

❋ દુર્લભ સાહેબની મુલાકાત :

પછી મહારાજને દુર્લભ(ડનલોપ) સાહેબે બોલાવ્યા તેથી ત્યાં ગયા. અને ત્યાં દુર્લભ સાહેબે મહારાજને ખુરસી ઉપર બિરાજમાન કરીને ચંદન-પુષ્પાદિકે કરીને પૂજા કરી. અને ટોપી ઉતારીને નમસ્કાર કર્યા. અને મહારાજને બે હસ્ત જોડીને કહ્યું જે, "આપ કાંકરિયા પર ઊતરે હો, લેકિન ઠંડ તો બહોત લગતી હે. કુછ તંબુ-રાવટી ચાહીએ ?" ત્યારે મહારાજે કહ્યું જે, "આંબલીનાં વૃક્ષ તંબુ જેવાં જ છે. અને વળી હિમાળાના વાસી જે નરનારાયણ ઋષિ તે હિમાચલને પણ સાથે લઈને અત્રે આવેલ છે." એમ કહીને પોતાની ભુજાઓમાં જે છાપો હતી તે તેને બતાવી. ત્યારે દુર્લભ સાહેબ કહે જે, "એસા ચિતારા તો હમારે વિલાયતમેં ભી નહીં હૈ."

ત્યારે મહારાજ કહે, "કચ્છ, ભુજનગરમાં નારાયણજી સુતાર કરીને હમારા સેવક છે, તેમણે બનાવેલ છે." પછી તે બોલ્યો જે, "આપ ઈસ મૂર્તિઓકા સ્થાપન કરતે હો સો હમારા શહેરકું પાવન કરતે હો." એમ કહીને ઘણો રાજી થયો. અને વળી પૂછ્યું જે, "તમારે કાંકરીએ આવવા-જાવા માટે બે દરવાજા ખુલ્લા રાખવાની જરૂર છે ?" ત્યારે મહારાજ કહે જે, "જરૂર તો છે." ત્યારે કહે જે, "ભલે, બે દરવાજા રાતદિવસ ખુલ્લા રખાવશું."

પછી મહારાજ રાજી થયા. વળી પૂછ્યું જે, "હમારે જેસા કુછ કામકાજ હોય તો કહેના." ત્યારે મહારાજ કહે, "બહુ સારું. હવે અમો જશું." ત્યારે સાહેબે પ્રણામ કરીને વિદાયમાન કર્યા. અને પડઘમ અંગ્રેજી વાજાં, ડંકા, નિશાન આદિ પલટનને મહારાજને વળાવવા માટે મોકલી. અને મહારાજ ઘોડા પર બિરાજેલા હતા. સોનાનું છત્ર ઉપર શોભી રહ્યું હતું. બે કોરે ચામર હતાં તથા છડીદારો છડી પોકારી રહ્યા હતા. આવી રીતે ધામધૂમથી વાજતે ગાજતે કાંકરીએ પધાર્યા અને બ્રહ્મચારીએ થાળ જમાડ્યો. પછી મુખવાસ લઈને ઢોલિયા ઉપર બેઠા.

❋ નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી :

તે સમયે શહેરના હરિભક્તો તથા બીજા કેટલાક જનો મહારાજના દર્શને આવ્યા. તે પુષ્પના હાર પહેરાવીને દર્શન કર્યાં ને સર્વ સન્મુખ બેઠા. અને મહારાજ મુક્તાનંદસ્વામીને કહે જે, "અત્રે એક મંચ નંખાવો. કારણ કે નીચા બેસીએ તો સર્વેને અમારાં દર્શન થાય નહીં." પછી મંચ કરાવીને તે ઉપર ગાદી-તકિયા નાખીને મહારાજને તે ઉપર બિરાજમાન કર્યા. અને અનંત હરિજનો પુષ્પના હારો લાવીને દર્શન કરવા આવ્યા.

પછી મહારાજ કહે જે, "આ સંઘમાં વારાફરતી પહેરાવાળાને ઊભા રાખવા. કેમ જે હરિજનો દર્શને આવ્યા હોય ત્યારે ત્યાંથી કોઈક વસ્તુ લઈ જાય તો ખબર ન પડે." તે સાંભળીને આનંદસ્વામીએ તેમ જ કરાવ્યું. પછી બ્રહ્મચારીએ જમવા બોલાવ્યા, તેથી ત્યાં પધાર્યા અને થાળ જમવા લાગ્યા. તે સમયે આનંદસ્વામી કહે જે, "કાલે પ્રતિષ્ઠાનું મુહૂર્ત છે, તેથી વહેલા આવજો." ત્યારે કહે, "સારું." પછી જમી મુખવાસ લઈને મંચ ઉપર બેઠા. અને આરતી-ધૂન્યાદિ કરીને મહારાજ ઢોલિયા ઉપર પોઢ્યા.

પછી સવારમાં વહેલા થાળ જમીને સંતો તથા બ્રહ્મચારીઓ, પાર્ષદો, હરિજનો સર્વ ગાજતાં વાજતાં મંદિરમાં આવ્યા. અને

મૂર્તિઓને પોતે બાથમાં લઈને મળ્યા. પછી સુંદર દિવ્ય સિંહાસન ઉપર તે મૂર્તિઓની પ્રાણ-પ્રતિષ્ઠા કરીને આરતી ઉતારી. અને તે સમયમાં બ્રાહ્મણો ઊંચે સ્વરે વેદની ધ્વનીઓ કરવા લાગ્યા. અને અનંત પ્રકારનાં વાજિંત્રો વાગવા લાગ્યાં. આકાશમાં અનંત ધામના મુક્તો વિમાનોમાં બેસીને ચંદન, પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. અને ગંધર્વ નાના પ્રકારનાં ગાન કરવા લાગ્યા. દેવો પણ પોતપોતાનાં વિમાનોમાં બેસીને આકાશ માર્ગે જય જય શબ્દને કરવા લાગ્યા. તેણે કરીને આકાશ પણ નહોતો દેખાતો. અને હરિજનો નાના પ્રકારનાં વસ્ત્ર-આભૂષણ તથા પૂજાની સામગ્રીઓ લાવ્યા.

પછી તે મૂર્તિઓને નાના પ્રકારના વસ્ત્રાભૂષણથી શણગારીને અત્તર-ચંદનાદિકે કરીને પૂજન કર્યું. પછી મહારાજે તે મૂર્તિઓને હાથ ફેરવ્યો. ત્યારે તેમાંથી તેજની કીરણો છૂટી. તેણે કરીને આખું મંદિર તેજે કરીને ભરાઈ ગયું. અને અનંત જનોનાં નાડીપ્રાણ ખેંચાઈને સમાધિઓ થઈ ગઈ. તેને મહારાજે છડી વડે કરીને સર્વને જગાડ્યા. અને હરિજનોએ હજારો સોનામહોરો આદિકની ઠાકોરજીને ભેટ આપી.

પછી મહારાજ કહે જે, “હવે કળશ કોણ ચઢાવશે ?” ત્યારે ભગો અને મૂળો બન્ને ભાઈ કહે જે, “અમો ચઢાવશું અને રૂપૈયા એક હજાર ભેટના આપશું.” એમ કહીને તેમણે કળશ ચઢાવ્યા. અને બોટાદના દેહો ખાચર કહે જે, “હે મહારાજ ! હું ધજા ચઢાવું અને ઠાકોરજીને સાતસો રૂપિયા ભેટ આપુ છું.” એમ કહીને તેણે પણ ધજા ચઢાવી. એમ બહુ પ્રકારે ધામધૂમથી શાસ્ત્રવિધિ પ્રમાણે પ્રતિષ્ઠા થઈ રહ્યા પછી બ્રહ્મચારીએ મહારાજને થાળ કરીને જમાડ્યા.

પછી મહારાજે સંતની પંક્તિ કરાવીને સંતોને ખૂબ જમાડ્યા. તે કેવી રીતે ? તો મહારાજે સંતોને પંક્તિમાં લાડુ, જલેબી, ફૂલવડી, દૂધપાક, નાના પ્રકારનાં શાક, અથાણાં, રાયતાં આદિથી સારી રીતે

જમાડીને તૃપ્ત કર્યા. એમ અનંત લીલા કરી. પછી નરનારાયણ દેવનાં દર્શન કરીને ગાજતાં વાજતાં કાંકરીએ પધાર્યા અને મંચ ઉપર બિરાજમાન થયા. અને સર્વ સંતમંડળ દર્શન કરીને બેઠા. ત્યારે મહારાજે કહ્યું જે, "બાઈઓ હરિજનોને આજ્ઞા કરો જે, વહેલ, ગાડાં, રથ વિગેરે જોડાવીને નરનારાયણ દેવનાં દર્શન કરવા જાય. અને તે દર્શન કરી આવ્યા પછી ભાઈઓ હરિજનોને દર્શન કરવા જવું." પછી ગવૈયા સંતો મહારાજ પાસે ગાવણું કરવા લાગ્યા. અને હરિજનો બાઈઓ-ભાઈઓ સર્વ મહારાજની આજ્ઞા મુજબ દર્શન કરીને આવ્યાં.

❋ બ્રાહ્મણની ચોરાસી કરવાની આજ્ઞા :

પછી મહારાજ, સંતો, પાર્ષદો તથા ઘોડેસ્વાર કાઠીઓ આદિ ગાજતેવાજતે મંદિરમાં આવ્યા. અને ઘોડી ઉપરથી ઊતરીને નરનારાયણ દેવનાં દર્શન કરીને ઢોલિયે બિરાજમાન થયા. અને ત્યાં મોટા મોટા સંતો તથા દાદો ખાચર, સુરો ખાચર આદિ મોટા મોટા હરિજનો સર્વને કહ્યું જે, "હવે નરનારાયણ દેવની પ્રતિષ્ઠા થઈ રહી, તે ચોરાસી પણ કરવી જોઈએ." ત્યારે શહેરના હરિજનો તથા સંતો સર્વ બોલ્યા જે, "હે મહારાજ ! તો તો બહુ સારું થાય."

પછી મહારાજ કહે જે, "નથુભાઈ આદિ બ્રાહ્મણો છે ?" ત્યારે કહે જે, "હા મહારાજ ! જે આજ્ઞા હોય તે કરવા તૈયાર છીએ." ત્યારે મહારાજ કહે, "બ્રાહ્મણની નાતમાં જે મોટા મોટા હોય તેને કાલ સવારમાં અત્રે બોલાવી લાવજો." એમ કહીને ઘોડેસ્વાર થઈને કાંકરીએ પધાર્યા અને પોશાગ ઉતારીને બહિર્ભૂમિ આદિક ક્રિયા કરીને સ્નાન કર્યું. પછી બ્રહ્મચારી દૂધ-સાકર લાવ્યા તે મહારાજે પાન કર્યું અને પછી શયન કર્યું. પછી બીજે દિવસ પ્રભાતમાં જાગ્યા અને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને કાઠી સ્વારોએ સહિત મહારાજ મંદિરમાં આવ્યા. અને ઘોડી ઉપરથી ઊતરીને નરનારાયણ દેવનાં દર્શન કર્યાં. પછી

ગાદીતકિયે યુક્ત ઢોલિયા ઉપર વિરાજમાન થયા અને સંતમંડળ તથા હરિજનો પણ સન્મુખ બેઠા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજ રસ્તામાં જે જે ગામો આવે તે તે ગામના હરિજનોને દર્શન આપતા થકા અમદાવાદ આવ્યા અને સાહેબને મળ્યા તથા દેવની પ્રતિષ્ઠા કરી' એ નામે પંચોતેરમો અધ્યાય ॥૭૫॥

અધ્યાય - ૭૬

કાંકરિયે ચોરાસી કરાવી

પછી મહારાજ બોલ્યા જે, "નથુ ભટ ક્યાં ગયા છે ? " ત્યારે સંતો કહે જે, "નાતના બ્રાહ્મણોને બોલાવવા ગયા છે." તેટલામાં તો તે નથુ ભટ સર્વને સાથે લઈને આવ્યા ને મહારાજને પગે લાગીને સર્વે બ્રાહ્મણ બેઠા. તેના પ્રત્યે મહારાજે કહ્યું જે, "અમારે બ્રાહ્મણોની ચોરાસી કરવી છે. તે કાંકરિયા તળાવની આથમણી કોરે કરશું." ત્યારે તે બોલ્યા જે, "હે મહારાજ ! તમે તો ચોરાસી કરીને સર્વ બ્રાહ્મણોને જમાડશો, પણ બીજા કોઈથી તે થાય નહીં."

ત્યારે મહારાજ બોલ્યા જે, "પાણીને ઠેકાણે ઘી વાપરવું છે. અને તડકો હશે ત્યાં મોદું બંધાવશું અથવા વાદળાંની ઘટા બોલાવશું." ત્યારે તેઓ બોલ્યા જે, "હે મહારાજ ! કાલે તો નહિ પણ પરમ દહાડે કરો." ત્યારે મહારાજ કહે જે, " બહુ સારું." એમ કહ્યું ત્યારે બ્રાહ્મણો સર્વે પગે લાગીને ગયા. અને મહારાજે શહેરના સત્સંગી લાલદાસ આદિને બોલાવીને કહ્યું જે, "શહેરના વાણિયાને ખબર પડશે તો ઘી, ગોળ આદિનો ભાવ ફેરવી નાખશે. માટે તમે ગોળ અને ઘીનો મણનો ભાવ બાંધી આવો જે, મણને ભાવે એકથી હજાર મણ સુધી ગમે તેટલું લઈએ તેનો તમે એક ભાવ બાંધી આપો." એવી રીતે

જ્યારે મહારાજે કહ્યું ત્યારે લાલદાસભાઈ આદિ હરિજનો વહેપારી પાસે ભાવ બાંધી આવ્યા. પછી મીઠાં આદિ હવેજ તથા ઘઉંનાં ગાડાં ભાવ બાંધીને ભરી આવ્યા.

પછી છેટાં બેઠાં હતાં જે બાઈઓ હરિજનો તેમને મહારાજે કહ્યું જે, "તમે સર્વ દશ દશ શેર ઘઉં દળવા લઈ જાઓ અને ઘંટી ન હોય તો ભાડે લેજો." તે વાત સાંભળીને હજારો બાઈઓ હરિજનો તૈયાર થઈને ઘઉં લઈ ગયા. અને મહારાજ જમવા પધાર્યા તે જમતાં જમતાં વાત કરી જે, "સર્વે સંત, બ્રહ્મચારી તથા પાળા કાઠી સર્વે તૈયાર રહેજો. કેમ કે આપણે ચોરાસી કરવી છે." એમ આજ્ઞા કરીને સંતની પંક્તિમાં ખભે ખેશ બાંધીને પીરસવા લાગ્યા. તે લાડું, જલેબી, ફૂલવડી આદિ લઈને પીરસતા પીરસતા, "લ્યો સંતો" એમ વારંવાર કહેતા જાય. એમ જમાડીને પછી મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા.

અને હરિજનોએ ચંદન-પુષ્પાદિકે કરીને પૂજા કરી. પછી ઘોડેસ્વાર થઈને ગાજતે વાજતે તે સર્વ સંતમંડળ તથા પાર્ષદો, કાઠીઓ તેણે સહિત કાંકરીએ પધાર્યા. અને ઘોડીથી ઊતરીને ઓટા ઉપર ગાદી-તકિયા નંખાવીને બેઠા. અને ચોરાસીની સામગ્રીનાં ગાડાં ભરાઈને ચારેકોરથી આવવા માંડ્યાં. ત્યારે મહારાજે ઘેરે સાદે કરીને આનંદસ્વામી તથા હરિભક્તોને કહ્યું જે, "હવે આરતીનો સમય થયો." એટલે આરતી, ધૂન, સ્તુતિ કરીને સર્વે બેઠા. અને મોદું તથા ઘઉં, દાળ, ગોળ, ચોખા નાના પ્રકારના મશાલા વડીઓ વિગેરે સામગ્રીઓના મોટા મોટા ઢગલા થઈ રહ્યા હતા. તેને જોઈને મહારાજ બોલ્યા જે, "ચોકી-પહેરાની ખબડદારી રખાવજો. અને સંઘમાં ખબર કરાવો જે, કોઈ અજાણ્યા માણસને આવવા દેશો નહીં."

પછી મોટીબા તથા ગંગામા થાળ લાવ્યાં તે જમ્યા અને આનંદસ્વામીના મંડળને પ્રસાદી આપી. પછી મુખવાસ લઈને ઢોલિયા

ઉપર બેઠા અને મોટા મોટા સંતો પગે લાગીને બેઠા. અને મહારાજ કહે જે, "આપણે કાલ સાંજ ઉપર સર્વને સીધાં આપીએ, અને ગોળઘી પણ સાંજે આપીએ. કારણ કે રાતે રસોઈ કરે તો પાછલો પહોર દિવસ રહે ત્યાં સુધી સહુ જમી રહે." ત્યારે સંતો કહે જે, "સારું મહારાજ." પછી સંતો ઉતારે આવ્યા અને મહારાજ પોઢી ગયા.

❋ દેવની મર્યાદા ન રાખવાથી દુઃખ આવ્યું :

પછી મહારાજે સવારે વહેલા કાંકરીએ સ્નાન કરીને નિત્યવિધિ કર્યો. પછી ઘોડેસ્વાર થઈને નરનારાયણના મંદિરમાં આવ્યા અને દેવનાં દર્શન કરીને ઊભા. તેટલામાં વજેશંકર નામે નાગર પગરખાંએ સહિત મંદિરમાં આવ્યો. તેને મહારાજે કહ્યું જે, "અરે...વજેશંકર ! દેવની તો મર્યાદા રાખો, અમારી તો ઠીક."

પછી મહારાજને બ્રહ્મચારીએ જમાડ્યા. તે જમીને મુખવાસ લઈને સંતોને પ્રસાદી આપી. પછી રસોઈવાળા હરિજનોએ મહારાજની તથા સર્વે સંત-બ્રહ્મચારીઓની પૂજા કરી અને પગે લાગ્યા. અને મહારાજ ઘોડેસ્વાર થઈને કાંકરિયા તળાવે આવ્યા. ત્યાં મંચ ઉપર ઢોલિયે પોઢ્યા. ત્યારપછી વજેશંકર સરકારના ગુન્હામાં આવવાથી હાથપગ બાંધીને ગાડામાં બેસાડીને સાથે ભીલની પલટણ પચાશ વાંસે અને પચાસ આગળ એવી રીતે લઈ ગયા. તે વાત કુબેરસંગ આદિએ મહારાજ પાસે કરી. ત્યારે મહારાજ કહે જે, "કાલે અમારાથી એમ બોલાઈ ગયું તે ઠીક ન થયું. તે જુવોને ભગવાનની તો કેટલી દયા ! પણ જીવની અવળાઈની કાંઈ ખામી નથી."

❋ નિષ્કુળાનંદસ્વામીને બ્રાહ્મણે બચકું ભર્યું :

પછી સાંજ વેળા સમયે બ્રાહ્મણો સીધાં લેવા માટે વાસણ લઈને આવ્યા. અને ચોખા, દાળ, લોટ, ગોળ, ઘી, મશાલા, શાક વિગેરે આપવા માડ્યું. ત્યારે જે ચોકે પચાસ માણસ હોય તે ચોકાનાં હજાર

સીધાં માગે. એમ બમણો ત્રમણો સામાન લેતા જાય અને મહારાજ તો તે જેટલું કહે તેટલું આપતા જાય. પછી મહારાજ તથા પાર્ષદો વિગેરે બ્રાહ્મણોને ચોકે ચોકે ફરવા લાગ્યા. તે બમણો ત્રમણો સામાન જોઈને પાર્ષદો કહે જે, "હે મહારાજ ! આટલો બધો સામાન શું કરશે ?"

ત્યારે મહારાજ કહે જે, "કંઈ પોટલાં બાંધીને નહિ લઈ જાય. રસોઈ કરીને જમશે." એમ વાત કરે છે ત્યાં તો એક બ્રામણ ઘીના કુંડલાનું ગાડું ભરીને ચાલ્યો જાય. તે બધા ચોકાને ઓળંગીને આગળ ચાલ્યો. ત્યારે નિષ્કુળાનંદસ્વામીએ બળદિયાની નાથ પકડી. એટલે તે શક્તિપંથી બ્રાહ્મણે સ્વામીના હાથના કાંડામાં બચકું ભર્યું, એટલે લોહીની ધાર ચાલી. તે જોઈને જમતગડા રાઘવાનંદસ્વામી એમ બોલ્યા જે, "બે સંતને ધર્મરાજાના દૂત લઈ ચાલ્યા જાય છે."

તે વખતે મહારાજ પણ બે સ્વારોને લઈને તે ગાડાં પાસે આવીને બ્રાહ્મણને કહ્યું જે, "તમે નાતનો કાયદો લોપીને ક્યાં ગાડું લઈ જાઓ છો ?" ત્યારે તે કહે જે, "આમ આઘેરો અમારો ચોકો છે." પછી મહારાજ બોલ્યા જે, "ગાડું પાછું વાળો અને તમારે જમવું હોય તો લાડુ, ઘી, ગોળ જે જોઈએ તે જમો, પણ અમારા સંતને ભલા થઈને કોઈ ખાશો નહીં." એમ કહીને ગાડું પાછું ઉતારે લાવ્યા.

પછી મહારાજ થાળ જમીને બોલ્યા જે, "આનંદસ્વામી કહાં હે ?" ત્યારે સ્વામી આવીને ઊભા રહ્યા. તેને પૂછ્યું જે, "કાઠી સ્વારો તથા પાર્ષદ તથા ચોકિયાતને જમાડ્યા ?" ત્યારે કહે જે, "રસોઈ તો તૈયાર છે, પણ પીરસનારા સંત કામકાજમાં છે." પછી ભગુજીને કહે, "તમે સર્વને જમાડો." એમ કહીને પોતે પોઢ્યા. અને બીજે દિવસે નિત્યવિધિ કરીને મંદિરમાં નરનારાયણ દેવનાં દર્શન કરીને ઉતારે આવીને થાળ જમ્યા. અને પછી સર્વે બ્રાહ્મણોને ચોકે ફરીને કહ્યું જે, "સૂર્ય અસ્ત પહેલાં સર્વ જમી લેજો અને લાડુમાં ઘી સારી પેઠે નાખજો." ત્યારે તેઓ કહે જે, "મહારાજ ! ઘી પુષ્કળ નાખ્યું છે."

પછી મહારાજ વિસામાને ઓટે ગાદી-તકિયા ઉપર બેઠા. અને મોટા મોટા સંતો તથા હરિભક્તો સર્વને કહ્યું જે, “વરૂણીમાં જે જે બ્રાહ્મણો હતા તેને સેલાં બંધાવજો. અને શિલ્પી તથા બીજા પણ જે યજ્ઞની ક્રિયામાં ભોગ આપ્યો હોય તેને જેમ ઘટે તેમ સન્માન કરજો.” પછી બ્રાહ્મણોની પંક્તિ થઈ ત્યાં છેટે ઊભા રહ્યા. અને સર્વ બ્રાહ્મણોએ નરનારાયણ દેવની જય બોલાવી. પછી “સહજાનંદસ્વામી મહારાજકી જય” એમ બોલ્યા. અને પછી તે બ્રાહ્મણો મહારાજને જય સ્વામિનારાયણ કહીને જમવા લાગ્યા અને મહારાજ ઢોલિયે બિરાજ્યા. પછી સર્વ બ્રાહ્મણોને દક્ષિણાઓ આપીને પ્રસન્ન કર્યા.

❋ શ્રીહરિ અશ્લાલી આદિક ગામોમાં થઈ ગઢપુર પધાર્યા :

પછી મહારાજનાં દર્શન કરવા આવેલા જે અનંત ધામના મુક્તો તથા ઇન્દ્રાદિક દેવો તે સર્વને પોતપોતાને સ્થાનકે જવાની આજ્ઞા કરી. અને સર્વને કહ્યું જે, “ભુજનગરમાં નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરીએ ત્યારે ત્યાં સર્વ આવજો.” એમ કહ્યું. પછી ગંગામાએ થાળ જમાડ્યો. તે જમીને પછી સર્વ સંઘ સહિત નરનારાયણ દેવનાં દર્શન કરીને ગાજતાં વાજતાં **અશ્લાલી** થઈને **જયતલપુર** આવ્યા. અને ત્યાં થાળ જમીને ચાલ્યા તે સાબરમતી ઊતરીને **ધોળકે** પધાર્યા અને હાલ બેઠક છે ત્યાં ઊતર્યા. અને રેવાશંકરભાઈ આદિક હરિજનોએ રસોઈ કરાવીને જમાડ્યા અને પછી પોઢ્યા. પછી સવારે નિત્યવિધિ કરીને ચાલ્યા તે **ગણેશ ધોળકે** ગયા. અને ત્યાં પોતાના ભક્તની શિક્ષાને અર્થે ઉપશમપણાને પામ્યા અને ગણપતિના મંદિરમાં બિરાજ્યા. અને બ્રહ્મચારીએ જમવાનું પૂછ્યું પણ કાંઈ બોલ્યા નહીં.

પછી દાદા ખાચરે લાડુબાઈને કહ્યું જે, “થાળ કરાવો.” ત્યારે લાડુબાઈએ થાળ કરાવીને જમાડ્યા અને સંત તથા સર્વ સંઘ પણ જમ્યો. પછી મહારાજ પોઢ્યા. પછી સવારે નિત્યવિધિ કરીને, સાબદા

થઈને સંઘ સહિત ગામ **બળોલ** આવ્યા. અને ત્યાં ખીજડા પાસે રાત રહ્યા. અને સવારે થાળ જમીને ચાલ્યા તે ગામ **અડવાળ** આવ્યા. અને ત્યાંથી ગામ **અણીઆળી** થઈને **સુંદરિયાણે** પધાર્યા. અને ત્યાંથી ગામ **બગડ** ગયા અને ત્યાંથી ગામ **ચણી**એ થઈને **સારંગપુર** પધાર્યા. ત્યાં થાળ જમીને રાત્રીએ પોઢ્યા અને સવારે સાબદા થઈને ગામ **પીપળીએ** પધાર્યા. અને ત્યાંથી ચાલ્યા તે **રાધાવાવે** ઊતર્યા.

✵ ગઢપુર જઈને સમૈયાની વાતો કરી :

પછી ગઢડામાંથી હરિજનો સામૈયું લઈને સન્મુખ આવ્યા અને મહારાજની ચંદનપુષ્પે કરીને પૂજા કરીને પગે લાગ્યા. પછી ગાજતે વાજતે **ગઢપુર**માં પ્રવેશ કર્યો. અને દાદા ખાચરના દરબારમાં બિરાજમાન થયા અને સર્વે હરિજનો દર્શન કરવા લાગ્યા. પછી મહારાજને મુકુંદ બ્રહ્મચારીએ થાળ જમાડ્યો. તે જમ્યા અને સર્વ સંઘને પણ રસોઈ કરાવીને સારી રીતે જમાડ્યા. પછી મહારાજે રાજી થઈને સર્વ સંઘના હરિજનોને પોતપોતાને ઘેર જવાની આજ્ઞા આપી અને પોતે અક્ષરઓરડીમાં પોઢ્યા. પછી સવારે મુકુંદ બ્રહ્મચારીએ સ્નાન કરાવ્યું અને પછી થાળ કરીને જમાડ્યા. પછી મહારાજ ઢોલિયા ઉપર બિરાજ્યા અને કેટલાક સંતો હરિજનો પણ દર્શન કરીને બેઠા.

પછી મહારાજે વાર્તા કરી જે, “અમદાવાદ નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી અને બ્રાહ્મણોની ચોરાસી કરી તથા સંઘના હરિજનો તથા બીજા પણ કેટલાકને જમાડ્યા તોપણ ગોળ, ઘી આદિ સામાન વધ્યો. તે ગાડાં ભરીને મંદિરમાં લાવ્યા. અને વરૂણીમાં જે બ્રાહ્મણો હતા તેને સેલાં, પાઘડીઓ બંધાવ્યાં અને ખોબા ભરી ભરીને રૂપિયાની દક્ષિણાઓ આપી. અને શિલ્પી આદિ કારીગરોને પણ જેમ ઘટે તેમ શિરપાવ કર્યો. એ આદિ વાર્તાઓ કરી. તે સાંભળીને હરિજનો રાજી થયા. પછી સંતના મંડળ બાંધીને દેશાંતરમાં ફરવા મોકલ્યા અને આનંદસ્વામીનું

મંડળ અમદાવાદથી આવ્યું. તેને મહારાજે અમદાવાદની ખબર પૂછી.

ત્યારે મુક્તાનંદસ્વામી આદિક કહેવા લાગ્યા જે, "આપણે નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી અને ચોરાસી કરી અને બ્રાહ્મણોને દક્ષિણાઓ આપી એ સર્વે નિર્વિઘ્નપણે થયું. તે જોઈને શહેરના લોકો એમ બોલ્યા જે, 'પૂર્વે પાંડવોએ રાજસૂય યજ્ઞ કર્યો હતો. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન જેમ સહાયમાં હતા તેમ સહજાનંદસ્વામી જેની સહાયમાં હોય તેને શું વિઘ્ન આવી શકે ?' એમ દેશાંતરોમાં વાર્તાઓ થાય છે. અને સંતોની અને બ્રાહ્મણોની પંક્તિ થઈ ત્યારે દેવતાઓ દર્શન કરવા આવેલા. તેને અજ્ઞાની જનો તો વાદળાંરૂપે દેખતા હતા અને જે દૈવી જનો હતા તે તો વિમાને સહિત સર્વે દેવતાઓને દેખતા હતા."

પછી મહારાજે નિત્યાનંદસ્વામીને પૂછ્યું જે, "સાહેબ શું કરે છે ?" ત્યારે સ્વામી કહે જે, "બે-ત્રણ દિવસે મંદિરમાં આવે છે અને ટોપી ઉતારીને ઠાકોરજીનાં દર્શન કરીને રાજી થાય છે." પછી મહારાજ થાળ જમ્યા અને અમદાવાદથી આવેલ જે સર્વ સંતમંડળ તેને પ્રસાદી આપીને સર્વેને જમાડ્યા. પછી સંતો પોતાને ઉતારે પધાર્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'કાંકરીએ ચોરાસી કરીને ચાલ્યા તે રસ્તામાં સર્વ હરિજનોને દર્શન દેતા થકા ગઢપુર આવ્યા' એ નામે છોત્તેરમો અધ્યાય ॥૭૬॥

અધ્યાય - ૭૭

ગઢપુરમાં હુતાશનનીનો સમૈયો કર્યો

પછી થોડા દિવસમાં હુતાશનીનો સમય આવ્યો. તે કેસર, કેસુડા, ગુલાલ આદિ રંગોના રંગાડાં ભરાવીને મહારાજ શ્વેતાંબર ધારણ કરીને રંગ રમવા તૈયાર થયા. તે વાસુદેવનારાયણના ઓરડા પાસે ગાડાં ઉપર રંગનાં ભરેલાં રંગાડાં મુકાવ્યાં. અને મહારાજે હસ્તમાં સુવર્ણની

પિચકારી ધારણ કરી અને કાઠી તથા પાળાએ પણ રોઝી ઢાલો ધારણ કરી અને ઘેલા નદીમાં જળના ઘડા ભરી ભરીને લાવવા માંડ્યા. અને મહારાજ ને સંતો રંગ રમવા માંડ્યા. તે ચારેકોરથી પિચકારીઓ ઊડવા લાગી. તે જેમ અષાઢ માસમાં મેઘ વરસે તેમ રંગની ઝડી થઈ અને રંગનો કીચ થઈને બહાર નીકળ્યો. તે ઊભી બજારે થઈને ઘેલા નદીમાં મળ્યો, તેણે કરીને ઘેલા નદીનું જળ પણ લાલ થઈ ગયું.

પછી મહારાજ રૂમાલમાં અબીલ ગુલાલ ભરી ભરીને સંતોના ઉપર નાખવા લાગ્યા. તેથી સંતહરિજનો ગુલાલ વડે કરીને ગરકાવ થયા. અને ઈન્દ્રાદિક દેવ સર્વ વિમાનોમાં બેસીને દર્શને આવેલા. તે જય જય શબ્દને કરવા લાગ્યા અને નાના પ્રકારની ચંદન-પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. અને નાના પ્રકારનાં વાજિંત્રોને વગાડવા લાગ્યા અને અનંત મુક્તો પણ દર્શને આવ્યા.

પછી મહારાજ બોલ્યા જે, “સંતો ! હવે રાખો, જમવાને મોડું થાય છે.” એમ કહીને સંતો-હરિજનોએ સહિત ગાજતાં વાજતાં ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા ગયા. અને રંગવાળાં વસ્ત્રો ઉતારીને દાદા ખાચરને આપ્યાં. અને સંતોએ સહિત જળના પ્રવાહમાં ઘણીક વાર જળક્રીડા કરી. પછી શ્વેત વસ્ત્રોને પહેરીને સંતોએ સહિત દરબારમાં પધાર્યા અને ત્યાં થાળ જમ્યા. અને પછી સંતોની પંક્તિમાં બિરંજ પીરસવા લાગ્યા. એમ પોતાના ભક્તોજનોને સુખ આપ્યું.

❋ મહારાજે નામનો અડધો રૂપિયો આપવા કહ્યું :

એક સમયે મહારાજ થાળ જમીને ઢોલિયા ઉપર બેઠા હતા અને ચારેકોરે સંતહરિજનોની સભા ભરાઈને બેઠી હતી. તે વખતે મહારાજે વાર્તા કરી જે, “હવેથી અમારા થાળ માટે સત્સંગીઓએ અરધોઅરધ રૂપિયો વરસ દહાડે આપવો.” ત્યારે સૂરો ખાચર આદિ હરિજનો બોલ્યા જે, “અમારી લાજ જાય અને અમારે તો દશ દશ રૂપિયા દેવા જોઈએ;

પણ ગરીબ હોય તે ભલે અરધો રૂપિયો આપે." ત્યારે મહારાજ કહે જે, "અમારે તો રાંડીરાંડ તથા સદ્‌ગૃહસ્થો પાસેથી સરખું લેવું છે." તે સાંભળીને સર્વ સામું જોઈ રહ્યા.

ત્યારે મહારાજ કહે જે, "કોઈ મુઝાશો નહીં. જો મુઝાતા હો તો તમારાં પિતૃ હોય તેના નામનો ભલે અરધો ગણીને વિશેષ આપવો હોય તો આપો." ત્યારપછી હરિજનો નામ લખાવવા માંડ્યા. પછી મહારાજ કહે જે, "હવેથી અમારો થાળ તે આ રૂપિયામાંથી કરવો અને આમાંથી સંતોને પણ જમાડશું." એમ વાત કરી. અને પછી વાડીવાળા સંતો પુષ્પના હાર ગૂંથીને લાવ્યા તે મહારાજને પહેરાવ્યા.

❋ ત્યાગી પાર્ષદોએ પણ ધન ન રાખવું :

એક સમયે મહારાજ સભા કરીને વિરાજમાન હતા અને સર્વ સંતમંડળ તથા બ્રહ્મચારી તથા પાળા તથા હરિજનો પણ બેઠા હતા. તેને મહારાજે વાત કરી જે, "સંસારનો ત્યાગ કરીને જે ત્યાગી થઈને આચાર્યની સાથે પાળા રહેતા હોય તથા સાધુ જે ત્યાગી હોય તેમને પોતાના પૈસા રાખવા નહીં અને કોઈ પાસે રખાવવા નહીં. અને જે પાળો થઈને પૈસા રાખે કે રખાવે તે પાળો એકલો ચાલે અને મૂછ્ રખાવે. અર્થાત્ તે પંક્તિ થકી બહાર જાણવો."

ત્યારે સર્વ કહે જે, "મહારાજ ! જેમ કહો તેમ કરીએ." ત્યારે મુક્તાનંદસ્વામી કહે જે, "પાળાની પાસે રૂપિયા હોય તે મહારાજના પગમાં મૂકો." પછી સર્વે ઊઠ્યા અને જેની જેની પાસે પૈસા હતા તે મહારાજને પગે લાગ્યા. પછી સદ્‌ગુરુને કહ્યું જે, "આ પાળાની તમો ખબર રાખજ્યો અને તેને કંઈ જોઈતું કરતું હોય તે તમારા કોઠારી પાસેથી અપાવશો." એમ ભલામણ કરી. અને બ્રહ્મચારી બોલાવવા આવ્યા, તેથી થાળ જમવા પધાર્યા.

ત્યારપછી જમી આવીને સભામાં આવીને બિરાજ્યા. તે સમે મુક્તાનંદસ્વામીએ વાતો કરી જે, “હે મહારાજ ! આ લોકમાં તમારો ઐશ્વર્ય-પ્રતાપ ઘણોક વૃદ્ધિને પામ્યો છે. તેણે કરીને મતપંથનાં મૂળ સર્વે ઉખડી ગયાં છે. અને ભેખ સર્વે શોકના સમુદ્રમાં પડ્યા છે. અને સર્વે દેશમાં તમારા ભક્તો જે ધર્મવાન પુરુષ તેને લઈને ભક્તિ પ્રવર્તી છે. અને અધમ જનોનો ઉદ્ધાર કરવા સારુ તમે જ પ્રવર્તાવી છે. અને બીજો કેટલોક ઐશ્વર્ય-પ્રતાપ જણાવ્યો છે. તેણે કરીને મતપંથવાળા દબાઈ ગયા. તેને કોઈને બોલવાનો માર્ગ નથી રહ્યો.”

પછી મહારાજ વસ્ત્ર ઉતારીને જળના કોગળા કરીને જમવા બિરાજ્યા. અને જમીને જળપાન કરીને થાળ પ્રેમાનંદસ્વામી સાથે મોકલાવ્યો. આવી રીતે નિત્ય નવાં નવાં ચરિત્રો કરતા અને પોતાના ભક્તજનોને જેમ પોતાની મૂર્તિ ધ્યાનમાં સાંભરી આવે તેમ દર્શન દેતા હતા.

પછી જીવુબા અને લાડુબા બોલ્યા જે, “હે મહારાજ ! નરસિંહ ચતુર્દશી ઉપર સર્વે સંતમંડળ તથા બ્રહ્મચારી તથા સંન્યાસી તે સર્વેને તેડાવો.” ત્યારે મહારાજ કહે, “સારું.” પછી મહારાજ મળતા જાય અને હરિજનોની ખબર પૂછતા જાય. પછી રસોઈઓ ચાલવા માંડી. તે નાના પ્રકારનાં ભોજન મહારાજ પોતે ઉપર રહીને કરાવે. ત્યારપછી પોતે થાળ જમીને જળપાન કરીને સંતની પંક્તિમાં પીરસવા પધારતા. તે મોતિયા, જલેબી વિગેરે ભોજન તેનાં નામો લઈ લઈને પીરસતા જાય અને મનુવાર કરતા જાય. અને મુકુંદ બ્રહ્મચારી કેડે દૂધ, સાકર અને ભાત પીરસતા જાય. એવી રીતે સંતને જમાડીને તૃપ્ત કર્યા.

પછી મહારાજ ઉતારે પધાર્યા અને જળપાન કરીને લિંબડા હેઠે ઓટા ઉપર ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અને સંતમંડળ સર્વે મહારાજને પગે લાગીને બેઠા. પછી પ્રશ્નઉત્તર કરવા લાગ્યા. તેમાં સંત પ્રશ્ન પૂછે તેના ઉત્તર મહારાજ કરી આપે. અને મહારાજ પ્રશ્ન પૂછે

તેના ઉત્તર જો સંતથી ન થાય તો મહારાજ પોતે ઉત્તર કરે. અને એમ બોલે જે, "કરો શંકા." પછી સંતો હાથ જોડીને કહે જે, "હે મહારાજ ! યથાર્થ ઉત્તર થયો."

✵ વચનામૃત ગઢડા પ્રથમનું - ૮ :

પછી મહારાજ બોલ્યા જે, **"ઈન્દ્રિયોની ક્રિયાને જો ભગવાન અને તેના ભક્તની સેવામાં રાખે તો અંતઃકરણ શુદ્ધ થાય છે અને અનંત કાળનાં જે પાપ જીવને વળગ્યાં છે તેનો નાશ થઈ જાય છે. અને જો ઈન્દ્રિયોની ક્રિયાની જે વૃત્તિ તેને જો સ્ત્રી આદિકના વિષયમાં પ્રર્વતાવે તો તેનું અંતઃકરણ ભ્રષ્ટ થઈ જાય છે** અને જીવ કલ્યાણના માર્ગ થકી પડી જાય છે. માટે શાસ્ત્રમાં જેવી રીતે વિષય ભોગવવાનું કહ્યું છે તેવી રીતે નિયમમાં રહીને વિષયને ભોગવવા પણ શાસ્ત્રની મર્યાદાનું તથા અમારી મર્યાદાનું ઉલ્લંઘન કરીને ભોગવશો નહીં. અને સંતનો સમાગમ હમેશાં રાખવો અને કુસંગનો ત્યાગ કરવો. અને કુસંગનો ત્યાગ કરીને અને જ્યારે સંતનો સમાગમ કરશો ત્યારે દેહમાં અહંબુદ્ધિ છે તેની નિવૃત્તિ થાશે, ને દેહના સંબંધીમાં જે મમત્વબુદ્ધિ છે તે પણ નિવૃત્તિ પામી જાય છે, ને ભગવાનમાં અસાધારણ પ્રીતિ થાય છે, ને ભગવાન વિના અન્યમાં વૈરાગ્ય થાય છે."

✵ વચનામૃત ગઢડા પ્રથમનું - ૨૯ :

ત્યારે ગોપાળાનંદસ્વામીએ પૂછ્યું જે, "હે મહારાજ ! ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત જે ભક્તિ તેનું બળ વૃદ્ધિ કેમ પામે ?" ત્યારે મહારાજ કહે જે, "એના ઉપાય ચાર છે. તેમાં એક તો પવિત્ર દેશ, બીજો રૂડો કાળ, ત્રીજી શુભ ક્રિયા અને ચોથો સત્પુરુષનો સંગ. તેમાં પણ ક્રિયાનું સમર્થપણું થોડું છે અને દેશ, કાળ તથા સંગનું કારણ વિશેષ છે. કેમ કે જો પવિત્ર દેશ હોય અને તમ જેવા સંતનો સંગ હોય તો ત્યાં ક્રિયા રૂડી જ થાય.

અને જો સિંધ જેવો દેશ તથા ભૂડો કાળ હોય તથા પાતર્યો અને ભડવા અથવા દારૂમાંસના ભક્ષણ કરનારા તેનો સંગ થાય તો ત્યાં ક્રિયા પણ ભૂંડી થાય. માટે પવિત્ર દેશમાં રહેવું અને ભૂંડો કાળ વર્તતો હોય ત્યાંથી આઘુંપાછું ખસી નીકળવું. અને સંગ પણ પ્રભુના ભક્ત ને પંચવર્તમાને યુક્ત એવા બ્રહ્મવેત્તા સાધુ તેનો કરવો તો તેણે કરીને ભગવાનના ભક્તને ભગવાનમાં ભક્તિનું બળ અતિશય વૃદ્ધિ ને પામે." એટલી વાત કરીને જળપાન કરીને ઢોલિયા ઉપર પોઢ્યા. ત્યારપછી જાગીને જળપાન કરીને સંત, પાર્ષદ, બ્રહ્મચારી તથા સત્સંગી તે સર્વે શાંત થઈને મહારાજને સન્મુખ બેઠેલા. તેના આગળ મહારાજે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સંબંધી વાત કહી.

❋ લાજથી ધર્મ રહે છે :

ત્યારપછી લાજ રાખવા વિષે વાર્તા કરી જે, "લાજે કરીને ધર્મ રહે છે. લાજ ધર્મની રાખનારી છે. તે તમારે જાણવું. અને સદાચાર છે તે મોટો એક ગઢ છે. તે જો ન તૂટે તો તેનો ધર્મ કોઈ દહાડો લોપાય નહીં. જેમ સાંકળ હાથીને પગે બંધન છે તેમ લાજ છે તે ચિત્તને રોકનાર છે. જેમ હાથીને પગે સાંકળ બંધન છે તે જો તૂટે તો હાથી ક્યાંયનો ક્યાંય ચાલ્યો જાય અને ભાલાની માર ખાય છે; તેમ જ ચિત્ત માયિક પંચ વિષયનું ચિંતવન લાજે કરીને નથી કરી શકતું. કારણ કે કુસંગીને પણ લાજ મનમાં હોય તો તે પણ અધર્મને રસ્તે ચાલતા ડરે છે.

અને જેને લોકની લાજ નથી તો તે અધર્મની ક્રિયા શું નથી કરતો? સર્વે કરે છે. માટે લાજે કરીને લોકો ધર્મ પાળે છે. લાજે કરીને અધર્મનો ત્યાગ કરે છે. માટે લાજવાળાની જો લાજ ગઈ તો મરવાનો ઉપાય કરે છે. અને લાજે કરીને ક્ષત્રિય રણસંગ્રામમાં લડી મરે છે. અને લાજે કરીને જગતમાં લોભિષ્ટ પુરુષો પણ ધન વાવરે છે. કોઈકનું ધન કોઈકે લીધું હોય તો તે લાજે કરીને તેને પાછું આપે છે. અને તે

મનમાં જાણે છે જે, 'જો નહિ આપીએ તો વહેવારમાં ખોટું દેખાશે.' માટે વહેવાર પણ લાજે કરીને ચાલે છે.

વળી લાજે કરીને પુરુષ વચન બોલ્યો હોય તે પાળે છે. વળી જે બાપનું કરજ હોય તે પણ લાજે કરીને ઉતારે છે. અને વળી નિર્લજ અને નઠારાં સ્ત્રીપુરુષો હોય તે પણ લાજે કરીને સારાં કામ કરે છે. વળી લાજ છે તે શરીરની નાડીને ઠેકાણે છે. તે તમે સર્વે સમજો કે નાડી ઠેકાણે હોય ત્યાં સુધી ઔષધિ આદિકના ઉપાયો ચાલે છે અને નાડી તૂટી તો તેનો મૃત્યુ થાય છે. તેમ જ લાજ વિનાનો મનુષ્ય નીચ સ્થિતિને પામે છે.

વળી ભલે વિદ્યા આદિક ગુણ અનેક હોય પણ લાજ ન હોય તો તે નીચ ગણાય છે. વળી સર્વે શરીરનાં અંગ સારાં હોય પણ એક નાક ન હોય તો નઠારું દેખાય છે. તેમ જે મનુષ્યમાં લાજ નથી તો તે મનુષ્ય આ મનુષ્યલોકમાં તથા પરલોકમાં નઠારા છે. તેનો દાખલો આજ અમે નજરે જોયો. કેમ કે જ્યારે સંત જમવા બેઠા ત્યારે અમે મર્મે કરીને વાત કરી. ત્યારે સૌ સંત શરમાઈને નીચું જોઈ ગયા. માટે ધર્મ છે તે જ એક મોટો બંધ છે.

✹ ચોર માર્ગે પેસવું નહીં ને ધણીને પૂછ્યા વિના ઊતરવું નહીં :

પછી મહારાજે વાત કરી જે, "અમે એક સમયે ગામ બામણોલીને માર્ગે ચાલ્યા જતા હતા. તે સમે રસ્તો ચાલતા ભૂલ્યા. તે વાવેલું ખેતર એક આવ્યું. તેની ચારેકોરે થોરની વાડ હતી. તે ખેતર વચ્ચે ચાલવા સારુ કોઈક હરિજને તે વાડમાં છીંડું પાડ્યું. એટલે તે ખેતરમાં તેની રખવાળ કરનાર જે બાઈ હતી તેણે તેને ગાળ દીધી. ત્યારે તે વાત અમે સાંભળી અને તે હરિજનને અમે કહ્યું જે, તેં જો આ વાડ તોડી તે કારણથી તને બાઈએ પાઘડીમાં ગાળનો શિરપાવ દીધો. પછી અમે માર્ગે ચાલ્યા અને તે હરિજન આગળ વાત કરી જે, તમારે મારા

એકાંતિક ભક્ત થાવું હોય તો કોઈની વાડ તથા વંડી વિગેરેમાં છીડું ન પાડવું. માટે જો તમારું ભલું ઇચ્છતા હો તો વળી **પારકું કોઈનું તાળું જે ઉઘાડવું તથા કોઈની વાડમાં છીડું પાડવું તે તો ચોરનું કામ છે. તે ભક્તનું કામ નથી.** માટે ધણિયાતી જે જગ્યા હોય અને તેના ધણીની મરજી ન જણાતી હોય ત્યાં પણ અમારા ભક્તને નિવાસ ન કરવો." મહારાજે એટલી વાર્તા કરી, તે સભામાં સૌ સંતહરિજને સાંભળી. પછી આરતી-ધૂન કરી અને પગે લાગીને બેઠા.

✵ દેવદર્શને જઈએ ત્યારે દાસભાવ રાખે તેને સુખ થાય :

ત્યારે મહારાજ બોલ્યા જે, "ચરોતરના હરિજન બાઈભાઈ તે નરનારાયણનાં દર્શન કરીને આવ્યાં ?" ત્યારે તે એમ બોલ્યાં જે, "અમે નરનારાયણ દેવનાં દર્શન તો કરી આવ્યાં, પણ અમને અમદાવાદ શહેરમાં ઊતરવાનું તથા જળનું બહુ કઠણ પડ્યું." ત્યારે જોબનપગીનાં ઘરનાં તથા તખાપગીનાં ઘરનાં તે એમ બોલ્યાં જે, "અમે ત્યાં ગયા હતાં, પણ અમારી તો ત્યાં કોઈએ ખબર લીધી નહીં." ત્યારે મહારાજે કહ્યું જે, "તમને વડતાલમાં મૂર્તિઓ પધરાવી દેશું, પણ **આપણે દેવનાં દર્શન કરવા જાવું ત્યારે દાસભાવ રાખવો તો અંતરમાં સુખ રહે.**" એમ વાત કરી અને પછી મહારાજ થાળ જમવા ઉતારે પધાર્યા.

અને ત્યાં વસ્ત્ર ઉતારીને જળે કરીને હસ્ત ધોયા. પછી થાળ જમવા બિરાજ્યા, તે જમતા જાય અને બ્રહ્મચારીને પૂછતા જાય જે, "આજે કોનો થાળ છે ?" ત્યારે બ્રહ્મચારી કહે જે, "ઝીણાભાઈનો થાળ છે." ત્યારે ઝીણાભાઈને મહારાજે પ્રસાદીનો થાળ મોકલાવ્યો. પછી મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. પછી સૌ સભાને રજા આપીને જળપાન કરીને પોઢ્યા. અને સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને પોશાગ પહેરીને ઉગમણે બહાર ઓરડાની ઓસરીએ સર્વે મુનિમંડળ તથા બ્રહ્મચારી તથા સંન્યાસી તે મહારાજને પગે લાગ્યા અને બેઠા.

પછી મહારાજે સૌ સંતને આજ્ઞા કરી જે, "સૌ સંત દેશ દેશ પ્રત્યે ફરવા જાઓ." પછી સર્વે સંતને વળી કહ્યું જે, "અમારા સ્વરૂપના નિશ્ચયની વાતો કરજો તથા સૌ સૌના ધર્મની વાત કરજો. અને એમ કહેવું જે, 'મહારાજની આજ્ઞા નહિ પાળો તો સત્સંગમાં નહિ રહેવાય.' એ અંગની વાત કરજો." એમ આજ્ઞા કરી અને થાળ જમવા પધાર્યા.

પછી થાળ જમીને, જળપાન કરીને, મુખવાસ લઈને સંતની પંક્તિમાં પીરસવા પધાર્યા. તે મોતૈયા લાડુ તથા જલેબી વારંવાર તાણ કરીને પીરસતા જાય અને વાત કરતા જાય. અને ગાલે તથા મોઢે લાડવો અડાડતા જાય ને હેત જણાવતા જાય ને પીરસતા જાય. પછી જળે કરીને હાથ ધોઈને પોતે ઉતારે પધાર્યા. અને સંતો સર્વે દેશ દેશ પ્રત્યે ફરવા ગયા. અને મહારાજ ઉતારે ઢોલિયો ઢળાવીને તે ઉપર બિરાજમાન થઈને પોઢી ગયા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'ગઢપુરમાં હુતાશનીનો સમૈયો કર્યો અને રંગ રમ્યા અને સંતહરિજનોને ઘણીક ઉપદેશની વાતો કરી, પછી મહારાજે સૌ સંતોને દેશ દેશ પ્રત્યે ફરવાની આજ્ઞા કરી એટલે સૌ સંતો દેશ દેશ પ્રત્યે ફરવા ગયા' એ નામે સિત્યોતેરમો અધ્યાય ॥૭૭॥

અધ્યાય - ૭૮

દેહ, કુસંગ ને પૂર્વસંસ્કારનું વચનામૃત પ્ર.૫૮

પછી મહારાજ સવારમાં વહેલા ઊઠીને નિત્યવિધિ કરીને સભા કરીને બિરાજમાન થયા. તે સમે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! જ્યારે ભગવાનનો ભક્ત ભજનસ્મરણ કરવા બેસે ત્યારે ભગવાનના ભક્તના અંતરમાં રજોગુણ, તમોગુણના વેગ આવે ત્યારે ભજનસ્મરણનું સુખ આવતું નથી. તે ગુણના વેગ કેમ ટળે." ત્યારે

શ્રીજીમહારાજ બોલ્યા જે, "એ ગુણની પ્રવૃત્તિના કારણ તો દેહ, કુસંગ અને પૂર્વસંસ્કાર એ ત્રણ છે. તેમાં દેહને જોગે કરીને જે ગુણ પ્રવર્ત્યા હોય તે તો આત્મા-અનાત્માના વિચારે કરીને ટળી જાય છે. અને કુસંગે કરીને જે ગુણ પ્રવર્ત્યા હોય તે સંતને સંગે કરીને ટળે છે. અને જે રજોગુણ, તમોગુણના વેગ એ બેયે કરીને પણ ન ટળે તે તો કોઈક પૂર્વના સંસ્કારના યોગે કરીને છે, માટે એ ટાળવા ઘણા કઠણ છે."

ત્યારે આનંદાનંદસ્વામીએ પૂછ્યું જે, "પૂર્વના સંસ્કાર મલિન હોય તો કેમ ટળે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, **"અતિશે જે મોટા પુરુષ હોય તેમનો જે ઉપર રાજીપો થાય તો ગમે તેવા મલિન સંસ્કાર હોય તો પણ નાશ પામી જાય છે.** અને મોટા પુરુષનો જ્યારે રાજીપો થાય ત્યારે તો રાંક હોય તે રાજા થાય અને ગમે એવાં ભૂંડાં પ્રારબ્ધ હોય તો પણ રૂડાં થાય અને ગમે તેવું તેને માથે વિઘ્ન આવવાનું હોય તે નાશ થઈ જાય."

ત્યારે આનંદાનંદસ્વામીએ પૂછ્યું જે, "શો ઉપાય કરે તો મોટા પુરુષ રાજી થાય ?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **"પ્રથમ તો મોટા સંત સાથે નિષ્કપટપણે વર્તે અને કામ, ક્રોધ, લોભ, મોહ, માન, મદ, ઈર્ષ્યા, આશા, તૃષ્ણા, અહંકાર એ સર્વેનો ત્યાગ કરે અને સંતનો દાસ થઈને રહે અને અંતરમાં માન ટળેભાવે રહે પણ દેહે કરીને સર્વેને નમતો રહે તેના ઉપર મોટા સંત રાજી થાય છે."** એટલી વાર્તા કરીને ચાલ્યા તે આસને આવીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા.

✵ ભુજમાં મંદિર કરવાનો કાગળ લખ્યો :

તે સમે ભુજનગરથી સુતાર હીરજીભાઈ અને ગંગારામભાઈ આદિ હરિભક્તોએ પત્ર મોકલાવ્યો હતો તે આવ્યો. તેમાં એમ લખ્યું હતું જે, 'તમારો પત્ર આવ્યો. તે પહોંચ્યો છે. તે વાંચીને સર્વે સમાચાર જાણ્યા. અને નરનારાયણનું મંદિર કરવા સારુ અમે જગ્યા લીધી છે.

તે દરબારથી દક્ષિણાદી કોરે અને રાજમાર્ગથી ઉગમણી કોરે લીધી છે. અને તે જગ્યાનો લેખ પણ કરાવ્યો છે અને સામાન પણ ભેળો કરાવવા માંડ્યો છે.' એવી રીતે લખેલ.

પછી તે સાંભળીને મહારાજ બહુ રાજી થયા. અને શુકમુનિ પાસે કાગળ લખાવ્યો જે, "મંદિરનો પાયો નંખાવજો. અને તે મંદિર શિખરબંધ કરાવજો. અને ઉત્તર મુખે નરનારાયણની મૂર્તિઓ તથા બીજી મૂર્તિઓ બિરાજે તેમ કરજો. અને તમે મંદિરનો કરવાનો આરંભ કરો. અમે આંહીંથી નિર્લોભાનંદસ્વામીનું મંડળ મોકલીએ છીએ. અને ડુંગરપુર પણ અમો સંતોને અને પાળાને સાબદા કરીને મોકલીએ છીએ. તે મૂર્તિઓ નરનારાયણની લઈને આવશે. ત્યારે અમો અને સંતમંડળ તથા બ્રહ્મચારી તથા સંન્યાસી તથા સર્વે હરિજન તેમણે સહિત આવશું. અને તમે મંદિર કરવાની તાગીદ રાખશો." એવી રીતનો પત્ર લખાવીને મોકલ્યો.

પછી કથાનો આરંભ કર્યો. ત્યારે રસોઈયા હરિજને મહારાજને થાળ જમવા બોલાવ્યા. ત્યારે જળના કોગળા કરીને ત્યાં બાજોઠ ઉપર બિરાજ્યા. ત્યારે રસોઈયા હરિજને બાજોઠ ઉપર થાળ મેલ્યો અને મહારાજ જમવા બિરાજ્યા. તે જમતા જાય અને વાત કરતા જાય. ત્યારે લાડુબાઈ ને જીવુબાઈ તથા રાજબાઈ આદિ સર્વે બાઈઓ બોલ્યાં જે, "હે મહારાજ ! તમારે કાંઈ જોઈતું હોય તો અમારી પાસે મંગાવજો."

✵ સત્પુરુષનાં ગુણ કેમ આવે ? વચનામૃત પ્ર.૬૭ :

પછી મહારાજ સભામાં પધાર્યા. ત્યાં મુનીને પ્રશ્ન પૂછ્યો જે, "કોઈક પુરુષ છે, તેમને તો આલોકના સુખમાં પ્રીતિ જ નથી અને પરલોક જે ભગવાનનું ધામ અને ભગવાનની મૂર્તિ તેને વિષે જ વાસના છે. અને જે તેનો સંગ કરે તેનું પણ તેવી જાતનું હિત કરે જે, આ મારો સંગી છે તેને આ સંસારની વાસના તૂટી જાય અને ભગવાનને

વિષે જ પ્રીતિ થાય તો ઘણું સારું છે. અને જેટલું કાંઈ જતન કરે તે સર્વે દેહને મૂકીને ભગવાનના ધામમાં ગયા કેડે સુખ થાય એવું જ કરે, પણ દેહના સુખને અર્થે તો કાંઈ ક્રિયા કરે જ નહીં. એવા પુરુષ હોય તેના સરખા ગુણ તે મુમુક્ષુમાં કેમ સમજે તો આવે ?" પછી મુક્તાનંદસ્વામી બોલ્યા જે, **"જેને આલોકના સુખમાં ઈચ્છા નથી એવા સત્પુરુષ છે, તેમાં દેવની બુદ્ધિ રાખે અને જે વચન કહે તે સત્ય માને અને તે પ્રમાણે વર્તે તો સત્પુરુષના ગુણ હોય તે મુમુક્ષુમાં આવે છે** અને જે એવો ન હોય તેમાં ન આવે."

❋ તામસીકર્મ ટાળ્યાનો ઉપાય, વ.સા.૯ :

પછી મુક્તાનંદસ્વામીએ પૂછ્યું જે, "હે મહારાજ ! જેને તામસી કર્મ ઘણાં હોય તેના હૈયામાં કળિયુગ વર્તે તે કોઈ ઉપાયે કરીને ટળે કે ન ટળે ?" પછી મહારાજ બોલ્યા જે, "એને સંત તથા પરમેશ્વરનાં વચનમાં અતિશય શ્રદ્ધા હોય તથા અતિ દૃઢ વિશ્વાસ હોય તો તેનાં ગમે તેવાં તામસી કર્મ હોય તોપણ તેનો નાશ થઈ જાય છે, અને કળિયુગના ધર્મ મટીને સત્યયુગના ધર્મ હોય તે પ્રવર્તે. માટે **અતિશય સાચે ભાવે કરીને સત્સંગ કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહીં અને દેહ છતાં બ્રહ્મરૂપ થઈ જાય."**

❋ સંતવચનમાં શ્રદ્ધાવાન ગુણ પામે, વ.સા.૧૮ :

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **"શ્રદ્ધાવાન પુરુષ હોય અને તેને જો સાચા સંતનો સંગ મળે તો તે સંતના વચનમાં શ્રદ્ધા થાય તો એના હૃદયમાં સ્વધર્મ, વૈરાગ્ય, વિવેક, જ્ઞાન, ભક્તિ આદિક કલ્યાણકારી જે ગુણ તે સર્વે પ્રગટ થઈ આવે છે, અને ક્રોધાદિક જે વિકાર તે બળી જાય છે.** અને જો કુસંગ મળે અને કુસંગીના વચનમાં શ્રદ્ધાવાન થાય તો વૈરાગ્યાદિક જે ગુણ તે સર્વે નાશ પામી જાય છે. જેમ ખાર ભૂમી હોય અને તેમાં ગમે તેટલો મેઘ વરસે પણ તેમાં તૃણાદિક ઊગતાં

ન હોય; અને તે જ ખારભૂમીમાં પાણીની રેલ આવે તો ખાર સર્વે ધોવાઈ જાય અને જે ઠેકાણે ખાર હતો તે ઠેકાણે કાંપ ચઢી જાય. પછી તે કાંપ ભેળાં વડ, પીપળા આદિક વૃક્ષનાં જે બીજ આવ્યાં હોય તે બીજ ઊગીને મોટાં વૃક્ષ થાય છે. તેમ જેના હૃદયમાં ભગવાનની મૂર્તિ અખંડ દેખાતી હોય તોપણ ભગવાનના ભક્તને કુસંગ ન જ કરવો."

✵ સ્વભાવ કેમ ટળે ? ગ.મ.૭ :

ત્યારે મુક્તાનંદસ્વામીએ પૂછ્યું જે, "ભગવાનના ભક્ત હોય તેના મનમાં એમ હોય જે ભગવાનના ભજનમાં અંતરાય કરે એવો એકે સ્વભાવ રાખવો નથી, તોપણ અયોગ્ય સ્વભાવ રહી જાય છે તેનું શું કારણ છે ?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેને વૈરાગ્યની દુર્બળતા હોય અને તેને ટાળ્યાની શ્રદ્ધા હોય તોય પણ સ્વભાવ ટળે નહીં. જેમ દરિદ્રી હોય તે ઘણાં સારાં સારાં ભોજન અને સારાં સારાં વસ્ત્ર જોઈને તેને ઇચ્છે પણ તે ક્યાંથી મળે ? તેમ વૈરાગ્યહીન હોય તેના હૃદયમાં ઇચ્છા તો હોય પણ સાધુતાના ગુણ તો આવવા ઘણા દુર્લભ છે."

ત્યારે મુક્તાનંદસ્વામીએ પૂછ્યું જે, "જેને વૈરાગ્ય ન હોય તે શો ઉપાય કરે ત્યારે વિકાર ટળે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, **"વૈરાગ્યહીન હોય તેને તો કોઈ મોટા સંત હોય તેની અતિશે સેવા કરે અને પરમેશ્વરની આજ્ઞામાં જેમ કહે તેમ મંડ્યો રહે; પછી પરમેશ્વર તેને કૃપાદષ્ટિએ કરીને જુએ જે, આ બિચારો વૈરાગ્યે રહિત છે તેને કામક્રોધાદિક બહુ પીડે છે. માટે એના વિકાર સર્વે ટળો તો તત્કાળ ટળી જાય.** અને સાધને કરીને બહુ કાળ મહેનત કરતાં આ જન્મે ટળે અથવા બીજે જન્મે ટળે. અને તરત જે વિકારમાત્ર ટળે તે તો પરમેશ્વરની કૃપાએ કરીને ટળે."

✵ ભગવાનમાં આસક્તિવાળાનાં લક્ષણ વ.ગ.મ.૨૯ :

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપને વિશે જે ભક્તનું ચિત્ત અતિ આસક્ત થયું હોય તેનાં આવાં લક્ષણ

હોય જે, પોતે માર્ગે ચાલીને અતિશે થાકી રહ્યો હોય, અને બેઠું થાવાની શરીરમાં શક્તિ ન રહી હોય તેવા સમયમાં કોઈ ભગવાનની વાર્તાનો પ્રસંગ નીકળે તો જાણીએ જે એકે ગાઉ ચાલ્યો નથી, એવો સાવધાન થઈ જાય. અથવા ગમે તેવા રોગાદિકે કરીને પીડાને પામ્યો હોય અથવા ગમે તેવું અપમાન થયું હોય અને તેવામાં જો તે ભગવાનની વાર્તા સાંભળે તો તત્કાળ સર્વે દુઃખ થકી રહિત થઈ જાય. અને વળી ગમે તેવી રાજ્ય સમૃદ્ધિને પામીને અવરાઈ ગયો હોય એવો જણાતો હોય, અને જે ઘડીએ ભગવાનની વાર્તા સાંભળે તો તે ઘડી જાણીએ જે એને કોઈનો સંગ જ નથી થયો, એવો થકો તે ભગવાનની વાર્તા સાંભળવામાં સાવધાન થઈ જાય. એવી જાતનાં જેમાં લક્ષણ હોય તેને એ ભગવાનમાં દૃઢ આસક્તિ થઈ જાણવી."

ત્યારે મુક્તાનંદસ્વામીએ પૂછ્યું જે, "એ ભગવાનમાં એવી દૃઢ આસક્તિ શા થકી થાય છે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "કાં તો પૂર્વજન્મનો એવો અતિ બળિયો સંસ્કાર હોય અથવા જે સંતને વિષે એવી દૃઢ આસક્તિ હોય તેને સેવાએ કરીને રાજી કરે એ બે ઉપાયે કરીને જ ભગવાનમાં એવી દૃઢ આસક્તિ થાય છે, તે વિના બીજો ઉપાય નથી."

✷ ભુજમાં નરનારાયણ દેવ પધરાવવા ગયા :

એટલી વાર્તા કરીને અક્ષરઓરડીએ જઈને ઢોલિયે બિરાજમાન થયા. તે સમે મુક્તાનંદ આદિક સંત પગે લાગીને બેઠા. પછી મહારાજ બોલ્યા જે , "અમારે નરનારાયણ દેવની મૂર્તિઓ પધરાવવા ભુજનગરમાં જાવું છે. તે ગોપાળાનંદસ્વામીનું મંડળ તેડાવો. તેમને અમારા ભેળા લઈ જશું." એમ કહી રહ્યા ત્યારે બ્રહ્મચારી જમવા બોલાવવા આવ્યા. તેથી સ્નાન કરીને જમવા પધાર્યા. તે જમીને થાળ સંતમંડળને આપ્યો. પછી જળપાન કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. અને નરનારાયણની મૂર્તિઓ ગાડામાં બેસારીને માંહી પરાળ ભરાવી.

પછી પાળા અને પાંચ સંતને ચાલતા કર્યા અને મહારાજ પોઢ્યા. સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને કથાનો આરંભ કરાવ્યો. તે 'હરે..!' એવા ઉચ્ચારનો શબ્દ કરતા જાય. પછી થાળ તૈયાર થયો તેથી વસ્ત્ર ઉતારીને જમવા બિરાજ્યા. અને જમીને જળપાન કરીને તથા મુખવાસ લઈને ઢોલિયે બિરાજમાન થયા અને કથાનો પ્રસંગ ચલાવ્યો. તે કથા વંચાવતા હતા.

તે સમે શતાનંદમુનિ સત્સંગિજીવનનું કાંઈક પૂછવું હતું તે પૂછી ગયા. તે સમે શ્રીજીમહારાજે કાઠિયાવાડ, સોરઠ, ઝાલાવાડ, ગુજરાત, ચડોતર, કાનમ તથા કચ્છ આદિક સર્વે દેશોને વિશે તથા ગામોગામ પ્રત્યે કંકોતરીઓ લખાવીને મોકલાવી જે, "ગઢપુરથી લિ.સ્વામીશ્રી એકસો સાત(૧૦૭) સ્વામી શ્રીસહજાનંદજી મહારાજના સમસ્ત હરિજનો જય શ્રીસ્વામિનારાયણ વાંચશો. વિશેષ લખવાનું કે **સંવત્ ૧૮૭૯ના વૈશાખ સુદિ પાંચમ**ને રોજે ભુજગરને વિશે શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠાનું શુભ મૂહૂર્ત છે, તેથી તમો સર્વે હરિભક્તો કુટુંબે સહિત ભુજનગર આવજો. અમે પણ સંત, પાર્ષદ, બ્રહ્મચારીને તેડીને આવશું." આવી રીતે મહારાજે દેશ દેશ પ્રત્યે કંકોત્રીઓ લખી. પછી કથાની સમાપ્તિ કરાવીને અક્ષરઓરડીએ પધાર્યા અને ઢોલિયા ઉપર પોઢી ગયા.

પછી સવારમાં વહેલા જાગીને નિત્યવિધિ કરીને ઢોલિયે બિરાજ્યા. તે સમે પાળાએ મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! ઘોડી ઉધમાધક (ઉતાવળ) કરે છે." ત્યારે મહારાજ કહે, "પલાણ માંડીને લાવો." એમ કહીને પોશાગ પહેરીને ઘોડીએ સ્વાર થયા. તે સમે સંત તથા પાળા તથા હરિજન તે પણ સાથે ચાલ્યા. અને મહારાજ લક્ષ્મીવાડીએ પધાર્યા અને ત્યાં જઈને ઘોડી ફેરવી. ત્યાંથી પછી બેઠક ઉપર આવીને ઢોલિયે બિરાજ્યા. તે સમે વાડીવાળા સંત, પાર્ષદ તેમણે પુષ્પના હાર પહેરાવ્યા અને નાના પ્રકારનાં ફળ લાવીને સુધારીને જમાડ્યાં. તે જમી રહ્યા ત્યારે પ્રસાદી સર્વે સંત, પાર્ષદ, હરિજનોને વહેંચી આપી.

પછી ઘોડીએ સ્વાર થયા. તે ઘોડી ઉતાવળી ચાલી. તે પાઘનું છોગલું ઉપર ફરકતું હતું. એવી રીતે દરબારમાં પધાર્યા અને ત્યાં ઢોલિયે બિરાજ્યા. તે સમે ગોપાળાનંદસ્વામી પોતાનું મંડળ લઈને આવ્યા અને બીજા સંત પણ આવ્યા. તેમણે મહારાજને દંડવત કર્યા. ત્યારે મહારાજ ઊઠીને મળ્યા અને સત્સંગીની ખબર પૂછી. પછી સ્નાન કરીને થાળ જમ્યા. પછી જળપાન કરીને, મુખવાસ લઈને પછી ગોપાળાનંદસ્વામી તથા તેમના મંડળના સંતોને જમાડ્યા. ત્યારપછી સંતો સર્વે જમીને ઉતારે આવ્યા.

પછી મહારાજ બોલ્યા જે, "ભુજનગર અમારા ભેળું ચાલવું હોય તે સંતો તૈયાર થાઓ." એમ કહીને પોઢ્યા. તે સવારે વહેલા જાગીને, નિત્યવિધિ કરીને, થાળ જમીને તથા વસ્ત્ર પહેરીને તૈયાર થયા. અને સર્વે ચાલનારા જમી રહ્યા. તે સમે સવાસો અસ્વાર અને પાંચસો હથિયારબંધ પાર્ષદ તથા ગોપાળાનંદજી આદિ સર્વે સંત તૈયાર થયા અને ગાડાં તથા રથ તથા માફા તથા વહેલ તે જોડાવ્યાં અને જેને જેમ બેસવું ઘટે તેને મહારાજે આજ્ઞા કરીને સર્વેને બેસાડ્યા.

પછી પોતે ઘોડે સ્વાર થયા. અને સોનાના ઈંડાનું છત્ર શ્રીજીમહારાજના મસ્તક ઉપર શોભતું હતું. અને બે કોરે બ્રહ્મચારી ચમર કરી રહ્યા હતા. અને ફૂલના હારો પહેર્યા હતા. અને આગળ ઢોલ ને શરણાઈઓ વાગી રહ્યાં હતાં. વળી આગળ હરભિક્તો કીર્તનો બોલતા હતા. એવી રીતે ગાતે ગાતે ગામને સીમાડે જઈને કહ્યું જે, "અમારી સાથે જેને આવવું હોય તે આવો." ત્યારે આવવું હતું તે સર્વે મહારાજ સાથે ચાલ્યા અને જેને નહોતું આવવું તે દંડવત કરીને, પગે લાગીને ઊભા રહ્યા.

પછી મહારાજ ભુજનગર તરફ ચાલતા થયા. તે ગામ **માંડવધાર** આવ્યા અને ત્યાં ગોવો પટેલ આદિ હરિજન સામા આવીને પગે

લાગ્યા. પછી શ્રીજીમહારાજ તે હરિજન પ્રત્યે બોલ્યા જે, "અમારી સાથે ભુજનગર ચાલવું હોય તે ચાલો." પછી સર્વે ગામના હરિજનોને દર્શન દેતા જાય અને કોઈક ગામમાં રાત રહેતા જાય અને કોઈક ગામમાં બપોર કરતા જાય. આવી રીતે ચાલ્યા તે રણ ઊતરીને **ભચાઉ** તથા **ધમડકા** તથા **ધાણેટી** થઈને **ભુજનગર** પધાર્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'ગઢપુરમાં મહારાજે સંતની તથા હરિભક્તોની સભા કરીને કેટલીક જ્ઞાન સંબંધી વાર્તાઓ કરી અને ભુજમાં નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરવા પધાર્યા' એ નામે અઠ્યોતેરમો અધ્યાય ॥૭૮॥

અધ્યાય - ૭૯

ભુજમાં શ્રીહરિનું ભવ્ય સામૈયું

ત્યારપછી દરબાર શ્રીપ્રાગમલજીના પિતાશ્રી દેશલજીએ બેરખ મોકલેલી, તે સન્મુખ આવી. અને ગંગારામભાઈ આદિ મલ અને હીરજીભાઈ આદિ હરિજનો તે સર્વે સામૈયું લઈને સન્મુખ આવ્યા. અને મહારાજની આગળ નાના પ્રકારની ભેટ મૂકી તથા ફૂલના હાર લાવ્યા હતા તે મહારાજને પહેરાવ્યા. પછી ચરણનો સ્પર્શ કરીને, પગે લાગીને ઊભા રહ્યા. ત્યારે મહારાજ કહે, "ચાલો." પછી છડીદાર નેકી પોકારે છે અને બે કોરે ચમર થઈ રહ્યાં છે. અને મહારાજ ઉપર સોનાના ઇંડાવાળું છત્ર બિરાજી રહ્યું છે, ને ફૂલના હાર કંઠમાં શોભી રહ્યા છે અને ગવૈયા સંતો આગળ કીર્તન ગાઈ રહ્યા છે.

અને ભણનારા સંત તથા બ્રહ્મચારી તે શ્લોક બોલી રહ્યા છે. અને આગળ ઝાંઝ-મૃદંગ લઈને હરિજનો ઉત્સવ કરી રહ્યા છે. અને વાંસે બાઈયું પણ કીર્તન ગાઈ રહ્યાં છે. અને ઢોલ ને શરણાઈ તથા નોબત આદિ વાજિંત્રો પણ વાગી રહ્યાં છે. અને ગુલાલ ઊડી રહ્યો છે

તથા બંદૂકના અવાજ થઈ રહ્યા છે. અને જરીના નિશાન પણ આગળ ફરકી રહ્યાં છે.

અને શ્વેતદ્વીપ, બદરિકાશ્રમ અને અક્ષરધામના જે મુક્તોનાં મંડળો તે પણ સર્વ આવીને મહારાજને પુષ્પ તથા ચંદને કરીને વધાવે છે. અને ઈન્દ્ર તથા વરુણ તથા કુબેર આદિ જે દિગ્પાળ તે સર્વે મહારાજના દર્શને આવ્યા. તેને જે યોગસમાધિવાળા હતા તે દેખતા હતા. એવી રીતની શોભાએ સહિત ઊભી બજારે થઈને હીરજીભાઈના ઘર પાસે અક્ષરઓરડી છે, જે ઠેકાણે મહારાજ પ્રથમ ઊતરતા ત્યાં આવીને ઘોડીએથી ઊતરીને ઢોલિયે બિરાજ્યા. ઘોડાને બીજે બંધાવ્યા. અને સર્વે સંઘ હરિજનોને ઘેર ઊતર્યો અને સંત સર્વે મંદિરમાં ઊતર્યા.

પછી મહારાજ મંદિરમાં પધાર્યા. તે મંદિર તથા સિંહાસન જોઈને મહારાજ બહુ રાજી થયા. પછી ગંગારામ મલે મહારાજને સિંહાસન ઉપર બેસાડ્યા. તે સમે ગોપાળાનંદસ્વામી મહારાજને પગે લાગીને પાસે ઊભા રહ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "સ્વામી ! આપણે પરમ દહાડે નરનારાયણની મૂર્તિની પ્રતિષ્ઠા કરવી છે. તે પ્રાગજી દવેને પૂછીને વેદિયા બ્રાહ્મણોને વરૂણીમાં વરાવજો. અને વેદિકા કરાવો ને જે સામાન જોઈએ તે ગંગારામ મલ તથા હીરજીભાઈને પૂછી મંગાવજો." એમ કહીને ઉતારે પધાર્યા અને પોશાગ ઉતારીને, સ્નાન કરીને માતાજી તથા લાધીબાઈએ થાળ કરાવ્યો હતો તે જમવા બિરાજ્યા. તે જમતા જાય અને માતાજી અને લાધીબાઈ સાથે વાત કરતા જાય. પછી જમીને, જળપાન કરીને તથા મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. ત્યારપછી પોઢ્યા.

પછી જાગીને, જળપાન કરીને, ભારેભારે વસ્ત્ર પહેરીને તથા જણસાળી ભક્તો મોજડી લાવ્યા હતા તે પહેરીને જ્યાં મંદિરમાં બ્રાહ્મણ વરૂણીમાં વરાવ્યા છે ત્યાં આવીને બિરાજ્યા. પછી સંત તથા બ્રહ્મચારી તથા હરિજનો મહારાજને પગે લાગીને બેઠા. પછી પુષ્પના

હાર લાવીને મહારાજને પહેરાવ્યા. તે સમે ચાર વેદ બ્રાહ્મણને વેષે આવીને મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજે તેમને નેત્રની શાને કરીને જ્યાં વરૂણીમાં બ્રાહ્મણો વર્યા હતા ત્યાં મોકલ્યા. પછી તે ત્યાં જઈને વેદની સ્તુતિઓ બોલવા મંડ્યા.

પછી મહારાજ ઉતારે પધાર્યા અને સ્નાન કરીને જમવા બિરાજ્યા. તે જમીને ચળુ કરીને ઢોલિયે બિરાજ્યા. અને ગામના હરિજનો તે સમયે સર્વે પગે લાગીને બેઠા.

❋ પ્રતિષ્ઠા માટે યજ્ઞનો પ્રારંભ :

ત્યારે મહારાજ કહે, "ગોપાળાનંદસ્વામીને બોલાવો." પછી સ્વામી આવીને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, "સ્વામી ! આપણે સર્વે બ્રાહ્મણોની ચોરાસી કરવી છે તથા ગામ પરગામના હરિજનોને પણ જમાડવા છે. અને બીજા હરકોઈ અન્નનો ક્ષુધાર્થી આવે તેને પણ જમાડવા છે." ત્યારે ગંગારામ તથા સુંદરજી આદિક હરિજનો હાથ જોડીને બોલ્યા કે, "મહારાજ ! સીધાં આપવા માટે સામાન સર્વે કરાવ્યો છે. તે જ્યારે જોઈએ ત્યારે લાવશું અને ઘણો જોશે તો વેચાતો પણ મળે છે." ત્યારે મહારાજ કહે, "સારું."

પછી સર્વે હરિજનોને રજા આપી અને મહારાજ પોઢ્યા. પછી સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને, પોશાગ પહેરીને મંદિરમાં પધાર્યા. અને ત્યાં દેવને સ્થાપન કરવાની વિધિ જેમ **પ્રતિષ્ઠામયૂખ** નામે ગ્રંથમાં પ્રતિષ્ઠા લખી છે તે પ્રમાણે કરી. તેમાં પ્રથમ આચાર્ય તથા બ્રહ્મા વિગેરે મુખ્ય યજ્ઞમાં અગ્રણી બ્રાહ્મણોને તથા તે પછીથી વરૂણીમાં જે બ્રાહ્મણો વર્યા હતા તે બ્રાહ્મણોને નાના પ્રકારનાં વસ્ત્રો તથા આભૂષણોથી અતિ પ્રસન્ન કર્યા.

તે પછી બ્રાહ્મણોએ સ્વસ્તિવાચન કર્યું. ત્યારપછી ગ્રહસ્થાપન કરી તેમાં પ્રધાન દેવોની તથા અંગ-દેવતાઓની વેદમંત્રો પ્રમાણે

પ્રતિષ્ઠા કર્યા પછી ગ્રહશાંતિ યજ્ઞ શરૂ કર્યો. તેમાં પ્રથમ કુશાંડી કર્મ શાસ્ત્રવિધિએ અગ્નિસ્થાપન કર્યા. પછીથી તેમાં નવ ગ્રહોની તેના જુદા જુદા મંત્રોથી સમિધ, ઘૃત અને તિલાદિકથી આહુતિઓ આપી. પછી વિવિધ ફળોનો હોમ કર્યો. જેમાં સૂર્યને આકડાના સમિધથી તથા ચંદ્રને ખાખરાના સમિધથી, તેમજ મંગલને ખેરના સમિધથી અને બુધને અઘેડાના સમિધથી અને દેવગુરુને પીપળાના સમિધથી તથા દૈત્યગુરુ જે શુક્ર તેને ઉમરાના સમિધથી, તેમજ શનૈશ્ચર નામના ગ્રહને ખીજડીના સમિધથી અને રાહુને દુર્વાથી, તેમજ કેતુને કુશ જે દર્ભ તેથી હોમ કર્યો. તે પછી ગ્રહોના અનુક્રમ પ્રમાણે દ્રાક્ષ, શેરડી, સોપારી અને નારંગી તથા લીબું, બીજોરું અને કમલફળ, તેમજ ટોપરું અને દાડમ ઇત્યાદિક ફળે કરીને હોમ કર્યો.

એમ પૂર્ણાહુતિ થયા પછી વિવિધ પ્રકારનાં દાનો બ્રાહ્મણોને આપ્યાં. આમ હોમ થયા પછીથી નરનારાયણની મૂર્તિઓને પધરાવવાનો સમો થયો. તે સમે ચાર દિશાઓ અને ચાર વિદિશાઓમાં અધો-ઊર્ધ્વ જય જયકાર શબ્દો થઈ રહ્યા હતા. અને મૂર્તિમાન એવા જે ચાર વેદ તે આવીને શ્રુતિઓ બોલવા લાગ્યા. અને તે સમે પાંચસે રૂપિયા આપીને ગંગારામ મલે ધજા ચઢાવી. અને હજાર રૂપિયા આપીને હીરજીભાઈએ કળશ ચઢાવ્યો.

✵ ભુજમાં નરનારાયણાદિક દેવોની પ્રતિષ્ઠા :

પછી મૂર્તિઓ મંદિરમાં લાવ્યા અને સ્થાપન કરી. પછી મહારાજ મંદિરના બારશાખ પાસે જઈને ઊભા. ત્યારપછી કહ્યું જે, "હવે પ્રતિષ્ઠા કરો." પછી તે સમે નાના પ્રકારનાં અગણિત વાજાં વાગવા લાગ્યાં. પછી પ્રતિષ્ઠા કરીને તે મૂર્તિઓને વસ્ત્ર તથા ઘરેણાં પહેરાવ્યાં અને ફૂલના હાર પહેરાવ્યા. ત્યારપછી આરતી ઉતારી. તે સમયે હરિજન સર્વે આવીને ભેટ મેલવા તત્પર થયા. તે રૂપિયા તથા ઘરેણાં અને

નાના પ્રકારના પોશાગ તથા પૃથ્વીદાન તથા ગૌદાન આદિ દાન કરવા લાગ્યા. તે સમે રાજાશ્રી દેશલજી ભારમલજી તરફથી ભારે પોશાગ આવ્યો તથા નિત્યનો ઠાકોરજીનો થાળ તેનું વર્ષાસન કરી આપ્યું. પછી મહારાજ ખુરશી ઉપર બિરાજ્યા. પછી હરિજન ભેટ મેલી રહ્યા તે સમય બ્રહ્મચારી નરનારાયણ દેવને જમવા થાળ લાવ્યા.

પછી મહારાજ ઉતારે પધાર્યા અને સ્નાન કરીને, થાળ જમીને, જળપાન કરીને તથા મુખવાસ લઈને અને પોશાગ પહેરીને ચાલ્યા, તે નરનારાયણના મંદિરમાં આવ્યા અને એમ બોલ્યા જે, "બ્રાહ્મણોને સીધાં આપો અને સત્સંગીને ઉતારે ઉતારે સીધાં આપો."

ત્યારપછી રસોઈનો સામાન અપાવવા માંડ્યો તે પાણીને ઠેકાણે ઘી વાપર્યું; તથા સાકર, ખાંડ તે પણ તેવી જ રીતે વાપરી. પછી તે અપાવીને સંતની પંક્તિમાં પીરસવા પધાર્યા. તે પામરીની પલવટ વાળીને લાડુ પીરસતા જાય અને તાણ કરતા જાય. પછી પીરસીને જળે કરીને હાથ ધોઈને પછી ઉતારે પધાર્યા. અને જળપાન કરીને ઢોલિયા ઉપર રાત્રીએ પોઢી ગયા. અને સવારમાં વહેલા જાગી નિત્યવિધિ કરીને તથા થાળ જમીને નરનારાયણ દેવના મંદિરમાં પધાર્યા. ત્યાં સર્વે સંત તથા હરિજન આગળ વાત કરી જે, "આંહીં આપણે રાધાકૃષ્ણ તથા અમારું સ્વરૂપ બેને પધરાવશું." એમ કહીને ત્યાંથી સભામાં ઢોલિયા ઉપર બિરાજમાન થયા.

❋ સાંખ્યયોગી ભાઈએ બાઈઓને વાતો ન કરવી :

ત્યારપછી વાત કરવા લાગ્યા જે, "સાંખ્યયોગી ભાઈ સર્વેને બાઈઓની આગળ વાતું કરવી નહીં. એ વચન અમે તમને કહીએ જે, બાઈઓ આગળ વાતું કરો, તોપણ સાંખ્યયોગી ભાઈઓને બાઈઓ આગળ વાત કરવી નહીં. એ વચન અમારું પણ ન માનવું. અને સાંખ્યયોગી ભાઈ, બાઈઓ આગળ વાતું કરે તો પોતાની મા-બોન

અથવા દીકરી એ આદિક જે સમીપ સંબંધી તેની આગળ વાતું કરે. અને દીકરી કે બહેન જ્યાં સુધી ઘરમાં રહે ત્યાં સુધી તેને વાતો કરવી. અને પરણ્યાની ઈચ્છા હોય તો મા-બેન એ આદિક સંગાથે પણ સાંખ્યયોગીને વાતું ન કરવી. અને વળી સાંખ્યયોગી ભાઈને પરણ્યાની ઈચ્છા ન હોય તો તેને ઘરમાં પણ ન રહેવું અને ઘરનો ત્યાગ કરીને આશ્રમ ગ્રહણ કરીને રહેવું, પણ અનાશ્રમી રહેવું નહીં. એમ સત્શાસ્ત્રમાં કહ્યું છે અને અમારી પણ આજ્ઞા છે.

બીજુ, **સાંખ્યયોગી તથા બ્રહ્મચારી તથા પરમહંસ એ સર્વેમાં કાંઈ ફેર જણાય કે જાણીને બાઈઓ સાથે વાત કરતા હોય, અથવા જાણીને બાઈ સામું જોતા હોય, તથા જાણીને બાઈઓને અડતા હોય, એવું સત્સંગમાં જેને જણાય તેને સત્સંગમાંથી કાઢી મૂકજો. અને જે તપાસ કરાવીને જાણીને નહિ કાઢે તેને સમસ્ત પરમહંસ મારવાનું પાપ છે.** અને તેમ જ જે સાંખ્યયોગી ભાઈમાં આ રીતનો ફેર જણાય તો તે ભાઈને પ્રથમ તો સત્સંગમાંથી કાઢી મેલવો. અને જો તે ભાઈને સત્સંગનો ખપ હોય તોપણ વરસ દહાડા પછી પ્રાયશ્ચિત કરાવીને તેને સત્સંગમાં લેવો. અને તેમ જ બ્રહ્મચારીને તથા પરમહંસને પણ જાણીને આવી રીતનો જેને ફેર પડે તો તો સત્સંગમાંથી કાઢી જ મેલવો, પણ ફરીને તેને સત્સંગમાં લેવો નહીં. બીજું, જે સત્સંગી ગૃહસ્થ ધર્મિષ્ઠ હોય અને પવિત્ર હોય તે સાંખ્યયોગી બાઈઓ વિના બીજી બાઈઓ આગળ વાતું કરે તે પણ નિયમમાં રહીને કરે.

✹ સંપૂર્ણ સત્સંગ થયાની વાત - વ.લો.૧ :

અને વળી સંપૂર્ણ સત્સંગ થયો તે કેને કહીએ જે, એક તો અતિશય **દૃઢ આત્મનિષ્ઠા** હોય અને તે પોતાના આત્માને દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ તેથી અતિશય અસંગી માને અને એ દેહ-ઈન્દ્રિયાદિકની ક્રિયાઓ તે પોતાને વિશે ન માને તોપણ **પંચ વર્તમાન**ના નિયમોમાં લેશમાત્ર ફેર

પડવા દે નહીં. અને પોતે બ્રહ્મરૂપે વર્તે તોપણ પરબ્રહ્મ જે પુરુષોત્તમ તેનું દાસપણું મૂકે નહીં, **સ્વામી-સેવકપણે કરીને તે ભગવાનની દૃઢ ઉપાસના કરે. અને પ્રત્યક્ષ મૂર્તિ જે ભગવાન તેને આકાશની પેઠે અતિશય અસંગી સમજે છે.** જેમ આકાશ છે તે ચાર ભૂતમાં અનુસ્યૂતપણે વ્યાપીને રહ્યો છે અને ચાર ભૂતની ક્રિયા તે આકાશને વિશે થાય છે, તો પણ આકાશને પૃથ્વી આદિ ચાર ભૂતના વિકાર અડતા નથી. તેમ **પ્રત્યક્ષ જે શ્રીકૃષ્ણનારાયણ તે શુભઅશુભ સર્વે ક્રિયાને કરતા થકા આકાશની પેઠે નિર્લેપ છે એમ જાણે.**

અને તે ભગવાનના જે અસંખ્યાત ઐશ્વર્ય છે તેને સમજે જે, આ ભગવાન જીવોના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા જણાય છે તોપણ એ અનંત કોટી બ્રહ્માંડના કર્તાહર્તા છે. અને ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બ્રહ્મપુર ઇત્યાદિ જે ધામ તે સર્વેના સ્વામી છે. અને અનંત કોટી એવા જે અક્ષરમુક્ત તે સર્વેના સ્વામી છે. એવો **ભગવાનનો મહિમા** જાણીને તે ભગવાનમાં **શ્રવણાદિક ભક્તિને દૃઢ કરી રાખે.** અને તે **ભગવાનના ભક્તની સેવાચાકરી કરે.** એવી રીતે જે વર્તે તેને સંપૂર્ણ સત્સંગ થયો કહીએ.

✵ અક્ષરધામનું મધ્ય - વ.ગ.મ.૪૨

અને વળી પુરુષોત્તમ ભગવાન છે તે તો અક્ષરધામમાં સદાય વિરાજમાન રહે છે. અને તે સત્યસંકલ્પ છે અને અક્ષરધામને વિશે રહ્યા થકા જ જે બ્રહ્માંડમાં જે જે રૂપ પ્રકાશવું જોઈએ તેવા રૂપને પ્રકાશ કરે છે. જેમ શ્રીકૃષ્ણ ભગવાને રાસક્રીડા કરી ત્યારે પોતે એક હતા અને જેટલી ગોપાંગનાઓ હતી તેટલા રૂપે પોતે થયા. તેમ જ પુરુષોત્તમ ભગવાન બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે જ્યાં જેવું રૂપ પ્રકાશવું જોઈએ ત્યાં તેવા રૂપને અક્ષરધામમાં રહ્યા થકા જ પ્રકાશે છે અને પોતે તો અક્ષરધામમાં સદાય રહે છે. અને પુરુષોત્તમની મૂર્તિ છે ત્યાં જ અક્ષરધામનું મધ્ય સમજવું.”

✵ આજ્ઞામાં રહીને સર્વે ક્રિયા કરવી :

પછી મહારાજે વળી બીજી વાર્તા કરી જે, "જેણે પ્રત્યક્ષ ભગવાન રાખ્યા હશે તેવા ભક્ત દેહ તથા મનના સુખમાં નહિ લેવાય. માયિક સુખથી પાછી દૃષ્ટિ ખેંચાશે તેને ભગવાનને પામવામાં કાંઈ કઠણ નથી. માટે આજ્ઞા મૂકીને ક્યારેય કોઈ કામ કરવું નહીં. ધર્મમાં રહીને બોલવું, ચાલવું તે પણ ધર્મમાં રહીને, લેવું દેવું તે પણ ધર્મમાં રહીને, વાત સાંભળવી તે પણ ધર્મમાં રહીને, ખાવું પીવું તે પણ ધર્મમાં રહીને, કરવા યોગ્ય ક્રિયા કરવી તે પણ ધર્મમાં રહીને, આ દેહનો નિર્વાહ કરવો તે પણ આજ્ઞામાં રહીને; માટે સર્વે જે કામ કરવું તે આજ્ઞામાં રહીને કરવું. દેહ પર્યન્ત તમારે ભગવાનની આજ્ઞામાં ફેર પાડવો નહીં.

અને **જે ભગવાનની આજ્ઞામાં વર્તે છે તે જ જન આલોક તથા પરલોકમાં, આજ કે પૂર્વે સુખિયા થયા છે અને થશે. અને જે જે પૂર્વે કે આજ દુ:ખિયા થયા છે તે આજ્ઞા લોપવાથી થયા છે.** અને આજ્ઞા લોપવાથી અન્ન, વસ્ત્ર, ધન, રાજપાટ મળતું હોય અથવા કોઈ દેહની આવરદા વધારી દેતું હોય તો પણ આજ્ઞા ન લોપવી. અને દેહનો ત્યાગ થાય તો ભલે, પણ આજ્ઞા લોપવી નહીં. કારણ કે ભગવાનની જે આજ્ઞા લોપે તો તેની નાસિકાનું પાણી ગયું.

માટે ભગવાનની આજ્ઞા લોપાય તેવી ક્રિયા ન કરવી. કારણ કે આજ્ઞા પાળ્યા વિના દેવ, દૈત્ય તથા મનુષ્ય અને શેષાદિક નાગ તે સર્વે કોઈ મોટપને પામ્યા નથી." એવી રીતે મહારાજે સભામાં સર્વે કચ્છ દેશના ગામોગામના જે હરિજનો આવેલા તથા પરદેશના જે હરિજનો આવેલા તેની આગળ આ વાત કરી, ને પછી પોતાને ઉતારે પધાર્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'ભુજમાં નરનારાયણ દેવ પધરાવ્યા' એ નામે ઓગણએશીમો અધ્યાય ॥૭૯॥

અધ્યાય - ૮૦

ગોપાળાનંદસ્વામીએ કહેલા શ્રીહરિના પંચાવન ગુણો

શ્રીજીમહારાજ ત્યાં થાળ જમીને જળપાન કરીને મુખવાસ લઈને પોશાગ પહેરીને તૈયાર થયા અને ઘોડી તૈયાર કરાવી. ત્યારે પાર્ષદે ઘોડી લાવી આપી. પછી સ્વાર થયા. અને નાના પ્રકારનાં વાજિંત્રો વાજી રહ્યાં છે, ને પાળા બંધૂકના અવાજ કરી રહ્યા છે તથા આગળ રાજાશ્રી દેશલજીની બેરખ ચાલી જાય છે. તથા કાઠીઓ ઘોડેસ્વાર થયા છે, ને તેમના હાથમાં ભાલાં ઝબકી રહ્યાં છે. અને રોઝી ઢાલો ને સોનેરી મૂઠવાળી તરવારો શોભી રહી છે.

અને સોનાના ઈંડાવાળું છત્ર મહારાજ ઉપર ભગુજી ધરી રહ્યા છે. અને બે કોરે ચમર થઈ રહ્યાં છે. અને સંત, બ્રહ્મચારી તથા હરિજનો તે સર્વે કીર્તન તથા વેદની સ્તુતિઓ બોલતા જાય છે. આ પ્રમાણે જ્યાં ત્રિકમજી મલ્લે છત્રી તથા ધર્મશાળા કરાવી છે તે ઠેકાણે ઘોડીએથી ઊતરીને બિરાજ્યા. તે પ્રથમ પણ મહારાજ જ્યારે જ્યારે ભુજનગર પધારતા ત્યારે ત્યારે તે જગ્યાએ સભા કરીને બિરાજતા.

અને તે સભામાં ગોપાળાનંદસ્વામીએ વાર્તા કરી જે, “આ ભગવાન સહજાનંદસ્વામીને વિષે પંચાવન ગુણ સહજ સ્વભાવિક રહ્યા છે. તે હું તમો સર્વેને કહું તે સાંભળો : (૧) સત્ય જે સર્વનું હિત થાય તે જ બોલવું તે. (૨) શૌચ જે દેહ અને મનની શુદ્ધિ તે. (૩) દયા જે પારકું દુઃખ સહન ન થવાથી તન, મન, ધન વડે દુઃખ ટાળવા પ્રયત્ન કરવો તે. (૪) ક્ષાંતિ જે ક્રોધ થવાનું કારણ મળતાં પણ ક્રોધ ન કરવો તે. (૫) ત્યાગ જે અંતરમાં પૂર્ણકામ હોવાથી માયિક વસ્તુમાત્રનો અનાદર તે.

(૬) સંતોષ જે પોતાના સ્વરૂપના આનંદથી પૂર્ણતા તે. (૭) આર્જવ જે તન, મન અને વાણીથી બીજાને નમતા રહેવું તે. (૮) શમ

જે પ્રાકૃત વિષયથી મનને પાછું વાળવું તે. (૯) દમ જે પ્રાકૃત વિષયથી ઇન્દ્રિયોને પાછાં વાળવાં તે.

(૧૦) તપ જે કૃચ્છ ચાંદ્રાયણાદિક વ્રત કરવાં તે. (૧૧) સામ્ય જે સારા અથવા નરસા માયિક વિષય તુચ્છ લાગે તે. (૧૨) તિતિક્ષા જે સુખદુ:ખ સહન કરવાં તે. (૧૩) ઉપરતિ જે પ્રયોજન વિના કાંઈ ન કરવું તે. (૧૪) શ્રુત જે સર્વ શાસ્ત્રનું યથાર્થ જ્ઞાન તે. (૧૫) જ્ઞાન જે જીવ, ઈશ્વર વિગેરેનાં સ્વરૂપ જાણવાં તે. (૧૬) વિરક્તિ જે શ્રીકૃષ્ણ ભગવાન વિના બીજે ક્યાંય પ્રીતિ નહિ તે. (૧૭) ઐશ્વર્ય જે સર્વને પોતાને વશ કરી રાખવા તે. (૧૮) શૌર્ય જે સ્વભાવ જીતવાની શક્તિ તે. (૧૯) તેજ જે કોઈથી પરાભવ ન પામવો તે. (૨૦) બળ જે સર્વને નિયમમાં રાખવા તે.

(૨૧) સ્મૃતિ જે કરવા યોગ્ય કામનું નિરંતર અનુસંધાન તે. (૨૨) સ્વતંત્રતા જે જેને કોઈની ગરજ નહિ તે. (૨૩) કૌશલ્ય જે સર્વ ક્રિયામાં પ્રવીણપણું તે. (૨૪) કાંતિ જે સહુના મનને હરે તેવું રૂપ તે. (૨૫) ધૈર્ય જે વિષમ સમયમાં પણ દઢતા તે. (૨૬) માર્દવ જે ચિત્તની કોમળતા તે. (૨૭) પ્રાગલ્ભ્ય જે બોલવામાં ચતુરાઈ તે. (૨૮) પ્રશ્રય જે મોટા પાસે વિનય તે. (૨૯) શીલ જે સારો સ્વભાવ તે. (૩૦) સહ જે મનનું ડહાપણ તે. (૩૧) ઓજ જે જ્ઞાન ઇન્દ્રિયનું ડહાપણ તે. (૩૨) બળ જે કર્મેન્દ્રિયની ચતુરાઈ તે. (૩૩) ભગ જે જ્ઞાન વિગેરે ગુણોથી શ્રેષ્ઠતા તે.

(૩૪) ગાંભીર્ય - જેના મનને કોઈથી કળી શકાય નહિ તે. (૩૫) સ્થૈર્ય જે ચંચળતા નહિ તે. (૩૬) આસ્તિકતા જે સત્શાસ્ત્રોનો વિશ્વાસ તે. (૩૭) કીર્તિ જે જગતમાં વિખ્યાતિ તે. (૩૮) મૌન જે પ્રયોજન વિના ન બોલવું તે. (૩૯) અગર્વતા જે ગુણનું અભિમાન નહિ તે. (૪૦) નિર્માન જે લેશમાત્ર પણ અહંકાર નહિ તે. (૪૧) નિર્દંભ જે

કોઈને કદી પણ નહિ છેતરવાપણુ તે. (૪૨) મિતાહાર જે થોડું જમવું તે. (૪૩) દક્ષ જે હિતનો ઉપદેશ કરવો તે. (૪૪) મૈત્રી જે સહુનો વિશ્વાસ સંપાદન કરવો તે.

(૪૫) સર્વોપકાર જે સર્વ ઉપર ઉપકાર કરવાની વૃત્તિ તે. (૪૬) અક્ષોભિતતા જે સહેજે વિષય પ્રાપ્ત થતાં પણ તેમાં ન બંધાવાપણું તે. (૪૭) અદ્રોહ જે તન, મન કે વાણીથી કોઈને લેશ પણ પીડા ન કરવી તે. (૪૮) માનદત્વ - જેને જેમ ઘટે તેમ તેને તે પ્રમાણે માન આપવું તે. (૪૯) ષડુર્મિવિજય જે ખાન-પાન, શોક-મોહ, જરા અને મૃત્યુ એ છ ઉર્મિઓ જીતવી તે. (૫૦) બ્રહ્મણ્ય જે બ્રાહ્મણને દેવ જેવા જાણવા તે. (૫૧) શરણત્વ જે શરણે આવેલાની રક્ષા કરવી તે. (૫૨) અનીહ જે કોઈ ફળની ઇચ્છા ન હોય તે. (૫૩) અપરિગ્રહ જે ધન આદિકનો સંગ્રહ ન કરવો તે. (૫૪) ભક્તિ જે પરમાત્માની નવ પ્રકારે સેવા કરવી તે. (૫૫) સેવા જે મન, કર્મ અને વચને ગુરુની અનુવૃત્તિમાં રહેવું તે.

आवीरीतेश्रीसहजानंदस्वामीमां ५५ गुणोसहजस्वभा
विकरहेलाछेअनेपोतेबहुचमत्कारिकछेनेसर्वेअवतारना
अवतारीछेअनेसर्वेरामकृष्णादिकअवतारआसहजानंद
स्वामीमांथीथायछेनेपाछासर्वेतेमांलीनथायछेएवाआस
हजानंदस्वामीछेएमरामानंदस्वामीवखतोवखतवातोकर
तातेमेंतमाराप्रत्येकही।।

આવી રીતે શ્રીસહજાનંદસ્વામીમાં ૫૫ ગુણો સહજ સ્વભાવિક રહેલા છે. અને પોતે બહુ ચમત્કારીક છે અને સર્વે અવતારના અવતારી છે, અને સર્વે રામકૃષ્ણાદિક અવતાર આ સહજાનંદસ્વામીમાંથી થાય છે અને પાછા સર્વે તેમાં લીન થાય છે, એવા આ સહજાનંદસ્વામી છે. એમ રામાનંદસ્વામી વખતો વખત વાર્તા કરતા. તે મેં તમારા પ્રત્યે કહી."


ત્યારપછી સભામાં સર્વે હરિજનોએ મહારાજને પુષ્પના હાર લઈ લઈને પહેરાવ્યા. ત્યારપછી મહારાજ ઘોડે સ્વાર થયા અને નાના પ્રકારનાં વાજિંત્રો વાજી રહ્યાં છે. અને મલ્લ ગંગારામ ને વાલજી આદિ હરિજનો આગળ ચાલ્યા જાય છે. એવી રીતે ગાતાવાતા નરનારાયણ દેવના મંદિરમાં પધાર્યા અને ઘોડી ઉપરથી ઊતરીને નરનારાયણ દેવનાં દર્શન કરીને ત્યાં સભા કરીને બિરાજ્યા. પછી જે બ્રાહ્મણો વરૂણીમાં વર્યા હતા તેમને તેડાવ્યા. અને તે સમયે ગામના સર્વે હરિજનોએ મહારાજની પૂજા કરી ને ભારે પોશાગ પહેરાવ્યો. અને કડાં તથા વેઢ અને ઊતરીઓ પહેરાવી અને પગે લાગીને બેઠા.

પછી બ્રાહ્મણોને સેલાં અને પાઘડિયું લાવીને આલવા મંડ્યા. અને દક્ષિણામાં રૂપિયા પણ ખોબા ભરી ભરીને આપ્યા. અને બીજા બ્રાહ્મણોને પણ રૂપિયો-રૂપિયો દક્ષિણા આપી. અને જે વેદ બ્રાહ્મણને સ્વરૂપે મૂર્તિમાન આવ્યા હતા તેમને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. તથા શિલ્પીને અમૂલ્ય પોશાગ આલ્યો. અને સંતમંડળને બાથમાં લઈને મળ્યા. ત્યારપછી હરિજનો સર્વે કામકાજ કરતા હતા તેમને પણ છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

ત્યારપછી મહારાજ ઉતારે પધાર્યા અને કહે, “સર્વે હરિજનો જમી રહ્યા ?” ત્યારે ગંગારામ મલ આદિ હરિજનો બોલ્યા જે, “મહારાજ ! સર્વે જમી રહ્યા તો પણ રસોઈના લાડુ બહુ વધ્યા છે.” ત્યારે મહારાજ કહે જે, “સત્સંગીને ઘેર ઘેર ટોપલા ભરીને મોકલો.” એમ આજ્ઞા કરી અને પછી થાળ જમવા બિરાજ્યા. અને જમીને જળપાન કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. ત્યારપછી પોઢ્યા. પછી પ્રાતઃકાળે જાગીને નિત્યવિધિ કરીને પોશાગ પહેરીને પાદુકાએ ચડીને નરનારાયણ દેવના મંદિરમાં પધાર્યા અને નરનારાયણ દેવનાં દર્શન કર્યાં. ત્યારપછી સભા કરીને ઢોલિયે બિરાજ્યા અને ત્યાં મંદિરમાં આવેલા હરિજનો પણ દેવનાં દર્શન કરીને સભામાં યોગ્યતા પ્રમાણે બેઠા.

✹ શ્રીહરિના અવતાર ધર્યાના છ હેતુ :

પછી શ્રીજીમહારાજ હરિજનોની સભા સામું જોઈને બોલ્યા જે, “કોઈને કાંઈ શંકા હોય તો અમોને પૂછો.” તે વખતે માંડવીના વિપ્ર ડોસાભાઈએ પૂછ્યું જે, “આપશ્રીને આ બ્રહ્માંડમાં આવ્યાનો શો હેતુ છે ?”


त्यारे श्रीजीमहाराज बोल्या जे अमारे
आ ब्रह्मांडमां आव्यानां छ हेतु छे ते एक तो एकांतिक धर्म प्रवर्ता
ववो बीजो अमारां मातुश्री भक्ति तथा अमारा पिताश्री धर्मदेव
तेने घेर जन्म लइ एमने सुख देवुं॥ अने त्रीजो ए अभिप्राय के सर्वे
धामोना मुक्त अने ते मुक्तना स्वामी जे अवतार तेमने आ ब्रह्मांड
मां अवतार धरावीने अमारी उपासना करावीने अक्षरधाममां
लइ जवा अने चोथो अभिप्राय ए के मुमुक्षु जीवो वनमां तथा ती
र्थमां तथा पर्वतोमां ज्यां होय त्यांथी तेने खोडीने अमारा स्वरूप
नो निश्चय करावबो अने पांचमो ए अभिप्राय के अमारुं अक्ष
रातीत पुरुषोत्तम एवुं स्वरूप समझावीने अमारा धाममां लइ ज
वा अने छठ्ठो हेतु ए छे के ब्रह्मचर्य हेतपळावीने पोतानी मूर्तिमां जो
डवा ए प्रमाणे छ अभिप्राय प्रवर्ताववा सारूं आ पुरुषोत्तम ना
रायण एवा जे अमे ते आ पृथ्वी उपर आव्या छीए॥

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “અમારે આ બ્રહ્માંડમાં આવ્યાના છ હેતુ છે. તે **એક** તો એકાંતિક ધર્મ પ્રવર્તાવવો. **બીજો** અમારાં માતૃશ્રી ભક્તિ તથા અમારા પિતાશ્રી ધર્મદેવ તેને ઘેર જન્મ લઈ એમને સુખ દેવું. અને **ત્રીજો** એ અભિપ્રાય કે સર્વે ધામોના મુક્ત ને તે મુક્તના સ્વામી જે અવતાર તેમને આ બ્રહ્માંડમાં અવતાર ધરાવીને અમારી ઉપાસના કરાવીને અક્ષરધામમાં લઈ જવા. અને **ચોથો** અભિપ્રાય એ કે મુમુક્ષુ જીવો વનમાં તથા તીર્થમાં તથા પર્વતોમાં જ્યાં હોય ત્યાંથી તેને ખોડી(ળી) ને અમારા સ્વરૂપનો નિશ્ચય કરાવવો. અને **પાંચમો**

એ અભિપ્રાય કે અમારું અક્ષરાતીત પુરુષોત્તમ એવું સ્વરૂપ સમજાવીને અમારા ધામમાં લઈ જવા. અને **છઠ્ઠો** હેતુ એ છે કે બ્રહ્મચર્ય વ્રત પળાવીને પોતાની મૂર્તિમાં જોડવા. એ પ્રમાણે છ અભિપ્રાય પ્રર્વતાવવા સારુ આ પુરુષોત્તમ નારાયયણ એવા જે અમે, તે આ પૃથ્વી ઉપર આવ્યા છીએ."

❋ ચોવીશ અવતાર થયાના હેતુ :

ત્યારપછી તે જ વિપ્રે પૂછ્યું જે, "હે મહારાજ ! આપશ્રીને આ બ્રહ્માંડમાં પધારવાના જે હેતુ તે તો આપે કહ્યા, પરંતુ તમારા જે પૂર્વે ચોવીશ અવતાર થઈ ગયા છે તે શું કાર્ય કરવાને અર્થે થયા ? તે કહો." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "હે વિપ્ર ! આ તમે બહુ સારો પ્રશ્ન પૂછ્યો છે. તે સર્વેને સમજવા જેવો છે, તે લ્યો સાંભળો હવે તમારા પ્રશ્નનો ઉત્તર કરીએ જે,

(૧) પ્રથમ તો **સનકાદિક અવતાર** થયો. તે બ્રહ્માના સંકલ્પથી નૈષ્ઠિક ઊર્ધ્વરેતા ધર્મ સ્થાપવાને અર્થે થયો છે. (૨) બીજો જે **વરાહ અવતાર** તે હિરણ્યાક્ષ દૈત્ય પૃથ્વીને પાતાળમાં લઈ ગયો હતો તે દૈત્યને સંહારીને પાતાળમાંથી પૃથ્વીને લઈ આવવાને અર્થે થયો છે. (૩) અને **યજ્ઞરૂપ અવતાર** તે સંસારી જીવોને યજ્ઞ-કર્મ શીખવવાને અર્થે થયો છે. (૪) અને **હયગ્રીવ અવતાર** તે બ્રહ્માંડની ઉત્પત્તિ સમયે મધુનૈકટભ નામે અસુર તે થકી બ્રહ્માંડની રક્ષા કરવી તે અર્થે થયો છે.

(૫) અને **નરનારાયણ અવતાર** તે ધર્મભક્તિ થકી પોતે પ્રગટ થઈને તપ કરીને તે તપનું ફળ પોતાના ભક્તોને આપીને તેનો મોક્ષ કરવો તે અર્થે થયો છે. (૬) અને **કપીલદેવ અવતાર** તે કર્દમઋષિ અને દેવહુતિ જે પોતાનાં માતાપિતા તેને સાંખ્યયોગ દેખાડવું તે અર્થે થયો છે. (૭) અને **દત્તાત્રેય અવતારે** ત્યાગ ને યોગ દેખાડવાને અર્થે તથા ચોવીશ લક્ષ લઈ ચોવીશ ગુરુ કર્યા. (૮) અને **ઋષભદેવ અવતાર** પરમહંસના ધર્મો શીખવવા અને સાતમી ભૂમિકાનું જ્ઞાન દેખાડવા માટે થયો હતો.

(૯) અને **પૃથુ અવતાર** નીરસ સૃષ્ટિને રસાળ કરવાને અર્થે થયો છે. (૧૦) અને **મચ્છાવતાર** સત્યવ્રત રાજાને પ્રલયની લીલા દેખાડવા અને હયગ્રીવ દૈત્યને મારીને બ્રહ્માને વેદ લાવી દેવા માટે થયો છે. (૧૧) અને **કચ્છાવતાર** સમુદ્રમંથન સમયે મંદરાચલ પર્વત પીઠ ઉપર રાખવા માટે થયો છે. (૧૨) **ધન્વંતરી અવતાર** તે ઔષધિઓનાં નામ, ગુણ તથા ઉપયોગ બતાવવાને અર્થે થયો છે. (૧૩) અને **હરિ અવતાર** તે ગ્રાહ (મગર) થકી ગજની રક્ષા કરવાને અર્થે થયો છે. (૧૪) અને **નરસિંહ અવતાર** હિરણ્યકશિપુ દૈત્યને મારીને પોતાના ભક્ત પ્રહ્લાદની રક્ષા કરવાને અર્થે થયો છે.

(૧૫) અને **વામન અવતાર** તે દેવતાના હિત અર્થે બળિરાજાને છળીને તે પાસેથી ત્રિલોકી લઈને ઇન્દ્રને આપવાને અર્થે થયો છે. (૧૬) અને **હંસ અવતાર** સનકાદિકને જ્ઞાન આપવાને અર્થે થયો છે. (૧૭) અને **નારાયણ અવતાર** તો પોતાની ઇચ્છાથી ધ્રુવજીને દર્શન આપીને તેને વરદાન દેવાને અર્થે થયો છે. (૧૮) અને **મન્વંતર અવતાર** તે સુધર્મ મર્યાદા સ્થાપવાને અર્થે થયો છે. (૧૯) અને પરશુરામ અવતાર તે આસુરી ક્ષત્રિયોને હણવાને અર્થે થયો છે. (૨૦) અને **રામચંદ્રજી અવતાર** રાવણાદિક રાક્ષસોને મારવાને અર્થે થયો છે. (૨૧) અને **વ્યાસાવતાર** વેદના વિભાગ કરવાને તથા પુરાણ ઇત્યાદિક શાસ્ત્ર પ્રગટ કરવાને અર્થે થયો છે.

(૨૨) અને **શ્રીકૃષ્ણાવતાર** કંસાદિક દુષ્ટ રાજાઓને મારવાને અર્થે થયો છે. (૨૩) અને **બુદ્ધાવતાર** બોધથી જ્ઞાન આપી જીવોના કલ્યાણને અર્થે અને અસુરોને મોહ પમાડવાને અર્થે થયો છે. (૨૪) અને **કલ્કી અવતાર** તે કળિના અધર્મનો નાશ કરી સત્યયુગના ધર્મ સ્થાપવાને અર્થે થશે. આ પ્રમાણે ચોવીશ અવતાર ઉપર જણાવેલાં કાર્ય કરવાને માટે થયેલા છે.”

❋ હરિભક્તે કરવાનાં છ નિત્યકર્મ :

ત્યારપછી તે જ વિપ્ર ડોસાભાઈએ પૂછ્યું જે, "ભગવાનના ભક્તને છ નિત્ય કર્મ કરવાનાં કહ્યાં છે. તે છ કર્મ કયાં ? તે કહો." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "(૧) પહેલું કર્મ તો એ જે સ્નાન કરવું, (૨) બીજું ધ્યાન કરવું, (૩) ત્રીજું પૂજા કરવી, (૪) અને ચોથું સત્પુરુષનો સમાગમ કરવો, (૫) અને પાંચમું કર્મ જે ભગવાનના ગુણ ગાવા, (૬) અને છઠ્ઠું કર્મ જે ભગવાનના અષ્ટાંક્ષર મંત્રનો જપ કરવો.

આ પ્રમાણે છ કર્મ છે તે સત્સંગીએ નિત્ય પ્રત્યે કરવાં. તથા ત્યાગીને અષ્ટ પ્રકારે બ્રહ્મચર્ય વ્રત પાળવું. અને ધનુષ્ય જેટલે સ્ત્રીથી દૂર ચાલવું. તે ધનુષ્યનું માપ એ છે કે આઠ જવનો એક આંગળ કહેવાય અને એવા ચોવીશ આંગળનો એક હાથ કહેવાય, એવા ચાર હાથનો એક ધનુષ્ય કહેવાય." આ પ્રમાણે શ્રીજીમહારાજે ત્યાગીના તથા ગૃહસ્થના ધર્મ કહ્યા.

❋ મુમુક્ષુએ ત્રણ ઈષણા ત્યાગવી :

ત્યારપછી ગામ દહિંસરાના કચરા ભક્તે પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! તમે જ્યારે પાંચસે પરમહંસને ફરવા મોકલ્યા ત્યારે તમોએ પરમહંસને કહ્યું હતું જે, ત્રણ ઈષણાનો ત્યાગ રાખજો. તે ત્રણ ઈષણા તે શું કહેવાય ?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "**એક** તો દ્રવ્યની જે ઈષણા જે ઇચ્છા તથા **બીજી** સ્ત્રીની અને **ત્રીજી** પુત્રની, આ પ્રકારે ત્રણ ઈષણાઓ છે. તેણે કરીને જીવને ભવસાગરનું બંધન તૂટતું નથી અને વારંવાર જન્મમરણને પામ્યા કરે છે. માટે મોક્ષભાગીને તે ત્રણે ઈષણાઓનો ત્યાગ કરવો."

❋ મંદિરની સેવાનું ફળ :

ત્યારે વળી કચરા ભક્તે શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! આ ભગવાનના મંદિરમાં દીવો કરવો તથા લીંપવું તથા

વાળવું તેનો મહિમા જેમ હોય તેમ કહો.” ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “ભગવાનના મંદિરમાં દીવો કરવો તેમાં નૃસિંહ પુરાણને વિશે લખ્યું છે જે, ‘પુરુષ ભગવાનના મંદિરને વિશે ઘીનો અથવા તેલનો દીવો કરે છે તો તેનું અનંત એવું ફળ તે કરનારને થાય છે, કહેતાં સર્વ પાપનો ત્યાગ કરીને મહા પ્રકાશમાન ને હજારો સૂર્યના તેજ સમાન જે વિમાન તેમાં બેસીને ભગવાનના ધામમાં જાય છે.’

અને વળી શિવપુરાણમાં પણ પાર્વતી પ્રત્યે શંકરનું વચન છે જે, **‘જે પુરુષ ભગવાનના મંદિરમાં કોઈક પુરુષે દીવો કર્યો હોય તેને જોઈને આનંદ પામે તો તે આનંદને પામનારો પણ તે ફળને પામે છે,’** તો જે પોતાના ગાંઠનું ઘી આદિ લઈને દીવો કરે છે તે ફળને પામે તેમાં શું કહેવું ? તે તો પામે જ. તેમાં જો કોઈ રીતે ઘી મળે તેમ ન હોય તો તેલનો દીવો કરવો અને તે તેલ ન મળે એવું હોય તો તે દીવો થાય તેટલું દ્રવ્ય ભગવાનના મંદિરમાં આપવું અને તે દ્રવ્ય પણ મળે તેમ ન હોય તો દીવાનું પાત્ર આપે તો પણ તે આપનારો તે ફળને પામે છે.

હવે ભગવાનના મંદિરમાં વાળવું તેનું માહાત્મ્ય વિષ્ણુધર્મોત્તરમાં કહ્યું છે જે, ‘જે પુરુષ ભગવાનના મંદિરને વિશે સાવરણી લઈને વાળે છે તે વાળવાની રજે યુક્ત દેહવાળો પુરુષ કે સ્ત્રી સર્વ પાપનો ત્યાગ કરે છે.’ અને હે દ્વિજસત્તમ ! અહીં દિવસ દિવસમાં જે પાપ કરે છે તે પાપ ભગવાનના મંદિરને વિશે ફક્ત એક પછેડીવા વાળવાથી નાશ પામી જાય છે. અને તે વાળતાં રજના કણ જેટલા ભેળા થાય છે તેટલા વર્ષ મરીને તે પુરુષ દેવલોકમાં રહે છે. કહેતાં બીજું કાંઈ કર્યું ન હોય અને કેવળ ભગવાનના મંદિરને વિશે જે પુરુષે વાળ્યું હોય તો તે પુરુષ તે પુણ્યે કરીને દેવલોકમાં જાય છે.

તે સંબંધમાં પોતાના કિંકર પ્રત્યે ધર્મરાજાનું વચન છે જે, **‘હે કિંકરો ! ભગવાનના મંદિરને વિશે લીંપનાર તથા સાવરણી કાઢનાર**

મનુષ્યોની ત્રણ પેઢીના મનુષ્યનો ત્યાગ કરીને બીજાને અત્રે જમપુરીમાં તેડી લાવવા.' (અર્થાત્ મંદિર લીંપનાર તથા વાળનારની ત્રણ પેઢીનો ઉદ્ધાર થાય છે.) અને જે પુરુષ પંદર પંદર દિવસે અગ્નિષ્ટોમ નામે યજ્ઞ કરે છે, ને મહિને મહિને વાજપેય નામે યજ્ઞ કરે છે અને વર્ષે વર્ષે અશ્વમેધ નામે યજ્ઞ કરે છે, અને તેનું ફળ જે કરનારને થાય તે ફળને ભગવાનના મંદિરને વિશે વાળવું તથા લીંપવું તથા દીવો કરવો તેને કરનારો પુરુષ તે ફળને પામે છે." આ પ્રકારે શ્રીજીમહારાજે ઘણીક વાત કરી. તે સાંભળીને સર્વે હરિજનો ઘણા રાજી થયા.

❋ રાધાકૃષ્ણ પધરાવવાની આજ્ઞા તથા સવારી વર્ણન :

ત્યારપછી શ્રીજીમહારાજ નરનારાયણ દેવની મૂર્તિઓ સામું જોઈને બોલ્યા જે, "નરનારાયણ દેવની મૂર્તિ પાષાણની છે. હવે રાધાકૃષ્ણ દેવની મૂર્તિ ધાતુની કરાવીને પધરાવજો." પછી ગોપાળાનંદસ્વામીના મંડળને આજ્ઞા કરી જે, "હમણાં તમો આંહીં રહેજો અને હરિજનો સર્વને આ મંદિરની ભલામણ કરીને ધીરે ધીરે અમારી પાસે આવજો." એમ કહીને પછી મહારાજ ઉતારે પધાર્યા અને પોશાગ ઉતારીને જળ વડે સ્નાન કરીને થાળ જમવા બિરાજ્યા. પછી જમીને જળપાન કરીને મુખવાસ લઈને સંતોને તથા કાઠીઓને તથા પાળાઓને જમાડીને પોતે સાબદા થયા. અને દરબારશ્રીની બેરખ(સૈનિકની ટુકડી) આવી અને બારીગર(ઘોડેસવાર) ઘોડે ચડીને આવ્યા. અને ડંકો-નિશાન પણ આવ્યાં.

અને મહારાજ ઘોડીએ અસ્વાર થયા અને બેઉ કોરે ચમર થઈ રહ્યા છે. અને સોનાના ઈંડાવાળું છત્ર માથે શોભી રહ્યું છે. અને ઢોલ તથા શરણાઈઓ આદિ વાજાં આગળ વાગી રહ્યાં હતાં. અને હરિજન ફૂલના હાર ને તોરા લાવીને ધરાવતા હતા. અને ચોપદાર નેકી પોકારી રહ્યા છે. અને હરિજનો, પરમહંસ તથા બ્રહ્મચારી તે કીર્તન બોલી રહ્યા છે. અને આગળ ગુલાલ ઊડી રહ્યો છે અને મહારાજને પછવાડે દૂર ઊભા રહીને બાઈયો પણ કીર્તન બોલે છે.

એવી રીતે ઊભી બજારે થઈને ગામ બહાર આવ્યા અને પછી સર્વેને પાછા વાળ્યા. અને સત્સંગી ને પરમહંસ તે સીમાડા સુધી ગયા. ત્યારે મહારાજ કહે, "હવે ઊભા રહો." ત્યારે તે સર્વે ઊભા રહ્યા. ત્યારે મહારાજ જય સ્વામિનારાયણ કહીને ચાલ્યા. પછી તે હરિજનો જ્યાં સુધી ઘોડા દેખાણા અને જ્યાં સુધી રજ ઊડતી દેખાણી ત્યાં સુધી ઊભા રહ્યા. પછી દંડવત્ કરીને ઉદાસ થઈને નેત્રમાં હેતનાં આંસુ વહેતા થકા પાછા વળ્યા. અને પરસ્પર એમ બોલ્યા જે, "હવે ક્યારે... મહારાજ દર્શન દેશે !? અને આવીને આપણા હાથનો થાળ ક્યારે... જમશે !? અને હવે પુષ્પના હાર ક્યારે... પહેરાવશું !?" એમ વાર્તા કરતા કરતા ગામમાં આવ્યા.

❋ મહારાજ ગઢપુર પધાર્યા ને સૌને દર્શન દીધું :

પછી મહારાજ ત્યાંથી ચાલ્યા તે ગામોગામના હરિજનને દર્શન દેતા દેતા કોઈ ગામમાં રાત રહે અને કોઈક ગામમાં બપોરે અને ક્યાંક સાંજ અને ક્યાંક સવાર, એવી રીતે ચાલતે ચાલતે **ગઢપુરે** પધાર્યા. અને ઘોડીએથી ઊતરીને અક્ષરઓરડીમાં આવીને ઢોલિયે બિરાજ્યા. અને સ્નાન કરીને જમવા બિરાજ્યા. તે સમે સર્વે કાઠી મહારાજ પાસે રજા માગવા આવ્યા. તે પગે લાગીને ચરણારવિંદનો સ્પર્શ કરીને તે ચાલ્યા. પછી મહારાજ પોઢ્યા. પછી મહારાજ સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને ગાદી ઉપર બિરાજ્યા.

પછી કથાનો આરંભ કરાવ્યો. તે કથા વંચાય તે સમે સેવકે આવીને કહ્યું જે, "થાળ જમવાનો તૈયાર થયો." ત્યારે જમવા ઊઠ્યા અને વસ્ત્ર ઉતારીને સ્નાન કરીને જમવા બિરાજ્યા. તે જમતા જાય અને 'હરે..!' એવા શબ્દોનો ઉચ્ચાર કરતા જાય. પછી જમીને ચળુ કરીને મુખવાસ લઈને કથાની સમાપ્તિ કરાવીને ઢોલિયે બિરાજીને પોઢ્યા. પછી જાગીને જળપાન કરીને જળનો લોટો લઈને બહિર્ભૂમી

જઈ આવ્યા. મૃતિકા અને જળે કરીને હાથ ધોયા. પછી જળના કોગળા કરીને બોલ્યા જે, "કળતર થાય છે."

ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "માર્ગનો થાક છે, તેથી તેલ શરીરે ચોળીએ." પછી તેલ લાવ્યા અને શરીરમાં તેલ ચોળીને પછી ઊને જળે કરીને નવરાવ્યા. નવરાવીને કોરે વસ્ત્રે કરીને શરીરને લૂઈને અત્તરની સુગંધ છે જેમાં એવાં વસ્ત્રો પહેરાવ્યાં. એ પહેરીને ઓરડાની ઓસરીએ ઉગમણે મુખારવિંદે ઢોલિયા ઉપર બિરાજ્યા. અને સંતમંડળ પણ પગે લાગીને બેઠા. અને તે હરિજન બોલ્યા જે, "હે મહારાજ ! હવે ક્યારે દર્શન દેશો ? અને આવા ને આવા અમારા અંતરમાં રહેજો." એમ કહીને પાસે બેઠા. ત્યારપછી મહારાજ કહે, "અમે તો સદાય તમારી પાસે જ છીએ, જુવો..!"

પછી મહારાજ પોઢ્યા અને વહેલા જાગીને નિત્યવિધિ કરીને જ્યાં કારખાનું થાય છે ત્યાં આવીને ઊભા રહ્યા, અને બોલ્યા જે, "ચૂનાની ભઠ્ઠી કરીએ ?" ત્યારે નિષ્કુળાનંદસ્વામી કહે જે, "કાંકરી કઢાવો." ત્યારે મહારાજ કહે, "લાવો ઘોડી." પછી સેવક પલાણ માંડીને માણકી ઘોડીની વછેરી શણગારી લાવ્યા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "કારખાનામાં જે રહેતા હોય તે રહેજો, બીજા સર્વે ચાલજો."

પછી જ્યાં હમણાં ઓરીઓ છે તે ઠેકાણે મહારાજ આવ્યા. અને ત્યાંથી કાંકરી લેવરાવીને નદીને કાંઠે નંખાવી. પછી ઉતારે આવ્યા અને ઘોડીએથી ઊતરીને ઢોલિયે બિરાજ્યા. પછી પોશાગ ઉતારીને જમ્યા. જમીને જળપાન કરીને મુખવાસ લીધો. પછી વસ્ત્ર પહેરીને મોજડી પહેરીને ચાલ્યા તે કારખાનામાં આવીને ખુરસીએ બિરાજ્યા. અને એમ બોલ્યા જે, "જ્યાં કાંકરી નાખી છે ત્યાં ભઠ્ઠી પકવજો." તે સાંભળીને સંત ને પાળા ગયા અને ભઠ્ઠીનું કામ ચલાવ્યું.

પછી મશાલો થઈ અને સંતો આરતી-ધૂન બોલીને પગે લાગીને બેઠા. અને માંહોમાંહી પ્રશ્નઉત્તર થાવા લાગ્યા. અને મહારાજ શંકા કરે તેનો કોઈથી ઉત્તર ન થાય, ત્યારે મુખારવિંદ આડો રૂમાલ દઈને મંદમંદ હસતા જાય. અને પછી સર્વેને આનંદ ઉપજાવતા થકા પોતે ઉત્તર કરે અને એમ બોલે જે, “સંતો ! કરો શંકા.” ત્યારે સંતો એમ બોલે જે, “હે મહારાજ ! જરાયે શંકા નથી.” પછી જય સ્વામિનારાયણ કહીને ઉતારે પધાર્યા અને ત્યાં થાળ જમ્યા.

✵ કારિયાણીમાં ધર્મકુળની સામે મહારાજ ગયા :

ત્યારપછી મહારાજ ત્યાંથી ગામ **કારિયાણી** પધાર્યા. એ સમે ગામ કુંડળથી મામૈયો પટગર ઘોડીએ સ્વાર થઈને કારિયાણી આવ્યા અને મહારાજને પગે લાગીને બોલ્યા જે, “હે મહારાજ ! હિન્દુસ્તાનથી રામપ્રતાપભાઈનાં ઘરનાં અને ઇચ્છારામભાઈનાં ઘરનાં બાઈઓ તથા નંદરામભાઈ તથા ગોપાલજીભાઈ આદિ સર્વે આવ્યાં છે.” ત્યારે મહારાજ કહે, “થાઓ સાબદા.” પછી સર્વે સાબદા થયા અને મહારાજ ઘોડીએ સ્વાર થયા. સાથે પાળા અને પચાસ સ્વાર તેમણે સહિત ચાલ્યા તે ધર્મકુળ સર્વે સામું મળ્યું. પછી જ્યારે મહારાજને તેમણે દેખ્યા ત્યારે દંડવત કરવા મંડ્યા. પછી મહારાજ ઘોડીએથી ઊતરીને ઊભા રહ્યા.

પછી નંદરામ અને ગોપાલજી આદિકને મહારાજ મળ્યા. અને સુવાસિની બાઈ તથા વરિયાળીબાઈ આદિ જે બાઈઓ હતાં તે છેટે ઊભાં રહીને રોવા લાગ્યાં. ત્યારે મહારાજ કહે, “હે બ્રહ્મચારી ! બાઈઓને ના પાડો જે, આપણા દેશની રીતિ બીજી છે અને આ દેશની રીતિ બીજી છે. અને આ દેશમાં તો મનુષ્ય મરે ત્યારે રોવે ને તમારા દેશમાં તો ગામથી આવે ત્યારે પણ રોવે છે.” પછી બ્રહ્મચારીએ જઈને ના પાડી, ત્યારે રોવું મૂકીને મહારાજને પગે લાગ્યાં. ત્યારે ગામમાંથી હરિજનો વહેલ અને માફાવાળાં ગાડાં જોડીને સામા આવ્યા.

ત્યારે મહારાજ કહે, "આ વેલ ને ગાડાં એમને બેસવા આપો." ત્યારે રાયધણ પટેલ બોલ્યા જે, "અમે એમના સારુ જ લાવ્યા છીએ." પછી ત્યાંથી ચાલ્યા અને મહારાજ નંદરામભાઈને તથા ગોપાળજીભાઈને સમાચાર પૂછતા જાય, તે ગાજતે વાજતે દરબારમાં પધાર્યા. ત્યાં ઓરડાની ઓસરીએ ઢોલિયે બિરાજ્યા. અને નંદરામભાઈ આદિ સર્વે ધર્મકુળ પણ ઉગમણે ઓરડે ઊતર્યા. પછી સીધાં આવ્યાં ત્યારે રસોઈ કરવા લાગ્યા.

✹ મહારાજે મંછારામ પાસે ધર્મકુળનું વૃતાંત કહેવરાવ્યું :

પછી મહારાજ સ્નાન કરીને થાળ જમવા બિરાજ્યા. તે જમીને જળપાન કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. અને સભા થઈ તેમાં સર્વે સંતો ને હરિજનો મહારાજને પગે લાગીને બેઠા. તે સમે નંદરામભાઈ, ગોપાલજીભાઈ અને મહારાજના મામાના પુત્ર મંછારામ એ આદિ સર્વે મહારાજને પગે લાગીને બેઠા.

ત્યારે મહારાજ બોલ્યા જે, "હે મંછારામભાઈ ! તમે તો અમારાથી વયે કરીને મોટા છો. અને અમે તો નાનપણમાં ઘેરથી નીસર્યા હતા, તેથી અમે બરાબર જાણતા નથી. માટે અમારું જે મૂળ ગામ, ગોત્ર, કુળ, પ્રવર, શાખા, કુળદેવ, અડક, અને અમારા પિતા જેમ છપૈયામાં આવ્યા અને અમારો જન્મ થયો તે વાતને સર્વે સભા સાંભળે તેમ કહો."

ત્યારે મંછારામભાઈ બોલ્યા જે, "હે મહારાજ ! સરવાર દેશમાં "રેકહટ" નામના પુરમાં સરવરિયા સામવેદી બાલશર્મા નામે બ્રાહ્મણ હતા. તેમની 'ઇટાર પાંડે' અડક હતી. અને ત્રણ પ્રવર હતા. અને સાવર્ણિ ગોત્ર, કૌથમી શાખા અને કુળદેવ હનુમાન હતા. અને તેમના પુત્ર હરિપ્રસાદજીએ છપૈયા ગામમાં કૃષ્ણ ત્રવાડીનાં પુત્રી જે ભક્તિ તેમની સાથે લગ્ન કરેલ હતાં. તેમના આપ સહિત ત્રણ પુત્રો છો." એ આદિક વિસ્તારે સહિત વાર્તા મંછારામે કરી.

❋ ગઢપુર પધાર્યા ને ગંગાજળિયો કૂવો ગળાવ્યો :

પછી મહારાજ ત્યાંથી પાછા **ગઢપુર** પધાર્યા ને ત્યાં ગાદીતકિયા ઉપર બિરાજ્યા. તે સમે દાદો ખાચર, મોટીબા, રાજબા, લાડુબા અને હરજી ઠક્કર એ આદિ હરિજનોએ ભારે થાન (કાપડનો તાકો) મંગાવીને દરજીને બોલાવ્યો. તેની પાસે ભારે ભારે પોશાગ સિવડાવ્યા અને નંદરામભાઈ, ગોપાલજીભાઈ, સીતારામભાઈ, બદરીનાથ તથા સુફલ તેમને પહેરાવ્યાં. તથા ઘરેણાં ઘડાવીને પહેરાવ્યાં. પછી ત્યાંથી ઊઠીને નિષ્કુળાનંદસ્વામીને બોલાવીને મહારાજે કહ્યું જે, "સ્વામી ! અહીં એક કૂવો કર્યો હોય તો સારું." એમ કહીને મહારાજ ઊઠ્યા અને કૂવાને ઠેકાણે ઊભા રહ્યા.

ત્યારે નિષ્કુળાનંદસ્વામી કહે, "લાવો કોદાળી." ત્યારે ભગુજી આદિ પાળા તે કૂવો ખોદવા તત્પર થયા. તે છઠે દિવસે જળ આવ્યું અને મહારાજ કૂવાના કાંઠા ઉપર ઊભા. ત્યારે જળ કળશિયામાં ગાળીને મહારાજને કળશિયો આપ્યો. ત્યારે મહારાજ ખુરસી ઉપર બેસીને પીધું. અને બોલ્યા જે, "પાણી ગંગાજળ જેવું મીઠું છે." ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "આ કૂવાનું નામ **ગંગાજળિયો** !" પછી સર્વે સંતે પ્રસાદીનું જળ પીધું અને સર્વે પાર્ષદ, હરિજનોને આપ્યું.

❋ હરિની મરજીથી સંતોએ મંદિરની સેવા સ્વીકારી :

પછી અમદાવાદથી આનંદસ્વામીએ એક-બે કાગળ લખીને સદ્‌ગુરુ ઉપર મોકલ્યા. તેના સમાચાર આવ્યા. તે સાંભળીને મુક્તાનંદસ્વામી આદિ સદ્‌ગુરુ બોલ્યા જે, "જન્માષ્ટમી ઉપર આનંદસ્વામીના મંડળને તેડાવો. હમણા જન્માષ્ટમીને આડા દિવસો ઘણા છે." એમ કહીને પછી અમદાવાદ આનંદસ્વામી ઉપર સદ્‌ગુરુએ કાગળ ન મોકલ્યો. ત્યારે આનંદસ્વામીએ કાગળ લખીને બે સંતને મહારાજ પાસે મોકલ્યા. તે સંતે આવીને મહારાજને દંડવત્ કર્યા. પછી મહારાજને પગે લાગીને

સર્વે સંતો તથા હરિજનોના નારાયણ કહ્યા. પછી સ્વામીનો કાગળ મહારાજને આપ્યો. ત્યારે તે પત્ર મહારાજે શુકમુનિ પાસે વંચાવ્યો અને એમ બોલ્યા જે, "બે પત્ર આનંદસ્વામીના આવ્યા, તોય અમને સંભળાવ્યા નહીં." એમ કહીને થાળ જમવા બિરાજ્યા. પછી ચળુ કરી અને મુખવાસ લઈને ઢોલિયે આવી બિરાજ્યા.

ત્યારે સંતો મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "અમે બે મંદિરનો આદર કર્યો છે, ત્યાં તો તમે સર્વે મૂંઝાઈ ગયા. માટે જે મંદિરમાં રહ્યા તેમની તો તમો ખબર પણ ન લ્યો, અને કાગળ પણ અમને ન સંભળાવો. કેમ જે, તમારા મનમાં એમ હશે કે અમારે કોઈકને અમદાવાદમાં જાવું પડશે. તેથી કાગળ ન સંભળાવ્યો. અને અમારો જે વિચાર છે તેમાં તમારી કોઈની દૃષ્ટિ પૂગી નહીં. માટે મંદિર બ્રાહ્મણોને આપી દઈએ અને તમે જેમ છૂટા ફરો છો તેમ ફરો."

ત્યારે મુક્તાનંદસ્વામી હાથ જોડીને બોલ્યા જે, "અમદાવાદના મંદિરની મારે ખબર રાખવી." અને નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "ભુજનગરના મંદિરની મારે ખબર રાખવી." બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "વડતાલનું મંદિર તમે કહ્યું હતું જે કરશું, તેની મારે ખબર રાખવી."

પછી મહારાજ બોલ્યા જે, "એમ જો ખબર રાખો તો મંદિર રાખીએ, નહિ તો દઈ દઈએ." એમ કહીને મહારાજે કાગળ લખવાની મુક્તાનંદસ્વામીને ભલામણ કરી જે ભુજના (નાના) આનંદસ્વામીના મંડળ ઉપર કાગળ લખજો જે, તમે અમદાવાદ નરનારાયણના મંદિરમાં જઈને (સેવામાં) રહેજો અને આનંદસ્વામીના મંડળને મહારાજ પાસે મોકલજો. અને (ભુજથી) આનંદસ્વામી જ્યારે મંદિરમાં આવે ત્યારે તમે (મોટા આનંદાનંદસ્વામી) મહારાજ પાસે આવજો." એમ કહીને થાળ જમવા પધાર્યા. તે થાળ જમીને મુખવાસ લીધો.

❋ સુવાસિની ભાભી સાથે બાળપણની વાતો કરી :

પછી સુવાસિનીબાઈ સાથે વાત કરવા લાગ્યા જે, "અયોધ્યાપુરીમાં રહેતા ત્યારે અંગૂઠી લઈને હલવાઈને આલીને દૂધપેંડા લઈને અમે જમ્યા. અને બીજાં બાળકોને અમે વહેંચી આલ્યા. ત્યારે તમને ખબર પડી, પણ તમે અમને જરાય ઠબકો ન દીધો. અને અમે બીજો પણ ઘરમાં ઘણો ભંજવાડ કરતા, પણ તમો કોઈ દિવસ માતા આગળ કહેતાં નહીં. વળી અમને જમાડ્યા વિના તમે કોઈ દિવસ જમતાં નહીં."

ત્યારે સુવાસિનીબાઈ બોલ્યાં જે, "તમે જ્યારે ઘેરથી ચાલ્યા ત્યારથી અમારી આંખમાંથી પાણી સુકાયાં નથી. અને તમે તો નિર્દય થઈને ચાલ્યા અને કોઈ સાથે સંદેશો પણ ન મોકલ્યો. પછી જ્યારે સંતો આવ્યા અને તમારી ખબર આપી ત્યારે અમને ધીરજ આવી. અને જ્યારે તમારાં દર્શન થયાં ત્યારે અમારા દેહમાં પ્રાણ આવ્યા." એવી રીતે બાળપણાની ઘણીક વાતું કરી. અને ત્યારપછી મહારાજ ઉતારે પધાર્યા. ત્યાં જળપાન કરીને પોઢી ગયા.

❋ નાથભક્તનું હેતના ટેભાવાળું અંગરખું :

અને સવારે વહેલા ઊઠીને નિત્યવિધિ કર્યો. પછી થાળ જમીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. તે સમે વડોદરાના નાથભક્તે મહારાજને અંગરખું પહેરાવ્યું અને પગે લાગીને બેઠા. ત્યારે દરજી હરિભક્ત હતા તે અંગરખાના ટાંકા જોવા મંડ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "એ તો હેતના ટેભા છે, એ સિવ્યાના ટેભા નથી." પછી મહારાજ ઉતારે પધાર્યા.

❋ મહારાજે સત્સંગીને તીર્થયાત્રા કરવા કહ્યું :

તે સમે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "અમે વડતાલ મંદિર કરવા જઈએ ?" ત્યારે મહારાજ કહે, "જાઓ." એમ કહીને કહે, "આવો મળીએ." પછી મહારાજ બ્રહ્માનંદસ્વામીના મંડળને તથા પાળા જે

ચાલનારા હતા તેમને મળ્યા. અને એમ બોલ્યા જે, "બ્રહ્માનંદસ્વામી કહે તેમ જ સર્વે કરજો." એમ આજ્ઞા કરીને મહારાજ ઉતારે પધાર્યા અને ત્યાં થાળ જમવા બિરાજ્યા. પછી જમીને બ્રહ્માનંદસ્વામી તથા આનંદસ્વામીને થાળ મોકલાવ્યો. પોતે જળપાન કરી મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા.

અને મુક્તાનંદસ્વામી આદિ સંતો મહારાજને પગે લાગીને બેઠા. તે સમે મહારાજના મોટાભાઈના પુત્ર તથા નાનાભાઈના પુત્ર નંદરામભાઈ તથા ગોપાલજી આદિ મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "આપણો ઉદ્ધવ સંપ્રદાય કહેવાય છે, તે ઉદ્ધવ સંપ્રદાયના જે સંતો અને હરિજનો તેમને તીર્થ કરવાં જોઈએ. તે આજ સર્વે તીર્થમાં દ્વારકા મોટું તીર્થ છે. માટે અમારા સર્વે આશ્રિતને દ્વારકાની યાત્રા કરવી. તે દ્વારકાની વાર્તાનો વિસ્તાર બીજા ગ્રંથમાં લખ્યો છે."

પછી તે સમે વડતાલથી બ્રહ્માનંદસ્વામીનો લખેલો પત્ર આવ્યો. તે વંચાવીને મહારાજ બોલ્યા જે, "બ્રહ્માનંદસ્વામીએ આપણને વડતાલ તેડાવ્યા છે, તે ચાલો જઈએ." ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "જ્યારે આપણને તેડાવ્યા છે તો જવું જોઈએ." ત્યારે મહારાજ કહે, "ભાલ દેશમાં હજુ રસ્તા નહિ પડ્યા હોય." ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "ઘઉં વાવવા જાય તે ગાડાં જોડીને જાય, માટે રસ્તા તો પડ્યા હશે."

ત્યારે મહારાજ બોલ્યા જે, "મયારામ ભટ્ટ ! ક્યારે ચાલવાનું શુભ મુહૂર્ત છે ?" પછી ભટ્ટ બોલ્યા જે, "આજથી ચોથે દહાડે જમીને ચાલવું." પછી મહારાજ કહે જે, "ગામોગામ ખબર કરાવો જે મહારાજ વડતાલ જાય છે, તે કાઠીના ઘોડા પણ સાથે આવશે. માટે ગામોગામના કાઠી ઘોડે ચડીને આવજો અને હરિજનો પણ ગાડાં જોડીને આવજો." એમ કહીને ઘોડીએ સ્વાર થઈને દરબારમાં પધાર્યા. અને ત્યાં થાળ જમવા બિરાજ્યા. તે જમતા જાય ને વાત કરતા જાય જે, "વડતાલ

જાવું છે, ગામોગામ કંકોતરીઓ મોકલીએ." એમ કહીને પછી ખબર કરી જે, "જેને વડતાલ જાવું હોય તે તે બાઈભાઈ સર્વે તૈયાર થાઓ અને પરમ દહાડે ચાલવાનું છે." એમ કહીને પછી મહારાજ ઉતારે પધાર્યા ને થાળ જમવા બિરાજ્યા. તે જમીને જળપાન કરી ઢોલિયે બિરાજ્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામીશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'ભુજનગરથી ગઢડે પધાર્યા, ત્યાંથી કારિયાણી પધાર્યા, ત્યાં ધર્મકુળ આવીને મળ્યું, ત્યાંથી પાછા ગઢડે પધાર્યા' એ નામે એંશીમો અધ્યાય ॥૮૦॥

અધ્યાય - ૮૧

શ્રીહરિ વિચરણ કરતાં કરતાં વડતાલ પધાર્યા

પછી ગઢડેથી મહારાજે ચાલવાની તૈયારી કરી ત્યારે કાઠીના સ્વાર સર્વે આવ્યા અને સંતો પણ આવ્યા. તે સર્વે જમીને ત્યાંથી ઘોડીએ સ્વાર થઈને ચાલ્યા તે ગામ **કુંડળ** પધાર્યા. અને ત્યાંથી ચાલ્યા તે **ગલિયાણે** પધાર્યા. અને ત્યાંથી ચાલ્યા તે ગામોગામના હરિજનોને દર્શન દેતા ગામ **સીંજીવાડે** પધાર્યા. અને ત્યાંથી ચાલ્યા તે ગામ **સોજિત્રા**ના હરિજનોને દર્શન દઈને ચાલ્યા તે ગામ **મહેળાવ** આવ્યા. તે સમે બ્રહ્માનંદસ્વામી આદિ સર્વે સંતો, પાળા તથા હરિજનો આવ્યા અને મહારાજને દંડવત્ કર્યા. અને મહારાજ ઊઠીને તેમને મળ્યા. પછી મહારાજને પુષ્પના હાર પહેરાવ્યા. તે હાર પ્રસાદીના કરીને તેમને પાછા આપ્યા.

પછી બ્રહ્માનંદસ્વામી હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! મેં તો લીલાં ઝાડ કપાવ્યાં છે અને ચૂનાની ભઠ્ઠીઓ કરાવી છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "આવો ફરીને મળીએ." પછી મળીને મહારાજ બોલ્યા જે, "એ સર્વેનો સત્સંગમાં અવતાર આવશે." ત્યારે સ્વામી બોલ્યા જે, "મારે પણ એમ જ ઇચ્છા હતી."

પછી મહારાજ બોલ્યા જે, "તમે મોડા કેમ આવ્યા ? કાંઈ ખબર નહોતી કે શું ?" ત્યારે સ્વામી બોલ્યા જે, "રસોઈ અમારી માંડેલી હતી અને ખબર તો તત્કાળ આવ્યા હતા, પણ જો વહેલા આવીએ તો તમારા ભેળા જે જમનારા હોય તેમને પણ પૂરું ન થાય અને અમારે પણ પૂરું ન થાય. માટે એમ જાણ્યું જે, સર્વે જમી રહે ત્યારે આપણે જાશું. એમ મનમાં વિચાર કરીને આ વખત આવ્યા."

પછી મહારાજ મંદિર સંબંધી વાત પૂછતા જાય અને સ્વામી ઉત્તર આપતા જાય. પછી ચાલ્યા તે ગામ **રાવલી** આવ્યા ત્યાં તો વડતાલથી સામૈયું આવ્યું. તે ભાત ભાતનાં વાજાં ઢોલ ને શરણાઈ આદિ વાજિંત્રો વાજી રહ્યાં છે. એવી રીતે ગાજતે વાજતે મંદિરમાં પધાર્યા, અને ઘોડીએથી ઊતરીને બ્રહ્માનંદસ્વામીનો હાથ ઝાલીને મંદિરના પરથાર ઉપર ચઢ્યા.

❋ મહારાજ મંદિરનું કામ જોઈ સ્વામી પર રાજી થયા :

તે સમે બ્રહ્માનંદસ્વામીએ ત્રણ મંદિરના પાયા ને સાડા નવ ગજ ઓટો કર્યો હતો, તે મહારાજને દેખાડ્યો. અને એમ કહ્યું જે, "આ ઓટલો જ્યારે ઊંચો કર્યો ત્યારે આથમણા ખેતર બરોબર આવ્યો છે, એટલી આ મંદિરની પૃથ્વી નીચી છે." એટલી વાત જ્યારે કહી ત્યારે મહારાજ કહે જે, "હવે કંઈ કામકાજ હોય તો કહો." ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "તમારા આગળ ભેટ ને પૂજા વિગેરે જે સામાન આવે તે અમારા પાળા લે. અને બે ઈંટવા છે ત્યાંથી પાંચ પાંચ વાર ઈંટ, તે પાળા, સાધુ તથા બ્રહ્મચારી લાવે અને હરિજનો તથા સંન્યાસી પણ લાવે."

પછી મહારાજ તાળી પાળીને બોલ્યા જે, "તમે સર્વે પાંચ પાંચ વાર ઈંટવેથી ઈંટ લાવજો. તે પરમહંસ, બ્રહ્મચારી, પાળા અને સંન્યાસી તે સર્વેને એક ઈંટવેથી લેવા જવું. અને બીજે ઈંટવે બાઈઓને

લેવા જવું." એમ કહીને પછી મહારાજે ફૂલના હાર તથા ફૂલની ટોપી બ્રહ્માનંદસ્વામીને પહેરાવ્યાં. પછી મહારાજ બોલ્યા જે, "તમારા પાળા અમારી પાસે રાખીએ અને જે ભેટ-પૂજા આવે તે એમની પાસે લેવડાવીએ, તે તમારા મંદિરમાં રહે." એમ કહીને બ્રહ્માનંદસ્વામીનો હાથ ઝાલીને ભેળા ઉતારે લઈ ગયા અને પોશાગ ઉતારીને બિરાજ્યા. તે સમે જળે કરીને બ્રહ્માનંદસ્વામીએ સ્નાન કરાવ્યું અને ગંગામા ને વરિયાળીબાઈ થાળ લાવ્યાં તે જમતા જાય અને બ્રહ્માનંદસ્વામી સંગાથે વાત કરતા જાય. તે જમીને જળપાન કરીને થાળ બ્રહ્માનંદસ્વામીને આપ્યો. પછી મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા.

✵ વડતાલમાં ગોમતી તળાવ તથા છાપની સ્થાપના :

પછી હરિજનો મહારાજની પૂજા કરવા આવ્યા. તે પુષ્પના હાર પહેરાવીને તથા ભેટ મેલીને સેલાં તથા પાઘડીઓ મહારાજને બંધાવી અને પગે લાગ્યા. પછી મહારાજ ત્યાંથી ઊઠીને ઉતારે જઈને પોઢ્યા. પછી જાગીને જળપાન કરીને ગોમતી જે ધારુ તલાવડી ત્યાં પધાર્યા. ત્યાં મહારાજ બોલ્યા જે, "સર્વે સંતો તથા હરિજનો સાંભળો. આજથી આ તલાવડીનું નામ **ગોમતી તળાવ** છે. તે સર્વે ગાળવા માંડો અને તેનો ગાળ કાઢીને મંદિરમાં પૂરણી કરવી છે."

એમ કહીને તળાવ વચ્ચે ઊભા રહ્યા. તે સમે દ્વારકામાંથી સચ્ચિદાનંદસ્વામીના ભેગા ગોમતી અને છાપ આવ્યાં હતાં. તેને એક સ્વરૂપે કરીને ગોમતીમાં સ્થાપન કર્યાં. અને બીજે સ્વરૂપે કરીને અમદાવાદમાં નરનારાયણના મંદિરમાં છાપને નિવાસ આપ્યો. અને ગોમતીમાં મહારાજ વિચર્યા અને સર્વે સંતહરિજન એ ગોમતીને ગાળવા મંડ્યા અને મહારાજ ઉતારે પધાર્યા.

તે સમે બ્રહ્માનંદસ્વામી મહારાજ પાસે આવ્યા ને પગે લાગીને બેઠા. અને બોલ્યા જે, "હે મહારાજ ! આ સર્વે હરિભક્તો કહે છે કે

અમારે ઉતારે થાળ કરાવીએ, તે મહારાજ જમવા પધારશે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "સ્વામી ! જેમ તમારી નજરમાં આવે તેમ કરો." પછી બ્રહ્માનંદસ્વામી તરત ઊઠ્યા અને વડનગર, વીસનગર તથા સુરત ત્યાંના હરિજનોના ઉતારે પધાર્યા અને તેમને કહ્યું જે, "થાળ કરો. તમારે ઉતારે મહારાજ જમવા પધારશે. અને ચંદન-પુષ્પના હાર તે ગોમતી ઉપર કરે છે તે લાવો. અને શેલું તથા રેંટો આદિ ભારે પોશાગ તે જેને જેને જોઈએ તે તમે મંદિરમાંથી લેજો." ત્યારે તે તે હરિજન લાવીને મહારાજની પૂજા કરવા આવ્યા. તે ચંદનની અર્ચા કરીને કુંકુમનો ચાંદલો કર્યો અને પુષ્પના હાર પહેરાવ્યા. પછી ભેટ મેલીને પગે લાગ્યા.

પછી મહારાજ ચાલ્યા તે સંતની પંક્તિમાં આવ્યા. અને જલેબી પીરસવા માંડી તે પીરસતા જાય અને તાણ કરતા જાય. તે વડોદરાના કંદોઈ હરિભાઈની રસોઈ હતી અને મહારાજ પાંચ વાર પંક્તિમાં ફર્યા. પછી જળે કરીને હાથ ધોયા. પછી મોજડી પહેરીને ચાલ્યા તે જ્યાં હોમ થાય છે ત્યાં આવીને લક્ષ્મીનારાયણ આદિક દેવની મૂર્તિઓ પાસે ઊભા રહ્યા. સર્વે બ્રાહ્મણો મહારાજને જોઈને ઊભા થયા. તે સમે મૂર્તિમાન ચાર વેદ આવીને બેઠા હતા તે પણ ઊભા થયા. અને પછી મહારાજ ઉતારે પધાર્યા. તે જળપાન કરીને થોડી વાર પોઢ્યા. અને વળી જાગીને જળના કોગળા કરીને જળપાન કરીને પોશાગ પહેરીને બેઠા.

તે સમે અક્ષરધામના અને શ્વેતદ્વીપના તથા બદરિકાશ્રમ આદિ ધામના મુક્તો આવીને મહારાજને પગે લાગીને બેઠા. અને જ્યારે શ્રીનગરમાં નરનારાયણ દેવ પધરાવ્યા હતા ત્યારે મહારાજે કહ્યું હતું જે, "જ્યારે અમે જ્યાં જ્યાં દેવની પ્રતિષ્ઠા કરીએ ત્યાં તમે સર્વે આવજો." તેથી સર્વે આવ્યા. અને તે સમે સમાધિવાળાં બાઈભાઈ હતાં તેમણે દેખ્યા અને અહોહો ! કરવા લાગ્યાં. પછી મહારાજે સર્વે મુક્તોને ગોમતીને કાંઠે ઉતારા અપાવ્યા. પછી મહારાજ બોલ્યા જે,

"લાવો ઘોડી." પછી ઘોડીએ સ્વાર થઈને ચાલ્યા તે ગાજતેવાજતે ગોમતીએ પધાર્યા. ત્યાં ઘોડીએથી ઊતરીને ઓટા ઉપર બિરાજ્યા. અને જય જય શબ્દ થઈ રહ્યો છે અને સભા થઈ. તે સભા જોઈને તે સમે હજારો મનુષ્યને સમાધિ થઈ ગઈ. અને સંતોહરિભક્તો હાથ જોડીને મહારાજને પ્રશ્ન પૂછે તેના ઉત્તર મહારાજ કરે. એવી રીતે હરિભક્તોને સુખ પમાડીને ચાલ્યા, તે ઉતારે જઈને પોઢ્યા.

❋ વડતાલ મંદિરમાં દેવોની પ્રતિષ્ઠા :

સંવત્ ૧૮૮૧ના માસ કાર્તિકની બારસને દિવસ વહેલા જાગીને નિત્યવિધિ કર્યો. અને હાથમાં રૂમાલ લઈને ચાલ્યા, તે લક્ષ્મીનારાયણ આદિ દેવનો જ્યાં પધરાવ્યાનો વખત થયો ત્યાં આવીને ઊભા રહ્યા. પછી ચાર વેદ મૂર્તિમાન બ્રાહ્મણને વેશે કરીને આવેલ તે વેદનો ઉચ્ચાર કરી રહ્યા હતા. અને સર્વે ધામોના મુક્તો પણ મહારાજને પગે લાગીને જય જયકાર કરી રહ્યા હતા. અને તે સમે હજારો મનુષ્યને સમાધિ થઈ.

પછી લક્ષ્મીનારાયણ આદિ દેવને મંદિરમાં સ્થાપન કરવા લાગ્યા અને મહારાજ પણ પાસે ઊભા છે. અને મૂર્તિમાન વેદો પોતે લક્ષ્મીનારાયણ આદિ દેવની મૂર્તિનું સ્થાપન કરવા લાગ્યા. તે સમે મહારાજે કહ્યું જે, "કળશ ધ્વજા કોણ ચડાવશે ?" ત્યારે વડોદરાના રામચંદ્ર વૈદ્ય બોલ્યા જે, "હજાર રૂપિયા આપીને અમે ધજા ચડાવશું." ત્યારે સુરત શહેરના જાદવજી આદિક હરિજન બોલ્યા જે, "બે હજાર રૂપિયા આપીને અમે કળશ ચડાવશું." ત્યારે મહારાજ કહે, "બહુ સારું."

પછી મહારાજે પોતે ભારે ભારે વસ્ત્ર અને ઘરેણાં લઈને મૂર્તિઓને પહેરાવ્યાં. અને મહારાજે પુષ્પના હાર પહેરાવ્યા. પછી આરતી ઉતારી. તે સમે નાના પ્રકારનાં વાજિંત્રો વાગવા લાગ્યાં. અને દેવ દુંદુભિ વગાડવા લાગ્યા. અને પુષ્પનો વરસાદ કરવા લાગ્યા. અને અપ્સરા નૃત્ય કરવા લાગી. ગાંધર્વ ગાન કરવા લાગ્યા. અને હરિજનો નાના

પ્રકારની ભેટો મેલવા લાગ્યા. અને પોશાગ જે ઊતરી, ઘરેણાં, રૂપિયા ને પૃથ્વીના લેખ, તે લખાવીને આપતા હતા. અને નાના પ્રકારનાં વૃક્ષ જે આંબા, મહુડા, રાયણ, નાળિયેરી અને ફણસ, તેના પણ લેખ કરાવીને આપતા હતા. અને મહારાજ પણ મંદિરની કોળીમાં ગાદીતકિયા નંખાવીને બિરાજ્યા.

✵ દ્વારકાથી દેવો વડતાલ આવ્યા ને છાપ લેવાની આજ્ઞા :

પછી દેવને જમાડવા સારુ બ્રહ્મચારી થાળ લાવ્યા અને મહારાજ ઊભા થઈને બોલ્યા જે, "બાઈભાઈ સર્વે હરિજનો, પરમહંસ, બ્રહ્મચારી તથા બ્રાહ્મણ તે સર્વે છાપું લેજો. કેમ કે દ્વારકામાં અન્યાય બહુ થાવા મંડ્યો. તેથી રણછોડજી, ત્રિકમજી અને રુક્મણીજી એ સર્વે સચ્ચિદાનંદસ્વામી ભેળાં આવ્યાં છે. અને ગોમતીની છાપું પણ સાથે લેતા આવ્યાં છે. તે લક્ષ્મીનારાયણના મંદિરમાં રહેશે અને ગોમતી પણ હાલ ગોમતી તળાવ ગળાય છે તેમાં રહેશે. માટે ગોમતીમાં નાહીને સર્વે છાપું લેજો. એમ અમારી આજ્ઞા છે."

પછી પોતે કેસરચંદન ચોપડીને છાપું લીધી અને તેને પ્રસાદીની કરી. પછી આરતી થઈ. પછી મહારાજ ઉતારે પધાર્યા. ત્યાં બ્રહ્મચારી મહારાજ પાસે થાળ લઈ આવ્યા તે જમવા બિરાજ્યા. અને જમીને પછી થાળ સંતની પંક્તિમાં મોકલ્યો. પછી ચળું કરીને મુખવાસ લઈને સંતની પંક્તિમાં લાડુ પીરસવા પધાર્યા. તે પીરસતા જાય અને તાણ કરતા જાય. એવી રીતે પાંચ-છ વાર પંક્તિમાં પીરસીને જળે કરીને હાથ ધોયા. પછી ઉતારે પધાર્યા અને વસ્ત્ર ઉતારીને જળપાન કરીને પોઢ્યા.

પછી જાગીને જળપાન કરીને પોશાગ પહેરીને ઘોડીએ સ્વાર થઈને ગોમતીએ પધાર્યા. ત્યાં ઘોડીએથી ઊતરીને ગોમતીને કાંઠે સભા કરીને ઢોલિયે બિરાજ્યા. અને ગોમતી ગળાય તેનો ગાળ લઈને મંદિરમાં હરિજનો નાખી આવે. અને ગોમતીમાં ખોદતા જળ આવ્યું અને વીરડા

થયા. પછી મહારાજ કહે, "વીરડામાંથી જળ લાવો." પછી ગાળીને કળશિયો ભરીને જળ લાવ્યા. તે જળ મહારાજે પીધું અને એમ બોલ્યા જે, "આ જળમાં મીઠાશ બહુ જ છે."

ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! આપે સાક્ષાત્કાર ગોમતીજી સ્થાપન કર્યાં તેથી જળમાં મીઠાશનું શું કહેવું ?" પછી મહારાજે જે જળ પીધું હતું તે જળ વીરડામાં નાખ્યું ને બીજું સર્વેને વહેંચી આપ્યું. પછી મહારાજ મંદિરમાં પધાર્યા અને પાટ ઉપર બિરાજ્યા. અને સંત તથા હરિભક્તો ગોમતીમાં નાહીને છાપું લઈને આવે પછી મહારાજને પગે લાગીને બેસે.

❋ કાર્તિકી અને ચૈત્રી સમૈયામાં વણતેડ્યે આવવું :

પછી મહારાજે બ્રાહ્મણોની ચોરાસી કરાવી, ત્યારે બોલ્યા જે, "સર્વે સંતમંડળ, બ્રહ્મચારી, સંન્યાસી અને સર્વે ભક્ત બાઈભાઈ સાંભળો. અમે બે સમૈયાનો નિર્ધાર કર્યો છે. તે એક કાર્તિક સુદિ એકાદશી જે પ્રબોધની કહેવાય છે, અને બીજો ચૈત્ર સુદિ નોમ જે રામનવમી કહેવાય છે, તે દિવસે સર્વે હરિભક્ત આવજો. તે સમૈયો કાં તો અમદાવાદમાં નરનારાયણના મંદિરમાં કરીએ અને કાં તો ગામ વડતાલમાં લક્ષ્મીનારાયણના મંદિરમાં કરીએ. માટે હવેથી સર્વે વગર તેડ્યા આવજો અને કંકોતરીઓ નહિ લખીએ. એમ અમારી આજ્ઞા છે." પછી આરતી-ધૂન કરીને પગે લાગીને સર્વે બેઠા.

ત્યારે મહારાજ ઉતારે પધાર્યા. ત્યાં જળના કોગળા કરીને થાળ જમવા બિરાજ્યા. પછી તે સમે લક્ષ્મીનારાયણ દેવ જમ્યા તે થાળ બ્રહ્મચારી લાવ્યા. તે મહારાજ જમ્યા અને જળપાન કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. તે સમે દેશદેશના હરિજનો આવેલા તે મહારાજને પુષ્પના હાર પહેરાવીને પગે લાગીને બેઠા. તેમને દર્શન દઈને મહારાજ પોઢ્યા. અને સવારના વહેલા જાગીને નિત્યવિધિ કર્યો.

પછી પોશાગ પહેરીને મંદિરમાં આવીને લક્ષ્મીનારાયણનાં દર્શન કર્યાં ને પાટ ઉપર આવીને બિરાજ્યા.

✵ બ્રાહ્મણોને દક્ષિણા અને શિલ્પીઓને શિરપાવ :

પછી બોલ્યા જે, "સર્વે સંતનાં મંડળ બાંધીને દેશદેશમાં હરિજનો આગળ કથાવાર્તા કરવા મોકલો." એમ સદ્‌ગુરુને કહ્યું અને પછી કહે, "આવો મળીએ." પછી બે સંત મહારાજને પડખે ઊભા રહે અને સંત મળવા આવે તે મળીને બેસતા જાય. એમ સર્વે સંતને મળી રહ્યા પછી મહારાજ ઉતારે પધાર્યા. ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! હમણાં સંતને રાખો."

ત્યારે મહારાજ કહે જે, "સર્વે બ્રાહ્મણને સેલાં, પાઘડીઓ અને દક્ષિણા આલવી છે, તે સંતમંડળ પણ ભલે રહે." એમ કહીને પછી થાળ જમ્યા. તે જમીને જળપાન કરીને થાળ બ્રહ્માનંદસ્વામીને આપીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. પછી વરૂણીમાં વર્યા હતા જે બ્રાહ્મણો તેમના સારુ ભારે સેલાં, પાઘડીઓ તથા વેઢ ને વીંટીઓ તે લાવ્યા. પછી બ્રાહ્મણોનાં નામ લખેલાં તે વાંચીને જેને જેમ આપવું ઘટે તેમ પહેરામણી કરવા માંડી.

પછી ભણેલા બ્રાહ્મણ જે શોભારામ શાસ્ત્રી આદિ તેમને પણ પોશાગ અને વેઢ આપ્યા. પછી રૂપિયાની પોસ ભરીને આપી. અને બીજા બ્રાહ્મણને બે બે રૂપિયા અપાવ્યા. અને ચાર વેદ જે બ્રાહ્મણના રૂપે આવ્યા હતા તેમને મહારાજે છાતીમાં ચરણારવિંદ આપ્યાં. અને ફૂલના હાર તથા દિવ્ય શિરપાવ આપ્યો તથા શિલ્પીને ભારે શિરપાવ આપ્યો. અને તે સમે તે જોઈને ઘણાક હરિજનોને સમાધિ થઈ ગઈ. તે સમે અક્ષરધામ આદિના જે મુક્ત આવ્યા હતા તેમને મહારાજે એમ આજ્ઞા કરી જે, "હવે અમે જે ગામમાં મંદિર કરીએ અને મૂર્તિઓ પધરાવીએ ત્યારે તમે સર્વે આવજો." એમ કહીને મહારાજ ઉતારે પધાર્યા ને ત્યાં જળપાન કરીને પોઢ્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'વડતાલમાં સંવત્ ૧૮૮૧ના કાર્તિક સુદમાં લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી' એ નામે એક્યાશીમો અધ્યાય ॥૮૧॥

અધ્યાય - ૮૨

ગઢપુરમાં ધોલેરા આદિક ધામોમાં મંદિર કરવાની વાત કરી

પછી મહારાજ સવારે વહેલા ઊઠીને નિત્યવિધિ કરીને તથા થાળ જમીને ત્યાંથી ચાલ્યા તે **ગઢપુર** પધાર્યા. અને ગામમાંથી સામૈયું આવ્યું તે કાઠીના સ્વાર અને હરિજનો સામા આવ્યા. તે ગાજતે વાજતે દાદા ખાચરના દરબારમાં પધાર્યા અને ઘોડીએથી ઊતરીને આથમણા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયે બિરાજ્યા. અને હરિજનો મહારાજ ભેળા જે સમૈયે નહોતા આવ્યા તે હરિજનો આગળ મહારાજે વાત કરીને કહ્યું જે, "અમે ગામ વડતાલ ગયા ત્યાં તે દેશના હરિભક્તોનો પ્રેમ બહુ; તે અમારા સારુ નાના પ્રકારના પોશાગ લઈને અમને પહેરાવે, ને થાળ તો વારંવાર કરીને લાવે; અને નાના પ્રકારના મેવા લાવે. અને અમારાં દર્શન સારુ ઘણા ઉતાવળા થાય. અને વડતાલમાં લક્ષ્મીનારાયણને પડખે રણછોડજીની મૂર્તિ ને દક્ષણાદી કોરના મંદિરમાં રાધાકૃષ્ણ ને અમારી મૂર્તિ પધરાવી, અને ઉતરાદી કોરના મંદિરમાં ધર્મભક્તિ અને વાસુદેવની મૂર્તિ પધરાવી."

તે વાત સાંભળીને પછી ગામ ધોળકાના રેવાશંકર બોલ્યા જે, "મારે પણ એમ જ ઈચ્છા છે જે શિખરબંધ મંદિર કરાવવું છે." ત્યારે મહારાજ કહે, "મંદિર કરાવીને મોરલીમનોહર અને અમારી મૂર્તિ પધરાવશું." ત્યારે પુંજોભાઈ આદિ હરિજનોનો પ્રેમ જોઈને તેમને કહ્યું જે, "ધોલેરામાં મદનમોહન અને રાધિકાજીની મૂર્તિ પધરાવવી છે." એમ જ્યાં મહારાજ વાત કરે છે, ત્યાં ઝીણાભાઈ બોલ્યા જે, "હે

મહારાજ ! જૂનાગઢમાં પણ મૂર્તિઓ પધરાવો." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "રણછોડજી, ત્રિકમજી અને અમારી મૂર્તિ આદિ શિખરબંધ મંદિર કરાવીને પધરાવશું."

પછી દાદા ખાચર બોલ્યા જે, "અમારા દરબારમાં શિખરબંધ મંદિર કરાવો." ત્યારે મહારાજ બોલ્યા જે, "શિખરબંધ મંદિર કરાવીને તેમાં ગોપીનાથજી, ધર્મભક્તિ ને અમારી મૂર્તિઓ પધરાવશું." પછી ગામ મૂળીના રામાભાઈ અને રઘાભાઈ તે હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! અમારા ગામમાં પણ શિખરબંધ મંદિર કરાવો."

ત્યારે મહારાજ બોલ્યા જે, "મંદિર કરાવીને રાધાકૃષ્ણ આદિ ને અમારી મૂર્તિને પધરાવશું. તેનો સંકલ્પ તો અમે જ્યારે અલર્ક વાવથી નાહીને ચાલ્યા તે દિવસથી જ કર્યો છે જે મૂર્તિઓ પધરાવવી છે." પછી ગંગામા બોલ્યાં જે, "દીકરા ! જેતલપુર તો તમારું જૂનું ગામ છે. અને ત્યાં યજ્ઞ પણ ઘણાક કર્યા છે. માટે ત્યાં શિખરબંધ મંદિર કરાવો." ત્યારે મહારાજ કહે, "મંદિર કરાવીને અમારી મૂર્તિ ને રાધાકૃષ્ણ અને રેવતી-બળદેવને પધરાવશું. અને બીજે ઠેકાણે પણ મંદિર કરાવીને અમારી મૂર્તિઓ પધરાવશું." એમ કહીને પછી ઢોલિયે જઈને પોઢ્યા.

❋ શ્રીહરિ વિચરણ કરતા કરતા વડતાલ પધાર્યા :

પછી મહારાજ સવારે ઊઠીને નિત્યવિધિ કરીને થાળ જમ્યા. પછી જળપાન કરીને તથા મુખવાસ લઈને માણકી ઘોડી ઉપર સ્વાર થઈને હરિભક્તો સાથે લઈને ચાલ્યા તે **ઝીંઝાવદર** આવ્યા. અને ત્યાંના હરિજનોને દર્શન દઈને **કારિયાણી** આવ્યા. અને ત્યાંથી ચાલ્યા તે **નાવડે** આવ્યા. અને ત્યાંથી ચાલ્યા તે **ધોલેરે** પધાર્યા. ત્યાં થાળ જમીને ઘોડીએ સ્વાર થઈને ચાલ્યા તે **પીપળી** આવ્યા. ત્યાં આરતી-ધૂન કરીને બેઠા. અને સંત પગે લાગીને કીર્તન બોલ્યા. અને ત્યાં થાળ જમીને તથા સંતને જમાડીને ગામ **સીંજીવાડે** આવ્યા.

અને ત્યાંથી ચાલ્યા તે ગામોગામના હરિજનોને દર્શન દેતા થકા ગામ **વડતાલ** પધાર્યા. ત્યાં સ્નાન કરીને પછી થાળ જમવા બિરાજ્યા. તે જમીને જળપાન કરીને મુખવાસ લઈને ઢોલિયે પોઢ્યા. સવારે વહેલા જાગીને વતું કરાવીને નિત્યવિધિ કરીને પોશાગ પહેરીને ઢોલિયે બિરાજ્યા. અને તે સમે સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, આનંદસ્વામી અને શુકમુનિ આદિક મોટા સંતો; અને મુકુંદ બ્રહ્મચારી, વાસુદેવાનંદ બ્રહ્મચારી, જેરામ બ્રહ્મચારી, અખંડાનંદ બ્રહ્મચારી, નારાયણ બ્રહ્મચારી અને રાઘવ બ્રહ્મચારી આદિ જે મોટેરા બ્રહ્મચારી; તથા ગૃહસ્થ જે મયારામ ભટ્ટ, ઝીણોભાઈ, દાદો ખાચર, સુરો ખાચર, વસ્તો ખાચર, જીવો ખાચર, ભગો દોશી, મૂળજી શેઠ, નારાયણજી સુતાર, લાલદાસ તથા દામોદર એ આદિક સર્વે હરિજનોને તેડાવ્યા. તે આવીને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, “રામપ્રતાપજી અને ઈચ્છારામજીને બોલાવો.” ત્યારે તે બેય ભાઈને બોલાવ્યા, તે આવીને બેઠા.

✵ વડતાલમાં આચાર્યની પસંદગી તથા દેશ વિભાગનો લેખ :

પછી શુકમુનિ પાસે મહારાજે બે લેખ કરાવ્યા જે કલકત્તા, કાશી, રતલામ, ગોધરા, ખેડા, સદામડા, નવાનગર, દ્વારકા તે સર્વે સીમાડાનાં ગામ લખ્યાં છે. તે વડતાલની ગાદીવાળા જે લક્ષ્મીનારાયણ દેવ તેમના દેશનાં જાણવાં. તેથી ઉત્તર જે દેશ તેમાં ગામ તે અમદાવાદવાળા નરનારાયણના દેશનાં જાણવાં.” એમ એ લેખ લખાવ્યા. અને પછી એમ બોલ્યા જે, “તમે બંને ભાઈ અમને એક એક પુત્ર આપો, એટલે એમને અમે દત્તપુત્ર કરીને અમારી ગાદીએ બેસાડીએ. અને મંદિરો તેમને સોંપીએ.”

ત્યારે બંને ભાઈ બોલ્યા જે, “તમારી નજરમાં આવે તે લ્યો.” પછી નંદરામ, ઠાકોરરામ અને અયોધ્યાપ્રસાદજી એ જે રામપ્રતાપના

ત્રણ પુત્રો તેમાંથી અયોધ્યાપ્રસાદજીને પસંદ કર્યા; અને ગોપાલજી, રઘુવીરજી, વૃંદાવન, સીતારામ અને બદ્રીનાથ એ જે પાંચ ઈચ્છારામજીના પુત્ર તેમાંથી રઘુવીરજીને પસંદ કર્યા.

પછી મહારાજ બોલ્યા જે, "હવે કાંઈ શંકા હોય તો બોલો." ત્યારે મુક્તાનંદસ્વામી આદિ મોટેરા સંત બોલ્યા જે, "મહારાજની ગાદી ઉપર ધર્મવંશી બ્રાહ્મણ હોય તો તે બેશે. કેમ જે સ્ત્રીદ્રવ્યનો યોગ હોય ત્યાં ત્યાગી બેસે તો ત્યાગીનો ધર્મ રહે નહીં. અને ધર્મવંશીમાં સહેજે ધર્મ રહેશે, તે પોતે ધર્મ પાળશે અને બીજાને પળાવશે. વળી જેવું મહારાજનું કુળ મનાય તેવું બીજું કોઈ કુળ ન મનાય. માટે આ મારો તથા સર્વે સંતો ને બ્રહ્મચારી તેમનો તો એ જ અભિપ્રાય છે જે, ધર્મવંશી બ્રાહ્મણ હોય તે ગાદીએ બેસે તો સર્વે સંતહરિજનોને ધર્મમાં રખાવે અને પોતે પણ ધર્મમાં રહે અને મંદિરમાં ઠાકોરજીની સેવા કરે."

પછી મયારામ ભટ્ટ, દાદા ખાચર, સુરા ખાચર, વડોદરાના નારૂપંથ નાના, અમદાવાદના ભાઈચંદ, હરિવલ્લભ અને ગઢડાના લાધો ઠક્કર અને વડતાલના પટેલ રણછોડદાસ એ આદિ હરિજનો હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ! જેમ તમે કહ્યું તેમ જ અમારો પણ એ જ મત છે જે, ધર્મવંશી બ્રાહ્મણ તમારી ગાદી ઉપર શોભે પણ બીજો જોઈએ નહીં. અને તે ધર્મવંશીમાં વિશેષ સનાતન ધર્મ રહેશે અને મંદિરની સેવા કરાવશે અને ત્યાગી ગૃહસ્થ જે બાઈભાઈ તેમને ધર્મમાં રખાવશે અને પોતે ધર્મમાં રહેશે. માટે એ જ ગાદીને લાયક છે."

ત્યારે મહારાજ કહે, "બહુ સારું." એમ કહીને જમવા પધાર્યા અને પોશાગ ઉતાર્યો. પછી સ્નાન કરીને થાળ જમીને જળપાન કરીને મુખવાસ લઈને સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા. તે પામડી(ખેસ)ની પલવટ વાળીને (કમરે બાંધીને) લાડુ પીરસીને બોલ્યા જે, "હવે જમો લાડુ." ત્યારે સંતો જમવા લાગ્યા. તે નાના પ્રકારનાં શાક, રાયતાં, ભજિયાં, વડાં, પાપડ અને અથાણાં તે સંતો પીરસે. અને મહારાજ

પાંચ વાર પંક્તિમાં પીરસીને પછી જળે કરી હાથ ધોઈને ખુરશી ઉપર બિરાજ્યા. પછી રસોઈવાળા ભક્તે મહારાજની પૂજા કરી. તે ફૂલના હાર પહેરાવ્યા અને ભારે રેંટો ઓઢાડીને પગે લાગ્યા. ત્યારે મહારાજે તેમને ફૂલના હાર આપ્યા. પછી ઉતારે પધાર્યા ત્યાં જળપાન કરીને પોઢ્યા. પછી જાગીને જળના કોગળા કરીને જળપાન કર્યું. અને ચાલ્યા તે ગોમતીએ પધાર્યા.

✵ વડતાલમાં આચાર્યપદની સ્થાપના કરી :

પછી દેશ દેશના સંઘ આવવા માંડ્યા. તે મહારાજને પગે લાગે અને પુષ્પના હાર પહેરાવે. અને મહારાજ સર્વેને ખબર પૂછતા જાય. એવી રીતે સૌને દર્શન દઈને પછી મંદિરમાં પધાર્યા. અને ત્યાં પાટ ઉપર બિરાજ્યા અને મસાલો થઈ. પછી આરતી-ધૂન કરીને પછી પગે લાગીને સર્વે સંતહરિજન બેઠા. પછી મહારાજ ઢોલિયે બિરાજ્યા.

પછી ગોપાળાનંદસ્વામીને બોલાવીને કહ્યું જે, “પરમ દહાડે ધર્મકુળના બ્રાહ્મણને દત્તપુત્ર કરીને ગાદીએ બેસાડવા છે. માટે વેદીકા કરાવો ને વેદ ભણેલા બ્રાહ્મણોને વરૂણીમાં વરાવો. અને બે દેશના સત્સંગીને ખબર કરજો.” એમ આજ્ઞા કરી. અને દામોદરને કહ્યું જે, “બાઈઓને બોલાવો.” પછી રાજબાઈ અને ગંગાબા આદિ બાઈઓને બોલાવ્યાં. તે આવીને છેટેથી પગે લાગીને બેઠાં.

ત્યારે મહારાજ કહે, “ધર્મવંશી બ્રાહ્મણ જે રામપ્રતાપ અને ઈચ્છારામ તેમના પુત્રને દત્તપુત્ર કરીને અમારી ગાદી ઉપર બેસાડીએ છીએ. અને ત્યાગી તથા ગૃહસ્થ તે સર્વે તેમની પૂજા કરે. અને સધવા આદિ બાઈઓ તે સર્વે તેમની પત્નીઓની પૂજા કરજો. અને તે તમને પતિના વચને કરીને બાઈઓને મંત્રનો ઉપદેશ કરશે. તે તમે સર્વે બાઈઓને અરસપરસ સંભળાવજો.” ત્યારે તે સાંભળીને બાઈઓ પણ સર્વ રાજી થયાં. પછી મહારાજે કહ્યું જે, “બે દેશના વિભાગના કાગળ

લખ્યા છે, તે તમને સંભળાવશું." એમ કહીને સર્વેને રજા આપી અને મહારાજ પોઢ્યા.

પછી સવારે વહેલા જાગીને બેઠા. પછી રામપ્રતાપભાઈ અને ઈચ્છારામભાઈ તે પોતાના જે આઠ પુત્ર તેમણે સહિત આવીને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજે અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી તેમને બોલાવીને કહ્યું જે, "તમે વતાં કરાવીને ગોપાળાનંદસ્વામી વરૂણીમાં બેઠા છે, ત્યાં જઈને બેસો." એમ આજ્ઞા કરીને ઉતારે પધાર્યા. અને વડોદરા અને અમદાવાદના સત્સંગી જે સોની તેમને બોલાવીને કહ્યું જે, "બંને ભાઈ સારુ સોનાનાં કડાં, વેઢ, વીંટીઓ, પોંચીઓ, ટુંપિયા, ઊતરીઓ અને તોડા એ આદિક ઘરેણાં તમારી પાસે છે તે લાવો."

પછી બાઈઓ જે ગંગામા, જીવુબાઈ અને લાડુબાઈ તે સર્વ છેટે બેઠેલાં. તે સાંભળીને બોલ્યાં જે, "અમારે પણ એમનાં પત્નીઓ તે ગુરુ કહેવાય. માટે અમે પણ પૂજા કરશું અને મંત્ર લેશું. માટે અમે પણ એમના સારુ ઘરેણાં કરાવશું." ત્યારે મહારાજ કહે, "સારું." એમ કહીને પોશાગ ઉતારીને સ્નાન કરીને, થાળ જમીને, ચળુ કરીને, મુખવાસ લઈને સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા. અને પીતાંબરની પલવટ વાળીને લાડુ પીરસતા જાય અને તાણ કરતા જાય. અને મહારાજની કેડે નાના પ્રકારનાં શાક, ભાત તે સંતો પીરસે. એમ મહારાજ પાંચ વાર પંક્તિમાં ફર્યા. પછી જળે કરીને હાથ ધોવરાવ્યા અને ખુરસી ઉપર બિરાજ્યા. અને રસોઈવાળા હરિજનો પૂજા કરવા આવ્યા. તેમણે ભારે ભારે વસ્ત્ર, ઘરેણાં, ચંદન-પુષ્પના હાર પહેરાવ્યાં. તે હરિજનોને પ્રસાદીના હાર આપીને ઉતારે જઈને જળપાન કરીને પોઢ્યા.

પછી જાગીને જળપાન કરીને મોજડી પહેરીને ચાલ્યા તે લક્ષાવધિ હરિજન, સંત અને બ્રહ્મચારી તેમણે સહિત ગોમતીએ પધાર્યા. અને ત્યાંથી પાછા મંદિરમાં પધાર્યા. તે જ્યાં બ્રાહ્મણો હોમ કરતા હતા

ત્યાં આવીને ઊભા રહ્યા. ત્યારે સર્વે બ્રાહ્મણ પણ ઊભા થયા. અને મહારાજે તે સર્વેને ફૂલના હાર આપ્યા અને પાટ ઉપર બિરાજ્યા. પછી મહારાજ બોલ્યા જે, "સવારે ધર્મવંશી બ્રાહ્મણ જે, રામપ્રતાપજી અને ઈચ્છારામજી તેમના પુત્રને એક એક લઈને અમારી ગાદીએ બેસાડવા છે. તે નરનારાયણના દેશના હરિજનો હોય તે અયોધ્યાપ્રસાદજીની પૂજા કરજો અને લક્ષ્મીનારાયણના દેશના જે હોય તે રઘુવીરજીની પૂજા કરજો. અને ત્યાગી સાધુ, બ્રહ્મચારી અને પાળા તે તો જેની જ્યાં ખુશી હોય ત્યાં રહેજો.

અને નિત્યાનંદસ્વામી તો રઘુવીરજીની કોરે રહેશે, અને બ્રહ્માનંદ સ્વામી તે અયોધ્યાપ્રસાદજીની કોરે રહેશે, અને ગોપાળાનંદસ્વામી તે તો મધ્યસ્થ રહે. તે જેની કોરે એમનું કામ પડશે ત્યાં બે માસ રહી કામ કરશે. અને કોઈ વાતનો વાંધો સીમાડાના ગામ વિગેરે હરેક હોય, તેમાં તો ત્યાગીને ભેળવવા નહીં. કેમ કે, વ્યવહારમાં ત્યાગી તો અમાંગલિક છે. માટે ધર્મવાળા જે ગૃહસ્થ હોય તેમને કામમાં ભેળવવા તો કામ સિદ્ધ થાશે. અને મંદિરમાં જેને મોટેરા કરો તે તમારી આજ્ઞાએ કરીને મંદિરનાં કામકાજ કરશે. અને મંદિરની ઊપજ ખપત તે તમારા કોઠારીને મોકલે તે સંભાળી લેવી. એમાં કોઈનો વિશ્વાસ કરવો નહીં." એમ વાત કરીને ઉતારે પધાર્યા અને થાળ જમીને જળપાન કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા.

તે સમે સોની પાસે ઘરેણાં કરાવ્યાં હતાં તે લઈને આવ્યા. તેને જોઈને મહારાજ રાજી થયા અને તેમની પત્ની સારુ જે ઘરેણાં કરાવ્યાં હતાં તે તેમને આપ્યાં. અને એમ બોલ્યા જે, "લક્ષ્મીનારાયણના દેશનાં જે બાઈઓ હરિજનો હોય તે રઘુવીરજીની પત્નીની પૂજા કરશે અને નરનારાયણ દેશનાં જે બાઈઓ હોય તે અયોધ્યાપ્રસાદજીની પત્નીને પૂજશે." એમ કહીને પોઢ્યા અને સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને મોજડી પહેરીને મંદિરને પછવાડે પાટ ઉપર

બિરાજ્યા. અને રામપ્રતાપજી ને ઈચ્છારામજી તેમને ગાદીતકિયા નંખાવીને બેસાડ્યા. અને સંત, બ્રહ્મચારી અને પાળા તે સર્વે મહારાજને પગે લાગીને બેઠા.

પછી મહારાજ બોલ્યા જે, "બીજો પાટ લાવો, તેના ઉપર ગાદીતકિયા નંખાવો અને વાજાં વગડાવો." પછી અગણિત પ્રકારનાં વાજાં વાગવા લાગ્યાં. અને પ્રેમાનંદસ્વામી તે ઝાંઝ મૃદંગ લઈને ઉત્સવ કરવા લાગ્યા. અને બ્રાહ્મણો વેદની ધૂન કરવા લાગ્યા.

પછી મહારાજે અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી તેમને જમણે હાથે ઝાલીને પાટ ઉપર બેસાડ્યા. અને સુવર્ણમય ધોતી, સેલાં ને ડગલીઓ પહેરાવી તથા ભારે રેંટો માથે બંધાવ્યો અને કડાં, વેઢ, વીંટીઓ, ઊતરીઓ, ટુંપીઆ, પોંચી, બાજુબંધ, કુંડળ, મોતીની માળાઓ અને મોતીના તોરાઓ ઈત્યાદિ જે ઘરેણાં તે પહેરાવ્યાં. પછી ચંદનની અર્ચા કરીને કુંકુમના ચાંદલા કર્યા. અને ફૂલના હાર, તોરા ને બાજુબંધ તે પહેરાવ્યાં. પછી આરતી ઉતારી અને હજારો હજાર રૂપિયા મેલ્યા.

પછી મહારાજે સંતોને કહ્યું જે, "તમારે જે જે દેશમાં રહેવાની રુચિ હોય તે તે આચાર્યને પગે લાગો." પછી સંતો, બ્રહ્મચારી અને પાળા તે સર્વેમાંથી કેટલાક રઘુવીરજીને પગે લાગીને તેમની કોર થયા અને કેટલાક અયોધ્યાપ્રસાદજીને પગે લાગીને તેમની કોર થયા. પછી મહારાજે ગૃહસ્થને કહ્યું જે, "નરનારાયણ દેશના જે સત્સંગી હોય તે અયોધ્યાપ્રસાદજીની પૂજા કરો અને લક્ષ્મીનારાયણ દેશના જે હરિજનો હોય તે રઘુવીરજીની પૂજા કરો." પછી જે જેના દેશના હરિજનો હતા તેમણે નાના પ્રકારનાં ઘરેણાં, વસ્ત્ર ને રૂપિયા તેણે કરીને પૂજા કરી.

ત્યારે મહારાજ કહે, "ધીરે ધીરે પૂજા કરો, ઉતાવળ કરશો નહીં." ત્યારે પાળા ભગુજી કહે, "ગામ ગામના હરિજનો ભેળા થઈને આવો." ત્યારે તે ભેળા થઈને આવ્યા. પછી મહારાજે મુકુંદ બ્રહ્મચારીને કહ્યું જે,

"બાઈઓમાં કેમ છે ? ખબર કાઢો." પછી બ્રહ્મચારીએ ખબર કાઢ્યા. ત્યાં તો હજારો બાઈઓ સૌ સૌના દેશના આચાર્યની પત્નીઓની પૂજા કરે છે. પછી મહારાજને સંભળાવ્યું. ત્યારે મહારાજ કહે, "બહુ સારું."

પછી તે સમે અક્ષરધામ, બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ, ગોલોક અને વૈકુંઠ ત્યાંના મુક્તો આવીને ચંદનની વૃષ્ટિ કરવા લાગ્યા અને પુષ્પ વડે કરીને વધાવવા લાગ્યા. તેને યોગસમાધિવાળા દેખતા હતા. અને તે સમે બ્રહ્મા, શિવ, ઈન્દ્ર, વરુણ, કુબેર આદિ તેત્રીસ કરોડ દેવ તે પોતપોતાની પત્નીઓ સહિત વિમાનમાં બેસીને શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવ્યા. અને દર્શન કરીને તથા પૂજા કરીને પછી બે આચાર્યની પૂજા કરી. અને અમૂલ્ય રેશમી વસ્ત્ર તથા નાના પ્રકારનાં આભૂષણ તે પહેરાવ્યાં. અને તે દેવની પત્નીઓ જે સાવિત્રી અને પાર્વતી આદિ તેણે બે આચાર્યની પત્નીઓની પૂજા કરી. અને નાના પ્રકારનાં વસ્ત્ર તથા આભૂષણ તેની ભેટે મેલી. ત્યારપછી આજ્ઞા માગીને સર્વે ગયા.

પછી મહારાજ થાળ જમવા પધાર્યા. તે થાળ જમીને જળપાન કરીને મુખવાસ લઈને સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા. તે પાંબરીની પલવટ વાળીને જલેબી આદિ પકવાન પીરસતા જાય અને તાણ કરતા જાય. અને મહારાજની કેડે નાના પ્રકારનાં શાક, રાયતાં, વડાં તથા ભજિયાં પાપડ તથા અથાણાં તે સંતો પીરસતા જાય. પછી પાંચ વાર પંક્તિમાં ફરીને સંતોને જમાડ્યા. પછી મહારાજને હાથ ધોવરાવ્યા અને ખુરસી ઉપર બિરાજ્યા. તે સમે રસોઈવાળા હરિજનોએ પૂજા કરી. પછી ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા અને જળપાન કરીને પોઢ્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજીને દત્તપુત્ર કરીને વડતાલમાં ગાદિએ બેસાડ્યા' એ નામે બ્યાશીમો અધ્યાય ॥૮૨॥

અધ્યાય - ૮૩

શ્રીહરિએ ધોળકામાં મૂર્તિપ્રતિષ્ઠા કરી

પછી મહારાજ જાગૃત થઈને જળપાન કરીને ઢોલિયે બિરાજ્યા. પછી મહારાજે વાર્તા કરી જે, “અમારે ગઢડે જાવું છે.” તે વખતે ધોળકાથી રેવાશંકર આદિ ભક્તજનોએ મહારાજ પાસે આવીને દંડવત પ્રણામ કર્યા અને હાથ જોડીને મહારાજની પ્રાર્થના કરી જે, “હે મહારાજ ! અમારા પુરમાં મંદિર તૈયાર થયું છે. માટે તમો કૃપા કરીને ત્યાં આવો અને દેવ પધરાવી અમારો મનોરથ પૂર્ણ કરો.” ત્યારે મહારાજ કહે, “મૂર્તિ પધરાવવાનું મુહૂર્ત જોયું છે ?” ત્યારે રેવાશંકર કહે, “હા મહારાજ ! અમોએ ત્યાંના જ્યોતિષ શાસ્ત્રના જાણનાર બ્રાહ્મણોને પૂછીને મુહૂર્ત **સંવત્ ૧૮૮૨ના વૈશાખ વદિ પાંચમ**નું નક્કી કરેલ છે. માટે તમો ત્યાં આવી અમારો મનોરથ પૂર્ણ કરો.”

આવી રીતનાં વચન સાંભળીને ભક્તવત્સલ ભગવાને કહ્યું જે, “બહુ સારું. અમો ત્યાં આવી પ્રતિષ્ઠા-ઉત્સવ કરશું.” એમ કહી તત્કાળ જવાની ઈચ્છા કરી. અને તે સમે તત્કાળ રથ જોડાવીને રથમાં બેઠા. અને સર્વે બ્રહ્મચારી, સંતો, હરિજનો તેમણે સહિત વડતાલથી ચાલ્યા. અને માર્ગમાં આવતાં જે ભક્તજનોનાં ગામો આવે ત્યાંના ભક્તોને દર્શન દઈ તેમણે કરેલી પૂજાને અંગીકાર કરીને સર્વેને આનંદ પમાડ્યા.

આવી રીતે મહારાજ માર્ગમાં ભક્તોને આનંદ આપતા સતા વૈશાખ વદ ત્રીજને દિવસે **ધોળકા** પધાર્યા. ત્યાં રેવાશંકર નામે વિપ્રને ઘેર નિવાસ કર્યો. ત્યારે સર્વે ત્યાંના ભક્તજનોએ સંતમંડળે સહિત મહારાજની પ્રેમપૂર્વક ઘણીક પૂજા કરી. અને મહારાજ પણ ધોળકાના નિવાસી ભક્તજનોએ લાવેલ જે ભારે ભારે પૂજાની સામગ્રીઓ તેણે કરીને પ્રતિષ્ઠા-ઉત્સવ કરવા લાગ્યા. તે કેવી રીતે ? તો **વૈશાખ વદ પાંચમને દિવસે શુભ મુહૂર્ત વર્તતાં મંદિરમાં દેવની સ્થાપના કરી. જેવી**

રીતે વડતાલમાં લક્ષ્મીનારાયણ દેવ પધરાવીને જેવો વિધિ કર્યો હતો તેવો આંહીં પણ વિધિ કરીને મોટો ઉત્સવ કર્યો. તેમાં મધ્યે મોરલીમનોહર દેવનું સ્થાપન કર્યું. જમણી બાજુ પોતાની મૂર્તિ પધરાવી. અને ડાબી બાજુ રાધિકાજીની મૂર્તિ પધરાવી. આવી રીતે મહારાજે ધોળકામાં દેવ પધરાવીને મોટો ઉત્સવ કર્યો. અને બ્રાહ્મણોને બ્રહ્મભોજન કરાવીને દક્ષિણાઓ આપી આનંદ પમાડ્યા. આવી રીતે મોટો ઉત્સવ કર્યો, તે કોઈ ચક્રવર્તી રાજાથી પણ ન થાય તેવો મોટો ઉત્સવ કર્યો. અને સાતમને દિવસે સંપ્રદાય અનુસારે પૂજાની સર્વે વ્યવસ્થા કરી.

❋ ધોલેરા મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી

પછી સર્વે પુરના હરિજનોને આનંદ પમાડી આજ્ઞા લઈને સર્વે સાધુ-બ્રહ્મચારી સહિત ત્યાંથી મહારાજ ગાજતે-વાજતે ચાલ્યા, તે **ગઢપુર** પધાર્યા. પછી ત્યાં ઢોલિયે બિરાજ્યા. અને ત્યારપછી થાળ જમીને રાત્રીએ પોઢી ગયા. પછી સવારે વહેલા ઊઠીને નિત્યવિધિ કરીને તથા થાળ જમીને સભામાં બિરાજમાન થયા. તે સમે ધોલેરાથી પુંજોભાઈ આવ્યા. તેમણે મહારાજને કહ્યું, "હે મહારાજ ! અમારે ત્યાં મંદિર કરવું છે."

ત્યારે મહારાજે નિષ્કુળાનંદસ્વામીને બોલાવીને તેમના મંડળને ધોલેરા મંદિર કરવા મોકલ્યા. અને થોડા દિવસે મંદિર પૂરું થઈ ગયું. તેની ખબર લઈને પુંજોભાઈ મહારાજને બોલાવવા સારુ ગઢડે આવ્યા. અને કહ્યું જે, "હે મહારાજ ! ધોલેરા મંદિરનું સર્વે કામ તૈયાર થઈ ગયું છે. માટે તમો મૂર્તિઓ પધરાવવા પધારો." એવી રીતે આવીને કહ્યું. તે સાંભળીને મહારાજે સર્વે સંત, બ્રહ્મચારી તથા પાર્ષદને કહ્યું જે, "આપણને પુંજાભાઈ ધોલેરાથી મૂર્તિઓ પધરાવવા સારુ બોલાવા આવ્યા છે. તે **સંવત્ ૧૮૮૨ના વૈશાખ સુદ ૧૩ તેરસ**નું મુહૂર્ત છે." એવી રીતે કહ્યું. ત્યારે સર્વે સંતપાર્ષદ તૈયાર થઈને આવ્યા.

પછી મહારાજ સર્વેને સંગાથે લઈને ગાજતેવાજતે ચાલ્યા, તે રસ્તામાં જે જે ગામ આવ્યાં તે તે ગામના હરિજનોને દર્શન દઈને સર્વેના મનોરથ પૂર્ણ કરતા થકા **ધોલેરા** પધાર્યા. અને ગામમાંથી સામૈયું આવ્યું તે ગાજતેવાજતે મંદિરમાં પધાર્યા. અને ત્યાં સર્વે હરિજનોએ આવીને મહારાજનાં દર્શન કર્યાં. પછી મહારાજ મદનમોહનજીની મૂર્તિ જોઈને તેમના ઉપર હાથ ફેરવ્યો. પછી વેદીકા પાસે ઢોલિયે બિરાજ્યા. અને ચાર વેદ બ્રાહ્મણને રૂપે મહારાજ ભેગા આવેલા તે મૂર્તિઓના કામમાં ભળ્યા. અને જ્યારે મૂર્તિની પ્રતિષ્ઠાનો સમય થયો ત્યારે મૂર્તિની સમીપે આવીને ઊભા. **ત્યારે ગોપાળાનંદસ્વામી કહે, "ઉપાડો મૂર્તિ, મંદિરમાં લઈ ચાલો."**

પછી મદનમોહનની મૂર્તિ તથા રાધિકાજીની મૂર્તિ તથા હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ મંદિરમાં લાવીને સ્થાપન કરી. પછી વસ્ત્રઘરેણાં અને ફૂલના હાર પહેરાવીને આરતી ઉતારી અને ભેટ મેલવા માંડી. પછી શ્રીજીમહારાજ તથા રઘુવીરજી મહારાજ શેલાં ને પાઘડીઓ લાવ્યા અને જે બ્રાહ્મણ વરૂણીમાં વર્યા હતા તેમને અપાવ્યાં. અને ખોબા ભરીને રૂપિયા આપ્યા. અને બીજા બ્રાહ્મણોને બે બે રૂપિયા અપાવ્યા. પછી મહારાજ થાળ જમવા પધાર્યા અને જળે કરીને ચરણ ધોયા. પછી જળના કોગળા કરીને નાઈને થાળ જમ્યા અને મુખવાસ લઈને સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા. અને તે સર્વેને પીરસીને જળે કરીને હાથ ધોયા.

❋ જૂનાગઢ મંદિરમાં મૂર્તિ-પ્રતિષ્ઠા :

પછી સાબદા થઈને જળપાન કરીને સંત, બ્રહ્મચારી, પાર્ષદને લઈને ચાલી નીસર્યા. અને ગામને સીમાડેથી વળાવવા આવેલ હરિજનોને પાછા વાળ્યા. અને ત્યાંથી **કારિયાણી** આવ્યા. અને ત્યાંથી **ગઢડે** પધાર્યા. ત્યાં સભા કરીને બિરાજ્યા. તે સમે જૂનાગઢથી ઝીણાભાઈ આવ્યા. તેમણે આવીને અરજી કરી જે, "હે મહારાજ ! જૂનાગઢ મંદિરની

જગ્યા લીધેલી તૈયાર છે.” તે સાંભળીને મહારાજે બ્રહ્માનંદસ્વામીને બોલાવીને કહ્યું જે, “તમે તમારું મંડળ લઈને સવારમાં જૂનાગઢ મંદિર કરવા જાઓ.” તે વાત સાંભળીને સ્વામી સવારમાં નાહીધોઈ પૂજાપાઠ કરીને તથા જમીને મહારાજ પાસે આવીને દંડવત કર્યા. ત્યારે મહારાજ સર્વે સંતમંડળને મળ્યા અને પુષ્પના હાર પહેરાવ્યા.

પછી સ્વામી પોતાના મંડળને લઈને ચાલ્યા તે જૂનાગઢ ગયા. અને થોડા દિવસમાં જ મંદિરનું સર્વે કામ પૂરું કરી લીધું. તે વાતની ખબર લઈને ઝીણાભાઈ મહારાજને તેડવા ગઢડે આવ્યા. આવીને મહારાજને દંડવત કર્યા અને હાથ જોડીને વિનંતિપૂર્વક કહેવા લાગ્યા જે, “હે મહારાજ! મૂર્તિઓ પધરાવવા જૂનાગઢ પધારો !”

તે સાંભળીને મહારાજ સર્વે સંત, પાર્ષદ તથા કાઠીઓ આદિ હરિજનોને કહ્યું જે, “આપણે જૂનાગઢ મૂર્તિ પધરાવવા જાવું છે. માટે સવારમાં સૌ વહેલા સાબદા થાજો.” ત્યારે સવારમાં નાહીધોઈ જમીને સૌ સંત, પાર્ષદ, હરિજનો તૈયાર થઈ અને મહારાજ પાસે આવ્યા. અને મહારાજ પણ નિત્યવિધિ કરીને થાળ જમીને તૈયાર થયા. પછી ત્યાંથી ગાજતેવાજતે ચાલ્યા તે ગામોગામના હરિજનોને દર્શન દેતા દેતા, તેમના મનોરથ પૂર્ણ કરતા થકા ચાલ્યા તે ગામ **ગાલોલ** આવ્યા.

ત્યાં નદીને સામે કાંઠે આવીને ઘોડીએથી ઊતર્યા અને વડ હેઠે ઢોલિયે બિરાજ્યા. અને તે ગામના પટેલ માવાભક્ત રસોઈનો સામાન લઈને આવ્યા. તેથી સંતો તથા બ્રહ્મચારી રસોઈ કરવા લાગ્યા. અને મહારાજનો થાળ તૈયાર થયો તે જમીને જળપાન કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. તે સમે કાળા મકવાણાને બોલાવીને કહ્યું જે, “તમે જૂનાગઢ જાઓ અને બ્રહ્માનંદસ્વામીને ખબર કરો.” ત્યારપછી તે પગે લાગીને ઘોડીએ સ્વાર થઈને ગયા. અને બ્રહ્માનંદસ્વામીને મહારાજ આવે છે તે ખબર આપી.પછી બ્રહ્માનંદસ્વામીએ તેને મહારાજની વધામણી કરી તેથી ભારે શેલું બંધાવ્યું.

પછી મહારાજ ગામ ગાલોલથી ચાલ્યા તે ગામ **વડાળ** આવીને ઊતર્યા. અને ત્યાંથી ચાલ્યા તે **લોલ નદી** ઊતરીને **સોનરખ નદી**એ આવ્યા. અને ત્યાં ગગાભાઈ અને બીજા હરિજનો સામા આવ્યા ને દંડવત કર્યા. પછી ગગાભાઈએ મહારાજને ફૂલના હાર પહેરાવ્યા. અને બ્રહ્માનંદસ્વામી પોતાના મંડળે સહિત આવ્યા ને મહારાજને દંડવત કરીને પગે લાગીને મળ્યા. અને મહારાજે સ્વામીને હાર આપ્યો. પછી મહારાજ દીવાનખાના પાસે આવ્યા.

ત્યારે સ્વામીએ કહ્યું જે, "ઘોડીએથી ઊતરો." પછી મહારાજ ઊતર્યા અને મંદિર પાસે આવ્યા. અને ત્રણે મંદિર પાસે ઊભા. અને સંત, પાળા ને બ્રહ્મચારી તેમને મળ્યા. અને રતના કડિયા આદિ મહારાજના ચરણનો સ્પર્શ કરીને પગે લાગ્યા. પછી બ્રહ્માનંદસ્વામીએ મહારાજનો હાથ ઝાલીને ત્રણે મંદિરમાં ફેરવ્યા. પછી મંદિરથી ઉગમણી કોરે ઓટા ઉપર ગાદીતકિયા નંખાવીને બિરાજ્યા. અને સંતહરિજનો ફૂલના હાર લાવીને મહારાજને પહેરાવવા લાગ્યા.

પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "તમારી પાસે જે પૂજા આવે તે અમારા કોઠારીને અપાવો. અને કાળવા નદીના પથ્થર સર્વે સંતહરિજનો પાંચ પાંચ ફેરા લાવે એવી આજ્ઞા કરો." પછી થાળ થયો તે જમવા પધાર્યા. પછી મહારાજે રતના કડિયા આદિને ફૂલના હાર આપ્યા. અને ઉતારે જઈને જળના કોગળા કરીને ઉપરણી ઓઢીને થાળ જમવા બિરાજ્યા. તે જમીને જળપાન કરીને મુખવાસ લઈને સર્વે સંત તથા પાળાની પંક્તિમાં લાડુ પીરસવા લાગ્યા. તે તાણ કરતા જાય ને પીરસતા જાય. એવી રીતે જમાડીને પછી ભંડારીને લાડુ આપીને જળ વડે હાથ ધોયા. ત્યાંથી ઉતારે પધાર્યા અને જળપાન કરી ઢોલિયે બિરાજ્યા.

પછી મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી તેમને તેડાવ્યા. તે આવીને બેઠા ત્યારે મહારાજ બોલ્યા

જે, "મંદિરમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવી છે. તેનો સામાન જોશે, માટે સર્વેને કામમાં પ્રેરો." ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, "અમારા મંડળના જે સાધુ ને પાળા તે એક પણ નવરા નથી. અને તમને રસોઈ કરીને જમાડશું." ત્યારે મહારાજ કહે, "અમારા ભેગા સાધુ-પાળા છે તે તમે જેમ કહેશો તેમ કરશે." ત્યારે ગોપાળાનંદસ્વામી કહે, "મંદિર સન્મુખ પગથિયાં કરવાં પડશે." ત્યારે મહારાજ કહે, "અમે સભા ત્યાં જ કરશું." પછી નિત્યાનંદસ્વામી કહે, "ગામમાંથી ભણેલા બ્રાહ્મણને બોલાવ્યા જોશે." ત્યારે મહારાજ કહે, "મયારામ ભટ્ટને કહેશું, તે તેડી આવશે."

પછી સભાને રજા આપીને મહારાજ પોઢ્યા. અને વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને જ્યાં વેદીકા થવા માંડી ત્યાં આવ્યા. અને ચારેકોરે વાંસડા બંધાવ્યા. અને નિષ્કુળાનંદસ્વામીને કહ્યું જે, "મંદિર સન્મુખ પગથિયાં કરાવો." એમ કહીને ઢોલિયે બિરાજ્યા. અને ગામમાંથી વેદિયા બ્રાહ્મણો જે બોલાવ્યા હતા તે આવ્યા. અને તે સમે ચાર વેદ બ્રાહ્મણનું રૂપ લઈને આવ્યા. **તે મહારાજને પગે લાગીને પછી ગોપાળાનંદસ્વામીને પગે લાગ્યા. ત્યારે સ્વામીએ ઓળખ્યા અને બોલ્યા જે, "આ આવ્યા તે બહુ ભણેલા છે. હવે કોઈનું કામ નહિ પડે."** પછી બ્રાહ્મણ વેદની ધ્વની કરવા લાગ્યા. ને મૂર્તિઓ મંડપમાં લઈને આવ્યા અને મૂર્તિઓ ઊભી કરી. તે સમે કુંડમાં અગ્નિ કાષ્ઠમાંથી ઉત્પન્ન કરીને નાખ્યો અને હોમ થવા લાગ્યો.

પછી મહારાજનો થાળ થયો તે જમવા પધાર્યા. અને વસ્ત્ર ઉતારીને જળપાન કરીને તથા મુખવાસ લઈને સંતની પંક્તિમાં આવીને લાડુ પીરસવા લાગ્યા. તે અતિ હેતે કરીને પંક્તિમાં પાંચ વાર ફર્યા અને ભંડારીને લાડુ આપીને હાથ ધોયા. પછી ઉતારે પધાર્યા ને જળપાન કરીને ઢોલિયે સુખાળા થયા. પછી જાગૃત થઈને જળપાન કરીને મોજડી પહેરીને ચાલ્યા તે જ્યાં હોમ થાય છે, ત્યાં આવીને ઢોલિયે બિરાજ્યા.

અને વાર્તા કરી જે, **"આ અગ્નિ મૂર્તિમાન આહુતિ લેતા હોય ને શું! એમ જણાય છે."** પછી આરતી-ધૂન કરીને બેઠા. ત્યારે સંત-હરિજન પગે લાગીને મહારાજ પાસે બેઠા. પછી તેમને દર્શન દઈને ઉતારે પધાર્યા. ત્યાં બ્રહ્મચારી થાળ લાવ્યા તે જમીને જળપાન કરીને મુખવાસ લઈને થાળ મંદિરમાં રહેનારા સંતને મોકલાવ્યો. પછી મહારાજ પોઢ્યા. અને વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને ચાલ્યા, તે મૂર્તિઓ પાસે આવીને ઊભા રહ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "ધ્વજા ને કળશ કોણ ચડાવશે ?" ત્યારે ભગોભાઈ બોલ્યા જે, "હે મહારાજ ! હું એક હજાર રૂપિયા આપીને કળશ ને ધ્વજા ચડાવીશ."

પછી ગોપાળાનંદસ્વામી કહે, "મૂર્તિઓ મંદિરમાં ઉપાડી લાવો." ત્યારે મૂર્તિઓને ઉપાડીને મંદિરમાં લાવ્યા અને સ્થાપન કરી. તે **સંવત્ ૧૮૮૪ના વૈશાખ વદ ૨ બીજ**ને દિવસ વચલા મંદિરમાં રણછોડજી, ત્રીકમજી અને ઉગમણા મંદિરમાં રાધારમણ ને હરિકૃષ્ણ મહારાજ, અને આથમણા મંદિરમાં સિદ્ધેશ્વર મહાદેવ, પાર્વતી અને ગણપતિ પધરાવ્યાં. પછી વસ્ત્રઘરેણાં અને ફૂલના હાર પહેરાવીને આરતી ઉતારી અને મહારાજ ઊભા રહ્યા. ત્યારે હરિજને સર્વે ભેટ મેલવા માંડી અને રૂપિયા, ઘરેણાં, શેલાં તથા પાઘડીઓ અને પૃથ્વીના લેખ તે દેવની આગળ મેલ્યાં. પછી મહારાજને પગે લાગીને મહારાજને ભારે ભારે પોશાગ પહેરાવ્યો. ત્યારપછી વરૂણીમાં જે બ્રાહ્મણ વર્યા હતા તેમને શેલાં, પાઘડીઓ અને રૂપિયા મહારાજે અપાવ્યાં. અને ચાર વેદ જે બ્રાહ્મણનું રૂપ લઈને આવ્યા હતા તેમને છાતીમાં મહારાજે ચરણ આપ્યા. ત્યારે તે મહારાજની આજ્ઞા માગીને ચાલ્યા. બીજા બ્રાહ્મણોને મહારાજે રૂપિયો દક્ષિણા અપાવી અને શિલ્પીને પહેરામણી કરાવી.

પછી મૂર્તિઓ આગળ બ્રહ્મચારી થાળ લાવ્યા. ત્યારે મહારાજ ઉતારે પધાર્યા અને મૂળજી બ્રહ્મચારી ને મયારામ ભટ્ટ એ બેને કહ્યું જે, "ગામ પરગામના સત્સંગી કોઈ જમ્યા વિના રહે નહીં. અને બ્રાહ્મણ,

અભ્યાગત ને રાંક તે સર્વેને જમાડજો." એમ આજ્ઞા કરીને ઉતારે પધાર્યા ને વસ્ત્ર ઉતારીને જળના કોગળા કરીને થાળ જમવા બિરાજ્યા. પછી જળપાન કરી મુખવાસ લઈને સંતોની પંક્તિમાં લાડુ પીરસવા પધાર્યા. તે પીસરતા જાય અને તાણ કરતા જાય અને પછવાડે હાથમાં રૂમાલ લઈને બ્રહ્માનંદસ્વામી વા નાખતા જાય. એવી રીતે પાંચવાર પંક્તિમાં ફરીને ભંડારીને લાડુ આલીને હાથ ધોયા અને ઉતારે પધાર્યા. ત્યાં જળપાન કરીને પોઢ્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજે ધોળકા તથા ધોલેરા તથા જૂનાગઢ મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી' એ નામે ત્યાશીમો અધ્યાય ॥૮૩॥

અધ્યાય - ૮૪

જૂનાગઢ નવાબે મહારાજની પધરામણી કરાવી

પછી મહારાજ જાગીને જળના કોગળા કરીને સભામાં બેઠા. ત્યારે બ્રહ્માનંદસ્વામી આવીને પગે લાગીને બેઠા. તે સમે નવાબ સાહેબના જાસુસ આવીને સલામ કરીને બોલ્યા જે, "તમારાં દર્શન કરવાની નવાબ સાહેબને ઘણી ઈચ્છા છે. માટે દયા કરીને દર્શન દેવા પધારો." પછી મહારાજ ઘોડીએ સ્વાર થયા અને સર્વે સદ્‌ગુરુ તથા કાઠીના અસ્વાર, પાળા અને સર્વે હરિજનો તેમણે સહિત ચાલ્યા. તે સમે આગળ અગણિત પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. એવી રીતે ગાજતે વાજતે નવાબ સાહેબના મહેલ પાસે આવ્યા. ત્યારે નવાબ ઊઠીને સન્મુખ આવ્યા અને પગે લાગીને મહારાજને ગાદીતકિયે બેસાડ્યા. પછી પોતે બેઠા અને મહારાજને ક્ષેમ-કુશળ પૂછ્યા. ત્યારપછી બોલ્યા જે, **"हे महाराज ! मकान बडा बनाया, ओर हमारा शहेर बी पावन किया ।"** ત્યારે મહારાજ કહે જે, "તમારી મરજી હતી તેથી બનાવ્યું."

✵ નવાબે પુરાણી સાથે ચર્ચા કરાવી :

પછી નવાબ બોલ્યા જે, "હમારા પુરાણી અને નિત્યાનંદસ્વામી ચર્ચા કરો." પછી પુરાણીએ નિત્યાનંદસ્વામીને પૂછ્યું જે, "ભગવાનના ચરણારવિંદને સૌ શું કરવા પગે લાગે છે ? અને હાથે કે મસ્તકે કેમ પગે નથી લાગતા ?" પછી નિત્યાનંદસ્વામીએ "**वंदे महापुरुष ते चरणारविन्दम्**" એ શ્લોક બોલીને બધું સમજાવ્યું જે, "જ્યારે સરકારની ગાદીએ પગે લાગ્યા ત્યારે સર્વે અંગે પગે લાગ્યા કહેવાય." ત્યારે નવાબ કહે, "कया पूछता है ?"

ત્યારે મહારાજે વાત કરી જે, "તમારા પુરાણીનો તો એમ અભિપ્રાય છે કે **खुदा नापाक है, ओर खुदाका कदम पाक है। ओर हमेरा मत तो ऐसा है जो जेसे सकरका नाळियेर, उनमें त्याग-भाग नहीं है, ऐसा खुदाका अंग सब पाक है।** અને તમારા બ્રાહ્મણનો અભિપ્રાય છે જે પરમેશ્વરના ચરણમાં જ માયા નથી ને બીજા અંગમાં માયા છે."

ત્યારે નવાબ બોલ્યા જે, "ब्राह्मण भण्या है तो बी बडा बेवकूफ है, कुछ नहीं समजता है। खुदामें बी माया वळगावता है।" પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા, "જેમ ઘોડું દાંતે ચોકડું લે છે તેમ પુરાણી પણ બોલે છે." પછી તે સાંભળીને કચેરી સર્વે હસી. ત્યારે મહારાજ કહે, "તમે તો એક જ વેણમાં સર્વેને ખુશી કર્યા. પછી નવાબે બ્રાહ્મણ પાસે મહારાજની પૂજા કરાવી અને ભારે ભારે શાલ ઓઢાડી તથા પુષ્પના હાર પહેરાવ્યા. પછી સદ્‌ગુરુને હાર પહેરાવ્યા. પછી મહારાજે તેમને ફૂલનો હાર આપ્યો અને રજા માગીને ઊઠ્યા. અને સર્વે કચેરી ને નવાબ પણ ઊભા થયા. ત્યાંથી મહારાજ ઘોડીએ સ્વાર થઈને ગાજતેવાજતે મંદિરમાં પધાર્યા. ત્યાં ઘોડીએથી ઊતરી વસ્ત્ર ઉતારીને જળપાન કરીને ઢોલિયે પોઢ્યા. અને વહેલા જાગીને નિત્યવિધિ કરીને બાજોઠ ઉપર બિરાજ્યા.

✵ જૂનાગઢ રહેનારાને મહારાજ ભેટ્યા :

પછી બોલ્યા જે, "બ્રહ્માનંદસ્વામી ! તમારે જે સાધુ-પાળા કામમાં રાખવા હોય તેમને આવો મળીએ." પછી સર્વે મંદિરમાં રહેનાર હતા તેમને મળ્યા. અને પોતાને માથે બાંધવાનો શ્વેત ફેંટો હતો તે સાધુને આપ્યો. અને કહ્યું જે, "સર્વે વહેંચી લેજો." પછી કહ્યું જે, "હવે મળ્યા વિના કોઈ રહ્યું છે ?" ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "જેને મળવું છે તે તો હજી મળ્યા નથી." ત્યારે મહારાજ કહે, "કોણ નથી મળ્યું ?" ત્યારે નિત્યાનંદસ્વામી કહે જે, "બ્રહ્માનંદસ્વામી નથી મળ્યા." ત્યારે મહારાજે હાથ ઝાલીને ઊભા કર્યા ને મળ્યા, અને હાથે કરીને વાંસો થાબડ્યો.

ત્યારે સ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! તમે મને કીર્તન કરવાની આજ્ઞા કરી છે." ત્યારે મહારાજ કહે જે, "ચાર મહિના કેડે કામ બંધ કરીને મંદિર ગુણાતીતાનંદ સ્વામીને સોંપીને અમારી પાસે આવજો." એમ કહીને નહાયા. નાહીને વસ્ત્ર પહેરીને ઉપરણી ઓઢીને જમવા બિરાજ્યા. તે જમીને ચળુ કરીને મુખવાસ લઈને થાળ બ્રહ્માનંદસ્વામીને આપ્યો. અને પોતે સંતોની પંક્તિમાં લાડુ પીરસવા પધાર્યા. તે અતિ હેતે કરીને લાડુ પીરસ્યા. પછી હાથ ધોયા અને ઉતારે પધાર્યા અને જળપાન કરીને પોઢ્યા.

પછી જાગીને જળના કોગળા કર્યા અને જળપાન કરીને ઠાકોરજીનાં દર્શન કર્યાં. પછી મંદિર પાસે સભા કરીને બિરાજ્યા. ત્યાંથી ઊઠીને મંદિરમાં દેવનાં દર્શન કરીને આરતીધૂન કરીને ચાલ્યા તે ઉતારે પધાર્યા. ત્યાં જઈને જમ્યા અને પછી જળપાન કરીને મુખવાસ લઈને ઢોલિયે પોઢ્યા. સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને સંત-પાર્ષદ-બ્રહ્મચારી અને હજારો હરિજનો સહિત ચાલ્યા. તે ગાતેવાતે ઊભી બજારે થઈને ચાલ્યા તે શહેરના મનુષ્ય સર્વે પુષ્પે કરીને વધાવે અને પગે લાગે. એવી રીતે શહેર બહાર આવીને સર્વે હરિજનો તથા સંતોને પાછા વળાવ્યા.

✵ અગત્રાઈ પધારી પર્વતભાઈને રાજી કર્યા :

અને મહારાજ ગાજતેવાજતે સર્વે હરિજનોને દર્શન દેતા થકા ગામ **પંચાળા** પધાર્યા. ત્યાંથી ગામ **અગત્રાઈ** આવ્યા અને તે ગામના હરિજનોએ સામૈયું કર્યું. ને ગાજતેવાજતે પર્વતભાઈને ઘેર આવીને ઘોડીએથી ઊતરીને ઢોલિયે બિરાજ્યા. અને હરિજનો ભેટ મેલીને ચરણ સ્પર્શ કરીને બેઠા. અને તે સર્વે શેલડી ને ગોળ લાવ્યા હતા તે સુધારીને મહારાજને શેલડી જમાડી તથા ગોળ જમાડ્યો. બાકીની પ્રસાદી સર્વે હરિજનોને વહેંચી આપી. પછી પર્વતભાઈને ઘેર જમવા પધાર્યા. તે જમતા જાય ને પર્વતભાઈના ઘરનાં મનુષ્ય સાથે વાતું કરતા જાય. પછી જળપાન કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા.

અને જીવણભાઈ ગોર અને પર્વતભાઈ તે બે જણ મહારાજના ચરણ ખોળામાં લઈને દાબતા જાય અને મહારાજ સંગાથે વાતું કરતા જાય. પછી મહારાજ પોઢ્યા. વહેલા જાગીને નદીએ નાવા પધાર્યા. નાહીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને ઘોડીએ સ્વાર થયા. અને ગાજતેવાજતે ગામમાં પધાર્યા અને ઘોડીએથી ઊતર્યા અને જળથી પર્વતભાઈએ હાથપગ ધોવરાવ્યા અને જમવા બિરાજ્યા. તે જમતા જાય અને પર્વતભાઈના ઘરનાં મનુષ્ય સંગાથે વાત કરતા જાય. અને પર્વતભાઈ જમાડતા જાય. એવી રીતે દૂધ, સાકર ને ભાત જમીને જળપાન કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા અને વાતું કરીને પોઢ્યા.

✵ શ્રીહરિ પર્વતભાઈના વાઢે શેરડી ને ગોળ જમ્યા :

પછી જાગીને જળના કોગળા કરીને સાબદા થાવા માંડ્યા. ત્યારે પર્વતભાઈ આદિ હરિજનો તાણ કરવા લાગ્યા. ત્યારે મહારાજ કહે, "નહિ રહીએ." ત્યારે તે સર્વે હરિજને મહારાજનો પોશાગ અને ઘોડીનો સામાન જે હતો તે સર્વે સંતાડ્યો. અને પર્વતભાઈનો દીકરો મૂળજી તે ગાડીના બળદ હાંકીને શેલડીના વાઢે લઈ ગયો. ત્યારે મહારાજ

પાળાને કહે જે, "વસ્ત્ર લાવો ને ઘોડીએ પલાણ માંડો અને ગાડી જોડો." પછી પાળાએ સામાન જોયો ત્યાં સામાન નહીં. તે મહારાજને સંભળાવ્યું. ત્યારે મહારાજ કહે જે, "ગામના સત્સંગીનું આ કામ છે." ત્યારે પર્વતભાઈ કહે જે, "હે મહારાજ ! શેલડીનો વાઢ ફરે છે તે પાવન કરવા પધારો."

પછી મોજડી પહેરીને ચાલ્યા તે પાર્ષદ તથા ગામના સત્સંગી સહિત વાઢે પધાર્યા અને ત્યાં ઢોલિયે બિરાજ્યા. ત્યારે મહારાજ કહે જે, "જેમ જમાય તેમ સૌ લઈને જમો." અને બાઈઓ છેટે બેઠેલાં તેમને મહારાજે પોતાને હાથે શેલડીના સાંઠા લઈને મોકલ્યા. પછી હરિજન ગોળ લાવ્યા તે મહારાજ જમ્યા અને સર્વેને જમાડ્યો. પછી ગામમાંથી ગાડી લાવ્યા. તે સમે મહારાજે હાથ ધોયા. પછી જળના કોગળા કરીને ગાડીમાં બિરાજ્યા. અને હરિજનોએ ગોળના ચાર ભીલાં લાવીને ગાડીમાં મેલ્યા. ત્યારે મહારાજ કહે જે, "નહિ જોઈએ."

ત્યારે પર્વતભાઈ કહે, "હે મહારાજ ! ગામ સુધી રહેવા દ્યો." પછી શેલડીના ભારા સત્સંગીએ લીધા અને પછી ગામમાં પધાર્યા. મહારાજ ગાડીમાંથી ઊતરીને ઢોલિયે બિરાજ્યા. ત્યારે સત્સંગીએ ગાડામાં જે ગોળ હતો તે પાળાને આપ્યો અને કહે જે, "મહારાજને જમાડજો." પછી હરિજનો પગે લાગીને બેઠા. પછી મહારાજ થાળ જમીને જળપાન કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. સર્વે જમી રહ્યા ત્યારે મહારાજે નેત્રની સાન કરી. ત્યારે સર્વે પાળા સાબદા થઈને ઘોડીએ સ્વાર થયા.

❋ શ્રીહરિએ પંચાળા પધારી ઝીણાભાઈને રાજી કર્યા :

અને મહારાજ પણ ઘોડીએ સ્વાર થઈને ચાલ્યા તે ગામને સીમાડેથી સર્વેને પાછા વાળ્યા. અને પર્વતભાઈ ભેળા ચાલ્યા તે **પંચાળે** આવ્યા. પછી ગામમાંથી સામૈયું આવ્યું તે ગાજતેવાજતે દરબારમાં પધાર્યા. ત્યાં

ઘોડીએથી ઊતરીને ઢોલિયે બિરાજ્યા. પછી અદિબાએ થાળ કરાવ્યો અને ઝીણાભાઈએ ચરણ ધોયા. પછી વસ્ત્ર ઉતારીને જળના કોગળા કરીને જમવા બિરાજ્યા. તે જમતા જાય ને ઝીણાભાઈ સાથે વાત કરતા જાય. પછી જળપાન કરીને મુખવાસ લઈને ઓસરીમાં ઢોલિયે બિરાજ્યા. અને ગામોગામના સત્સંગી જેમ જેમ ખબર થાય તેમ તેમ આવવા માંડ્યા. પછી મહારાજ કહે, “ચાલો નદીએ નાવા.” ત્યારે ગામથી ઉગમણી કોરે નદીમાં વસ્ત્ર ઉતારી સ્નાન કર્યું. પછી વસ્ત્ર પહેરીને ત્યાંથી ચાલ્યા તે ઉગમણે ઝાંપે થઈને દરબારમાં પધાર્યા અને ઢોલિયે બિરાજ્યા.

એક દિવસ થાળ દાદાભાઈની બહેન જે અદિબા તે કરાવે અને પછી ગામથી દક્ષિણાદી કોરે તલાવડી છે ત્યાં સભા કરે અથવા આથમણી કોરે જ્યાં હમણાં બેઠક ને હોજ છે તે ઠેકાણે સભા કરે. એવી રીતે ઘણીક લીલા કરીને ગામમાં પધાર્યા અને નિત્ય નદીએ નાવા પધારે. એમ ને એમ લીલા કરતા થકા ત્યાં માસ બે રહ્યા. પછી સાબદા થયા ને ઝીણાભાઈ અને તેમનાં ઘરનાં મનુષ્ય તે સર્વે ઉદાસ થઈને બોલ્યાં જે, “હે મહારાજ ! આવું હેત દેખાડીને હવે તરછોડીને ત્યાગ શું કરશો ? જેમ શ્રીકૃષ્ણે વાંસળી વજાડીને ગોપીઓને દર્શન દઈને અંતર્ધાન થઈ ગયા, તેમ તમો કરશો શું ?” ત્યારે મહારાજ કહે, “અમો પાછા આવશું અને સમૈયા પણ કરશું.”

❋ કરિયાણે મીણબાઈનો થાળ જમ્યા :

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **પીપલાણે** આવ્યા અને ત્યાંથી ગામ **જમનાવડ** પધાર્યા. ત્યાં દાદાભાઈના ફળિયામાં ઘોડીએથી ઊતરીને ઢોલિયે બિરાજ્યા. અને મોટીબાએ થાળ કરાવ્યો તે મહારાજ જમ્યા અને સર્વે પાર્ષદોને જમાડ્યા. ત્યાંથી ભગુજી આદિ પાર્ષદને લઈને ચાલ્યા તે ગામ **કરિયાણે** પધાર્યા. ત્યાં કાળા મકવાણાના ફળિયામાં ઊતર્યા. અને

ગઢડેથી ગાડી લઈને કરીમ ભક્ત આવ્યા. તે મહારાજને પગે લાગીને બેઠા. પછી થાળ થયો ને ભગુજીએ ચરણારવિંદ ધોયાં. પછી જળના કોગળા કરીને મહારાજ થાળ જમીને મુખવાસ લઈને ઢોલિયે પોઢ્યા. પછી જાગીને જળના કોગળા કરીને જળપાન કરીને ઢોલિયે બિરાજ્યા. અને નાના પ્રકારની જ્ઞાન, વૈરાગ્ય અને ધર્મભક્તિ તેમનું બળ વધે અને સમાધિઓ થાય એવી રીતે વાર્તાઓ કરી. પછી આરતી-ધૂન કરીને મહારાજ ઢોલિયે બિરાજ્યા. ત્યારે સર્વે સંત, પાર્ષદ પગે લાગીને બેઠા. પછી થાળ જમવા પધાર્યા. તે થાળ જમીને પોઢ્યા.

પછી વહેલા જાગીને કાળુભા નદીએ નાવા પધાર્યા. તે નાહીને ગાતા ગાતા ગામમાં પધાર્યા અને મીણબાઈએ થાળ કરાવ્યો. તે થાળ તૈયાર થયો ત્યારે મહારાજ જમવા બિરાજ્યા. તે રસોઈમાં જેટલાં ભોજન કરાવ્યાં હોય તેટલાં ભોજન મહારાજ જમે તો બહુ રાજી રહે અને ન જમે તો રાજી ન થાય. અને મહારાજને કહે જે, “હે મહારાજ! કૃષ્ણાવતારમાં સોળ હજાર એકસો ને આઠ રાણીઓનો થાળ જુદે જુદે સ્વરૂપે કરીને જમતા ને આજ કેમ જમતા નથી ?” ત્યારે મહારાજ જરા મરકીને જમ્યા. પછી જળપાન કરીને મુખવાસ લીધો.

❋ ગઢડે થઈને જેતલપુર પ્રતિષ્ઠા કરવા નીકળ્યા :

પછી ત્યાંથી ચાલ્યા તે ગામોગામ હરિજનોને દર્શન દેતા દેતા ગઢડે પધાર્યા. ત્યાં જીવુબા આદિ હરિજન બાઈએ થાળ કરાવ્યો. તે થાળ જમીને જળપાન કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. તે સમે જેતલપુરથી આસજીભાઈએ તથા ગંગામાએ સમાચાર મોકલ્યા જે, “પ્રથમ તમોએ અમને મંદિર કરવાની આજ્ઞા આપી હતી. તે મંદિર તૈયાર થયું છે. હવે મૂર્તિઓ પધરાવવા પધારો.” તે સાંભળીને મહારાજે સંત, પાર્ષદ, હરિજન સર્વેને સંભળાવ્યું જે, “આપણે જેતલપુરથી આસજીભાઈ તથા ગંગામાના સમાચાર આવ્યા છે જે, ‘મૂર્તિઓ પધરાવવા આવજો.’

માટે સૌ તૈયાર થજો. પરમ દહાડે જાવું છે." એમ કહીને લાડુબાઈને ત્યાં થાળ કરાવ્યો. તે જમીને મુખવાસ લઈને પોઢ્યા.

પછી ત્રીજે દિવસે સૌ જમીને સર્વે સંત, બ્રહ્મચારી તથા પાર્ષદ તેમને સાથે લઈને ચાલ્યા. ત્યારે હરિજનો ભેળા વળાવવા આવ્યા હતા તે બોલ્યા જે , "હે મહારાજ ! હવે ક્યારે દર્શન દેશો ?" એમ કહ્યું. ત્યારે મહારાજ કહે જે, "આંઈ તો વખતોવખત આવીએ છીએ." એમ કહીને ત્યાંથી ચાલ્યા તે દેશોદેશના હરિજનોને તથા ગામોગામના હરિજનોને દર્શન દેતા દેતા ગામ **અમદાવાદ** પધાર્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'જૂનાગઢથી અગત્રાઈ પર્વતભાઈના વાઢે ગયા ત્યાંથી કરિયાણે પધાર્યા ત્યાં મીણબાઈએ જમાડ્યા ત્યાંથી ગઢડે થઈને અમદાવાદ પધાર્યા' એ નામે ચોરાસીમો અધ્યાય ॥૮૪॥

અધ્યાય - ૮૫

અમદાવાદથી અસલાલી પધાર્યા

ત્યારપછી શ્રીજીમહારાજ ગાજતેવાજતે સર્વે શહેરના હરિજનોને દર્શન દેતા દેતા મંદિરમાં પધાર્યા. તે સમે શહેરના હરિજનો મહારાજની આગળ ભેટ મેલીને પગે લાગીને બેઠા અને સંતહરિજનો પણ પગે લાગીને બેઠા. પછી આરતી-ધૂન થઈ તે કરી મહારાજ ઢોલિયે બિરાજ્યા અને સૌ સભા પગે લાગીને બેઠી. ત્યારે મહારાજ કહે જે, "બોલો અષ્ટક." પછી સંત ને બ્રહ્મચારી તે સામસામા અષ્ટક બોલવા મંડ્યા." પછી તે બેને ફૂલના હાર આપ્યા. પછી નરનારાયણ દેવનાં દર્શન કરીને ઉતારે પધાર્યા અને પેશાબ કરીને હાથ ધોયા. તે સમે ઘેલા કોઠારીએ નવરાવ્યા. પછી થાળ જમીને જળપાન કરીને મુખવાસ લઈને ઢોલિયે આવીને બિરાજ્યા. પછી ત્યાંથી ગાજતેવાજતે ચાલ્યા તે **ચંડોળા તલાવ**થી

હરિજનોને પાછા વાળ્યા અને ગામ **અસલાલી** આવ્યા. ત્યાં સામૈયું કર્યું તે ગાજતેવાજતે વેણીભાઈના ફળિયામાં ઘોડીએથી ઊતરીને ચાલ્યા તે ગામ બહાર તળાવથી આથમણી કોરે પીપળના વૃક્ષ હેઠે ઢોલિયે બિરાજ્યા. અને સંત ને હરિજનો પગે લાગીને બેઠા.

❋ શ્રીહરિએ સંતો-પાર્ષદોનો વિભાગ કરાવ્યો :

પછી મહારાજ બોલ્યા જે, "સાધુ, પાળા, બ્રહ્મચારી અને ત્યાગી તેમને અમે વહેંચ્યા નથી, તે જેની જેમ મરજી હોય તેમની કોરે રહો." પછી પ્રથમ વડતાલમાં બે ભાગ કર્યા હતા તેમાંથી કેટલાક ઊઠીને અયોધ્યાપ્રસાદજીની કોરે ગયા ને કેટલાક ઊઠીને રઘુવીરજીની કોરે ગયા. પછી મહારાજ કહે જે, "એમ વારે ઘડીએ ફરવું નહીં. જેની કોરે ગયા ત્યાં જ રહો." પછી પ્રસાદાનંદસ્વામી અને જ્ઞાનાનંદસ્વામીને બોલાવીને કહ્યું જે, "ગામ આમોદમાં દીનાનાથ ભટ્ટ પાસે પુસ્તક છે, તે તમે લઈને ગામ ગઢડે આવજો." એમ કહીને ઢોલિયે પોઢ્યા.

તે સમે શહેર અમદાવાદથી વર્ણશંકર સંન્યાસી તેમને અસુરાંશે મળીને કહ્યું જે, "સ્વામિનારાયણ તો દિગ્વિજય કરીને ગયા, તે તમે એમને તેડવા મોકલો. અને તે જો પાછા નહિ આવે ત્યારે તમારો જય થાશે. કારણ કે તેડવા આવ્યા હતા તોય ન આવ્યા." પછી ગામ અસલાલીએ તેડવા મોકલ્યા અને કહે જે, "સંન્યાસીને કાંઈક પૂછવું છે, તે બોલાવ્યા છે." ત્યારે નિત્યાનંદસ્વામી આદિક સંત બોલ્યા જે, "દિવસ છ લગી તે શહેરમાં રહ્યા તોપણ પૂછવાનું ન થયું ?" ત્યારે મહારાજ કહે, "ચાલો."

❋ શ્રીહરિએ અમદાવાદમાં સંન્યાસીનો પરાજય કર્યો :

પછી મશાલો થઈ ને આરતી-ધૂન બોલીને સૌ પગે લાગીને બેઠા અને મહારાજ ગામમાં થાળ જમવા પધાર્યા. ત્યાં કશી(કાશી)ભાઈએ નવરાવ્યા અને ગંગામા થાળ કરાવીને લાવ્યાં તે જમવા બિરાજ્યા.

તે જમીને જળપાન કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. ત્યારે મહારાજ કહે જે, "ગંગામા ! આપણે તો સવારે પાછું અમદાવાદ જાવું છે. ત્યાં થઈને પછી જેતલપુર આવશું." ત્યારે ગંગામા કહે જે, "કોઈક વર્ણશંકર હશે તેમણે તેડાવ્યા હશે." પછી પોઢ્યા અને વહેલા જાગીને સાબદા થઈને ઘોડીએ સ્વાર થઈને ચાલ્યા. તે પાંચ હજાર મનુષ્ય ભેગા લઈને **અમદાવાદ** આવ્યા. તે સંન્યાસીને કહેવડાવ્યું જે, "તમે અમને અમદાવાદ તેડાવ્યા છે, તે ઉતારા આપો. ક્યાં ઊતરીએ ? અને પાંચ હજાર મનુષ્યનું સીધું લાવો." એમ દામોદર આદિ હરિજનો સાથે કહેવડાવ્યું. ત્યારે તે હરિજનોએ સંન્યાસીને કહ્યું.

તે સાંભળીને સંન્યાસીનું મોઢું શામળું થઈ ગયું અને મુઝાવા મંડ્યો અને કહ્યું જે, "તમારા મંદિરમાં ઊતરો." પછી શ્રીજીમહારાજ મંદિરમાં ઊતર્યા અને નરનારાયણ દેવનાં દર્શન કરીને પાટ ઉપર બિરાજ્યા અને હરિજનો સાથે કહેવડાવ્યું. ત્યારે તે હરિજનો પુષ્પના હાર લાવી લાવીને પહેરાવવા મંડ્યા. પછી સંન્યાસીને કહી મોકલ્યું જે, "તારે જે પૂછવું હોય તે પૂછ." ત્યારે તે કહે જે, "મારે તો કાંઈ પૂછવું નથી. અને તમે પાંચ હજાર મનુષ્યને જમવાનું સીધું તૈયાર કરીને મોકલવાનું કહેવડાવ્યું પણ મને જ ખાવા મળતું નથી તો તમને ક્યાંથી આપું ?"

પછી મહારાજને તે હરિજને સંભળાવ્યું. પછી મહારાજ કહે જે, "અમે પણ જાણતા હતા જે, એમને કોઈક ખાવા આપતા હશે તો આપણને ક્યાંથી આલે ?" પછી ગંગામાએ થાળ કરાવ્યો તે જમવા પધાર્યા અને વસ્ત્ર ઉતારીને સ્નાન કર્યું. પછી થાળ જમીને જળપાન કરીને મુખવાસ લીધો અને સાબદા થઈને ઘોડીએ સ્વાર થઈને ગાજતે વાજતે સોંસરા શહેર બહારા નીસર્યા. ત્યારપછી શહેરમાં વાણી થઈ જે, 'સ્વામિનારાયણ તો જીતના ડંકા દઈને ચાલ્યા ગયા અને તે સંન્યાસી વર્ણશંકર તો હાર્યો.' પછી મહારાજે સર્વેને પાછા વાળ્યા અને ત્યાંથી ચાલ્યા તે ગામ **અસલાલી** થઈને ગામ **જેતલપુર** પધાર્યા.

✹ જેતલપુરમાં મૂર્તિપ્રતિષ્ઠા :

ત્યાં તે ગામમાંથી સામૈયું આવ્યું તે ગાજતે વાજતે મંદિરમાં પધાર્યા અને ઘોડીએથી ઊતરીને ઢોલિયે બિરાજ્યા. પછી મંદિર જોઈને રાજી થયા અને કોળીમાં આવીને બિરાજ્યા. પછી ગંગામા અને ગામના સર્વે સત્સંગી કહે જે, "હે મહારાજ ! સામાન જે જોઈએ તે સર્વે તૈયાર છે, મૂર્તિઓ પધરાવો."

ત્યારે મહારાજ કહે જે, "વેદીયા બ્રાહ્મણ જોઈએ તે પણ અમે કહેતા આવ્યા છીએ, તે આવશે. **ગોપાળાનંદસ્વામી અને આનંદાનંદસ્વામીને બોલાવો. પછી તે બે જણને બોલાવ્યા. તે આવીને પગે લાગીને ઊભા. ત્યારે મહારાજ કહે જે, "મંદિરનું કામ સર્વે ધીરે ધીરે થાશે અને મૂર્તિઓ તો પધરાવીએ."** પછી વેદીકા કરાવીને આડા વાંસ બંધાવ્યા અને મૂર્તિઓ લાવ્યા. અને ચાર વેદ બ્રાહ્મણનું રૂપ લઈને મહારાજને પગે લાગ્યા. પછી ગોપાળાનંદસ્વામીને પગે લાગીને મૂર્તિઓની પ્રતિષ્ઠાના કામમાં મંડ્યા.

ત્યારે મહારાજે આશારામને અને મૂળજી બ્રહ્મચારીને બોલાવીને કહ્યું જે, "બ્રાહ્મણની ચોરાસી કરવી છે અને ગામ પરગામના સત્સંગી તથા બીજા પણ અનાર્થી કોઈ જમ્યા વિના રહે નહીં." ત્યારે બ્રહ્મચારી કહે જે, "ચોકા કરીએ, તે એક સાધુનો ને એક બ્રહ્મચારીનો." ત્યારે મહારાજ કહે, "બહુ સારું." પછી અયોધ્યાપ્રસાદજીને પૂછ્યું જે, "સેલાં ને પાઘડીઓ છે ?" ત્યારે તેમણે કહ્યું જે, "મહારાજ ! ઘણી છે." પછી મહારાજ ઉતારે પધાર્યા. તે સમે જોઈતારામ નાહ્યા અને તેના પાસે ગંગામા થાળ લેવડાવીને લાવ્યા. તે મહારાજ જમ્યા અને જળપાન કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા.

તે સમે ગામડીના સત્સંગી મહારાજને પગે લાગ્યા અને ભેટ મેલીને બોલ્યા જે, "હે મહારાજ ! અમારે ગામ સંતમંડળે સહિત પધારો."

ત્યારે મહારાજ કહે, "કાલ તો નહિ અવાય, કાર્તિક માસની બીજ છે અને મૂર્તિઓ પધરાવવી છે, તે તમે સર્વે જમીને જાજો." એમ આજ્ઞા કરીને પોઢ્યા અને વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને મૂર્તિઓ પાસે આવ્યા અને ખુરશી ઉપર બિરાજ્યા. તે સમે અગણિત વાજિંત્રો વાજી રહ્યાં હતાં અને મૂર્તિઓ મંદિરમાં લાવ્યા અને વેદની ધૂની સર્વત્ર થઈ રહી હતી. અને મહારાજ પણ કોળીમાં આવીને ઊભા અને મૂર્તિઓ મંદિરમાં સ્થાપન કરી. તેનાં નામ જે રેવતી, બળદેવ અને હરિકૃષ્ણમહારાજ તથા રાધાકૃષ્ણ દેવ. પછી વસ્ત્ર, ઘરેણાં અને પુષ્પના હાર પહેરાવીને આરતી ઉતારી.

ત્યારે મહારાજ કહે જે, "કળશ ને ધ્વજા કોણ ચડાવે છે ?" ત્યારે આસજીભાઈ તથા ગંગામા કહે, "અમે ચડાવશું અને રૂપિયા એક હજાર દેશું." પછી ગામના અને પરગામના હરિજનો આવીને ભેટ મેલવા માંડ્યા. પછી જે બ્રાહ્મણ વરૂણીમાં વર્યા હતા તેમને સેલાં, પાઘડીઓ અને ખોબો ભરીને રૂપિયા આપ્યા. અને ચાર વેદ બ્રાહ્મણને રૂપે આવ્યા હતા તેમને મહારાજે છાતીમાં ચરણારવિંદ આપ્યાં. અને તેમના વિદ્યાર્થી જે ગાયત્રીછંદ, ઉપનિષદ આદિ તેમને ચરણનો સ્પર્શ કરાવ્યો. એવી રીતે દક્ષિણા આપી. ત્યારે તે બોલ્યા જે, "હવે અમે ચાલીએ ?"

ત્યારે ગોપાળાનંદસ્વામી કહે જે, "જમીને ચાલજો." ત્યારે તે કહે, "તળાવે નાવા જઈએ છીએ." પછી મહારાજે બીજા બ્રાહ્મણોને બે બે રૂપિયા દક્ષિણા અપાવી ને શિલ્પીને પહેરામણી કરાવી. પછી થાળ જમવા પધાર્યા અને જળના કોગળા કરીને વસ્ત્ર ઉતારી થાળ જમવા બિરાજ્યા. જમીને જળપાન કરીને મુખવાસ લઈને સંતની પંક્તિમાં લાડુ પીરસવા પધાર્યા. તે લાડુ પીરસતા જાય ને તાણ કરતા જાય. અને આનંદસ્વામીને કહ્યું જે, "ગામ તથા પરગામના સત્સંગી કોઈ જમ્યા વિના રહે નહીં." અને નિષ્કુળાનંદસ્વામીને કહ્યું જે, "મંદિરમાં બહુ

ભીડ થાય છે, તે બહાર મંચ નંખાવો." પછી સર્વેને જમાડીને હાથ ધોવરાવ્યા અને મુકુંદ બ્રહ્મચારીને કહ્યું જે, "તમે બાઈઓની ખબર રખાવીને જમાડજો." ત્યારે બ્રહ્મચારી કહે જે, "ગંગામા જમાડે છે."

પછી મહારાજ ઉતારે પધાર્યા અને જળપાન કરીને ઢોલિયે પોઢ્યા. પછી જાગીને જળપાન કરીને ચાલ્યા તે મંચ ઉપર બિરાજ્યા ને વાડીવાળે ફૂલના હારા પહેરાવ્યા. પછી મસાલો થઈ ને આરતી-ધૂન કરીને સૌ સંતહરિજનો-પાર્ષદ પગે લાગીને સભામાં બેઠા. તે સભામાં મહારાજે સર્વેને કહ્યું જે, "સવારે આપણે આંહીંથી જમીને ચાલવું છે." એમ કહીને પોઢ્યા. અને સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને ગંગામાએ થાળ કરીને મોકલાવ્યો. તે જમીને પાર્ષદ તથા સંત સર્વેને કહ્યું જે, "જમીને સાબદા થાઓ." ત્યારે તે સર્વે જમીને સાબદા થઈને આવ્યા અને ત્યાંથી ગાજતે વાજતે સર્વે દેશોદેશ તથા ગામોગામના હરિજનોને દર્શન દેતા દેતા **ગઢપુર** પધાર્યા.

❋ મૂળીમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી :

ત્યાં આરતી વખત થયો ત્યારે સભામાં પધાર્યા અને આરતી-ધૂન કરીને મહારાજ ઉતારે પધાર્યા. ત્યાં જળે કરીને હાથ ધોઈને જળના કોગળા કરીને થાળ જમ્યા. અને જમીને જળપાન કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. તે સમે સંતમંડળ, બ્રહ્મચારી અને હરિજનો તે પગે લાગીને બેઠા. પછી તે સમે ગામ મૂળીથી બ્રહ્માનંદસ્વામી અને દરબાર રામાભાઈનો તથા રઘાભાઈનો કાગળ આવ્યો. તે મહારાજે શુકમુનિ પાસે વંચાવ્યો અને સમાચાર જાણ્યા. તે વસંતપંચમી ઉપર મૂર્તિઓ પધરાવવી છે, તે દેશપરદેશમાં કંકોત્રીઓ લખાવીને મોકલાવજો અને સંતમંડળ તથા બ્રહ્મચારી, પાળા તથા કાઠીના સ્વાર તથા સર્વે હરિજનો તેમણે સહિત પધારજો. અને આંહીં મૂર્તિ પધરાવ્યા જેટલું મંદિરનું કામ થઈ રહ્યું છે.

પછી મસાલો થઈ ને આરતી-ધૂન કરીને પગે લાગીને સર્વે સંતહરિજનો બેઠા. ત્યારે મહારાજ કહે, “આપણે સર્વે કાલે અહીંથી ગામ મૂળી જાવું છે, અને ત્યાં મૂર્તિઓ પધરાવવી છે.” એમ કહીને બીજે દિવસે સર્વેને સાથે લઈને ચાલ્યા તે ગામ **બોટાદ** આવ્યા. તે ગામના હરિજનોને દર્શન દઈને ગામ **સાયલે** આવ્યા અને જ્યાં ઓટો છે ત્યાં ઘડીક ઊભા રહ્યા. તે સમે ગામ મૂળીનું સામૈયું આવ્યું તે ગાજતે વાજતે મંદિરમાં પધાર્યા. ત્યાં ઘોડીએથી ઊતરીને ઢોલિયે બિરાજ્યા. અને ગામ હળવદના શુકલને બોલાવીને વેદીકા કરાવીને મૂર્તિઓ પણ ત્યાં લાવેલા. પછી મહારાજ બ્રહ્માનંદસ્વામીને મળ્યા અને એમ કહ્યું જે, “સુખડી, ચણા, ખીચડી અને ઉપર ઘી એ રસોઈ બ્રાહ્મણને ચોકે અને સાધુને ચોકે પણ તેવી જ રીતે રસોઈ કરો.” ત્યારે સ્વામી કહે જે, “સારું.”

પછી મહારાજ કહે, “અમારા ભેળા વેદીયા બ્રાહ્મણ છે, તેમને વરૂણી વરાવો.” પછી મશાલો થઈ ને આરતી-ધૂન બોલીને હરિજનો સર્વે પગે લાગીને બેઠા. અને મહારાજ ગામના હરિભક્તને ઘેર ઉતારે પધાર્યા. ત્યાં વસ્ત્ર ઉતારીને જળના કોગળા કરીને થાળ જમીને જળપાન કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. અને થાળ બ્રહ્માનંદસ્વામીને આપ્યો અને જળપાન કરીને પોઢ્યા. અને વહેલા જાગીને નિત્યવિધિ કરીને મોજડી પહેરીને ચાલ્યા તે મંદિરમાં આવ્યા. અને મૂર્તિઓ પાસે ઊભા. અને રાધાકૃષ્ણ તથા હરિકૃષ્ણ મહારાજ તથા રણછોડજી તથા ત્રીકમજી આદિ જે મૂર્તિઓ તેને ગોપાળાનંદસ્વામી કહે, “ઉપાડો, પધરાવવાનો સમય થયો છે.” પછી મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી. તે સમે નાના પ્રકારનાં વાજાં વાગવા લાગ્યાં.

પછી ઝાલાવાડના હરિજને એક હજાર રૂપિયા આપીને ધ્વજા અને કળશ ચડાવ્યાં. તે સમે અગણિત પ્રકારનાં વાજાં વાગવા લાગ્યાં. પછી મૂર્તિઓને વસ્ત્ર, ઘરેણાં અને ફૂલના હાર પહેરાવીને આરતી ઉતારી.

તે સમે ચાર વેદ મૂર્તિમાન બ્રાહ્મણને સ્વરૂપે આવીને વેદની સ્તુતિઓ ઉચ્ચારણ કરવા લાગ્યા. અને સર્વે હરિજનો ભેટ મેલવા લાગ્યા અને રૂપિયાના ખોબા ભરી ભરીને મેલે તથા પૃથ્વીના લેખ થાવા મંડ્યા. પછી અયોધ્યાપ્રસાદજી શેલાં અને પાઘડીઓ લાવ્યા. અને વેઢ-વીંટીઓ અને ઊતરીઓ તે જે બ્રાહ્મણ વરૂણીમાં વર્યા હતા તેમને આપ્યાં અને રૂપિયાના ખોબા ભરીને આપ્યા. બીજા બ્રાહ્મણને ચાર ચાર રૂપિયા આપ્યા અને શિલ્પીને પહેરામણી આપી. અને હરિજને મહારાજને ભારે ભારે પોશાગ પહેરાવ્યો અને પગે લાગ્યા.

પછી મહારાજ ઉતારે પધાર્યા અને વસ્ત્ર ઉતારીને થાળ જમીને મુખવાસ લઈને સાબદા થઈને ઘોડીએ સ્વાર થયા અને બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, “તમે અને અયોધ્યાપ્રસાદજી ને સંત-પાળા હમણાં રહેજો. અને બીજું કોઈ કહ્યા વિના રહે નહીં.” એમ કહીને પાળા, સંત અને હરિજનો તેમણે સહિત ગાજતે વાજતે ચાલ્યા તે ગામ **નાગડકે** આવીને રાત રહ્યા. ત્યાંથી જમીને ચાલ્યા તે ગામોગામના હરિજનોને દર્શન દેતા દેતા **ગઢપુર** પધાર્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'જેતલપુરમાં રેવતીબળદેવ પધરાવ્યા તથા મૂળીમાં રાધાકૃષ્ણદેવ પધરાવ્યા ત્યાંથી ગઢડે પધાર્યા' એ નામે પંચ્યાસીમો અધ્યાય ॥૮૫॥

અધ્યાય - ૮૬

ગઢપુરમાં મંદિરનું કામ શરૂ કરાવ્યું

પછી મહારાજ અક્ષરઓરડીએ બિરાજ્યા ને ત્યાં થાળ જમ્યા. પછી કડિયાને તેડાવીને મંદિરનું કારખાનું ચલાવ્યું. પછી સંત ને પાળા તેમને છાતીમાં ચરણારવિંદ આપીને પાણા કાઢવા ખાણે મોકલ્યા અને મહારાજ જળપાન કરીને પોઢ્યા. તે સમે ભણનારા સંત પણ ત્રીજે ચોથે

દિવસે ખાણેથી પથ્થર કાઢીને આવે તેમને મહારાજ હેતે કરીને મળે. પછી મહારાજ જાગીને જળે કરીને મુખારવિંદ ધોઈને જળપાન કરીને મોજડીઓ પહેરીને કડિયા પાસે ખુરસી ઉપર બિરાજ્યા. અને સંત, બ્રહ્મચારી તથા હરિજનો સર્વે પગે લાગીને બેઠા. તેથી સર્વે મંદિરના કામમાં તત્પર થઈને મંડ્યા. એવી રીતે કામ ચલાવ્યું અને તે મંદિરનું કામ થોડા કાળમાં પૂરું થયું. તે સમે મશાલો આવી, ત્યારે આરતી-ધૂન કરીને સંતહરિજનો પગે લાગીને બેઠા. પછી સર્વે મંદિરના કામમાં મંડ્યા. અને રાત ચાર ઘડી ગઈ ત્યારે મહારાજ કહે જે, "હવે કામ રાખો." એમ કહીને ઉતારે પધાર્યા. અને ત્યાં થાળ જમીને જળપાન કરીને મુખવાસ લઈને ઢોલિયે પોઢ્યા. અને વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને ચાલ્યા તે મૂર્તિઓ ઓપાય છે, ત્યાં આવીને ચાકળે બિરાજ્યા.

❋ ગોપીનાથની મૂર્તિ, શિક્ષાપત્રીભાષ્ય, સત્સંગિજીવન :

પછી નારાયણજીએ મહારાજની મૂર્તિ જોઈને ઠાકોરજીની મૂર્તિ કોરી. પછી મહારાજ થાળ જમવા બિરાજ્યા. પછી જળપાન કરીને મુખવાસ લઈને ઢોલિયે સુખાળા થયા. અને શતાનંદમુનિએ **શિક્ષાપત્રીનું ભાષ્ય** કરવા માંડ્યું. ત્યારે ત્યાં જઈને બિરાજ્યા અને તે સાંભળીને બહુ રાજી થયા. પછી **સત્સંગિજીવન** નામે જે ગ્રંથ તેના બે પુસ્તકો લખાવી તથા શોધાવીને લેવડાવ્યા. અને અક્ષરઓરડીની ઓસરીએ ઢોલિયે બિરાજ્યા.

પછી સદ્‌ગુરુને બોલાવ્યા અને પોતાના જે દત્તપુત્ર અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી તેમને બોલાવીને એક એક પુસ્તક આપ્યું અને બીજાં પુસ્તક તથા વસ્ત્ર જે બ્રહ્મચારી પાસે હતાં તે સર્વે બે ભાઈને વહેંચી આપ્યાં. પછી થાળ જમવા બિરાજ્યા, તે જમીને મુખવાસ લઈને ઢોલિયે પોઢ્યા. તે વહેલા જાગીને નિત્યવિધિ કરીને કથા વાંચવા માંડી. તે

સમે જૂનેગઢથી સંતનું મંડળ આવ્યું. તેને મહારાજ ઊભા થઈને મળ્યા. તે સંતે મહારાજને સર્વે હરિજનોના નારાયણ કહ્યા. ત્યારે મહારાજે પૂછ્યું જે, "મંદિરની કોળી કરીને આવ્યા ?" ત્યારે આનંદસ્વામી કહે, "હા મહારાજ !" પછી કથા રખાવીને થાળ જમવા બિરાજ્યા. જમીને મુખવાસ લઈને થાળ આનંદસ્વામીને આપ્યો. અને સંતમંડળ સારુ રસોઈ કરાવીને પંક્તિ કરાવીને ડંકા ભરી ભરીને શીરો પીરસવા માંડ્યો. અને મહારાજની કેડે બ્રહ્મચારી તાણ કરીને પીરસતા જાય.

❋ ગઢપુરમાં પ્રતિષ્ઠાની પૂર્વતૈયારી :

પછી મહારાજ હાથ ધોઈને ઢોલિયે બિરાજ્યા અને સંતહરિજનો પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "પરમ દહાડે મૂર્તિઓ પધરાવવી છે, તે સામાન તૈયાર કરાવો. અને ગોપાળાનંદસ્વામી ! તમે વેદીકા કરાવો અને ભણેલા બ્રાહ્મણોને વરૂણીમાં વરાવો." એમ કહીને ઉતારે પધાર્યા અને બાઈઓએ સીધાનો સામાન કરવા માંડ્યો. પછી મહારાજ થાળ જમવા બિરાજ્યા. તે થાળ જમીને જળપાન કરીને મુખવાસ લઈને ઢોલિયે પોઢ્યા.

પછી સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને ચાલ્યા તે જ્યાં મૂર્તિઓ આગળ હોમ થાય છે, ત્યાં આવીને ખુરસી ઉપર બિરાજ્યા. તે સમે અગણિત પ્રકારનાં વાજાં વાગવા લાગ્યાં. **અને ચાર વેદ બ્રાહ્મણનું રૂપ લઈને આવ્યા અને મહારાજને પગે લાગ્યા અને વરૂણીમાં વર્યા. અને વેદનાં અંગ જે ગાયત્રી આદિ છંદ અને ઉપનિષદ તે જે વિદ્યાર્થી થઈને આવેલા તે મહારાજને પગે લાગીને વેદની સ્તુતિઓ ઉચ્ચારણ કરવા લાગ્યા.** અને સંત, બ્રહ્મચારી અને હરિજનો તે સર્વે પગે લાગીને બેઠા. તે સમે અગ્નિદેવ મૂર્તિમાન આવ્યા અને મહારાજને પગે લાગીને અગ્નિના કુંડમાં પ્રવેશ કર્યો. **અને અક્ષરધામ તથા શ્વેતદ્વીપ તથા બદરિકાશ્રમના મુક્તો તે મહારાજનાં દર્શન કરવા આવ્યા.**

પછી મહારાજ થાળ જમવા પધાર્યા તે થાળ જમીને જળપાન કરીને મુખવાસ લઈને ઢોલિયે પોઢ્યા. પછી જાગીને મુખારવિંદ ધોઈ અને જળપાન કરીને ચાલ્યા તે મૂર્તિ પાસે આવીને ઢોલિયે બિરાજ્યા. ત્યારે સંત, બ્રહ્મચારી અને પાર્ષદ સર્વે પગે લાગીને બેઠા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને તથા સ્તુતિ બોલીને પગે લાગીને બેઠા.

ત્યારે મહારાજ કહે જે, "કાલે મૂર્તિઓ પધરાવવી છે, તે એક બ્રાહ્મણનો ચોકો કરાવો. તેમાં જેને જ્યાં ખપે ત્યાં જમાડજો. અને અન્નનો ભૂખ્યો કોઈ ન જાય." એમ કહીને અક્ષરઓરડીએ પધાર્યા. અને જળના કોગળા કરીને નાહીને થાળ જમીને જળપાન કરીને મુખવાસ લઈને ઢોલિયે પોઢ્યા. અને જાગીને નિત્યવિધિ કરીને પોશાગ પહેરીને મોજડી પહેરીને ચાલ્યા તે મૂર્તિઓ પાસે આવીને ખુરસી ઉપર બિરાજ્યા. અને બોલ્યા જે, "બ્રાહ્મણનો ચોકો વાડીએ કરો અને સાધુનો ચોકો વંડામાં કરો."

✷ ગઢપુરમાં મૂર્તિપ્રતિષ્ઠા :

પછી દાદા ખાચર હાથમાં નાળિયેર લઈને ઊભા અને કુંડમાંથી અગ્નિ બહાર આવીને દાદા ખાચરને ઘેરી લીધા. ત્યારે મહારાજ કહે, "અગ્નિએ હાથ કાઢ્યો તે નાળિયેર નાખો." પછી નાખ્યું ત્યારે જ્વાળા સમી ગઈ ને મૂર્તિઓ મંદિરમાં લાવ્યા. અને દાદા ખાચરે ત્રણ હજાર રૂપિયા આપીને ધ્વજા અને કળશ ચડાવ્યાં. પછી મહારાજ પાસે જઈને ઊભા અને ગોપીનાથ તથા હરિકૃષ્ણ મહારાજ તે વચલા મંદિરમાં પધરાવ્યા. અને ઉગમણા મંદિરમાં કૃષ્ણ, બળદેવ, રેવતીજી અને સૂર્યનારાયણ પધરાવ્યા અને આથમણા મંદિરમાં ધર્મ, ભક્તિ અને વાસુદેવ પધરાવ્યા.

એવી રીતે ત્રણે મંદિરમાં મૂર્તિઓ **સંવત્ ૧૮૮૫ના આસો સુદ બારસ**ને દિવસ સ્થાપન કરી. પછી વસ્ત્ર, ઘરેણાં અને ફૂલના હાર

પહેરાવ્યા અને આરતી ઉતારી. ને બ્રાહ્મણને રૂપે ચાર વેદ આવ્યા હતા તે વેદમંત્ર ભણીને પુષ્પાંજલી આપી. પછી દેશ દેશના જે હરિજનો હતા તેમણે ભેટ મેલવા માંડી. તે ઘરેણાં, રૂપિયા અને પૃથ્વીના લેખ કરવા માંડ્યા. પછી રઘુવીરજી મહારાજ સેલાં ને પાઘડીઓ લાવ્યા. અને જે બ્રાહ્મણ વરૂણીમાં વર્યા હતા તેમને આપ્યું અને પોસ ભરીને રૂપિયા આપ્યા અને બીજા બ્રાહ્મણોને ચાર ચાર રૂપિયા આપ્યા.

તે સમે ગઢડે મહારાજ પાસે કેટલાક ગુજરાતના હરિજનો આવીને પગે લાગીને ભેટ મેલવા લાગ્યા. તે સમે મહારાજ ઉગમણે બહાર ઓસરીએ ઢોલિયા ઉપર બિરાજ્યા ને સર્વે સભા દર્શન કરીને રાજી થઈ. અને સાકર લાવીને મહારાજની પ્રસાદી કરાવીને હરિજનને વહેંચવા માંડી. પછી થાળ થયો તે જમવા પધાર્યા અને જમતા જાય અને ગંગામા સાથે વાતો કરતા જાય. પછી તે થાળ સંતને મોકલાવ્યો. પછી જળપાન કરીને મુખવાસ લઈને ઢોલિયે પોઢ્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિત શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'ગઢડે ગોપીનાથની પ્રતિષ્ઠા કરી' એ નામે છ્યાશીમો અધ્યાય ॥૮૬॥

અધ્યાય - ૮૭

મૂર્તિમાં રહીને અમે સેવા-પૂજા સ્વીકારશું

ત્યારપછી વહેલા જાગીને, નિત્યવિધિ કરીને બેઠા. ત્યારે સંત, બ્રહ્મચારી અને સર્વે હરિજનો પગે લાગીને બેઠા. તેમના આગળ મહારાજ બોલ્યા જે, **"અમે મંદિર કરાવીને જ્યાં જ્યાં મૂર્તિઓ પધરાવી છે, અને અમારી ગાદી ઉપર બેઠા એવા જે આચાર્ય તે મંદિર કરાવીને મૂર્તિ પધરાવશે, તેમાં અમે નિવાસ કરીને રહેશું. અને જે જે હરિજનો ઘરેણાં, વસ્ત્ર આદિ પૂજા અર્પણ કરશે તેને અમે મૂર્તિઓમાં રહીને ગ્રહણ કરશું અને અંત સમે તેડવા આવશું.**

અને જે પટ-પ્રતિમા તેને શુદ્ધ ભાવે કરીને પૂજજો. અને પોતાના ગામમાં મંદિરમાં ગોખ તથા સિંહાસન કરાવીને તેમાં આચાર્ય પાસેથી પ્રતિષ્ઠા કરાવીને પધરાવજો. અને અમારા વચનમાં રહીને સેવા કરજો. અને અમારી ગાદિ ઉપર ધર્મકુળના આચાર્યની, જેમ અમારી પૂજા કરો છો તેમ ભારે ભારે વસ્ત્ર, ઘરેણાં, વાહન અને રૂપિયા તેણે કરીને પૂજા કરજો અને ઘેર ઘેર પધરામણી કરજો. અને જેમ અમને થાળ કરીને જમાડો છો તેમ તેમને થાળ કરીને જમાડજો. એમ અમારી આજ્ઞા છે."

પછી બ્રહ્મચારી બોલાવા આવ્યા તેથી મહારાજ ઉતારે પધાર્યા અને જળે કરીને કાશીદાસે ચરણ ધોવરાવ્યા અને નવરાવ્યા. અને અયોધ્યાવાસીનાં ઘરના થાળ લાવ્યાં તે જમતા જાય અને ગંગામા સાથે વાતું કરતા જાય જે, "હવે સર્વે સત્સંગી ચાલજો. એમ સર્વે સત્સંગીને કહેજો જે, મહારાજને કસર હતી તે હવે રૂડી રીતે બે ટંક થાળ જમે છે, અને સભા કરીને ઓરડાની ઓસરીએ પ્રશ્નઉત્તર કરે છે. એમ સર્વે સત્સંગી આગળ વાત કરજો." એમ કહીને ઢોલિયે બિરાજ્યા. અને ગુજરાતનો સંઘ સર્વે ભેટ મેલીને ચરણનો સ્પર્શ કરીને ચાલતા જાય અને પગે લાગીને બેસતા જાય. ત્યારે મહારાજ કહે, "સંતમંડળ અને બ્રહ્મચારી સર્વે વાડીમાં રહેજો. અને દાણા ઘણા છે તે ઘંટીએ દળાવશું. અને વાડીમાં શાક ઘણું છે અને છાણાં વીણી લાવજો. અને આંહીં જે સંત રહે તે તો મંદિરમાં રહેશે." એટલી વાત કરી.

❋ ગુજરાતના સંઘની દાવાનળથી રક્ષા :

ગુજરાતના સંઘના હજાર મનુષ્ય તે દર્શન કરીને ચાલ્યા, તે સોઢીના રણમાં ગયા. અને ચારેકોરેથી અગ્નિ બળતો આવ્યો અને બળેલું સળગતું આવ્યું અને સંઘને ક્યાંય નીકળ્યાનો માર્ગ નહીં. અને અગ્નિની જ્વાળા ચારેકોરે આકાશ સુધી બળતી આવે. ત્યારે ગામ વડોદરાના નાથભક્ત તથા ગામ બોચાસણના કાશીદાસ અને ગામ

ઉમરેઠના નંદુભાઈ અને નરભેરામ દવે તાળી વજાડીને બોલ્યા જે, "હવે સર્વે આંખો મીંચી જાઓ." પછી બધાએ આંખો મીંચી. અને જ્યારે સર્વેએ નેત્ર ઉઘાડીને જોયું ત્યારે તો દાવાનળ બે ખેતરવા છેટો દેખાણો. અને બાવળ બળતો હતો તે પણ બે ખેતરવા છેટો દેખાણો.

ત્યારે સર્વે હરિજનો માંહોમાંહી વાતું કરવા લાગ્યા જે, "જેમ શ્રીકૃષ્ણાવતારમાં દાવાનળ થકી ગોપગોવાળની શ્રીકૃષ્ણે રક્ષા કરી, તે તો વાત શાસ્ત્રમાં લખેલી છે. અને આ તો આપણે નજરે દેખેલી છે." ત્યારે તે સમે સમાધિવાળાં બાઈઓ હતાં તે બોલ્યાં જે, "મહારાજ માણકી ઘોડીએ ચડીને પધાર્યા હતા અને આપણી દાવાનળ થકી રક્ષા કરી છે." એમ વાત કરતા કરતા પોતાના દેશમાં ચાલ્યાં ગયાં.

✵ સાહેબનો કાગળ આવતા શ્રીહરિ રાજકોટ પધાર્યા :

પછી મહારાજ જાગીને જળપાન કરીને ઢોલિયે બિરાજ્યા અને ગવૈયા સંત ગાવા બોલાવ્યા. તે સમે ગામ રાજકોટથી ગવર્નર સર માલ્કમ તથા પોલીટીકલ બ્લેનનો હમેલીઓ આવ્યો. તેણે ડેલીએ ઊભા રહીને પુછાવ્યું જે, "સ્વામિનારાયણ ક્યાં હય ? હાથોહાથ કાગળ દેના હય." પછી પાળાએ મહારાજને પૂછ્યું જે, "રાજકોટથી ગર્વનર સર માલ્કમ તથા પોલીટીકલ બ્લેનનો હમેલીઓ આવ્યો છે. તે તમ પાસે આવે ?" ત્યારે મહારાજ કહે, "આવવા દ્યો." પછી આવીને સાહેબની સાસત સલામ કહીને પત્ર મહારાજને આપ્યો. ત્યારે મહારાજે લાધા ઠક્કરને આપ્યો અને કહ્યું જે, "તમે મનમાં વાંચીને પછી સભામાં સંભળાવો."

પછી લાધે ઠક્કરે તે કાગળ વાંચીને સભામાં વાંચ્યો જે, "સ્વામિનારાયણ દયા કરીને આંહીં પધારે. નહિ તો અમે ત્યાં આવીએ. અમારે તમને મળવાની બહુ ઈચ્છા છે. અને તાલુકાદાર સર્વે અમારી પાસે આવ્યા છે, પણ તમને મળવા સારુ અમે વાટ જોઈએ છીએ. તે તમે આવશો ત્યારે સર્વે ભોમીઆની સલામ હું લઈશ." એવી રીતે

ગર્વનર સર માલ્કમ તથા પોલીટીકલ બ્લેનનો કાગળ આવ્યો તે વાંચ્યો. તે સાંભળીને પછી મહારાજ કહે, "આપણે ત્યાં જાશું." એમ કહીને સભાને રજા આપી.

પછી થાળ જમવા બિરાજ્યા અને જમીને, જળપાન કરીને, મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. અને મુક્તાનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામી તથા દાદો ખાચર તથા ભગુજી પાળા અને લાધો ઠક્કર તેમને મહારાજે તેડાવ્યા. ત્યારે તે આવીને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે જે, "સંત અને બ્રહ્મચારી સર્વેને લેવા કે થોડાક લેશું ?"

ત્યારે નિત્યાનંદસ્વામી કહે જે, "મહારાજ ! આપણે પાસે ભણનારા સંત તથા બ્રહ્મચારી અને કાઠી અને સર્વે પાળા છે, તે સર્વે લઈએ." ત્યારે મહારાજ કહે જે, "સારું." પછી સદ્‌ગુરુ સર્વે ઉતારે ગયા અને મહારાજ પોઢ્યા. પછી સદ્‌ગુરુએ ભણનારા સર્વે સંતને કહ્યું જે, "મહારાજ ભેળા રાજકોટ જાવું છે, તે તૈયાર થાઓ." પછી સવારે મહારાજ વહેલા જાગીને, નિત્યવિધિ કરીને, થાળ જમીને, જળપાન કરીને, મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. અને ફૂલના હાર વાડીવાળે પહેરાવ્યા અને મહારાજ ગાડીમાં બિરાજ્યા.

પછી ત્યાંથી ચાલ્યા તે ગામોગામના સત્સંગીને દર્શન દઈને ચાલ્યા. તે ગામ **રાજકોટ સંવત્ ૧૮૮૬ના ફાગણ સુદ પાંચમ**ને દિવસ પધાર્યા. અને ત્યાં ગર્વનર સર માલ્કમ તથા પોલીટીકલ બ્લેનની પલટન અને પડઘમ, ઢોલ અને શરણાઈ આદિ વાજિંત્રો લઈને સામી આવી. તે સમે ગામ અને પરગામના સત્સંગીએ હાર લાવીને મહારાજને પહેરાવ્યા. અને સોનાના ઈંડે યુક્ત છત્ર બિરાજે છે અને બે કોરે ચામર થઈ રહ્યા છે. એવી રીતે ચાલ્યા તે ગામને કાંપ(લશ્કરી કેમ્પ) વચ્ચે ઉતારો કર્યો. અને ઘોડીએથી ઊતરીને ઢોલિયે બિરાજ્યા.

પછી ગામના સત્સંગી સર્વે સામાન લાવ્યા અને સંત રસોઈ કરવા લાગ્યા. બ્રહ્મચારીએ થાળ કરાવ્યો ત્યારે મહારાજ જળના કોગળા કરીને થાળ જમવા બિરાજ્યા. ચળુ કરી મુખવાસ લઈને ઢોલિયે પોઢ્યા. પછી જાગીને જળના કોગળા કરીને જળપાન કરીને ઢોલિયે બિરાજ્યા. અને સંત, પાળા, કાઠી અને ગામ તથા પરગામના સર્વે સત્સંગી તે પુષ્પના હાર પહેરાવીને, ભેટ મેલીને, પગે લાગીને બેઠા. પછી મશાલ આવી અને આરતી-ધૂન બોલીને પગે લાગીને બેઠા. અને મહારાજ ઢોલિયે પોઢ્યા અને વહેલા જાગીને, નિત્યવિધિ કરીને, થાળ જમીને, જળપાન કરીને, મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા.

પછી શ્વેત વસ્ત્ર પહેરીને સાબદા થયા અને સાહેબની પલટન ને પડઘમ આદિ વાજિંત્ર વાગવા લાગ્યાં. અને મહારાજ ઘોડીએ અસવાર થયા. અને બે કોરે ચામર થઈ રહ્યાં છે. અને સંત, હરિજન અને પાળા તેમણે સહિત સાહેબના બંગલામાં આવ્યા. અને સર માલ્કમ તથા પોલીટીકલ બ્લેન તે બે જણે ટોપીઓ ઉતારી અને સામા આવીને પગે લાગ્યા. અને ભારે સિંહાસન ઉપર મહારાજને બેસાડ્યા. ત્યારે પટાવાળે સાહેબને પૂછ્યું જે, "કેટલા મનુષ્યને અંદર આવવા દેવા ?" ત્યારે સાહેબ કહે જે, "સ્વામિનારાયણ કહે તેને આવવા દો." ત્યારે મહારાજ કહે જે, "જેને કંઠી અને ચાંદલો હોય તેને આવવા દેજો."

✹ શ્રીહરિએ સાહેબને ફાંસી અને ગૌહત્યાની બંધી કરાવી :

પછી મહારાજે સાહેબને ખબર પૂછ્યા અને તેમને કહ્યું જે, "તમે બ્રાહ્મણને ફાંસી દ્યો છો અને ગાયને ભાંગો છો તે સારું નહીં." ત્યારે સર માલ્કમ તથા પોલીટીકલ બ્લેન બોલ્યા જે, "સ્વામિનારાયણ, એક બ્રાહ્મણે ત્રણ મનુષ્ય માર્યા. ત્યારે અમે એમ જાણ્યું જે, એ બ્રાહ્મણનું બીજ નહીં. ત્યારે તે બ્રાહ્મણને ફાંસી દેવરાવી. અને મોટાં જે તીર્થ તેમાં અમે ગાય મારવા નથી દેતા. અને બીજું તો તમારે જેમ જાર, બાજરી અને ચોખા ખોરાકી છે તેમ અમારા લોકને તે ખોરાક છે."

પછી મહારાજને સાહેબે પૂછ્યું જે, "તમારા લોકમાં સતિ થાય છે, તેનું કેમ છે ?" પછી મહારાજે ઉત્તર કર્યો જે, "જેનો પતિ મરી જાય અને તેના મનમાં એમ થાય જે આપણા દિવસ નહિ જાય અને લાજવાળા જે મનુષ્ય હોય તેને બળવું તે ઠીક છે. અને પતિ મરી જાય અને તેના મનમાં એમ હોય જે 'આપણે પ્રભુ ભજશું' તેને ન બળવું તે સારું છે." તે વાત સાંભળીને સાહેબે કહ્યું જે, "હવે હમ બંધ કરેગા." ત્યારે મહારાજે કહ્યું જે, "જેને મરવું હશે તે તો જીભ કરડીને તથા કૂવે પડીને મરશે. માટે બંધ તો નહિ કરના અને વાતે કરીને સમજાવના." પછી તે સાંભળીને સાહેબ લોક બહુ રાજી થયા અને બોલ્યા જે, "ઓ હો નારાયણ સ્વામી ! તુમને બોત સલાહ દિયા."

❋ શ્રીહરિએ સાહેબને શિક્ષાપત્રી આપી :

પછી મહારાજ કહે જે, "અમારા ભત્રીજા બે અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી તેમને અમદાવાદ તથા વરતાલના મંદિરમાં બેને અમે દત્તપુત્ર કરીને મંદિરના તથા સત્સંગીના આચાર્ય કરીને અમારી ધર્મની ગાદી ઉપર બેસાડ્યા છે." ત્યારે સર માલ્કમ તથા પોલીટીકલ બ્લેન તે બે સાહેબે કહ્યું જે, "ધર્મની પરંપરા ઘણાં વર્ષ સુધી ચાલશે. અને હે નારાયણ સ્વામી ! અમે નિત્ય સવારે ઊઠીને પરમેશ્વરની પ્રાર્થના કરીએ છીએ જે, **હે પરમેશ્વર ! અમારા ગુન્હા માફ કરશો અને હમારા શત્રુ અને મિત્ર તેમનું પણ સારું કરજો.** એમ પરમેશ્વર પાસે માગીએ છીએ."

પછી મહારાજે કહ્યું જે, "અમે શિક્ષાપત્રી લખી છે, તેમાં સર્વેના ધર્મો લખ્યા છે." ત્યારે સાહેબ કહે જે, "તે પુસ્તક અમને આપો." ત્યારે મહારાજે દાદા ખાચર પાસેથી શિક્ષાપત્રીનો ગુટકો લઈને સર માલ્કમને આપ્યો. તે સાહેબે લઈને માથે ચડાવ્યો અને પોતાની પાસે રહેનારાને આપ્યો. અને મહારાજ કહે જે, "અમે દાદા ખાચરના દરબારમાં રહીએ

છીએ.” ત્યારે સાહેબ કહે જે, “દાદા ખાચર, તમે બહુ ભાગ્યવાળા છો કે તમારા દરબારમાં આવા કલ્યાણકારી પુરુષ રહે છે !”

પછી સર માલ્કમે બ્રાહ્મણ પાસે ષોડસોપચારે કરીને મહારાજની પૂજા કરાવી. પછી ભારે શાલનો જોટો ઓઢાડ્યો. પછી સદ્‌ગુરુની આગળ ભારે ભારે વસ્ત્રનાં થાન(તાકા) મેલ્યાં. અને દાદા ખાચરને પણ શાલનો જોટો ઓઢાડીને વાજી(ઘોડો) આપ્યો. ત્યારે દાદા ખાચરે ના પાડી, ને કહ્યું જે, “અમે તો તાલુકદાર છીએ.” ત્યારે સર માલ્કમે કહ્યું જે, “લ્યો.” ત્યારે લીધો.

ત્યારપછી મહારાજે સાહેબ પાસેથી રજા માગી જે, “અમારે ચાલવું છે. અને અમારે શરીરે કસર સાંભળીને ગુજરાતમાંથી હજારો મનુષ્યો ગઢપુર આવ્યાં છે.” પછી સર માલ્કમ તથા પોલીટીકલ બ્લેન સાહેબ ટોપી ઉતારીને હાથમાં લઈને આગળ ચાલ્યા. ત્યારે મહારાજે કહ્યું જે “ઊભા રહો.” એમ કહીને મહારાજ ઘોડીએ સવાર થઈને ચાલ્યા. જેવી રીતે વાજતેગાજતે ગયા હતા તેવી જ રીતે વાજતેગાજતે ઉતારે પધાર્યા. અને ત્યાંથી ચાલ્યા તે ગામના સત્સંગીઓને સીમાડેથી પાછા વાળ્યા.

✵ શ્રીહરિ વિચરણ કરતા ગઢપુર પધાર્યા :

પછી ત્યાંથી ચાલ્યા તે **સમઢિયાળા** ગામમાં આવીને રાત રહ્યા. અને ઢોલિયે બિરાજ્યા. અને બ્રહ્મચારીએ થાળ કરાવ્યો. તે થાળ તૈયાર થયો તે જમીને, જળપાન કરીને, મુખવાસ લઈને ઢોલિયે પોઢ્યા. અને વહેલા જાગીને નિત્યવિધિ કરીને સાબદા થઈને ચાલ્યા તે ગામ **ખોખરે(ભૂપગઢ)** પધાર્યા. અને પટેલ કાનો તથા વસ્તો તેમણે ગાજતે વાજતે પોતાના ફળિયામાં ઘણા માનથી પધરાવ્યા. અને ત્યાં ઘોડીએથી ઊતરીને ઢોલિયે બિરાજ્યા. પછી મહારાજ બોલ્યા જે, “અમારે ચાલવું છે, તે રસોઈ ઉતાવળે કરી લિયો.”

પછી બ્રહ્મચારીએ તરત થાળ કર્યો. તે જમીને, જળપાન કરીને, મુખવાસ લઈને સાબદા થયા. અને ઘોડીએ સ્વાર થઈને ચાલ્યા તે ગામના સત્સંગીને સીમાડેથી પાછા વાળ્યા. અને ત્યાંથી મહારાજ ચાલ્યા તે ચાર ઘડી રાત્રી થઈ એવે સમયે ગામ **ગઢડે** પધાર્યા. અને ત્યાં ઘોડીએથી ઊતરીને મહારાજ અક્ષરઓરડીમાં ઢોલિયે બિરાજ્યા. અને વસ્ત્ર ઉતારીને પવિત્ર એવા જળે કરીને હાથ તથા ચરણ ધોયા. પછી મહારાજ થાળ જમવા બિરાજ્યા. જમીને, ચળુ કરીને, મુખવાસ લઈને ઢોલિયે પોઢ્યા.

પછી સવારે વહેલા જાગીને, નિત્યવિધિ કરીને, મોજડી પહેરીને ચાલ્યા તે ઉગમણે બાર ઓસરીએ ઢોલિયે બિરાજ્યા. અને દંઢાવ્ય દેશના અને અમદાવાદના સર્વે સત્સંગી આવેલા. તે મહારાજની આગળ ભેટ મેલીને પગે લાગીને બેઠા. ત્યારે સંત તથા બ્રહ્મચારી અને પાળા અને કાઠી તે પણ સર્વે પગે લાગીને બેઠા. ત્યારપછી મહારાજ રાજકોટ ગયા ને સાહેબે જે સન્માન કર્યું ને પૂજન કર્યું તથા તે પ્રસંગમાં ત્યાં કને જે કાંઈ વાતચીત ચાલી હતી, તે સર્વે વાત સંક્ષેપમાં બધા આગળ કહી સંભળાવી. તે સાંભળીને સર્વે સત્સંગી રાજી થયા. પછી મહારાજ થાળ જમવા પધાર્યા. તે સમે હરિ જળના કોગળા કરીને તથા નાહીને થાળ જમવા બિરાજ્યા. તે સમે હરિજન થાળમાં બરફી, પેંડા લઈ લઈને આવવા માંડ્યા. અને મહારાજ જમતા જાય અને ગંગામા સાથે વાતું કરતા જાય. અને છેટે બેઠેલાં બાઈઓ દર્શન કરતાં હતાં. તે સમયે ગંગામા બોલ્યાં જે, "સદ્‌ગુરુને જમવા બોલાવો." પછી સદ્‌ગુરુને ઘણા ભાવથી જમવા બોલાવ્યા અને તે સર્વે જમ્યા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'રાજકોટમાં સાહેબને મળીને પાછા ગઢડે પધાર્યા' એ નામે સત્યાશીમો અધ્યાય ॥૮૭॥

અધ્યાય - ૮૮

લાધીબાઈ તથા માતાજી ધામમાં ગયા તે વાત

કચ્છ દેશમાં શ્રીજીમહારાજ **સંવત્ ૧૮૬૦ની સાલમાં પ્રથમ પધાર્યા અને સંવત્ ૧૮૬૭ સુધી રહ્યા.** તેમાં ભુજનગર મધ્યે ઘણીવાર પધાર્યા છે. કચ્છ દેશમાં તથા ગુજરાતમાં અને કાઠિયાવાડ, હિંદુસ્તાન આદિ દેશોમાં ઘણાક પરચા આપ્યા છે. તેમાંથી થોડાક લખીએ છીએ.

એક સમયે શ્રીજીમહારાજ **ગઢડામાં** બિરાજમાન હતા અને રાત્રી પહોર એક ગઈ હતી. ત્યારે શ્રીજીમહારાજે બે પાળાને બોલાવીને કહ્યું જે, "કચ્છ દેશના ગાંગા ભક્તને બોલાવો." પછી તે પાળાએ ગાંગા ભક્તને કહ્યું જે, "તમને મહારાજ બોલાવે છે." પછી તે ગાંગે ભક્તે આવીને શ્રીજીમહારાને દંડવત કર્યા ને પગે લાગીને બેઠા.

ત્યારે શ્રીજીમહારાજ ચોફાળ ઓઢીને બેઠા હતા તે ચોફાળ ગાંગા ભક્તને ઓઢાડ્યો. અને શ્રીજીમહારાજે કહ્યું જે, "આ કાગળ લઈને આ બાઈ માતાજીને તેડી જાઓ. અને ભુજનગરમાં લાધીબાઈને સોંપીને કાગળ આપજો. તેમાં બીજી વિગત સર્વે લખી છે. અને હાથોહાથ સોંપીને વહેલા આવજો." પછી તે ગાંગો ભક્ત ચાલ્યા તે ભુજ મધ્યે લાધીબાઈને માતાજી સોંપ્યા અને કાગળ આપ્યો. તે માતાજી લાધીબાઈ પાસે સુખેથી રહ્યા અને શ્રીજીમહારાજનું ભજનસ્મરણ કરવા લાગ્યાં. ને કેટલાક વર્ષ ત્યાં રહ્યાં.

ત્યારપછી એક દિવસ લાધીબાઈએ કહ્યું જે, "માતાજી ! હવે હું દેહ નહિ રાખું, ને આજ દેહ મૂકીને અક્ષરધામમાં જ્યાં શ્રીજીમહારાજ અખંડ બિરાજમાન છે ત્યાં જઈશ." ત્યારે માતાજીએ કહ્યું જે, "શ્રીજીમહારાજે મને તમ પાસે મોકલી છે, તે જ્યારે તમે દેહ મૂકીને શ્રીજીમહારાજ પાસે જાઓ ત્યારે હું આંહીં કેને આધારે રહું ?" ત્યારે લાધીબાઈએ કહ્યું જે, "જો તમારે દેહ મૂકીને શ્રીજીમહારાજ પાસે ચાલવું હોય તો ચોકો

કરીને, નાહીને ચોકામાં મારા સામા બેસો, તો હું તમને દેહ મૂકીને ભગવાનના ધામમાં શ્રીજીમહારાજ પાસે પહોંચાડી દઉં."

પછી માતાજી નાહી-ધોઈને પવિત્ર થઈને ચોકામાં બેઠાં. ત્યારે લાધીબાઈએ દેહ મુકાવીને ભગવાનના ધામમાં શ્રીજી પાસે મોકલ્યાં. પછી તે લાધીબાઈએ પોતાના ભાઈ અને જે સગાં હતાં તેમને કહ્યું જે, "માતાજીએ દેહ મૂકી દીધો, માટે એના દેહને લઈ જાઓ. અને સ્મશાનમાં મૂકીને ચાર જણા ત્યાં રહીને બીજા પાછા આવજ્યો. પછી હું દેહ મૂકીશ એટલે મારા દેહને લઈને પછી બેયને એક ચિતામાં ભેળાં બાળજ્યો." એમ કહીને પોતે સ્વતંત્રપણે દેહ મૂક્યો. એ પ્રતાપ શ્રીજીમહારાજનો છે. ।।૧।।

✹ સુંદરજીભાઈની પ્રાર્થના, શ્રીહરિ સમુદ્રમાં ચાલી ભુજ :

એક દિવસ ભુજના સત્સંગીઓએ ભેળા થઈને સુતાર સુંદરજીભાઈ અને સુતાર રવજીભાઈ કાળાતળાવવાળાને કહ્યું જે, "તમે બે જણા જાઓ અને શ્રીજીમહારાજ જ્યાં હોય ત્યાંથી તેડીને વહેલા આવજ્યો." પછી બે ભેળા થઈને ગામ ગોંડલ ગયા. ત્યાં શ્રીજીમહારાજ બિરાજમાન હતા. ત્યાં જઈને દંડવત કરીને શ્રીજીમહારાજનાં ચરણારવિંદ છાતીમાં લઈને બેઠા. પછી શ્રીજીમહારાજે સર્વે સમાચાર પૂછ્યા જે, "ભાઈબાઈ સર્વ સત્સંગી સારી પેઠે છે ?"

ત્યારે સુંદરજીભાઈએ કહ્યું જે, "સર્વે સારી પેઠે છે અને સુખે તમારું ભજન કરે છે. અને અમને સર્વે સત્સંગીએ મોકલ્યા છે. અને કહ્યું છે જે, 'શ્રીજીમહારાજને સ્તુતિ કરીને, વિનંતિ કરીને, વહેલા વહેલા તેડીને આવજો.' અને સત્સંગી બાલ, વૃદ્ધ, સાજામાંદા સર્વે તમારાં દર્શન કરવા બહુ ઈચ્છે છે. અને સર્વે દેશના સત્સંગી પણ જેમ જળ વિના માછલાં તલખે તેમ તમારાં દર્શન સારુ તલખે છે. માટે કૃપા કરીને પધારો." ત્યારે શ્રીજીમહારાજે કૃપા કરીને કહ્યું જે, "તમે પાંચ

દિવસ વિસામો ખાઓ અને દર્શન કરો. પછી આપણે ચાલશું." એવાં શ્રીહરિનાં વચન સાંભળીને પાંચ-સાત દિવસ રહીને પછી સુંદરજીભાઈએ કહ્યું જે, "મહારાજ ! હવે કચ્છ દેશમાં પધારો."

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "ચાલો." પછી ત્યાંથી જમીને ચાલ્યા તે ગામ **જોડિયે** પધાર્યા. અને ત્યાંથી નાવમાં બેઠા. પછી નાવ ચાલ્યું તે સમુદ્રમાં ગાઉ અરધને આશરે ગયું ત્યારે સુંદરજીભાઈને મનમાં સંકલ્પ થયો જે ભુજના સત્સંગી મને કહેશે જે, 'તમે શ્રીજીમહારાજને ભલે તેડી આવ્યા..!' તેનો એવો સંકલ્પ જાણીને પછી શ્રીજીમહારાજ તે વહાણમાંથી કૂદીને સમુદ્રમાં પડ્યા. ત્યારે સુતાર રવજી પણ મહારાજની પાછળ પડ્યા. ત્યારે સુંદરજીભાઈ પણ પડવા તૈયાર થયા.

ત્યારે શ્રીજીમહારાજે ના પાડી જે, "પડશો નહીં." પછી સુંદરજીભાઈ ન પડ્યા. ત્યારે વહાણના હાકનારા ખેવટિયા અને બીજા માણસ વહાણમાં બેઠા હતા તે સર્વે બોલ્યા જે, "બાવો સમુદ્રમાં પડ્યા તે બૂડી જાશે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "અમે તો નહિ બૂડીએ. અમે તો અનંત જીવને જળના સમુદ્ર થકી તથા સંસારસમુદ્ર થકી તારીએ એવા છીએ. માટે તમારું વાહાણ હાંકો."

એમ કહીને શ્રીજીમહારાજ પોતે સુતાર રવજીનો હાથ ઝાલીને તત્કાળ સમુદ્રને કાંઠે ઊતર્યા. અને ગામ **હરિયાણે** પધાર્યા. અને ગામ બારા દરબારના બાગમાં ઊતર્યા. ત્યાં રાત્રી રહીને ગામ **શેખપાટ** પધાર્યા. અને સુતાર સુંદરજીભાઈ પાછા ભુજ આવ્યા અને પોતાના ઘેર આવતાં શ્રીજીમહારાજના સમાચાર સાંભળ્યા જે, 'મહારાજ તો ભુજમાં પાંચ દિવસ થયા આવ્યા છે.' તેવા મહારાજના સમાચાર સાંભળીને સુંદરજીભાઈ હરખાતા હરખાતા પોતાને ઘેર આવ્યા અને શ્રીજીમહારાજનાં છેટેથી દર્શન કરીને અતિ હેતે કરીને મહારાજના ચરણકમળમાં પડ્યા. અને ગદ્‌ગદ કંઠ થઈને મહારાજની ઘણીક વિનંતી કરી.

પછી શ્રીજીમહારાજે સુંદરજીભાઈ પ્રત્યે કહ્યું જે, **"અમને ગર્વ કોઈ પ્રકારનો ગમતો નથી."** માટે તમોને મનમાં કિંચિત્ ગર્વનો સંકલ્પ થયો તેને જાણીને અમે સમુદ્રમાં પડીને પાછા વળી નીસર્યા; પણ અમારા મનમાં વિચાર થયો જે, સુંદરજીભાઈને બહુ શોક થાશે. માટે તે શોક ટાળવા સારુ તમને દર્શન દીધાં." એવી રીતે મહારાજે દિવ્યરૂપે સુંદરજીભાઈને ઘેર આવીને તેમનો શોક ટાળ્યો. ॥૨॥

❋ સુંદરજી સુતારે શ્રીહરિનો પ્રતાપ જણાવી દેહ મેલ્યો :

અને જ્યારે ભુજના સુંદરજીભાઈ મહારાજ ભેળા થાય ત્યારે એમ બોલે જે, "મહારાજ ! મારે ભાગવત ભણવું છે." ત્યારે મહારાજ બોલે જે, **"સત્સંગ જેમ છે તેમ સમજશો ત્યારે ભાગવત એની મેળે આવડશે."** પછી વળી એક દિવસે સુતાર સુંદરજીભાઈ માંદા થયા. ત્યારે તેમને દેહ મૂકવા સમે અનંત અક્ષરમુક્ત અને અનંત વિમાને સહિત શ્રીજીમહારાજનાં દર્શન થયાં.

ત્યારે સુંદરજીભાઈએ બહુ પ્રકારે સ્તુતિ કરી, ને બોલ્યા જે, "હે મહારાજ ! હું રાજકાજના કામમાં તથા લોકલાજમાં અવરાઈ ગયો. તે માટે હે મહારાજ ! જેવો તમારો મહિમા તથા જેવી તમારી સામર્થી છે તેવી મેં યથાર્થ જાણી નહીં. તમે તો શરણાગતવત્સલ છો, તે કૃપા કરીને આ ટાણે પોતાનો દાસ જાણીને ખબર લીધી, તેથી હું બહુ જ કૃતાર્થ થયો. અને હવે તમારાં ચરણકમળ સમીપે રાખો." એમ કહીને દેહ મેલતી વખતે મહારાજનો ભારે અલોકિક પ્રતાપ કહીને દેહ મેલ્યો. અને ગઢપુરમાં મહારાજે કહ્યું જે, "સુંદરજીભાઈ અત્ર આવ્યા છે. તે એમ કહે છે જે, 'મહારાજ ! ત્રણ દિવસમાં મને ભાગવત આવડ્યું." ॥૩॥

❋ હીરજીના દીકરા રણછોડને ધામમાં તેડી ગયા :

સં. ૧૮૬૦ ની સાલમાં શ્રીજીમહારાજ ભુજનગરમાં હીરજીભાઈને ઘેર બિરાજમાન હતા. ત્યારે હીરજીભાઈના દીકરા રણછોડભાઈનું

આયુષ્ય આવી રહ્યું હતું. પછી મહારાજે તેમને દર્શન દઈને છાતી ઉપર ચરણારવિંદ મૂકીને પચાસ વર્ષનું આયુષ આપ્યું હતું. અને તેમનાં પચાસ વર્ષ પૂરાં થયાં ત્યારે દેહ મૂકવાના દિવસની આગલી રાત્રીએ શ્રીજીમહારાજે ભુજ મંદિરના મહંત (બ્રહ્મચારી) આનંદાનંદસ્વામીને સ્વપ્નમાં દર્શન દઈને કહ્યું જે, “સ્વામી ! અમે સવારે રણછોડભાઈને ધામમાં તેડી જાશું, માટે તમે સવારમાં અમરબાઈને કહેવરાવજો જે રણછોડભાઈ આઠ વર્ષની ઉંમરમાં માંદા થયા હતા અને મહારાજે તેમને પચાસ વર્ષની આવરદા આપી હતી તે આજ પૂરી થઈ રહી છે. માટે શ્રીજીમહારાજ આજ તેમને અક્ષરધામમાં તેડી જાશે.” એમ કહીને મહારાજ અંતર્ધાન થઈ ગયા.

અને સવારમાં ઊઠીને આંનદસ્વામીએ જેઠી ગંગારામભાઈની સાથે કહેવરાવી મોકલ્યું. તે જેઠી ગંગારામભાઈ તેમને ઘેર જઈને આ વાત સર્વે કહી. અને રણછોડભાઈ તો શરીરે સાજા અને કાંઈ પણ મંદવાડ નહીં. પછી ગંગારામભાઈ આવીને સ્વામીને કહ્યું જે, “સ્વામી, સર્વે વાત કહી આવ્યો અને રણછોડભાઈને શરીરે કાંઈ પણ મંદવાડ નથી.” ત્યારે આનંદસ્વામીને મનમાં આશ્ચર્ય થયું જે, “મહારાજનું કહેવું ખોટું હોય નહીં, અને આ તો સાજા-સારા બેઠા છે.” પછી નવ વાગ્યા તે સમે સ્વામીએ ફરીને જેઠી ગંગારામભાઈને જોવા મોકલ્યા. ત્યારે રણછોડભાઈને શરીરે થોડી થોડી કસર જણાવા માંડી. પછી દિવસ અસ્ત પામવાની વખતે શ્રીજીમહારાજ પોતે દિવ્યરૂપે પોતાનું દર્શન આપીને અલોકિક પ્રતાપ દેખાડીને રણછોડભાઈને તેડી ગયા. ॥૪॥

✵ સુંદરજીના દીકરા રાઘવને ધામમાં તેડી ગયા

અને સુંદરજીભાઈના દીકરા રાઘવજી તેમનું આયુષ્ય પૂરું થયું ત્યારે મહારાજ તેમને તેડવા પધાર્યા. અને તેમને દેહ મૂકવાનો સમય થયો. ત્યારે તેમની માતાએ તેમના મુખમાં મહારાજની પ્રસાદીની

તુલસીની માળાનો એક મણકો મૂક્યો. તે બીજા કોઈ જન જાણે નહિ અને રાઘવજી એક જાણે. પછી રાઘવજી દેહ મૂકીને મહારાજ સાથે અક્ષરધામમાં ગયા. તે વખતે તેમની માતાને મહારાજનાં દર્શન નહોતાં થયાં. તે માટે રાઘવજીની માતાના મનમાં નિત્યે એમ થાય જે, 'રાઘવજી ધામમાં ગયો હશે કે કેમ હશે ?' એમ સંભારી સંભારીને રોયા કરે.

પછી એક બાઈને સમાધિ થઈ અને તે બાઈ અક્ષરધામમાં ગઈ. ત્યારે ત્યાં મહારાજ પાસે બેઠા એવા જે રાઘવજીભાઈ તેણે બાઈ પ્રત્યે કહ્યું જે, "મારી માતાને કહેજો જે તમે રુદન કરશો નહીં. હું તો અક્ષરધામમાં નિરતંર મહારાજની સેવા કરું છું. અને મારો દેહ પડ્યો તે સમયમાં મારી માતાએ પ્રસાદીની તુલસીની માળાનો એક મણકો મારા મુખમાં મેલ્યો હતો. તે એંધાણી આપજો." એમ અક્ષરધામમાં કહ્યું. પછી તે બાઈએ દેહમાં આવીને રાઘવજીની માતા પુજીબાઈને એ સર્વે વાત વિસ્તારીને કહી. પછી રાઘવજીની માતાનો શોક ટળી ગયો. એવી રીતે શ્રીજીમહારાજ કસરવાળા બે સાધુને સુંદરજીભાઈ અને હીરજીભાઈના ઘરમાં દેહ ધારણ કરાવીને કસર ટળાવીને અક્ષરધામમાં તેડી ગયા. ।।૫।।

❋ મોટા નૃસિંહાનંદસ્વામીને ભુજમાં શ્રીહરિનું મિલન :

અને બીજા નૃસિંહાનંદસ્વામી અયોધ્યામાં કોઈક ઠાકોરજીના મંદિરમાં 'બાર વરસ સુધી ઠાકોરજીની પૂજા કરવી' એવો નિયમ ધારીને રહ્યા. પછી કોઈક દિવસ વેરાગી દ્વારિકાની યાત્રા કરીને અયોધ્યા આવીને જેમાં નૃસિંહાનંદસ્વામી રહ્યા હતા તે મંદિરમાં ઊતર્યા. અને એમ બોલવા મંડ્યા જે, "પશ્ચિમ દેશમાં એક જીવનમુક્તાકા પંથ ચલ્યા હે, સો ભગવાન કહેવાતે હે. અને એસા પાખંડ કરતે હે જે સબકું સમાધિ કરાવતે હે." એ તો એમ **નિંદા કરતા હતા પણ માંહિ અવતારી સ્વામિનારાયણનું નામ લેવાણું તેણે કરીને મંદિરમાં અંધકાર**

ટળીને પ્રકાશ પ્રકાશ થઈ ગયો. અને તે વેરાગી નિંદા કરતા રહી ગયા એટલે પ્રકાશ ન દેખાણો.

ત્યારે ઠાકોરજીના શણગાર કરતાં નૃસિંહાનંદસ્વામીના મનમાં એમ થયું જે, 'જેના નામમાં આવો પ્રતાપ છે તો પોતામાં કેવો પ્રતાપ હશે ! માટે જરૂર ભગવાન પ્રગટ થયા છે અને હું રહી જઈશ.' એમ જાણીને ત્યાંથી ચાલી નીસર્યા. અને તીર્થમાં ફરતા ફરતા દ્વારિકામાં આવીને પૂછ્યું જે, "આંહીં કોઈ સત્પુરુષ છે ?" ત્યારે કોઈકે કહ્યું જે, "માંડવીમાં ખૈયો ખત્રી સત્પુરુષ છે." એમ બતાવ્યું એટલે માંડવીમાં આવીને પૂછતા પૂછતા ખૈયાને કારખાને આવ્યા.

ત્યારે ખૈયે પૂછ્યું જે, "કેમ સાધુ મહારાજ ! ભેખ શા સારુ લીધો ?" ત્યારે તે બોલ્યા જે, "ભગવાન મળે તે સારુ. અને હું તમને સત્પુરુષ જાણીને આવ્યો છું. તમે મને ભગવાન બતાવો." ત્યારે તે બોલ્યો જે, "હેકડો ચરાચર નિરાકાર બ્રહ્મ જોઈતો હોય તો બતાવું અને મૂર્તિમાન સાકાર બ્રહ્મ જોઈતો હોય તો ભુજમાં ગંગારામને ઘેર બેઠો છે; માટે તું ત્યાં જા." ત્યારે તે કહે જે, "મારે સર્વ વ્યાપક બ્રહ્મનું કામ નથી. મારે તો મૂર્તિમાન બ્રહ્મનું કામ છે." પછી પૂછતા પૂછતા ગંગારામને ઘેર આવ્યા. અને નિસરણીએ ચડતાં મહારાજનાં મેડા ઉપર અલોકિક દર્શન થયાં એટલે સમાધિ થઈ ગઈ. તે જોઈને મહારાજ બોલ્યા જે, "ઝાલો ઝાલો, એ પડી જાશે." પછી હરિજનોએ ઝાલીને ઉપર લીધા. પછી સમાધિમાંથી જાગીને મહારાજનો અલૌકિક પ્રતાપ જાણીને, નિશ્ચય કરીને, સાધુ થઈને મહારાજ પાસે રહ્યા. ॥૬॥

✵ વચન લોપવાથી અદાભાઈની લાજ ગઈ :

સંવત અઢાર ને સડસઢની સાલમાં શ્રીજીમહારાજે માનકૂવામાં અદાભાઈને કહ્યું હતું જે, "તમારે ઘોડું ન રાખવું અને રાખશો તો કોઈક દિવસ તમને અગવડ આવશે. અને ઘોડું માર્ગમાં મરી જાશે અને ઘોડાનો

સામાન માથે લેવો પડશે, તે તમારી લાજ જાશે." એમ કહીને મહારાજ કેટલેક દિવસે ગુજરાતમાં પધાર્યા. અને અદાભાઈએ મહારાજનું વચન લોપીને પણ ઘોડું રાખ્યું. અને પોતાનું ગામ જે વાડાસર ત્યાં પટેલિયાને ઘેર ઘોડું બાંધતા અને જ્યારે કામ પડે ત્યારે લઈ આવે.

પછી ઓગણતેરો કાળ પડ્યો ત્યારે અદાભાઈને તેમના પટેલિયાના સમાચાર આવ્યા જે, "તમારો ઘોડો ખડ વિના મરે છે, અને અમારા બળદને પણ ખડ ખાવા નથી. માટે તમારા ઘોડાને શું નાખીએ ?" પછી અદાભાઈ ત્યાં ગયા. પછી ઘોડાને ઉપર કાઠું માંડીને ઉપર બેસીને ચાલ્યા તે માર્ગમાં ઘોડો પડ્યો અને મરી ગયો. પછી કાઠું માથે લઈને ઘેર આવ્યા. અને સત્સંગી આગળ વાત કરી જે, "જેવી રીતે શ્રીજીમહારાજે સડસઠની સાલમાં વચન કહ્યું હતું તે તેવી જ રીતે થયું." ॥૭॥

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજે લાધીબાને તથા માતાજીને એક સાથે દેહનો ત્યાગ કરાવ્યો તથા રવજીને સમુદ્રને કાંઠે ઉતાર્યો તથા સુંદરજી તથા રણછોડ તથા રાઘવજી તથા નૃસિંહાનંદસ્વામી તથા અદાભાઈને પરચા પૂર્યા' એ નામે અઠ્યાશીમો અધ્યાય ॥૮૮॥

અધ્યાય - ૮૯

માંડવીમાં ખૈયા ખત્રીને પ્રતાપ જણાવ્યો

એક દિવસ શ્રીજીમહારાજ પાછલો દિવસ પહોર એક હતો ત્યારે **માંડવી**માં ખૈયા ખત્રીના કારખાનામાં પધાર્યા. અને ખૈયે ખત્રીએ આસન પાથરી આપ્યું તેની ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન થયા. પછી ખૈયે ભક્તે પાણીનો લોટો ભરીને આપ્યો અને મહારાજે મુખારવિંદ ધોઈને, જળપાન કરીને બેઠા. ત્યારે ખૈયે ભક્તે પૂછ્યું જે, "હે મહારાજ ! ક્યાંથી પધાર્યા ?"

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “વાગડ દેશમાં સાપરમાં શામજી સરવૈયાના દરબારમાંથી આજ દિવસ ઊગ્યા પછી ચાલ્યા છીએ તે તમ પાસે આવ્યા.” ત્યારે તે ખૈયે ભક્તે કહ્યું જે, “મહારાજ ! સાપર તો આંહીંથી પચાસ ગાઉ થાય છે. તે બ્રહ્માની સૃષ્ટિમાં જે મનુષ્ય થયા છે તેનાથી તો આટલી વારમાં ન જ અવાય. અને તમે તો પરમેશ્વર છો, માટે જે ચાહે તે કરો.” પછી ખૈયે ભક્તે ગામ સાપર કાગળ લખીને ખબર કઢાવી. ત્યારે ત્યાંથી ખબર આવી તે જે મહારાજે વાત કરી હતી તે વાત સાચી થઈ. પછી તે વાત સાંભળીને સર્વે મનુષ્યને અતિ આશ્ચર્ય થયું.

તે જોઈને શ્રીજીમહારાજને ખૈયો ભક્તે પ્રશ્ન પૂછ્યો જે, “હે મહારાજ ! ભગવાનના ભક્તના દેહ પંચભૂતના છે, તે દેહે કરીને અષ્ટ આવરણ થકી પાર દૃષ્ટિ થાય છે, અને ભગવાનના ધામની વાત કરે છે. એ તે કેમ થાતુ હશે ? અને એ તે કેમ હશે ?” ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “ખૈયા ભક્ત ! તમારે જોવું છે ?” ત્યારે તે ભક્તે કહ્યું જે, “મહારાજ ! દેખાડો તો જોઈએ.”

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “એક સાધુ આપણામાંથી આસન પાથરીને સુવારો અને ઉપર આઠ ગોદડાં ઓઢાડો. પછી તમે માળા હાથમાં લઈને ઊભા રહો.” પછી ખૈયો ભક્ત માળા લઈને ઊભા રહ્યા. અને બીજા મનુષ્ય જે જે આવે ને જાય તેને, સાધુ આઠ ગોદડાં હેઠે છે તોપણ કહે છે જે, “આટલા માણસ આવ્યા અને આટલા ગયા.” અને વળી ખૈયે ભક્તે જેટલી માળા ફેરવી ને જેટલી વાર ઊઠ્યા ને બેઠા, તે સર્વે કહ્યું. ત્યારે ખૈયે ભક્તે કહ્યું જે, “સાધુએ આઠ ગોદડાં ઓઢ્યાં છે. તે તેમાંથી સર્વેને દેખે છે, તે મહારાજનો પ્રતાપ છે. અને અષ્ટ આવરણ થકી પર જે દૃષ્ટિ પહોંચે તેના પણ કારણ તમે છો.” ॥૮॥

❋ ખૈયા ખત્રીનો સંકલ્પ સિદ્ધ કરીને નિશ્ચયની દૃઢતા કરાવી :

એક સમે શ્રીજીમહારાજ કંથકોટમાં બિરાજમાન હતા. ત્યારે માંડવીમાં ખૈયા ખત્રીએ પોતાને ઘેર મનમાં એવો વિચાર કર્યો જે, ‘સ્વામિનારાયણ આ સમે જ્યાં હો ત્યાંથી તત્કાળ મને આંહીં આવીને દર્શન આપે તો ભગવાન ખરા.’ એવો ખાતા ખાતા સંકલ્પ કર્યો. ત્યારે શ્રીજીમહારાજ **કંથકોટ**થી ચાલ્યા. તે તત્કાળ ખૈયા ખત્રીને બીજો કોળિયો ભરતા ભરતા તેને ઘેર પધારીને દર્શન આપ્યાં. અને ‘જય સચ્ચિદાનંદ’ કહીને ઊભા રહ્યા.

ત્યારે ખૈયે ભક્તે પૂછ્યું જે, “સ્વામિનારાયણ ! તમે ક્યાંથી આવ્યા ?” ત્યારે મહારાજ કહે, “ખૈયા ભક્ત ! અમે તો કંથકોટથી આવ્યા.” ત્યારે ખૈયે પૂછ્યું જે, “કંથકોટથી ક્યારે ચાલ્યા હતા ?” ત્યારે શ્રીહરિ કહે, “તમે પહેલો કોળિયો ભરતા સંકલ્પ કર્યો અને બીજે કોળિયે આંહીં આવ્યા.” ત્યારે ખૈયે ભક્તે તે વખત, તિથિ, વાર, ઘડી, પળ સર્વ લખીને કંથકોટ ખબર કઢાવી. ત્યારે તે જ પ્રમાણે મળતું થયું. એમ મહારાજે ખૈયાના મનનો સંકલ્પ સિદ્ધ કરીને તેને પોતાના સ્વરૂપના નિશ્ચયની દૃઢતા કરાવી. ॥૯॥

❋ બ્રહ્માનંદસ્વામી અને યોગેશ્વરનો સંવાદ :

અને ગામ **ધમડકા**માં બ્રહ્માનંદસ્વામી પ્રથમ ઘેર હતા તે દહાડે ત્યાં ભણતા હતા. તે હંમેશા ગામની નદીએ નાવા જાતા. તે એક દિવસ ધમડકાની આથમણી કોરે અને ગુંદીવારી વાડીના ઉગમણે શેઢે ખીજડાનાં ઝાડ ત્રણ ભેગાં ઊભાં છે. તેનાથી દક્ષણાદી કોરે દોઢ ગાઉ છેટે ડુંગર “રતાળો” છે. તેમાં કોઈક યોગેશ્વર રહેતા. તે આવીને તે ખીજડાના ઝાડ હેઠે હંમેશાં ઊભા રહેતા.

એક દિવસ બ્રહ્માનંદસ્વામી નદીએ નાવા ગયા. ત્યાં યોગેશ્વર જોગકળાએ કરીને પોતાનાં સર્વે આંતરડાં પેટમાંથી બહાર કાઢીને નદીએ

બેઠા બેઠા ધોતા હતા. તે જોઈને બ્રહ્માનંદસ્વામી દિલગીર થઈને તે યોગેશ્વરના પગમાં પડ્યા. ત્યારે તે યોગેશ્વર બોલ્યા જે, "કાયકે વાસ્તે દિલગીર હોતે હો ?" ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "તુમ સરખા યોગેશ્વર મળ્યા તે અમારા જીવકા અબ અચ્છા હોય અને ઈસ જન્મમેં કલ્યાણ બી હોય. એસી બાત કરો."

ત્યારે યોગેશ્વર બોલ્યા જે, **"सुन बच्चा ! में बी मेरा जीवका कल्याणके वास्ते आ जग्या पर आता हुँ, ते कायके वास्ते आता हुँ? तो इस जग्या पर कल्याणकारी पुरुष आज रोज आनेवाला हता, सो आज तो न आये। फीर एक मास बित्या पीछे एक कल्याणकारी पुरुष गामकी पश्चिम बाजु वाडी गुंदीवालीकी उगमणी अने उत्तर तरफ शेढाके उपर खीजडाका वृक्ष तीन पंखाला ऊभा हे, तिस जग्या पर आवेगा, सो अपनेकुं मिलेगा तब तुमरा बी जीवका कल्याण हो जायगा, ओर अमेरा जीवका बी कल्याण होय जायगा। अने एसी बात कल्याणकारी पुरुषे हमकुं कही हे जे, 'श्रीरंगकुं तुम कहेना' ते बात हम तुमकुं कही."**

એમ કહીને તે યોગેશ્વર દક્ષણાદા પાછા(તરફ) રતાળા ડુંગરમાં ચાલ્યા ગયા. ત્યારપછી એક મહિને તે ખીજડાના ઝાડ હેઠે મહારાજ અમાસને દિવસે પધાર્યા અને બ્રહ્માનંદસ્વામી તે ખીજડાના ઝાડ હેઠે મહારાજ ભેગા થયા. અને ત્યાં મહારાજે બ્રહ્માનંદસ્વામીને ઘણીક વાતુ કરી. તે સાંભળીને મહારાજનો બ્રહ્માનંદસ્વામીએ આશ્રય કર્યો, એ પરચો આપ્યો. ॥૧૦॥

❋ ધમડકામાં ભૂતનો ઉદ્ધાર :

એક દિવસ ગામ **ધમડકા**માં શ્રીજીમહારાજ હરિજને સહિત ગામથી ઉગમણી કોરે વાડી છે ત્યાં નાવા પધાર્યા. મહારાજ ત્યાં નાહી કરીને બેઠા. ત્યારે હરિજને વાત કરી જે, "મહારાજ ! આ વડના વૃક્ષમાં ભૂત

બહુ રહે છે.” ત્યારે મહારાજે તે વડના વૃક્ષ સામું જોઈને હરિભક્તને કહ્યું જે, “જળનો લોટો ભરી લાવો.” ત્યારે મહારાજના હાથમાં જળનો લોટો હરિભક્તે ભરી આપ્યો. તેમાંથી મહારાજે જળની અંજલી ભરીને તે વડના વૃક્ષમાં છાંટ્યું. અને તે સર્વે ભૂતને બદરિકાશ્રમમાં મોકલ્યા. એવી રીતે હરિભક્તને મહારાજ પરચો આપીને ત્યાંથી દરબારમાં આવ્યા. ॥૧૧॥

❋ બળદિયાના રતનાભક્તની રક્ષા કરી : :

અને વળી ગામ **બળદિયા**માં કૃષ્ણ ભક્તનો દીકરો રત્નોભક્ત રહેતા હતા. તેને સત્સંગ થયો. તે ઘરમાં બાઈભાઈ સર્વે સત્સંગી થયાં. અને તેની ફઈ ને બહેન ગઢડે શ્રીજીમહારાજનાં દર્શને ગયાં. અને ત્યાં સાંખ્યયોગી બાઈઓ પાસે રહી ગયાં. પછી તે બાઈઓનાં સાસરિયાં ઉપાધિ કરવા લાગ્યાં. તેને લીધે નાત પણ ઉપાધિ કરવા લાગી. અને ગામમાં પણ સર્વે મનુષ્ય ઉપાધિ કરવા લાગ્યા. અને સાધુને ગામમાં પેસવા પણ ન દે. અને ગામમાં બીજો સત્સંગી કોઈ પણ નહિ જે સહાય કરે. પછી તેનો પાંચ-દશ રૂપૈયા દંડ પણ લીધો. પછી તે ભક્ત ત્યાંથી ઉચાળો લઈને ગામ કેરામાં જઈને સદાબાને આશરે રહ્યા.

પછી ગઢડે શ્રીજીમહારાજના દર્શને ગયા. ત્યારે રત્નાભક્તે કહ્યું જે, “હે મહારાજ ! હું તો ગામ બળદિયેથી ઉચાળો લઈને કેરામાં સદાબાને પાસે જઈને રહ્યો છું.” ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “તમારે ગામ બળદિયા ન મેલવું.” ત્યારે રત્નાભક્તે કહ્યું જે, “હે મહારાજ ! એ ગામમાં તો ઉપાધિ બહુ કરે છે, ને અમને બહુ હેરાન કર્યા અને સાધુને પણ ગામમાં પેસવા દેતા નથી. માટે તે ગામમાં કેમ રહેવાય?”

ત્યારે શ્રીજીમહારાજે બે-ત્રણ વાર કહ્યું જે, “તમારે બળદિયા ગામ ન મેલવું અને ત્યાં રહેવું.” ત્યારે તેને બીજા સત્સંગી પાસે હતા તેણે કહ્યું જે, “રત્ના ભક્ત ! તમને શ્રીજીમહારાજ વારે વારે કહે છે

ત્યારે તમે શીદ ના કહો છો ? હા, પાડો." ત્યારે રત્નાભક્તે કહ્યું જે, "હવે કેમ કરીને પાછા બળદિયામાં રહેવા જઈએ ?"

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, **"ગામનો ધણી તમને તેડવા આવે તો જાજો."** ત્યારે રત્નાભક્તે કહ્યું જે, "કોઈક મોટો ખેડુ હોય ત્યારે તેને તો ગામધણી તેડવા આવે, પણ મારા જેવા મજૂરને કોણ તેડવા આવે ?" ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "જો તેડવા આવે તો જાજો..!" ત્યારે રત્નાભક્તે કહ્યું જે, "સારું મહારાજ, તેડવા આવશે તો જઈશ." પછી પગે લાગીને ચાલ્યા તે ગામ કેરે આવ્યા.

ત્યારકેડે થોડાક મહિના પછી પૃથ્વી હાલી, તેથી ગામ બળદિયામાં ઘર સર્વે પડી ગયાં. ત્યારે તે ગામના ધણીએ ગામના મનુષ્યને બોલાવીને કહ્યું જે, "આ સર્વે ઘર પડી ગયાં છે તે સર્વે પાછાં ચણાવીને તૈયાર કરો." ત્યારે તે ગામના મનુષ્યે કહ્યું જે, "જેને ચણતાં આવડતું હતું તે સત્સંગી થયા, તેને ગામમાંથી કાઢ્યા, તેથી કેરામાં જઈને રહ્યા છે. તે હવે આંઈ એવા કડિયા બીજા કોઈ નથી." ત્યારે તે પીરે કહ્યું જે, "એને બોલાવી લાવો." ત્યારે તે ગામના મનુષ્યે કહ્યું જે, "અમારા બોલાવ્યા એ નહિ આવે."

ત્યારે તે પીરે કહ્યું જે, "એને તેડવા હું જાઉં તો તે આવે ?" ત્યારે તે ગામના મનુષ્યે કહ્યું જે, "એ ગઢડે સ્વામિનારાયણનાં દર્શન કરવા ગયા હતા. ત્યારે એને મહારાજે કહ્યું હતું જે, **'તમને ગામધણી તેડવા આવે તો જાજો.' તે તમે જાવ તો જરૂર આવે."**

પછી તે પીર પોતે પટેલિયાનાં ગાડાં લઈને ગામ કેરે ગયા. અને કૃષ્ણભક્તને અને રત્નાભક્તને કહ્યું જે, "તમે બળદિયે ચાલો." ત્યારે તે ભક્તે કહ્યું જે, "અમે આવીએ તો ખરા પણ જો ગામના મનુષ્ય નિંદા ન કરે તો આવીએ. અને જો કોઈ મનુષ્ય સત્સંગનું વાંકું ન બોલે અને અમારા સાધુને ગામમાં આવવા દે તો આવીએ." ત્યારે તે પીરે

કહ્યું જે, "ગામનો ધણી તો હું છું. ને હું તમને તેડવા આવ્યો છું. અને પટેલિયા પણ ગાડાં લઈને તેડવા આવ્યા છે. માટે હવે તમને કોણ કહેનાર છે ? કોઈ નહિ બોલે. અને જો તમને કોઈ ગામમાં બોલે તો તેને હું દંડ દેવાને સમર્થ છું. અને તમારા સાધુ જ્યારે આવશે ત્યારે હું મારા મેડા ઉપર ઉતારીશ. માટે ચાલો."

✹ વાલા પટેલને જમપુરી દેખાડી સત્સંગી કર્યા :

પછી ગાડા ઉપર ઘરનો સામાન સર્વે ભરીને ગામ બળદિયે આવ્યા અને પોતાનાં ઘર હતાં તેમાં આવીને રહ્યા. પછી તે રત્નાભક્તનો બનેવી વાલો પટેલ હતો તે બહુ ઉપાધિ કરતો હતો. તેને શ્રીજીમહારાજે દેહ મુકાવીને જમપુરીમાં લઈ ગયા. તેને પ્રથમ તો વૈતરણી નદી દેખાડી અને પછી નર્કના કુંડ દેખાડ્યા અને નવલાખ કુંડ દેખાડ્યા.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, **"ભગવાન ન ભજે અને ભગવાનના ભક્તનો દ્રોહ કરે અને ભગવાનના સંતની નિંદા કરે તેને માથે આ જમપુરીનાં સર્વે દુઃખ ભોગવવાનાં છે.** માટે તું અમારા ભક્ત જે કૃષ્ણભક્ત અને રત્નોભક્ત છે તેને રાતદિવસ પીડે છે અને હેરાન કરે છે. માટે આ સર્વે દુઃખ તારા સારુ તૈયાર કરી રાખ્યાં છે." ત્યારે તે વાલે પટેલે કહ્યું જે, **"હે મહારાજ ! આ જમપુરીનાં દુઃખ દેખીને મને અતિશે ત્રાસ ઉપજ્યો છે. માટે આ દુઃખ કેમ ખમાશે ? માટે કૃપા કરીને તમે જેમ કહો તેમ હું કરું, પણ આ જમપુરીનાં દુઃખ ટળે તેમ બતાવો."**

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "અમારા સત્સંગી જે કૃષ્ણ ભક્ત અને રત્નોભક્ત તેને તમે બહુ દુઃખ દીધાં છે. તેને પગે લાગીને રાજી કરો અને સત્સંગ કરો તો તમારે માથેથી જમપુરીના માર ટળે. માટે વર્તમાન ધારીને સત્સંગી થાવ તો અમે ભગવાન છીએ તે તમને ભગવાનના ધામમાં પોંચાડીએ." ત્યારે તે વાલે પટેલે

કહ્યું જે, "હવે મને મારા દેહમાં પહોંચાડો તો તમે જેમ કહો તેમ હું તત્કાળ કરું."

પછી શ્રીજીમહારાજે તે ભક્તને દેહમાં મૂક્યો. પછી સવારમાં ઊઠીને રત્નાને ઘેર આવીને બેઠો. અને તે રત્નાભક્તને કહ્યું જે, "તમે મને ખાવા દ્યો તો ખાઉં." ત્યારે તે રત્નોભક્ત તથા તેનાં ઘરનાં સર્વે મનુષ્ય ભેળાં થઈને કહેવા લાગ્યાં જે, "તું આજ વળી અમારે ઘેર ક્યાંથી આવ્યો ? અને વળી અમને હેરાન કરવા આવ્યો છે ?"

પછી તે વાત સાંભળીને બીજા મનુષ્ય આવ્યા. અને વાલાભક્તને કહ્યું જે, "તમે એમને ઘર શીદ આવ્યા છો ? તે વાત અમને તમે કહો તો એને અમે સમજાવીએ." ત્યારે તે વાલે કહ્યું જે, "સ્વામિનારાયણે મને આજ જમપુરી દેખાડી અને કહ્યું જે, 'તું અમારા સત્સંગી કૃષ્ણભક્ત તથા તેના ઘરના મનુષ્યને બહુ દુઃખ દે છે. તે આજ જમપુરીમાં માર ખાઈને મરી જઈશ અને દુઃખનો પાર નહિ આવે.' ત્યારે મેં કહ્યું જે, આ જમપુરીના માર મારે માથેથી કેમ ઊતરે ? તે મહારાજ, તમે કૃપા કરીને મને બતાવો.

ત્યારે સ્વામિનારાયણે કહ્યું જે, **"કૃષ્ણભક્તનાં ઘરનાં મનુષ્યને રાજી કર અને સત્સંગ કર તો જમપુરીનાં દુઃખ અને જમના મારથી તને ઉગારું. અને હું ભગવાન છું તે તમને ભગવાનના ધામમાં પહોંચાડીશ."** એમ કહીને મને આંહીં મહારાજે મોકલ્યો છે, તેથી હું આવ્યો છું. માટે મને તમે ખાવા આપો અને નિયમ ધરાવો, જેથી હું સત્સંગી થાઉં. અને ભગવાનનું ભજન કરું તો મારા જીવનું કલ્યાણ થાય. એમ મારે કરવું છે." ત્યારે તે સર્વે મનુષ્યે કૃષ્ણભક્તને અને રત્નાભક્તને કહ્યું જે, "હવે આના પેટમાં કાંઈ કપટ જણાતું નથી અને સત્સંગી થાવા આવ્યો છે. માટે એને વર્તમાન ધરાવો અને ખાવા દ્યો."

પછી તે ભક્તે તેને વર્તમાન ધરાવીને જમાડ્યો. પછી જમીને તે

વાલેભક્તે કહ્યું જે, “આજ દિવસ સુધી મેં તમારા બહુ અપરાધ કર્યા છે, તે અપરાધને તમે મારી ઉપર ક્રિપા કરીને માફ કરજો અને મને આજથી સત્સંગી જાણજો. અને તમે જ્યારે શ્રીજીમહારાજનાં દર્શને જાઓ ત્યારે મને દયા કરીને મહારાજનાં દર્શન કરાવજો.” પછી તે ભક્તે કહ્યું જે, “જો તમે આવશો તો દર્શન કરાવશું.” પછી ચાર મહિના કેડે સંઘ તૈયાર થયો. ત્યારે તે વાલા ભક્તને બોલાવ્યા અને કહ્યું જે, “તમારે શ્રીજીમહારાજના દર્શને આવવું હોય તો ચાલો.” ત્યારે તે ભક્તે કહ્યું જે, “હું તો વાટ જોઈને બેઠો છું.”

પછી સંઘ તૈયાર થઈને ગઢડે દર્શને ગયો. ત્યાં શ્રીજીમહારાજનાં દર્શન કરી પગે લાગીને બેઠા. પછી તે ભક્તને શ્રીજીમહારાજનો નિશ્ચય યથાર્થ થયો. અને **“મહારાજ તો અક્ષરાતીત શ્રીપુરુષોત્તમનારાયણ છે. તે મેં ઓળખ્યા અને હવે સંસારમાં શીદ કુટાઈ મરું ?” એમ કહીને તે સાધુ થયા અને તેનું નામ મુકુંદદાસજી પાડ્યું.** પછી તે શ્રીજીમહારાજનું વચન માનીને રત્નોભક્ત ગામ બળદિયે રહેવા ગયા, તેથી જે સત્સંગી ન હતા અને ઉપાધિ કરતા તે ઉપાધિના કરનારા સર્વે સત્સંગી થયા. અને જે સત્સંગી દેહ મૂકે તેને શ્રીજીમહારાજ તેડવા આવે છે અને કોઈ માંદો થાય તેને દર્શન દિયે છે. તે પ્રતાપ જોઈને ગામ આખું સત્સંગી થયું અને બે મંદિર થયાં છે. તેમાં મનુષ્ય સમાતાં પણ નથી. ॥૧૨॥

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે ‘મહારાજે માંડવીમાં ખૈયાને તથા ધમડકામાં બ્રહ્માનંદસ્વામીને તથા બળદિયાના ભક્ત રત્નાને પરચા પૂર્યા’ એ નામે નેવ્યાસીમો અધ્યાય ॥૮૯॥

અધ્યાય - ૯૦

દહિંસરાના કચરાભક્તને પુરુષોત્તમપણાનો નિશ્ચય કરાવ્યો

વળી ગામ **દહિંસરા**માં એક કચરોભક્ત નામે સત્સંગી હતા. અને તે ગામના કુસંગી તેને ઉપાધિ ઘણી કરતા અને સાધુને પણ ગામમાં પેસવા દેતા નહીં. પછી **સંવત્ ૧૮૮૬ (૧૮૮૫ ?)** ની સાલમાં રામનવમીના સમૈયા ઉપર વરતાલે શ્રીજીમહારાજનાં દર્શન કરવા (બળદિયા વગેરે) પોતપોતાના ગામથી સંઘ જાવાને તૈયાર થયા. ત્યારે કચરોભક્ત પણ (તેની સાથે) દર્શને ગયા. ત્યારે માર્ગમાં ચાલતાં રણને સમીપે ગામ **શીકારપર** ગયા.

ત્યારે પોતાના મનમાં એવો સંકલ્પ કર્યો જે, ‘ભગવાનનો અવતાર પૃથ્વી પર થાય ત્યારે ભગવાનના ચરણારવિંદમાં સોળ ચિહ્ન હોય. તે શાસ્ત્રમાં પણ કહ્યાં છે. તે શ્રીજીમહારાજના ચરણારવિંદમાં હું જોઉં અને જો ચિહ્ન હોય તો મહારાજ ભગવાન ખરા. અને તે ન હોય તો મહારાજને હું ભગવાનનો અવતાર માનું, પણ પૂર્ણ પુરુષોત્તમભગવાન ન માનું. અને વળી મને સ્વપ્નમાં પણ શ્રીજીમહારાજ અક્ષરધામમાં દર્શન કરવા તેડી ગયા હતા. તે દિવસે અક્ષરને દરવાજે બે કોરે બે કદમનાં ઝાડ અલૌકિક તેજોમય મને દેખાડ્યાં હતાં. અને તેને માંહિલી કોરે અક્ષરધામમાં મહા અલૌકિક એક અદ્‌ભુત તેજોમય અનંત દિવ્ય મણિઓ મને દેખાડી હતી. તેમાં કેટલીક તો રક્તમણિયું તથા અગણિત શ્યામમણિયું તથા અગણિત પીતમણિયું તથા અનંત નીલમણિયું તથા અનંત શ્વેતમણિયું તે જડેલ છે જેમાં, એવું દિવ્ય સિંહાસન તેના ઉપર બિરાજમાન એવા શ્રીજીમહારાજનાં અનંત મુક્તે સહિત અલૌકિક અદ્‌ભુત મને પૂર્વે સ્વપ્નમાં દર્શન થયાં હતાં.

અને તે સમે દિવ્ય ચંદન-પુષ્પથી શ્રીજીની અનંત અક્ષરમુક્તે પૂજા કરી હતી. તે ચંદને કરીને શ્રીજીનાં ચરણકમળ પર તથા તળાંમાં એક

આંગળ ચંદનનો લેપ ચડી ગયો હતો. તેનાં પણ મેં દર્શન કર્યાં હતાં. અને તે ચરણના તળામાં સ્વસ્તિક, અષ્ટકોણ, અંકુશ, ધ્વજ, કમળ, જવ, જંબુ, વજ્ર, ઊર્ધ્વરેખા તથા મચ્છ, ત્રિકોણ, અર્ધચંદ્ર, વ્યોમ, ગોપદ, ધનુષ, કળશ એ સોળ ચિહ્ન શ્રીજીમહારાજે મને દેખાડ્યાં હતાં. એવી રીતે મને શ્રીજીના સ્વપ્નમાં અક્ષરધામમાં દર્શન થયાં હતાં, તે શ્રીજીમહારાજ મને દેખાડે તો ભગવાન પૂર્ણ પુરુષોત્તમ હું માનું.'

એવો સંકલ્પ મનમાં કરીને પછી પોતાના ભેળા ગામ બળદિયાના રત્નાભક્ત હતા તેને પૂછ્યું જે, **“રતનાભાઈ ! આપણે મહારાજનાં દર્શન કરવા જઈએ છીએ. તે જો મહારાજના ચરણમાં સોળ ચિહ્ન હોય અને તે જો મને દેખાડે તો મહારાજને પૂર્ણ પુરુષોત્તમ અક્ષરાધિપતિ હું માનું. અને જો ન દેખાડે તો ભગવાનનો અવતાર હું માનું, પણ પૂર્ણ પુરુષોત્તમ અક્ષરાધિપતિ હું ન માનું. કેમ જે, મને સ્વપ્નમાં મહારાજનાં દર્શન થયાં હતાં ત્યારે મેં જોયાં હતાં.”** ત્યારે રત્નાભક્તે કહ્યું જે, “કચરાભાઈ ! મહારાજના ચરણમાં પણ તમે કહો છો તેમ સોળ ચિહ્ન છે, અને તેનાં આપને મહારાજ દર્શન પણ કરાવશે.” એવી રીતે માર્ગમાં ચાલતે વાત કરી.

પછી રામનવમીના સમૈયે વરતાલ જઈને શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં. પછી નવ દિવસ સુધી રહ્યા અને દશમે દહાડે ભક્ત કચરો તથા રતનો તથા ભક્ત કૃષ્ણ તથા દેવજી તથા ભટ્ટ જગજીવન આદિક હરિજને શ્રીજીને કહ્યું જે, “મહારાજ ! આજ અમારે સર્વેને તમારી પૂજા કરીને ચાલવું છે.” એમ કહીને તે હરિભક્તોએ કેડા-મોર (વારાફરતી) મહારાજની પૂજા કરી. તે સમે કચરાભક્ત પણ મહારાજની પૂજા કરીને ચાલ્યા.

ત્યારે શ્રીજીમહારાજે બોલાવીને કહ્યું જે, “તમે માર્ગમાં ચાલતાં ગામ શીકારપર આવ્યા ત્યારે તમે તમારા મનમાં સંકલ્પ કર્યો હતો જે,

'મહારાજના પગમાં સોળ ચિહ્ન હોય તો ભગવાન અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ખરા, અને તે ન હોય તો ભગવાનનો અવતાર ખરા, પણ પૂર્ણ પુરુષોત્તમ નહીં. અને વળી માર્ગમાં ચાલતે રતનાભક્તને કહ્યું જે, મહારાજના ચરણમાં સોળ ચિહ્ન હોય તો હું પૂર્ણ પુરુષોત્તમ અક્ષરાધિપતિ માનું, અને જો ન હોય તો ભગવાનનો અવતાર માનું.' તે તમારો સંકલ્પ રહી જાશે, અને તમે ભૂલી કેમ ગયા ? અમને પૂછતા પણ કેમ નથી ? આવો હું તમને અમારા ચરણારવિંદમાં સોળ ચિહ્ન છે, તેનાં તમને દર્શન કરાવું."

એમ કહીને પ્રથમ જમણા ચરણને પોતાના ઢીંચણ પર મેલીને પોતાના હાથે ચિહ્ન ગણીને કહ્યું જે, "કચરાભક્ત જુવો, આ સ્વસ્તિ છે, આ અષ્ટકોણ છે, આ અંકુશ છે, આ ધ્વજ છે, આ જવ છે, આ જાંબુ છે, આ વજ્ર છે, આ અંબુજ છે, આ ઊર્ધ્વરેખા છે. અને આ ડાબા ચરણમાં મચ્છ છે, આ ત્રિકોણ છે, આ ગોપદ છે, આ અર્ધચંદ્ર છે, આ વ્યોમ છે, આ ધનુષ્ય છે, આ કળશ છે, આ સોળ ચિહ્ન છે." એમ કહીને ચંદને લીપેલ ચરણારવિંદના તળામાં પોતાના હાથે સોળ ચિહ્ન ગણી દેખાડ્યાં. તે જોઈને **કચરાભક્તને પરિપૂર્ણ પુરુષોત્તમપણાનો અડગ નિશ્ચય થયો જે પ્રત્યક્ષ પુરુષોત્તમ તે જ આ શ્રીસહજાનંદસ્વામી છે. એવી રીતે નિશ્ચય કરીને ઘેર આવ્યા.**

પછી શ્રીજીમહારાજની ઇચ્છાએ કરીને ગામમાં સત્સંગ થયો અને બે મંદિર થયાં તેથી આખું ગામ પણ સત્સંગી થયું. અને **તે ગામમાં જે કોઈ હરિજન દેહ મૂકે છે તેને શ્રીજી તેડવા આવે છે. તે કોઈ માંદુ હોય તેને પોતે શ્રીજીમહારાજ દર્શન દેવા પધારે છે.** તે પરચો જોઈને સત્સંગી આનંદમાં શ્રીજીમહારાજનું ભજન કર્યા કરે છે. એવી રીતે પ્રગટ પ્રમાણ શ્રીજીમહારાજનો ઘણો જ પ્રતાપ છે. તેમાંથી થોડોક લખ્યો છે. ॥૧૩॥

✵ ગામ રવાનાં વાલબાઈને અંતકાળે દર્શન દઈ તેડી ગયા :

અને વળી ગામ **રવામાં** ભણસાળી ડોસી વાલબાઈને ટુંટિયું આવ્યું હતું. તેથી ડોસી માંદી થઈ ગઈ. તેને બે દિવસ થયા ત્યારે દેહ પડે એવું જણાણું. ત્યારે તે ડોસીનો દીકરો એક જ હતો. તેણે ડોસીને પૂછ્યું જે, "મા ! તમારે કેમ છે ? કાંઈ ઠીક છે ?" ત્યારે ડોસી કહે, "આ ટુંટિયાનો રોગ છે તેની જે પીડા છે, તે તો કહી જાય એવી નથી; પણ બે દિન થયા આ રોગ આવ્યો છે, તે ઘડીથી હું શ્રીજીમહારાજને સંભારું છું. તે જે દિવસ અમદાવાદમાં શ્રીનરનારાયણની શ્રીજીએ પ્રતિષ્ઠા કરી ને કાંકરિયા તળાવ પર મંચ ખોડ્યો હતો. તે પર શ્રીજી બિરાજમાન હતા. તે દિવસ મેં દર્શન કર્યાં હતાં. અને તે મંચને ચારે તરફ સાધુ ભરાઈને બેઠા હતા. અને બીજા મનુષ્યો પણ લક્ષાવધિ શ્રીજીના સામું જોઈ રહ્યા હતાં.

તે શ્રીજીમહારાજની મૂર્તિ સંત, સત્સંગી તે સર્વેનાં મને હમણાં દર્શન થાય છે. તેણે કરીને મને આનંદ છે અને તેથી મને કાંઈ પીડા જણાતી નથી. અને હવે પાંચ મુરત સાધુ લઈને શ્રીજીમહારાજ પધાર્યા છે. તે મને કહે છે જે, 'ચાલો.' તેથી હું હવે જાઉં છું. અને તમે સર્વે સત્સંગી શ્રીજીમહારાજનું ભજન કરશો તો શ્રીજીમહારાજ સર્વેને આવી રીતે તેડવા આવશે." એવી રીતે "જય શ્રીસ્વામિનારાયણ" કહીને, દેહ મૂકીને શ્રીજીમહારાજના ધામમાં ગયાં. ॥૧૪॥

✵ ગામ રવાના વિપો શાહ કહીને ધામમાં ગયા :

અને વળી તે ગામ **રવા**નો વાણિયો વિપોશા તેનાં સગાં-સંબંધી ઘરનાં મનુષ્ય સર્વે સિંધ દેશમાં કમાવા ગયાં. ત્યાં વિપો શેઠ માંદો થયો. તે સત્સંગી પણ પોતે એકલો અને બીજા સર્વે કુસંગી. તે જ્યારે બહુ માંદો થયો ત્યારે તેનાં સગાં હતાં તે બોલ્યાં જે, "તમે કહો છો જે, 'સત્સંગી જ્યારે દેહ મૂકે ત્યારે અમને અમારા ગુરુ સ્વામિનારાયણ

તેડવા આવે છે.' તે આજ કેમ તેડવા ન આવ્યા ?" ત્યારે તેને કુસંગીએ સંભારી દીધા એટલે એને મહારાજની મૂર્તિ સાંભરી આવી. પછી તે ભક્તે "સ્વામિનારાયણ..!" એમ કહીને કહ્યું જે, "મને સ્વામિનારાયણ તેડવા આવ્યા છે. તેથી હવે હું જાઉં છું."

ત્યારે તેનાં સગાં કુસંગી હતાં તેણે કહ્યું જે, "અમને કાંઈ નિશાની દ્યો તો માનીએ." ત્યારે તે વિપા શેઠે કહ્યું જે, "નિશાની એ છે જે રવાના સત્સંગી સર્વે વગડે કામે ગયા છે, ને ગામમાં કોઈ નથી. અને એક હંસરાજ ગામમાં છે. તે પણ ગામનો ઝાંપો મેલીને સેંડે(વાડમાં કરેલા માર્ગે) થઈને ગામમાં પેઠો, તેથી તે દરબારના ગુનામાં આવ્યા અને દરબારે બેસારી મૂક્યો છે. અને તે સમે સાધુ નિર્લોભાનંદસ્વામીનું મંડળ સાત મુરતનું આવ્યું છે. તે ગામના મનુષ્યને આવીને પૂછ્યું જે, 'સત્સંગી સર્વે ક્યાં ગયા છે ?'

ત્યારે તે મનુષ્યે કહ્યું જે, 'બીજા સત્સંગી તો વગડે કામે ગયા છે, અને હંસરાજને તો દરબારે બેસારી મેલ્યા છે. તે નિશાની છે. તે દિવસ, વાર અને મહિનો એ સર્વેની યાદી રાખજ્યો. અને ઘેર જાઓ ત્યારે ગામમાં જઈને પૂછજ્યો." એમ કહીને વિપો શેઠ તો દેહ મૂકીને ભગવાનના ધામમાં ગયા. અને તેનાં સંબધી જ્યારે એના ગામમાં આવ્યાં ત્યારે હંસરાજને પૂછ્યું. ત્યારે તે હંસરાજે કહ્યું જે, "તમે જે વાત પૂછી તે વાત સર્વે સાચી છે." ॥૧૫॥

❋ અંતકાળે વર્તમાન ધરાવવાથી પણ ધામ મળ્યું :

વળી ગામ **ધુફી**માં શેઠ ભારમલ હતો. તે સત્સંગી નહોતો. તેની દીકરી સાતેક વરસની હતી. તે માંદી થઈ અને તેને ભોંય-પથારી કરીને સુવારી. ત્યારે તેના પાડોશી ભણસાળી સત્સંગી હતા, તેને ખબર પડી જે, 'આપણા પાડોશી ભારમલની દીકરી માંદી છે. તેથી આપણે સત્સંગી ભેળા થઈને તેને ઘેર બેસવા જઈએ તો તેને સારું લાગે.' પછી ભક્ત

જેઠો તથા કરમશી તથા રતનશી તથા પ્રધાન ભારસી તથા કેશવ તે સર્વે ભેળા થઈને ગયા. ત્યારે ભારમલ બહુ રાજી થયો અને ઊઠીને સાદરી પાથરીને કહ્યું જે, "તમે અમારા ઉપર કૃપા કરીને ભલે પધાર્યા! અને આવો બેસો." ત્યારે તે સર્વે બેઠા.

પછી તે ભારમલને કહ્યું જે, "અમારે **શ્રીજીમહારાજની આજ્ઞા છે જે, 'સત્સંગીને પાડોશમાં કોઈ માંદો મનુષ્ય હોય ને તે જો સત્સંગી ન હોય અને તેને ઘેર સત્સંગી જઈને વર્તમાન ધરાવે તો તેને અંતકાળે (અમે) તેડવા જઈએ છીએ.'** તે માટે તમારી દીકરી માંદી છે તેને અમે વર્તમાન ધરાવીએ તો શ્રીજીમહારાજ તેડવા આવે અને એના જીવનું રૂડું થાય." ત્યારે ભારમલે કહ્યું જે, "તમે તો અમારા હેતુ છો, તમે બહુ સારું કહ્યું. એ બાઈને વર્તમાન ધરાવો અને એના જીવનું રૂડું થાય તો બહુ સારું."

પછી તે સત્સંગીએ વર્તમાન ધરાવ્યાં. પછી તે બાઈ ઊઠીને પગે લાગી. ત્યારે તે સત્સંગીએ કહ્યું જે, "બાઈ ! તું કેને પગે લાગી ?" ત્યારે તે બાઈએ કહ્યું જે, "સ્વામિનારાયણને પગે લાગી." ત્યારે તે સત્સંગીએ કહ્યું જે, "સ્વામિનારાયણ ક્યાં છે ?" ત્યારે તે બાઈએ કહ્યું જે, "ગઢડામાં વાડી છે. તેમાં આંબાવાડિયામાં આંબા હેઠે ઓટો છે તે ઓટા ઉપર ઢોલિયો ઢાળ્યો છે, તે ઉપર સ્વામિનારાયણ ઉગમણે મુખારવિંદે બિરાજે છે. અને આગળ સાધુ વાજિંત્ર વજાડીને કીર્તન ગાય છે. અને સંતની સભા ભરાઈને બેઠી છે. અને દેશ દેશના સત્સંગી પણ હજારું આગળ બેઠા છે. અને આંહીંનો સંઘ ગયો છે તે પણ સર્વે ઊભા છે."

ત્યારે તે સત્સંગીએ કહ્યું જે, "તું કહે છે તે વાત સાચી, પણ અમે દેખતા નથી. તે માટે તું આપણા ગામના સત્સંગી જે ગઢડે ગયા છે અને શ્રીજીમહારાજનાં દર્શન કરે છે તેને તું પૂછી લે કે, તમે ધુફીએ કે દિ' આવશો ? તે વાત અમને તું પૂછીને કહે. પછી તે તારી વાત

ને તે સત્સંગીની વાત મળતી આવશે તો અમને વિશ્વાસ આવશે." ત્યારે તે બાઈએ કહ્યું જે, "હું પૂછી જોઉં."

પછી તે બાઈએ શ્રીજીમહારાજને પૂછી જોયું જે, "હે મહારાજ ! અમારા ગામના સત્સંગી પાછા ધુફીએ કેટલા દિવસે આવશે ?" ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "આંહીંથી કાલ ચાલશે અને દશ દિવસે આવશે." ત્યારે તે બાઈએ કહ્યું જે, "સત્સંગી જ્યારે આવે ત્યારે તેમને તે પૂછી જોજો. તે તમને કહેશે તે દહાડે તમને વિશ્વાસ આવશે. હવે શ્રીજીમહારાજ મને કહે છે, 'તું ચાલ, તને ભગવાનના ધામમાં પહોંચાડીએ.' તે માટે હું તો હવે જાઉં છું. અને તમે ભગવાનને ભજશો તો જમપુરીના મારથી છૂટશો. અને સ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન છે તે અક્ષરધામમાં તેડી જાશે. અને મને તેડી જાય છે તેથી હું જાઉં છું." એમ કહીને દેહ મૂકીને ભગવાનના ધામમાં ગઈ.

પછી દશ દિવસ થયા ત્યારે તે સત્સંગી આવ્યા, તેને સર્વે વાત પૂછી. ત્યારે જેમ બાઈએ વાત કરી હતી તેમ જ બરાબર વાત મળી. ત્યારે તે બાઈનાં સગાં-સબંધી ને નાતીલાં તે ઘણાક સત્સંગ કરીને શ્રીજીમહારાજના આશ્રિત થયાં. અને સર્વે શ્રીજીમહારાજનું ભજન કરવા લાગ્યાં. અને એ પરચો જોઈને સર્વે આનંદ પામ્યાં અને મનમાં એમ જાણ્યું જે, 'જેમ એ બાઈને શ્રીજીમહારાજ ધામમાં તેડી ગયા તેમ આપણને પણ તેડી જાશે.' એમ પરસ્પર કહીને ખબડદાર થઈને શ્રીજીમહારાજનું ભજન કરવા લાગ્યાં. ॥૧૬॥

❋ મહારાજે કચ્છના ફકીરને નિશ્ચય કરાવ્યો :

કોઈક સમે મહારાજ અને કાળાતળાવના રવજીભાઈ અને ગામ તેરાના માવજીભાઈ તે કચ્છમાં આવ્યા. તે રણ ઊતરીને કોઈક ગામના તળાવ તટે ઊતર્યા હતા. તે સમયમાં કોઈક ફકીર કચ્છમાંથી સામે કાંઠે જાતો હતો. તે મહારાજ પાસે આવીને ઊભો રહ્યો. ત્યારે મહારાજ

બોલ્યા જે, "સાંઈ ! ક્યાં રહેતે હો ?" ત્યારે તે બોલ્યો જે, "દિલકે ભીતર." ત્યારે મહારાજ બોલ્યા જે, "દિલકે ભીતર સાહેબકા તબેલા હે, સો તૂમ દેખ્યા હે ?" ત્યારે તે કહે જે, "નહિ દેખ્યા હે."

પછી મહારાજે તેને ધામ દેખાડ્યું તેથી તેને સમાધિ થઈ ગઈ. અને ત્યાં મહારાજનાં અલૌકિક ભારે ઐશ્વર્ય જોઈને અતિશય આશ્ચર્ય પામ્યો. ને સમાધિમાંથી જાગીને મહારાજને પગે લાગીને એમ બોલ્યો જે, "તુમ તો ખુદા હો." પછી મહારાજ બોલ્યા જે, "સાંઈ ! તુમ જાઓ." ત્યારે જાણે જે 'ભગવાનને કેમ પૂંઠ થાય ?' એટલે પાછે પગે ચાલ્યો, તે થોડુંક ચાલે એટલે મહારાજની મૂર્તિ જોઈને તેની વૃત્તિ તણાય, તેથી પાછો મહારાજ પાસે આવે. એમ બે-ચાર વાર થયું એટલે મહારાજ બોલ્યા જે, "આડું વસ્ત્ર ઝાલો." પછી રવજીભાઈએ વસ્ત્ર આડું ઝાલ્યું એટલે તે ગયો. એમ મહારાજે એને ઐશ્વર્ય દેખાડ્યું. ।।૧૭।।

✵ વઢવાણના દેવકૃષ્ણ માટે સમુદ્રનું પાણી મીઠું કર્યું :

અને ક્યારેક શ્રીજીમહારાજ ઘણાક સાધુને ભેળા લઈને કચ્છમાં આવ્યા. અને વઢવાણના ઉપાધ્યાય દેવકૃષ્ણ પણ ભેળા હતા. અને રણમાં ચાલ્યા એટલે દેવકૃષ્ણ બહુ તરસ્યા થયા, પણ પાસે જળ નહિ તેથી પીડા પામ્યા. અને મહારાજને કહ્યું જે, "મને તરસ ઘણી લાગી છે, અને પ્રાણ જાય એમ થાય છે." ત્યારે મહારાજ એમ બોલ્યા જે, "ગંગા-જમુના સમુદ્રમાં ભળે છે તેની સેર્યું સમુદ્રમાં આવે છે, ત્યાં પાણી મીઠું હોય છે, તે ચાખી જુવો." ત્યારે ચાખી જોયું તો ખારું લાગ્યું. પછી દશ-વીસ પગલાં ચાલીને જોયું ત્યારે ગંગાજળ જેવું હતું તે પીધું અને બીજાએ પણ પીધું. પછી ચાખ્યું ત્યારે ખારું લાગ્યું. ।।૧૮।।

✵ ભુજના વાલજી મલને અંતકાળે દર્શન :

ભુજના વાલજી મલ્લે દ્વારિકામાં દેહ મેલ્યો તે સમયે શ્રીજીમહારાજ તેજોમય સ્વરૂપે તેમને દેખાણા. અને દ્વારિકા પણ તેજોમય સુવર્ણની

દેખાણી. એવી રીતે અલૌકિક દર્શન થયાં. તે જોઈને તે એમ બોલ્યા જે, “અતિ તેજોમય સ્વરૂપે મને મહારાજ તેડવા આવ્યા છે તે ભેળો હું અક્ષરધામમાં જાઉં છું.” એમ કહીને દેહ મેલ્યો. તે ચમત્કાર જોઈને કેટલાક જનને નિશ્ચય થયો. ॥૧૯॥

❋ સચ્ચિદાનંદસ્વામીને જીવાડ્યા :

અને ક્યારેક સચ્ચિદાનંદસ્વામી વહાણે બેસીને કચ્છ દેશમાં શ્રીજીમહારાજના દર્શને ગયા. તે અતિ સ્નેહે કરીને તેને સમાધિ થઈ ગઈ. તેને દિવસ ત્રણ વહી ગયા. ત્યારે સમુદ્રને કાંઠે (કોઈ) ગયા. ત્યારે તેમને જોઈને સમીપે જે મનુષ્ય હતાં તેણે જાણ્યું જે, ‘આ સાધુ દેહ મૂકી ગયા છે.’ એમ જાણીને તેના દેહને દેન(અગ્નિ) દેવા સારુ સ્મશાનમાં લઈ ગયા અને ચિતામાં સુવાર્યા. અને તે મનુષ્ય તેના દેહને અગ્નિ મૂકવા તૈયાર થયા. તે સમે શ્રીજીમહારાજે આવીને સચ્ચિદાનંદસ્વામીને જીવાડ્યા. તેને જોઈને સમીપે જે મનુષ્ય હતાં તે સર્વે ઘણું આશ્ચર્ય પામ્યાં. ॥૨૦॥

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે ‘મહારાજે ગામ દહીંસરાના ભક્ત કચરાને તથા રવામાં વાલબાઈને તથા વીપાશાને તથા ધુફીમાં ભારમલની દીકરીને અને ભુજના વાલજી મલને તથા સચ્ચિદાનંદસ્વામીને પરચા પૂર્યા’ એ નામે નેવુંમો અધ્યાય ॥૯૦॥

અધ્યાય - ૯૧

રવજી સુતારનાં ઐશ્વર્યનું હરણ

રવજી સુતાર રામાનંદસ્વામી છતાના સત્સંગી હતા. અને સમાધિનિષ્ઠ હતા ને બાળ બ્રહ્મચારી હતા, પણ સમાધિએ કરીને સ્વતંત્ર થઈ ગયા હતા. પછી હરિભક્ત બાઈભાઈ જેને બ્રહ્મમહોલમાં જાવું હોય તેને તેડી જાય. પછી સુંદરજીએ મહારાજ ઉપર કાગળ લખ્યો જે,

'રવજી પોતે પ્રભુ થયો છે.' તે કાગળ કુંડળ ગામમાં મહારાજ પાસે વાલજી લાવ્યો. ત્યાં મહારાજ ઉગમણે મુખારવિંદે મામૈયા પટગરની ઓસરી ઉપર ઢોલિયા ઉપર બિરાજમાન હતા. અને મૂળજી બ્રહ્મચારી, આત્માનંદસ્વામી અને ગોપાળાનંદસ્વામી ત્યાં બેઠા હતા. ત્યાં વાલજી સુતારે તે કાગળ આપ્યો. ત્યારે તે કાગળ મહારાજે વાંચવા માંડ્યો. ત્યારે વાલજીએ કહ્યું જે, "એક કોર બેસીને વાંચો તો ઠીક." પછી મહારાજે ઢોલિયેથી ઊતરીને એકાંતે વાંચ્યો. અને વાંચીને ફાડી નાખ્યો અને આવીને હસતાં હસતાં ઢોલિયે બેઠા.

પછી આત્માનંદસ્વામી સામું જોઈને કહ્યું જે, "તમે કાળાતળાવવાળા રવજીને ઓળખ્યો ?" ત્યારે તેમણે કહ્યું જે, "ના, મેં સાંભળ્યા છે, પણ ભેળા થયા નથી." પછી મહારાજે કહ્યું જે, "એ તો પ્રભુ થયો છે. જુવો છોને જીવનો સ્વભાવ ! જેને પ્રતાપે અક્ષરધામ પમાય છે તેને તો વિસારી મૂકે છે અને પોતે ધામી થઈને બેસે છે." એમ કહીને હોઠ ડસીને થોટ ઉપાડી. અને આત્માનંદસ્વામીને કહ્યું જે, "તમે ભુજ જાવ ને બે થોટ મેલજો અને કહેજો જે, તું કોઈકની નાડી તાણ કાં તો હું કોઈકની નાડી તાણું, કાં તો તું બ્રહ્મમહોલમાં તેડી જા, કાં હું તેડી જાઉં."

✵ આજ્ઞા કડવી લાગે પણ એમાં જ સુખ છે :

પછી મહારાજે દૃષ્ટાંત દઈને વાત કરી જે, "એક લીંબડો ઘૂંટીને તાસળી ભરી હોય અને એક સાકર ઘોળીને તાંસળી ભરી હોય, એમાં કયું ગળ્યું ?" એની વાત સમજ્યા સારુ દસ વાર કરી. ત્યારે સૌને કહ્યું જે, "સાકર ગળી." પછી મહારાજે કહ્યું જે, "રોગીને લીંબડો ગુણ કરે અને રોગ ગયા કેડે સાકર ગુણ કરે. એમ અમારાં વચન હમણાં લીંબડા જેવાં લાગે છે, પણ મન-કર્મ-વચને કરીને જે દિવસ માનશે તે દિવસ (જીવ) સુખિયો થાશે."

અને બીજું દૃષ્ટાંત દીધું જે, "જેમ પાદશાહ ઓરડામાં બેઠો હોય અને તે પછીત કાચની હોય. અને તેમાં જેવાં ઘરેણાં ને વસ્ત્ર સહિત બેઠો હોય, તેવો ને તેવો જ તે પછીતમાં પ્રતિબિંબ દેખાય. ત્યારે પાદશાહને સલામ કરવા આવે તે પ્રતિબિંબને સલામ કરે ત્યારે પાદશાહને કેવું સારું લાગે ?" ત્યારે સૌએ કહ્યું જે, "કાંઈયે સારું ન લાગે."

પછી મહારાજ બોલ્યા જે, "સારો શું લાગે ? તેને તો તત્કાળ તોપને મોઢે બાંધે. કાં જે, તેને એમ જણાય જે હું સાક્ષાત્કાર બેઠો છું અને મારા ઓછાયાને પગે લાગે છે ! તેમ જીવ સમાધિમાં કાંઈક ચમત્કાર જેવું દેખે છે ત્યારે ત્યાં મોહ પામી જાય છે, પણ એમ નથી જાણતો જે મને સમાધિ કરાવી છે તેના હાથમાં અનંત ચમત્કાર રહ્યા છે." એ દિશની ઘણીક વાત કરી.

પછી આત્માનંદસ્વામીને કહ્યું જે, "તમે ભુજ જાઓ અને રવજીને આંહીં મોકલજો અને આંહીં ન આવે તો સત્સંગમા નહીં." અને મહારાજે કુંડળમાં થપાટ ઉપાડી ત્યાંથી સમાધિ તો ટળી ગઈ અને મોર્યે હતો એવો પણ ન રહ્યો." પછી બહુ મંદ થયો ત્યારે ગોંડલમાં મહારાજ પાસે આવ્યો અને કહ્યું જે, "મહારાજ ! ભૂલ પડી." પછી મહારાજે હરભમ ઉપર કાગળ લખ્યો જે, "એને બળદ લઈ આપજો અને રહેવા સારુ ખોરડું કરી આપજો." પછી હરભમભાઈએ મહારાજની આજ્ઞા અનુસાર કરી આપ્યું તેથી રવજીભાઈ કાળતળાવ રહેતા. ॥૨૧॥

✵ કાળાતળાવમાં કૂવામાં ચરણ રાખી પાણી કાઢ્યું :

એક સમે શ્રીજીમહારાજ **કાળાતળાવ**માં બિરાજમાન હતા. તે સમે તળાવના કૂવામાં પાણીની બહુ તંગાસથી લોકોને ઘણું દુઃખ થયું. પછી શ્રીજીમહારાજ કૂવાના કાંઠા ઉપર બેસીને કૂવામાં પોતાના ચરણારવિંદને ઢળતા મેલ્યાં. પછી કૂવાનું પાણી મહારાજના ચરણારવિંદને સ્પર્શ કરતું સતું ઊંચું આવ્યું. પછી જ્યારે જ્યારે મહારાજ સાધુને વાસ્તે પાણી

ભરવું હોય ત્યારે ત્યારે પોતે કૂવા ઉપર જઈને પોતાનાં ચરણારવિંદ કૂવામાં રાખીને બેસે. ત્યારે પાણી ઉપર આવે અને પછી પાણી સાધુ વાસ્તે ભરી લે.

અને જ્યારે મહારાજ કૂવે પધારે ત્યારે ગામના સૌ લોક પણ પરસ્પર એમ બોલે જે, "ચાલો પાણી ભરવા, સુતારનો બાવો જાય છે." એમ કહીને સૌ પાણી ભરવા આવે. તે મહારાજ જ્યાં સુધી કૂવા ઉપર રહે ત્યાં સુધી પાણી ઊંચું રહે. અને કૂવાથી હેઠા ઊતરીને ઉતારે પધારે ત્યારે પાણી નીચું ઊતરી જાય. એવી રીતે મહારાજે કાળાતળાવમાં પોતાનો ઘણોક પ્રતાપ દેખાડ્યો. ॥૨૨॥

✹ સાધુના દ્રોહથી દહિંસરાના ગામધણીનો નાશ :

એક સમે ગામ દહિંસરાથી સાધુ નાના આનંદાનંદસ્વામી આદિ સાધુ મુરત તેર ચાલ્યા, તે ગામ રામપુર જાતાં માર્ગમાં ગામ સરલીની સીમ આવી. ત્યારે ત્યાં ગામ સરલીનો ધણી ચારણ ઉદેરામ તે સાધુની પાસે આવીને પૂછવા લાગ્યો જે, "તમે કેના સાધુ છો ? અને મારા ગામની સીમમાંથી કેમ ચાલ્યા જાવ છો ?" ત્યારે સાધુ બોલ્યા જે, "અમે સ્વામિનારાયણના સાધુ છીએ."

ત્યારે તે ઉદેરામ બોલ્યો જે, "તમારા સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે. અને તમે જ્યારે સ્વામિનારાયણના સાધુ છો, ત્યારે મારા ગામની સીમમાંથી ચાલ્યા, માટે ચાલો તમે મારા ગુનામાં આવ્યા છો." ત્યારે તે સાધુ બોલ્યા જે, "ભાઈ ! અમે કાંઈ તારા ગામની સીમમાંથી વસ્તુ ઉપાડી નથી અને અમને શા વાસ્તે તું કહે છે જે, તમે મારા વાંકમાં આવ્યા છો ? અને અમો તો ભેખ છીએ ને રમતારામ છીએ, તે ગામ રામપુર ચાલ્યા જઈએ છીએ."

ત્યારે તે ઉદેરામ બોલ્યો જે, "તમે સુઝે તેમ મને કહી સમજાવશો તોપણ હું તમને લઈ જઈશ." ત્યારે તે સાધુ બોલ્યા જે, "તારી મરજી,

એમ હોય તો ચાલ અમે આવીએ.” એમ કહીને તે સાધુ ઉદેરામ ચારણ ભેગા ગામ સરલીએ ગયા. ત્યારે તે ઉદેરામે સાધુને પોતાની મેડીમાં પૂરી મૂક્યા. ને રાત પડી ત્યારે તે સાધુ તે મેડી ઉપર અર્ધી રાત પર્યંત ઊંચે સાદે કીર્તન બોલ્યા. અને ત્યારપછી “સ્વામિનારાયણ, સ્વામિનારાયણ” ભજન કરતા થકા સૂઈ ગયા.

ત્યારપછી તે રાતમાં શ્રીજીમહારાજ લાખો મનુષ્યની ફોજ લઈને ભયંકર વેશવાળા, અને અસ્ત્ર-શસ્ત્ર ધારણ કર્યાં છે જેણે એવી ફોજે સહિત તે ઉદેરામના ફળિયામાં આવીને ઊંચે સાદે બોલીને કહ્યું જે, “ક્યાં ગયો ઉદેરામ..? અમે તેને પકડીને કોટડીમાં પૂરીને કેદ કરવા આવ્યા છીએ.” તે શબ્દને સાંભળીને તત્કાળ જાગ્રત થઈને તે ઉદેરામ ઊઠીને પોતાના ઘરનું બારણું ઉઘાડીને બહાર જોયું. ત્યાં તો ભયંકર છે વેશ જેના અને હાથમાં અસ્ત્ર ને શસ્ત્રને ધારણ કરેલાં છે હથિયાર જેણે, એવી લાખું માણસની ફોજ દેખીને ઉદેરામ થરથર કંપવા લાગ્યો.

ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજ બોલ્યા જે, “આજ દિવસના અમારા સાધુ ગામ રામપુરને માર્ગે ચાલ્યા જતા હતા. તેને તેં ઝાલીને તારી મેડી ઉપર ચડાવીને શા વાસ્તે પૂરી મૂક્યા છે ? તેનો જવાબ દે. અને તે સાધુ તારા શું ગુનામાં આવ્યા છે ? તેનો જે ગુનો હોય તે તું અમને કહે.” ત્યારે તે ઉદેરામ થરથર કંપતો થકો બોલ્યો જે, **“એ સાધુ મારા બીજા તો કાંઈ વાંકમાં નથી આવ્યા, પણ મારા ગામની સીમમાંથી ચાલ્યા ગયા. એટલા જ ગુના માટે મેં તે સાધુને મેડીમાં પૂર્યા છે.”**

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “એ સાધુ માર્ગે ચાલ્યા ગયા એટલા વાંક માટે તેં એ સાધુને મેડીમાં પૂર્યા છે, પણ તારે તો આ ચૌદ કરોડ નર્કના કુંડમાં તથા ચોરાશી લાખ યોનિઓમાં પુરાવું પડશે. અને થોડાક દાડામાં તારું ગામ પણ તારે ઘેર નહિ રહે.” એમ કહીને સાખી બોલ્યા જે,

સંત સંતાપે જાત હે રાજ, ધર્મ અરુ વંશ;
તુલસી ત્રણ્યે ટિલે ન દેખ્યા, કૌરવ રાવણ ને કંસ.

એ સાખી બોલીને તે ઉદેરામને યમપુરી બતાવીને કહ્યું જે, "એ સાધુને પૂર્યા છે તે છોડી મૂકજે, નહિ તો આ સર્વે દુઃખ તારે ભોગવવાં પડશે." એમ કહીને અંતર્ધાન થઈ ગયા. ત્યારે ઉદેરામ તે સાધુ મેડી ઉપર સૂતા હતા ત્યાં જઈને અર્ધી રાતે સાદ કર્યો ને સાધુને જગાડીને કહ્યું જે, "તમે મારી મેડીમાંથી ઊતરીને બહાર જાઓ." ત્યારે સાધુ બોલ્યા જે, "અત્યારે અડધી રાતે અમે ક્યાં જઈએ ? સવારે ઊઠીને ગામ રામપુર જાશું."

ત્યારે તે ઉદેરામ બોલ્યો જે, "ના, અત્યારે ને અત્યારે તમે મારી મેડીમાંથી ભલા થઈને બહાર જાઓ, નહિ તો મારો કાળ હું સમીપે દેખું છું." એવા ઉદેરામનાં વચન સાંભળીને સાધુ રાતે ત્યાંથી ચાલ્યા, તે દક્ષણાદી નદીને કાંઠે વડના વૃક્ષમાં ઘણાંક ભૂત રહેતાં તે સાધુને આવતાં જોઈને ત્યાંથી તત્કાળ ચાલી નીસર્યા. અને સાધુ વડના વૃક્ષ તળે જઈને રાતે સૂઈ રહ્યા. અને સવારે ઊઠીને ગામ રામપુર ગયા. ત્યારપછી તે ઉદેરામને ઘેર ગામ સરલી ન રહ્યું અને તેનાં ઘર-ખોરડાં સહિત પોતે નાશ થઈ ગયો. ॥૨૩॥

✹ અંતકાળે ચરિત્ર સંભારવાથી ધામ મળ્યું :

અને વળી એક દિવસ ગામ **કંથકોટ**માં એક લવાણો મુમૈયો(મામૈયો) માંદો થયો. તેને પદમશીભક્ત જોવા ગયા. ત્યારે ત્યાં જઈને બેઠા. પછી તેને પૂછ્યું જે, "મુમૈયા ! કેમ છે ?" ત્યારે મુમૈયો બોલ્યો જે, "ભૂંડા હાલ છે, ને પીડા બહુ થાય છે. અને અન્ન પણ નથી ખવાતું ને જીવ પણ નથી જાતો, ને હેરાન ઘણો થાઉં છું." ત્યારે પદમશીભાઈએ કહ્યું જે, "તમે ગાડું ભાડે કરીને અમારી સાથે વડતાલ આવ્યા હતા, ને ત્યાં શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં હતાં તેને સંભારો. અને સાધુ ને

સત્સંગીની સભા ભરાણી હતી તેનાં દર્શન કર્યાં હતાં તેને સંભારો. અને ત્યાં પાંચ દિવસ રહ્યા. પછી આપણે ત્યાંથી ચાલ્યા ને રણમાં આવ્યા, ત્યારે આપણને ચોરે લૂંટવા માંડ્યા, ત્યારે શ્રીજીમહારાજ ઘોડે ચડીને પધાર્યા હતા અને ચોરને તગડી મેલ્યા હતા. પછી આપણને કટારિયા સુધી પહોંચાડીને અંતર્ધાન થઈ ગયા અને આપણી રક્ષા કરી. તે મૂર્તિને તમે સંભારો તો તમારી સર્વે દુઃખ થકી સહાય કરશે."

ત્યારે મુમૈયો બોલ્યો જે, "બીજા દેવ જેટલા પૃથ્વી ઉપર છે તે સર્વેને સંભાર્યા પણ કોઈએ સહાય કરી નહિ અને હવે તમે કહ્યું ત્યારે લ્યો, સ્વામિનારાયણને સંભારું." પછી મુમૈયે મહારાજની મૂર્તિને ઘડી વાર સંભારીને નારાયણધૂન કરી. ત્યારે તેને શ્રીજીમહારાજનાં દર્શન થયાં.

ત્યારે તે મુમૈયે પદમશીને કહ્યું જે, "તમે આવ્યા તે બહુ સારું કર્યું. અને મને મહારાજની મૂર્તિની સ્મૃતિ કરાવી, તેથી મારી પીડા સર્વે મટી ગઈ ને શાંતિ થઈ. જેમ રણમાં ચોર થકી આપણી રક્ષા કરી તેમ મારી પીડા થકી અને યમના દૂત થકી રક્ષા કરી. અને મેં તો સત્સંગની ને મહારાજની બહુ નિંદા કરી છે, પણ મારા અપરાધ સામું ન જોયું. અને મેં ઘડીક મહારાજને સંભાર્યા તેથી મને દર્શન દઈને મારાં દુઃખ સર્વે ટાળી નાખ્યાં. અને શ્રીજીમહારાજ કહે છે જે, 'તું ચાલ.' માટે હવે હું મહારાજ ભેળો જાઉં છું અને મારું કલ્યાણ થયું." એમ કહીને દેહ મૂકીને ભગવાનના ધામમાં ગયો. એવો પ્રતાપ શ્રીજીમહારાજનો છે. ॥૨૪॥

❋ વચન લોપવાથી કંથકોટના રાજાને દુઃખ :

સંવત્ ૧૮૬૭માં શ્રીજીમહારાજ **કંથકોટ** પધાર્યા અને કચરાભક્તને ઘેર ઊતર્યા. તે સમે ત્યાંના દરબાર દર્શને આવ્યા. તેની આગળ મહારાજે વાત કરી જે, "તમારા ગામમાં ગૌભંગ થાય છે, તે બંધ કરો." ત્યારે તે દરબાર બોલ્યા જે, "ગૌભંગ કરે છે ને પાપ કરે છે, પણ મારા રાજની રક્ષા કરે છે." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "પાપ કર્યાથી

તો રાજ્ય જાય, પણ રહે નહીં." એ પ્રકારની ઘણીક વાત કરી. તે સાંભળીને રાજા ઊઠી ગયો. અને મહારાજે સત્સંગીને કહ્યું જે, "આ ગામને ભુજથી લશ્કર આવશે તે લૂંટી લેશે. માટે તમે સત્સંગી સર્વે ઉચાળા લઈને બીજા ગામમાં રહેવા જાજો. આંહીં કોઈ રહેશો નહીં." પછી સત્સંગી સર્વે ઉચાળા લઈને બીજા ગામમાં જઈને રહ્યા. અને પદમશી ને નારાયણ એ બે તો ત્યાં રહ્યા. બીજે ગામ ન ગયા.

પછી ભુજનગરથી દરબારનું લશ્કર આવ્યું તે ગામ લૂંટી લીધું અને સર્વેના ઘરમાં અન્નવસ્ત્ર કંઈ રહેવા દીધું નહીં. અને સર્વે સામાન લઈ ગયા. અને ઠક્કર નારાયણ તો બે શેર ખજૂર લઈને ઉકરડામાં દાટી આવ્યા હતા. અને પછી કાઢીને ખાતા ખાતા આધોઈએ કચરાભક્ત પાસે આવ્યા. અને કહ્યું જે, "લશ્કર આવ્યું, તેથી ગામને લૂંટી લીધું. અને જે મનુષ્ય ગામના હતા તે સર્વેને અન્નવસ્ત્ર કાંઈ રહ્યું નહીં. સર્વે લૂંટી ગયા. માટે શ્રીજીમહારાજે વચન કહ્યું હતું તે સત્ય થયું."

ત્યારે ઠક્કર નારાયણને કચરાભક્તે કહ્યું જે, **"શ્રીજીમહારાજનું વચન લોપીને કોઈ સુખિયો થયો નથી. જેણે વચન લોપ્યું તે દુઃખિયા થયા.** કેમ જે શ્રીજીમહારાજે કહ્યું તું જે, 'ગામ નહિ રહે, ને જે આ ગામમાં રહેશે તે લૂંટાઈ જાશે.' તે માટે જેણે ન માન્યું તે લૂંટાઈ ગયા અને દુઃખિયા થયા. ને જેણે માન્યું તે સુખિયા થયા. માટે **સુખમાત્ર ભગવાનના વચનમાં રહ્યું છે."** તે જાણ્યા પછી બીજે ગામ રહેવા ગયા હતા. તેણે તે વાત સાંભળીને કહ્યું જે, "શ્રીજીમહારાજે આપણને ઉગાર્યા." ।।૨૫।।

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજે રવજી સુતારને તથા કાળાતળાવના કૂવાનું જળ ઉપર કર્યું તથા નાના આનંદાનંદની તથા કંથકોટના મમૈયાને તથા કંથકોટના ગરાસિયાને પરચા પૂર્યા' એ નામે એકાણુંમો અધ્યાય ।।૯૧।।

અધ્યાય - ૯૨

મહારાજે કચ્છના સંઘને ચોરથી ઉગાર્યા

અને વળી એક દિવસે ગામ આધોઈના અને કંથકોટના સર્વે સત્સંગી ભેળા થઈને શ્રીજીમહારાજના દર્શને વડતાલે ગયા. તે દર્શન કરીને વળ્યા તે ગામ વેણાસરથી રણમાં પડ્યા. તે રણમાં અડધેક આવ્યા ત્યારે આઠ અસ્વાર લૂંટવા આવ્યા. ત્યારે સેજુબાઈ સમાધિવાળાં હતાં તેમને માથે બાચકો હતો. તે અસ્વારે બરછીની અણીએ કરીને ઉપાડી લીધો. પછી ગાડાવાળો ભાડુત ઠક્કર મુમૈયો હતો. તેણે એમ કહ્યું જે, "તમે કહો છો જે, 'સ્વામિનારાયણ તો ભગવાન છે.' તે જો ભગવાન હશે તો આ ટાણે તમારી સહાય કરશે." ત્યારે સેજીબાઈએ કહ્યું જે, "ભગવાન હમણાં આવશે." એમ વાતુ કરે છે. ત્યાં તો કાઠીના જેવો વેશ કરીને દિવ્ય ઘોડા ઉપર બેઠેલા અને ઢાલ, તરવાર ને ભાલું હાથમાં લીધેલું અને જેમ ગરુડ ઊડીને આવે તેમ આવીને શ્રીજીમહારાજ ઊભા રહ્યા.

અને તે ચોરોને કહ્યું જે, "હે કૂતરાઓ ! ભાગી જાઓ, અને જો પાસે આવ્યા તો સર્વેને મારી નાખીશ." ત્યારે તે ચોર સર્વે છેટે જઈને ઊભા રહ્યા. અને કહ્યું જે, "હે બાવા ! અમે તો પેટને અર્થે આવાં કર્મ કરીએ છીએ. ભૂખે મરીએ છીએ. તેથી અમને એ પાસેથી કાંઈ ખાવા અપાવો તો જતા રહીએ." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "જીવવાને ઇચ્છતા હો તો નાસી જાવ." ત્યારે તે ચોર તો લૂંટવાની આશા મેલીને જતા રહ્યા.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "સર્વે સત્સંગી માર્ગે ચાલો." પછી તે સર્વે માર્ગે ચાલ્યા તે ગામ કટારીએ આવ્યા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમે સર્વે ગામમાં જાઓ અને બજારથી ઉગમણી કોરે ચોર ગામ રાતે લૂંટી જાશે. તે માટે બજારથી આથમણા ગામમાં ઊતરજો અને અમે

ઘોડાને પાણી પાઈને આવીએ છીએ." એમ કહીને વાંસે રહ્યા અને પછી અંતર્ધાન થઈ ગયા. ત્યારે તે ગાડાવાળે કહ્યું જે, "સ્વામિનારાયણ ભગવાન ખરા ! આજ આપણને ઉગાર્યા એ પરચો થયો." ॥૨૬॥

✹ કંથકોટની બાઈ મુક્તાનંદસ્વામીની વાતોથી મરતા બચી :

અને ગામ **કંથકોટ**ના ગરાસિયે પોતાની દીકરી સિંધ દેશમાં મીરને વેરે પરણાવી હતી. તે બાઈ રાંડી એટલે પોતાને પિયર આવી. પછી તેને તેની ભોજાઈયો મેણું મારે જે, "તું તો મુસલમાની છું." એમ કહે એટલે તેના મનમાં એમ થાય જે, 'ભોજાયું મેણું મારે છે. તેથી આ જીવ્યા કરતાં ઝેર ખાઈને મરી જાવું તે સારું.' પછી અફીણ ઘોળીને તાંસળી ભરીને પીવાને તૈયાર થઈ. પછી કોઈક બાઈએ તેને કહ્યું જે, "ચાલો, સ્વામી રામાનંદના સાધુ આવ્યા છે, તેનાં દર્શન કરી આવીએ." પછી તે બાઈના મનમાં એમ થયું જે, 'સાધુનાં દર્શન કરી આવીને પછી પીશ.' એમ જાણીને અફીણની ભરેલી તાંસળી કોઠલામાં મેલીને દર્શને ગઈ.

તે સમે સાધુને બાઈઓને વાતુ કરવાનું પ્રકરણ હતું તેથી વાતું કરતા. મુક્તાનંદસ્વામી વાતું કરવા મંડ્યા જે, **"આવો દુર્લભ મનુષ્ય દેહ ભગવાન ભજવામાં સર્વ પ્રકારે સાનુકુળ છે અને વળી સંસારસમુદ્ર ઊતરવાનો નાવરૂપ છે. તેને જે ઝેર ખાઈને તથા ગળે ફાંસો ખાઈને પાડી નાંખે છે તે આત્મહત્યારો કહેવાય.** તે કહ્યું જે, **"न तरे आत्महा"** અને તેને યમયાતના ભોગવતાં પણ પાર આવતો નથી." એમ વાર્તા કરી. તેને સાંભળીને બાઈના મનમાં એમ થયુ જે, "આ સાધુએ મારા અંતરની વાત જાણી, માટે એ ભગવાન છે." એમ જાણીને તેણે કહ્યું જે, "અમારે તમારો આશ્રય કરવો છે."

ત્યારે મુક્તાનંદસ્વામી કહે, "પરમ દહાડે રામાનંદસ્વામી આંહીં આવશે. જેને અમે ભગવાન કહીએ છીએ." પછી ત્રીજે દહાડે

સ્વામી આવ્યા અને તે બાઈ વર્તમાન ધારીને સત્સંગી થઈ. એમ મુક્તાનંદસ્વામીની વાતમાં હજારોના સંશય નિવૃત્તિ પામી જતા. ॥૨૭॥

❋ લૂંટવા આવેલા મિયાણા પગે લાગીને ગયા :

અને કોઈક સમયમાં મહારાજ અને મહારાજ ભેળા પાંચ-સાત ભક્તો આધોઈથી કંથકોટ ગયા. ત્યાં રાત્રીમાં મિયાણા લૂંટવા આવ્યા. તે મહારાજને જોઈને "ઓય અલ્લાહ ! ઓય અલ્લાહ !" એમ કહીને (મહારાજને) પગે લાગ્યા ને માર્ગ બતાવ્યો, પણ લૂંટી ન શક્યા. અને કેરા ગામમાં રામાનંદસ્વામીને વેરાગી મારવા આવ્યા. ત્યારે વેરાગી રામાનંદસ્વામીને આકાશમાં ઊંચા દેખીને આશ્ચર્ય પામીને પાછા ગયા. ॥૨૮॥

❋ દહિંસરાના કચરાભક્તની અસુરે આપેલા ઝેરથી રક્ષા :

એક સમે ગામ દહિંસરાના કચરાભક્ત પોતાના ઘેરથી પોતાના સબંધીને ઘેર કોઈક ગામ આમંત્રણ હતું તેથી જમવા ગયા. ત્યારે તેના સબંધીમાં કોઈક અસુરે પ્રવેશ કરીને જમવા સમે અન્નની થાળીમાં વિખ નંખાવીને તે જમવા થાળી તૈયાર કરાવી રાખી હતી. ત્યારે શ્રીજીમહારાજે અંતર્યામીરૂપે તેના સંબંધીમાં પ્રવેશ કરીને વિખ નાખેલ અન્નની થાળી બીજા તેના સંબંધી કુસંગી પાસે જમવા બેઠા હતા તેના આગળ મુકાવી.

ત્યારે વળી તે અસુરે તેના સંબંધીમાં પ્રવેશ કરીને તે અન્નની થાળી કચરાભક્ત આગળ મેલી. તેમાંથી કચરાભક્ત એક કોળિયો મુખમાં મૂકી જમ્યા કે તરત શ્રીજીમહારાજે અંતર્યામીરૂપે કચરાભક્તમાં પ્રવેશ કરીને જ્ઞાનસ્મૃતિ મૂકી. તેથી તેને સ્મૃતિ થઈ આવી જે આ અન્નમાં ઝેર નાંખ્યું છે. એટલે તત્કાળ તે કચરાભક્ત જળનો કોગળો કરી ઊઠ્યા અને ચાલી નીસર્યા. અને તે જ ગામમાં પોતાના બીજા સંબંધીને ઘેર ગયા. અને ત્યાં જળ પીને પોતાનો સામાન ત્યાં પડ્યો

હતો તે લઈને પોતાને ઘેર ચાલ્યા. અને માર્ગમાં એક ગાઉ ગયા ત્યારે ઝેર ચડ્યું અને લેરી(ચક્કર) આવી તેથી પૃથ્વી ઉપર પડી ગયા. અને બીજું મનુષ્ય પણ સાથે કોઈ નહીં.

તે સમે શ્રીજીમહારાજે દિવ્યરૂપે આવીને કચરાભક્તને ઉઠાડ્યા. ત્યારે તે ઊઠીને માર્ગે ચાલ્યા. તે ચાલતાં ચાલતાં ગાઉ બે ગયા ત્યારે વળી ઝેરની લેરી આવી તેથી ફેર પૃથ્વી ઉપર પડી ગયા અને મૂર્છા આવી ગઈ. તે સમે વળી દિવ્યરૂપે શ્રીજીમહારાજે આવીને ઉઠાડીને તેને જગાડ્યા. ત્યારે ત્યાંથી ચાલ્યા તે પોતાના ગામ પોતાને ઘેર સુખેથી ગયા. અને તેનો દેહ આયુષ પર્યંત સુખેથી રહ્યો. એવી રીતે ગામ દહિંસરાના કચરાભક્તની અસુરે આપેલા ઝેરથી રક્ષા કરી એ પરચો થયો. ॥૨૯॥

✵ બ્રહ્મમહોલમાં લઈ જવા માટે અહીં આવ્યા છીએ :

અને કોઈક સમયમાં **કાળાતળાવ**થી સુતાર હરભમભાઈ શ્રીજીમહારાજના દર્શને ગયા. ત્યારે શ્રીજીમહારાજ ગઢડામાં બિરાજમાન હતા. અને સુતાર હરભમભાઈ દંડવત કરીને પગે લાગીને હાથ જોડીને શ્રીજીમહારાજ આગળ ઊભા રહ્યા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “તમારો કિયો દેશ ? અને તમારું કયું ગામ ? અને તમે આંહીં કેમ આવ્યા છો ?”

ત્યારે હરભમભાઈએ કહ્યું જે, “હે મહારાજ ! તમે તો અંતરજામી છો, તે સર્વે વાતને જાણો છો. અને તમે તો અમારા દેશમાં પધાર્યા છો. અમારે ગામ તથા અમારે ઘેર પણ પધાર્યા છો. અને તમે પૂછ્યું જે, ‘તમારો કિયો દેશ ?’ તે અમારો દેશ તો આંહીંથી ગાઉ સોને આશરે હશે, અને હું તો તમારે દર્શને આવ્યો છું. પણ તમારો કિયો દેશ ? ને તમારું કિયું ગામ ? ને તમારું ઘર કિયું ? ને તમે આંહીં કેમ પધાર્યા છો ?” એમ હરભમ સુતારે પૂછ્યું.

ત્યારે તે સમે મહારાજ પોતે આસન વાળીને ધ્યાનમુદ્રાએ યુક્ત થઈને થોડીક વાર બેસીને જાગ્યા. પછી બોલ્યા જે, "હરભમભાઈ ! જો બહારદૃષ્ટિએ જોઈએ તો અમારો દેશ, ગામ ને ઘર ઘણાં છેટાં છે અને અંતરદૃષ્ટિએ જોઈએ તો અણુ જેટલું છેટું નથી. પરંતુ અમારો દેશ ચિદાકાશ છે, ને અક્ષરધામ અમારું ધામ છે, ને બ્રહ્મમહોલ તે અમારે રહેવાનું ઘર છે. અને અમારે આંહીં આવ્યાનું એ જ પ્રયોજન છે જે, અનંત જીવનાં કલ્યાણ કરવાં અને જીવને માયાના બંધનથી મુકાવીને બ્રહ્મમહોલમાં લઈ જાવા એ જ સારુ આવ્યા છીએ. ॥૩૦॥

✹ કાવડ ભરી પાણી ચડાવનાર વેરાગી સાધુ થયો :

અને કચ્છ દેશમાં એક વેરાગી હતો. તે ચાર ફેરા જગન્નાથ જઈ આવ્યો હતો. તે મણિકર્ણિકાના ઘાટથી કાવડ ભરીને દ્વારિકાનાથને ચડાવે, અને દ્વારિકાથી પાછો વળે તે મણિકર્ણિકાના ઘાટથી કાવડ ભરીને જગન્નાથને ચડાવે. એમ ચાર વાર જઈ આવ્યો. અને પાંચમે ફેરે જવા તૈયાર થયો ત્યારે તેના શિષ્યોએ ચાલીશ રૂપિયાની સોનામહોરું કરીને આપી. તે ત્યાંથી ચાલ્યો તે કોઈક ગામમાં પોતાના શિષ્યોના સંબંધી જાણીને ત્યાં સત્સંગીને ઘેર રાત રહ્યો અને તેને પાટલો નાખીને જમવા બોલાવ્યો. ત્યારે તે વેરાગી પાણી છાંટીને બેઠો.

ત્યારે બાઈએ પૂછ્યું જે, "તમે અંતરમાં ચોકો દીધો છે?" પછી તે વેરાગીએ બાઈને પૂછ્યું જે, "તમે અંતરમાં ચોકાનું કીધું તે સમજાણું નહિ, એ તે શું કહ્યું ?" પછી તે બાઈ બોલ્યાં જે, "અમારે અન્ય પુરુષ સાથે વાતું કરવાની આજ્ઞા નથી અને બહાર મારા સસરા બેઠા છે. તેને પૂછજ્યો, તે તમને કહેશે." પછી તે વેરાગીએ જમીને સત્સંગીને પૂછ્યું જે, "હું પાણી છાંટીને જમવા બેઠો ત્યારે માંહી બાઈએ કહ્યું જે, 'અંતરમાં પાણી છાંટ્યા વિના બહાર પાણી છાંટ્યા કરો પણ કાંઈ વળશે નહીં.' એ શું સમજવું ?"

પછી તે બોલ્યા જે, **"પ્રગટ ભગવાનનો આશ્રય કરી શુદ્ધ અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય પાળીને દેહાદિકમાં અહંમમત્વનો ત્યાગ કરીને શુદ્ધ નિર્વાસનિક થાશો, ત્યારે જ મોક્ષ થાશે. તે વિના તો ઉપરથી પાણી છાંટ્યા જેવું છે."** પછી તે બોલ્યો જે, "આજ પ્રગટ ભગવાન ક્યાંથી હોય ?" ત્યારે હરિજન બોલ્યા જે, "આજ રામાનંદસ્વામી પ્રગટ ભગવાન છે." એમ કહીને તેને રામાનંદસ્વામી પાસે લાવ્યા. અને સ્વામીને કહ્યું જે, "આને વાત કરો." ત્યારે સ્વામી વૈરાગી પ્રત્યે એમ બોલ્યા જે, "તારી પાસે પાપ છે, તેથી તને શી વાત લાગે ?" એમ કહીને તે સોનામહોરુ નાખી દેવરાવી. પછી વાત કહીને સમજાવ્યો. પછી તે સાધુ થયો. ।।૩૧।।

❋ શિવરામ મહેતાની મૃત્યુ થકી રક્ષા :

એક સમયમાં દ્વારિકામાં કચ્છીગઢમાં શિવરામ મહેતા રાજાની નોકરીમાં હતા. તે પોતે કેટલાક પગારદારોના ઉપરી હતા. પછી જ્યારે પગારદારોનો પગાર ચુકાવી દેવાને માટે ભુજથી કોરીઓની કોથળીઓ આવી, ત્યારે તે કોરીઓ જોઈને કેટલાક લોકોનું મન બગડ્યું જે, 'રાત્રીમાં શિવરામ મહેતા સૂતા હોય ત્યારે મારી નાંખવા. અને તે કોરીઓની કોથળીઓ આપણે લઈ લેવી.' એવા ઈરાદાથી કેટલાક પગારદાર તથા નોકર સિપાઈઓ તે હથિયાર તૈયાર કરીને દિવસે તૈયાર થયા.

પછી શ્રીજીમહારાજે શિવરામ મહેતાને રાત્રીમાં પહેલી ઊંઘમાંથી ઉઠાડીને કહ્યું જે, "અમારી સાથે ચાલો." પછી શ્રીજીમહારાજ આગળ ચાલ્યા અને શિવરામ મહેતા વાંસે ચાલ્યા, તે સમુદ્રમાં એમ ને એમ ચાલ્યા, તે માંડવી લગભગ આવી ગયા. ત્યારે શિવરામ મહેતે કિનારાનો દીવો જોઈને શ્રીજીમહારાજને કહ્યું જે, "હે મહારાજ ! આ તો માંડવીનો દીવો દેખાય છે કે શું ?"

ત્યારે શ્રીજીમહારાજ કહે, **"હા, આ માંડવી આવી, તેથી તમે માંડવી જાઓ. અને દ્વારિકામાં કચ્છીગઢમાં તમને મારવાનો કેટલાક લોકોએ**

વિચાર કર્યો હતો તેથી તમને અમે ઉઠાડીને આંહીં લાવ્યા છીએ. માટે તમે જાઓ." એમ કહીને મહારાજ તો અદૃશ્ય થઈ ગયા અને શિવરામ મહેતા માંડવીમાં પોતાને ઘેર ગયા. એવી રીતે શ્રીજીમહારાજે પોતાના ભક્ત શિવરામ મહેતાની મૃત્યુ થકી રક્ષા કરી, એ પરચો. ॥૩૨॥

✵ પુત્રે વર્તમાન ધરાવ્યા તેથી પિતા શામજીને શ્રીહરિ તેડી ગયા :

એક સમે માનકૂવાના પટેલ શામજી માંદા થયા. ત્યારે પોતાના મનમાં વિચાર કર્યો જે, 'મારું મૃત્યુ તો આવ્યું, પણ મેં મારા જીવનું ભાતું કાંઈ ન કર્યું.' અને તે વખતે પોતાના મનમાં વિચાર થયો જે, 'મારા દીકરાને બોલાવું.' પછી પોતાના દીકરાને કહ્યું જે, "દેવશી ! મેં આ ગામની પટલાઈ કરી, તેમાં લોકોનાં કામ કર્યાં. અને નાતનું કામ કર્યું ને દરબારનું કામ કર્યું. તે સર્વે કામ કર્યાં, તેમાં સવળું અવળું પણ થયું હશે, પણ મેં મારા જીવનું ભાતું કાંઈ પણ ન કીધું; માટે હવે કેમ કરું ?"

ત્યારે પટેલ દેવશી બોલ્યો જે, "બાપા ! હું સત્સંગી છું, અને સ્વામિનારાયણ શ્રીપુરુષોત્તમ ભગવાન છે. તે મહારાજની એવી આજ્ઞા છે જે, 'શ્રીનરનારાયણના મંદિરમાં દશમો-વીસમો ભાગ આપવો, થાળ કરવો, રસોઈ દેવી, સાધુને વસ્ત્ર ઓઢાડવાં; તે રીતે મેં સર્વે કર્યું છે. તે સર્વે તમારા જીવનું ભાતું છે. અને વેદ, શાસ્ત્ર, પુરાણમાં એવું લખ્યું છે જે, **'ભગવાન અર્થે જે જે કર્યું તે સહસ્રગણું થાય છે.'** તેથી મેં જે જે ભગવાનને અર્થે કર્યું છે, તે તમારા જીવનું ભાતું છે."

ત્યારે પટેલ શામજી કહે જે, "હું સત્સંગી નથી અને મેં વર્તમાન નથી ધાર્યાં. માટે મારું ભાતું કેમ થાશે ?" ત્યારે દેવશીએ કહ્યું જે, **"અમારા મહારાજની આજ્ઞા છે કે, જે અંતકાળે વર્તમાન લેશે તેને પણ અમે તેડવા આવશું.'** તેથી તમને હું વર્તમાન આપું અને સત્સંગી થાવ." પછી દેવશીએ વર્તમાન ધરાવ્યાં. પછી દેવશીએ કહ્યું જે, "હવે તમે

બીજે ઠેકાણે વૃત્તિ ક્યાંઈ રાખશો નહીં. અને હું પણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરું અને તમે પણ સ્વામિનરાયણ સ્વામિનારાયણ કરો."

તે પછી બે ઘડી સ્વામિનારાયણ સ્વામિનારાયણ કર્યું ત્યારે શ્રીજીમહારાજ રથે બેસીને પધાર્યા. ત્યારે શામજી પટેલે કહ્યું જે, "આપણા આંગણામાં રથ ઊભો છે. તેવો રથ મેં કોઈ દિવસ ભાળ્યો નથી. અને તે રથના બળદિયા અને તેની ઝૂલ્યું તથા ઘુઘરમાળા તથા ઘરેણાં તે સર્વે દિવ્ય છે. તે કેનો રથ છે ? અને ક્યાંથી આવ્યો ?" ત્યારે દેવશીએ કહ્યું જે, "તે તો મહારાજ રથ લઈને તમને તેડવા આવ્યા છે, અને તમે અમારામાં ક્યાંઈ વૃત્તિ ન રાખશો. અને મહારાજ ભેળા તૈયાર થાવ." ત્યારે શામજી પટેલે કહ્યું જે, "હવે મને મહારાજ કહે છે જે, 'ચાલો.' તેથી તમે ચોકો કરો અને મને ભોંય ઉતારો અને સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરો." એમ કહીને પછી જય સ્વામિનારાયણ કહીને દેહ મૂક્યો અને ભગવાનના ધામમાં ગયા. ॥૩૩॥

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજે આધોઈના તથા કંથકોટના હરિભક્તને તથા કંથકોટના ગરાસિયાની દીકરીને તથા કંથકોટના મિયાણાથી ભક્તની રક્ષા કરી તથા ગામ દહિંસરાના ભક્ત કચરાને તથા કાળાતળાવના ભક્ત હરભમને તથા કચ્છ દેશના વેરાગીને તથા ભુજના શિવરામ મહેતાને તથા માનકૂવાના પટેલ શામજીને પરચા પૂર્યા' એ નામે બાણુમો અધ્યાય ॥૯૨॥

અધ્યાય - ૯૩

શિવરામ મહેતા દેહ મૂકી ધામમાં ગયા

એક દિવસ મહેતા શિવરામભાઈ માંદા થયા. અને દેહ મૂકવા સમે સોલંકી શામજી પાસે હતો. તેણે શિવરામભાઈને પૂછ્યું જે, "અદા ! સાધુને તેડાવશું ? દર્શન કરશો ?" ત્યારે શિવરામભાઈએ ના પાડી જે,

"સાધુને ન તેડાવશો. હવે વખત નથી." ત્યારે વળી શામજીએ પૂછ્યું જે, "અદા ! કાંઈ જમશો ?" ત્યારે શિવરામભાઈએ કહ્યું જે, "હવે ગળું બોલે છે, અને હવે અદો જમી રહ્યા. હવે તો અદો શ્રીજીમહારાજ પાસે જમશે." પછી ઘડીક વાર થઈ ત્યારે શ્રીજીમહારાજ પધાર્યા. પછી તે શ્રીજીમહારાજને પગે લાગ્યા. અને બોલ્યા જે, "હે મહારાજ ! ભલો ટાણો સાચવ્યો અને ચાલો..." એમ કહીને દેહ મૂકીને શ્રીજીમહારાજ ભેળા અક્ષરધામમાં ગયા. ॥૩૪॥

✵ હરજીવનભાઈને અંતે દર્શન દઈ તેડી ગયા :

એક દિવસે મહેતા હરજીવનભાઈ માંદા થયા હતા. ત્યારે શ્રીજીમહારાજ અનંત અક્ષરમુક્તે સહિત ગાજતેવાજતે હરજીવનભાઈને ઘેર પધાર્યા. અને હરજીવનભાઈને દર્શન થયાં. અને હરજીવનભાઈએ બહુ પ્રકારે સ્તુતિ કરીને કહ્યું જે, "હે મહારાજ ! આ દેહ તો પાપરૂપ વળગ્યું છે. તે હવે તો ઉપડતું પણ નથી, ને ઉઠાતું બેસાતું પણ નથી. હવે તો દેહ મુકાવીને મને સાથે લઈ ચાલો." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "આજ નહિ અને ત્રીજે દિવસ પાછા આવીશું. અને દેહ મુકાવીને અક્ષરધામમાં લઈ જાશું અને તમને સેવામાં રાખશું." એમ કહીને શ્રીજીમહારાજ પાછા વળ્યા.

ત્યારે હરજીવનભાઈ ઊઠીને શ્રીજીમહારાજની પાછળ ચાલ્યા. ત્યારે મહારાજે ના પાડી તોપણ ચાલ્યા. ત્યારે મહારાજે મુક્તને કહ્યું જે, "ખડકીની સાંકળ વાંસી દિયો." પછી મુક્તે ખડકીની સાંકળ વાંસી દીધી. પછી મહારાજ ચાલી નીસર્યા અને હરજીવનભાઈ બેસી રહ્યા. પછી ત્રીજે દિવસે પધાર્યા અને અક્ષરધામમાં લઈ ગયા. અને હરજીવનને ઘેર ગામ મેઘપુરના પટેલ રામજી ઊતર્યા હતા. તે સત્સંગી નહોતા અને આ પરચો આંખ્યે દીઠો તેથી શ્રીજીમહારાજનો આશ્રય કર્યો અને સત્સંગી થયા. અને શ્રીજીમહારાજમાં અક્ષરાતીત પુરુષોત્તમપણાનો નિશ્ચય થયો. (૩૫)

❋ લીલાધરને અંતે દર્શન દઈ તેડી ગયા :

એક દિવસ રાજગોર લીલાધર માંદા થયા. ત્યારે અન્ન જમ્યાની અરુચિ થઈ ગઈ. ત્યારે એક સત્સંગી વૈદ હતા તેણે કહ્યું જે, "હું તમને ઉકાળો કરીને દઉં તે પીવો તો અન્ન જમ્યાની રુચિ થાય." ત્યારે લીલાધરે કહ્યું જે, "હું ઉકાળો પીઉં ને ન મરું એવા અક્ષર લખી દિયો તો ઉકાળો પીઉં. અને ઉકાળો પીઉં ને મરી જાઉં તો ઠાલું ખર્ચ થાય. અને મહારાજનું ગમતું થાય તો હું ઉકાળો ન પીઉં. અને એમ હું જાણું છું જે મારો દેહ નહિ રહે, અને નરકકુંડ જેવો આ દેહ તે મૂકીને ભાગવતી તનુએ કરીને શ્રીજીમહારાજની સેવામાં રહેવું તેમાં તો આપણે રાજી થાવું જોઈએ. અને આ ટાણે તો શ્રીજીમહારાજને સંભારવા અને પ્રાર્થના કરવી જે, વહેલા વહેલા તેડવા પધારજો."

એમ વાતું કરતાં કરતાં લીલાધરને શ્રીજીમહારાજનાં દર્શન થયાં. અને કહ્યું જે, "શ્રીજીમહારાજ પધાર્યા છે, માટે આસન પાથરો અને શ્રીજીમહારાજ બેઠા અને મારો ખાટલો કાઢી નાંખો અને પૃથ્વી લીંપો અને મને ત્યાં બેસારો. મહારાજ ઉતાવળા થાય છે." પછી હેઠે બેસાર્યા અને દેહ મૂકીને ભગવાનના ધામમાં ગયા. ॥૩૬॥

❋ વીરજી જોશીને અંતે દર્શન દઈ તેડી ગયા :

પછી સારસ્વત વીરજી જોશી તે માંદા થયા. ત્યારે દેહ મૂકવાનો સમય થયો. ત્યારે તેનાં સગાં-સબંધી મનુષ્ય ચાલીશ-પચાસ આવીને બેઠાં. ત્યારે વીરજી જોશી બોલ્યા જે, "મોટો બાજોઠ લાવો અને ગાદલું બાજોઠ ઉપર પાથરો. કારણ કે શ્રીજીમહારાજ પધાર્યા છે, તે બેસે." ત્યારે તેના દીકરાએ બાજોઠ લાવીને તે માથે ગાદલું પાથર્યું. ત્યારે વીરજી બોલ્યા જે, "હે મહારાજ ! પધારો અને આસને બેસો."

પછી મહારાજ બેઠા. ત્યારે વીરજી જોશીએ પોતાના દીકરાને કહ્યું જે, "મારે મહારાજની પૂજા કરવી છે. માટે પુષ્પના હાર તથા

કેસરચંદન અને કપૂર લાવો. મારે મહારાજની આરતી ઉતારવી છે." ત્યારે તેના દીકરાએ તે સર્વે સામાન લઈ આવીને વીરજીને આપ્યો. પછી તે વીરજીએ તો શ્રીજીમહારાજની પૂજા કરી. પણ જે બીજા માણસ બેઠા હતા તે તો શ્રીજીમહારાજને દેખતા ન હતા. તે તો એમ દેખતા જે વીરજી આ પુષ્પના હાર તથા કેસરચંદન અને કપૂર વિગેરે સામાન બાજોઠ ઉપર મૂકે છે. એવી રીતે દેખતા હતા.

અને વીરજીએ તો એવી રીતે શ્રીજીમહારાજની પૂજા કરી અને તેના સબંધીને કહ્યું જે, "હવે શ્રીજીમહારાજ મને કહે છે જે, 'ચાલો,' માટે હવે જય સ્વામિનારાયણ છે અને હું જાઉં છું." ત્યારે તેનાં ઘરવાળાં બાઈ બોલ્યાં જે, "છોકરા તો એકે સત્સંગી નથી, માટે મારા શા હવાલ થાશે ?" ત્યારે વીરજી પોતે બોલ્યા જે, "હું શ્રીજીમહારાજને પૂછી જોઉં." એમ કહીને પછી શ્રીજીમહારાજને પૂછ્યું જે, "મારી સ્ત્રી એમ કહે છે જે, 'તમને શ્રીજીમહારાજ તેડી જાશે, ત્યારે વાંસે મારા શા હાલ થાશે ?"

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, **"આજ દશમ છે અને બીજી આવતી દશમે બાઈને તેડી જાશું. કાંઈ ચિંતા રાખશો નહીં."** પછી વીરજી જોશી તો શ્રીજીમહારાજ ભેળા ભગવાનના ધામમાં ગયા. અને પછી બીજી દશમ આવી ત્યારે શ્રીજીમહારાજ પધાર્યા. અને તે બાઈએ તેના સંબંધીને કહ્યું જે, **"હવે હું ભગવાનના ધામમાં જાઉં છું, મને શ્રીજીમહારાજ તેડવા આવ્યા છે."** તે વાતને જોઈને જે પાસે તેનાં સંબંધી બેઠાં હતાં તે એમ કહેવા લાગ્યાં જે, "સત્સંગી એમ કહે છે જે, અમારા મહારાજ અંતકાળે પોતાના આશ્રિતને તેડવા આવે છે, તે વાત સાચી છે. તે આજે આપણી આંખે જોઈ." ॥૩૭॥

❋ પ્રાગજી દવેને અંતે દર્શન દઈ તેડી ગયા :

અને હવે દવે પ્રાગજીએ દેહ મૂક્યો તે પરચો લખીએ છીએ. એક સમે દવે પ્રાગજી માંદા થયા. ત્યારે શ્રીજીમહારાજની ઘડીક સ્તુતિ કરી

જે, "હે મહારાજ ! અમારામાં તો હજારો અવગુણ છે. અને તમે કોલ આપ્યો છે જે, 'તમારે કઠણ કાળ આવશે અને આપત્કાળ આવશે ત્યારે અમે સહાય કરશું.' તે હે મહારાજ ! હવે કઠણ કાળ ને આપત્કાળ આવ્યો છે. તે દયા કરીને દર્શન દ્યો." ત્યારે શ્રીજીમહારાજે દયા કરીને દર્શન દીધાં. ત્યારે દવે પ્રાગજીએ પગે લાગીને બે હાથ જોડીને કહ્યું જે, **"હે મહારાજ ! ભલા દર્શન દીધાં અને હું તૈયાર છું." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "ચાલો."** પછી દેહ મૂકીને શ્રીજીમહારાજના ધામમાં ગયા. ll૩૮ll

✺ ભાણજી દવેને અંતે દર્શન દઈ તેડી ગયા :

અને હવે ભાણજી દવેએ દેહ મૂક્યો તે પરચો લખીએ છીએ. એક દિવસે દવે પ્રાગજીના ભાઈ ભાણજી માંદા થયા. ત્યારે શ્રીજીમહારાજની વિનંતી બહુ પ્રકારે કરી જે, "હે મહારાજ ! અમે જીવ છીએ અને અમમાં તો ભૂલ ઘણી છે. અને તમે તો પુરુષોત્તમનારાયણ સાક્ષાત્ છો. અને પ્રથમ હે મહારાજ ! તમે મને કોલ આપ્યો છે જે, 'અંતકાળે તમારું અમે કલ્યાણ કરશું.' તે ટાણું હવે આવ્યું છે, તો હવે કૃપા કરીને દર્શન દિયો." ત્યારે શ્રીજીમહારાજનાં તેને તત્કાળ દર્શન થયાં.

ત્યારે ભાણજી દવેએ પગે લાગીને શ્રીજીમહારાજને કહ્યું જે, **"હે મહારાજ ! તમારાં દર્શન વડે કષ્ટમાત્ર નાશ થઈ ગયાં છે અને પરમ શાંતિ થઈ ગઈ છે."** ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "હવે ચાલો." ત્યારે ભાણજી દવેએ કહ્યું જે, "હે મહારાજ ! હું તો તૈયાર છું, ચાલો." ત્યારે ભાણજી દવેએ પોતાના દીકરાને કહ્યું જે, "ચોકો કરો અને મને ખાટલા ઉપરથી ઉતારો." ત્યારે તેના દીકરાએ ખાટલા ઉપરથી ઉતારીને ભાણજી દવેને ચોકામાં સુવાડ્યા. ત્યારે બે હાથે પગે લાગીને ભાણજી દવે દેહ મૂકીને ભગવાનના ધામમાં ગયા. ll૩૯ll

✵ કેરાકોટના સદાબાને અંતે દર્શન દઈ તેડી ગયા :

અને ગામ **કેરાકોટ**માં બાઈ સદાબા હતાં તે માંદા થયાં. તે એકત્રીસ દિવસ સૂતા રહ્યાં. તેમાં અન્નપાણી કાંઈ લીધું નહીં. અને આંખે પણ અપંગ(આંધળા) હતાં તેથી દેખતાં નહોતાં. તે બાઈએ એક દિવસે ઊઠીને પોતાના સંબંધી જે બીજી બાઈઓ પાસે બેઠી હતી તેને પોતે કહ્યું જે, "મને નવરાવો અને ચોકો કરીને મને ખાટલા ઉપરથી હેઠી ઉતારો અને ચોકામાં બેસારો." ત્યારે તે બાઈઓએ ચોકામાં બેસાડ્યાં. ત્યારે સદાબા બોલ્યાં જે, "શ્રીજીમહારાજ પધાર્યા છે. તે મને કહે છે જે, 'ચાલો.' તેથી હું દેહ મૂકીને ભગવાનના ધામમાં જાઉં છું."

તે વાત સાંભળીને તેનાં સંબંધી ચાલીસ-પચાસ બાઈયો આવીને બેઠી હતી. ત્યારે તે બાઈયું પ્રત્યે સદાબા બોલ્યાં જે, "સ્વામિનારાયણ સ્વામિનારાયણ ધૂન કરો." ત્યારે તે સર્વે બાઈયું ધૂન કરવા લાગી. ત્યારે એક અતિતણબાઈ બેઠી હતી. તેને જોઈને સદાબા પોતે બોલ્યાં જે, "આ અતિતાણી કેમ ધૂન કરતી નથી ?" ત્યારે બાઈયું કહે જે, "બાઈ ! તમે આંખે દેખતાં નહોતાં અને કેમ દેખો છો ?"

ત્યારે સદાબા બોલ્યાં જે, **"શ્રીજીમહારાજનાં દર્શન થયાં તે માટે આંખે પણ દેખું છું. અને અષ્ટ આવરણ પર અક્ષરધામમાં શ્રીજીમહારાજની મૂર્તિ અનંત મુક્ત તેણે સહિત દેખું છું. તેણે કરીને કષ્ટમાત્ર ટળી ગયું. અને એ અતિતાણીને આંહીંથી કાઢી મૂકો. અને જે સ્વામિનારાયણ નામ લે તે ભલે બેસે."** એમ કહીને પછી પોતે પણ 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' ધૂન કરતાં બેઠાં બેઠાં દેહ મૂકીને શ્રીજીમહારાજના ધામમાં ગયાં. ॥૪૦॥

✵ ગંગારામ મલને અંતે દર્શન દઈ તેડી ગયા :

એક દિવસે જેઠી ગંગારામ માંદા હતા. અને દેહ મૂકવાને સમે અનંત અક્ષરમુક્ત તથા માફાવાળા રથે સહિત શ્રીજીમહારાજ ભુજની

બજાર માહેથી સોંસરા ચાલ્યા, તે જેઠી ગંગારામને ઘેર પધાર્યા. ત્યારે આગળ મુસલમાન તેના ઘરને આંગણે બેઠો હતો અને બીજા કેટલાક મનુષ્ય બેઠા હતા. તે માફાએ સહિત રથે બેઠેલા શ્રીજીમહારાજને જોઈને કહ્યું જે, “આ સ્વામિનારાયણના સાધુ આટલા બધા જેઠી ગંગારામને ઘેર જાય છે, તે ઘરમાં કેમ સમાશે ?”

ત્યારે જેઠી ગંગારામને શ્રીજીમહારાજનાં દર્શન થયાં. ત્યારે શ્રીજીમહારાજને ઊઠીને પગે લાગીને ગંગારામે કહ્યું જે, “હે મહારાજ! હું દોઢ માસથી માંદો થયો છું અને વહેલા વહેલા તેડવા કેમ ન પધાર્યા?” ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, **“ગંગારામભાઈ ! મુક્ત હોય તોપણ પ્રારબ્ધ તો ભોગવવાં જોઈએ. હવે ચાલો તેડી જઈએ.”** ત્યારે જેઠી ગંગારામે કહ્યું જે, “હે મહારાજ ! હું તો વાટ જોઈને બેઠો હતો, તે ચાલો તૈયાર છું.” પછી શ્રીજીમહારાજ તેને દેહ મુકાવીને અક્ષરધામમાં તેડી ગયા.

તે પછી બીજે દિવસે કરાંચી બંદરમાં આપણા મંદિરમાં રાતે કાળાતળાવના સુતાર કાનજીને સમાધિ થઈ. અને પછી સમાધિ માંહેથી જાગ્યા ત્યારે મિસ્ત્રી રણછોડે પૂછ્યું જે, “આજ તમે સમાધિમાં ક્યાં ગયા હતા ? તે વાત કરો.” ત્યારે સુતાર કાનજીએ કહ્યું જે, **“હું અક્ષરધામમાં ગયો હતો. અને ત્યાં દિવ્ય સિંહાસન ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન હતા. ત્યાં હું દર્શન કરીને પગે લાગીને બેઠો. ત્યારે શ્રીજીમહારાજે મને કહ્યું જે, ‘કાલ રોજે જેઠી ગંગારામ દેહ મૂકીને આંહીં આવ્યા છે. તેને તમે પગે લાગો.’ ત્યારે હું શ્રીજીમહારાજની આજ્ઞાએ પગે લાગીને આંહીં આવ્યો.”** ત્યારે તે સૌ સત્સંગીએ ભુજ કાગળ લખીને તે ખબર મંગાવી. ને જેમ કાનજીએ વાત કરી તેમ જ ભુજથી સમાચાર આવ્યા. તે વાત સાંભળીને સહુ સત્સંગીએ તે વાત સાચી માની. ॥૪૧॥

❋ શિવરામભાઈ પાસે પ્રસાદીનો ઢોલિયો સુખસજ્યા માટે અપાવ્યો :

એક દિવસે સુખસજ્યા સારુ મહેતા શિવરામભાઈને ભુજ મંદિરના સાધુ સદ્‌ગુરુ સ્વામી આનંદાનંદજીએ પૂછ્યું જે, "શિવરામભાઈ ! પ્રસાદીનો ઢોલિયો છે તે આપશો ?" ત્યારે શિવરામભાઈએ કહ્યું જે, "તે ઢોલિયો હું નહિ આપું." આવી ચોખ્ખી ના પાડી. ત્યારપછી માંડવીના મંદિરની સુખસજ્યા સારુ ડોસાભાઈએ તે ઢોલિયો માંગ્યો, તોપણ પૂર્વેની પેઠે ના પાડી. પછી છ-સાત માસ ગયા ત્યારપછી એક દિવસે શ્રીજીમહારાજ સર્વે ધોળાં વસ્ત્ર પહેરીને મલ્લના જેવો વેષ ધારણ કરીને છડી હાથમાં લીધી છે અને કરડી મૂર્તિ જેની છે તેવા શ્રીજીમહારાજ માંડવીના સત્સંગી ડોસાભાઈને સાથે લઈને અડધી રાત્રે શિવરામ મહેતાને સૂતા ઉઠાડીને કહ્યું જે, "તમે સૂતા છો એ ઢોલિયો અમારો પ્રસાદીનો છે. તે આ ઊભેલા ડોસાભક્તને આપો."

ત્યારે શીવરામ મહેતે કહ્યું જે, "એ તો માંડવી ગામના સત્સંગી ડોસાભાઈ છે. તેને ઢોલિયો હું નહિ આપું." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "એ તો મૈત્રેય ઋષિ છે, માટે એને ઢોલિયો આપો." ત્યારે શિવરામ મહેતા બોલ્યા જે, "એમને હું ઓળખું છું, તેથી નહિ આપું." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "બોલશો નહિ, ઊઠો અને ઢોલિયો ઉપાડીને કોરે મૂકો. અને ભોંય પથારી કરો. અને એ ઢોલિયો માંડવીના મંદિરમાં સુખસજ્યા સારુ આપો." એમ કહીને અંતર્ધાન થઈ ગયા.

પછી શિવરામ તો પૃથ્વી ઉપર આસન કરીને સૂતા અને સવારમાં ઊઠીને મંદિરમાં આવીને માંડવીએ ડોસાભાઈની ઉપર કાગળ લખ્યો જે, "તમે નવો ઢોલિયો લઈને આંહીં આવજો. તે ઢોલિયો મને આપીને શ્રીજીમહારાજની પ્રસાદીનો ઢોલિયો મારી પાસે છે તે લઈ જાઓ." ત્યારે ડોસાભાઈ માંડવીથી નવો ઢોલિયો લઈને આવ્યા. અને તે શિવરામભાઈને દઈને પ્રસાદીનો ઢોલિયો લઈ ગયા. ॥૪૨॥

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'મહારાજે મહેતા શિવરામને તથા મહેતા હરજીવનને તથા સારસ્વત વિરજીને તથા સદાબાને તથા જેઠી ગંગારામને પરચા પૂર્યા' એ નામે ત્રાણુમો અધ્યાય ॥૯૩॥

અધ્યાય - ૯૪

ભુજના નરશીભાઈને અંતે દર્શન દઈ તેડી ગયા

અને વળી ભુજનગરના રહેવાસી લુહાર નરશીભાઈને દમનો રોગ થયો. ત્યારે પોતે વિચાર કર્યો જે, 'મારી પાસે પાંચ રૂપિયા દ્રવ્ય છે. તે જો ભગવાનને અર્થે ખરચાય તો મારા જીવના પરલોકનું ભાતું થાય.' એમ વિચારીને 'નરનારાયણ દેવના થાળ મારે એકસો કરવા અને સાધુ પણ પાંચસો જમાડવા. અને જ્યારે એકાદશી આવે ત્યારે એકાદશીનું ફરાળ કરાવવું અને બારસની રસોઈ આપવી.' એવો મનમાં ઠેરાવ કર્યો. ત્યારે મંદિરમાંથી ઠાકોરજી શીખે સીધાં મૂર્ત પચીસનાં થાતાં. ત્યારે નરશીભાઈએ બે માસ રસોઈ આપી. ત્યારે થાળ ચાર થયા અને સો મૂર્ત સાધુ જમ્યા.

ત્યારપછી શરીરે દમનો વધારો જણાણો. ત્યારે પોતે પોતાના દીકરાને કહ્યું જે, "તેજા ! આંહીં આવ. તને એક વાત કહું તે સાંભળ." ત્યારે તેજે કહ્યું જે, "હે બાપા ! તમે જે કહો છો તે સાભળું છું." ત્યારે નરશીભાઈએ કહ્યું જે, "મને દમનો રોગ થયો છે. તે મને ભગવાને પાંચ રૂપિયા આપ્યા છે. તે જો હું ભગવાનને અર્થે વાવરું તો મારા જીવનું પરલોકનું ભાતું થાય. એવું જાણીને મેં ચાર થાળ કર્યા. અને સો સાધુ પણ જમાડ્યા. અને બાકી રહ્યા તે તું થાળ કરજે અને સાધુને પણ જમાડજે."

ત્યારે તેજે કહ્યું જે, "બાપા ! મુથી કાંઈ નહિ થાય." ત્યારે નરશીભાઈએ કહ્યું જે, "કેમ તારાથી ન થાય ?" ત્યારે તેજે કહ્યું જે, "બાપા ! મારી પાસે પૈસા નથી અને પૈસા તો મારી મા પાસે છે. તે મને ન આપે ત્યારે હું શું કરું ? અને તમે પોતે પોતાના હાથે કરી જાઓ તો તમારા જીવનું પરલોકનું ખરું ભાતું થાય. અને જે હાથે કરીએ તે સાથે સાચું." ત્યારે નરશીભાઈએ કહ્યું જે, "મારું દેહ તો નહિ રહે અને બે દિવસમાં પડી જાશે. તે બે દિવસમાં હું શું ઉપાય કરું ? તે તું મને કહે તેમ કરું."

ત્યારે તેજે કહ્યું જે, "બાપા ! એનો ઉપાય હું તમને બતાવું. અને થાળ કરવા ને સાધુ જમાડવા તેની કોરી સાડા સાતસો થાશે. તે આપણે શ્રીનરનારાયણના મંદિરમાં કોઠારી અને સાધુ છે તે જેમ આપણે કહેશું તેમ કરશે. અને હું આપણા મંદિરમાં જાઉં અને કોઠારીને કહીશ જે, મારા બાપાને કોરી સાડા સાતસો મંદિરમાં આપવી છે. તે તમે સોનાનો હાર સારો શ્રીકાર લઈને સાધુ પાંચ મૂર્ત ભેગા ચાલો. તે મારા બાપને દર્શન થાશે અને તે હાર મારા બાપને હાથમાં તમો આપજો. તે હાર મારો બાપ હાથમાં લઈ અને પાછો તમને ઠાકોરજીને વાસ્તે આપશે અને કહેશે જે, 'આ હારના પૈસા હું કોઠારીને આપું છું.' એમ કહીને હાર પણ પાછો આપશે. તે શ્રીનરનારાયણ દેવને ધરાવજો. તે હવે મેં કહ્યું તેમાં જો રાજી-ખુશી હો તો મને કહો તો બાપા ! હું કોઠારીને અને સાધુને તેડી આવું."

ત્યારે નરશીભાઈએ કહ્યું જે, "તેજા ! તેં બહુ સારું કહ્યું, અને એ કામ તત્કાળ કરો. મારા દેહનો તો કાંઈ નિરધાર નથી." પછી તેજો પોતે મંદિરમાં જઈને કોઠારીને અને સાધુને પોતાને ઘેર તેડી ગયો. પછી નરશીભાઈને બોલાવ્યા અને ભગવાનની વાત કરીને કહ્યું જે, "આ હાર લિયો." પછી હાર લઈને પોતાની છાતીમાં દાબીને કહ્યું જે, "અમારા જીવનું પરલોકનું ભાતું થયું." એમ કહીને

કોઠારીને કોરી સાડા સાતસો આપી. પછી સાધુને કહ્યું જે, “આ હાર શ્રીનરનારાયણ દેવને પહેરાવજો. હવે દેહ ગમે તો હમણાં પડી જાય.” એમ બોલ્યા. પછી સાધુ ઊઠીને મંદિરમાં ગયા અને તે હાર નરનારાયણ દેવને ધરાવ્યો.

પછી નરશીભાઈને દેહ મૂકવાનો સમય થયો ત્યારે તેનાં સગાં-સબંધી તથા નાતના મનુષ્ય આવીને બેઠાં. ત્યારે નરશીભાઈ બોલ્યા જે, “શ્રીજીમહારાજ મને તેડવા પધાર્યા છે. અને જે મેં સોનાનો હાર શ્રીનરનારાયણ દેવને આપ્યો છે તે હાર લઈને આવ્યા છે. તે હાર મને પાછો આપે છે અને શ્રીજીમહારાજ મને એમ કહે છે જે, ‘આ હાર તું પહેર અને અમે તને તેડવા આવ્યા છીએ તેથી ચાલ.’ માટે હવે હું શ્રીજીમહારાજની સાથે અક્ષરધામમાં જાઉં છું.” એમ કહીને પછી જય સ્વામિનારાયણ કહીને દેહ મૂકીને ભગવાનના ધામમાં ગયા. ॥૪૩॥

✵ સુખપુરના નારાયણને અંતે દર્શન દઈ તેડી ગયા :

ગામ સુખપુરના પટેલ નારાયણ માંદા થયા. ત્યારે જે સત્સંગી આવે તે જય સ્વામિનારાયણ કહીને પૂછે જે, “નારાયણભક્ત, કેમ છે?” ત્યારે જે સત્સંગી પૂછે તેને એમ કહે જે, “મારે મંદવાડ કાંઈ નથી. અને આ દેહ ક્ષણભંગુર છે. તે શ્રીજીમહારાજની મરજી હશે તેમ થાશે. અને દેહ રહે તો ભલે અને પડે તોય ભલે. મારે તો આનંદ છે. અને જે સત્સંગી મારી પાસે આવે અને જે મારા હેતુ-મિત્ર હો તે દેહનું અને વ્યવહારનું તો મને પૂછશો નહીં. અને શ્રીજીમહારાજની વાતું કરો. અને મૂર્તિનાં સારાં સારાં કીર્તન ગાઓ અને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ધૂન કરો, તે મારી પાસે આવો. અને જે ન કરે ને જે દેહના ને લોક-વ્યવહારના લોચા કાઢો ને મારા કાન બગાડો તે મારી પાસે ન આવશો.” એમ વાતું કરતાં કરતાં દિવસ પાંચ-છ થઈ ગયા.

ત્યારે સર્વે જે પોતાની નાતના ગામના મનુષ્ય હતા તેમને કહ્યું જે, "આજ કોઈ કામકાજે જાશો નહિ, મારી પાસે આવીને બેસો. જેને શ્રીજીમહારાજની વાતું આવડે તે વાતું કરો. જેને કીર્તન આવડે તે કીર્તન બોલો અને મારે આજ દેહ મૂકવાનો છે. માટે આજ છેલ્લો દિવસ છે." પછી ગામના મનુષ્ય ભેળા થઈને આવીને કીર્તન ગાવા લાગ્યા. પછી નારાયણ પટેલે કહ્યું જે, "હવે કીર્તન રાખો. શ્રીજીમહારાજ પધાર્યા છે. તે આસન પાથરો તો મહારાજ બિરાજે."

પછી આસન પાથર્યું ત્યારે તે આસન ઉપર શ્રીજીમહારાજ બિરાજ્યા. પછી નારાયણ પટેલે વાત કરી જે, "સર્વે સત્સંગી થાજો, વર્તમાન પાળજો અને ધર્મમાં રહેજો. અને શ્રીજીમહારાજ ભગવાન છે. અને સર્વે અવતારના અવતારી શ્રીજીમહારાજ છે. એવી પરિપક્વ નિષ્ઠા શ્રીજીમહારાજમાં તમે સર્વે રાખશો તો આ જેમ મને મહારાજ તેડવા આવ્યા તેમ તમને સર્વેને તેડવા આવશે." એમ કહીને ભગવાનના ધામમાં ગયા. અને તે દિવસથી આખા ગામના મનુષ્ય સર્વે મંદિરમાં નિત્યે આવે છે. તે મંદિરમાં સમાતા નથી તેટલા દર્શન કરવા આવે છે. ॥૪૪॥

✷ ગાગોદડના કચરાભક્તને અંતે દર્શન દઈ તેડી ગયા :

ગામ **ગાગોદડ**માં કચરાભગત માંદા થયા. પછી શ્રીજીમહારાજ પધાર્યા ત્યારે કચરાભક્ત શ્રીજીમહારાજને પગે લાગ્યા. અને કહ્યું જે, "હે મહારાજ ! તમે કૃપા કરીને દર્શન દીધાં, ને મને કૃતારથ કીધો." પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "હવે ચાલો." ત્યારે કચરાભક્તે કહ્યું જે, "હે મહારાજ ! વાટ જોઈને બેઠો છું, તે ચાલો." પછી પોતાના દીકરાને કહ્યું જે, "ચોકો કરો, ને મને ખાટલા ઉપરથી ઉતારો. અને ચોકામાં સુવાડો. અને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ધૂન કરો."

પછી પોતે પણ 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ધૂન કરવા લાગ્યા. અને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ કરતાં દેહ મૂકીને શ્રીજીમહારાજ ભેળા ચાલ્યા, તે ભચાઉ ગયા અને અર્ધરાત્રિએ કરમણ ભક્તને સાદ કર્યો. ત્યારે કરમણભક્ત પોતાને ઘેર સૂતા હતા તે ઊઠ્યા. અને કહ્યું જે, "કોણ છે ?" ત્યારે કચરાભક્તે કહ્યું જે, "હું છું." ત્યારે કરમણભક્તે કહ્યું જે, "આ ટાણે કેમ આવ્યા ?" ત્યારે કચરાભક્તે કહ્યું જે, "શ્રીજીમહારાજ મને તેડવા આવ્યા છે. તેથી હું દેહ મૂકીને ભગવાનના ધામમાં જાઉં છું. અને આપણે બેને હેત હતું તેથી તમને છેલ્લી વારના નારાયણ કહેવા આવ્યા છીએ." ત્યારે કરમણે કહ્યું જે, "ઊભા રહો, હું આવું છું." પછી ઊઠીને ખડકી ઉઘાડીને બહાર જોયું ત્યાં તો અદૃશ્ય થઈ ગયા. ॥૪૫॥

❋ ધમડકાના રાયધણજીને અંતે દર્શન દઈ તેડી ગયા :

અને ગામ ધમડકામાં જાડેજા રાયધણજી માંદા થયા. ત્યારે શ્રીજીમહારાજ દોઢસો સાધુ સહિત પધાર્યા. ત્યારે રાયધણજીને દર્શન થયાં. ત્યારે રાયધણજીએ શ્રીજીમહારાજને પગે લાગીને, સ્તુતિ કરીને કહ્યું જે, "હે મહારાજ ! અમ સારુ તમે આટલા સાધુને તેડીને પધાર્યા, તે તમને બહુ પરિશ્રમ પડ્યો, અને બે સાધુને મોકલ્યા હોત તોય હું રાજી થકો આવત."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમે જૂનામાં જૂના સત્સંગી છો. તેને તો અમે પોતે આવી રીતે તેડવા આવીએ છીએ. તે જાણજો. અને તમારા ગામની નદીમાં દુધઈના માર્ગથી દક્ષણાદી કોરે પાણીનો ધરો છે. તેમાં અમે કેટલાક ફેરો નાયા છીએ. અને ધોબીના આરામાં પણ કેટલીક વાર નાયા છીએ. તે તમારી નદી તીર્થરૂપ છે. માટે જે એ નદીમાં નહાશે, અને જે એ નદીનું પાણી પીશે, અને તમારા દરબારમાં મનુષ્ય તથા પશુ જે દેહ મૂકશે તેનું કલ્યાણ અમારે કરવું છે. અને હવે તમે ચાલો." ત્યારે રાયધણજીએ કહ્યું જે, "તૈયાર છું, ચાલો." પછી દેહ મૂકીને શ્રીજીમહારાજના ધામમાં ગયા.

અને જ્યારે શ્રીજીમહારાજ અને સાધુ ધમડકાની બજારમાંથી ચાલ્યા ત્યારે વાણિયાના હાટ આગળથી નીસર્યા. ત્યારે વાણિયે જાણ્યું જે, 'જાડેજા રાયધણજી આદિ સર્વે મારે હાટેથી નામું લે છે. તેથી હમણાં લોટ લેવા આવશે. અને મારા હાટમાં લોટ સો માણસને થાય તેટલો નથી. તે હું દળવા આપી દઉં તો લોટ વેલો વેલો થાય તો સારું.' ત્યારે ઘઉં દળવા આપ્યા. ત્યારપછી ઘડી એક વાર થઈ ત્યારે રાયધણજીએ દેહ મૂક્યો. તે વાણિયે સાંભળ્યું જે, 'આજે રાયધણજી દેહ મૂકી ગયા. તે જાડેજા સર્વેને સુતક આવ્યું તેથી મારો લોટ નહિ લે.' પછી વાણિયાનો લોટ પડ્યો રહ્યો. અને શ્રીજીમહારાજ ને સાધુ અંતર્ધાન થઈ ગયા. એ મોટો પરચો થયો. ॥૪૬॥

❋ અંજારના ચાગબાઈને અંતે દર્શન દઈ તેડી ગયા :

ત્યારપછી એક દિવસ ગામ અંજારમાં ચાગબાઈ માંદા થયાં. ત્યારે જે કોઈ બાઈ બોલાવા આવે, અને કહે જે, "બાઈ, કેમ છે ? સારું છે ?" ત્યારે ચાગબાઈ કહે જે, "દેહનું શું પૂછો છો ? દેહ છે તે જ પાપરૂપ છે. તે દેહ મૂકીને જ્યારે શ્રીજીમહારાજના ચરણારવિંદને પામીએ ત્યારે સારું થાશે. તે માટે હવે સર્વે બાઈઓ ભેળી થઈને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ધૂન કરો તો શ્રીજીમહારાજ પધારે તો સારું થાય." પછી સર્વે બાઈઓ ભેળી થઈને ધૂન કરી. ત્યારે ચાગબાઈએ પોતે પણ ધૂન કરવા માંડી. તે ઘડીએક ધૂન કરી ત્યારે શ્રીજીમહારાજનાં દર્શન થયાં અને પીડા મટી ગઈ અને સુખશાંતિ થઈ. પછી દેહ મૂકીને ભગવાનના ધામમાં ગયાં. ॥૪૭॥

❋ અમદાવાદ મંદિર માટે પથ્થર લાવનારા જીવા પટેલ ઉપર રાજીપો :

અમદાવાદમાં નરનારાયણનું મંદિર કરતી વખતે શિખરની કોળીમાં નાખવાનો પથ્થર ધ્રાંગધ્રેથી લાવવો હતો. અને તે પથ્થર ૧૬૦ એક સો સાઈઠ મણનો ભારે બહુ હતો. તેને કોઈએ ગાડે ચડાવ્યો નહીં.

પછી નાના અંકેવાળિયાના પટેલ જીવા વિરમગામાએ ગાડે ચડાવીને છ બળદ જોડ્યા. તે બળદ ઠાલા ચાલ્યા જાય, પણ કાંધે ધૂંસરું અડે નહીં. તે માર્ગમાં આવતાં ગોધાવી આગળ ગાડાનો ઈસોટો ભાંગી ગયો. તે જોઈને ભક્ત રાજી થયા અને બોલ્યા જે, "મારે સંભારણું થયું."

પછી અમદાવાદ લાવીને ગાડેથી ઉતારી, ને દરવાજા પાસે લિંબડા નીચે સભા કરીને મહારાજ બિરાજમાન હતા ત્યાં જઈને દર્શન કર્યાં. પછી મહારાજ તેમને મળીને બોલ્યા જે, "આવો ભક્ત, પથ્થર બહુ ભારે લાવ્યા." ત્યારે ભક્ત બોલ્યા જે, "મહારાજ ! તમે લાવ્યા. મારા બળદ ઠાલા ચાલ્યા આવ્યા છે." પછી મહારાજ કહે, "આ અમારી રાખડી કાંડેથી છોડી લ્યો. અમે બહુ રાજી છીએ." પછી ભક્તે છોડી લીધી.

પછી મહારાજ સભાને કહે જે, "તમે ઊંચા બેઠા છો પણ બકરા જેવા છો. તે બકરું અધશેર દૂધ કાઢે અને આ ભેંસો જેવા છે. તે ભેંસો માદલામાં બેસે, પણ દૂધ બહુ કાઢે. તેમ આમની અમારે ખબર રાખવી પડે નહીં. ઉતારાની, ખાવાની કાંઈ ખબર રાખવી પડે નહીં અને સેવા શિર સાટે કરે." એમ પ્રશંસા કરી. ॥૪૮॥

✹ મૂર્તિમાન જ્ઞાન-વૈરાગ્ય-ધર્મ-ભક્તિને સત્સંગમાં રાખ્યા :

એક સમયે ગઢડે મહારાજ અક્ષરઓરડીના ફળિયામાં ઢોલિયે બિરાજતા હતા. તે સમયે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને ધર્મ તે મહારાજને દંડવત્ કરીને, ચરણ સ્પર્શ કરીને બેઠાં. પછી હાથ જોડીને બોલ્યાં જે, "હે મહારાજ ! તમે જ્યાં અમને આજ્ઞા કરો ત્યાં અમે રહીએ. અને સત્સંગમાં ફરીએ અને તમારાં દર્શન કરીએ." ત્યારે મહારાજ બોલ્યા જે, "માહાત્મ્યે સહિત જે ભક્તિ તે ગોપાળાનંદસ્વામી પાસે રહો, અને સ્વધર્મ ! તમે મુક્તાનંદસ્વામી પાસે રહો, અને જ્ઞાન ! તમે નિત્યાનંદ સ્વામી પાસે રહો, અને વૈરાગ્યને કહ્યું તમે નિષ્કુળાનંદ સ્વામી પાસે રહો. એવી રીતે સત્સંગમાં ફરો." એમ આજ્ઞા કરી.

ત્યારે તેવી રીતે રહીને મૂર્તિમાન સત્સંગમાં જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ ને ધર્મ તે ફરવા લાગ્યાં. અને અષ્ટસિદ્ધિ ને નવનિધિ તે તો મૂર્તિમાન આવીને મહારાજના ચરણારવિંદની સેવા કરવા લાગ્યાં. અને સેવા-પૂજાની વિધિને કહ્યું જે, "તમે આનંદસ્વામી પાસે રહો." ત્યારે તે ત્યાં રહ્યા. ॥૪૯॥

❋ રામપ્રતાપભાઈના વચને નદીમાં પાણી આવ્યું :

એક સમયે રામપ્રતાપભાઈ અને સંત, પાળા તથા બ્રહ્મચારી તેમણે સહિત સિદ્ધપુર ગયા. અને ત્યાં હરિજનોએ ભારે સન્માન કર્યું અને જ્યાં શ્રીજીમહારાજ ઊતર્યા હતા ત્યાં ભાઈ ઊતર્યા. અને હરિજન સામાન લાવ્યા અને બોલ્યા જે, "ભાઈ ! નદીમાં પાણી નથી અને પાવડા લઈને ખોદીએ તો નીસરે." ત્યારે ભાઈ કહે જે, "બ્રહ્માકી લડકી હમકું નવરાનેકું નહીં આવેગી ?"

પછી નિર્મળ જળ આવ્યું. તે જોઈને સત્સંગીએ ભાઈને સંભળાવ્યું જે, "નદીમા જળ વહે છે." ત્યારે ભાઈ કહે જે, "દેખો, બ્રહ્માકી લડકી હમકું નવરાનેકું આઈ હે." પછી સવારે ઊઠી સંત તથા હરિજને સહિત માધવપાવડીએ નાવા પધાર્યા. અને વસ્ત્ર ઉતારીને નાયા અને બ્રાહ્મણે ભાઈને ચાંદલો કર્યો. ત્યારે ભાઈ બોલ્યા જે, "અમારા ભાઈએ તમારી નાતમાં તમને દેગ દેવરાવી છે, તેવી અમે પણ તમને દેગ કરાવી આપશું." તે કરાવી આપી. ॥૫૦॥

❋ રામપ્રતાપભાઈને વચને ઠાકોરજીએ હાર પહેરાવ્યો :

એક સમયે રામપ્રતાપભાઈ ઠાકોરજીનાં દર્શન કરવા ગયા. ત્યારે પૂજારીએ આડો પડદો નાંખ્યો. ત્યારે ભાઈ કહે જે, "હમારા ભાઈ હમકું હાથોહાથ હાર દેવેંગે." પછી મૂર્તિના ગળામાંથી હાર ઉછળ્યો, તે ભાઈની છાતીમાં વાગ્યો. તે ભાઈએ લઈને પહેર્યો. ॥૫૧॥

❋ નરનારાયણ દેવે ઘરેણાં માગી શ્રાવકને સત્સંગી કર્યો :

એક સમયે અમદાવાદમાં એક શ્રાવક ઘરેણાં લઈને શહેરમાં મંદિરે મંદિરે ફરે અને મનમાં એમ વિચારે જે, 'ઘરેણાં જે મૂર્તિ માગે તેને આપું.' પછી બધાં મંદિર ફરીને નરનારાયણના મંદિરમાં આવ્યો. ત્યારે નરનારાયણ દેવે તે ઘરેણાં તેની પાસેથી માગ્યાં જે, "તું જે ઘરેણાં લાવ્યો છે તે ઘરેણાં અમને આપ." પછી તેણે તે મૂર્તિઓને ઘરેણાં પહેરાવ્યાં અને તે સત્સંગી થયો. ॥૫૨॥

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમ-લીલા મધ્યે 'મહારાજે ભુજના નરશીભાઈને તથા રામપ્રતાપભાઈને તથા અમદાવાદના શ્રાવકને પરચા પૂર્યા' એ નામે ચોરાણુંમો અધ્યાય ॥૯૪॥

અધ્યાય - ૯૫

ધોળકાના પંડિત બ્રહ્મરાક્ષસનો ઇતિહાસ

કોઈક સમય ભુજનગરમાં સર્વે સંતહરિજનોની સભા ભરાઈને બેઠી હતી. તે સમયે તે સભામાં બેઠેલા બ્રહ્માનંદસ્વામીને (નાના) આનંદાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "હે સ્વામી ! ગામ ધોળકાના કાશીનાથ પંડિત તે બ્રહ્મરાક્ષસ ગતિને શી રીતે પામ્યો ? અને તેને ગોપાળાનંદસ્વામીએ ફરીને સદ્‌ગતિને શી રીતે પમાડ્યો ? તે ઐશ્વર્યકથા સવિસ્તાર મને તમો કહી સંભળાવો."

પછી બ્રહ્માનંદસ્વામી તે કથા વિસ્તારથી કહેવા લાગ્યા જે, "હે મુનિ ! કોઈક વખતે કાશીનાથ ભટ્ટ પાસે અધ્યયનની ઈચ્છાથી કોઈક બ્રહ્મકુમાર મનુષ્યોને ગામ ધોળકાની પૃછા કરતો કરતો ગામ ધોળકાની સમીપે આવ્યો. અને પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો જે, 'હાશ વિશ્વંભર ! માંડ પૂગ્યા. અરે, હવે આ સામું દેખાય છે તે ધોળકા લાગે છે. આ સામે તળાવનો બાંધેલો દેવી મીનળનો આરો દેખાય છે. માટે

લાવ જરા સ્નાન તથા સંધ્યા કરી લઉં. અને સૂર્યોદય પણ થઈ ચૂક્યો છે અને બીડેલાં કમળો પણ ઉઘડવા માંડ્યાં છે.'

એમ વિચારી બ્રહ્મકુમારે પોતાનો ખડિયો હતો તે ખભેથી નીચે ઉતાર્યો. પછી તળાવને આરે એક બાજુ તે ખડિયાને મૂક્યો અને માંહીથી દોરી-લોટો કાઢ્યો. ત્યારપછી શૌચાદિ ક્રિયા કરીને કટિ સમાણા જળમાં ઊતરીને બ્રહ્મપુત્રે સ્નાન કર્યું. અને પછી પૂર્વ મુખે ઊભા રહી પાસે ઊભેલા કમળને તોડી સૂર્યદેવને અર્ઘ્ય આપ્યું.

કાનમાં રુદ્રાક્ષની કડી રહી છે જેને, ને કરમાં રુદ્રાક્ષનાં કંકણ, ને કંઠમાં રુદ્રાક્ષની મોટી માળા, ને કપાળમાં તાજી ચોપડેલી ભસ્મ, ને કટિ ભાગમાં મુંજની મેખળા, ને મુખમાં એકધારાએ ચાલતો અષ્ટાધ્યાયી રુદ્રીનો પાઠ એ બધું જોતાં જણાણું જે, આ જરૂર કોઈ શ્રોત્રિય બ્રાહ્મણનો પુત્ર હશે. એમ જોનારને લાગતું. અને સ્નાન,સંધ્યા કરીને તે કુમારે વસ્ત્રો બદલાવ્યાં. પછી એક પહેર્યું અને બીજાની ગાત્રી ભીડી. અને એક અંચળા જેવું આછું વસ્ત્ર માથે વીંટ્યું.

પછી તે કુમાર બે ઘડી મટકું માર્યા વગર ધોળકા તરફ જોઈ રહ્યો. અને મનમાં બોલ્યો જે, 'શું આ જ વૈરાટનગરી છે ? અને અહીંયા જ પાંડવોનો ગુપ્તનિવાસ હતો ? અને શું આ સ્થળે જ પાંડવોએ શસ્ત્રો સંતાડેલાં હશે ?' એવો વિચાર કરતો હતો. તે વખતે કોઈ અજાણ્યા મનુષ્યે તે કુમારના ખભા ઉપર હાથ મૂકીને કહ્યું જે, "હા ભાઈ, એ જ આ ધોળકા નગરી છે. અને આ જ ભૂમિ, આ જ એ સ્થળ છે. અને કુમાર ! તું સામે દૃષ્ટિ કર. આ જે મસીદનો મિનારો દેખાય છે ત્યાં પૂર્વે ઉત્તરાનું (વિરાટ રાજાની પુત્રીનું) વિદ્યામંદિર હતું. ત્યાં જ અર્જુને બૃહન્નલાના વેષમાં ઉત્તરાકુમારીને નૃત્યકળા શીખવી હતી. બીજાં સ્થળો તો હવે નામમાત્ર રહ્યાં છે."

ત્યારે તે કુમાર કહે, "હા ભાઈ, સાચું કહો છો. કારણ કે કાળ કાળનું કામ કરે જાય છે, પણ હાલમાં અહીં રાજ હિંદુનું છે કે ?" ત્યારે

તે મનુષ્યે કહ્યું કે, "ના રે ના. હિંદુ રાજ્યનાં તો સપનાં વહી ગયાં અને અત્યારે તો રાજમાં લાલ નેજાને બદલે લીલા નેજા ફરકી રહ્યા છે. અને વેદની ઘોષણાને ઠેકાણે કુરાનના કલમાઓ પઢાય છે. છતાં આ અમારી ધવલપુરીમાં વેદવિદ્યા નાશ નથી પામી. ભાઈ! એટલું હજુ સારું છે. ભાંગ્યું તોય ભરુચ છે. બૃહસ્પતિ તો નહિ પણ બૃહસ્પતિ સમા કૈંક વાચસ્પતિ પદવીધરો આ ભૂમિમાં પડ્યા છે. અને તેઓ આ વૈરાટનગરીની વિશાળ કીર્તિમાં વૃદ્ધિ કરી રહ્યા છે. પણ અહોહો ! આપણે તો ભાઈ આડે માર્ગે બહુ ઊતરી પડ્યા છીએ. તમારું કુશળ-અંતર પૂછવાનું તો ભૂલી ગયા, પણ તમે કોઈ પરદેશી જણાતા મને લાગો છો. અને શું નિમિત્તે આપનું આંહીં સુધી આવવું થયું છે? તે જો તમને કહેવામાં હરકત ન હોય તો જણાવો."

ત્યારે તે મનુષ્ય બોલ્યો જે, "હે મહાભાગ્ય, અમારા ચારુતર પ્રદેશમાં ઘણા વેદવેત્તા પુરુષો વસે છે, તોપણ આ તમારા કંઠાલ દેશમાં એથી પણ ચડેલ એવા નિગમાગમના પારને પહોંચેલા આ ધોળકામાં પંડિતો વસે છે. એવું સાંભળીને હું (ભણવાની) તીવ્ર ઇચ્છાથી આ તમારા દેશમાં આવ્યો છું. ને સંભળાય છે કે કોઈ કાશીમાં ભણેલ પંડિતનો અહીંયાં નિવાસ છે અને તેઓ સરસ્વતીનું કંઠાભરણ ગણાય છે."

ત્યારે તેણે કહ્યું જે, "હા, કાશીનાથ પંડિત સાચા, પણ હતા. એટલે ભાઈ, હું આ ગામનો બરાબર ભોમિયો નથી કે જેથી તમોને પાકો નિર્ણય કહી શકું; પણ તમે આ સામેના દરવાજેથી પેસીને સામા બ્રહ્મપોળમાં જજો અને ત્યાં જઈને કોઈને વાચસ્પતિ મિશ્રનો વાડો પૂછજો એટલે તમને ખબર પડશે. અને અમારે ગામ જવાનો રસ્તો આ છે અને તમારે ગામમાં જવાનો આ સીધો રાજમાર્ગ છે." એમ કહીને તે બે જણા જુદા પડ્યા.

પછી તે કુમારે હાથમાં દંડને લીધો અને રૂદ્રાક્ષના કંકણને ખખડાવતો થકો ધવલપુરીના દરવાજા સામો ચાલ્યો. અને તે કાશીનાથ

પંડિતનું ઘર ગુજરાત આખીમાં પંકાતું. અને વિદ્વત્તા અને વિજયતા શ્રી સરસ્વતી આ બ્રાહ્મણને વર્યાં હતાં. અને ઠેઠ દક્ષિણમાંથી વિદ્યાર્થીઓ કાશીનાથના સરસ્વતી મંદિરમાં આવી રહેતા હતા. અને ધોળકા નગરીના પંડિતજી સાક્ષાત મંડનમિશ્ર ગણાતા. તેમનાં ગૃહપત્ની સ્ત્રીસમાજ સમા સરસ્વતીની પેઠે પૂજાતાં. અને તે બ્રાહ્મણની રાજમાં પણ સારી આવ-જાવ હતી અને સારો પ્રશંસાપાત્ર હતો.

અને આંટીઘૂંટીવાળા અટપટા રાજ્યતંત્રના કૂટ પ્રશ્નઉત્તર કરી ઘડીભર ભગવાન કૌટિલ્યને પણ ભુલાવતા. અને વિદ્યાનિધિ હોવાથી પંડિતો પ્રસન્ન મુખે સભામાં વાચસ્પતિ કહી બોલાવતા. અને બહુ ઓછાબોલા હતા અને બહુ સારા હતા. અને નમ્રતા તે પણ ગંગાયમુના સંગમના જેવી એમની મુખમુદ્રા ઉપર દેખાતી. અને કાવ્ય પ્રબંધમાં તથા રસશાસ્ત્રમાં તથા અલંકારશાસ્ત્રમાં પણ તેઓ મુખ્ય ગણાતા. શબ્દશાસ્ત્રમાં અને ન્યાયશાસ્ત્રમાં પણ એમની વાગ્ધારા મંદાકિનીના પ્રવાહનું કામ કરતી. અને ધર્મશાસ્ત્ર, સ્વરશાસ્ત્ર, અર્થશાસ્ત્રમાં, વેદવેદાંગમાં, ઉપનિષદોમાં, અદ્વિતીય પ્રતિભાની પૂર્ણછાપ પાડતા. અને ટૂંકામાં પંડિતનિધિની મહાગુજરાતમાં સારી પ્રસિદ્ધિ હતી.

પણ તે પંડિતજીને એક પુંડરિક સમો પનોતો પુત્ર હતો અને તે પુત્રનું મુખડું દેખી ભવભૂતિનો એક સુંદર શ્લોક વારંવાર તેઓ બોલતા. એવો એ વહાલો પુત્ર હતો અને તે વારંવાર આનંદ પામતા. અને તે પંડિતજીને રહેવાનું ઘર પણ સુંદર હતું. અને મોટા એક ઓસરિયા ચાર ચુનાબંધ આભલા જેવા ઓરડા રહેવાના હતા. અને ફળિયામાં ઉતારેલું એક રસોડું, ને નાનાસો ચોક, ને એક બાજુ આવેલો કૂવો, ને આસપાસ બીલીનું ઝાડ, ને તુલસીનો છોડ, ને ફૂલના છોડથી શોભતો નાનો બગીચો, ને સામી બાજુ આવેલી બજાર, ને ગૌશાળા વિગેરે જોતાં જોનારને કોઈક ઋષિના આશ્રમ જેવું શાંતિનું સ્થાન લાગતું. અને તે પંડિતજીનો ગૃહસંસાર પણ સર્વે વાતે સુખે ચાલ્યો જતો હતો.

તેવા સમામાં એક દિવસની એક અભાગી ક્ષણે તે પંડિતજીનો નાનો બાળક તેલની ભરેલી લોઢાની કોઠીમાં બાળભાવથી ડોકાવા જતાં, જોતાં જોતાંમાં પડી ગયો. અને થોડી વારમાં રામશરણ થઈ ગયો. અને ગૃહપત્ની ઘરના કામકાજમાં તત્પર થયાં હતાં. પછી તે કામથી પરવારી તે પુત્રની સંભાળ લેતાં, તે પુત્ર તેલની કોઠીમાં બૂડેલો જોઈને તે માતા મોહવિવશ બની. અને 'હાય પુત્ર ! હાય પુત્ર !' કરતી તે કોઠીમાં તેણે પણ પડતું મેલ્યું. અને પુત્રપ્રેમથી માતા પણ પ્રભુના દરબારમાં પહોંચી. અને પંડિતજીને પણ તે પુત્ર અને પત્ની પરલોક સિધાવતાં સર્વ જગત શૂન્ય ભાસવા લાગ્યું. પછી બાળા સાદ વિનાનું અને સ્ત્રી વિનાનું ઘર ગોજારા કૂવા જેવું જણાવા લાગ્યું. અને અંતે તે પંડિતજીનું પંડિતપણું કોરે મુકાણું અને પોતે પણ મોહવશ થઈને તેલની કોઠીમાં પડતું મેલ્યું.

આ પ્રમાણે આત્મહત્યા કરીને ઘણાં જણાં મરણ પામ્યાં. તે મરતાં મરતાં તેને ગૃહવાસના રહી જવાથી મરનાર પંડિત તે બ્રહ્મરાક્ષસની ગતિને પામ્યો. અને પોતાના મકાનમાં વિકરાળ બ્રહ્મરાક્ષસ થઈને રહ્યો. આથી પોતાના મકાનમાં કોઈને પણ રહેવા દે નહીં તથા ઊતરવા દે નહીં. અને કોઈ રડ્યુંખડ્યું ભોગજોગે ઊતરવા આવે તો સવારમાં તે જીવતો જાવા પામે નહીં. આવી સ્થિતિ થતાં તે મકાનનું નામ ગામ લોકોએ ભૂતિયું મકાન પાડ્યું.

એ મકાનનું નામ પણ ભોગજોગે કોઈના લેવામાં આવતું તો તે સાંભળનારનું કાળજું ફડફડતું. તેથી આસપાસનો ભાગ સર્વે ઉજ્જડ થઈ ગયો હતો. અને આસપાસ ભૂંડોનાં ટોળાંથી ભરેલા તે સર્વે ખંડેરો વચ્ચે આ ભૂતિયું મકાન સર્વે અણિશુદ્ધ ઊભું હતું. તેમાં રહેલા ઉપર કહેલા બ્રહ્મરાક્ષસે વિચાર કર્યો જે, 'ગામના અટકચાળા લોકોએ આ બ્રાહ્મણકુમારને મારી પાસે મોકલ્યો છે અને સામેથી આ ચાલ્યો આવે છે. તે આશાભર્યો ભણવા આવે છે. માટે મારું વિકૃતરૂપ જોશે તો બિચારો જોઈને ફાટી પડશે. અને વળી મને પાતક લાગશે. વળી

તે મારું નામ સાંભળીને ભણવા આવ્યો છે. માટે એને ભણાવું અને વિદ્યાર્થી બનાવું. સુપાત્ર સમજી વિદ્યાના ભંડાર આપું.'

એમ મનમાં નક્કી કરીને પોતાની પાસે જે સર્વે ભૂતો હતાં તેને કહ્યું જે, 'હે ભૂતો ! તમે સૌ સાંભળો. આ જુઓ સામેથી પેલો કુમાર ભણવા સારુ મારી પાસે આવે છે. માટે તમે સૌ વિદ્યાર્થી બની જાઓ, અને હું તમારો સર્વેનો વિદ્યાગુરુ બનુ." એટલી વાત કહેતા તે ભૂતો સર્વે નાના નાના વિદ્યાર્થી બની ગયાં. અને પોતે પણ માથે લાલ દક્ષિણી પાઘડી બાંધી અને અંગે અંગરખું ને ગળામાં સુંદર શાલ, ને પાની સુધી ઢળકતું ચાર આંગળ પાટલી પાડેલું ધોતિયું પહેરી અને ગાદી તકિયા ઉપર બેસી ગયો. અને પંડિતે સૂચના કીધી જે, "જો કોઈ પણ ભૂત તમે આ બ્રહ્મકુમારને બીવરાવશો કે પોતાનું મૂળ સ્વરૂપ તેને બતાવશો કે કોઈ તેને દુઃખ આપશો તો તેનો હું જાન લઈશ." આવી કઠણ આજ્ઞા બ્રહ્મરાક્ષસે તે ભૂતોને આપી દીધી.

❋ બ્રહ્મરાક્ષસે બ્રહ્મકુમારને વિદ્યા ભણાવવા રાખ્યો :

પછી તે મકાન બે ઘડી વારમાં નાનુ સરખું શારદાનું મંદિર બની ગયું. અને વેદની ઘોષણાઓ તે મકાનમાં થાવા લાગી તથા ઉપનિષદ તથા વેદની ઋચાઓ વિદ્યાર્થીઓના ગળામાં ગાજવા લાગી. પાણિનીનાં સૂત્રો અને પતંજલિ ભાષ્યની પ્રક્રિયાઓ રેલમછેલ થાવા માંડી. તે જાણે સરસ્વતી નદીના ઓસરતાં નીર પાછાં ઊભરાવા લાગ્યાં કે શું ! એમ સાક્ષાત્ તે જોનાર મનુષ્યને અનુભવ થાય.

અને તે સમે તે કુમારે આવીને તે ડેલીની સાંકળ ખખડાવી અને "ઉઘાડજો બારણું..." એમ મોટેથી બૂમ પાડી. તેથી એક ભૂત વિદ્યાર્થી હસતો હસતો ને સૂત્રો ગોખતો ગોખતો કમાડ ઉઘાડવા આવ્યો, અને કમાડ ઉઘાડ્યું. અને તે બ્રાહ્મણકુમાર અંદર આવતાં પાછું તરત જ તે કમાડ દેવાણું. અને અંદર જોતાં કુમારને જણાણું જે, 'આવું વિદ્યાપીઠ

આખા ગુજરાતમાં નથી. અને હું આંહીં આવી કૃતાર્થ થયો. અને મને આ વિદ્યાશીલ ગુરુદેવ મળ્યા તે મારાં મોટાં ભાગ્ય.' એમ વિચાર કરતો કરતો સીધો ગુરુદેવ પાસે જઈ તે ગુરુને નમ્યો અને આચાર્યના અંકમાં(ખોળામાં) પડ્યો.

ત્યારે પંડિતના વેશમાં બેઠેલા બ્રહ્મરાક્ષસે કુમારને ઉઠાડ્યો અને તેને કુશળતા પૂછી. અને આવવાનું કારણ પૂછ્યું. ત્યારે તે કુમારે વિનંતીપૂર્વક જવાબ દીધો અને કહ્યું જે, "ભગવાન પરશુરામ પાસે જેમ કર્ણ ગયો હતો અને મિત્રાવરુણ પાસે યાજ્ઞવલ્ક્ય ગયા અને વિશ્વામિત્ર મુનિ પાસે ગોલવ વિદ્યા ભણવા ગયો હતો; તેમ હું પણ આપની પાસે વિદ્યા ભણવા આવ્યો છું. તો હે ગુરુદેવ ! મને તમે વિદ્યાનું દાન આપો."

ત્યારે તેમણે કહ્યું જે, "વિદ્યાદાન તમને દેવામાં અમારી ના નથી. પણ કુમાર ! અમારા આ વિદ્યાપીઠના નિયમો પાળવા બહુ કઠણ છે. તે તારાથી પળશે ? તો સાંભળ. જો તારે ભણવું હશે તો આ મકાન બારે તારાથી ક્યાંય જવાશે નહીં. અને અમારું નામ-ઠામ કે જાતિ-ગોત્ર કોઈ દિવસ તારાથી પુછાશે નહીં. અને 'ક્યાં ભણ્યો ?' એમ કોઈ તને કહે તો અમારું સ્થળ બતાવાશે નહીં. અને અમારી સાથે ભણવા વિના અન્ય વાતો પણ થશે નહીં. અને પરથારનાં પગથિયાં નીચે તારાથી ઊતરાશે નહીં. અમારા સરસ્વતી મંદિરમાં સર્વે વિદ્યાર્થી વર્ગને તમામ ખાનપાન, આરામ, વસ્ત્રદાન, પુસ્તકદાન વિગેરે સર્વે અપાય છે. એટલે તારે બહાર જવાની જરૂર રહેતી નથી.

અને કુમાર ! આ અમારી વેદપુરી છે. એ વેદપુરી બહાર જે દિવસ તું પગ મૂકીશ તે દિવસ અમે સર્વે તારા નથી અને તું અમારો નથી. આંહીં તો અસીધારાવ્રત છે. અને આ ધોળકામાં આટલી મુંજની ધારાનગરી છે, તે તું સમજ્યો ? અને બોલ, જો તારી ઇચ્છામાં આવે

તો અમે આંહીં રાખીએ. અને આ બધા વિદ્યાર્થીઓ આવાં કઠણ વ્રત લઈને અમારી વિદ્યાપીઠમાં દાખલ થયા છે. હવે તું કહે ભાઈ ! તારો શું વિચાર છે?" એવી રીતે હેતનાં વચન કહ્યાં. જેમ પિતા હેતનાં વચન બોલે તેમ વિદ્યાગુરુ બોલ્યા.

તે સાંભળી તે કુમાર ફેર ગુરુના ખોળામાં પડ્યો અને મૃદુ વચન બોલ્યો જે, "હે ગુરુદેવ ! હું તમારો છું. અને તમારે શરણે આવ્યો છું. મને તમે વિદ્યાદાન આપો. હું તમારી વિદ્યાપીઠના સર્વે કઠણ નિયમનું પાલન અવશ્ય કરીશ." એવી રીતે તરત હા કહેતાં તેને તમામ સગવડ કરી આપવામાં આવી. અને તમામ સીધાં-સામાનનો પણ બંદોબસ્ત વિદ્યાગુરુએ કરી આપ્યો. પછી તે કુમાર ભણવા લાગ્યો. અને હૈયાને હેતે સુપાત્ર શિષ્ય મળતાં તે બ્રહ્મરાક્ષસે વિદ્યા ભણાવવા માંડી. અને ભણાવી ભણાવીને ટૂંક વખતમાં મહાનિષ્ણાત કર્યો. અને કુશાગ્ર બુદ્ધિશાળી તે કુમારે પણ વિદ્યાનું પોતાની શક્તિ પ્રમાણે પાન કરવા માંડ્યું. અને દિવસે દિવસે તે કુમારનું બ્રહ્મતેજ વૃદ્ધિ પામવા લાગ્યું. અને તે કુમાર લાગટ ત્રણ વર્ષ ભણ્યો.

પછી એક દિવસ પ્રભાતમાં ભણીગણી બનેલો કુમાર ઘર તરફ જવા તૈયાર થયો. ત્યારે ગુરુદેવે તેને આશિષ આપી. ત્યારે તે કુમાર આશિષ માથે ચઢાવીને નીચે ઊતર્યો. ત્યારે ગુરુએ ફેર આશીર્વાદ આપ્યો જે, "ભાઈ ! તારી વિદ્યા ફળીભૂત થજો. અને દિગ્મંડળમાં તારી પ્રસિદ્ધિ ખૂબ વધજો. અને જા ભાઈ, તું સુખી થા. અને હવે આ ભુવનમાં ફરી વખત તું આવતો નહીં. આ સ્થળ સામું પણ ફરીથી કોઈ દિવસ જોઈશ નહીં.

અને 'તું ક્યાં ભણ્યો' એમ તને કોઈ પૂછે તોપણ અમારું આ ગુપ્ત વિદ્યાપીઠ તેને બતાવીશ નહીં. અને અમે તે કીર્તિના ભૂખ્યા નથી, પણ કર્તવ્યભોગી છીએ. તેવો અમારો પાકો મુદ્દો છે. વિશેષ

હવે તને શું કહું ? જાઓ બેટા! સુખેથી રહો અને ભણેલી વિદ્યાનો વિસ્તાર કરો." એમ કહ્યું. ત્યારે તે કુમાર ગુરુને વંદન કરીને ચાલ્યો. ત્યારે એક હેતાળ વિદ્યાર્થી ડેલી સુધી તેને વળાવવા આવ્યો. અને જેવો કુમાર બહાર નીકળ્યો એવું જ પાછું તે દ્વાર બંધ થયું અને કુમાર ચાલી નીકળ્યો.

ત્યારે તેને જોઈને એક જણ બોલ્યો જે, "અલ્યા ! આ તો પેલા બ્રાહ્મણનો છોકરો ! આપણે ભૂતિયા મકાનમાં મોકલ્યો હતો તે." એમ કહીને તે પૂછવા લાગ્યો જે, "અલ્યા, તું ભૂતખાનામાં જીવતો રહ્યો..?! ચાલો જરા આડુંઅવળું પૂછી જોઈએ અને એનું નામ નહીં પાડીએ. અને આડુંઅવળું પૂછી મૂળ મુદ્દો પકડી લેશું, ચાલો." એમ કહી સૌ સામા ઉતાવળા ચાલ્યા. અને તે ભૂદેવને જોઈને 'રામ રામ' કહીને ઊભા રહ્યા. અને તેને પૂછ્યું જે, "ભાઈ, ક્યાંથી આવો છો ?" ત્યારે તેણે કહ્યું જે, "ક્યાંથી શું ? આ તમારા ગામની ગુપ્ત પીઠમાંથી. અને તમે મને ચીંધી દીધી હતી ત્યાંથી. ભાઈ! હું તમારો ઉપકાર માનું છું. કારણ કે મને વિદ્યા પ્રાપ્ત કરવામાં તમે સહાયકારી થયા."

આ સાંભળીને પૂછનારાઓ એકબીજાની સામે જોવા લાગ્યા અને હોઠમાં હસવા લાગ્યા. અને બોલ્યા જે, "મહારાજની ડગળી ખસી તો નથી ગઈ ને ?" ત્યારે તે સાંભળીને બીજો હળવે રહીને બોલ્યો જે, "ના, ના, ડગળી ખસે શું ? મરનારો બ્રાહ્મણ મહાવિદ્વાન હતો. માટે આને જરૂર એણે વિદ્યા ભણાવી હશે. એમાં શંકાને સ્થાન નથી." એમ કહીને પૂછવા લાગ્યો, "ભાઈ! તમે ભણ્યા તો ખરા પણ 'તમારા ગુરુદેવ કોણ ? ને કોની પાસેથી આવું અમૂલ્ય વિદ્યારત્ન મેળવ્યું ?' એમ જ્યારે કોઈ તમને પૂછશે, ત્યારે તમે તેને શો ઉત્તર દેશો ?"

ત્યારે તે સાંભળી બ્રહ્મકુમાર બોલ્યો જે, "મને એ બાબત પૂછવાની તેઓએ ના પાડી છે." ત્યારે તેણે કહ્યું, **"એનું નામ જ મોટાઓની**

મોટાઈ જે પોતાનું નામ બહાર પ્રસિદ્ધ ન કાઢે. તોપણ આપણે જાણવા ખાતર જાણવું જોઈએ." ત્યારે તે બ્રહ્મકુમારે કહ્યું જે, "તમે કહો તો હું પાછો વળીને પૂછી આવું." ત્યારે તેણે કહ્યું જે, "ભલે પૂછી આવો. અને ભેગાભેગું તેનું ગોત્ર, શાખા અને પ્રવરની ખબર પણ લેતા આવજો. એટલે પાછલે દિવસે મનમાં ઇચ્છા રહી જાય નહીં." ત્યારે તે "ભલે." કહી કુમાર પાછો વળ્યો. આમ તેઓ અવળુંસવળું સમજાવીને આડાઅવળા થઈ ગયા.

ત્યારે આ તરફ બ્રહ્મરાક્ષસે વિચાર્યું જે, 'આ સર્વે ભૂંડું કામ થયું ! અને કાચી વયનો ભોળો કુરંગ સરખો કુમાર, તે લુચ્ચાઓની મૃગજાળમાં બંધાયો. મેં તેને ના પાડી છતાં તે પાછો આવ્યો. અમારાં નામ અને જાતિ, ગોત્ર તે સાંભળશે તો તે કેળના ગર્ભ જેવો કુમાર ઝડપાઈ જશે. અને મને બ્રહ્મહત્યાનું વૃથા પાતક લાગશે.' આમ વિચારીને તે બ્રહ્મરાક્ષસે પાછું વાતની વાતમાં તે વિદ્યાપીઠ શરૂ કર્યું. અને તે ભૂતાવળ હતાં તેને પાછા વિદ્યાર્થી બનાવી દીધા. અને પોતે આચાર્ય બની બેઠા. ત્યાં તો કુમારે આવીને કમાડ ખખડાવ્યું અને તે કમાડ ઊઘડ્યું.

પછી કુમાર ગુરુ પાસે ગયો અને ગુરુને ક્રોધ ચડ્યો. અને તેણે હાક મારીને કહ્યું જે, "કુમાર ! કેમ આવ્યો ?" ત્યારે તે કુમારે કહ્યું જે, "ગુરુદેવ ! આપનું નામ, ઠામ અને જાતિ પૂછવા આવ્યો." ત્યારે ગુરુએ કહ્યું જે, "તારે તારી વિદ્યા સાથે કામ, પણ તારે જાતિ, ગોત્રનું શું કામ ? માટે હજુ મારું માન, અને તું પાછો આવ્યો તેમ ચાલ્યો જા."

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'બ્રહ્મકુમારે બ્રહ્મરાક્ષસને તેમનું કુળ, ગોત્ર, શાખા, પ્રવર પૂછ્યાં' એ નામે પંચાણુમો અધ્યાય ॥૯૫॥

અધ્યાય - ૯૬

બ્રહ્મકુમારનું હઠને કારણે મોત અને બ્રહ્મરાક્ષસનો પસ્તાવો

ત્યારપછી તે બોલ્યો જે, "ના ના, પ્રથમ તમે કોણ ? તમારું નામ શું ? એ સર્વે ઉત્તર તમે મને આપો. ત્યારે જ હું અહીંથી જવાનો છું." એમ કહી પોતાનો ખડિયો ખભેથી ઉતારીને નીચે મૂકી અને તે કુમાર હઠે ચડ્યો. ત્યારે ગુરુએ તેને બહુ સમજાવ્યો, પણ બાળક તે એકનો બે ન થયો. છેવટે હાથમાંથી બાજી જતાં ગુરુ છેવટ બોલ્યા જે, "બસ કુમાર ! અમારાં કુળ, ગોત્ર તારે જાણવાં જ છે ?" ત્યારે તે કહે જે, "હા." ત્યારે આચાર્યની આંખ ફરી અને ભભૂકીને બોલ્યો, "વિદ્યાર્થીઓ ! તમારાં કુળ, ગોત્ર જે હોય તે કહો. અને હું પણ મારાં કુળ, ગોત્ર કહું." આમ કહ્યું ત્યારે સર્વે વિદ્યાર્થીઓ તે ભૂતો બની જઈ હાકલા પડકારા કરવા લાગી ગયા. અને ગુરુ પણ ભયંકર બ્રહ્મરાક્ષસ બનીને આગળ ઊભા રહ્યા.

ત્યારે તે કુમાર આવું દશ્ય નીરખતાં એકદમ ફાટી પડ્યો. જોતજોતામાં આંખના ડોળા પણ બહાર નીકળી પડ્યા. અને તેમના પ્રાણ પળવારમાં પરલોકમાં ચાલ્યા ગયા. અને વાતવાતમાં તે ભૂતાવળે કુમારને ભરખી લીધો. અને આંખમાં કણું ખૂંચે તેમ કુમાર બ્રહ્મરાક્ષસને ખૂંચવા લાગ્યો. અને પોતાને લમણે હાથ દઈ રુદન કરવા લાગ્યો.

અને બોલ્યો જે, "એકનો એક લાડકવાયો અને નમાયો આ બાળક આજ મારી ક્રોધની અગ્નિની ઝાળમાં હોમાયો. અરેરે..! આજે મેં પારકી થાપણ ને પારકું પુત્રરૂપી ધન મારી ભૂતાવળમાં લૂટાવ્યું. અરે ! મેં તેને હાથે કરી લૂટાવ્યું. આજે બ્રહ્મહત્યાનું કલંક મારે શિરે પાછું લાગ્યું. ભણાવી ગણાવી પઢાવીને તૈયાર કરેલો હંસ, મેં જ પારાધીએ આજ હાથેથી હણ્યો. હર...હર...હર..! હવે શી મારી ગતિ થશે ? અને ક્યારે મારું પાતક જાશે ? ક્યારે આ બળતું મારું અંતર ઠરશે ? અને

આ બનાવ જ્યારે એનો પિતા સાંભળશે ત્યારે જરૂર એની છાતીએ શારડી મુકાશે; પણ હું શો ઉપાય કરું ? ભાવિ પ્રબલ થનારું તે થયું."

અને તે વખતે શિયાળાનો વખત હતો. તેથી બે-ચાર જણાઓ ટાઢના સંકડાતાં સંકડાતાં ટૂંટિયાં વાળીને ચોરાની કોર ઉપર એક પછેડીભર પડ્યા હતા. અને કોઈક બાજુ બે-ચાર ઠોલિયા (મૂર્ખ-ગપ્પા મારનારા) ભેળા થઈને તાપણી તાપતાં તાપતાં કોઈની ઠઠ્ઠામશ્કરી કરી રહ્યા હતા. ત્યાં તો કોઈ એક સાધુએ આવીને તેમને પૂછ્યું જે, "ભાઈ ! આંહીં રામના મંદિરમાં રાતના રાત પડ્યા રહેવાય એવી જગ્યા અમારે માટે મળશે ?"

તે સાંભળતાં જ તાપણીમાંનો ચીપીયા વતી દેવતા સંકોરતો સંકોરતો બોલ્યો જે, "તમે ક્યાંથી આવો છો ?" ત્યારે તે સાધુએ કહ્યું જે, "અમે આવીએ છીએ આમ કાઠિયાવાડમાંથી." ત્યારે તેણે કહ્યું જે, "તમારું ગામ કયું ?" ત્યારે તેમણે કહ્યું, "ગામ અમારું ગઢડું." ત્યારે તેણે પૂછ્યું જે, "તમે કેવા છો ?" ત્યારે તેણે કહ્યું જે, "અમે સાધુ છીએ." ત્યારે તેણે પૂછ્યું જે, "કેવા સાધુ ?"

ત્યારે તેમણે કહ્યું કે, "સ્વામિનારાયણના સાધુ છીએ." ત્યારે તે બોલ્યો જે, "તમે કહોને જીવનમુક્તના પંથના છીએ." પછી તે બોલ્યો જે, "કેટલી મૂર્તિ છો ?" ત્યારે સાધુએ કહ્યું, "મૂર્તિ છીએ આશરે પચાસ." ત્યારે તે બોલ્યો જે, "આમાં તમારામાં કોઈ મોટેરા છો ?" ત્યારે સાધુએ કહ્યું જે, "હા, છે." પછી તેમણે કહ્યું જે, **"તે મોટેરાનું નામ શું ?" ત્યારે સંતે કહ્યું જે, "ગોપાળાનંદસ્વામી."**

ત્યારે કોઈક બોલ્યો જે, "હવે આપણે બધું પૂછીને શું કામ છે ? મૂકને ઠાલી નકામી પંચાત. ને સીધો જવાબ દઈ દેને, નકામો ડાપણ ઠાલો ડોળ મા. અને તમે જુઓ બાપજી સાંભળો. રામજી મંદિરનો બાવો તો બરછીએ મારવા જેવો છે. તે કોઈને ઉંબરે પણ ઊભા રહેવા દેતો

નથી, તો ઊતરવાની ક્યાં વાત કહેવી ! તેમાં પણ જો જીવનમુક્તાના સાધુનું નામ સાંભળશે તો બમણો બળી ઊઠશે. અને નાહકનો ઠાલો તમારી સાથે લોહી ઉકાળો(ઝગડો) કરશે. માટે ત્યાં જવાનું તમે રહેવા દ્યો. અને જો તમારી છાતી કબૂલતી હોય તો આ બહાર ડેલાવાળું નવે કાંઠે માળેલું ખાસું આ મકાન રહ્યું છે, તેમાં જઈને ઊતરો."

તે સાંભળીને સંતે કહ્યું જે, "એ મકાને ધણીની રજા સિવાય અમારાથી ઊતરાય નહીં. અને અમારા ગુરુની પણ એવી આજ્ઞા છે." ત્યારે તે બોલ્યો જે, "અલ્યા, તમારું ભલું થાય... પણ બાપજી ! એ મકાનનું તો કોઈ ધણીધોરી પણ નથી. અને એના સામું કોઈ જોતો નથી. એ મકાન તો પડતર છે, તો તમારે રાતની રાત ગાળવી છે એમાં શું ? જાઓ, તમે તમારે સુખેથી સૂઈ રહો."

✵ ગોપાળાનંદસ્વામી અને બ્રહ્મરાક્ષસનો સંવાદ :

આવું સાંભળીને સાધુ "સ્વામિનારાયણ...સ્વામિનારાયણ..." નામ લેતાં તે ડેલા ભણી ચાલ્યા અને તે ઉઘાડી અંદર પેઠા. ત્યારે એક ઓસરીએ હારબંધ ઓરડાઓ દેખતાં સદ્‌ગુરુ ગોપાળાનંદમુનિ અતિ પ્રસન્ન થયા અને મુખેથી બોલી ઊઠ્યા જે, "વાહ વાહ ! જેવી એકાંતની આપણે જગ્યા જોઈએ તેવી જ આપણને મળી ચૂકી. ચાલો સંતો, વાળી નાંખો." પછી તે સાધુઓ સર્વે ઊઠ્યા અને કોઈ વાળવા મંડ્યા, કોઈ સાફસૂફ કરવા મંડ્યા ને કોઈ સ્નાન કરવા ગયા ને કોઈ દિવેલ માગી લાવી કોડિયામાં દીવો પ્રગટાવવા મંડ્યા. અને કોઈ ખીટીએ ખીટીએ ભગવી ઝોળી અને સૂતરની દોરીથી બાંધેલા તુંબડાં લટકાવી દીધાં. અને દીપકની આસપાસ વીંટાઈવળી સંતો સ્વામિનારાયણના નામની ધૂન મચાવવા લાગી પડ્યા.

પછી જ્યારે સાયંકાળ થયો ત્યારે તે સમયની નિત્યવિધિ કરી અને સાધુઓ ભૂખ્યા-દુઃખ્યા, થાક્યાપાક્યા પડ્યા રહ્યા. અને તે સમે

તે ગામમાં કોઈ સત્સંગી નહોતું. પછી જ્યારે મધ્યરાત્રિના બાર વાગ્યા તે વખતે યોગીન્દ્ર ગોપાળાનંદમુનિ ભીંતને ઓથે ભણનારા સાધુઓને પાઠ આપી રહ્યા છે. ત્યાં તો મૂર્તિમાન તે બ્રહ્મરાક્ષસ તે જગ્યામાં પ્રગટ થયો અને સામેના તાટ ઉપર આવીને સહુ દેખતાં ચડપ દેતાં બેઠો. અને ધબોધબ ગીર્વાણની ધારા મુખમાંથી બોલવા લાગ્યો. તે બ્રહ્મરાક્ષસને જોતાં જ નાના નાના સાધુઓ થરથરવા લાગ્યા.

ત્યારે સ્વામીએ સાધુઓને પોતાની પાછળ બેસાડ્યા. અને બ્રહ્મરાક્ષસની સાથે પોતે સંવાદ શરૂ કર્યો. તે એક ધારાએ ઉભય-બંનેનો શાસ્ત્રાર્થ ગંગાના વહેણની પેઠે થવા લાગ્યો. જેમ અજાતશત્રુ ધર્મનો અને યક્ષનો સંવાદ પૂર્વે થયો હતો તેવો સંવાદનો સાક્ષાત્કાર જોનારને થાય એવી એ વખતની ધન્ય ક્ષણ હતી. **બ્રાહ્મમુહૂર્ત થતાં જ બ્રહ્મરાક્ષસ ચાલ્યો ગયો. અને સાધુઓનો તે ખોળિયામાં પ્રાણ પાછો આવ્યો.**

પછી સવાર થયું ત્યારે દૂર દૂરના આડોશી-પાડોશી વાટ જોઈ રહ્યા હતાં કે સવારના આ બધા સાધુઓ તે કાળનો કોળિયો થઈ જવાના છે. પણ જ્યારે સૌ જીવતા સવારમાં જણાયા ત્યારે તેઓ બધા ગમ ખાઈ ગયા. આ ઉપરથી કોઈ ખાત્રી આવી (ગઈ તેથી) પ્રસન્ન થઈ સાધુ ગોપાળાનંદમુનિ બેઠા હતા ત્યાં જઈને પગે લાગ્યા. અને બે હાથ જોડી વિનંતી કરીને કહ્યું જે, “સ્વામી ! આજ તો મારી રસોઈ લો અને મને કૃતાર્થ કરો.”

ત્યારે સ્વામીએ હસિત વદને વચન માન્યું અને સુંદર સાદી રસોઈ બનાવી. અને થાળ તૈયાર કરીને મહારાજની મૂર્તિને ધરાવીને સાધુઓ સર્વે જમ્યા. પછી યોગાભ્યાસી સાધુઓ સહજ સૂતા. અને દિવસ નમતાં તે સાધુ ટપોટપ કેડ બાંધી કે ચાલવા સબદા થઈ ગયા. ત્યાં તો યોગીવર ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, **“હે સંતો ! આ બ્રહ્મરાક્ષસની મુક્તિ કર્યા વિના આપણાથી એમ ને એમ કાંઈ જવાય ? અને આજે એનો આપણે**

ઉદ્ધાર કરશું અને કાલે વહેલા વહાણાંમાં આપણે ચાલી નીકળશું. અને સાધુજનના વિચરણ અધમ જનના ઉદ્ધાર અર્થે હોય છે.”

તે સાંભળી સંતો બોલ્યા, “પણ દયાળુ ! રાક્ષસની વિકરાળ મૂર્તિ દેખતામાં અમારાં હાજાં ગગડી જાય છે. અને શરીર પરસેવે રેબઝેબ થઈ જાય છે.” તોપણ ગોપાળાનંદસ્વામીનો આગ્રહ જોઈ સાધુએ વિચાર કર્યો કે, ‘આપણે ચાલી નીકળશું એટલે સ્વામી ચાલી નીકળશે.’ એમ પ્રયાણની બધી તૈયારી કરી, છતાં સ્વામીની આજ્ઞાથી બાંધેલી પોતાની ભેઠું(ભેટું) છોડવી પડી. અને ભયથી ફડફડતાં પંખીણાં સ્વામીના હાથની શીતળ છાયા તળે છેવટ જઈને નિરભે બનીને રહ્યાં. અંધારી ઘનઘોર રાત્રી પડી.

પછી દીપક ઝાંખો ઝાંખો ઝબકે છે. ત્યાં તો એક ભયંકર ગેબી અવાજ થયો. તે સાંભળી નાના નાના સાધુઓ ભયના માર્યા સ્વામીના પડખામાં જઈ ભરાણા. અને કોઈએ દીવાની વાટને સંકોરી પ્રકાશને વધુ પ્રગટ કર્યો. ત્યાં તો વાતવાતમાં વાજોવાજ બ્રહ્મરાક્ષસ આવીને ઊભો રહ્યો. અને આ વખતે પોતાની જાતિ સ્વભાવને અનુસરીને એકાદ ઝાડની તીરખી લાવીને (ગોપાળાનંદ)સ્વામીના ઉપર તેણે ઝાપટી. ત્યારે સ્વામીએ યોગબળે તે ફેંકેલ તીરખીને અધર ને અધર ત્રિશંકુની જેમ લટકાવી રાખી. અને હાક મારીને કહ્યું જે, “મહાપાપના યોગે તું આવી અધોગતિને પામ્યો છો અને આવો વિદ્વાન છો અને કુલિન છો. તે કુલિનતા, વિદ્વત્તા પામ્યાનું શું આ ફળ છે ? અને ભણી ભણીને ભણ્યો પણ અંતે ઈશાવાસ્ય શ્રુતિને ભૂલ્યો ? દેખી પેખીને દીવો ઝાલીને તું કૂવામાં ઊતર્યો ?

(વળી, સ્વામી કહે) હે પાપાત્મા! તેં કૈંક નિર્દોષોના પ્રાણ પણ હર્યા. અને છેવટ આશાભર્યા અભ્રવર્ણા બ્રાહ્મણ બાળકને પણ તું ભરખ્યો. ફિટકાર છે તને ! ધિક્કાર છે તારા કુળને ! તથા છેવટ

ધિક્કાર છે તારી જાતિને! અને આ ઝાડની ડાળી તેં ફેંકીને સંતનો પણ દ્રોહ કર્યો. તે હજુ આ ને આ જાતિમાં તારે સડવું છે કે ઊગરવું છે ? પાપના કીચડમાં આમ ને આમ રગદોળાવું છે કે ઊગરવું છે ? બોલ જલદી બોલ. ઉત્તમ બ્રહ્મકુળમાં જન્મીને તેં શું કમાણી કીધી ? અને તારી વિદ્યા અને તારું બ્રહ્મજ્ઞાન તે તારા મોક્ષના સાધનમાં ખપ ન લાગ્યાં તો તે વિદ્યાથી શું ? અને જ્ઞાનથી પણ શું ?"

આવી રીતે લાલચોળ બની જઈ યોગીવરે હિતસ્વી વેણની તેનાં ઉપર ઝડી વરસાવી. ત્યાં તો તે બ્રહ્મરાક્ષસ મોટો સાદ કાઢી નાનો બાળક રડે તેમ રડવા લાગ્યો. અને રાક્ષસની બંને આંખમાંથી શ્રાવણ ભાદરવાનાં સરવડાં જેમ વરસે તેમ વરસવા લાગ્યાં. અને તે જાણે સ્વામીના દર્શનમાત્રથી રાક્ષસનું પાપ તે આંસુરૂપ બની ચાલી નીકળતું હોય નહીં ! પછી સ્વામીએ તેને કહ્યું જે, "બ્રહ્મરાક્ષસ ! તું રો મા, રો મા. અને હોય **મનુષ્યમાત્ર ભૂલને પાત્ર છે, પણ ભૂલને પાછી સુધારવી એ માનવજીવનનું પરમ કર્તવ્ય છે.** હવે કહે જોઈએ બ્રહ્મરાક્ષસ ! આ સ્થિતિમાં શી રીતે તું આવ્યો ?"

પછી તે બોલ્યો જે, "હે મહાભાગ્ય! સાંભળો, મારી ગૃહિણી અને મારો પુત્ર આ સામેની તેલની કોઠીમાં પડીને મુઆ અને મોહવશ બનીને હું પણ પાછળ પડીને મુઓ. આથી મારી આવી સ્થિતિ છે. હવે દયાળુ ! કરુણા કરો અને મારો ઉદ્ધાર કરો. હું આ ગતિમાં બહુ રિબાઉં છું, મૂંઝાઉં છું. મારે નથી ખાવાનું સુખ અને નથી પીવાનું સુખ. અને મેં કંઈક નિર્દોષોના પ્રાણ પણ લીધા છે. એ બધું મને કાંટાની જેમ શરીરમાં ખૂંચ્યા કરે છે."

પછી સ્વામીએ તેને કહ્યું જે, "મૂર્ખા ! **જેટલો જેને સ્નેહ, તેટલું તેને દુઃખ.** તેં સાંભળ્યું છે કે હોલી અને હોલીનાં બચ્ચામાં સ્નેહ રાખવાથી હોલો પણ પારધીની જાળમાં બંધાણો. એ શું તું

પંડિત થઈને ભૂલી ગયો ? અને એ અવધૂતગીતા અને એકાદશસ્કંધ આચરણમાં જરા પણ ન મૂકી શક્યો ? **પંડિતાઈ જ પંડિતને બેડીરૂપ બને છે.** અને જેટલો સ્નેહ તેટલું દુઃખ. જુઓ આ દીપકમાં સ્નેહ છે ત્યાં સુધી એ દીપક બળે છે, પણ એ **દીપક નિઃસ્નેહ થતાં આપોઆપ ઓલવાઈ જશે. તેમ સંસારમાં પણ નિઃસ્નેહ થવાથી સુખી થવાય છે.** અને તને આ મકાનમાં તારી વાસના છે કે ?" આમ દબાવીને સ્વામીએ તેને કહ્યું.

ત્યારે તે કહે, "હા મહામુનિ ! આ બધાં મકાનો મેં જાતે માથે ઊભા રહીને ચણાવ્યાં છે. અને જુઓ, આ ઠેકાણે ઠેકાણે મેં જાતે ભૂમિમાં દ્રવ્ય દાટ્યું છે. તે દ્રવ્ય મારે કામ ન આવે. કેમ કે મેં બીજાને કામ ન આવવા દીધું. અને હવે એ દ્રવ્યનો તમે ગમે ત્યાં સદ્‌ઉપાય કરો. અને હે મહાભાગ ! મારો તમે તરત ઉદ્ધાર કરો અને મારા ગુના માફ કરો. અને હું એમ માનું છું કે આપ કોઈ મોટા યોગીન્દ્ર છો અને મારો ઉદ્ધાર કરવા ખાતર જ તમે આંહીં મારા ભૂતિયા મકાનમાં પધાર્યા છો."

✹ ગઢપુર મોકલી ત્રણસો ભૂત સાથે બ્રહ્મરાક્ષસનો ઉદ્ધાર :

ત્યારે સ્વામીએ તેને પૂછ્યું જે, "તું એકલો છે કે ?" ત્યારે તેણે કહ્યું જે, **"ના ના, મારી સંગાથે બીજાં ત્રણસેં ભૂતોની સેના છે. એ સર્વે ભૂતોનો હું રાજા છું."** પછી સ્વામી કહે જે, "ઠીક, ત્યારે તો એ બધાંને તું સાથે લઈને ઉન્મત્ત ગંગાને તીરે આવેલ સુંદર દુર્ગપુર છે, ત્યાં તું જા. અને ત્યાં એક સ્વામી છે. તે સ્વામીને તું કહેજે કે, મને ગોપાળાનંદમુનિએ તમારી પાસે મોકલ્યો છે. એટલે તારો એ જરૂર ઉધ્ધાર કરશે." પછી તે બોલ્યો જે, "હું જાઉં તો ખરો, પણ હે દયાળુ ! દેવદૂતોની આડી ચોકી આવે છે. તે મારાથી ત્યાં કેમ જવાશે ?" ત્યારે સ્વામી કહે જે, **"અમારી આજ્ઞાથી દેવના દૂતો દુર્ગપુર જતાં અટકાવશે નહીં. તું જા, અમારું વચન છે."**

પછી તે બોલ્યો જે, "કેટલાંય વર્ષોથી હું તરસ્યો છું. વરુણના દૂતો ક્યાંય પાણી પીવા દેતા નથી." ત્યારે સ્વામીએ કહ્યું જે, "દરેક જળાશયમાં વરુણના દૂતોની ચોકી હશે, પણ ઉન્મત્ત ગંગાના તીરે કોઈનો ચોકી-પહેરો રહેતો નથી. ત્યાં તો પ્રગટ પુરુષોત્તમ પ્રભુ સ્વયં વિચરે છે. માટે તું ત્યાં જઈ ખૂબ પાણી પીજે." પછી તેમણે કહ્યું જે, "લ્યો, આ જાઉં છું." એમ કહેતાં જ સ્વામીના દર્શનમાત્રથી શાંતિ અનુભવતો પોતાનાં વિદ્યાર્થી ત્રણસો ભૂતોની ભયંકર સેના સાથે બ્રહ્મરાક્ષસ **'સ્વામિનારાયણ...સ્વામિનારાયણ...'** નામનું સ્મરણ ગગનમાં કરતો કરતો દુર્ગપુરની દિશા સામું ચાલ્યો ગયો. ત્યારપછી સાધુ યતિકુળમણિ ગોપાળાનંદસ્વામીએ પણ વહેલા ઊઠીને સાધુઓને લઈ વડતાલના માર્ગ ભણી ચાલવા પ્રયાણ કર્યું.

અને (આ બાજુ) ગઢપુરમાં ગોપીનાથજીના મંદિરના પાયાનું કામ ધમધોકાર ચાલતું હોવાથી સૌના કામ ઉપર સૌ લાગી ગયા જણાય છે. કોઈ ચૂના ઉપર અને કોઈ પથ્થર ઉપર અને કોઈ પાણીની ટાંકી ઉપર કામ કરવા ટપોટપ લાગી ગયા છે. અને એક મોટા ધૂળના ટીંબા ઉપર મહારાજને બેસવાનું આસન શોભી રહ્યું છે. કોઈ કોઈ વખત ત્યાં મહાપ્રભુ બિરાજી મંદિરમાં કામકાજમાં રસ લઈ રહ્યા છે. આ પ્રમાણે સૌ સંતો (સેવા)દર્શન કરીને ચાલ્યા ગયા.

તેવામાં એક વૃદ્ધ સાધુ ધીમે ધીમે લાકડીને ટેકે ટેકે ચાલ્યા આવે છે. અને મુખમાં સર્વમંગલનો પાઠ ચાલ્યા કરે છે. અને અંગે કરચલી પડી ગઈ છે, છતાં અંગની કાંતિ સર્વને આકર્ષણ કરે એવી છે. તે જોતાં સર્વેનાં નયન ઠરે છે, છાતી શીતળ થાય છે અને અંતરનો આત્મા જાગ્રત થાય એવા એ સમર્થ ત્યાગી સાધુ છે. એમનાથી કાંઈક દૂર દૂર એકાદ ઓળો (ભૂતનો પડછાયો) અંધારામાં ચાલ્યો આવે છે. વૃદ્ધ તપસ્વીમૂર્તિ આગળ વધે છે તો એ આગળ વધે છે, ઊભા રહે છે તો ઓળો પણ સહજ દૂર દૂર ઊભો રહે છે. પછી છેવટ તપોમૂર્તિ

વાસુદેવનારાયણના ઓરડામાં પેઠા. ત્યારે ઓળો બહાર જ ઊભો રહ્યો. જેવી એ વૃદ્ધ મૂર્તિ ઓસરીની કોરે આવેલાં પગથિયાં ઊતરી કે તરત ઓળો ધીમે ધીમે પાછળ ચાલવા માંડ્યો. અને સમય મળતાં તે ઝબ દેતો મુનિની પાસે ઊભો રહ્યો. ત્યારે મુનિએ પૂછ્યું, "કોણ ?"

ત્યારે તે બોલ્યો જે, "શાંતસ્વરૂપ હે મુનિ ! હું ધોળકાનો ભૂતગતિને પામેલો મહાપાપી બ્રહ્મરાક્ષસ છું. તે હું આપને વંદન કરું છું જે, હે દયાળુ ! મારો ઉદ્ધાર કરો..! ઉદ્ધાર કરો..!" એમ કહી દૂર દૂરથી તે પાછો પુનઃ પુનઃ નમ્યો. ત્યારે સ્વામીએ પૂછ્યું જે, "તને કેણે આંહીં મોકલ્યો ?" ત્યારે તે કહે જે, "યોગીરાજ ગોપાળાનંદસ્વામીએ." ત્યારે તે સંતે કહ્યું જે, "એમ !" કહીને વૃદ્ધ મનમાં થોડું હસ્યા અને કહ્યું જે, "વાહ વાહ ! મુનિવર વાહ ! ક્યાં સુધી અમને તમે મોટેરા કરશો ? અને માહાત્મ્ય વધારશો ? મોઢેથી પણ મોક્ષ દેવાવાળા તો એ અક્ષરમૂર્તિ પોતે હતા. અને તમને નાહક મારી પાસે શા સારુ મોકલ્યો?" એમ મનમાં વિચાર કરીને તપાસ કર્યો જે, 'આને મોકલવામાં કાંઈ હેતુ હશે.'

પછી વળી વિચાર્યું જે, 'હેતુ બીજો શો હોય ? આ મંદિરના મોટા પાયા પૂરવા છે, તે આ ભૂત વિના શે પુરાય ? એમ મનમાં સમજીને એ યતિવરે અહીંયાં કદાચ મારી કને મોકલ્યો લાગે છે.' એમ વિચારીને તે સંતે કહ્યું જે, "સર્વ સાંભળો, પ્રથમ સેવાધર્મ સ્વીકારો ને સ્વામિનારાયણના નામની સ્મરણભક્તિ કરો. અને આ ઉન્મત્ત ગંગાના મોટા મોટા પાણાઓ લાવી લાવીને અહીં ગંજી કરો. "**सेवामुक्तिश्चावगम्यताम्**" એ સૂત્રને સાંગોપાંગ અનુસરો એટલે બસ તમારું કલ્યાણ થઈ ચૂક્યું." એમ કહી વૃદ્ધ તપસ્વી ચાલી નીકળ્યા. અને **બ્રહ્મરાક્ષસ ઉપર કહ્યું તે મહાવાક્યને હૃદયમાં ધારી દર્શન કરી અહર્નિશ મંદિરના પાયાની પૂર્ણી પૂરી કરી સદ્‌ગતિને પામ્યો. અને વળી ગોપીનાથજી દેવના મંદિરનો પાયો આ ભૂતોએ બહુધા પૂરેલો છે. અને શ્રીહરિએ તે સર્વને સદ્‌ગતિ આપી.**

અને શ્રીહરિએ શ્રીમુખે કહેલું જે, "અમારા મંદિરના પાયામાં કોઈ એક શેરનો પાણો પૂરશે તેનું કલ્યાણ કરશું." આવું સાંભળી એક અબુમિયાં હતા. તે ગઢડાના વતની હતા. તેમણે સ્વામિનારાયણના દેખતા એક શેરિયો પાણો દોડવ્યો અને કહ્યું, **"देख लो स्वामिनारायण ! मैं बी एक छोटा-सा पथ्थर छोडता हूँ। मेरा बी कल्याण हो जाय।"** એ પથ્થરના યોગે અંત સમયે શ્રીમહાપ્રભુએ અબુમિયાંને દર્શન દીધાં હતાં અને તેનું કલ્યાણ કર્યું હતું. તે અબુમિયાં હમણાં સુધી જીવતા હતા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'ગોપાળાનંદમુનિએ બ્રહ્મરાક્ષસને તથા તેના વિદ્યાર્થી ભૂતો ત્રણસોને સદ્‌ગતિ પમાડી' એ નામે છન્નુંમો અધ્યાય ॥૯૬॥

અધ્યાય - ૯૭

ઉત્તમાનંદસ્વામીએ કાશીના પંડિતોને જીત્યા

વળી એક સમે સદ્‌ગુરુ ઉત્તમાનંદસ્વામી પોતાના મંડળે સહિત છપૈયાપુરથી કાશીપુરીએ ગયા. અને ત્યાં પથ્થર ગલીમાં બાપુજી ગોરને ત્યાં ઉતારો કરીને ગંગાજીમાં સ્નાન કર્યું. પછી મણિકર્ણિકાના ઘાટ ઉપર બેસીને શ્રીજીમહારાજનું ધ્યાન કરતા સતા પોતાના પુરાણીને કહ્યું જે, "આપણા ઠાકોરજીને આ ગંગાજીમાં સ્નાન કરાવીને જળપાન કરાવો." તે સાંભળીને ઠાકોરજીને સ્નાન કરાવ્યું. તે પછી જળપાન કરાવવા સારુ ગંગાજીનું જળ પાત્રમાં ગાળવા લાગ્યા. તે જોઈને ત્યાંના કેટલાક બ્રાહ્મણો બોલી ઊઠ્યા જે, "હે સાધુરામ ! આ ગંગાજીના જળમાં તો જીવજંતુ ન હોય." એમ કહીને તે પાણી ઢોળાવી નખાવ્યું.

ત્યારે ઉત્તમાનંદસ્વામીએ તે સર્વે ગંગાપુત્રને બોલાવીને કહ્યું જે, "આ ગંગાજીનું જળ ન ગાળવું, તેમ તમો કહો છો ? કે કોઈ શાસ્ત્રમાં વાત છે ?" ત્યારે તે બોલ્યા જે, "શાસ્ત્રમાં પણ હશે. અમે પણ આ

ગંગાનું જળ ગાળતાં તમારા વિના બીજા કોઈને દીઠા નથી. અને અમે તો એમ જ કહીએ છીએ જે, ગંગાનું જળ તો ગળાય જ નહીં." ત્યારે સ્વામી બોલ્યા જે, "જળ ગાળ્યા વિના પીવું,' તેવો તમો કોઈ શાસ્ત્રનો અમને શ્લોક કહી સંભળાવો." એમ કહે છે તેટલામાં તો એ મણિકર્ણિકાના ઘાટ ઉપર કેટલાક બ્રાહ્મણો સૌ ભેગા થઈ આવ્યા. તેમાં કેટલાક ભણેલા વિદ્વાન હતા.

તે બોલ્યા જે, "બીજા અન્ય સ્થળમાં જળ ગાળ્યા વિનાનું ન લેવું. અને આંહીં સાક્ષાત્ આ ગંગાજીમાં ગાળવાનો બાધ નહીં." એમ બોલતા થકા તેના ઉપર કેટલાક શ્લોક બોલ્યા. તે સાંભળીને સ્વામી પણ **'ગંગાદિ તીર્થનું જળ ગાળીને પીવું'** તે વિષે પ્રમાણમાં શ્રુતિ-સ્મૃતિ, પુરાણના સહસ્ર શ્લોકો બોલ્યા. તે સાંભળી એ સૌ બ્રાહ્મણ તો મહા આશ્ચર્ય પામી ગયા. અને એમ બોલ્યા જે, "અહો ! આ સાધુરામ તો અનંત શાસ્ત્રના ભણેલા જણાય છે ! તે જાણે મૂર્તિમાન વેદ હોય ને શું ! માટે એમને આપણે જીતશું નહીં." એમ માંહોમાંહી સર્વે કહે છે, એટલામાં તો એકબીજાને કહેવે કરીને આખા શહેરમાં ખબર થઈ. એટલે બીજા હજારો મહા ભણેલા પંડિતો તે જગ્યાએ આવ્યા.

ત્યારે તેમને આવતા જોઈને સ્વામી પોતાના અંતઃકરણમાં શ્રીજીમહારાજને સંભારતા સતા એમ ઘાટ કરવા લાગ્યા જે, 'આ સર્વે પંડિત તો મહા ભણેલા આવ્યા છે, અને હું તો એકલો છું. હે શ્રીજીમહારાજ ! આ વખતે તમે મારી સહાય કરજો. નહિ તો આ પંડિત જો મને જીતશે તો આ કાશીપુરીમાં તમારી આબરૂ જાશે.' એવી રીતે પોતાના અંતઃકરણમાં શ્રીજીમહારાજની પ્રાર્થના કરે છે. એટલામાં જ તો શ્રીજીમહારાજ પોતાના બે દત્તપુત્રને સાથે લઈને આવ્યા. તે આવી સ્વામીને દર્શન દઈને સભામાં બેઠા.

ત્યારે સ્વામી તો અતિ હર્ષના ભર્યા ઊભા થઈને બે હાથ જોડીને પગે લાગતા સતા એમ બોલ્યા જે, "હવે કોઈ વાતની ચિંતા નથી."

એટલામાં તો તે સર્વે બ્રાહ્મણ બોલ્યા જે, "હે સાધુરામ ! તમો કયા સંપ્રદાયના છો ? અને તમે બહુ શાસ્ત્ર ભણેલા છો, માટે અમે પૂછીએ તેનો જવાબ આપો." એમ કહીને ન્યાય, વ્યાકરણ, વેદાંત, પૂર્વ-મીમાંસા અને સંપ્રદાય સંબંધી અનેક પ્રશ્ન પૂછ્યા. તેના સ્વામીએ સંસ્કૃતમાં સારી રીતે ઉત્તર આપ્યા. અને બીજા પણ હજારો પ્રમાણ આપી પોતાની વિદ્યાના અખંડ પ્રવાહથી બ્રાહ્મણોને સ્થિર કર્યા. તેથી તે વિદ્વાનો ઘણીક વાર સુધી સ્વામીની પ્રશંસા કરતા સતા પગે લાગ્યા. અને વળી એમ બોલ્યા જે, "આ તમારી પાસે બે નાના છોકરા ને એક મોટા એ ત્રણે જરિયાની વસ્ત્રવાળા કોણ છે ?"

ત્યારે સ્વામી બોલ્યા જે, "અમે ઉદ્ધવી સંપ્રદાયના સાધુ છીએ. આ અમારી પાસે જે બેઠા છે તે તો અમારા ગુરુ પોતે સ્વામિનારાયણ છે. અને આ બે એમના દત્તપુત્ર છે." એમ કહ્યું, એટલાકમાં તો સૌના દેખતા શ્રીજીમહારાજ પોતાના બે દત્તપુત્ર સહિત સ્વામીની જીત કરાવીને ગંગાજીમાં સ્નાન કરવા ગયા. ત્યારે સૌ બ્રાહ્મણ પણ તેમની વાંસે દક્ષિણાઓ લેવા ગયા. પછી સ્નાન કરીને તે સર્વે બ્રાહ્મણને દક્ષિણાઓ આપી. એવી રીતે કાશીપુરીમાં શ્રીજીમહારાજે ઉત્તમાનંદસ્વામીની ઘણાક મહા ભણેલા વિદ્વાન બ્રાહ્મણો થકી મણિકર્ણિકાના ઘાટ ઉપર સભામાં જીત કરાવી અને દક્ષિણાઓ વહેંચી ભારે દિગ્વિજય કરીને પોતાના બે દત્તપુત્ર સહિત અદૃશ્ય થઈ ગયા. તે મહા અલૌકિક ઐશ્વર્ય જોઈને આશ્ચર્ય પામ્યા. ॥૫૪॥

✵ ગંગાજીબાએ તેમની સાસુમાંથી ચૂડેલો કાઢી :

વળી એક સમયે ગોંડા પ્રગણે **અકમા** ગામમાં અયોધ્યાપ્રસાદજી મહારાજનાં દીકરી જે ગંગાજીબા તેમની સાસુને તેની પણ સાસુ, ને તેમની દીકરી, ને તેની દેરાણી જેઠાણી એ ચાર ચૂડેલો થઈને વળગી હતી. ત્યારે ગંગાજીબા પોતાને ઘેર જ્યારે ગયાં એટલે પોતે શુદ્ધપણે

રસોઈ કરીને શ્રીજીમહારાજની મૂર્તિને થાળ ધરાવીને પ્રસાદીનું અન્ન પોતાની સાસુને આપે ત્યારે તે ખાય નહીં, પણ સામી આંખો કાઢીને દાંત બહુ કચરડીને હાથમાં સાબેલું લઈને એકદમ દોટ કરીને મારવા સારુ આવે.

ત્યારે ગંગાજીબા ઊંચે સાદે કરીને “હે સ્વામિનારાયણ..! હે સ્વામિનારાયણ..!” એવા નામનું પોતાના મુખે ઉચ્ચારણ કરે. ત્યારે તે સાંભળીને તત્કાળ પાછી ભાગે અને સાબેલું હાથમાંથી જોર કરીને છૂટું નાખે. તે કોઈ માણસ નાનું-મોટું વચમાં આવે તો તેના પ્રાણ નીકળી જાય. અને અતિ ક્રોધ કરીને બોલે જે, “હમણાં તને એક પળમાં મારી નાખીએ, પણ જેનું તું નામ લે છે એ તારા દાદા બહુ સમર્થ છે; તેથી અમારું તારા ઉપર કાંઈ જોર ચાલતું નથી, ને સામા બળી મરીએ છીએ.” ત્યારે ગંગાજીબા એમ કહે જે, “હે શંખણીઓ ! મારી સાસુમાંથી હવે ભાગી જાઓ. નહિ તો હું તમારો નાશ કરી નાખીશ.” એવી રીતે કેટલાક દિવસ સુધી વાદવિવાદ થયો, પણ તે ચૂડેલો જઈ નહિ, ને બહુ હેરાન કરે.

પછી એક દિવસ પોતે ગંગાજીબા રામનવમીના સમૈયા ઉપર ઘનશ્યામ મહારાજનાં દર્શન કરવા છપૈયાપુર આવ્યાં. અને તે વાત પોતાના કાકા ઠાકોરરામભાઈને કહી. ત્યારે ઠાકોરરામભાઈ બોલ્યા જે, “આ નારાયણ સરોવરનું જળ તથા જન્મ-સ્થાનકના કૂવાનું જળ તથા મીનસાગરનું તથા ખાંપા-તલાવડીનું તથા ગૌઘાટ, વિશ્વામિત્રીનું, ભૂતિયા કૂવાનું એવી રીતે સર્વે તીર્થોમાંથી થોડું થોડું જળ એક લોટામાં મંગાવીને તેમાં ઘનશ્યામ મહારાજના ચરણોદકનું જળ નાખીને લઈ જાઓ. અને તે ચૂડેલો જ્યારે આવે ત્યારે એ પ્રસાદીના જળમાંથી થોડુંક જળ લઈને તમારી સાસુ ઉપર છાંટીને તાળી પાળીને ઉપડતે સાદે સૌ સાંભળે તેમ ‘સ્વામિનારાયણ...સ્વામિનારાયણ...’ નામની ધૂન કરજો, એટલે તે સર્વે ચૂડેલો રાડ પાડીને ભાગી જાશે.”

પછી એવી રીતે ગંગાજીબાઈએ કર્યું એટલે તરત તે ચૂડેલો ત્રાસ પામીને મૂર્તિમાન સ્ત્રીને વેષે તેના દેહમાંથી નીકળીને નાસી ગઈ. તે કોઈ દિવસે ફરીને પાછું વળીને પણ જોયું નહીં. તે પ્રતાપ જોઈને તે ગામના કેટલાક જન પ્રગટ શ્રીજીમહારાજના આશ્રિત થઈને ભજન કરવા લાગ્યા. ॥૫૫॥

✵ ફૂલઝરીબાઈનાં ચોરાયેલાં ઘરેણાં પાછાં મળ્યાં :

વળી એક સમયે **અકમા** ગામમાં રઘુવીરજી મહારાજનાં બેન ફૂલઝરીબાઈ, તેમના દેરાણી, જેઠાણી એ બે જણા તે ફૂલઝરીબાઈનાં સારાં વસ્ત્રઘરેણાં જોઈને તે બેના મનમાં એમ થાય જે, 'આ ફૂલજરીના બાપને ઘેર બહુ ધન છે, તેથી આવાં રૂડાં વસ્ત્રઘરેણાં પહેરે છે.' એવી રીતે તેની ઈર્ષા કરતા થકા એક દિવસે તે બે બાઈઓ મળીને ફૂલઝરીબાઈનો એક ચંદનહાર તથા બે કાંબીઓ તથા એક સવાચારસે રૂપિયાની કંઠી; એવી રીતે કેટલાક દાગીનાનો ડબો ઘરમાંથી ચોરી કરીને એમ ને એમ પોતાના ભાઈને આપી દીધો.

તે વાર પછી દિવાળીના રૂડા દિવસ ઉપર તે ઘરેણાં પોતાને પહેરવા માટે ફૂલઝરીબાઈએ પોતાની સાસુ પાસે માગ્યાં. ત્યારે પોતાની સાસુએ તે ઘરેણાંનો ડબો ઠેકાણાસર મૂકેલો હતો તે લેવા ગયાં, પણ તે ઠેકાણે ન મળે. પછી ઘરમાં તે બાઈઓ આદિક સૌને પૂછી જોયું પણ કોઈએ કહ્યું નહિ જે, મેં લીધો છે. અને વળી તે બાઈઓ એમ બોલી જે, "ઘરમાંથી ડબો કોણ લે ? એ તો કોઈક ચોર લઈ ગયા હશે." તે વાર પછી કેટલાક દિવસ સુધી તેનો તપાસ કર્યો પણ તે ડબાનો ક્યાંય પતો લાગ્યો નહીં.

પછી તે ફૂલઝરીબાઈ પોતાનાં સાસુ પ્રત્યે એમ બોલ્યાં જે, "હે માજી ! મારાં ઘરેણાં તો ક્યાંય જવાના નથી, પણ જેણે ચોરી કરીને લીધાં હશે તેનો વંશ રહેવાનો નથી. અને હમણે જ થોડાક દિવસમાં

મરીને જમપુરીમાં જાશે. અને જમના માર ખાઈ ખાઈ કેટલાક કલ્પ સુધી મહા કષ્ટને પામશે." એમ કહીને એ વાતને અંતરમાંથી વિસારી મૂકી અને પોતે સંતોષને પામ્યાં.

પછી થોડાક દિવસ કેડે એ ત્રણે ભાઈબેન મળીને અયોધ્યાપુરીમાં જઈને પોતાના ગુરુદ્વારામાં તે દાગીના વેચ્યાં. અને તેના રૂપિયા લઈને જાણે જે, 'સવારે આંહીંથી ઘેર જાશું.' એમ જાણીને તે મંદિરના દરવાજા ઉપર રાત રહ્યાં. અને તે જ રાત્રીમાં રામચંદ્રજીની મૂર્તિ દ્વારાએ પોતાના સેવક પ્રત્યે બોલ્યા જે, "તમોએ એ દાગીના જેના પાસેથી લીધા તે દાગીના ચોરીના છે. અને એ ત્રણે જણાં ગંગાદીન હલવાઈની દુકાનેથી દૂધ લાવીને તેની સાથે બાટીઓ કરીને રાત્રે જમીને સૂઈ ગયાં. એટલે તે દૂધમાં સર્પની લાળ પડેલી હતી તેથી તે મરીને જમપુરીમાં ગયાં છે. અને તે રૂપિયા તમે પાછા લઈ લ્યો.

અને આ દાગીના તો છપૈયાપુરમાં હરિપ્રસાદ પાંડેના પુત્ર જે ઈચ્છારામ પાંડે તેમનાં દીકરી ફૂલઝરીબાઈના છે. અને તે બાઈ મહાસતી છે. અને તેમના મોટાભાઈ ગોપાલજી સુત કૃષ્ણપ્રસાદજીને સાથે લઈને ગુજરાત દેશમાંથી એમના આંબલિયા ગામમાં આવવા સારુ નીસર્યા છે. તે આજ દિનથી લઈને વીસમા દિવસે બાર વાગતાં અહીંયાં મંદિરમાં દર્શન કરવા આવશે. અને એમના ભેગા હથિયારબંધ છ પાળા છે. એ નિશાની તમને હું આપું છું. તે આવે ત્યારે આ સર્વે સમાચાર એમને કહીને આ દાગીના આપજો એટલે તમારા ઉપર અમે બહુ રાજી થઈશું. અને જો નહિ આપો તો એ ત્રણને જેમ જમના દૂત લઈ ગયા તેમ તને પણ એ ગોપાલજીભાઈ અહીંથી ગયા કેડે તરત જમના દૂત લઈ જાશે." એવી રીતે ઘણીક વાર્તા કરી.

તે સાંભળીને તે વૈરાગી મહા આશ્ચર્ય પામતો થકો તત્કાલ ત્યાંથી ઊઠીને તે દરવાજાના મેડા ઉપર જઈને જુવે, ત્યાં તો ત્રણ જણ મરી

ગયેલાં. પછી તે વાત સાચી માની, ને પોતાના રૂપિયા લઈ લીધા. અને તે કહેવા પ્રમાણે ગોપાલજી મહારાજ આવ્યા એટલે તે સર્વે વૃતાંતની વાત કહી. ને તે દાગીના ગણીને એ વૈરાગીએ તેમને સોંપ્યા. તે જોઈ સાંભળીને ગોપાળજીભાઈ આદિક સૌ જન મહા આશ્ચર્ય પામ્યા અને પોતે પચાસ રૂપિયા ઠાકોરજીને ભેટ મૂકી. અને સર્વે વૈરાગીઓને રસોઈ આપી રાજી કરતા સતા પોતાને ગામ આવીને તે વાર્તા સૌને કહી. અને તે સર્વે દાગીના અકમા ગામમાંથી પોતાનાં બેન ફૂલઝરીબાઈને તેડાવીને સોંપ્યા. ॥૫૬॥

❋ ધોરેગર ગામના પ્યારેલાલની શ્રીહરિએ વનમાં રક્ષા કરી :

વળી એક સમે હિંદુસ્તાન દેશમાં ગ્વાલિયર પ્રગણે ગામ **ધોરેગર**ના પ્યારાલાલ એવે નામે કરીને એક સુતાર સારો સત્સંગી હતો. તે પોતાના મામાને ગામ 'સાંખ્યની' જાતાં વચમાં એક ભારે બોરડીનું વૃક્ષ પાકી રહેલું હતું. તેની ઉપર બોર ખાવા તે ચડ્યો કે તરત ઉપરથી હેઠો પડી ગયો, એટલે તેને બહુ વાગ્યું અને પગ પણ ઊતરી ગયો.

ત્યારે તે રોતો થકો શ્રીજીમહારાજને સંભારીને પ્રાર્થના કરવા લાગ્યો, "હે મહારાજ ! આવી મહાકઠણ ઝાડી ને પર્વતનો વિકટ માર્ગ, તેમાં મારો પગ ઊતરી ગયો. અને જો હવે હું આંહીં રાત રહી ગયો તો આ પર્વતમાંથી વાઘ આવશે તો મને મારી નાખશે. માટે હે શ્રીજીમહારાજ ! સાંજ પડવાનો વખત થયો છે. હમણે આ નદીમાં પાણી પીવા સારું વાઘ આવશે અને કોઈ માણસ પણ નથી. અને મારું ગામ પણ અહીંથી સાત ગાઉ છેટું રહી ગયું છે. તેમ મારા મામાનું ગામ અહીંથી ત્રણ ગાઉ છે અને મારાથી ચલાય તેમ પણ નથી. માટે હે સહજાનંદસ્વામી ! હવે મારી શી વલે થાશે ?"

એવી રીતની પ્રાર્થના કરતો સતો દિલગીર થઈ ગયો. એટલાકમાં તો શ્રીજીમહારાજ પોતાના ભક્તની ખરા વખતમાં પ્રાર્થના સાંભળીને

તત્કાળ ઉતાવળા થકા પોતાની સાથે એક ઘોડો લઈને આવ્યા. અને તેને ઠબકો દઈને તેનો પગ ચડાવ્યો અને પાટો બાંધીને તે ઘોડા ઉપર બેસારીને ત્યાં થકી ચાલ્યા તે ગામ સાંખ્યની આવ્યા. અને સુતારને એના મામાને આંગણે ઉતારી મૂક્યો અને કહ્યું જે, "અમે મંદિરમાં જઈએ છીએ. આ સર્વ સમાચાર તારા મામાને તું કહેજે." એમ કહીને મંદિરમાં ગયા. અને એક હરિજનને કહ્યું જે, "અમે તરસ્યા છીએ, માટે પાણીનો લોટો ભરી આવો." એમ કહીને પછી ઘોડાને મંદિરના થાભલે બાંધીને ફેર ઉપર બેઠા.

ત્યારે તે હરિભક્તે મુક્તાનંદસ્વામીની કરેલી જે વિવેકચિંતામણિની ચોપડી તે વાંચતો હતો. તે વાંચવી પડતી મૂકીને પ્રેમનો ભર્યો ઊઠી ઊભો થઈને દર્શન કરીને પાણી લેવા ગયો. તે ઉતાવળો થકો નદીમાંથી જળનો લોટો ભરીને લાવ્યો અને મહારાજને જળપાન કરાવીને બોલ્યો જે, "હે મહારાજ ! તમે ક્યાંથી આવ્યા ?" ત્યારે કહ્યું જે, "અમે તો આજ ધોરેગરથી આવ્યા. અને આ ઘોડાને વાસ્તે ખડ હોય તો લાવો." ત્યારે તે હરિજન ખડ લેવા ગયો એટલે પોતે અદૃશ્ય થઈ ગયા. પછી તે હરિજન ખડ લઈને આવીને જુવે ત્યાં તો કોઈ ન મળે. તેવું મહા આશ્ચ ર્ય જોઈને આનંદ પામતો સતો તે વાર્તા સૌ હરિજનોને કહી. ॥૫૭॥

✹ હરખ ગામના રાજબહાદુરનાં કીર્તન સાંભળી ભૂત બળ્યાં :

વળી એક સમે લખનૌ પ્રગણે ગામ **'હરખ'**ના રાજબહાદુર એવે નામે કરીને એક સારો સત્સંગી બ્રાહ્મણ હતો. તે પોતાના ગામના બીજા બે-ચાર સત્સંગીને સાથે લઈને રામનવમીના સમૈયા ઉપર છપૈયાપુરમાં ઘનશ્યામ મહારાજનાં દર્શન કરવા સારુ આવ્યો. તે આવીને એ તીર્થમાં પાંચ દિવસ રહીને સર્વ જગ્યાએ દર્શન કરતો સતો પાછો ત્યાં થકી ચાલ્યો. તે અયોધ્યાપુરીમાં આવીને સ્વર્ગદ્વારીમાં ગોરને ઘેર ઉતારો કરીને રામચંદ્રજીનાં જન્મસ્થાનક, હનુમાનગઢી, કનકભુવન આદિક કેટલાંક મંદિરે દર્શન કરી આવ્યા.

અને તે રાત્રીમાં રાજબહાદૂર પોતે અયોધ્યાપ્રસાદજી મહારાજે હિંદુસ્તાની ભાષામાં ઘનશ્યામ મહારાજનાં બાળપણનાં કીર્તન કરેલાં છે જે, **'બંધુ હી ઘનશ્યામ...'** એ આદિક બીજાં પણ કેટલાંક પ્રેમાનંદસ્વામીનાં તથા જ્ઞાનાનંદસ્વામીનાં કીર્તન ગાવા લાગ્યો. તે સાંભળીને એ ગોરના ઘરમાં કેટલાક ભૂત રહેતાં હતાં તે ઘરમાં બહુ બળવા લાગ્યાં. તેથી અકળાતા સતા બહાર નીસરી આવીને સરયૂ ગંગાના કાંઠા ઉપર જઈને આખી રાત બેસી રહ્યાં.

પછી સવાર થયું એટલે તે રાજબહાદૂર ત્યાંથી ઊઠીને સરયૂ ગંગામા સ્નાન કરીને પરબારો ત્યાંથી પોતાને ગામ ગયો. ત્યારે તે સર્વ ભૂત અતિ રીસના ભર્યા તત્કાળ ત્યાં થકી આવીને તે ગોરની સ્ત્રીને વળગ્યાં. અને બોલ્યાં જે, "ઓલ્યો બ્રાહ્મણ એના ગુરુના મહિમાનાં કીર્તન બોલ્યો. તે સાંભળીને અમો સર્વે બળવા લાગ્યાં, તેથી કરીને સરયૂ ગંગાના ઘાટ ઉપર જઈને આખી રાત બેસી રહ્યાં. પછી સવાર થયું એટલે એ ત્યાંથી ચાલ્યો ગયો છે. હવે જો પાછો એ બ્રાહ્મણ આંહીં આવે તો તમારે એને ઘરમાં પેશવા દેવો નહીં." એમ કહ્યું.

તે સાંભળીને એ ગોર સરયૂ ગંગાના ઘાટ ઉપર રાજબહાદૂરને ખોળવા ગયો, પણ તે તો પોતાને ગામ ચાલ્યો ગયેલો. તેથી ચારે તરફ જોઈને ક્યાંય ન દીઠો એટલે તે ગોર નિરાશ થઈને પાછો ઘેર આવ્યો. એટલે તે સર્વે ભૂતને ઘણીક રીસ ચડેલી તેથી એ ગોરને વળગ્યાં અને બોલ્યાં જે, "તું એ બ્રાહ્મણને કેમ બોલાવવા ગયો ? અમે તને ના પાડી હતી ને ?" એમ કહીને બહુ દુઃખ દેવા લાગ્યાં.

ત્યારે તે બ્રાહ્મણ પોતાના મનમાં ઘણોક પશ્ચાતાપ કરવા લાગ્યો, પણ શું કરે ? તે વખત એનું જોર જરા પણ ચાલે તેમ ન હતું; તો પણ પોતાના મનમાં હિંમત લાવીને તે રાજબહાદુર ઘનશ્યામ મહારાજનાં કીર્તન બોલતો હતો તેનું પોતે ચિંતવન કરીને સંભારવા લાગ્યો. તેથી

કરીને ઘનશ્યામ મહારાજના પ્રતાપથી તે સર્વે ભૂત એના શરીરમાંથી નીકળીને પ્રથમની પેઠે તેના ઘરમાં રહ્યાં.

તે વાર પછી કોઈક દિવસે અયોધ્યાપ્રસાદજી મહારાજ પોતાની સાથે ઘણાક સાધુ, પાળા તથા હરિભક્તો વિગેરેને લઈને છપૈયાપુરથી અતિ હર્ષથી અયોધ્યાપુરીમાં લક્ષ્મણ ઘાટે પ્રબોધિની એકાદશીને દિવસે સ્નાન કરવા સારુ ગયા. ત્યારે તે બ્રાહ્મણ તેમને આવ્યા સાંભળીને તત્કાળ પોતાને ઘેરથી અતિ હર્ષનો ભર્યો એકદમ ઉતાવળો થકો ત્યાં જઈને અયોધ્યાપ્રસાદજી મહારાજના ચરણારવિંદમાં પોતાનું મસ્તક મૂકીને અતિ નિર્માની થકો બે હાથ જોડી પગે લાગીને તે સર્વે વૃતાંતની વાર્તા કહેતો સતો ઘણોક દિલગીર થઈને બોલ્યો જે, “હે મહારાજ ! હવે તો તમો આ સંત સહિત મારે ઘેર પધારો ! નહિ તો એ સર્વે ભૂત મારા ઉપર ઘણા ખીજવાઈ રહેલાં છે. માટે મને જરૂર મારી નાખશે.” એમ વિનંતી પૂર્વક કહ્યું.

ત્યારે આવી ગઈ છે દયા જેને એવા અયોધ્યાપ્રસાદજી મહારાજ તે પોતાના સર્વે સંત સહિત તે બ્રાહ્મણને ઘેર તેની સાથે જઈને બધા ઘરમાં પગલાં કર્યાં. **તે વારે એ સર્વે ભૂત મૂર્તિમાન બહાર નીકળી આવીને ઊભા રહ્યાં. એટલે તે સવે ભૂતને વર્તમાન આપીને બદરિકાશ્રમમાં મોકલ્યા.** પછી તે બ્રાહ્મણની સેવા અંગીકાર કરીને ત્યાં થકી ચાલ્યા તે જન્મસ્થાનક, કનકભુવન, હનુમાનગઢી આદિક કેટલાંક મંદિરે દર્શન કરીને બ્રહટા બજારમાં પોતાને મુકામે આવ્યા. ॥૫૮॥

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'ઉત્તમાનંદસ્વામી કાશીના પંડિતોને જીત્યા તથા ગંગાજીબાની સાસુનું ચાર ચૂડેલોથી રક્ષણ કર્યું તથા ફૂલઝરીબાઈના ઘરેણાં પાછાં મળ્યાં અને તે ઘરેણાંને ચોરી જનારાને જમના દૂતો લઈ ગયા ઈત્યાદિ પર્ચા પૂર્યા' એ નામે સત્તાણુંમો અધ્યાય ॥૯૭॥

અધ્યાય - ૯૮

નંદરામની દીકરી મીઠાબાઈને સળગતાં બચાવ્યા

વળી, એક સમે નંદરામભાઈની દીકરી જે મીઠાબાઈ તે પોતાને સાસરે હતાં. અને ત્યાં શિયાળાના દિવસમાં પોતે સર્વ હીરાગળ વસ્ત્રે સહિત ઘરેણાં પહેરેલાં એવા થકા માંહી ઓરડામાં દેવતા સળગાવીને તાપતાં હતાં. તે સમે કોઈ બીજું માણસ પણ નહીં. તેવા સમયમાં અકસ્માત પોતાની સાડી પહેરેલી તે વાંસેથી સળગી. એટલે લોકલજ્જા થકી તે ઓરડામાંથી બહાર નીસરી શક્યાં નહીં. અને ઊંચે સ્વરે બૂમ પાડીને રોવા લાગ્યાં. અને અંતરમાં શ્રીજીમહારાજને સંભાર્યા કે તરત શ્રીજીમહારાજ ઉતાવળા થકા પોતાના ભક્તની રક્ષા કરવા માટે આવ્યા. તે આવીને દર્શન દઈ ધીરજ આપીને તે બાઈની રક્ષા કરતા સતા તે બળતાં વસ્ત્ર ઓલવી નાખીને અદૃશ્ય થઈ ગયા. (૫૮)

✵ જમનાબાઈનું સાસરિયા પક્ષનું દુઃખ જમદૂત દ્વારા મટાડ્યું :

વળી એક સમયે અયોધ્યાપ્રસાદજી મહારાજનાં મોટાં દીકરી જમનાબાઈ, તેમને છપૈયાપુર પાસે લક્ષ્મણપુરમાં પરણાવીને તેમને ઘેર મોકલ્યાં. એટલે પોતે પવિત્રપણે થઈને દૂધ તથા પાણી ગાળીને શુદ્ધ-પણે રસોઈને કરવા લાગ્યાં. તે જોઈને પોતાનાં સાસુ, નણંદ, દિયર અને જેઠ તેમણે એમના ઉપર બહુ ઈર્ષા કરવા માંડી. એમ કરતા થકા કેટલાક દિવસ વીતી ગયા. પછી તે બાઈ છપૈયાપુરમાં આવ્યાં. તે સમે અયોધ્યાપ્રસાદજી મહારાજ ત્યાં હતા. એટલે તે વાત પોતાનાં માતાપિતાને કહી જે, "મારે ભગવાન ભજવામાં અને ધર્મ પાળવામાં હરકત બહુ આવે એમ જણાય છે." એવી રીતનું ઘણુંક પોતાનું દુઃખ વર્ણન કરીને દિલગીર થઈ ગયાં.

ત્યારે તેમની દુઃખની વાત જોઈ સાંભળીને મહારાજ પોતાના અંતઃકરણમાં જરાએક કચવાઈને ધીરજ આપતા સતા એમ બોલ્યા જે,

"હે બાઈ જમના ! તમારા ઉપર જે ઈર્ષા કરે છે તે સર્વે હમણાં જ આજ ને આજ આવીને નિર્માની થઈને બે હાથ જોડીને તમોને પગે લાગશે." એમ કહીને મહારાજ પોતાના જીવાત્મામાં શ્રીજીમહારાજની મૂર્તિને અખંડ દેખતા હવા એવા થકા પોતે તે વખતે ઈચ્છા કરી કે 'ચાર યમદૂત મહાભયંકર અને કાળા શાહી જેવા ને સર્વે હથિયારે સહિત એવા થકા તત્કાળ ત્યાં જઈને, સાસુ-નણંદ આદિક જે જે ઈર્ષા કરતાં હતાં તે સર્વેને એકદમ ક્રોધ કરીને યમદૂત મહાભય દેખાડવા લાગ્યા.

અને બોલ્યા જે, "તમે એ જમનાબાઈ ધર્મ પાળે છે, તેમને શા વાસ્તે દુઃખ આપો છો ? એ બાઈ તો મહા સતી છે અને પાર્વતી જેવા ગુણ એમનામાં છે. તે બાઈ તમારા કુળને તારશે. માટે હવેથી જો એમને દુઃખ દેશો તો તમારી ભૂંડી વલે છે. અને અમે તો યમરાજાના યમદૂત છીએ. અને એ બાઈના પિતા તો સાક્ષાત્ ભગવાનના પુત્ર છે. તે અમે પણ તેમની આજ્ઞાએ કરીને આવ્યા છીએ. અને તમે અત્યારે હાલ જાઓ, એ બાઈને છપૈયાપુરથી રાજી કરીને તેડી લાવો. અને જો કોઈ દિવસ એ બાઈને ધર્મ પાળવામાં આડ કરી તો પાછા ફેર અમે તમારે અર્થે આવીશું, અને તમારા જીવ લીધે જ છૂટકો કરશું. અને આ ફેર તો તેમની આજ્ઞા થકી તમને સમઝાવીને પાછા જઈએ છીએ."

એવી રીતે તે જમદૂત કહીને ત્યાં થકી ચાલતાં એક મોટું પીપળાનું વૃક્ષ પોતાના આંગણે સામે થોડેક દૂર હતું. તે વૃક્ષને એક પાટ મારી કે તરત મૂળમાંથી ઉખડીને કડડાટ થઈને પૃથ્વી ઉપર પડ્યું. તે જોઈને મહા ત્રાસ પામતા સતા તત્કાળ છપૈયાપુરમાં આવીને અતિ નિર્માની થકા બે હાથ જોડીને તે સર્વે વાત કહીને પોતાનો અપરાધ ક્ષમા કરાવીને 'ફરીથી કોઈ દિવસ દ્રોહ ન કરવો.' એવો નિયમ રાખીને તે જમનાબાઈને વિનંતીપૂર્વક પગે લાગીને પોતાને ઘેર તેડી ગયા. એવો મહારાજનો પ્રતાપ જોઈને સર્વ જન આશ્ચર્ય પામ્યા. ।।પ૯।।

✵ અયોધ્યાપ્રસાદજીએ અમદાવાદના ભક્તોનું નાતનું દુઃખ ટાળ્યું :

વળી, એક સમે અમદાવાદમાં અયોધ્યાપ્રસાદજી મહારાજ બપોરને સમે પોતાને ઉતારે ઢોલિયા ઉપર તકિયાને ઓઠિંગણે બેસીને છપૈયાપુરનો કાગળ આવ્યો હતો તે વાંચતા હતા. અને કીકાભાઈ સમીપે બેઠા હતા. તે સમયે વણિક હરગોવિંદદાસ તથા મનસુખરામ પ્રેમી તથા હરિવલ્લભ શેઠ એ આદિક બે-ચાર હરિભક્ત આવીને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજે કાગળ વાંચવો બંધ રાખીને હરિવલ્લભ શેઠના સામું જોઈને બોલ્યા જે, "હે શેઠ ! કહો, શહેરમાં કેવા દેશકાળ વર્તે છે ?"

ત્યારે બોલ્યા જે, "હે મહારાજ ! આપ તો સાક્ષાત્ ઈશ્વરમૂર્તિ છો તેથી જાણતા હશો. હું દેશકાળનું શું વર્ણન કરું ? જે, ગોસ્વામીના સાત સ્વરૂપ ભેગાં થયાં છે, તે જેટલા સત્સંગી શહેરમાં છે તેને સર્વેને નાત બહાર મૂકી દીધા. ને બે સગાભાઈ હશે તેને પણ અત્યારે સામસામા બોલે વહેવાર નથી. અને એકબીજાને જાણે મારી નાખીએ તેવું વેર છે. અને બધા શહેરમાં અઢારે વર્ણ સત્સંગી ઉપર એવો દ્વેષ રાખે છે કે જાણે સત્સંગીને દળી નાખીએ. તે આપ જુવોને, કાલે સવારે અગણિત અસુરોએ મંદિરમાં આવીને પથ્થર નાખ્યા. અને મુસલમાનની ઘોર નિમિત્તે આખું શહેર ઉપર તૂટ્યું. તે એ તો શ્રીજીમહારાજે આવીને આપણી તથા સંતહરિજનની રક્ષા કરી. નહિ તો ભારે દગો થાત અને લાખો માણસનો કચરઘાણ નીકળી જાત.

અને વળી જુવોને, માંડવીની પોળમાં સાધુ ઝોળીએ ગયા હતા, એમને ત્યાં માર્યા અને ઝોળીઓ ફાડી નાખી. અને વળી નગર શેઠ હઠીભાઈને આપણો બહુ અવગુણ ભરાવ્યો. અને પૂછ્યું જે, "અમારા સેવકોને તે સ્વામિનારાયણવાળાએ ઉપદેશ કરીને પોતાની કંઠીઓ બાંધીને વાળી લીધા. માટે અમારે હવે શો ઉપાય કરવો ?" ત્યારે તેમણે કહ્યું જે, "રૂપિયે કરીને તો સ્વામિનારાયણવાળાને નહિ જીતો

અને હથિયારે કરીને પણ નહિ જીતો, તેમ શાસ્ત્રે કરીને પણ નહિ જીતો. માટે તમોને એક ઉપાય બતાવીએ તેમ કરો તો હમણે જ તુરત કબજામાં આવી જાય."

એમ કહીને બોલ્યા જે, "તમારા સેવક જેટલા હોય એ સર્વેને બોલાવીને ભેગા કરીને કહો જે, 'સ્વામિનારાયણના જેટલા શિષ્ય હોય તે મર પોતાનાં સગાં-વહાલાં હોય, તોપણ તેની સાથે ખાનપાન, દીકરી-વહેવાર પણ ભેગો ન રાખે. અને વાળંદ વતું ન કરે, કુંભાર વાસણ પણ ન આપે. અને બજારમાં કાંઈ વસ્તુ સ્વામિનારાયણવાળા લેવા આવે તોપણ એમને આપવી નહીં.' એવો સૌ સૌની નાતમાં પાકો બંધોબસ્ત કરો." એવી અવળી મતિ આપી.

અને વળી જુવોને, અમારાં માતુશ્રી દેહ મૂકી ગયાં. અને અમારા ભાઈ કોઈ શબ ઉપાડવા આવ્યા નહીં, અમને બહુ દુઃખ દીધું. અને વળી પરમ દિવસે સત્સંગીના બે-ચાર છોકરા તિલક-કંઠીવાળા સાંજ વખતે શાળાથી ભણીને ઘેર આવતાં વચમાં અસુરે આવીને આંતર્યા. અને કંઠી તોડી નાખીને માર્યા, તેથી રોતાં રોતાં ઘેર આવીને તે વાત કહી. ત્યારે મારા મનમાં બહુ દયા આવી ને કંપારી આવી ગઈ; પણ શું કરું ? ગમ ખાઈને રહ્યો. અને વળી એક બાઈને તો એના પતિએ આપણી કંઠી તોડી નાખીને ખૂબ માર મારી અને એના બાપના ઘેર કાઢી મૂકી છે. એવી રીતે સત્સંગીના દુઃખના સમાચાર કહીને પોતે દિલગીર થયા.

ત્યારે હરિજનોનું દુઃખ બહુ સાંભળીને તત્કાળ તે હરિવલ્લભ શેઠને ધીરજ આપી. અને શ્રીજીમહારાજનું બળ લઈને ભ્રકુટી ચડાવીને બોલ્યા જે, "હે હરિવલ્લભભાઈ ! તમો કોઈ ગભરાશો નહીં, ધીરજ રાખજો. અને જે જે આ સત્સંગનો દ્વેષ કરે છે, ને વળી કરશે અને વળી એના પક્ષમાં ભળશે તે સર્વેને અન્નવસ્ત્ર તો નહિ મળે, પણ હમણે

જ થોડાક દિવસમાં એ સર્વેનો નાશ થઈ જાશે; તે તમે નજરે દેખશો. અને તમારે કાંઈ વસ્તુ જોઈએ તો આપણા કોઠારમાંથી લઈ જાજો."

એમ કહીને ગામ અશ્લાલીના લેવા પાટીદાર કાળીદાસ અમીન અમદાવાદ શહેરના મોટા સાહેબના શિરસ્તેદાર હતા. એમને બોલાવીને કીકાભાઈ સહિત તે મોટા સાહેબને મળીને તે પ્રતિપક્ષીઓના જામીન લઈને સર્વે સત્સંગીને નાતમાં લેવરાવ્યા. અને મહારાજના કહેવા પ્રમાણે થોડાક દિવસમાં તે સર્વે અસુરનો નાશ થઈ ગયો. તે સૌએ નજરે દેખ્યું. ॥૬૦॥

❋ છપૈયાના કોઠારી બેચરભક્તની ચોરથી રક્ષા :

વળી એક સમે છપૈયાપુરના મંદિરનું કારખાનું ચાલતું હતું. તે કારણથી અમદાવાદમાંથી અયોધ્યાપ્રસાદજી મહારાજ છ હજાર રૂપિયાની હુંડી લખાવીને બંગલા શહેરમાં શેઠ અનુમલ જીવનમલની દુકાને મોકલાવી. ત્યારે તે હુંડી પહોંચી જવાથી તે શેઠે છપૈયાપુરમાં ખબર મોકલી. પછી બેચર કોઠારી બહુ મમત રાખીને ઘનશ્યામ મહારાજનું કામ કરે. અને બહુ ડાહ્યા, વિચક્ષણ, ધર્મવાળા, મહા વૈરાગ્યવાન અને ભગવાનમાં બહુ પ્રીતિવાળા એવા થકા પોતાની સાથે એક પાળાને લઈને ગાડી જોડાવીને ચાલ્યા. અને બંગલા શહેરમાં આવીને તે હુંડીના રૂપિયા ગાડીમાં લઈને પાછા વળ્યા.

તે મખોડા ઘાટે મનોરમા નદીએ આવતાં ગાઉ એક ચાલે એટલો દિવસ રહ્યો. તે વખતે કોઈ ચોરે તે હુંડીની વાત પ્રથમથી જાણતા હશે તેથી પોતાનાં હથિયાર સર્વે બાંધીને તે રૂપિયા લઈ જવા ને બેચર કોઠારીને મારી નાખવા. એવા વિચારથી તે સર્વ ચોર આવીને વચમાં માર્ગ રોકીને બેઠા. એટલે ખરી વખતમાં પોતાના ભક્તની રક્ષા કરવા સારુ ઘનશ્યામ મહારાજ ભારે વસ્ત્રઘરેણાં પહેરેલાં અને રોઝા ઘોડા ઉપર બેસીને સાથે બે પાળા સહિત આવ્યા.

અને તે કોઠારીને દર્શન દઈને બોલ્યા જે, “હે ભક્તરાજ ! તમે ચાલ્યા જાઓ છો, પણ આગળ માર્ગ રોકીને કેટલાક ચોર બેઠા છે. માટે અમારા વાંસે આવો.” એમ કહીને આગળ ચાલ્યા, તે બીજે માર્ગે થઈને એમ ને એમ નારાયણ સરોવરના કાંઠા સુધી ભેગા આવી અને અદૃશ્ય થઈ ગયા. તે જોઈને કોઠારી મહા આશ્ચર્ય પામતા સતા મંદિરમાં આવીને સૌને તે વાત કહી. તે વખતે હું (અચ્યુતદાસજી) પણ ત્યાં હતો. ॥૬૧॥

✺ ધુવા ગામના લુહાર લુકીનો પરચો :

વળી એક સમે ગ્વાલિયર પ્રગણે **ધુવા ગામ**માં લુકી નામે કરીને એક લુવાર હતો. તેની આવરદા ખૂટી રહેવાથી ધર્મરાજાએ બે યમદૂતને તેડવા સારુ મોકલ્યા. ત્યારે તે લુકીને તો ભૂલી ગયા અને તેના નામે બીજો એક લુકી હતો તેને લઈ ગયા. એટલે ધર્મરાજાએ તેનું ખાતું જોઈને કહ્યું જે, “આની તો હજુ આવરદા છે. માટે જાઓ આને પાછો મૂકી આવો અને ઓલ્યા બીજા લુકીને લઈ આવો.” એમ કહ્યું. ત્યારે તેને લઈને તે દૂત ત્યાં થકી ચાલ્યા. એટલે વચમાં તે ધૂવા ગામનો એક લુવાર મોરે મરી ગયેલો, તેને અતિ પાપી જાણીને જમ કર્યો હતો, તેમણે લુકીને ઓળખ્યો.

ત્યારે બોલ્યો જે, “હે ભાઈ લુકી ! તું આંહીં ક્યાંથી ?” ત્યારે કહ્યું જે, “આ યમદૂત, આપણા ગામમાં ઓલ્યા લુકીને લેવા સારુ આવ્યા હતા. તે એને ભૂલી ગયા અને અજાણમાં મને લઈ આવ્યા. ત્યારે ધર્મરાજા મારું ખાતું જોઈને બોલ્યા જે, ‘આને તો હજુ વાર છે, માટે જાઓ એને મૂકી આવીને ઓલ્યા બીજા લુકીને લઈ આવો.’ એમ કહ્યું ત્યારે આ મને મૂકવા આવે છે.”

પછી તેણે કહ્યું જે, “હે ભાઈ ! આટલો મારો સંદેશો લઈ જા.” એમ કહીને બોલ્યો જે, “આપણા ગામમાં ઓલ્યો શિવદત્ત

બ્રાહ્મણ છે, તે કલકત્તામાંથી એક નીચ જાતિની સ્ત્રી લઈ આવ્યો છે. તે શિવદત્તને મારવા સારુ ધર્મરાજા મારી પાસે સાણસી, પાશલા આદિક હથિયાર કરાવે છે. તે પંદર દિવસ થાય છે, એટલે બ્રાહ્મણ પાપમોચની એકાદશીનું વ્રત કરે છે. તે એના પુણ્યે કરીને મારો પંદર દિવસનો દાખડો સર્વે છૂટી પડે છે. અને તે સર્વે હથિયારના સાંધા જુદા થઈ જાય છે. માટે તે બ્રાહ્મણને કહેજે જે, 'તું એકાદશીનું વ્રત મૂકી દે, નહિ તો એ સ્ત્રીનો ત્યાગ કરી દે.' આ મારો સંદેશો એને જરૂર જઈને કહેજે." એમ કહ્યું એટલે તે યમદૂત તેને લઈને ત્યાં થકી ચાલ્યા તે વચમાં આવતાં તે લુકીને ટાઢ બહુ વાઈ. તેણે કરીને બધું શરીર થરથર કંપવા લાગ્યું. તે જોઈને યમદૂત બોલ્યા જે, "તેં કોઈ વસ્ત્રનું પુન્યદાન કર્યું છે ?" ત્યારે કહે, "હા, ઉત્તરાયણને દિવસે જૂનું કેડીયું એક બ્રાહ્મણને આપ્યું હતું."

તે સાંભળીને યમદૂતોએ એક મોટો ઓરડો ઉઘાડ્યો. એટલે અનેક પ્રકારનાં ભારે ભારે વસ્ત્ર તે ઓરડામાં દેખ્યાં. અને તેમાંથી પોતાનું કેડીયું ઓળખીને પહેર્યું. એટલે ત્યાં થકી લઈને ચાલ્યા તે થોડેક છેટે ગયા, એટલે ફરીથી તે બોલ્યો જે, "મને ભૂખ બહુ લાગી છે." ત્યારે તે દૂત બોલ્યા જે, "તેં કાંઈ પુણ્ય કર્યું છે ?" ત્યારે તે કહે, "પુણ્ય તો બીજું કાંઈ નથી કર્યું, પણ એક તીર્થવાસી બ્રાહ્મણ મારે આંગણે ભૂલ્યો ભટક્યો આવ્યો હતો. ત્યારે તેને મેં કહ્યું જે ઓલી બ્રાહ્મણની નાત જમે છે ત્યાં જા, તને જમાડશે. એમ કહીને લાંબી આંગળી કરીને બતાવ્યું હતું, એટલું પુણ્ય કર્યું છે."

ત્યારે તે બોલ્યા જે, "એ આંગળીને મુખમાં ઘાલીને ચૂસ. પછી તેણે વિશ્વાસ લાવીને તે આંગળી ચૂસી, એટલે જાણે પાંચે પકવાન જમ્યો હોય ને શું ! એવા અમૃતના ઓડકાર આવ્યા. પછી ત્યાં થકી ચાલ્યા તે એકદમ તેના દેહમાં લાવીને મૂકી દીધો કે તરત નેત્ર ઉઘાડીને આળસ મરડીને ઊભો થયો. તે જોઈને તેનાં સગાં-સંબંધી સૌ બોલ્યાં

જે, "ઓહો ! ભાઈને ઝોબો આવ્યો (જીવ બેભાન થઈ ગયો) હતો તે વળ્યો. અને આ તો બેઠા થયા." એમ કહીને તે સર્વે રાજી થયા.

પછી બીજે દિવસે તે લુહાર ઓલ્યા બ્રાહ્મણને ઘેર જઈને તેને એકાંતમાં બોલાવીને સંદેશાની વાત કહી. તે સાંભળીને તત્કાળ તે ઝાંખો થઈ ગયો. ને બોલ્યો જે, "હે ભાઈ ! આ વાત કોઈની પાસે ન કરીશ." એમ કહીને તે વાત જાહેર ન કરવા માટે તેને કેટલાક રૂપિયા આપ્યા. તે લઈને પોતાને ઘેર ગયો. એવી રીતે તેની તેને વાત કહી, પણ તે સ્ત્રીનો ત્યાગ ન કર્યો. એવી રીતના આ જગતમાં પાપી જીવ ઘણા છે. તે માટે આ વાત સૌના ઉપદેશ માટે લખી છે. ॥૬૨॥

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'ગ્વાલિયર પ્રગણે ગામ ધુવાના લુવારને યમદૂત અજાણથી લઈ ગયા હતા તેને પાછો તેના દેહમાં મૂકી ગયા અને બ્રાહ્મણને યમે સંદેશો કહાવી મોકલ્યો' એ નામે અઠ્ઠાણુંમો અધ્યાય ॥૯૮॥ ઈતિ પરચા સંપૂર્ણમ્ ॥

અધ્યાય - ૯૯

દુઃખમાંથી છૂટી સુખી થવાનો ઉપાય વચન પાળવાં

એવી રીતે શ્રીજીમહારાજે પોતાના ભક્તજનોને ઐશ્વર્ય જણાવ્યાં છે તે કથા સંક્ષેપમાં કહી. હવે સચ્ચિદાનંદસ્વામીને મહારાજે ધીરજનાં વચન કહ્યાં તે કથા કહું છું. ત્યારપછી શ્રીજીમહારાજે વાત કહી જે, "મનુષ્ય પ્રાણીમાત્રને વારંવાર જન્મમરણનું જે દુઃખ તેમાંથી છૂટીને અવિનાશી સુખ પામવાની જેને ઈચ્છા હોય અને પૂર્ણ પુરુષોત્તમ સર્વોપરી ભગવાનનું જે અક્ષરધામ તેમાં અવિનાશી સુખ છે, (તેને પ્રાપ્ત કરવાની જેને ઈચ્છા હોય તેણે એમ વિચારવું જે, અક્ષરધામમાં જ અવિનાશી સુખ છે,) પણ બીજે કોઈ ઠેકાણે અવિનાશી સુખ નથી.

वलीतेधाममांभगवानजेपुरूषोत्तमतेनी
साक्षातसर्वोपरिमूर्तिनुंसुखरह्युंछेअनेअक्षरधामछेतेपुरूषोत्त
मभगवाननेरहेवानुंउत्तमस्थानछेअनेपूरणपुरूषोत्तमभगवा
नसदाएसाकारद्विभुजदिव्यमूर्तिछे॥तेअतिशयश्वेतअनेअत्यंत
मनोहरछेकेजेनुंकोइपणरीतेवर्णनथइशकेतेमनथीअनेतेमूर्ति
नुंनिरंतरमुक्तसुखलेछेतेजमूर्तिआप्रत्यक्षप्रमाणतमनेमलीछेते
माटेजेनेआलोकमांकेपरलोकमांसुखीयाथावुंहोयतेनेतेमहाप्र
भुसर्वोपरिपुरूषोत्तमतेनांवचनजेनानामोटाजेनेजेनेपालवानांकह्यां
होयतेतेसर्वेशिरसाटेमुमुक्षुओनेपालवांएजसुखनोद्वारछेइत्यादि
कघणीकश्रीजीमहाराजेवार्ताकरी

વળી તે ધામમાં ભગવાન જે પુરુષોત્તમ તેની સાક્ષાત્ સર્વોપરી મૂર્તિનું સુખ રહ્યું છે. અને અક્ષરધામ છે તે પુરુષોત્તમ ભગવાનને રહેવાનું ઉત્તમ સ્થાન છે. અને પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સદાય સાકાર દ્વિભુજ દિવ્યમૂર્તિ છે. તે અતિશય શ્વેત અને અત્યંત મનોહર છે કે જેનું કોઈ પણ રીતે વર્ણન થઈ શકે તેમ નથી. અને તે મૂર્તિનું નિરંતર મુક્તો સુખ લે છે. તે જ મૂર્તિ આ પ્રત્યક્ષ પ્રમાણ તમને મળી છે. તે માટે જેને આલોકમાં કે પરલોકમાં સુખિયા થાવું હોય તેને તે મહાપ્રભુ સર્વોપરી પુરુષોત્તમ તેનાં વચન જે નાનાં-મોટાં જેને જેને પાળવાનાં કહ્યાં હોય તે તે સર્વે શિરસાટે મુમુક્ષુઓને પાળવાં એ જ સુખનું દ્વાર છે. ઈત્યાદિ ઘણીક શ્રીજીમહારાજે વાર્તા કરી.

✹ મહારાજે સ્વધામ જવાની તૈયારી કરી :

ત્યારપછી કોઈક સમે મહારાજે સંત, પાર્ષદ, હરિજનો ભાઈ તથા બાઈઓને બોલાવીને કહ્યું જે, “હવે આ અમારા દેહનો નિરધાર નથી. માટે તમારે કોઈને અમારી વાંસે મૂંઝાવું નહીં તથા આત્મઘાત કરવો નહીં.” ત્યારે તે સર્વેએ કહ્યું જે, “ઠીક મહારાજ.” ત્યારે મહારાજે કહ્યું

જે, "એમ નહિ, જેને અમે કહ્યું તેમ કરવું હોય તે આવીને અમારા પગને વિશે હાથ મેલો." ત્યારે સર્વેએ ઊઠીને હાથ મેલ્યા. તે સમે શ્રીજીમહારાજની પાસે અયોધ્યાવાસી તથા ગોપાળાનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી તથા માનજીભાઈ તથા હરજી પાળો એટલા જણ હતા.

તે સમે શ્રીજીમહારાજ બોલ્યા જે, "આજ સુધી તો અન્ન અમે અમૃત કરીને જમ્યા, હવે જમવું નથી. અને દેહ પણ નથી રાખવો. અને હરેક ઉપાય કરશો તોપણ જમવું નથી." ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "મહારાજ ! સુખેથી તમે પોઢો, અમારું જેમ થાવાનું હશે તેમ થાશે." ત્યારે **મહારાજ બોલ્યા જે, "તમે એમ કહ્યું ત્યારે હું તમારી ઉપર રાજી છું, માટે તમે મનમાં ધારશો તે થાશે. અને સર્વે સંતમાં મોટેરા તમે છો."**

ત્યારપછી **સં.૧૮૮૬ના માસ જ્યેષ્ઠ સુદ નવમી**ને દિવસે સવારના પહોરમાં શ્રીજીમહારાજ ઊઠ્યા અને કહ્યું જે, "દાતણ લાવો કરીએ." ત્યારે સર્વે સંત આદિ હરિજનોને મનમાં ઉમંગ થયો જે, 'અહોહો.!! મહારાજે ચાર-પાંચ દિવસે દાતણ માગ્યું, માટે સારું થયું.' પછી મહારાજે કહ્યું જે, "કાંઈક જમવાનું લાવો, ભૂખ લાગી છે." ત્યારે કહ્યું જે, "મહારાજ ! શું લાવીએ ?" ત્યારે મહારાજ કહે જે, "શીરો લાવો." ત્યારે તે સાંભળીને હરિજનો સર્વેને સુખ ઉત્પન્ન થયું. પછી સાકરનો શીરો કરીને લાવ્યા તે મહારાજ જમ્યા. ત્યારે સર્વેએ એમ જાણ્યું જે, 'સારું થાશે.'

પછી થોડીક વાર પછી શ્રીજીમહારાજને ગૂમડું કાનમાં પ્રથમ થયું હતું, તે પોતાની મેળે પાક્યું હતું. તે મહારાજને પડખું ફેરવતાં દુઃખાણું, તેથી શરીર ટાઢું પડી ગયું. તે વખતે મહારાજે કહ્યું જે, "મારું શરીર ટાઢું પડી ગયું છે, માટે કસ્તુરી આપો." તેથી કસ્તુરી આપી. તે કસ્તુરી શ્રીજીમહારાજ રૂપિયા અરધાએક ભારને આશરે જમ્યા, બીજી સર્વે

શરીરે ચોપડી. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, “અમારી નાડી જુઓ.” ત્યારે નાડી જોઈને તે જોનાર જે મનુષ્ય તેમણે મહારાજને કહ્યું જે, “મહારાજ! નાડી તો ઠેકાણે છે.”

પછી મહારાજે પોતાની નાડીઓ ખેંચી લઈને કહ્યું જે, “નાડી ઠેકાણે નથી. ના ના... વળી ફરી વાર મારી નાડી જુઓ.” ત્યારે જોનારે જોઈને કહ્યું જે, “મહારાજ ! નાડી તો ઠેકાણે નથી.” ત્યારે મહારાજ બોલ્યા જે, “નાડી ઠેકાણે નથી ત્યારે બોલાય છે કેમ ?” ત્યારે સર્વેએ એમ કહ્યું જે, “મહારાજ ! તમે જેમ કરો તેમ તમને ઘટે.” ત્યારે મહારાજે કહ્યું જે, “ભજનાનંદસ્વામીને કહો જે ઓષડ વેશડ કરવું હોય તે કરે.” ત્યારે ભજનાનંદસ્વામીએ હિરણ્યગર્ભની ગોળી પાઈ.

✹ સચ્ચિદાનંદસ્વામી મરજી લોપી ધામમાં ગયા

ત્યારે તે વખતે સચ્ચિદાનંદસ્વામી સમાધિમાં અક્ષરમુક્ત પાસેથી કોલ લઈને આવીને બેઠા હતા. તે બોલ્યા જે, “મહારાજ ! આ ઓષડ આદિ તૈયાર કરીને શું પાખંડ લઈને બેઠા છો ? ને અમને શું ફોસલાવો છો ? પણ હમણાં આ પથરા લઈને માથાં ફોડશે તેથી લોહીની નીકો વહેશે, તેમાં શિક્ષાપત્રી પણ લોપાશે ત્યારે જાણશો.” ત્યારે મહારાજ બોલ્યા જે, “ઊઠ પાજી, તારે તો જેમ કરવું હોય તેમ કર. ને હું પરમેશ્વર તો ખરો જો કોઈની નાકોરી પણ ન ફૂટવા દઉં. અને આ સમે જો કોઈના દેહનું આયુષ આવી રહ્યું હશે તોપણ નહિ મરવા દઉં. અને કોઈક ભક્તનું મસ્તક કોઈકે કાપ્યું હશે તો મારા ભક્તનું ચોડીશ પણ મરવા તો નહિ દઉં; પણ તને તો મારા સમ છે. તું તો જે ધાર્યું હોય તે કર, ઊઠ..!”

પછી સચ્ચિદાનંદસ્વામી અક્ષરમુક્ત પાસેથી કોલ લઈ આવ્યા હતા જે, ‘જો મહારાજ અક્ષરધામમાં અહીં આવે ત્યારે હું આવું તો તમે મને રાખશો ?’ ત્યારે મુક્તે કહ્યું હતું જે, ‘રાખીશું.’ તે વાતનો

કોલ આપ્યો હતો. તે બોલે કરીને સચ્ચિદાનંદસ્વામી બોલ્યા જે, “હું સાધુ ખરો, જો તમારી પાસે દેહ મેલીને આવું.” ત્યારે મહારાજે કહ્યું જે, “આવજે તો ખરો..!”

પછી પોતાના ઉતારામાં જઈને સચ્ચિદાનંદસ્વામીએ પોતાના દેહને નીચોવી નાખ્યો. જેમ સારો મર્દ લૂગડું નીચોવે તેમ પોતાના દેહમાં નાડીઓમાં પ્રવેશ કરીને પોતાની નાડીઓ તોડી નાખી. અને રુધિર નીસર્યું તેથી કાનમાં તથા નાસિકા આદિક છિદ્ર ને રુવાડાં પરજંતમાંથી રુધિરની શેડ્યું નીસરી. જેમ હુતાશનીની પિચકારીઓની છૂટે તેમ. તથા માંસ પણ તોડીને હાડકાંમાંથી જુદું કર્યું. તે મૂળ દ્વારે માંસના લોચા દેખાય, એવી રીતે દેહને ચૂંથી નાખ્યું. અને નેત્રે થઈને ધામમાં ગયા. તે સમે નેત્રના ડોળા લટકે, જેમ કેળની લુંબ લટકે. તેવી રીતે કરીને ભગવાનના ધામમાં છાનામાના ગયા.

પછી મહારાજ પોતાના ધામમાં મુક્ત પ્રત્યે બોલ્યા જે, “ઈહાં એક ચોર આવ્યો છે.” ત્યારે તે વાત સાંભળીને મુક્તને આશ્ચર્ય થયું. અને તે મુક્ત બોલ્યા જે, “મહારાજ ! ઈહાં ચોર શાનો ?” ત્યારે તે સમે સચ્ચિદાનંદસ્વામીનો દેહ દશ હજાર યોજન ઊંચો ઊછળે ને પાછો પડે. અને કોટી કોટી વીંછીની વેદના થાવા લાગી. એટલે સચ્ચિદાનંદસ્વામી કહે જે, ‘મેં જાણ્યું હતું જે મહારાજની મરજી વિના આવ્યો છું તેથી દુઃખ થાશે. અને આંહીં નહિ રહેવાય.’ એમ મનમાં ધારીને પોતે બે હાથ જોડીને મહારાજને સન્મુખ ઊભા રહ્યા અને કહ્યું જે, “મહારાજ! આ હું તમારો ચોર ઊભો છું.” એવી રીતે કહીને ઊભા રહ્યા. પણ અક્ષરમુક્તે ઘણો કોલ આપ્યો હતો તોપણ અક્ષરમુક્તે કોઈ રક્ષા ન કરી.

પછી મહારાજે કૃપા કરીને કહ્યું જે, “આવો આવો !” ત્યારે મહારાજની મરજી દેખીને પાસે ગયા. ત્યારે મહારાજે કહ્યું જે, “તરસ્યા છો ?” ત્યારે કહ્યું, “હા મહારાજ.” તે વખતે એક મુક્ત જળ લેવા ગયા, તોપણ તે વખતે મહારાજે તરત જળ લાવીને પ્રસાદીનું કરીને

સચ્ચિદાનંદસ્વામીને પાયું, ત્યારે શાંતિ થઈ. પછી સચ્ચિદાનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજ ! હજી અધૂરું કામ છે."

ત્યારે મહારાજ બોલ્યા જે, "શું અધૂરું છે ? કાંઈ અધૂરું નથી. જુવોને, અમદાવાદ, ભુજ, વડતાલ તથા ગઢડા એ આદિકમાં મોટાં મોટાં ધામ બાંધીને તે માંહી નરનારાયણ તથા લક્ષ્મીનારાયણ આદિ દેવોની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી છે. અને તેમાં અખંડ હું બિરાજમાન છું. તથા અયોધ્યાપ્રસાદ અને રઘુવીર આદિક ધર્મવંશી બ્રાહ્મણ મારા દત્તપુત્ર કરીને મારે ઠેકાણે આચાર્ય કર્યા છે. તથા શિક્ષાપત્રીમાં ધર્મ, ભક્તિ, જ્ઞાન વૈરાગ્ય તેનો પ્રતિબંધ બાંધ્યો છે.

અને મોટા મોટા સાધુ છે. તે સાધુ કેવા છે ? તો અનાદિમુક્તો જેવા છે, ને અજિત છે, ને અનંત સભાઓ જીતે એવા છે. તે જો બ્રહ્મા આદિક જેવા કોઈ હશે અને એની સાથે પ્રશ્નઉત્તર કરી વિવાદ કરશે તો તે પણ પગે લાગીને ચાલ્યા જાશે, એવા છે. તથા સાધુમાં ગોપાળાનંદસ્વામી આદિક સંત તથા ધ્રુવ, પ્રહ્લાદ આદિક સરખા તો ગૃહસ્થમાં પણ મુક્ત છે. તથા અમે સમસ્ત સત્સંગીની ભલામણ તે ગોપાળાનંદસ્વામીને કરી છે. તથા ભૂત પ્રેત આદિક દુઃખરૂપ જીવને તેને તો તમે હણવા સમર્થ છો. તે તમે સ્વપ્રતાપે કરીને યુક્ત છો તથા તમે સ્વતંત્રપણાને પામ્યા છો. અને તમારી મેળે ધામમાં આવો તે કોના પ્રતાપે આવો છો ?"

ત્યારે કહ્યું જે, "મહારાજ ! તમારે પ્રતાપે આવું છું." ત્યારે મહારાજે કહ્યું જે, "હવે લ્યો, શું અધૂરું રહ્યું છે ? તથાપિ અમો તો સ્વઈચ્છાચારી છીએ. અને તમો પાછા દેહમાં જાઓ, શા માટે જે અમે શિક્ષાપત્રીમાં પ્રથા બાંધી છે તેને તોડીને તમારી મેળે ઈહાં આવ્યા છો, તે બહુ અન્યાય કર્યો છે. તે માટે મારે વચને કરીને જાઓ, નહિ જાઓ તો દુઃખી થાશો. અને તમારા મનમાં જો નહિ જાવાનું હોય તોપણ જાવું પડશે. અને નહિ જાઓ તો હજાર વર્ષની આવરદાવાળા દેહમાં

ખોસી ઘાલીશ. અને મારું ને મારા સંતનું દર્શન પણ નહિ થાય, ત્યારે તમે કેમ કરશો ? તે માટે મારે વચને કરીને જાઓ. અને આવરદા તો મારા હાથમાં છે, તે સુખી થાશો. માટે જાઓ.

✵ સચ્ચિદાનંદસ્વામીના સ્નેહની પ્રશંસા :

અને તમારા પ્રેમ આગળ બીજાના પ્રેમની હદ છે. તે આલોકમાં ને પરલોકમાં સૌ જાણે છે જે, સચ્ચિદાનંદસ્વામીના જેવો કોઈનો પ્રેમ નથી. કાં જે રાધિકાજીનો પ્રેમ શાસ્ત્રમાં વખણાય છે જે, રાધિકાજીનો પ્રેમ હદ છે, એમ સૌ જાણે છે. કેમ જે ભગવાનના દર્શનમાં વિક્ષેપ થાય તો તત્કાળ તાવ આવે, તેણે કરીને કપાળનો ચાંદલો કાળો ઠીકરાં જેવો થઈ જાય. અને ચંદન ચરચ્યું હોય તે કાળું થઈ જાય, એવો પ્રેમ. અને વળી તમારો પ્રેમ તો બેહદ છે જે, જો અમારાં દર્શન ન થાય તો મૂર્છા આવે ને નાસિકા આદિકના રુવાડાંનાં છિદ્ર પરજંત રુધિરની ધારાઓ નીસરે. એવો એક તમારો પ્રેમ બેહદ છે. માટે તમે મોટા છો. તમો ગયાથી સત્સંગમાં સૌ સંતહરિજનોને સમાસ થાશે ને શાંતિનું બળ વધશે અને સૌને ધીરજ આવશે. માટે જાઓ, નહિ તો તમારો દેહ બાળી દેશે."

ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજ ! તમારાં દર્શન વિના કેમ રહેવાય ? અને દેહ તો હું ભાંગી તોડીને આવ્યો છું. તેમાં કેમ રહેવાશે ?" પછી વળી પોતાના મનમાં વિચારીને એમ નક્કી કર્યું જે, 'કોઈક સ્થાનમાં રહું તથા શિવ ભગવાનના ભક્ત છે, માટે કૈલાશમાં રહું અને ત્યાં રહીને ભગવાનનાં દર્શન કરું.' પછી એવો પોતાના મનમાં વિચાર કર્યો જે, 'દેહ તો ન રાખવો.'

ત્યારે મહારાજ બોલ્યા જે, "દેહને પાડવો કે રાખવો તે મારા હાથમાં છે. અને દર્શન તો જેમ રાધિકાને વૃંદાવનમાં શ્રીકૃષ્ણનાં થયાં ને હેત આવ્યું, અને તે રાધિકાએ ભગવાનને તેડી લીધા ને છાતી સંગાથે

દાબ્યા. અને મનમાં એમ થયું જે, 'શું કરું ? નાના છે, મોટા નથી.' ત્યાં તો ભગવાન મોટા થયા. અને બ્રહ્મા આવી તેમને પરણાવી ગયા. અને જે મનોરથ ધાર્યો હતો તે સુફળ કર્યો. અને કહ્યું જે, 'જાઓ.' ત્યારે તો રાધિકાજીને મૂર્છા આવી. ત્યારે શ્રીકૃષ્ણે ઉઠાડીને કહ્યું જે, 'માગ માગ.' ત્યારે માગ્યું જે, 'આવા ને આવા મારી પાસે રહો.' તે માગ્યું ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું જે, 'અખંડ તો નહિ રહું, પણ સ્વપ્ન અવસ્થામાં તો રહીશ.' એમ રાધિકાજીને કહ્યું હતું.

અને હું તો જ્યારે સુરતથી મુગટ આવ્યો હતો અને પહેર્યો હતો, તે સમે જેવી મારી શોભા હતી તે શોભાએ યુક્ત તમારી પાસે અખંડ રહીશ. માટે તમે જાઓ અને દાદા ખાચરને પણ તમારી પેઠે મૂંઝવણ છે, માટે તમે એની સર્વે બરદાસ કરજો. અને મારી સાથે એને બહુ હેત છે તેથી મૂંઝાશે. બીજું જાઓ ત્યારે જેવા રુધિરે ભર્યા છો એવા ને એવા જઈને બાઈઓ હારે વાત કરજો જે, **મહારાજ ક્યાંય ગયા નથી અને સત્સંગમાં અખંડ છે. અને મૂર્તિઓમાં પણ અખંડ છે. અને તેમ જ ધર્મ-ભક્તિવાળા ભક્તમાં પણ અખંડ છે, ક્યાંય ગયા નથી. માટે મારું ધ્યાન કરો. જેવા તમે દીઠા છે તેવાં જ તમને દર્શન દઈશ.** અને જે ભગવાનને મૂવા સમઝવું તે તો દૈત્યની સમજણ છે. અને તમે જો મને મૂવો સમજશો તો તમને તેડવા કોણ આવશે ? અને તમારો ધર્મ પણ કોણ રખાવશે ? એ તો તમારી સારી સમજણ જ નહીં.

અને ભગવાનના ભક્તની તો આવી સમજણ છે જે ભગવાનનાં કીર્તન ગાવાં, ઉત્સવ કરવા, ઉમંગ રાખવો. તે વિચારી જુઓને, નિદ્રજીત અને પ્રહ્લાદ તેમને આખી ઉમરમાં એક જ ફેરો દર્શન થયાં હતાં, તોપણ તે કેવી ખુમારીવાળા કે દેહ પર્યંત તે દર્શનની ખુમારી રહી અને બીજાને રખાવી; પણ તે દેહ પર્યંત મૂંઝાણા નથી. અને તમને તો આજ પર્યંત અમે કેવું કેવું સુખ દીધું છે ? તે માટે શા સારુ મૂંઝાઓ છો ? માટે ધીરજ રાખો. અને **સત્સંગમાં હું અખંડ રહ્યો છું.**

અને આ શિક્ષાપત્રી પ્રમાણે જે રહેશે તેનું હજારો વર્ષ પર્યંત કલ્યાણ થશે. એમ કહેજો જાઓ."

ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજ ! હું તો કહીશ પણ બીજા માનશે કેમ ?" ત્યારે મહારાજે કહ્યુ જે, "જાઓ, આ નિશાની કહેજો જે, નોમની પાછલી રાતે નિત્યાનંદસ્વામી સૂતા હતા અને હરજી પાળો ને માનજી જાગતા હતા અને **ગોપાળાનંદસ્વામીને કહ્યું હતું જે તમો ધારશો તે થાશે જાઓ. હું તમારા ઉપર પ્રસન્ન છું. એ નિશાની છે."** ત્યારે સચ્ચિદાનંદસ્વામી બે હસ્ત જોડીને કહે જે, "મહારાજ ! મારા સર્વે અપરાધ માફ કરજો !" ત્યારે મહારાજ કહે જે, "તમારા સર્વે અપરાધ માફ છે."

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે 'સચ્ચિદાનંદસ્વામી દ્વારા સર્વ ભક્તજનોને શિક્ષાનાં વચન કહ્યાં' એ નામે નવ્વાણુંમો અધ્યાય ॥૯૯॥

અધ્યાય - ૧૦૦

સ્વધામગમન માટે બ્રહ્માનંદસ્વામીને જૂનાગઢ મોકલ્યા

ત્યારપછી મહારાજ ગઢડામાં થાળ જમવા બિરાજ્યા હતા. તે સમે બ્રહ્માનંદસ્વામી ઝાલાવાડમાં મૂળીના મંદિરથી આવ્યા. તે મંદિરમાં સામાન મેલીને મહારાજ પાસે આવ્યા ને દંડવત્ કરીને સર્વે સત્સંગીના નારાયણ કહ્યા. અને મહારાજે મૂળીના મંદિરની વાત પૂછી, તે વાત સ્વામીએ રૂડી રીતે કહી. ત્યારે મહારાજ થાળ જમીને બ્રહ્માનંદસ્વામીને આપ્યો. પછી જળપાન કરીને મુખવાસ લઈને ઢોલિયે પોઢ્યા. અને મોડા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર તથા મોજડી પહેરીને ચાલ્યા, તે ઉગમણે ઓરડાની ઓસરીએ ઢોલિયે બિરાજ્યા. અને સંતમંડળ, બ્રહ્મચારી તથા હરિજનો સર્વે પગે લાગીને બેઠા.

પછી મહારાજ કહે, "બ્રહ્માનંદસ્વામી ! તમે સંતનું મંડળ લઈને જૂનાગઢ જાઓ. અને બે શિખર ને બે મંદિરનો ઓટો કરીને આવો. અને ગોપાળાનંદસ્વામી ! તમે અહીંના મંદિરનો ઘુંમટ કરાવજો." ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "મહારાજ ! ગામ મૂળીમાં મંદિરનું કામ ઘણું અધૂરું છે." ત્યારે મહારાજ કહે, "જૂનાગઢ જઈ આવીને પછી જાજો." પછી થાળ જમવા બિરાજ્યા. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ ચરણ ધોવડાવ્યા. અને મહારાજ જળના કોગળા કરીને પછી થાળ જમીને બ્રહ્માનંદસ્વામીને આપ્યો. અને જળપાન કરીને મુખવાસ લઈને ઢોલિયે પોઢ્યા. પછી જાગીને ઢોલિયે બિરાજ્યા.

ત્યારે લાડુબાઈ કહે જે, "હે મહારાજ ! અમે તમારા વાસ્તે જરા જમવાનું લાવ્યા છીએ, તે જરાક જમો." ત્યારે તે જમીને બેઠા. ત્યારે ગંગામા મહારાજને જમવા સારુ થાળ લાવ્યાં. ત્યારે મહારાજ કહે જે, "હમણાં જમીને બેઠા છીએ." ત્યારે ગંગામા કહે જે, "તમે જમ્યા, તે તમને ભાળ્યા, ને ઊઠીને જમો." પછી ઢોલિયેથી ઊતરીને જમતા જાય અને વાત કરતા જાય. પછી ચળું કરીને મુખવાસ લઈને ઢોલિયે બેઠા. ત્યારે બ્રહ્માનંદસ્વામી અને ગગોભાઈ બે જણ મહારાજ સંગાથે વાત કરતા હવા.

પછી બ્રહ્માનંદસ્વામી આદિ મંડળ ચાલ્યાં, પણ અંતર શૂન્ય જેવાં લાગ્યાં. અને ગામ રળિયાણે ગયા. ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "મને તો અપશુકન બહુ જ ભૂંડાં થાય છે. હું તો ગઢડે પાછો જઈશ. તમે આગળ જજો." એમ કહીને પાછા મહારાજ પાસે આવ્યા અને મહારજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે જે, "કેમ આવ્યા ?" ત્યારે સ્વામી કહે જે, "મહારાજ ! કામ છે." પછી મહારાજે રાબ પીને સ્વામીને આપી અને જળપાન કરીને મુખવાસ લઈને ઢોલિયે પોઢ્યા. ત્યારે બ્રહ્માનંદસ્વામીના નેત્રમાંથી જળની ધારા પડવા લાગી. તે જોઈને મહારાજ મુખારવિંદ ઉપર વસ્ત્ર ઓઢી ગયા. ત્યારે બ્રહ્માનંદસ્વામી ચાલ્યા તે પોતાના સંત ભેળા થયા.

✵ ચરણારવિંદના ધ્યાનની રીત તથા તેનું ફળ :

પછી મહારાજ વહેલા જાગીને નિત્યવિધિ કરીને ઢોલિયે બિરાજ્યા. અને સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, શુકમુનિ તથા આચાર્ય અયોધ્યાપ્રસાદજી, રઘુવીરજી તથા મુકુંદ બ્રહ્મચારી, વાસુદેવ બ્રહ્મચારી, જયરામ બ્રહ્મચારી, કેશવાનંદ બ્રહ્મચારી તથા પાળા ભગુજી, ભક્ત દેવો, ભક્ત જોરાજી, દાદા ખાચર, ડુંગરજી, સુરા ખાચર, પર્વતભાઈ આદિ સંત, બ્રહ્મચારી, આચાર્ય, હરિજનો સર્વેની સભા ભરાઈને બેઠી હતી.

તે સર્વ સંત, પાર્ષદ, હરિજનો પ્રત્યે શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમે જે ધારીને આવ્યા હતા તે સર્વે પૂરું થયું છે. અને હવે કશું અમારે કરવાનું નથી રહ્યું. માટે **ભગવાનના ભક્તને ભગવાનની મૂર્તિનું ધ્યાન જરૂર કરવું, તે કહીએ છીએ** : ભગવાનનાં બે ચરણકમળનાં રક્ત તળાં ગુલાબની પાંખડી સરખાં શોભાયમાન છે. તેનું ધ્યાન કરનાર મુક્તને માહાત્મ્યજ્ઞાને યુક્ત એકાંતિક ભક્તિનો રંગ ચડે છે. અને ચરણની બે ઊર્ધ્વરેખાનું ધ્યાન કરનારને અક્ષરધામની પ્રાપ્તિ થાય છે. તેમજ જમણા ચરણના અષ્ટકોણનું ધ્યાન કરનારને અષ્ટાવરણ ભેદાય છે, પોતાના આત્માનું ઉજ્વળ પ્રકાશમાન દર્શન થાય છે અને બ્રહ્મસત્તાને પામે છે. અને સ્વસ્તિકનું ધ્યાન કરવાથી આત્યંતિક કલ્યાણ જે પરમપદ તેની પ્રાપ્તિ થાય છે. અને જાંબુફળનું ધ્યાન કરવાથી દિવ્ય સાકાર પુરુષોત્તમની મૂર્તિનું પોતાના આત્મામાં દર્શન થાય છે.

અને વજ્રનું ધ્યાન કરનારને તે વજ્ર અંતરશત્રુનું આવરણ ભેદીને કાળ, માયા, કર્મનાં આવરણો ભેદીને અક્ષરધામના સાધર્મ્યપણાને પમાડે છે. અને અંકુશનું ધ્યાન કરનાર ભગવાનનું નાનું મોટું વચન પાળી અનુવૃત્તિમાં રહ્યો થકો કૃપાપાત્ર થાય છે. અને કેતુ એટલે ધ્વજનું ધ્યાન કરનારને દેહ મૂકીને બ્રહ્મમય તનુની પ્રાપ્તિ થાય છે. અને પદ્મ તથા

કળશનું ધ્યાન કરનારને ભગવાનની મૂર્તિમાં રોમ રોમ વ્યાપી પરમાનંદ સુખની પ્રાપ્તિ થાય છે. અને જવનું ધ્યાન કરનારને ભગવાનનો મહિમા વિજ્ઞાને યુક્ત સમજાય છે, તેથી નિરાવરણ સ્થિતિ થઈ મૂર્તિમાં સ્વામી-સેવકભાવે જોડાય છે.

અને ડાબા ચરણના ફણાના સ્થળમાં એક વ્યોમનું ચિહ્ન છે. તેનું ધ્યાન કરનારને મૂર્તિ માંહી-બહાર વ્યાપીને લીન થાય છે. અને ત્રિકોણનું ધ્યાન કરનારને વિવિધ તાપ તથા સિદ્ધિઓનો ભય થતો નથી. અને મીનનું ધ્યાન કરનારને નખશિખા મૂર્તિમાં રમણ કરવાનું જે પરમાનંદ સુખ તે પ્રાપ્ત થાય છે. અને ગોપદનું ધ્યાન કરનારને માયારૂપી વૈતરણી ભેદીને સ્થાવર-જંગમમાં પુરુષોત્તમની મૂર્તિનું દિવ્ય સાકાર સ્વરૂપે દર્શન થાય છે. અને ધનુષનું ધ્યાન કરનારને સંકલ્પે કરીને તથા દર્શને કરીને સમાગમ કરનાર મુમુક્ષુના અંતરશત્રુ ભેદાઈ જાય છે. અને અર્ધચંદ્રનું ધ્યાન કરનાર મૂર્તિના રસઘન પ્રકાશમાન સાધર્મ્યપણાને પામે છે.

✵ નખશિખ મૂર્તિના ધ્યાનનું વર્ણન અને ફળ :

અને અંગૂઠાની ને તેની પાસેની બે આંગળીઓ ઉપર ઘસારાનાં ચિહ્ન છે, તે શાંતિ પમાડે છે. આંગળી આળશ મટાડે છે. અને ટેરવાં ત્રોડ(કળતર) ટાળે છે. નખમણિ ન્યાલ કરે છે,.પોંચા પક્ષ રાખે છે. ઘૂંટીની હેઠેના આસનનાં ચિહ્ન જન્મમરણ મટાડે છે. પાનીઓ પાર ઉતારે છે. કાંટા કોટી ફળ આપે છે. પિંડીઓ પરમપદ આપે છે. જાનું જાળવે છે. ફીસું ફેર ઉતારે છે. ઉરુ ઓથે રાખે છે.

અને ડાબા પગની નળી ઉપરનો તિલ નિર્ગુણભાવ પમાડે છે. ઢીંચણની બહારની પડખે એક ચિહ્ન છે, તે ત્રિવિધ તાપની ચિંતા ટાળે છે. બેસણીઓ બેસવાનું શીખવે છે. અને ઉપસ્થ મુક્તના સમૂહમાં રાખે છે. અને પાયુ પામરપણું મટાડે છે. ને ધોતિયું પહેર્યાનાં ઘસારાનાં ચિહ્ન સર્વે કષ્ટ નિવારણ કરે છે. ને ઉદરની ત્રિવળી ત્રણ તાપ ટાળે છે. અને

શ્રીવત્સ ચિહ્ન લક્ષ્મીજી જેવા મુક્ત કરે છે. અને છાતીનું પાંચ તસુ પહોળું રાતું ચિહ્ન છે તે રસઘન તેજના સાધર્મ્યપણાને પમાડે છે. અને છાતી ભેટીને ધ્યાન કરનાર ભગવાનનો સર્વોપરી મહિમા સમજે છે. અને પાંસળીઓ પાર ઉતારે છે. અને પડખાનું ધ્યાન કરનારને આજ્ઞા-ઉપાસના તે બે પાંખો આવે છે. કુખ કલ્યાણ કરે છે. અને નાસિકાનું ધ્યાન કરનાર માયાથી નિર્લેપ રહે છે. અને નેત્રકમળનું ધ્યાન કરનાર તે પોતાના આત્માનો પ્રકાશ તથા અક્ષરધામ તથા અક્ષરમુક્ત અને પુરુષોત્તમની સાકાર દિવ્ય મૂર્તિને અખંડ દેખે છે. અને મસ્તક મોક્ષ પમાડે છે.

વદનકમળનું ધ્યાન કરનારને પુરુષોત્તમ વશ થઈ જાય છે. અને દાઢી હેઠે તિલ છે તે ચિબૂકનું ધ્યાન કરનારને વિષયનાં શલ્ય ઉખડી જાય છે. અને વાંસા તથા ખભા એકાંતિક ધર્મયુક્ત બેડી પાર ઉતારે છે. અને કરોડ નિષ્કલંક કરે છે. અને ડાઢનું શ્યામ ચિહ્ન પ્રસન્નતારૂપ મહાપ્રસાદ આપે છે. અને દંતકળી મોક્ષદાન આપે છે. અને જીહ્વાનું ધ્યાન પરાવાણી બોલતા શીખવાડે છે.

એ પ્રમાણે **અંગોઅંગનું ધ્યાન કરવું તે સાંગ ધ્યાન કહેવાય. એ ધ્યાન ઉત્તમ છે.** અને **ઉપાંગ ધ્યાન** જે વસ્ત્રઘરેણાં સહિત ભગવાનની મૂર્તિ ધારવી. અને **સપાર્ષદ ધ્યાન** જે અનંત મુક્તોએ સહિત પુરુષોત્તમનું ધ્યાન કરવું તે. અને **સલીલ ધ્યાન** જે મુક્તો સંગાથે હાસ્ય વિનોદે સહિત ભગવાનની મૂર્તિ ધારવી તે. આ ધ્યાન કરવાની રીત કહી, તે પ્રમાણે ધ્યાન કરનારની કારણશરીરની વાસના બળી ભષ્મ થઈ જાય છે. તે વિના કોટી ઉપાયે કારણશરીરની વાસના ટળતી નથી. તે અમારો અને સત્શાસ્ત્રનો રહસ્ય છે, તે તમને કહ્યો.

✵ શ્રીજીમહારાજની અંતર્ધાન લીલા :

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “હવે અમારે તમારી દષ્ટિથી અગોચર થાવા વિચાર છે. અને અમે જે કળ ચઢાવી છે તે અમારાં વચન

પ્રમાણે રહેજો, તો અંતકાળે અમે તેડવા આવશું. અને જગતના જીવની પેઠે રોકકળ કરશો તો અમારે અને તમારે લાખો વર્ષનું છેટું થાશે. માટે અમારાં વચન પ્રમાણે રહેજો." એમ કહીને ઢોલિયેથી ઊતરીને થાળ જમવા બિરાજ્યા. પછી જળપાન કરીને મુખવાસ લઈને પોઢ્યા. અને પછી જાગીને જળના કોગળા કરીને જળપાન કરીને મોજડી પહેરીને ચાલ્યા, તે ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયે બિરાજ્યા. અને સંતમંડળ તથા અયોધ્યાવાસી અને પાળા અને હરિજનો તે સર્વે પગે લાગીને બેઠા.

તે સમયે કઠોર વાયુ વાવા લાગ્યો. અને વાંદળાં ને વીજળીઓ પડ્યાં. તેણે કરીને મોટાં મોટાં વૃક્ષ, ગઢ અને તામસ દેવના મંદિરનાં શિખર પણ પડ્યાં. એવી રીતે આકાશમાં ઉત્પાત થાવા લાગ્યા. અને વળી સર્વે હરિજનો તથા સંત તેમને પૃથ્વી ઉપર ઘણા ઉત્પાત થયા. અને સર્વે હરિજનો તથા સંત તેમને અપશુકન થાવા લાગ્યા. અને વળી એવાં સ્વપ્ન આવે જે જાણે ધર્મભક્તિની મૂર્તિઓ રુદન કરે છે, ને બીજી મૂર્તિઓ જાણે મંદિર બહાર ચાલી નીસરતી હોય નહિ ? અને તેજ રહિત મહા ભયંકર સૂર્ય ઊગ્યા. અને વળી ચંદ્ર, સૂર્ય ને નવ ગ્રહ તે પૃથ્વી ઉપર પડ્યા. અને વળી અંધકાર જેવું જણાય. એવી રીતે વિષમ કાળ જણાતો હતો.

પછી મહારાજ ઉતારે પધાર્યા અને જળપાન કર્યું. અને જરાએક રાબ પીધી ને જળપાન કરીને ઢોલિયે પોઢ્યા. ત્યારે સંતહરિજનોએ કહ્યું જે, "હે મહારાજ ! એક વખતે તમે જાળીએ માંદા થયા હતા ત્યારે અમારા ઉપર દયા કરીને દેહ રાખ્યો. અને એક વખતે પંચાળામાં માંદા થયા હતા ત્યારે પણ અમારા ઉપર દયા કરીને દેહ રાખ્યો. અને એક વખતે આંહીં ગઢડામાં માંદા થયા હતા ત્યારે પણ અમારા ઉપર દયા કરીને દેહ રાખ્યો. અને આ વખતે કેમ દયા નથી લાવતા ?" એવી રીતે બોલ્યા.

પછી **સં.૧૮૮૬ ના જેઠ સુદ ૧૦ દશમીને દિવસ** સવારમાં મહારાજ જાગ્યા, ને દંતધાવન કરીને જળના કોગળા કર્યા. પછી મુખારવિંદ ધોઈને ઢોલિયે બિરાજ્યા. તે સમે મોટા મોટા સંત, બ્રહ્મચારી, પાળા અને અયોધ્યાવાસી ને સર્વે હરિજનોને તેડાવ્યા. પછી તે સર્વે આવીને પગે લાગીને બેઠા. અને પછી બાઈઓ પણ છેટે પગે લાગીને બેઠા. ત્યારે તેમના આગળ શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમે અક્ષરધામમાંથી જે કામ ધારીને આંહીં આવ્યા હતા તે કામ કર્યું. અને ધર્મમર્યાદા કોટી વરસ ચાલે એવી બાંધી. અને આચાર્યને પણ અમારી ગાદી ઉપર બેસાડ્યા. હવે કાંઈ અમારે કરવાનું અધૂરું નથી રહ્યું. માટે અમારા ધામમાં જાશું. તમે રાજી થઈને અમને રજા આપો."

ત્યારે તે વચન સાંભળીને સર્વેના નેત્રમાંથી જળની ધારા ચાલી. અને સર્વે હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! આવું વજ્ર જેવું કઠણ વચન કેમ મનાશે ?" ત્યારે મહારાજ કહે જે, "જો અમારા વચનમાં રહેશો તો સદાય અમે તમારી પાસે છીએ." ત્યારે મુક્તાનંદસ્વામી હાથ જોડીને બોલ્યા જે, "મહારાજ ! હું એક વચન તમારી પાસે માગું છું." ત્યારે મહારાજ કહે, "માગો." ત્યારે સ્વામી કહે જે, "જ્યારે રામચંદ્રજી સ્વધામમાં ગયા ત્યારે તે સર્વે અયોધ્યાની વસ્તીને સાથે તેડી ગયા, તેમ તમે મને એકને સાથે તેડી જાઓ."

પછી સ્વામીનાં એવાં દીનતાનાં વચન સાંભળીને મહા દયાળુ ને કરુણારસમય છે મૂર્તિ જેમની એવા અક્ષરધામના પતિ સાક્ષાત્કાર પુરુષોત્તમ નારાયણ એવા જે શ્રીજીમહારાજ તે બોલ્યા જે, "સ્વામી ! તમે સદાય અમારી પાસે છો, પણ આપણે શિક્ષાપત્રી કરી છે એ આદિ અમારી આજ્ઞા તૂટી જાય. અને તમને માસ દોઢ કેડે તેડી જાશું. તમે અમારી નાડી જુઓ." ત્યારે સ્વામીએ નાડી જોઈને કહ્યું જે, "મહારાજ, નાડી તો સુધી સારી વહે છે."

પછી મહારાજે પોતાની ધીરજશક્તિ મેલી તેથી સર્વે સંત તથા બાઈભાઈ જે હરિજન તેમનાં અંતઃકરણ વજ્ર જેવાં થયાં. અને તેમને શ્રીજીમહારાજે ઘણી ધીરજની વાત કરી. પછી સર્વેને રજા આપી. અને પોતાના દત્તપુત્ર તેમને કહ્યું જે, "તમે નાહીને અબોટિયાં પહેરીને આવો." પછી નાહીને આવ્યા. ત્યારે મહારાજ નાવા બિરાજ્યા અને બ્રહ્મચારીએ ઊને પાણીએ કરીને શરીર ચોળીને નવરાવ્યા. ત્યારપછી શરીર લૂઈને પીતાંબર પહેરાવીને ઉપરણી ઓઢાડી.

પછી ગોપાળાનંદસ્વામીનો હાથ ઝાલીને ઓરડામાં પધાર્યા અને ત્યાં ગાયના છાંણે કરીને પૃથ્વી લીપાવી અને દર્ભની પથારી કરાવી. ને તેના ઉપર સિદ્ધ આસને બેઠા. તે વખતે પોતાના દત્તપુત્ર બે પડખે ઊભા રહ્યા અને નિત્યાનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામી આગળ ઊભા છે. પછી મહારાજે પોતાના આત્માનું ધ્યાન કરીને પ્રાણાયામ કર્યો.

તે સમે અક્ષરધામના મુક્ત સર્વે વિમાન લઈને આવ્યા. તે મહારાજને તેડી અને વિમાનમાં બેસાડ્યા. અને દિવ્ય એવાં જે ચંદન, પુષ્પ તે લઈને પૂજ્યા. તે સમે અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ જે શિવ, બ્રહ્મા આદિક તે આવ્યા. તેમણે પણ મહારાજનાં દર્શન કર્યાં અને ચંદન-પુષ્પની વૃષ્ટિ કરીને જય જયકાર કર્યો. અને નાના પ્રકારનાં વાજિંત્ર વાગવા લાગ્યાં. એવી રીતે મહારાજ અક્ષરધામમાં પધાર્યા.

તે સમે મહારાજના જે દત્તપુત્ર તે મહારાજની પાસે બેઠા. અને **ગોપાળાનંદસ્વામીએ તે સમે વિમાન જેવી ડોલી કરીને મહારાજને તેમાં પધરાવ્યા. અને વસ્ત્ર પહેરાવ્યાં. ને સુંદર શ્વેત પાઘ બંધાવી ને ચંદનની અર્ચા કરી અને કંકુમનો ચંદલો કરીને ફૂલના હાર પહેરાવ્યા.** અને પાઘમાં તોરા ધરાવ્યા. અને બે કાન ઉપર પુષ્પના ગુચ્છ ધરાવ્યા. અને પુષ્પના બાજુબંધ ગજરા ધરાવ્યા. પછી વિમાન બહાર લાવ્યા અને સર્વે સંત, બ્રહ્મચારી, પાળા અને અયોધ્યાવાસી બાઈભાઈ અને જે હરિજનો તેમને દર્શન કરાવ્યાં. અને પછી પૂજા કરીને આરતી ઉતારી.

પછી સર્વે સંત ઉત્સવ કરવા લાગ્યા. તે ગાવામાં રુદન થાવા લાગ્યું. તે સાંભળીને ગોપાળાનંદસ્વામી સર્વેને ના પાડતા જાય જે, “ખબરદાર! કોઈ રોશો નહીં, કારણ કે મહારાજની આજ્ઞા નથી. પછી વિમાન ઉપાડ્યું અને આગળ ઉત્સવ થાય છે, ને બાઈભાઈ સર્વે હરિજનો અને સંત તે સર્વે નારાયણ-ધૂન કરે છે. એવી રીતે ગાતે વાતે લક્ષ્મીવાડીએ આવીને વિમાન ઉતાર્યું. ત્યારે મહારાજના પુત્ર જે અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી તેમણે દેહાદિક સર્વે ક્રિયા કરી.

પછી ઘેલામાં નાહીને સર્વે આવ્યા અને દેશોદેશમાં કંકોતરીઓ લખી. તે વાત જૂનાગઢમાં સાંભળી અને ત્યાંથી બ્રહ્માનંદસ્વામી છડી સ્વારીએ આવીને દ્વાદશાદિક ક્રિયા પોતે સવિસ્તાર બે આચાર્ય પાસે કરાવી. અને બે જોડ સુખશય્યાઓ પણ અપાવી. અને ભારે બ્રહ્મભોજન કર્યાં. તથા ગૌદાન અને શય્યાદાન પણ કર્યાં. અને બ્રાહ્મણોને મનમાની દક્ષિણાઓ આપી. અને સંત, બ્રહ્મચારી, પાળા તથા બાઈભાઈ જે હરિજનો તેમને જમાડ્યાં. અને સર્વે સત્સંગના આશ્રિતો તેમને સત્શાસ્ત્રનો ઉપદેશ કરીને બે ભાઈને પ્રત્યે સમ ભાવના કરાવી. અને પોતપોતાના ધર્મ પ્રમાણે રખાવતા હવા.

પછી ગૃહસ્થ હરિજનોએ પોતપોતાની શક્તિ પ્રમાણે વસ્ત્ર, વાહન, ઘરેણાં તેણે કરીને બે ભાઈની પૂજા કરી. એવી રીતે અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ જે અક્ષરધામના સ્વામી પૂર્ણ પુરુષોત્તમ તે આ બ્રહ્માંડમાં આવી અને અનેક જીવનો ઉદ્ધાર કરીને પાછા અક્ષરધામમાં પધાર્યા. અને તેમનાં ચરિત્ર તો અનંત અપાર છે. તેમાંથી આ કિંચિત્માત્ર મેં મારી બુદ્ધિ પ્રમાણે લખ્યા છે.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય અચ્યુતદાસવિરચિતે શ્રીપુરુષોત્તમલીલા મધ્યે ‘શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા’ એ નામે સોમો અધ્યાય ॥૧૦૦॥

અધ્યાય - ૧૦૧

ગ્રંથકારે આ ગ્રંથનો હૂડો લખ્યો

અથ પુરુષોત્તમલીલા નામે જે આ ગ્રંથ તેની અનુક્રમણિકા લખીએ છીએ.

પ્રથમ અધ્યાયમાં ઘનશ્યામ મહારાજનો જન્મ થયો એ વાત લખી છે. ॥૧॥ બીજા અધ્યાયમાં ઘનશ્યામ મહારાજે બાલચરિત્ર કર્યાં તથા મલનો હાથ ભાંગ્યો એ વાત લખી છે. ॥૨॥ ત્રીજા અધ્યાયમાં ધર્મદેવે અયોધ્યામાં નિવાસ કર્યો તથા મહારાજ વન વિચરણ કરીને લોજપુર પધાર્યા એ વાત લખી છે. ॥૩॥

ચોથા અધ્યાયમાં મહારાજને રામાનંદસ્વામી મળ્યા અને મહા દીક્ષા આપીને સહજાનંદસ્વામી નામ આપ્યું અને મહારાજે અગણિત અલૌકિક જનોને પ્રતાપ જણાવ્યો તથા સં ૧૮૬૦ ની સાલમાં ભુજ પધાર્યા અને રઘુનાથદાસ ભાગી ગયો. એ વાત લખી છે. ॥૪॥ પાંચમા અધ્યાયમાં મહારાજે ભુજમાં લાધીબાઈને પોતાનું ઐશ્વર્ય જણાવીને પોતાના શિષ્ય કર્યા અને ત્યાંથી માનકૂવે પધાર્યા એ વાત લખી છે. ॥૫॥

છઠ્ઠા અધ્યાયમાં ડુંગરજી મહારાજનાં દર્શન કરવા માનકૂવે આવ્યા તેને મહારાજે એક ગ્રાસ મરચાના લાડુમાંથી આપ્યો અને ત્યાંથી ભુજ સુંદરજીને ઘેર ઊતર્યા તે વાત લખી છે. ॥૬॥ સાતમા અધ્યાયમાં ભુજમાં સુંદરજી તથા હીરજી એ બન્ને ભાઈઓને મનમાં સંકલ્પ થયો જે ઘેર બાઈઓ અને મહારાજ એકલા રહે તે સારું નહિ, આવો સંશય થયો અને તેને નિશ્ચય કરાવવા સારુ શ્રીજીમહારાજે તે બન્ને ભાઈઓને દિવ્ય સ્વરૂપે દર્શન આપ્યું તથા તલામોઢને પાંચશેર પેંડા તથા દહીં જમાડ્યું એ વાત લખી છે. ॥૭॥

આઠમા અધ્યાયમાં મહારાજ રણછોડભાઈને દર્શન દેવા પધાર્યા, મંદવાડમાંથી સાજા કર્યા અને ઘણા દિવસ રહીને બહુ ચમત્કાર જણાવ્યો. તે વાત લખાવી છે. ॥૮॥ નવમા અધ્યાયમાં ગામ તેરે કથા કરતા બ્રાહ્મણ રીસાણો તથા મહારાજે પ્રાગજી દવે પાસે કથા કરાવી ને કાળેતળાવ ભીમજી સુતારે જમાડ્યા તે વાત લખી છે. ॥૯॥ દશમા અધ્યાયમાં મહારાજે ભીમજી સુતારને કહ્યું જે ગંગાજી લાવ તો નાહીએ તથા સુતાર રવજીને ઘેર ત્રણ દિવસ જમ્યા તથા ગામ માનકૂવે સુતાર નાથાને ઘેર જમીને સંતને જમાડ્યા તે વાત લખી છે. ॥૧૦॥

અગ્યારમા અધ્યાયમાં મહારાજે ગામ માનકૂવે ડાહીબાઈને ઘેર ઓરડામાં કાષ્ટનાં પૂતળાં હતાં તેને જળમાં પધરાવ્યાં તે વાત લખી છે. ॥૧૧॥ બારમા અધ્યાયમાં ભુજમાં મહારાજને શંકરજીએ પોતાને ઘેર જમાડ્યા અને સંતને જમતાં ભોજનમાં જળ નાખવાની ના કહી અને ત્યાંથી માનકૂવે પધાર્યા તે વાત લખી છે. ॥૧૨॥

તેરમા અધ્યાયમાં ભુજમાં મહીદાસ ભટ્ટની વાડીએ મહારાજને ભક્ત વશરામે મઠની ખીચડી જમાડી ને ભુજમાં ઘણાક દિવસ રહીને ગુજરાત પધાર્યા તે વાત લખી છે. ॥૧૩॥ ચૌદમા અધ્યાયમાં વાસુદેવ પધરાવ્યા તથા સિંધ દેશના વેદાંતિએ માંડવીમાં મહારાજને પ્રશ્ન પૂછ્યા એ વાત લખી છે. ॥૧૪॥ પંદરમા અધ્યાયમાં મહારાજે ધણોઈમાં સાધુને જમાડ્યા અને દઈસરેથી માનકૂવે ગયા અને ત્યાંથી ભુજ પધાર્યા તે વાત લખી છે. ॥૧૫॥

સોળમા અધ્યાયમાં ભુજમાં મહારાજને લાધીબાઈએ અન્નકોટ કરવાની પ્રાર્થના કરી ને શ્રીજીએ હરિજનને કંકોતરીઓ લખી તે વાત છે. ॥૧૬॥ સત્તરમા અધ્યાયમાં મહારાજે લાધીબાઈને પૂછ્યું જે અન્નકોટની કેટલી સામગ્રી થઈ તથા જમતાં કેટલાક વિદ્વાનોને ચમત્કાર બતાવ્યો તે વાત લખી છે. ॥૧૭॥ અઢારમા અધ્યાયમાં મહારાજે હરિજનોને

ઘણીક વાત કરી તથા બાઈઓ અને ભાઈઓને બે પાકશાળામાં બે સ્વરૂપે દર્શન દીધાં તથા દેવતાએ તથા હરિજનોએ પૂજા કરીને અન્નકોટ ઉત્સવ કર્યો તે વાત લખી છે. ॥૧૮॥

ઓગણીસમા અધ્યાયમાં મહારાજને દર્શને જેઠી વાલજી છાતી કાઢીને આવે તથા હીરજી-સુંદરજીને સાધુ થવાની ના કહી અને મહારાજ ભુજથી ચાલ્યા તે સોરઠ પધાર્યા તે વાત લખી છે. ॥૧૯॥ વીસમા અધ્યાયમાં મહારાજ સોરઠમાંથી કચ્છ દેશના હરિજનોનું હેત જોઈને ભુજ પધાર્યા અને શહેરમાં સર્વે જનને દર્શન દઈને પોતાના ભક્તજનને ઘેર ગયા તે વાત લખી છે. ॥૨૦॥

એકવીસમા અધ્યાયમાં મહારાજની પ્રાગજી દવે આદિક હરિજને પૂજા પ્રાર્થના કરીને મહારાજે હરિજનોને ઘેર જાવાની આજ્ઞા કરી એ વાત લખી છે. ॥૨૧॥ બાવીશમા અધ્યાયમાં મહારાજે અંજારથી સંતને પત્ર લખ્યો જે અમારાં દર્શન સિધ્ધપુર થશે ને માંડવીમાં ખૈયા ખત્રીથી નાના સંતનો ઉત્તર ન થયો તે વાત લખી છે. ॥૨૨॥ ત્રેવીશમા અધ્યાયમાં મહારાજે માંડવીમાં ખૈયાને જલેબી આપી અને ત્યાં બે માસ રહીને ગુજરાત પધાર્યા તે વાત લખી છે. ॥૨૩॥

ચોવીશમા અધ્યાયમાં મહારાજ ગોતર થઈને આધોઈ આવ્યા અને ત્યાં રાયધણજીને કહ્યું જે અમારું કાંડું પકડો અને ત્યાંથી ભચાઉ પધાર્યા તે વાત લખી છે. ॥૨૪॥ પચ્ચીસમા અધ્યાયમાં મહારાજે ભચાઉમાં ફકીરને ચમત્કાર જણાવ્યો અને ત્યાંથી ભુજ પધાર્યા તે વાત લખી છે. ॥૨૫॥ છવ્વીશમા અધ્યાયમાં મહારાજે ભુજનગરમાં રાજમાર્ગમાં અનેક જીવોનાં ચિત્ત પોતાની મૂર્તિમાં ખેંચ્યાં ને સુરજબાને ઘેર ફૂલડોલનો ઉત્સવ કર્યો તે વાત લખી છે. ॥૨૬॥

સત્યાવીશમા અધ્યાયમાં મહારાજે સુંદરજીને ઘેર કથા કરાવી અને ત્યાં એક મહારાજને પ્રથમ વનમાં જે મુમુક્ષુ મળ્યો હતો તેના વૃતાંતની

તથા તેની માયે મહારાજનો તે મુમુક્ષુને જે મહિમા કહ્યો હતો તે વાત લખી છે. ॥૨૭॥ અઠ્યાવીશમા અધ્યાયમાં તે મુમુક્ષુએ મહારાજનાં ભુજમાં દર્શન કર્યાં અને ધમડકાના ગરાસિયા જોડિયે ભેગા થયા અને શ્રીજી જૂનેગઢ પધાર્યા તે વાત લખી છે. ॥૨૮॥

ઓગણત્રીશમા અધ્યાયમાં મહારાજે પરમહંસની દીક્ષાની વ્યવસ્થા કરી અને જેમલજીએ પૂછ્યું જે, "તમે કેની માળા ફેરવો છો અને ભુજમાં સુંદરજીભાઈને ઘરે પોઢ્યા તે વાત લખી છે. ॥૨૯॥ ત્રીશમા અધ્યાયમાં સુંદરજીએ અન્નકોટની સામગ્રી કરાવી તથા હમીર સરોવર મહિમા કહ્યો તે વાત લખી છે. ॥૩૦॥

એકત્રીસમા અધ્યાયમાં મહારાજ અન્નકોટ જોવા પધાર્યા તથા સંતહરિજનને જમડ્યા તે વાત લખી છે. ॥૩૧॥ બત્રીસમા અધ્યાયમાં મહારાજને હીરજીભાઈએ અન્નકોટ કરાવ્યો તથા હરિજનોને ઉતારે જવાની આજ્ઞા કરી તે વાત લખી છે. ॥૩૨॥ તેત્રીસમા અધ્યાયમાં શિવરામ મહેતાની સમજણ વખાણી અને ખૈયાને કારખાને જઈને બેઠા તે વાત લખી છે. ॥૩૩॥ ચોત્રીસમા અધ્યાયમાં મહારાજ માંડવીથી ડોણ થઈને ભુજ સુંદરજીને ઘેર હુતાશનીનો સમૈયો કર્યો અને સંતને જમાડ્યા તે વાત લખી છે. ॥૩૪॥

પાંત્રીસમા અધ્યાયમાં મહારાજે જાગૃત થઈને જળપાન કરીને સર્વે હરિજનને ઘેર જાવાની આજ્ઞા આપી. ત્યાંથી પંચાળામાં ઝીણાભાઈને ઘેર બે માસને આસરે રહ્યા તે વાત લખી છે. ॥૩૫॥ છત્રીસમા અધ્યાયમાં મહારાજ સોરઠથી જેતલપુર પધાર્યા, ત્યાંથી ભુજ પધાર્યા અને ત્યાંથી તેરે પધાર્યા અને ઈન્દ્રે સ્તુતિ કરી, ને મહારાજે કહ્યું તમારે આત્માનું અભિમાન નથી. એ દિશની સંતને વાત કરી તે વાત લખી છે. ॥૩૬॥ સાડત્રીસમા અધ્યાયમાં મહારાજે આત્માનંદસ્વામીને પૂછ્યું જે કેનું ભજન કરો છો તથા બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, થાંભલી કહે છે તમારે કલ્યાણનો

ખપ હોય તો મારી સ્થિતિ ગ્રહણ કરો. તથા વાણિયાને આશ્રિત કર્યો તે વાત લખી છે. ।।૩૭।।

આડત્રીસમા અધ્યાયમાં મહારાજ ભુજમાં સાહુકારને ઘેર જમવા પધાર્યા, ત્યાંથી માથક થઈને ભુજ બે માસ રહ્યા અને ત્યાંથી માનકૂવે થઈને દઈસરામાં કૂઈવાડીએ વાતો કરી, ને ત્યાં સીમમાંથી સરલીની વાડીવડુએ પધાર્યા તે વાત લખી છે. ।।૩૮।। ઓગણચાલીસમા અધ્યાયમાં મહારાજે વાડીવડુએ સભા કરી અને શંકર દર્શને આવ્યા અને ગંગાજીનીએ સ્તુતિ કરી, ત્યાંથી રામપુર ગયા તે વાત લખી છે. ।।૩૯।। ચાલીસમા અધ્યાયમાં રામપુરમાં મહારાજે ગંગાજીનો મહિમા કહ્યો તથા એકાંતિક મુક્તનાં લક્ષણ કહ્યાં તે વાત લખી છે. ।।૪૦।।

એકતાલીસમા અધ્યાયમાં પુરુષોત્તમગીતા શ્રીજીમહારાજે કહી તેમાં ચાર વર્ણના તથા ચાર આશ્રમના ધર્મ કહ્યા તે વાત લખી છે. ।।૪૧।। બેતાલીસમા અધ્યયમાં પુરુષોત્તમગીતા તેમાં ભાગવત્ ધર્મ કહ્યો તથા તે ધર્મ ઉલંઘીને વર્તે છે તેની ગતિ કહી તે વાત લખી છે. ।।૪૨।। તેતાલીસમા અધ્યાયમાં પુરુષોત્તમગીતા મધ્યે ચોર કર્મના કરનારા એવા પાપી પુરુષોની ગતિ કહી તથા સભામાં બેઠેલા ભક્તજનો તેને પોતાની સેવાની આજ્ઞા કરી તે વાત લખી છે. ।।૪૩।।

ચુમાલીસમા અધ્યાયમાં પુરુષોત્તમગીતા મધ્યે આત્મા તથા પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન કહ્યું તથા અપરિમિત બ્રહ્માંડોની ઉત્પત્તિ કહી તે વાત લખી છે. ।।૪૪।। પિસ્તાલીસમા અધ્યાયમાં પુરુષોતમગીતા મધ્યે શ્રીજી કૃષ્ણભગવાન તથા અક્ષરપુરુષરૂપે પ્રવેશ કરીને સર્વે જીવને યથાયોગ્ય કર્મફલ આપે તથા પોતાનું સ્વતંત્રપણું કહ્યું તથા લોભાદિક દોષ કહ્યા તે વાત લખી છે. ।।૪૫।।

છેતાલીશમા અધ્યાયમાં પુરુષોત્તમગીતા મધ્યે જ્ઞાનનો મહિમા કહ્યો તથા દેહથી આત્મા જુદો કહ્યો તે વાત લખી છે. ।।૪૬।। સુડતાલીસમા

અધ્યાયમાં પુરુષોત્તમગીતા મધ્યે વૈરાગ્યનું લક્ષણ તથા વૈરાગ્યની ઉત્પત્તિ તથા દેહનું અપવિત્રપણું કહ્યું એ વાત લખી છે. ।।૪૭।। અડતાલીશમા અધ્યાયમાં પુરુષોત્તમલીલા મધ્યે ગર્ભવાસનાં દુઃખ તથા બાલ અવસ્થા આદિકનાં દુઃખ કહ્યાં તે વાત લખી છે. ।।૪૮।। ઓગણપચાસમા અધ્યાયમાં પુરુષોત્તમગીતા મધ્યે રાજા તથા દેવાદિકના ભોગાદિક નાશવંત છે તથા વિષય દુઃખના ભરેલા છે તે વાત લખી છે. ।।૪૯।। પચાસમા અધ્યાયમાં પુરુષોત્તમગીતા મધ્યે ભક્તિનું સ્વરૂપ કહ્યું તથા જન્મોત્સવ તથા એકાદશીના ઉત્સવ કહ્યા તે વાત લખી છે. ।।૫૦।।

એકાવનમા અધ્યાયમાં પુરુષોત્તમગીતા મધ્યે ધનવાન ગૃહસ્થાશ્રમી દૃઢ મંદિર કરાવે તથા મૂર્તિની પ્રતિષ્ઠા કરાવે તે વાત લખી છે તથા ભક્તિમાં વિઘ્ન કરે તે સ્વભાવ તથા સંબંધી તેનો ત્યાગ કરે તે વાત લખી છે. ।।૫૧।। બાવનમા અધ્યાયમાં પુરુષોત્તમગીતા મધ્યે નિષ્કામ ભક્તનાં લક્ષણ તથા ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ ભક્તિના ભેદ કહ્યા તે વાત લખી છે. ।।૫૨।। ત્રેપનમા અધ્યાયમાં પુરુષોત્તમગીતા મધ્યે ભગવાનના સ્વરૂપનો મહિમા તથા નિર્ગુણપણુ એ બે ઐશ્વર્ય કહ્યાં તે વાત લખી છે. ।।૫૩।।

ચોપનમા અધ્યાયમાં પુરુષોત્તમગીતા મધ્યે ભગવાનનું અન્યથા કર્તાપણું કહ્યું તથા ભગવાન જેમાં જેમાં પ્રવેશ કરે છે તેના તેના પ્રકાશને પોતે ઢાંકીને પોતાનો પ્રકાશ કરે છે તે વાત લખી છે. ।।૫૪।। પંચાવનમા અધ્યાયમાં પુરુષોત્તમગીતા મધ્યે જીવને બુદ્ધિ, ઇન્દ્રિયો, મન,પ્રાણ ભગવાન આપે છે તથા મુક્ત ને સર્વે ભૂતપ્રાણીના અંતર્યામી કહ્યા તથા પોતાનો મહિમા કહ્યો તે વાત લખી છે. ।।૫૫।।

છપ્પનમા અધ્યાયમાં મહારાજે પુરુષોત્તમગીતા તથા ભાગવત્ વંચાવી ગંગાજીથી ચાલ્યા તથા તેરામાં સંતદાસજીને સમાધિ કરાવી

તથા આધોઈમાં કરણીબાએ વસ્ત્ર પહેરાવ્યાં તે ઉતરાવીને મહારાજ થાળ જમ્યા તે વાત લખી છે. ॥૫૬॥ સત્તાવનમા અધ્યાયમાં મહારાજે આધોઈથી ડભાણ યજ્ઞ કરાવ્યો અને ભચાઉ બટિયા કૂવાના થાળામાં જમ્યા અને ત્યાંથી ભુજ પધાર્યા તે વાત લખી છે. ॥૫૭॥

અટ્ઠાવનમા અધ્યાયમાં મહારાજે મુક્તાનંદસ્વામીને ભુજમાં કહ્યું જે, તાવની કસર અમને છે તથા સુંદરજીએ દેહથી જૂદું જીવનું રૂપ પૂછ્યું તથા મોક્ષભાગીને બીજા દેવાદિકનું ધ્યાન ન કરવાનું તથા ગામ તેરે પોતાના સ્વરૂપનો ઉત્તમ નિશ્ચય કરાવ્યો તે વાત લખી છે. ॥૫૮॥ ઓગણસાઠમા અધ્યાયમાં કાળેતળાવે રવજીની સ્ત્રીને કહ્યું જે ઉંદરથી બીના તે તથા ગામ માનકૂવે થઈને ભુજ થઈને પંચાળે પધાર્યા તે વાત લખી છે. ॥૫૯॥ સાઈઠમા અધ્યાયમાં પંચાળેથી આધોઈ થઈને ત્યાંથી ભુજ થઈને કાળેતળાવે પધાર્યા અને આંગણામાં જળ ભરવાનો કુંડ કરાવ્યો તથા એક એક સંતને દસ દસ હજાર જીવનું કલ્યાણ કરવાનું નિયમ આપ્યું અને ખોખરા મેમદાવાદ પધાર્યા અને ત્યાંથી સંત તથા આધોઈના રાયધણજી આદિ ગરાસિયાને મહારાજ કચ્છમાં તેડી ગયા તે વાત લખી છે. ॥૬૦॥

એકસઠમા અધ્યાયમાં મહારાજે પ્રાગજી દવેની સ્ત્રીને સમાધિમાંથી જગાડી તથા ત્યાંથી જેતલપુર પધાર્યા ને ત્રણ મોટા દેવ દર્શને આવ્યા તે વાત લખી છે. ॥૬૧॥ બાસઠમા અધ્યાયમાં મહારાજે જેતલપુરમાં યજ્ઞ કરવા સાહેબને પૂછ્યું તથા ભુજ ગંગારામને ઘેર ફૂલમંડળીમાં ઝૂલતા અને ત્યાંથી કાળેતળાવ પધાર્યા તે વાત લખી છે. ॥૬૨॥

ત્રેસઠમા અધ્યાયમાં ગામ કાળાતળાવમાં દેશળજીને પૂછ્યું જે તને કેરી કેટલી આપી ? અને માનકૂવામાં અદાભાઈને ઘોડો લેવાની ના કહી અને ત્યાંથી ભુજ પધાર્યા અને સૂરજબાને ઘેર ફૂલડોળ કર્યો અને

ત્યાંથી માનકૂવે પધાર્યા તે વાત લખી છે. ॥૬૩॥ ચોસઠમા અધ્યાયમાં મહારાજ માનકૂવેથી તેરે પધાર્યા અને સંતને કાગળ લખીને તેરે તેડાવ્યા અને ત્યાંથી ભુજ પધાર્યા અને જગજીવનને હિંસામય યજ્ઞ કરવાની ના કહી તે વાત લખી છે. ॥૬૪॥ પાંસઠમા અધ્યાયમાં મહારાજે યજ્ઞ કરતા તથા કરાવનાર બ્રાહ્મણ તેમને વેદ વચનથી સમઝાવ્યા. તેમણે ન માન્યું અને મહારાજ ગુજરાત ફરી અને કચ્છ દેશમાં ગામોગામ ફરીને ભુજ પધારીને દર્શન દીધાં તે વાત લખી છે. ॥૬૫॥

છાસઠમા અધ્યાયમાં મહારાજે ભુજના સત્સંગી આગળ નિર્વાસનીક થાવાની વાર્તા કરી ને ધમડકે પધાર્યા અને જગજીવનના યજ્ઞનું રાજના કોપથી ઉચ્છેદન થયું અને તેમાં તેનું મૃત્યુ થયું અને શ્રીજીમહારાજ પંચાળે પધાર્યા તથા બુધેજ થઈને વઉઠેથી તોરણે પધાર્યા તે વાત લખી છે. ॥૬૬॥ સડસઠમા અધ્યાયમાં મહારાજ તોરણેથી ગઢડે પધાર્યા અને ત્યાંથી પંચાળે પધાર્યા અને સંતને મળ્યા તે વાત લખી છે. ॥૬૭॥ અડસઠમા અધ્યાયમાં મહારાજે વડતાલે જન્માષ્ટમી કરી તથા ધર્મપુર પધાર્યા અને સંતને મળ્યા. ત્યાં કુશળકુવરબાએ પૂજા કરી ને ત્યાંથી ગઢડે પધાર્યા તે વાત લખી છે. ॥૬૮॥

ઓગણોતેરમા અધ્યાયમાં મહારાજ અમદાવાદથી ગઢડે પધાર્યા અને ત્યાંથી મછિયાવ હુતાશનીને સમૈયે આવ્યા અને દિવસ ત્રણ થયા તે વાત લખી છે. ॥૬૯॥ સિત્તેરમા અધ્યાયમાં મહારાજ મછિયાવે ચોથે દિવસે વહેલા ટાઢે જળે નાયા તથા પાંચમે તથા છઠ્ઠે દિવસે લીલા કરીને અગ્રેજીએ જમાડ્યા તથા સાધુને સત્સંગી પોતપોતાને ઉતારે ગયા તે વાત લખી છે. ॥૭૦॥

એકોતેરમા અધ્યાયમાં મહારાજે ભુજના ગંગારામ પાસે કુસ્તી કરાવી ને મછિયાવનો સમૈયો સંપૂર્ણ થયો અને મહારાજ અમદાવાદ પધાર્યા

તે વાત લખી છે. ।।૭૧।। બોતેરમા અધ્યાયમાં ગઢડે વાસુદેવનારાયણ આગળ અન્નકોટ કર્યો ત્યાંથી સારંગપુર પધાર્યા. ત્યાં શેઠાણી શ્વપચીના દેહને પામી તે વાત કરી તથા નિયમ પ્રમાણે તપ કરવાની વાત કરી અને ત્યાંથી વિજાપુર પધાર્યા તે વાત લખી છે. ।।૭૨।। તોતેરમા અધ્યાયમાં વીજાપુરમાં મહારાજે વજીબાઈની વાત કરી, ત્યાંથી મછિયાવે પધાર્યા અને ત્યાં હરિજનો આગળ ઉપદેશની વાત કરી તે વાત લખી છે. ।।૭૩।।

ચુમોતેરમા અધ્યાયમાં મહારાજ મછિયાવથી ગઢડે પધાર્યા અને દેશાંતરના હરિજનોને શ્રીનગરની પ્રતિષ્ઠા વિષે કંકોતરી લખી ત્યાંથી સંઘે સહિત ઝીંઝાવદર આવ્યા તે વાત લખી છે. ।।૭૪।। પંચોતેરમા અધ્યાયમાં મહારાજ રસ્તામાં જે જે ગામ આવે તે તે ગામના હરિજનોને દર્શન આપતા થકા અમદાવાદ આવ્યા અને સાહેબને મળ્યા અને દેવ પ્રતિષ્ઠા કરી તે વાત લખી છે. ।।૭૫।।

છોતેરમા અધ્યાયમાં કાંકરીએ ચોરાસી કરીને ચાલ્યા તે માર્ગમાં હરિજનોને દર્શન દેતા થકા ગઢપુર આવ્યા તે વાત લખી છે. ।।૭૬।। સિત્યોતેરમા અધ્યાયમાં ગઢપુરમાં હુતાશનીનો સમૈયો કર્યો અને રંગ રમ્યા અને સંતહરિજનોને ઉપદેશની વાતો કરીને સંતોને દેશદેશ પ્રત્યે ફરવાની આજ્ઞા કરી. પછી સંતો દેશાંતરમાં ગયા તે વાત લખી છે. ।।૭૭।। ઈઠ્યોતેરમા અધ્યાયમાં ગઢપુરમાં મહારાજે સંતની તથા હરિજનની સભા કરીને જ્ઞાન સંબંધી વાતો કરી અને નરનારાયણ દેવની પ્રતિષ્ઠા ઉપર ભુજ પધાર્યા તે વાત લખી છે. ।।૭૮।। ઓગણએંસીમા અધ્યાયમાં ભુજમાં નરનારાયણ દેવ પધરાવ્યા તે વાત લખી છે. ।।૭૯।। એંસીમા અધ્યાયમાં ભુજનગરથી મહારાજ ગઢડે પધાર્યા. ત્યાંથી કારિયાણી પધાર્યા. ત્યાં ધર્મકુળ આવીને મળ્યું. ત્યાંથી પાછા ગઢડે પધાર્યા. ત્યાંથી વડતાલ લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા ઉપર જાવાની

તૈયારી કરી તે વાત લખી છે. ॥૮૦॥ એક્યાસીમા અધ્યાયમાં વડતાલ મધ્યે લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી તે વાત લખી છે. ॥૮૧॥

બ્યાસીમા અધ્યાયમાં અયોધ્યાપ્રસાદજી ને રઘુવીરજીને દત્તપુત્ર કરીને વડતાલમાં પોતાની ગાદી ઉપર બેસાડ્યા તે વાત લખી છે. ॥૮૨॥ ત્યાંસીમા અધ્યાયમાં મહારાજે ધોળકે તથા ધોલેરા તથા જૂનાગઢ મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી તે વાત લખી છે. ॥૮૩॥ ચોરાસીમા અધ્યાયમાં જૂનાગઢથી મહારાજ અગત્રાઈ પર્વતભાઈના વાઢે ગયા અને ત્યાંથી કરિયાણે પધાર્યા અને મીણબાઈએ જમાડ્યા અને ત્યાંથી ગઢડે થઈને અમદાવાદ પધાર્યા તે વાત લખી છે. ॥૮૪॥ પંચ્યાસીમા અધ્યાયમાં મહારાજે જેતલપુરમાં રેવતી બળદેવ પધરાવ્યા તથા મૂળીમાં રાધાકૃષ્ણ દેવ પધરાવ્યા. ત્યાંથી ગઢડે પધાર્યા તે વાત લખી છે. ॥૮૫॥

છ્યાસીમા અધ્યાયમાં મહારાજે ગઢડામાં ગોપીનાથ દેવની પ્રતિષ્ઠા કરી તે વાત લખી છે. ॥૮૬॥ સત્યાસીમા અધ્યાયમાં શ્રીજીમહારાજ રાજકોટ સાહેબને મળીને પાછા ગઢડે પધાર્યા તે વાત લખી છે. ॥૮૭॥ અઠ્યાસીમા અધ્યાયમાં લાધીબાઈ અને માતાજીને એક સાથે દેહનો ત્યાગ કરાવ્યો અને રવજીને સમુદ્ર કાંઠે ઉતાર્યો તથા સુંદરજી તથા રાઘવજી તથા રણછોડને પરચા પૂર્યા તે વાત લખી છે. ॥૮૮॥ નેવ્યાસીમા અધ્યાયમાં મહારાજે માંડવીમાં ખૈયા ખત્રીને તથા ધમડકામાં બ્રહ્માનંદસ્વામીને અને બળદિયાના ભક્ત રતનાને પરચા પૂર્યા તે વાત લખી છે. ॥૮૯॥

નેવુંમા અધ્યાયમાં મહારાજે દહિંસરાના ભક્ત કચરાને તથા રવામાં વાલબાઈને તથા વિપાશાને તથા ધુફીમાં ભારમલજીની દીકરી અને ભુજના વાલજી મલને તથા સચ્ચિદાનંદસ્વામીને પરચા પૂર્યા તે વાત લખી છે. ॥૯૦॥ એકાણુંમા અધ્યાયમાં રવજી સુતારને તથા

કાળાતળાવના કૂવાનું જળ ઉપર કર્યું તથા નાના આનંદાનંદની સહાય કરી ને કંથકોટના મમૈયાને તથા ગરાસિયાને પરચા પૂર્યા તે વાત લખી છે. ॥૯૧॥ બાણુંમા અધ્યાયમાં મહારાજે આધોઈના તથા કંથકોટના હરિભક્તને તથા ગરાસિયાની દીકરીને તથા ગામ દહિંસરાના ભક્ત કચરાને તથા કાળાતળાવના ભક્ત હરભમને તથા કચ્છ દેશના વૈરાગીને તથા ભુજવાળા શિવરામ મહેતા તથા માનકૂવાના પટેલ શામજીને પરચા પૂર્યા તે વાત લખી છે. ॥૯૨॥

ત્રાણુંમા અધ્યાયમાં મહારાજે મહેતા શિવરામને તથા મહેતા હરજીવનને તથા સારસ્વત વીરજીને તથા સદાબાને તથા ગંગારામને પરચા પૂર્યા તે વાત લખી છે. ॥૯૩॥ ચોરાણુંમા અધ્યાયમાં મહારાજે ભુજના નરશીભાઈને તથા સુખપુરના ભક્ત નારાયણને તથા ગાગોદડના ભક્ત કચરાને તથા ધમડકાના રાયધણજીને તથા ગામ અંજારના ચાગબાઈને તથા ગામ ગોધાવીના હરિભક્તને પરચા પૂર્યા તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ ચારે મૂર્તિમાન આવ્યાં અને સંતમાં રહેવાની આજ્ઞા કરી તથા રામપ્રતાપભાઈને મહારાજે પોતાની છાતીમાંથી હાર આપ્યો તથા સરસ્વતીમાં નાવા સિદ્ધપુર ગયા અને અમદાવાદના શ્રાવકને પરચા આપ્યા તે વાત લખી છે. ॥૯૪॥

પંચાણુંમા અધ્યામમાં બ્રહ્મકુમાર બ્રહ્મરાક્ષસ પાસે ન્યાય કૌમુદી ઈત્યાદિક વિદ્યા ભણ્યો તથા તે બ્રહ્મરાક્ષસના કુળ, ગોત્ર, શાખા, પ્રવર ઈત્યાદિક પૂછ્યા એ વાત લખી છે. ॥૯૫॥ છન્નુમા અધ્યાયમાં બ્રહ્મરાક્ષસ બ્રહ્મકુમારને ભક્ષણ કરી ગયો તથા ગોપાળાનંદસ્વામીએ બ્રહ્મરાક્ષસને તથા ભૂતોને સદ્‌ગતિ આપી તે વાત લખી છે. ॥૯૬॥ સત્તાણુંમા અધ્યાયમાં હિંદુસ્તાનમા ગંગાજીબા તથા ફૂલઝરીને પરચા પૂર્યા તે વાત લખી છે. ॥૯૭॥

અઠ્ઠાણુંમા અધ્યાયમા શ્રીજીમહારાજે સ્વધામ જવાની તૈયારી કરી તે વાત લખી છે ગ્વાલીયર પ્રગણે ધુવા ગામના લુહારને જમ પાછો તેના દેહમાં મૂકી ગયો અને તે બ્રાહ્મણનો સંદેશો લાવ્યો તે વાત લખી છે. ॥૯૮॥ નવ્વાણુંમા અધ્યાયમાં શ્રીજીમહારાજે સ્વધામ જવાની તૈયારી કરી તે વાત લખી છે. ॥૯૯॥ સોમા અધ્યાયમાં શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા તે વાત લખી છે. ॥૧૦૦॥ આ કહેવાતો જે એકસો એકમો અધ્યાય તેમાં આ ગ્રંથની અનુક્રમણિકા લખી છે. ॥૧૦૧॥

इतिश्रीसहजानंदस्वामीशिष्यसाधुअच्युतदास विरचितपुरुषोत्तमलीलामध्येग्रंथनीअनुक्रमणिकाकही एनामेएकसोएकमोअध्यायसंपूर्णथयो ।।

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સાધુ અચ્યુતદાસવિરચિત શ્રીપુરુષોતમલીલા મધ્યે 'ગ્રંથની અનુક્રમણિકા કહી' એ નામે એકસો એકમો અધ્યાય સંપૂર્ણ થયો ॥૧૦૧॥

।।इतिश्रीपुरुषोत्तमलीलासंपूर्ण।।

॥ ઇતિ શ્રીપુરુષોત્તમલીલા સંપૂર્ણ ॥

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)ની પ્રેરણાથી કરવામાં આવેલ પ્રકાશન

ગુજરાતી પ્રકાશન

VCD

૧. મોક્ષનાં સાધનો ૨. ધીરજાખ્યાન
૩. યમદંડ (સુરત) ૪. સહજાનંદ
૫. સાધુ ભજનપ્રકાશદાસજી
૬. ઉત્તર ભારતની યાત્રા
૭. સાંસ્કૃતિક કાર્યક્રમ શિ.-૧૭,૧૮
૮. નાટક : સહજાનંદી સિંહ રૂપાભાઈ
૯. નાટક : શૂન્ય
૧૦. ટેલીફિલ્મ : ઓવર અપેક્ષા
૧૧. ટેલીફિલ્મ : ખોરાસાના રાજાભાઈ

MP3

૧. કીર્તન કુંભ ભાગ : ૧ થી ૬
૨. બુદ્ધિપ્રદીપ ૩. હે નાથ !
૪. પંચરત્ન ૫. હરિસ્મરણ
૬. દાદા ખાચરના વિવાહ
૭. શ્રીમદ્ ભાગવત

DVD

૧. સ્નેહગીતા ૨. ભાલદેશની લીલા
૩. પંચરત્ન ૪. અક્ષરબાવની
૫. ભક્તિસિદ્ધિ ૬. બુદ્ધિપ્રદીપ
૭. વિવેકસાર ૮. સર્ગનિસરણી
૯. મુક્તવંદના
૧૦. દિવ્ય દિવ્ય મહારાજ
૧૧. માધુરી મૂર્તિ
૧૨. કરુણા તેરી *(કીર્તન દર્શન-૧)*
૧૩. અક્ષરધામની ગાડી *(કીર્તન દર્શન-૨)*
૧૪. સુખની ખાણી *(કીર્તન દર્શન-૪)*
૧૫. ગઢપુર મહિમા *(કીર્તન દર્શન-૭)*
૧૬. કુંડળધામ દર્શન
૧૭. ઘેર બેઠા તીરથ ભાગ-૨
૧૮. શ્રીહ.ચ.સાગર પુરશ્ચરણ મહોત્સવ
૧૯. હિંડોળા ઉત્સવ ૧૯. યુવાશિબિર
૨૦. વિવેકશતક કથા

MP5

૧. ભક્તચિંતામણિ
૨. શ્રીહરિલીલામૃત
૩. શ્રીઘનશ્યામલીલામૃતસાગર
૪. સત્સંગિજીવન
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. શ્રીહરિધ્યાનમંજરી
૭. શ્રીહરિચરિત્રામૃતસાગર કથા
૮. ગોપાળાનંદસ્વામીની વાતો
૯. મૂર્ખશતક કથા
૧૦. વિવેકશતક કથા
૧૦. વાસુદેવ માહાત્મ્ય
૧૧. વિવેક ચિંતામણિ
૧૨. ઉત્તર હિન્દુસ્તાનના પરચા
૧૩. કીર્તન સહ ધ્યાન
૧૪. કથામૃતમ્
- છપ્પનાવલી - શૌચાશૌચ

- પ્રભુ સાથે કરને રે. . .
- હરિ ભજતાં સહુ મોટપ. . .
- સહજાનંદ સહજાનંદ. . .
- સંત સમાગમ કીજે. . .
- દીન દયાળુ ગુરુદેવ. . .
- પ્રતાપ પૂરણ શ્રીપુરુષોત્તમ. . .
- આજ ભાગ્ય ઉદય થયાં. . .
- વાલા ભક્તિ-ધર્મસુત. . .
- પુરુષોત્તમ બોલ્યા પ્રીતે. . .
- ભૂમાનંદસ્વામી કૃત કક્કો. . .
- ભૂતળ ભક્તિ પદારથ મોટું. . .

૨૧. સવારનું ચિંતન
- વંદુ સહજાનંદ રસરૂપ - શિબિર-૭
- સવારનું ચિંતન - શિબિર-૯,૧૦
- શોભા શી કહું રે - શિબિર-૧૧
- સ્વામી સહજાનંદજી - શિબિર-૧૨
- બદ્ધમાંથી મુક્ત - શિબિર-૧૩
- ભગવદ્‌ગુણો - શિબિર-૧૫
- એમ અગણિત વિશ્વ - શિબિર-૧૬
- સહજાનંદ સનેહી - શિબિર-૧૭

પુસ્તક

૧. વચનામૃત : *(Small, Medium, Big size)*
૨. હરિલીલામૃત ભાગ : ૧ થી ૪
૩. શ્રીહરિચરિત્રામૃતસાગર ભાગ:૧થી૧૨
૪. ભક્તચિંતામણિ
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. ગોપાળાનંદસ્વામીની વાતો
૭. ગુણાતીતાનંદસ્વામીની વાતો
૮. મોનજીભગતની વાતો
૯. મહારાજની લીલા
૧૦. શ્રીજીની લીલા
૧૧. શ્રીવિધાત્રાનંદસ્વામીના ગ્રંથો
૧૨. જ્ઞાનદીપ ભાગ : ૧ થી ૫
૧૩. કીર્તનમાળા ભાગ : ૧,૨
૧૪. કીર્તનસરોવર *(નંદસંતો રચિત)*
૧૫. અદ્‌ભુતાનંદસ્વામીની મૂળ વાતો
૧૬. પ્રેમાનંદસ્વામીના ગ્રંથો
૧૭. નિત્યાનંદસ્વામીના ગ્રંથો
૧૮. શિક્ષાપત્રી ૧૯. હરિસ્મૃતિ
૨૦. હરિરસામૃત ૨૧. નિત્યનિયમ
૨૨. સંત આખ્યાન
૨૩. નિર્ગુણદાસસ્વામીની વાતો
૨૪. શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર
૨૫. કીર્તન દીપાવલી ભાગ-૧
૨૬. શ્રીજીમહારાજનાં ચરિત્રો
૨૭. શ્રીપુરુષોત્તમલીલા

हिन्दी प्रकाशन

टेलीफिल्म : VCD १. केसर मियाँ २. शेख मियाँ
टेलीफिल्म : DVD ३. डोसा ताई ४. घेर बेठा तीरथ-भाग ३
५. लाडला युवान (कीर्तन दर्शन-३)

किताबें

१. श्रीहरिचरित्रामृतसागर मूलमात्र भाग : १ से १२
२. श्रीहरिकृष्णनारायणचरित्रामृत एवं स्वरूपभक्तिनिर्णय *(गुजराती अनुवाद के साथ)*

શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા ચાલતી

વિવિધ કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી હાલમાં મૂળ વડતાલ દેશના શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરામાં રહે છે. તેઓ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના એક શ્રેષ્ઠતમ વક્તા છે. તેમને કુલ ૧૦૦ ત્યાગી શિષ્યોનું પવિત્ર સંતમંડળ છે. તેમને કથા-કીર્તન અને ધ્યાન-ભજન દ્વારા શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું અને મુમુક્ષુજનોને ભજન કરાવવાનું મુખ્ય અંગ છે. તદુપરાંત શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સર્વાંગી વિકાસ અર્થે તેઓ ઉપરોક્ત બંને મંદિરો દ્વારા નીચે મુજબની વિવિધ પ્રકારની કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

આધ્યાત્મિક આયોજનો...

સર્વોપરી શ્રીહરિ મુમુક્ષુઓને મુક્ત બનાવી અક્ષરધામમાં લઈ જવા માટે જ આ પૃથ્વી ઉપર પધાર્યા હતા. એ મૂળ હેતુને ધ્યાનમાં રાખી પૂ.સ્વામીજી અનેકવિધ આધ્યાત્મિક આયોજનો કરે છે. જેનો લાભ લઈ આજ સુધીમાં લાખો લોકો સત્સંગનું મહાસુખ માણતા થયા છે અને માયાના દુઃખરૂપી દાવાનળથી બચી શક્યા છે.

સત્સંગ શિબિરો : છેલ્લાં ૨૧ વર્ષથી દિવાળીની રજામાં અનેક ભક્તો આ શિબિરના માધ્યમે સામાન્ય નિયમ-ધર્મથી લઈ અક્ષરમુક્ત બનવા સુધીના પ્રેક્ટિકલ અનુભવ મેળવી રહ્યા છે. આ શિબિર મુમુક્ષુઓને માટે એક અનુપમ અવસર છે. ત્રિવિધ તાપથી તપેલા જીવને માટે શાંતિની ગંગોત્રી છે.

કથા-પારાયણો તથા ઉત્સવ-સમૈયા : ઉપરોક્ત બંને મંદિરોમાં તથા અન્યત્ર અવાર-નવાર સત્સંગિજીવન વગેરે સદ્ગ્રંથોની કથા-પારાયણો તથા હિંડોળા ઉત્સવ, રંગોત્સવ, જલઝીલણી ઉત્સવ આદિક નાના-મોટા વિવિધ પ્રકારના ઉત્સવોનાં આયોજનો કરવામાં આવે છે. પૂ.સ્વામીજીએ આજ સુધીમાં સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, નિષ્કુળાનંદકાવ્ય, શ્રીઘનશ્યામલીલામૃતસાગર, શ્રીહરિલીલામૃત જેવા સંપ્રદાયના તમામ મુખ્ય ગ્રંથોની સંગીત સાથે અદ્ભુત કથાઓ કરી છે. તેમજ સંપ્રદાયના આદર્શરૂપ સંતો-ભક્તોનાં આખ્યાનોની સંશોધનાત્મક કથા કરી છે. વળી, દરરોજ સવાર-સાંજ થતી કથા-વાર્તાનું www. swaminarayanbhagwan.com દ્વારા લાઈવ પ્રસારણ કરવામાં આવે છે. તેનાથી અનેક મુમુક્ષુ જીવોને સત્સંગનું પોષણ મળી રહ્યું છે.

સત્સંગ વિચરણ : સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની સાધુતા તથા સારધાર ઉપદેશવાણી દ્વારા ૧૦૦ ઉપરાંત ત્યાગીઓ સંપ્રદાયની સેવામાં શ્રીહરિના ચરણે સમર્પિત થયા છે. પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી શ્રીહરિ સમકાલીન નંદસંતોની પરંપરા મુજબ આ સંતો-પાર્ષદો ગામડે-ગામડે તથા દેશ-વિદેશમાં જઈ હજારો હરિભક્તોને

ઘેર બેઠા સત્સંગનું પોષણ આપે છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞાને દઢ કરાવે છે. સત્સંગ-પિપાસુ ભક્તજનો આ સંતોના મુખથી કથા-કીર્તન સાંભળી પુરુષોત્તમને પામવાનું બળ મેળવી ધન્ય ધન્ય બની રહ્યા છે.

વિવિધ પ્રકાશનો : આ ધમાલિયા યુગમાં સુખ, શાંતિ અને મોક્ષ માટે સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાનની કથા-વાર્તા અને કીર્તનાદિક સંજીવની ઔષધ સમાન છે. આ જ હેતુને અનુલક્ષીને પૂ.સ્વામીજીએ આજ સુધીમાં કરેલી તમામ કથાઓની VCD, DVD, MP3, MP5 શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. વળી, પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજની બાળ-યુવા પેઢીને અત્યંત ઉપયોગી થાય એવી અનેક પ્રેરણાદાયી ટેલીફિલ્મોનું પ્રકાશન કરવામાં આવ્યું છે. આ પ્રકાશનોનો લાભ લઈને સુખ-શાંતિ તથા પ્રભુપ્રાપ્તિ ઈચ્છતા હજારો મુમુક્ષુઓ ભગવાનને પામવાનું બળ પામી રહ્યા છે.

આ ઉપરાંત પૂ.સ્વામીશ્રી દ્વારા શ્રીહરિ સમકાલીન નંદસંતો દ્વારા હસ્તલિખિત અપ્રસિદ્ધ એવા અનેક સદ્‌ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે. વળી મોક્ષપર્થદર્શક એવા અન્ય સદ્‌ગ્રંથો તથા 'સત્સંગસેવક' નામનું મેગેઝીન પણ પ્રકાશિત કરવામાં આવે છે. વળી, મનમોહક વાલુડા-બાલુડા શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિ પણ મંદિર તરફથી બનાવવામાં આવે છે. જેને ઘરમાં વસાવીને અનેક પરિવારો પ્રેમ અને સંસ્કારથી સમૃદ્ધ બન્યા છે.

પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી ભક્તજનોના વિશેષ લાભાર્થે આ તમામ સાહિત્ય શ્રીસ્વામિનારાયણ મંદિર કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ દ્વારા અત્યંત સસ્તા દરે પ્રાપ્ત થઈ રહ્યું છે.

બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ...

આજના ફેશન-વ્યસનના વિષમ વાતાવરણમાં બાળકો તથા યુવકો ધર્મમય અને સંસ્કારમય રહે તેની તાતી જરૂર છે. તે માટે પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી દેશભરમાં ૪૨૫ ઉપરાંત બાળ-યુવા મંડળો ચાલી રહ્યાં છે. જેમાં બાળ-યુવા પેઢીને વિકૃતિથી બચવા અને સંસ્કૃતિને વળગી રહેવા માટેની કેળવણી અપાઈ રહી છે. વળી, દર વર્ષે બે વખત બાળ-યુવા શિબિરનું પણ આયોજન થાય છે.

સાંપ્રદાયિક તથા સામાજિક સેવા...

પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજ સુધીમાં ૧૨ જેટલાં નૂતન મંદિરોનું નિર્માણ થયું છે તથા અનેક મંદિરોમાં મૂર્તિ, સિંહાસન કે આર્થિક યોગદાન આપવામાં આવે છે. તદુપરાંત રક્તદાન કેમ્પ, જળ સંચય માટે ચેકડેમ નિર્માણ, ગરીબોને આર્થિક કે અન્ન-વસ્ત્ર સહાય, દુષ્કાળ તથા ભૂકંપ જેવી આપત્તિમાં કેટલકેમ્પ, ફૂડપેકેટ વિતરણ અને પુનર્વસન જેવી વિવિધ સેવાઓ કરવામાં આવે છે. ●



સ્મૃતિ મંદિર, ભુજ